

# બ્રહ્મોપદેશ

(શ્રી નિયમસાર શાસ્ત્ર ઉપરનાં ૧૯૭૫-૭૬ના અક્ષરશઃ સળંગ પ્રવચનો)




## ભાગ ૪







પ્રકાશક :

શ્રી કુંદકુંદ - કહાન મોક્ષાર્થી પરિવાર, સોનગઢ

ૐ

નમઃ સિદ્ધેભ્યઃ

# બ્રહ્મોપદેશ

(ભાગ–૪)

(શ્રીમદ્ ભગવત્ કુન્દકુન્દાચાર્યદેવ રચિત શ્રી નિયમસાર પરમાગમ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૯૭૫ના શુદ્ધ નિશ્ચય પ્રાયશ્ચિત અધિકાર ગાથા-૧૧૮ થી ૧૨૧, શ્લોક-૧૮૭ થી ૧૯૯, પરમ સમાધિ અધિકાર ગાથા-૧૨૨ થી ૧૩૪, શ્લોક-૨૦૦ થી ૨૧૯, પરમ ભક્તિ અધિકાર ગાથા-૧૩૪ થી ૧૪૦, શ્લોક-૨૨૦ થી ૨૩૭, નિશ્ચય પરમાવશ્યક અધિકાર ગાથા-૧૪૧ થી ૧૪૬, શ્લોક-૨૩૮ થી ૨૫૧ ઉપરના શબ્દશઃ પ્રવચનો)

પ્રકાશક

શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

મો. ૯૭૨૨૮૩૩૧૪૩

વિક્રમ સંવત
૨૦૮૦

વીર સંવત
૨૫૫૦

ઈ. સન
૨૦૨૪

**પ્રકાશન તિથિ**

શ્રી આદિનાથ દિગંબર જિનબિંબ પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ, સોનગઢ, તા. ૨૫-૧-૨૦૨૪


**પ્રાપ્તિ સ્થાન**

**(૧) શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,**
કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વિ. એલ. મહેતા માર્ગ,
વિલેપાર્લા (વેસ્ટ), મુંબઈ.
ફો. ૦૨૨-૨૬૧૩૦૮૨૦

**(૨) શ્રી પ્રશમ મોદી,**
સી-૪૦૩, ગુરુ પ્રભાવ, આત્મન બંગલોની સામે,
પાલિતાણા રોડ, સોનગઢ-૩૬૪૨૫૦
મો.૯૭૨૨૮૩૩૧૪૩

**ટાઈપ સેટિંગ**

**પૂજા ઈમ્પ્રેશન્સ**
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧




કળિકાળસર્વજ્ઞ શ્રી કુંદકુંદાચાર્યદેવ

# પ્રકાશકીય નિવેદન

**મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,**
**મંગલં કુંદકુંદાર્યો, જૈનધર્મોસ્તુ મંગલં.**

મહાવીર ભગવાન અને ગૌતમ ગણધર બાદ જેમના નામનો ઉલ્લેખ કરવામાં આવે છે એવા ભરતના સમર્થ આચાર્ય, સાક્ષાત્ સદેહે વિદેહ જઈ શ્રી સીમંધર ભગવાનની દિવ્યધ્વનિનું પ્રત્યક્ષ રસપાન કરનાર શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ મહાન યોગીશ્વર છે. અનેક મહાન આચાર્યો તેમના દ્વારા રચિત શાસ્ત્રોના આધાર આપે છે, તેનાથી એમ પ્રસિદ્ધ થાય છે કે અન્ય આચાર્યો પણ તેમના વચનોને આધારભૂત માને છે.

તેઓ નિર્મળ પરિણતિના ધારક તો હતા જ, પરંતુ પુણ્યમાં પણ સમર્થ હતા કે જેથી સીમંધર ભગવાનનો સાક્ષાત્ યોગ થયો. મહાવિદેહથી પાછા આવ્યા બાદ પોન્નૂર તીર્થધામમાં સાધના કરતાં-કરતાં તેમણે અનેક શાસ્ત્રોની રચના કરી કે જેમાં શ્રી સમયસાર, શ્રી પ્રવચનસાર, શ્રી નિયમસાર, શ્રી પંચાસ્તિકાયસંગ્રહ, શ્રી અષ્ટપાહુડ—આ પાંચ પરમાગમ તો પ્રસિદ્ધ છે જ, પરંતુ આ સિવાય પણ અનેક શાસ્ત્રોની રચના તેમણે કરેલ છે.

''શ્રી સમયસાર'' આ ભરતક્ષેત્રનું સર્વોત્કૃષ્ટ પરમાગમ છે. તેમાં નવ તત્ત્વોનું શુદ્ધનયની દૃષ્ટિથી નિરૂપણ કરી જીવનું શુદ્ધસ્વરૂપ પ્રકાશ્યું છે. ''શ્રી પ્રવચનસાર''માં નામ અનુસાર જિનપ્રવચનનો સાર ઝીલ્યો છે અને તેને જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન, જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન અને ચરણાનુયોગસૂચક ચૂલિકા નામના ત્રણ અધિકારોમાં વિભાજિત કર્યું છે. ''શ્રી નિયમસાર''માં મુખ્યત્વે શુદ્ધનયથી જીવ, અજીવ, શુદ્ધભાવ, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના, પ્રાયશ્ચિત, સમાધિ, ભક્તિ, આવશ્યક, શુદ્ધોપયોગ વગેરેનું વર્ણન છે. ''શ્રી પંચાસ્તિકાયસંગ્રહ''માં કાળ સહિત પાંચ અસ્તિસકાયોનું (અર્થાત્ છ દ્રવ્યોનું) અને નવ પદાર્થપૂર્વક મોક્ષમાર્ગનું નિરૂપણ છે, તથા ''શ્રી અષ્ટપાહુડ'' એક દાર્શનિક ગ્રંથ છે, જેમાં સમ્યક્ રત્નત્રય એક જ મોક્ષમાર્ગ છે જેની દૃઢતાપૂર્વક સ્થાપના કરેલ છે.

આ નિયમસાર પરમાગમ મુખ્યત્વે મોક્ષમાર્ગના નિરૂપચાર નિરૂપણનો અનુપમ ગ્રંથ છે. ''નિયમ'' એટલે જે અવશ્ય કરવાયોગ્ય હોય તે અર્થાત્ નિશ્ચયરત્નત્રય. ''સાર'' શબ્દ નિશ્ચયરત્નત્રયથી વિપરીત એવા વ્યવહારરત્નત્રયના પરિહાર અર્થે યોજેલ છે. આમ, ''નિયમસાર''

અર્થાત્ શુદ્ધરત્નત્રય. આ શુદ્ધરત્નત્રયની પ્રાપ્તિ પરમાત્મતત્ત્વનો આશ્રય કરવાથી જ થાય છે. નિગોદથી માંડીને સિદ્ધ સુધીની સર્વ અવસ્થાઓમાં—અશુભ, શુભ કે શુદ્ધ વિશેષોમાં—રહેલું જે નિત્ય-નિરંજન ટંકોત્કીર્ણ શાશ્વત એકરૂપ શુદ્ધદ્રવ્યસામાન્ય તે પરમાત્મતત્ત્વ છે, તે જ શુદ્ધ અંતઃતત્ત્વ, કારણપરમાત્મા, પરમપારિણામિકભાવ વગેરે નામોથી કહેવાય છે. આ પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ, અનાદિ કાળથી અનંત-અનંત દુઃખને અનુભવતા જીવે, એક ક્ષણમાત્ર પણ કરી નથી અને તેથી સુખ માટેનાં તેના સર્વ ઝાવાં—વ્યવહારરત્નત્રય સુદ્ધાં સર્વથા વ્યર્થ ગયા છે. માટે, આ પરમાગમનો એકમાત્ર ઉદ્દેશ જીવોને પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ અથવા આશ્રય કરાવવાનો છે.

આ શાસ્ત્રમાં ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવની પ્રાકૃત ગાથાઓ ઉપર તાત્પર્યવૃત્તિ નામની સંસ્કૃત ટીકા લખનાર મુનિશ્વર શ્રી પદ્મપ્રભમલધારિદેવ છે. તેઓ આચાર્ય શ્રી વિરનંદિ સિદ્ધાંતચક્રવર્તીના શિષ્ય છે કે જેઓ વિક્રમની ૧૩મી શતાબ્દીમાં થઈ ગયા છે. શ્રી પદ્મપ્રભમલધારીદેવે ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવના હૃદયમાં રહેલા પરમ ગહન આધ્યાત્મિક ભાવોને પોતાના અંતરવેદન સાથે મેળવીને આ ટીકામાં સ્પષ્ટ રીતે ખુલ્લા કર્યા છે. આ ટીકામાં આવતા કળશરૂપ કાવ્યો અતિશય મધુર છે અને અધ્યાત્મ મસ્તીથી તથા ભક્તિરસથી ભરપૂર છે. ટીકાકાર મુનિરાજે ગદ્ય તેમ જ પદ્યરૂપે પરમપારિણામિકભાવને તો ખૂબ-ખૂબ ગાયો છે. આખી ટીકા જાણે કે પરમપારિણામિકભાવનું અને તદાશ્રિત મુનિદશાનું એક મહાકાવ્ય હોય તેમ મુમુક્ષુ હૃદયોને મુદિત કરે છે.

શબ્દશઃ પ્રવચન-શાસ્ત્રોને પ્રકાશિત કરવાનું અમારું એક જ પ્રયોજન છે કે બધા જ જીવો સર્વાંગે અભ્યાસ કરીને પોતાની સાધનામાં આગળ વધે.

આ પ્રવચનો સાંભળીને તેને શાસ્ત્રાકાર આપવામાં શ્રી નિલેશભાઈ જૈન, ભાવનગરનો ખૂબ આભાર માનીએ છીએ. બધા જ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્યરચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક-ક્યાંક કૌંસ કરવામાં આવેલા છે.

જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગની એકાગ્રતાપૂર્વક કરવામાં આવેલ છે, તેમ છતાં પ્રકાશન કાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. સર્વ મુમુક્ષુગણને વિનંતી છે કે અશુદ્ધિઓની નોંધ ટ્રસ્ટીને પાઠવે, જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો www.vitragvani.com તથા Atmadharam.com ઉપર ઉપલબ્ધ છે.

**– શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર,**
**સોનગઢ.**



અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગદ્દષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી
# (સંપૂર્ણ જીવન-દર્શન, સંક્ષિપ્તમાં)

એવા એ કળિકાળમાં જગતનાં કંઈ પુણ્ય બાકી હતાં,
જિજ્ઞાસુ હૃદયો હતાં તલસતાં સદ્દવસ્તુને ભેટવા;
એવા કંઈક પ્રભાવથી ગગનથી ઓ કૃહાન! તું ઊતરે,
અંધારે ડૂબતાં અખંડ સત્‌ને તું પ્રાણવંતું કરે!

વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકરદેવના પૂર્વના ભોગભૂમિના એક ભવમાં, સમ્યક્ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઊતરે છે. અંતિમ તીર્થંકરદેવના પૂર્વના સિંહના ભવમાં, સમ્યક્ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઘોર જંગલમાં ઊતરે છે. ઉપાદાન તૈયાર થતાં જાણે કે નિમિત્તને સ્વયં હાજર થવું પડે છે તે ન્યાયે, લાખો ભવ્ય જીવોની તત્ત્વજિજ્ઞાસા-તૃપ્તિનો કાળ પાકતાં, સીમંધરસભામાં દેશનાનું શ્રવણ-પાન કરીને સ્વર્ગે જવા સક્ષમ એવા રાજકુમારનો જીવ, જાણે કે ભવિજન-ભાગ્યવશ પોતાનો માર્ગ બદલીને, ગગનમાંથી અહીં ભરતભૂમિમાં ઊતર્યો!

ભગવાન શ્રી મહાવીરસ્વામી દ્વારા સમુપદિષ્ટ તથા આચાર્યશિરોમણિ શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ તેમજ શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ આદિ નિર્ગ્રંથ દિગંબર સંતો દ્વારા શાસ્ત્રમાં સુરક્ષિત વીતરાગમાર્ગ જ્યારે રૂઢિચુસ્ત સાંપ્રદાયિકતાની દેહાશ્રિત બાહ્યક્રિયા અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનશૂન્ય ભક્તિમાર્ગના અંધકારમાં ડૂબી રહ્યો હતો એવા કળિકાળમાં, વીતરાગમાર્ગના અખંડ સત્‌ને પ્રાણવંતું કરવા ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના ઉમરાળા ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી પરિવારના શ્રેષ્ઠીવર્ય પિતાશ્રી મોતીચંદભાઈ ગીગા કુરા ગાંડાણીના ઘરે, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, તા. ૨૧-૪-૧૮૯૦, રવિવારે વહેલી સવારે તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે-ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થયું. ચાર વર્ષ

બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાયા.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું; તે સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતાં બાર લીટીના કાવ્ય 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ.'ની રચના કરી હતી.

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કર્યો હતો. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કર્યો અને ગુરુ પાસે આઝીવન બ્રહ્મચર્યવ્રત અંગીકાર કર્યું હતું. પછી ૨૪ વર્ષની વયે (વિ.સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયના વૈરાગી સાધુ હીરાજી મહારાજ પાસે દીક્ષા અંગીકાર કરી હતી. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટતાં તીક્ષ્ણબુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કાંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના ખોજક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતામ્બર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી—કર્મ છે તો વિકાર થાય ને? જોકે ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓએ દૃઢતાપૂર્વક સિંહગર્જના કરેલી કે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ.સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના શાસન-ઉદ્ધારનો અને લાખો મુમુક્ષુઓનો મહાન પુણ્યોદયસૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બન્યો :

૩૨ વર્ષની ઉંમરે વિધિની કોઈ ધન્યપળે દામનગરમાં દામોદર શેઠ દ્વારા શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ ગુરુદેવશ્રીના કરકમળમાં આવ્યું અને તેનું અધ્યયન અને ચિંતન કરતાં-કરતાં પૂર્વના સંસ્કારના બળે અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઊભરાતાં આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળ્યા, 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિએ નિજઘર દેખ્યું અર્થાત્ તેઓશ્રીને વૈશાખ વદ ૮ના રોજ સમ્યગ્દર્શન થયું.

વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલાં રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગપ્રકાશક' ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રીને આપ્યો જે વાંચતાં, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી

મળી આવતાં, તેઓ તેના વાંચનમાં એટલા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું પણ ગમતું નહીં. ત્યારબાદ, અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેષ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડી. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કર્યો.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં-કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઓફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં ૧૯૯૧ના ફાગણ વદ પાંચમના દિને નિવાસ કર્યો અને મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ.સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે ભગવાન પાર્શ્વનાથના ફોટા સમક્ષ સંપ્રદાયના ચિહ્ન મુહપત્તિનો ત્યાગ કર્યો અને જાહેર કર્યું કે 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈનધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઓફ ઈન્ડિયા'માં સવા ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખૂબ જ નાનું પડવા લાગ્યું. તેથી, ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી દિ.જૈન સ્વાધ્યાયમંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ.સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાયમંદિર' જીવનપર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યાં, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી હતી. પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યાં.

વિ.સં. ૧૯૮૧માં ગઢડામાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય શાંતાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન ને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૫માં વઢવાણમાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન અને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૬માં વિંછીયામાં પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન ને પ્રવચન-શ્રવણ માટે બંને બહેનોને જવાનું થતાં ત્યાં પ્રથમવાર બંને બહેનોને પરિચય થયેલો. પૂજ્ય ગુરુદેવશ્રીએ 'પરિવર્તન' કર્યા બાદ સોનગઢમાં બંને બહેનોએ સાથે રહેવાનું શરૂ કરીને, જીવનપર્યંત સાથે રહીને, પૂજ્ય ગુરુદેવશ્રીની દેશના વડે પોતપોતાની આત્મસાધના કરતાં રહીને, શાસનની અત્યંત ભક્તિપૂર્વક સેવા કરી હતી. ગુરુ-શાસન પ્રભાવનામાં બંને બહેનોનું નોંધનીય વિશેષ યોગદાન રહ્યું હતું.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગળ સુદ બીજના રોજ શ્રી નાનાલાલભાઈ વિગેરે જસાણી ભાઈઓના યોગદાન દ્વારા નવનિર્મિત શ્રી દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગલ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક-વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-

પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતા. આવે ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બન્યું. રોજ બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહેતાં. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

વિ.સં. ૧૯૯૭માં દિગમ્બર જૈન સમાજના તત્કાલીન પ્રમુખ દિગમ્બર જૈનાચાર્ય શ્રી શાંતિસાગરજી મહારાજ શ્રી શેત્રુંજય સિદ્ધક્ષેત્રની યાત્રા કરીને સોનગઢ આવેલા; પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન સાંભળીને તથા તત્ત્વચર્ચા કરીને એટલા પ્રભાવિત થયેલા કે તેઓએ ગુરુદેવશ્રીને ઉદ્દેશીને કહેલ કે 'તીર્થંકર અકેલે મોક્ષ નહીં જાતે; યહાં કુછ ઐસા યોગ હૈ ઐસા હમે લગતા હૈ' અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રી ભવિષ્યમાં તીર્થંકર થશે એવું દિગમ્બર જૈન સમાજના પ્રમુખ આચાર્યને લાગ્યું હતું.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો, મુનિવરો તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો, પંડિત શ્રી હિંમતભાઈ જે. શાહના ગુજરાતીમાં અનુવાદિત શ્રી સમયસાર આદિ પરમાગમો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના પુસ્તક છપાવવાનું કાર્ય વિ.સં. ૧૯૯૯ (ઈ.સ.૧૯૪૩)થી શરૂ થયું. આ સત્સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાનગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ.સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના સ્થાપક આદ્યપ્રમુખ મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્‌ગુરુ પ્રવચન-પ્રસાદ' સપ્ટેમબર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્ય-વિહારી મહાપુરુષની મંગલવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતામ્બર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણ પૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે...! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ (ઈ.સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો

પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ.સં. ૨૦૦૩ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ હતો.

પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાનું સામર્થ્ય પ્રસિદ્ધ કરતો એક પ્રસંગ ઈ.સ. ૧૯૪૬મા બન્યો. અજમેરનિવાસી શ્રી ન્યાલચંદભાઈ સોગાની સોનગઢ આવ્યા અને પ્રથમવાર જ પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શનનો લાભ સંપ્રાપ્ત થયો. પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળી રાતભર આત્મમંથન કરતાં-કરતાં સવાર સુધીમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ પ્રાપ્ત કરીને જૈનજગતને પ્રતીત કરાવી કે જો તમારો પુરુષાર્થ અને ગુરુપ્રતિ અર્પણતા ગાઢ હોય તો આ મહાપુરુષની દેશના એટલી પ્રખર છે કે તેમનું એક જ પ્રવચન-શ્રવણ ભવ્યોના ભવાંતનું પ્રબળ નિમિત્ત બનવાનું સામર્થ્ય ધરાવે છે.

વિ.સં. ૨૦૦૩માં બંધાયેલ 'ભગવાન શ્રી કુંદકુંદ પ્રવચન મંડપ'ના શિલાન્યાસ પ્રસંગે ઈન્દૌરના સર શેઠ હુકમચંદજી પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અત્યંત અહોભાવથી બોલ્યા હતા કે 'આપકે પાસ મોક્ષ જાનેકા સીધા રાસ્તા હૈ.'

વિ.સં. ૨૦૦૩માં પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ છત્રછાયામાં, 'ભારતવર્ષીય દિગમ્બર જૈન વિદ્વત્ પરિષદ'નું ત્રીજું અધિવેશન પં. શ્રી કૈલાશચંદ્રજી (બનારસ)ની અધ્યક્ષતામાં ભરવામાં આવ્યું હતું જેમાં દિગમ્બર જૈન સમાજના સુપ્રસિદ્ધ ૩૨ વિદ્વાનોએ લાભ લીધો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાથી પ્રભાવિત થઈને તેઓએ સર્વસંમતિથી એક વિશાળ પ્રસ્તાવ પારિત કરેલો હતો જેમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરાયેલ કે ''....ભગવાન શ્રી કુંદકુંદની વાણી સમજીને મહારજાશ્રીએ માત્ર પોતાને જ ઓળખ્યા છે એમ નહીં પણ હજારો લાખો મનુષ્યોને એક જીવન ઉદ્ધારના સત્ય માર્ગ પર ચાલવાનો ઉપાય દર્શાવી દીધો છે...''

દિગંબર જૈન સમાજના તત્કાલીન મૂર્ધન્ય પંડિત શ્રી કૈલાસચંદજીએ પોતાની પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષતા દર્શાવતા લખેલ કે 'જો કાનજીસ્વામી ઈસ યુગમેં ન હુએ હોતે તો હમારે લિયે સમયસાર ગ્રંથ માત્ર દર્શનીય રહ જાતા' અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રીના કારણે સમયસાર જેવા મહાન ગ્રંથનો પોતાને અભ્યાસ કરવાનો સુયોગ પ્રાપ્ત થયો હતો. ફરીથી  એ જ પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો દૃષ્ટિકોણ રજૂ કરતાં તેમણે લખેલ કે 'કાનજીસ્વામી નિમિત્તકો નહીં માનતે ઐસા નહીં હૈ લેકિન વે નિમિત્તસે કુછ હોતા નહીં હૈ ઐસા માનતે હૈં.' એ રીતે મૂળ દિગંબર સંપ્રદાયમાં પણ સમયસાર-સ્વાધ્યાયયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રતિભા પ્રસિદ્ધિ પામી હતી.

લાડનૂનિવાસી શ્રી રતનલાલ ગંગવાલના પિતાશ્રી શ્રી વચ્છરાજજી પૂજ્ય ગુરુદેવશ્રીનો મહિમા સાંભળીને સોનગઢ આવેલા; અત્યંત પ્રભાવિત થઈને તેઓએ પૂજ્ય બહેનશ્રીબેનની છત્રછાયામાં બાળબ્રહ્મચારી બહેનોના નિવાસ માટે 'શ્રી ગોગીદેવી દિગમ્બર જૈન શ્રાવિકા બ્રહ્મચર્યાશ્રમ'નું વિ.સં. ૨૦૦૮માં નિર્માણ કરેલું.

શ્રી કુંદકુંદાચાર્યદેવ-વિરચિત શ્રી સમયસાર આદિ પાંચેય પરમાગમો આરસમાં ઉત્કીર્ણ કરેલ

'શ્રી મહાવીર-કુંદકુંદ-પરમાગમ મંદિર'નું ઉદ્‌ઘાટન વિ.સં. ૨૦30માં સોનગઢમાં ૨૬,000 ભક્તોની ઉપસ્થિતિમાં શ્રી શાંતિપ્રસાદજી સાહુના હસ્તે થયું હતું.

ટ્રસ્ટી શ્રી નેમિચંદજી પાટની (આગ્રા)ના સફળ સંચાલનમાં શ્રી સમ્મેદશિખરજીની યાત્રા નિમિત્તે વિ.સં. ૨૦૧૩ (ઈ.સ. ૧૯૫૭) તથા વિ.સં. ૨૦૨૩ (ઈ.સ. ૧૯૬૭)માં—એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગલ વિહાર થયો હતો. તે જ રીતે વિ.સં. ૨૦૧૫ (ઈ.સ. ૧૯૫૯) અને વિ.સં. ૨૦૨૦ (ઈ.સ. ૧૯૬૪)માં—એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો હતો. આ મંગલ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યાં અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. ફળસ્વરૂપે ભારતભરમાં મહતી ધર્મપ્રભાવના થઈ અને સોનગઢના આ સંત પ્રત્યે લોકોમાં શ્રદ્ધાભક્તિનો જુવાળ જાગી ઊઠ્યો. યાત્રા દરમ્યાન અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

પોણા છ માસની ૮૦૦ મુમુક્ષુ-યાત્રાળુઓ સાથે નીકળેલી વિ.સં. ૨૦૧૩ની શ્રી સમ્મેદશિખરજીની પ્રથમ યાત્રા વખતે ઈસરી આશ્રમમાં દિગમ્બર જૈન સમાજના અનેક પ્રસિદ્ધ વિદ્વાનોની હાજરીમાં ક્ષુલ્લક શ્રી ગણેશપ્રસાદજી વર્ણીજી સાથે પૂજ્ય ગુરુદેવશ્રીની વાત્સલ્યતાભરી વાતચીત થયેલી; ત્યારે વર્ણીજીએ પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું કે ''સ્વામીજીકી પ્રસન્નમુદ્રા મુજે બહોત પસંદ આઈ; ઔર મુઝે ઐસા લગા કિ ઈસ આત્માકે દ્વારા સમાજકા કલ્યાણ હોગા.'' ત્યારબાદ મધુવન (શિખરજી)માં અનેક દિગંબર મુનિઓ, વિદ્વાનો, વર્ણીજી સહિત અનેક ત્યાગીઓ અને પાંચ હજારથી અધિક શ્રોતાગણની સમક્ષ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન થયેલું. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-શ્રવણથી પ્રભાવિત થઈને સેંકડો પંડિતોના વિદ્યાપતિ પં.બંસીધરજી (ઈન્દૌર)એ હિંમતપૂર્વક સ્પષ્ટ જાહેર કરેલું કે '..... આપકી વાણીમેં તીર્થંકરોકા ઔર કુંદકુંદસ્વામીકા હી હૃદય હૈ.' ભારતવર્ષીય દિ.જૈન વિદ્વત્પરિષદના અધ્યક્ષ પં.ફુલચંદજી સિદ્ધાંતશાસ્ત્રી પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-સત્સમાગમથી એટલા બધા પ્રભાવિત થયા કે તેઓ પોતાની રૂઢિગત્ માન્યતા છોડીને પૂજ્ય ગુરુદેવશ્રીના અનુયાયી બની ગયા.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્‌ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને, શ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદષ્ટિને કારણે, શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ. ૧૯૫૯થી નવેમ્બર ૧૯૮૦ સુધી ટેપમાં ઉતારી લેવામી આવી, જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. પૂજ્ય ગુરુદેવશ્રીની મંદલ ઉપસ્થિતિમાં જ ભારતભરમાં-વિશેષરૂપે હિન્દી સમાજમાં તેમજ નાઈરોબી, લંડન, સ્વીત્ઝરલેન્ડ, હોંગકોંગ, અમેરિકા, કેનેડા ઈત્યાદિ વિદેશોમાં, અગણિત સંખ્યામાં ટેપ-રીલો તથા કેસેટોથી ટ્રસ્ટના કેસેટ-વિભાગ દ્વારા પૂજ્ય

ગુરુદેવશ્રીના પ્રવચોનો મુમુક્ષુઓએ લાભ પ્રાપ્ત કર્યો હતો. હાલમાં સી.ડી. યુગ શરૂ થતાં સ્વ. શાંતિલાલ રતિલાલ શાહ પરિવાર દ્વારા આ મંગલવાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમેજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે, તે એમ પ્રસિદ્ધ કરે છે કે ભરતક્ષેત્રના ભવ્ય જીવોને પંચમકાળના અંત સુધી આ દિવ્યવાણી ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

દશલક્ષણ પર્યુષણપર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલાં તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. પર્યુષણમાં સૌ પ્રથમ બહારગામ-રાજધાની દિલ્હીમાં-વાંચન કરવા માટે સોનગઢથી શ્રી ખીમચંદભાઈ શેઠ ગયા હતા. તેઓ તેમ જ શ્રી લાલચંદભાઈ મોદી અને શ્રી યુગલકિશોરજી (કોટા), પૂજ્ય ગુરુદેવશ્રની સૂક્ષ્મ તત્ત્વ-પ્રરૂપણાનો પ્રચાર કરનાર અગ્રેસર વક્તાઓ હતા. પ્રવચનકારોને મોકલવાની આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી હતી અને આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણપર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે. ડો. હુકમચંદજી ભારિલ્લના નિર્દેશનમાં નવા-નવા વિદ્વાનો તૈયાર કરવા માટે શ્રી પૂનમચંદજી ગોદિકા દ્વારા આચાર્યકલ્પ પંડિત શ્રી ટોડરમલજીની સ્મૃતિરૂપે જયપુરમાં શ્રી ડોટરમલ સ્મારક ભવનનું ઈ.સ.૧૯૬૭માં નિર્માણ થયું જેનું ઉદ્‌ઘાટન પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં તેઓશ્રીના આશીર્વાદથી થયું હતું. આ પ્રવચનકાર વિદ્વાનોને પ્રવચન-પદ્ધતિ માટે પ્રશિક્ષિત કરવા દર વર્ષે પ્રશિક્ષણવર્ગ જયપુરથી શરૂ કરવામાં આવ્યા હતા. ઉત્તર ગુજરાત તેમજ હિન્દી પ્રાંતમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર-પ્રસારમાં પંડિત શ્રી બાબુભાઈ ફતેપુરવાળાનું વિશેષ યોગદાન રહ્યું હતું.

ભગવાન શ્રી મહાવરીસ્વામી પછીના આ યુગમાં જ્યારે બૌદ્ધ સંપ્રદાયનો ઘણો પ્રભાવ હતો ત્યારે સમર્થ આચાર્ય શ્રી અકલંકદેવે તત્કાલીન પ્રમુખ બૌદ્ધ આચાર્ય સાથે વાદવિવાદ કરીને તેમનો પરાજય કરતાં જૈન સમાજમાં જયજયકાર થયેલો; તેવી જ રીતે ઓક્ટોબર ૧૯૬૩માં ખાનિયા (જયપુર)માં દિગમ્બર સમ્પ્રદાયના પ્રખર પંડિતો અને કાનજીસ્વામીના અનુયાયી તરીકે પ્રસિદ્ધ પં. શ્રી ફૂલચંદજી સિદ્ધાન્તશાસ્ત્રી વચ્ચે કેટલાક દિવસો સુધી લેખિત પ્રશ્નોત્તર દ્વારા તત્ત્વચર્ચા થતાં, પં. શ્રી ફૂલચંદજી દ્વારા તે પંડિતોની રૂઢિગત્ માન્યતાનો શાસ્ત્રોના આધારો દ્વારા પરાજય થતાં, પૂજ્ય ગુરુદેવશ્રીએ અત્યંત ભાવવિભોર થઈને જૈનદર્શનના સત્યમાર્ગની જીત સંબંધી પં. ફૂલચંદજી માટે અત્યંત પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું હતું કે-પંડિત ફૂલચંદજીએ બહુ કાર્ય કર્યું છે, બહુ મહેનત કરી છે. શાસ્ત્રથી આધાર આપીને બરાબર સાચી શ્રદ્ધાને થંભાવી રાખી છે. એવો એ એક પંડિત નીકળ્યો! શાસ્ત્રના પંડિતપણે ભણીને સ્વ-આશ્રય અને પર-આશ્રય આ બે બોલને ટકાવી રાખ્યા; બહુ જબ્બર વાત છે. હજારો બોલ, ઓહોહો..! ઘણું જ્ઞાન છે. અત્યારે ચાલતો આ પંથ-વિપંથ, તેમાં આ વાત બહાર મૂકવી!

ઘણી હિંમત કરી છે. આ ઐતિહાસિક પ્રસંગે પૂજ્ય ગુરુદેવશ્રીની અત્યંત ભાવવિભોર પ્રસન્ન મુખમુદ્રા દેખીને ભક્તો રોમાંચિત થઈ ગયેલા. આ ઐતિહાસિક પ્રસંગ પછી તેઓ સોનગઢ આવ્યા ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીએ મુરબ્બી શ્રી રામજીભાઈ દોશીને આજ્ઞા કરેલી કે તમે આખાય મંડળને લઈને તેમને વાજતે-ગાજતે લઈ આવો. તેથી તે મુજબ અમે બધા શોભાયાત્રાપૂર્વક પં. ફૂલચંદજીને બજારેથી સ્વાધ્યાયમંદિર લઈ આવેલા હતા.

કાઠિયાવાડમાં દિગમ્બર શાસ્ત્રોના સૌથી જૂના વિશેષ અભ્યાસી, પૂજ્ય ગુરુદેવશ્રીના વિશેષ કૃપાપાત્ર, જામનગર નિવાસી શ્રી વીરજીભાઈ વારીયા કે જેઓ સંપ્રદાય સમયના બહુ જૂના અનુયાયી હતા, તેમના માટે એક રાત્રિના પાછલા પહોરે પૂજ્ય ગુરુદેવશ્રીને સ્વપ્ન આવ્યું કે વીરજીભાઈની તબિયત વિશેષ નાદુરસ્ત છે ને તેમને અમારા દર્શનની અભિલાષા છે. સવારે ઉઠતાં જ પૂજ્યશ્રી પાસે સમાચાર આવ્યા કે વીરજીભાઈની તબિયત ઘણી જ નાજુક છે ને આપના દર્શનની ભાવના છે. વાત પૂરી થાય તે પહેલાં જ પૂજ્ય ગુરુદેવશ્રીએ ફરમાવ્યું કે ચાલો જામનગર! અને જામનગરમાં ગુરુ-શિષ્યનું વાત્સલ્ય-ભક્તિપૂર્ણ મિલન થયું હતું. શ્રી વીરજીભાઈ ઉંમરમાં પૂજ્ય ગુરુદેવશ્રી કરતાં મોટા હતા, સંપ્રદાય-સમયથી જ તેમને પૂજ્ય ગુરુદેવશ્રીનો વિશેષ પરિચય હતો, તેથી તેમને પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષ કૃપાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષના મંગલકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯માં વર્ષથી થઈ. ૭૫માં હીરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી-જડિત આઠસો પાનાનો એક દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવી તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન મંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા દેશભરના હજારો ભક્તોની હાજરીમાં મુંબઈમાં અર્પણ થયો હતો. જોગાનુજોગ થોડા દિવસોમાં તેઓ ભારતના વડાપ્રધાન બન્યા.

વિ.સં. ૨૦૩૭ના કારતક વદ ૭, તા. ૨૮-૧૧-૧૯૮૦, શુક્રવારના રોજ આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ જ્ઞાયકમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. જેમ નવપલ્લવિત વટવૃક્ષ શરૂઆતમાં સ્વયં પોતાની વિશાળતાને સમૃદ્ધ કરતો થકો વિશાળકાય બની ગયા બાદ તેમાંથી અનેક વટવૃક્ષનું નવસર્જન કરતો હોય છે, તેમ સોનગઢના આ સંતે શરૂઆતમાં સ્વયંભૂપણે અધ્યાત્મયુગનું નવસર્જન કર્યું અને તેમની વિશાળ પ્રભાવના-છાયામાં દેશ-વિદેશમાં—જયપુર, દેવલાલી, અલિગઢ, દિલ્હી, ગાંધીનગર, સોનાગિર, બાંસવાડા, ઈન્દૌર, દ્રોણગિરિ, નાગપુર, ગજપંથા, કોટા ઈત્યાદિ તથા નાઈરોબી, લંડન, અમેરિકા ઈત્યાદિ ક્ષેત્રોમાં સ્થપાયેલ સંસ્થાઓ દ્વારા, તેઓશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર વડે તેઓશ્રી દ્વારા નવસર્જિત અધ્યાત્મયુગને

યુગના અંત સુધી ટકાવી રાખવાનું પણ તેઓશ્રીના પુણ્યપ્રતાપે બન્યું. એ રીતે તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરતાં ગયા.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખૂબ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ.સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થકાળનો જ અનુભવ થતો.

ઈ.સ. ૧૯૪૧ થી ઈ.સ. ૧૯૮૦ દરમ્યાન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના નિર્દેશનમાં તથા પૂજ્ય શાંતાબેનના ભક્તિ-ઉલ્લાસભર્યા સંચાલનમાં સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારતદેશના અનેક શહેરોમાં તથા નાઈરોબીમાં-એમ કુલ ૬૬ દિગંબર જિનમંદોરીની મંગલ પ્રતિષ્ઠા આ ધર્મયુગસૃષ્ટા સત્પુરુષના કરકમળ દ્વારા થઈ હતી.

તેઓશ્રીની અધ્યાત્મ-દેશનાના પ્રભાવથી શ્રી સીમંધરસ્વામી દિગમ્બર જિનમંદિર, શ્રી સમવસરણ મંદિર, શ્રી માનસ્તંભજી, શ્રી મહાવીર-કુંદકુંદ-પરમાગમ મંદિર, શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલય જેવા જિનાયતનોના નિર્માણથી આજે સુવર્ણપુરી જૈનજગતમાં આત્મસાધનાનું તીર્થધામ બની ગયું છે અને નજીકના ભવિષ્યમાં ૪૧ ફૂટના ભગવાન શ્રી બાહુબલીના ખડ્ગાસન જિનબિંબની તેમજ જમ્બૂદ્વીપના અનેક જિનબિંબોની સ્થાપના થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરી આકર્ષક અજાયબી તરીકે વિશ્વના નકશામાં સ્થાન પામશે.

આ વિદેહ-દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર હતું. પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમસંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

પોતે ચતુર્થ ગુણસ્થાનવર્તી સાધક હોવા છતાં તેમનો જીવન-વ્યવહાર અને પરિણામની સ્થિતિ અત્યંત ઉચ્ચ કોટિના હતા. તીર્થંકરનું દ્રવ્ય હોવાથી જગતના જીવો આત્મકલ્યાણને પામો એવી કરુણા વર્તતી હોવાથી ૯૧માં વર્ષે પણ ગામોગામ વિહાર કરીને ભવ્યજીવોની તત્ત્વજિજ્ઞાસા છીપાવતા હતા છતાં તેઓ એટલા નિસ્પૃહી હતા કે તેઓશ્રીએ ક્યારેય કોઈને

પણ જિનમંદિર બંધાવો કે સ્વાધ્યાયમંદિર બંધાવો એવું કહેવું તો દૂર રહ્યું, ઈશારો સુધ્ધાં કરેલ ન હતો.

જીવોના આત્મકલ્યાણની કરુણા હોવા છતાં એટલા નિર્મમત્વી હતા કે ક્યારેય કોઈને પણ પૂછેલ ન હતું કે તમે રોજ સ્વાધ્યાય કરો છો ને?

કોઈ વ્યક્તિ જીવનપર્યંત તત્ત્વજ્ઞાન ન સમજવાથી પૂજ્ય ગુરુદેવશ્રીનો વિરોધ કરતો હોય ને તે વ્યક્તિને પોતાના અજ્ઞાન માટે પશ્ચાતાપ થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની ક્ષમા માગતો ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીને શરમ... શરમ... અનુભવાતી અને કહેતાં કે ભૂલી જાઓ... ભૂલી જાઓ... ભગવાને પણ પોતાના ભૂતકાળમાં ભૂલો કરવામાં કાંઈ બાકી રાખ્યું ન હતું. તમે ભગવાન છો એમ અમે દેખીએ છીએ અને તમે પણ તમને ભગવાન તરીકે દેખો.—આવી તો નિર્માનતા હતી.

તત્ત્વવિરોધના કારણે કોઈ દૈનિકપત્રમાં કે પત્રિકામાં પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અનુચિત લખાણ છાપે તો ભક્તો તેનો વિરોધ કરવાના હોય તો તેઓશ્રી કહેતાં કે ભાઈ! અમારું કોઈ વિરોધી નથી. અમારો કોઈ વિરોધ કરતો નથી. અમે કોઈને વિરોધી દેખાતા નથી. અમે તો બધાને ભગવાન તરીકે દેખીએ છીએ. ગમે તેવું લખાણ લખીને વિરોધ કરનાર પણ જો પ્રવચન સાંભળવા આવતો તો તેને સભામાં આગળ બેસવા બોલાવતાં ને પ્રવચનમાં વાત્સલ્યભાવે તેમને સંબોધિત કરતાં. પૂરા જીવન દરમ્યાન કોઈપણ વ્યક્તિએ ગમે તેવો વિરોધ કર્યો હોય તે પણ જો એકવાર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યક્ષ દર્શન-સત્સમાગમમાં આવતો તો તે જીવનભર તેમનો અનુયાયી બની જતો. ક્ષમાપના દિને પ્રવચનસભામાં જાહેરમાં કહેતા કે કોઈ જીવને અમારાથી પર્યાયદૃષ્ટિથી જોવાઈ ગયું હોય તો અમે ક્ષમા માગીએ છીએ. સૌ જીવો ભગવાન છે.—આવી તો તેમની કરુણામય ક્ષમાભાવના હતી.

જીવનમાં નિસ્પરિગ્રહી તો એવા કે ૪૫-૪૫ વર્ષો સુધી સ્વાધ્યાયમંદિરના એક જ રૂમમાં રહેલાં કે જ્યાં જિનવાણી-સ્વાધ્યાય માટે એક બેઠક, સૂવા માટે એક ગાદલાવાળી બેંચ ને ત્યાગીને યોગ્ય માત્ર ચાર જોડી કપડા! અને સ્વાધ્યાય અર્થે સેંકડો શાસ્ત્રોથી ભરેલા કબાટો!!

દેશ અને દુનિયામાં શું ભજી રહ્યું છે તે જાણવાનું કૂતુહલ નહીં હોવાથી ક્યારેય ન્યુઝપેપર સુધ્ધાં વાંચ્યું ન હતું.

રસના અલોલુપી-નિઃસ્વાદી તો એટલા કે જીવનમાં ક્યારે બે-ત્રણ શાક સિવાય ન તો કોઈ શાક ચાખ્યું હતું, મગની દાળ સિવાય ન તો કોઈ દાળ કે કઢી ચાખ્યા હતા, ન તો કોઈ ચટણી, મરચાં ચાખેલા, ન તો કોઈ મીઠાઈ કે ફરસાણ કે મુખવાસ ચાખેલા. જાણે કે કોઈ ત્યાગી-વ્રતી હોય તેવું તેમનું જીવન હતું.

કરુણાશીલતાનો સાગર હોવા છતાં તત્ત્વમાં એટલા નિર્ભીક ને સત્યમાર્ગ પ્રવક્તા હતા કે કોઈપણ લૌકિક મહાનુભાવનો તેમના પર પ્રભાવ પડતો ન હતો. એક પ્રતિષ્ઠિત શ્રેષ્ઠી તથા

એક ત્યાગી-વ્રતી દ્વારા ઉદ્દિષ્ટ ભોજન માટે કાંઈક જતું કરવા સંબંધી પૂજ્ય ગુરુદેવશ્રીને ઈશારો કરવામાં આવતાં, તેઓશ્રીએ બહુ સ્પષ્ટપણે કહ્યું કે પોતાને માટે બનેલો આહાર-ઉદ્દિષ્ટ ભોજન પ્રાણ જાય તોપણ મુનિરાજ લ્યે નહીં. દેશકાળના નામે સર્વજ્ઞકથિત શુદ્ધ આમ્નાયનું ઉલ્લંઘન કેમ કરાય? ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી (દેશના પ્રથમ રાજ્યપાલ-મદ્રાસના) સોનગઢ આવેલા; તેમને તેઓશ્રીએ પ્રવચનમાં કહેલ કે થોડું માગે તે નાનો માગણ, ઘણું માગે તે મોટો માગણ! વર્ષે પાંચ હજાર જોઈતા હોય તે નાનો માગણ અને વર્ષે પાંચ લાખ જોઈતા હોય તે મોટો માગણ! શ્રીમદ્ રાજચંદ્રજીને પોતાના ધર્મગુરુ માનનાર રાષ્ટ્રપિતા ગાંધીજી વિ.સં. ૧૯૯૫માં રાજકોટમાં પ્રવચનમાં આવેલા. પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાની તત્ત્વની મસ્તીમાં કહેલ કે હું બીજાની સેવા કરી શકું છું એમ માનનાર મૂઢ છે. આ વાત ગાંધીજીને એટલી બધી સ્પર્શી ગયેલ કે કેટલાક વર્ષો પછી તેમણે કોઈને પૂછેલ કે મને મૂઢ કહેનાર મહારાજ હાલ ક્યાં વિચરે છે?

ગુણ પ્રશંસક તો એટલા કે કોઈએ પણ શાસન-સંબંધી પ્રશંસનીય કાર્ય કર્યું હોય-ચાહે તો પોતાનો શિષ્ય ભલે હોય તોપણ તેમની મુક્તકંઠે પ્રશંસા કરતા હતાં.

—આવી અનેક ઉચ્ચ કોટીની પરિણતિ અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનથી ભરપૂર ઉપદેશના સુસંગમના કારણે પ્રથમ પરિચયમાં જ શ્રોતાઓ તેમના પ્રતિ ભાવવિભોર બનીને તેમના અનુયાયી બની જતાં.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ-વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો હતો. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત સિદ્ધાંત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યા હતા. ''સેંકડો શાસ્ત્રોના અમારા મંથનનો આ સાર અંદરથી આવ્યો છે'' એ ''ક્રમબદ્ધપર્યાય''ના શંખનાદ વડે તેઓશ્રીએ જૈનજગતને આંદોલિત કર્યું. જેમ શ્રી સમયસારનું સ્મરણ કરે અને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેતું નથી, તેમ ''ક્રમબદ્ધપર્યાય'' શબ્દ કાને પડે ને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેવું અસંભવ છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ, સમ્યગ્જ્ઞાનવિભૂષિત આ ધર્માત્માના મહિમાનું વર્ણન શબ્દાતીત છે; માત્ર અહોભાવથી અનુભવગમ્ય છે.

''તું પરમાત્મા છો-એમ નક્કી કર! તું પરમાત્મા છો-એમ નક્કી કર!''-આવો મહામંત્ર મુમુક્ષુઓને આપીને ભક્તોને ભગવાન બનવાની પ્રેરણા કરનાર આ મહાપુરુષે પ્રકાશેલો

સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદાય જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન-સ્તંભ શ્રી કહાનગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

ભવભીરૂ ભવ્યાત્માના ભવનો અભાવ કરનારા સત્પુરુષનો પ્રભાવના-ઉદય જયવંત વર્તો!

**હે જ્ઞાનપોષક સુમેઘ તને નમુ હું,**<br>
**આ દાસના જીવનશિલ્પી તને નમુ હું.**



સ્વ. શેઠ શ્રી રતિલાલ મોહનલાલ ધીયા
જન્મ તાઃ- ૨૯-૧-૧૯૧૩, સ્વ. તાઃ- ૨૬-૮-૨૦૦૦ સં. ૨૦૫૬ શ્રાવણ વદ ૧૧ શનિવાર



સ્વ. શ્રીમતિ શારદાબેન રતિલાલ ધીયા
જન્મ તાઃ- ૧૮-૨-૧૯૧૬, સ્વ. તાઃ- ૧૬-૨-૨૦૦૫

## બ્રહ્મોપદેશ ભાગ-૩ના પ્રકાશનાર્થે પ્રાપ્ત દાનરાશિ

૬૭, ૦૦૦/- સ્વ. રતીલાલ મોહનલાલ ધીયા તથા
સ્વ. શારદાબેન રતીલાલ ધીયા
હ. શ્રી નલીનભાઈ આર. ધીયા
શ્રીમતી કલાબેન એન. ધીયા
શ્રી નિમીષ એન. ધીયા
શ્રીમતી પૂર્વી એન. ધીયા તથા
અન્વી એન. ધીયા અને
પ્રાચી એન. ધીયા

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૯૩ | ૧૩-૧૧-૧૯૭૫ | ગાથા-૧૧૮, શ્લોક-૧૮૭-૧૮૮ | ૦૦૧ |
| ૯૪ | ૧૪-૧૧-૧૯૭૫ | ગાથા-૧૧૯, શ્લોક-૧૮૯ | ૦૧૪ |
| ૯૫ | ૧૫-૧૧-૧૯૭૫ | ગાથા-૧૧૯-૧૨૦, શ્લોક-૧૯૦ | ૦૨૭ |
| ૯૬ | ૧૬-૧૧-૧૯૭૫ | ગાથા-૧૨૦, શ્લોક-૧૯૧ | ૦૪૧ |
| ૯૭ | ૧૭-૧૧-૧૯૭૫ | ગાથા-૧૨૧, શ્લોક-૧૯૨ થી ૧૯૪ | ૦૫૨ |
| ૯૮ | ૧૮-૧૧-૧૯૭૫ | શ્લોક-૧૯૫ થી ૧૯૭ | ૦૬૫ |
| ૯૯ | ૧૯-૧૧-૧૯૭૫ | ગાથા-૧૨૨, શ્લોક-૧૯૭ થી ૧૯૯ | ૦૭૮ |
| ૧૦૦ | ૨૦-૧૧-૧૯૭૫ | ગાથા-૧૨૩, શ્લોક-૨૦૦ | ૦૯૦ |
| ૧૦૧ | ૨૧-૧૧-૧૯૭૫ | ગાથા-૧૨૩-૧૨૪, શ્લોક-૨૦૧ | ૧૦૩ |
| ૧૦૨ | ૨૨-૧૧-૧૯૭૫ | ગાથા-૧૨૪, શ્લોક-૨૦૨ | ૧૧૫ |
| ૧૦૩ | ૨૩-૧૧-૧૯૭૫ | ગાથા-૧૨૫, શ્લોક-૨૦૩ | ૧૨૮ |
| ૧૦૪ | ૨૪-૧૧-૧૯૭૫ | ગાથા-૧૨૬, શ્લોક-૨૦૪ થી ૨૦૭ | ૧૪૦ |
| ૧૦૫ | ૨૫-૧૧-૧૯૭૫ | શ્લોક-૨૦૮ થી ૨૧૦ | ૧૫૨ |
| ૧૦૬ | ૨૬-૧૧-૧૯૭૫ | ગાથા-૧૨૭, શ્લોક-૨૧૧ | ૧૬૪ |
| ૧૦૭ | ૨૭-૧૧-૧૯૭૫ | ગાથા-૧૨૭-૧૨૮, શ્લોક-૨૧૨-૨૧૩ | ૧૭૮ |
| ૧૦૮ | ૨૮-૧૧-૧૯૭૫ | ગાથા-૧૨૯-૧૩૦, શ્લોક-૨૧૪ | ૧૯૧ |
| ૧૦૯ | ૨૯-૧૧-૧૯૭૫ | ગાથા-૧૩૦, શ્લોક-૨૧૫-૨૧૬ | ૨૦૩ |
| ૧૧૦ | ૩૦-૧૧-૧૯૭૫ | ગાથા-૧૩૧-૧૩૨, શ્લોક-૨૧૭-૨૧૮ | ૨૧૬ |
| ૧૧૧ | ૦૧-૧૨-૧૯૭૫ | ગાથા-૧૩૩, શ્લોક-૨૧૯ | ૨૨૮ |
| ૧૧૨ | ૦૨-૧૨-૧૯૭૫ | ગાથા-૧૩૪, શ્લોક-૨૨૦ | ૨૩૯ |

| | | | |
|---|---|---|---|
| ૧૧૩ | ૦૩–૧૨–૧૯૭૫ | ગાથા–૧૩૫, શ્લોક–૨૨૧ થી ૨૨૬ | ૨૫૨ |
| ૧૧૪ | ૦૪–૧૨–૧૯૭૫ | ગાથા–૧૩૬ | ૨૬૪ |
| ૧૧૫ | ૦૫–૧૨–૧૯૭૫ | ગાથા–૧૩૭–૧૩૮, શ્લોક–૨૨૭–૨૨૮ | ૨૭૬ |
| ૧૧૬ | ૦૬–૧૨–૧૯૭૫ | ગાથા–૧૩૮–૧૩૯, શ્લોક–૨૨૯ | ૨૮૯ |
| ૧૧૭ | ૦૭–૧૨–૧૯૭૫ | ગાથા–૧૪૦, શ્લોક–૨૩૦–૨૩૧ | ૩૦૦ |
| ૧૧૮ | ૦૮–૧૨–૧૯૭૫ | ગાથા–૧૪૧, શ્લોક–૨૩૧ થી ૨૩૭ | ૩૧૨ |
| ૧૧૯ | ૦૯–૧૨–૧૯૭૫ | ગાથા–૧૪૧–૧૪૨, શ્લોક–૨૩૮–૨૩૯ | ૩૨૪ |
| ૧૨૦ | ૧૦–૧૨–૧૯૭૫ | ગાથા–૧૪૩, શ્લોક–૨૪૦ થી ૨૪૩ | ૩૩૬ |
| ૧૨૧ | ૧૧–૧૨–૧૯૭૫ | ગાથા–૧૪૪, શ્લોક–૨૪૪ | ૩૫૦ |
| ૧૨૨ | ૧૨–૧૨–૧૯૭૫ | ગાથા–૧૪૪–૧૪૫, શ્લોક–૨૪૫ | ૩૬૩ |
| ૧૨૩ | ૧૩–૧૨–૧૯૭૫ | ગાથા–૧૪૬, શ્લોક–૨૪૬ | ૩૭૩ |
| ૧૨૪ | ૧૪–૧૨–૧૯૭૫ | શ્લોક–૨૪૭ થી ૨૫૧ | ૩૮૫ |

ૐ

શ્રી પરમાત્મને નમઃ

# બ્રહ્મોપદેશ

(ભાગ–૪)

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
નિયમસાર ગ્રંથ ઉપરના શબ્દશઃ સળંગ પ્રવચનો)

**કારતક સુદ-૧૦, ગુરુવાર, તા. ૧૩-૧૧-૧૯૭૫**
**ગાથા-૧૧૮, કળશ-૧૮૭-૧૮૮, પ્રવચન નં. ૯૩**

શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત અધિકાર. શુદ્ધનિશ્ચય નિર્વિકલ્પ વીતરાગી પરિણામ એને નિશ્ચય પ્રાયશ્ચિત કહે છે. જે પ્રાયશ્ચિતથી રાગાદિનો નાશ થાય એવી નિર્મળ પર્યાયને વીતરાગી પર્યાય દ્રવ્યને આશ્રયે થાય એને અહીંયાં નિશ્ચય-પ્રાયશ્ચિત કહે છે. ૧૮૭ કળશ.

(उपजाति)

अध्यात्मशास्त्रामृतवारिराशे-
र्मयोद्धृता संयमरत्नमाला।
बभूव या तत्त्वविदां सुकण्ठे
सालंकृतिर्मुक्तिवधूधवानाम्।।१८७।।

'શ્લોકાર્થ :- અધ્યાત્મશાસ્ત્રરૂપી...' આહા..હા..! 'અમૃતસમુદ્ર...' અધ્યાત્મશાસ્ત્રને અમૃતસમુદ્ર કહ્યા. વાચક શબ્દ છેને એ વાચ્ય જે અધ્યાત્મ અમૃતસમુદ્ર એવો જે આત્મા એને બતાવવા માટે એને અમૃતસાગર વાણીને કહી. 'વચનામૃત વીતરાગના...' કહ્યુંને? 'પરમ શાંત રસમૂળ' વાણી શાંત રસમૂળ. ભાવ શાંત રસમૂળ છે એને વાણીથી સમજાવ્યું છે. આહા..હા..! અધ્યાત્મશાસ્ત્ર અમૃતસમુદ્ર. ખરેખર તો ભગવાન આત્મા અમૃતસમુદ્રનો પૂર્ણ

ભાવથી ભરેલો સાગર છે, સમુદ્ર છે. એને આશ્રયે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર સંયમ થાય છે એથી અધ્યાત્મસાગર જે આત્મા એને અવલંબે થયું તો એ પર્યાયને પણ અધ્યાત્મ અમૃત સાગરની પર્યાયને ઉપમા આપી. પર્યાયને. આ સંયમની વાત છેને?

**'અધ્યાત્મશાસ્ત્રરૂપી અમૃતસમુદ્રમાંથી મેં જે સંયમરૂપી રત્નમાળા બહાર કાઢી છે...'** આહા..હા..! ભગવાન આત્મા અમૃતનો સાગર એ પૂર્ણ ધ્રુવ નિત્યાનંદ પ્રભુ. એને આશ્રયે થયેલી પ્રાયશ્ચિત દશા કે સંયમ કહો. સમજાણું કાંઈ? સંયમ કહો કે નિશ્ચયપ્રાયશ્ચિત કહો, શુદ્ધ ઉપયોગ કહો, નિર્વિકલ્પદશા કહો, વીતરાગ પરિણતિ કહો, આત્મા આનંદના રસની ઉગ્રતા વેદન કહો. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આચાર્ય કહે છે મેં તો અધ્યાત્મશાસ્ત્ર. આહા..હા..! **'અમૃતસમુદ્રમાંથી મેં જે સંયમરૂપી રત્નમાળા બહાર કાઢી છે...'** આહા..હા..! **'તે (રત્નમાળા) મુક્તિવધૂના વલ્લભ એવા તત્ત્વજ્ઞાનીઓ... '** આહા..હા..! સમ્યગ્દષ્ટિ અને સમ્યગ્જ્ઞાની જેને આત્મા પૂર્ણાનંદ પ્રભુ, એની જેને દૃષ્ટિ થઈ છે અને એનું જેને જ્ઞાન થયું છે. સમજાણું કાંઈ? **'એવા તત્ત્વજ્ઞાનીઓના સુકંઠનું...'** એ તત્ત્વજ્ઞાની કેવા છે? કે મુક્તિવધૂના વલ્લભ છે. આહા..હા..! **'તે (રત્નમાળા) મુક્તિવધૂના વલ્લભ એવા તત્ત્વજ્ઞાનીઓના સુકંઠનું આભૂષણ બની છે.'** એટલા અલંકાર આપ્યા. સુકંઠનું આભૂષણ બની છે. એને ધ્વનિ આનંદની ઉઠે છે અંદરથી, કહે છે. આહા..હા..! જેમ આ કંઠમાંથી ધ્વનિ ઉઠે છે, એમ તત્ત્વજ્ઞાનીઓની પરિણતિમાં દ્રવ્યને આશ્રયે અમૃતના ઝરણા વહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ...

એવા મુક્તિવધૂના વલ્લભ. પૂર્ણાનંદની પ્રાપ્તિ એવી મુક્તિ, શિવરમણી. એની ઈ સ્ત્રી. એ શિવરમણીરૂપી સ્ત્રીના વલ્લભ તત્ત્વજ્ઞાનીઓ એના સુકંઠનું આ સંયમ આભૂષણ બની છે. આહા..હા..! અલંકાર કેટલા આપ્યા છે જુઓ. મેં આમાંથી કાઢી છે, કહે છે. કહે છે કે અધ્યાત્મ એટલે આત્માનો અમૃતસમુદ્ર. એમાંથી સંયમરત્ન નીકળ્યું છે. એમાંથી સંયમ રત્ન. કહ્યું હતુંને પહેલું નહિ? ઈ આમાં જ કહ્યું હતુંને? કે પ્રાયશ્ચિત એટલે, પ્રાય એટલે બહુળતાએ, ઉત્કૃષ્ટપણે ચિત્ત એટલે જ્ઞાન. જ્યારે વીતરાગી પર્યાય પ્રાયશ્ચિતરૂપ છે, પ્રગટ થાય છે. તો એ વસ્તુ પોતે પ્રાયશ્ચિત્તરૂપ છે. આહા..હા..! આત્મા પોતે પ્રાયશ્ચિત્તરૂપ જ છે. એ આવ્યું ૧૬મી ગાથામાં. જે પ્રાયશ્ચિત્ત નામ નિર્વિકારી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વીતરાગી પર્યાય છે એ પ્રાયશ્ચિત્ત છે પર્યાયનું. પણ એ પર્યાયનું પ્રાયશ્ચિત્ત આવ્યું ક્યાંથી? એ ત્રિકાળી પ્રાયશ્ચિત્તસ્વરૂપ દ્રવ્યસ્વરૂપ છે એ ત્રિકાળી પ્રાયશ્ચિત. પ્રાયઃ ઉત્કૃષ્ટ, જ્ઞાન, બોધ અને ચિત્ત એ સ્વરૂપ જ આત્મા ધ્રુવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

તો અહીં કહે છે કે **'સંયમરૂપી રત્નમાળા...'** તો ખરેખર તો એ વસ્તુ પોતે જ સંયમસ્વરૂપ જ ત્રિકાળ છે. આહા..હા..! સમજાણું કાંઈ? તે દિ' ઘણા બોલ કહ્યા હતા. જે પર્યાયની નિર્મળતા જે થાય તે પર્યાયનું સ્વરૂપ દ્રવ્યમાં પૂર્ણસ્વરૂપ છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન

પર્યાયમાં થાય તો કહે ત્રિકાળી દ્રવ્યદષ્ટિ ત્રિકાળી દષ્ટિસ્વરૂપ જ દ્રવ્ય છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ પહેલું આવી ગયું છે નિયમસારમાં. ત્રિકાળી દષ્ટિસ્વરૂપ જ એ વસ્તુ છે. ત્રિકાળી દષ્ટિ ધ્રુવ હોં. એ સ્વરૂપ જ એનું ધ્રુવનું એવું છે. ત્રિકાળી દષ્ટિસ્વરૂપ જ એ છે. એમાંથી સમ્યગ્દર્શનની પર્યાય ત્રિકાળી દષ્ટિ સ્વભાવમાંથી પર્યાય થાય છે. આહા..હા..! ચંદુભાઈ!

એમ અહીંયાં સમ્યગ્જ્ઞાનમાં પણ કહ્યું હતું કે કેવળજ્ઞાન જે ઉપયોગ છે એ પર્યાયનો છે, જ્યારે સ્વભાવમાં ત્રિકાળી જ્ઞાનોપયોગ ત્રિકાળ છે. સમજાણું કાંઈ? ત્રિકાળી જ્ઞાનોપયોગ ધ્રુવ હોં. આહા..હા..! એ ત્રિકાળી જ્ઞાન ધ્રુવ ઉપયોગ એ વસ્તુ છે. એને આશ્રયે થયેલી પર્યાયમાં કેવળજ્ઞાનરૂપી ઉપયોગ પ્રગટ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? દર્શનસ્વરૂપ છે, જ્ઞાનસ્વરૂપ છે. દર્શનસ્વરૂપ. દર્શન જે પર્યાયમાં દર્શન આવે છે કેવળદર્શન આદિ. તો એ પોતે દર્શનોપયોગ સ્વરૂપ જ ત્રિકાળ છે. આહા..હા..! એ ધ્રુવ ત્રિકાળ દર્શનસ્વરૂપ જ છે. એને આશ્રયથી પ્રગટ જે પર્યાય થાય, એના ત્રિકાળ દ્રવ્યને આશ્રયે પ્રગટ થાય, પૂર્ણ આશ્રય થાય ત્યારે કેવળદર્શન થાય. એમ અહીં ચારિત્ર. એ ચારિત્રસ્વરૂપ જ ત્રિકાળ છે. અકષાયસ્વરૂપ કહો. ત્રિકાળ હોં ધ્રુવ. ત્રિકાળ સ્વરૂપ ધ્રુવ, ચારિત્રસ્વરૂપ એટલે અકષાયસ્વરૂપ જ છે. સંયમસ્વરૂપ એટલે આમ ઇન્દ્રિયદમન એ પ્રશ્ન અહીં નથી. ઇન્દ્રિયનું દમન કરવું અને છકાયનું અસંયમ ટાળવું ઈ દશા પર્યાયની વાત છે, પણ એ પર્યાયનું સ્વરૂપ જે આવ્યું એ પૂર્ણ સંયમસ્વરૂપ ભગવાન આત્મા છે એમાંથી આવે છે. આહા..હા..! એમ દરેક ગુણની પર્યાયની વાત લેવી. નિર્મળ પર્યાય જેટલી થાય તેટલું એનું સ્વરૂપ જ પૂર્ણ એ સ્વભાવ પૂર્ણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ચંદુભાઈ!

એમ અહીં કહે છે મેં તો '**અધ્યાત્મશાસ્ત્રરૂપી અમૃતસંદ્રમાંથી મેં જે સંયમરૂપી રત્નમાળા બહાર કાઢી છે...**' જોયું! અંદર સંયમસ્વરૂપ જ ભગવાન ત્રિકાળ છે, અકષાયસ્વરૂપ જ ત્રિકાળ છે. ચારિત્રસ્વરૂપ જ ત્રિકાળ છે, વીતરાગ સ્વરૂપ જ એનું ત્રિકાળસ્વરૂપ છે નિત્ય કે જે સમ્યગ્દર્શનનો વિષય છે. આહા..હા..! એ સંયમ સ્વરૂપ જ છે. એમાંથી સંયમની રત્નમાળા મેં કાઢી છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે, ભાઈ! આહા..હા..! પરમાગમનો આ પોકાર છે. પરમ આગમ સિદ્ધાંત શાસ્ત્ર. સર્વજ્ઞની વાણીનો આ પોકાર છે કે ત્રિકાળી જે વસ્તુ છે ધ્રુવ. એમાંથી પર્યાય નિર્મળ એને આશ્રયે આવે છે. સમજાણું કાંઈ? એનાથી વિરુદ્ધ એ બધું પરમાગમના સિદ્ધાંતથી વિરુદ્ધ છે. સમજાણું કાંઈ? ત્રિકાળી દ્રવ્ય.. નિર્મળ પર્યાયને આશ્રયે નિર્મળ પર્યાય આવે છે એ સિદ્ધાંતથી વિરુદ્ધ છે, પરમાગમ-શાસ્ત્ર સિદ્ધાંતથી તદ્દન વિરુદ્ધ છે. કેમકે વસ્તુનું સ્વરૂપ એમ છે નહિ. જે નિર્મળ પર્યાય પ્રગટ થાય તે પર્યાયનું ગુણરૂપ ત્રિકાળ એનો સ્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ દષ્ટિમાં લેતા, એનો આશ્રય કરતા દષ્ટિ એને આશ્રય કરતા પ્રગટ થાય, જ્ઞાન એનો આશ્રય કરતા પ્રગટ થાય, ચારિત્ર એનો આશ્રય કરતા પ્રગટ થાય, આનંદ એનો... આત્મા આનંદસ્વરૂપ ધ્રુવ છે. આહા..હા..!

એ ધ્રુવનો આશ્રય કરતા આનંદની પર્યાય પ્રગટ થાય. કૂવામાં હોય એ અવેડામાં આવેને? એમાં હોય એ પર્યાયમાં આવે. સમજાણું કાંઈ? આહા..હા..!

એ અહીં કહે છે, મેં તો સંયમરૂપી રત્ન અધ્યાત્મશાસ્ત્ર એટલે અધ્યાત્મસ્વરૂપ આત્મા સમુદ્ર એમાંથી સંયમની માળા મેં બહાર કાઢી છે. આહા..હા..! એ '**મુક્તિવધૂના વલ્લભ...**' એટલે કે સિદ્ધપદની પર્યાય એને કદી નહિ છોડે. સિદ્ધપણું પ્રગટ થશે એની સિદ્ધ પર્યાય તત્ત્વજ્ઞાનીને કોઈ દિ' નહિ છોડે. એવા મુક્તિવધૂના પ્રિય વલ્લભ. આહા..હા..! '**એવા તત્ત્વજ્ઞાનીઓના સુકંઠ આભૂષણ બની છે.**' આહા..હા..! એટલે કે એની નિર્મળ પર્યાય જે થઈ એ બધી એની શોભાનું કારણ છે અને વાણીનો ધ્વનિ પણ આ છે. સમજાય છે કાંઈ? સુકંઠ વાણીમાં પણ એ આવ્યું છે કે અંદર નિર્મળાનંદનો નાથ સંયમસ્વરૂપ જ છે. એનો આશ્રય થાય, ધ્રુવનો આશ્રય થાય તો સંયમ પર્યાય પ્રગટ થાય. એવો ધ્વનિ વીતરાગના ધ્વનિનો પણ એ સાર છે. સમજાણું કાંઈ? ૧૮૭ થઈ. ૧૮૮.

(उपेन्द्रवज्रा)

नमामि नित्यं परमात्मतत्त्वं
मुनीन्द्रचिताम्बुजगर्भवासम्।
विमुक्तिकांतारतिसौख्यमूलं
विनष्टसंसारद्रुमूलमेतत्।।१८८।।

વિનાશ કરનાર છે એમ.

'**શ્લોકાર્થ :- મુનીંદ્રોના ચિત્તકમળની** (હૃદયકમળની) **અંદર જેનો વાસ છે,...**' આહા..હા..! શું કહે છે? પરમાત્મસ્વરૂપ જે ત્રિકાળ કારણપરમાત્મા ધ્રુવ. આહા..હા..! એ મુનિની જ્ઞાનની પર્યાયમાં એનો વાસ છે. સમજાણું કાંઈ? હૃદયકમળ શબ્દે જ્ઞાનની પર્યાય નિર્મળ એમાં એ વસેલો છે આત્મા. આહા..હા..! '**મુનીંદ્રોના ચિત્તકમળની (હૃદયકમળની) અંદર જેનો વાસ છે,...**' કોણ? પરમાત્મતત્ત્વ, કારણપરમાત્મા નિત્યાનંદ પ્રભુ, ધ્રુવતત્ત્વ. આહા..! એ મુનિના હૃદયકમળના જ્ઞાનમાં વાસ છે. '**જે વિમુક્તિરૂપી કાન્તાના રતિસૌખ્યનું મૂળ છે...**' ત્રિકાળ-ત્રિકાળ પરમાત્મા, ત્રિકાળ ધ્રુવ કારણપરમાત્મા પર્યાય વિનાનો. સમજાણું કાંઈ? આહા..હા..! '**જે વિમુક્તિરૂપી કાન્તાના...**' મુક્તિ, વિશેષે મુક્તિ થઈ એવી જે સ્ત્રી એના સાથે રમણનું સુખનું આનંદના સુખરૂપનું મૂળ આત્મા છે. આહા..હા..! જુઓ, ઈ પોતે આનંદસ્વરૂપ છે એમ કીધું. એથી એ સુખનું મૂળીયું એ છે. પર્યાયમાં અતીન્દ્રિય આનંદને પ્રાપ્ત કરવાનું મૂળ આનંદસ્વરૂપ આત્મા ધ્રુવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

મુક્તિરૂપી કાન્તા એના રતિ એટલે એકમેક થઈને સુખનું મૂળ. મૂક્તિના અતીન્દ્રિય આનંદનું મૂળ ભગવાન આત્મા છે. આહા..હા..! એ પણ એ જ કહ્યું કે અતીન્દ્રિય આનંદ જે મુક્તિનો

પ્રાપ્ત થાય તે દ્રવ્ય પોતે અતીન્દ્રિય આનંદનો ઘન છે. આ દ્રવ્ય જ અતીન્દ્રિય આનંદનો ઘન છે. એને આશ્રયે અતીન્દ્રિય આનંદ પર્યાય પ્રગટ થાય છે. માટે એ અતીન્દ્રિય આનંદની પર્યાયનું પ્રગટવાનું મૂળ એ છે. આહા..હા..!

**શ્રોતા :-** મૂળ કોણ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દ્રવ્ય, ધ્રુવ, કારણપરમાત્મા. પરમાત્મતત્ત્વ અહીં કહેશે. પરમાત્મતત્ત્વ, ત્રિકાળ જે પરમાત્મતત્ત્વ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! સિદ્ધાંતનું કથન આ છે અને એવું એનું વાચ્ય છે એમ કહે છે. આહા..હા..! પરમાનંદનો નાથ પ્રભુ ધ્રુવ હોં. પરમાત્મસ્વરૂપ. એ અતીન્દ્રિય સુખની જે પર્યાય એનું મૂળ એ છે. ત્યાંથી પોષણ આવે છે અતીન્દ્રિય આનંદનું. આહા..હા..! પાંદડામાં જેમ મૂળિયામાં પાણી સીંચેને ત્યારે એ પાણી પાંદડે જાય. ઉપર પાંદડે સીંચે એન પાંદડે જાય એમ ન થાય. એમ આ અતીન્દ્રિય આનંદનું મૂળ ભગવાન આત્મા છે. પૂર્ણાનંદનો નાથ આહા..હા..! એવી જે નિત્ય ધ્રુવ ચીજ એ અતીન્દ્રિય પર્યાયના પ્રગટ કરવાનું મૂળ એ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'અને જેણે સંસારવૃક્ષના મૂળનો વિનાશ કર્યો છે...'** એટલે? કે પરમાત્મતત્ત્વમાં સંસારના વૃક્ષનું મૂળ જ નથી. એ તો અતીન્દ્રિય આનંદનું મૂળ છે એમ કીધું. ગુલાંટ ખાધીને આમ? અતીન્દ્રિય આનંદની પર્યાય જે પ્રગટ થાય એનું મૂળ એ છે. જ્યારે સંસારવૃક્ષના મૂળનો વિનાશ કર્યો છે એનાથી. આહા..હા..! એટલે શું કહે છે? કે ધ્રુવ જે પરમાનંદ મૂર્તિ નિત્ય પ્રભુ પર્યાય વિનાની ચીજ. એ વર્તમાન ઉત્પાદ, અતીન્દ્રિય આનંદના ઉત્પાદનું મૂળિયું છે. અને એ ધ્રુવતત્ત્વ જે છે. સંસારરૂપી ઝેરની પર્યાયનો વ્યય કરનાર છે. આ વ્યય કરનાર છે, ઉત્પાદ છે, એનું કારણ આ છે. વ્યયનું કારણ આ છે અને ઉત્પાદનું કારણ પણ આ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો સીધું સમજાય એવું છે, બહુ સાદી ભાષામાં. મુનિ પદ્મપ્રભમલધારિદેવે સાદી ભાષામાં બે ને બે ચાર જેવી સીધી વાત કરી છે. આહા..હા..! જે સમ્યગ્દર્શનનો વિષય કારણપરમાત્મા પર્યાયનો સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રનો વિષય કારણપરમાત્મા. એ કારણપરમાત્મા દર્શન પૂર્ણ, જ્ઞાન પૂર્ણ, ચારિત્ર પૂર્ણ, આનંદ પૂર્ણ. એથી દર્શનની પ્રાપ્તિનું મૂળિયું આત્મા, જ્ઞાનની પર્યાયની પ્રાપ્તિનું મૂળ આત્મા, સંયમની પ્રાપ્તિનું મૂળ આત્મા અને સંસારરૂપી ઝેરના નાશનું કારણ આત્મા. એને આશ્રયે ઓલો વ્યય થાય છે અને એને આશ્રયે ઓલો ઉત્પાદ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે! આવો ધર્મ હવે. ઓલા સામાયિક કરીને બેસે પડિક્કમણા લે. ઈચ્છામી પડિક્કમણું ઈરિયા.. ભાઈલાલભાઈ! કહે સહેલું સટ હતું હવે આ મોંઘું કરીને બેઠા.

**શ્રોતા :-** સહેલું બતાવો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ સહેલું છે. થઈ શકે તે સહેલું છે કે નહિ થઈ શકે એ સહેલું કહેવાય? આહા..હા..! વાત સાંભળી નથીને. આહા..હા..! ધ્રુવનું કેટલું સત્ત્વ છે અને ધ્રુવ

તત્ત્વનું કેટલું સામર્થ્ય અને માહાત્મ્ય છે એની એને ખબર નથી ધ્રુવની. સમજાણું કાંઈ?

"**જેમે સંસારવૃક્ષના મૂળનો વિનાશ કર્યો છે...**' મુક્તિરૂપી સ્ત્રી એના રતિ સુખનું મૂળ આત્મા અને '**સંસારવક્ષના મૂળનો વિનાશ કર્યો છે...**' આહા..હા..! એટલે? બીજી રીતે કહીએ તો સંસારની પર્યાય એનામાં છે જ નહિ અને એનામાં પરમ આનંદસ્વરૂપ છે એ પરમ આનંદનો આશ્રય કરતા અતીન્દ્રિય આનંદની ઉત્પાદ દશા થાય, સંસારવૃક્ષનો નાશ થઈ જાય. ઉત્પાદ, વ્યય અને ધ્રુવ કારણ થાય. આહા..હા..! સમજાણું કાંઈ? એક બાજુ એમ કહે કે ઉત્પાદનું કારણ ઉત્પાદ છે અને ઉત્પાદનું કારણ ધ્રુવ નહિ. આ તો આશ્રય બતાવવો છેને. ત્રણ બોલ લીધાને ૧૦૧? કે નિર્મળ પર્યાયનું કારણ નિર્મળ પર્યાય છે, નિર્મળ પર્યાયનું કારણ ધ્રુવ નહિ. મલિન પર્યાયની વ્યયનું કારણ વ્યય છે, ઉત્પાદ, વ્યય અને ધ્રુવ એ નહિ. આહા..હા..! આ તો આશ્રય કઈ તરફ જુકાવ હતો અને શું થયું એ બતાવવા વાત છે. બાકી છે તો પર્યાય પોતાને કારણે પ્રગટેલી. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું ભારે ઝીણી. બહુ ઝીણી પડે. પોપટભાઈ! ભાઈ! એ તો વસ્તુ એવી છે એને. એને દૃષ્ટિમાં અને જ્ઞાનમાં એ ધ્રુવને લેવું પડશે જો કલ્યાણ કરવું હોય તો. ધ્રુવ સિવાય કોઈ આશ્રય કરવા જેવી ચીજ છે જ નહિ, એમ કહે છે. આહા..હા..! જુઓને કેવી વાત કરી છે!

જે નિત્યાનંદ કારણપ્રભુ પરમાત્મતત્ત્વ નિત્યસ્વરૂપ તે મુક્તિરૂપી સ્ત્રીના સુખનું મૂળિયું છે અને સંસારરૂપી વૃક્ષના મૂળનો વિનાશ કરનાર એ છે. એટલે ઉપદેશમાં તો એ આવેને. નહિતર રાગનો નાશ કરતા એ પરમાર્થે આત્મા નથી એ વળી આવે. ૩૪ ગાથામાં એમ આવે. સમજાણું કાંઈ? પણ અહીં તો સમજાવવું છે કે ઉત્પાદ થાય છે એ દ્રવ્યને આશ્રયે અને વ્યય થાય છે તો ઉત્પાદ થયો માટે એનું કારણ દ્રવ્ય છે નાશ કરનારનું. એમ કહ્યું છે. કેટલી અપેક્ષાઓ! સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ? ગુલાબચંદભાઈ! આવી વાતું ઝીણી છે.

**શ્રોતા :-** સમજવા જેવું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, સમજવા જેવું આ છે. બાકી ધૂળ ધાણી છે બધું. આ સંસારના બધા ડાહ્યા અને ડહાપણ. એકડા વિનાના મીંડા છે. રોવાના છે બધાય. રળવા માટે રળે છે એ બધા રોવાના છે.

**શ્રોતા :-** .. મજા પડવાની છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય મજા નથી. મૂર્ખ માને છે. આહા..હા..! અહીં તો જુઓને એક આ વાત શું કરી? કેવી કરી? ભાઈ! પરમાનંદરૂપી મુક્તિ એનું જે સુખ. પૂર્ણ આનંદ અતીન્દ્રિય આનંદનું અનંત જે સુખ એનું મૂળિયું ભગવાન છે, કારણપરમાત્મા છે આહા..હા..! ભગવાનજીભાઈ! આ ભગવાન કહે છે.

**શ્રોતા :-** ભગવાનભાઈને લક્ષ્મી આવી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ લક્ષ્મી હવે ધૂળની લક્ષ્મી, ત્યાં ક્યાં (સુખ) છે? કહો, સમજાણું કાંઈ? આહા..હા..! કેવી રીતે ઉત્પાદ, વ્યય અને ધ્રુવ કહ્યા? નિર્મળ પર્યાયની ઉત્પત્તિનું કારણ ધ્રુવ છે અને મલિન પર્યાયના નાશનું કારણ પણ એ ધ્રુવ છે. કેમકે એનો આશ્રય કરે ત્યારે નિર્મળ પર્યાય ઉત્પન્ન થાય છે અને એનો આશ્રય કરે તો મલિન પર્યાય ઉત્પન્ન થતી નથી એટલે નાશ કરનાર એમ કહેવામાં આવે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

**'એવા આ પરમાત્મતત્ત્વને...'** હવે મુનિરાજ કહે છે. આહા..હા..! એવું આ પરમાતત્ત્વ પરમાગમનો આ પોકાર છે. આ પરમાગમ છે આ બધા લખ્યા એ. આ પરમાગમ છે. એ પરમાગમસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા છે, એમ કહે છે. પરમ આગમ એટલે જ્ઞાન, એ જ્ઞાનસ્વરૂપ જ પોતે છે. ધ્રુવ હોં. એમાંથી જ્ઞાનની પર્યાય મતિની, શ્રુતની કે કેવળની બધી એને આશ્રયે થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ૧૯૨માં જે કહ્યું છે એ તો જ્ઞેય અધિકાર છે. જ્ઞેય અધિકાર એટલે ધ્રુવ શુદ્ધનયનો વિષય તો એક ચિન્માત્ર જ છે, પણ તેને આશ્રયે થયેલી પર્યાય આની (દ્રવ્યની) છે, એની (પરની) નથી એટલું જણાવવા જ્ઞેયના અધિકારમાં જ્ઞાન કરાવ્યું છે. પણ એથી તેની શુદ્ધ પર્યાય અને ત્રિકાળ બે આશ્રય કરવાલાયક છે, તદ્દન દૃષ્ટિ વિપરીત અને ઉલટી છે. સમજાણું કાંઈ? ૧૯૨માં એમ કહેવું છે ત્યાં પાઠમાં છેલ્લો સરવાળો લીધો છેને એ? સવારે કહ્યું હતું કાલે. કાલે કીધુંને રાતે.

વસ્તુ તો શુદ્ધનય જે ત્રિકાળ વસ્તુ તે જ શુદ્ધનય. ચિન્માત્રને નિરૂપણ કરનાર. નિરૂપણ તો ભાષા છે. પણ શુદ્ધનય તો ત્રિકાળીને બતાવનાર શુદ્ધનય છે અને એ શુદ્ધનયને આશ્રયે, જે ધ્રુવને આશ્રયે પરિણતિ થઈ એ પરિણતિ દ્રવ્યની આ બાજુની છે કે એ બાજુની? એટલું જ્ઞાન કરાવ્યું છે. નહિ કે એ પરિણતિ અને દ્રવ્ય બે અભિન્ન થઈને સમકિતનો વિષય છે. બિલકુલ જૂઠી વાત છે. તદ્દન અસત્યનું પોષણ, જૂઠાનું પોષણ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ અહીં પોકારે છે. જુઓ મુક્તિવધૂની પરિણતિ નિર્મળ. 'શિવરમણી રમનાર તું' કહ્યું હતુંને? આ તો ૬૩ની વાત છે. ૬૩ની સાલ. દુકાન ઉપર હતાને જ્યારે? રામલીલા જોવા ગયા હતા રામલીલા. કોઈ નહોતું. લગન હતા અમારે કુંવરજીભાઈની બહેનના. સમુબહેનના. દુકાન બેઠા એ હું અને એક નોકર બે હતા. કોઈ નહોતું પછી દુકાન બંધ રાખી. બે દુકાન અને અમે હજી નાની ઉંમરના એ વખતે. ૬૩ એટલે ૧૭ વર્ષની ઉંમર તે દિ'. દુકાન બંધ રાખી તો પછી રામલીલા જોવા ગયા. રામલીલામાં એવો વૈરાગ્ય બતાવે. આમ લીલા.. આહા..હા..! આબેહુબ જાણે રામ. તો એ ગામનો મંદિરનો એક બાવો હતો. શું કહેવાય? મોટી જટા. એ બાવાએ પૂજાઓ કરી રામની. હતો તો નોકર પણ એવો દેખાવ મારાનો. એમાથી ધૂન ચડી ગઈ મને તે દિ' ૬૩ની વાત છે. ૧૭ વર્ષની ઉંમર. કેટલા વર્ષ થયા? ૬૯. 'શિવરમણી રમનાર તું તું હી દેવનો દેવ.' આ સ્ત્રી નહિ. મોક્ષરૂપી રમણી સ્ત્રી એનો રમનાર તું આત્મા

છો. ઈ અહીં કહે છે. છેને? આહા..હા..!

'**વિમુક્તિરૂપી કાન્તા...**' કાન્તા કહો કે સ્ત્રી કહો કે રમણી કહો. આહા..હા..! એના સુખનું મૂળ. રતિસૌખ્ય એટલે પ્રેમ અંદર. આહા..હા..! મુનિઓએ પણ ગજબ કામ કર્યા છેને! દિગંબર મુનિઓ એટલે ઓહો..હો..! કેવળીના કેડાયતો છે. સમજાણું કાંઈ? એના એક-એક વાક્યમાં અનંત આગમ પડ્યા છે. શ્રીમદ્દે લખ્યું છેને? આહા..હા..! એવી ગંભીર ચીજ છે. કહે છે, જેને મૂક્તિનું મૂળ એવું પરમાત્મતત્ત્વ. આહા..હા..! કેવળજ્ઞાન અને અતીન્દ્રિય આનંદની પર્યાયની પ્રાપ્તિ એનું મૂળ પરમાત્મતત્ત્વ છે. અને તે પરમાત્મ સંસાર વૃક્ષના મૂળનો વિનાશ કર્યો છે, ઉદયભાવનો જેણે નાશ કર્યો છે, પરમપારિણામિકભાવનો જેણે આશ્રય લીધો છે, ક્ષાયિકપર્યાય જેને પ્રગટ થઈ છે. એ ક્ષાયિકભાવનું મૂળિયું પરમપારિણામિકભાવ છે એમ કહે છે. એ ક્ષાયિકભાવ પરમપારિણામિકમાં નથી. ભાઈ! આહા..હા..!

**શ્રોતા :-** પર્યાય છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાય એમાં નથી. એ તો આવી ગયું પહેલું ચાર ભાવ પર્યાયરૂપ છે એ દ્રવ્યમાં નથી, પરમપારિણામિકમાં નથી. જે સમ્યગ્દર્શનનો વિષય છે પરમપારિણામિકભાવ એમાં ચાર પર્યાયો છે નહિ. આહા..હા..! પણ ક્ષાયિકની પર્યાય એના દ્રવ્યને આશ્રયે પ્રગટ થાય છે, એમ કહે છે. એટલો આશ્રયની અપેક્ષાએ છે. બાકી ક્ષાયિકની પર્યાય પર્યાયથી ઉત્પન્ન થાય છે. આહા..હા..! એવો માર્ગ આહા..હા..! દિગંબર સંતોએ તો પોકાર કરીને સિદ્ધાંતમાં એકલો આત્મા પૂર્ણાનંદનો નાથ પરમાત્મતત્ત્વ નિત્યાનંદ પ્રભુ પંચમભાવ એક ધ્યેય કરવાલાયક છે. બાકી કોઈ ધ્યેય કરવાલાયક છે નહિ. આહા..હા..!

અહીં એ કહ્યું '**એવા આ પરમાત્મત્તત્ત્વને હું નિત્ય નમું છું.**' નિરંતર મારું પરમાત્મતત્ત્વમાં જ મારું વલણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમ કરીને પોતાની દશા વર્ણવે છે. એવું પરમાત્મ ધ્રુવ તરફમાં જ મારું પરિણમન છે. એના ઉપર મારું પરિણમન, એના તરફના વલણવાળું મારું પરિણમન છે. આહા..હા..! ત્રિકાળી પરમાત્મતત્ત્વના વલણમાં મારી પર્યાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, ચંદુભાઈ! આ ચંદુભાઈ તો આ નયનો અધિકાર છેને રોકાણા જોવા. સવારમાં ઝીણો અધિકાર બહુ સારો આવી ગયો ઘણો વચ્ચે. બે, ચાર, પાંચ બહુ સરસ અધિકાર. કોઈ દિ' નહોતો આવ્યો એવો આવ્યો. આહા..હા..! એ માટે રોકાણા. નહિતર ત્યાં ધંધો કરવા જવાના હતા. આહા..હા..!

નિત્યને નિત્ય નમું છું. એમ થયુંને? પરમાત્મતત્ત્વ એ નિત્ય છે ત્રિકાળ. એને હું નિત્ય નમું છું. પર્યાયમાં નિત્ય સદાય મારું ત્યાં વલણ સદાય છે. ધ્રુવ તરફનું મારું સદાય વલણ છે. આહા..હા..! દૃષ્ટિનો વિષય જે ધ્રુવ છે એ દૃષ્ટિનો વિષય સદા નિરંતર ધ્રુવ રહે છે. જ્ઞાન વખતે, સંયમ વખતે પણ દૃષ્ટિનો વિષય તો ધ્રુવ સદાય રહે છે. આહા..હા..! એથી નિત્ય નમું છું. નિરંતર મારા ધ્રુવ પરમાત્મતત્ત્વમાં મારી પર્યાયની દશા વળી ગયેલી છે.

આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! અનંત સંતોનો પોકાર આવો છે. કેવળીઓનો એ પોકાર, સંતોનો એ પોકાર, સમ્યગ્દષ્ટિનો એ પોકાર. આહા..હા..! કહો, ચંદુભાઈ! એ ૧૧૭ થઈ. ગાથા થઈને? ૧૧૮.

णंताणंतभवेण समज्जियसुहअसुहकम्मसंदोहो।
तवचरणेण विणस्सदि पायच्छित्तं तवं तम्हा।।११८।।

**રે! ભવ અંનતાનંતથી અર્જિત શુભાશુભ કર્મ જે**
**તે નાશ પામે તપ થકી; તપ તેથી પ્રાયશ્ચિત્ત છે. ૧૧૮.**

વાંધા આ. ઓલો તપ શબ્દ આવે એટલે આ અનશન અને ઉણોદરી બહારના એ તપ માને. આ અપવાસ કરવાને. એય..! જોગીરાજજી! અપવાસ કરો અને આ રસત્યાગ કરો. ઓળી. ઓળી નથી આવતી? ઓળી આવે છેને.. એ તો બધી લાંઘણું છે સાંભળને માળા. તપ તો કોને કહીએ? એ અહીં કહે છે જુઓ હવે. આહા..હા..!

‘**ટીકા :– અહીં (આ ગાથામાં) પ્રસિદ્ધ શુદ્ધકારણપરમાત્મતત્ત્વમાં...**’ આહા..હા..! પોકાર કરે છે કે શુદ્ધકારણપરમાત્મા તો પ્રસિદ્ધ છે. ધ્રુવ-ધ્રુવ. પર્યાયમાં પ્રસિદ્ધ આવ્યો છે તો કહે એ તો પ્રસિદ્ધ જ છે સદાય. આહા..હા..! સમજાણું કાંઈ? છે એવું પર્યાયમાં આવ્યું ત્યારે કહે છે કે આ શુદ્ધકારણપરમાત્મા તો પ્રસિદ્ધ છે. આહા..હા..! સમજાણું કાંઈ? પર્યાયમાં શુદ્ધ કારણપરમાત્માનું ભાન થયું તો કહે છે કે આ શુદ્ધકારણપરમાત્મા તો પ્રસિદ્ધ છે. આ ગુપ્ત અને અપ્રસિદ્ધ ક્યાંથી છે, કહે છે. આહા..હા..! એય..! ચંદુભાઈ! પ્રસિદ્ધ સિદ્ધ નથી આવતું?

**શ્રોતા :–** પ્રસિદ્ધ, સિદ્ધ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, એ પ્રસિદ્ધ સિદ્ધ સુવિશુદ્ધ. સિદ્ધ પરમાત્માની પર્યાય આવે છેને? આહા..હા..! ત્યાં તો કહે કે સિદ્ધ પરમાત્મા તો પ્રસિદ્ધ છેને તું. આહા..હા..! એમાં કારણપરમાત્મા ધ્રુવ પર્યાય એને લક્ષ કરીને કહે કે આ તો સદા પ્રસિદ્ધ છેને. આહા..હા..! સમજાણું કાંઈ? આ સંસ્કાર નાખવા. જોગીરાજજી! જોગીરાજજીભાઈ આવતા કે ભાઈ આમાં સ્થાનકવાસીમાંથી અમે અહીંયાં આવ્યા પણ હવે આ અનુભવ કેમ થતો નથી? અને હવે દેહ છૂટવાનું કારણ. ત્યાં જશું તો શું થાશે? પાકા સંસ્કાર નાખવા કીધું.

**શ્રોતા :–** ત્યાં જવાનું કામ શું છે? અહીં રોકાઈ જાવ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પણ અહીંથી પાછું દેહ છોડીને જાવું પડશેને હવે થોડા વખતમાં. અવસ્થા થઈ ગઈ છેને, એમ. ત્યાં એમ કે જાશું ત્યાં આવા સંસ્કાર આવશે કે નહિ? એય..! કારણ કે ઘરમાં બધા ઓલા બધાય. સ્થાનકવાસીને. છોકરો વળી પ્રેમ થયો છે છોકરાને. ... એ એનો વારસો રાખશે. પણ બાકી બીજા બાયડી-ભાયડો સ્થાનકવાસી. એ બિચારાને આ વાત બેસે નહિ આ શું કહે છે? હવે આવો આત્મા કારણપરમાત્મા પ્રસિદ્ધ છે. ક્યાં

પ્રસિદ્ધ છે? અમને તો ખબર નથી.

**શ્રોતા :-** ક્યા દેશની વાત કરે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ક્યા દેશમાં હશે એ? ઈ અહીં છે અહીં. બહાર ક્યાં છે? અહીં છે. આહા..હા..! 'નજરને આળસે રે નિરખ્યા ન નયણે હરિ.' તારી નજર વિના નયણે હરિ પરમાત્મા પ્રસિદ્ધ છે અંદર. જોયો નહિ તે. તેની ઉપર દૃષ્ટિ ન કરી અને પર્યાયની બુદ્ધિમાં રહ્યો, દ્રવ્ય બુદ્ધિ થઈ નહિ. આહા..! એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! પટેલ છોને તમે પટેલ, નહિ? વાણિયા પણ પટેલ કહેવાય છેને ત્યાં પડધરિમાં. પટેલ-પટેલ. આહા..હા..! એક જ શબ્દે પાધરું.

**'પ્રસિદ્ધ શુદ્ધકારણપરમાત્મા...'** પર્યાયમાં પ્રસિદ્ધ થયો શુદ્ધકારણપરમાત્મા. આહા..હા..! જે નિર્મળ સમ્યગ્દર્શનની પર્યાય જ્ઞાન અને ચારિત્રની એ તરફ ઢળી એટલે આ તો પ્રસિદ્ધ છેને કારણપરમાત્મા? છેને આવો આ. આહા..હા..! છઠ્ઠી ગાથામાં કીધુંને? કે ભાઈ! ઈ શુદ્ધની સેવા કરી અને શુદ્ધતા પ્રગટી પર્યાયમાં એને ઓલું શુદ્ધ છે. આ તો શુદ્ધ છેને ત્રિકાળ. આહા..હા..! કોને પણ? શુદ્ધ પરિણતિ કરી એને. સમજાણું કાંઈ? છઠ્ઠી ગાથા. **'ण वि होदि अप्पमत्तो ण पमत्तो'** એ જ્ઞાયકભાવમાં પર્યાય કોઈ નથી. જે દ્રવ્યનો દૃષ્ટિનો વિષય જ્ઞાયક **'ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो। एवं भणंति सुद्धं'** અનંત તીર્થંકરો એને શુદ્ધ જાણનારને શુદ્ધ કહેવામાં આવે છે. જે આવું તત્ત્વ જેમાં પર્યાય જ નથી. કેવળજ્ઞાનની પર્યાય નથી. આહા..હા..!

**શ્રોતા :-** પર્યાય જ નથી પછી ક્યાં વાત રહી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાય નથી. કોઈ પર્યાય નથી. **'ण वि होदि अप्पमत्तो ण पमत्तो'** અપ્રમત્ત પર્યાય અને પ્રમાદ પર્યાય એ કાંઈ દ્રવ્યમાં છે જ નહિ, એવું જે જ્ઞાયકભાવ, આહા..હા..! તે સમ્યગ્દર્શનનો વિષય છે. સમજાણું કાંઈ? આહા..હા..! એને પરદ્રવ્યના લક્ષને છોડી ત્રિકાળી શુદ્ધ દ્રવ્યના લક્ષમાં જાય છે, ત્યારે પર્યાયમાં શુદ્ધ દ્રવ્યની સેવા થાય છે, ત્યારે પર્યાયમાં શુદ્ધ પરિણતિ પ્રગટ થાય છે, એ પરિણતિવાળાને આ શુદ્ધ છે એમ દૃષ્ટિમાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વસ્તુ છે.

એમ અહીં કહે છે. આહા..હા..! **'પ્રસિદ્ધ શુદ્ધકારણપરમાત્મતત્ત્વમાં...'** ધ્રુવ-ધ્રુવ. જે જ્ઞાયક કહ્યો પર્યાય વિનાનો. એ તો જ્ઞાયક કહો, શુદ્ધ કારણ કહો, પરમાત્મતત્ત્વ કહો. બધી એકની એક વાત છે ભિન્ન-ભિન્ન. આહા..હા..! કારણપરમાત્મા છે. શુદ્ધકારણપરમાત્મતત્ત્વ. આહા..હા..! **'સદા અંતર્મુખ રહીને...'** જુઓ, શું કહે છે? એવો જે શુદ્ધકારણપરમાત્મતત્ત્વ છે ધ્રુવ.

**શ્રોતા :-** ત્રણે કાળે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો ત્રણ કાળ છે, પણ આ તો હવે સદા અંતર્મુખ રહીને.

અહીં વજન હવે. સદા જેમ એ ચીજ છે એમ પર્યાયમાં સદા અંતર્મુખ રહીને. સમજાણું કાંઈ? અંતર્મુખ સ્વભાવ સદા શુદ્ધકારણપરમાત્મા તો છે. એને પર્યાયમાં સદા અંતર્મુખ રહીને. આહા..હા..! સદા અંતર્મુખ દ્રવ્યસન્મુખ રહીને. આહા..હા..! કારણપરમાત્માની સન્મુખ રહીને. આહા..હા..! '**જે પ્રતપન...**' જે પ્રતપન. પર્યાયમાં વીતરાગતા અને નિર્દોષતા જે પ્રગટ થાય તે તપરૂપી પ્રાયશ્ચિત છે. '**તે તપ પ્રાયશ્ચિત્ત છે...**' આહા..હા..! અહીં પાપ લાગ્યું અને ગુરુને કહેવું. '**પ્રસિદ્ધ શુદ્ધકારણપરમાત્મતત્ત્વમાં સદા અંતર્મુખ રહીને...**' કેમકે વસ્તુ અંતર્મુખ છે એથી અંતર્મુખ પર્યાયને અંતર્મુખ કરીને. પરમાત્મતત્ત્વમાં પર્યાયને વાળીને, રહીને '**જે પ્રતપન...**' જે નિર્મળ પર્યાયથી પ્રગટ થાય આત્મા એ તપને પ્રાયશ્ચિત કહેવાય છે. પ્રાયશ્ચિત્તની આવી વ્યાખ્યા. સમજાણું કાંઈ? પ્રાયઃ એટલે ઉત્કૃષ્ટપણે અને ચિત્ત એટલે જ્ઞાન. ત્રિકાળી જીવ આત્મા તે કારણપરમાત્મા એને પ્રાયશ્ચિત્ત કહ્યું. ત્રિકાળીને. પ્રાયશ્ચિત્ત. પ્રાય બહુળતાથી ઉત્કૃષ્ટપણે ચિત્ત જ્ઞાનબોધ તે આત્મા તે પ્રાયશ્ચિત્ત છે. એને આશ્રયે અંતર્મુખ થઈને, આહા..હા..! એ ધ્રુવને આશ્રયે અંતર્મુખ થઈને જે પર્યાય પ્રગટ થાય તેને તપરૂપી પ્રાયશ્ચિત્ત કહે છે. એ પર્યાયને પ્રાયશ્ચિત્ત કહે છે. ત્રિકાળી પ્રાયશ્ચિત્તમાંથી આશ્રય લઈને પર્યાય પ્રગટે તે પર્યાયને પ્રાયશ્ચિત્ત કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ટીકા તે ટીકા! એક-એક શ્લોકે હદવાળી છે. પોકાર... પોકાર... પોકાર છે. ત્રણલોકનો નાથ પૂર્ણ ધ્રુવ પડ્યો પ્રભુને. આહા..હા..! એ પ્રાયશ્ચિત્તસ્વરૂપ જ છેને. ત્રિકાળ તે પ્રાયશ્ચિત્ત. પ્રાય ઉત્કૃષ્ટ જ્ઞાન, ચિત્ત એટલે જ્ઞાનસ્વરૂપ જ છેને. આહા..હા..! એને અંતર્મુખ રહેલું તત્ત્વ, અંતરમાં રહેલું તત્ત્વ એને અંતર્મુખ થઈને. આહા..હા..! જે દશા પ્રગટ થાય તે તપ તે પ્રાયશ્ચિત્ત છે. આહા..હા..! એ નિર્મળ પર્યાયને પ્રાયશ્ચિત્ત કહે છે. નિર્મળાનંદનો નાથ પ્રભુ ધ્રુવ. એના અંતર્મુખ થઈને જે પર્યાય પ્રગટ થાય તેને વર્તમાન પ્રાયશ્ચિત્તરૂપી પર્યાય કહે છે. આહા..હા..! આવો. સાધારણ ઓલા જૂની રૂઢીના હોય એને તો આ પકડવું, પણ શું કહે છે આ તે? આવી વાતું કોના ઘરની? બાપા! તારા પહેલા સમ્યગ્દર્શનના ઘરની જ આ વાત છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન છે એ નિર્મળ પર્યાય દૃષ્ટિની. પણ એ સમ્યગ્દર્શન જે પર્યાય દૃષ્ટિ છે એ વસ્તુ ત્રિકાળ દૃષ્ટિસ્વરૂપ જ છે. કારણદૃષ્ટિ આવી છેને? પહેલા આવી ગઈ છે. આવી છે. બધું કહ્યું. કારણદૃષ્ટિસ્વરૂપ જ કારણપરમાત્મા એ કારણદૃષ્ટિ સ્વરૂપ જ ત્રિકાળ છે. આહા..હા..! એની સન્મુખ થઈને નિમિત્તથી, રાગથી અને પર્યાયથી વિમુખ થઈને, અંતરસન્મુખ થઈને. અરે..! ચાલ્યા જવાના, બાપા! દેહ છોડીને ચાલ્યો જશે. જો વાસ્તવિક તત્ત્વની સ્થિતિ શું છે એનું જ્ઞાનને પોતે નહિ કરે તો ક્યાંય આરા નહિ આવે એના. સમજાણું કાંઈ? ભલે અગિયાર અંગ ભણ્યો હોય અને નવ પૂર્વ ભણ્યો હોય. આહા..હા..! અગિયાર અંગમાં તો એક અઢાર હજાર પદ એક આચારાંગમાં. એક પદમાં એકાવન કરોડ જાજેરા શ્લોક. એવું અનંતવાર શીખ્યો. તે શું થયું? સમજાણું કાંઈ? આહા..હા..! એમાં કહ્યું હતું કે આ આત્મા

જે ત્રિકાળ કારણપરમાત્મા તેને તારી પર્યાયને અંતર વાળ. દ્રવ્ય જ્યાં ભગવાન પડ્યો છે ત્યાં પર્યાયને વાળ. સમજાણું કાંઈ? કહો, મહેન્દ્રભાઈ! આવું છે, બાપુ! ત્યાં ક્યાંય મળે એવું નથી ત્યાં મુંબઈમાં હીરા અને માણેકમાં ગોથા ખાય. આહા..હા..! શેઠી વયા ગયા લ્યો બિચારા. પ્રેમ હતો એને. ભાઈ! દેહની સ્થિતિ છે ત્યાં...

આ ઓલાનું સાંભરે છેને. દિશાએ જઈએ ત્યાં ભાઈ આવી ગયા હતાને. તો આજે લોહી... લોહી... લોહી... એ સાતમની સાંજે મરી ગયો. એક સેકન્ડમાં. ૧૭ વર્ષનો છોકરો કુંભારનો. આહા..હા..! સાઈકલ ઉપર જાતો હતો બીચારો અને માથે એક ઓલું ગાડાનું પૈડું હોયને રબ્બરનું? એ હતું. ત્યાં ઓલા રબ્બરના ભારને લઈને આમ-આમ થઈ ગયું હતું. એ પહેલું આગળ લથડી ગયું હશે. એમાં એક નાળું આવ્યું. નાળાને જોઈને એ મૂંઝાઈ ગયો કે હું જો આમ ઉતરું તો નીચે પડી જઈશ. સામે આવી બસ. બસ જાણે કે જો હું આમ ખસીશ તો બસ આખી આમ પડી જશે. આહા..હા..! ૧૭ વર્ષનો જુવાન કુંભાર. ગળા ઉપર બસની ઓલી વળેલી. સ્થિતિ એ જ થવાની. એમાં કાંઈ કોઈ નવી નથી. અકસ્માત કાંઈ છે જ નહિ. આહા..હા..! આ .. લોહી... લોહીના ઢગલા. હજી પડ્યું છે લોહી. સાતમની સાંજે હોં. આજ તો દશમ થઈ નહિ? આહા..હા..! વૈરાગ્યના સ્થાન તો જુઓ! શરીર તો નાશવાન છે, પણ અહીં તો પર્યાય પણ નાશવાન છે. કેવળજ્ઞાનપર્યાય, સંવર-નિર્જરા પર્યાય અને નિર્મળ પર્યાય એ નાશવાન છે. આહા..હા..!

**શ્રોતા :-** પર્યાય તો નાશવાન જ હોયને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નાશવાનને આશ્રયે અવિનાશીની પર્યાય પ્રગટ થાય? આહા..હા..! અવિનાશી કારણપરમાત્માનું પ્રત્તપન. આહા..હા..! એટલે કે '**(શુદ્ધાત્મસ્વરૂપમાં લીન રહીને પ્રતપવું...**' આહા..હા..! '**પ્રતાપવંત વર્તવું...**' પ્રતાપવંત વર્તવું. પોતાનો પ્રતાપ પ્રગટ કરવો સ્વભાવમાં અંતર. આહા..હા..! પ્રતપન. શું કીધું નહિ અખંડ પ્રતાપ. શક્તિ છેને ... પ્રભુત્વશક્તિ. પ્રભુત્વશક્તિ પ્રભુ આત્મામાં છે ગુણ ત્રિકાળ. અખંડ પ્રતાપથી શોભિત, એમ છેને? આ તો નિયમસાર છે. સમયસારમાં છે. અખંડ પ્રતાપથી શોભિત શક્તિ ગુણ ધ્રુવ હોં પરમાત્મા. આહા..હા..! અખંડ પ્રતાપથી શોભિત એવો એનો ગુણ જ છે શક્તિ અને સ્વભાવ. એને આશ્રયે જે પર્યાય પ્રગટ થાય તે અખંડ પ્રતાપ પર્યાય પ્રગટ થાય, આહા..હા..! એને અહીંયાં તપ કહે છે. એ શુદ્ધાત્મસ્વરૂપમાં લીન રહીને પ્રતપવું તપ '**અને એ તપ પ્રાયશ્ચિત્ત છે) એમ કહ્યું છે.**' એમ ભગવાને એમ કહ્યું છે. આહા..હા..! અનંત તીર્થંકરો એમ કહે છે. છેને પાઠમાં એ? '**पायच्छित्तं तवं तम्हा**' તેને પ્રાયશ્ચિત્ત કહ્યું છે ભગવાને. આહા..હા..!

'**અનાદિ સંસારથી જ ઉપાર્જિત...**' આમ તો કર્મ તો ૭૦ ક્રોડાક્રોડીના જ હોય છે. એ અનંતકાળના કર્મ હોતા નથી, પણ સંસ્કાર એમ ને એમ રહ્યા છેને અનાદિના એટલે અનાદિના સંસ્કાર છે એમ કીધું. કર્મની સ્થિતિ તો ૭૦ ક્રોડાક્રોડીથી કર્મ વિશેષ હોય જ

નહિ, પણ અહીં તો સમુચ્ચય એવા સંસ્કાર અનાદિના છે. '**અનાદિ સંસારથી જ ઉપાર્જિત દ્રવ્યભાવાત્મક શુભાશુભકર્મોનો...**' દ્રવ્યભાવ હોં. જડ કર્મ અને ભાવ વિકારીભાવ. એ બધા '**શુભાશુભકર્મોનો સમૂહ—કે જે પાંચ પ્રકારના (પાંચ પરાવર્તનરૂપ) સંસારનું સંવર્ધન કરવામાં સમર્થ છે...**' આહા..હા..! એ શુભ-અશુભભાવ અને કર્મ એ પાંચ પ્રકારના પરાવર્તન સંસારમાં સંવર્ધન-સંસારનું વર્ધન કરવામાં સમર્થ છે.

'**તે—ભાવશુદ્ધિલક્ષણ...**' આહા..હા..! હવે એ નાશ કેમ થાય કહે છે. ભાવશુદ્ધિ. ઓલમાં આવ્યું હતું આપણે નહિ? આલોચના. એક ભાગ ભાવશુદ્ધિ. આલોચના, આલોચન, આલુંછન. અનિવૃત્તિકરણ અને આ ભાવશુદ્ધ આવ્યું હતું. આહા..હા..! '**ભાવશુદ્ધિલક્ષણ (ભાવશુદ્ધિ જેનું લક્ષણ છે એવા) પરમતપશ્ચરણથી વિલય પામે છે;...**' આવા ભાવશુદ્ધિલક્ષણ એવા પરમતપશ્ચરથી પાંચ પ્રકારના સંસારના વર્ધનનું કારણ વિકાર અને કર્મ એનાથી નાશ પામે છે. આહા..હા..! લ્યો, આ તપસ્યા. ઓલા કહે. ઓલી આર્જિકા છેને એ કહેતી હતી. ભાઈ નહોતા આવ્યા વેજલકાવાળા? ..ભાઈ! વડોદરા-વડોદરા. એય..! ધીરૂભાઈ! વડોદરા રહે છેને ઓલા વેજલકાના છે. મગજવાળો માણસ છે. એને આ વાત... એક આર્જિકાને આ વાત કરી હશે કે ભાઈ તપસ્યા આ નહિ. નિર્જરા નહિ. એ અમે ન માનીએ. અમે તપસ્યા તે નિર્જરા, અપવાસ કરે તે નિર્જરા થાય એમ માનીએ. બીજી વાત ભલે તમારી સાચી હોય પણ આમાં નહિ કહે. વડોદરામાં. આ લીલાવતી છેને લીંબડીની. એને કાંઈ ખબર ન મળે. શાસ્ત્રમાં તપ છે અને તપને નિર્જરા કીધી છે. ભગવાને કીધી છે એને માનીએ કે તમને માનીએ? એમ કહે.

**શ્રોતા** :- ભગવાને કીધું..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કાંઈ કીધું નથી. બાપુ! તને ખબર નથી. ભગવાને તો આ તપ કીધો છે. આહા..હા..! અનાદિ સંસારથી દ્રવ્ય અને ભાવ શુભાશુભકર્મ. .. પાંચ પ્રકારની સંસારની સંવર્ધન ભાષા છેને. વિશેષે વર્ધવાનું કારણ સમર્થ છે. '**તે—ભાવશુદ્ધિલક્ષણ...**' આહા..હા..! એટલે કે પોતે ત્રિકાળી ભાવશુદ્ધિસ્વરૂપ જ છે. ત્રિકાળી ભાવશુદ્ધસ્વરૂપ છે. એને આશ્રયે ભાવશુદ્ધિ જે લક્ષણ પ્રગટ્યું એ આ સંસાર વર્ધનનો નાશ કરે છે. સંસાર વર્ધનના કારણોનો નાશ કરે છે. આહા..હા..! વિલય છેને? પાઠ છેને ખરો. '**तवचरणेण विणस्सदि**' છેને? '**णंताणंतभवेण समज्जियसुहअसुहकम्मसंदोहो।**' '**संदोहो**' એટલે સમૂહ આખો. '**तवचरणेण विणस्सदि**' પણ તપ ક્યું તપ? આહા..હા..! ભાષા જુઓ.

'**સ્વાત્માનુષ્ઠાનિષ્ઠ (-નિજ આત્માના આચરણમાં લીન)...**' નિજ આત્મા એ ધ્રુવ. એના આચરણમાં લીન એ પર્યાય. સમજાણું કાંઈ? નિજ આત્મા ભગવાન નિત્યાનંદ પ્રભુ એની પર્યાયના આચરણમાં લીન એ '**પરમતપશ્ચરણ...**' છે. આહા..હા..! એને પરમતપસ્યા કહેવામાં આવે છે. પર્યાયની હોં ઈ. કારણ કે પરમ પ્રાયશ્ચિત્તસ્વરૂપ તો ભગવાન છે. આહા..હા..!

પ્રાયશ્ચિત્તસ્વરૂપ જ ધ્રુવ આત્મા છે એને ખરેખર આત્મા કહીએ. પર્યાય તો અભૂતાર્થ છે આત્મા. ચાહે તો નિર્મળ પર્યાય હોય તોપણ એ અભૂતાર્થ છે. મુખ્યના પ્રયોજન સિદ્ધ કરવા માટે. સમજાણું કાંઈ? આહા..હા..! નથી એમ નહિ, પણ વિષયમાં નથી, દ્રવ્યના વિષયમાં એ પર્યાય નથી. પર્યાય તો વિષય કરે છે. સમજાણું કાંઈ? નિર્મળ પર્યાય પરમતપશ્ચરણ એ તો ત્રિકાળી પ્રાયશ્ચિત્ત વસ્તુનો વિષય કરે છે. વર્તમાન પ્રાયશ્ચિત્ત નિર્મળ પર્યાય એ ત્રિકાળી પ્રાયશ્ચિત્તસ્વરૂપનો આશ્રય કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ સિદ્ધાંતનો આ પોકાર છે. પરમાગમની વાણી અને વીતરાગની વાણીનો આ પોકાર છે. આહા..હા..!

'**પરમતપશ્ચરણથી વિલય પામે છે; તેથી સ્વાત્માનુષ્ઠાન...**' સ્વ આત્મા અનુષ્ઠાન. એમાં નિષ્ઠ. સ્વ આત્મા ત્રિકાળ, એનું આચરણ, એમાં નિષ્ઠ-લીન. આહા..હા..! એ પર્યાયો થઈ. નિર્મળ જે શુદ્ધ પર્યાય છે તે આત્માના આચરણમાં લીન છે ઈ પર્યાય. આહા..હા..! એને પરમતપશ્ચરણ કહેવામાં આવે છે. એ '**શુદ્ધનિશ્ચયપ્રાયશ્ચિત્ત છે...**' એને શુદ્ધનિશ્ચય પ્રાયશ્ચિત્ત પર્યાયનું હોં. '**એમ કહેવામાં આવ્યું છે.**' એમ અનંત સંતોએ આમ કહ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? કોઈપણ અધિકાર લેતા કહેવો એ અધિકારને. આહા..હા..! શુદ્ધનિશ્ચયપ્રાયશ્ચિત્ત તો દ્રવ્યસ્વરૂપ જ છે. ધ્રુવસ્વરૂપ છે એ શુદ્ધનિશ્ચયપ્રાયશ્ચિત્ત છે. પણ એના શુદ્ધનિશ્ચયપ્રાયશ્ચિત્તના લીનતારૂપી આચરણની એકાગ્રતા એ વર્તમાન શુદ્ધ નિશ્ચયપ્રાયશ્ચિત્ત છે અને એ શુદ્ધનિશ્ચયપ્રાયશ્ચિત્ત એ સંસારના નાશનું કારણ છે. અહીં વ્યય કરે છે, અહીં ઉત્પાદ થાય છે, અહીં ધ્રુવનો આશ્રય છે. આહા..હા..! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## કારતક સુદ-૧૧, શુક્રવાર, તા. ૧૪-૧૧-૧૯૭૫
## ગાથા-૧૧૯, કળશ-૧૮૯, પ્રવચન નં. ૯૪

નિયમસાર. શુદ્ધનિશ્ચય પ્રાયશ્ચિત્ત અધિકાર. ૧૧૮ ગાથાનો કળશ છે.

(मंदाक्रांता)

प्रायश्चित्तं न पुनरपरं कर्म कर्मक्षयार्थं
प्राहुः सन्तस्तप इति चिदानंदपीयूषपूर्णम्।
आसंसारादुपचितमहत्कर्मकान्तारवह्नि-
ज्वालाजालं शमसुखमयं प्राभृतं मोक्षलक्ष्म्या।।१८९।।

ઓહો..હો..! કહે છે કે તપ કોને કહીએ? અને એ તપના ફળમાં શું થાય? એ વ્યાખ્યા

છે.

'**શ્લોકાર્થ :- જે** (તપ) **અનાદિ સંસારથી સમૃદ્ધ થયેલી...**' આહા..હા..! મિથ્યાત્વ અને રાગ-દ્વેષ આદિ કષાયભાવ એ '**અનાદિ સંસારથી સમૃદ્ધ થયેલી કર્મોની મહા અટવીને...**' પાઠમાં એમ આવ્યું હતુંને અનંતસંસાર? '**મહા અટવીને બાળી નાખવા માટે...**' આહા..હા..! રાગ-દ્વેષની જે જંજાળ અગ્નિ એને બાળી નાખવા માટે '**અગ્નિની જ્વાળાના સમૂહ સમાન છે,...**' (બાળી) નાખવા માટે અગ્નિની જ્વાળાના સમૂહ સમાન છે. કોણ? પ્રાયશ્ચિત્ત. હજી તો પ્રાયશ્ચિત્ત કોને કહેવું એ હવે આવે છે. '**અનાદિ સંસારથી સમૃદ્ધ...**' વિકારની પુષ્ટિથી સમૃદ્ધ થયેલી '**કર્મોની મહા અટવીને...**' આહા..હા..! એને '**બાળી નાખવા માટે અગ્નિની જ્વાળાના સમૂહ સમાન છે,...**' એ કેવુ છે તપ? '**શમસુખમય છે...**' સમતાના આનંદમય એ તપ છે. આહા..હા..! જે આત્મામાં સમતા અને આનંદ જે ત્રિકાળ પડ્યા છે. સમતા એટલે વીતરાગતા અને આનંદ ત્રિકાળ પડ્યા છે એને આશ્રયે થયેલી સમતા અને આનંદ એ તપનું સ્વરૂપ છે. આહા..હા..! એ તપ પ્રાયશ્ચિત્ત છે. આહા..હા..! આ તો નિશ્ચયની વાત એવી લાગે લોકોને.

**શ્રોતા :-** ઘણી મીઠી અને મધૂરી!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મધૂરી પણ આમ જાણે આહા..હા..! ખ્યાલમાં આવવી મુશ્કેલ પડે એટલે એમ કે આ શું ચીજ? બાપુ! વસ્તુ જ આ છે. આહા..હા..! એને જ્ઞાનમાં નક્કી તો કરે કે તપ આને કહીએ કે જે '**શમસુખમય છે...**' નિર્વિકલ્પ વીતરાગતા અને આનંદમય છે. સમ એટલે નિર્વિકલ્પ વીતરાગતા અને અતીન્દ્રિય આનંદમય એ પ્રાયશ્ચિત્ત એટલે તપ છે. એને તપ કહેવામાં આવે છે. આહા..હા..! '**અને મોક્ષલક્ષ્મી માટેની ભેટ છે,...**' આહા..હા..! જેને મોક્ષલક્ષ્મી લેવી છે એને આ નિર્વિકલ્પ સમતા અને આનંદમયની એને ભેટ છે. એ ભેટ આપે એને મોક્ષલક્ષ્મી મળવાની છે. આહા..હા..!

પૂર્ણાનંદનો નાથ પ્રભુ અને વીતરાગમૂર્તિ આત્મા. એ હમણા કહેશે આલંબન એનું. ૧૯માં. એનો આશ્રય કરીને જે સમતા અને આનંદ પ્રગટે એ તપ અને એનું નામ નિશ્ચયપ્રાયશ્ચિત્ત અને એ મોક્ષલક્ષ્મી માટેની ભેટ. ભેટું આપેને ક્યાંક એમ આ નિર્વિકલ્પ સમતા અને આનંદ મોક્ષલક્ષ્મી લેવા માટે ભેટણું છે એ. આહા..હા..! સમજાણું કાંઈ? અરે! એ વીતરાગમૂર્તિ છેને, પ્રભુ! એ આનંદનો સાગર છેને. આહા..હા..! ધ્રુવ હોં. એને આશ્રયે જે વીતરાગતા અને આનંદ પ્રગટ્યો એ પર્યાયને તપ કહે છે અને એને નિશ્ચયપ્રાયશ્ચિત્ત કહે છે. આહા..હા..! કહો, કાંતિભાઈ! ત્યાં ઓલું સોંઘુ હતું. ધૂળમાંય કાંઈ નહોતું ત્યાં. આહા..હા..!

અહીં તો સમ સુખદુઃખમાં. સમસુખમાં ભગવાનને યાદ કર્યો. ભગવાન આત્મા વીતરાગ મૂર્તિ જ ત્રિકાળ છે, અને આનંદના સ્વભાવથી ભરેલો પૂર્ણ પ્રભુ છે. આહા..હા..! એને આશ્રયથી, એના અવલંબનથી જે સમતા અને આનંદ પ્રગટે એ નિર્વિકલ્પદશાને તપ કહે છે.

એને નિશ્ચય પ્રાયશ્ચિત્ત કહે છે. એ નિશ્ચયપ્રાયશ્ચિત્ત મોક્ષલક્ષ્મી લેવાનું ભેટણું છે. આહા..હા..! આવી વાત છે.

'**તે ચિદાનંદરૂપી અમૃતથી ભરેલા તપને...**' હવે એ પર્યાયમાં શું હવે થયું? આહા..હા..! ચિદ્ અને આનંદથી તો ભરેલો ભગવાન છે. ત્યાં સમતાને સુખ કહ્યું. હવે અહીં જ્ઞાન અને આનંદ કહે છે. એ આત્મા જ્ઞાન અને આનંદથી ધ્રુવ પૂર્ણ ભરેલો પદાર્થ છે. એને અવલંબે જે જ્ઞાનની દશા, ચિદ્ અને આનંદની દશા એને અવલંબે પ્રગટી એ ચિદાનંદરૂપી અમૃતથી ભરેલું તપ. આહા..હા..! જ્ઞાનના આનંદરૂપી અમૃતથી ભરેલું એ તપ છે. આ માણસ કહેને અપવાસ કરીએને દુઃખ લાગે છે અને કષ્ટ થાય. એ અપવાસ નહિ, એ તપ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાનાનંદરૂપી અમૃતથી ભરેલી. આ પર્યાયની વાત ચાલે છે. સ્વરૂપ તો જ્ઞાનાનંદમાં અમૃતથી ભરેલો પદાર્થ છે જ, પણ આ તો પર્યાયમાં એની જ્યારે દશા આવી અંતર ધ્રુવના આશ્રયે, અવલંબન લઈને આહા..હા..! એ જ્ઞાનાનંદરૂપી અમૃતથી ભરેલું તપ તેને '**સંતો કર્મક્ષય કરનારું પ્રાયશ્ચિત્ત કહે છે,...**' લ્યો! આહા..હા..! આવી વાત માણસને એવી લાગે પહેલીને. બહારની પ્રવૃત્તિમાં એટલા ગોઠવાઈ ગયા. એને આખી વસ્તુ છે અંદર ચિદાનંદ પ્રભુ એને ભૂલીને બધી પ્રવૃત્તિ. આહા..હા..! તો કહે છે કે એ ભૂલ ભાંગવાનો ઉપાય કે ત્રિકાળ જ્ઞાન અને આનંદથી ભરેલો ભગવાન આત્મા છે. એનો આશ્રય લઈને જે સમતા અને જ્ઞાનાનંદદશા પ્રગટ થાય એ તપને સંતો કર્મક્ષય કરનારું પ્રાયશ્ચિત્ત કહે છે. સર્વજ્ઞ અને સંતો આને પ્રાયશ્ચિત્ત કહે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

'**પરંતુ અન્ય કોઈ કાર્ય નહિ.**' નિષેધ કર્યો. આહા..હા..! એ શુભભાવ છે દયા ને દાન ને વ્રત ને ભક્તિ ને તપનો શુભભાવ વ્યવહારતપનો એ કાર્ય બંધનું કારણ છે. આહા..હા..! કર્મના ક્ષયનું એ કારણ નહિ. આવી તો ચોખ્ખી વાત છે પણ હવે... એના વસ્તુના સ્વરૂપમાં આખો આનંદકંદ પ્રભુ છે. અતીન્દ્રિય આનંદનો સાગર છે. આહા..હા..! શક્કરકંદનું નહોતું કહ્યું? શક્કરકંદ. શક્કરકંદ આવે છેને શક્કરકંદ? એ ઉપલી છાલ છોડીને જુઓ તો એ એકલી મીઠાશનો પિંડ છે શક્કરકંદ. આ બાફીને કરે. એની છાલ જે છે એટલી છોડીને લક્ષ કરો તો આખો પિંડ મીઠાશનો પડ્યો છે. એમ આત્મામાં પુણ્ય અને પાપની છાલ જે છે. એને છોડીને જુઓ તો એ અતીન્દ્રિય આનંદનો કંદ આત્મા છે. અરે..! મૂળ વરને મૂકીને જાન જોડી દીધી. એ આત્મા શું ચીજ છે એને દૃષ્ટિમાં લીધા વિના બધી ક્રિયાકાંડમાં જોડી દીધો. એ જાન કહેવાય, એ તો માણસના ટોળા કહેવાય. જાન તો વર હોય તો જાન કહેવાય. આહા..હા..!

કહે છે કે સંતો, જ્ઞાનીઓ, કેવળજ્ઞાનીઓ, મુનિઓ જે ચિદાનંદરૂપી અમૃતથી ભરેલી દશા એને નિશ્ચયપ્રાયશ્ચિત્ત અથવા કર્મને ક્ષય કરનારું એને પ્રાયશ્ચિત્ત કહે છે. આહા..હા..! '**પરંતુ અન્ય કોઈ કાર્યને નહિ.**' આહા..હા..! કોઈ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ તો

બધા બંધના કારણ છે. એ કાર્ય કર્મક્ષયનું કારણ નથી. આહા..હા..! આવું ભારે આકરું પડે. બાપુ! માર્ગ તો આ છે. તને તારી ચીજની મહત્તા આવતી નથી એને. ભગવાન સ્વરૂપે પરમાત્મા પોતે આત્મા. આહા..હા..! જિનસ્વરૂપે ભગવાન આત્મા. એને અવલંબે જે દશા પ્રગટ થાય એ ચિદાનંદ અમૃતથી ભરેલી દશા છે. જ્ઞાનના આનંદથી ભરેલી અમૃતદશા છે. અહીંયાં અમૃત કેમ કીધું? જોયું! શુભભાવ છે એ ઝેર છે. શું ચિદાનંદજી! ચેતનજી! આ તો આજે આવ્યું. શુભભાવને એમ કે શું ત્રણ બોલ છે? ત્રણ બોલ શું?

**શ્રોતા** :- શ્રદ્ધાના વિષયમાં પર્યાય લેવી,... પ્રદેશ ભેદ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- .. પ્રદેશની પર્યાય એક ન લેવી. પછી? શુભભાવને?

**શ્રોતા** :- કડક શબ્દથી ન કહેવો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આચાર્યે તો ક્લીશ નપુંસક કહે છે. એ આચાર્યનો દોષ હશે. આહા..હા..! બે-ત્રણ છેને કાંઈક ત્રણ કહેતા હતાને? એક પ્રદેશભેદ અને આ ક્લીબ.

**શ્રોતા** :- શ્રદ્ધાનો વિષય

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- શ્રદ્ધાનો વિષય ત્રિકાળ. હા, ઠીક થઈ ગયા. એની સાથે ઓલી પર્યાય લેવી ઈ. એમ ત્રણ દોષ છે એમ. ઠીક. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે ભગવાન પૂર્ણાનંદનો નાથ છે એ આવે છે અહીંયાં હમણા જુઓ. ૧૯માં. ચાર ક્ષાયિક આદિ જે પર્યાય છે એ પણ આશ્રય કરવાલાયક નથી. પરમપારિણામિકભાવ એક જ આશ્રય કરવાલાયક છે. આહા..! જેમાં અમૃત સાગર ભર્યો છે. અતીન્દ્રિય અમૃતનો સાગર છે, ભાઈ! એના આશ્રયે જે અમૃત પર્યાય પ્રગટે એ જ મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ? આહા..હા..! ઝીણી વાત પડે. શું થાય? સર્વજ્ઞ પરમેશ્વર તો આમ કહેવા માગે છે. હવે એને ઓળંગીને સ્વચ્છંદે કરે, સ્વતંત્ર જીવ છે. અનાદિનું એમ જ કર્યું છે. આચાર્ય તો ત્યાં કહે છે અધિકારમાં. શુભભાવમાં ચડ્યા છે નપુસંકો શુભને છોડીને શુદ્ધમાં આવતા નથી. ક્લીબ કહ્યા. ક્લીબ કહો કે નપુંસક કહો. પણ જરી ચોખ્ખી ભાષા કહીએ તો હીજડા કહો.

**શ્રોતા** :- એ જરા કઠણ શબ્દ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- લાગે. લાગે લોકોને લાગે. એ ભાષામાં શું છે? આહા..હા..! એને જગાડવા કહે છે. અરે! જાગ રે જાગ નાથ! તારા જાગ્યા વિના આ બધા ભાવને તું કરે છે એ તારી નપુંસકતા છે. આહા..હા..!

**શ્રોતા** :- કષાયનો પક્ષ છે એટલે કડક લાગે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, કષાયનો પક્ષ છેને. વાત સાચી. ભગવાને તો એને ઝેરનો ઘડો કીધો શુભભાવને. કુંદકુંદાચાર્યે કીધું કે એ તો ઝેરનો ઘડો છે-વિષકુંભ છે. આહા..હા..! કેમકે અમૃતનો સાગર ભગવાન એનાથી શુભભાવ વિરુદ્ધભાવ છે. તો અહીં અમૃતથી ભરેલો આ તો એ ઝેરથી ભરેલો શુભભાવ. એવી વાત છે, ભાઈ! શું થાય? આહા..હા..!

**શ્રોતા :-** સોનાની બેડી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ બેડી રાગ ઝેર છે, સંસાર છે. આવે જુદી વાત છે. લોઢાનું હલકું હોય અને સોનાની બેડી ભારે વધારે હોય તોલદાર.

**શ્રોતા :-** પગ ન ઉપડી શકે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પગ ન ઉપડી શકે. વાત સાચી. લોઢાનો તોલ ઓછો હોય, સોનાની બેડીએ બહુ ભાર લાગે. આહા..હા..! ભાઈ! અરે! તારે છૂટવું છે કે નહિ? પ્રભુ! શું કરવું તારે? હજી તારા નિર્ણયના ઠેકાણા નહિ. એને સ્થિરતા ક્યાંથી આવે? સમજાણું કાંઈ?

અહીં કહે છે '**પરંતુ અન્ય કોઈ કાર્યને નહિ.**' એમ. કર્મના નાશ કરવા માટે ચિદાનંદરૂપી અમૃતથી ભરેલી દશા એ કર્મ ક્ષયનું કારણ છે. આહા..હા..! શું થાય? એને ખ્યાલ ન મળે. અને અત્યારે સમાજમાં એટલું બધું ચાલ્યું બધું. પંડિતોને આમ કરવું, સમાજનું આમ કરવું, સમાજનો ઉદ્ધાર કરવો. કોણ કરે સાંભળને હવે. તારો ઉદ્ધાર તો કર તું પહેલો. હવે બીજાનો કરી કોણ શકે છે? આહા..હા..! એ તો આવે છે નહિ? બીજાનો મોક્ષ કરી દઉં. બંધ અધિકારમાં. મિથ્યાત્વભાવ છે. મોક્ષની પર્યાય તું કરી દે? એને કરાવી દે? એ તો એના વીતરાગભાવે કરી શકે છે. આહા..હા..! સમાધિશતકમાં ત્યાં સુધી કીધું શુભભાવ. પાગલ છે કહે છે પાગલપણું. એમ કહ્યું છે. આહા..હા..! સમાધિશતક પૂજ્યપાદસ્વામી. દિગંબર સંતો કોઈપણ હોય એ નાગા બાદશાહથી આઘા. એને કોઈ જગતની પડી નથી. જગત કેમ માને? એ માને, ન માને એને ઘરે રહ્યો. માર્ગ આ છે. સમજાણું કાંઈ? ત્યાં પાગલ કહ્યો છે. શુભભાવવાળાને પાગલ છે, કહે છે. આહા..હા..! કહો, સુજાનમલજી!

**શ્રોતા :-** .. શુભભાવ પણ પાગલ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પાગલ છે. હેય છેને. હેય છે કે નહિ? આહા..હા..! વ્યભિચાર છે. શુભભાવને વ્યભિચાર કહ્યો નિર્જરા અધિકારમાં. આહા..હા..! ઘણા બોલ વાપર્યા છે. વ્યભિચાર, અસ્થાયી, અનિત્ય ઘણા બોલ વાપર્યા છે. નિર્જરા અધિકારમાં ૨૦૩ ગાથા નહિ? આહા..હા..! કહે છે કે જેની પર્યાયમાં જેની શક્તિમાં જ્ઞાન અને આનંદરૂપી અમૃતથી ભરેલો પદાર્થ પ્રભુ એની પર્યાયમાં ચિદાનંદરૂપી અમૃતથી ભરેલી દશા થાય તે કર્મને ક્ષય કરનારું પ્રાયશ્ચિત્ત છે. સમજાણું કાંઈ? અરે! પહેલું નક્કી તો કરે. આહા..હા..! જ્ઞાનમાં એ વાતને લક્ષમાં તો લે, ભાઈ! આહા..! દુનિયા પાસ કરશે તને લાભ મળશે એવું છે કાંઈ? દુનિયા પાસ કરે, દુનિયા ડાહ્યો કહે કે વાહ! વાહ! ભારે વાત! એથી કરીને.. એ દુનિયાનો રિપોર્ટનું તારે શું કામ? શું કહેવાય એ?

**શ્રોતા :-** સર્ટિફિકેટ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સર્ટિફિકેટ. આહા..હા..!

પરમાત્મપ્રકાશમાં એમ પણ કહ્યું છે. ધર્માત્મા આવી વાત કરે તો જગત એને શું કહેવાય?

શું કીધું? પાગલ કહે. પાગલ કહે માળા પાગલની જેવી વાતું કરે છે. ગાંડા. સાંભળને, ભાઈ! ધર્માત્મા આવું ન સાંભળે, ન સમજે એને પાગલ કહે છે. હવે આ અનાદિનું આમ ચાલ્યું આવે છે. આહા..હા..!

**'પરંતુ અન્ય કોઈ કાર્યને નહિ.'** જોયું! કોઈ કાર્યને નહિ. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવે કર્મનો ક્ષય ન થાય. આહા..હા..! ષોડશકારણ ભાવના આવે છેને? ભાવન ભાયે. પછી તીર્થંકરગોત્ર પાય, નહિ? હા એ, પણ એ તો વિકલ્પ છે રાગ. આહા..હા..! રાગથી તો પ્રકૃતિ બંધાય. બંધ થાય. રાગથી લાભ ન થાય. રાગને તો અપરાધ કીધો છે ત્યાં પુરુષાર્થસિદ્ધિ-ઉપાય. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ અપરાધ છે. આહા..હા..! પુરુષાર્થસિદ્ધિ-ઉપાય. અપરાધ ન હોય તો બંધ કેમ પડે? ધર્મદશાથી બંધ પડે? આહા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ત્રણ ભવે મોક્ષ જશે!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો તીર્થંકર પ્રકૃતિ બાંધી એને કારણે? એ ભાવને તોડી નાખશે ત્યારે ત્રીજે ભવે મોક્ષ જશે. એ ભવમાં બંધ હોય તો ન જઈ શકે. પ્રકૃતિ બાંધી એ ભવમાં હવે કેવળજ્ઞાન એને નહિ થાય. આહા..હા..! અને તીર્થંકર પ્રકૃતિ નથી બાંધી એવો જીવ તો એ ભવે પણ મોક્ષ ચાલ્યો જાય.

**શ્રોતા :-** ઘણા મુનિઓ જાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, જાય તો એમાં શું છે? તીર્થંકર પ્રકૃતિ બાંધે માટે વહેલો મોક્ષ જાય એમ છે અંદર? અરે! આચાર્ય કહે છે મુનિરાજ પોતે. પદ્મમલદારિ મુનિરાજ છે. દિગંબર મુનિ સંત વનવાસમાં રહેતા. એ આ શાસ્ત્ર કહેતા હતાને, મારું મન ત્યાં ચલિત થયા કરે છે કે આની ટીકા થાય... ટીકા થાય. એવું આવ્યું છેને? એટલે આ ટીકા થઈ. મનમાં ચલિત થયા કરે છે કે આ થાય... થાય... એટલે આ ટીકા થઈ ગઈ છે. આહા..! પહેલું લખ્યું છે શરૂઆતમાં. નથી? 'હમણા અમારું મન પરમાગમના સારની પુષ્ટિથી ફરી ફરીને અત્યંત પ્રેરિત થાય છે.' છે? 'અને તે ગુણના ધરનાર ગણધરોથી રચાયેલા શુભભાવથી પરંપરાથી સારી રીતે વર્તે... પરમાગમના અર્થનું કથન અમે તે કોણ મંદબુદ્ધિ?' આહા..હા..! કહો, અમે તે મંદબુદ્ધિ કોણ? આ ટીકા તો ગણધરથી પરંપરાએ ચાલ્યું આવેલું છે. આહા..હા..! સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમાત્મા થયા પછી તીર્થંકર ગણધર થયા. એ ગણધરથી આ ભાવ ટીકા ચાલી આવી છે. અમે તે મંદબુદ્ધિ કોણ કરનાર? આહા..હા..! કહો, છે? 'પણ અમારું મન પરમાગમના સારની પુષ્ટ રુચિથી ફરી-ફરીને પ્રેરિત થાય છે. એ રુચિથી પ્રેરિત થવાને લીધે તાત્પર્યવૃત્તિ નામની આ ટીકા રચાય છે.' વિકલ્પ આવ્યા જ કરે છે કે આનું કાંઈક થાય, આ ટીકા થાય. માટે ટીકા થાય છે. આહા..હા..! લ્યો એ ૧૧૮ થઈ.

૧૧૯. બહુ સરસ ગાથા છે. ૧૯. ૧૧૯.

**अप्पसरूवालंबणभावेण दु सव्वभावपरिहारं।**
**सक्कदि कादुं जीवो तम्हा झाणं हवे सव्वं।।११९।।**
**આત્મસ્વરૂપ અવલંબનારા ભાવથી સૌ ભાવને**
**ત્યાગી શકે છે જીવ, તેથી ધ્યાન તે સર્વસ્વ છે.૧૧૯.**

એની 'ટીકા :- **અહીં (આ ગાથામાં), નિજ આત્મા જેનો આશ્રય છે...**' ટીકામાં છે '**स्वत्माश्रय**' ભગવાન આત્મા પૂર્ણાનંદ ધ્રુવ ચૈતન્ય અભેદ ચૈતન્યમૂર્તિ પર્યાય સિવાય. આહા..હા..! '**નિજ આત્મા જેનો આશ્રય છે એવું નિશ્ચયધર્મધ્યાન જ...**' ટીકા છે જુઓને, '**स्वात्माश्रयनिश्चयधर्मध्यानमेव**' આહા..હા..! '**નિજ આત્મા જેનો આશ્રય છે એવું નિશ્ચયધર્મધ્યાન...**' વીતરાગી ધર્મધ્યાનની પર્યાય એનો આશ્રય આલંબન આત્મા છે. આહા..હા..! નિર્મળ વીતરાગી પર્યાય એવું નિશ્ચયધર્મધ્યાન એનો આશ્રય આલંબન ભગવાન આત્મા છે. આહા..હા..! નિજ આત્મા પાછો એ. ભગવાનનો આત્મા એ નહિ. એ તો પર આત્મા છે. પર ઉપર લક્ષ જાય એ તો રાગ થાશે. દેવ અને ગુરુનો આશ્રય લેવા જાશે તો રાગ થાશે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**નિજ આત્મા જેનો આશ્રય...**' નિજ આત્મા એટલે ત્રિકાળી જ્ઞાયકભાવ. પરમ પારિણામિક સ્વભાવભાવ, ધ્રુવભાવ, નિત્યભાવ, અભેદભાવ. પર્યાય સિવાયનો અભેદભાવ હોં. પર્યાય લઈને અભેદ એમ નહિ. આહા..હા..! એવો '**નિજ આત્મા જેનો...**' એટલે નિશ્ચયધર્મધ્યાનનો. નિશ્ચયધર્મધ્યાન પર્યાયનો નિજ આત્મા આશ્રય છે. સમજાણું કાંઈ? '**એવું નિશ્ચયધર્મધ્યાન જ...**' એકાંત થઈ ગયું આ તો નિશ્ચયધર્મધ્યાન. '**નિજ આત્માનો જેને આશ્રય છે...**' ત્રણલોકનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ આત્મા. પરમેશ્વર સ્વરૂપે ભગવાન આત્મા એ નિશ્ચયધર્મધ્યાનને એનો આશ્રય છે. આહા..હા..! અરે! સત્ય વાત જ હજી સાંભળવા મળે નહિ એ સત્ય કે દિ' સમજે? રુચિ કે દિ' અને પરિણમાવે કે દિ'? આહા..હા..! અરે! વાત બહુ અને આવા મોંઘા અણમૂલા મનુષ્યભવ ચાલ્યા જાય છે. સ્થિતિ પૂરી થઈ જશે. આહા..હા..! નિજ આત્મા જે પૂર્ણસ્વરૂપ, ધ્રુવસ્વરૂપ, અભેદસ્વરૂપ, એકસ્વરૂપ, શુદ્ધ સ્વરૂપ એને અહીં પોતાનો આત્મા કહ્યો છે. સમજાણું કાંઈ? એ જેનો આશ્રય છે. નિશ્ચયધર્મધ્યાનની દશાને ઈ આત્માનો આશ્રય છે. પોતાના આત્માનો આધાર છે એને. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** પર્યાય સહિત કે પર્યાયરહિત એ ચોખ્ખું કર્યું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ નિજ આત્મા કીધોને. એનો આધાર, પર્યાયનો આધાર આ છે એમ કીધુંને. પર્યાયનો આધાર આ છે એ તો વાત થઈ ગઈ. ૩૮માં ઘણી આવી નથી? ખરેખર તે આત્મા ત્રિકાળી તેને આત્મા કહીએ. છે? ૩૮. ૭૮, ૩૭ છેને. જુઓ, ૭૮ પાનું છે. '**અનાદિ-અનંત અમૂર્ત અતીન્દ્રિયસ્વભાવવાળો શુદ્ધ-સહજ-પરમ-પારિણામિકભાવ**

**જેનો સ્વભાવ છે—એવો કારણપરમાત્મા તે ખરેખર 'આત્મા' છે.'** દેવીલાલજી! સમજાણું કાંઈ? પરમપારિણામિકભાવ હોં ત્રિકાળ જેનો સ્વભાવ એવો કારણપરમાત્મા તે ખરેખર આત્મા છે.

બીજે ૯૧માં છે કાંઈક. ૯૧ પાને ક્યાંક છે. ૯૧ ગાથા નહિ? પહેલું કહ્યું હતું. એ ત્યાં નાખ્યું. આમાં લખ્યું નથી. ઓલું વાંચેલું હોયને. ત્યાં પણ છે જુઓ, 'ત્રિકાળ-નિરાવરણ,...' નીચેથી પાંચમી લીટી. 'ત્રિકાળ-નિરાવરણ,...' ૧૭૩ પાને. 'ત્રિકાળ-નિરાવરણ, **નિત્ય આનંદ જેનું એક લક્ષણ છે એવો, નિરંજન નિજ પરમપારિણામિકભાવસ્વરૂપ કારણપરમાત્મા તે આત્મા છે;...'** આહા..હા..! એ આત્મા અહીં લેવો. આહા..હા..! કેમકે પર્યાયને આશ્રય તો એનો છે. હવે પર્યાયને પર્યાયનો આશ્રય એમ ક્યાંથી આવ્યું? નિશ્ચયધર્મધ્યાન જે વીતરાગી પર્યાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગની જે પર્યાય એનો આશ્રય તો નિજ આત્મા છે. આહા..હા..! વ્યવહાર રાગની મંદતા છે માટે ત્યાં નિશ્ચય પર્યાય થાય છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ ક્યાં હવે ગુપ્ત વાત રહી છે? આ તો બહાર વાત ઢંઢેરો પીટીને આવી છે. આહા..હા..!

નિજ. પાઠ છેને? આલંબન છેને? '**अप्पसरूवालंबण**' આત્માનું સ્વરૂપ તે આલંબન છે, આત્મસ્વરૂપ જે ત્રિકાળી તે આલંબન છે. આહા..હા..! નિજ આત્મા શુદ્ધ ધ્રુવ ચૈતન્ય એ નિજ આત્મા જેનો એટલે મોક્ષમાર્ગની પર્યાયનો એટલે કે ધર્મધ્યાનની નિર્વિકલ્પદશાનો એ નિજ આત્મા ત્રિકાળી તે આશ્રય છે, તે આલંબન છે. પાઠમાં આલંબન લીધું. ટીકામાં આશ્રય લીધો. સમજાણું કાંઈ? '**अप्पसरू**' કીધુંને? આત્મસ્વરૂપ. અન્વયાર્થમાં એમ છે જુઓ, '**आत्मस्वरूपालम्बनभावेन**' '**આત્મસ્વરૂપ જેનું આલંબન એવા ભાવથી...**' જોયું? એવો ભાવ એટલે ધર્મધ્યાન નિર્મળ પરિણતિ. નિર્મળ વીતરાગી પરિણતિ એને આધાર આલંબન આત્મા છે એવો જે ભાવ. આહા..હા..! એ પર્યાય છે.

**શ્રોતા :-** ગૌણપણે ધ્રુવમાં છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધ્રુવમાં ક્યાં હતી? ધ્રુવમાં પર્યાય કેવી? તો પર્યાય અને ધ્રુવ બે એક થઈ અને પ્રમાણનો વિષય થઈ ગયો. સમજાણું કાંઈ? નિજ આત્મા ધ્રુવ એકલો વર્તમાન પર્યાય વિનાનો. સમજાણું કાંઈ? આહા..હા..! મૂળ-મૂળ વસ્તુમાં ફેર, મૂળમાં ફેર આખો. આહા..હા..! પર્યાયસહિત આત્મા આશ્રય લે તો મૂળમાં ફેર. આખો મૂળ માર્ગમાં ફેર. ઓહો..હો..! શું થાય? છોટાભાઈ! પર્યાય વિનાનો તે જ્ઞાયકભાવ. એ ઠીક યાદ કર્યું ભાઈને. '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो**' એ તો કાલે કહેવાણું હતું. કોઈપણ પર્યાય અપ્રમત્તની તેરમાની પણ જેનામાં નથી. હવે એ ચોથા ગુણસ્થાનની અને પાંચમાની પર્યાયમાં છે એ ક્યાં આવી? સમજાણું કાંઈ?

**શ્રોતા :-** પ્રમાણનો વિષય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો વ્યવહારનયનો વિષય થઈ ગયો ખરેખર તો. પર્યાય અને દ્રવ્ય બે ભેગા કરો તો વ્યવહારનયનો વિષય થઈ ગયો અને એ બધી અશુદ્ધપર્યાય અને શુદ્ધપર્યાયને આખો કરો તો પ્રમાણનો વિષય થઈ ગયો. શું કહ્યું? અશુદ્ધપર્યાયથી રહિત શુદ્ધપર્યાય અને દ્રવ્ય એ બેને ભેગા લે તો વ્યવહારનયનો વિષય થઈ ગયો અને એની સાથે અશુદ્ધપર્યાયને ભેગી લે તો પ્રમાણનો વિષય થઈ ગયો. આહા..! આવી વાત છે, ભાઈ! આ (વાત) તો ઘણીવાર આવી ગઈ. એ ક્યાં નવી છે? આહા..હા..!

અહીં તો ભાષા શું છે? પાઠમાં આલંબન છે અને ટીકામાં આશ્રય લીધો છે. આલંબન કહો કે આશ્રય કહો. તેથી ભાઈ લેશે. પંડિતજી નીચે ઉતારશેને બધું. આઠ બોલ લેશે નીચે. નિજ આત્મા એટલે ધ્રુવ આત્મા. ભૂતકાળની પર્યાય ગઈ એમાં અંદરમાં સમાઈ ગઈ એ તો પારિણામિકભાવે થઈ ગઈ. એથી એને પારિણામિકભાવ કીધો છે. સમજાણું કાંઈ? આવે છે ઓડકાર? દુઃખે છે? દુઃખે છે. બહુ શરીર નબળું બહુ પડી ગયું. એને બેસવું પડે છે (મુશ્કેલ) પડે. આમ શરીર નબળું પડી ગયું છે. બહુ હોય તો પછી જાવું. ઠીક હોય બેસવુ. સહનશીલ બહુ જીવ છે. આ બહુ બધો રોગ છે આ ને આ. ઓડકાર આવે ત્યાં મુશ્કેલી પડી જાય છે. સભામાં કેમ બેસવું? પણ શું થાય? એ તો બહુ હળવે-હળવે રાખવું. આહા..હા..! શરીરની સ્થિતિ એવી છે ત્યાં શું થાય? આહા..હા..!

કહે છે નિજ આત્મા જેનું અવલંબન છે. ભાઈ તો ઘણા અર્થ કરશે નીચે. '**એવું નિશ્ચયધર્મધ્યાન...**' તે ભાવ. એમ ભાવ છેને? '**अप्पसरूवालंबणभावेण**' એ પહેલું પદ છે. એ ભાવ આવ્યોને પર્યાય? '**अप्पसरू**' આલંબનનો જે ભાવ એ પર્યાય થઈ. નિશ્ચય ધર્મધ્યાન મૂળ પાઠ. ૧૧૯ ગાથા ચાલે છેને. એ કુંદકુંદાચાર્યના શબ્દ છે. '**अप्पसरूवालंबण**' એ વસ્તુ. '**अप्पसरू**' એ વસ્તુ. એનો આલંબન એ ભાવ. એના આલંબનથી પ્રગટેલો ભાવ એ ધર્મધ્યાન એ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ નિર્મળ પર્યાય. સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ! આવું ઝીણું બહુ, બાપુ! આ પૈસા-બૈસા હોય તો ઝટ માળાને મળી જાય લ્યો! પાંચ કરોડ ને દસ કરોડ ને ધૂળ કરોડને. એમાં કાંઈ મહેનત પણ ન મળે. આહા..હા..! કેમ નથી હાથ આવતું? શું છે? ખબર નથી? ૧૧૯. કેમ થયું ગડબડ? સમજાણું કાંઈ?

'**નિજ આત્મા...**' એટલે પરમપારિણામિકભાવ એટલે જ્ઞાયકભાવ એટલે કે ક્ષાયિક આદિ ચાર પર્યાય વિનાનો ભાવ. એ આવશે ટીકામાં. ક્ષાયિક પર્યાય, ક્ષયોપશમ પર્યાય એ વિનાનો ભાવ. કેમ થયું? નહિ હોય. પાનુ નહિ હોય ઠીક. છે આમાં? આહા..હા..! નિજ આત્મા એટલે વસ્તુ પરમપારિણામિક ત્રિકાળ, ક્ષાયિક આદિ પર્યાય વિનાનો. ક્ષાયિક પર્યાય વિનાનો, તો નીચે જે નિર્મળ પર્યાય એ તો ક્ષયોપશમની પર્યાય છે, એ વિનાનો એવો જે નિજ આત્મા એનો આશ્રય છે એવું જે નિશ્ચય ધર્મધ્યાન '**भावेण**' શબ્દ છેને? એ '**સર્વ ભાવોનો અભાવ કરવાને સમર્થ છે...**' લ્યો! સર્વ વિકારી ભાવનો અભાવ કરવાને એ પર્યાય સમર્થ

છે. જે પર્યાય નિજાલંબન, નિજ આત્માને આશ્રયે પ્રગટી તે. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો વીતરાગના દરબારમાં જાવું છે, ભાઈ! એની તૈયારી જોઈએ ઘણી. આહા..હા..! આત્મા અનંતગુણનો વીતરાગ દરિયો ભર્યો છે એ દરબારમાં અંદર જાવું છે. પુરુષાર્થ કેટલો જોઈએ એને! આહા..હા..!

એવું એ '**નિશ્ચયધર્મધ્યાન જ...**' જોયું! નિશ્ચય છેને? એ સર્વ ભાવો એટલે વિકારી ભાવોનો અભાવ કરવાને એ પર્યાય સમર્થ છે. જે પર્યાય ત્રિકાળી દ્રવ્યનો આશ્રય લઈને પ્રગટ થઈ તે પર્યાય સર્વ વિકારી પર્યાયનો નાશ કરવાને સમર્થ છે. કહો, સમજાણું કાંઈ? ઓલા કહે છે શુભભાવ હોય તો અશુભ ટળે અને પછી શુભ ટળી જશે. શુભથી પહેલું અશુભ ટળે પછી શુભ ટળે. આમ રેચ લે ત્યારે ઓલું થઈ જાય અને જે રેચ લીધો એ પણ પછી નીકળી જશે એમ કહે. એવો દાખલો આપતા ઘણા વર્ષ પહેલાં હોં. અત્યારે હજી આપેને એ તો લોકો. અરેરે! શું થાય? મહાપ્રભૂને ભૂલીને વાત કરવી. મોટો પરમાત્મા સ્વરૂપ પોતે. સાક્ષાત્ પરમાત્મસ્વરૂપ. સ્વરૂપ પ્રત્યક્ષ. જેમ કેવળજ્ઞાન પ્રત્યક્ષ છે એ તો પર્યાયમાં પ્રત્યક્ષ છે. વસ્તુ ધ્રુવ છે એ સ્વરૂપપ્રત્યક્ષ છે. સ્વરૂપપ્રત્યક્ષમાંથી કેવળજ્ઞાન પ્રત્યક્ષ પર્યાય આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ સ્વરૂપપ્રત્યક્ષ છે એમાં ચારેય પર્યાયનો અભાવ છે. ચારેય એટલે ઉદયભાવ, ઉપશમભાવ, ક્ષાયિક, ક્ષયોપશમ એ ચારેયનો એ સ્વરૂપપ્રત્યક્ષમાં અભાવ છે. સ્વરૂપપ્રત્યક્ષ કહો કે આત્મા કહો કે કારણપરમાત્મા કહો બધું એક જ છે. પરમપારિણામિકભાવ તે કારણપરમાત્મા. આહા..હા..! એમ કહ્યું છે. છેને? એમ ભગવાન સંતોએ આમ કહ્યું છે. આહા..હા..! અનંત સંતો એમ કહે છે અને કુંદકુંદાચાર્યે એમ કહ્યું છે, એમ કહે છે. આહા..હા..!

'**સમસ્ત પરદ્રવ્યોના...**' ટીકા. '**સમસ્ત પરદ્રવ્યોના પરિત્યાગરૂપ લક્ષણથી લક્ષિત અખંડ-નિત્યનિરાવરણ-સહજ-પરમપારિણામિકભાવની ભાવનાથી...** ' આહા..હા..! શું કહે છે જુઓ, બહુ ગાથા ઉંચી છે. પરમસત્યની જાહેરાત છે. '**સમસ્ત પરદ્રવ્યોના પરિત્યાગરૂપ લક્ષણથી લક્ષિત...**' પરદ્રવ્યના અભાવસ્વભાવરૂપ '**અખંડ નિત્યનિરાવરણ...**' અખંડ નિત્ય અને નિરાવરણ એવી ધ્રુવવસ્તુ. '**સહજ-પરમપારિણામિકભાવ...**' સ્વભાવિક પરમપારિણામિક ત્રિકાળીભાવ, પર્યાય વિનાનો ત્રિકાળીભાવ. 'એની ભાવનાથી' આ પર્યાય આવી. આહા..હા..! '**સહજ-પરમપારિણામિકભાવ...**' આ તો મૂળ મુદ્દાની રકમની વાત છે. એમાં જ્યાં ભૂલે એની બધી ભૂલો મોટી બધી. સમજાણું કાંઈ? આહા..હા..!

'**સહજ-પરમપારિણામિકભાવ...**' એ ત્રિકાળ પર્યાય વિનાનો. વર્તમાન કોઈપણ નિર્મળ પર્યાય હો ક્ષાયિકની કે ક્ષયોપશમની, એ વિનાનો સહજભાવ. સમજાણું કાંઈ? '**સહજ-પરમપારિણામિકભાવ...**' એ ત્રિકાળ. એની 'ભાવના' એ વર્તમાન પર્યાય. આહા..હા..! '**સહજ-પરમપારિણામિકભાવની ભાવનાથી ઔદયિક, ઔપશમિક, ક્ષાયિક અને**

**ક્ષાયોપશમિક એ ચાર ભાવાંતરોનો પરિહાર કરવાને અતિ-આસન્નભવ્ય જીવ સમર્થ છે,...'** આહા..હા..! ત્રિકાળી ભગવાન સહજ પારિણામિકસ્વભાવ જે પર્યાય ક્ષાયિકભાવથી પણ રહિત એવો જે પરમપારિણામિકભાવ એની ભાવના. એ ત્રિકાળી જ્ઞાયકભાવનું આલંબન એનો આશ્રય એવી જે ભાવના એ વર્તમાન નિર્મળ વીતરાગી પર્યાય. સમજાણું કાંઈ? એ નિર્મળ પર્યાયથી, નિર્મળાનંદ ભગવાનને આશ્રયે થયેલી નિર્મળ પર્યાયથી. આહા..હા..!

**'ઔદયિક,...'** ઔદયિક એટલે રાગાદિ શુભાદિ એનો પરિહાર કરવા સમર્થ છે. **'ઔપશમિક,...'** સમ્યગ્દર્શન ઉપશમ આદિ. **'ક્ષાયિક...'** સમકિત આદિ. **'ક્ષાયોપશમિક...'** ચાર જ્ઞાન. એ ચાર ભાવાંતરો એટલે? પારિણામિકભાવથી ભાવાંતરો એ ચાર અનેરાભાવ છે. ભાવાંતરો. ભાવ જે પારિણામિકભાવ છે ધ્રુવ, એનાથી ચાર ભાવાંતરો અનેરાભાવ છે. એનો પરિહાર કરવાને, એ ચાર ભાવનો ત્યાગ કરવાને. આહા..હા..! અતિ-આસન્નભવ્ય જીવ, ઘણો જ નિકટ જેને સંસાર થોડો રહ્યો છે. આહા..હા..! એવો અતિ-આસન્નભવ્ય પાછો. એ એકલો (ભવ્ય) નહિ. એવો **'જીવ સમર્થ છે,...'** એ ચાર ભાવનો ત્યાગ કરવાને આવો જીવ સમર્થ છે. સમજાણું કાંઈ?

એનો અર્થ નીચે. પહેલોને? **'અહીં ચાર ભાવોના પરિહારમાં ક્ષાયિકભાવરૂપ શુદ્ધ પર્યાયનો પણ પરિહાર (ત્યાગ) કરવાનું કહ્યું છે...'** કહો, સમજાણું? ખરેખર તો શુદ્ધ પર્યાય દ્વારા અશુદ્ધનો નાશ થાય છે. અને શુદ્ધપર્યાય દ્રવ્યને આશ્રયે થાય છે. પણ અહીં કહે છે કે ચારેય ભાવનો ત્યાગ કરે છે. કઈ અપેક્ષાએ? એમ કહે છે. ચાર ભાવોના... આશ્રયનો ત્યાગ. આહા..હા..! એ પહેલા આવી ગયું છે. **'ચાર ભાવોના...'** ભાવ શબ્દે પર્યાય. એનો પરિહાર નામ ત્યાગ. **'ક્ષાયિકભાવરૂપ શુદ્ધપર્યાયનો પણ પરિહાર (ત્યાગ) કરવાનું કહ્યું છે તેનું કારણ આ પ્રમાણે છે : શુદ્ધાત્મદ્રવ્યનું જ—સામાન્યનું જ—આલંબન લેવાથી...'** આલંબન સામાન્યનું **'अप्पसरूं'** એનો અર્થ કર્યો. સામાન્ય જે ધ્રુવ. જેમાં પર્યાયનો અભાવ, નિર્મળ પર્યાયનો પણ અભાવ. એવું **'સામાન્યનું જ—આલંબન લેવાથી ક્ષાયિકભાવરૂપ શુદ્ધપર્યાય પ્રગટે છે.'** સામાન્યું આલંબન લેવાથી નિત્યાનંદ પ્રભુ ધ્રુવસ્વરૂપ, શુદ્ધ સ્વરૂપ એકરૂપ ત્રિકાળ એ સવારમાં આવ્યું હતું, નહિ? અદ્વૈતના ત્રણ પ્રકાર કહ્યા હતાને સવારે? સર્વવ્યાપક કહે અદ્વૈત એ હેય છે. એક વસ્તુ સામાન્ય છે તે અદ્વૈત તે ઉપાદેય છે. અને એ ઉપાદેયમાં જે એને જ્ઞેયનું જ્ઞાનરૂપી પરિણમન થયું એ જાણવાલાયક છે. ઉપાદેય, હેય અને જ્ઞેય. ત્રણ પ્રકારના અદ્વૈત. એમ આવ્યુંને, ભાઈ! આહા..હા..!

એક અદ્વૈત સર્વવ્યાપક એ હેય છે. એક અદ્વૈત આ ધ્રુવ પરમપારિણામિકભાવ સામાન્ય એ ઉપાદેય છે. અને એક અદ્વૈત ઉપાદેય સામાન્ય સાથે જ્ઞેયના જ્ઞાનનું પરિણમન જે નય લીધી સવારમાં, એ જાણવાલાયક છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** એ સામાન્ય... ને અંશી કહ્યો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અંશી કહ્યો. અંશી ત્રિકાળી. પર્યાય અંશ છે. પ્રવચનસારમાં લીધું છે. ભાઈ! પર્યાયને અંશ કહ્યો છે. કોઈપણ પર્યાય હોય કેવળજ્ઞાન પણ એ અંશ છે. પ્રવચનસારમાં ભાઈ છે પર્યાયની વ્યાખ્યા કરતા. અંશ છે. અંશી તો ત્રિકાળી વસ્તુ છે.

**શ્રોતા :-** .. દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ અંશી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ અંશી અને પ્રમાણની અપેક્ષાએ પણ દ્રવ્યાર્થિકનયનો વિષય રાખીને પર્યાયને વ્યવહારનય ભેળવે એને પ્રમાણ કહેવાય, પણ ઓલો રાખીને. સમજાણું કાંઈ? ફરીને. વસ્તુ જે ત્રિકાળ પર્યાય વિનાની છે. સમજાણું? એને દ્રવ્યાર્થિકનય, શુદ્ધદ્રવ્યાર્થિકનો વિષય નિશ્ચયનો વિષય એને રાખીને પર્યાયને વ્યવહારનય ભેળવે. વ્યવહારનય પર્યાયને ભેળવે, પણ ઓલી વસ્તુને એમ ને એમ રાખીને ભેળવે છે, તેને પ્રમાણ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! નિહાલભાઈમાં આ ખુલાસો છે બહુ અંદર. પ્રમાણની વ્યાખ્યા આપતા ખુલાસો છે. નિહાલભાઈ તો અલ્પ સંસારી પ્રાણી. અલ્પકાળમાં...

**શ્રોતા :-** પ્રમાણ નિશ્ચયની અપેક્ષાએ તો..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, વાત એ. જે વિષય છે એ તો રાખીને પર્યાયને ભેળવે છે વ્યવહારનય ત્યારે એને પ્રમાણ કહેવાય છે અને તેથી નયચક્રમાં કહ્યું કે પ્રમાણ પૂજ્ય નથી કેમકે એમાં પર્યાયનો નિષેધ નથી આવતો. ભાઈ! આવ્યું છેને એ? ફુલચંદજીએ નાખ્યું નયચક્રમાં આવે છે. પ્રમાણ પૂજ્ય નથી. તો બે વિષય થયા તો પૂજ્ય નહિ? ધ્રુવ અને પર્યાય બેનો વિષય કર્યો પ્રમાણે તો એ પૂજ્ય નહિ? કે નહિ. જેમાં પર્યાયનો નિષેધ નથી આવતો અને દ્રવ્યનો આશ્રય નથી આવતો એ પૂજ્ય નહિ. આહા..હા..!

**શ્રોતા :-** નિશ્ચયનય પૂજ્ય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિશ્ચયનય પૂજ્ય છે બસ. આહા..હા..! સમજાણું? આવું માળું તત્ત્વ એવું ઝીણું.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શું કહે છે એ? સમજાતું નથી કાંઈ. સમજાણું કાંઈ? દ્રવ્યાર્થિક શુદ્ધદ્રવ્યાર્થિક હોં. બીજે આ વાત કથનપદ્ધિએ જાણવાને લાયક દ્રવ્યાર્થિક પણ કહેવાય. પણ શુદ્ધદ્રવ્યાર્થિક એ નહિ. શુદ્ધદ્રવ્યાર્થિકનો વિષય તો એકલો ધ્રુવ. સમજાણું? બીજો દ્રવ્યાર્થિકનો વિષય ધ્રુવ ભલે ન હોય, સાથે પર્યાયનું જ્ઞાન કરે એ તો. વિષય નહિ એનો.. ધ્રુવ નહિ. ત્યાં ધ્રુવને સિદ્ધ નથી કરવું. ધ્યેય ધ્રુવને સિદ્ધ નથી કરવું ત્યાં તો શુદ્ધ દ્રવ્યની પર્યાય જે લીધી ૧૮૧માં. એ તો જાણેલી પર્યાયને ભેળવીને એનું જ્ઞાન કરવા કહ્યું છે. ધ્યેય માટે નથી એ. જ્ઞેય અધિકાર છેને? આહા..હા..! અરેરે! આવો માર્ગ છે. આવો માર્ગ ઝીણો બહુ.

કહે છે કે ચાર ભાવોને પણ ત્યાગ કરવાનું કહ્યું તો છેને? '**શુદ્ધાત્મદ્રવ્યનું જ...**' આલંબન જ. 'નું' શબ્દ પડ્યો રહ્યો છે. છે એમાં? પડ્યો રહ્યો '**સામાન્યનું જ આલંબન લેવાથી...**'

એમાં કાંઈ વાંધો નહિ. **'સામાન્યનું જ આલંબન લેવાથી ક્ષાયિકભાવરૂપ શુદ્ધપર્યાય પ્રગટે છે. ક્ષાયિકભાવનું—શુદ્ધપર્યાયનું (વિશેષનું)—આલંબન કરવાથી ક્ષાયિકભાવરૂપ શુદ્ધપર્યાય કદી પ્રગટતો નથી.'** 'જ' છે 'નું' નથી. સામાન્યનું. એટલો એક શબ્દ પડ્યો રહ્યો છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બરાબર છે. '**अप्पसरू**' કહો કે સામાન્ય કહો. '**अप्पसरू**' કહો કે પારિણામિકભાવ કહો. '**अप्पसरू**' કહો કે જ્ઞાયકભાવ કહો. પર્યાય વિનાનો હોં. આહા..હા..! કહે છે કે ક્ષાયિકભાવનું શુદ્ધ પર્યાયનું આલંબન કરવાથી ક્ષાયિકભાવ પર્યાય પ્રગટતો નથી. **'માટે ક્ષાયિકભાવનું પણ આલંબન ત્યાજ્ય છે.'** એ અપેક્ષાએ ક્ષાયિકભાવનો ત્યાગ કહ્યો છે. સમજાણું કાંઈ? નિર્મળ પર્યાય તે ક્ષાયિકભાવ છે. એનાથી બીજા પર્યાયનો અશુભનો નાશ થાય છે, પણ અહીં ક્ષાયિકભાવનો ત્યાગ કીધો છે એ ક્ષાયિકભાવનો આશ્રય કરવો નહિ એ અપેક્ષાએ કહ્યું છે. સમજાણું કાંઈ? પાઠ છેને અંદર જુઓને. ટીકા છેને.

એ ચાર ભાવાંતરોનો. પારિણામિક જ્ઞાયકભાવ નિત્યાનંદ પ્રભુ ધ્રુવ. એ ભાવ કહેતા અનેરાભાવ એટલે ચાર ભાવ. એક ભાવમાં ધ્રુવતા આવી અને અનેરાભાવમાં ચાર પર્યાય આવી. આહા..હા..! છેને અંદર લખાણ જુઓને પાઠ છે એનો શબ્દાર્થ થાય છે. આહા..હા..! એ પહેલા આવી ગયું છે. બે-ત્રણવાર આવી ગયું છે એ તો. પહેલા આવી ગયું છે. ચાર ભાવાંતરોનો પરિહાર. હવે એમ કહો કે ક્ષાયિકભાવનો પણ પરિહાર કર્યો. કોણે કર્યો? પર્યાય કરે. તો પર્યાય તો પ્રગટી છે એ ક્ષાયિકનો ત્યાગ કરે. ક્ષાયિકભાવની પર્યાય પ્રગટી એ ક્ષાયિકભાવનો ત્યાગ કરે?

**શ્રોતા :-** આશ્રય ન કરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એનો આશ્રય પણ ન કરે. ક્ષાયિકભાવનો આશ્રય ન કરવો એ ક્ષાયિકભાવનો ત્યાગ કહેવામાં આવે છે. આહા..હા..! વસ્તુ તો બહુ સીધી છે એમાં કાંઈ.. ભાઈ! આ તો વીતરાગમાર્ગ છે, બાપુ! આહા..હા..! અરે! એક નિયમસારનું વાક્ય સાંભળીને તો આમ છેલ્લું કહ્યુંને નિયમસારમાં. હું જિનવરનો પૂર્વાપરનો વિરોધરહિત ઉપદેશ જાણીને કહું છું, એમ કહે છે. છેલ્લે. આ વચ્ચે આ નિયમસાર. આમાં છે? આમાં.

**णियमं णियमस्स फलं णिद्दिट्ठं पवयणस्स भत्तीए।**
**पुव्वावरविरोधो जदि अवणीय पूरयंतु समयण्हा।।१८५।।**

આહા..હા..! પૂર્વાપર વિરોધરહિત મેં કહ્યું છે. પહેલું કાંઈક ધ્રુવનો આદર કહેવાય, પછી વળી ધ્રુવ સહજ પર્યાયનો એવું આમાં કહ્યું નથી. પૂર્વાપર વિરોધરહિત મેં આ વાત કરી છે. પછી એક જરી પોતાની નમ્રતા બતાવે છે. '**अवणीय पूरयंतु समयण्हा**' સમયના જાણનારા કોઈ ભાષામાં ફેર હોય, મારું લક્ષ ત્યાં નથી. તો સુધારી લેજો ભાષા. આવ્યુંને જેમ આપણે

ભાઈ! ... એ. સમયસાર. ખલના હોય એ ભાષામાં ખલના, વસ્તુના ભાવમાં નહિ. એ તો અહીં પૂર્વાપરવિરોધ. આહા..હા..! આ કુંદકુંદાચાર્ય જેવા મુનિ. જેણે જગતના. આ કેવળજ્ઞાનના કેડાયતો થઈને કામ કર્યા એ પોતે એમ એમ કહે આહા..હા..! પ્રભુ! હું તો પૂર્વાપર વિરોધરહિત મારી સ્થિતિ ભાવની કરું છું. એવો ભાષામાં કોઈ ફેર પડ્યો હોય તો એ ભાષાની વિકલ્પ હોય તો તમે સુધારી લેજો. કારણ કે ભાષા ઉપર અમારું જોર નથી. અમારું જોર તો ભાવ ઉપર છે. આહા..હા..! ૧૮૫ છે હોં. ઓલી તો નિજ ભાવના માટે કહ્યું એ ૮૭ છે. ૧૮૭. એમાં પણ એ આવે છે. '**णच्चा जिणोवदेसं**' જોયું! ૮૭માં કહ્યું. મેં તો '**णच्चा जिणोवदेसं**' જિનના ઉપદેશને જાણીને '**पुव्वावरदोसणिम्मुक्कं**' આગળ-પાછળનો દોષ આવે એ વસ્તુ આમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એટલી બધી વિનયતા, નમ્રતા. આહા..હા..! ગજબ કરી છે. મેં તો ભગવાનનો ઉપદેશ ત્રિલોકનાથનો ઉપદેશ મેં જાણીને પૂર્વાપરદોષરહિત વિમુક્ત મેં કહ્યું છે. આહા..હા..! અને તે મારી ભાવના માટે મેં આ કર્યું છે. આહા..હા..! કેટલી નિર્માનતા... નિર્માનતા... નિર્માનતા.. આહા..હા..! એ અહીં કહે છે. ચાર ભાવનો જે પરિહાર કહ્યો. ચાર ભાવાંતરો એમ કીધુંને? ભાવાંતરો. '**ચાર ભાવાંતરો...**' પારિણામિકભાવ તે ભાવ અને ભાવાંતરો-અનેરા ભાવ એ ચાર.

**શ્રોતા** :- ચાર નામ આપ્યા.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ ચાર નામ આપ્યા છેને જુઓ. નામ આપ્યા ઉદય, ઉપશમ એ. '**અતિ-આસન્નભવ્ય જીવ સમર્થ છે,...**' હવે એની વિશેષ વ્યાખ્યા કરશે.

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## કારતક સુદ-૧૨, શનિવાર, તા. ૧૫-૧૧-૧૯૭૫
## ગાથા-૧૧૯-૧૨૦, કળશ-૧૯૦, પ્રવચન નં. ૯૫

૧૧૯. નિયમસાર. શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત અધિકાર. ફરીને. ત્રણ લીટી થઈ છેને? '**સમસ્ત પરદ્રવ્યોના પરિત્યાગરૂપ લક્ષણથી લક્ષિત...**' એવો ત્રિકાળી આત્મા. સમસ્ત પરદ્રવ્યોના અભાવરૂપ લક્ષણથી લક્ષિત. પરિત્યાગમાં જોર આપ્યું છે. સમસ્ત પ્રકારનો પરનો ત્યાગ એમ. '**અખંડ-નિત્યનિરાવરણ-સહજ-પરમપારિણામિકભાવ... **' કેવો છે ત્રિકાળી વસ્તુ? જે સમ્યગ્દર્શનનો વિષય કે જે અખંડ નિત્યનિરાવરણ. અનાદિથી નિરાવરણ છે વસ્તુ. આહા..હા..! સહજપરમપારિણામિકભાવ એ દ્રવ્ય, એ વસ્તુ. એની ભાવના એ પર્યાય. આહા..હા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પર્યાય છે એ ત્રિકાળીની પર્યાય ભાવનારૂપ પર્યાય છે. આહા..હા..!

સમજાણું કાંઈ? ત્રિકાળી જે સહજ પારિણામિકભાવ ધ્રુવ નિત્ય. એની ભાવના એ પર્યાય. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રિકાળીની ભાવના છે. એ ત્રિકાળી દ્રવ્ય છે એની આ પર્યાય ભાવના છે. ત્રિકાળી ભાવની આ ભાવના છે. એટલે ત્રિકાળી વસ્તુ તરફની ભાવના એટલે એકાગ્રતા છે. એ ભાવનાથી એટલે કે ત્રિકાળી નિરાવરણ વસ્તુ છે એની ભાવનાથી. પ્રાયશ્ચિત અધિકાર છેને? આહા..હા..!

'**ઔદયિક, ઔપશમિક, ક્ષાયિક અને ક્ષાયોપશમિક એ ચાર ભાવાંતરો...**' એટલે પારિણામિકભાવથી અનેરાભાવો. ભાવાંતર છેને? એ આવી ગયો છે ખુલાસો આપણે. એક પેરેગ્રાફમાં આવી ગયું નીચે. એ '**ભાવાંતરોનો પરિહાર કરવાને...**' એટલે? કે ત્રિકાળી શુદ્ધ ચૈતન્યઘન જે એકરૂપ શુદ્ધ ધ્રુવ પારિણામિકભાવ. એની ભાવના એટલે તેનો વિષય તેને બનાવીને જે એકાગ્રતા દર્શન, જ્ઞાન, ચારિત્રની થઈ એ નિર્મળ પર્યાય એ વર્તમાન પ્રાયશ્ચિત્ત થયું. ત્રિકાળી પરમપારિણામિકભાવ એ નિશ્ચય એ ત્રિકાળી દ્રવ્યપ્રાયશ્ચિત્ત છે. આહા..હા..! સમજાણું કાંઈ? એને આશ્રયે ભાવના જે થઈ એને વર્તમાન નિશ્ચયપ્રાયશ્ચિત્ત કહેવામાં આવે છે. એનાથી રાગાદિનો ત્યાગ થાય છે, એનાથી ઉપશમનો.. એ નીચે છે જુઓ. હવે એનો પહેલો પેરેગ્રાફ આવી ગયો છે. બીજો.

'**અહીં એમ ઉપદેશ્યું કે—**' બીજો છેને નોટમાં? '**પરદ્રવ્યોનું અને પરભાવોનું આલંબન તો દૂર રહો,...**' ધર્મીને સમ્યગ્દષ્ટિને પરદ્રવ્ય અને પરભાવ વિકાર એનું તો આલંબન દૂર રહો. '**મોક્ષાર્થીએ પોતાના ઔદયિકભાવોનું (સમસ્ત શુભાશુભભાવાદિકનું),...**' ઉદયની વ્યાખ્યા કરી. '**(સમસ્ત શુભાશુભભાવાદિકનું),...**' એનું પણ આલંબન જેને નથી. '**ઔપશમિકભાવોનું (જેમાં કાદવ નીચે બેસી ગયેલ હોય એવા જળ સમાન ઔપશમિક સમ્યક્ત્વાદિનું),...**' એનો પણ જેને આશ્રય નથી. આનું આલંબન તો નથી, પણ આનો પણ આશ્રય નથી, એમ કહે છે. એનું પણ આલંબન નથી. આહા..હા..! પાઠ એ છેને? પાઠમાં ઈ છેને? '**अप्पसरूवालंबण**' એની વ્યાખ્યા કરી છે. મૂળ પાઠ છેને. આત્મારૂપી વસ્તુ એનું આલંબન. એનું આલંબન પર્યાય અને દ્રવ્ય સમકિતદર્શન.. છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ક્ષાયોપશમિકભાવોનું (અપૂર્ણ જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ પર્યાયોનું)...** ' પણ જેને આલંબન નથી. આહા..હા..! પાઠ જ છેને, '**अप्पसरू**' ત્રિકાળી સ્વરૂપનું જ જેને આલંબન છે. સમજાણું કાંઈ? આહા..હા..! અપૂર્ણ જ્ઞાન. કેવળ નથીને એ અપેક્ષાએ સાધક છેને અહીંયાં? અપૂર્ણ જ્ઞાન, અપૂર્ણ દર્શન, અપૂર્ણ ચારિત્ર આદિ પર્યાયો. એનું પણ આલંબન સમકિતીને નથી. આહા..હા..! '**તેમ જ ક્ષાયિકભાવોનું (ક્ષાયિક સમ્યક્ત્વાદિ સર્વથા શુદ્ધ પર્યાયોનું)...**' છે નિર્મળ. એનું '**પણ આલંબન છોડવું;...**' એનું નામ પરિહાર કહેવામાં આવ્યો છે. આહા..હા..! પાઠ જ છેને જુઓને, '**अप्पसरूवालंबणभावेण दु सव्वभावपरिहारं।**'

ત્રિકાળી જ્ઞાયકભાવ પરમસ્વભાવભાવ એના આલંબને પર્યાય જે થઈ એ પર્યાય સર્વભાવનો ત્યાગ કરે છે. એ ક્ષાયિકભાવનું.

'**માત્ર પરમપારિણામિકભાવનું...**' એટલે '**શુદ્ધાત્મદ્રવ્યસામાન્યનું—આલંબન લેવું.**' સમજાણું કાંઈ? બહુ ઝીણું. સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા અને સમ્યગ્દર્શન પછી પણ સમ્યક્ ચારિત્ર પ્રાપ્ત કરવા દ્રવ્યનું આલંબન લેવું, પર્યાયનું આલંબન નહિ. આહા..હા..! કારણ કે દ્રવ્યમાંથી પર્યાય આવે. પર્યાયમાંથી પર્યાય આવતી નથી. માટે એનું આલંબન નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? છોટાભાઈ!

**શ્રોતા :-** ક્ષાયિકપર્યાયનો દાતા દ્રવ્ય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દાતા દ્રવ્ય નથી નિશ્ચયથી. આવે ભલે. આવે છે એમ કહેવાય છે પહેલું. પણ દાતા દ્રવ્ય નથી, પર્યાય નથી. એ આપણે આવી ગયું છે. એ અપેક્ષા આવે છે અપેક્ષા માટે બરાબર છે એમાંથી, પણ ખરેખર નિશ્ચય દ્રવ્ય પર્યાયનો દાતાર નથી. અમિતગતિ આચાર્યમાં આવી ગયું છે.

**શ્રોતા :-** ..આવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભલે આવે. આવે એ જણાવે તો ખરુંને? પણ જો દ્રવ્ય બરાબર કારણ હોય તો પર્યાય એકસરખી આવવી જોઈએ. દ્રવ્ય તો સામાન્ય છે ધ્રુવ. હવે જો એનાથી જ પર્યાય બરાબર આવે એમ જો કહો તો દ્રવ્ય સામાન્ય છે અને આવી ઓછી-વત્તી પર્યાય આવે છે એનું કારણ શું? સમજાણું કાંઈ? એટલે દ્રવ્યથી આવે છે એ બરાબર છે. અર્થનો અર્થ એટલો કે ભેદની દૃષ્ટિએ આવે છે એમ કહેવાય છે. અને આવે છે ત્યાંથીને પણ એ ભેદ પડ્યોને એટલો? કે 'દ્રવ્યમાંથી પર્યાય' એટલો ભેદ વ્યવહારનય થઈ ગયો. આહા..હા..! ઝીણી વાતું બહુ, ભાઈ!

અહીં તો કહે છે કે જે પર્યાય છે ઈ આવે છે તો દ્રવ્યથી. દ્રવ્યતિ ઈતિ દ્રવ્યં. પણ પર્યાય એકરૂપ જેવું દ્રવ્ય એકરૂપ છે એવી એકરૂપ પર્યાય નથી આવતી એની સહિત પર્યાય સ્વતંત્ર છે એમ કહે છે. આહા..હા..! કારણ કે દ્રવ્ય તો સામાન્ય એકરૂપ છે. તો એમાંથી ખરેખર નિશ્ચયથી દ્રવ્યની પર્યાય આવે તો એકસરખી પર્યાય આવી જોઈએ. અને અહીં ઓછી, ક્ષયોપશમ કોઈ ક્ષાયિક, ચારિત્ર ઉપશમ કોઈ ક્ષાયિક એવી પર્યાયો જે પડે છે ભેદ એ અપેક્ષાએ દ્રવ્યસામાન્ય છે એ પર્યાયનો દાતાર નથી. અરેરે! આવી વાતું ભારે, ભાઈ! એ અમિતગતિઆચાર્યમાં આવે છેને. તે દિ' આ વાંચ્યું હતુંને આપણે યોગસાર? વ્યાખ્યાનમાં વંચાઈ ગયું છે. એમાં આવ્યું હતું. દ્રવ્ય પર્યાયનો દાતાર નથી. ગજબ વાતું છે, ભાઈ!

**શ્રોતા :-** પર્યાય ધ્રુવ અંશમાંથી આવે છે કે પર્યાય અંશમાંથી આવે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધ્રુવમાંથી આવે છે, પણ ધ્રુવમાંથી આવે એ ભેદ પડી ગયો. એટલે વ્યવહાર વ્યવહાર થઈ ગયો એ. અને આવે છે એ કીધુંને. ન્યાય ન આપ્યો? કે

ધ્રુવ છે એ ધ્રુવ જ ખરેખર કારણ જો પર્યાયનું હોય તો પર્યાય એકસરખી આવવી જોઈએ. પર્યાય ભિન્ન-ભિન્ન જાતની આવે છે. ઓછી-વધુ. તો ભિન્ન-ભિન્ન જાતની આવે છે જો સામાન્ય એક વસ્તુ છે અને એને કારણે પર્યાય આવે તો એકસરખી આવવી જોઈએ. જરી ઝીણી વાત બહુ, બાપુ! આ તો ચીજ. યોગસારમાં કહ્યું છે અમિતગતિ આચાર્યે. અહીં અત્યારે એ નથી. અત્યારે તો લેવું છે કે દ્રવ્યમાંથી દ્રવ્યની જે ભાવના કરે એ પર્યાય છે. ભાવના કરે એ સમ્યગ્દર્શન-જ્ઞાન છે. દ્રવ્યની. આહા..હા..! એ સમ્યગ્દર્શન પર્યાયની અને દ્રવ્યની એમ નહિ. એ તો તદ્દન સત્યથી વિરોધ છે, ન્યાયથી વિરોધ છે, પરમાગમથી વિરોધ છે. ન્યાયથી વિરુદ્ધ છે. ન્યાયમાં એમ આવતું નથી. કારણ કે પર્યાય એનું આલંબન લે એ પર્યાયમાંથી પર્યાય આવે એમ ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? આહા..હા..!

ત્યારે પર્યાય છે શુદ્ધ ભલે, પણ એક પર્યાય એક સમયની, બીજે સમયે બીજી, ત્રીજે સમયે ત્રીજી આવે છે. એટલે ખરેખર એ ધ્યેયમાં ન રહ્યું. સમજાણું કાંઈ? એથી અહીં કહ્યું. પાઠ છેને એ તો અહીં જુઓને. એ ટીકા છેને આ તો અમૃતચંદ્રાચાર્યની ટીકા. જેની ટીકા ગણધર જેવી ટીકા છે. અને અહીં આ તો નિયમસાર છે. એટલે પદ્મપ્રભમલધારિ. પણ એ પદ્મપ્રભમલધારિએ કહ્યું કે આ ટીકા તો ગણધરોથી ચાલી આવેલી. અમારા જેવા મંદબુદ્ધિ શું કરશે? એમ કહે છે. આહા..હા..! એ તો કાલે બતાવ્યું હતું. આહા..હા..!

કહે છે કે એ ક્ષાયિક. '(**ક્ષાયિકસમ્યક્ત્વાદિ સર્વથા શુદ્ધ પર્યાયોનું**) **પણ આલંબન છોડવું;...**' પાઠ છેને એ આલંબન. '**अप्पसरू**' એમ શબ્દ છેને? આત્માના રૂપનું આલંબન લેવું એટલે ધ્રુવનું આલંબન લેવું. એ પાઠ જ પોકારે છે કુંદકુંદાચાર્યનો. અમૃતચંદ્રાચાર્યે તેનો અર્થ કર્યો છે. '**अप्पसरू**' આત્માનું રૂપ ત્રિકાળ એકરૂપ એનું આલંબન લેવું એ પર્યાય છે. એ આલંબન લેનારી તો પર્યાય છે. એ કહે છે. '**માત્ર પરમપારિણામિકભાવનું—શુદ્ધાત્મદ્રવ્યસામાન્યનું—આલંબન લેવું.**' જેમાંથી પર્યાય આવે છે માટે એનું આલંબન લેવું એમ. ઈ અપેક્ષાએ. સમજાણું કાંઈ? આહા..હા..! એથી ૫૦મી ગાથામાં કહી ગયા છે કે ચાહે તો ક્ષાયિકસમકિત હોય પણ એ પરદ્રવ્ય છે. કેમકે જેમ પરદ્રવ્યમાંથી પર્યાય નથી આવતી, એમ ક્ષાયિકસમકિતમાંથી પર્યાય આવતી નથી. આહા..હા..! આવો તે માર્ગ તે. વીતરાગ સર્વજ્ઞ કહ્યો માર્ગ બાપા આ વસ્તુ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ત્રિકાળ ભગવાન આત્મા એ અનંતી પર્યાયનું પિંડરૂપ જ્ઞાયકભાવ. આહા..હા..! એ પર્યાય ન રહી હવે અંદર. એ તો ગુણ અને ધ્રુવરૂપ છે. ..એકરૂપભાવ એના આલંબનથી એટલે એની ભાવનાથી. એ ભાવના છે એ તો ઉત્પાદ પર્યાય થઈ. તો એ ઉત્પાદપર્યાયથી પૂર્વની પર્યાય જે વિકાર આદિ છે તેનો નાશ થાય. સમજાણું? પણ આ તો પાછા ચારેય ભાવનો નાશ થાય એમ કહ્યું. આહા..હા..! એટલે કે ચારેય ભાવનો આશ્રય કરવો નહિ. આલંબન ચારેય ભાવમાં લેવું નહિ, એમ કહે છે. આહા..હા..! ભગવાનજીભાઈ! આવી વાતું ઝીણી બહુ, બાપુ! લોકોએ ક્યાંકનું ક્યાંક

કલ્પી અને ધર્મ માનીને બેઠા છે. આહા..હા..! વીતરાગ સર્વજ્ઞદેવ સમ્યગ્દર્શનની શરૂઆત પ્રથમ સમ્યગ્દર્શનની શરૂઆત એ ત્રિકાળ દ્રવ્યને આશ્રયે થાય છે અને પછી પણ જે પર્યાય નિર્મળ થાય છે એ દ્રવ્યને આશ્રયે થાય છે, પર્યાયને આશ્રયે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો સમજાય એવું છે, કાંઈ નથી સમજાય એવું નથી.

**શ્રોતા :-** બેને બે ચાર જેવી વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બેને બે ચાર જેવી. લ્યો, અમારે ચંદુભાઈએ કહ્યું. વાત તો એમ જ છે, હા તો વસ્તુ એમ જ છે ત્યાં. આહા..હા..!

**શ્રોતા :-** ધ્રુવનું આલંબન એમાં ભેદ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભેદનું નહિ અભેદનું આલંબન એકલા દ્રવ્યનું. એ તો ૧૮, ૧૯, ૨૦માં આલંબન આવી ગયુંને, અલિંગગ્રહણ. દ્રવ્યમાં ગુણ છે ખરા, પણ એ તો ભેદરૂપે છે. એ ભેદ નહિ. અભેદસ્વરૂપ અખંડાનંદ એનો આશ્રય લેતા એ ગુણભેદને સ્પર્શતું નથી અને ત્રિકાળી આત્માનો આશ્રય લેતા દ્રવ્ય પોતે પર્યાયને સ્પર્શતું નથી. સમજાણું કાંઈ? અને અનુભવની જે પર્યાય છે આહા..હા..! એ દ્રવ્યને સ્પર્શતું નથી. કારણ કે દ્રવ્યનો અનુભવ નથી, અનુભવ તો પર્યાયનો છે. દૃષ્ટિ પર્યાય ઉપર છે એમ નથી ત્યાં. દૃષ્ટિ તો ધ્રુવ ઉપર જ છે. પણ ધ્રુવ ઉપર દૃષ્ટિ થતાં જે પર્યાયમાં વેદન આવ્યું એ વેદનમાં પર્યાય અને એ વેદન તે આત્મા. ધ્રુવને એ સ્પર્શતો નથી. આ પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે સામાન્ય દ્રવ્ય તે પર્યાયને સ્પર્શતું નથી. તે દ્રવ્યને સ્પર્શતું નથી. પ્રત્યભિજ્ઞાનનું કારણ એવો જે ત્રિકાળ આત્મા તે દ્રવ્યને સ્પર્શતો નથી. પર્યાયને સ્પર્શતો નથી એટલે પર્યાયનું વેદન કરે છે. વેદન તો પર્યાયનું આનંદનું હોય કે નહિ? સમજાણું કાંઈ?

૧૧મી ગાથામાં ન આવ્યું? કે જ્ઞાયકભાવ તિરોભાવ હતો એ આવિર્ભાવ થયો. એટલે શું? ત્રિકાળી જ્ઞાયકભાવ તિરોભૂત હતો એટલે પર્યાયે એનો આશ્રય લીધો નહોતો એટલે છે એમ દૃષ્ટિમાં આવ્યું નહોતું. આહા..હા..! દૃષ્ટિએ એનો આધાર લઈને કબુલ્યું ત્યારે જ્ઞાયકભાવ આવિર્ભાવ એટલે પ્રગટ્યો એમ કહેવામાં આવ્યું. દૃષ્ટિમાં જ્ઞાયકભાવ આવ્યો એટલે જ્ઞાયકભાવ પ્રગટ્યો એમ કહ્યું. ૧૧મી ગાથા. શું કીધું? ૧૧મી સમયસારની. ૧૫મી નહિ. નથી આવ્યું? આવ્યું છેને? '**પોતાના પુરુષાર્થ દ્વારા આવિર્ભૂત કરવામાં આવેલા સહજ એક નિર્મળભાવપણાને લીધે...**' જોયું? જ્ઞાયકભાવ આવિર્ભાવ પરિણમ્યો. જ્ઞાયકભાવ તો છે એ છે. એ આવિર્ભાવ પણ નથી અને તિરોભાવ પણ નથી, પણ જ્ઞાયકભાવ ધ્રુવસ્વરૂપ પર્યાયે એને કબુલ્યું નહોતું એટલે એ આવિર્ભાવ નહોતો, તિરોભાવ હતો. સમજાણું કાંઈ? આહા..હા..! પણ પર્યાયે સમ્યગ્દર્શન પર્યાયે એને કબુલ્યું કે 'આ છે' એટલે એ આવિર્ભાવ પામ્યો એમ કહેવામાં આવે છે. આહા..હા..! આવી વાત કેટલી સ્પષ્ટ છે ચોખ્ખી દીવા જેવી. આહા..હા..! જેમાં તર્કને કોઈ અવકાશ નથી. આવિર્ભાવ પામ્યો છે જુઓ.

જ્ઞાયકભાવપણાને લીધે '**આવિર્ભૂત કરવામાં આવેલા સહજ એક જ્ઞાયકભાવપણાને લીધે...**' એનો અર્થ કે દૃષ્ટિએ જ્યારે કબુલ્યું કે આ વસ્તુ ત્રિકાળ અખંડાનંદ પ્રભુ છે ત્યારે એ જ્ઞાયકભાવ પર્યાયમાં કબુલ કર્યો એટલે આવિર્ભાવ થયો એમ કહેવામાં આવે છે. હવે જ્ઞાયક દ્રવ્યભાવ તો જે છે ઈ છે, અનાદિથી છે એ છે. સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ બહેન? આવી ઝીણી વાતું બહુ, બાપુ! આહા..હા..!

**શ્રોતા :–** નિગોદમાં પણ એવો ને એવો..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નિગોદમાં પણ એવું ને એવું દ્રવ્ય તો અનાદિનું એવું છે. એ તો ખ્યાલમાં આવ્યો ત્યારે 'છે' એમ ખ્યાલમાં આવ્યું. કે આવિર્ભાવ પ્રગટ્યો એમ દેખાયું. ઓહો..હો..! સમજાણું કાંઈ?

'**તેને આલંબનારો ભાવ જ...**' શું કહે છે જુઓ હવે. '**માત્ર પરમપારિણામિકભાવનું––શુદ્ધાત્મદ્રવ્યસામાન્યનું—આલંબન લેવું. તેને આલંબનારો ભાવ જ મહાવ્રત,...** ' એને મહાવ્રત કહેવું. એ કહેશે પછી હમણા. આ વિકલ્પવાળો મહાવ્રત નહિ. નિર્વિકલ્પદશા એ ત્રિકાળીને આલંબનારો ભાવ તેને નિર્વિકલ્પદશાને મહાવ્રત કહેવામાં આવે છે. ચંદુભાઈ! નિશ્ચયમહાવ્રત. ઓલો આસ્રવ વિકલ્પ એ નહિ. એને '**સમિતિ,...**' કહેવામાં આવે છે. સમ–ઈતિ. જ્ઞાયકભાવનું પરિણમન આલંબન લઈને થયું એ નિર્મળ પર્યાયને સમિતિ કહેવામાં આવે છે. વીતરાગ પર્યાયને સમિતિ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એને '**ગુપ્તિ,...**' કહેવામાં આવે છે. આવે છે હમણા આવશે અંદર. ટીકામાં આવશે. ત્રિકાળી જ્ઞાયકભાવ એને અવલંબન લઈને જે પર્યાય પ્રગટી, વીતરાગી પર્યાય એ જ વીતરાગી પર્યાય એટલે નિશ્ચયપ્રાયશ્ચિત્ત એને મહાવ્રત કહીએ, એને પાંચ સમિતિ કહીએ. જુઓ, ઓહો..હો..! સમજાણું કાંઈ? કેમકે રાગરૂપી હિંસા છે એ ન થઈ અને અરાગી પરિણામ પ્રગટ થયા તે જ અહિંસા મહાવ્રત છે. આ નિશ્ચયમહાવ્રત હોં. પાંચ મહાવ્રતના વિકલ્પ છે એ તો આસ્રવ છે. એ નહિ. અહીં તો ધ્યાન તે મહાવ્રત છે એમ કહેવું છે. આહા..હા..! ત્રિકાળી જ્ઞાનસ્વરૂપ ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ એનું જે ધ્યાન એટલે એની સન્મુખ થઈને લીનતા. એ લીનતાને મહાવ્રત કહેવામાં આવે છે. એને અહિંસા કહેવામાં આવે છે. એને સત્ય પ્રગટ્યું એને સત્યમહાવ્રત કહેવામાં આવે છે. આહા..હા..! એને અદત્ત નામ ક્યાંથી લીધું નથી અને અંદરથી આવ્યું છે રાગ વિનાનું માટે અદત્ત એવું ત્રીજું મહાવ્રત એને કહવામાં આવે છે. આહા..હા..!

બ્રહ્મચર્ય. બ્રહ્માનંદનો નાથ પ્રભુ એનો આશ્રય જે નિર્મળ બ્રહ્મ પ્રગટ્યું એ પર્યાયને બ્રહ્મચર્ય વ્રત કહેવામાં આવે છે. આ શરીરથી બ્રહ્મચર્ય પાળે એની આ વાત નથી. આહા..હા..! અને વસ્તુ પોતે અપરિગ્રહસ્વરૂપ જ છે. વિકલ્પનો પણ જેમાં પરિગ્રહ નથી. વસ્તુ પોતે જ પરિગ્રહસ્વરૂપ છે. આત્માને આત્મા પરિગ્રહ છે. આહા..હા..! એને જેણે પર્યાયમાં પકડ્યો અને નિર્મળદશા કરી એ અપરિગ્રહમહાવ્રત કહેવામાં આવે છે. અને એ આત્મા આનંદસ્વરૂપ

જે ધ્રુવ એના અવલંબે જે પર્યાય પ્રગટી તે ઈર્યાસમિતિ છે એ. એ જોઈને આત્માને જોઈને પરિણતિ પ્રગટી છે તો એ ઈર્યાસમિતિ છે. આહા..હા..! એ પહેલું આપણે લીધું હતું. આ શરૂઆતમાં લીધું હતું પહેલી ગાથામાં.

ભાષાસમિતિ. ભાષા એટલે? જેમાંથી નિર્મળ ધ્વનિ ઉઠે પરિણતિની. એ નિર્મળ પરિણતિને ભાષાસમિતિ કહેવામાં આવે છે. એષણાસમિતિ. જેને ત્રિકાળ આત્માને શોધી. એષણા શોધીને નિર્મળ પ્રગટ કર્યા એ પર્યાયને એષણાસમિતિ કહેવામાં આવે છે. નવનીતભાઈ! આ તો બધું આવું. એ પહેલી ગાથામાં આપણે આવી ગયું છે પહેલું. આહા..હા..! અરે! ભગવાન! પરમાત્મા બિરાજે છેને, નાથ! આહા..હા..! પૂર્ણ સ્વરૂપે પરમાત્મા તું છો, ભાઈ! આહા..હા..! એની ઓથે જાય, એનું આલંબન લે, એની પર્યાયને નિર્મળતા, વીતરાગતા થાય એને આ એષણાસમિતિ કહેવામાં આવે છે. આદાન-નિક્ષેપ. જે સ્વરૂપ છે તેવું ગ્રહ્યું અને રાગનો અભાવ થયો એ આદાન-નિક્ષેપણસમિતિ નિર્મળ દશા તેને કહેવામાં આવે છે. એ ... સમિતિ છેને. વિકાર આદિ વિષ્ટા સમાન છે તેને છૂટી ગઈ અને નિર્મળાનંદ દશા અંદરથી પ્રગટ થઈ એને પાંચમી સમિતિ કહેવામાં આવે છે. આહા..હા..! ઈ આ સત્ય છે. આ નિશ્ચય એ સત્ય છે. આહા..હા..! ગુપ્તિ. એમ ગુપ્તિ લઈ લેવી.

હવે એ સમિતિ. આત્મા જે ત્રિકાળ જ્ઞાયકભાવ ધ્રુવભાવ, પરમપારિણામિકભાવ જે પર્યાય વિનાનો ભાવ એને અવલંબને જે પર્યાય પ્રગટ થાય એને પ્રતિક્રમણ કહેવામાં આવે છે. એને પ્રતિક્રમણ કહેવામાં આવે છે. આ મિચ્છામી દુક્કડમ એ બધો વ્યવહાર વિકલ્પ એ આસ્રવ છે. આહા..હા..! '**આલોચના,...**' ભગવાન પરમપારિણામિકભાવને જોવું. જ્ઞાનની પર્યાય દ્વારા ટગટગાકર જોવું એવી જે નિર્મળ પર્યાય થાય એને સંવર અને આલોચના કહેવામાં આવે છે. '**પ્રત્યાખ્યાન,...**' જે ભગવાન પૂર્ણાનંદનો નાથ એને અવલંબે વીતરાગી પર્યાય થાય એને પચ્ચખાણ. જ્ઞાનની સ્થિરદશા, વીતરાગીદશા એને પચ્ચખાણ કહેવામાં આવે છે. આવો માર્ગ ભારે આકરો. લોકોએ બધો વ્યવહારમાં-વ્યવહારમાં ઘૂંચવી દીધોને એટલે વાત આખી મૂળ પડી રહી વસ્તુ. આહા..હા..! સમજાણું કાંઈ? '**પ્રાયશ્ચિત્ત,...**' એ એક આવી ગયું છે પહેલું કે પ્રાય નામ ઉત્કૃષ્ટપણે ચિત્ત નામ જ્ઞાન બોધ એવો જે આત્મસ્વભાવ ત્રિકાળ એ પ્રાયશ્ચિત્ત છે. એને આશ્રયે જે પર્યાય નિર્મળ વીતરાગ પ્રગટ થાય તે વર્તમાન નિશ્ચય પ્રાયશ્ચિત્ત પર્યાયરૂપે છે. આહા..હા..! એવું છે. આપણે પહેલી ગાથામાં કીધું હતું. '**વગેરે બધુંય છે.**' આહા..હા..!

હવે પાઠ છેને એનો વિસ્તાર કર્યો છે. પાઠમાં આલંબન લીધું, ટીકામાં આશ્રય લીધો. ટીકામાં આશ્રય લીધો ત્રિકાળનો. એટલે આત્મસ્વરૂપનું... પાઠ છેને? '**अप्पसरू**' '**अप्पसरू**' '**आलंबण**' '**अप्पसरू**' આશ્રય. ટીકામાં એ આવ્યું છે. '**स्वात्माश्रयनिश्चयधर्मध्यानमेव**'. આહા..હા..! આત્મસ્વરૂપનું. આત્મસ્વરૂપ એટલે ત્રિકાળ પરમસ્વભાવભાવ પારિણામિકભાવનું

એટલે કે ત્રિકાળી જ્ઞાયકભાવનું એટલે કે જે જ્ઞાયકભાવમાં કોઈ પર્યાય છે જ નહિ. પહેલેથી ચૌદ ગુણસ્થાનની પર્યાયો જ્ઞાયકભાવમાં નથી. એવો જે જ્ઞાયકભાવ એનું આલંબન એ આત્મસ્વરૂપનો આશ્રય. બે બોલ તો આમાં આવ્યા પાઠના, ટીકાના. સમજાણું કાંઈ? આત્મસ્વરૂપ એટલે સન્મુખતા. સત્‌ના મુખે સત્‌નું મુખ સામે કરવું. વિમુખ છે તેને સન્મુખ કરવું. આહા..હા..! ભાઈ! માર્ગ આ તો વીતરાગ જિનેન્દ્રદેવ એ દ્રવ્ય ને ગુણ ને એ પર્યાય. ભગવાને કહ્યા, જાણ્યા એ વસ્તુ બીજે ક્યાંય છે નહિ. એના વાડાને ખબર નહિ કે દ્રવ્ય શું ને ગુણ શું ને પર્યાય શું? આહા..હા..!

ઓલા શાસ્ત્રી નહોતા આવ્યા? ..શાસ્ત્રી છેને હજી? એ છે હજી નહિ? એક બિચારા આવ્યા હતા પંડિત. છે હજી છે. આ મરી ગયા બિચારા. આ ઉપાધ્યાય મરી ગયા. બહુ નરમ માણસ હતો. ત્યાં હમણા આવ્યો હતો. બેંગ્લોર બિચારો આવ્યો હતો બિચારો. ઉપાધ્યાય હતાને ..? કેવું નામ હતું? આદિનાથ? .. નરમ માણસ હતો હોં. બહુ ખુશી. ત્યાં આવ્યો. પછી અમે ઉતર્યા ત્યાં આવ્યા. મહારાજ! આપની હાજરીમાં આપને હાથે આ કુંદકુંદાચાર્યના જેટલા ઓલા છે. શું કીધું એ? હસ્તલિખિત પ્રત બહાર આવે તો બહુ સારું. ભાઈ! હું ક્યાંય પડતો નથી. મારું કામ નહિ. ત્યાં ઘરે આવ્યા હતા હોં. પ્રવિણભાઈને ત્યાં ઉતર્યા હતાને. પ્રવિણભાઈના ઘરે ઉતર્યા હતા. આ ચંદ્રકાંતના ભાઈ પ્રવિણભાઈ છેને. બેંગ્લોર. બેંગ્લોર પ્રવિણભાઈને ત્યાં ઉતર્યા હતાને? પ્રવિણભાઈ નહિ રાજકોટવાળા? ત્યાં આવ્યા હતા પંડિતજી બિચારા. નરમ માણસ હતો પણ એકદમ હાર્ટ ફેઈલ થઈ ગયું છે. એવું છે. આહા..હા..!

અહીં કહે છે કે '**આત્મસ્વરૂપ પ્રત્યે સંમુખતા...**' એ આલંબન, આશ્રય, સન્મુખતા બધું એકાર્થ છે. ધ્રુવસ્વરૂપ જે પૂર્ણ શુદ્ધ ચૈતન્યઘન એની સન્મુખતા એ પર્યાય એની સન્મુખતા. '**આત્મસ્વરૂપ પ્રત્યે વલણ,...**' વલણ-વલણ. એની તરફનો જુકાવ, એના તરફનું વલણ. પર્યાય ઉપર અને રાગ ઉપર જે વલણ છે એ મિથ્યાદૃષ્ટિ છે. '**पर्याय मूढा परसमया**' એ વલણ દ્રવ્યના સ્વભાવ સન્મુખ થવું એ બધો આશ્રય, આલંબન એકાર્થ છે. આહા..હા..! '**આત્મસ્વરૂપ પ્રત્યે ઝોક,...**' ઝોક-જુકવું. ત્રિકાળ પ્રત્યે જુકવું. અને '**આત્મસ્વરૂપનું ધ્યાન...**' એ આ ધ્યાન અહીં આવે છે. એ આત્મસ્વરૂપ જે ત્રિકાળી એનું ધ્યાન એટલે પર્યાય. અને '**પરમપારિણામિકભાવની ભાવના,...**' પરમપારિણામિક ત્રિકાળ વસ્તુની ભાવના. આહા..હા..!

સર્વજ્ઞ પરમાત્મા વાણી તો વાણીની છે. વાણી તો એ પૃથક્ છે, પણ વાણીમાં જે આવે એના અનંતમે ભાગે તો ગણધર રચના કરે. આહા..હા..! એવો ભાવ. સમજાણું? એટલો ભાવ વાણીમાં સ્વપર કહેવાનું સામર્થ્ય છે વાણીમાં. આત્મામાં સ્વપર જાણવાનું સામર્થ્ય છે. વાણીમાં સ્વપર કથન કરવાની તાકાત છે. એ વાણીમાં બધું આવે, પણ એથી જાણ્યું એથી અનંતમા ભાગે આવે કહે છે. આહા..હા..! અને અનંતમા ભાગે હજી ગણધર તેને જીલે

અને રચે. આહા..હા..! પંચાધ્યાયમાં તો કહે છે કે બાર અંગ એ સ્થૂળ છે. ભાઈ! પંચાધ્યાયમાં. આહા..હા..! બાર અંગ એ સ્થૂળ છે. જેમાં ચૌદ પૂર્વ આવ્યા. આહા..હા..!

**શ્રોતા** :- ..બધુંય સ્થૂળ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બધુંય સ્થૂળ છે આહા..હા..! બાર અંગ છે એ સ્થૂળ છે કીધું છે. એમાં સૂક્ષ્મ કથન આવ્યું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અમરચંદભાઈ! વાણી જડ અને કહેવરાવું ચૈતન્ય. પોતાના મિત્રના ગુણ દુશ્મન પાસે કહેવરાવવા. કેટલા કહે? એમ ત્રણલોકનો નાથ અરૂપી ચિદ્‌ઘન આનંદ જેને ભાષાનો સ્પર્શ પણ નથી, ભાષાને અડ્યો પણ નથી. આહા..હા..! એવી ભાષામાં જે આવે એ તો અનંતમા ભાગની વાતું આવે બાપુ! આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા** :- બહારનો વિકલ્પ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બહારનો વિકલ્પ કર્યોને ઓલામાં. કળશટીકા. વિકલ્પ છે ઈ. પણ એમાં કહ્યું છે કે આત્માનો અનુભવ કરવો એમ ત્યાં કહ્યું છે. ભગવાન આત્મા દ્રવ્યસ્વભાવ તેની પર્યાયમાં અનુભવ કરો. આહા..હા..! સમજાણું કાંઈ? પ્રવચનસારમાં કહ્યું નહિ સવારમાં છેલ્લી ગાથા. આ બધો પદાર્થનો સમૂહ કહ્યો ભગવાને, પણ એમાં આત્મા પરમાનંદસ્વરૂપ શુદ્ધ ઘન છે તેને અનુભવવો એ સાર પદાર્થ છે, એ પ્રવચનનો સાર છે. આહા..હા..! છેલ્લી લીટી ૨૭૫. સવારે કહ્યું હતું. આ તો પ્રવચનસાર છે, પણ પ્રવચનસાર એનો સાર શું? આહા..હા..! એય..! આહા..હા..! અખંડ પૂર્ણસ્વરૂપ નિરાવરણ ધ્યાતાએ તેનું ધ્યાન કરવું. ધ્યાતા આત્મા એનું ધ્યાન એ પર્યાયમાં એનું કરવું. પર્યાયનું ધ્યાન પર્યાયે નહિ કરવું. આહા..હા..!

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આવે જ નહિ. એ બધા કુતર્કોથી બધું ઉભું કરેલું છે (બ્ર.હરી) ભાઈએ. આપણે તો ખરી વાત કરી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એવી બુદ્ધિ ક્યાંથી સૂજી? શું થયું, ભાઈ? બહુ આકરું કામ! અરરર! સાંભળતા તો એમ થઈ જાય કે આ શું થયું? આહા..હા..! ત્રણલોકના નાથ ગણધરોનો પોકાર આ છે કે એકલા દ્રવ્યનું ધ્યાન કરવું. સમજાણું કાંઈ? કે ધ્યાનની પર્યાય છે એનો વિષય ધ્રુવ ત્રિકાળ છે. અરેરે! આ તો મૂળમાં, પાયામાં આખો ફેર!

**શ્રોતા** :- દ્રવ્યસંગ્રહમાં તો એમ આવે છે કે .. હરકોઈ પદાર્થ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ બીજી રીતે વસ્તુ છે. એ તો જાણવાની અપેક્ષાની વાત છે, પણ એનો સાર છેલ્લો શું લીધો છે? છેલ્લું દ્રવ્યનું ધ્યાન કરવું એ. ત્યાં તો બધા પ્રકાર લીધા છે. જાણવાની અપેક્ષાએ. પણ એનો સાર પાછો અંદરમાં, ધ્રુવમાં ઠરવું તે. આવે છેને દ્રવ્યસંગ્રહમાં. પણ પહેલા અને પછી વિરુદ્ધ હોય એ જિનવાણી જ નહિ. એક બાજુ એમ કહે કે ભગવાન ભૂતાર્થ છે તેનું આલંબન લેવું, બીજી બાજુ એમ કહે કે દ્રવ્યની શુદ્ધ

પર્યાય જેટલું લેવું એ તો વિરુદ્ધ તત્ત્વ છે. એ જિનવાણી હોય એ? અજ્ઞાનીની વાણી છે એ તો. જિનવાણી એવી ન હોય. સમજાણું કાંઈ? સત્ય છે અહીં એવી વાત આવી છે ભાઈ! આ તો ઉઘાડી મૂકી છે. એ અહીં કહે છે જુઓને.

**'પરમપારિણામિકભાવની ભાવના...'** એટલે? કે આ માથે કીધા એ બધા ભાવ. **'હું ધ્રુવ શુદ્ધ આત્મદ્રવ્યસામાન્ય છું...'** જોયું? **'હું ધ્રુવ શુદ્ધ આત્મદ્રવ્યસામાન્ય છું' એવી પરિણતિ—એ બધાંનો એક અર્થ છે.)'** સમજાણું કાંઈ? આહા..હા..! શું થાય?

**શ્રોતા :-** બેયને ભેગા કરે તો ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વ્યવહાર થઈ ગયો. એ તો વ્યવહારસમકિતનો વિષય રાગનો વિષય થયો. એ તો રાગનો વિષય થયો. સમકિતનો વિષય ન રહ્યો નિશ્ચય. છે મોટું આખો. મોટો ફેર, ઉગમણો-આથમણો ફેર છે. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં કહ્યું હવે ત્રીજી-ત્રીજી લીટી. **'ચાર ભાવાંતરોનો પરિહાર કરવાને અતિ-આન્નભવ્યજીવ...'** અતિ-આસન્નભવ્યજીવ **'સમર્થ છે, તેથી જ તે જીવને પાપાટવીપાવક...'** આહા..હા..! પાપરૂપી મોટી અટવી-વન એને બાળનારો અગ્નિ **'કહ્યો છે;...'** આહા..હા..! અગ્નિ. પાપરૂપી અટવીને પાવક નામ અગ્નિ કહ્યો છે. આહા..હા..! શું કહ્યું ઈ? કે જેણે ત્રિકાળી પરમભાવની ભાવના-એકાગ્રતા કરી એ જીવ, અજ્ઞાન તો નથી ત્યાં હવે, પણ રાગ-દ્વેષરૂપી અટવી સંસાર એને બાળવાને તે અગ્નિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..! **'આમ હોવાથી પાંચ મહાવ્રત,...'** દેખો. એ આત્મા ત્રિકાળી આનંદનો નાથ પ્રભુ ધ્રુવ. એની સન્મુખના આશ્રયની જે પર્યાય, તે પર્યાયને મહાવ્રત કહીએ. આહા..હા..! નિશ્ચયમહાવ્રત આ હોં. તે પર્યાયને **'પાંચ સમિતિ,...'** કહીએ. વીતરાગી પર્યાય નિશ્ચયપ્રાયશ્ચિત્ત. નિશ્ચય પ્રાયશ્ચિત્ત દ્રવ્યનું એ શુદ્ધ ત્રિકાળી વસ્તુ અને એના આશ્રયે, અવલંબે જે પર્યાય પ્રગટી વર્તમાન એ નિશ્ચય પર્યાય પ્રાયશ્ચિત્ત. એ નિશ્ચય પર્યાય પ્રાયશ્ચિત્તને મહાવ્રત કહો, પાંચ સમિતિ કહો, ત્રણ ગુપ્તિ કહો, પ્રત્યાખ્યાન કહો, પ્રાયશ્ચિત્ત, આલોચના **'વગેરે બધું ધ્યાન જ છે...'** ધ્યેયનું ધ્યાને તે આ બધું છે, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

**'ધ્યાન જ છે (અર્થાત્ પરમપારિણામિકભાવની ભાવનારૂપ જે ધ્યાન...'** જોયું! પરમપારિણામિકભાવ જે ધ્રુવ એની ભાવના એવી જે પર્યાયરૂપ તે જે ધ્યાન **'તે જ મહાવ્રત-પ્રાયશ્ચિત્તાદિ બધુંય છે).'** આહા..હા..! હજી તો વ્યવહારના મહાવ્રતના ઠેકાણા નથી. નિશ્ચય વિના પણ નવમી ગ્રૈવેયક ગયો એના પંચ મહાવ્રત વ્યવહારે સાચા હતા. વ્યવહારે. નિશ્ચય વિના વ્યવહાર હોય છેને એ કહેવાય છેને. એને માટે આહાર-પાણી કરીને લેતા નહિ પ્રાણ જાય તોપણ. કારણ કે વ્યવહારમાં વાંધો ઉઠે એ તો આગમથી વિરુદ્ધ થયું. આ તો (અત્યારે) વ્યવહાર પણ નથી એનો સાચો. નિશ્ચય તો છે જ નહિ. આવી વાતું ભારે! લ્યો, એ બધુંય છે કીધું? નીચેના બે પેરેગ્રાફ આવી ગયા.

શું કીધું? કે ધ્યેય જે ભગવાન પૂર્ણાનંદ ધ્રુવ એનું જે ધ્યાન. એટલે એના સન્મુખની પર્યાય, એ પર્યાયને આ બધું લાગુ પડે. મહાવ્રત એને કહો, સમિતિ એને. બધું આ છે. સમજાણું કાંઈ? જુગલરાજજી! આવું બધું ત્યાં નથી ક્યાંય તમારે સ્થાનકવાસીમાં.. એ પણ સ્થાનકવાસી હતા ભાઈ. બૈરા વળી દેરાવાસી હતા. તમે પણ સ્થાનકવાસી હતા કે નહિ? તમે-તમે. એ તો હોયને એ તો પહેલું હોય. આહા..હા..! અરે! આ માર્ગ, બાપુ! મહાવીરનું વર્ણન કર્યું છે બહુ સારુ ભાઈએ હુકમચંદજીએ. વનવાસમાં નહોતા ગયા મહાવીર, એ આત્મામાં વસતા હતા. આહા..હા..! બહુ સરસ લખ્યું છે. માળાને ક્ષયોપશમ છેને. હુકમચંદજી. બેંગ્લોર આવી ગયા છે? નહિ આવ્યા હોય. એ તો આપણે ધર્મચક્ર.. હા, હા, સાચી વાત.

'(**હવે, આ ૧૧૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :**)' ટીકા તો પદ્મપ્રભમલધારિદેવની. એની ટીકા અને આ પણ એની જ ટીકા છે. કળશ એનો છે.

(मंदाक्रांता)

य शुद्धात्मन्यविचलमनाः शुद्धमात्मानमेकं
नित्यज्योतिःप्रतिहततमःपुंजमाद्यन्तशून्यम् ।
ध्यात्वाजस्रं परमकलया सार्धमानन्दमूर्तिं
जीवन्मुक्तो भवति तरसा सोऽयमाचारराशिः।।१९०।।

આહા..હા..! '**શ્લોકાર્થ :- જેણે નિત્યજ્યોતિ...**' આહા..હા..! '**તિમિરપુંજનો નાશ કર્યો છે,...**' આ પર્યાયની વાત ચાલે છે હોં. '**જેણે નિત્યજ્યોતિ વડે તિમિર...**' નામ અજ્ઞાન અને રાગનો-પુંજનો નાશ કર્યો છે. આહા..હા..! '**જે આદિ-અંતરહિત છે,...**' એ દ્રવ્ય છે હજી. પછી એને આશ્રયે પ્રગટે છે પર્યાય એ આચારરાશિ છે એમ કહેવું છે. '**જેમે નિત્યજ્યોતિ વડે તિમિરપુંજનો નાશ કર્યો છે,...**' આદિ-અંતરહિત ભગવાન આત્મા છે. પર્યાય તો આદિ-અંતવાળી છે. ઉત્પન્ન થાય અને વ્યય થાય, ઉત્પન્ન થાય એક સમય રહે. પર્યાયનો કાળ જ એક સમયનો છે. આ તો અનાદિ-અંત, '**આદિ-અંતરહિત છે, જે પરમકળા સહિત છે...**' કળા નામ અંદર શક્તિ હોં. પર્યાયની વાત નથી. આનો આશ્રય કરે ત્યારે પર્યાય .. એમ કહેવું છે.

'**પરમકળા સહિત છે...**' ત્રિકાળ પરમ આનંદની કળા અંદર ભરી છે. આહા..હા..! દરેક વસ્તુ હો. એક આનું નહિ પણ દરેક ગુણની કળા એમાં પડી છે. આહા..હા..! '**અને જે આનંદમૂર્તિ છે...**' આને આશ્રયે પર્યાય થાય એમ કહેવું છે. જે આનંદમૂર્તિ પ્રભુ છે. અતીન્દ્રિય આનંદની મૂર્તિ, અતીન્દ્રિય આનંદસ્વરૂપ, પૂર્ણ ધ્રુવ અતીન્દ્રિય આનંદનો પિંડ ચૈતન્ય. '**એવા એક શુદ્ધ આત્માને...**' એવા એક શુદ્ધ આત્માને. હવે પર્યાય લે છે. '**જે જીવ જીવ શુદ્ધ આત્મામાં અવિચળ મનવાળો થઈને...**' એવા શુદ્ધ આત્માને '**જે જીવ શુદ્ધ**

**આત્મામાં અવિચળ મનવાળો થઈને...'** અવિચળ ભાવવાળો થઈને, એમ લેવું. '**આલંબણભાવેણ**' છેને? '**અવિચળ મનવાળો...**' એટલે નિર્મળ પર્યાયને અવિચળપણે દ્રવ્યમાં રાખીને. આહા..હા..! '**નિરંતર ધ્યાવે છે,...**' નિત્યાનંદના નાથને જે પર્યાયથી ધ્યાવે છે. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ પર્યાય છે આ. અવિચળભાવ એ પર્યાય છે. શુદ્ધ આત્મા એ દ્રવ્ય છે. ત્યાં સુધી દ્રવ્ય લીધું. પછી '**અવિચળ મનવાળો થઈને...**' પર્યાય ધ્યેયમાંથી ખસે નહિ એવી રીતે ભાવવાળો થઈને. નિરંતર ધ્યાવે છે ધ્યેયને. આહા..હા..! સમજાણું કાંઈ? '**તે આ આચારરાશિ...**' જુઓ, હવે એ પર્યાય આવી. '**આ આચારરાશિ...**' '**ચારિત્રપુંજ; ચારિત્રસમૂહરૂપ.**' '**જીવ શીઘ્ર જીવન્મુક્ત થાય છે.**' લ્યો! આહા..હા..! એને અલ્પકાળમાં કેવળજ્ઞાન અને જીવન્મુક્ત થાય છે.

ત્રણ વાત કરી. કે આમ દ્રવ્ય જે ત્રિકાળી છે તેનું જે ધ્યાન કરે છે તેને નિર્મળ પર્યાય થાય છે અને નિર્મળ પર્યાય દ્વારા જીવન્મુક્ત થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! છેને આચારરાશિ. ચારિત્રનો પુંજ થયો. વસ્તુના આશ્રયે જે સ્થિર થયો અવિચળ ભાવવાળો. પર્યાયમાં અવિચળ ભાવ હોં. અવિચળભાવસ્વરૂપ તો ભગવાન છે. આહા..હા..! અરે! એણે દ્રવ્યના ગાણા પણ સાંભળ્યા નથી. આહા..હા..! એ કોણ છે? કેવો છે? ક્યાં છે?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એની પાત્રતા ન હોય તો મળે નહિ. ભગવાન બિરાજે છે મહાવિદેહમાં. કેમ ત્યાં ન જન્મ્યો? આહા..હા..!

'**શુદ્ધ આત્માને...**' '**આનંદમૂર્તિ છે એવા એક શુદ્ધ આત્માને...**' બીજી પર્યાય નહિ એમાં. '**એક શુદ્ધ આત્માને જે જીવ શુદ્ધ આત્મામાં અવિચળ મનવાળો થઈને...**' આહા..હા..! એ વર્તમાન પર્યાય છે. અવિચળ ભાવવાળો થઈને '**નિરંતર ધ્યાવે છે,...**' નિરંતર તેની પર્યાય દ્રવ્ય તરફ ઢળી ગઈ છે. આહા..હા..! '**તે આ આચારરાશિ...**' એ ચારિત્રનો પુંજ '**જીવ...**' આચારરાશિ જીવ. ચારિત્રના પુંજવાળો જીવ '**શીઘ્ર...**' અલ્પકાળમાં '**જીવન્મુક્ત થાય છે.**' આમાં ક્રમબદ્ધ ક્યાં આવ્યું પાછું? આ તો શીઘ્ર-ઝટ મુક્તિ થાય એમ કીધું. પણ એ ક્રમબદ્ધમાં જ એ આવ્યું કે આવી ચારિત્રની દશા છે એને થોડા જ કાળમાં કેવળજ્ઞાન થાય એવો જ એનો ક્રમ છે. સમજાય છે કાંઈ? આ બધા તર્ક કરે આવા માળા. આમાં શીઘ્ર જાય. ક્રમબદ્ધ ક્યાં આવ્યું? ફલાણું ક્યાં આવ્યું? શું થાય જીવને યોગ્યતા એવી ન હોય ત્યારે બીજું ઊંધું સૂજે. આહા..હા..! એ ૧૯૦ થયોને કળશ.

૧૨૦. ૧૨૦ ગાથા. ૧૨૦ છે. ગાથા છેને હવે. ઓલો કળશ થઈ ગયો ૧૯૦.

सुहअसुहवयणरयणं रायादीभाववारणं किच्चा।
अप्पाणं जो झायदि तस्स दु णियमं हवे णियमा।।१२०।।
છોડી શુભાશુભ વચનને, રાગાદિભાવ નિવારીને,
જે જીવ ધ્યાવે આત્મને, તેને નિયમથી નિયમ છે. ૧૨૦.

'છોડી શુભાશુભ વચનને' એ તો બાહ્ય વાત થઈ, 'રાગાદિ ભાવ નિવારીને' અંતર થઈ. 'જે જીવ ધ્યાવે આત્મને' રાગાદિ વિભાવ છે અને ધ્યાવે છે તે નિર્મળ પર્યાય છે. 'જે જીવ ધ્યાવે આત્માને' આહા..હા..! અખંડ અભેદ ચૈતન્યમૂર્તિ તે આત્મા. એ આવી ગયું છે માથે નહિ? માથે આવી ગયું છે. અખંડ નિત્ય નિરાવરણ પરમપારિણામિકભાવ તે આત્મા. ૧૯માં આવ્યું છે. ઝીણી વાત. ઈન્દ્રો સાંભળે એકાવતારી. ઈન્દ્રાણી એકાવતારી છે. એક ભવે મોક્ષ જનારી છે. શક્રેન્દ્ર. પતિ-પત્ની બે એક મનુષ્ય ભવ કરીને મોક્ષ જનારા છે. એ જ્યારે ભગવાનની વાણી સાંભળે તે વાણી કેવી હોય? બાપુ! બહુ ગંભીર છે. ઘણી જ ગૂઢ અને ઘણું જ ગંભીર છે. પરમ આગમનું કથન બહુ સૂક્ષ્મ છે, ભાઈ! સમજાણું કાંઈ? તેથી અગુરુલઘુની પર્યાય આગમગમ્ય નથી એમ કહીને પોતાને ગમ્ય નથી. આગમગમ્ય એટલે આગમ કહે છે એમ માની લેવું. આહા..! આગમગમ્ય એટલે શ્રુતજ્ઞાનથી ગમ્ય નથી. એ તો કેવળજ્ઞાન થાય ત્યારે જણાય એમ કહે છે. આહા..હા..! અગુરુલઘુ.

એક સમય કેવળજ્ઞાનની પર્યાયમાં ષટ્‌ગુણહાનિ-વૃદ્ધિ થાય. એ શું હશે? સમજાણું કાંઈ? એક પરમાણુમાં અનંતગુણ અને અનંતગુણની એક સમયની અનંતી પર્યાય. એમાં એક પર્યાયમાં તે સમયે અનંતુ ષટ્‌ગુણવૃદ્ધિ-હાનિ થાય. આહા..હા..! એ તો ભાઈ કહે છે કે જો બધું અહીં જણાય જાય તો પછી કેવળજ્ઞાનમાં શું બાકી રહે એને? એવી વસ્તુ છે. આહા..હા..! એક પરમાણુના અનંતગુણ. પ્રદેશ એક, અનંતગુણ અને એની અનંતી એક સમયની પર્યાય અનંતી. એમાં એક-એક પર્યાયમાં સમયે સમયે ષટ્‌ગુણહાનિ-વૃદ્ધિ. એ સમયે-સમયે વૃદ્ધિ-હાનિ એક સમય-સમયમાં હોં. એક સમયમાં વૃદ્ધિ અને બીજે સમયે હાનિ એમ પણ નહિ. આહા..હા..! બારભાવ એક સમયમાં. આહા..હા..! કેટલાક એવું ઉતારે છે કે છ વૃદ્ધિ લેવી અને છ હાનિ લેવી. એક સમયમાં બે છે. આહા..હા..! એવી સૂક્ષ્મતા. જે શ્રુતજ્ઞાનમાં પણ કહે છે ન આવી શકે. આગમગમ્ય કરીને શ્રુતજ્ઞાન કહે છે એમ માની લેવું એમ કહે. આહા..હા..! એવું સૂક્ષ્મ તત્ત્વ. આહા..હા..!

**શ્રોતા :-** એક સમયની પર્યાયમાં... ઉત્પાદ-વ્યય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એક સમયમાં ઉત્પાદ-વ્યય... એ ઉત્પાદ-વ્યયને લાગુ ન પડે એ ત્યાં એક સમયમાં ષટ્‌ગુણહાનિવૃદ્ધિ એક સમયમાં સૂક્ષ્મ છે. એ માટે તો વાત કરી. એથી કેવળજ્ઞાનનો પર્યાય હીણો થઈ જાય છે એમ અહીં પ્રશ્ન નથી. એવો જ કોઈ પર્યાયનો સ્વભાવ ભગવાને-કેવળીએ જોયો છે. આહા..હા..! ષટ્‌ગુણહાનિ-વૃદ્ધિ પર્યાયમાં થાય છે. એના

દ્રવ્યમાં નહિ, એના ગુણમાં નહિ. આહા..હા..! એવો જ એનો કોઈ સ્વભાવ છે.

એથી અહીં કહે છે હવે જુઓ,

**છોડી શુભાશુભ વચનને, રાગાદિભાવ નિવારીને,**
**જે જીવ ધ્યાવે આત્મને, તેને નિયમથી નિયમ છે. ૧૨૦.**

મોક્ષમાર્ગ છે, એમ કહે છે. તે નિયમથી નિયમ છે આ મોક્ષમાર્ગ. આહા..હા..!

**શ્રોતા :-** પ્રાયશ્ચિત્તનો અધિકાર છે એમાં નિયમ ક્યાંથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ બધું પ્રાયશ્ચિત જ છે એ. એ પ્રાયશ્ચિત્ત છે એ આ ભાવને નાશ કરે છે, નિવારે છે. એટલે થઈ ગયું કે નહિ? આ નિયમ પાપ અને પુણ્યના ભાવને નાશ કરે છે, નિવારે છે માટે એ પ્રાયશ્ચિત્ત થયું. આહા..હા..!

'**ટીકા :- આ, શુદ્ધનિશ્ચયનિયમના સ્વરૂપનું કથન છે.**' શુદ્ધનિશ્ચયનિયમ. મોક્ષનો માર્ગ. '**णियमेण य जं कज्जं**' નિયમથી જે કર્તવ્ય છે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એને નિયમ કહેવામાં આવે છે. એ નિયમ '**શુદ્ધનિશ્ચયનિયમના સ્વરૂપનું કથન છે.**' પર્યાયની વાત હોં. પણ શુદ્ધનિશ્ચયનિયમસ્વરૂપ જ ભગવાન છે. આહા..હા..! કહ્યુંને કેવળજ્ઞાન ઉપયોગ છે. તો એ ઉપયોગ છે એ કાર્ય. ઉપયોગ છે. ભગવાન ત્રિકાળ કારણ. ઉપયોગ ત્રિકાળ છે. આહા..હા..! કારણ-ઉપયોગમાંથી કાર્ય-ઉપયોગ આવે છે. આહા..હા..! એ ઉપયોગનું કારણ દ્રવ્ય કીધું જુઓ ત્યાં. પાંચ જ્ઞાન આદિ ઉપયોગ, પર્યાયનો. પણ કેવળજ્ઞાનનો ઉપયોગ એ પરિપૂર્ણ. પણ કહે છે કે વસ્તુનું સ્વરૂપ જે ઉપયોગ છે એ તો ત્રિકાળ છે. જ્ઞાન-ઉપયોગ, દર્શન-ઉપયોગ ત્રિકાળ છે. એ ત્રિકાળના આશ્રયથી આ પર્યાય પ્રગટ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એટલે કેવળજ્ઞાન પણ પૂર્ણ આ મોક્ષમાર્ગને આશ્રયે થાય એ પણ ના પાડી. તો ત્રિકાળી કારણ છે એમાંથી કાર્ય (થાય). કાર્યપરમાત્મા એને કહે છેને? આહા..હા..! મોક્ષનો માર્ગ પણ કાર્યપરમાત્માનું કારણ એ તો પૂર્વનો વ્યય થઈ ગયો. એ તો વ્યવહારથી કહેવામાં આવ્યું. આહા..હા..! એ કેવળજ્ઞાનનો ઉપયોગ પણ ત્રિકાળ કારણમાંથી આવે છે. એ કારણઉપયોગ ત્રિકાળ છે, કારણદર્શન ત્રિકાળ છે, કારણસમકિત ત્રિકાળ છે. આહા..હા..! અહીં નિશ્ચય પ્રાયશ્ચિત્ત ત્રિકાળ છે. આહા..હા..! આવું જે દ્રવ્યનું પરમપારિણામિક સ્વરૂપનું ધ્રુવ. આવું સ્વરૂપ છે એને આશ્રયે જે પર્યાય પ્રગટ થાય એ શુદ્ધનિશ્ચયનિયમસ્વરૂપ કહેવામાં આવે છે. '**શુદ્ધનિશ્ચયનિયમના સ્વરૂપનું કથન છે.**' વિશેષ કહેશે...

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક સુદ-૧૩, રવિવાર, તા. ૧૬-૧૧-૧૯૭૫
## ગાથા-૧૨૦, કળશ-૧૯૧, પ્રવચન નં. ૯૬

શુદ્ધનિશ્ચય નિયમના સ્વરૂપનું કથન છે. પર્યાયમાં નિર્મળ વીતરાગી પર્યાય થાય એને શુદ્ધનિશ્ચયનિયમ અને પ્રાયશ્ચિત્ત કહ્યું છે. નિશ્ચયનિયમ. વ્યવહારનિયમ વિકલ્પ આદિ હોય તે. નિશ્ચયનિયમ વીતરાગી નિર્દોષ આનંદની પર્યાય એ શુદ્ધનિશ્ચયનિયમ છે. એના સ્વરૂપનું કથન છે. નિયમસાર છેને? નિયમસાર એ મોક્ષનો માર્ગ છે અને મોક્ષમાર્ગ પર્યાય છે. ચંદુભાઈ! અહીં કહે છે કે '**શુદ્ધનિશ્ચયનિયમના સ્વરૂપનું કથન છે.**' શુદ્ધનિશ્ચય ત્રિકાળી જ્ઞાયકભાવને આશ્રયે જે નિર્મળ વીતરાગી નિર્વિકલ્પ પર્યાય થાય એને અહીંયાં શુદ્ધનિશ્ચયનિયમ કહેવામાં આવે છે.

**શ્રોતા :-** શુદ્ધનિશ્ચયનિયમ તો પર્યાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાય છે. પર્યાયની અહીં વાત છે. પ્રાયશ્ચિત્ત છેને. અહીં મૂળ પ્રાયશ્ચિત્ત પર્યાયની વાત છે, પણ એ પ્રાયશ્ચિત્ત થાય ક્યાંથી? એ જુદી વસ્તુ પાછી. આ નિયમ છે શુદ્ધનિશ્ચય નિર્વિકલ્પ આનંદનો સ્વાદ. આહા..હા..! એવો જે નિશ્ચય નિયમ એ થાય કેમ? કે પરમનિયમ જે ત્રિકાળી. એ પહેલા આવી ગયું ચેતના પરિણામ, ત્રિકાળી શુદ્ધ ચેતના પરિણામ. પરિણામ એટલે પારિણામિકભાવ. ત્રિકાળી શુદ્ધચેતના નિયમ સ્વભાવ. આહા..હા..! એને આશ્રયે એને ધ્યેયે આ શુદ્ધનિશ્ચય પર્યાય પ્રગટ થાય. સમજાણું કાંઈ? ચંદુભાઈ! ચંદુભાઈ એના માટે રોકાણા છે ન્યાયના માટે. આના માટે નહિ. સવારના ઓલા નયનો અધિકાર માટે. ક્યાં સુધી વેપાર કરતા હશે માણસ. ૫૫ વર્ષે તો ઓલા વકીલાતમાં ઓલી લઈ લે. વકીલાત શું કહેવાય? નોકરી–નોકરી. રિટાયર્ડ થાય છે.

'**જે પરમતત્ત્વજ્ઞાની...**' હવે કોને આ પર્યાય પ્રગટ થાય? આહા..હા..! જે પરમતત્ત્વ સ્વરૂપ જે ચિદાનંદ કારણપરમાત્મા પરમસ્વભાવ એનો જે જ્ઞાની. આહા..હા..! પરમતત્ત્વનો જે જ્ઞાની. આહા..હા..! '**મહાતપોધન...**' મુનિની પ્રધાનતા લેવી છેને અહીંયાં? '**મહાતપોધન...**' કારણ કે પરમતત્ત્વજ્ઞાની તો ચોથે ગુણસ્થાને હોય છે. પણ અહીં તો વિશેષ પરમતપોધન જ્ઞાની, મહાતપોધન મુનિની દશા લેવી છે. આહા..હા..! સમજાણું કાંઈ? હમણા ભાઈ એ પ્રશ્ન કરતા. આવે છે એ પ્રશ્ન ઘણા વર્ષ ચાલ્યો હતો. એમ કે ઓલા ગૃહસ્થાશ્રમમાં કેવળ થયું હતું.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ..પુસ્તક છેને. ખબર છેને. એ ચર્ચા બહુ ચાલી હતી. એ પહેલી

૭૭માં ભાવનગર. એક જણો ઓલો બારિસ્ટર હતો ભાઈ કોણ? ખુશાલ-ખુશાલ. ખુશાલ બારિસ્ટર હતો. મુંબઈના હતા એક. તો એણે એ પ્રશ્ન કરેલો. ૭૭ની વાત છે. ભાવનગરમાં કુંવરજી આણંદજી. કુંવરજી આણંદજી શ્વેતાંબરના છે. કુંવરજીભાઈ. એણે લખેલું કે કુંવરજીભાઈ! .. ગૃહસ્થાશ્રમમાં કેવળજ્ઞાન પામ્યા અને ઘરના માણસો શાક કાપતા હતા ત્યારે છરી હાથ નહોતી આવતી તો કેવળીએ એને છરી આપી 'એ પાછળ ..' આ વાત તમે માનો છો? એમ ખુશાલભાઈએ કહ્યું. ... શું કહેવાય તમારે વકીલનો મોટો બારિસ્ટર. કચ્છના હતા. કચ્છના હતા. આ ૭૭માં હું ત્યાં હતો ભાવનગર. ત્યારે આણંદજી કુંવરજીને પ્રશ્ન કર્યો ..ભાઈએ કે આવી વાતમાં તમે માનો છો? ક્યાંય મેળ વિનાની વાતું. કેવળી ગૃહસ્થાશ્રમમાં કહેવા અને તે પણ પાછો ઓલો છરી ગોતે તો બતાવે કે ત્યાં.. આ તે શું તમે કરો છો?

અહીં તો કહે છે કે **નગ્નમુનિ હોય,** વસ્ત્રનો ટૂકડો પણ ન હોય એને અંતરમાં ત્રણ કષાયનો જેને અભાવ હોય, દ્રવ્યને આશ્રયે મહાતપોધન દશા જેને પ્રગટી હોય. આહા..હા..! તપરૂપી લક્ષ્મી જેને પ્રગટી છે અંદરથી. અનંત લક્ષ્મીનો ભંડાર ભગવાન આત્મામાં પરમતત્ત્વ. એનો જ્ઞાની એને પરમતપોધન દશા પ્રગટી છે. અતીન્દ્રિય આનંદની ઉગ્ર દશા જેને પ્રગટી છે. આહા..હા..!

**શ્રોતા :-** તપોધન તો બ્રાહ્મણમાં હોય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બ્રાહ્મણમાં એ નાતીલા હોય છે. આ ભાવના. તમારે ગઢડામાં છેને. છે તપોધન. વકીલ છે એ. આહા..! આ તો આનંદસ્વરૂપ ભગવાન અતીન્દ્રિય ધ્રુવ. એનું જેને જ્ઞાન થયું છે એ ઉપરાંત જેને મહાતપોધન દશા પ્રગટ થઈ છે, એમ કહે છે. અંદરમાં અતીન્દ્રિય આનંદની લહેર ઉગ્ર થઈ છે. આહા..હા..! એને અહીંયાં મુનિ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**સદા સંચિત સૂક્ષ્મકર્મોને...**' આવો જે મુનિ ઈચ્છા નિરોધ અને અમૃત સાગરને ઉછાળનાર અંદરમાંથી. આહા..હા..! અમૃતનું પૂર ભગવાન આત્મા એનું જેને જ્ઞાન થયું છે એવો જ્ઞાની અને તે ઉપરાંત તે અનંત જ્ઞાનમાં એટલી લીનતા થઈ છે કે જેને અતીન્દ્રિય આનંદનો ઉગ્ર-પ્રચંડ સ્વાદ સ્વસંવેદન જેને આવે છે. આહા..હા..! એવાને મુનિ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ '**સદા સંચિત સૂક્ષ્મકર્મોને મૂળથી ઉખેડી નાખવામાં સમર્થ...**' આહા..હા..! વિકારીભાવ અને સૂક્ષ્મ રજકણો ઝીણા. એને મૂળથી ઉખેડી નાખવામાં સમર્થ. '**નિશ્ચયપ્રાયશ્ચિત્તમાં પરાયણ રહેતો થકો...**' આહા..હા..! નિશ્ચયપ્રાયશ્ચિત્ત જે નિર્મળદશા તેમાં તત્પર રહેતો થકો.. બીજી ભાષાએ કહીએ તો નિશ્ચયપ્રાયશ્ચિત્તસ્વરૂપ જે ભગવાન આત્મા છે તેને નિર્મળ પર્યાયમાં નિશ્ચયપ્રાયશ્ચિત્તમાં લીન રહેતો થકો. આહા..હા..! આવી વ્યાખ્યા. કહો, જયંતિભાઈ! આવો ધર્મ છે. ઓલું તો સામાયિક કરું, પોષા કરું, પડિક્કમણા કરું ને જાત્રા કરું તો ધર્મ થાય. ધૂળેય નથી સાંભળને હવે. એ તો બધી રાગની ક્રિયા છે.

આહા..હા..! અહીંયાં તો આનંદનો નાથ પ્રભુ જેના અતીન્દ્રિય આનંદના સમ્યગ્દર્શનમાં સ્વાદ આવતા જેને ઈન્દ્રના ઈન્દ્રાસનો પણ ઝેર જેવા દેખાય. સમજાણું કાંઈ? આહા..હા..! એમાં તો મુનિ વળી અહીં તો કહે છે હવે. ઉત્કૃષ્ટદશા વર્ણવવી છેને?

'**નિશ્ચયપ્રાયશ્ચિત્તમાં પરાયણ રહેતો થકો...**' અનાકુળ શાંતિ અને અનાકુળ આનંદનો સાગર એવો પરમતત્ત્વ. એનું જ્ઞાન કરીને, એનું જ્ઞાન કરીને. શાસ્ત્રજ્ઞાન એ નહિ અને એ આનંદમાં શુદ્ધ ચૈતન્યના આનંદની ભરતી લાવવામાં તત્પર છે, કહે છે. આહા..હા..! અખંડાનંદ પ્રભુ અંદર મધ્યબિંદુમાં અખંડ આનંદ પડ્યો છે. આ શું કહેવાય? ફુવારા. આ દાબેને પાણી નીકળેને. ફુવારા. પાણી હોયને. પાણી નીકળે. એમ અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન આત્મા એમાં એકાગ્રતાના દબાણથી અતીન્દ્રિય આનંદનું ઝરણું આવે અંદર. ફુવારો-ફુવારો આ શબ્દ. આ ફુવારો નામ ન યાદ આવે. ફુવારો હોયને ફુવારો. આમ ચારેકોરથી આમ. આહા..હા..! ફુવારો હોય છેને ઘણે ઠેકાણે? ચારેકોર આમ ઝરતા હોય છે. એમ ભગવાન આત્મા આહા..હા..! અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ આ ઈન્દ્રિયના વિષયમાં રાગ એ તો ઝેર છે. સમજાણું કાંઈ? આહા..હા..! અહીંયાં તો ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો ભોગવટો કરે, એનો અનુભવ કરે. આહા..હા..! ત્યારે એને નિશ્ચયપ્રાયશ્ચિત્ત તત્પર રહેલો કહેવામાં આવે છે. અંતરમાં અતીન્દ્રિય આનંદનું વેદન અનાકુળ શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... એવી શાંતિમાં જે પરાયણ નામ તત્પર છે. આહા..હા..!

'**મન-વચન-કાયાને નિયમિત (સંયમિત) કર્યા હોવાથી...**' આહા..હા..! મન-વચન-કાયાને સંયમિત પરમાથી ખસીને સ્વરૂપમાં સ્થિર કર્યો હોવાથી સંયમિત કર્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિને, તત્ત્વજ્ઞાનીને પરતત્ત્વનો તો અભાવસ્વભાવ સ્વરૂપ જણાણો છે. પરતત્ત્વ સાથે કાંઈ સંબંધ નથી. વાણી હો, શરીર હો અને વિકલ્પ હો, એનાથી પણ સર્વસંબંધ છૂટી ગયો છે જ્ઞાનીને. આહા..હા..! સમજાય છે કાંઈ? એથી પરના સંબંધમાં જે કાંઈ થાય એ આત્માને કાંઈ જવાબદારી નથી. એ તો સ્વતંત્ર થાય છે એને કારણે. આહા..હા..! ભાષા નીકળવી, ભાષા અટકી જવી એ બધું આત્માને કારણે નથી. એ તો ભાષાને આવવું હોય તો આવે, અટકી જાય તો અટકી જાય. આહા..હા..! અમરચંદભાઈ! આવી વાત છે. પરદ્રવ્યની સાથે ચૈતન્યને કાંઈ સંબંધ નથી. સર્વેપિ સંબંધો (નાસ્તિ) ન આવ્યું ૨૦૦ કળશ. આહા..હા..!

આત્મા અંતર આનંદનો નાથ ભગવાન અતીન્દ્રિય આનંદ હોં. આ ઈન્દ્રિય આનંદ તો ઝેરનો અનુભવ છે. ઝેરના પ્યાલા પીવે છે એ. આહા..હા..! એ સ્ત્રીના વિષયમાં, આબરૂને સાંભળવામાં રાજીપો કરે, મોટું અભિનંદન આપે ત્યારે રાજી-રાજી થઈ જાય, એ બધા ઝેરના પ્યાલા પીવે છે એ. કહો, જુગલરાજજી! રાગ-રાગ. અતીન્દ્રિય આનંદ રાગ વિનાની ચીજ છે.

**શ્રોતા :-** એ ક્યારે પ્રગટ થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કરે ત્યારે પ્રગટ થાય. આહા..હા..! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો સાગર છે. અતીન્દ્રિય આનંદના તેજથી ભરેલો પૂર્ણ પ્રવાહ જેમાં વહે છે, નૂર વહે છે, તેજ વહે છે. આહા..હા..! અરે! એને ખબર નથીને. એ કોણ છું? હું કેવો છું? હું કેમ છું? ક્યાં એને ખબર છે! આમ ને આમ બધું શરીર ને બાયડી ને છોકરા ને કુટુંબ ને ધૂળધાણી જે એની સાથે કાંઈ સંબંધ નથી, એ બધા મારા માનીને મશગુલ થઈ ગયો છે અજ્ઞાની. આહા..હા..! સમજાણું કાંઈ? એ મૂઢ જીવ છે. ચાહે તો ચક્રવર્તી હો ને રાજા હો ને દેવ હો. એ જડમાં મૂંઝાઈ ગયા, રાગમાં મૂંઝાઈ ગયા, જડમાં મૂંઝાઈ ગયા છે એ. આહા..! મૂઢ થઈ ગયા છે, કહે છે. આહા..હા..! પણ જેને આત્મા ભગવાન ચિદાનંદનો નાથ છે એને જેને ઢંઢોળીને જગાડ્યો છે પુરુષાર્થ દ્વારા. આહા..હા..! એની જે નિર્મળદશા પ્રગટ થાય છે એ જ નિશ્ચયથી પ્રાયશ્ચિત્ત છે. આહા..હા..!

‘**મન-વચન-કાયાને નિયમિત (સંયમિત) કર્યા હોવાથી ભવરૂપી વેલના મૂળ-કંદાત્મક...**’ ભાષા જુઓ, ભવરૂપી વેલનું મૂળસ્વરૂપ, કંદસ્વરૂપ શુભાશુભભાવ. એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા ભાવ તે શુભ, હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના અશુભ, એ સંસારના મૂળિયા-મૂળિયા છે. આહા..હા..! ‘**ભવરૂપી વેલના મૂળ-કંદાત્મક...**’ છે એ તો. મૂળિયું કંદ. મૂળ હોય છેને ઉંડું? મૂળ હોતું નથી ઝાડને? એમ આ ભવનું મૂળિયું પુણ્ય અને પાપ છે. આહા..હા..! એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રા એ જે ભાવ છે એ શુભભાવ સંસારનું મૂળિયું છે. આહા..હા..! આવી વીતરાગની વાત! રાગ છે એ સંસારનું મૂળ છે અને ભગવાન આત્મા છે એ મોક્ષ થવાનું મૂળિયું છે. આહા..હા..! ‘**ભવરૂપી વેલ...**’ મોટી વેલડી હોય છેને વેલ-લતા. ‘**ભવરૂપી વેલના મૂળ-કંદાત્મક શુભાશુભસ્વરૂપ પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત વચનરચનાનું નિવારણ કરે છે,...**’ પહેલી વચનની વાત છે. ‘**શુભાશુભસ્વરૂપ પ્રશસ્ત-અપ્રશસ્ત...**’ શુભ વાણી, ઉપદેશની શુભ વાણી એને પણ છોડી દઈને. આહા..હા..!

‘**કેવળ તે વચનરચનાનો જ તિરસ્કાર કરતો નથી...**’ તિરસ્કાર શબ્દ વાપર્યો જોયું! વાણી બોલવાનો તેને ત્યાગ કરી દે છે. વાણી મારી ચીજ નથી. વાણી નીકળવી કે રટવી એ મારું સ્વરૂપ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એટલે વચનરચના એ નિમિત્ત છે અને અંદર રાગભાવ તે ખરો ઉપાદાન છે. તો વચનરચનાને છોડીને એકલું છોડીને નહિ. ‘**સમસ્ત મોહરાગદ્વેષાદિ પરભાવોનું નિવારણ કરે છે,...**’ કોણ? નિશ્ચયપ્રાયશ્ચિત્તમાં રહેલો જીવ. આહા..હા..! પરમતત્ત્વજ્ઞાની મહાતપોધન નિશ્ચયપ્રાયશ્ચિત્તમાં તત્પર છે તે. ભવના વેલના કારણો પ્રશસ્ત-અપ્રશસ્ત ભાષા. આહા..હા..! એ પ્રશસ્ત ભાષા એ ભવનું કારણ છે. એય..!

‘**કેવળ તે વચનરચનાનો જ તિરસ્કાર...**’ એટલે અનાદર કરતો, આદર કરતો નથી

એટલું નહિ. '**સમસ્ત મોહરાગદ્વેષાદિ પરભાવો...**' આહા..હા..! '**સમસ્ત મોહરાગદ્વેષાદિ પરભાવોનું નિવારણ કરે છે,...**' આહા..હા..! ચૈતન્ય આનંદરસ ભગવાન જ્ઞાનનું નૂર જે તેજ જ્ઞાનના તેજ પડ્યા છે આત્મામાં. એવા જ્ઞાનના તેજનું પૂર એનો આશ્રય લેનાર એને જે નિર્મળ વીતરાગી પર્યાય પ્રગટ થાય એને નિશ્ચયપ્રાયશ્ચિત્ત કહે છે. એ નિશ્ચયપ્રાયશ્ચિત્ત શુભાશુભવચન જે છે ભવનું કારણ એને છોડે છે. એટલે કે તેના નિમિત્તમાં અહીંયાં જે પુણ્ય અને પાપનો ભાવ થતો એને છોડે છે. સમજાણું કાંઈ? આહા..હા..! શુભ વચન ભવનું મૂળ છે, એમ કહે છે. નિમિત્ત તરીકે કહ્યું. ઉપાદાન તો ત્યાં રાગ જે છે પુણ્ય અને પાપનો ભાવ અને મિથ્યાત્વ પરસંબંધીની સાવધાની. રાગમાં સાવધાન, ભગવાનમાં અસાવધાન. પોતે ભગવાન આત્મામાં અસાવધાન. આહા..હા..! પુણ્ય-પાપમાં સાવધાન એ મિથ્યાત્વ છે. આકરી વાત, ભાઈ! એને છોડી દઈને. એને છોડે છે એમ કહેવું છે. નિવારણ કરે છે એમ કહેવું છેને?

'**સમસ્ત મોહરાગદ્વેષાદિ...**' આહા..હા..! ગુણી એવો દ્રવ્ય અને ગુણ નિર્મળ પર્યાય એ બેનો વિચાર પણ વિકલ્પ અને ભેદ છે. એને પણ છોડી દઈને. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો જ્ઞાનાર્ણવમાં આવે છેને નહિ? જળધારણા, પૃથ્વીધારણા નથી આવતું? એ વિચારે આમ કમળ અને આ તીર્થંકર અને એમાંથી ધ્વનિ ઉઠે છે એ બધી વિકલ્પની કાળની દશા છે. વિકલ્પમાં એ અંદર ચિંતવના કરે. મૂળ એ ચીજ નહિ. સમજાણું કાંઈ? પણ અશુભથી ટળવા. અશુભવંચનાર્થે હોં. એ ભાવ શુભ આવે. પણ છે શુભભાવ એ સંસારનું મૂળ છે. આહા..હા..! એમાંથી સંસાર ફળે છે, ભવ ફળે છે. આહા..હા..! ભલે સ્વર્ગ ફળે શુભભાવથી, પણ એ સંસાર ફળ્યું એ તો એને. આત્મા ન ફળ્યો. આહા..હા..! ચંદુભાઈ! આ બધા પૈસાવાળા થાય, કરોડોપતિ ને અબજોપતિ. બે થાય નહિ એનાથી. શુભથી તો અધર્મ જ થાય. આ પોકાર શું કરે છે અહીં? કે એ તો નિવારણ, એના નિવારણ કરવાને સમર્થ છે, રાખવાને સમર્થ નથી. આહા..હા..! નિર્વિકારી દશામાં પરિણમન તે. એ તો આવી ગયું છે કાલે. આહા..! આમાં ભાવનિક્ષેપ આવ્યું હતુંને? બીજાને એવી ભાષા લાગે કે આ શું? ભાઈ! આ તો વીતરાગભાવે વાત ચાલે છે. એમાં કાંઈ એ વાત ગમે તે આવે ભાવ નિક્ષેપમાં કહ્યું હતુંને કે ભાવસ્વરૂપ જે ત્રિકાળ છે આનંદનો નાથ પ્રભુ. એમાંથી પર્યાય બહાર આવી. ઉપર આવી ઉપર આમ. અહીંયાં હતી. આહા..હા..! જુઓને કાંઈ શબ્દમાં એને કાંઈ આંચકો આવે છે? શબ્દ વખતે શબ્દ નીકળે શબ્દને કારણે. આહા..હા..!

ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ ભાવ આનંદનો નાથ. એમાંથી ઉલસીને નિર્મળ પર્યાયમાં ભાવ આવ્યો એ ઉપર આવી પર્યાય એમ. જેમ પુરુષને રોગાદિ હોય અને એ વિષય લેવા આમ ઉપર ન ચડી શકે તો નીચે રહે અને સ્ત્રી ઉપર ચડે આમ ભોગ દેવા એવો દાખલો આપ્યો છે. આહા..! એને ક્યાં પડી છે પણ એને. આહા..હા..!

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ વળી બીજી વાત છે. એ તો પછી. એમ કે માથે ધણી હોય તો ભૂલ થાય તો એ ભૂલનો... એ બીજી વાત છે. આ બીજી વાત છે. આ બીજી વાત થઈ આ. પકડાણી નહિ.

**શ્રોતા** :- દાખલો એવો હતો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઈ તો દાખલો નહિ, આ તો દાખલો એનાથી બીજો આકરો. કે પુરુષ સ્ત્રીનો વિષય લે ત્યારે પુરુષ ઉપર રહે અને સ્ત્રી નીચે, પણ આ તો પુરુષ નીચે રહે અને સ્ત્રી ઉપર આમ થાય. ઓલું શરીર કામ ન કરે તો આમ દઈને ભોગ આપે. એમ દાખલો આપ્યો છે જેને કાંઈ પડી નથી વીતરાગભાવના. આહા..હા..! જેને સાધારણ માણસને ખબર પણ ન હોય કે આ શું કહે છે? એને શું પડી છે? એને તો વસ્તુસ્થિતિ વર્ણવવી છે અંદરથી. આહા..હા..! ભાવ આનંદનો નાથ પ્રભુ અંદર બિરાજે છે એની પર્યાય ઉપર બહાર આવી, કહે છે. સમજાણું કાંઈ? એને ભાવનિક્ષેપ કહેવામાં આવે છે. આહા..હા..! વીતરાગી મુનિને શું વિકથા.. શબ્દો વિકથા નથી. એમાં રાગનો રસ ભળે તો વિકથા કહેવાય છે. વિકથા કાંઈ શબ્દો વિકથા નથી. શબ્દ તો જડ છે. જડને શું? એમાં રાગ ભળે તો એ શબ્દોને વિકથા કહેવામાં આવે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, પરમતત્ત્વજ્ઞાની પરમતત્ત્વ એવું જે ચૈતન્ય ભગવાન. એનું જેને જ્ઞાન થયું એ જ્ઞાની. એ ઉપરાંત જેને મહાતપોધન દશા પ્રગટી છે. અતીન્દ્રિય આનંદના ઉભરા આવ્યા છે અંદર. દૂધનો ઉભરો આવે એ દસ શેર દૂધ હોય એ આમ દેખાય પણ એ પોલો ઉભરો હોય. એ કાંઈ ઉંચું થયું માટે દૂધ વધી ગયું (એમ નથી). આહા..હા..! એમ ભગવાન આત્મામાં એમ નથી, એ કહે છે. એ સક્ક્ડ ભરેલો જે આનંદનો નાથ પ્રભુ એમાં એકાગ્ર થઈને સક્ક્ડ આનંદની દશા જેને પ્રગટી છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! અતીન્દ્રિય આનંદના સ્વાદમાં મશગુલ થઈ ગયો છે. એને નિશ્ચયપ્રાયશ્ચિત્ત એને કહેવામાં આવે છે કે એ દ્વારા શુભાશુભ પ્રશસ્ત-અપ્રશસ્ત વાણી અને મોહ અને રાગદ્વેષનું નિવારણ કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'વળી અનવરતપણે (નિરંતર) અખંડ, અદ્વૈત, સુંદર-આનંદસ્યંદી...'** આહા..હા..! શું કહે છે? નિરંતર અખંડ ભગવાન. નિરંતર અખંડ એકરૂપ વસ્તુ. અદ્વૈત. અદ્વૈત નામ બે નહિ. નિર્મળ પર્યાય અને દ્રવ્ય બે નહિ. એ તો દ્વૈત થઈ ગયું. એ આત્મા એકરૂપ ન રહ્યો એ. **'અખંડ, અદ્વૈત,...'** બે નથી જેમાં. એકરૂપ સ્વરૂપ ત્રિકાળ આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ. **'સુંદર-આનંદસ્યંદી (સુંદર આનંદઝરતા),...'** આહા..હા..! ભગવાન આત્મામાં સુંદર અતીન્દ્રિય આનંદ ઝરણું એ આનંદનું ઝરણું છે. એમાંથી અતીન્દ્રિય આનંદ ઝરે છે. આહા..હા..! બહુ વરસાદ હોયને ત્યારે પછી પાણી બહાર આવે આમ. અમથું ભર્યું હોયને બહારનું તો

આમ તળાવ બહાર ન ભર્યું હોય, પણ અંદરથી આમ ઝરે. એક ફેરી ૩૩ ઈંચ વરસાદ આવ્યો હતો બેની સાલમાં. બે હજારની. તે અમથી ખાલી જમીનમાંથી પાણી ઝરે. ભરાણા હોયને અંદર. પાણી ઝરે અંદરથી. આહા..હા..!

**શ્રોતા** :- ભાદરવા મહિનામાં એમ પાણી...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, વરસાદ બહુ આવ્યો હતો અહીં ૩૩ ઈંચ આવ્યો. આ ફેરે ૨૭ ઈંચ આવ્યો પણ આમ .. હતોને .. ઓછો એટલે પાણી દેખાતું નહિ. તે દિ' તો વરસાદ ઉપરાઉપર બહુ આવતા. બે હજારની સાલની વાત છે ઘણું કરીને. ૩૩ ઈંચ. પાણી નદીમાં તો ચાલ્યું જાય. નદી શું એ નહેરું. પણ ઉપરથી પાળીમાંથી પાણી ઝરતા હતા. એમ આનંદનો નાથ પ્રભુ ભગવાન. આહા..હા..! જેમાં અતીન્દ્રિય આનંદનું ઝરણું એ તો છે. આહા..હા..! આવી વાતું કહે. આવો આત્મા એને બેસે નહિ. પોતે એવો છે. સમજાણું કાંઈ? અતીન્દ્રિય આનંદનો સાગર ઝરણું એ તો છે, કહે છે. અને તે '**અનુપમ,...**' છે. એ ત્રિકાળી ચીજને કોઈ ઉપમા આપી શકાય એવી નથી. આહા..હા..!

'**નિરંજન,...**' છે. જેને મેલ નથી. '**નિજકારણપરમાત્મતત્ત્વની...**' લ્યો! એવું જે પોતાનું કારણપરમાત્મતત્ત્વ જીવતત્ત્વ ત્રિકાળ, આહા..હા..! '**નિજકારણપરમાત્મા...**' પોતાનો ત્રિકાળી કારણપારિણામિકસ્વભાવભાવ એવા કારણપરમાત્મતત્ત્વની '**સદા શુદ્ધોપયોગના બળથી...**' સદા શુદ્ધોપયોગના બળથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**(-નિરંતર) અખંડ, અદ્વૈત, સુંદર-આનંદસ્યંદી, અનુપમ, નિરંજન, નિજકારણપરમાત્મતત્ત્વની સદા શુદ્ધોપયોગના બળથી...**' આહા..હા..! નિર્વિકલ્પ પરિણતિથી અને શુદ્ધોપયોગના બળથી '**સંભાવના કરે છે,...**' શુદ્ધોપયોગના બળથી એમાં સંભાવના ચૈતન્ય તરફની પરિણતિ કરે છે. આહા..હા..! શબ્દો ઓછા પડે છે. કઈ રીતે એને કહેવા. સમજાણું કાંઈ? જેને શું ઉપમા? વસ્તુને ઉપમા શું? અરે! એની નિર્મળ પરિણતિને ઉપમા શું? એના જેવી એવી દશા વીતરાગી પરિણતિ. આહા..હા..! એવા આત્માને, આવો આત્મા કીધોને. અનુપમ, નિરંજન, અખંડ, અદ્વૈત, સુંદર-આનંદસ્યંદી અને એવું નિજકારણપરમાત્મતત્ત્વ ધ્રુવ. ઉત્પાદ પર્યાય અને વ્યય પર્યાય વિનાનું. આવો ઉપદેશ કેવી જાતનો? માર્ગ એવો છે, ભાઈ! એ વીતરાગનું આવું તત્ત્વ છે. જિનેન્દ્રદેવ પરમેશ્વર નિશ્ચયપ્રાયશ્ચિત્તની વ્યાખ્યા કરે છે કે નિશ્ચયપ્રાયશ્ચિત્ત વીતરાગી પર્યાય એ કોની ભાવનાથી થઈ? કે આવો ત્રિકાળી ભગવાન છે એની ભાવનાથી થઈ. આહા..હા..! સમજાણું કાંઈ?

અનંત-અનંત અકષાયસ્વભાવની મૂર્તિ પ્રભુ છે. આત્મા એ અનંત અકષાયસ્વભાવની મૂર્તિ છે. એને શુદ્ધોપયોગના બળ વડે જે ધ્યાવે છે. આહા..હા..! એની '**સંભાવના (સમ્યક્ ભાવના) કરે છે,...**' એવો જે ત્રિકાળી સ્વભાવભાવ એને સમ્યક્ પ્રકારે એટલે એમાં એકાગ્ર થાય છે '**તેને નિયમથી શુદ્ધનિશ્ચયનિયમ છે...**' આહા..હા..! '**તેને (મહાતપોધનને)...**'

એ જંગલમાં વસતા હોય મુનિ, નગ્નપણું હોય એને, વસ્ત્રનો એક ધાગો બહાર ન હોય એને અને વિકલ્પની લાગણી અને વિકલ્પ ન હોય જેને. આહા..હા..! સમજાણું કાંઈ? એવી જેને વીતરાગી દશા અંતરમાં પ્રગટી છે, એને નિશ્ચયથી શુદ્ધનિશ્ચયનિયમ છે. સાચો નિયમ જે છે એ એને છે. આ નિયમ લીધા એમ નથી કહેતા? કયા નિયમ હવે? નિયમની તો ખબર નથી કે કોણ છે? આહા..હા..!

આવું જે ત્રિકાળી અખંડ આનંદનો નાથ પ્રભુ એને શુદ્ધોપયોગના બળે ભાવના કરે છે એને નિશ્ચયપ્રાયશ્ચિત્ત અને શુદ્ધોપયોગ છે. આહા..હા..! અહીં તો હજી બહારના રાગથી ક્રિયા કરે ધર્મ થાય. જાત્રા કરે. જુઓને કારતક માણસ બહુ ભેગા થાય છે. આજે કેટલી મોટર નીકળતી હતી. મોટર ઉપર મોટર, મોટર ઉપર મોટર, જાણે ઓહો..હો..! ત્યાં તો જાણે શું હશે શેત્રુંજય. ત્યાં રહે દર્શન કરે તો શુભભાવ પુણ્ય હોય.

**શ્રોતા :-** બધા પાપ ટળી જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય ટળતો નથી. એ પુણ્યમાં ધર્મ માને તો મિથ્યાત્વનું પાપ લાગે છે એને.

**શ્રોતા :-** શેત્રુંજય નદીમાં નહાય તો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શેત્રુંજય નદીમાં માછલા બહુ નહાય છે. કહો, જીવરાજજી! શેત્રુંજય નદીમાં માછલા મચ્છ-મચ્છ હોય છેને. આખો દિ' નહાય છે. એમાં ધૂળ શું. આહા..હા..! ચૈતન્ય અને અતીન્દ્રિય આનંદના સ્વભાવથી જેને સ્નાન કરાવો. આહા..હા..! આત્મા અનંત આનંદના જળથી ભરેલો ભગવાન એમાં ડૂબકી મારીને અનંત આનંદની શાંતિથી એને સ્નાન કરાવો. આહા..! સમજાણું કાંઈ? અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ, એવો જે સાગર પ્રભુ દરિયો એમાં ઉંડો જા. આહા..હા..! પર્યાયને એમાં ઉંડી વાળ એને. આહા..હા..! એ ઉપયોગના અધિકારે છેને દસમી ગાથાના. મૂળ તો એ છે કે ઉપયોગની પર્યાય જે છે બહાર. એને ત્રિકાળી વસ્તુ ઉપયોગ, ત્રિકાળી વસ્તુ છે એમાં વાળ અંદર. આહા..હા..! ઉંડે-ઉંડે પેસી જા. આહા..હા..! પાતાળમાં ભગવાન બિરાજે છે અંદર. પાતાળમાં પહોંચી જા એમ કહે છે. આહા..હા..! વર્તમાન પર્યાય છે નિર્મળ. એને અંતરમાં વાળ. એટલે વાળે ત્યારે નિર્મળ થાય છે અને નિર્મળથી એ વળે છે બધો એક જ સમય છે. કેટલાકને તો એવું લાગે આ તે જૈનનો માર્ગ હશે? પરમેશ્વર વીતરાગનો માર્ગ હશે? વીતરાગમાર્ગમાં તો કંદમૂળ ન ખાવા, છપરબી પાળવું, ચોવિહાર કરવો, જાત્રા કરવી, વ્રત પાળવા એવું જૈનદર્શનમાં આવે છે. અરે! સાંભળને હવે તને જૈનદર્શન કોને કહેવું એની ખબર નથી. સમજાણું કાંઈ? એ તો વસ્તુનું સ્વરૂપ છે જૈનદર્શન તો. એ કોઈ સંપ્રદાય નથી, કોઈ પક્ષ નથી, કોઈ વિકલ્પ છે એ જૈનદર્શન છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! કેટલી વાત કરી એક ગાથામાં! આહા..હા..! દ્રવ્યનો સ્વભાવ એના શુદ્ધોપયોગની ભાવનાથી એ પૂર્વના અશુદ્ધભાવ અને સૂક્ષ્મ રજકણ

ટળી જાય છે. અશુદ્ધતાનો વ્યય થાય છે, શુદ્ધોપયોગની ઉત્પત્તિ થાય છે અને ધ્રુવ છે તેનો આશ્રય થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'એમ ભગવાન સૂત્રકારનો અભિપ્રાય છે.'** એમ લીધું ભાઈ પાછું. આહા..હા..! ટીકાકાર કહે છે. મુનિ ટીકાકાર છે પદ્મપ્રભમલધારિદેવ **નગ્નમુનિ નવસો** વર્ષ પહેલા જંગલમાં વસતા હતા. એ મુનિ કહે છે, ભગવાન કુંદકુંદાચાર્યનો આ અભિપ્રાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'अप्पाणं जो झायदि'** શબ્દ છેને? **'तस्स दु णियमं हवे णियमा'** એમ સૂત્રકાર કુંદકુંદાચાર્ય મહારાજ ટીકાકાર મુનિ ભાવલિંગી સંત છે, છઠ્ઠે-સાતમે ગુણસ્થાને બિરાજમાન છે, ભાવલિંગી સંત સાધુ છે, એ એમ કહે છે **'ભગવાન સૂત્રકારનો અભિપ્રાય છે.'** કે જે ત્રિકાળી ભગવાન આત્મામાં જે પોતાના શુદ્ધોપયોગથી ભાવના કરે છે એને નિશ્ચય નિયમ છે એમ ભગવાન સૂત્રકારનો અભિપ્રાય છે. આહા..હા..! મુનિરાજ પણ કુંદકુંદાચાર્યને ભગવાન તરીકે કહે છે. એય..! સમજાણું કાંઈ? મુનિ છે, ભાવલિંગી સંત છે. પોતે કહે છે મારા મુખમાંથી પરમ આગમ ઝરે છે, સત્ય વાણી ઝરે છે, કહે છે. આહા..હા..! પણ ઈ એમ કહે છે સત્ય વાણી ઝરમાં કે આ ગાથામાં ભગવાન કુંદકુંદાચાર્યનો આ આશય અને આ અભિપ્રાય છે કે ત્રિકાળી અખંડાનંદને જેને શુદ્ધોપયોગથી ભાવવો તે શુદ્ધોપયોગ તે નિયમ છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, આ તો સમજાય એવું છે. ન સમજાય એવું નથી ભાષા તો સાદી છે.

**શ્રોતા :-** ભાવ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભાવ ઉંચા ભલે હો. ભાવ પણ એના ઘરના છે, એમાં ઉંચા શું કહેવા? આહા..હા..!

કહે છે કે અંદરમાં આત્મા અખંડ પરમાત્મસ્વરૂપ, કારણપરમાત્મતત્ત્વ. ઠીક. એવા તત્ત્વની શુદ્ધોપયોગ દ્વારા અંદર ભાવના કરવી, એકાગ્ર થવું. આવા તત્ત્વની અંદર એકાગ્ર થવું એ એકાગ્ર દશાને નિશ્ચયથી, શુદ્ધનિશ્ચયનિયમ છે એમ ભગવાન સૂત્રકારનો અભિપ્રાય છે. આહા..હા..! મુનિરાજ એમ કહે છે. ભાવલિંગી સંત છઠ્ઠે ગુણસ્થાને. કુંદકુંદાચાર્ય ભગવાન છેને પાઠમાં? જુઓ, **'भवतीत्यभिप्रायो भगवतां सूत्रकृतामिति।'** સંસ્કૃત છે. એમાં છે સંસ્કૃત? સમજાણું કાંઈ? આહા..હા..! **'ભગવાન સૂત્રકારનો આ અભિપ્રાય છે.'** જુઓ તો ખરા! આહા..હા..! કે નિરંતર અખંડ અદ્વૈત સુંદર આનંદ ઝરતો સ્વભાવ હોં ત્રિકાળ. અનુપમ, નિરંજન, નિજકારણપરમાત્મતત્ત્વ ધ્રુવ. એની પર્યાયમાં શુદ્ધોપયોગના બળથી જે સંભાવના કરે છે તેને સાચો નિયમ, શુદ્ધનિશ્ચયનિયમ હોય છે એમ ભગવાન સૂત્રકારનો અભિપ્રાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ ગાથા!

દ્રવ્યસ્વરૂપ જે ત્રિકાળ અખંડ આનંદનો નાથ પ્રભુ જેમાં પર્યાયનો ભેદ પણ જેમાં નથી. આહા..હા..! એવા અખંડ આત્મા એની શુદ્ધોપયોગ દ્વારા, શુદ્ધોપયોગના બળથી સમ્યક્ ભાવના

એકાગ્રતા કરે છે એને સાચો નિશ્ચયનિયમ છે, નિયમથી નિશ્ચયનિયમ છે એમ ભગવાન સૂત્રકારનો અભિપ્રાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? કુંદકુંદાચાર્ય એટલે શું? આહા..હા..! દિગંબર સંત. 'મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો' ત્રીજે નંબરે આવ્યા. ગણધર પછી કુંદકુંદાચાર્ય આવ્યા. વચ્ચે તો મુનિ ઘણા હતા. તો બીજા મુનિની ગણતરી ન કરી અને આની કરી?

**શ્રોતા :-** એક .. આવી ગયાને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બધા આવી ગયા. 'મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાચાર્યો, જૈનધર્મોસ્તુ મંગલં.' વીતરાગ પરિણામ જૈનધર્મ તે મંગળિક છે. આહા..હા..! શુભભાવ એ મંગળિક નહિ. સમજાણું કાંઈ? આકરું ભારે ભાઈ! દેવ એમ કહે કે મારું લક્ષ કરીશ તો તને શુભભાવ થશે, ધર્મ નહિ થાય. તારું લક્ષ કરીશ દ્રવ્યના અખંડનું તો તને ધર્મ થશે. આહા..હા..! લ્યો શેઠ! આ મંદિર કર્યું તમે ચાર લાખનું. બાર લાખનું મંદિર કર્યું. શુભભાવ છે એ કહે છે.

**શ્રોતા :-** દેવ તો થાશેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દેવ થાય એમાં દાળિયા શું થયા?

**શ્રોતા :-** ધર્મ ન થયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, વાત એ. એ તો શેઠ પહેલેથી કહે છેને કે જન્મ-મરણ મટવાનું કારખાનું સોનગઢમાં છે. ભવનો અભાવ કરવાનું કારખાનું ત્યાં છે, એ તો પહેલેથી કહે છે એ. હમણા છોકરાઓને કહ્યું હતું. છોકરાઓ છે કે નહિ? વયા ગયા? એને કહ્યું હતું. આહા..હા..! ભાઈ! એ વસ્તુ આવી છે, બાપા! એ ચૈતન્યનો નાથ એમાં ભવ કેવા અને ભવનો ભાવ કેવો? જેમાં નિર્મળ પર્યાય પણ નથી એને ભવનો ભાવ અને ભવ કેવો? આહા..હા..! એ તો નિર્મળ પર્યાય દ્વારા ભાવનાથી ભાવી શકાય એવું તત્ત્વ છે. આહા..હા..! શુદ્ધોપયોગ કહો કે નિર્મળ પર્યાય કહો. આહા..હા..! આ તો બહુ ધીરાના કામ છે, બાપા! આ કોઈ વિદ્વતાના કે બહુ શાસ્ત્ર ભણ્યો માટે આવું થાય એ કાંઈ નહિ. એવું તો નવ પૂર્વ ભણી ગયો અનંતવાર. સમજાણું કાંઈ? ભગવાન જિનેન્દ્રદેવ જેને આત્મા કહે છે એ આત્માની ઉપમા આપીને અહીં આત્મા વર્ણવ્યો. આહા..હા..! એવો જે અખંડ નિરૂપમ-ઉપમા વિનાનો. આહા..હા..! અદ્વૈત-બેપણું જેમાં નહિ. આહા..હા..! દ્રવ્ય અને પર્યાય એ દ્વૈત છે. એ તો બે થયા. સમજાણું કાંઈ? આહા..હા..! હવે શું શૈલી એની! આહા..હા..! એ તો દ્વૈત તો પરમાણુ પણ હોય દ્રવ્ય તરીકે, પણ આ તો સુંદર આનંદ. આહા..હા..!

અને ઉપમા વિનાની ચીજ. એની ઉપમાનું શું કહેવું? ત્રિકાળી ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ. સત્ નામ શાશ્વત જ્ઞાન અને આનંદનો સાગર પ્રભુ એને શું ઉપમા કહેવી? આવે છેને શ્રીમદ્‌માં કહે નહિ? વાણી માપ એટલે એનું માપ થઈ જાય. વીતરાગના ભાવનું માપ કરવા જા તો

તારું માપ થઈ જશે. એ અમાપ ચીજ છે. શ્રીમદ્‌માં આવે છે. ઓહો..હો..! **'સદા શુદ્ધોપયોગના બળથી...'** ભાષા શું કીધી જોયું? સદા જેને સદુપયોગના-શુદ્ધોપયોગના બળથી. આહા..હા..! **'(સમ્યક્ ભાવના) કરે છે,...'** સાચી વીતરાગદશા જે કરે છે **'તેને (તે મહાતપોધનને) નિયમથી...'** નિશ્ચયથી **'શુદ્ધનિશ્ચયનિયમ છે...'** આહા..હા..! નિશ્ચયથી શુદ્ધનિશ્ચયનિયમ છે. આહા..હા..! એને ધર્મ કહેવામાં આવે, એને મોક્ષમાર્ગ કહેવામાં આવે. આહા..હા..! એ શુદ્ધોપયોગને મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. વચ્ચે શુભ આવે એ મોક્ષમાર્ગ નથી. દયા, દાન, વ્રતનો વિકલ્પ આવે એ ખરો મોક્ષમાર્ગ નથી, આહા..હા..! બંધમાર્ગ છે. હોય, પણ છે બંધમાર્ગ એ. આહા..હા..!

૧૨૦ ગાથા. એની **'ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ ચાર શ્લોક કહે છે :-'** ગાથા એક અને શ્લોક ચાર.

(हरिणी)

वचनरचनां त्यक्त्वा भव्यः शुभाशुभलक्षणां
सहजपरमात्मानं नित्यं सुभावयति स्फुटम्।
परमयमिनस्तस्य ज्ञानात्मनो नियमादयं
भवति नियमः शुद्धो मुक्त्यंगनासुखकारणम्।।१९१।।

**'શ્લોકાર્થ :- જે ભવ્ય શુભાશુભસ્વરૂપ વચનરચનાને છોડીને...'** શુભ હો કે અશુભ બધી વચનરચના જડની છે. આહા..હા..! તેનું લક્ષ છોડી દઈને **'સદા સ્ફુટપણે...'** સદા પ્રગટપણે, સદા પ્રત્યક્ષ જ્ઞાનના પ્રત્યક્ષપણે **'સહજપરમાત્માને...'** સહજપરમાત્મા એટલે ત્રિકાળ કારણપરમાત્મા. સ્વભાવિક પરમાત્મસ્વરૂપ છે તેને એમ કહે. પર્યાય તો નવી થાય છે અને જાય છે. આ તો ત્રિકાળી સહજસ્વરૂપ છે. આત્મા પરમાત્મસ્વરૂપે સહજ ત્રિકાળ છે. આહા..હા..! એવા **'સહજપરમાત્માને સમ્યક્ પ્રકારે ભાવે છે,...'** એટલે કે વાતને ધારણામાં રાખે છે એ કાંઈ ભાવના નથી, એમ કહે છે. આહા..હા..! જેને એવા આત્મા પ્રત્યે સમ્યક્ પ્રકારે એકાગ્ર થઈને ભાવના કરે છે. આહા..હા..!

**'તે જ્ઞાનાત્મક પરમયમીને...'** તે જ્ઞાનસ્વરૂપ પરમયમી એટલે યમનો કરનાર, વ્રતનો કરનાર આ નિશ્ચય હોં. જ્ઞાનસ્વરૂપ **'પરમયમીને મુક્તિરૂપી સ્ત્રીના સુખનું કારણ...'** મુક્તિરૂપી, અતીન્દ્રિય આનંદરૂપી શિવરમણિ મુક્તિ એનું સુખનું કારણ **'એવો આ શુદ્ધ નિયમ...'** એવો આ શુદ્ધનિયમ **'સમ્યક્ પ્રકારે ભાવે છે, તે...'** **'શુદ્ધનિયમ નિયમથી (-અવશ્ય) છે.'** આહા..હા..! સમજાણું કાંઈ? ટીકામાં નિજકારણપરમાત્મા લીધું. આમાં સહજ પરમાત્મા લીધું. સ્વભાવિકપરમાત્મસ્વરૂપ છે. સ્વભાવિક પરમસ્વરૂપ, ધ્રુવસ્વરૂપ સ્વભાવિક છે. એ કોઈએ બનાવ્યું નથી અને થયું નથી. થયું નથી, એ તો છે. આહા..હા..!

એવા **'સહજપરમાત્માને સમ્યક્ પ્રકારે...'** અંદર નિજપરમાત્મા સહજપરમાત્માને ધ્યેય

બનાવી અને જે ભાવના સમ્યક્ પ્રકારે છે '**તે જ્ઞાનાત્મક પરમયમીને...**' તે જ્ઞાનસ્વરૂપ આત્મા થઈ ગયો. આહા..હા..! '**મુક્તિરૂપી સ્ત્રીના સુખનું કારણ એવો આ શુદ્ધનિયમ નિયમથી (-અવશ્ય) છે.**' આહા..હા..! કહો, આ નિયમ. નિયમ નથી કહેતા કે નિયમ લીધો? નિયમ કર્યો? એ આ નિયમ. ત્રિકાળી જે નિયમ આત્મા ત્રિકાળી સ્વરૂપ એની સમ્યક્ ભાવના અંદરમાં દ્રવ્યમાં ધ્યેયે કરવી એનું નામ નિયમ કહેવામાં આવે છે. એણે નિયમ લીધો અને નિયમ કર્યો. આહા..હા..! સમજાણું કાંઈ? નિયમ લીધો કાંઈ ફલાણું નથી કહેતા? આ ઓલા લોકો તો સ્થાનકવાસીમાં એવું વ્યાખ્યાન પૂરું થાય તો પચ્ચખાણ કરો કાંઈક. એવું હોય છે એનામાં. ઉભા થાય ત્યારે વ્યાખ્યાન પૂરું થતાં. સ્થાનકવાસીમાં છે. દેરાવાસીની ખબર નથી. થાય છે? સ્થાનકવાસીમાં તો કરે છે બધે. ઉભા થાય. વ્યાખ્યાન પૂરું થાય એટલે. જોયું છે કે નહિ, ચંદુભાઈ? પછી પચ્ચખાણ આપે. તમારી ધારણા પ્રમાણે ધારી રાખો. એ નિયમ કાંઈક લ્યો અમારી પાસે આવ્યા છો તો. અથવા વિહાર કરે ત્યારે કાંઈક નિયમ લ્યો, ભાતુ આપો, ભાતુ આપો. આવા ને આવા. ઓલો નિયમ લે એમાં તને મળે એમ છે? રાગ કરે છે. અરેરે! ભારે પ્રથા!

અહીં તો જેને ભગવાન આત્મામાં નિયમ જ પડ્યો છે ત્રિકાળ. નિશ્ચયસ્વરૂપ જ ભગવાન કારણપરમાત્મા છે એ નિયમ છે. એ નિયમને આશ્રયે જે પર્યાય પ્રગટ થાય તે નિયમસાર છે. વ્યવહાર વિનાની પર્યાય તે નિયમસાર છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ ૧૯૧ થઈ. ૧૯૨ લેવાશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## કારતક સુદ-૧૪, સોમવાર, તા. ૧૭-૧૧-૧૯૭૫
## ગાથા-૧૨૧, કળશ-૧૯૨થી૧૯૪, પ્રવચન નં. ૯૭

નિયમસાર. શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત્ત અધિકાર. પર્યાયની વાત છે આ. નિયમસાર જ આખો પર્યાયનો અધિકાર. પણ પર્યાય કોને આશ્રયે થાય? એ દ્રવ્ય. નિયમસાર છેને? મોક્ષનો માર્ગ. મોક્ષનો માર્ગ તો પર્યાય છે. સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર ત્રણે પર્યાય છે. તેથી અશુદ્ધ નિશ્ચય-પ્રાયશ્ચિત્ત પણ પર્યાય છે. અને કેમ થાય? એ કહે છે. ૧૯૨ છેને?

(मालिनी)

अनवरतमखंडाद्वैतचिन्निर्विकारे
निखिलनयविलासो न स्फुरत्येव किंचित्।

अपगत इह यस्मिन् भेदवादस्समस्तः
तमहमभिनमामि स्तौमि संभावयामि।।१९२।।

કેવું છે ચૈતન્ય ધ્રુવ? જેને આશ્રયે નિશ્ચય પર્યાય પ્રગટ થાય પ્રાયશ્ચિત્ત કે જે '**(-નિરંતર) અખંડ અદ્વૈત...**' છે એ તો. વસ્તુ જે છે દ્રવ્યસ્વભાવ એ તો નિરંતર અખંડ છે, અદ્વૈત છે. '**અખંડ અદ્વૈત ચૈતન્યને લીધે...**' એમ. ચૈતન્યસ્વરૂપ છે એ કેવું છે? કે અખંડ અને અદ્વૈત. આહા..હા..! એવું ત્રિકાળી '**ચૈતન્યને લીધે નિર્વિકાર છે...**' વસ્તુ પોતે નિર્વિકાર છે. પર્યાયમાં વિકાર અને સંવર, નિર્જરા આદિની પર્યાય એ તો પર્યાયમાં છે, વસ્તુમાં એ નથી. આહા..હા..! '**(-નિરંતર) અખંડ અદ્વૈત ચૈતન્યને લીધે...**' એમ શબ્દ છેને? નિરંતર અખંડ અદ્વૈત ચૈતન્યને લીધે નિર્વિકાર છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

'**તેમાં (-તે પરમાત્મપદાર્થમાં)...**' એમ. અખંડ નિરંતર ચૈતન્યને લીધે નિર્વિકાર એમાં એટલે તે પરમાત્મપદાર્થમાં '**સમસ્ત નયવિલાસ જરાય સ્ફુરતો જ નથી.**' આહા..હા..! વ્યવહારનય તો એમાં નથી, પણ નિશ્ચયનયે 'હું શુદ્ધ છું, બુદ્ધ છું, અખંડ છું અને અભેદ છું' એવો વિકલ્પ પણ જ્યાં છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? 'હું અખંડ, અદ્વૈત, ચૈતન્યને લીધે નિર્વિકાર છું.' એવો વિકલ્પ પણ જ્યાં નથી, એમ કહે છે. અમરચંદભાઈ! આહા..હા..! આવી વસ્તુ. એમાં કીધુંને ૪૩માં નહિ? ચિદેવ-ચિદેવ. ચેતનજી! ચેતનજીએ કહ્યું હતુંને? એ તો જ્ઞાન તે જ્ઞાન તે ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ જ ધ્રુવ છે. ચિદેવ છેને? સમયસાર. અને તત્ત્વજ્ઞાનતરંગિણીમાં પણ એ શુદ્ધ ચિદ્રુપોહં. પર્યાય નહિ. શુદ્ધ ચિદ્રુપોહં. એ પરમાત્મામાં '**સમસ્ત નયવિલાસ જરાય સ્ફુરતો જ નથી.**' અહીં તો નય વિકલ્પવાળી નય લેવી છે. સમજાણું કાંઈ? આમ શુદ્ધનય ભૂતાર્થસ્વરૂપ તે શુદ્ધનય છે, પણ એ વિકલ્પવાળી નહિ. સમજાણું કાંઈ?

'**સમસ્ત નયવિલાસ જરાય સ્ફુરતો જ નથી.**' આહા..હા..! '**જરાય સ્ફુરતો જ નથી.**' આહા..હા..! વસ્તુમાં શું છે? આહા..હા..! ઓલામાં કહ્યું છેને નહિ? સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ ધ્યાન. રહસ્યપૂર્ણ ચિઠ્ઠી. સમકિતી ધ્યાતા પુરુષ પોતે જ્યારે ધ્યાવે છે અંદર તો એને વિકલ્પ એવો આવે છે 'હું અખંડ છું, અભેદ છું, શુદ્ધ છું, સિદ્ધ છું.' એમ છેને એમાં કાંઈક? નિર્વિકાર છું, શુદ્ધ છું, સિદ્ધ છું, ઈત્યાદિ એટલે અભેદ છું. સમજાણું કાંઈ? એવો વિકલ્પ આવે, પણ એને તોડીને નિર્વિકલ્પ દૃષ્ટિમાં જાય. આહા..હા..! ઝીણી વાત આકરી ભારે. દૃષ્ટિ નિર્વિકલ્પ થાય અને એનો વિષય અભેદ એકલો રહે ધ્રુવ સામાન્ય જે અહીં '**નિરંતર અખંડ અદ્વૈત ચૈતન્યને લીધે નિર્વિકાર છે...**' તે. આહા..હા..! સમજાણું કાંઈ? ત્યાં લીધું છે નહિ એ ચિદ્‌વિલાસમાં. છે અહીં? 'સમ્યગ્દૃષ્ટિ કદાચિત્ સ્વરૂપ ધ્યાન કરવાનો ઉદ્યમી થાય છે ત્યાં પ્રથમ સ્વરૂપનું ભેદવિજ્ઞાન કરે. 'રાગાદિ નહિ, ત્રિકાળ હું છું' એમ ભેદવિકલ્પ. નોકર્મ, દ્રવ્યકર્મ, ભાવકર્મરહિત ચૈતન્ય ચિત્ચમત્કાર માત્ર.' લ્યો ત્યાં પણ

આવ્યું જુઓ, 'ચૈતન્ય ચિત્‌ચમત્કારમાત્ર પોતાનું સ્વરૂપ જાણે.' જાણે પર્યાયમાં, પણ જાણે શુદ્ધ ચૈતન્યમાત્ર સ્વરૂપ તે. આહા..હા..! સમજાણું કાંઈ? 'ચૈતન્ય ચિત્ચમત્કારમાત્ર પોતાનું જાણે. પછી પરનો વિચાર પણ છૂટી જાય. 'કેવળ સ્વાત્મ વિચાર રહે. ત્યાં નિજસ્વરૂપમાં અનેક પ્રકારની અહંબુદ્ધિ ધારે.' હું ચિદાનંદ છું, હું શુદ્ધ છું, હું સિદ્ધ છું, ઇત્યાદિ પછી એને લગતા. સામાન્ય છું, એકરૂપ છું, અભેદ છું. 'એવા વિચાર થતાં સહજ આનંદ તરંગ ઉઠે.' એવા વિચારો કે છૂટી જાય. 'સ્વરૂપ કેવળ ચિન્માત્ર ભાસવા લાગે.' જુઓ અહીં કીધું જ્યાં હોય ત્યાં જ્ઞાનમાત્ર જ વસ્તુને લે છે. એકલો ચિન્માત્રરૂપ ભાસવા લાગે. 'ત્યાં સર્વ પરિણામ તેરૂપ વિશેષતા થઈ.' એમ કીધું ભાઈ! જેટલા પરિણામ છે એ ત્યાં જ વળી જાય છે એમ કહે છે. એવો શબ્દ લીધો છે.

'ત્યાં સર્વ પરિણામ...' એટલે પર્યાય 'તેરૂપ વિશે એકાગ્ર થઈ પ્રવર્તે.' એટલે ઓલી શ્રદ્ધા એકલી એમ નહિ. કારણ કે બધી પર્યાય આમ ઢળી જાય છેને? પરિણામની જેટલી પર્યાય નિર્મળ છે આદિ, એ બધી સ્વરૂપ વિષે ઢળી જાય છે. 'સ્વરૂપ કેવળ ચિન્માત્રરૂપ ભાસવા લાગે. ત્યાં સર્વ પરિણામ તેરૂપ વિષે થઈ પ્રવર્તે.' આહા..હા..! 'દર્શન, જ્ઞાન આદિ અને નયપ્રમાણના વિકલ્પ પણ વિલય થઈ જાય.' જુઓ, કેટલી સરસ વાત લીધી! રહસ્યપૂર્ણ ચિઠ્ઠી. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભગવાન! આહા..હા..! એ ચૈતન્યમાત્ર ત્રિકાળ ધ્રુવ, અભેદ '**સમસ્ત નયવિલાસ જરાય સ્ફુરતો નથી. જેમાંથી સમસ્ત ભેદવાદ દૂર થયેલ છે...**' જોયું? '**સમસ્ત ભેદવાદ (-નયાદિ વિકલ્પ) દૂર થયેલ છે...**' આહા..હા..! એ વિકલ્પ ઉઠે છે. દ્રવ્ય અને શુદ્ધ પર્યાય બે છે એ વિકલ્પ ઉઠે છે. એ વિકલ્પનો વિષય છે. આહા..હા..!

એ '**સમસ્ત ભેદવાદ દૂર થયેલ છે...**' આહા..હા..! સમજાણું કાંઈ? '**તેને (-તે પરમાત્મપદાર્થને) હું નમું છું,...**' એ પર્યાય થઈ. ત્રિકાળી જ્ઞાયકભાવ ધ્રુવ એને નમું છું. પર્યાય મારી ત્યાં વળે છે. એ પર્યાયને નિશ્ચયપ્રાયશ્ચિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**નમું છું, સ્તવું છું, સમ્યક્ પ્રકારે...**' તે દ્રવ્યને હું પરમાત્મપદાર્થને '**ભાવું છું.**' આહા..હા..! સમજાણું કાંઈ? ગાથા તો આ છે. એમાં .. નિયમ છેને નિયમ? શુદ્ધ નિશ્ચયનિયમની ગાથા છેને? આ કાઢ્યું શેમાંથી બધું? '**अप्पाणं जो झायदि**' ત્રીજું પદ છેને? '**अप्पाणं**' જ્ઞાનમૂર્તિ ત્રિકાળ તેને જે ધ્યાન કરે, એમ. પર્યાય એનું ધ્યાન કરે. સુજાનમલજી! આહા..હા..! આ તો ભાઈ વારંવાર અંદરમાં અભિન્ન ઉપર દૃષ્ટિ કરી અને અંદર સંસ્કાર નાખવા જોઈએ. એવી વાત છે. બાકી તો બધું અનંતવાર કર્યું છે.

અને શુદ્ધ ચૈતન્યદ્રવ્ય છે અને એની નિર્મળ પર્યાય છે. એ બેનો વિષય તે વ્યવહાર છે. વ્યવહારસમકિતનો એટલે રાગનો વિષય છે. સમજાણું કાંઈ? એ રાગ વ્યવહારસમકિતનો વિષય પણ કોને હોય? જેને અભેદ ચૈતન્ય ધ્રુવની દૃષ્ટિ થઈ છે એને એ દ્રવ્ય અને શુદ્ધ

પર્યાય બેનો વ્યવહારસમકિતનો વિષય એને હોય. સમજાણું કાંઈ? આહા..હા..! કહ્યુંને નિયમસારમાં? પાંચમી ગાથા? અંતઃતત્ત્વ અને બહિર્તત્ત્વ. એકલું અંતઃતત્ત્વ જે આ પરમપદાર્થ ધ્રુવ નિત્ય એને જે વિષય બનાવે તે સમ્યગ્દર્શન અને અંતઃતત્ત્વ અને સાથે નિર્મળ પર્યાય એ બહિર્તત્ત્વ. બેને વિષય બનાવે તે વ્યવહારસમકિતનો વિષય છે. વિકલ્પનો વિષય છે. એય..! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ તો ક્યાંય રહી ગયો હવે. આહા..હા..! સમજાણું કાંઈ? એ કહેવા માગે છે અહીંયાં ૧૨૦માં. તે પરમાત્માને '**હું નમું છું, સ્તવું છું,...**' સ્તવના એટલે એકાગ્ર થાવ છું. '**સમ્યક્ પ્રકારે ભાવું છું.**' એ નિશ્ચયપ્રાયશ્ચિત્ત નમું છું, સ્તવું છું એ નિશ્ચયપ્રાયશ્ચિત્ત છે પર્યાયનું. આહા..હા..! સમજાણું કાંઈ? એ ૧૯૨. ૧૯૩.

(अनुष्टुभ्)

**इदं ध्यानमिदं ध्येयमयं ध्याता फलं च तत्।**
**एभिर्विकल्पजालैर्यन्निर्मुक्तं तन्नमाम्यहम्।।१९३।।**

આહા..હા..! પુસ્તક છેને બહાર? પુસ્તક છે? આ જુઓ આ ગાથાનો અર્થ શું થાય છે. અત્યારે તો બધા ગોટા એટલા ચાલ્યા છે. આહા..હા..! અરેરે! મૂળ ભગવાન આખો મૂકીને બધી વાતું. વર મૂકીને જાન. આહા..હા..! ચૈતન્ય ભગવાન નિર્વિકલ્પ વસ્તુ અભેદ. એના આશ્રય વિના જેટલી વાતું થાય બધી રાગની, વિકલ્પની, સંસારની છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ આ કહે છે.

જુઓ, '**શ્લોકાર્થ :- આ ધ્યાન છે,...**' પર્યાય એનું ધ્યાન કરે છે. '**આ ધ્યેય છે,...**' વસ્તુ તે અખંડ છે તે ધ્યેય છે. અને આત્મા એનો '**ધ્યાતા છે...**' અને એનું ફળ નિર્વિકલ્પ દશા છે. એવો જે વિકલ્પ એ પણ વિકલ્પ છે. આહા..હા..! કહો, ચંદુભાઈ! આવી વસ્તુ છે, ભાઈ! વસ્તુનું સ્વરૂપ જ એવું અનાદિનું. અનાદિ તીર્થંકરો, મુનિઓ આ રીતે જ પરમાગમમાં પોકારતા આવ્યા છે. એમાં નિયમસારમાં તો કળશે-કળશે ને ગાથાએ-ગાથાએ. આહા..હા..! ભાઈ! તું કેવડો છો? કોને તને આત્મા કહેવો? એ ત્રિકાળી જ્ઞાયકભાવ, ધ્રુવભાવ જેમાં પર્યાયનો, નિર્મળ પર્યાયનો અભાવ એને આત્મા કહીએ. આહા..હા..! એવી જે ધ્યાન પર્યાય અને ધ્યેય અને ધ્યાતા અને એનું ફળ નિર્વિકલ્પદશા—એવો જે ભેદનો વિકલ્પ ઉઠે છે. એનાથી રહિત છે જીવ. આ ભગવાન ... છે. આહા..હા..!

'**આવી વિકલ્પજાળોથી...**' જાળો કહે છે. પર્યાય ધ્યાન છે, ધ્યેય દ્રવ્ય છે, ધ્યાતા આત્મા છે અને એનું ફળ આ, એ પણ વિકલ્પની જાળ છે, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એનાથી '**(-રહિત) છે તેને (તે પરમાત્મતત્ત્વને)...**' આહા..હા..! '**હું નમું છું.**' એ નિર્મળ પર્યાય છે. આહા..હા..! ત્રિકાળી ધ્રુવ એકરૂપ ચીજ અદ્વૈત કીધીને? એટલે જે પર્યાય પણ નહિ. પર્યાય અને દ્રવ્ય બે થઈ જાય તો દ્વૈત થઈ જાય છે. સમજાણું કાંઈ? એ વ્યવહારનો વિષય થઈ જાય છે, વિકલ્પનો વિષય થઈ જાય છે, બેને લક્ષમાં લેતા રાગ

થાય છે. આહા..હા..! બગડે બે. એક શુદ્ધ ચિદાનંદ ધ્રુવને મૂકીને એક નિર્મળની પર્યાયને ભેદ વિચાર કરે તો રાગ આવશે કહે. આહા..હા..! સમજાણું કાંઈ?

'(તે **પરમાત્મતત્ત્વને**) **હું નમું છું.**' મુનિરાજ પોતે કહે છે આવી ચીજ છે તેમાં જ મારું વલણ છે. આહા..હા..! મારી પર્યાય ત્યાં જ જુકી ગઈ છે. આહા..હા..! મારી નિર્મળ પર્યાય તે પરમાત્મતત્ત્વ પ્રત્યે જુકી ગઈ છે. સમજાણું કાંઈ? ઓહો..! કેટલી વાત કરી જુઓને.

**શ્રોતા :-** બેને લક્ષમાં લેતા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બેને (લક્ષમાં લેતા) વિકલ્પ ઉઠે છે. વ્યવહારનયનો વિષય થઈ ગયોને. કીધું નહિ પાંચમી ગાથામાં. અતઃતત્ત્વ અને બહિર્તત્ત્વ એ વ્યવહારસમકિતનો વિષય છે. બહિર્તત્ત્વ એટલે પર્યાય. છે તો નિર્મળ પર્યાય હોય કે સવિકલ્પ તો એકકોર રાખો. સમજાણું કાંઈ? એ દ્રવ્ય જે ત્રિકાળ અને નિર્મળ પર્યાય બે એ વ્યવહારસમકિતનો વિષય છે. એ આવી ગયું છે પાંચમામાં. વ્યવહારસમકિત એટલે કે રાગ. સમકિત નથી કાંઈ વ્યવહાર. એ રાગનો વિષય છે બે. નિશ્ચયનયનો દૃષ્ટિનો એ વિષય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો, આ ભાઈ પૂછતા હતાને, ક્યાં ગયા? એક હતા ભાઈ. કે સમકિત કેમ થાય? એ ભાઈ. સમકિત આમ થાય. એક આવ્યા હતાને શ્વેતાંબરના. પૂછતા હતા બપોરે. અંદર સવારમાં આવ્યા હતા. સવારમાં આવ્યા હતા અંદર. સમજાણું? આહા..હા..! એ ૧૯૪. સમકિતી આત્માને આ રીતે ધ્યાવે છે. સમજાણું કાંઈ? એ રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં આવી ગયું. રહસ્યપૂર્ણ ચિઠ્ઠી, ભાઈ! વિકલ્પ નહિ. હું આવો છું ને આવો છું એ વિકલ્પ છે એ પણ નહિ.

નિત્યાનંદ પ્રભુ એકરૂપ કહો, શુદ્ધ કહો, અખંડ કહો, અદ્વૈત કહો, અભેદ કહો. વસ્તુને હોં. પર્યાયસહિત અભેદ નહિ. દૃષ્ટિનો વિષય બતાવે.. જ્યારે જ્ઞાનપણું બતાવે તો જાણે કે પર્યાય છે એમ જાણે એ જુદી વાત છે, પણ ધ્યેયમાં એ નથી. સમજાણું કાંઈ? જાણવાનો વિષય તો બધું બતાવે છે દ્રવ્ય છે, આ ગુણ છે, એની પર્યાય છે, ત્રણે એની છે, પરની નહિ. એ તો પરથી ભિન્ન બતાવવા એનું જ્ઞાન બતાવે, પણ ધ્યેય નથી એ. સમજાણું કાંઈ? આહા..હા..! ૧૯૪.

(अनुटुभ्)

भेदवादाः कदाचित्स्युर्यस्मिन् योगपरायणे।
तस्य मुक्तिर्भवेन्नो वा को जानात्यार्हते मते।।१९४।।

આહા..હા..! ભાષા તો જુઓ, આહા..હા..! જેની જ્ઞાનની પર્યાય ત્રિકાળમાં જોડાઈ ગઈ છે એવા પરાયણમાં. આહા..હા..! યોગપરાયણ કીધુંને? યોગ એટલે નિર્મળ પર્યાય જેની દ્રવ્યમાં જોડાઈ-પરાયણ થઈ ગઈ છે. આહા..હા..! એવામાં '**કદાચિત્ ભેદવાદો ઉત્પન્ન થાય છે...**' આહા..હા..! '**(અર્થાત્ જે યોગનિષ્ઠ યોગીને ક્યારેક વિકલ્પો ઉઠે છે),...**' આહા..હા..! અભેદની દૃષ્ટિમાંથી છૂટીને. દૃષ્ટિ ભલે રહે ત્યાં, પણ વિકલ્પ ઉઠે કે 'હું જ્ઞાન

છું, આનંદ છું, આ પર્યાય છે.' એવો ભેદ વિકલ્પ ઉઠે. '**તેની અર્હત્‌ના મતમાં મુક્તિ થશે કે નહિ થાય તે કોણ જાણે છે?**' આહા..હા..!

**શ્રોતા :-** પોતે મુનિ થઈને જાણતા નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ જાણે છે એટલે મુક્તિ એની નથી એમ કહે છે. કોણ જાણે છે એટલે? અર્હંતના મતમાં ભેદવાળાની મુક્તિ છે કે નથી એ ભગવાન જાણે છે કે નથી એને. આહા..હા..! એ મુક્તિના માર્ગે નથી એટલે મુક્તિ નથી એમ કહે છે. આહા..! સમજાણું કાંઈ? ભાઈ! આ તો દિગંબર સંતોની કડકાઈ છે. નાગા છેને બાદશાહથી આઘા. માર્ગ આ છે. માનો, ન માનો, દુનિયા માને એની સાથે સંબંધ નથી. સમજાય છે કાંઈ? આહા..હા..! કહ્યું હતુંને ઓલામાં. એમાં જ કહ્યું હતુંને આમાં નહિ? '**એમ ભગવાન સૂત્રકારનો અભિપ્રાય છે.**' આમાં જ કહ્યું હતુંને? ગાથા-૪૨માં કહ્યું હતું. ભગવાન સૂત્રકાર કુંદકુંદાચાર્ય જે ગણધર અને પછી ત્રીજે નંબરે આવે. મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો એવા ભગવાન કુંદકુંદ આચાર્યનો આ અભિપ્રાય છે કે અખંડમાં એકાકાર થઈને જે નિર્મળ પર્યાય પ્રગટ કરે તેને નિયમ અને નિશ્ચયપ્રાયશ્ચિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! આવું ભારે ભાઈ આવું! મોટા શહેરમાં આવું માંડવા જાય તો કહે... વાત તો આવે પણ એના પડખા અને ભેદ એમ ઘણું કરીને સમજાવે. આહા..હા..!

અહીં તો આચાર્ય મુનિરાજ પોતે કહે છે. દૃષ્ટિનો વિષય જે અભેદ ચિદાનંદ ભગવાન છે એમાંથી ભેદનો વિકલ્પ ઉઠે. આહા..હા..! આ દ્રવ્ય છે અને આ પર્યાય છે એવો વિકલ્પ ઉઠે એની મુક્તિ થશે કે નહિ? એટલે કે મુક્તિ થશે નહિ. આહા..હા..! કોણ જાણે? એટલે એને ખબર નથી એમ છે? જાણે છે એમ કહે છે. કોણ જાણે એટલે કોણ અજ્ઞાની એને જાણે કે આને મુક્તિ થાય એમ. અજ્ઞાની કોણ જાણે કે એને મુક્તિ થાય? અજ્ઞાની જાણે એમ કહે. આહા..હા..! ભારે માર્ગ, ભાઈ! સમજાણું કાંઈ?

'**તેની અર્હત્‌ના મતમાં...**' એમ કહે છે. અર્હંતનો મત તો ત્રિકાળ અભેદની દૃષ્ટિ કરીને એમાં સ્થિર થવું તે મુક્તિનો માર્ગ છે. આહા..હા..! દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ એકકોર રહી ગઈ હવે અહીં તો. પ્રેમચંદભાઈ! ભગવાનની ભક્તિ કરો, ગુરુની ભક્તિ કરો. આવે ભાવ એ વસ્તુ જુદી છે, પણ એ વિકલ્પ છે, એ તો રાગ છે. સમજાણું કાંઈ? અહીં તો અખંડમાં ભેદ પડવાનો વિકલ્પ ઉઠે. આહા..હા..! એ વિકલ્પી જીવને મુક્તિ થશે કે નહિ? અર્હંતના મતમાં મુક્તિ નહિ થાય. અજ્ઞાની મતથી કહે તો ભલે કહે. આહા..હા..! આવો માર્ગ છે. કહો, વ્યવહારથી નિશ્ચય થાય.

**શ્રોતા :-** એમાં જ આવ્યું. સવિકલ્પ પર્યાય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કઈ રીતે? એને છોડીને થાય એમ આવ્યું. છેને. વિકલ્પ વડે એટલે વિકલ્પ એવો આવે છે કે 'હું શુદ્ધ છું, અખંડ છું, સિદ્ધ છું.' એ તો વિકલ્પ છે, રાગ

છે. એ વડેનો અર્થ કે એને છોડી દઈને. આહા..હા..!

**શ્રોતા :–** સવિકલ્પ દ્વારા લેવું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** દ્વારા-દ્વારા એ દ્વારા જ કહેવાય મન દ્વારા. નિમિત્ત છેને ત્યાં વિકલ્પ આવ્યો છેને? હું શુદ્ધ છું, અખંડ છું, અભેદ છું, એકરૂપ છું. એવો વિકલ્પ આવ્યો છે. હવે એને છોડીને અંદરમાં નિર્વિકલ્પ થાય ત્યારે આનંદનો અનુભવ એને નિર્વિકલ્પ ધ્યેય આવે. આહા..હા..! સમજાણું કાંઈ? પછી કહ્યું છેને કે નિર્વિકલ્પ થાય છે. ઓલા સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થાય છે, એટલે રાગ દ્વારા. આહા..હા..! વ્યવહાર દ્વારા, રાગ દ્વારા, વ્યવહાર દ્વારા નિશ્ચય થાય છે. એ આ ઝઘડા મોટા છે, ભાઈ! વ્યવહારના અભાવ દ્વારા એને વ્યવહાર દ્વારા કહેવામાં આવે છે. એ વ્યવહારનયનું વચન છે એ તો અભૂતાર્થનયનું. આહા..હા..! અરે! શું થાય?

ભાષા જોઈ? '**को जानात्यार्हते**' વીતરાગ ત્રિલોકનાથના અભિપ્રાયમાં, એના મતમાં અભેદની દૃષ્ટિ અને અભેદનું જ્ઞાન અને અભેદની સ્થિરતા તે મુક્તિનું કારણ છે, પણ એમાં ભેદનો વિકલ્પ ઉઠે. આહા..હા..! રાગ છે. રાગવાળાને મુક્તિ થઈને? ભેદનું લક્ષ કરે છે ત્યાં રાગ થાય છે. કહો, સમજાણું કાંઈ? આવો માર્ગ ભાઈ આ તો. પચાવવું જોઈએ આને. આહા..હા..! નિશ્ચયપ્રાયશ્ચિત્ત છેને? શુદ્ધનિશ્ચયપ્રાયશ્ચિત્ત. એટલે કે ત્રિકાળી જ્ઞાયકભાવનો જે આશ્રય કરીને નિર્મળ પર્યાય થાય એનાથી મુક્તિ થાય, પણ વચ્ચે ભેદ ઉઠે વિકલ્પ. કે હું આવો છું અને આ પર્યાય છું અને આ દ્રવ્ય છે, ભેદ ઉઠે એવો વિકલ્પ. એ વિકલ્પ, ઉઠ્યો અંદરથી. એને તો બંધનું કારણ છે. આહા..હા..! આવી વાત. લોકોને વ્યવહારના રસિકને આ વાત બહુ કઠણ પડે. વ્યવહારનો પ્રેમ છેને જેને. એને આકરી વાત લાગે. આહા..હા..! વ્યવહારથી થાય છે એમ કહે છે. જુઓ, જયસેનાચાર્યની ટીકામાં ઠેકાણે-ઠેકાણે છે. વ્યવહારથી નિશ્ચય ઉત્પન્ન થાય છે. વ્યવહારનો વિકલ્પ જે છે, વ્યવહારશ્રદ્ધા, વ્યવહારજ્ઞાન. એ તો જ્ઞાન કરાવ્યું છે ત્યાં. અરે! શું થાય પણ? કાંઈ ઝઘડા વાદવિવાદે કાંઈ પાર પડે એવું છે? મોટા વાંધા અહીંથી ઉઠ્યા છેને. આહા..!

જેને દૃષ્ટિમાં ત્રિકાળ જ્ઞાયકભાવ આવતો નથી એને સમ્યગ્દર્શન થતું નથી. કેમકે સમ્યક્ સત્ય જ એવું ઈ છે. ત્રિકાળ અભેદ તે જ પરમસત્ય છે. સત્યાર્થ કહ્યુંને? ભૂતાર્થ કહ્યુંને? પર્યાયમાત્ર અસત્યાર્થ કીધી. કઈ અપેક્ષાએ? મુખ્ય-ગૌણ, મુખ્યપણાના જ્ઞાયકભાવનું અવલંબન લેતા દૃષ્ટિ થાય છે માટે પર્યાયનું લક્ષ છોડાવવા, પર્યાયનું લક્ષ છોડાવવા, પર્યાયને ગૌણ કરીને નથી એમ કીધી. શેમાં? પર્યાયપણે પર્યાય નથી એમ. દ્રવ્યમાં ગૌણપણે કરીને પર્યાય નથી એમ નહિ. એય..! એ દૃષ્ટિ વિરુદ્ધ છે તદ્દન. સમજાણું કાંઈ? ત્રિકાળી વસ્તુ જે છે સત્યાર્થ, ભૂતાર્થ કાયમ રહેનારી એને શુદ્ધનય કીધો અને એનો આશ્રય કરે એને સમ્યગ્દર્શન થાય એમ કીધું. એ અપેક્ષાથી ભૂતાર્થને મુખ્ય કરીને તેને સત્ય કહ્યું અને પર્યાય છે તે ગૌણ

કરીને, વ્યવહાર કહીને એને અસત્ય કહ્યું, અભાવ નહિ. પર્યાયમાં પર્યાય નથી એમ નહિ. ધ્રુવમાં નથી. સમજાણું કાંઈ? પર્યાય નથી જ એ તો વેદાંત થઈ ગયું, પણ પર્યાય દ્રવ્યનો વિષય નથી. આહા..હા..! સમ્યગ્દર્શનનો એ વિષય જ નથી. પર્યાય પોતે વિષય કરે છે ધ્રુવનો. એ અપેક્ષાએ એને અસત્યાર્થ કેમ કીધું? કે નથી એમ કહ્યું. નથી એટલે કે છે તો ખરી પણ ગૌણ કરીને પર્યાયને પર્યાયમાં ગૌણ કરીને. પર્યાયને ધ્રુવમાં ગૌણ કરીને (નથી એમ કહેવું એ તો) ઉંધી દૃષ્ટિ છે તદ્દન. સમજાણું કાંઈ? એ વ્યવહારદૃષ્ટિ છે, રાગદૃષ્ટિ છે.

**શ્રોતા :-** ગૌણ કરીને (એટલે)?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગૌણ એટલે તેનું લક્ષ નથી કરવું. આમ જાવું છે અહીં. એટલે એના તરફ લક્ષ છોડી દે એને ગૌણ કર્યું કહેવાય. સાથે ન રાખે એને. ભૂતાર્થની સાથે પર્યાય ન રાખે કોઈપણ નિર્મળ. અહીં તો નિર્મળની વાત છે ખરેખર તો. સમજાણું કાંઈ? નિર્મળ પર્યાયને પરદ્રવ્ય કીધું. આહા..હા..! એ સ્વદ્રવ્યની સાથે પરદ્રવ્યને ભેળવીશ નહિ. આહા..હા..! આવી વાત છે, પણ બહુ ઝીણી, બાપા! આ તો વીતરાગમાર્ગ છે, બાપુ! ભાઈ! આહા..હા..! જેને રાગ ને ભેદને વળગાડ નથી. આહા..હા..! હો, પણ સ્વભાવની સાથે એને વળગાડ નથી કાંઈ. પાટણીજી! આવી વાત છે ઝીણી. કલકત્તામાં આવું ન મૂકાય બહુ એકદમ. આવો માર્ગ છે, ભાઈ! અને તે બેસી જાય એમ છે. જ્ઞાનમાં તો બેસી જાયને પહેલી વાત? સમજાણું કાંઈ? આહા..હા..! લ્યો! ત્રણેય કળશ પણ કેવા ઓહો..હો..! અમૃતથી ભર્યા છે. ૧૨૧ થઈ. ૧૨૧ થઈને? નીચે કેમ ૧૧૨ છે? આડાઅવળું થઈ ગયું. છે તમારે શું છે? ઠીક. સુધારો કર્યો છે. આમાં ૧૧૨ છે. છે તમારે છે? આ નવીમાં ભૂલ છે. ૧૧૨ કર્યો છે. આ બગડો અને એકડો આમ થઈ ગયો છે. એકડો પછી જોઈએ એને ઠેકાણે. એમાં એ છે. આમાં બાર છે. મૂળ શ્લોકમાં ૧૨૧ છે. નીચે આંકડો કર્યોને ગુજરાતી એમાં જરી ભૂલ છે. આહા..હા..!

**कायाईपरदव्वे थिरभावं परिहरत्तु अप्पाणं।**
**तस्स हवे तणुसग्गं जो झायइ णिव्वियप्पेण।।१२१।।**

કાયોત્સર્ગ-કાયોત્સર્ગ. નીચે હરિગીત.

**કાયાદિ પરદ્રવ્યો વિષે સ્થિરભાવ છોડી આત્મને**
**ધ્યાવે વિકલ્પવિમુક્ત, કાયોત્સર્ગ છે તે જીવને. ૧૨૧.**

ઓહો..હો..! એની '**ટીકા :- આ, નિશ્ચયકાયોત્સર્ગના સ્વરૂપનું કથન છે.**' કાયા ઉત્સર્ગ-છોડીને. આહા..હા..! રાગને પણ કાયા કીધી અહીં તો. રાગ કાર્મણ કાયાનું ફળ છે. આહા..હા..! એને છોડીને અંદરમાં સ્થિર થાય તેને કાયોત્સર્ગ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પાઠ છેને જુઓને, આત્માને નિર્વિકલ્પપણે ધ્યાવે, એમ છેને? પાઠ છે કે નહિ? એમ '**अप्पाणं झायइ णिव्वियप्पेण**' એમ શબ્દ લેવો. છે? બીડી લીટીનો છેલ્લો '**अप्पाणं झायइ**

**णिव्वियप्पेण**' એમ. આહા..હા..! '**अप्पाणं**' ત્રિકાળ જ્ઞાયકભાવને નિર્વિકલ્પપણે ધ્યાન કરે છે એને કાયોત્સર્ગ યથાર્થ હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**સાદિ-સાંત...**' કાયાની વ્યાખ્યા કરે છે. શરીર છે એ સાદિ-સાંત થયું અને જાય છે. સાદિ-સાંત. આત્મા અનાદિ-અનંત છે, આ સાદિ-સાંત છે. '**મૂર્ત...**' છે. ભગવાન અમૂર્ત છે, ત્યારે આ શરીર મૂર્ત છે. '**વિજાતીય...**' આત્માની જાતથી વિજાત છે. આહા..હા..! '**વિભાવ-વ્યંજનપર્યાયાત્મક...**' છે. કારણ કે આ તો ઘણા પરમાણુની અવસ્થા છેને? એક પરમાણુની નથી. એટલે વિભાવવ્યંજનપર્યાય થઈ આ. શરીર શરીર હોં. આ જડનું. '**વિજાતી-વિભાવ-વ્યંજનપર્યાયાત્મક પોતાનો આકાર તે કાય.**' એનો આ આકાર તેને કાયા કહેવામાં આવે છે. મટી, જડ, ધૂળ. આહા..હા..! ઉત્પન્ન થાય છે અને નાશ થઈ જાય છે માટે સાદિ-સાંત. મૂર્ત છે—વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે. વિજાતી છે—આત્માની જાતથી વિપરીત જાત છે એની. વિભાવ-વ્યંજનપર્યાય—ઘણા પરમાણુના સ્કંધની દશા માટે વિભાવવ્યંજનપર્યાય એ કાયનો આકાર છે. '**પોતાનો આકાર તે કાય.**' છે લ્યો! કાયાદિ શબ્દ છેને? આદિ શબ્દ છેને મૂળ પાઠમાં? એટલે હવે કહે છે કે આદિ એટલે શું એમ. કાયાની વ્યાખ્યા તો કરી આ. કાયાદિ. આદિ એટલે શું?

''**આદિ' શબ્દથી ક્ષેત્ર, ઘર, કનક,...**' નામ સોનું આદિ. '**રમણી...**' સ્ત્રી. '**વગેરે. આ બધામાં સ્થિરભાવ—સનાતનભાવ પરિહરીને...**' આહા..હા..! એ કાયમ રહેનારા છે એમ દૃષ્ટિ છોડી દઈને. આહા..હા..! વિકલ્પ પણ કાયમ રહેનારો છે એ દૃષ્ટિ છોડી દઈને. આહા..હા..! '**આ બધામાં સ્થિરભાવ—સનાતનભાવ પરિહરીને (-કાયાદિક સ્થિર છે એવો ભાવ છોડીને)...**' આહા..હા..! '**નિત્ય-રમણીય નિરંજન નિજકારણપરમાત્માને...**' નિત્યરમણીય. આનંદમાં રમણસ્વરૂપ તેનું ત્રિકાળ છે. આહા..હા..! ભગવાન આત્મા નિત્ય રમણીય છે. સદા રમણીક અને નિરંજન છે. સદા નિરંજન છે. એવા '**નિજકારણપરમાત્માને...**' આહા..હા..! '**વ્યવહાર ક્રિયાકાંડના આડંબર સંબંધી વિવિધ વિકલ્પરૂપ કોલાહલ વિનાના...**' આહા..હા..! દયા, દાન, ભક્તિ, પૂજા ને ધમાલ મોટી જુઓને આ. ૨૫ વર્ષમાં ધમાલ મોટા ધર્મ ચક્ર કાઢ્યા, ભાઈ ઘણા માણસો ભેગા થયા. સોનગઢ .. આવા એમ કે એના કાર્યકર્તા મુખ્ય હોય એ વધાવા આવ્યા. એ શું? એ ક્રિયા તો એ જડની, પરની છે. એમાં શુભભાવ હોય કદાચિત્ તો રાગ. એ તો એક પુણ્ય બંધનું કારણ છે.

**શ્રોતા :-** બીજા લોકો જાણેને કે જૈનધર્મમાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** હવે એને લઈને એમાં આને શું? એને તો વિકલ્પ આવ્યો શુભ એટલું છે. આહા..હા..! આવું ભારે આકરું કામ. એમાં પાછું ભાઈને તો કીધું નહોતું? રાતે ચાલતા હતા ભાઈ. બાબુભાઈ! કીધું આ ન્યાય નથી. રાત્રે જાત્રા કરવું જવું અને રાતે ચાલવું. પંચેન્દ્રિય અંદર સર્પ મરી જાય. શેવાળ-શેવાળ. શેવાળ સમજ્યા શેવાળ. ઓલા સર્પને પકડેને.

હોથા ઉડી જાય, ઉંદર મરી જાય, નોળકોળ મરી જાય રાતે. એ તે કાંઈ જાત્રાનું કામ કહેવાય? ભગવાનનો માર્ગ તો અહિંસક છે. સમજાણું કાંઈ? ભાઈ! અહીં તો એવી વાત છે. બધા હો..હા. થઈને આખી રાત હાંકે એક ફેરી સવારથી સાંજ સુધી. સવારથી સાંજ સુધી શું સાંજથી સવાર સુધી રાતે. આઠ વાગ્યા પછી તો જનાવરો ઉંદર, નોળ, કોળ બહાર ખાવા નીકળે સર્પ બિચારા. અને તે પછી રાતના ચાર વાગ્યા પછી જરી જંપી જાય. અને અહીં તો આઠ વાગ્યાથી ચાર વાગ્યા સુધી ચાલે તો થોથા ઉડી જાય. એ જાત્રા કહેવાય નહિ કીધું. એ માર્ગ નથી.

**શ્રોતા :-** આપણે ક્યાં માર્યા છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભાવ કોને રાતે ચાલવાનો હતો? એ તો મારી શકતો નથી એ તો સિદ્ધાંત છે બીજો. બીજાને મારી શકતો નથી, જીવાડી શકતો નથી એ તો સિદ્ધાંત છે. એ તો સ્પષ્ટિકરણ કરવા માટે. આહા..હા..! ભાઈ! માર્ગ તો આવો, ભાઈ! કોઈનો પક્ષ નથી અહીં કે ભાઈ અહીંના પક્ષવાળાએ આ કર્યું માટે સારું છે એવું અહીં કાંઈ છે નહિ. કે અહીંનો પક્ષનો માણસ છેને માટે એનું બધું સારું એમ અહીં કાંઈ નથી. અહીં તો સત્ય હોય એ સત્ય છે. આહા..! એવો માર્ગ છે, ભાઈ! આજે આવ્યું હતું ધર્મચક્રમાં આવું થયું, આવું થયું બધામાં. એમાં શું થયું પણ એમાં? આત્માને શું થયું?

**શ્રોતા :-** ઘણો પ્રચાર થયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આત્માનો પ્રચાર થતો હશે બહાર?

**શ્રોતા :-** .. છાપામાં દેખાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દેખાય એમાં દાળિયા શું થયા? વખાણ કોકે કર્યા કે ઓહો..હો..! તો એમાં આત્માને શું આવ્યું? અરેરે! પરની સાથે સંબંધ શું છે? ભાષાવર્ગણા સાંભળવી કે ભાષા.. એની સાથે આત્માને શું સંબંધ છે? આહા..હા..! આકરું કામ. બહુ સારો લેખ ભાઈએ લખ્યો છે મહાવીરનો. પાટણીજી! વાંચ્યું? વાંચ્યું? હુકમીચંદજીએ. આ બેઠા ઠીક. ચીમનભાઈએ વાંચ્યું? ચેતનજીએ વાંચ્યું? તમે વાંચ્યું? બહુ સારું છે. એણે ભગવાને કહ્યું એ વીતરાગતા કરી છે અને વીતરાગતાની વૃદ્ધિ કરી છે. રાગ ઘટાડ્યો. બીજું એણે કાંઈ કર્યું નથી. પ્રેમચંદભાઈ! લેખ છે હુકમચંદજીનો બહુ સારો. શેમાં કહેવાય? સન્મતિ સંદેશ. સન્મતિ સંદશને? એમાં છે. બહુ હુશિયાર માણસ. જે વાતને કહેવા માગે છે એની સ્પષ્ટતા બિલકુલ ચોખ્ખી. સમજાણું કાંઈ? એ મહાવીરે ઉપદેશ આપ્યો હતો ને યજ્ઞ-બજ્ઞ થયા એનો વિરોધ કર્યો હતો, એવું મહાવીરે તો કાંઈ કીધું નથી. એ આવ્યું છે. આજે લેખમાં આવ્યું છે. ફલાણે વિદ્રોહ કર્યો. ભગવાને આવા ધર્મ બહુ હિંસા થાતી હતી તો વિદ્રોહ ઉભો કર્યો. સ્ત્રીને હક આપ્યો. આણે તો કાંઈ કર્યું નથી. આહા..હા..!

**શ્રોતા :-** ભવનો નાશ કર્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નાશ કર્યો. બિલકુલ નથી કર્યો. પોતે રાગનો નાશ કર્યો છે. વીતરાગતાની વૃદ્ધિ કરી છે, બીજું એણે કાંઈ કર્યું નથી. આ તો ભાઈ વીતરાગત સર્વજ્ઞનો માર્ગ. પરના સંબંધથી કાંઈ આત્માને લાભ થાય એ વાત બિલકુલ નથી. અહીં તો વ્યવહારના વિકલ્પથી જીવને લાભ ન થાય. આહા..હા..! સમજાણું કાંઈ? એણે ૨૫ વર્ષમાં આ બધું ધમાધમ થઈ, પણ એમાં આત્માને શું થયું? એમ વિચાર્યું છે કોઈ દિ'? કહે છે એમ લખ્યું બિચારાએ હોં. લખ્યું છે લેખ આવ્યો છે. આહા..હા..! એ વળી એક જણો એમ કહે છે કે ભાઈ! એક વર્ષ તો થયું પણ ફરીને એક વર્ષ રાખો. આહા..! ઉજવણીનું. એક જણાએ એમ લખ્યું છે. પણ ઉજવણી તો અહીં થતી હશે કે બહાર થતી હશે? આહા..હા..!

ભગવાન પૂર્ણાનંદનો નાથ તેમાં દૃષ્ટિ લગાવીને સ્થિર થવું એ ઉજવણી છે. બાકી બધી વાતું છે. ઠીક છે. લોકોમાં પાછા એમ કે પૈસા ખર્ચ્યા, આણે કીર્તિસ્તંભ કર્યો, આણે મંદિર બનાવ્યું, આણે આટલા પુસ્તક રચ્યા, એમાં આત્માને શું? એમાં વીરમાર્ગની પ્રભાવના શું? આહા..હા..! ભારે આકરું કામ. જગતની સાથે મેળ ખાય એવું નથી કહે છે. સમજાણું કાંઈ?

**શ્રોતા** :- એવો શુભભાવ હોય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હોય એ જુદી વાત છે, પણ એમાં આત્માને શું થયું? એનાથી લાભ થયો આત્માને કાંઈ? અશુભ ઘટવા એવું હોય છે. એથી એને શુભભાવથી આત્માને કાંઈ લાભ છે? વિકલ્પથી આત્માને લાભ છે? આહા..હા..!

અહીં તો કહ્યુંને ભેદવાદ ઉત્પન્ન થાય એને મુક્તિ અરિહંતના મતમાં થશે કે નહિ? અજ્ઞાની જાણે. અમે તો જાણીએ છીએ કે એને ન થાય, એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**આ બધામાં સ્થિરભાવ—સનાતનભાવ પરિહરીને...**' કાયા, ખેતર, ઘર, કનક, રમણીય વગેરે '**નિત્ય-રમણીય નિરંજન નિજકારણ-પરમાત્માને...**' આહા..હા..! નિત્યરમણીય આનંદનો નાથ પ્રભુ નિત્ય અંદર આનંદમાં સ્થિર છે પ્રભુ તો. નિરંજન છે નિજકારણપરમાત્મા. આહા..હા..! '**વ્યવહાર ક્રિયાકાંડના આડંબર સંબંધી...**' જોયું આ તો વ્યવહારક્રિયાનો આંડબર. જ્ઞાનમાર્ગ ધમાધમ ચલી કહેતા હતાને. 'ધામ ધુમે ધમાધમ ચલી જ્ઞાન માર્ગ રહ્યો દૂર.' આહા..હા..! ભાઈ! અહીં તો વીતરાગપણું આત્માને લાભ થાય એ વાત છે. હવે એ કોઈ રાગથી અને પરથી લાભ થાય. આહા..હા..! એવું સત્યનું સ્વરૂપ જ છે તેમાં શું કરવું કહે. પરમાનંદનો નાથ ધ્રુવ ભગવાન એના ઉપર દૃષ્ટિ આપતા લાભ થાય પર્યાયનો, નિર્મળ પર્યાયનો, શાંતિનો. આહા..હા..! સમજાણું કાંઈ? બાકી તો જાત્રાઓ કરે સમ્મેદશિખરની. લાખ જાત્રા કરે તો શું છે? એ તો શુભરાગ હોય કરતો હોય તો. માન માટે કરતો હોય 'અમે આ કરીએ' અને વળી કાયાની ક્રિયા ચાલતી હોય એનું અભિમાન હોય. જુઓ, અમે એકદમ ઉતાવળે ચાલીએ છીએ અને એકદમ અમે કામે પહોંચીએ છીએ. પહેલા અમે ત્યાં. પહેલો પગ ત્યાં મૂક્યો અમે સૌ કરતા જાત્રાના બધા કરનારમાં. હું પહેલો ત્યાં પહોંચી ગયો.

આહા..હા..! અરે! ક્યાં પહોંચવું હતું, બાપુ? નિત્યાનંદમાં પહોંચવું એને ઠેકાણે અહીં પહોંચી ગયો તો મને લાભ થયો વહેલો. એ બધી ભ્રમણાઓ છે અજ્ઞાનીની. આહા..હા..!

**શ્રોતા :-** પહેલો પ્રક્ષાલ કરે લાભ થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લાભ થાય. પહેલો કરે કે પછી કરે કાંઈ લાભ જ નથી કોઈને. શુભભાવ છે. સોનાનો ચડાવે પહેલો. આપણે ચડાવે છેને. ચડાવ્યા છે બધા. એમાં શુભભાવ હોય એટલું. સોનાનો ચડાવે માટે એને વધારે લાભ થાય શુભભાવનો હોં. શુદ્ધનો તો ક્યાં છે ત્યાં? ભાઈ! આવી વાત છે, બાપુ! એક હજાર અને આંઠ ચડાવે છેને ભગવાનને અભિષેક. ઈન્દ્રો ચડાવે છે. એ બધો શુભભાવ છે. બીજું શું છે? એ ક્રિયા તો સ્વતંત્ર થાય છે. કાંઈ આત્માને શુભભાવ થયો માટે થાય છે? બહુ માર્ગ બાપા અંદરમાં બેસવો. આહા..હા..!

**શ્રોતા :-** આટલો શુભભાવ સમ્યગ્દષ્ટિને જ હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જ હોય. નિશ્ચય હોય છે તેને આવો શુભભાવ હોય એટલું. પણ એથી શુભભાવથી નિશ્ચયમાં લાભ થાય, અંદરમાં જવાને હળવો થાય, વિશ્રામ મળે (એમ નથી). એક જણો એમ કહેતો હતો વળી. શુભભાવમાં વિશ્રામ આવે પછી નિશ્ચયમાં જવાને અનુકૂળતા પડે. અરે! ભગવાન! હવે ફરી ગયો. છોટાલાલને. છોટાલાલ ફરી ગયા બિચારા. અરે! ભાઈ! બાપુ! આવો માર્ગ આવ્યો હવે તારે શું કરવું છે? ત્રણલોકનો નાથ પડ્યો છે અંદર એનો સ્વીકાર કરને, એનો સત્કાર કરને, એને અભિષેક નિર્મળ પર્યાય દ્વારા કરને. આહા..હા..!

**'વ્યવહારક્રિયાકાંડના આડંબર સંબંધીથી...'** જુઓને ભાષા એ છેને? **'વિવિધ વિકલ્પરૂપ કોલાહલ...'** આહા..હા..! વિકલ્પની જાળની કોલાહલ અશાંતિ છે કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'કોલાહલ વિનાના સહજ-પરમ-યોગના બળથી...'** સ્વભાવિક પરમયોગ શુદ્ધ ચૈતન્યઘનને જોડી દેવો પર્યાયને. નિર્મળ પર્યાય શુદ્ધ ચૈતન્યમાં જોડવી એ પરમયોગ. આ યોગ છેને જોડાણ? **'સહજ-પર-યોગના બળથી જે સહજ-તપશ્ચરણરૂપી ક્ષીરસાગરનો...'** આહા..હા..! સ્વભાવિક તપશ્ચરણરૂપી ક્ષીરસાગર વીતરાગતા હોં. એવો **'ચંદ્ર (-સહજ તપરૂપી ક્ષીરસાગરને ઉછાળવામાં ચંદ્ર સમાન એવો જે જીવ) નિત્ય ધ્યાવે છે,...'** આહા..હા..! જોયું? આવા આત્મા નિજકારણ પરમાત્માને. ચોથી લીટીથી લ્યો. આવા વિકલ્પરૂપના ત્યાગથી અને સહજ પરમયોગના બળથી જે સહજ તપશ્ચરણરૂપી નિર્મળ દશા એનો ક્ષીરસાગરનો ચંદ્ર ઉછાળવામાં ચંદ્ર એવો જીવ નિત્ય આત્માને ધ્યાવે છે. આત્માને. નિત્ય આત્મા એમ નહિ. આત્માને નિત્ય ધ્યાવે છે એમ લેવું. સમજાણું કાંઈ? આત્મા નિત્ય તો છે જ. એ પ્રશ્ન અહીં નથી અત્યારે. પણ અત્યારે આત્માને નિત્ય ધ્યાવે છે. નિરંતર તેમાં અંદર ધ્યાનમાં દ્રવ્યનો આશ્રય છે. આહા..હા..! સમજાણું કાંઈ? નિત્ય ધ્રુવ સદા પરમાત્મા એને પર્યાયમાં નિત્ય ધ્યાવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પહેલું તો હજી સમજવું જ

જ્યાં કઠણ એને આ વ્યવહારના રસીકને અને બહારના પ્રેમવાળાને આ તો ભારે મુશ્કેલ પડે. .. નિશ્ચયાભાસી છે માળા. વ્યવહારને તો ઉડાવી દીધો. જેમ છે એમ છે બાપા તને... એ જેમ છે તેમ છે એ તને ખબર પડવી મુશ્કેલ પડશે. આહા..હા..!

આલો વ્યવહારને લખ્યું છે એમાં હોં. વ્યવહાર દર્શન-જ્ઞાન-ચારિત્રથી નિશ્ચયસમકિત થાય. વિકલ્પ છે શુભરાગ, વ્યવહારે શુભરાગ. લ્યો, દ્રવ્યસંગ્રહમાં છે ચોખ્ખું. એય..! આ શુભરાગ હોં ઓલો. દયા, દાન, વ્રત આદિ શુભભાવ.. એનાથી નિશ્ચય થાય. એ તો વ્યવહારનયનું કથન છે. કે એમાં હતો એમાંથી છૂટીને અંદરમાં ગયો એટલે એનાથી થયું એમ વ્યવહારથી કહેવામાં આવે છે. શું થાય પણ હવે? શબ્દોને પકડે અને એના ભાવ શું છે એને ન સમજે તો થઈ રહ્યું. એ તો અનાદિથી કર્યું છે. શાસ્ત્રના અર્થ પણ પોતાની દૃષ્ટિ પ્રમાણે કરવા પાછા. આહા..હા..! દ્રવ્ય જે નિત્ય છે તેનું જે નિત્ય ધ્યાન કરે છે એમ. પર્યાયમાં તેનું નિરંતર ધ્યાન છે નિત્ય એટલે. વસ્તુ નિત્ય છે. એને ધ્યાન નિરંતર કરે છે. નિત્ય. ધ્યાનને નિત્ય. એના ઉપર દૃષ્ટિ છે વારંવાર. આહા..હા..! નિત્ય ધ્યાવે છે.

'**તે સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરના શિખામણિને (-તે પરમ સહજ-વૈરાગ્યવંત જીવને) ખરેખર નિશ્ચયકાયોત્સર્ગ છે.**' લ્યો! આહા..હા..! આત્મા પરમાનંદમૂર્તિ પરમતત્ત્વ ધ્રુવ એને પરમયોગના બળે નિર્મળ પર્યાયને જોડી દઈને જે આત્માને ધ્યાવે છે એને નિશ્ચય પ્રાયશ્ચિત્ત છે, એને નિશ્ચય કાયોત્સર્ગ છે. આહા..હા..! લ્યો, આ કોયોત્સર્ગ આવે છેને તસ્સઉતરી કરણેમં... એય..! શેઠ! કર્યું હતું કે નહિ? તસ્સઉતરી કરણેમં... તાવકાયં ઠાણેણં માણેણં જાણેણં અપ્પાણં વોસરે એમ આવે છે. બાપુ! એ કાયોત્સર્ગ એ તો વિકલ્પની વ્યાખ્યા છે. આ તો કાયોત્સર્ગ. શરીર કાયા એ વિકલ્પ પણ કાયા. સમજાણું કાંઈ? એને છોડીને નિર્મળ પર્યાય આત્મામાં જોડવી આહા..હા..! એને નિર્મળ પર્યાય થઈ તેને નિશ્ચયકાયોત્સર્ગ કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક સુદ-૧૫, મંગળવાર, તા. ૧૮-૧૧-૧૯૭૫
## કળશ-૧૯૫ થી ૧૯૭, પ્રવચન નં. ૯૮

શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત્ત અધિકાર. ૧૯૫ કળશ છે.

(मंदाक्रांता)

कायोत्सर्गो भवति सततं निश्चयात्संयतानां
कायोद्भूतप्रबलतरसत्कर्ममुक्तेः सकाशात्।
वाचां जल्पप्रकरविरतेर्मानसानां निवृत्तेः
स्वात्मध्यानादपि च नियतं स्वात्मनिष्ठापराणाम्।।१९५।।

'**શ્લોકાર્થ :- જે નિરંતર સ્વાત્મનિષ્ઠાપરાયણ (-નિજ આત્મામાં લીન) છે...**' આનંદઘન પ્રભુ આત્મા ધ્રુવ એ સ્વ આત્મામાં લીન, પરાયણ, તત્પર છે. પર્યાયથી સ્વ આત્મામાં તત્પર છે ધ્રુવમાં. સ્વાત્મા છેને? સ્વ આત્મા એટલે પોતાનો ત્રિકાળી આત્મા સ્વભાવ. ..છે, લીન છે. આહા..હા..! તે નિશ્ચયપ્રાયશ્ચિત્ત છે. સ્વાત્મામાં લીનતા તે કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**તે સંયમીઓને,...**' મુખ્ય સંયમની વાત છેને આ? સમ્યગ્દૃષ્ટિ દ્રવ્યમાં સ્વ-આત્મામાં દૃષ્ટિપૂર્વક લીન છે. આ તો સંયમપૂર્વક લીન છે એની વાત છે. એવા '**સંયમીઓને, કાયાથી ઉત્પન્ન થતાં અતિપ્રબળ સત્-કર્મોના...**' ક્રિયાકાંડ. સમજાણું કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિ, તપ આદિનો વિકલ્પ છે એ બધી કાયાથી ઉત્પન્ન થયેલી ક્રિયાકાંડ કહેવામાં આવે છે. કાયોત્સર્ગ છેને અહીંયાં? એ ક્રિયાકાંડને ઉત્સર્ગ કરવા-છોડી દેવું અને સ્વરૂપમાં લીનતા. આવી વાત છે. આહા..હા..!

'**કાયાથી ઉત્પન્ન થતાં...**' કાયોત્સર્ગ શબ્દ છેને? '**(-કાયા સંબંધી પ્રબળ શુભ ક્રિયાઓના) ત્યાગને લીધે...**' આહા..હા..! કાયા મન-વચનના વલણવાળી જે ક્રિયા શુભ કે અશુભ બધાનો ત્યાગ અને સ્વરૂપમાં લીનતા એને નિશ્ચયપ્રાયશ્ચિત્ત, નિશ્ચયકાયોત્સર્ગ, નિશ્ચયમોક્ષમાર્ગ એને કહે છે. સમજાણું કાંઈ? '**ત્યાગને લીધે, વાણીના જલ્પસમૂહની વિરતિને લીધે...**' છેને પહેલી કાયા લીધી. હવે વાણીના જલ્પ. વિકલ્પ વાણી તરફનો વિકલ્પ એના સમૂહની વિરતિને, એનાથી પણ અભાવને લીધે. આહા..હા..! '**અને માનસિક ભાવોની (વિકલ્પોની) નિવૃત્તિને લીધે,...**' ત્રણ લીધા. એકકોર ભગવાન આત્મા આનંદકંદ ધ્રુવ એમાં લીનતા થવી અને આ બાજુ મન-વચન-કાયાના વલણવાળા ભાવોનો ત્યાગ થવો. સમજાણું કાંઈ? આવો માર્ગ છે, ભાઈ! એને કાયોત્સર્ગ કહે છે. આ કાયોત્સર્ગ કરે છેને? ભગવાનની આગળ ઉભા રહીને આમ. કાયોત્સર્ગ આને કહે છે, એમ કહે છે. એ તો આમ-

આમ કરીને વિકલ્પ હોય એવો, એ તો પુણ્યભાવ છે, એ કાયોત્સર્ગ નહિ. કાયા સંબંધી, વાણી સંબંધી, મન સંબંધી વિકલ્પની જે લાગણી શુભ-અશુભ છે તેના અભાવસ્વભાવસ્વરૂપ અને ચૈતન્યના ભાવમાં લીનતા સ્વરૂપ એને અહીંયાં કાયોત્સર્ગ કહે છે. એનું નામ નિશ્ચયપ્રાયશ્ચિત્ત કહે છે.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ કાયોત્સર્ગ.. છઠ્ઠે વિકલ્પ ... અંદર. અંદરમાં વિકલ્પ આવતો હતો. આ વિકલ્પ અટકતો હતો ત્યાં આગળ નહોતા જઈ શકતા. આ જમીન છે ભરતની એટલો જરી માનમાં આવી ગયા હતા જરી. માન એટલે આ એનું છે એટલું જરી વિકલ્પ રહી ગયો. આગળ ન ચાલી શક્યા. સાતમાથી શ્રેણી માંડીને આગળ જવું એ ન થઈ શક્યું. ભરત ચક્રવર્તી આવે છેને અહીં છે અને ઓલામાં છે પ્રવચનમંડપ. આમ ધ્યાનમાં હોય અને ભરત ચક્રવર્તી આમ પગે લાગે છે. આમ જ્યાં જોવે ઓહો..! આને તો કાંઈ નથી. આ તો આદર કરે છે. એને આદર માટે નહોતું, પણ એને એમ કે આ જમીન છે અને એમાં હું છું? આ તો એને નથી. જમીન એની છે એમ નથી. એ તો પોતે ઉભા છે અને વંદન કરે છે. એવો જરી વિકલ્પ છૂટી ગયો. શ્રેણી માંડીને કેવળજ્ઞાન થઈ ગયું. આહા..હા..!

**શ્રોતા** :- એમણે ભક્તિ કરી એટલે છૂટી ગયા.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તો નિમિત્તની વાત છે. એને જરી અટકતું હતું આમ એ છૂટી ગયું. છઠ્ઠે આવતા રહ્યા. સાતમે છૂટી ગયું હતું, પણ એ સાતમું એવું નહોતું કે સાતિશય સાતમું છે અને એનાથી આઠમું માંડે. સાતમેથી છઠ્ઠે આવે અને છઠ્ઠેથી સાતમે એ જાતનું સાતમું હતું એમને. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા** :- બ્રાહ્મિ-સુંદરી આવે છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ આમાં નથી. એ શ્વેતાંબરમાં છે. હા 'ગજથકી ઉતરો વીરા મોરા ગજથકી ઉતરો.' એ તો બધું સાંભળેલું છે, એ બધું જોયેલું છે એ ક્યાં. એમ નથી આમાં. આમાં તો આપણે અહીં છેને પ્રવચનમંડપમાં છે. આનીકોરના બારણા ઉપર છે. ભરત પગે લાગે છે આમ ઉભા. બસ, અંદર વિકલ્પ છૂટી જાય છે. અંદર આનંદમાં છે તો ભાવલિંગી મુનિ, દ્રવ્યનો આશ્રય કરીને પડ્યા છે અને જ્યાં સ્થિરતા ન થાય ત્યારે વિકલ્પ પણ આવે છે પાંચ મહાવ્રતનો આદિ વગેરે. પણ અંદરમાં જ્યાં અટકતું હતું આ, કોની જમીન અને કોની વાત? કોણ ધણી? જમીનમાં હું ક્યાં? શરીરમાં હું ક્યાં છું? શરીરમાં હું ક્યાં છું? શરીરને લઈને હું ક્યાં છું? એ જરીક વિકલ્પ રહી ગયો વૃત્તિ એટલી. છૂટી ગયો ફડાક દઈને. આહા..હા..!

**શ્રોતા** :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ છઠ્ઠે આવતો હતો વિકલ્પ છઠ્ઠે હતોને. બુદ્ધિપૂર્વક હોયને છઠ્ઠે.

સાતમે અબુદ્ધિપૂર્વક રહે. છઠ્ઠે બુદ્ધિપૂર્વક છેને. આહા..!

**શ્રોતા** :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ જરીક એવું થયું બીજું શું છે? કષાયનો અંશ અંદર ચારિત્ર તે સંજ્વલનનો છે કષાય. ઓલા ત્રણનો નહિ. આહા..હા..!

અહીં તો કાયોત્સર્ગ નિશ્ચય યથાર્થ વ્યાજબી રીતે કાયોત્સર્ગ તેને કહીએ કે કાયા સંબંધી, વચન સંબંધી, મન સંબંધીના વિકલ્પોનો ત્યાગ. એ બધો કાયોત્સર્ગ. એ કાયા. કાર્મણ કાયાનો રાગ છે એ કાર્મણકાયાની... આહા..હા..! સમજાણું કાંઈ? આમાં તો આવે છેને તમારે નહિ સ્થાનકવાસીમાં? તાવકાયં ઠાણેણં માણેણં જાણેણં અપ્પાણં વોસરે. ઈ નહિ. એ તો બધો વિકલ્પ છે અને તે તો દૃષ્ટિ મિથ્યાત્વ છે ત્યાં વિકલ્પ એવો હોય છે. અહીં તો અનુભવ છે એમાં વિકલ્પ તૂટી ગયો છે, કહે છે. આહા..હા..! આનંદનો નાથ પ્રભુ દ્રવ્યસ્વભાવ પરમપારિણામિકભાવ એવો જ્ઞાયકભાવ તે દ્રવ્ય. તે સ્વ આત્મા. એમાં પરાયણ, એમાં નિષ્ઠ પરાયણ. આહા..હા..! વીંટાઈ ગયેલા. દ્રવ્યમાં પર્યાયથી વીંટાઈ ગયેલા. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે, ભાઈ! ધર્મ એવી ચીજ છે. આહા..હા..!

'**તેમ જ નિજ આત્માના ધ્યાનને લીધે,...**' બે વાત થઈ. જોયું? કે મન-વચન-કાયા સંબંધીના વિકલ્પો શુભ પણ તેના ત્યાગ અને નિજ આત્માનું ધ્યાન. નિજ ભગવાન આત્માનું ધ્યાન. એને લીધે, '**નિશ્ચયથી સતત કાયોત્સર્ગ છે.**' ખરેખર નિરંતર તેને કાયોત્સર્ગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ૪૧૨ ગાથામાં એમ આવે, સમયસાર, અપ્પાણં મોક્ષમાર્ગને ધ્યાવ, મોક્ષમાર્ગને અનુભવ. લ્યો!

**શ્રોતા** :- એ તો પર્યાય આવી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પણ એનો અનુભવ કર્યે જા. બીજું ત્યાં એનો ભાવ પ્રગટ કર એમ એનો અર્થ છે. સમજાણું કાંઈ? એવા તો ઘણા શબ્દો શાસ્ત્રમાં આવે છેને. આહા..હા..! ભાવપાહુડમાં તો ત્યાં સુધી આવે, નિશ્ચય દ્રવ્યનો આશ્રય છે, પરિણતિ છે, એ ઉપરાંત તેને પંચમહાવ્રતના ભાવવાળા, પંચમહાવ્રતની પાંચ ભાવના ભાવવી, 'ષોડશકારણ ભાવના ભાવતા તીર્થંકરગોત્ર બંધાય' ઈ બધું છે આ શુભભાવ. શુભભાવ આવે તેનું સ્વરૂપતો બતાવેને. શુદ્ધ અને શુભ બે હોય. ભાવપાહુડમાં છે, ભાઈ! પચ્ચીસ ક્રિયા બહુ છે એમાં. ઘણા બોલ છે. વસ્તુનો આશ્રય તો દ્રવ્યનો જ છે. હવે એમાં ઉપયોગ ગયો નથી તે અંદર ઠર્યો ત્યારે ઉપયોગમાં શુભભાવમાં આ આવે. એને કર, ચિંતવ એમ કહેવામાં આવે. આહા..હા..! પ્રેમચંદભાઈ! આવો માર્ગ ભારે, ભાઈ! આહા..હા..!

૪૦૦ શું છે? ૪૧૨. છેને એ તો ખ્યાલ છેને. ક્યાં નથી? ૪૧૨. આ તો કહ્યું હતું ઘણીવાર. '**मोक्खपहे अप्पाणं ठवेहि**' આત્માને મોક્ષપંથમાં સ્થાપ. એ બીજી ગાથા લીધી હતી. '**जीवो चरित्दंसणणाणठिदो**' જે આત્મા આમ રાગમાં છે એને નિર્મળમાં સ્થાપ એટલે

દ્રવ્યમાં આશ્રય કરીને નિર્મળમાં રહે. એમાં ઈ છે. જુઓને, **'अप्पाणं ठवेहि तं चेव झाहि'** **'तं चेव'** છેને? તેનું ધ્યાન કર, તેને જ અનુભવ, તેમાં જ નિરંતર વિહાર કર, અન્ય દ્રવ્યમાં વિહાર ન કર. સમજાણું કાંઈ? પોતે મોક્ષપંથની પર્યાયને પ્રગટ કર અને એનો અનુભવ કર એમ. સમજાણું કાંઈ? આહા..હા..! શું થાય? શૈલી જ એવી. બીજી ગાથામાં એ આવ્યું, **'जीवो चरितृदंसणणाणठिदो'** આમ દર્શન-જ્ઞાન-ચારિત્ર આત્માને આશ્રયે થાય તો આ કહે કે આત્મા દર્શન-જ્ઞાન-ચારિત્રમાં રહે. એનો અર્થ એકનો એક થઈ ગયો. સમજાણું કાંઈ? આહા..! અહીં એ કહે છે જુઓને.

**શ્રોતા :-** ૧૬મી ગાથામાં એમ કહ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, આવે છેને ૧૬મી ગાથામાં આવે છે. ૧૬મી 'સેવવાયોગ્ય' એમ આવે છે. ત્યાં અર્થ પણ કર્યો છે ભાઈએ. ત્યાં પર્યાયનયનું કથન છે. જયચંદપંડિતે. એથી ત્રણને સેવવા એમ કહેવામાં આવ્યું છે. પર્યાયનયનું કથન છે. એમાં લખ્યું છે. જયચંદપંડિતે લખ્યું છે. વસ્તુ તો સેવવાનો અર્થ? પર્યાયની પરિણતિને પ્રગટ કર અને તેનો અનુભવ કર. પર્યાય પ્રગટ કેમ થાય? એ બીજી વાત. સમજાણું કાંઈ? પર્યાયથી પર્યાય પ્રગટ ન થાય. તો તો મોટો વાંધો ઉઠે આખો. જેમાં એકાગ્ર થતાં નવી પર્યાય થાય તેને દ્રવ્યનું ધ્યાન અને દ્રવ્ય કહેવામાં આવે છે. આહા..હા..! શું થાય? વસ્તુ એવી છે. બહુ અંદર સૂક્ષ્મપણે ક્યાં ફેર છે? એ જરી ઝીણો બહુ. ઝીણું છે, બાપુ! સમજાણું કાંઈ?

અહીં કહે છે '**નિજ આત્માના ધ્યાનને લીધે,...**' ત્યાં મોક્ષમાર્ગનું ધ્યાન કર એમ આવ્યું. એનો અર્થ કે મોક્ષમાર્ગની પર્યાયનો અનુભવ કર. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં દ્રવ્યનું ધ્યાન તે વસ્તુસ્થિતિ છે. આહા..હા..! એવી સ્થિતિ છે. આહા..હા..! '**નિજ આત્માના ધ્યાનને લીધે,...**' અને પરના ત્યાગને લીધે એમ. શુભાશુભવિકલ્પના ત્યાગને લીધે અને નિજસ્વરૂપના ધ્યાનને લીધે '**નિશ્ચયથી સતત કાયોત્સર્ગ છે.**' ખરેખર તેને નિરંતર સ્વરૂપની રમણતા છે એ એને કાયોત્સર્ગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમ પાછો નિજ આત્મા લીધોને? પર આત્મા નહિ એમ.

**'स्वात्मध्यानादपि च नियतं स्वात्मनिष्ठापराणाम्।'** ચોથું પદ છેને? બે વાર આવી ગઈ વાત. **'स्वात्मध्यानादपि'** સ્વ આત્મામાં ધ્યાનને લઈને **'नियतं स्वात्मनिष्ठापराणाम्'** છેલ્લા પદ છેને બે? એનું અહીં આવ્યુંને? પહેલું '**નિરંતર સ્વાત્માનિષ્ઠાપરાયણ...**' આવ્યું? અને છેલ્લું આ આવ્યું '**તેમ જ નિજ આત્માના ધ્યાનને લીધે, નિશ્ચયથી સતત કાયોત્સર્ગ છે.**' આહા..હા..! આ સામાયિક અને ચોવિસંથો એય..! બાબુભાઈ! આવે છે કે નહિ? સામાયિક ચોવિસંથો.. પડિક્કમણા, કાયોત્સર્ગ અને પચ્ચખાણ. છ બોલ નથી આવતા? આઠેય દિ' તમારા નીકળી ગયા પણ આવ્યા નહિ તમારા. એ કહેતા હતા આવે કે ન આવે નક્કી નહિ. મારામાં મેં કીધું છેલ્લા એક-બે દિ' આવે. પ્રવૃત્તિ ઘણી માણસને હોયને નવરાશ મળે

નહિ. આહા..હા..! અહીં કહે છે, પ્રભુ! તું નિવૃત્તસ્વરૂપ જ છોને. આહા..હા..!

**શ્રોતા** :- તો પછી નિવૃત્તિ લેવાની શું જરૂર છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નિવૃત્તસ્વરૂપ છે એ ક્યારે? કે એની દૃષ્ટિ થાય ત્યારે. નિવૃત્તસ્વરૂપ છે એવું પ્રતીતમાં આવે, જ્ઞાનમાં જ્ઞેય આવે ત્યારે.

**શ્રોતા** :- સમ્યગ્દર્શનસ્વરૂપ જ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ જ આવશે, હમણા આવશે. સમ્યગ્દર્શન તો ત્રિકાળ છે. એ હમણા આવશે ૯૬માં. સમ્યગ્દૃષ્ટિ સ્વરૂપ ત્રિકાળ છે. એ તો આપણે કહ્યું હતું એકવાર નહિ? ઉપયોગને અધિકારે. દર્શનોપયોગ ત્રિકાળ છે, જ્ઞાનોપયોગ ત્રિકાળ છે એને આશ્રયે જ્ઞાનદર્શનની પર્યાય પ્રગટ થાય છે ઉપયોગની. અને ત્રિકાળ. ત્યાં પણ લીધું છે. દર્શનની ભેગી દૃષ્ટિ લીધી છે. આ નિયમસાર છેને? આ એમાં જ છે એ. છેને આ તો બધા... જુઓ, ૧૩મી છે? છેલ્લી લીટી. અધિકાર ચાલે છે કારણસ્વભાવદર્શનોપયોગ અને કાર્યસ્વભાવદર્શન ઉપયોગ. કારણસ્વભાવદર્શનોપયોગ એ ત્રિકાળ અને કાર્યસ્વભાવદર્શનોપયોગ એ વર્તમાન પર્યાય. ત્યાં કીધું કે '**ત્યાં કારણદૃષ્ટિ તો,...**' છે? '**સદા પાવનરૂપ અને ઔદયિકાદિ ચાર વિભાવસ્વભાવ પરભાવોને અગોચર...**' છે. ત્રિકાળ કારણદૃષ્ટિ સમ્યગ્દર્શન, સમ્યગ્દર્શન સ્વરૂપ ત્રિકાળ હોં. પર્યાયની વાત નહિ. આહા..હા..! આવો વીતરાગમાર્ગ કુંદકુંદાચાર્યે તો ઘણો ગજબ કરીને થોડા શબ્દોમાં મોટું માખણ મૂક્યું છે. '**કારણદૃષ્ટિ તો,...**' ત્રિકાળ. સમ્યગ્દર્શન જેવી દૃષ્ટિ છે એવું ત્રિકાળ સમ્યગ્દર્શન એટલે સત્યદર્શન દૃષ્ટિસ્વરૂપ જ એ છે. એમાં આવશે. '**ઔદયિકાદિ ચાર વિભાવસ્વભાવ...**' જોયું? એક ક્ષાયિકને વિભાવસ્વભાવ કીધો. આહા..હા..! ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક ચારને વિભાવસ્વભાવ કિધો અને ક્ષાયિક ક્ષયોપશમભાવની પર્યાયને હેય કીધી ૩૮ ગાથા. હેય છે. નિર્મળ પર્યાય ક્ષાયિકની હેય છે. ઉપાદેય ભગવાન ત્રિકાળ એક દ્રવ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

નિશ્ચય મોક્ષનો માર્ગ છે તે હેય છે. પ્રેમચંદભાઈ! આવી વાત છે, ભાઈ! આહા..હા..! એ તો જ્યારે હોય ત્યારે ઉપર જાય તો એ ગાથા જ આવે છે નજર. '**जीवादि बहितच्च हेयं**' આમ છેને સામું? ભગવાનની સામે. 'જીવાદિ બહિતચ્ચ...' આમાં છેને? ૩૮. ૩૮. એ ૩૮ છે. '**જીવાદિ સાત તત્ત્વનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે.**' એ મોક્ષમાર્ગની પર્યાય એ પરદ્રવ્ય છે. આહા..હા..! કેમકે એમાંથી પર્યાય આવતી નથી એટલે પરદ્રવ્ય છે. જેમ પરદ્રવ્યમાંથી નવી પર્યાય આવતી નથી, એમ મોક્ષમાર્ગની પર્યાય છે એમાંથી નવી પર્યાય આવતી નથી. એ તો પરદ્રવ્ય છે. સ્વદ્રવ્યમાંથી નવી પર્યાય આવે ધ્યાન કરે તો. આહા..હા..! કહો, સુજાનમલજી! આવું છે. જુઓ, છેને? ખરેખર ઉપાદેય નથી. પાઠમાં હેય કીધું છે એને ઉપાદેય નથી એમ કહ્યું. શું? મોક્ષનો માર્ગ એ ઉપાદેય નથી. આહા..હા..! ક્ષાયિકસમકિત ઉપાદેય નથી. સામાયિક, ચારિત્ર, ચારિત્ર જે વીતરાગી પર્યાય સામાયિકની એ ઉપાદેય નથી.

ગજબ વાત છેને આ તો!

**શ્રોતા :-** મોક્ષમાર્ગપ્રકાશક ખોટું કર્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કાંઈ ખોટું પડતું નથી. શું ખોટું પડે છે? મોક્ષમાર્ગ (પ્રકાશકમાં) તો બરાબર કીધું છે. જ્ઞાનમાં સંવર ઉપાદેય, આસ્રવ હેય છે એ તો જ્ઞાન કરવા માટે. આશ્રય તો એક દ્રવ્યનો જ છે. સમજાણું કાંઈ? ૧૩મી ગાથાનો. '**भूदत्थेणाभिगदा**' નવેય તત્ત્વમાં .. ચૈતન્યભાવ એ ભૂતાર્થ છે. ૧૩મી ગાથા. આહા..હા..!

અહીં તો કીધું જુઓને શું કીધું? '**जीवादी बहीतच्च**' પ્રશ્ન કર્યો નહોતો બહેને? સાન્તુબેને. આ જીવાદિ એમ કે જીવ કીધોને બહિર્‌તત્ત્વને? એ બહિર પર્યાયને કીધું છે, આખું જીવદ્રવ્ય નહિ. જીવનો જે પર્યાય છે એને જીવ વ્યવહાર ગણીને તેને હેય કહેવામાં આવ્યો છે. પર્યાયમાત્ર હેય છે. આહા..હા..! સમજાણું કાંઈ? વળી બીજે ઠેકાણે કહે કે હેયનું ધ્યાન કરે તો લાભ થાય. એ તો વચનો પૂર્વાપરવિરોધ થઈ ગયા. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓને ખરેખર ઉપાદેય નથી, વ્યવહારે કહેવામાં આવે. સંવર-નિર્જરા તે. એ જાણવા માટે, પ્રગટ કરવા માટેની વાત છે. ઉપાદેય તો આ જ છે. આહા..હા..! સાધ્યસાધક કહ્યું જુઓને સમયસારમાં. સાધ્ય મોક્ષ, ધ્યેય દ્રવ્ય, સાધ્ય મોક્ષ, સાધક મોક્ષનો માર્ગ. આહા..હા..! ઉપાયેઉપેય કહ્યુંને, ઉપાયઉપેય. એક જ જ્ઞાનભાવને બે ભાવ છે. અધૂરી મોક્ષમાર્ગની પર્યાય તે ઉપાય છે, પૂર્ણ મોક્ષની પર્યાય તે ઉપેય એટલે સાધ્ય છે, ધ્યેય નહિ. સાધ્ય નામ પ્રગટ કરવાલાયક સાધ્ય માટે ત્યાં પહોંચવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ ભારે, ભાઈ! ભગવાનજીભાઈ! ત્યાં આફ્રિકામાં કાંઈ મળે એવું નથી. આહા..!

અરે! ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વર. એની દિવ્યધ્વનિ અને એનો સાર. આહા..હા..! અલૌકિક વાત છે. અને આમાં તો એમ પણ કહ્યુંને? .. તે દિ' ત્યાં કહ્યું દસ હજાર માણસ જયપુર. આ ગાથાનું. તે દિ' પહેલું નહિ મંગળિક કર્યું તે દિ' પહેલાવહેલા. બહુ માણસ, દસ હજાર માણસ. ત્યાં નજીક ખરુંને શું કહેવાય એ? રામલીલા મેદાન જયપુરમાં. જુઓ, ભાઈ! સર્વ તત્ત્વમાં એક સાર ..નાશ પામવાયોગ્ય ભાવો. સમકિતની પર્યાય, જ્ઞાનની પર્યાય, દર્શનની પર્યાય બધી નાશ પામવાલાયક છે. કારણ કે એક સમયનો કાળ છે, ઉત્પાદ-વ્યય છે, અને એનાથી દૂર છે. છે? નાશ પામવાયોગ્ય સમ્યગ્દર્શનની પર્યાય, ચારિત્રની વીતરાગી પર્યાય, આ કાયોત્સર્ગની વીતરાગી પર્યાય, એનાથી દ્રવ્ય દૂર છે. સમજાણું કાંઈ? આવી વાત છે. આ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર જિનેન્દ્રદેવ, બાપુ! એ કોને કહેવા, ભાઈ! આમ નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... કરે. આહા..હા..! અત્યારે તો આખી ગડબડ બહુ થઈ ગઈ છે. અરેરે! જિનેન્દ્રદેવનો નિષ્કંલક નિર્મળ માર્ગ છે. આહા..હા..! વીતરાગી પર્યાયનું પ્રગટ કરવું એ જિનેશ્વરનો માર્ગ છે. એ પ્રગટ કોને આશ્રયે થાય? ભગવાન ત્રિકાળ પર્યાયથી દૂર છે તેનાથી થાય. લે એય..!

**શ્રોતા :-** પર્યાયથી દૂર રહે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાયથી દ્રવ્ય દૂર અને એનાથી મોક્ષનો માર્ગ પર્યાય પ્રગટ થાય. આહા..હા..! સમજાણું કાંઈ? અરે! એને સાંભળે તો ખરો, અરે! એનો સ્વીકાર તો કરે. આવો ભગવાન. આવી ગયું છે આપણે ત્રિકાળનો સ્વીકાર આવી ગયું છે આમાં ક્યાંક. બધું યાદ ન રહે. શબ્દો યાદ રહે પણ ક્યાં છે (એ યાદ ન રહે બધું). એ ત્રિલોકનો નાથ ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ, પુણ્ય-પાપના વિકલ્પથી તો દૂર છે, પણ પર્યાય નિર્મળ ચારિત્રની વીતરાગી પર્યાય અને મોક્ષમાર્ગની પર્યાય. આહા..હા..! ભગવાન એનાથી દૂર છે.

**શ્રોતા :-** એ મોક્ષને દૂર...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મોક્ષની પર્યાયથી દ્રવ્ય દૂર છે. દ્રવ્ય તો અનાદિ-અનંત એકરૂપ છે. આ પર્યાયો ભિન્ન-ભિન્ન. નિગોદની પર્યાય, ..પર્યાય, એકેન્દ્રિય, પંચેન્દ્રિય, આ સિદ્ધની એ બધી પર્યાયમાં દ્રવ્ય છે એ તો ભિન્ન જ અનાદિ-અનંત છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો બેવાર શબ્દ આવ્યો આમાં ૧૯૫માં. પહેલો '**સ્વાત્મનિષ્ઠાપરાયણ છે તે સંયમીઓને,...**' આવ્યુંને? સ્વાત્મ પરાયણ એવા મુનિ, સંયમીઓને પરના ત્યાગથી તેમજ નિજ આત્માના ધ્યાનને લીધે એમ પાછું ત્યાં આવ્યુંને છેલ્લું? ૧૯૫. આહા..હા..! '**નિશ્ચયથી સતત કાયોત્સર્ગ છે.**' ચાહે તો વિકલ્પમાં ભલે આવો, પણ વસ્તુ છે એ તો વિકલ્પરહિત જ પરિણમન કરે છે. એ નિશ્ચય એનો સતત કાયોત્સર્ગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? સત્ય નિશ્ચય બહુ કઠણ છે જગતને જૈન પરમેશ્વરનું. સમજાણું કાંઈ? કેમકે અનાદિથી પર્યાયને ઘુંટી છે. પર્યાયમાં નવમી ગ્રૈવેયક જૈન સાધુ થઈને ગયો દિગંબર હજારો રાણીઓ છોડીને. પંચમહાવ્રત લીધા, અઠ્યાવીશ મૂળગુણ પાળ્યા, પણ એ તો વિકલ્પ અને આસ્રવ છે. આહા..હા..! પણ આત્મા એનાથી પાર છે અને જેની પર્યાયમાં જે જણાય એ પર્યાયથી પાર-દૂર છે. આહા..હા..! અમરચંદભાઈ! પર્યાયથી જણાય એ પર્યાયથી વસ્તુ દૂર છે. વસ્તુ દૂર છે. પર્યાયમાં રહીને દ્રવ્યનું જ્ઞાન પર્યાય કરે છે. આવી વાત છે. સમજાણું કાંઈ?

પૂર્ણ વસ્તુ છે એની જે સન્મુખ પર્યાય થાય તે પર્યાય દ્રવ્યમાં ભળ્યા વિના તે પર્યાયમાં દ્રવ્યનું જ્ઞાન .. થાય છે. આહા..હા..! આ તો વીતરાગમાર્ગ કેવળીનો છે, પ્રભુ! એવો જ તારો છે. તું વીતરાગ સર્વજ્ઞસ્વરૂપ જ છો. આહા..હા..! કેમકે સર્વજ્ઞશક્તિ છેને? સર્વજ્ઞ શક્તિ કહો, ગુણ કહો, સ્વભાવ કહો. ૪૭ (શક્તિ)માં આવે છેને. સર્વજ્ઞ સ્વરૂપી જ તું છો. આહા..હા..!

**શ્રોતા :-** શરત મૂકો, શુદ્ધ પર્યાય પ્રગટ થાય ત્યારે એમ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ બેસે ત્યારેને. બેઠા વિના છે એમ કોને આવ્યું? આહા..હા..! જે વાત અંદર વસ્તુ છે એવી પર્યાયમાં ભાસે નહિ ત્યાં સુધી છે એમ કોણ કહે? આહા..હા..! સમજાણું કાંઈ? આ તો થોડું લખ્યું ઘણું કરીને જાણજો એવી વાત છે. બધી લાંબી-લાંબી વાતું કરે અને સત્ય હાથ ન આવે. અહીં તો ઈ કહે છે જુઓ, કેટલી વાત કરી! આહા..હા..!

એ ૧૯૫ કીધી. આહા..હા..! એ '**નિશ્ચયથી સતત કાયોત્સર્ગ છે.**' એ વીતરાગી નિર્વિકલ્પ પર્યાય છે અને વસ્તુ એ પર્યાયથી દૂર છે. દૂર કેટલી? લોક-અલોક જેટલી નહિ. એય..! એ તો પહેલા .. સમજાણું કાંઈ? એ છોકરાઓ હતા ત્યારે થઈ ગઈ મુંબઈમાં કે કેટલી દૂર? કે લોક અને અલોક જેટલી દૂર.

**શ્રોતા :-** લોક અને અલોકનો છેડો વચ્ચે ભેગો થઈ જાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છેડો છેડામાં છે, બહાર બહારમાં છે. અહીં તો પ્રભુ આકરી વાત, ભાઈ! આહા..હા..!

**શ્રોતા :-** એમ આવે છેને કે શરીર અને આત્મા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવે છેને. એટલે એનો અર્થ શું? બે ભિન્ન છે એમ એનો અર્થ. એનું ક્ષેત્ર આઘું છે. ક્ષેત્ર એમાં ફેર છે, પણ એના એ અસંખ્ય પ્રદેશમાં. એના એ અસંખ્ય પ્રદેશનો જે છેલ્લો અંશ છે એ એનું ક્ષેત્ર છે. આ બધા અંશ છે એ ધ્રુવનું ક્ષેત્ર છે. આહા..હા..! સમજાણું કાંઈ? દૂરનો અર્થ? એનાથી નજીકમાં જ અભાવ છે એમ. આહા..! એક ભાવ પણ યથાર્થ બેસેને તો એના બધા ભાવો બેસી જાય. એક ભાવમાં જ વાંધા જ્યાં. એ બધામાં વાંધા. આહા..હા..!

**શ્રોતા :-** કયો ભાવ એક?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ દ્રવ્યભાવ.

**શ્રોતા :-** ઉપર આવી ગયું. આત્માની સન્મુખતાનો ભાવ દ્રવ્ય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બસ, એ જ વાત છેને અહીં તો. વાત શેની છે? આહા..હા..! અતીન્દ્રિય આનંદનું ચોસલું ભગવાન છે. અતીન્દ્રિય આનંદનો ઠસોઠસ લબાલબ ભરેલો આત્મા છે, ધ્રુવ હોં. એ વર્તમાન અનુભવની પર્યાયથી તે ભિન્ન છે. આ ગજબ વાતું છેને. ૩૮માં કહ્યુંને. પ્રેમચંદભાઈ! શરીર, વાણી, પર તો ભિન્ન છે અરે! વ્યવહારરત્નત્રય, દયા, દાન, ભક્તિ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન પરલક્ષી એ બધાથી આત્મા તો ભિન્ન છે. પણ સ્વલક્ષી થયેલું જ્ઞાન, સ્વલક્ષમાં થઈને પ્રતીત થઈ એવી પર્યાયથી દ્રવ્ય ભિન્ન છે. સમજાય છે, બહેન? આવી વાત છે બહુ ઝીણી. અત્યારે તો બધી ગડબડ છે બધી ખબર છે. આહા..હા..! કહો, પાટણીજી! પાટણીજી પડ્યા છે હમણા અહીં.

**શ્રોતા :-** કૂટસ્થ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કૂટસ્થ જ છે. પર્યાય કૂટસ્થ ક્યાં છે કીધુંને. કૂટસ્થ જ દ્રવ્યાર્થિકનય નિત્ય જ છે. દ્રવ્યાર્થિકનય એ નિત્ય છે અને કથંચિત્ અનિત્ય છે એમ છે? દ્રવ્યાર્થિકનય એ નિત્ય નિત્ય જ છે. પર્યાયથી અનિત્ય એ અનિત્ય જ છે. તો આખા આત્માની વાત કરવી હોય તો કતંચિત્ નિત્ય અને કથંચિત્ અનિત્ય. પણ જ્યારે દ્રવ્યાર્થિક જે નય છે. શુદ્ધ દ્રવ્યાર્થિકનય એનાથી જે નિત્ય છે એ તો નિત્ય જ છે. પણ શુદ્ધદ્રવ્યાર્થિકનયે કથંચિત્

નિત્ય અને કથંચિત્ અનિત્ય એમ છે? એમ સ્યાદ્વાદ હોય? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** .. ધ્યાન કરે તો પૂરું થઈ જાય. પર્યાય કૂટસ્થનું ધ્યાન કરે તો પર્યાય..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કૂટસ્થનું ધ્યાન કરે એ પરિણતિ રહે. પર્યાય થઈ એ તો. કૂટસ્થમાં લીન થાય, પણ ગુણ તે પર્યાય છે તો અવસ્થાની સમયે સમયે બદલતી જ છે દશાની. આહા..હા..! કેવળજ્ઞાન પણ એક સમયે-સમયે બદલે છે ત્યાં પ્રશ્ન શું? એને કૂટસ્થ કહ્યું એક ન્યાયે, પંચાસ્તિકાયમાં. કૂટસ્થ કહ્યું છેને ખબર છેને. કેમકે એવી ને એવી પર્યાય રહે છે એ અપેક્ષાએ કૂટસ્થ, એની એ પર્યાય રહે છે એમ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? પંચાસ્તિકાયમાં છે અમૃતચંદ્રાચાર્યનું. ભાઈ! કૂટસ્થ કહ્યું છે. કૂટસ્થની વ્યાખ્યા? એવી ને એવી પર્યાય સાદિ-અનંત રહે છે માટે કૂટસ્થ. પરિણમન છે. જે સમયે પહેલાની છે એ સમયે અને બીજે સમયે એ પર્યાય નથી. આહા..હા..! હવે ઓલામાં તો એમ લીધું આલાપપદ્ધતિમાં ભાઈ! પંડિતજી! આલાપપદ્ધતિમાં એવું લીધું ભૂત્વા ભવનં... જે પર્યાય હતી એ જ બીજે સમયે આવી. એમ વળી લખે છે. ફેરફાર થઈ ગયો. એવું લખ્યું છે. આલાપપદ્ધતિમાં અર્થ કર્યો છે એવો. ભૂત્વા ભવનં એ ભાઈ આવ્યો હતો એક. શું કહેવાય મહારાષ્ટ્ર? કારંજાનો એક માણસ આવ્યો હતો. શ્રાવક આવ્યો હતો. ઘણા વર્ષ થઈ ગયા. હા એ. એ કહે ભૂત્વા ભવનં. જે આ સમયની પર્યાય છે તે બીજે સમયે એ પર્યાય આવે. કીધું એમ ન હોય. બીજે સમયે બીજી. ભૂત્વા ભવનં નામ પર્યાય બદલે છે. એની એ રહેતી નથી બીજે સમયે. એવું અર્થમાં લખાઈ ગયો હતો એના ઓલામાં. ફુલચંદજીએ લખ્યું છે હોં આલાપપદ્ધતિમાં. આલાપપદ્ધતિમાં લખ્યું છે. આહા..હા..! જે પર્યાય પહેલે સમયે છે એ જ પર્યાય બીજે સમયે આવે છે. એવી ને એવી આવે છે એ જુદી વાત છે, પણ એ આવે છે એમ નહિ. ભારે! સદશ આવે છે. કેવળજ્ઞાન સદશ. દ્રવ્ય સદશ જુદી ચીજ અને કેવળજ્ઞાન સદશ જુદી ચીજ. દ્રવ્ય સદશ તો એવું ને એવું ધ્રુવ ત્રિકાળ છે અને આ તો એકસરખી આવે માટે સદશ્ય કહેવામાં આવે છે. આહા..હા..!

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ. એ આવે ક્યાંથી? એ તો ગઈ. આમાં તો ત્યાં સુધી લખ્યું છે આમાં ક્યાંક. સમજ્યાને? પર્યાયનું ક્યાંક છે. હવે શી ખબર પડે.. સમજાણું? એમ કે પર્યાય જે છે એક સમયની એ બીજા સમયની સાથે પર્યાયને કાંઈ સંબંધ નથી. આમાં ક્યાંક છે હોં. હશે. શી ખબર પડે ક્યાંક આવે તો. પહેલા સમયની પર્યાયને બીજા સમયની પર્યાય સાથે કાંઈ સંબંધ નથી એમ છે હોં. બીજે છે ક્યાંક. ..યાદ રહે, પાનું યાદ રહેતું નથી. આમાં પણ છે. આમાં છે. એક સમયની પર્યાયને બીજા સમયની પર્યાયની સાથે કાંઈ સંબંધ નથી. ભિન્ન-ભિન્ન પર્યાય છે. એક પર્યાયમાં બીજી પર્યાયનો અભાવ છે. એક પર્યાયમાં અનંતી

સપ્તભંગી ઉભી થાય છે. એક પર્યાયમાં. એક પર્યાય પર્યાયપણે છે, ગુણપણે નથી, દ્રવ્યપણે નથી, પૂર્વની પર્યાયપણે નથી, પછીની પર્યાયપણે નથી, પરના અનંતા દ્રવ્યપણે નથી, અનંતા ગુણપણે નથી. એક પર્યાયમાં અનંતી સપ્તભંગી. આ તો સાગર છે. આહા..! આ દ્રવ્ય એટલે મહાસાગર. આહા..હા..!

**શ્રોતા :–** એવી ને એવી પર્યાયમાં પરિણમન તો રહ્યું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પરિણમન રહ્યુંને તો એ પરિણમન તો પર્યાયમાં જ પરિણમન છેને. દ્રવ્યમાં ક્યાં પરિણમન છે? પરિણમન તો કાયમ રહે છે. એ સરખી કીધીને માટે કૂટસ્થ. ઓછી-વત્તી થાતી નથી માટે કૂટસ્થ. બાકી છે તો ગુણપર્યાય. આહા..હા..! ૧૯૬.

(मालिनी)

जयति सहजतेजःपुंजनिर्मग्नभास्वत्–
सहजपरमतत्त्वं मुक्तमोहान्धकारम्।
सहजपरमदृष्टया निष्ठितन्मोघजातं (?)
भवभवपरितापैः कल्पनाभिश्च मुक्तम्।।१९६।।

'**શ્લોકાર્થ :– સહજ તેજઃપુંજમાં નિમગ્ન એવું તે પ્રકાશમાન સહજ પરમતત્ત્વ જયવંત છે...**' આહા..હા..! મુનિરાજ કહે છે. '**સહજ તેજઃપુંજ...**' ચૈતન્યના તેજના નૂરનું પૂંજ પ્રભુ આત્મા. એમાં નિમગ્ન છે એ આત્મા. આહા..હા..! '**એવું તે પ્રકાશમાન સહજ પરમતત્ત્વ...**' એવું પ્રકાશમાન સહજતત્ત્વ જ્ઞાનમાં જણાણું માટે આ તત્ત્વ જયવંત છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે! '**સહજ તેજઃ**' ચૈતન્યના તેજનું પુંજ. જ્ઞાનના તેજનો પુંજ પ્રભુ. એમાં નિમગ્ન એવું આ તત્ત્વ. આહા..હા..! પ્રકાશમાન સ્વભાવિક પરમતત્ત્વ જયવંત છે. આ દ્રવ્યની વાત કીધી. જયવંત છે એમ પર્યાયમાં ભાસ્યું છે કે આ જયવંત છે આ તો. આહા..હા..!

**શ્રોતા :–** જયવંત છે એ પર્યાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જયવંત છે એ પર્યાયે જોયું. એ પર્યાયે જાણ્યું ત્યારે કીધું ઓહો..હો..! આ તો તત્ત્વ જયવંત છે. સમજાણું કાંઈ? જયવંત છે એમ જાણ્યું કોણે? જયવંત છે એ તો વસ્તુ થઈ, પણ જાણ્યું કોણે? પર્યાયે જાણ્યું ત્યારે આ જયવંત છે એમ કહેવામાં આવ્યું. એમ જાણવામાં આવ્યું લ્યોને, કહેવામાં વાણી એકકોર રાખો. આહા..હા..! પાગલ કહે એવું છે ભાઈ આ તો એવી વાત છેને. સાધારણ માણસને તો એવું લાગે કે આ શું કહે છે આવું?

**શ્રોતા :–** આ બધી વાત મહારાજને માટે વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** શું કીધું? અરે! આત્માને માટે વાત છે. સમ્યગ્દૃષ્ટિને માટે આ વાત છે. નારકીનો જીવ હોય તો આ વાત છે એને માટે. તિર્યંચનો હોય તોપણ આ વાત

છે. નથી આવ્યું રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં? તિર્યંચનું સમકિત અને સિદ્ધનું સમકિત બે એક છે. સમકિતમાં કાંઈ ફેર નથી. તિર્યંચનું સમકિત અને સિદ્ધનું સમકિત. સમકિતમાં શું ફેર છે? ચારિત્રની સ્થિરતામાં અનુભવની દશામાં ફેર છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**તત્ત્વ જયવંત છે...**' '**સહજ પરમતત્ત્વ...**' સ્વભાવિક જ્ઞાનપુંજમાં નિમગ્ન. સ્વભાવિક તેજરૂપી જ્ઞાનપુંજમાં નિમગ્ન એવું તે પ્રકાશમાન ત્રિકાળી હોં. '**સહજ પરમતત્ત્વ જયવંત છે...**' આહા..હા..! જયવંત વર્તે એ જાણ્યું એ પર્યાય. જયવંત વર્તે છે એ દ્રવ્ય. આહા..હા..! સમજાણું કાંઈ? આ બાર અંગમાં વાત આવી છે એ સ્થૂળ આવી છે એમ શાસ્ત્ર કહે છે. બહુ જેને આ સૂક્ષ્મ લાગતું હોય તો આ પણ સ્થૂળ છે હજી. પંચાધ્યાયમાં એમ કહ્યું છે, બાર અંગમાં જે કથન છે. બાર અંગ. ચૌદ પૂર્વ તો એક એનો ભાગ. સ્થૂળ છે.

**શ્રોતા :-** અનુભવની દશા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એના અંતરની દશાના અનુભવ આગળ આ શું? કથન શી રીતે? આહા..હા..! ગુંગો ગોળને ખાય ગુંગો. કેવો ગોળ કેવો લાગે છે? ગુંગો શું બોલે? કેમ ગુંગા (બોલ)? એ તો (બોલી શકતો ન) હોય. કેવો સ્વાદ છે? બસ. એમ વસ્તુમાં વાણીથી કહેવું. વાણી જડ, ભગવાન ચૈતન્ય એ વાણી દ્વારા ચૈતન્યને કહેવો, બાપુ! આહા..હા..! જેની એક પર્યાયમાં અનંતી સપ્તભંગી ઉઠે એવો જેનો સ્વભાવ પર્યાયનો. આહા..હા..! એના દ્રવ્ય-ગુણની તો શું વાત કરવી? સમજાણું કાંઈ? એવો જે જયવંત વર્તે છે, કહે છે. જ્ઞાનની પર્યાયે આ વસ્તુ છે એમ જાણી છે. એટલે જ્ઞાનની પર્યાય એમ પોકાર કરે છે, આ તો જયવંત વર્તે છે. જાણે છે, જ્ઞાનની પર્યાય જાણે છે કે આ જયવંત વર્તે છે. આ ત્રિકાળી વસ્તુ એમ ને એમ પડી છે આ તો. આહા..હા..! મારી નજર નહોતી માટે નહોતી એમ નહિ. નજર નહોતી માટે મારે માટે નહોતી. સમજાણું કાંઈ? પણ નજર પડી ત્યારે મારે માટે છે એમ થઈ ગયું. ઓહો..હો..! સમજાણું કાંઈ? આવો માર્ગ.

અગાસમાં બહુ ઝીણી વાત કરીને એક કલાક સાંભળી. પછી માણસ આવ્યો રાતે. પણ એ બધી વાત સાચી પણ સાધન શું આનું? એમ કે ભક્તિ કરવી એવું બધું. બાપુ! સાધન એને સમજણની દશા પ્રગટ થઈ ગઈ એ જ સાધન છે, પ્રજ્ઞાછીણી. રાગથી ભિન્ન પાડીને દ્રવ્યનો આશ્રય લીધો એ જ એનું સાધન છે. આહા..હા..!

'**કે જેણે મોહાંધકારને દૂર કર્યો છે...**' એટલે એ તત્ત્વમાં મોહાંધકાર છે જ નહિ. વસ્તુમાં મોહાંધકાર નથી અને આવા તત્ત્વનો જેણે આશ્રય કર્યો એને મોહાંધકારનો નાશ થાય છે. કેમકે એ વસ્તુમાં મોહાંધકાર નથી. એ તો ચૈતન્ય પ્રકાશ પુંજ કીધુંને માથે? પ્રકાશનો પુંજ એની સામે અંધકાર લીધો છે. એ તો ચૈતન્યપ્રકાશનો પુંજ છે એમાં મોહાંધકારનો અભાવ છે. અથવા જેના આશ્રયે મોહાંધકાર દૂર થાય છે માટે તે મોહાંધકારથી ભિન્ન છે, દૂર છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**(અર્થાત્ મોહાંધકાર રહિત છે),...**'

હવે આવ્યું જુઓ, **'જે સહજ પરમદષ્ટિથી પરિપૂર્ણ છે...'** ધ્રુવ તે સહજ સ્વભાવિક દષ્ટિથી તે પરિપૂર્ણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? દષ્ટિ જે સમ્યક્ છે એ તો પર્યાય થઈ. હવે એ પર્યાય પૂર્ણ દષ્ટિમાંથી આવે છે. જે જે પર્યાય છે તે તેના ગુણમાંથી, એને ગુણનો જ એ પર્યાય છે. પછી દ્રવ્યનો કહેવો એ સમ્મુચય વાત છે, પણ સમ્યગ્દર્શન છે એ પર્યાય છે મોક્ષના માર્ગની. એ પર્યાય ત્રિકાળી સમ્યગ્દર્શન સ્વરૂપ જ ભગવાન છે. આહા..હા..! છે?

**'જે સહજ પરમદષ્ટિથી પરિપૂર્ણ છે...'** સ્વભાવિક દષ્ટિથી ભગવાન આત્મા પરિપૂર્ણ છે. અને દષ્ટિ પ્રગટ થાય છે એ તો એક અંશ છે. સમ્યગ્દર્શન જે પ્રગટ થાય છે એ તો અંશ છે. પ્રવચનસારમાં કહ્યું છેને. પર્યાયને અંશ કીધો છે નહિ? આહા..હા..! ક્ષાયિકસમકિત થયું તે અંશ છે. પણ કોનો? ત્રિકાળી દ્રવ્યદષ્ટિ જે દષ્ટિ પડી છે તેનો અંશ છે. આહા..હા..! સમજાણું કાંઈ? સ્વભાવિક પરમદષ્ટિથી પરિપૂર્ણ છે. અને જુઓ, ત્યાં કીધું હતું એ પાછું અહીં નાખ્યું. કારણદષ્ટિ કીધી હતીને? ઉપયોગમાં કીધી હતી. ૧૩મી ગાથા. કારણદષ્ટિ એ ત્રિકાળી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અને જે વૃથા-ઉત્પન્ન ભવભવના પરિતાપોથી...'** મફતના ઉત્પન્ન થયેલા ભવભવના પરિતાપ. આહા..હા..! **'તથા કલ્પનાઓથી મુક્ત છે.' 'भवभवपरितापैः कल्पनाभिश्च मुक्तम्'** આહા..હા..! કોણ? પરમતત્ત્વ ત્રિકાળ. વૃથા-મોહથી ઉત્પન્ન થયેલા ભવ અને ભવનો ભાવ. એવો પરિતાપ દુઃખરૂપ. એનાથી અને **'કલ્પનાઓથી મુક્ત છે.'** આહા..હા..! વિકલ્પથી...

**શ્રોતા :-** ..ત્રિકાળની જ વ્યાખ્યા આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એની જ વ્યાખ્યા છે એ. એની જ વ્યાખ્યા છે એ. જાણવાની પર્યાયમાં આ આવ્યું એ આવું છે એમ જ કહ્યું. શ્રદ્ધાની પર્યાયમાં આવ્યું એની આ વ્યાખ્યા થઈ. સમજાણું કાંઈ? આહા..હા..! ૧૯૬ થયો. ૧૯૬ કળશ હોં. ૧૯૭.

(मालिनी)

भवभवसुखमल्पं कल्पनामात्ररम्यं
तदखिलमपि नित्यं संत्यजाम्यात्मशक्त्या।
सहजपरमसौख्यं चिच्चमत्कारमात्रं
स्फुटितनिजविलासं सर्वदा चेतयेहम्।।१९७।।

**'શ્લોકાર્થ :- અલ્પ (તુચ્છ) અને કલ્પનામાત્રરમ્ય...'** આહા..હા..! સંસારના ચક્રવર્તીના ઈન્દ્રના સુખ કલ્પનામાત્ર છે, તુચ્છ છે. આહા..હા..! **'અલ્પ અને કલ્પનામાત્ર...'** બે વિશેષણ આપ્યા. એક સમયમાં રાગની એને મીઠાશ લાગે. સંસારના અબજોપતિ આ કરોડોપતિ દેવો એ બિચારા કલ્પનાથી સુખ માને કે અમે સુખી. કલ્પના. આહા..હા..! એ તુચ્છ! આહા..!

**શ્રોતા :-** મજા કરે છે એ દુઃખ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય મજા કરતો નથી. વિષ્ટા ચાટે છે. સમજાણું કાંઈ? ઓલા છોકરા નાના હોયને. દૂધ વધારે પાયું હોય. બાળક નાનું હોયને વર્ષનું. દૂધ વધારે પીવે તો શેરણા થાય અને ઉનાળાનો દિ' હોય. શરીર ઉઘાડું હોય તો ઠંડુ લાગે. દસ્ત થાયને પાતળો બહુ દૂધ પીવે એટલે. પછી ઠંડુ લાગે તો આમ કરે. જોયું છે? આ તો બધું જોયેલું છે આ. એવું છે આ વિષ્ટાને ચાંટે છે. આહા..હા..!

**શ્રોતા :-** દૂધપાક તો મીઠો લાગે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દૂધપાક મીઠો તો જડ છે. જડની મીઠાશ અહીં લાગે આત્મામાં? દૂધપાકની પર્યાય દૂધપાકમાં રહી, આત્માની પર્યાય આમાં આવી? એને દેખીને રાગ કર્યો કે ઓહો..હો..! એ રાગ આવ્યો એને. એને રાગનો સ્વાદ આવે છે, દૂધપાકનો સ્વાદ આવતો નથી. કોઈને ત્રણકાળમાં આવ્યો નથી. અને દૂધપાક જડ, અજીવ. ભગવાન ચૈતન્યમૂર્તિ ભિન્ન. એ જીવને અજીવનો સ્વાદ કેમ હોય? આહા..હા..! એના ઉપર લક્ષ કરીને રાગ થાય છેને. કૂતરો હાડકું ચાવે. સૂકું હાડકું કૂતરો-કૂતરો. એ લોહી નીકળે અહીંથી (મોઢામાંથી) અને માને કે અહીંથી (હાડકામાંથી) આવે છે. દાઢમાં એની કણી વાગે તો લાગે કે ત્યાંથી (હાડકામાંથી) આવે. ધૂળેય નથી આવતું ત્યાંથી. એમ આ સ્ત્રી, પૈસા, લક્ષ્મી, આબરૂ, કીર્તિ, મકાન મોટા હજીરા. દસ-દસ લાખ, વીસ-વીસ લાખના હોયને મકાન. ઘરે બેઠો હો જાણે. એની કલ્પના છે કે આ મને ઠીક પડે છે, એ તો કલ્પના રાગની છે. પોતે કલ્પના ઉભી કરીને એમાં માન્યું છે કે હું સુખી છું. કહો, ભગવાનજીભાઈ! તમે આ બધા કરોડોપતિ, સુખી કહે છેને લોકો.

**શ્રોતા :-** નાખી દઈએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એણે ક્યાં પકડ્યા છે તો નાખી દે? એ તો પૈસા જુદાં પડ્યા છે. લીધા છે એના? મમતા પકડી છે. આહા..હા..! ઓહો..હો..! એવું જે ભવભવનું સુખ. આહા..હા..! જુઓ, દેવના, સ્વર્ગના, ચક્રવર્તીના બધા લીધા હોં. આહા..હા..!

**'અલ્પ અને કલ્પનામાત્રરમ્ય (-માત્ર કલ્પનાથી જ રમણીય લાગતું)...'** એમ. રમણીય છે નહિ. કલ્પનાથી રમણીય લાગતું. આહા..હા..! પ્રવચનસારમાં નથી આવતું? વિષય શું કરે એને? વિષય કરે શું એને? પરવસ્તુ શું કરે એને? એનો રાગ એને કરે એ રાગનો સ્વાદ એને આવે છે. આહા..હા..!

**શ્રોતા :-** રાગનો સ્વાદ મીઠો છે કે કડવો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કડવો. ઝેર-ઝેર.

**'ભવભવનું સુખ તે સઘળુંય હું આત્મશક્તિથી નિત્ય સમ્યક્ પ્રકારે તજું છું;...'** આહા..હા..! એવું સુખ તે સઘણુંય હું આત્મશક્તિથી નિત્ય સમ્યક્ પ્રકારે તજું છું. આહા..હા..!

મારો નાથ મને આશ્રયમાં આવ્યો છે એના આનંદની આગળ આવા કલ્પનાના સુખને હું છોડી દઉં છું. આહા..હા..! સમજાણું કાંઈ? અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ મારો આત્મા એ મને હાથ આવ્યો અંદરમાં અનુભવમાં. આહા..હા..! એના સ્વાદ આગળ, આવો આવે ખરો, પણ એ છોડી દઉં છું. એ નહિ... એ નહિ. આહા..હા..! વિશષ છે થોડા બોલ હોં. એકદમ લેવાશે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક વદ-૧, બુધવાર, તા. ૧૯-૧૧-૧૯૭૫
## ગાથા-૧૨૨, કળશ-૧૯૭થી૧૯૯, પ્રવચન નં. ૯૯

નિયમસાર. શુદ્ધનિશ્ચય ધર્મ-પરિણામ. શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત્ત કહો, શુદ્ધનિશ્ચય ધર્મ-પરિણામ કહો. ૧૯૭. '**અલ્પ (તુચ્છ) અને કલ્પનામાત્રરમ્ય...**' આહા..હા..! '**એવું જે આ ભવભવનું સુખ...**' સ્વર્ગનું કે શેઠાઈનું કે એ બધું. કલ્પનામાત્ર અને તુચ્છ છે. આહા..હા..! '**એવું જે આ ભવભવનું સખુ તે સઘળુંય હું આત્મશક્તિથી નિત્ય...**' આત્મશક્તિથી હું. મુનિરાજ પોતે કહે છે. આહા..હા..! '**નિત્ય સમ્યક્ પ્રકારે તજું છું;...**' મારો ભગવાન આનંદનો સુખનો સાગર એનો આશ્રય લઈને હું આ સંસારના કલ્પનામાત્ર સુખને છોડી દઉં છું. કહો, સમજાણું આ? પ્રાયશ્ચિત્ત છે આ. સ્વરૂપ પૂર્ણ આનંદ એનો આશ્રય લઈ અને પરમાનંદની દશા ઉત્પન્ન કરી એ નિશ્ચયપ્રાયશ્ચિત્ત છે. એનાથી સંસારના સુખની કલ્પના અને અલ્પતા એને હું છોડી દઉં છું. આહા..હા..! કહો, આનું નામ ધર્મ. આવી વાત કહે છે. આકરું કામ માણસને લાગે. અભ્યાસ ન હોયને અનાદિની પર્યાયબુદ્ધિ, રાગબુદ્ધિ. કે આ વસ્તુ શું છે એનું માહાત્મ્ય એને આવે નહિ ત્યાં સુધી એને... આહા..હા..! ત્યાં સુધી તો આવ્યું હતું કાલે.

'**સમ્યક્ પ્રકારે તજું છું;...**' આહા..હા..! મારા આત્માના આનંદના અનુભવ દ્વારા સંસારના સુખની કલ્પના અને અલ્પતા તેને છોડું છું. '**(અને) જેનો નિજવિલાસ પ્રગટ થયો છે,...**' આહા..હા..! આત્માનો આનંદ છે તે વિલાસ પ્રગટ થયો છે. '**જે સહજ પરમસૌખ્યવાળું છે...**' એ ત્રિકાળ છે આ. '**નિજવિલાસ પ્રગટ થયો છે.**' છે એમ કહે. '**જે સહજ પરમસૌખ્યવાળું છે...**' ભગવાન આત્મા પરમ આનંદસ્વરૂપ છે. અતીન્દ્રિય આનંદસ્વરૂપ આત્મા છે. આહા..હા..! '**અને જે ચૈતન્યચમત્કારમાત્ર છે,...**' તે તો ચૈતન્યચમત્કાર સ્વભાવમાત્ર આત્મા છે. '**(-તે આત્મતત્ત્વને) હું સર્વદા અનુભવું છું.**' એ આનંદનો અનુભવ કરું છું એ જ નિશ્ચયપ્રાયશ્ચિત્ત છે એમ કહે છે, એ ધર્મ છે. આહા..હા..!

સમજાણું કાંઈ? દેહ તો નહિ પણ દેહના લક્ષે થતી શુભ-અશુભક્રિયા રાગ એ પણ ધર્મ નથી. એ રાગ છે એ પણ એમ કે પુદ્ગલનો ક્યાં છે રાગ છે એ? એમ કહે છે. રાગ ક્રિયા તો આત્માનું શુભ મોક્ષનું કારણ છે લ્યો. વળી એક ઈ આવ્યું છે આજે. ઓલા ક્ષીરસાગર નથી સાધુ? અહીંયાં આઠ દિ' રહી ગયા છે.

**શ્રોતા :-** મોતીલાલજી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મોતીલાલજી. એનું પુસ્તક આવ્યું છે. એટલું ગડબડ, એટલું ગડબડ છે. શુભ તે મોક્ષનું કારણ છે, અશુભ તે સંસારનું કારણ છે. નવા-નવા પુસ્તકો બનાવ્યા. સૌના માલ રહે છે સૌના ધણી. મોટો કોક છે એડવોકેટ કે એવો કાંઈક છે એણે બનાવ્યું છે. એડવોકેટ છે લ્યો પૂનમચંદ એડવોકેટ. દિગંબર જૈનસમાજ, ગુના. એણે છપાવ્યું. ગપેગપ માર્યા છે.

**શ્રોતા :-** ૨૫૦૦ વર્ષનો .. મહોત્સવ ઉજવ્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મહોત્સવ. શું થાય? મહોત્સવ તો ત્યારે ઉજવ્યો કહેવાય, વીર્યને સ્વરૂપ તરફ ઢાળીને પુરુષાર્થથી વીરતા પ્રગટ કરે ત્યારે એ વીરનો મહોત્સવ કર્યો કહેવાય. આહા..હા..! આ ધમાધમ ઓલા ચક્ર કાઢ્યા, ધર્મચક્ર કાઢ્યા, માણસ ભેગા થયા, દસ-દસ લાખ રૂપિયા ઉપજ્યા. એક ધર્મચક્રમાં ઓલા ઈન્દોરનું. દસ લાખ. એથી શું પણ થયું હવે? એ વીરની ઉજવણી છે વીરતાના સ્વભાવથી ભરેલો ભગવાન આત્મા છે. વીરસ્વરૂપ જ છે એ તો. આહા..હા..! એના અવલંબન લઈને જે વીરતા વીતરાગ પર્યાય પ્રગટ કરે તે વીરનો મહોત્સવ કહેવાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? પણ એવી વાત આકરી પડે એટલે માણસને. વ્યવહાર છે કે નહિ? પણ વ્યવહાર છે એટલે શું? વ્યવહાર છે. શુભભાવ નથી? પણ એ ભાવશુભ છે એ ધર્મ છે?

**શ્રોતા :-** એને તો વ્યવહાર પણ ક્યાં છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એને આ તો લોકોમાં કદાચિત્ નિશ્ચય. એને તો વ્યવહાર પણ ક્યા છે અને નિશ્ચય પણ ક્યાં છે? પણ હવે એ આકરું પડે. માળા આચાર્યનું નામ લખે છે. પૂર્વના જૈન આચાર્યોની દૃષ્ટિ સાચી નહોતી. એય..! દેવીલાલજી! આવું નાખે. એ જૈનગેજેટ. એ એમ કે એમણે નવી દૃષ્ટિ આપી. એકાંત. એમ કહે છે. છે ભાઈ જેને જે બેસતું હોય એમ કહેને. એને જે રુચ્યું, ગોઠ્યું હોય એ કહેને. 'જામે જિતની બુદ્ધિ હૈ ઈતનો દીયે બતાય, વાંકો બુરો ન માનીએ ઓર કહાંસે લાયે?' એ લાવે ક્યાંથી? એને ખબર નથી એ ચીજની. આહા..હા..!

અહીં કહે છે મારો આત્મા તો '**સહજ પરમસૌખ્યવાળું છે...**' જેનો વિલાસ પ્રગટ જ છે. દ્રવ્ય પ્રગટ જ, આનંદસ્વરૂપી પ્રગટ જ છે. આહા..હા..! '**અને જે ચૈતન્યચમત્કારમાત્ર...**' ભાષા દેખો, ચૈતન્યચમત્કારમાત્ર. આહા..હા..! શરીર નહિ, વાણી નહિ, કર્મ નહિ, રાગ નહિ,

પર્યાય નહિ. ચૈતન્યચમત્કારમાત્ર શબ્દ વાપર્યો છે. ધ્રુવ. '**ચૈતન્યચમત્કારમાત્ર છે, તેને (–તે આત્મતત્ત્વને) હું સર્વદા અનુભવું છું.**' એ પર્યાય છે. સમજાણું કાંઈ? આહા..! આવા લેખો શાસ્ત્રમાં પડ્યા છે પણ ખ્યાલ નહિ. '**હું સર્વદા...**' આહા..હા..! કેમકે દૃષ્ટિનો વિષય જે દ્રવ્ય એ તો સદા નિરંતર વર્તે છે. નિરંતર તેને જ, દ્રવ્યને જ અનુભવું છું. ચૈતન્યચમત્કાર આત્મતત્ત્વને જ અનુભવું છું. કહો, સમજાણું કાંઈ? આવો માર્ગ ભાઈ! નવો લાગે લોકોને.

સમ્યગ્દર્શનમાં પણ ચૈતન્યચમત્કારમાત્ર આત્મતત્ત્વની દૃષ્ટિમાં અનુભવ થવો. આહા..હા..! એ સમ્યગ્દર્શન છે. સમ્યગ્જ્ઞાનમાં પણ ચૈતન્યમાત્ર જ્યોતિ આત્મા એનો અનુભવ જ્ઞાન થવું એનું નામ સમ્યગ્જ્ઞાન છે અને ચૈતન્યમાત્રઆત્મજ્યોતિ તેમાં ઠરવું એનું નામ ચારિત્ર છે. આહા..હા..! હવે આ વસ્તુ જ આવી છે ત્યાં કરે શું માણસ? એ ૧૯૭ થઈ. ૧૯૮.

(पृथ्वी)

निजात्मगुणसंपदं मम हृदि स्फुरन्तीमिमां
समाधिविषयामहो क्षणमहं न जाने पुरा।
जगत्रितयवैभवप्रलयहेतुदुःकर्मणां
प्रभुत्वगुणशक्तिः खलु हतोस्मि हा संसृतौ।।१९८।।

ઓલી સમાધિ આવવાની છેને હવે એટલે એ શૈલી લીધી છે. હવે સમાધિ અધિકાર છે. આહા..હા..!

આહા..હા..! '**શ્લોકાર્થ :– અહો! મારા હૃદયમાં સ્ફુરાયમાન આ નિજ આત્મગુણસંપદા...**' આહા..હા..! મારા જ્ઞાનમાં. હૃદય એટલે જ્ઞાનમાં '**સ્ફુરાયમાન આ નિજ આત્મગુણસંપદા...**' આત્મગુણસંપદા એટલે પર્યાયની અહીં વાત છે હોં. '**જે સમાધિનો વિષય છે...**' આહા..હા..! આત્મગુણસંપદા એ સમાધિ અંતર લીનતાનો એ વિષય છે. સમજાણું કાંઈ? સમાધિનો શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... અતીન્દ્રિય આનંદની પર્યાય એ સમાધિ. એનો એ વિષય આત્મસંપદા વસ્તુ. એ '**મેં પૂર્વે એક ક્ષણ પણ જાણી નહિ.**' આહા..હા..! આનંદનો નાથ એને મેં કોઈ દિ' એક ક્ષણ પણ અનુભવ્યો નહિ એમ કહે. સમજાણું કાંઈ? મુનિરાજ પોતે કહે છે. આહા..હા..! વર્તમાન સમાધિ શાંતિ એ જ મારો વિષય છે, એ જ મારું કર્તવ્ય છે એમ. સમજાણું કાંઈ? આહા..હા..! એ ગાથામાં આવી ગયુંને પહેલું? '**णियमेण य जं कज्ज**' નિયમથી કર્તવ્ય છે એ આનંદની દશા. સમ્યગ્દર્શન–જ્ઞાન એ નિયમથી, નિશ્ચયથી એ કર્તવ્ય છે. એને સમાધિ કહો, નિશ્ચયપ્રાયશ્ચિત્ત કહો, નિશ્ચય પ્રતિક્રમણ કહો, જે કહો તે એ છે. આહા..હા..!

અરે! '**મેં પૂર્વે એક ક્ષણ પણ જાણી નહિ. ખરેખર, ત્રણલોકના વૈભવના પ્રલયના હેતુભૂત...**' આહા..હા..! ત્રણલોકના વૈભવની સંપદાનો નાશ કરનારા હેતુભૂત '**દુષ્કર્મોની પ્રભુત્વગુણશક્તિથી...**' ભાવકર્મ હોં. '**દુષ્કર્મોના પ્રભુત્વગુણશક્તિથી (–દુષ્ટ કર્મોના પ્રભુત્વ**

**ગુણની શક્તિ) અરેરે! હું સંસારમાં માર્યો ગયો છું...'** આહા..હા..! આમાંથી કાઢે કે જુઓ, કર્મને લઈને. પણ સવારે જ આવ્યું હતું. વિકારની પર્યાય કરવાની પરાધિનતાની મારી પોતાની યોગ્યતા શક્તિ છે, એનાથી હું માર્યો ગયો છું. સમજાણું કાંઈ? વિકાર કરવાની મારી લાયકાત અને મારો ધર્મ છે, મારો સ્વભાવ છે પર્યાયનો. પર્યાયનો હોં. આહા..હા..! એનાથી હું માર્યો ગયો છું અનાદિથી. આહા..હા..! એટલે કે રાગ-દ્વેષની પર્યાય છે એ બુદ્ધિમાં પર્યાયબુદ્ધિમાં હું હણાઈ ગયો છું, અનાદિથી, એમ કહે છે. આહા..હા..!

જેમ પાતાળમાંથી પાણી કાઢે છેને એમ આ પાતાળમાં પડેલું દ્રવ્ય અંતર્મુખ એને પર્યાયની બુદ્ધિમાં, રાગ-દ્વેષની બુદ્ધિમાં હું હણાઈ ગયો છું. એ પ્રભુત્વશક્તિ છે એક આહા..હા..! પર્યાયની હોં. અરે! પૂર્વે એક ક્ષણ જાણી નહિ. ત્રણલોકના વૈભવના પ્રલયના હેતુભૂત. ઓહો..હો..! કેવળજ્ઞાન અને આનંદ આવે. એના હણવાનો હેતુભૂત દુષ્કર્મ. પુણ્ય અને પાપના વિકારીભાવ એની પ્રભુત્વશક્તિથી. જોયું! એની શક્તિથી. દુષ્કર્મોના પ્રભુત્વગુણની શક્તિથી **'અરેરે! હું સંસારમાં માર્યો ગયો છું...'** આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** વિભાવમાંથી..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈશ્વર છેને એ. ઈશ્વરશક્તિથી પરાધીનતાને ભોગવે છે. એ કહે છે. એકલી હોં. આમ સ્વભાવનું ભાન હોય ત્યારે તો ધારે કે મારી પરાધીનતા નિમિત્તને આધીન મારામાં મેં કરી છે. એમ જ્ઞાન કરે. એક નય છેને નય? આહા..હા..! આત્મા ચૈતન્યમૂર્તિ ચમત્કાર પ્રભુ, એનો જે દૃષ્ટિ અને અનુભવ થયો એ તો પર્યાયમાં વિકાર થાય એ મારે કારણે થઈ છે. નિમિત્ત આધિન હું થાવ છું માટે થઈ છે એમ એ જાણે છે. અને આ તો એકલો અજ્ઞાની અનાદિથી પુણ્ય-પાપના ભાવની શક્તિને જ સ્વીકારનારો. સમજાણું કાંઈ? આહા..હા..! પર્યાયમાં પ્રભુત્વશક્તિ વિકારની થઈ. આહા..હા..! એને સ્વીકારનારો એના દ્રવ્યસ્વભાવનું ત્યાં હનન થાય છે. સમજાણું કાંઈ? આવો માર્ગ ઝીણો પડે. આ એવો માર્ગ બાપુ આ તો. આખી દુનિયાથી નિરાળો માર્ગ છે વીતરાગનો. આણે બહુ નાખ્યુ માળાએ. આમ છે ને તેમ છે. કંઈક ગપ્પા માર્યા છે. આ પુસ્તક, ક્ષીરસાગર. એનો એડવોકેટ છાપનારો કહો એ કેવો એડવોકેટ હશે? આહા..! આચાર્યની ભૂલ સુધારનારો એક છે ક્ષીરસાગર. પુસ્તક બનાવે છે. તત્ત્વાર્થસૂત્રનો સુધારો કરે છે. અઠ્યાવીશ મૂળગુણ આમ જોઈએ... આમ જોઈએ... તેમ જોઈએ... એમ સૂત્ર બનાવ્યા છે નવા બનાવ્યા. સ્વતંત્ર જીવ છે, ભાઈ! આહા..હા..!

**શ્રોતા :-** શ્વેતાંબરમાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો વળી આ છે તેરાપંથી કહેને કે ભગવાન ભૂલ્યા. ..બચાવ્યો એ નહિ. એ વાત પણ ક્યાં છે? બધી વાત કલ્પિત છે. આહા..હા..!

અહીં તો કહે છે કે અરેરે! પર્યાયબુદ્ધિમાં રાગની શક્તિથી, રાગને વિકારની શક્તિમાં સ્વીકારથી અરેરે! મારી શાંતિ હણાઈ ગઈ. સમજાણું કાંઈ? હવે મારો સમાધિસ્વભાવ. આહા..હા..!

સમાધિ આવવાની છે એટલે ત્યાંથી ઉપાડ્યું છે. એને પ્રગટ કરી અને તે શક્તિની પ્રભુતાને હું હણી નાખું છું. આહા..હા..! ૧૯૮ થઈ. **'માર્યો ગયો છું (–હેરાન થઈ ગયો છું).'** આહા..હા..! વિકારી પરિણામની શક્તિમાં રોકાયેલો મારી શાંતિમાં હેરાનતા પ્રગટ થઈ. આહા..હા..! મારે કારણે છે એ. કર્મનું તો નિમિત્તથી કથન છે. આહા..હા..! ૧૯૮. પ્રભુત્વ શક્તિ તો આત્માની છે. સમજાણું કાંઈ? આત્મામાં એક પ્રભુત્વ નામની શક્તિ છે. પરમેશ્વર થવાની એક શક્તિ છે. એ શક્તિના આશ્રયથી વિકારની શક્તિની પ્રભુતાને હું નાશ કરું છું. આહા..હા..! સમજાણું કાંઈ? વીતરાગમાર્ગ બહારનો લૂખ્ખોલહ. અંદરનો રસવાળો છે. આહા..! સમજાણું કાંઈ? ધમાલ ચલાવે આમ કરે. કરોડો રૂપિયા ખર્ચે. ધમાલ જાણે શેઠિયાઓ જાણે ઓહો..! શું કર્યું! મંદિર સ્થાપે ને મૂર્તિ સ્થાપે ને આમ કૂદે. શું છે એ તો એક શુભભાવ છે. એ શુભભાવની શક્તિનું સ્વરૂપ એ મારા પુરુષાર્થની ઉંધાઈથી થયું છે એવી શક્તિથી હું માર્યો ગયો છું, એમ કહે છે. આહા..હા..! પણ મારો સ્વભાવ પ્રભુત્વશક્તિનો ધરનાર ભગવાન એનો આશ્રય લઈ અને આને હું છોડું છું. આહા..હા..! પર્યાયબુદ્ધિને હું છોડું છું. અનાદિથી હેરાન થઈ ગયો માટે એને છોડું છું, એમ કહે. આહા..હા..! આવી વાત સમજવી કઠણ પડેને અને પ્રયોગ કરવો એ તો મહા... આહા..હા..!

પર્યાયને અંતરમાં ઢાળવી કેટલો એ પુરુષાર્થ છે! જે પર્યાય બહાર ઉપર લક્ષવાળી છે એના પછીની પર્યાયને અંતરમાં વાળવી અને પ્રગટ કરવી. આહા..હા..! સવારમાં આવ્યું હતું નહિ? કે વર્તમાન પર્યાય અને ભૂત-ભવિષ્યની પર્યાયને કાંઈ સંબંધ નથી. વર્તમાન પર્યાયનો ભાવ, પર્યાયનો ભાવ, પર્યાયની શક્તિ છે. આહા..હા..! પરિણમન શક્તિ એ પર્યાયનો ભાવ છે. આહા..હા..! આ અપરિણમનપણે રહેવું એ દ્રવ્યનો ભાવ છે. આહા..હા..! ભાઈ! માર્ગ એવો છે વીતરાગ ત્રણલોકના નાથ. આહા..હા..! એને લોકોએ સાધારણ આ દયા પાળવી, વ્રત પાળવા, ભક્તિ કરવી એમાં ધર્મ મનાવી દીધો છે. એ ઉંધે રસ્તે ચડાવી દીધા છે. આહા..હા..! ૧૯૯.

(आर्या)

भवसंभवविषभूरुहफलमखिलं दुःखकारणं बुद्ध्वा।

आत्मनि चैतन्यात्मनि संजातविशुद्धसौख्यमनुभुंक्ते।।१९९।।

આવા શબ્દો અમૃતચંદ્રાચાર્યમાં આવે છે. પાઠ છે ૧૪૭. 'आत्मनि चैतन्यात्मनि' બધી શૈલી એ લીધી છે. એમાં શું વાંધો? અનુક્રમ ગમે તે હો. સત્યનો અનુક્રમ કરવામાં શું વાંધો છે?

**'શ્લોકાર્થ :- ભવોત્પન્ન (–સંસારમાં ઉત્પન્ન થતા)...'** આહા..હા..! **'વિષવૃક્ષના સમસ્ત ફળને...'** એ શુભ અને અશુભભાવ વિષવૃક્ષનું ફળ છે આહા..હા..! એ **'દુઃખનું કારણ જાણીને...'** આહા..હા..! શુભ અને અશુભભાવ એ દુઃખનું કારણ છે. આહા..હા..!

પરની દયાનો ભાવ, સત્ય બોલવાનો ભાવ એ બધું દુઃખનું કારણ છે. આહા..હા..! વીતરાગ માર્ગ એક ક્ષણ પણ એને આવે જાય વીતરાગમાર્ગ તો એને ભવનો છેદ થઈ જાય. આ એવી વાત છે. કહે છે કે એ વિષવૃક્ષના ફળ. ૧૪૮ પ્રકૃતિ છે એ બધા ઝેરના ઝાડ છે. પ્રકૃતિ ૧૪૮. ભગવાન એકકોર અમૃતનો સાગર છે. અતીન્દ્રિય અમૃતનો સાગર એકકોર આત્મા અને આ કર્મ છે એ ઝેરના ઝાડ. આમાંથી અમૃત પ્રગટે અને એમાંથી ઝેર પ્રગટે. આહા..હા..! શુભાશુભભાવ. ત્યાં એ એમાં નાખ્યું લગભગ. ચૈતન્ય આત્માના વિષવૃક્ષના ફળ નાખ્યું છે.

**'વિષવૃક્ષના સમસ્ત ફળને...'** ભાષા શું છે? સમસ્ત ફળ. આહા..હા..! ૧૪૮ પ્રકૃતિ છે કર્મની. એનું બધાના ફળને હું છોડું છું. ઝેરના ઝાડ છે, કહે છે. આહા..હા..! **'દુઃખનું કારણ જાણીને હું ચૈતન્યાત્મક આત્મામાં...'** ચૈતન્યસ્વરૂપ આત્મામાં. આહા..હા..! જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા તો છે. ચૈતન્યમય આત્મા ભગવાન છે. એમાં રાગ નથી, દ્વેષ નથી, પુણ્ય, પાપ અને કર્મ નથી. એમાં છે નહિ. આહા..હા..! ચૈતન્યસ્વરૂપ **'આત્મામાં ઉત્પન્ન વિશુદ્ધસૌખ્યને અનુભવું છું.'** લ્યો ઠીક! ઓલા વિષવૃક્ષના ફળને દુઃખનું કારણ જાણીને એમ. **'હું ચૈતન્યાત્મક આત્મામાં ઉત્પન્ન વિશુદ્ધસૌખ્યને અનુભવું છું.'** આહા..હા..! આનંદસ્વરૂપ ભગવાન આત્મા ચૈતન્યમાત્ર એ આત્મા છે. એને સન્મુખ થઈને અનુભવું છું. એ મારું મુનિપણું અને એ મારી ધર્મદશા છે એમ કહે છે. સમજાણું કાંઈ? લ્યો, એ અધિકાર પૂરો થયો.

**'આ રીતે, સુકિવજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે અને પાંચ ઇન્દ્રિયોના ફેલાવરહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો...'** મુનિને તો એક દેહમાત્ર હોય છે. ભગવાને કહેલા સાચા મુનિ એને વસ્ત્ર, પાત્ર કાંઈ હોતું નથી. એવો વીતરાગનો માર્ગ વીતરાગે કહ્યો છે. 'જન્મ્યા પ્રમાણે રૂપ ભાખ્યું.' બે-ત્રણ ઠેકાણે આવે છે. આહા..હા..! **'દેહમાત્ર જેમને પરિગ્રહ હતો...'** મુનિ છેને મુનિ? ટીકા કરનાર દિગંબર મુનિ. મુનિને એક દેહ સિવાય વસ્ત્ર પણ ન હોય, પાત્ર પણ ન હોય અને કાંઈ ન હોય એને મુનિ કહેવામાં આવે છે. એકલા વસ્ત્રરહિત એમ નહિ. અંદર વિકલ્પની લાગણી વિનાનો આત્મા છે એવા હોય છે. આહા..હા..! દયા, દાન, વ્રતનો જે વિકલ્પ છે એ તો રાગ છે. એ વિનાનું એનું સ્વરૂપ છે દિગંબર વિકલ્પના લૂગડા વિનાની ચીજ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી...'** જેને શરીરમાત્ર હતું. કમંડળ હતું એ વાત પણ ન રહિ. સદાય જે છે એને રાખ્યું. કોક વખતે લક્ષ જાય એને ન રાખ્યું. **'એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી...'** દિગંબર મુનિએ રચાયેલી. **'નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં (અર્થાત્ શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યપ્રણીત શ્રી નિમયસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવવિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત્ત અધિકાર નામનો આઠમો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.'** લ્યો!

આઠમો અધ્યાય થયો.

હવે **નવમો** પરમ-સમાધિ. લોગસ્સમાં આવે છે. સમાહિવર મુત્તં.. કોને ખબર છે પણ સમાહિ શું અને વર શું? ગડીયો હાંકે જાય. લોગસ્સ ઉવજા.. સમાહિવર મુત્તદિંતુ. આવે છેને? આહા..હા..! સમાધિ એટલે? આત્મામાં પુણ્ય-પાપના વિકલ્પ વિના દયા, દાન અને વ્રત, ભક્તિ અને તપનો જે વિકલ્પ રાગ છે એ તો અસમાધિ છે. આહા..હા..! એના રહિત સમાધિ આત્માના આનંદની વેદન દશા. અતીન્દ્રિય આનંદની વેદનદશા એને અહીં સમાધિ કહે છે. ઓલા બાવા સમાધિ લગાવે એ નહિ હોં. આહા..હા..! એ સમાધિ અધિકાર છે.

'**હવે સમસ્ત મોહરાગદ્વેષાદિ પરભાવોના વિધ્વંસના હેતુભૂત...**' લ્યો! સમસ્ત પરતરફના વલણવાળો મોહ અને રાગદ્વેષાદિ પરભાવો વિકાર છે એ બધા. એના '**વિધ્વંસના હેતુભૂત...**' નાશનું કારણ '**પરમ-સમાધિ અધિકાર કહેવામાં આવે છે.**' આમાં સામાયિક લેશે અધિકારમાં. આ લોકો સામાયિક કરે એ નહિ. અંતર આનંદની દશાની વીતરાગ પરિણતિ ઉત્પન્ન થાય અને અતીન્દ્રિય આનંદનો ઉગ્રપણે સ્વાદ આવે એને સામાયિક કહે છે. સમજાણું કાંઈ? આમાં આવશે અધિકાર. '**પરમ-સમાધિ અધિકાર કહેવામાં આવે છે.**' ૧૨૨.

**वयणोच्चारणकिरियं परिचत्ता वीयरायभावेण।**
**जो झायदि अप्पाणं परमसमाही हवे तस्स।।१२२।।**

વીતરાગભાવે આને છોડ એમ કીધું છે.

**વચનોચ્ચરણકિરિયા તજી, વીતરાગ નિજ પરિણામથી**
**ધ્યાવે નિજાત્મા જેહ, પરમ સમાધિ તેને જાણવી. ૧૨૨.**

આહા..હા..! '**ટીકા :- આ, પરમસમાધિના સ્વરૂપનું કથન છે.**' હવે કહે છે કે ધર્માત્માને પણ '**ક્યારેક અશુભવંચનાર્થે...**' અશુભભાવ છોડવા માટે '**વચનવિસ્તારથી શોભતું પરમવીતરાગ સર્વજ્ઞનું સ્તવનાદિક...**' ભગવાનનું સ્તવન કરવું આદિ એ બધો શુભભાવ છે, પુણ્ય છે, ધર્મ નહિ. સ્તવન આદિ છેને? સ્તવન કરવું, વંદન કરવું. **નમો** અરિહંતાણં, **નમો** સિદ્ધાણં-એવો જે અંદર વિકલ્પ આવે એ શુભભાવ છે. '**પરમ જિનયોગીશ્વરે પણ કરવાયોગ્ય છે.**' વ્યવહાર આવે ખરો. સમ્યગ્દષ્ટિ જીવને પણ સ્વરૂપમાં ઉપયોગ ન હોય ત્યારે અશુભથી વંચનાર્થ-ટાળવા માટે આવો શુભભાવ હોય, પણ એ શુભભાવ બંધનું કારણ છે. આહા..હા..! કહો, લોગસ્સ ઉવજોયગરે.. આવે છેને સ્તવન? ચોવીસ તીર્થંકરનું સ્તવન લોગસ્સ એ શુભભાવ છે, ધર્મ નહિ, પુણ્યબંધનું કારણ છે. સ્વરૂપમાં સ્થિર ન હોય ત્યારે એ અશુભ ટાળવા માટે એ ભાવ આવે.

અહીં તો '**જિનયોગીશ્વરે પણ કરવાયોગ્ય છે.**' એમ ભાષા છેને? આહા..હા..! આવે, શુભભાવ છેને. પરમાર્થથી જોઈએ તો '**પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત વચનસંબંધી વ્યાપાર કરવાયોગ્ય નથી.**' એ સ્તવનનો વિકલ્પ અને પછી આવશે. એ વચનરચના સાથે રાગને

છોડવા જેવું છે. એમ કીધું છેને પાઠમાં એમ છેને? '**वयणोच्चारणकिरियं परिचत्ता वीयरायभावेण**' વીતરાગભાવ વડે કરીને એ રાગને છોડવો અને એ દેહની ક્રિયા વચન બોલવું બંધ કરવું. આહા..હા..! ખરેખર તો પ્રશસ્ત નામ શુભરાગ અથવા શુભવચન. અપ્રશસ્ત નામ અશુભ '**વચનસંબંધી વ્યાપાર કરવાયોગ્ય નથી.**' એ શુભભાવ પણ કરવાયોગ્ય નથી. આહા..હા..! વચન કરવાયોગ્ય નથી, ભેગો શુભભાવ પણ કરવાયોગ્ય નથી. આહા..હા..!

'**આમ હોવાથી જ, વચનરચના પરિત્યાગીને જે સમસ્ત કર્મકલંકરૂપી કાદવથી વિમુક્ત છે...**' આહા..હા..! સમસ્ત પુણ્યપરિણામરૂપી કલંક એવો જે કાદવ એનાથી વિમુક્ત '**જેમાંથી ભાવકર્મ નષ્ટ થયેલાં છે...**' આહા..હા..! શુભભાવ પણ જ્યાં નષ્ટ થયો છે. કેમકે એ પણ અસમાધિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે! જિંદગી ચાલી જાય, આયુષ્ય પૂરું થવાને વખત થોડો રહે, પણ એને સત્ય સાંભળવા ન મળે, એ શું કરે બિચારા? આહા..હા..! કાગડા અને કૂતરાના અવતાર એવા એ અવતાર છે. કેમકે એને મનુષ્યપણું મળ્યું નથી, આને મળ્યું પણ કાંઈ કર્યું નથી આત્માનું. આ શુભક્રિયા કરીને ધર્મ માન્યો એટલે કાગડા-કૂતરા જેવા છે બધા. આહા..હા..! સમજાણું કાંઈ? પાંચ-પચ્ચીસ લાખ મળ્યા હોય ધૂળના. તો અમે કાંઈક વધ્યા. શું વધ્યા? પાપમાં વધ્યા. આહા..હા..! એમાં કાંઈક શુભભાવ કર્યો હોય તો એ તો પુણ્યબંધનું કારણ છે. વચનરચના છોડીને, રાગને છોડીને એ સંબંધી જે રાગ છે તેને પણ છોડીને એમ કીધું. વચનરચના તો ક્યાં કરી શકે છે એ! આહા..હા..!

**શ્રોતા :-** એના ભાવને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વચનરચનાનું લક્ષ છોડીને અને રાગને છોડીને એમ કહે. એ સંબંધીનો રાગ છે એને છોડીને. આહા..હા..! વચન છે એ જડ છે માટી આ તો વાણી. આત્મા તો એનાથી પૃથક્ છે. આત્મા વાણી કરી શકે કે રોકી શકે એવું કાંઈ છે નહિ, એ તો જડનું કાર્ય છે. અરે! એને આત્મા શું છે અને આત્મા ક્યા શું કરી રહ્યો છે એની એને ખબર નથી. આહા..હા..!

અહીં કહે છે કે વાણી થવી એ કાંઈ આત્માને કારણે નથી. એ તો જડની પર્યાય પરમાણુ, માટીની છે આ તો ધ્વનિ ઉઠે છે. આહા..હા..! ઓલાએ લખ્યું કે દેહ અને આત્માને કાંઈ સંબંધ નથી એટલે થઈ રહ્યું. કાંઈ સંબંધ નથી. સર્વે સંબંધ નિષેધ. ૨૦૦ ગાથા છે, ભાઈ! કળશ સમયસારનો. આહા..હા..! એને તો પોતાના સ્વભાવ સાથે સંબંધ છે. ભગવાન આત્માને તો સ્વભાવ સાથે સંબંધ છે. વિભાવ સાથે અને શરીર સાથે કાંઈ સંબંધ નથી. આહા..હા..! અહીં કહે છે કે એ પુણ્ય અને પાપના ભાવ કર્મકલંકરૂપ કાદવ છે. આહા..હા..! એ મહાવ્રતનો ભાવ અને બાર વ્રતનો ભાવ પણ કર્મકલંક છે, કાદવ છે કહે છે. શું કીધું?

**શ્રોતા :-** કર્મકલંક એટલે શું? સીધું આપ વાંચો તો..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પણ એનો અર્થ થવો જોઈએને કર્મકલંકનો? એનો ખુલાસો

થાય છે આ તો. કર્મકલંક એટલે શું? કે શુભ અને અશુભભાવ એ કર્મકલંક છે.

**શ્રોતા :-** આ વખતે કીધું. પહેલા આપે કીધું મહાવ્રત કહેવાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તો શુભ-અશુભભાવ એ આવ્યું કે નહિ? મહાવ્રત આવ્યું, ભગવાનની સ્તુતિ આવી, ભગવાનનું વંદન, પૂજા એ બધો શુભભાવ કર્મકલંક છે. આહા..હા..! લોકોને તત્ત્વ વીતરાગ પરમાત્મા જિનેન્દ્રદેવ શું કહે છે એને સાંભળવા મળ્યું નહિ બિચારાને. જૈનના વાડામાં જન્મે પણ શું પરમેશ્વરનું કહેવું છે એની એને ખબર ન મળે. આહા..હા..! જિનેન્દ્રદેવ વીતરાગભાવની પુષ્ટિ એ તો કરે છે. રાગની પુષ્ટિ કરે? તો વીતરાગમાર્ગ શેનો? આવે, હોય છે એ તો કીધું માથે. જાણે, પણ કરવાયોગ્ય વ્યવહારથી કરવાયોગ્ય છે એમ પણ કહે. અશુભવંચનાર્થે આવ્યું હતુંને. પહેલું આવ્યું હતું એ. અશુભભાવને છોડવા માટે શુભ કરવાયોગ્ય એને વ્યવહારનયથી કહેવાય. નિશ્ચયથી તો બેય કર્મકલંક છે શુભ અને અશુભભાવ. આહા..હા..!

પરિત્યાગીને '**વચનરચનાને...**' છોડી દઈને. પરિત્યાગી એટલે સમસ્ત પ્રકારનો વિકલ્પ નહિ અંતર્જલ્પ. આહા..હા..! આ તો '**વચનરચના પરિત્યાગીને...**' એમ. ઓલો અંતર્જલ્પ વિકલ્પ ઉઠે એ. પછી '**જે સમસ્ત કર્મકલંકરૂપ કાદવથી...**' એમ. જે વિકલ્પ છે અંદરમાં એ પણ શુભભાવ. આહા..હા..! ગુણગુણીના ભેદનો વિકલ્પ ઉઠે એ પણ કાદવ છે, મેલ છે. આહા..હા..! '**કાદવથી વિમુક્ત છે...**' ભગવાન. '**જેમાંથી ભાવકર્મ નષ્ટ થયેલાં છે...**' પર્યાયમાં શાંતિથી. '**એવા ભાવે...**' પુણ્ય અને પાપના ભાવ નષ્ટ થયા છે એવા ભાવે. '**પરમવીતરાગભાવે—ત્રિકાળ-નિરાવરણ નિત્ય-શુદ્ધકારણપરમાત્માને સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મ—ધ્યાનથી...**' આહા..હા..! લાંબી વાત છે. ધ્યાવે છે ત્યાં સુધી લઈ જવું. '**સંયમી ધ્યાવે છે...**' ને? રાગ અને દ્વેષ નાશ થયા છે એવા ભાવે '**પરમવીતરાગભાવે...**' એમ પાછું જોયુંને? એવા ભાવે એટલે કે પરમવીતરાગભાવે એમ. આહા..હા..! '**ત્રિકાળ-નિરાવરણ નિત્ય-શુદ્ધકારણપરમાત્મા...**' આવા ભાવે આવા આત્માને ધ્યાવે છે એને સમાધિ હોય છે. એના આનંદની શાંતિ હોય છે. આહા..હા..!

પુણ્ય અને પાપના ભાવ નષ્ટ થયા એવા ભાવે એટલે પરમવીતરાગભાવે કોને ધ્યાવે? કે ત્રિકાળ નિરાવરણ દ્રવ્યસ્વભાવ ત્રિકાળ નિરાવરણ નિત્ય-શુદ્ધ. આહા..હા..! આણે વળી એ નાખ્યું દ્રવ્ય પણ શુદ્ધ, ગુણ પણ શુદ્ધ અને અશુદ્ધ, દ્રવ્ય પણ અશુદ્ધ અને ગુણ પણ. ગડબડ-ગડબડ. લોકો દિગંબરમાં જન્મેલાઓને પણ આવી વાતું કેમ સાંભળવી ગોઠે? કાંઈ ખબર ન મળે. શું કહે છે? શુભ-અશુભભાવ એ કર્મકલંક છે એને છોડી દઈને વિમુક્ત છે એનાથી. એવો ભાવ. '**એવા ભાવે-પરમવીતરાગભાવે...**' એમ. એવા ભાવ એટલે આ. ત્રિકાળ નિરાવરણ ભગવાન આત્મા '**નિત્ય-શુદ્ધ...**' નિત્યશુદ્ધ. નિત્ય ધ્રુવ શુદ્ધ. એવા કારણપરમાત્મા એટલે આત્મા ત્રિકાળી. એવો કારણપરમાત્મા આત્માને. આહા..હા..!

**શ્રોતા :-** કારણપરમાત્મા એટલે શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કારણ દ્રવ્યસ્વભાવ ત્રિકાળ તે. દ્રવ્યનો સ્વભાવ ત્રિકાળ તે કારણપરમાત્મા, પર્યાય વિનાનો. તેથી નિત્યશુદ્ધ કીધોને? નિત્યશુદ્ધ ત્રિકાળ એ તો છે. આહા..હા..! પર્યાય પ્રગટે એ તો પર્યાયની નવી દશા થાય. આ તો નિત્ય શુદ્ધ છે. આહા..હા..!

'**નિત્ય-શુદ્ધ...**' ત્રિકાળી ભગવાન શુદ્ધ, '**ત્રિકાળ-નિરાવરણ...**' એને પરમવીતરાગભાવે એવા '**કારણપરમાત્માને સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાનથી...**' લ્યો! એવો જે કારણપરમાત્મા તે સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મ. ત્રિકાળી આત્માને આશ્રયે થતી જે નિશ્ચયધર્મધ્યાનદશા. એ ભાવે ધ્યાવે એમ કહે છે. આહા..હા..! ભાષા જુદી, બધો ભાવ જુદો એટલે લોકોને એમ લાગે. ભાઈ! તારા ઘરની વાત છે, ભાઈ! આહા..હા..! તારું ઘર તો શાંતિથી ભરેલું છે, મોટું ગોદામ છે વીતરાગભાવનું. આત્મા તો વીતરાગભાવનું ગોદામ છે. આહા..હા..! એવા ગોદામને વીતરાગભાવે ધ્યાવે એને સમાધિ ઉત્પન્ન થાય છે, એને ધર્મધ્યાન થાય છે. આહા..હા..!

**શ્રોતા :-** ઘણું મોટું ગોદામ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, ગોદામ મોટું છે. ખૂટે નહિ કેવળજ્ઞાન કાઢ્યા કરે તો ખૂટે નહિ. કેવળજ્ઞાનની પર્યાય કાઢ્યા જ કરે સાદિ-અનંત તોપણ ખૂટે નહિ એવું ગોદામ છે. કેવળજ્ઞાન હોં, પૂર્ણ પર્યાય કેવળી. એક સમયની કેવળજ્ઞાનદશા. બીજે સમયે બીજી, ત્રીજે સમયે ત્રીજી, ચોથે સમયે ચોથી સાદિ-અનંત. એવી અનંતી પર્યાયથી પણ અનંતગણું ગોદામમાં ભરેલું છે. આહા..હા..!

'**પરમવીતરાગભાવે—ત્રિકાળ નિરાવરણ નિત્ય-શુદ્ધ કારણપરમાત્માને સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાનથી...**' એમ. દયા, દાનનો વિકલ્પ છે એ પરાશ્રિત ધર્મધ્યાન વ્યવહારે કહેવામાં આવે છે. છે ધર્મધ્યાન નહિ એ, પણ વ્યવહારથી કહેવામાં આવે છે એટલે અહીં સ્વાત્માશ્રિત ધર્મધ્યાન લીધું. આહા..હા..! '**સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાનથી...**' આહા..હા..! '**અને ટંકોત્કીર્ણ...**' એવો ને એવો જ્ઞાયક એક સ્વરૂપ છે ભગવાન. '**જ્ઞાયક એક સ્વરૂપમાં...**' જોયું! '**જ્ઞાયક એક સ્વરૂપમાં લીન પરમશુક્લધ્યાનથી જે પરમવીતરાગ તપશ્ચરણમાં લીન,...**' આહા..હા..! કેટલી ભાષા! પરમવીતરાગ તપશ્ચરણ એટલે નિર્મળદશામાં લીન. આહા..હા..! '**નિરુપરાગ (નિર્વિકાર) સંયમી ધ્યાવે છે,...**' નિર્વિકારી દશાવાળો સંયમી આવા ત્રિકાળ આત્માને ધ્યાવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પરમવીતરાગભાવે. છેવટે લીધું કે '**(નિર્વિકાર) સંયમી ધ્યાવે છે,...**' આ એટલા બધા બોલ લઈને. આહા..હા..! એક શ્લોકે તો રામબાણ પૂરું કરે છે એવી આ વાત. દિગંબર સંતોની શૈલી છે. સત્‌ના, સત્‌ની પેઢીએ આવેલા. આહા..હા..! કેવળજ્ઞાનની પેઢીએ બેઠેલા. આહા..હા..!

શુભ-અશુભભાવને છોડી દઈને જે પુણ્ય-પાપથી રહિત છે ભગવાન, જેમાંથી પુણ્ય-પાપનો ભાવ નષ્ટ થયો છે એવા ભાવે એટલે પરમ-વીતરાગભાવે. આહા..હા..! વીતરાગભાવે ચોથે, પાંચમે અને છઠ્ઠે જેટલો વીતરાગભાવ છે એનાથી ધ્યાવે છે એમ કહે છે. આહા..હા..! સમ્યગ્દર્શન

છે એ વીતરાગભાવ છે, સમ્યગ્જ્ઞાન છે એ વીતરાગભાવ છે અને સમ્યક્ચારિત્ર જે છે એ પણ વીતરાગભાવ છે. સમજાણું કાંઈ? '**સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાનથી અને ટંકોત્કીર્ણ જ્ઞાયક એક સ્વરૂપમાં લીન પરમશુક્લધ્યાનથી...**' એમ. '**જે પરમવીતરાગ તપશ્ચરણમાં લીન,...**' છે, આનંદમાં લીન છે. આહા..હા..! એ '**(નિર્વિકાર) સંયમી ધ્યાવે છે,...**' એવો નિર્વિકારી ભાવવાળો ત્રિકાળી દ્રવ્યને ધ્યાવે છે. આહા..હા..! નવા માણસને તો એવું લાગે કે શું આ કહે છે? આમાં અત્યાર સુધી જાત્રા કરીએ તો ધર્મ થાય, ભક્તિ કરીએ તો ધર્મ થાય, મંદિર બનાવીએ તો ધર્મ થાય. એ ભાવ છે એ તો શુભભાવ છે. એ કાંઈ શુભભાવથી મંદિર રચી શકે છે કે શરીરને ભગવાન સમીપે લઈ જઈ શકે છે. ગીરનાર, શેત્રુંજય એમ નથી. એ ક્રિયા તો જડની છે દેહની જવું-આવવું, પણ એમાં શુભભાવ હોય છે એ પુણ્યબંધનું કારણ છે, અસમાધિ છે, ધર્મ નહિ. આ ધર્મધ્યાન. નિશ્ચયધર્મધ્યાન કીધું હતુંને? ઓલું શુભને વ્યવહાર.

**શ્રોતા :-** શુક્લધ્યાનમાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો એનાથી વધારે શુદ્ધિ. શુક્લધ્યાનમાં દ્રવ્યનો ઉગ્ર આશ્રય છે ધર્મધ્યાન કરતાં. આહા..હા..!

'**સંયમી ધ્યાવે છે,...**' ઓલા ચારિત્રની મુખ્યતા લીધી છેને અહીંયાં? જે સંયમી અંદર વીતરાગભાવે ત્રિકાળ દ્રવ્યને ધ્યાવે છે. આહા..હા..! '**તે દ્રવ્યકર્મ-ભાવકર્મની સેનાને લૂંટનાર...**' દ્રવ્યકર્મ અને ભાવકર્મની સેનાને લૂંટનાર. લ્યો, જડને એ લૂંટનાર. એ નિમિત્તથી છે. અશુદ્ધભાવને લૂંટનાર એ અશુદ્ધનિશ્ચયથી છે. જડકર્મને ટાળે અને બાંધે એ તો આત્મામાં શક્તિ છે નહિ. જડ તો પરદ્રવ્ય છે. પણ અશુદ્ધ ટાળે છે, ભેગું કર્મ ટળે છે જડ નિમિત્ત એટલે બેય સાથે વાત લીધી. આહા..હા..! જડકર્મ બાંધવું કે છૂટવું એ તો આત્માની શક્તિની બહાર છે. એ તો જડ એને કારણે બંધાય અને એને કારણે છૂટે. એ પરદ્રવ્યનો આત્મા કરનાર છે જ નહિ. ફક્ત વિકારી પરિણામનો કર્તા છે એને એ '**દ્રવ્યકર્મ-ભાવકર્મની સેનાને લૂંટનાર...**' આહા..હા..! '**સંયમીને ખરેખર પરમસમાધિ છે.**' આવા સાધુને ખરેખર ધર્મ અને સમાધિ છે. આહા..હા..!

રજનીશ કહે છેને ખુબ દાંત કાઢો અને પછી સમાધિ કરો. ખુબ હસો, ખુબ રોવો પહેલા ખુબ રોવો, પછી સમાધિ. કોણ જાણે શું? એમ કે ખુબ રોવો એટલે પછી શાંતિ થઈ જાય તમારે. આ ગજબ કરે છેને. જૈનના માનનારા પણ એમાં જાય છે પાછા. સ્થાનકવાસી, દેરાવાસી, દિગંબર તો કોઈ નથી બહુ. એય..! રજનીશ છેને પુના. પંદર-પંદર લાખના મકાન. એમાં આ વાતું કરે કે બસ, એવું રોવો, એવું રોવો કે પછી શાંત થઈ જાવ એ સમાધિ.

**શ્રોતા :-** એ હું મારું પૂરું કરીને આવ્યો છું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ ધૂળેય પૂરું કરીને નથી આવ્યો. હા, કહે છે. આ તારો

અવતાર શેનો હતો આ? આ બોલે છેને, આ રાગ છે એ કોનો? આહા..હા..! પણ એને માનનાર નીકળે છેને. બધાને જુકનાર. જુકાવનાર જોઈએ, જુકનાર નીકળે છે. આહા..હા..! વીતરાગ માર્ગ પરમેશ્વર જિનેન્દ્રે કહ્યો એ માર્ગ ક્યાંય છે નહિ. બધાય ગપ મારનારા છે.

એક ફેરી કહ્યું હતું મુંબઈમાં જરી. ત્યાં અમારે છેને છોકરાઓ હેમચંદભાઈને. મહારાજ એવું ન કહેવું કહે. બિચારાને કાંઈ ભાન ન મળે. અમારે ત્યાં મુંબઈમાં છેને અમારે ભાઈનો દીકરો નહિ હેમચંદ? એ આવ્યો હતો સાંભળવા. ત્રીજા નંબરનો. ત્રીજા નંબરનો પંકજ-પંકજ. પંકજ. એ આવ્યો હતો સાંભળવા. એમાં એક ફેરી આમ કહ્યું હતું. કહે એ રજનીશનું ન કહેવું. આવા ને આવા ભોળા ભટ ભાન ન મળે કાંઈક અને પૈસાવાળા થયા એટલે જાણે કે આપણે ઓહો..હો..! ધૂળમાંય પૈસાવાળો આત્મા નથી. પૈસાવાળો છે ઈ? કેટલા વાળા એને વળગ્યા. એક વાળો આવે તો દુઃખ થાય છે. આ તો પૈસાવાળો, બાયડીવાળો, છોકરાવાળો, ઘરવાળો, આબરૂવાળો, મકાનવાળો. ભગવાનભાઈ! કેટલા વાળા? ચારેકોરના વાળા વળગ્યા છે. આહા..હા..! એ ભગવાન તો વીતરાગ સ્વભાવવાળો છે. આત્મા તો વીતરાગસ્વરૂપે બિરાજમાન છે અંદર. આહા..હા..! એને વીતરાગભાવે એને ઓળખી શકાય એવું છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભાષા ટીકા કેવી છેને!

'**દ્રવ્યકર્મ-ભાવકર્મની સેનાને...**' પહેલું તો કીધું હતું કે જેમાંથી ભાવકર્મ નષ્ટ થયેલા છે. આવ્યું હતુંને પહેલું? ભાવકર્મ તો જેમાં નષ્ટ થયેલા છે એવા ભાવે એટલે પરમવીતરાગભાવે સંયમી આત્માને ધ્યાવે છે. આહા..હા..! 'તે **દ્રવ્યકર્મ-ભાવકર્મની સેનાને લૂંટનારા સંયમીને ખરેખર પરમસમાધિ છે.**' આહા..હા..! એ આનંદમાં ઝૂલે છે એ. અતીન્દ્રિય આનંદમાં શાંતિમાં તરબોળ થઈ ગયા છે. આહા..હા..! એવી સમાધિને અહીં ધર્મ કહે છે. વીતરાગનો આ ધર્મ છે. સમજાણું કાંઈ? આહા..હા..! સેનાને લૂંટનાર એ પણ વ્યવહારથી વાત છે. અશુદ્ધને લૂંટનાર. ઓલામાં એમ કહ્યું કે ભાવકર્મને નાશ કરનાર એ ઉપચારથી કથન છે, પરમાર્થે નહિ. પણ અહીં તો સમજાવવું છેને એટલે બીજી શું શૈલી કરે? ભાવકર્મનો નાશ કર્તા આત્માને કહેવો એ પરમાર્થે નથી. આવા વચન તો આવે આમાં. આહા..હા..!

એવા સંયમી જે છે એને ખરેખર પરમસમાધિ છે. આહા..હા..! સમ્યગ્દર્શન પણ એક સમાધિ છે, પણ તે ઉગ્ર સમાધિ નથી. સમ્યગ્દર્શન પણ સમાધિ છે. સમ્યગ્જ્ઞાન એ સમાધિ છે. આ એ ઉપરાંત અહીં તો સમ્યક્ચારિત્રવંત જે છે મુનિ છઠ્ઠે ગુણસ્થાને, સાતમે ગુણસ્થાને. એને પરમસમાધિ છે. આહા..હા..! સમાધિ પોતે એને સમાધિ કીધી છે. આ શ્વેતાંબરમાં તો છે પાઠ 'ચિત સમાધિ હુએ દસ બોલે.' સજ્ઝાય છે મોટી. અહીં તો બધા ઘણા વાંચેલાને પુસ્તક દુકાન ઉપર વાંચેલા. ૬૪-૬૫-૬૬ની સાલની વાત છે. ૬૪-૬૫-૬૬. આ બધા પુસ્તક વાંચેલા એમાં આ છે અને આમાં અમે તો .. બત્રીસ સૂત્રમાં દશા.. છે એમાં એક સમાધિ આખું અધ્યયન છે. એમાં 'ચિત્ત સમાધિ હુએ દસ બોલે' એમાં આવે છે. એ વ્યાખ્યાન

પહેલું ૭૮માં બોટાદ કર્યું હતું. ૭૮માં બોટાદ આ વ્યાખ્યાન આપ્યું હતું ચિત્ત સમાધિનું. ૭૮-૭૮. કેટલા વર્ષ થયા? ૨૨ ને ૩૨, ૫૪. ૫૪ વર્ષ પહેલાં. કે ચિત્ત સમાધિ સમકિત થતાં આત્માને સમાધિ થાય છે, શાંતિ થાય છે. આહા..હા..! એવા દસ બોલ છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## કારતક વદ-૨, ગુરુવાર, તા. ૨૦-૧૧-૧૯૭૫
## ગાથા-૧૨૩, કળશ-૨૦૦, પ્રવચન નં. ૧૦૦

નિયમસાર. પરમ-સમાધિ અધિકાર. કળશ છેને ૨૦૦?

(वंशस्थ)

समाधिना केनचिदुत्तमात्मनां
हृदि स्फुरन्तीं समतानुयायिनीम्।
यावन्न विद्मः सहजात्मसंपदं
न मादृशां या विषया विदामहि।।२००।।

સમાધિ છેને લક્ષ? આત્મા પૂર્ણાનંદના આશ્રયે જે વીતરાગી દશા પ્રગટ થાય એને અહીંયાં સમાધિ કહે છે. આધિ, વ્યાધિ અને ઉપાધિ. ઉપાધિ સંયોગથી રહિત, આધિ સંકલ્પ-વિકલ્પથી રહિત, વ્યાધિ શરીરની સ્થિતિ રોગાદિથી રહિત. એવી આત્મામાં અખંડ આનંદને અવલંબે જે સમાધિ પ્રગટ થાય એને અહીંયાં ધર્મની દશા કહેવામાં આવે છે. ઓલા લોકો અન્યમતિ સમાધિ કહે એ અહીં નહિ. સમાહિવર મુત્તમંદિતું આવે છેને? એ સમાધિ આ. વિકલ્પરહિત નિર્વિકલ્પ દૃષ્ટા સ્વભાવ એવો જે આત્માનો. એને દેખીને, સ્થિર થઈને જે શાંતિ આવે, અકષાય સ્વભાવ આવે એને સંપદા સમાધિની કહે છે. એ સમાધિની સંપદા છે. આ દુનિયાને ધૂળની સંપદા છેને.

**શ્રોતા :-** પૈસાની સંપદા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ધૂળની છે સંપદા. ધૂળ ક્યાં એની હતી? આહા..હા..!

'**શ્લોકાર્થ :-** કોઈ એવી (-અવર્ણનીય, પરમ) સમાધિ વડે...' નિર્વિકલ્પ ધ્યાન દ્વારા. આહા..હા..! જે કાંઈ સમાધિ પ્રગટ થાય એ '**ઉત્તમ આત્માઓના હૃદયમાં સ્ફુરતી,...**' ધર્માત્મા ઉત્તમ આત્મા. પૂર્ણાનંદના ધ્યેયે જેને પર્યાયમાં સમાધિ, વીતરાગતા, શાંતિની ઉત્પત્તિ થાય. સ્ફુરતી છેને? જ્ઞાન પર્યાયમાં એની શાંતિની સ્ફુર્તિ થાય. ત્રિકાળ સ્વભાવમાંથી શાંતિની પ્રગટ દશા થાય એને હૃદયમાં સ્ફુરતી કહેવામાં આવે છે. હૃદય એટલે અહીંયાં તો જ્ઞાનની

પર્યાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ '**સમતાની અનુયાયિની...**' એવી સ્ફુરતી જે સમતા. સમતા નામ વીતરાગભાવ. પુણ્ય-પાપના વિકલ્પના રાગરહિત શુદ્ધોપયોગરૂપી વીતરાગભાવ આહા..હા..! એને અહીંયાં સમાધિ કહે છે.

એની '**અનુયાયિની સહજ...**' એની સાથે રહેનારી. સ્વભાવિક આત્માની આનંદ અને શાંતિની સંપદા. આહા..હા..! ભાષા એવી. કહો, સમજાણું કાંઈ? આહા..! '**સહજ આત્મસંપદાને જ્યાં સુધી અમે અનુભવતા નથી,...**' આહા..હા..! કે જે અમારું કર્તવ્ય છે. એમ કહે છે. આત્માને આશ્રયે અતીન્દ્રિય આનંદનું વેદન કરવું એ સમાધિ અમારું કર્તવ્ય છે. આહા..હા..! લ્યો, આ ધર્માત્માનું આ કર્તવ્ય છે, એમ કહે છે. પુણ્યના ભાવ અને પાપના ભાવને એ કર્તવ્ય નથી મુનિનું એ. સમજાણું કાંઈ? સવારમાં તો આવ્યું હતું રાગનું કર્તવ્ય છે એમ. એ રાગ પરિણમે છે એ અપેક્ષાએ કર્તવ્ય કહ્યું છે. પણ કરવાલાયક છે એ સ્થિતિએ નહિ. આહા..હા..! એ અહીં કહે છે, '**ઉત્તમ આત્માઓના...**' જ્ઞાનમાં અંદર સ્ફુરતી સમતા, વીતરાગદશા. એની સાથે રહેનારી આત્મસંપદા. એ અનુયાયીની સાથે આનંદની દશા વહે તે. આહા..હા..!

**શ્રોતા :–** ત્રિકાળીની કે વર્તમાન?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વર્તમાન. એવી '**આત્મસંપદાને જ્યાં સુધી અમે અનુભવતા નથી,...**' એમ કહે છેને? એવી આત્માની સંપદાને નિર્મળ આનંદને અમે વેદતા નથી '**ત્યાં સુધી અમારા જેવાઓનો જે વિષય છે...**' એ પરમાનંદસ્વરૂપ એ અમારા મુનિઓનું કર્તવ્ય છે, કહે છે. આહા..હા..! એ જ એનો વિષય છે. રાગ કે પુણ્ય કે નિમિત્ત એનો વિષય નથી. આહા..હા..! જુઓ આ મુનિની દશા! '**(–અવર્ણનીય, પરમ) સમાધિ વડે...**' સમ્યગ્દર્શન એ પણ સમાધિ છે. ત્રિકાળ ભગવાન આત્માને આશ્રયે જે થતી દૃષ્ટિ એ પણ સમાધિ છે. ખરેખર તો નિશ્ચય તો દ્રવ્યસ્વરૂપ જ સમાધિ છે. અહીંયાં પર્યાયની વાત ચાલે છે, પણ એ પર્યાય સમાધિ એટલે વીતરાગદશા એ વીતરાગસ્વરૂપ જ આત્મા સમાધિસ્વરૂપ જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! જેનો આનંદનો ગંજ પ્રભુ છે. અતીન્દ્રિય આનંદનો ગંજ મોટું ગોદામ પડ્યું છે કહે. એ સમાધિસ્વરૂપ જ છે આત્મા ભગવાન ત્રિકાળ. આહા..હા..! એને આશ્રયે જે મુનિને કર્તવ્ય લાયક હોય તો આ છે. એને એમ નથી કહ્યું કે પંચમહાવ્રતનું મારે કર્તવ્ય છેને. આહા..હા..! ગુરુનો વિનય કરવો એ અમારું કર્તવ્ય છે, એમ નથી કહ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? જે પહેલા આવી ગયું છે ત્રીજી ગાથામાં. '**णियमेण य जं कज्जं**' નિયમથી કાર્ય કરવાનું છે તો આ છે. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિને સમ્યગ્દર્શનરૂપી સમાધિ છે. ચારિત્રને સંયમીને સમ્યગ્દર્શનપૂર્વક સમ્યક્ચારિત્રની સમાધિ છે. આહા..હા..! સમ્યગ્દર્શન એ પણ વીતરાગી પર્યાય છે અને સમ્યગ્જ્ઞાન છે એ પણ વીતરાગી પર્યાય છે અને ચારિત્ર છે એ પણ વીતરાગી પર્યાય છે. આહા..હા..! એ વીતરાગમાર્ગ આ

છે કહે છે. અંતરમાંથી સમાધિ પ્રગટ કરવી એ મુનિઓનું કર્તવ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અમારા જેવાઓનો જે વિષય છે...'** આહા..હા..! સંતે તો કરી. મુનિઓને કર્તવ્ય તો આ છે કહે છે. અમારા જેવાનું આચરણ તો આ છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'તેને અમે અનુભવતા નથી.'** અમારો જે કર્તવ્યભાવ છે એને જ્યાં સુધી અનુભવતા નથી ત્યાં સુધી એને આનંદ આવતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કેવળદર્શનનો વિષય લોકાલોક છે. આવે છે? કેવળદર્શન. લોકાલોક એનો વિષય છે. લોકાલોક જે કેવળદર્શનમાં દેખાય છે એમ એનો અર્થ. સમજાણું કાંઈ? પંચાસ્તિકાયમાં આવે છેને દર્શન. છેલ્લું દર્શનનું આવે છે પાછળની ગાથામાં. પ્રવચનસારમાં.

**શ્રોતા :-** લોકાલોક...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ દર્શ.. આવે છે. પ્રવચનસારને? લોકાલોક જેનો વિષય છે. આહા..હા..! એટલે કે જેના દર્શનમાં લોકાલોક જણાય છે. સમજાણું કાંઈ? એમાં મુનિઓનો આ વિષય છે કે એ એનું કર્તવ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? પંચાધ્યાયમાં તો એમ પણ આવે છે, કોઈ વખતે જ્ઞાનીને પણ વ્યવહારનયનો આશ્રય હોય છે. ભાઈ! એટલે કે એને વ્યવહારનય આવે છે એમ ભૂમિકા. આવે છે.

**શ્રોતા :-** ભૂમિકા પ્રમાણે હેયબુદ્ધિએ આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એને સમજાવવું છેને બીજે. એવું લીધું ત્યાં કે બીજાને સમજાવવું છે ત્યાં ભેદનો વ્યવહાર આવ્યા વિના રહેતો નથી. એટલે એ વ્યવહારનો આશ્રય કરે છે એમ કહેવામાં આવે છે. આશ્રયનો અર્થ? એનું ત્યાં લક્ષ જાય છે. આહા..હા..! એવું ત્યાં એમ લીધું છે કે બીજાને સમજાવા કાળે નિશ્ચય કામ ન આવે. થોડામાં થોડું કહેવું હોય તો... નથી આ આવ્યું ૮મી, ૯મી ગાથામાં. દર્શન, જ્ઞાન અને ચારિત્રને પ્રાપ્ત થાય તે આત્મા. એ વ્યવહાર થઈ ગયો. આત્મા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત થાય એટલો તો વ્યવહાર આવ્યા વિના રહેતો નથી. સમજાવનારને શી રીતે સમજાવવો નિશ્ચય? સમજાણું કાંઈ? કળશટીકામાં આવે છે ઘણું. કળશટીકામાં આવે છે. આહા..હા..! કાંઈક ભાષા છે. છેલ્લામાં છેલ્લી એમ કે સાધીકને એવી ભાષા છે. સાધીક-અધિક. આથી બીજું શું આવે? એટલું તો એને આવે જ, એમ કહે. ગમે તેવો ટૂંકામાં વ્યવહારનયથી કહે એથી તો વધારે ન હોય પણ આટલું તો એને આવે. આહા..હા..! લે! ક્યાંનું ક્યાં મગજમાં આવી ગયું! સમજાણું કાંઈ?

એ ૯મી ગાથામાં છેને? ૧૦મી સમયસાર. સાધિક નહીં.. ૧૦મી છે. હવે શું કામ અહીં? અહીં જોવે ત્યારે... સાધીક છે એમાં. અધિકમાં અધિક કહેતા આટલો તો ભેદ કરવો પડે. બસ એમ છે. વધારે કાંઈપણ એને આટલો તો ભેદ પાડીને વ્યવહારનયનો આશ્રય આવે કે આ અતતી ઈતિ ગચ્છતિ. અતતી ઈતિ ગચ્છતિ તે આત્મા. એટલે કે દર્શન-જ્ઞાન-ચારિત્રને

પ્રાપ્ત થાય તે આત્મા એ વ્યવહાર થઈ ગયો. સમજાણું કાંઈ? અહીં કહે છે કે અમારો વિષય તો આનંદની દશાને પ્રગટ કરવી એ અમારું કર્તવ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ અમારા જેવાઓનો વિષય છે. જુઓ, સંતોનો આ વિષય છે, એમ કહે છે. અમારા જેવા એટલે જે મુનિઓ છે સાચા. આહા..હા..! એને તો સમાધિ અને વીતરાગ પર્યાયનું કર્તવ્ય છે એ એનું કામ છે. આહા..હા..! ઉપદેશ દેવો કે એવું એનું કર્તવ્ય નથી, કહે છે. ઉપદેશ તો વાણી જડ છે. જડથી તો ભિન્ન અનુભવ્યો-જાણ્યો છે. એટલે જડને હું કહું, જડથી કહું, જડ દ્વારા કહું એ પણ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

મુનિ કહે છે કે **'અમારા જેવાઓનો જે વિષય છે...'** જેને આત્મસંપદા, સહજ આત્મસંપદા મુનિઓનો વિષય છે. પર્યાયની વાત છે હોં આ. નિર્મળ વીતરાગદશા એ અમારું કર્તવ્ય છે, એ અમારું આચરણ છે, એ અમારી દશા છે. આહા..હા..! જુઓ, આવ્યું. 'જેટલું કથન તેટલું વિવરણ. જીવ વસ્તુ નિર્વિકલ્પ છે.' અભેદ અખંડ એક ગુણગુણીનો ભેદ પણ જેમાં નથી. 'તે તો જ્ઞાનગમ્ય છે.' જ્ઞાન તેને જાણે અને જ્ઞાન દ્વારા અનુભવાય. 'તે જીવવસ્તુને કહેવા માગે ત્યારે એમ જ કહેવામાં આવે છે કે જેના ગુણ દર્શન-જ્ઞાન-ચારિત્ર એ જીવ.' લ્યો આ. એટલો વ્યવહાર આવે. સમજાવનારને આવે, પણ છતાં તેનું અનુસરણ કરવાલાયક નથી એમ કીધું પાછું. વ્યવહારનય કહેનારને અને સાંભળનારને અનુસરણ કરવાલાયક નથી. આહા..હા..! જુઓ, 'જેના ગુણ દર્શન-જ્ઞાન-ચારિત્ર તે જીવ. જો કોઈ બહુ સાધિક અધિક બુદ્ધિમાન હોય' એમ કહે છે જોયું! 'તોપણ આમ જ કહેવું પડે.' આટલું કહેવું એનું નામ વ્યવહાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? દર્શન, જ્ઞાન અને ચારિત્રને પ્રાપ્ત કરે તે આત્મા. આહા..હા..! ભેદ પાડ્યોને? આટલું તો ટૂંકામાં પણ વ્યવહારમાં આવ્યા વિના રહેતું નથી. આહા..હા..! ગમે તેવો સાધિક અધિક બુદ્ધિમાન હોય તોપણ આટલું તો આવે. આહા..હા..! 'કોઈ આશંકા કરશે કે વસ્તુ તો નિર્વિકલ્પ છે. તેમાં વિકલ્પ ઉપજાવવો, ભેદ ઉપજાવવો અયુક્ત છે. ત્યાં સમાધાન છે કે વ્યવહારનય હસ્તાવલંબન છે. જેવી રીતે કોઈ નીચે પડ્યો હોય હાથ પકડીને ઉંચો લે તેવી રીતે ગુણગુણીરૂપ ભેદકથન.' ભેદકથન 'જ્ઞાન ઉપજવાનું એક અંગ છે.' પરલક્ષે. નિમિત્તથી કહ્યુંને? આહા..હા..! વગેરે ઘણું છે. આ તો અહીંયાં ..છેને ત્રણનું? આત્મા છેને અધ્યાત્મ શબ્દનું અતતી ગચ્છતિ તે આત્મા. જે આત્મા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પામે તે આત્મા. એટલો વ્યવહાર થઈ ગયો ભેદનો. સમજાણું કાંઈ? છતાં ત્યાં તો કહ્યું છે કે ભેદ અનુસરવા લાયક નથી, પણ આવ્યા વિના વચ્ચે આવો ગમે તેવો બુદ્ધિમાન હોય, પણ આ આત્મા એટલે શું? કે દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત થાય તે આત્મા. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં એ કહે છે. ઓહો..હો..! સમતા નામ વીતરાગીદશા. સમતાનો પિંડ જ પ્રભુ છે. ધ્રુવસ્વરૂપ તે સમતાના રસનો પિંડ જ છે. આહા..હા..! એને આશ્રયે જે વીતરાગ પર્યાય

થાય એની સાથેની આત્મસંપદા જેટલી પ્રગટે બધી. સમતા એકલી લીધીને? એની સાથે પાછી આનંદ, શાંતિ, સ્વચ્છતા વગેરે એમ. આત્મસંપદા એટલે ઈ. વીતરાગ પર્યાયની સાથે આનંદની, સ્વચ્છતાની, પ્રભુતાની એવી પર્યાયો આત્મસંપદારૂપે આવે એમ કહે છે. આહા..હા..! માર્ગ ભાઈ બહુ આકરો. લોકોએ કાંઈક કરી નાખ્યું છે. સાધુપણું એટલે કાંઈ આ નગ્ન થવું, લૂગડા છોડવા એ સાધુ. આહા..હા..!

અહીં તો કહે છે કે સાધુ અમારું કર્તવ્ય તો આ છે. આત્માને અવલંબીને જે દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય એ અમારું કર્તવ્ય છે. આહા..હા..! હિન્દી છે કે ગુજરાતી? હિન્દી છે? હિન્દી છેને? થોડું થોડું ધ્યાન રાખવું. આ તો ગુજરાતી બહુ છેને. આહા..હા..! તો જિજ્ઞાસુ થઈને સાંભળે છે. આહા..હા..! આવ્યા. આહા..હા..!

**શ્રોતા :-** ગુજરાતના..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, .. આવ્યા છે. આહા..હા..!

શું કહે છે? કે જ્ઞાનીઓના, સંયમીઓના હૃદયમાં એટલે જ્ઞાનમાં સ્ફુરતી પ્રગટ થતી સમતા. એની અનુયાયીની, એની સાથે સહજ આત્મસંપદા. અનંત ગુણની પર્યાય પાછી. આહા..હા..! સમજાણું કાંઈ? એવી '**આત્મસંપદાને જ્યાં સુધી અમે અનુભવતા નથી, ત્યાં સુધી અમારા જેવાઓનો જે વિષય છે...**' આહા..હા..! અમારું એ જ આચરણ અને અમારું કર્તવ્ય જ એ છે. '**તેને અમે અનુભવતા નથી.**' આહા..હા..! રાગમાં લક્ષ જાય છે, ઓલામાં જાય છે, પણ એ વસ્તુ નહિ કહે છે. અંતરમાં આનંદની પર્યાયને વેદવી એ અમારું કર્તવ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ૨૦૦ કળશ થયો. ૧૨૩ ગાથા.

**संजमणियमतवेण दु धम्मज्झाणेण सुक्कझाणेण।**
**जो झायइ अप्पाणं परमसमाही हवे तस्स।।१२३।।**
**સંયમ, નિયમ ને તપ થકી, વળી ધર્મ-શુક્લધ્યાનથી,**
**ધ્યાવે નિજાત્મા જેહ, પરમ સમાધિ તેને જાણવી. ૧૨૩.**

આહા..હા..! '**ટીકા :- અહીં (આ ગાથામાં) સમાધિનું લક્ષણ...**' ત્યાં સમાધિ કીધી પણ એનું લક્ષણ શું? સમાધિનું લક્ષણ શું કે જે દ્વારા સમાધિ ઓળખાય? આહા..હા..! '**સમસ્ત ઈન્દ્રિયોના વ્યાપારનો પરિત્યાગ તે સંયમ છે.**' જુઓ, આ બધી સમાધિની સામગ્રી. આહા..હા..! કહેશે આગળ. '**સમસ્ત ઈન્દ્રિયોના વ્યાપારનો પરિત્યાગ...**' સમસ્ત પ્રકારે ઈન્દ્રિયનો ત્યાગ. ઈન્દ્રિયસંયમ છે. એ સંયમ છે અંદર, પણ ઈન્દ્રિયના વેપારનો અભાવ તે સંયમ છે. '**નિજ આત્માની આરાધનામાં તત્પરતા તે નિયમ છે.**' આ બધી ધ્યાનની સામગ્રી કહે છે. આહા..હા..! છેને પાછળ છે. '**આ સામગ્રીવિશેષો સહિત અખંડ અદ્વૈત પરમચૈતન્યમય આત્માને જે પરમસંયમી નિત્ય ધ્યાવે છે,...**' એમ કહે છે. છેવટે આવશે. ઓહો..હો..! છેવટે છેને પાછળ. આ બધી સામગ્રી વિશેષ છે એમ. સંયમ, નિયમ આ બધી.

એ સામગ્રીસહિત જે આત્માને ધ્યાવે છે, એમ કહે છે. ત્રિકાળ આનંદના નાથને. આહા..હા..! તેને સમાધિ હોય છે. આવી વાતું!

**શ્રોતા :-** બીજી વાતું તો અનંતવાર સાંભળી છે. આ સાંભળી નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આહા..હા.. આ સાંભળી નથી એણે અંતરથી. પૂર્ણાનંદસ્વરૂપ ભગવાન સમતા નામ વીતરાગભાવનો પિંડ. 'જિન સોહી હૈ આત્મા અન્ય સોહી હૈ કર્મ યહી વચન સમજ લે જિનપ્રવચન કા મર્મ.' આહા..હા.. 'જિન સોહી હૈ...' જિન સમતા કહો કે જિનસ્વરૂપ ત્રિકાળ હોં. આ તો પર્યાય વર્તમાનની વાત છે. સમતા, આ સંયમ, પણ એનું કારણ કોણ? સંયમસ્વરૂપ જ છે. એ સમતાસ્વરૂપ જ ભગવાન છે. આહા..હા..! ધ્રુવ નિત્યાનંદ પ્રભુ. એને આશ્રયે જે સંયમ થાય, ઈન્દ્રિયના વેપારનો ત્યાગ થઈને જે સંયમ થાય એ ધ્યાનની સામગ્રી છે. સમજાણું કાંઈ? આ સામગ્રી વિશેષ સહિત. ધ્યાન સાધન, '**(-આ ઉપર્યુક્ત ખાસ આંતરિક સાધનસામગ્રી સહિત) અખંડ અદ્વૈત પરમચૈતન્યમય આત્માને જ પરમસંયમી નિત્ય ધ્યાવે છે, તેને ખરેખર પરમસમાધિ છે.**' ભારે આકરી વાત છે. આહા..હા..!

'**સમસ્ત ઈન્દ્રિયોના વ્યાપારનો પરિત્યાગ તે સંયમ છે. નિજ આત્માની આરાધનામાં તત્પરતા...**' પરાત્મા નહિ. '**નિજ આત્માની આરાધનામાં તત્પરતા તે નિયમ છે.**' ત્રિકાળી ભગવાન આત્માની આરાધના સેવનમાં તત્પરતા તે નિયમ. આહા..હા..! હવે તપ. તપ કહે છેને? સંયમ, નિયમ અને તપ. હવે તપ કોને કહેવો છે કહે. આહા..હા..! '**જે આત્માને આત્મામાં આત્માથી ધારી-ટકાવી-જોડી રાખે છે...**' આત્માને આત્મામાં આત્માથી ધારી-ટકાવી રાખે. આહા..હા..! પોતાના ભગવાનને એમાં નિર્વિકલ્પ સમાધિથી ધારી-ટકાવી રાખે. આહા..હા..! '**તે અધ્યાત્મ છે...**' આ અધ્યાત્મ છે. આહા..હા..! પૂર્ણ આનંદસ્વરૂપ ભગવાન એને પૂર્ણ આનંદની વર્તમાન આનંદની પર્યાયથી એ ટકાવી રાખે એનું નામ અધ્યાત્મ છે. આ એક સમાધિને પ્રાપ્ત કરવાની આ સામગ્રી છે. સમજાણું કાંઈ? સામાયિકના ભાવ પ્રગટ કરવાની આ એક સામગ્રી છે. સામાયિક કહો કે સમતા સમાધિ કહો. આહા..હા..! અહીં તો સામાયિક એટલે બે ઘડી બેસે નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં. થઈ ગઈ સામાયિક લ્યો બે ઘડી. અરે! ભાઈ! એ નહિ. એ તો થોથા છે. સામાયિકના થોથા. આહા..હા..! સામાયિક તો એને કહીએ જે આત્માને આત્મામાં નિર્વિકારી ભગવાન આત્માને નિર્વિકારી ભગવાન આત્મામાં નિર્વિકારીદશાથી. આત્માથી એટલે. આહા..હા..! ધારી-ટકાવી-જોડી રાખે. જોડી રાખે અંદર. '**તે અધ્યાત્મ છે અને તે અધ્યાત્મ તે તપ છે.**' લ્યો, આ તપ. આહા..હા..! સાંભળ્યું પણ ન હોય ઓલા અપવાસ કરવો, ઉણોદરી કરો ને આ કરો ને તે કરો. આહા..હા..! ભાઈ! તારી રીત, તારી પ્રાપ્ત કરવાની રીત કોઈ જુદી જાતની છે. આહા..હા..!

ભગવાન આત્માને સમાધિની પ્રાપ્તિમાં આ બધી સામગ્રી હોય છે, કહે છે. શુભરાગ અને નિમિત્ત અનુકૂળને એ સામગ્રી નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ કહેશે હમણા. સામાયિક છે. આનું નામ સામાયિક કહે છે. '**तस्स सामाइगं**' આવે છેને? ૧૨૫. '**तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे।**' આવા જીવને સામાયિક હોય છે એમ કેવળી ભગવાનની શિખામણમાં, શાસનમાં એમ કહ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**આત્માને...**' નિર્વિકલ્પ ભગવાન આત્માને '**આત્મામાં...**' નિર્વિકલ્પ સ્વભાવમાં નિજ '**આત્માથી...**' પોતાના આત્માથી. નિર્વિકલ્પ આનંદની દશાથી '**ધારી-ટકાવી-જોડી રાખે છે તે અધ્યાત્મ છે...**' આ પર્યાયની વાત ચાલે છે હોં આ બધી. આહા..હા..! '**અને એ અધ્યાત્મ તે તપ છે.**' એને તપ કહેવામાં આવે છે. આહા..હા..!

**શ્રોતા :-** તપસ્યા તે નિર્જરા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ આ તપ નિર્જરા. એ પ્રશ્ન થયો હતોને તે દિ' ૯ની સાલ. આપણે આ માનસ્તંભ થયોને? ચૈત્રમાં થયો માનસ્તંભ. એના પહેલા આવ્યા હતા. આખી સ્પેશ્યલ આવી હતીને આ લોકોની. શું કહેવાય? તુલારામ. તુલારામ, વચ્છરાજજી અને ગજરાજજી ત્રણે આવ્યા હતા ભેગા હતા. આ ૯ની સાલ આ થયુંને આપણે ચૈત્રમાં. એ પહેલા આવ્યા હતા સ્પેશ્યલ આખી સ્ટેશન ઉપર આપી હતી. તુલારામજી હતા, વચ્છરાજજી તો અહીંયાં જ રહેતા હતા અને ગજરાજજી અને કૈલાસચંદજી. એનો કોઈ છોકરો હતો અહીંનો જાણનારો. એટલે વચ્ચે ચર્ચા ચાલી હશે. આ તો બધી ચાલી છેને હવે. આ તો ૯ની સાલની વાત છે. કેટલા વર્ષ થયા? ૨૩. ૨૩ વર્ષ પહેલાની વાત છે. એ રસ્તામાં તુલારામજીએ પ્રશ્ન કર્યો હશે તુલારામજીએ. ૨૩ વર્ષે અહીં સ્પેશ્યલ આવી હતી. એમ કે આ તપસ્યા તે નિર્જરા કીધી છેને? ઉમાસ્વામીએ તત્ત્વાર્થસૂત્રમાં. ભાઈએ તુલારામે પૂછયું છોકરાને. પણ એ તપસ્યા નિર્જરા એટલે શું કહે? આ અપવાસ કરવા એ તપસ્યા નહિ. અંતરમાં આનંદના સ્વરૂપમાં રમવું, ઈચ્છા ઉત્પન્ન થાય નહિ એવી દશાને તપ કહે છે. પૂછો કહે મહારાજને. એમ કરીને એક છોકરો હતો. કોક ગમે તે હોય એ. આ તો ચાલ્યું છેને બધા આખા પ્રચાર છેને આ ક્યાં હવે? છોકરાઓ જુવાન પણ હવે તો રસ લે છે કેટલાક.

**શ્રોતા :-** જુવાનોનું જ કામ છેને, ઘરડાનું શું કામ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મણિકાંત! જુવાનોનું કામ છે, ડોસાનું નહિ એમ કહે. ડોસા છે કોણ? આત્મા તો ડોસો પણ નથી અને જુવાન પણ નથી. આત્મા તો આનંદનો નાથ પ્રભુ છે. આહા..હા..! એ આનંદના નાથનો અનુભવ થવો સમ્યગ્દર્શન એ એની જુવાની છે. આનંદના નાથનું જ્ઞાન રહેવું એ એનું બાળપણું છે અને આનંદના નાથને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થવી તે તેની વૃદ્ધાવસ્થા છે. સમજાણું કાંઈ? આહા..હા..! વાતે વાતે ફેર. અહીં આ અધ્યાત્મને તપ કહ્યું. શું કીધું? આત્મા આનંદનો નાથ અનાકુળસ્વરૂપ એને આત્મામાં આત્માથી

નિર્વિકલ્પ શાંતિથી જોડી દેવો, પર્યાયને એમાં જોડી દેવી નિર્વિકલ્પદશાથી, તે અધ્યાત્મ છે અને તે તપ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'આ સામગ્રીવિશેષો સહિત અખંડ અદ્વૈત પરમચૈતન્યમય આત્માને જ પરમ સંયમી નિત્ય ધ્યાવે છે, તેને ખરેખર પરમસમાધિ છે.'** આહા..હા..! ત્રણ વ્યાખ્યા થઈ—સંયમની, નિયમની, તપની. હવે ધર્મધ્યાન અને શુક્લધ્યાન એનું આવ્યું. **'સમસ્ત બાહ્યક્રિયાકાંડના આડંબરનો પરિત્યાગ...'** બાહ્યલક્ષવાળી વ્રત ને આ ને આ કરું એવો વિકલ્પ એ બધો આડંબર છે કહે છે એ તો. આહા..હા..! **'બાહ્યક્રિયાકાંડના આડંબરનો પરિત્યાગ જેનું લક્ષણ છે એવી અંતઃક્રિયાના...'** અંતઃક્રિયા. ભગવાન પૂર્ણાનંદના નાથની પર્યાયમાં ક્રિયા થાય એ અંતઃક્રિયા. આહા..હા..! એ **'અંતઃક્રિયા...'** એ વીતરાગી પર્યાય. એ **'અધિકરણભૂત આત્માને...'** આહા..હા..! એનો આધાર, અંતરક્રિયાનો આધાર આત્મા. પુણ્ય-પાપના વિકલ્પથી રહિત વીતરાગી પર્યાયનો આધાર ભગવાન. આહા..હા..!

**શ્રોતા :-** ધ્રુવ કે પ્રમાણનો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પોતાનો. ના, નિશ્ચયનો. પ્રમાણની અહીં વાત ક્યાં છે. પર્યાય નિર્મળ છે એનો આધાર કોણ? કે ભગવાન ધ્રુવ. આહા..હા..! છે ભાઈ વાત તો એવી છે. અત્યારે તો બધી વાતું એવો ફેરફાર થઈ ગયો છે કે લોકોને એકદમ ગ્રહણ થવું. પરિચય કરે તો ગ્રહણ થઈ શકે છે. આમાં બધું કાંઈ.. આત્મા પોતે પડ્યો છેને મહાપ્રભુ. આહા..હા..! એક સમયની પર્યાયની પાછળ મહાદ્રવ્ય વ્યક્ત સ્પષ્ટ છે. આહા..હા..! એક સમયની પર્યાય ચાહે તો ભલે નિર્મળ હો, એની પાછળ આખું દળ શુદ્ધ ચૈતન્ય સ્પષ્ટ પ્રત્યક્ષ સ્વરૂપપ્રત્યક્ષ પડ્યું છે. આહા..હા..! શું થાય પણ વાત! અહીં એકાંત છે એને લ્યો! એકાંતવાદી છે એમ કીધું. ભાઈ! તને ખબર નથી. આ ૩૩માં વર્ષમાં પહેલા બોણીમાં જીતુભાઈએ નાખ્યું છે એ. સમ્યક્ એકાંત. એય..! અમારા આ છોટાભાઈ બહુ રાજી થઈને આવ્યા. છોટાભાઈ કહે આહા..હા..! ભારે આજનું લખાણ છે. ૩૩મું વર્ષ અને પહેલો બોલ. પહેલો આંક. અહીંની શૈલીનું બધું બહુ સારું નાખ્યું છે બહુ સારું. છોટાભાઈ ખુશી થઈ ગયાને. એ તો અધ્યાત્મી માણસ છે. આહા..હા..! એમાં શું પહેલા જ બોલમાં નાખ્યું 'સમ્યક્ એકાંત એવા પદની પ્રાપ્તિ સિવાય કોઈ બીજી કોઈ નય છે નહિ.' આહા..હા..! બીજો કોઈ હેતુ છે નહિ. આહા..હા..! નિજપદની પ્રાપ્તિ સિવાય કોઈ હેતુ નથી. નિજપદની પ્રાપ્તિનું જ્ઞાન થાય એને પર્યાયનું, ભેદનું, વ્યવહારનું એને અનેકાંતનું જ્ઞાન એને થાય. આહા..હા..! સમજાણું કાંઈ? વાંચ્યું ગુજરાતી? નથી આવ્યું? મળ્યું જ નહિ હોય.

**શ્રોતા :-** આવી ગયું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવી ગયું. મારે તો કાલે આવી ગયું. વહેંચતા હશે, નહિ? ઠીક ત્યાં ધ્યાન આપતા હશે. લેખ બહુ સારો આવ્યો છે. બહુ સારો. બોણી થઈ છે પહેલી

વહેલી ૩૩ વર્ષના પહેલા મંગળિકની. આહા..હા..!

**શ્રોતા :-** બે ત્રગડા છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બે ત્રગડા કીધુંને. ત્રણ તેરી નવ. સમભાવ. વીતરાગતાનું વર્ણન છે એમાં. આહા..હા..! અને વીતરાગતા કેમ પ્રગટે એનો આધાર ભગવાન ધ્રુવ આત્મા છે. સમજાણું કાંઈ? એ કહ્યુંને અહીંયાં? અંતઃક્રિયા. અંતઃક્રિયા એટલે? વીતરાગી પર્યાય. રાગાદિની ક્રિયાથી રહિત... (રાગાદિ) એ બાહ્યક્રિયા થઈ. રાગની દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ છે એ બાહ્ય ક્રિયા થઈ. એનાથી રહિત અંતઃક્રિયા એટલે નિર્મળ વીતરાગી દર્શન, જ્ઞાન અને ચારિત્ર એવી અંતઃક્રિયા એ. એનો આધાર આત્મા. આહા..હા..! ક્રિયા છે. કોઈ કહે કે ક્રિયા નથી એમ નહિ. અહીં ક્રિયા ઉડાવે છે અહીં લોકો. ક્રિયા ત્રણ પ્રકારની—એક શરીર, વાણી, મન પરિણમે એ જડની ક્રિયા. એક પુણ્ય-પાપના પરિણામ થાય એ વિકારી ક્રિયા. ત્રણ ક્રિયા. ત્રણ પ્રકારની ક્રિયા. શરીર, વાણી, મનની પરિણતિ થાય એ જડની ક્રિયા. રાગની પરિણતિ થાય એ વિભાવની ક્રિયા અને સ્વભાવની ક્રિયા અંતઃક્રિયા સ્વભાવને આશ્રયે થાય એ અંતઃક્રિયા. એ ક્રિયાના ત્રણ પ્રકાર છે. આહા..હા..! એ અહીંયાં પહેલી બાહ્યક્રિયા, જડની વાત તો અહીં કાઢી નાખી છે. જડની ક્રિયા તો આત્મા કરી જ શકતો નથી. આ હલાવી શકતો નથી, બોલી શકતો નથી, આંખની પાંપણ આમ કરી શકતો નથી. એ તો જડની ક્રિયા છે.

**શ્રોતા :-** આખો દિ' બોલવું અને કહેવું આત્મા બોલી શકતો નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ બોલે? બોલે ઈ બીજો. આત્મા સિવાય બીજો. આહા..હા..! આકરું કામ.

**શ્રોતા :-** તું નથી બોલતો તો કોણ બોલે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તારો બાપ બોલે છે એમ કહ્યું. એક જણો બિચારો સાંભળી ગયો અમદાવાદમાં શ્વેતાંબર. કાંઈક ત્યાં વાંધો ઉઠ્યો હશે ચર્ચામાં અહીં પંદર દિ' સાંભળી ગયો. પછી ત્યાં જઈને પૂછ્યું રામવિજયને કે મહારાજ! આત્મા બોલી શકે? ત્યારે કોણ બોલે? તારો બાપ બોલે છે આ?

**શ્રોતા :-** અસરકારક દલીલ કેવી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ અસરકારક દલીલ હોય આવી? આ તો જડ બોલે છે. આહા..હા..! બોલે એ બીજો. ઈ આત્મા નહિ, બાપુ! આહા..હા..! શું થાય? અને નામ મોટા આચાર્ય ધરાવે. આહા..હા..! શું થાય, બાપુ? આ તો વીતરાગ સર્વજ્ઞ અનંત દ્રવ્ય છે, અનંત દ્રવ્ય છે એની પ્રત્યેક સમયની પર્યાય તે તે દ્રવ્યની તેનાથી થાય. બીજાથી થાય નહિ. શરીર, વાણી, મન આ બધા આમ હાલે, ચાલે, આ થાય એ બધી જડની ક્રિયા છે. એ આત્મા કરી શકતો જ નથી એને. આહા..હા..! આ હોઠ હલે છે એ આત્માની

ક્રિયા નહિ, એ તો પરમાણુ જડની પરિણતિ છે. આહા..હા..! એ ક્રિયારહિત તો સ્વરૂપ છે જ એનું. પણ અહીં તો પર્યાયમાં જે દયા, દાન, વ્રત, ભક્તિ, તપના વિકલ્પ ઉઠે એ બાહ્યક્રિયા છે. આ બાહ્ય છે, ત્યારે આ રાગના પરિણામ અંતર કહેવાય. રાગના પરિણામ બાહ્ય કહીએ તો નિર્વિકારી પર્યાયને અંતઃ કહેવાય. આહા..હા..! અને ત્રિકાળને અંતઃ કહેવાય ત્યારે નિર્મળ પર્યાયને બાહ્યતત્ત્વ કહેવાય.

ફરીને. શરીર, વાણીની આ ક્રિયા થાય હલન-ચલન એને જો બાહ્ય કહીએ તો રાગાદિ થાય તેને અંતર કહેવાય. પોતામાં થાય છેને રાગાદિની? અને રાગાદિની ક્રિયાને બાહ્ય કહીએ ત્યારે નિર્મળ પર્યાય તેને અંતઃક્રિયા કહેવાય. હવે અંતઃક્રિયાને જ્યારે બાહ્ય કહીએ તો ત્રિકાળીને અંતઃતત્ત્વ કહીએ, નિર્મળ પર્યાયને બાહ્યતત્ત્વ કહીએ. આહા..હા..! સમજાણું કાંઈ? આવું છે બધું બહુ ફેરફાર. હવે તો છોકરાઓ પણ રસ લે છે. જુઓને આ અમારા મણિભાઈને એ બધા છેને ત્યાં? ઘાટકોપરમાં કેટલા છે, નહિ? એમાં શું? બીજી વાત ભલે પણ આ વસ્તુ શું છે એની રુચિ તો કરે કે નહિ? એમાં શું છે? ચારિત્રદોષ હો, હોય છે એ તો મોટા બધાને. એમાં શું છે? વસ્તુ શું છે? એની એને રુચિ અંદરમાં થવી જોઈએ. આહા..હા..! અરે! પ્રભુ! આવા વખત મળ્યા, ભાઈ! કેદી કરશે એ? આંખ મીંચાઈ જશે. ક્યાં જશે? દૃષ્ટિના વિષયને પકડ્યો નહિ. આહા..હા..!

અહીં અંતઃક્રિયા કીધી છેને? તો અંતઃક્રિયા કઈ અપેક્ષાએ? કે શુભરાગની ક્રિયા જ્યારે બાહ્ય છે ત્યારે નિર્મળ પરિણતિને અંતઃક્રિયા કીધી. અને એને જ્યારે ત્રિકાળ અંતઃતત્ત્વને કહીએ પોતાની ત્યારે અંતઃક્રિયાને બાહ્યતત્ત્વ કહીએ. આહા..હા..! સમજાણું કાંઈ? આવ્યું છેને એ તો ૩૮ ગાથામાં, અંતઃતત્ત્વરૂપ આત્મા. આહા..હા..! અને નિર્મળ પર્યાય પણ બાહ્યતત્ત્વ. નિર્મળ એ બહિર્તત્ત્વ છે, નાશવાન છે. આહા..હા..! આ વીતરાગના વચનો એ દિગંબર સંતો તો કેવળીના કેડાયતો છે. એ કેવળીને કેડે ચાલનારા છે. આહા..હા..! કુંદકુંદાચાર્યે ન કહ્યું પાંચમી ગાથામાં કે જે સર્વજ્ઞ પરમાત્મા છે, જે આત્મામાં લીન છે. એનાથી માંડીને અમારા ગુરુ પણ આત્મામાં લીન છે. આહા..હા..! ત્યાંથી લીધું ઠેઠથી. ભગવાન પણ આત્મા વિજ્ઞાનઘનમાં લીન છે. એમના પછી ગણધર પણ વિજ્ઞાનઘનમાં લીન છે, એના પછી પરંપરાએ આવતા અમારા ગુરુ હતા એ પણ વિજ્ઞાનઘનમાં લીન છે. એકસરખા નાખ્યા છે બધાને. આહા..હા..! પાંચમી ગાથા. સમયસાર પાંચમી ગાથા. એવા ગુરુએ અમને શુદ્ધાત્માનો મહેરબાની કરીને ઉપદેશ અમને આપ્યો છે, કહે છે. આહા..હા..! છે કે નહિ? આહા..હા..! એ તો છેને આમાં?

નિર્મળ વિજ્ઞાનઘન જે આત્મા. નિર્મળ વિજ્ઞાનઘન જે આત્મા દ્રવ્ય. તેમાં અંતર્નિમગ્ન એ પર્યાય. આહા..હા..! એ અમારા પરમગુરુ સર્વજ્ઞદેવ. ત્યાંથી માંડી છે. વિજ્ઞાનઘન જે દ્રવ્ય તેમાં લીનતા, નિમગ્ન પર્યાય. આહા..હા..! શું ટીકા છેને! સમયસાર ટીકા. અજોડ છે આ

... કેવો છે આત્મા? ઉપદેશ કે નિર્મળ વિજ્ઞાનઘન જે આત્મા. આત્મા કેવો છે? કે વિજ્ઞાનઘન સ્વરૂપ ત્રિકાળ. ત્રિકાળ. તેમાં અંતર્નિમગ્ન. તેમાં અંતઃનિમગ્ન. પરમગુરુ જે સર્વજ્ઞદેવ અને અપરગુરુ ગણધર આદિથી માંડીને અમારા ગુરુ. ગણધરથી માંડીને અમારા ગુરુપર્યંત તેમનાથી પ્રસાદરૂપે અપાયેલ શુદ્ધાતત્ત્વનો અનુગ્રહપૂર્વક ઉપદેશ તેનાથી અમારા નિર્મળ ધર્મના વૈભવની ઉત્પત્તિ છે.' કહો, ભગવાનજીભાઈ! આ તમારા ધૂળનો વૈભવ નહિ એમ કહે છે.

**શ્રોતા :-** બધું પરંપરાથી ચાલ્યું આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બધું પરંપરા ચાલ્યું આવે છે. આહા..હા..! શું પણ ટીકા તે ટીકા! સર્વજ્ઞ વિજ્ઞાનઘન આત્મા. એમાં જેની લીનતા છે એ સર્વજ્ઞ પરમગુરુ અને એનાથી ગણધરથી માંડીને અમારા ગુરુપર્યંત.. બધાને તમે પરખી લીધા? ઓળખી લીધા? અમારા ગુરુ પણ વિજ્ઞાનઘન એવો ભગવાન એમાં અંતર્મગ્ન હતા. આહા..હા..! એમનાથી પ્રસાદરૂપે અપાયેલા. અમારા ઉપર મહેરબાની કરીને આપ્યો. આહા..હા..! પ્રસાદ આપ્યો છે. 'શુદ્ધાત્મતત્ત્વનો અનુગ્રહ.' શુદ્ધાત્મતત્ત્વનો ઉપદેશ આપ્યો અમને. આહા..હા..! એલા ષટ્દ્રવ્ય અને આ બધું કાંઈ સમજાવ્યું નહોતું તમને? પણ એમાં સારમાં સાર તો શુદ્ધાત્માનો ત્રિકાળ દ્રવ્યસ્વભાવ એનો ઉપદેશ અમને આપ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! 'શુદ્ધતત્ત્વને અનુમોદું તેનાથી જેનો જન્મ છે.' અમારા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના વૈભવનો અહીંથી જન્મ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાનને તો બે હજાર વર્ષ થઈ ગયા. તમે એને ક્યાંથી પરખી લીધા અત્યારથી? સાંભળ, ભાઈ! જેવા સર્વજ્ઞ વિજ્ઞાનઘનમાં અંતઃમગ્ન છે તેવા જ આમારા ગુરુ એવા જ હતા, એમ કહે છે. ભલે છદ્મસ્થ છે, પણ આ તો અંતર્મગ્નમાં એ લીન હતા. આહા..હા..! એય..! દેવીલાલજી! ઓલા શ્વેતાંબરમાં તો એમ કહે, અમને ભગવાન કહે છે એ સ્વયમેવ .. ભગવાને આમ કહ્યું સાંભળો. આ તો કહે કે અમારો વૈભવ છે એમાંથી અમે કહીએ છીએ. આહા..હા..!

**શ્રોતા :-** ભગવાનને ભષ્મ રોગ થઈ ગયેલો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બધી કલ્પના. ભષ્મ કેવો ભગવાનને. ભગવાનને આહાર કેવા? ભગવાન સ્ત્રી તીર્થંકર મલ્લિનાથ સ્ત્રી એ બધી કલ્પનાઓ છે. કલ્પિત બનાવીને વાત છે. એવી વાત છે. આહા..હા..!

આ તો કહે છે કે અહીં બે વાત કરવી છે કે એક તો સર્વજ્ઞ જેમ અંતર વિજ્ઞાનઘનમાં લીન છે એ ત્યાંથી માંડીને અમારા ગુરુ પણ વિજ્ઞાનઘનમાં લીન એક જાતના છે, એમ કહે છે. આહા..હા..! એ પુણ્યના વિકલ્પમાં લીન નહોતા. મહાવ્રત વિકલ્પ હતો પણ એમાં લીન નહોતા. લીન તો સ્વરૂપમાં હતા. આહા..હા..! એમણે અમારા માટે શુદ્ધાત્મનો ઉપદેશ આપ્યો. દ્રવ્ય જે શુદ્ધ ત્રિકાળ આનંદનો નાથ પ્રભુ એનો અમને ઉપદેશ અમારા ગુરુએ સર્વજ્ઞથી માંડીને અહીં સુધી આવ્યો એ અમને ઉપદેશ આપ્યો છે. આહા..હા..! અહીં સુધી આવ્યો. આહા..હા..!

કહો, સમજાણું કાંઈ? આહા..હા..! નિજવૈભવથી બતાવીશ કહે છે. આહા..હા..! વૈભવ આ હોં. આ ધૂળનો, પૈસાનો, આબરૂનો એ ધૂળ એ તો સ્મશાનની રાખ છે.

**શ્રોતા :-** પણ સ્મશાનની રાખ ન થાય ત્યાં સુધી તો છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય નથી ત્યાં શું છે? આહા..હા..! શાસ્ત્રમાં તો એક એવું આવે છે શ્વેતાંબરમાં. બહુ પૈસા ભેગા કર્યા હોય અને પછી મરવાનું ટાણું આવે ઢગલાને કહે જા પ્રાર્થના કર મેં તારે માટે બહુ કર્યું છે હવે મારે શું કરવું? લક્ષ્મીના પાપ કર્યા, જિંદગી એમાં ગાળી ૫૦-૫૦, ૬૦-૬૦ વર્ષ. ૨૦ વર્ષની ઉંમરથી ૮૦ થઈ ગયા. ૬૦-૬૦ વર્ષ મેં તારા રળવા માટે, બાયડી માટે, છોકરા માટે આ લક્ષ્મી આમ કરી. ઢગલા ભેગા કરીને પ્રાર્થના કરજે. ધૂળેય નથી ત્યાં. ત્રણલોકનો નાથ અહીં પડ્યો છે મોટો ઢગલો અહીં. ત્યાં પ્રાર્થના કરને. આહા..હા..! સમજાણું કાંઈ? આ છોકરા ઝાઝા હોય અને પૈસા બહુ ઝાઝા હોય ઈ બહુ ઉંચો હશે ઈ? ઓહો..હો..!

'પરમગુરુ સર્વજ્ઞદેવ અને અપરગુરુ ગણધરાદિથી માંડીને અમારા ગુરુપર્યંત...' આહા..હા..! અને 'નિરંતર ઝરતો આસ્વાદમાં આવતો સુંદર આનંદ... પ્રચુર સંવેદન જેનાથી જન્મ છે.' આહા..હા..! અમારા આનંદનું પ્રચુર આનંદનું વેદન. પ્રચુર આનંદનું વેદન મુનિને લાયક એવા પ્રચુર આનંદના વેદનનો અમારે વૈભવ પ્રગટ્યો છે અમને, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! નિરંતર ઝરતો. ડુંગરમાંથી પાણી ઝરેને? એમ આત્મા આનંદનો ડુંગર છે. ત્યાં અમારી દૃષ્ટિ ગઈ છે એટલે ત્યાંથી આનંદ ઝરે છે. આહા..હા..! 'ઝરતો આસ્વાદમાં આવતો. સુંદર જે આનંદ' અતીન્દ્રિય આનંદ. આહા..હા..! જેના પ્રચુર વેદનની છાપ, મહોરછાપ અતીન્દ્રિય આનંદ છે. આહા..હા..! મુનિરાજ અમૃતચંદ્રાચાર્ય કહે છે. બધા મુનિઓનું એક જ કથન છે. આહા..હા..! સુંદર આનંદની મોહરછાપ મારી છે. અમારા આનંદના વૈભવમાં સુંદર આનંદની મહોરછાપ છે. આહા..હા..! ઓલા મહોર મારે છેને કાગળિયા ઉપર. પોસ્ટમાસ્તર સિક્કો મારે. એમ અમારા સ્વસંવેદનની મહોરછાપ અતીન્દ્રિય આનંદ છે. આહા..હા..! એ અમારું મુનિપણું છે, એ અમારો વૈભવ છે, એમાંથી હું સમયસારને કહીશ, એમ કહે છે. આહા..હા..! એક-એક વાક્ય તે કેવા છે પણ જુઓને. આહા..!

'**સમસ્ત બાહ્યક્રિયાકાંડના...**' જોયું? ક્રિયાકાંડ એટલે ઘણો સમય ક્રિયા એમ. એના '**આડંબરનો પરિત્યાગ જેનું લક્ષણ છે...**' અહીં તો ક્રિયાકાંડ એટલે શુભભાવ હોં અહીં એકલો લેવો છે. મુનિ છેને? એ ક્રિયાકાંડ ને દયા ને દાન ને વ્રત ને ભક્તિ ને પૂજા ને વિનય ને વૈયાવચ્ચ એ બધી ક્રિયાકાંડ આહા..હા..! આડંબર છે, કહે છે. ભગવાન ચિદાનંદ સ્વરૂપ નિર્વિકલ્પ સમાધિ પાસે તો એ બધો આડંબર છે. આહા..હા..! '**અંતઃક્રિયાના અધિકરણભૂત આત્મા...**' આહા..હા..! એ નિર્મળ પરિણતિ જે સમાધિ અને વીતરાગતા એનો આધારભૂત આત્મા. આહા..હા..! એટલે કે એ વ્યવહાર શુભ હતો માટે નિશ્ચય પ્રગટ્યો

એમ નથી. આહા..હા..! અમારા નિશ્ચય પરિણતિ ધર્મનો આધાર તો ભગવાન આત્મા છે. આહા..હા..! પ્રેમચંદભાઈ! આ વાત ક્યાં! આહા..હા..! અમારી નિર્મળ પરિણતિ ધર્મની એનો આધાર ગુરુ ને શાસ્ત્ર ને દેવ નથી, કહે છે. આહા..હા..!

એ નિર્મળ પરિણતિ જે વીતરાગસ્વભાવ મોક્ષનો માર્ગ એનો આધાર ભગવાન છે. ત્રિકાળ આનંદનો નાથ ધ્રુવસ્વભાવ એનો આધાર છે. આહા..હા..! અમારી નિર્મળ શુદ્ધ પરિણતિનો આધાર દ્રવ્ય છે. આહા..હા..! અમારું નિજદ્રવ્ય છે. અમારા આત્માનો આધાર છે એને. આહા..હા..! સમજાણું કાંઈ?

**'કે જેનું સ્વરૂપ...'** હવે આત્માનું સ્વરૂપ બતાવે છે. જે અંતઃક્રિયાનો આધાર આત્મા એ આત્મા કેવો? કે **'અવધિ વિનાના ત્રણે કાળે નિરુપાધિક છે તેને જે જીવ જાણે છે,...'** આહા..હા..! જેનું સ્વરૂપ મર્યાદા વિનાનું ત્રણે કાળ અનાદિકાળથી અનંતકાળ સુધી નિરુપાધિક છે. અનાદિ-અનંત એ તો નિરુપાધિક તત્ત્વ છે દ્રવ્ય. આહા..હા..! **'તેને જે જીવ જાણે છે,...'** આહા..હા..! ત્રિકાળી જ્ઞાયકભાવને જે જીવ જાણે છે. જે અંતઃક્રિયા ધર્મની નિર્મળ પરિણતિ એનો આધાર ભગવાન આત્મા એ આત્મા ત્રણે કાળે રહેનારો નિર્મળ શુદ્ધ ભગવાન. આહા..હા..! **'તેને જે જીવ જાણે છે,...'** એને જે જીવ જાણે છે. આહા..હા..! **'તે જીવની પરિણતિવિશેષ...'** તે જીવની નિર્મળ પરિણતિ વીતરાગી વિશેષ, શુદ્ધપરિણતિ ખાસ વિશેષ. સામાન્ય તો દ્રવ્ય છે. આ પરિણતિ વિશેષ છે. આહા..હા..! **'તે સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાન છે.'** તે સ્વ આત્માને આશ્રયે નિશ્ચયધર્મધ્યાન છે. આહા..હા..! ભગવાનની પ્રતિમાને આશ્રયે ધર્મ થાય છે એ વાત આમાં રહેતી નથી. આહા..હા..! બેને તકરાર છેને સ્થાનવાસી આલંબનની જરૂર નથી, ત્યારે મૂર્તિપૂજક કહે કે નહિ મૂર્તિની-આલંબનની જરૂર છે. એ તો શુભભાવ હોય છે ત્યારે ત્યાં નિમિત્ત હોય છે એટલું, પણ અંતઃક્રિયાનો આધાર એ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'જે જીવ જાણે છે, તે જીવની પરિણતિવિશેષ...'** તે જીવની વીતરાગી દશા ખાસ **'તે સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાન છે.'** તે સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાન છે. જેને ત્યાં કહ્યું હતું કે અમારો આ વિષય છે ઈ આ. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાત પણ, આહા..હા..! અમૃતને રેડ્યા છે એકલા. આહા..હા..! અમૃતના સાગરને ઉછાળ્યો છે અંદરથી. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનું ગોદામ છે એ તો. આહા..હા..! જેને આશ્રયે નિર્મળ પરિણતિ શુદ્ધ થાય એનો આધાર એ ભગવાન છે. નિર્મળ પરિણતિને નિર્મળ પરિણતિનો આધાર એમ પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવા **'નિરુપાધિક છે તેને જે જીવ જાણે છે, તે જીવની...'** વીતરાગી પરિણતિ ખાસ **'તે સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાન છે.'** એને સાચું ધર્મધ્યાન કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? વિશેષ કહેવાશે...

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક વદ-૩, શુક્રવાર, તા. ૨૧-૧૧-૧૯૭૫**
**ગાથા-૧૨૩-૧૨૪, કળશ-૨૦૧, પ્રવચન નં. ૧૦૧**

નિયમસાર. સમાધિ એટલે વીતરાગદશા. અંતરમાં શાંતિ, અકષાયભાવ, વીતરાગતા, સમાધિ જે કહો તે એ છે. મોક્ષનો માર્ગ, નિશ્ચયમોક્ષમાર્ગ એ સમાધિ છે. આહા..હા..! એ એનું સ્વરૂપ. બોલ ચાલી ગયા છે કેટલાક. '**સમસ્ત ઈન્દ્રિયોના વ્યાપારનો પરિત્યાગ તે સંયમ છે.**' સમાધિવંતને આ સંયમ સાધન હોય છે, એમ કહે છે. સાધુથી વાત લીધી છેને. અને '**આરાધનામાં તત્પરતા તે નિયમ છે.**' નિજ આત્મા જે ધ્રુવ આત્મા, જ્ઞાયકભાવ આત્મા. એવો આત્મા તે આરાધના એનું નામ નિયમ છે. આહા..હા..! નિઃ ભગવાન પૂર્ણ આનંદ ધ્રુવ એની આરાધના એન પર્યાય એ નિયમ છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** આરાધના એટલે શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સેવા. સ્વસન્મુખની એકાગ્રતા. સેવા સ્વરૂપની. શુદ્ધ ચૈતન્યની સેવા. છઠ્ઠી ગાથામાં આવ્યુંને ઉપાસના. દ્રવ્ય જે શુદ્ધ ધ્રુવ તેની સેવા-ઉપાસના, એ પર્યાય છે. એ પર્યાય છે એનું ધ્યેય દ્રવ્ય છે. સમજાણું કાંઈ? એ નિજ આત્માની સેવા અથવા તત્પરતા અંદરમાં એ નિયમ છે. આ નિયમ કહેવાય છે. આહા..હા..!

'**આત્માને આત્મામાં આત્માથી ધારી-ટકાવી-જોડી રાખે છે તે અધ્યાત્મ છે...**' આહા..હા..! '**તે તપ છે.**' આ બધી સામગ્રી સહિત સમાધિ પ્રગટ થાય એમ કહે છે. આહા..હા..! તપની વ્યાખ્યા જુદી જાતની. '**આત્માને આત્મામાં આત્માથી ધારી-ટકાવી-જોડી રાખે છે તે અધ્યાત્મ છે...**' એનું નામ તપ. '**સમસ્ત બાહ્યક્રિયાકાંડના આડંબરનો પરિત્યાગ જેનું લક્ષણ છે એવી અંતઃક્રિયા...**' અંતઃક્રિયા આત્માની વીતરાગી ક્રિયા એના આધારભૂત આત્મા. આહા..હા..! નિર્મળ વીતરાગી અંતઃક્રિયા પરિણામ એનો આધાર આત્મા. '**કે જેનું સ્વરૂપ...**' કેવું છે એનું સ્વરૂપ? જે અધિક અંતઃક્રિયાનો આધારભૂત આત્મા નિર્મળ વીતરાગી આનંદની ક્રિયા, અતીન્દ્રિય શાંતિની ક્રિયા એનો આધાર આત્મા. '**કે જેનું સ્વરૂપ...**' કેવું છે એ આત્માનું સ્વરૂપ? '**અવધિ વિનાના ત્રણે કાળે નિરુપાધિક છે...**' આહા..હા..! જેને કોઈ અવધિ નથી ત્રિકાળ દ્રવ્યસ્વભાવ, એ નિરુપાધિક છે.

**શ્રોતા :-** કોને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આત્માને. આત્મા પર્યાય વિનાનો એ નિરુપાધિક છે. એવી વાત છે. એય..! આ તો આવી ગયું હતું કાલે. જેનું સ્વરૂપ ત્રિકાળે નિરુપાધિક છે. ત્રણે કાળે જે દ્રવ્ય સ્વભાવ ધ્રુવ એને ઉપાધિ પર્યાયની નથી અને રાગની નથી. આહા..હા..!

**શ્રોતા :-** પર્યાય ઉપાધિ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઉપાધિ છે.

**શ્રોતા :-** બે મળે તો ઉપાધિ થઈ જાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઉપાધિ થઈ જાય. અશુદ્ધતા થાય છે. છઠ્ઠી-સાતમી ગાથામાં કહ્યુંને કે વસ્તુ એક છે એમાં દર્શન-જ્ઞાન-ચારિત્રનો ભેદ લક્ષમાં લેવો એ પણ અશુદ્ધતા છે. આહા..હા..! શુદ્ધ જે ચિદાનંદ ભગવાન અભેદ એકરૂપસ્વરૂપ ધ્રુવ એને ત્રણ ભેદ એમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ અશુદ્ધતા છે. આહા..હા..! વ્યવહાર .. આવેને? વ્યવહારથી ત્રણ કહ્યા છે જ્ઞાન-દર્શન. સાચા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હોં. એ વ્યવહારે ત્રણ ભેદ પાડ્યા છે. આહા..હા..! નિશ્ચયથી તો એ આત્મા જ્ઞાયક જ છે. ભેદ એમાં છે નહિ. એ દર્શનનો વિષય છે. આહા..હા..! આવી વાત ઝીણી પણ બહુ.

**શ્રોતા :-** .. ભેદ પડે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભેદ છે એમાંથી ભેદ પાડે. પાડે તો એ પર્યાયનો વિષય છે, વ્યવહારનો વિષય અશુદ્ધતાનો વિષય છે એમ, એ શુદ્ધતાનો વિષય નહિ. આહા..હા..! શુદ્ધ પર્યાયપણ ભેદરૂપે પાડે તો એ વ્યવહારનો વિષય છે. આહા..હા..! આવી વાત છે. શું થાય? એવી ચીજ છે કે અંદરથી જેને જોવે તો એને ખબર પડે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** અંદરમાં લખ્યું છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લખ્યું છે અંદર પડ્યું છે આખું. નિરુપાધિક તત્ત્વ.. જુઓને ભાષા કેવી છે?

**શ્રોતા :-** અંદરમાં તો અંધારું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અંધારું એ અંધારાને દેખનારો કોણ છે? અંધારાને દેખનારો જ્ઞાન છે. આહા..હા..!

અહીં તો ઈ કહેવું છે કે **'અંતઃક્રિયાના અધિકરણભૂત આત્માને...'** સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે વીતરાગી પર્યાય એનો આધાર આત્મા છે. એ આત્મા કેવો? કે જેનું સ્વરૂપ ત્રણે કાળે મર્યાદા વિનાનું છે. આહા..હા..! છેને?

**શ્રોતા :-** ત્રણે કાળે દ્રવ્ય અને પર્યાય એક.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ મર્યાદા ન રહી. ત્રણે કાળે ત્રિકાળ એકલો ધ્રુવ તે ત્રિકાળ રહ્યો. પર્યાયને લાગુ પાડે તો ઉપાધિ, વ્યવહાર, અશુદ્ધતા, મલિનતા. આહા..હા..! એવી વાતું બાપુ ઝીણી બહુ. સમજાય છે કાંઈ? એ પ્રશ્ન જ કર્યો નહિ સાતમી ગાથામાં? એમ કે તમે આ કહ્યું પણ આ ભેદ છે એ અશુદ્ધતા છેને. આહા..હા..! નિર્મળ પર્યાયને લક્ષમાં લેવી ભેદ પાડીને એ પણ અશુદ્ધતા છે. એ નિર્મળ પર્યાયનું ધ્યેય જે છે એમાં એ નિર્મળ પર્યાય નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એવી વાત છે. જુઓને કેવું લીધું છે? એ આપણે

આવશેને અશુદ્ધ અને શુદ્ધનય. એ આ વાત નાખી છે. શુદ્ધનય નિરુપાધિક છે ભેદ પાડ્યા વિનાની અને અશુદ્ધનય પર્યાયનો નય ભેદ ભેળવે છે ભેગો, એ સોપાધિક છે. કેમકે ત્રિકાળીમાં એક સમયની નિર્મળ પર્યાય ભેદ છે, વ્યવહાર છે, અશુદ્ધતા. એની સાથે ભેળ કરવો એ અશુદ્ધતા છે. ભેળ થાતો નથી, પણ આ દ્રવ્ય અને આ પર્યાય બે ભેળ એ અશુદ્ધતા છે. આહા..હા..! આવી વાત.

'**જેનું સ્વરૂપ...**' ત્રણે કાળે મર્યાદા વિનાનું. કોઈ મર્યાદા નથી. છે... છે... છે... છે... અનાદિથી છે. નિગોદની પર્યાયમાં પણ દ્રવ્યસ્વભાવ તો ત્રિકાળ શુદ્ધ જ છે. સમજાણું કાંઈ? જેનું સ્વરૂપ મર્યાદા વિના એટલે કાળની મર્યાદા નથી એમ. અવધિ વિનાનું અને પછી ચોખ્ખું કર્યું ત્રણે કાળ. '**(અનાદિ કાળથી અનંત કાળ સુધી) નિરુપાધિક છે તેને જે જીવ જાણે છે,...**' આવા ધ્રુવસ્વભાવને, નિત્યસ્વભાવને જે જીવ જાણે છે પર્યાયમાં એ '**પરિણતિ વિશેષ...**' '**તે જીવની પરિણતિવિશેષ તે સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાન છે.**' આહા..હા..! આવા તત્ત્વને જે જીવ જાણે છે એ જાણવાની પર્યાયને જીવની પરિણતિ વિશેષ કીધી છે. ઓલું સામાન્ય જે છે એ આધાર છે. વિશેષ એમાંથી પ્રગટ થયું છે. વિશેષ એ પર્યાય છે. આહા..હા..! '**તે જીવની પરિણતિવિશેષ તે સ્વાત્માશ્રિત...**' વિશેષ ખુલાસો કર્યો. શુદ્ધપરિણતિ તે સ્વાત્માશ્રિત, દ્રવ્યને આશ્રિત, ધ્રુવને આશ્રિત, ત્રિકાળ દ્રવ્યને આશ્રિત. આહા..હા..! '**નિશ્ચયધર્મધ્યાન છે.**' આને સાચું ધર્મધ્યાન કહેવામાં આવે છે. આહા..હા..! ભારે! અહીં તો જરી સામાયિક કરે, પોષા કર્યા, પડિક્કમણા કર્યા, ચોવિહાર કર્યા થઈ ગયું ધર્મધ્યાન. ધૂળેય નથી ધર્મધ્યાન. સમજાણું કાંઈ? અહીં સુધી તો આવી ગયું હતું કાલે.

આવી નિરુપાધિક અભેદ વસ્તુ જે છે એને જે જાણે છે તે પર્યાય છે. એ પર્યાય વિશેષ જે સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાન છે. આહા..હા..! શબ્દો જ એવા.. સાધારણ માણસને બિચારાને કાંઈ ખબર ન પડે આ શું કહે છે? નિશ્ચયધર્મધ્યાન એટલે શુદ્ધપરિણતિ. સ્વ ત્રિકાળી દ્રવ્યને આશ્રયે થયેલી પરિણતિ, વીતરાગીદશા તે નિશ્ચયધર્મ, સાચું ધર્મધ્યાન છે. સમજાણું કાંઈ? આ ક્યાં સાંભળવાને મળે નહિ અત્યારે તો મુશ્કેલી પડી બધી. સત્ય વસ્તુ વિના જિંદગી ચાલી જાય બિચારાની. આહા..હા..! મહા ત્રિલોકનાથ ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ ધ્રુવ. એવો આત્મા. એને આશ્રિત પરિણતિવિશેષ, વર્તમાન વીતરાગપર્યાય ખાસ, તેને નિશ્ચયધર્મધ્યાન કહેવામાં આવે છે. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? અહીં સુધી તો આવ્યું હતું કાલે.

હવે શુક્લધ્યાન. પાઠ છેને? '**धम्मज्झाणेण सुक्कझाणेण**' સંયમ, નિયમ, તપ ત્રણ બોલ આવી ગયા. પછી ધર્મધ્યાન એ આવી ગયું. હવે શુક્લધ્યાન રહ્યું. '**ધ્યાન-ધ્યેય-ધ્યાતા,...**' ધ્યાન, ધ્યેય અને ધ્યાતા. અને '**ધ્યાનનું ફળ...**' આનંદ. '**વગેરેના વિવિધ વિકલ્પોથી વિમુક્ત...**' આહા..હા..! '**(અર્થાત્ એવા વિકલ્પો વિનાનું), અંતર્મુખાકાર (અર્થાત્ અંતર્મુખ જેનું સ્વરૂપ છે એવું),...**' ભગવાન આત્માનું સ્વરૂપ અંતર્મુખ છે. આહા..હા..!

સમજાણું કાંઈ? આકાર એટલે સ્વરૂપ. એવું '**સમસ્ત ઇન્દ્રિયસમૂહથી અગોચર...**' ઇન્દ્રિયના સમૂહથી ગમ્ય નહિ. આહા..હા..! વિકલ્પથી પણ ગમ્ય નહિ. રાગના વિકલ્પથી ગમ્ય નહિ. એવો '**નિરંજન-નિજ-પરમતત્ત્વમાં...**' આહા..હા..! નિરંજન નિત્યાનંદ પ્રભુ શુદ્ધ ચૈતન્યઘન નિજપરમતત્ત્વ પાછું એમ. ભગવાનનું પરમતત્ત્વ નહિ. એનું તો એની પાસે રહ્યું. આહા..! નિજપરમતત્ત્વ નિરંજન શુદ્ધ ધ્રુવ નિરાવરણ. દ્રવ્યસ્વરૂપ તો નિરાવરણ ત્રિકાળ છે. એવું '**નિજ-પરમતત્ત્વમાં અવિચળ સ્થિતિરૂપ...**' આ વિશેષ લીધું. ઓલા ધર્મધ્યાનથી જરી. '**અવિચળ સ્થિતિરૂપ...**' વિશેષ લેવું છેને? ઓલામાં તો એટલું કે ત્રિકાળ નિરૂપાધિ છે એને જે જીવ અંતઃક્રિયાથી જાણે છે એ જીવ જાણે તે જીવની પરિણતિ વિશેષ તે સ્વ-આત્મા નિશ્ચયધર્મ. એ છે તો શુદ્ધતા, પણ આ વિશેષ શુદ્ધતા છે. 'અવિચળ સ્થિતિ' એ શબ્દ વાપર્યો. ભગવાન આનંદમૂર્તિમાં અવિચળ સ્થિતિ પર્યાયની. આહા..હા..! જામી ગયો છે અંદર, કહે છે.

'(**-એવું જે ધ્યાન**) **તે નિશ્ચયશુક્લધ્યાન છે.**' લ્યો, આ બોલ આટલા કહ્યા. '**આ સામગ્રીવિશેષો સહિત...**' આ સામગ્રીવિશેષો સહિત '(**-આ ઉપર્યુક્ત ખાસ આંતરિક સાધનસામગ્રી સહિત**)...' જોયું? અંતરિક સાધનસામગ્રી. '**અખંડ અદ્વૈત પરમચૈતન્યમય આત્માને...**' અખંડ અદ્વૈત એ એકલો એ પર્યાય વિનાનો અદ્વૈત. આહા..હા..! એ આવી ગયું છે. '**અખંડ...**' ખંડ નહિ. '**અદ્વૈત...**' બે નહિ. '**પરમચૈતન્યમય આત્મા...**' પરમ ચૈતન્યમય આત્મા ધ્રુવ કે '**જે પરમસંયમી નિત્ય ધ્યાવે છે,...**' લ્યો! વસ્તુ નિત્યની અહીં વાત નથી હવે. એ વસ્તુ તો ગઈ નિત્ય એમાં. એમાં હવે '**પરમસંયમી નિત્ય ધ્યાવે છે,...**' એને સદા તેનું ધ્યાન કરે છે અંદરનું. આહા..હા..! સમજાણું કાંઈ? '**તેને ખરેખર પરમ સમાધિ છે.**' એને પરમશાંતિ, પરમ આનંદ, મોક્ષનો માર્ગ એને છે. આહા..હા..! એને સાચી સામાયિક છે. સામાયિક કરીને બેસે છેને, ગાંધી! તમારા બાપ પણ કરતા અને આ પણ કરતા. રાયચંદ ગાંધી એમ સામાયિક કરે. આહા..હા..! એ સામાયિક નહિ. આહા..હા..!

આત્મા ત્રિકાળ વીતરાગમૂર્તિ નિરૂપાધિકસ્વરૂપ છે. એને આશ્રયે જે નિરૂપાધિક વીતરાગી પર્યાય રાગ વિનાની ઉત્પન્ન થાય તેને અહીં સમાધિ, તેને સામાયિક કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ આવે છે હવે. પછી કહેશે. ૧૨૫માં કહેશે. સામાયિક લેશે. એને સમાધિ કહો કે સામાયિક કહો. આહા..હા..! ૧૨૫માં લેશે. .. આત્માને. અખંડ અદ્વૈત અને પરમચૈતન્યમય. પરમ ચૈતન્ય સ્વભાવ હોં એનો. એવા આત્માને. આહા..હા..! એવો જે ધ્રુવ ભગવાન આત્મા '**જે પરમસંયમી...**' એ પર્યાય છે હવે. '**નિત્ય ધ્યાવે છે,...**' એ પર્યાય છે. આહા..હા..! નિત્યને કાયમ ધ્યાવે તે નિત્ય તે સમાધિ કહેવામાં આવે છે. આહા..હા..! તેને સામાયિક કહેવામાં આવે છે. આહા..હા..! આવા નિત્ય આત્મા જે પરમસંયમી નિત્ય ધ્યાવે છે. નિત્ય આત્માને નિત્ય ધ્યાવે છે એ પર્યાય થઈ. આહા..હા..! '**તેને ખરેખર પરમ સમાધિ...**' એને ખરેખર અનુભવ, એને ખરેખર આનંદની શાંતિનું વેદન છે એને. આહા..હા..!

સમજાણું કાંઈ?

'(હવે, આ ૧૨૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :-)'

(अनुष्टुभ्)

निर्विकल्पे समाधौ यो नित्यं तिष्ठति चिन्मये।
द्वैताद्वैतविनिर्मुक्तमात्मानं तं नमाम्यहम्।।२०१।।

આહા..હા..! '**શ્લોકાર્થ :- જે સદા ચૈતન્યમય નિર્વિકલ્પ સમાધિમાં રહે છે,...**' ચૈતન્યમય નિર્વિકલ્પ સમાધિ વર્તમાન. આહા..હા..! કેમકે ત્રિકાળ ચૈતન્યમય આત્મા છે. એને પર્યાયમાં ચૈતન્યમય નિર્વિકલ્પ સમાધિમાં રહે છે. આહા..હા..! માથે કીધું હતુંને એ ચૈતન્યમય આત્મા અખંડ અદ્વૈત પરમ. હવે એને સદા ચૈતન્યમય જે છે ધ્રુવ. એને '**સદા ચૈતન્યમય નિર્વિકલ્પ સમાધિમાં રહે છે,...**' સદા ચૈતન્યમય નિર્વિકલ્પ સમાધિ એ પર્યાયની વાત છે આ. ભાષા કેવી કરી જોયું? કે જે નિર્વિકલ્પ ચૈતન્યમય વસ્તુ છે. આવેને? ચૈતન્યમય આત્મા છે, એને પર્યાયમાં ચૈતન્યમય પરિણતિ પ્રગટ કરવી, આહા..હા..! સમજાણું કાંઈ? માથે આવ્યું હતુંને? પરમચૈતન્યમય આત્મા. એ પરમચૈતન્યમય આત્મા એને આશ્રયે સદા ચૈતન્યમ નિર્વિકલ્પ સમાધિમાં રહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તે દ્વૈતાદ્વૈતવિમુક્ત...**' 'અદ્વૈત છું' એવો વિકલ્પ નહિ અને 'દ્વૈત છું' એવો વિકલ્પ નહિ. લ્યો! પહેલમાં કીધું હતું કે અદ્વૈત ધ્યાવે છે. પણ ઈ વિકલ્પ વિનાની અહીં વિકલ્પ 'અદ્વૈત છું, એકરૂપ છું, દ્રવ્ય છું' એવો જે વિકલ્પ રાગ અને આ દ્રવ્ય અને પર્યાય બે છે એવો રાગ એ '**દ્વૈતાદ્વૈતવિમુક્ત (દ્વૈત-અદ્વૈતના વિકલ્પોથી મુક્ત) આત્માને...**' એવો જે ભગવાન આત્મા એને '**હું નમું છું.**' આહા..હા..! એ આત્મા તે ત્રિકાળ. હું નમું છું એ વર્તમાન વીતરાગી પર્યાય. સમજાણું કાંઈ? બહુ માર્ગ લાગે માણસને કે આ નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય... પણ નિશ્ચય વ્યવહારથી થાય કે નહિ? એમ કહે. નિશ્ચય પર્યાયનિશ્ચય ચૈતન્યમય આત્માને આશ્રયે ચૈતન્યમય આત્મા ધ્રુવને આશ્રયે પર્યાયચૈતન્યમય સમાધિ પ્રગટ થાય એ જ પર્યાય ધર્મ છે અને એ જ સામાયિક છે. આહા..હા..! સમજાણું કાંઈ? તેને '**હું નમું છું.**' એવો જે ભગવાન આત્મા દ્વૈત-અદ્વૈતવિકલ્પથી મુક્ત છે એવા આત્માને હું નમું છું.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તે. તે દ્વૈતાદ્વૈતવિમુક્ત છે. અંતરમાં ધ્યાનમાં આનંદમાં રહે છે એને દ્વૈત-અદ્વૈતનો વિકલ્પ છે નહિ એને કાંઈ? એનાથી મુક્ત છે એ.

**શ્રોતા :-** 'જે' એટલે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જે સદા ચૈતન્યમય. એ જે એટલે આત્મા. 'જે...' આત્મા '**સદા**

**ચૈતન્યમય નિર્વિકલ્પ સમાધિમાં રહે છે,...**' ધ્યેયમાં જે પરિણતિ કરીને રહે છે એમ કહે છે. પહેલું તો માથે કહી ગયા કે આત્મા અખંડ અદ્વૈત પરમચૈતન્યમય આત્મા. પરમ ચૈતન્યમય આત્મા એટલે ધ્રુવ. પરમચૈતન્યમય સ્વભાવ આત્મા. એમાં જે પરમચૈતન્યમય સ્વભાવ છે. એમાં પરમચૈતન્યમયથી પરિણતિ કરીને રહે છે એ સમાધિમાં રહે છે. સમજાણું કાંઈ? આ ભારે. દ્વૈત-અદ્વૈત છે. આવા શબ્દો આવે છે ભાઈમાં. કેવી કહેવાય? પંચવિંશતિ. પદ્મનંદિ પંચવિંશતિ. આલોચનામાં પણ આવ્યું હતું. આલોચના નહિ? આલોચનામાં આવી ગયું. દ્વૈત-અદ્વૈતરહિત ભગવાન આત્મા. 'અદ્વૈત-એક છું' એવો પણ જ્યાં વિકલ્પ નથી અને 'બે છું' એવો પણ વિકલ્પ નથી. બે તો એનામાં છે જ નહિ, પણ એવો વિકલ્પ નથી. આહા..હા..! અદ્વૈત એટલે અખંડ આનંદમયમૂર્તિ પ્રભુ ચૈતન્યમય અદ્વૈત અખંડ પરમચૈતન્યમય આત્મા એનામાં એને આશ્રય કરીને શુદ્ધ પરિણતિ ચૈતન્યમય નિર્વિકલ્પમાં રહે છે તેને સમાધિ કહેવામાં આવે છે. આહા..હા..! કહો, આ સમાધિ. લોગસ્સમાં આવે છે, સમાહિવર મુત્તદિંતુ. સ્થાનકવાસી શ્વેતાંબરમાં. લોગસ્સ-લોગસ્સ. લોગસ્સ ઉવજોયગરે આવે છેને? એમાં છેલ્લું આવે છે, સમાહિવર મુત્તદિંતું. એ સમાધિ કોણ? આ. એની ખબર પણ નથી કે સમાધિ કોને કહેવી? સુજાનમલજી! આહા..હા..! એવી વાત છે, ભાઈ! શૈલી કેવી લીધી છે? કે જે અખંડ અદ્વૈત પરમચૈતન્યમય આત્મા. હવે એને જે આત્મા સદા ચૈતન્યમય નિર્વિકલ્પ સમાધિમાં રહે છે એમ. '**તે દ્વૈતાદ્વૈતવિમુક્ત આત્માને હું નમું છું.**' આહા..હા..! ગાથા-૧૨૪.

**किं काहदि वणवासो कायकिलेसो विचित्तउववासो।**
**अज्झयणमोणपहुदी समदारहियस्स समणस्स।।१२४।।**
**વનવાસ વા તનક્લેશરૂપ ઉપવાસ વિધવિધ શું કરે?**
**રે! મૌન વા પઠનાદિ શું કરે સામ્યવિરહિત શ્રમણને? ૧૨૪.**

આહા..હા..! પહેલો શબ્દાર્થ લઈએ. '**અન્વયાર્થ :- વનવાસ,...**'માં રહે. અન્વયાર્થ છેને? '**કાયક્લેશરૂપ અનેક પ્રકારના ઉપવાસ,...**' કરે. અનેક પ્રકારના છ-છ મહિનાના ઉપવાસ કરે. એથી શું થયું કહે છે. '**અધ્યયન,...**' કરે. શાસ્ત્રનું અધ્યયન ખૂબ કરે ખૂબ વાંચે. અને '**મૌન વગેરે (કાર્યો)...**' મૌન રહે, પણ '**સમતારહિત શ્રમણને શું કરે છે (-શો લાભ કરે છે)?**' જેને વીતરાગ સ્વરૂપની પરિણતિ વીતરાગ પ્રગટી નથી એને આ શું કરે? કહે છે. આહા..હા..! જેને જિનભાવના વીતરાગભાવના પર્યાય પ્રગટ થઈ નથી એ જીવને આ વનવાસ અને અપવાસ શું કરે? કાંઈ આત્માને મોક્ષ કરે નહિ. આહા..હા..! બધું લીધું હોં! '**અધ્યયન, મૌન...**' અધ્યયન કરે શાસ્ત્રના, લ્યો! પણ એથી શું થયું? એ તો અધ્યયનમાં અગિયાર અંગ અનંતવાર ભણ્યો છે, પણ વસ્તુસ્વભાવ સમતાનો પિંડ ભગવાન એને આશ્રયે સમતા વીતરાગી પરિણામ પ્રગટ કર્યા વિના આ જીવને આ શું લાભ કરે? કહે છે. સમજાણું કાંઈ?

'ટીકા :-' શું લાભ કરે? એમ છેને? શું કરે કહે છે. શું લાભ આત્માને કરે? આત્માને ધર્મની દશા કેમ પ્રગટે આવું બધું ગમે તે કરે નહિ. આહા..હા..! જેને આત્મા વીતરાગનો નાથ વીતરાગસ્વરૂપ છે એવી વીતરાગ પરિણતિ જેણે પર્યાયમાં પ્રગટ કરી નથી, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વગેરે. એવા જીવને આવી વનવાસની ક્રિયા અને કાયક્લેશ ઉપવાસ શું કરે? ધૂળેય ન કરે કાંઈ. રખડવાનું કામ છે એને તો. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે. સમતાનો અર્થ ત્રિકાળી વીતરાગી મૂર્તિ પ્રભુ ધ્રુવ. એનો આશ્રય લઈને જે સમતા એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ સમતાના પરિણામ કહેવાય ત્રણ. એ વીતરાગી પરિણામ ત્રણેય છે. એવા સમતા વીતરાગી પરિણામ વિના એ આવી ક્રિયાકાંડ કરે એને લાભ શું થાય? કહે છે. સમજાણું કાંઈ?

**'અહીં (આ ગાથામાં), સમતા વિના...'** સમતાનો અર્થ આ હોં પાછો સમતા એટલે વીતરાગતા. આહા..હા..! કેમકે આત્મા જિનસ્વરૂપ જ છે, વીતરાગસ્વરૂપ જ છે. ધ્રુવ તે વીતરાગસ્વરૂપ જ છે. એનો આશ્રય લઈને જેણે વીતરાગતા પ્રગટ કરી નથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, એવા સમતારહિત જીવને આ કાયક્લેશ, વનવાસ, શાસ્ત્ર ભણવું અને મૌન રહેવું શું લાભ કરે? કહે છે. આહા..હા..! સવારમાં આવ્યું હતુંને. ક્રિયા અનુષ્ઠાનથી મુક્તિ થાય. એય..! સવારમાં જ આવ્યું હતું લ્યો. કઈ અપેક્ષા છે એ? જેને આત્મદર્શન નિર્વિકલ્પ વસ્તુ પ્રગટ થઈ છે. પર્યાયમાં ભાન છે એ જીવને રાગની ક્રિયા છે તો એનાથી લાભ થયો એવો એક ધર્મ ગણવામાં આવ્યો.

**શ્રોતા :-** અહીં તો એમ કીધું ક્રિયાથી લાભ થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અહીં તો ક્રિયાથી શું લાભ થાય એમ કીધું. એ મોક્ષ થાય એનો અર્થ આ. એ રાગના અનુષ્ઠાનથી, વ્યવહારથી નિશ્ચય પ્રગટ્યો એમ કહેવાય એવી એક એની યોગ્યતા છે એટલી. પણ તે કાળે પણ જ્ઞાનની ક્રિયાનો વિવેક તો વર્તે જ છે ત્યાં. 'રાગથી ભિન્ન છું અને આનંદના નાથને હું અવલંબ્યો છું.' એવું તો ત્યાં ભાન છે. આહા..હા..! સવારમાં આ આવે અને બપોરે આ આવે. કઈ અપેક્ષા છે એમ જાણવું જોઈએને, ભાઈ! એ સવારમાં તો એક આત્મા સમ્યગ્દૃષ્ટિ છે અને સ્વનો આશ્રય લઈને સમ્યગ્દર્શન-જ્ઞાન સમતા પ્રગટ કરી છે એનામાં એક યોગ્યતા એવી કહેવામાં આવી કે રાગથી આને લાભ થાય, મુક્તિ થાય એવો એક ધર્મ, એક નયનો એક વિષય ગણવામાં આવે છે. તે જ સમયે પાછો જ્ઞાનાનંદથી લાભ થાય, જ્ઞાનની ક્રિયાથી. આહા..હા..! સમજાણું કાંઈ?

જ્ઞાન, દર્શન અને ચારિત્ર એનાથી મુક્તિ થાય. એ સમયે એવો એક ધર્મ. સમજાણું કાંઈ? પાછું સવારમાં જરી આવ્યું હતું વિશેષ. શું આવ્યું હતું? આમાં પણ આવ્યું હતું એક વિશેષ. જ્ઞાન, દર્શન અને? ધ્યેય માટે નથી. ઠીક પકડે છે. એનો જ્ઞાનનો એક નયે કરે, પણ એનું ધ્યેય પાછું શુદ્ધ ચૈતન્ય આત્મા ઉપર. સમજાણું કાંઈ? આહા..હા..! એક ધર્મ ગણ્યોને ઈ?

એ ક્રિયાનયથી ગણ્યો અને એક જ્ઞાનનયથી ગણ્યો. તો જ્ઞાન એટલે દર્શન-જ્ઞાન-ચારિત્રથી મુક્તિ થાય. એવું એક ધર્મ ગણીને એક નયે એને જોઈને શુદ્ધ ચૈતન્યમય દ્રવ્યમાં જાય છે. આહા..હા..! એ સવારે આવ્યું હતું, છોટાભાઈ! સવારે આવ્યું હતું? યાદ નથી આવતું. પણ આ તો આમાંથી નવું આવ્યું. મેં કીધું ભાઈ ફરીને લઈએ એમ કરતા નવું આવે ત્યાં આવ્યું અંદરથી. એ વખતે. આહા..હા..!

એમ કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એનાથી મુક્તિ થાય એવો એક ધર્મ ગણ્યો-યોગ્યતા. પણ એ પાછી ધર્મ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય છે એ ધર્મ ગણ્યો, પણ એની પાછી પર્યાય બીજી છે એ ગુણ નથી. સમજાણું કાંઈ? કેટલા પડખા મૂક્યા આમાં? આ તો વીતરાગ પરમાત્મા, ભાઈ! અને આત્મા વીતરાગ પરમાત્મસ્વરૂપ જ છે. આહા..હા..! અત્યારે હોં. આહા..હા..! વસ્તુ તો વીતરાગ પરમાત્મસ્વરૂપ જ છે. આહા..હા..! ત્રણે કાળે. એ તો આવ્યુંને ત્રણે કાળ અવધિ વિનાનો. આહા..હા..! એવો જે ભગવાન ત્રિકાળ એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સાચા હોં નિશ્ચય એનાથી મુક્તિ થાય એવો એક નય એને જોઈને જ્ઞાન કરે. પણ એનું ફળ શું છે? અંદર શુદ્ધ ચૈતન્ય દ્રવ્યમાં જાય એ એનું ફળ અને એ એનો સાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું ઝીણી પડે પછી માણસને નિશ્ચયથી. સોનગઢવાળા નિશ્ચય-નિશ્ચયની વાત કરે છે એમ કહે. એકાંત કરે છે એમ કહે.

**શ્રોતા :-** નય પોતે પર્યાય છે-વ્યવહાર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નય પણ વ્યવહાર છે. આહા..! કેવળજ્ઞાનીમાં વ્યવહાર ક્યાં છે એ.. નીચે શ્રુત જ્ઞાનીવાળો એને વ્યવહાર જાણે. કેવળજ્ઞાન છે એ સદ્‌ભૂતવ્યવહારનયનો વિષય છે એ શ્રુતજ્ઞાની નયના વિષયવાળો જાણે. એને (કેવળીને) ક્યાં નય છે? સાધક જે છે એને કેવળજ્ઞાનની પર્યાય પણ વ્યવહારનયનો વિષય છે. પર્યાય છેને એ તો. નીચે નિર્મળ પર્યાય મોક્ષમાર્ગની છે એ વ્યવહારનો વિષય છે. આહા..હા..! ત્રિકાળ આત્માની દૃષ્ટિ તે વસ્તુ તે નિશ્ચય છે. આહા..હા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિર્મળ પર્યાય એ પણ વ્યવહારનો વિષય છે. કેમકે કેવળજ્ઞાન પણ સદ્‌ભૂતવ્યવહારનયનો વિષય છે. તો આ તો અધૂરી દશા છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** અશુદ્ધ છેને એ વ્યવહાર?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અશુદ્ધ કીધુંને બે ભેગું થઈને અશુદ્ધ. દર્શન-જ્ઞાન-ચારિત્રના ભેદ પાડવા એ પણ અશુદ્ધ છે. એ આ સમયસારમાં આવે છે. ઓલા સમયસારમાં આવે છે. શું છે એ? સાતમી? સાતમીમાં છે? પ્રશ્નમાં જ કહ્યું છે. 'આ પ્રશ્ન થાય એ દર્શન-જ્ઞાન-ચારિત્ર...' સમ્યગ્દર્શન નિશ્ચય હોં. નિશ્ચયજ્ઞાન, નિશ્ચય.. એ આત્માનો ધર્મ કહેવામાં આવે 'તો એ ત્રણ ભેદ થયા એ ભેદભાવોથી આત્માને અશુદ્ધપણું આવે છે.' શિષ્યે જ પ્રશ્ન કર્યો છે. અહીં નીચે પણ કહ્યું છે. જુઓને. છેને અશુદ્ધ. પહેલી લીટી જુઓ. અશુદ્ધપણું

જુઓ, 'જ્ઞાયક આત્માને બંધ પર્યાયને અશુદ્ધપણું તો દૂર રહો, પણ તેને દર્શન-જ્ઞાન-ચારિત્ર પણ વિદ્યમાન નથી.' ભેદ જ નથી એને. આહા..હા..! 'કારણ કે અનંત ધર્મોવાળા જે એક ધર્મી...' એને ધર્મીને ઓળખાવનારા ઉપદેશ કરતા આચાર્યોએ એટલું કહ્યું, સ્વભાવથી અભેદ છે, તોપણ નામથી ભેદ ઉપજાવ્યો. 'વ્યવહારમાત્ર તે ઉપદેશ છે. તે જ્ઞાનીને દર્શન-જ્ઞાન-ચારિત્ર.. પરંતુ પરમાર્થથી જોવામાં આવે તો અનંત પર્યાયને એક દ્રવ્ય પી ગયું હોવાથી, એકમેક મળી ગયેલા આસ્વાદરૂપ અભેદ એક સ્વભાવ વસ્તુનો અનુભવ કરનાર...' એકરૂપ સ્વભાવ વસ્તુનો અનુભવ કરનાર 'તેને દર્શન નથી, જ્ઞાન નથી, ચારિત્ર નથી.' આહા..હા..! એને સમ્યગ્દર્શન પણ નથી. ભેદ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

એકલો જ્ઞાયકભાવ ધ્રુવ છે તે જ દૃષ્ટિનો વિષય છે. ભેદ એ દૃષ્ટિનો વિષય નહિ. ભેદનો વિષય કરવા જાય તો અશુદ્ધતા થઈ જાય છે. વ્યવહારનય થઈ જાય, અશુદ્ધતા થઈ જાય, મલિન થઈ જાય, વિકલ્પ ઉઠે તો મલિન દશા થાય એની. આહા..હા..! સમજાણું કાંઈ? અભેદ વસ્તુ છે એકરૂપ ત્રિકાળ દ્રવ્ય એમાં ભેદ પાડવો કે આ જ્ઞાન છે, જ્ઞાનની શુદ્ધ પર્યાય છે, દર્શનની શુદ્ધ પર્યાય છે, એ ભેદ થઈ ગયો, એ વ્યવહાર થઈ ગયો, એ પરમાર્થ ન રહ્યો. એને ગૌણ કરીને એને વ્યવહાર કહીને એને અશુદ્ધતા કીધી છે. ગૌણ કરીને એટલે? 'દ્રવ્યમાં છે' એમ નહિ. પર્યાયમાં જે ભેદ પડે છે એને ગૌણ કરીને વ્યવહાર કહ્યો. ત્રિકાળને મુખ્ય, દ્રવ્યને લઈને મુખ્ય કરીને નિશ્ચય કહ્યો. ગૌણ કર્યો એટલે ત્યાં પર્યાય અંદર છે (એમ નહીં). જેમ દ્રવ્યને મુખ્ય કરીને ગૌણ અંદર ગુણ તો છે. એનું કારણ કે દ્રવ્ય નિત્ય છે અને ગુણ નિત્ય છે. સમજાણું કાંઈ? દ્રવ્ય પણ નિત્ય છે અને ગુણ નિત્ય છે, માટે એને ગૌણ કરીને પણ અંદર છે નિત્ય છે એટલે. અને પર્યાય તો અંદર છે જ નહિ. સમજાણું કાંઈ? ભાઈ સત્ય તો આવું છે. જરી પણ મરડશે તો જાશે ચાલ્યો આઘો. એમ કે દ્રવ્યમાં ગુણ તો છે, તો પછી દ્રવ્યમાં પર્યાય કેમ નથી? દ્રવ્યમાં ગુણ છે એ તો નિત્ય છે માટે. દ્રવ્ય નિત્ય છે અને ગુણ નિત્ય છે. એ નિત્ય છે એનો આધાર-આધેય ન લેતા એકલું દ્રવ્ય છે એમ લેવું. એની અંદરમાં ભેદ છે, પણ અંદરમાં ભેદ છે એ વ્યવહાર છે. એટલે એ વ્યવહારને ગૌણ કરીને, આને મુખ્ય કરીને અભેદની દૃષ્ટિ કરાવી છે. આહા..હા..! અભેદમાં પર્યાય જે છે, જેમ દ્રવ્યમાં ગૌણ કરે તો ગુણ છે, એમ દ્રવ્યમાં ગૌણ કરીને પર્યાય કીધી, પણ પર્યાય અંદર છે એમ નથી. સમજાણું? મોટો વાંધો આખો. ઉગમણો-આથમણો વાંધો છે. સમજાણું કાંઈ? એ અહીં કહે છે. આહા..હા..!

આ શું કરે જેને દ્રવ્યનો સ્વભાવ ધ્રુવ એકરૂપ છે એનો જેણે આશ્રય લીધો નથી. એવા સમતારહિત જીવને આહા..હા..! આ વનવાસ ને ઉપવાસ ને અધ્યયન-પઠન કરે અગિયાર અંગ ભણે, નવ પૂર્વની લબ્ધિ પ્રગટે લ્યોને. આહા..હા..! નવ પૂર્વ કોને કહે? આહા..હા..! એવો ઉઘાડ તો અત્યારે છે નહિ. આચારાંગનો ઉઘાડ પણ ક્યાં છે, બાપા! આચારાંગનું

એક પદ. ૧૮ હજાર પદ એક આચારાંગમાં અને એક પદમાં ૫૧ કરોડ જાજેરા શ્લોક. એનાથી ઠાણ બમણા સુયગડાંગ અને .. બમણા ઠાણાંગ. આહા..હા..! અને તે અગિયાર અંગ ઉપરાંત ચૌદપૂર્વમાંથી નવ પૂર્વની લબ્ધિ પ્રગટે કે જે ભણ્યે ન ભણાય અંદરથી ઉઘાડ વિકાસ થઈ જાય, છતાં એ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? પર્યાય ઉપર દૃષ્ટિ છેને ભેદ ઉપર, દ્રવ્ય ઉપર નથી. અભેદ છે એના ઉપર દૃષ્ટિ નથી. આહા..હા..! એનો નવ પૂર્વનું જ્ઞાન પણ અજ્ઞાન છે. અગિયાર અંગનું જ્ઞાન કહે છે. આહા..હા..! એવો તો ક્ષયોપશમ ક્યાં અત્યારે! એવો ક્ષયોપશમ અભવિને પણ હોય છે. અભવિને વિભંગ અજ્ઞાન પ્રગટે છે. આહા..હા..! સાત દ્વીપ અને સાત સમુદ્ર જોવે એવું, પણ એ પર્યાયબુદ્ધિમાં અટકેલો છે ભેદમાં. અભૂતાર્થ ધર્મ આવ્યો છેને બંધમાં? અભૂતાર્થધર્મ અને ભૂતાર્થધર્મ. ભૂતાર્થધર્મ જે ભૂતાર્થધર્મ એટલે? ભૂતાર્થ જે વસ્તુ છે તેને આશ્રયે થયેલી દશાને ભૂતાર્થધર્મ કહે છે. સમજાણું કાંઈ? ત્રિકાળ કીધુંને? ૧૧મી ગાથામાં ભૂતાર્થનો આશ્રય લેતા સમ્યગ્દર્શન થાય છે. ત્રિકાળી ધ્રુવનો. હવે એ વસ્તુ તો ભૂતાર્થ સત્યાર્થ ત્રિકાળ છે, પણ એનો આશ્રય લઈને જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય એ પણ ભૂતાર્થ શ્રદ્ધા અને ભૂતાર્થધર્મ છે. એ પર્યાયને ભૂતાર્થધર્મ કીધો છે. આહા..હા..! અને જેને એ અભેદની દૃષ્ટિ નથી અને ભેદ ઉપર દૃષ્ટિમાં પડ્યો છે એને નવપૂર્વની લબ્ધિ થાય, અગિયાર અંગનું જ્ઞાન થાય તોપણ એ અજ્ઞાન છે. સમજાણું કાંઈ?

અહીં કહે છે '**(આ ગાથામાં), સમતા વિના...**' આ સમતા વિનાનો અર્થ આ. આ વીતરાગી પરિણામ. આમ તો .. આ દેશ સેવા માટે છોકરાઓને જાય મારે તોપણ સમતા રાખે છે. એ સમતા નહિ. સમજાણું કાંઈ? સમતા તો દ્રવ્યસ્વભાવને આશ્રયે પ્રગટેલી વીતરાગી પર્યાય, સ્વના આશ્રયે પ્રગટેલી સ્વદ્રવ્યસ્વભાવ વીતરાગ છે. સમતાનો પિંડ જ આત્મા છે. આહા..હા..! એમાંથી એક અંશે સમતા પ્રગટ થવી, એ સ્વદ્રવ્યને આશ્રયે, અભેદને આશ્રયે જે પરિણતિ થાય એનું નામ સમતા, એનું નામ સામાયિક અને એનું નામ વીતરાગતા કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરેરે! કહે છે એ '**સમતા વિના...**' જેને દ્રવ્યનો આશ્રય અભેદનો લઈને વીતરાગતા પ્રગટી નથી. આહા..હા..! એના '**વિના દ્રવ્યલિંગધારી...**' નગ્નપણું ધારણ કરે, પંચમહાવ્રત ધારણ કરે, હજારો રાણીને છોડે. આહા..હા..! એવા '**દ્રવ્યલિંગધારી શ્રમણાભાસને...**' શ્રમણાભાસ. સાધુ નથી, પણ સાધુનો લિબાસ કહેવામાં આવે છે. '**કિંચિત્ પરલોકનું કારણ નથી...**' જરીએ આત્માના મોક્ષને લાભનું કારણ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ?

'**(અર્થાત્ જરાય મોક્ષનું સાધન નથી)...**' લ્યો! હવે ઓલામાં સવારે દ્રવ્યલિંગી ક્રિયાથી (ધર્મ થાય). કઈ અપેક્ષા છે? સમ્યગ્દર્શન સ્વને આશ્રયે થયું છે એને જ્ઞાનના પર્યાયમાં, વર્તમાન પર્યાયમાં એવી એક યોગ્યતા ગણી કે રાગથી આ થયું એમ બોલવામાં આવે છેને? તો એવો એક ધર્મ ગણ્યો અને વીતરાગ પરિણતિએ મોક્ષ થાય એવો એક બીજો ધર્મ ગણ્યો,

પણ એ તો એક સમયમાં બે સાથે છે, એ સમ્યગ્દષ્ટિને. સમજાણું કાંઈ? અહીં કહે છે કે આત્માના સમ્યગ્દર્શન વિના એટલે કે અંતરની સમતા દશા પ્રગટ કર્યા વિના એ વનવાસ ને કાયક્લેશ ને લાખો અપવાસ કરે, ચોવિહાર કરે, બાળબ્રહ્મચારી રહે એથી આત્માને શું? આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું ભારે, ભાઈ! એ મોક્ષનું જરાય સાધન નથી. જુઓ, હવે સવારમાં તો એ આવ્યું હતું કે ક્રિયાકાંડથી મોક્ષ થાય. એ તો વ્યવહારનું કથન છે. એ વ્યવહાર એક ધર્મ, વ્યવહારથી ધર્મ ગણવામાં આવ્યો, નિશ્ચયથી જ્ઞાનથી થાય એ નિશ્ચય ધર્મ છે. આહા..હા..!

એ તો પાછળ નહોતું કહ્યું? કર્મકાંડથી જ્ઞાનકાંડ ઉત્પન્ન થાય છે. પાછળ છે. એવો એક વ્યવહારુ ધર્મ ગણવામાં આવ્યો. ધર્મદાસ ક્ષુલ્લકે તો એ શબ્દ કાઢી નાખ્યો છે. હો તે એમાં શું? ભાષા શું નડે છે? સમજાણું કાંઈ? રાગની એટલી મંદતા થઈ જાય સમ્યગ્દષ્ટિને એથી રાગની મંદતાથી મુક્તિ થઈ એવી એક લાયકાત પર્યાયમાં ગણવામાં આવી એટલું. એથી એને આમ થાય અને કોઈને જ્ઞાનના વિવેકથી ધર્મ થાય એમ નથી. એને એક સમયમાં જ્ઞાન અને દર્શન-ચારિત્રથી મુક્તિ થાય એવો એક ધર્મ અને એ જ સમયે રાગથી મુક્તિ થાય એવો એક ધર્મ બે સાથે ઓલો વ્યવહાર અને આ નિશ્ચય. સમજાણું કાંઈ? હવે શાસ્ત્રના અર્થ કરવામાં વાંધા. દૃષ્ટિ વિરુદ્ધ હોયને જેમાં. આહા..હા..! ભાઈ! આવો કાળ છે, ભાઈ!

'**કેવળ દ્રવ્યલિંગધારી શ્રમણાભાસને સમસ્ત કર્મકલંકરૂપ કાદવથી વિમુક્ત મહા આનંદના હેતુભૂત પરમસમતાભાવ વિના,...**' હવે સમતાની વ્યાખ્યા કરી. '**કેવળ દ્રવ્યલિંગધારી...**' એકલો સાધુ મહાવ્રત પાળે, બાળબ્રહ્મચારી રહે, હજારો રાણીને છોડે, રાજપાટ છોડે. આહા..હા..! એવા '**દ્રવ્યલિંગધારી શ્રમણાભાસને...**' શ્રમણ નામ સાધુનો લિબાસ કહેવામાં આવે છે, પણ છે નહિ સાધુ. '**સમસ્ત કર્મકલંકરૂપ કાદવથી વિમુક્ત...**' આહા..હા..! જુઓ, આ સમતાની વ્યાખ્યા કરી. કે કર્મ સમસ્ત પુણ્ય-પાપના મેલને કલંકરૂપી કાદવ એનાથી વિમુક્ત. આહા..હા..! એ શુભભાવને કર્મરૂપી કલંક કીધું. આહા..હા..! સમસ્ત શુભરાગાદિ કલંકરૂપ કાદવ એનાથી વિમુક્ત '**મહા આનંદના હેતુભૂત પરમસમતાભાવ...**' મહા આનંદના કારણરૂપ પરમસમતાભાવ એ સમતાભાવમાં પરમ આનંદ છે કહે છે અતીન્દ્રિય. આહા..હા..! સમજાણું કાંઈ?

એકલા '**દ્રવ્યલિંગધારી શ્રમણાભાસને સમસ્ત કર્મકલંકરૂપ કાદવથી વિમુક્ત...** ' ઓલાએ અર્થ એવો કર્યો છે કે દ્રવ્યલિંગ છે એ ભાવલિંગનું પોષક છે. માટે દ્રવ્યલિંગ પહેલું કરવું, ધારવું. ઓલા ક્ષીરસાગર. અરેરે! માણસ શું કરે છે આ?

**શ્રોતા :-** વ્યવહારને નિશ્ચયના પોષક ગણે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કહ્યું છે. એમ લખ્યું છે. પોષક છે એ. આહા..હા..! અરેરે! એવો વ્યવહાર તો અનંતવાર કર્યો છે નવમી ગ્રૈવેયક ગયો ત્યારે. શુભભાવ એવો શુદ્ધ તો અત્યારે

એવો શુભ હોય જ નથી. નવમી ગ્રૈવેયક ગયો 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો' અનંતવાર નવમી ગ્રૈવેયકે ગયો, પણ આતમજ્ઞાન વિના આનંદના... એ કહે છે જુઓ, સમતા કેવી કહેવાય પરમસમતા? કે પુણ્ય-પાપના વિકલ્પ વિનાની મહા આનંદના હેતુભૂત. કારણ કે પુણ્ય-પાપનો ભાવ દુઃખ છે. આહા..હા..! એ દુઃખરૂપી કલંકના કાદવથી વિમુક્ત. આહા..હા..! મહા આનંદના કારણરૂપ પરમસમતાભાવ. આ વર્તમાન પર્યાયની વાત ચાલે છે હોં. આહા..હા..! એટલે સામાના માણસ સમતા કહેવી સમતાવાળા છીએ... સમતાવાળા છીએ. એટલે એણે ખુલાસો કર્યો છે કે ભાઈ! શુભાશુભ વિકલ્પ જે છે એ કર્મકલંકનો કાદવ છે. એનાથી રહિત અને સ્વભાવના આશ્રયવાળી દશા કે જેમાં મહા આનંદનું કારણ છે. અતીન્દ્રિય મહા આનંદનો હેતુ એવો જે સમતાભાવ. આહા..હા..! એવી જેને સમતા નથી. આમ કહે છે.

એ '(૧) **વનવાસે વસીને વર્ષાઋતુમાં વૃક્ષ નીચે સ્થિતિ કરવાથી,...**' વનમાં વસે, વર્ષાઋતુ વૃક્ષ નીચે સ્થિતિ કરે, માથેથી પાણીના ઝરણા ઝરે ધડાધડ. માથે નહિ ટીપા પડે તો ઉપરથી પડે તો ધડાધડ થાય. એમાં એ ડાળું હોયને ઝાડની એ પાણી ભેગું થઈને આમ પડે નીચે બેઠો હોય તો. એવું સહન કરે પણ એ કાંઈ ધર્મ નથી, કહે છે. આહા..હા..! '**વર્ષાઋતુમાં વૃક્ષ નીચે સ્થિતિ કરવાથી, (૨) ગ્રીષ્મઋતુમાં પ્રચંડ સૂર્યના કિરણોથી સંતપ્ત પર્વતના શિખરની શિલા ઉપર બેસવાથી...**' આહા..હા..! લ્યો, ગ્રીષ્મઋતુ ગરમ. '**પ્રચંડ સૂર્યના કિરણોથી...**' આકરા કિરણોથી '**સંતપ્ત પર્વતના શિખરની શિલા ઉપર...**' પથરા આમ ધગધગતા હોય ત્યાં બેસે. એથી શું? કહે છે. આહા..હા..! સ્વનો જ્યાં આશ્રય લીધો નથી ત્યાં પરને આશ્રયે આવું કરે એથી આત્માને શું લાભ છે? એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**સંતપ્ત પર્વતના શિખરની શિલા...**' પાછી. શિખરની શિલા ઉપર ખુલ્લો.

'**અને હેમંતઋતુમાં રાત્રિમધ્યે દિગંબરદશાએ રહેવાથી,...**' આહા..હા..! રાત્રિમધ્યે, ઠંડી હવા. આહા..હા..! એમાં તળાવને કાંઠે, પાળ ઉપર તળાવ ભરેલું હોય પાણીનું અને હવા આવતી હોય. એથી શું? કહે છે. '**દિગંબરદશાએ રહેવાથી, (૨) ત્વચા અને અસ્થિરૂપ (માત્ર હાડ-ચામરૂપ) થઈ ગયેલા...**' હોય. ખડખડ થાય ચાલતા. જેમ કોલસાનું ગાડું. કોલસા છેને કોલસા. એનું ગાડું ચાલે ત્યારે ખડખડ થાય બહુ. કાળા કોલસા હોય છેને મોટા ભરેલા, એમ આ હાડકામાં ખડખડ થાય એવું. શરીરમાં જીર્ણ ત્વચા અને અસ્થિ. ચામડી અને હાડકા બે રહી ગયા હોય ફક્ત બે, કહે છે. આહા..હા..! પણ એથી શું? એને આત્માનો આશ્રય નથી ત્યાં આ ધૂળમાં કાંઈ કરે નહિ આત્માને. શું કીધું?

**શ્રોતા :-** અન્યમતિમાં એમ કહે છે કે ભગવાન પરીક્ષા કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરીક્ષા કોણ કરતું હતું? ભગવાન બીજો છે ક્યાં? ભગવાન બીજો છે એ તો સાક્ષી છે, વીતરાગ છે. આહા..હા..! તું ભગવાન છો એ સાક્ષીમાં આવતો નથી માટે તું તારી પરીક્ષા કરે છે. આહા..હા..!

'(**માત્ર હાડ-ચામરૂપ) થઈ ગયેલા આખા શરીરને ક્લેશદાયક મહા ઉપવાસથી,...**' જુઓ, ભાષા. આહા..હા..! મહિના-મહિનાના અપવાસ, ચોવિહારા અપવાસ, પાણી વિનાના અપવાસ. એથી શું કરે પણ? જેને સ્વ ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદનો નાથ એનો આશ્રય લઈને જ્યાં સમતા પ્રગટી નથી મહા આનંદનો હેતુ, સંસાર રખડવાનો લાભ છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**કારતક વદ-૪, શનિવાર, તા. ૨૨-૧૧-૧૯૭૫**
**ગાથા-૧૨૪, કળશ-૨૦૨, પ્રવચન નં. ૧૦૨**

નિયમસાર. ૧૨૪ ગાથા. બે બોલ ચાલ્યા છે. ફરીને થોડું. '**કેવળ દ્રવ્યલિંગધારી શ્રમણાભાસ...**' એટલે કે દ્રવ્યલિંગ નગ્નપણું એ દ્રવ્યલિંગ. એવું જે દ્રવ્યલિંગ એકલા ધારે છે અને અંદર પંચમહાવ્રતના પરિણામ રાખે છે એ દ્રવ્યલિંગ છે બધું. આહા..હા..! સમજાણું કાંઈ? એને આત્માનું ભાન નથી ત્યાં સુધી એ સાધુ નથી. એ કહે છે. '**સમસ્ત કર્મકલંકરૂપ કાદવથી વિમુક્ત...**' શુભ-અશુભભાવ જે છે ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ એ કર્મકલંક છે. એ શુભભાવ છે, રાગ છે, મલિન છે, કલંક છે.

**શ્રોતા :-** ..ને કાદવ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કાદવ છે એ. આહા..! ઝીણી વાત, ભાઈ! વીતરાગમાર્ગ પરમાત્મા સૂક્ષ્મ કહે છે. એવો પુણ્ય-પાપનો ભાવ કર્મકલંક કાદવ છે એ તો. આહા..હા..! એનાથી વિમુક્ત '**મહા આનંદના હેતુભૂત પરમસમતાભાવ વિના,...**' પરમ આનંદનું કારણ એવો પરમસમતાભાવ. આહા..હા..! જે આત્મા આનંદ, અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે એ હમણા કહેશે આગળ. અનાકુળ આત્મતત્ત્વના અંતરના ધ્યાન વિના એ બધી ક્રિયાઓ નિરર્થક છે. એને જન્મ-મરણ મટવાનું એ કારણ છે નહિ. આહા..હા..! '**મહા આનંદના કારણભૂત પરમસમતાભાવ...**' આહા..હા..! કહે છે કે સમતા કેવી? કે જેમાં અતીન્દ્રિય આનંદનો હેતુ આનંદ પ્રગટ થાય આહા..હા..! એને સમતા કહે છે. ભગવાન આત્મા મહા આનંદસ્વરૂપ અને સમતાસ્વરૂપ છે. આત્મા તો મહા આનંદ, અતીન્દ્રિય આનંદસ્વરૂપ અને વીતરાગસમતાસ્વરૂપ જ છે. એને આશ્રયે જેને પરમ આનંદનું હિત નિમિત્ત કારણ એવી સમતા જેણે પ્રગટ કરી નથી, એનું નગ્નપણું, એ એને પંચમહાવ્રતના ભાવ એ બધા નિરર્થક ચાર ગતિમાં રખડવાના છે. સમજાણું કાંઈ?

વસ્ત્રવાળા જે સાધુ છે એ તો દ્રવ્યલિંગી પણ નથી. વસ્ત્રસહિત સાધુપણું માને એ તો મિથ્યાદષ્ટિ ભાવ પણ નથી અને દ્રવ્ય પણ નથી, એની પાસે કાંઈ નથી. આહા..હા..! અન્યમતિ. એ જૈનમતિ નથી. શું છે? આહા..હા..! માર્ગ ઝીણો, ભાઈ! જિનેન્દ્રદેવ વીતરાગ પરમેશ્વર જેને ત્રણકાળ, ત્રણલોકનું જ્ઞાન છે. એમણે કહેલો વીતરાગી માર્ગ બહુ સૂક્ષ્મ છે. આહા..હા..! કહે છે કે જેણે પરમ આનંદ અને સમતાસ્વરૂપ ભગવાન આત્મા.. આગળ કહેશે એમાં જ તે. કળશ છેને કળશ? અનાકુળ નિજતત્ત્વ તેને ભજ. કળશ છેને કળશ ૨૦૨. અનાકુળ નિજતત્ત્વ ઈ તો આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ ધ્રુવસ્વરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ નહિ અહીં તો અતીન્દ્રિય આનંદસ્વરૂપ જ છે આત્મા એ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ આત્મા એટલે ભગવાને સર્વજ્ઞ પરમેશ્વર જેનેન્દ્રદેવે આત્મા કોને કહ્યો? કે જે અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે તેને આત્મા કહ્યો. આહા..હા..! અને તે વીતરાગમૂર્તિ જ છે આત્મા અત્યારે હોં. અતીન્દ્રિય આનંદ અને વીતરાગ મૂર્તિ પ્રભુ આત્મા ધ્રુવ છે. એમ જેણે અતીન્દ્રિય આનંદ ને વીતરાગમૂર્તિ એવો આત્મા એનો આશ્રય લઈને જેણે મહા આનંદ અને સમતા પર્યાયમાં પ્રગટ કરી નથી, આહા..હા..! સમજાણું કાંઈ? એ દ્રવ્યલિંગી સાધુ નગ્ન હોય, પંચમહાવ્રતના પરિણામ પાળતો હોય તોપણ એ મૂઢ મિથ્યાદષ્ટિ છે. આહા..હા..! મૂળ તો સમતાભાવ વિના. આવી સમતા જેને નથી એ વનવાસે વસીને શું કરે? કહે છે. આહા..હા..! ભલે જંગલમાં રહેતો હોય '**વનવાસે વસીને વર્ષાઋતુમાં વૃક્ષ નીચે સ્થિતિ કરવાથી,...**' મુનિઓ નગ્નમુનિ દિગંબર સાચા હોય છે એ જંગલમાં વસે છે. આ તો પછી ભ્રષ્ટ થયેલા જ્યારે ત્યારે આ બધા ગામમાં વસવા અને વસ્ત્રસહિત મુનિપણું માનવા લાગ્યા. એ જૈનધર્મથી ભ્રષ્ટ થયેલાઓ.

**શ્રોતા :-** વ્યવહારમુનિ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વ્યવહારે પણ નથી. વ્યવહાર કેવો એને? વ્યવહાર તો જેને નગ્નદશા હોય, પંચમહાવ્રતના પરિણામ હોય એને નિશ્ચય આત્માના આનંદનો લાભ પ્રગટ થયો હોય એને ઓલાને વ્યવહાર કહેવામાં આવે છે. અરે! આવી વાતું હોય. ઝીણી વાત, ભાઈ! વીતરાગ સર્વજ્ઞ.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિશ્ચય જ છે. તો વ્યવહારે .. કેવો છે?

અહીં તો એકલા વ્યવહારની વાતનો નિષેધ છે. આવા પંચમહાવ્રત પાળે, સમિતિ-ગુપ્તિ પાળે, જંગલમાં વસે એથી શું થયું? કહે છે. જેને અંતર આનંદનો નાથ પ્રભુ અતીન્દ્રિય આત્મા એનો આશ્રય લઈને જેણે સમતા, સ્વભાવમાંથી વીતરાગી દશા પ્રગટ કરી નથી એને

આ શું કામ? કહે છે.

**શ્રોતા** :- શુભભાવની કાંઈ ગણતરી નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ગણતરી છેને. સંસારનું કારણ. શુભભાવ એ સંસાર છે. આહા..હા..! પંચમહાવ્રતના ભાવ એ સંસાર છે. ઝીણી વાત, બાપુ! વીતરાગ માર્ગ બહુ સૂક્ષ્મ છે. દુનિયાએ કાંઈકને કાંઈક માનીને વીતરાગને બહાને ધર્મ માન્યા છે ઉંધા. આહા..હા..!

**શ્રોતા** :- આ વાત આપ એકલા જ કહો છો!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- - આ શું છે? શાસ્ત્ર શું કહે છે? કુંદકુંદાચાર્ય કહે છે જુઓ, '**कि काहदि वणवासो कायकिलेसो विचित्तउववासो।**' ૧૨૪ '**अज्झयणमोणपहुदी समदारहियस्स समणस्स।**' એની ટીકા કરે છે આ. આહા..! જેને જિનભાવના કહીએ એટલે કે વીતરાગી પર્યાય જેને કહીએ એ વીતરાગી પર્યાય ત્રિકાળી વીતરાગના આનંદના આશ્રયે પ્રગટ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એવી વીતરાગી સમતા વિના એટલે જિનભાવના વિના એટલે ત્રિકાળી જિનસ્વરૂપ વીતરાગમૂર્તિ તેની એકાગ્રતા વિના. આહા..હા..! એને વનવાસ શું કરે? '**વૃક્ષ નીચે સ્થિતિ કરવાથી,...**' શું થાય? (૨) **ગ્રીષ્મઋતુમાં પ્રચંડ સૂર્યના કિરણોથી સંતપ્ત પર્વતના શિખરની શિલા ઉપર બેસવાથી...**' એથી શું? એ બધું. સમજાણું કાંઈ?

**શ્રોતા** :- .. બેઠા એ કરતા તો સારા.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ધૂળેય સારા નથી. આહા..હા..! ગૃહસ્થાશ્રમમાં સમ્યગ્દષ્ટિ હોય તો એ મોક્ષમાર્ગમાં છે, ભલે ચક્રવર્તીના રાજમાં પડ્યો હોય. ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદના નાથનો જેણે આશ્રય લઈને સમ્યગ્દર્શન જેણે પ્રગટ કર્યું છે એને સમ્યગ્જ્ઞાન હોય છે. ગૃહસ્થાશ્રમમાં છ ખંડનું રાજ હોય તોપણ એ મોક્ષમાર્ગમાં છે અને હજારો રાણી છોડીને ત્યાગી વનવાસ જંગલમાં રહે, પણ જેને આત્મદર્શન સમ્યક્ શું છે એની ખબર નથી, પ્રગટ્યું નથી એ બધા સંસારમાર્ગે છે. સમજાણું કાંઈ? '**અને હેમંતઋતુમાં રાત્રિમધ્યે દિગંબરદશાએ રહેવાથી,...**' જોયું? શિયાળો-શિયાળો ઠંડીનો દિવસ. એ તળાવને કાંઠે નગ્ન થઈને આમ હવા ઠંડી લાગે. એથી શું? એ તો બહારની ક્રિયા છે. સમજાણું કાંઈ? જેને ભગવાન પરમાત્મસ્વરૂપ પોતે આત્મા છે એનો જેણે આશ્રય લીધો નથી, એને પડખે ચડ્યો નથી, એની સમીપ ગયો નથી અને આ ક્રિયાકાંડમાં જોડાઈ ગયો છે એથી આત્માને લાભ શું? કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

જેની '**ત્વચા...**' ચામડી અને હાડકા '**થઈ ગયેલા આખા શરીરને...**' આહા..હા..! આજે ઓલામાં આવ્યું છે શું કહેવાય? જૈનપ્રકાશ. એમ કે ભગવાન મહાવીરનું શરીર બધું પીળું થઈ ગયું હતું પીંજરા જેવું. ઓલા ગોશાળે જ્યારે કહ્યુંને. અરે! ભગવાન! એવું હોય કોઈ દિ'? આવા ને આવા બધા. વ્યાખ્યાન બોલે લીલાવતી છેને એક. લીંબડી સંઘેડાની

એણે લખ્યું. એણે વ્યાખ્યાન આપ્યું હશે. પછી શિવ અણગાર રોવે છે. શિવ અણગાર છે એક સાધુ. એ આવું જોઈને. આમ શરીર પીળું પડી ગયું. લોહીખંડ જાડા ભગવાનને થયા. પણ એ ભગવતીસૂત્રમાં, પંદરમાં સૂત્રમાં લેખ છે એ. પણ એ સૂત્રો જ બધા કલ્પિત છે. એ ભગવાનના કહેલા જ સૂત્ર નથી. મિથ્યાદૃષ્ટિએ બનાવેલા શાસ્ત્રો બધા છે ૩૨ અને ૪૫. આહા..હા..! આકરી વાતું બહુ, ભાઈ! એવું લખાણ છે. હમણા જૈનપ્રકાશ આવ્યું હતું. એવું લખાણ છે. પીળુંપચરક થઈ ગયું, પીંજરા જેવું થઈ ગયું, શિવઅણગાર રોવા માંડ્યા. અરેરે! ગોશાળે કહ્યું છે કે છ મહિનામાં મહાવીર મરી જશે. તો આવું થઈ ગયું છ મહિનામાં. ધ્રુસકે-ધ્રુસકે રોવે છે એવો પાઠ. અરે! સાધુ નહિ બાપા રોવે ઈ! અને ભગવાનને એ હોય નહિ. શરીરને એને તેજોલેશ્યા મારે અને બે સાધુ બાળ્યા એ... અરે! ભાઈ! ભગવાનને તો જન્મથી આહાર હોય, પણ જન્મથી એને નિહાર ન હોય. આહા..હા..! ભગવાન ત્રણલોકના નાથ ત્રણ જ્ઞાને જ્યારે જન્મે માતાના પેટમાં સમકિત લઈને. આહા..હા..! અરે! તીર્થંકર કોણ ભાઈ! હજી જન્મ બાળકપણે માતાના પેટમાં હોય. સમજાણું કાંઈ? આહા..હા..! આહાર હોય પણ નિહાર ન હોય. આહા..હા..! આ તે કાંઈ! શરીર એવું હોય એનું. સમજાણું કાંઈ? પણ આ બધી ગડબડ કરી મૂકી આખી. આહા..હા..! તત્ત્વનું વિરોધ કર્યું.

અહીં કહે છે આવું શરીર કોઈ મુનિનું થઈ ગયું હોય. ત્વચા અને હાડકા દેખાય. સમજાય છે? આહા..હા..! '**આખા શરીરને ક્લેશદાયક મહા ઉપવાસથી,...**' એટલા ઉપવાસ છ-છ મહિનાના કરે. શરીર કૃશ થઈ જાય. એથી શું? એથી આત્માને લાભ ધર્મનો શું? આહા..હા..! આવી વાત છે. બહુ આકરું કામ, ભાઈ! દેવીલાલજી! આહા..હા..! એવા ક્લેશદાયક મહા ઉપવાસ કરે છ-છ મહિનાના, ચાર મહિનાના અપવાસ. એથી શું? એ તો શુભરાગ છે એક. એ કાંઈ ધર્મ નથી. આહા..હા..! ત્યાં સુધી તો કાલે આવ્યું હતું. ત્યાં આવ્યું હતું. બે બોલ આવ્યા હતા કાલે.

'(૩) **સદા અધ્યયનપટુતાથી...**' શાસ્ત્રનું પઠન કરે આખી રાત દિ'. પણ એથી શું? ભણ્યાભણ કરે, વાંચ્યાવાંચ કરે, પણ એ તો બધો વિકલ્પ છે. ધન્નાલાલજી! વગર આત્માના ભાન વિના શાસ્ત્રને શું કહેવું છે એની ખબર ક્યાંથી પડે? શાસ્ત્ર શું કહેવા માગે છે એ પોતાની દૃષ્ટિએ વાંચે. આહા..હા..! એને પોતાની દૃષ્ટિએ ખતવે. જુઓ આમાં આમ કહ્યું, આમાં આમ કહ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**સદા અધ્યયનપટુતા...**' ભાષા જુઓ, '**(અર્થાત્ સદા શાસ્ત્રપઠન કરવાથી),...**' શું લાભ એને? એવું તો અગિયાર અંગનું જ્ઞાન અને નવ પૂર્વનું લબ્ધિ અનંતવાર થઈ છે એથી શું? જેને અંતર આત્મા આનંદનો નાથ એનો સમ્યગ્દર્શન એને આશ્રયે પ્રગટ કર્યું નથી. ધ્રુવનું અવલંબન લઈને સમ્યગ્દર્શનનો વિષય જે ધ્રુવ. આહા..હા..! સમજાણું કાંઈ? એને વિષય બનાવીને જેણે સમ્યગ્દર્શન કર્યું નથી. એ સમ્યગ્દર્શનનો અર્થ જ અહીં સમતાભાવ છે.

**શ્રોતા :-** આપ કહો છો એ વાત બેસતી નથી!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બેસતી નથી તો બેસાડવી પડશે. એ હવે આવશે હમણા સામાયિક. ૧૨૫માં સામાયિક કોને કહેવી. આ બધા લઈને બેસે છેને સામાયિક અને મુહપતિ બાંધીને .. એ સામાયિક ક્યાં હતી તારે? મિથ્યાદૃષ્ટિની ક્રિયા છે બધી એ તો. આહા..હા..! જેને હજી 'દેહની ક્રિયા હું કરી શકું છું, દયા, દાન, ભક્તિનો ભાવ એ રાગ એ ધર્મ છે' એમ માનનારને સામાયિક કેવી? બહુ આકરું કામ, ભાઈ! પ્રેમચંદભાઈ! આવો માર્ગ છે. જિનેન્દ્રદેવ વીતરાગ પરમેશ્વર જેને ત્રણકાળનું જ્ઞાન છે એ સભામાં ઈન્દ્ર અને ગણધરની વચ્ચે આમ એની વાણી નીકળતી હતી. એ વાણી જ અહીં ગોઠવી છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! '**સદા અધ્યયનપટુતા...**' ભણ્યાભણ, વાંચ્યાવાંચ કરે અને કરોડો, અબજો શ્લોકો કંઠસ્થ કરે.

**શ્રોતા :-** શાસ્ત્ર તો સાચા હતાને કહે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શાસ્ત્ર ભણે છે. સાચા શાસ્ત્ર હતા, પણ ભણે એવો વિકલ્પ છેને. સાચા શાસ્ત્ર જૈનના શાસ્ત્ર. દૃષ્ટિ ન કરી એણે. દ્રવ્યસ્વભાવ અંદર ચિદાનંદ ઉપર દૃષ્ટિ કર્યા વિના બધા થોથા છે એના. આહા..હા..! વર ન મળે જાન જોડી દીધી. એમ આત્મા અંદર ચિદાનંદમૂર્તિ એનું સમ્યગ્દર્શન જોઈએ તે ન મળે. એને આશ્રયે થયેલી દશા તે ન મળે. પરને આશ્રયે બધી ક્રિયાકાંડ ભેદની દૃષ્ટિએ, રાગની દૃષ્ટિએ, નિમિત્તની દૃષ્ટિએ. આહા..હા..!

'**અથવા (૪) વચનસંબંધી વ્યાપારની નિવૃત્તિસ્વરૂપ સતત મૌનવ્રત...**' બાર-બાર વર્ષ સુધી મૌન રહે, વચન નહિ. એથી શું? એ ક્યાં ધર્મ હતો? આહા..હા..!

**શ્રોતા :-** કાષ્ઠમૌન..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કાષ્ઠ આવે છેને. હું કહેવાનો હતો હમણા કાષ્ઠ. કાષ્ઠમૌન આવે છે. અન્યમતિમાં કાષ્ઠમૌન. લાકડું બોલે તો એ બોલે. બોલે નહિ બસ. એટલે શું થયું પણ એમાં? '**શું જરાય ઉપાદેય ફળ છે?**' ત્યાં જરીએ આદરવા પસંદ કરવાલાયક, વખાણ જેવું કોઈ ફળ છે? નથી. આહા..હા..! '**(અર્થાત્ મોક્ષના સાધનરૂપ ફળ જરાય નથી.)**' આહા..હા..! સમજાણું કાંઈ? '**એવી રીતે (શ્રી યોગીંદ્રદેવકૃત) અમૃતાશીતિમાં (૫૯મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—**' બીજાનો આધાર આપ્યો.

(मालिनी)

'गिरिगहनगुहाद्यारण्यशून्यप्रदेश–
स्थितिकरणनिरोधध्यानतीर्थोपसेवा–।
प्रपठनजपहोमैर्ब्रह्मणो नास्ति सिद्धिः
मृगय तदपरं त्वं भोः प्रकारं गुरुभ्यः।।'

અરે! '**પર્વતની ઊંડી ગુફા વગેરેમાં કે વનના શૂન્ય પ્રદેશમાં રહેવાથી,...**' શું તને

એમાં લાભ છે કહે. '**ઇન્દ્રિયનિરોધથી,...**' આ ઇન્દ્રિયને નિરોધ કર્યો. પાંચ ઇન્દ્રિયનો નિરોધ કર્યો અને '**ધ્યાનથી,...**' આહા..હા..! ધ્યાન કર્યા સમ્યગ્દર્શન વિના, દ્રવ્યના ધ્યાન વિના ધ્યાન કર્યા બધા. વિકલ્પમાં અંદર એકાગ્ર થઈ ગયો. શુભ આવે. આહા..હા..! એ ધ્યાનથી શું થયું? એ ધ્યાન કાંઈ વસ્તુનું ધ્યાન નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અને '**તીર્થસેવાથી...**' સમ્મેદશિખર અને શેત્રુંજય અને એની શીરસેવા અનંતવાર કરી. કહો, સમજાણું કાંઈ? '**(તીર્થસ્થાનમાં વસવાથી), પઠનથી,...** ' શાસ્ત્રના ભણવાથી, ગોખવાથી, ધારવાથી, વાંચવાથી શું થયું? '**જપથી...**' ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... જિનેશ્વરદેવ... જિનેશ્વરદેવ... જિનેશ્વરદેવ... એવા જપ કરવાથી શું થયું? એ તો બધો વિકલ્પ છે, રાગ છે. આહા..હા..!

'**અને હોમથી બ્રહ્મની...**' હોમ કરવો 'યા હોમ, સ્વાહા' કરે છેને આ ભક્તિમાં નહિ? પૂજા વખતે. અષ્ટપ્રકારી સ્વાહા. એ તો શુભભાવ છે. એ ક્યાં ધર્મ હતો? આહા..હા..! ભગવાનની પૂજામાં સ્વાહા હોમ નાખે છે. એ ક્યાં ધર્મ હતો? એ તો શુભભાવ છે. આહા..હા..! આકરું કામ બહુ, ભાઈ! એ '**સિદ્ધિ નથી;...**' આહા..હા..! આને આવા કારણથી મુક્તિ ત્રણકાળમાં નથી, કહે છે. '**માટે, હે ભાઈ!**' '**मृगय तदपरं त्वं भोः**' એમ આવ્યુંને ઓલો '**भोः**' એમાંથી કાઢ્યું. '**હે ભાઈ! તું ગુરુઓ દ્વારા...**' એ ધર્મી, જ્ઞાની, આત્મજ્ઞાની ગુરુઓ દ્વારા. આહા..હા..! '**તેનાથી અન્ય પ્રકારે શોધ.**' આવી ક્રિયાકાંડથી અનેરા પ્રકારે તને ગુરુ કહેશે કે ભાઈ! એ તો આનંદનો નાથ પ્રભુ છે. એમાં આ ક્રિયાકાંડના વિકલ્પનો પણ અભાવ છે. એવી ચીજ એ અનંત-અનંત અનાકુળ તત્ત્વ, ધ્રુવ હોં ધ્રુવ, એને ભજ. હે ભાઈ! તેનાથી અન્ય પ્રકારે શોધ. આવી ક્રિયાકાંડના વિકલ્પથી અનેરા પ્રકારે શોધ. આહા..હા..! આવું આકરું લાગે માણસને હોં. બિચારા વાડા બાંધીને બેઠા. કોઈ ભક્તિ ને કોઈ પ્રતિમા ને કોઈ મંદિરને કોઈ જાત્રાને. કાલે નહોતું આવ્યું? શિહોરથી આવ્યું હતુંને ત્રણસો માણસ. છરીપાલક છરીપાલક પાલિતાણે ગયા. છ-છરી. શું થયું? આહા..હા..! એ શુભરાગની ક્રિયા એ તો અધર્મ છે. એથી એ શુભરાગની ક્રિયાથી અનેરા પ્રકારે ભગવાન અંદર નિર્મળાનંદ પ્રભુ છે ત્યાં શોધ. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, પ્રેમચંદભાઈ! આવી વાતું છે આ. તીર્થસેવા, લાખો મંદિર બનાવે, કરોડો-અબજો રૂપિયા ખર્ચે. એમાં શું? પૈસા તો જડ છે એમાં તારા ક્યાં હતા? એમાં રાગની મંદતા કરી હોય તો શુભભાવ થાય, પુણ્ય થાય. સંસાર છે એ. આહા..હા..! એય..!

**શ્રોતા :-** બનાવ્યું તો હોયને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ બનાવે?

**શ્રોતા :-** સ્વાધ્યાય મંદિર.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સ્વાધ્યાય મંદિર કોણ? એ તો બનવાની ક્રિયા જડની છે ત્યારે

બને છે. આહા..! એવી વાત છે, ભાઈ! કોણ કરે? આહા..હા..! આ આગમ મંદિર રામજીભાઈએ કર્યું એમ કહેતું હતું. એ વીરજીભાઈ તો અહીંયાં નહોતા. વજુભાઈ તો ઘણા વખત વયા ગયા હતા. કહો, સમજાણું કાંઈ? કોણ કરે, ભાઈ? એ પરમાણુ પુદ્‌ગલ જડ છે. એની પરિણતિની પર્યાય એનાથી થાય છે. બીજો કહે કે મારાથી આ મકાન થાય મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. કહો, ધન્નાલાલજી!

**શ્રોતા :-** નિમિત્ત થાય એમ તો કહેતા હતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિમિત્ત થાય એટલે એ તો ઓળખાવા માટે કે અહીં કોણ હતું ઈ, પણ એનાથી રચાણું છે એમ છે નહિ.

એ દરેક દ્રવ્યની પર્યાય ૧૦૨ ગાથામાં કહ્યું નહિ, પ્રવચનસાર. જન્મક્ષણ છે. એ પરમાણુ છે આની એનો તે તે પર્યાયે તે કાળે ત્યાં થવાનો એનો કાળ જન્મક્ષણ છે. ઉત્પત્તિનો કાળ છે તેથી થાય છે. 'બીજો એને કરે છે' (એમ માનનાર) મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. મંદિર મેં બનાવ્યું. શું કહેવાય આ? પરમાગમ મેં બનાવ્યું. અરે! ભગવાન! કોણ બનાવે ભાઈ! તને ખબર નથી.

**શ્રોતા :-** મેં બનાવ્યું કહે તો મૂર્ખ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મિથ્યાદૃષ્ટિ છે.

**શ્રોતા :-** એક તો બિચારો ઘણી મહેનત કરે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ મહેનત કરે? એ મહેનત એની પર્યાયમાં રહી. મહેનત કરી એના રાગમાં એણે. બહારમાં ક્યાં કરી હતી? ઝીણી વાત, બાપુ! તત્ત્વ એવું ઝીણું છે. આહા..હા..!

અહીં કહે છે '**હે ભાઈ! તું ગુરુઓ દ્વારા...**' એટલે શું કહે છે? ગુરુ એને કહીએ કે જે રાગથી ભિન્ન ચૈતન્યનો આશ્રય કરાવે એ ગુરુ કહીએ. ભગવાન ત્રિલોકનાથનો આશ્રય કરાવે એ ગુરુ એમ કહે. તે ગુરુ પાસેથી એ .. એ એમ કહેશે કે તારી આ રાગની ક્રિયાથી મળે એવું નથી. આહા..હા..! એ તો ધ્રુવ ત્રિકાળ પરમાત્મા નિત્યાનંદ પ્રભુ એની સમીપ જા, એનો આશ્રય કર ધ્રુવનો, તો તને આત્મા પ્રાપ્ત થશે, તો તને સમતા, સમ્યગ્દર્શન થશે. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો! અરે! અરે! એકાંત નાખ્યું હતું આ? કતંચિત્ વ્યવહારથી થાય, કથંચિત્ નિશ્ચયથી થાય.

**શ્રોતા :-** સવારે ક્રિયાથી થાય અને જ્ઞાનથી થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કઈ અપેક્ષાથી? એ તો એક સમયમાં રાગ વ્યવહારથી નિશ્ચય થાય એવી એક યોગ્યતા ગણીને એ સમયમાં ધર્મ ગણ્યો. ધર્મ એટલે? લાયકાત. એ જ સમયે જ્ઞાનાનંદથી દ્રવ્યના આશ્રયે જ્ઞાનાનંદ પ્રગટ્યું એનાથી મુક્તિ થાય એવો એ સમયે બીજો ધર્મ ગણ્યો. એ તો બે સાથે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ત્યાં તો ત્યાં

સુધી લીધું કે જ્ઞાનનયે મુક્તિ થાય એ પણ લક્ષ કરવા જેવું નથી. શું કીધું એ? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી મુક્તિ થાય એ આશ્રય કરવા જેવું નથી. એ તો જાણવા જેવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? આશ્રય તો ત્રિકાળ નિત્યાનંદનો આશ્રય કરે ત્યારે સમ્યગ્દર્શન-જ્ઞાન થાય. આહા..હા..! અનંત તીર્થંકરોનો એ પોકાર છે. અનંત સંતો, ગુરુઓનો, આ દિગંબર સંતોનો આ પોકાર છે. દિગંબર સંત એ સંત છે, બાકી સંત કોઈ છે જ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! ઝીણી વાત, બાપુ! આકરું પડે શું થાય?

'**વળી (આ ૧૨૪મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :-)**' લ્યો.

(द्रुतविलंबित)
अनशनादितपश्चरणैः फलं
समतया रहितस्य यतेर्न हि।
तत इदं निजतत्त्वमनाकुलं
भज मुने समताकुलमंदिरम्।।२०२।।

આહા..હા..! એક-એક શ્લોકમાં...

'**શ્લોકાર્થ :- ખરેખર સમતારહિત યતિને...**' જેને સમ્યગ્દર્શન અને જ્ઞાન નથી. દ્રવ્યને આશ્રયે જેને સમ્યગ્દર્શન પ્રગટ્યું નથી. આહા..હા..! એવા '**સમતારહિત યતિને અનશનાદિ તપશ્ચરણોથી ફળ નથી;...**' અનશન કરે, ઉણોદરી કરે આદિમાં દેવ-ગુરુનો વિનય કરે એ વ્યવહારમાં આવી જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! અનશન આદિ છેને? અનશન, ઉણોદરી, વૃત્તિપરીસંખ્યાન, રસપરિત્યાગ, કાયક્લેશ,.., પ્રાયશ્ચિત, વિનય, વયાવચ્ચ, સજ્ઝાય અને ધ્યાન એ બધો વિકલ્પ છે. આહા..હા..! ગુરુ ને દેવનો વિનય કરવો એ પણ એક રાગ છે. ઉપકરણ છે એ વ્યવહાર. પ્રવચનસારમાં આવી ગયું છે. ઉપકરણ છે એ તો એક રાગનો. વસ્તુનો સ્વભાવ નથી. આહા..હા..!

'**અનશનાદિ તપશ્ચરણોથી ફળ નથી;...**' આહા..હા..! '**માટે, હે મુનિ!**' છેને? '**ભજ મુને**' મુનિ શબ્દ છે અંદર. '**સમતાનું કુલમંદિર...**' આહા..હા..! એ વીતરાગભાવનું કુળમંદિર. મોક્ષમાર્ગ જે નિશ્ચય છે તેનું કુળમંદિર '**એવું જે અનાકુળ નિજતત્ત્વ...**' એ વિકલ્પો છે એ બધા આકુળતા અને દુઃખ છે. ચાહે તો ભગવાનની ભક્તિનો વિકલ્પ હોય, ભગવાનનું સ્મરણ કરો તો એ દુઃખ છે, રાગ છે અને દુઃખ છે. આહા..હા..! આવો માર્ગ. અને '**સમતાનું કુલમંદિર...**' એટલે '**ઉત્તમ ઘર; વંશપરંપરાનું ઘર.**' વીતરાગની પર્યાયનું વંશપરંપરાનું ઘર એ નિજ અનાકુળતત્ત્વ પોતે છે. પર્યાય વિનાનું નિજ અનાકુળ તત્ત્વ તે જ સમતાના કુળમંદિરનું એ ઘર છે. આહા..હા..! વીતરાગી સમતાનું કુળમંદિર ઘર એ છે. આહા..હા..! બીજી ભાષાએ કહીએ તો મોક્ષનો માર્ગ અને નિશ્ચય છે એ સમતા છે, એ વીતરાગ પર્યાય છે. એ વીતરાગ

પર્યાય, એ વીતરાગ પર્યાયનું કુળમંદિર, એનું કારણ એવું જે અનાકુળ નિજ તત્ત્વ. નિજતત્ત્વ. પરતત્ત્વ તો ભગવાનનું તત્ત્વ એની પાસે રહ્યું. આહા..હા..! એ ભગવાનનું તત્ત્વ છે એનું લક્ષ કરવા જાય તો રાગ થશે. આવું અનાકુળ નિજતત્ત્વ ધ્રુવ હોં. કારણ કે ઓલું પર્યાયનું કુળમંદિર કહેવું છેને? વીતરાગી પર્યાયનું કુળમંદિર.

**શ્રોતા** :- કારણ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કારણ. એનું કારણ? કે અનાકુળ નિજતત્ત્વ. આહા..હા..! સાંભળવું કઠણ પડે માણસને, પૂર્વની પક્કડ એટલી હોયને વ્યવહારની. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા** :- બધી પક્કડ છૂટી જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- છૂટી જ છે. એમાં છે જ ક્યાં પક્કડ વસ્તુમાં? ઓલા પ્રશ્ન ઉઠ્યો છે નિહાલભાઈમાં કે આત્માને પકડવોને. અરે! પક્કડ-ફક્કડ મૂકી દેને હવે. પક્કડ-ફક્કડ તો પર્યાયની અપેક્ષાએ કથન છે કહે. ભાઈએ એમ કહ્યું ત્યાં. પકડવો હોય તો પર્યાયની અપેક્ષાએ વસ્તુ તો પક્કડ વિનાની ચીજ ધ્રુવ ચિદાનંદ પડી છે. એના ઉપર લક્ષ જાય એ પક્કડ કહેવામાં આવે છે. આહા..હા..! એમાં છે. હમણા કોક પૂછતું હતું. કે પક્કડ કોને? ભગવાનને પકડવો.. પણ એ વસ્તુ છે જ, વળી પકડવી કેવી? ફક્ત પક્કડ તો પર્યાયની અપેક્ષાએ પર્યાય ત્યાં વળે છે એથી પકડ્યું એમ કહેવામાં આવે છે. આહા..હા..! ભારે માર્ગ ભાઈ આવો. આ તો નિશ્ચયાભાસ જેવો માર્ગ લાગે છે હોં લોકોને. એય..! એ તો લાગે એવો બિચારાને. અંદર ખબર નથીને ચીજની. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..! ભગવાનનો વિનય કરવો એ પણ કહે છે કે એ બાર પ્રકારની તપસ્યાનો વિકલ્પ છે. ભગવાન આત્મા ત્રિકાળ છે એનો વિનય કરવો. એટલે એનો સ્વીકાર કરવો. એ સમતા અને એ સમકિત છે. સમજાણું કાંઈ?

**શ્રોતા** :- કરવા જેવું એ જ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ જ કરવા જેવું, બાપુ! શું થાય ન ગોઠે તો. એને ગોઠવાવું પડશે, ભાઈ! અનંત આનંદનો નાથ કીધુંને સમતાનું કુળમંદિર. આહા..હા..! વીતરાગ પર્યાયનું મૂળ ઘર. આહા..હા..! એ ધર્મની વીતરાગી પર્યાયનું મૂળ ઘર. આહા..હા..! અનાકુળ નિજ તત્ત્વ તે એનું મૂળ ઘર છે. બહુ ટૂંકી ભાષામાં પણ ભાવ તો અલૌકિક છે. કહો, સમજાય છે કાંઈ? શું કહ્યું ઈ?

'**હે મુનિ! સમતાનું કુળમંદિર...**' ધર્મની વીતરાગી પર્યાયનું મૂળ ઘર. આહા..હા..! મોક્ષનો માર્ગ જે વીતરાગ પર્યાય એનું કુળ, મૂળ ઘર આ '**અનાકુળ નિજતત્ત્વ...**' આ અનાકુળ નિજતત્ત્વ છે. આહા..હા..! '**આ અનાકુળ નિજતત્ત્વ તેને ભજ.**' એ ભજ એ પર્યાય છે. અનાકુળ આનંદનું ધામ ભગવાન. આહા..હા..! કહ્યું હતું નહિ? દાખલો આપ્યો હતોને એક ફેરી ઓલો શક્કરકંદ. શક્કરકંદ નથી સમજતા? શક્કરકંદની ઉપરની એક છાલ

છે એને ન જુઓ તો અંદર એકલી મીઠાશનો પિંડ જ પડ્યો ભર્યો છે. શક્કરકંદ એટલે સાકરનો કંદ. એને છાલ છાલ છેને એક જરી? એટલું લક્ષ છોડી દ્યો તો એ અંદરમાં એકલો શક્કરકંદ, સાકરનો કંદ, મીઠાશનો કંદ છે. એમ આ પુણ્ય અને પાપના વિકલ્પને છાલને લક્ષમાં છોડી દ્યો તો એ ત્રિકાળી આનંદનો કંદ જ આત્મા છે. આહા..હા..! આ શક્કરકંદ નથી ખાતા? શિવરાત્રી હોય છેને? શિવરાત્રી હોયને અન્યમતિની વિષ્ણુની. એ શક્કરકંદ બહુ બાફે અને ખાય. એમ શિવરાત્રી એટલે અહીં મોક્ષનો જે પંથ છે એને માટે શક્કરકંદ ખાવા એણે એટલે પુણ્ય અને પાપના વિકલ્પનું લક્ષ છોડી દઈને વર્તમાન નિર્ણળ પર્યાયને દ્રવ્ય ઉપર ઢાળવી. એ દ્રવ્યનો આનંદ લેવો.

**શ્રોતા :-** એ શક્કરકંદ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ શક્કરકંદ છે. આવા બધા ધૂળના શક્કરકંદ એ તો માટી છે હાડકા. આહા..હા..! આકરી વાતું, ભાઈ! આ ફેરી આવ્યું હતુંને શ્રીમદ્નું પહેલું વાક્ય ભાઈએ નાખ્યું હતું. જીતુ. એણે નાખ્યું છેને વચન શ્રીમદ્નું કે અનેકાંત પણ નિજપદની પ્રાપ્તિ સિવાય હિતકર નથી. સમ્યક્ એકાંત એવા નિજપદની એકલો દ્રવ્યસ્વભાવ. આહા..હા..! એના આશ્રય વિના એને એકાંતે દૃષ્ટિમાં લીધા વિના, અનેકાંત એટલે પર્યાય ને રાગનું જ્ઞાન સાચું થાય નહિ. આહા..હા..! એવી વાત છે. આ ફેરી પહેલુંવહેલું જ એ આવ્યું છે. મુહૂર્ત જ એ કર્યું. લોકોને બહુ પસંદ પડ્યું છે. લોકોને આ ઘણા વર્ષથી રસ નહોતો આવતો આત્મધર્મનોને. એ આ પહેલા ધડાકે. સમજાણું કાંઈ? એય..! આહા..હા..! અનેકાંત પણ સમ્યક્ એકાંત એવા. સમ્યક્ એકાંત આ. દ્રવ્ય તરફનું એકાંત ઢળવું. આહા..હા..! એ સમ્યક્ એકાંત સ્વદ્રવ્ય તરફ ઢળે છે ત્યારે જે જ્ઞાન થાય તે વ્યવહારનું જ્ઞાન ત્યારે એ કરે છે. ત્યારે તેને વ્યવહારનું જ્ઞાન સાચું થાય, જ્ઞાન સાચું થાય હોં. આહા..હા..! વ્યાખ્યાન આપ્યું હતું ત્યાં વવાણિયા. આ એક લીટીમાં એક કલાક. ભાઈ! આમ છે વસ્તુ. સમજ્યા વિના હાંકે રાખે ગાડા એ કાંઈ ચાલે એવું નથી અહીં કીધું માર્ગમાં. સમજાણું કાંઈ?

અહીં કહે છે મોક્ષનો માર્ગ છે તે નિશ્ચય વીતરાગી પર્યાય છે. સમ્યગ્દર્શન પણ વીતરાગી પર્યાય છે, સમ્યગ્જ્ઞાન પણ વીતરાગી પર્યાય છે અને સમ્યક્ ચારિત્ર પણ વીતરાગી પર્યાય એટલે ત્રણેને સમતા કહેવામાં આવે છે. એ સમતાનું મૂળ ઘર ત્રિકાળી તત્ત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ સમતાનું કુળમંદિર એ સમતાનું વંશપરંપરાનું ઘર. આહા..હા..! જેને આશ્રયે વીતરાગી દશા પ્રગટે એ વીતરાગી દશાનું નિજઘર તો એ ત્રિકાળી અનાકુળતત્ત્વ છે. આહા..હા..! નિમિત્ત પણ નહિ, રાગ પણ નહિ અને પર્યાય પણ નહિ. એ વીતરાગી તત્ત્વ જે સમતા પરિણામ છે એ સમતા પરિણામનું ઘર સમતા પરિણામ નહિ. મોક્ષમાર્ગ જે છે પર્યાય એનું ઘર મોક્ષમાર્ગની પર્યાયનું ઘર-મોક્ષમાર્ગની પર્યાય નહિ. આહા..હા..! એ મોક્ષમાર્ગની પર્યાયનું સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ નિર્મળની પર્યાયનું ઘર નિજ અનાકુળતત્ત્વ છે. એ વંશ પરંપરાનું એ

તત્ત્વ છે. વીતરાગી પર્યાયનું વંશપરંપરાનું એ તત્ત્વ છે. આહા..હા..! આ મુનિઓએ, દિગંબર મુનિઓએ તો કામ કર્યા છે. આહા..હા..! એણે જે આત્માને વર્ણવ્યો છે. સર્વજ્ઞ અનુસારી તત્ત્વ છે એ બધું. સમજાણું કાંઈ? આહા..હા..! એવી ઝીણી વાત છે, ભાઈ! લોકોને દુઃખ થાય પણ શું થાય?

શ્વેતાંબર પંથને તો ટોડરમલે અન્યમતમાં નાખ્યા છે. એ જૈનમત જ નથી. એય..! જૈનમત આ કે વીતરાગી પર્યાયનું નિજઘર આ. સમજાણું કાંઈ? આહા..હા..! પર્યાયનો આશ્રય નિજ આત્મતત્ત્વ અનાકુળતત્ત્વ આશ્રય છે. આહા..હા..! જ્યાં ભગવાન પૂર્ણાનંદરૂપી પરમપારિણામિક જ્ઞાયકભાવરૂપે પડ્યો પ્રભુ પોતે. જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, અભેદભાવ, એકભાવ, શુદ્ધસ્વભાવભાવ. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું ભારે! એવો જે શુદ્ધસ્વભાવ નિત્યાનંદ અતીન્દ્રિય આનંદનું ઘર પૂર્ણસ્વરૂપ પોતે. એની વીતરાગી પર્યાયનું ઘર તો એ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત સાંભળવી મુશ્કેલ પડે છે લોકોને. મળતી નથી બિચારા શું કરે? આહા..હા..! મૂળ ઘરની વાત મળે નહિ બિચારા રખડ્યારખડ બહારમાં. આમથી અહીં થાય, અહીંથી અહીં થાય અને અહીંથી અહીં થાય.

એક જ લીટીમાં આખો જૈનશાસનનો સાર ભરી દીધો છે. એ સમતા છે એ જૈનશાસન છે. પંદરમી ગાથામાં કહ્યુંને? જે કોઈ આત્માને અબદ્ધસ્પૃષ્ટ જાણે, સામાન્યને દેખે, વિશેષ નહિ, પર્યાય નહિ. જે કોઈ

जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णमविसेसं।
अपदेससंतमज्झं पस्सदि जिणसासणं सव्वं।।१५।।

એણે આખા જૈનશાસનને જોયું. છે? ઈ આ સમતા તે જિનશાસન છે. આહા..હા..! ધન્નાલાલજી! એ વીતરાગ પર્યાય તે જૈનશાસન, શુદ્ધોપયોગ તે જૈનશાસન. શુભ, શુભ-અશુભ એ નહિ. શુદ્ધોપયોગ જે સ્વદ્રવ્યને આશ્રયે પ્રગટ્યો એ જૈનશાસન. એ પર્યાય છે જૈનશાસન. પણ એ પર્યાય અબદ્ધસ્પૃષ્ટ અને સામાન્યને લક્ષે પ્રગટી છે. આહા..હા..! એટલે ખરેખર જૈનશાસન એટલે વીતરાગી પર્યાય કહો કે શુદ્ધોપયોગ કહો તો એનું નિજઘર તો અનાકુળ નિજતત્ત્વ છે. એ પર્યાયનું, જૈનશાસનની પર્યાયનું તત્ત્વ નિજઘર અનાકુળતત્ત્વ જે ત્રિકાળ છે તે છે. આહા..હા..! બેસે એવું છે હોં. જરી ખ્યાલ રાખે. આગ્રહ છોડી દે. પકડ્યો હોય એ આગ્રહ છોડીને સમજે તો પકડાય એવું છે. બાપુ! આ તો તારા ઘરની વાત, ભાઈ! આ માર્ગ છે, બાપા! બીજી રીતે કંઈપણ માનશે, મનાવશે ભવ એળે જશે એનો. સમજાણું કાંઈ? આહા..! અરેરે! આહા..હા..! મુનિરાજની કેવી કરુણા છે જુઓને! હે 'ભજ મુને' તારો શુદ્ધોપયોગ જે છે ધર્મ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ પર્યાયરૂપી જે ધર્મ એનું નિજઘર અનાકુળ નિજતત્ત્વ છે. એ ત્યાંથી આવશે (એમ નથી). કોઈ રાગની મંદતાથી કે ગુરુની ભક્તિથી ત્યાંથી આવશે. આહા..! ત્યાં ક્યાં હતું? છે તો અહીં. આહા..હા..! ભગવાનજીભાઈ!

આવું છે ભાઈ!

બધા આમ ગયા હતાને પોર બેંગ્લોર. તો બાર લાખનું મંદિર બનાવ્યું છે બેંગ્લોરમાં દિગંબર મંદિર. અહીંના મુમુક્ષુ છેને. તો એક છે બે કરોડવાળો એણે આઠ લાખ નાખ્યા. એ શ્વેતાંબર છે દેરાવાસી. પણ અહીં.. અને એક કરોડવાળો આવ્યો હતોને હમણા નહિ? જુગરાજજી એણે ચાર લાખ નાખ્યા. જો ભાઈ! આ મંદિર બનાવ્યું એમાં બાર લાખ નાખ્યા માટે ધર્મ છે એમ નથી કીધું, ભાઈ! પહેલેથી કહ્યું હતું એ તો. જુગરાજજી સ્થાનકવાસી છે કરોડપતિ અને ભભુતમલ છે શ્વેતાંબર દેરાવાસી બે કરોડપતિ. તો બેય અહીંના વલણવાળા. એટલે બનાવ્યું દિગંબર મંદિર બનાવ્યું છે. દિગંબર મંદિર. પણ બનાવવામાં બન્યું તો છે એનાથી કીધું. તમારો આ પૈસા દેવાનો ભાવ હતો એ શુભભાવ છે. એનાથી કોઈ ધર્મ થઈ જશે, પરંપરા થાશે એમ નથી કીધું ભાઈ અહીં તો. સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ! આ નહોતા આવ્યા હમણા? જુગરાજજી નહિ? અહીં બેસતા હતા. સ્થાનકવાસી. એ બિચારા પૂછતા હતા અંદર હોં. મહારાજ! અમારો કુળ બાપ-દાદાનો ધર્મ સ્થાનકવાસી એ છોડીને અમે અહીંયાં આવ્યા છીએ. તો હવે અમારું શું થશે? અમારા સંસ્કાર હવે. એમ બિચારા કહેતા હતા. મેં કીધું, ભાઈ! આ શ્રવણ કરવું, મનન કરવું, એનું ધ્યાનપૂર્વક સંસ્કાર. આહા..હા..! એને બિચારાને એમ અવસ્થા થઈ ગઈ છેને. છોકરા કામ કરે છે હવે તો. મુંબઈમાં દુકાન છે અહીં છે. પણ તમે એમ માનો કે અહીં કરોડ રૂપિયા અહીં ખર્ચો મંદિરમાં માટે મને પરંપરાએ ધર્મ થશે એમ નથી કીધું. કેમકે વીતરાગી પર્યાયનો ધર્મનો આધાર કહો. આધાર આવ્યું હતુંને? અંતઃક્રિયાનો આધાર આત્મા. વીતરાગી ધર્મની પર્યાયનો આધાર આત્મા એ આવ્યું હતું આમાં. જુઓ આવ્યું હતું.

**શ્રોતા** :- ૧૨૩માં.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, એ '**અંતઃક્રિયાના અધિકરણભૂત આત્મા...**' આહા..હા..! એ વીતરાગી મોક્ષનો માર્ગ એનો આધારભૂત અંતઃક્રિયા એટલે વીતરાગી પર્યાય આ જે સમતા કહેવાય તે. આહા..હા..! એનો આધાર અધિકરણભૂત આત્મા. '**કે જેનું સ્વરૂપ અવધિ વિનાના ત્રણે કાળે...**' બતાવ્યું હતું. એ પ્રવચનસારમાં ૨૭૫માં આ શબ્દ છે. પ્રવચનસારનો ૨૭૫માં આ શબ્દ છે. અવધિ વિનાનો જીવ ભગવાન ત્રિકાળ ધ્રુવ છે. જેને કોઈ મર્યાદા આટલા કાળ અને આ કાળ એમ છે નહિ. પર્યાયને તો એક સમયની મર્યાદા છે. સમજાણું કાંઈ? એ પર્યાય ગમે તે નિર્મળ હોય. અરે! કેવળજ્ઞાન હોય, તો એક જ સમયની મર્યાદા છે એમ. કેવળજ્ઞાન પહેલે સમયે છે એ બીજે સમયે એ નહિ આવે. એવું આવશે પણ એ નહિ આવે. આહા..હા..! કેવળજ્ઞાનની પર્યાય પણ એક જ સમય વર્તે છે. આહા..હા..! ગજબ વાત છે! આ તો કહે ત્રિકાળ ટકતું તત્ત્વ ભગવાન આત્મા. છેને? '**જેનું સ્વરૂપ અવધિ વિનાના ત્રણે કાળે નિરુપાધિક છે...**' આહા..હા..! જેને પર્યાયનો પણ ભેદ

અને ઉપાધિ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ કાલે આવશે સવારમાં અશુદ્ધનય અને શુદ્ધનય આવશેને બે? આહા..હા..! '**તે જીવની પરિણતિવિશેષ તે સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાન છે.**' લ્યો! એ ૨૭૫માં એ છે. પ્રવચનસારનો છેલ્લો શબ્દ.

પર્યાયને તો મર્યાદા છે. પર્યાય એક સમયની મર્યાદાવાળી છે. ચાહે તો કેવળજ્ઞાન હોય કે ચાહે તો સિદ્ધ પર્યાય હોય. એ સિદ્ધ પર્યાય એક સમય જ રહે છે. બીજે સમયે બીજી એવી પણ બીજી, એ નહિ. કેવળજ્ઞાનનો પર્યાય એક સમય રહે છે. બીજે સમયે એ નહિ, બીજી. પર્યાયની મુદત જ એક સમયની છે. આહા..હા..! સાદિ અનંત રહે. પલટતી બીજી બીજી થતી દશા રહે. આહા..હા..! એવી જે પર્યાય વીતરાગી પર્યાય એનું કુળમંદિર, મુખ્યઘર, વંશપરંપરાનું ઘર એ ત્રિકાળી તત્ત્વ છે. આહા..હા..! કુળ શબ્દ .. લીધો છેને? 'તે હમ કુળવટ રીત' આનંદઘનજીમાં આવે છે. આહા..! અમારો આત્મા આનંદનો નાથ એમાંથી પર્યાય પ્રગટ થાય તો એ પર્યાયનું કુળમંદિર ભગવાન આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

આ તો જેને સંસારનો અંત લાવવો હોય અને આત્માસ્વરૂપની પ્રાપ્તિ કરવી હોય એને માટે વાત છે. જેને વાતું કરવી હોય અને અભિમાન સેવવા હોય, સમજાણું કાંઈ? અમે જાણીએ છીએ, અમે માનીએ છીએ, અમે આમ છીએ. એ બધા... આહા..હા..! સમતામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે પરિણામ છે. નિશ્ચય સમ્યક્ હોં. વ્યવહારસમકિત એ તો સમકિત જ નથી, એ તો રાગ છે. આહા..હા..! એવી સમતા એવો જે મોક્ષનો માર્ગ એવી જે નિર્મળ પર્યાય એનું કુળમંદિર ત્રિકાળી તત્ત્વ છે. એનું ઉત્તમઘર એ ભગવાન દ્રવ્યસ્વભાવ છે. આહા..હા..! ધન્નાલાલજી! છે એમાં કે નહિ? આવી વાત છે. આહા..હા..! અરે! એના નિજઘરની કિંમત ન મળે એને. મોક્ષમાર્ગની પર્યાયની કિંમત કરતા માલ તો ત્રિકાળી છે ઈ છે. સમજાણું કાંઈ? પર્યાયનું પલ્લુ ઉંચું રહેશે અને દ્રવ્યનું પલ્લુ નીચે રહેશે. આ બે પલ્લા હોય છેને? જેમાં બોજો ઓછો હોય એ ઉપર રહેશે, જેમાં બોજો વધારે હોય એ નીચે રહે. એમ દ્રવ્યનું પલ્લુ નીચે છે સૌથી. પર્યાયનું પલ્લુ ઉંચે રહેશે. એમાં (પર્યાયમાં) માલ નથી કાંઈ. માલ તો અહીં (દ્રવ્યમાં) છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ઉપદેશ શું પણ આ? કે કંદમૂળ ન ખાવા, ..ચોવિહાર કરવો, ભક્તિ કરવી, જાત્રા કરવી, પૂજા કરવી, છ પરબી બ્રહ્મચર્ય પાળવું એવી વાત તો એકેય આવી નહિ આમાં. એય..! ભગવાનજીભાઈ! ભાઈ! બાપુ! તને ખબર નથી. એ બધી ક્રિયાઓનો શુભવિકલ્પ છે એ ધર્મ નથી. આહા..હા..! એ શુભવિકલ્પનો આધાર આત્મા નથી. શુભવિકલ્પનો આધાર નિમિત્ત ઉપર લક્ષ જાય તેને શુભરાગ થાય છે અને નિર્મળ પરિણતિનો આધાર ભગવાન ત્રિલોકનાથ પોતે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**સમતાનું કુલમંદિર...**' ભાષા તો જુઓ મુનિરાજની. આ મુનિ હતા હોં આચાર્ય નહિ. પદ્મપ્રભમલધારિદેવ. આ ત્રીજા.. છે એ. આ કુંદકુંદાચાર્ય આ ગાથા એની છે. ટીકા એની

છે. અને સમયસારની ટીકા અમૃતચંદ્રાચાર્યની. ત્રણ છે. એનું બહુમાન કરવું એ પણ એક શુભભાવ છે. આવે ખરું, પણ એ શુભભાવ ધર્મ નહિ. ગજબ વાત! આવી વાત!

**શ્રોતા :-** એવો શુભભાવ લાવવામાં આવે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવે છે. એ ભૂમિકા પ્રમાણે શુભભાવ આવે. મંદિરના, દેવ-ગુરુના વિનય, ભક્તિભાવ આવે. જ્યાં સુધી વીતરાગ નથી ત્યાં સુધી સ્વનો આશ્રય લીધો છે એટલો ધર્મ છે અને પરનો આશ્રય જેટલો આવી જાય છે તેટલો ત્યાં રાગ છે. વ્યવહાર છે, પણ એનાથી નિશ્ચય થાય એમ નથી. સમજાણું કાંઈ? એ સમતાનું ઘર વ્યવહાર નથી. વ્યવહાર કર્યો માટે અહીં નિશ્ચયસમકિત થયું એમ નથી, હોય છે. વ્યવહારને સ્થાને વ્યવહાર આવે છે, હોય છે. આહા..હા..! પૂર્ણ આશ્રય જ્યાં સુધી નથી દ્રવ્યનો ત્યાં સુધી વ્યવહાર વચ્ચે આવે, પણ આવે એ જાણવાલાયક છે, આદરવાલાયક નહિ. આહા..હા..! વ્યવહારે આદરવાલાયક છે એમ કહેવાય વ્યવહારે. અભૂતાર્થનય છે. આ એક શબ્દમાં કેટલું ભર્યું છે, જુઓ, '**હે મુનિ!**' આહા..હા..! તારી વીતરાગ પર્યાયનું કુળ ઘર તો અનાકુળ નિજતત્ત્વ એને ભજને. એમાં એકાગ્ર થા એમ ભજ એટલે. એનું નામ સમતા અને એનું નામ વીતરાગ ધર્મ કહેવામાં આવે છે. વિશેષ...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**કારતક વદ-૫, રવિવાર, તા. ૨૩-૧૧-૧૯૭૫**
**ગાથા-૧૨૫, કળશ-૨૦૩, પ્રવચન નં. ૧૦૩**

નિયમસાર. પરમસમાધિ. પરમસમાધિ એટલે પરમ અતીન્દ્રિય આનંદની દશા. જુઓ, ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે ધ્રુવ. અતીન્દ્રિય આનંદથી છલોછલ ભરેલું તત્ત્વ છે. એનો આશ્રય કરીને પર્યાયમાં જે આનંદ, અતીન્દ્રિય આનંદની શાંતિ આવે એને અહીં સમાધિ કહે છે. એને અહીંયાં સામાયિક કહે છે. આ સામાયિક. સામાયિક-બામાયિક કરી છે કે નહિ તમે? પ્રવિણભાઈ! નથી કરી? ઠીક. નવા આવ્યાને નવા એકદમ આમાં આવ્યા. જૂના એકડા ઘુંટે નહિ. આહા..હા..! એ આ સમાધિ એટલે સામાયિક. સામાયિક એટલે સમાધિ અને સમાધિ એટલે સામાયિક. કહો, જયંતિભાઈ! આ સામાયિક-ફામાયિક કરી હશેને બધાએ સામાયિક? સામાયિક ક્યાં હતી? હજી આત્મા પરમ આનંદસ્વરૂપ અભેદ એની દૃષ્ટિ અભેદની થયા વિના સમ્યગ્દર્શન હોય નહિ. જે સમ્યગ્દર્શન પહેલી સામાયિક કહેવામાં આવે છે અને એના ધ્રુવના લક્ષે જે સ્વસંવેદન જ્ઞાન શાંતિનું પ્રગટે એને સમ્યગ્જ્ઞાન, એની સામાયિક

સમ્યગ્જ્ઞાનની કહે છે એને. અને એ ઉપરાંત અભેદ ભગવાનના અવલંબન લઈને સ્થિર થાય છે એમાં. આહા..હા..! એનું આવું સ્વરૂપ આવું છે એવો એને પહેલો નિર્ણય તો કરે. આહા..!

અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ ધ્રુવ હોં. એ ધ્રુવની, અભેદની દૃષ્ટિ થતાં સમ્યગ્દર્શન થાય. એની દૃષ્ટિપૂર્વક એનું જ્ઞાન થતાં સ્વસંવેદન જ્ઞાન થાય, અને તેની દૃષ્ટિ અને જ્ઞાનપૂર્વકમાં રમણતા થાય, આહા..હા..! તેને અહીંયાં સમાધિ અથવા સામાયિક કહેવામાં આવે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? ૧૨૫.

विरदो सव्वसावज्जे तिगुत्तो पिहिदिंदिओ।
तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे।।१२५।।

ભગવાનના જ્ઞાનમાં, ભગવાનના શાસનમાં આને સામાયિક કહ્યું છે. આહા..હા..! આચાર્ય. નીચે હરિગીત.

**સાવદ્યવિરત, ત્રિગુપ્ત છે, ઇન્દ્રિયસમૂહ નિરુદ્ધ છે,**
**સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૨૫.**

**'ટીકા :- અહીં (આ ગાથામાં), જે સર્વ સાવદ્ય વ્યાપારથી રહિત છે,...'** સાવદ્ય નામ પુણ્ય-પાપના વિકલ્પ જે પાપ છે એ બેય એનાથી રહિત છે. આહા..હા..!

**શ્રોતા :-** સાવદ્યનો અર્થ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અહીં એ સાવદ્ય છે. શુભ અને અશુભભાવ બેય સાવદ્ય નામ પાપ છે. યોગસારમાં આવ્યું છે નહિ? 'પાપ પાપને સહુ કહે, પણ અનુભવી જન પુણ્યને પાપ કહે.' યોગસાર છેને. ચંદુભાઈ! આહા..હા..! અને પુણ્ય-પાપના અધિકારના કળશમાં છે જયસેનાચાર્યની. આ અધિકાર પુણ્યનો ચાલે છે એમાં આ ક્યાં નાખ્યું? ભાઈ! એ રત્નત્રય વ્યવહાર જે છે એ બધું પાપ છે. આહા..હા..! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ શ્રદ્ધા એટલે રાગ છે શાસ્ત્રનું જ્ઞાન ભણતર પરતરફના લક્ષવાળું એ રાગ અને પંચમહાવ્રતાદિના પરિણામ એ રાગ. એ ત્રણેને પાપ કહ્યું છે. સ્વરૂપથી પતીત થાય છે માટે તેને પાપ કહ્યું છે. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ પાળે છે? હજી સમ્યગ્દર્શનના ઠેકાણા નથી અને પાળે. આહા..હા..! અમારે બોટાદમાં તો વ્યાખ્યાન ચાલે વહેલું હોં સૂરજ ઉગ્યા પહેલા. સૂરજ ઉગે તરત વ્યાખ્યાન ચાલે. કારણ કે વેપારીઓ અહીં કરી, સામાયિક પણ કરે અને ભેગું સાંભળે. પછી ઘરે જઈને ચા કે દૂધ પીને દુકાને જાય. આ અમારા હીરાભાઈના બાપ હતા રાયચંદ ગાંધી. વૃદ્ધ હતા. આવે, બેસે. વહેલા ઉઠીને હોં. સૂર્ય ઉગે ત્યાંથી જ વ્યાખ્યાન શરૂ થઈ જાય. એવો રિવાજ હતો ત્યાં પહેલા. એટલે શું કે દાતણ-પાણી પછી કરે. અહીં આવી, સામાયિક કરે અને ભેગું સાંભળે બે ભેગું થાય. એય..! કાંતિભાઈ! આ તમારા દાદાની વાત ચાલે છે.

**શ્રોતા :-** બે લાભ થાયને. સામાયિકનો પણ લાભ થાય અને સાંભળવાનું પણ મળે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સામાયિક પણ થાય. એવી લાઈન હતી. છતાં અહીં પરિવર્તન કર્યું ત્યારે પોતે અહીં પહેલા આવ્યા. સૌથી રાયચંદ ગાંધી પહેલો મોરચો માંડ્યો હતો અહીં. પોણો સો માણસ લઈ અને તે દિ' અહીં પહેલા જ આવ્યા. આહા..હા..! આવો માર્ગ ઝીણો, ભાઈ!

કહે છે '**સર્વ સાવદ્ય વ્યાપારથી રહિત છે, જે ત્રિગુપ્તિ વડે ગુપ્ત છે...**' મન, વચન અને કાયાના વિકલ્પથી રહિત છે અંદર. આહા..હા..! '**જે સમસ્ત ઇન્દ્રિયોના વ્યાપારથી વિમુખ છે,...**' ઇન્દ્રિયનો વેપાર છે એનાથી વિમુખ છે અને સ્વભાવની સન્મુખ છે. આહા..હા..! '**તે મુનિને સામાયિકવ્રત સ્થાયી છે...**' સ્થાયી એટલે સાચું સામાયિકવ્રત એમ છે. છે તો પર્યાય, પણ સાચી સામાયિક એને કહીએ એમ સ્થાયીનો અર્થ. સમજાણું કાંઈ? આહા..હા..! સ્થાયી એવો જે ભગવાન આત્મા એમાં સ્થિર કરવાલાયક હોય તો તે આ દશા છે. સ્થાયીનું સ્થાતા એમ આવે છેને? નિર્જરા અધિકારમાં આવે છે. નિર્જરા અધિકારમાં, જેને સ્થિર થવું હોય એને સ્થાતા ધ્રુવમાં સ્થિર થવાનું છે. સ્થાતાનું સ્થાન છે. જેને સ્થિર રહેવું હોય એનું સ્થાન ભગવાન ધ્રુવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? નિર્જરા અધિકારમાં છે. સ્થાતાનું સ્થાન. આહા..હા..!

એ આ ગામડે દુકાન માંડેને, ગામડામાંથી પાછા સાંજે વયા આવે ઘરે. દુકાન સાંજથી સવાર સુધી... અમારે પાલેજમાં એક લોટીયો વોરો હતો અમારી દુકાનની જોડે. સવારે આવે, સાંજે વયા જાય ભરૂચ. એ એમ કહે છે કે જેને કાયમ રહેવું હોય એ સ્થાન. એ આ કાયમ રહેવું હોય તો ધ્રુવસ્થાન છે આત્માનું. આહા..હા..! પર્યાય અસ્થિર છે અને કંપન્ન છે. કારણ કે એક સેકન્ડમાં નિર્મળ પર્યાય પણ અસંખ્ય થઈ જાય છે. આહા..હા..! એવી પર્યાયને સ્થાતા ધ્રુવ છે તે સ્થિર થવાલાયક છે. એમાં દૃષ્ટિ મૂકીને સ્થિર થવું એ આત્મા છે. આહા..હા..! એવા મુનિને સામાયિક વ્રત સ્થાયી છે. છે તો પર્યાય, પણ એ સાચી સામાયિક એને કહેવામાં આવે છે.

અહીં તો હજી વસ્તુ શું છે અભેદ એની દૃષ્ટિની ખબર ન મળે. દૃષ્ટિનો વિષય જે એકરૂપ ત્રિકાળ છે એની ખબર ન મળે અને એને સામાયિક થઈ જાય. આહા..હા..! મિથ્યાભાવ છે. જેને સમ્યક્ ચૈતન્યમૂર્તિ અખંડ આનંદ પ્રભુ. આહા..હા..! દૃષ્ટિ સમ્યક્‌નો જે વિષય છે.. નિશ્ચયનયનો વિષય એ છે. જ્ઞાન છે એ નિશ્ચયનું કરે અને પર્યાયનું કરે એટલે પ્રમાણ છે એ. લ્યો, એ યાદ આવ્યું તમારું. આ વ્યાખ્યાન પછી ભાઈએ પ્રશ્ન મૂક્યો હતો. વ્યાખ્યાન પૂરું થયુંને આનું? કે પ્રમાણ જ્ઞાનના લોભને લઈને નિશ્ચયમાં આવી શકતો નથી. નિહાલભાઈમાં છે એ શબ્દ. શું કહ્યું ઈ? લોભમાં દ્રવ્ય અને પર્યાય બેનું જ્ઞાન કરવા જાય છે ત્યાં પ્રમાણ થાય છે તો એને નિશ્ચય નથી આવતું. એને નિશ્ચય એકલું દ્રવ્ય છે એ આવ્યું નથી દૃષ્ટિમાં.

નિશ્ચય વિના એ પ્રમાણ પણ સાચું આવ્યું નથી. આહા..હા..! બે ઠેકાણે છે. વાંચ્યું છે કે નહિ? નિહાલભાઈનું દ્રવ્યદૃષ્ટિ-પ્રકાશ. ૫૮૦ બોલ છે અને એક ૬૦૨ બોલ છે. બે બોલ છે. અજ્ઞાની પર્યાયનું અને દ્રવ્યનું બેનું જ્ઞાન કરવા જાય છે ત્યાં દ્રવ્યનું જ્ઞાન પણ સાચું રહેતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

લોભ એટલે એમ આવ્યું કે આ પર્યાય છેને? પર્યાય છેને? એના અસ્તિત્વની દૃષ્ટિ કરતા નિશ્ચયની દૃષ્ટિ રહેતી નથી એને. હમણા કાઢ્યું હતુંને. તમે હતા, નહિ? ..ભાઈને કીધું હતું કે ક્યાં એ શબ્દ છે. '**અહો! જગતના જીવોને 'હું વર્તમાનમાં જ પરિપૂર્ણ, ધ્રુવ, અપરિણામી તત્ત્વ છું'** તે વાત **રુચતી નથી...'** ૫૮૦ પ્રશ્ન. '**અને પ્રમાણના લોભમાં આત્માને જો અપરિણામી માનીશું તો પ્રમાણજ્ઞાન નહિ થાય...'** એકલો આત્મા અપરિણામી ધ્રુવ હું માનીશ તો પછી પ્રમાણ નહિ થાય. '**પ્રમાણજ્ઞાન નહિ થાય અને એકાંત થઈ જશે...'** એકાંત થઈ જશે. પર્યાયનું જ્ઞાન નહિ રહે તો એકલું ધ્રુવનું તો એકાંત થઈ જશે, એમ અજ્ઞાનીને ડર રહે છે. આહા..હા..! '**તેવી આડ મારીને પર્યાયનું લક્ષ છોડવા ચાહતા નથી.'** '**છોડવા ચાહતા નથી. અને તે કારણથી જ તેઓ અપરિણામી ચૈતન્યતત્ત્વને પામતા નથી.'** એ ૬૦૨ છે. '**નિશ્ચયાભાસી થવાનો ભય...'** પર્યાયની ઉપર લક્ષ નહિ રહે અને પ્રમાણ.. પર્યાયનું જ્ઞાન નહિ રહે તો નિશ્ચયાભાસ થઈ જશે. નવલચંદભાઈ! ૬૦૨ છે હોં. '**નિશ્ચયાભાસી થવાનો ભય અને પ્રમાણજ્ઞાનનો લોભ રહેવાથી સત્યમાર્ગ દેખાતો નથી.'** ત્રિકાળ અભેદ છે એની દૃષ્ટિમાં આવતો નથી. શાંતિભાઈ! આવી વાત છે. પર્યાયનું જ્ઞાન કારણ કે પર્યાય દ્રવ્ય સત્ છે, ગુણ સત્ છે, પર્યાય ત્રણે સત્ છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણે સત્ છે. માટે ત્રણના સત્નું જો લક્ષ નહિ રહે તો પ્રમાણજ્ઞાન નહિ થાય, સાચું જ્ઞાન નહિ થાય. એમ કરીને પર્યાયના લક્ષમાં રહે છે એ. સમજાણું કાંઈ? શાંતિભાઈ! આહા..હા..! પર્યાયને ત્રિકાળી દ્રવ્યની દૃષ્ટિ કરવી જોઈએ. એને ઠેકાણે પર્યાયનું જ્ઞાન પણ પર્યાય છેને. એટલે જ્ઞાન પર્યાયને જાણે, દ્રવ્યને જાણે, તો પ્રમાણને જાણ્યું એની શ્રદ્ધા કરવી. સમજાણું કાંઈ? એમ નથી. (જ્ઞાને) દ્રવ્યને જાણ્યું અને પર્યાયને જાણ્યું. તો સત્ બે છેને? એમ જાણ્યું. સત્ છેને જ્ઞાને જાણ્યુંને એ? તો જેવું જ્ઞાને જાણ્યું એવી શ્રદ્ધા કરવી. એમ નથી. એય..! આહા..હા..!

**શ્રોતા :-** ફરીથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ફરીને. વસ્તુ છે એ ધ્રુવ છે અને પર્યાયમાં ઉત્પાદ-વ્યય છે. ત્રણે સત્ છે કે નહિ? તો જ્ઞાન ત્રણે સત્ને સ્વીકારે છે કે નહિ? ત્યારે એ ત્રણને સ્વીકારે જ્ઞાન એની શ્રદ્ધા કરવી એ સમ્યગ્દર્શન છે. એમ નથી, એય..! મોટો ફેર!

**શ્રોતા :-** ત્રણને...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જાણવાની વાત જુદી છે અને આશ્રય કરવાને લાયક તો

ધ્રુવ એક જ છે. અને ખરેખર તો ધ્રુવને અભેદનો આશ્રય થઈને જે જ્ઞાન થાય એને જ પર્યાયનું, અનેકાંતનું જ્ઞાન યથાર્થ થાય છે. ..ભાઈ! આહા..હા..! આવો માર્ગ બાપુ! આહા..હા..!

**શ્રોતા :-** ...અનેકાંત...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પહેલું આવ્યું એને? એ તો ભાઈએ નાખ્યું એને જીતુભાઈએ? હા, એણે સારું નાખ્યું એ. જીતુભાઈએ ઠીક કામ કર્યું આ. નાગરભાઈ! હવે એ નવરો છે હમણા. બાયડી-બાયડી સાથે મેળ નથી એટલે એકલો. આ સ્વાધ્યાય તો કરે નક્કી પાક્કી. આહા..હા..! અરેરે! આહા..હા..!

કહે છે, '**નિશ્ચયાભાસી થવાનો ભય અને પ્રમાણજ્ઞાનનો લોભ...**' બેય જ્ઞાન જોઈએ. બેય સત્ છે કે નહિ? પર્યાય સત્ છે કે નહિ? ધ્રુવ સત્ છે કે નહિ? તો બેયનું જ્ઞાન જોઈએ અને જે બેયનું જ્ઞાન કરીને શ્રદ્ધા બેયની કરવી ભેગી (એ ભૂલ છે).

**શ્રોતા :-** કેટલા આનાની ભૂલ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સોળ આનાની ભૂલ છે. મણમાં આઠ પાંચ શેરની ભૂલ છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** શ્રદ્ધાનો વિષય એ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ નહિ. શ્રદ્ધાનો વિષય બે જ્ઞાન પ્રમાણ જાણે એ શ્રદ્ધાનો વિષય નથી. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! આ તો તમે વ્યાખ્યાન પછી બોલ્યા હતાને .. એટલે પછી મગજમાં. હા, પણ ગમે તે બોલો એમાં શું? નિર્ણય કરવામાં વાંધો શું છે? ભલે કહ્યું.

અહીં એ કહે છે, જેની દૃષ્ટિમાં દ્રવ્યસ્વરૂપ છે ભગવાન અભેદ દૃષ્ટિમાં આવ્યો છે પર્યાય વિનાનો. કારણ કે જે પર્યાય છે એ તો એનો વિષય કરે છે. પર્યાય વિષય કરે છે અભેદનો. પર્યાય વિનાના જીવનો પર્યાય વિષય કરે છે. આહા..હા..! વસ્તુ આ રીતે છે. બાકી બીજી રીતે કોઈપણ કલ્પે વિપરીત દૃષ્ટિ છે. એ માને ભલે એને પોતાની મેળાએ, પણ છે વિપરીત દૃષ્ટિ. એટલે કે મિથ્યાદૃષ્ટિ. આવી વાત છે. આહા..હા..! અહીં કહે છે '**(આ લોકમાં) જે એકેન્દ્રિયાદિ પ્રાણીસમૂહને ક્લેશના હેતભૂત સમસ્ત સાવદ્યના વ્યાસંગથી...**' સાવદ્યનો આસક્તિભાવ એનાથી '**વિમુક્ત છે,...**' આહા..હા..! ખરેખર તો સામાયિકની પર્યાય જે છે એનાથી ધ્રુવ છે તે મુક્ત છે, રહિત છે. આહા..હા..! ઝીણું છે, હીરાલાલ! આ બધા કાપડના વેપાર જેવું આ કાંઈ એવું નથી. આ તો ઝીણું છે બહુ.

**શ્રોતા :-** થોડું પકડાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પકડાય છે? ઠીક. વેણીભાઈ ગયા? ગયા એ. એને બિચારાને એમ થયું હોં. મેં કીધું .. મહારાજ! મેં કીધું ચાર-ચાર છોકરા છે અને હજી નવરા નથી થતા? સાચી વાત એમ કીધું હોં. હવે ક્યાં સુધી આ પાપના પોટલા કરવા છે? એણે મીઠાશથી

કીધું, મહારાજ! આવું અમને કોણ કહે? બાપુ! આ તો તમારા હિતની વાતું, ભાઈ! આ જિંદગી ચાલી જાય છે. જાવું છે ક્યાંક એકલા. આહા..હા..! એનું સાધન જો ન કર્યું બાહ્ય તો તું ક્યાં રહીશ? સમજાણું કાંઈ? પુણ્યને, વિકલ્પને ભેદનું સાધન માન્યું તો એ અજ્ઞાનમાં રહેશે એ. આહા..હા..! ત્રિકાળ અભેદ ચીજ ભગવાન પરમાત્મા એનો આશ્રય ન લીધો, એને દૃષ્ટિમાં અભેદને ન લીધો એણે શું કર્યું? ભગવાનજીભાઈ! આહા..હા..!

**શ્રોતા :-** ..મુખ્ય એક જ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ જ તે એક જ મુખ્ય વસ્તુ છે.

**શ્રોતા :-** પાછા પૈસા સાચવવાના.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એને તો છોકરા કરે છે ત્યાં. એને શું છે? તોપણ હજી જાય છે ત્યાં રખડવા. આફ્રિકા જાય, ફલાણે જાય. કોણ જાણે શું આ જગતમાં છે? મોહની જાળ. આહા..હા..! અહીં કહે છે કે જેને એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય એના આસક્તિનો ભાવ એને મારવા આદિનો એનાથી તો રહિત છે. આહા..હા..!

**શ્રોતા :-** રખડવામાં શું કામ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, અમારે વેણીભાઈને કહ્યુંને બહુ ખુશી થઈ ગયા. મહારાજ! મને આમ કહે છે. વાત સાચી મહારાજ! મેં કીધું ભાઈ હવે... તમારાથી નાના છે? આહા..હા..! ના પણ એમ કીધું બાપુ હવે. બે વર્ષે તમે આવ્યા. સાંગલી આવવાનું હતું પણ ન જવાણું ત્યાં. ઓલા નીકળ્યા હતા એ બાજુ. કહે ફરીવાર આવજો. કીધું ભાઈ! હવે ક્યાં બહાર... કીધું આ તે ક્યાં? સમજે નહિ કાંઈ. પરિચય ન મળે ત્યાં. એટલે એમ.. આહા..હા..! ભાઈ! આ દ્રવ્ય ચૈતન્ય શું છે? એનો આશ્રય ન લીધો. દૃષ્ટિમાં એનો સ્વીકાર ન કર્યો, શું કર્યું એણે? આ વાત છે, ભાઈ! કોઈ શરણ નથી, ભાઈ! ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ શરણ છે. એ વ્યાધિ શરીરમાં આવશે, .. પકડાશે, શરીર ધ્રુજશે. આહા..હા..! બધા માણસ ભેગા થાશે જોવા માટે ભાઈને કેમ છે? ભાઈને કેમ છે? ચાલ્યા. અરેરે! ભાઈ! ત્યાં શરણ કોણ છે? અખંડાનંદ પ્રભુ આત્મા છે એનું જે જ્ઞાન દૃષ્ટિમાં લીધું હશે તો એ શરણ છે. આહા..હા..!

કીધું નહોતું ત્યાં? નાનાલાલભાઈના કાકાના દીકરા રાજકોટ. ૯૯ની સાલ. પુંજાભાઈનો દીકરો અમુલખ. નવી પરણ્યો હતો. અમારે ચોમાસું હતું અને હવે મરવાની તૈયારી થઈ. નવી પરણેલો બાઈને. કુટુંબ બધું ભેગું થયું. કરોડોપતિઓ બધા નાનાલાલભાઈ, બેચરભાઈ, મોહનભાઈ ત્રણે ભાઈઓ હતાને? બધા ભેગા થયા આખો ઓરડો ભરાઈ ગયો. બોલાવ્યા કે મહારાજને બોલાવો. હું ગયો. આખો ઓરડો ખીચોખીચ ભરેલો અને દીધે જ જાય. આ આમ લે અને આમ લે ત્યાં. આહા..હા..! મહારાજને વહોરાવો કાંઈક. બેચરભાઈને આંસુ ચાલ્યા જાય. બેચરભાઈ કરોડપતિ માણસ. આંસુ ચાલ્યા જાય. હાથમાં રકેબી આપી એમાં

મોસંબી કાંઈક હશે શું હતું ... આમ હાથમાં આપે પણ પકડાય છે ક્યાં? દેહની સ્થિતિ થવાની છે એમ. આહા..હા..! કરોડોપતિઓ ભાઈઓ ઉભા, બૈરા ઉભા, દીકરીયું, દીકરા. આહા..હા..! કોણ શરણ, બાપા? જ્યાં શરણ છે ત્યાં નજરું નાખી નથી અને જ્યાં શરણ નથી ત્યાં નજરું નાખી છે. આહા..હા..! પણ એ પણ શરણ નથી. પર્યાય છૂટી છે એ શરણ ક્યાં? આહા..હા..! કહો, ચંદુભાઈ! આહા..હા..!

સવારે આવ્યું હતું, નહિ? આ તો આવ્યું હતુંને ક્યાંક આપણે? ..નું સ્થાન નહોતું આવ્યું? સવારે આવ્યું હતુંને? હમણા? હમણા કહ્યું નહિ? ૨૦૩. આહા..હા..! ખરેખર ભગવાન આત્મામાં બહુ દ્રવ્યભાવો મધ્યે અતત્ સ્વભાવે અનુભવાતા, આત્માના સ્વભાવરૂપે નહિ. અનિયત અવસ્થાવાળા પર્યાય બધી. ... છે. તે બધાય પોતે અસ્થાયી હોવાને લીધે અસ્થાયી છે. આહા..હા..! સ્થાતાનું સ્થાન, રહેનારનું રહેઠાણ નહિ થઈ શકવાયોગ્ય હોવાથી. જુઓ, ભાષા. સમજાણું કાંઈ? આ પ્રવચનસાર પૂરું થયા પછી રામજીભાઈ કહે આ સમયસાર લેવાનું છે. એ પણ બરાબર છે, વ્યાજબી છે. ઓલું જ્ઞાન પ્રધાન કથન આવ્યાને ત્યાં એમ જાણે પર્યાય ભેગી હશે એમ ગોટો વળી ગયો. અને દૃષ્ટિ પ્રધાનમાં દ્રવ્યપ્રધાન એમ આવ્યું. સમજાણું કાંઈ? બેયમાં દૃષ્ટિનો વિષય તો અભેદ જ છે. બેયમાં જ્ઞાનપ્રધાન હો કે દર્શનપ્રધાન હો. વિષય બીજો ક્યો હોય? આહા..! જુઓને, સ્થાતાનું સ્થાન, રહેનારનું રહેઠાણ નહિ થઈ શકતું હોવાથી. પર્યાય પણ રહેનારનું રહેઠાણ નથી. એક સમયની પર્યાય છે ફટ... ફટ... ફટ... એક સેકન્ડમાં અસંખ્યવાર દોડતી ... ભાઈએ કીધુંને પ્રવચનસાર. દોડતી. આમ દોડતી એક સેકન્ડમાં અસંખ્ય પર્યાય નિર્મળ થાય. આહા..હા..! હવે એ સ્થાયી ક્યાં છે એ ચીજ? સમજાણું કાંઈ? ભગવાન તો ધ્રુવ સ્થિર છે, સ્થાયી છે. એ રહેનારને રહેઠાણનું એ સ્થાન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અપદભૂત છે. આહા..હા..! એ પર્યાયો બધી અસ્થાયી બધી છે એ અપદભૂત છે. ભલે અહીં વ્યભિચારી લીધી છે અશુદ્ધ. કારણ કે અશુદ્ધને છોડીને શુદ્ધનું ધ્યેય કરીને શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે એટલે પરથી ભિન્ન, સ્વભાવથી એકત્વ એવી જે દૃષ્ટિ પર્યાય એ ભેદજ્ઞાન છે. પરથી ભિન્ન, સ્વથી અભિન્ન એવી પર્યાય જે પ્રગટ કરી. આહા..હા..! એ છે પર્યાય, પણ એ પર્યાય નિર્મળ થઈ. સ્વની દૃષ્ટિ ભેદજ્ઞાન કરીને નિર્મળ થઈ. અશુદ્ધથી ભિન્ન પડતા શુદ્ધ ત્રિકાળ છે તેની દૃષ્ટિ કરતાં પર્યાયમાં નિર્મળતા આવી. આહા..હા..! સમજાણું કાંઈ? છતાં એ નિર્મળ પર્યાય અને ધ્યેય બે એક નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એક નહિ એટલે? એ સમ્યગ્દર્શનનો વિષય નહિ. એક તો થાય જ નહિ. એ તો પર્યાય તો એ સમ્યગ્દર્શનનો વિષય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

અભૂત છે 'અને જે સત્સ્વભાવે અનુભવાતો નિયત અવસ્થાવાળો એક નિત્ય અવ્યભિચારી ભાવ ચૈતન્યમાત્ર જ્ઞાનભાવ ધ્રુવ તે એક જ પોતે સ્થાયી હોવાને લીધે સ્થાતાનું સ્થાન, રહેનારનું

રહેઠાણ થઈ શકવાયોગ્ય હોવાથી...' આહા..હા..! 'તે પદભૂત છે.' સમજાણું કાંઈ? નિજપદ. શ્રીમદ્દે કહ્યુંને અનેકાંત માર્ગ પણ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ કરાવા સિવાય બીજી રીતે ઉપકારી નથી. નિજપદ ત્રિકાળ આનંદનો નાથ પ્રભુ એ નિજપદ છે. જે અહીં કીધુંને એ પદ. ચૈતન્યમાત્ર જ્ઞાનભાવ તે એક જ પોતે સ્થાયીભૂત હોવાથી તે પદભૂત છે. તે પદભૂત છે ત્રિકાળ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! 'તેથી સમસ્ત અસ્થાયી ભાવોને છોડી સ્થાયીભાવ સ્વરૂપ જે એવું પરમાર્થપણે સ્વાદમાં આવતું આ જ્ઞાન એક જ આસ્વાદવાયોગ્ય છે.' ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ તે જ આસ્વાદવાલાયક છે. આહા..હા..! સમજાણું? આસ્વાદલાયક છે એ પર્યાય થઈ, પણ આસ્વાદલાયક ત્રિકાળ જ્ઞાયકભાવ છે તે આસ્વાદવાલાયક છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા** :- આસ્વાદમાં તો આવતું નથી, શું લે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પણ પર્યાયનો સ્વાદ આવે છેને. એના તરફ વળ્યો એ પર્યાયનો સ્વાદ એનો છે એમ કહેવાય છે. એના તરફ વળી છેને એટલે એ ધ્રુવનો આસ્વાદ છે એમ કહેવાય. એ કહ્યું નહોતું ૧૧મી ગાથામાં? ૧૧મી ગાથા. કે જે પર્યાયની દૃષ્ટિ છે ત્યાં જ્ઞાયકભાવ એને તિરોભૂત છે. ૧૧મી ગાથા સમયસાર. પર્યાયબુદ્ધિ છે એક અંશ ઉપર બુદ્ધિ જ્યાં છે એને જ્ઞાનભાવ તિરોભૂત ઢંકાઈ ગયો છે. જ્ઞાયક તો જ્ઞાયક છે, પણ જેને જ્ઞાયકભાવ ઉપર દૃષ્ટિ કરી છે ત્યારે તે જ્ઞાયકભાવ પ્રગટ્યો-આવિર્ભાવ થયો એમ કહેવામાં આવે છે. ૧૧મી ગાથા જૈનશાસનનો પ્રાણ છે. ૧૧મી ગાથા તો જૈનદર્શનનો વસ્તુદર્શનનો પ્રાણ છે. આહા..હા..! ૧૧મી ગાથા. સમજાણું કાંઈ?

જ્ઞાયકભાવ આવિર્ભાવ થયો એમ કહ્યું ત્યાં. એટલે? પર્યાયમાં એનો ખ્યાલ આવ્યો એટલે જ્ઞાયકભાવ છે એમ આવિર્ભાવ પામ્યો એમ કહે છે. જ્ઞાયકભાવ છે એ તિરોભાવ અને આવિર્ભાવ પામતો જ નથી એ તો વસ્તુ ત્રિકાળ એક છે. પણ જે જ્ઞાયકભાવ ઉપર દૃષ્ટિ ન હોવાથી, એનો સ્વીકાર નહિ છે અને પર્યાયનો સ્વીકાર છે, પર્યાયબુદ્ધિમાં એક અંશનો સ્વીકાર છે, ત્યારે એને આ જ્ઞાયકભાવ ઢંકાઈ ગયો છે. અને જ્ઞાયકભાવની દૃષ્ટિ કરતાં જે જ્ઞાયકભાવ છે એમ પ્રતીતમાં આવ્યો ત્યારે તેને જ્ઞાયકભાવ પ્રગટ્યો, આવિર્ભાવ પામ્યો એમ કહેવામાં આવે છે. આહા..હા..! આવી ચીજ છે, બાપુ! એ વસ્તુની સ્થિતિ જ આવી છે. આહા..!

'વિમુક્ત છે. પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત કાય-વચન-મનના વ્યાપારના અભાવને લીધે ત્રિગુપ્ત છે.' આ ત્રિગુપ્ત હોં. અશુભથી એમ નહિ. શુભ-અશુભ બેયના મન, વચન અને કાયાના અભાવથી ગુપ્તિવાળો છે. આહા..હા..! 'અને સ્પર્શન, રસન, જ્ઞાન, ચક્ષુ અને શ્રોત્ર નામની પાંચ ઈન્દ્રિયો દ્વારા તે તે ઈન્દ્રિયોને યોગ્ય વિષયના ગ્રહણનો અભાવ હોવાથી.' આહા..હા..! 'બંધ કરેલી ઈન્દ્રિયવાળો છે.' ઈન્દ્રિયો બંધ થઈ ગઈ છે ત્યાં. આહા..હા..! અણેન્દ્રિયમાં દૃષ્ટિ ગઈ છે એથી ઈન્દ્રિયો બંધ થઈ ગઈ છે. આહા..હા..! ૩૧ છેને ઈન્દ્રિયને જીતીને.

૩૧મી ગાથામાં આવે છેને '**जो इंदिये जिणित्ता**' એટલે? દ્રવ્યેન્દ્રિયનું લક્ષ છોડી દે છે, ભાવેન્દ્રિય એક-એક ઇન્દ્રિયનો ક્ષયોપશમભાવ જે છે, એક-એક ઇન્દ્રિય એકને જાણે છે એનું લક્ષ છોડી દે છે, પર્યાયનું લક્ષ છોડી દે છે અને તેનો વિષય જે ભગવાન અરિહંત તીર્થંકર, સર્વજ્ઞ કે બીજા વિષયો એને પણ ઇન્દ્રિય કીધી. ત્રણેનું લક્ષ છોડી દે છે.

વસ્તુ તો આવી છે. ભગવાને એમ કહ્યું કે અમારું લક્ષ કરે એને ઇન્દ્રિયનું જ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? કુંદકુંદાચાર્યે એમ કહ્યું, ભગવાન ત્રિલોકનાથ તીર્થંકર ઉપર દૃષ્ટિ જાય તો એ પર્યાય વ્યભિચારી છે. કીધુંને આમાં ૨૦૩માં આવી ગયું. આહા..હા..! કેમકે એકલો આનંદનો નાથ એને આશ્રયે પ્રગટ થાય એ અવ્યભિચારી દશા છે. અને પોતે એકલો છે એને નિમિત્ત ઉપર લક્ષ કરીને એ પર્યાય થાય એ વ્યભિચારી બે ભેગા થઈ ગયાને? વિષયમાં બે ભેગા હોયને? એમ આ વ્યભિચારમાં બે ભેગા થયા. આહા..હા..! ઝીણો માર્ગ બહુ, ભાઈ! અનંતકાળ થયા એને નવમી ગ્રૈવેયક ગયો, અગિયાર અંગ ભણ્યો, નવ પૂર્વની લબ્ધિ પ્રગટી, અરે! વિભંગ અજ્ઞાન થયું એને. આહા..હા..! મિથ્યાદૃષ્ટિને પણ વિભંગ અજ્ઞાન થાય. આમ સાત દ્વીપ, સાત સમુદ્ર દેખે, પણ એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..! એ ક્ષયોપશમ કાંઈ આત્માનો નથી. ...ભાઈ! અભવિ હોં. આહા..હા..! અને ભવિ પણ મિથ્યાદૃષ્ટિ હોય છે અને વિભંગ એટલે કે સાત દ્વીપ, સાત સમુદ્ર ભાળે અંદર જ્ઞાનમાં. પણ એ તો પર છે, આત્મા ક્યાં જોયો? આહા..હા..! જોનારને જોયો નહિ અને માથાકુટ કરી બધી. આહા..હા..!

ઈ અહીં કહે છે. પાંચેય ઇન્દ્રિયના વિષયના ગ્રહણનો અભાવ થઈ ગયો. આહા..હા..! ભગવાન અરિહંત અને અરિહંતની વાણી એ પણ ઇન્દ્રિય છે. ઇન્દ્રિયનો વિષય તે ઇન્દ્રિય છે. આહા..હા..! એમ કુંદકુંદાચાર્ય પોકારે છે. એ વિષય જેણે બંધ કરી દીધો છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**બંધ કરેલી ઇન્દ્રિયોવાળો છે તે મહામુમુક્ષુ...**' જોયું! ચોથે ગુણસ્થાને મુમુક્ષુ કહેવાય, પણ આ તો મુનિની વાત છેને એટલે મહામુમુક્ષુ કીધો. આહા..હા..! '**પરમવીતરાગસંયમીને...**' પરમવીતરાગસંયમી. આહા..હા..! દ્રવ્યને આશ્રયે નિર્મળતા એટલી પ્રગટી કે પરમસંયમ વીતરાગદશા થઈ. એવા સંયમીને '**ખરેખર સામાયિકવ્રત શાશ્વત...**' એટલે શાશ્વતનો અર્થ? સાચું છે, સત્ય છે. સામાયિક તો પર્યાય છે. છતાં શબ્દ શાશ્વત છે. સ્થાયી શબ્દ છેને? એનો અર્થ શાશ્વત કર્યો. આહા..હા..! આ સામાયિકની પહેલી ગાથા. શરૂઆત અહીંથી સામાયિક શરૂ થાય છે. આહા..હા..!

'**મહામુમુક્ષુ પરમવીતરાગસંયમીને ખરેખર સામાયિકવ્રત...**' આ સામાયિકવ્રત નવમું એ વિકલ્પની અહીં વાત નથી. સામાયિક છેને? બાર વ્રત. સામાયિક નવમું વ્રત છે. એ વિકલ્પ છે. એની અહીં વાત નથી. આ તો નિર્વિકલ્પ સ્થિરતા થઈ છે તેને સામાયિક વ્રત કહેવામાં આવે છે. આહા..હા..! ભારે વાતું, ભાઈ! લોકોને આ નિશ્ચય એવું લાગેને કે આ બધો નિશ્ચયાભાસ થઈ જતો હોય, વ્યવહારનું તો કાંઈ અંદર મદદ મળતી નથી. આહા..હા..!

એવા સંતોને જેને ત્રિકાળી દ્રવ્યનો ઉગ્ર આશ્રય લીધો છે. સમકિત દર્શનમાં ઉગ્ર આશ્રય નથી, અભેદનો આશ્રય છે એટલું, પણ સંયમીને અભેદનો ઉગ્ર આશ્રય છે. સમજાણું કાંઈ? એને સામાયિક સાચી હોય છે. આહા..હા..! '**સ્થાયી છે.**' આહા..હા..!

'**(હવે, આ ૧૨૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :)**' ૨૦૩ આવ્યો.

(मंदाक्रांता)

इत्थं मुक्त्वा भवभयकरं सर्वसावद्यराशिं
नीत्वा नाशं विकृतिमनिशं कायवाङ्मानसानाम्।
अन्तःशुद्धया परमकलया साकमात्मानमेकं
बुद्ध्वा जन्तुः स्थिरशममयं शुद्धशीलं प्रयाति।।२०३।।

'**શ્લોકાર્થ :- આ રીતે ભવભયના કરનારા સમસ્ત સાવદ્યસમૂહને...**' જુઓ, એ પુણ્ય અને પાપ બધા ભવભયના કરનારા છે. આહા..હા..! શુભ અને અશુભભાવ બેય સંસાર છે, ભવભયના ઉત્પન્ન કરનારા છે. આહા..હા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, અપવાસ એ બધો શુભભાવ છે. એ ભવભયનો કરનાર છે. ભવ ઉત્પન્ન કરનારા છે એ તો. આહા..હા..! એવા '**સમસ્ત સાવદ્યસમૂહને છોડીને, કાય-વચન-મનની વિકૃતિને નિરંતર નાશ પમાડીને,...**' બેય બોલ આવ્યા હતા પાંચમામાં. છેને સર્વસાવદ્ય અને ત્રિગુપ્ત પાઠ છેને બે? બેનો અર્થ કર્યો. સમસ્ત શુભ-અશુભભાવ છોડીને. ઉપદેશમાં તો સમજાવું શી રીતે? એટલે દ્રવ્યનો આશ્રય કરે છે ઉગ્રપણે ત્યાં ઓલા છૂટી જાય છે એટલે ઉત્પન્ન થતા નથી એટલે એને છોડીને એમ કહેવામાં આવે છે. આ શબ્દાર્થ છે. એનો આ ભાવાર્થ છે. શબ્દાર્થ તો એમ આવ્યું કે સર્વસાવદ્યયોગને છોડીને. એ શબ્દાર્થ થયો, અક્ષરાર્થ થયો, પણ એનો ભાવાર્થ? કે દ્રવ્યનો ઉગ્ર અભેદનો આશ્રય કરે છે ત્યારે એ મન, વચન અને કાયાના વિકલ્પો ઉત્પન્ન થતાં નથી એને છોડીને કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આવું લૂખું લાગે. અરેરે!

મોક્ષપાહુડમાં છેને ભાવપાહુડમાં, હે મહાયશ! દ્રવ્યલિંગ ધારણ કરનાર એમ કીધું. પણ તારી વીતરાગ ભાવના એટલે દ્રવ્યના આશ્રયની ભાવના વિના તારું નિરર્થક છે. સમજાણું કાંઈ? બહુ શબ્દ વાપર્યા છે. મહાયશ, મહામુનિ, મુનિવર, હે મિત્ર.. આહા..હા..! તારા પંચમહાવ્રતની ક્રિયા ને વ્રત ને તપનો ભાવ બાપુ એ તો પુણ્યબંધનું કારણ, સંસારનું કારણ છે. આહા..હા..! એવા દ્રવ્યલિંગ ધારણ કરીને પણ પ્રભુ! તું અનેકવાર, અનંતવાર જન્મ્યો અને મર્યો છો. આહા..હા..! પણ ભગવાન અભેદ ચૈતન્યમૂર્તિ એની પર્યાયમાં એનો આશ્રય લીધો નહિ. આહા..હા..! પર્યાયને એનું શરણ ન લીધું. પર્યાયે પર્યાયનું અને રાગનું શરણ લીધું. સમજાણું કાંઈ? આહા..હા..!

અને '**કાય-વચન-મનની...**' એક વચન છે વચનમાં. અને કાય શબ્દ વાપર્યો છેને ત્યાં

કાય.. નહિતર તન, વચન અને મન. તન, વચન અને મન ત્રણે એકાર્થ થઈ જાય. એની **'વિકૃતિને નિરંતર નાશ પમાડીને,...'** આહા..હા..! એ નાસ્તિથી વાત કરી, હવે અસ્તિ કોનો આશ્રય લેવો? વ્યવહાર પહેલો બતાવ્યો આ. **'અંતરંગ શુદ્ધિથી પરમકળાસહિત...'** આહા..હા..! અંતરંગ શુદ્ધિથી પરમકળાસહિત **'(પરમજ્ઞાનકળાસહિત) એક આત્માને જાણીને...'** આહા..હા..! અંતરંગ શુદ્ધિથી પરમકળાસહિત. અંતર નિર્મળદશા દ્વારા પરમકળા સહિત એવો ભગવાન આત્મા. આહા..હા..! એવા **'એક આત્માને જાણીને...'** જુઓ, ભાષા! આહા..! એક સ્વરૂપી ભગવાન ધ્રુવ જેમાં પર્યાયનું અનેકપણું પણ જેના સંબંધમાં નથી. આહા..હા..! આવી વાતું ભારે. એક વસ્તુ. એક વસ્તુ. પર્યાય ભેગી થઈ જાય તો દ્વૈત થઈ જાય છે, પણ પર્યાય એકને આશ્રય કરે છે. પર્યાય, પર્યાયનો અને પર્યાય દ્રવ્યનો આશ્રય કરે છે એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! આવી ચીજ છે. આ શરાફનો ધંધો છે આ. શેઠને શરાફનો ધંધો છેને. શરાફનો ધંધો. આ શરાફનો ધંધો છે એ તો. આહા..હા..! અંતરની પેઢીએ વેપાર કરવો એ શરાફનો ધંધો છે. ભગવાનજીભાઈ! આહા..હા..! લોકોને એવું લાગે ઓલા વ્યવહારના રસિયા છેને આ નિશ્ચય-નિશ્ચયની વાત જાણે કોને માટે? અત્યારે હોય અમારે? વ્યવહાર કરીએ કરતાં-કરતાં નિશ્ચય થાય. એટલે ઈ પછી થાય કરતાં-કરતાં એમ. ક્યાં કેટલા વર્ષે એની ક્યાં ખબર છે એને? એવો વ્યવહાર તો અનંતવાર કર્યો. આહા..હા..! શાસ્ત્રના ભણતર અનંતવાર કર્યા. અબજો શ્લોકો કંઠસ્થ. આહા..હા..!

**શ્રોતા :-** (શુભભાવ પરંપરા મોક્ષનું કારણ છેને?)

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છેને, પણ કોને? જેને અભેદની અનુભવ દૃષ્ટિ થઈ છે એને શુભભાવ છે એ પરંપરા એ અશુભ અત્યારે નથી અને શુભ છોડીને ઠરશે એમ ત્યાં વાત છે. આહા..હા..! અરેરે! એવું તો અનંતવાર કર્યું. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' એવું તો અનંતવાર થયું. એને પરંપરા ન લાગુ પડી. અનંતવાર. ત્યાં એ બોલ્યા હતા. શાંતિસાગર આવ્યા હતાને ત્યારે. આમ નરમ માણસ, પણ તત્ત્વની ખબર ન મળે. ત્યારે તે બોલ્યા હતા, ૩૨વાર દ્રવ્ય ચારિત્ર પાળે તો એકવાર ભાવચારિત્ર આવે. અહીં ૯૭માં આવ્યા હતા. પોષ મહિનામાં મહારાજ! એમ નથી. ત્યારે કહે કે ગોમ્મટસારમાં બતાવું. ગોમ્મટસારમાં એમ નથી. ગોમ્મટસારમાં તો ૩૨વાર ભાવચારિત્ર આવે તેની મુક્તિ થાય એમ વાત છે. દ્રવ્યચારિત્ર તો અનંતવાર... પણ આમ બિચારા નરમ માણસ, પણ હવે અધ્યાત્મ નહિને. એ દૃષ્ટિ વસ્તુ હતી જ નહિ. અરે! શું થાય? અને એટલી વાત .. એ વાત ગુમ થઈ ગઈ હતી. બિચારા ક્રિયા કરે, આમ કરે. એક ભાઈ તો કહેતા હતા આમ નગ્ન થઈને બેઠા છીએ, પણ કર્મ ખસ્યા વિના શી રીતે લાભ થાય એમ કહેતા હતા બિચારા. કર્મનું લાકડું ભારે આ જગતને. આહા..હા..!

અહીં કહે છે **'અંતરંગ શુદ્ધિથી...'** નિર્મળ પર્યાયથી **'પરમકળાસહિત એક આત્માને જાણીને...'** એક આત્મા, ધ્રુવ ચૈતન્યમૂર્તિ નિત્યાનંદ પ્રભુ. **'એક આત્માને જાણીને...'**

એક આત્મા તે ધ્રુવ, જાણીને તે પર્યાય. સમજાણું કાંઈ? પરમકળા વસ્તુ અંદર. એ વસ્તુ પોતે જ પરમકળાસહિત ભરેલી છે એમ કહે. જ્ઞાનની કળાથી ભરેલી ચીજ છે. એ કળા બહારથી આવતી નથી કાંઈ. કીધું નહિ?

**શ્રોતા** :- પરમકળા એ પર્યાય કે દ્રવ્ય?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ના, દ્રવ્ય. '**પરમકળાસહિત એક આત્મા...**' એમ લીધુંને? '**પરમકળાસહિત એક આત્મા...**' એ પહેલા આવી ગયું છે. ઓલામાં લખ્યું છે. પહેલું જૂનું છેને એમાં લખ્યું છે પરમકળા. જુઓ આ છે. કળાબાજ આત્મા છે. જ્ઞાનકળા, દર્શનકળા, આનંદકળા સ્વભાવ. સમજાણું કાંઈ? એ તો આમાં? ૧૮૨. એ આવી ગયું છે. આપણે આવ્યું છે. 'જે શ્રદ્ધા અંતર્મુખ પરિણમનથી પરમકળાના આધારભૂત અતિ અપૂર્વ આત્માને ધ્યાવે છે.' ત્યાં તો પરમકળા પર્યાય લીધી. પરમકળાનો આધાર અતિ અપૂર્વ આત્મા એને ધ્યાવે છે. પણ જોયું? પરમ કળાનો આધાર અતિ અપૂર્વ આત્મા. એને ધ્યાવે તેને નિત્ય પ્રત્યાખ્યાન છે. 'અંતર્મુખ પરિણમનથી પરમકળાનો આધાર છે...' એ કોણ? કે આત્મા. એને જે ધ્યાવે છે એ પર્યાય. આહા..હા..! એ આવ્યું હતું. એ આમાંને? અહીંનું છેને? આ ક્યાંથી મળ્યું આ? એમાં ક્યાંક લખ્યું છે. આહા..હા..! હા, હા, છે એ તો આવી ગયું છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**જીવ સ્થિરશમમય શુદ્ધ શીલને પ્રાપ્ત કરે છે...**' આહા..હા..! એક ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ એને '**જાણીને જીવ સ્થિરશમમય...**' એ ઉપરાંત. સ્થિરશમમય શુદ્ધ શીલ. સ્થિર સમતામય શુદ્ધ આચરણ. શીલ એટલે સ્વભાવ એને '**પ્રાપ્ત કરે છે...**' એ સામાયિક. સમજાણું કાંઈ? જયંતિભાઈ! આવી સામાયિક કરી હતી કે નહિ કોઈ દિ'? બધી ઓલી થોથા કરી હશે. સામાયિક-બામાયિક કરી છે કે નહિ આ વાડાની? આહા..હા..!

એક ભગવાન પૂર્ણાનંદનો નાથ અભેદ એને જાણીને જીવ એટલે જાણવું. સ્થિર શમમય એ ચારિત્ર છે. '**સ્થિરશમમય શુદ્ધશીલ...**' દેખો, ભાષા કેટલી વાપરી છે! સ્થિર સમતામય, વીતરાગ પરિણામમય શુદ્ધશીલ, શુદ્ધ બ્રહ્મચર્ય, શુદ્ધ આત્માનો સ્વભાવ. શીલ એટલે પર્યાય. એને પ્રાપ્ત કરે છે. આહા..હા..! '**(શાશ્વત સમતામય શુદ્ધચારિત્રને પ્રાપ્ત કરે છે**'. ઓલો શાશ્વત શબ્દ છે ખરોને. સ્થાયી છેને? શાશ્વત સમતામય શુદ્ધચારિત્ર એ ચારિત્ર જ શાશ્વત થયું. શાશ્વત એટલે કાયમ સ્થિત સત્ય એ સામાયિકને સ્થિરતાને શાશ્વત કીધી છે. સમજાણું કાંઈ? શાશ્વતમાંથી પ્રગટેલી દશાને પણ શાશ્વત કીધી છે. આહા..હા..! પર્યાય હિસાબે. થાય છેને. સામાયિકની વ્યાખ્યા છેને. પ્રશસ્ત '**सामाइगं ठाइ**' એ '**ठाइ**'નો અર્થ શાશ્વત કર્યો છે. આહા..હા..! એ ૨૦૩ થયો. ૨૦૩ કળશ-કશળ. આહા..હા..! '**विरदो सव्वसावज्जे तिगुत्तो पिहिदिंदिओ।**' ત્રણ. સાવદ્યથી વિરક્ત, ત્રિગુપ્તિમય અને ઇન્દ્રિયથી નિરોધ. '**तस्स सामाइगं ठाइ**' એ વર્તમાન પર્યાય છે. પણ '**ठाइ**' છે એટલે સાચી છે, સ્થિર છે, ધ્રુવ

છે. એટલે? ધ્રુવમાંથી આશ્રયે નીકળેલી પર્યાયને પણ ધ્રુવ કહેવામાં આવે છે. આહા..હા..!

**શ્રોતા :-** ... એ પર્યાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પર્યાય છે. અંતરશુદ્ધિથી પરમકળાસહિત આત્માને જાણીને. આહા..હા..! '**સ્થિરશમમય શુદ્ધ શીલને પ્રાપ્ત કરે છે...**' એને સાચી સામાયિક શાશ્વત સમતામય શુદ્ધચારિત્ર એ પર્યાયની વાત છે હોં એ બધી. શાશ્વત સમતામય એટલે પર્યાય. આહા..! પુણ્યનો ભાવ જેને સામાયિક કહે એ તો વ્યવહાર થયો. અશાશ્વત વસ્તુનો આશ્રય થયો. પરનો આશ્રય થયો. આ તો સ્વનો આશ્રય શાશ્વત વસ્તુ એને આશ્રયે જે સામાયિક થઈ એ શાશ્વત પર્યાયમાં કહેવામાં આવે છે. એ ૨૦૩ થયો. વિશેષ કહેશે...

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## કારતક વદ-૬, સોમવાર, તા. ૨૪-૧૧-૧૯૭૫
## ગાથા-૧૨૬, કળશ-૨૦૪ થી ૨૦૭, પ્રવચન નં. ૧૦૪

૧૨૬ ગાથા, નિયમસાર, પરમ-સમાધિ અધિકાર.

**जो समो सव्वभूदेसु थावरेसु तसेसु वा।**
**तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे।।१२६।।**
**સ્થાવર અને ત્રસ સર્વ ભૂતસમૂહમાં સમભાવ છે,**
**સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૨૬.**

'ટીકા :- **અહીં, પરમમધ્યસ્થભાવ** વગેરે...' એટલે કે વીતરાગભાવ. આહા..! મધ્યસ્થભાવ એટલે વીતરાગભાવ. આત્મા વીતરાગસ્વરૂપ જ છે. વસ્તુ આત્મા એ વીતરાગમૂર્તિ છે. એને આશ્રયે થયેલી વીતરાગ પર્યાય એને અહીં મધ્યસ્થભાવ કહેવામાં આવે છે. એવા મધ્યસ્થભાવ વગેરે. વગેરે એટલે એ સમાધિ કહો, વીતરાગભાવ કહો, મોક્ષનો માર્ગ કહો, નિર્વિકલ્પદશા કહો. વગેરે શબ્દ છેને? '**આરૂઢ...**'

**શ્રોતા :-** શુદ્ધોપયોગ કહો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શુદ્ધોપયોગ કહો. બધું એ તો એક જ. આહા..હા..! આ શ્લોક તો આવે છે આ લોકોમાં, સ્થાનકવાસીમાં. '**जो समो सव्वभूदेसु तसेसु थावरेसु**' એટલો શબ્દ ફેર આવે છે એમાં. '**तसेसु**' પહેલો શબ્દ અને પછી '**थावरेसु**' એવો આવે છે. આ તો પહેલી ૬૮માં કરેલી એ યાદ અત્યારે આવી હતી. આમાં આ છે '**थावरेसु तसेसु**' જેને અંતર વીતરાગદશા પ્રગટી છે. એમ કહે છે અહીં. આહા..હા..! પુણ્ય-પાપના ભાવ જે

રાગ એનાથી ભિન્ન અને સ્વભાવ જે ત્રિકાળી છે તેની પર્યાયનો તેમાં અભેદભાવ થતાં, અભેદ એટલે? પર્યાયમાં વીતરાગતા આવતા એમ. આહા..હા..! એને અહીંયાં સમાધિ અથવા સામાયિક એને કહે છે. આહા..હા..! **'આરૂઢ થઈને રહેલા પરમમુમુક્ષુનું સ્વરૂપ કહ્યું છે.'** અહીં તો ચોથે ગુણસ્થાને સમ્યગ્દૃષ્ટિ મુમુક્ષુ છે. પણ એને આ સામાયિકની સ્થિરતા અને વીતરાગતા નથી. આહા..હા..!

**શ્રોતા :-** એની ભૂમિકા પ્રમાણે છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભૂમિકા પ્રમાણે છે પણ છતાં એ વીતરાગતા નથી. એ જે ચારિત્ર સામાયિકની વીતરાગતા એ સંયમની સ્થિરતા છે.

**શ્રોતા :-** કષાયના અભાવરૂપ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ નથી એને. એરૂપ સ્વરૂપ આચરણ છે. સમજાણું કાંઈ? આમાં એ તો નથી આવતું? એમાં કહેતા શ્વેતાંબરમાં તો. અનુ.. એવું આવે છે. સમ્યગ્દર્શન સામાયિક, સમ્યગ્જ્ઞાન સામાયિક, સમ્યક્ ચારિત્ર સામાયિક—ત્રણ પ્રકારની સામાયિક એમાં આવે છે. એ વખતે અમે કહેતા હતા. સમ્યગ્દર્શન જે છે પર્યાય સમ્યગ્દર્શન, પણ એનો વિષય છે એ પર્યાય વિનાનો ત્રિકાળી ધ્રુવ. એને પણ સમ્યગ્દર્શનને સામાયિક કહેવામાં આવે છે. દર્શન પૂરતી સામાયિક. દર્શનસામાયિક. અને તેનું જ્ઞાન અને આનંદસ્વભાવી ભગવાન એનું જે જ્ઞાન થવું એને સમ્યગ્જ્ઞાનરૂપી સામાયિક કહેવામાં આવે છે. એ ઉપરાંત આ તો ચારિત્રની સામાયિકની વ્યાખ્યા છે. આહા..હા..!

**શ્રોતા :-** પોતાની ભાવના માટે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ તો અંતર વસ્તુ પોતે મુનિ છેને તો પોતાની ભાવના માટે બનાવ્યું છે આ. કુંદકુંદાચાર્ય કહે મારી ભાવના માટે મેં આ બનાવ્યું. આહા..હા..! એવા **'પરમમુમુક્ષુ...'** એટલે ચોથે ગુણસ્થાને કરતાં છઠ્ઠે ગુણસ્થાને અને સાતમે છે એ પરમમુમુક્ષુ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? પાપના પરિણામ તો દુઃખરૂપ અને બંધનનું કારણ છે. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના પાપ છે. પણ અહીં તો પુણ્યના પરિણામ જે દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ એ પણ દુઃખરૂપ અને આકુળતાનું કારણ છે. એનાથી ખસીને જેણે અનાકુળ શાંતિ અને મધ્યસ્થ વીતરાગભાવ પ્રગટ કર્યો છે. એવા મુમુક્ષુનું આ સ્વરૂપ કહ્યું છે. આહા..હા..!

**'જે સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો શિખામણિ...'** આહા..હા..! સ્વભાવિક પરથી હઠી ગયો છે, કહે છે. પુણ્ય-પાપના વિકલ્પની લાગણીઓથી હઠી ગયો છે. સમજાણું કાંઈ? સ્વરૂપ જે શુદ્ધ ચૈતન્ય અખંડ છે તેની દૃષ્ટિ અને જ્ઞાનમાં આવ્યો અને પુણ્ય-પાપના ભાવથી હઠી ગયો. સમજાણું કાંઈ? પૂર્ણસ્વરૂપ જે પરમાત્મા પોતે, પરમાત્મસ્વરૂપ જ છે, એની દૃષ્ટિ અને જ્ઞાનમાં અને અંશે સ્થિરતામાં આવ્યો. આ તો હવે પુણ્ય-પાપના વિકલ્પથી

ખસીને વીતરાગભાવમાં આવ્યો એને અહીંયાં સામાયિક અને સમાધિ કહેવામાં આવે છે. ઓલા બાવા ચડાવી દે સમાધિ એ આ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? '**સહજ...**' શુભ-અશુભભાવથી પણ સ્વભાવિક વૈરાગ્ય છે એને. આહા..હા..! જ્ઞાન અને વૈરાગ્ય બે શક્તિ લીધી છેને નિર્જરા અધિકાર. સમ્યગ્જ્ઞાનીને બે શક્તિ સહજ હોય છે. આહા..હા..! વસ્તુની પૂર્ણતા એની પ્રતીત અને એનું જ્ઞાન અસ્તિથી અને પુણ્ય-પાપના વિકલ્પની નાસ્તિથી વૈરાગ્ય. સમજાણું કાંઈ? એવો સ્વભાવિક વૈરાગ્ય. આહા..હા..!

શુભરાગ છે એનાથી હઠી ગયો છે એને અહીંયાં સહજ વૈરાગ્ય કહેવામાં આવે છે. મુનિ છેને એટલે વિશેષ વાત તો કરે છેને. સ્વભાવિક વૈરાગ્ય. આહા..હા..! એ સ્વભાવિક '**વૈરાગ્યરૂપી મહેલ...**' મોટો મહેલ હોં. એનું શિખર, એનો શિખામણિ. મણિરત્ન ઉપર હોય. '**(અર્થાત્ પરમસહજવૈરાગ્યવંત મુનિ) વિકારના કારણભૂત સમસ્ત મોહરાગદ્વેષના અભાવને લીધે...**' આહા..હા..! અહીં તો સમસ્ત મોહ-રાગ-દ્વેષનો અભાવ. સમસ્ત મોહ-રાગ-દ્વેષનો અભાવ તો બારમે થાય. પણ એ અહીં સમસ્ત રાગ-દ્વેષ-મોહનો અભાવ જ છે મુનિને. જેટલે અંશે મોહ અને રાગ-દ્વેષ ગયો છે એટલે અંશે અહીં સમતા અને વીતરાગતા પ્રગટી છે. સમજાણું કાંઈ? '**સમસ્ત મોહરાગદ્વેષના અભાવને લીધે ભેદકલ્પનાવિમુક્ત...**' આહા..હા..! જે ગુણગુણીની ભેદની કલ્પનાથી પણ રહિત છે. આહા..હા..! જુઓ, આ સામાયિક. કહો, ચંદુભાઈ! પેલી સામાયિક કરી હતીને કે નહિ કોઈ દિ'? નથી કરી? ઠીક. ઓલી ખોટી સામાયિક કરી હતી કે નહિ કીધું.

**શ્રોતા :-** ખોટીને સાચી માનીને કરી હતી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સાચી માનીને કરી હોય છે. આહા..હા..! અહીં તો કહે છે ભગવાન પૂર્ણાનંદ, જ્ઞાનાનંદસ્વરૂપી પ્રભુ. એની સન્મુખના સમ્યગ્દર્શન અને જ્ઞાનના પરિણામ એ સિવાય પુણ્ય-પાપના વિકલ્પથી હઠીને સહજ વૈરાગ્યની દશામાં વીતરાગતામાં જે આવ્યો છે. આહા..હા..! એ ભેદકલ્પનાવિમુક્ત છે. રાગથી તો હઠી ગયો છે, પણ ભગવાન આત્મા ગુણી છે અને એના આ ગુણ છે એવી ભેદકલ્પનાથી પણ વિમુક્ત થયો છે. આહા..હા..! ભારે કામ આકરું! કહો, હીરાભાઈ! રાયચંદભાઈ બહુ કરતા સામાયિક હંમેશા ..આવીને બેસે આમ. જાવ. જય નારાયણ. સામાયિક કરીને પછી દુકાને જાય. આહા..હા..! એ સામાયિક નહિ, ભાઈ! હજી જેના દેવ, ગુરુ અને શાસ્ત્ર સાચા નથી એને સમ્યગ્દર્શન ન હોય.

**શ્રોતા :-** કષ્ટપૂર્વક પ્રશસ્ત પ્રૌષધવ્રત કરે છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, કરેને. કરતા હતાને અમારે ત્યાં. અમારે ત્યાં ૨૪-૨૪ કલાક ઉપરાંત ૩૦ કલાકનો પોષો કરતા. પોપટભાઈ હતાને, પોપટભાઈ નહિ? કાંતિભાઈ! ખબર નહિ? પોપટભાઈ નહોતા? પોપટભાઈ ગાંધીના જમાઈ અમૃતલાલ ગાંધી નહિ, સામે? અપાસરાની સામે. એના હતાને પોપટભાઈ હતા સાયલાના. ઓલા મોઢના દેરામાં એ ૩૦

કલાકની કરતા સામાયિક. આખી રાત જાગે હોં. હોંકારો આપતા. શ્વાસ ચડતો હોંકારો આપતા. એ માને કે અમે આ સામાયિકનું માસખમણ કર્યું એમ. માસખમણ સમજો છો? ૩૦ અપવાસ હોય છેને? તો એમાં ૩૦ કલાકની સામાયિક એમ. આહા..હા..! અહીં તો કહે છે કે એક ક્ષણની પણ સામાયિક પુણ્ય-પાપના વિકલ્પથી હઠી પૂર્ણાનંદના નાથની ઉપર નજર પડતા વિકલ્પરહિત એ દૃષ્ટિ અને વિકલ્પરહિત ચારિત્ર વીતરાગતા થઈ એ ભેદકલ્પનાથી પણ મુક્ત છે, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**પરમસમરસીભાવસહિત...**' ભેદ કલ્પના તો વિકલ્પ છે એનાથી રહિત. આહા..હા..! પરમસમરસીભાવ. સમતાભાવના ઝરણા જેમાં ઝરતા હોય છે. આહા..હા..! અતીન્દ્રિય આનંદનો જ્યા સ્વાદ હોય છે. સમજાણું કાંઈ? એવો જે '**સમરસીભાવસહિત હોવાથી...**' આવા કારણે એમ કહે. '**ત્રસ-સ્થાવર (સમસ્ત) જીવનિકાયો...**' સમૂહ જીવનો. '**પ્રત્યે સમભાવવાળો છે,...**' પ્રત્યે જ્ઞાતા-દૃષ્ટા થયો વીતરાગભાવ એટલે સમભાવ છે એમ કહે. આને હણવો કે આને બચાવવો એ કાંઈ રહ્યું નથી. આહા..હા..! '**તે પરમજિનયોગીશ્વરને...**' આહા..હા..! એ પરમજિનયોગીશ્વર આટલા શબ્દો વાપર્યા છે. પરમજિન જેણે પોતાની પર્યાયને ત્રિકાળમાં જોડી છે. એવો જિનયોગી એટલે યોગ કર્યો છે સ્વભાવ સાથે. એનો પણ ઈશ્વર છે. આહા..હા..! મુનિ છેને. મુનિપણું કેવી ચીજ છે હજી લોકોને એની ખબર ન મળે અને એમ ને એમ હાંકે જાય. બાપા! મુનિપણું બાપુ! હજી તો જેને સમ્યગ્દર્શનના ઠેકાણા નથી હજી. એને મુનિપણું ક્યાંથી આવે?

**શ્રોતા :-** નગ્ન હોય તે મુનિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નગ્ન હોય તે મુનિ. કોણે કહ્યું? હા, સાચી વાત. બહાર એમ કહે લોકો તો કહે. નગ્ન થાય, બાયડી-છોકરા છોડે. અરે! ભાઈ! એ વસ્તુ ક્યાં? આ તો છૂટેલી પડી જ છે એને છોડવી શું? વસ્તુ છે ત્રિકાળી આનંદનો નાથ. આહા..હા..! પરમાત્મસ્વરૂપે કારણપરમાત્મા એના અંતરમાં દૃષ્ટિથી ભેટા કર્યા હોય આહા..હા..! અને ઉપરાંત પછી વીતરાગતા પ્રગટ કરી હોય અને પુણ્ય-પાપના વિકલ્પથી હઠી ગયો હોય. આહા..હા..! આનંદને ઝૂલે ઝૂલતો હોય. આહા..હા..! આ છોકરાને નાખે છેને ઘોડિયામાં. એમ અતીન્દ્રિય આનંદને ઝૂલે ઝૂલતો હોય છે અંદર. આહા..હા..! એવા દશાવંતને સામાયિક કહે છે. સમજાણું કાંઈ? એ આવે છે જયસેનાચાર્યની ટીકામાં પ્રવચનસારમાં. શ્રાવકને પણ સામાયિક આદિ કાળમાં શુદ્ધોપયોગ થઈ જાય છે. સમજાણું? ત્યાં ભાવના કીધી છે એટલે શુદ્ધોપયોગ છે. એ ઓલા અર્થના કરનારા બીજો અર્થ કરે એમાં. એને ભાવના હોય છે એમ કહે. સામાયિકમાં શુદ્ધોપયોગની ભાવના. અરે! પ્રભુ! અર્થ કરવામાં પોતાની વાતનું પોષણ ન થાય એટલે ઉંધા અર્થ કરીને એમ કે શ્રાવકને વળી શુદ્ધ ઉપયોગ કેવો એમ. એ તો ના પાડી છે શુદ્ધ ઉપયોગની એ તો મુનિને યોગ્ય શુદ્ધ ઉપયોગની ના પાડી છે. આહા..હા..! એને શુદ્ધ ઉપયોગ હોય છે.

આહા..હા..! સમ્યગ્દર્શનના કાળમાં પણ શુદ્ધ ઉપયોગમાં એ સમ્યક્ થાય છે. આહા..હા..! અને પછી પણ અંતરમાં શાંતિ ને સ્વભાવમાં પ્રયોગ કરતાં, સ્થિર થતાં શુદ્ધ ઉપયોગ થઈ જાય છે. સમજાણું કાંઈ? એને અહીંયાં સામાયિક કહેવામાં આવે છે. આહા..હા..!

**શ્રોતા :-** બે પ્રકારનો શુદ્ધોપયોગ થયો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એક શુદ્ધોપયોગ સમ્યગ્દર્શનનો હોય છે અને એક શુદ્ધોપયોગ ચારિત્રનો હોય છે. ચોથે, પાંચમેં શુદ્ધોપયોગ હોય છે, પણ ઓલો ચારિત્રનો જે ઉગ્ર શુદ્ધોપયોગ એ નહિ. અને મુનિને જે શુદ્ધોપયોગ હોય છે એ ચારિત્રનો શુદ્ધ ઉપયોગ હોય છે એને. આહા..હા..!

**શ્રોતા :-** પોણી-પોણી સેકન્ડનું...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ...

'**તે પરમજિનયોગીશ્વરને સામાયિક નામનું વ્રત...**' આ વિકલ્પનું વ્રત એ અહીં નથી. આ તો નિર્વિકલ્પ સ્થિરતાના વ્રતની વ્યાખ્યા છે. આનંદના નાથને વળગીને વીંટાઈ ગયો છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે! આવી વ્યાખ્યા. આ સુખને પામવાની આ રીત છે. બાકી બધા દુઃખના રસ્તા છે. આ પુણ્ય ને પાપ ને શુભ ને અશુભ બધી આકુળતા... આકુળતા... આકુળતા... સમજાણું કાંઈ? સુખને પામવાની આ રીત છે કે જ્યાં સુખ પૂર્ણ ભર્યું છે. એ આનંદની મૂર્તિ જ આત્મા છે. આહા..હા..! એનો જેણે દૃષ્ટિએ સ્વીકાર કર્યો છે. ભગવાન આત્મા તો અતીન્દ્રિય સુખનો સાગર છે. આહા..હા..!

**શ્રોતા :-** કે દિ'?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અત્યારે. અનાદિ. આહા..હા..! અતીન્દ્રિય અમૃતના સુખનો સાગર ભગવાન છે. આહા..! આ ઈન્દ્રિયના સુખોમાં કલ્પના કરે તે તો ઝેર છે. આહા..હા..! વસ્તુ પોતે અતીન્દ્રિય આનંદનો સ્વભાવવાળું સ્વરૂપ છે. એને જેણે સમ્યગ્દર્શનને પકડ્યું છે. આહા..હા..! એ ઉપરાંત જેનો ઉગ્ર આશ્રય લઈને, શાંતિ... શાંતિ... વીતરાગભાવ, મધ્યસ્થભાવ પ્રગટ કર્યો છે એને સામાયિક હોય છે. આહા..હા..!

'**એમ વીતરાગ સર્વજ્ઞના માર્ગમાં સિદ્ધ છે.**' લ્યો! એ નામનું સનાતન પાછું કીધું જુઓ એ સનાતન. છે તો પર્યાય સામાયિકની, પણ સાચી છે માટે એને સનાતન સામાયિક કીધી. સમજાણું કાંઈ? સનાતન સ્થાયી પાઠ છેને '**ठाइ**' છે '**ठाइ**'. '**ठाइ**'નો અર્થ કર્યો સનાતન. '**એમ વીતરાગ સર્વજ્ઞના માર્ગમાં સિદ્ધ છે.**' આહા..હા..! સર્વજ્ઞનાં વીતરાગમાર્ગમાં આવી સામાયિક હોય છે એમ કહે છે. આહા..હા..!

**શ્રોતા :-** જ્યારે પણ થાય ત્યારે આવી જ થશે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જ્યારે હોય ત્યારે આવી જ હોય. આહા..હા..!

'**પરમજિનયોગીશ્વરને...**' પરમ જિન યોગ અને ઈશ્વર એટલા શબ્દ વાપર્યા મુનિ માટે. આહા..હા..! '**સામાયિક નામનું વ્રત સનાતન (સ્થાયી) છે...**' સ્થિર છે, અકંપ છે.

આહા..હા..! છે તો એ પર્યાય. સમજાણું કાંઈ? પણ વીતરાગભાવે છે માટે એને સ્થિર કહેવામાં આવી છે. આહા..હા..!

'(હવે, **આ ૧૨૬મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ આઠ શ્લોક કહે છે :)**' ગાથા એક અને શ્લોક આઠ. ૨૦૪.

(मालिनी)

त्रसहतिपरिमुक्तं स्थावराणां वधैर्वा
परमजिनमुनीनां चित्तमुच्चैरजस्रम्।
अपि चरमगतं यन्निर्मलं कर्ममुक्त्यै
तदहमभिनमानि स्तौमि संभावयामि।।२०४।।

'**શ્લોકાર્થ :- પરમજિનમુનિઓનું જે ચિત્ત...**' પરમજિનમુનિઓનું '**(ચૈતન્યપરિણમન)...**' ચિત્ત એટલે એ. '**નિરંતર ત્રસ જીવોના ઘાતથી તેમ જ સ્થાવર જીવોના વધથી...**' એકેન્દ્રિયનો પ્રાણી એક ત્રસ્તનો કે સ્થાવરનો, પૃથ્વીનો કે પાણીનો, અગ્નિનો જીવ. આહા..હા..! એના ઘાતથી '**અત્યંત વિમુક્ત છે,...**' આહા..હા..! '**વળી જે (ચિત્ત)...**' એટલે ચૈતન્ય પરિણમન. '**અંતિમ અવસ્થાને પામેલું...**' વીતરાગતાને. એ અંતિમ અવસ્થા એટલે વીતરાગ પર્યાયને પામેલું, શુદ્ધોપયોગમાં આવેલો. આહા..હા..! '**અને નિર્મળ છે...**' ચૈતન્યનું પરિણમન એ નિર્મળ અંતિમ અવસ્થાને પામેલું છે. આહા..હા..! '**તેને હું કર્મથી મુક્ત થવાને અર્થે નમું છું,...**' લ્યો! એ નિર્મળ પરિણમનને હું નમું છું, એમ કહે છે. આહા..હા..! નિર્મળાનંદ પ્રભુ તો છે આત્મા, પણ એને અવલંબે જે નિર્મળદશા થઈ. આહા..હા..! આવો વીતરાગમાર્ગ ભાઈ! એને હું નમું છું, એને સેવું છું, એ મારું કર્તવ્ય છે, એ મારી ભાવના છે. એ ભાવના એટલે એ જ મારું સ્વરૂપ છે એમ ભાવનારૂપ.

'**નમું છું, સ્તવું છું, સમ્યક્ પ્રકારે ભાવું છું.**' આહા..હા..! એ શબ્દો પહેલા આવી ગયા છે, નમુ છું અને સ્તવું છું. કળશમાં આવી ગયા છે. એ ઓલામાં લખ્યા છે. વાત ઈ છે કે ચૈતન્યમૂર્તિ પરમાનંદનો નાથ જ્યાં ધ્રુવપણ શાંતિનો સાગર પડ્યો છે. આહા..હા..! એક સમયની પર્યાયની પાછળ આખો આનંદનો સાગર ભરપૂર આનંદથી ભરપૂર છલકાયેલો પડ્યો છે. આહા..હા..! ત્યાં એની દૃષ્ટિ પસાર થતાં એવા અતીન્દ્રિય આનંદનો સાગર ભગવાન આત્મા છે એમાં દૃષ્ટિ પસાર થતાં અને એમાં સ્થિર થતાં અતીન્દ્રિય આનંદની ઉગ્ર દશા વેદવામાં આવે છે. એને મધ્યસ્થભાવ, સમાધિભાવ, સામાયિકભાવ, શુદ્ધોપયોગભાવ કહેવામાં આવે છે. આહા..હા..!

**શ્રોતા :-** કુંદકુંદાચાર્યને સ્થાયી સામાયિક ક્યારે હતી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ સદાય એને હતી. વિકલ્પ ગૌણ કરીને. અત્યારે તો સ્વર્ગમાં છે, પણ જ્યારે હતું ત્યારેની વાત છેને ભાવના. એણે તો એ વખતે કર્યું છેને. અત્યારે

તો સ્વર્ગમાં છે. અત્યારે ચોથે ગુણસ્થાને છે. આહા..હા..! એ ૨૦૪ થયો. 'સમ્યક્ પ્રકારે ભાવું છું' એમ પાછો શબ્દ છેને? સાચી ભાવનાથી હું પરિણમું છું મારી દશામાં, એમ કહે છે. આહા..હા..! ૨૦૫.

(अनुटुभ्)

केचिदद्वैतमार्गस्थाः केचिद्द्वैतपथे स्थिताः।

द्वैताद्वैतविनिर्मुक्तमार्गे वर्तामहे वयम्।।२०५।।

આહા..હા..! '**શ્લોકાર્થ :- કોઈ જીવો અદ્વૈતમાર્ગમાં સ્થિત છે...**' નિર્મળ અદ્વૈત સ્વરૂપ ભગવાન એની પર્યાયમાં સ્થિત છે. અદ્વૈતસ્વરૂપમાં સ્થિત એમ ન લેતા અદ્વૈત માર્ગમાં સ્થિત છે, એમ છે. એકરૂપ ચિદાનંદ છે તેની પરિણતિ એકરૂપ છે, એમાં સ્થિત છે. આહા..હા..! '**કોઈ જીવો દ્વૈતમાર્ગમાં સ્થિત છે;...**' દ્રવ્ય અને વિકલ્પ બે ભેગા થઈને દ્વૈતમાં સ્થિત છે. આહા..હા..! '**દ્વૈત અને અદ્વૈતથી વિમુક્ત માર્ગમાં...**' એટલે વિકલ્પ લેવો છે અહીં. દ્વૈતનો પણ વિકલ્પ અને અદ્વૈતનો પણ વિકલ્પ એમ લેવું છે. આહા..હા..! ખરેખર તો દ્રવ્યસ્વરૂપમાં એ અદ્વૈત છે એકરૂપ. એમાં સ્થિત થવો એ માર્ગ છે. પણ વિકલ્પ છે કે હું અદ્વૈતમાં સ્થિર થાવ છું. એવો વિકલ્પથી રહિત અહીં કહેવા માગે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** હમણા તો વિકલ્પને આશ્રિત છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વિકલ્પ નહિ. આશ્રય તો અદ્વૈતનો જ છે, પણ 'અદ્વૈતનો આશ્રય કરું છું' એવો વિકલ્પ જ્યાં નથી. આહા..હા..! પણ આવો માર્ગ ભારે! છે તો આપણે આવી ગયેલું. અખંડ અદ્વૈત વસ્તુ છે. જેમાં પર્યાયનો પણ અભાવ છે. અદ્વૈત અને પર્યાય બે ભેગા થાય તો દ્વૈત થઈ જાય છે. સમજાણું કાંઈ? એ તો આવી ગયું આપણે અશુદ્ધનયમાં ઘણું કહ્યું હતુંને. પણ અહીં તો અદ્વૈતમાર્ગ, અભેદસ્વરૂપ છે તેની દૃષ્ટિ અને સ્થિરતામાં છે પણ એ 'અદ્વૈત આમ છું' એવો જે વિકલ્પ છે એનાથી પણ હું રહિત છું. આહા..હા..! સાધારણ માણસને તો એવું લાગે આ તે ક્યાંનો માર્ગ હશે? બાપુ! તારો માર્ગ છે, ભાઈ! તારામાં છે આ. આહા..હા..!

પ્રવચનસારમાં તો કહે છેને છેલ્લા નહિ શ્લોકમાં? આ જ્ઞાનાનંદનો આ જ અનુભવ કર, ભાઈ! નહિ? આહા..હા..! છેલ્લી ગાથા કહેશે છેલ્લે. આહા..હા..! ગાથા નહિ, છેલ્લો કળશ છે. નયનું પૂરું થતાં. છેલ્લે-છેલ્લે. ૨૭૫ને? જ્ઞાનાનંદસ્વભાવ ભગવાન આત્મા એનો આજે જ અનુભવ કર, ભાઈ! આહા..હા..! વાયદો ન કર. સમજાણું કાંઈ? ભગવાન આનંદના ભરપેટે ભર્યો પડ્યો છે. આહા..હા..! પેટ જેમ ભર્યું હોયને ખાલી નહિ, એમ આનંદના ભરચક ભર્યો છે. આહા..હા..! એની દૃષ્ટિ જ્યાં અભેદ ઉપર જાય છે ત્યારે એને અતીન્દ્રિય આનંદની શક્તિમાંથી વ્યક્તતા થાય છે. આવું છે. સમજાણું કાંઈ? પણ અહીં કહે છે કે 'હું અદ્વૈતમાં છું કે દ્વૈતમાં છું' એ વિકલ્પ નહિ મારે. આહા..હા..! એ કીધુંને ઓલામાં?

૧૪૩માં નહિ? 'હું અબદ્ધ છું, શુદ્ધ છું, એક છું' એવો વિકલ્પ નિશ્ચયનયની અપેક્ષાનો વિકલ્પ પક્ષ એ નહિ. એ ૧૪૩માં આવે છે. નિશ્ચયનયન તો વિકલ્પ વિનાની છે એને નિશ્ચયનય કીધી છે. 'નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની.' એ નિશ્ચય વિકલ્પ નથી ત્યાં. અને આ વિકલ્પ હું શુદ્ધ છું, એક છું, અભેદ છું, જ્ઞાતા-દૃષ્ટા છું, હું મને મારાથી જણાય એવો છું. એવો વિકલ્પ ન કરવો, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? વિકલ્પ એટલે રાગનો કણિયો ન ઉભો કરવો એમ કહે છે. આહા..હા..!

**'દ્વૈત અને અદ્વૈતથી વિમુક્ત માર્ગમાં** (અર્થાત્ જેમાં **દ્વૈત** કે **અદ્વૈતનો** વિકલ્પો **નથી...'** આહા..હા..! **'એવા માર્ગમાં) અમે વર્તીએ છીએ.'** આહા..હા..! જુઓ આ સંતોની પરિણતિ! આહા..હા..!

**શ્રોતા :-** નયાતીતજ્ઞાનનો અર્થ નયસંબંધી વિકલ્પ નહીં, નિર્વિકલ્પનય...?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વિકલ્પથી(રહિત). એ નિર્વિકલ્પ... નિશ્ચયનયના આશ્રયે તો મુક્તિ થાય છે, વિકલ્પને આશ્રયે થાય છે? ત્રિકાળ ભૂતાર્થ વસ્તુ છે એને આશ્રયે મુક્તિ થાય. તો એને એ વિકલ્પ નથી એ તો નિર્વિકલ્પ નિશ્ચયનય થઈ. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** મેં એવો અર્થ કર્યો કે નય નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નય નહિ એ તો વિકલ્પ નહિ. એ પણ કહે છે કેટલાક કે એ તો બીજી ચીજ કોઈ લાગે છે. નિશ્ચય પણ ચીજ તો એ છે. નિશ્ચયનયથી જે ભૂતાર્થ છે ઈ જ વસ્તુ એવી જ છે. પણ 'ભૂતાર્થ છું' એવો જે વિકલ્પ છે એ છોડી દે. સમજાણું કાંઈ? આહા..હા..! ઈ વાત છે. ભૂતાર્થ તો ચીજ છે. તેથી તો કહ્યું કે 'નિશ્ચયનયાશ્રિત મુનિવરો...' આહા..હા..! વિદ્વાનો નિશ્ચય ત્યજીને, ભૂતાર્થ ત્યજીને વ્યહારમાં વર્તન કરે, આવતું નથી? વિદ્વાનો વિકલ્પમાં વર્તન કરે, ભેદમાં વર્તન કરે એને નિશ્ચયની ખબર નથી, એને નિર્વાણ નહિ થાય, એમ કહે છે. આવે છે. 'વિદ્વજનો ભૂતાર્થ ત્યજી વ્યવહારમાં વર્તન કરે. પણ મોક્ષ .. મોક્ષને ભાખ્યો.' પરમાર્થ.. સંતને છે. આહા..હા..!

એમ તો શાસ્ત્રમાં એમ પણ આવે છેને કે આત્મા પોતે પોતાનો જે અનુભવ કરે છે એ અનુભૂતિથી ભેદો આદિ ભિન્ન છે. ૫૯ બોલ. અનુભૂતિથી ભિન્ન છે કીધું ત્યાં. એ પરનું લક્ષ છોડ્યું છે અને દૃષ્ટિમાં અહીં દ્રવ્યમાં આવ્યો છે એટલે જે અનુભૂતિ થઈ એ દ્રવ્યને આશ્રયે પરિણતિ થઈ. એમાંથી વિકલ્પ છૂટી ગયા છે એમ. એ અનુભૂતિ છે એ પર્યાય છે. અનુભૂતિનો આશ્રય દ્રવ્ય છે. અનુભૂતિ છેને? અનુ એટલે ત્રિકાળી દ્રવ્યને અનુસરીને દશા થઈ છે. ભેદજ્ઞાનમાં એમ જ આવે. શું આવે ત્યારે? કે પરથી ભિન્ન છે, ભેદથી ભિન્ન છે, રાગથી ભિન્ન છે, અશુદ્ધથી ભિન્ન. અરે! ક્ષયોપશમના લબ્ધિના ભાવ આવે છેને. ચૌદ ગુણસ્થાનથી ભિન્ન છે. એ અનુભૂતિ જે આમ દ્રવ્ય તરફ ઢળી છે ત્યારે એમાં આ ભેદો એમાં છે નહિ. અનુભૂતિ થઈ છે પર્યાય. આહા..હા..! થઈ છે સ્વદ્રવ્યને લક્ષે. પણ એ

અનુભૂતિથી આ બધા ૫૯ બોલ લીધા છેને ૫૦ થી ૫૫ એ ભિન્ન છે. તો ત્યાં એમ નથી કહ્યું કે અનુભૂતિની પર્યાય દ્રવ્યથી ભિન્ન છે. એય..! પણ એનો અર્થ એ થયો. આહા..હા..! અનુભૂતિની પર્યાયથી જ આ બધા ભેદો ભિન્ન છે. ત્યાં તો પરથી ભિન્ન પાડીને અનુભવ કરવો એટલી વાત લીધી, પણ પાછો જ્યારે એનો મૂળ સરવાળો લે તો કહે અનુભૂતિની પર્યાયથી એ દ્રવ્ય ભિન્ન છે. એય..!

**શ્રોતા :-** અનુભવકાળે તે ભિન્ન છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાય છે એ દ્રવ્યથી ભિન્ન જ છેને. પણ આ ભિન્ન છે અને અભિન્ન એવા વિકલ્પનું કામ નથી ત્યાં. એ જેટલા વિકલ્પ ઉઠે એટલા અનુભૂતિથી ભિન્ન સિદ્ધ કરી દીધા. આહા..હા..! એથી અનુભૂતિ આશ્રય કરવાલાયક છે એમ નથી. આશ્રય કરવાલાયક તો દ્રવ્ય ઉપર દૃષ્ટિ ગઈ છે ત્યારે પરથી ભિન્ન પડ્યો છે ત્યારે અનુભૂતિ થઈ છે. આહા..હા..! ભારે માર્ગ, ભાઈ!

**શ્રોતા :-** ત્રિકાળ.. બુદ્ધિ હોય તો આ શું કહેવાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો ત્રિકાળ છે. એ શક્તિ. આ તો વર્તમાન અનુભૂતિથી ભિન્ન છે એમ કહેવું છે. જે ૭૩ ગાથામાં કીધું કે અનુભૂતિસ્વરૂપ જ ભગવાન છે એ તો ત્રિકાળ અનુભવસ્વરૂપ ધ્રુવ. ચંદુભાઈ! ૭૩માં આવે છેને કે પર્યાયમાં કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન. એક પર્યાયમાં પર્યાય કર્તા, પર્યાય કર્મ, પર્યાય કરણ, સંપ્રદાન એવી છ પ્રકારના કારકના ભાવથી ભિન્ન છે. છ કારકના ભેદથી ભિન્ન અનુભૂતિ છે. એ અનુભૂતિ એટલે દ્રવ્યસ્વભાવ. અરે! આવું ને આવું. એ પણ જૂદું અને ૫૯માં જે અનુભૂતિથી ભિન્ન એ જૂદું. સમજાણું કાંઈ? આવી વાતું, બાપા! બધા પડખા તો ખ્યાલમાં તો હોયને. પણ કઈ અપેક્ષાથી ત્યાં કહેવાય છે એ એણે જાણવું જોઈએ. સમજાણું કાંઈ? આહા..હા..!

'**અમે વર્તીએ છીએ.**' આહા..હા..! પણ પ્રભુ આ વખતે તો વિકલ્પ છેને તમને લખવા વખતે? પણ અમે એમાં વર્તતા નથી. અમે તો એનું જે જ્ઞાન થાય એમાં અમે વર્તીએ છીએ. સમજાણું કાંઈ? આહા..હા..! લખવા વખતે તો વિકલ્પ છે ટીકા કરે ત્યારે. પણ એ વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે, એમાં વર્તીએ છીએ એમ નહિ. આહા..હા..! આવો બધો કોણ પણ નિર્ણય કરેને. નવરાશ ક્યાં માણસને. કલાક વખત મળે માંડ બિચારાને તે સાંભળવા જાય. ચોમાસું હોય તો સાંજે પડિક્કમણું કરવા જાય કેટલાક. થઈ રહ્યું જાવ ધર્મ થઈ ગયો. ભાઈ! ધર્મના મોઢા મોટા છે. આહા..હા..! ધર્મની દશામાં તો અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે એનું નામ ધર્મ છે. આહા..હા..! કેમકે આત્મા વસ્તુ છે એનો સ્વભાવ આનંદ છે. '**वत्थु सहावो धम्मो**' વસ્તુ છે એનો સ્વભાવ અતીન્દ્રિય આનંદ ત્રિકાળ છે. એવી ત્રિકાળ આનંદ વસ્તુનો સ્વભાવ એને જે અવલંબીને પર્યાય થાય તે વસ્તુનો સ્વભાવ તે ધર્મ છે. આહા..હા..!

અહીં તો કહે છે કે અમે તો દ્વૈત અને અદ્વૈત. એટલે કોઈ ત્રીજી ચીજ છે વેદાંત કહે છે એવી, એમ નથી અહીં. કેટલાક એમ કહે છે કે એ તો નિશ્ચય જે કહે છે એનાથી પણ કાંઈક ચીજ બીજી છે. માટે એનો નિશ્ચયનો વિકલ્પ છોડો. પણ એ તો વિકલ્પ છોડવાની વાત છે. નિશ્ચય જે જોયું છે અને જાણ્યું છે એ તો વસ્તુ એમ જ છે. સમજાણું કાંઈ? કેટલાક એમ કહે, જોયું! અંતે તો વેદાંતમાં લઈ જાય છે. કે નિશ્ચય આવો છે... આવો છે... એવો પણ નહિ. એને છોડી દે. પણ એ તો વિકલ્પ છોડી દેની વાત છે, સાંભળને. અરેરે! શું થાય? માણસને અનેક ... આહા..હા..! અનાદિકાળથી એમ કરતો આવ્યો છેને.

**શ્રોતા :-** મિથ્યાત્વના પ્રકાર...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અનેક પ્રકાર. મિથ્યાત્વના અનેક, શલ્યના અનેક પ્રકાર છે. સ્થૂળ તરીકે સાધારણ ગણીએ તો અસંખ્ય પ્રકાર અને તદ્દન સૂક્ષ્મ તરીકે ગણીએ તો અનંત પ્રકાર છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**દ્વૈત અને અદ્વૈતથી વિમુક્ત...**' એમાંથી એમ કાઢે, અદ્વૈત એવો વેદાંત છે જે વ્યાપક અને દ્વૈત એવો જે દ્રવ્ય અને પર્યાય બે અને બીજા ઘણા જીવો એ દ્વૈત એનાથી ત્રીજો માર્ગ છે કોઈ, એમ નથી. આહા..હા..! અહીંયાં તો હું પૂર્ણ સ્વરૂપ અદ્વૈત એક છું, એકસ્વરૂપ છું. એકમાં તો ભેદ પણ નથી જ્યાં. તેથી કહ્યુંને ભેદકલ્પનારહિત થઈ ગયુંને? આહા..હા..! સમજાણું? આવ્યું હતું ટીકામાં, નહિ? ભેદકલ્પનાવિમુક્ત. ટીકામાં આવ્યું હતું. આમાં. ૧૨૬. '**કોઈ જીવો અદ્વૈતમાર્ગમાં સ્થિત છે અને કોઈ જીવો દ્વૈતમાર્ગમાં સ્થિત છે; દ્વૈત અને અદ્વૈતથી વિમુક્ત માર્ગમાં અમે વર્તીએ છીએ.**' આહા..હા..! અમે તો વીતરાગ પરિણતિમાં વર્તીએ છીએ, એમ કહે છે.

**શ્રોતા :-** બીજી ગાથામાં કહ્યું કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, નિર્મળ માર્ગ પર્યાય છે તેમાં સ્થિત છે. ૨૦૬.

(अनुटुभ)

**कांक्षंत्यद्वैतमन्येपि द्वैतं कांक्षन्ति चापरे।**
**द्वैताद्वैतविनिर्मुक्तमात्मानमभिनौम्यहम्।।२०६।।**

આહા..હા..! '**શ્લોકાર્થ :- કોઈ જીવો અદ્વૈતને ઈચ્છે છે...**' અદ્વૈત એટલે એક જ આત્મા છે વ્યાપક એમ અહીં નથી. અહીં તો વસ્તુ અદ્વૈત છે પોતે એકરૂપ છે એને ઈચ્છે છે એટલે વિકલ્પ કરે છે એમ.

**શ્રોતા :-** બધા મળીને એક નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ નહિ. કોઈ જીવ અદ્વૈતનય છે, બધો વ્યાપક છે નિશ્ચય એમ અહીં નથી. આહા..હા..! અહીંયાં તો ભગવાન અદ્વૈતસ્વરૂપ જ છે એનું, એકરૂપસ્વરૂપ છે, સામાન્યસ્વરૂપ છે, અભેદસ્વરૂપ છે, ધ્રુવસ્વરૂપ છે, પર્યાયથી પણ જેનું નિરપેક્ષ સ્વરૂપ

છે. આહા..હા..! એવું જે અદ્વૈત એનો જે વિકલ્પ છે કે હું આમાં વર્તું. એ હું નહિ. સમજાણું કાંઈ?

**'અન્ય કોઈ જીવો દ્વૈતને ઈચ્છે છે;...'** દ્રવ્ય અને પર્યાય બે થઈને દ્વૈતને ઈચ્છે છે, એ પણ એક વિકલ્પ છે. ઓલું તો 'અદ્વૈત છું' એવો વિકલ્પ છે, અદ્વૈત છે એમાં વિકલ્પ નથી અને અદ્વૈતમાં તો એક જ સ્વરૂપ છે. 'એક છું' એવો પણ વિકલ્પ છે એને છોડી દે છે એમ કહે છે. અને દ્વૈત એટલે દ્રવ્ય અને પર્યાય બે છે એ રીતે જે બે કરે એને તો વિકલ્પ આવે જ તે. સમજાણું કાંઈ? ઈ આવે એ વિકલ્પ દ્વૈતનો જે છે. દ્વૈત વસ્તુ છે, પણ અદ્વૈત એટલે અખંડ એકરૂપ અને દ્વૈત એટલે દ્રવ્ય અને પર્યાય બે એવા બેયના વિકલ્પને હું છોડી દઉં છું. આહા..હા..! ચેતનજી! આહા..હા..! એટલે આમાંથી કેટલાક એ કાઢે છે. પદ્મનંદીમાં એવું આવે છે અદ્વૈત. જુઓ, અદ્વૈતને પણ ઈચ્છવું નહિ. એક જ.. એથી કોઈ ત્રીજી ચીજ છે. અદ્વૈત આત્મા અને દ્વૈતપણું ઘણા જીવો કહે દ્રવ્ય અને પર્યાય. એનાથી ચીજ કોઈ અગમ્ય બીજી ચીજ છે. એમ નથી. એમ કરે છે અર્થ. ભાઈ કહેતા હતાને કે વેદાંતના ઢાળામાં ઢાળ્યું છે. નાથુરામ પ્રેમી દિગંબર હતા પંડિત મુંબઈમાં. સમયસાર કુંદકુંદાચાર્યે વેદાંતના ઢાળામાં ઢાળ્યું છે એમ કહે. વેદાંતમાં ક્યાં દ્રવ્ય ને પર્યાય ને ગુણ ને અનંત દ્રવ્ય છે ક્યાં? નિશ્ચયનો વિષય તો એ અદ્વૈત જેવો લાગે, બધું થઈને એક એમ નથી. પોતે જ અદ્વૈત છે અખંડાનંદ પ્રભુ એકલો આત્મા. આહા..! દ્રવ્યે એક છે, દ્રવ્યે શુદ્ધ છે, દ્રવ્યે અભેદ છે, દ્રવ્યે પર્યાયની અપેક્ષા વિનાનું દ્રવ્ય નિરપેક્ષ ભિન્ન છે. આહા..હા..! એ તો વસ્તુની સ્થિતિ છે. એમાં ઓલો અદ્વૈત વ્યાપક છે એ અહીં આમાં આવતું નથી કાંઈ. આહા..હા..! શું થાય, ભાઈ? કરે છે એવા અર્થ.

'દર્શનમોહ વ્યતીત થઈ ઉપજ્યો બોધ' છેને ભાઈ! એ તમારા કહેતા હતા ત્યાં ગોંડલવાળા. ગોંડલવાળા ઓલા કેવા? ..ભાઈ! શ્રીમદ્‌ના ભગત હતા. ..ભાઈ એમ કહેતા જોયું 'દર્શનમોહ વ્યતીત થઈ...' કોઈ દર્શનનો અભિપ્રાય પક્ષ કરવો જ નહિ. એવો અર્થ એમાંથી કાઢતા. એના અહીં દીકરી હતાને અહીં. ..દીકરી અહીં રહેતા નહિ આ બાબુભાઈના મકાનમાં નીચે રહેતા. આ વરસાદ થઈ ગયો ત્યારે દીકરી પાસે ગયા લાગે છે.. ..ભાઈ મળ્યા હતા ગોંડલમાં ૭૭ની સાલમાં. ..ભાઈ હતા વૃદ્ધ શ્રીમંત. 'દર્શનમોહ વ્યતીત થઈ ઉપજ્યો.' કોઈપણ દર્શનનો મોહ ન રાખવો એવો અર્થ કરતા. એય..! આહા..હા..! એમ ક્યાં છે ત્યાં? ત્યાં તો દર્શનમોહ એટલે મિથ્યાત્વમોહ. એને દર્શનમોહ વ્યયતીત થઈ ઉપજ્યો બોધ. એવું ભાઈ જગતના પ્રાણી અનેક પ્રકારના છે. જેને જ્યાં રુચિ ત્યાં ઉભો રહી જાય થઈ રહ્યું. આહા..હા..! ભાઈ તો ઓળખતા હશે નહિ, ભાઈને? .. મળ્યા હતા. અહીં આવતા. માથે બેસતા. આવતા અમારી પાસે ત્યાં. અરે! આ નહિ, ભાઈ!

અહીં તો દર્શનમોહ એટલે મિથ્યાત્વમોહ ભ્રમણા જે છે એના રહિત થઈ એવું જે આત્માનું

સ્વરૂપ એને પકડ, એમ કહે છે. આહા..હા..! ત્યાં તો એમણે એમ પણ કહ્યું 'દર્શનમોહ વ્યતીત થઈ ઉપજ્યો બોધ.' બોધ ઉપજ્યો છે એમ કહે. હવે ચારિત્રની ઓલી બાકી છે ભાવના. એ ભાવના કરે છે. 'દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન.' આવે છેને? 'દર્શનમોહ વ્યતીત થઈ ઉપજ્યો બોધ જે, દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો.' કેવળ ચૈતન્યમૂર્તિ. આહા..હા..! એકલો ભગવાન સર્વવ્યાપક એમ નહિ. બધું થઈને એક એમ નહિ. પોતે એક. આહા..હા..! શું થાય, ભાઈ! માણસને અનેક પ્રકારના શલ્ય ભર્યા હોય છેને. અનેક પ્રકાર. અનેક છંદા આવે છે. શ્વેતાંબરમાં એક ગાથામાં શબ્દ આવે છે. 'અનેક છદાં એ..' મનુષ્યોમાં અનેક છંદ વપરાય છે હોય છે જગતમાં. આહા..હા..! ૨૧મું અધ્યયન છે ઘણું કરીને ઉત્તરાધ્યયનનું. ૨૦મું.. છેને? પછી ૨૧મું છે એમાં છે આ. એ બધા વ્યાખ્યાન થઈ ગયેલાને સમાજમાં.

અહીં કહે છે '**કોઈ જીવો અદ્વૈતને ઇચ્છે છે...**' ઇચ્છે છે વિકલ્પ એમ અહીં લેવું છે. એકરૂપ છું, દ્રવ્યસ્વભાવ છું, અભેદ છું એવી ઇચ્છા કરે છે, કહે છે, વિકલ્પ કરે છે. '**અને અન્ય કોઈ જીવો દ્વૈતને ઇચ્છે છે;...**' ઘણા દ્રવ્યો છે, ઘણા ગુણો છે, દ્રવ્ય અને પર્યાય બે છે એવું દ્વૈત. એની જે ઇચ્છા કરે છે. એ '**હું દ્વૈત અને અદ્વૈતથી વિમુક્ત આત્માને નમું છું.**' લ્યો ઠીક! એ દ્વૈતનો વિકલ્પ અને અદ્વૈતના વિકલ્પથી રહિત આત્મા ભગવાન પૂર્ણાનંદ છે. આહા..હા..! એમાં હું નમું છું. '**नमः समयसाराय**' શુદ્ધ ચૈતન્યઘનમાં મારું નમન છે. આહા..હા..! ૨૦૭.

(अनुटुभ)

अहमात्मा सुखाकांक्षी स्वात्मानमजमच्युतम्।
आत्मनैवात्मनि स्थित्वा भावयामि मुहुर्मुहुः।।२०७।।

આહા..હા..! '**શ્લોકાર્થ :- હું—સુખને ઇચ્છનારો આત્મા...**' અતીન્દ્રિય આનંદની ભાવનાવાળો હું આત્મા. આહા..હા..! '**અજન્મ અને અવિનાશી એવા નિજ આત્માને...**' એટલે શું કાંઈ આત્મા છે એ ઉત્પન્ન થતો નથી અને નાશ થતો નથી. એની ભાષા વાપરી છે. અજન્મ. ઉત્પન્ન થતો નથી અને નાશ પામતો નથી. અનાદિ-અનંત એમ સિદ્ધ કરવું છે. શું કીધું? હું એક આનંદ અને અતીન્દ્રિય આનંદનો અભિલાષી. આહા..હા..! હું એવો આત્મા કે કેવો છે? '**અજન્મ અને અવિનાશી એવા નિજ આત્માને...**' અજન્મ એટલે જન્મ્યો નથી, ઉત્પન્ન થયો નથી નવો, તેમ અવિનાશી. ભાષા. આહા..હા..! ઉત્પન્ન થયો નથી નવો અને નાશ થતો નથી એવો અનાદિ-અનંત ધ્રુવ વસ્તુ છે. આહા..હા..!

'**એવા નિજ આત્માને...**' આહા..હા..! એવો મારો ભગવાન આત્મા જેની ઉત્પત્તિ નથી અને જેનો નાશ નથી. અજન્મ અવિનાશી. આહા..હા..! ધ્રુવ. પર્યાય તો ઉત્પન્ન થાય છે અને વ્યય થાય છે. દ્રવ્ય ઉત્પન્ન થાય અને વ્યય થાય એવું છે નહિ. આહા..હા..! '**હું...**' મુનિરાજ કહે છે, હું અતીન્દ્રિય આનંદનો અભિલાષી એવો આ ઇચ્છનારો આત્મા

**'અજન્મ અને અવિનાશી એવા નિજ આત્માને આત્મા વડે જ...'** આહા..હા..! નિર્મળ પરિણતિ દ્વારા **'આત્મામાં સ્થિત રહીને...'** આહા..હા..! ભારે વાત આકરી. નિજ આત્મા અજન્મ અને અવિનાશી. જેની ઉત્પત્તિ નથી, નાશ નથી એવો જે ભગવાન આત્મા એને આત્મા વડે નિર્વિકલ્પ પરિણતિ દ્વારા **'આત્મામાં સ્થિત રહીને...'** સમજાણું કાંઈ? આત્મા **'આત્માને આત્મા વડે...'** ધ્રુવને ધ્રુવ વડે એમ ન ચાલે ત્યાં. નિજ આત્મા ત્યાં સુધી ધ્રુવ લીધું. આત્મા વડે એટલે ધ્રુવ દ્વારા ધ્રુવને એમ ન હોય, પણ નિર્વિકલ્પ દ્વારા એ આત્મા વડે કહેવામાં આવે છે. આહા..હા..! શુભરાગ અને એના દ્વારા નહિ, પણ **'આત્માને આત્મા વડે જ...'** આત્મામાં એમાં અંદર સ્થિત રહીને. આહા..હા..! **'વારંવાર ભાવું છું.'** પરિણતિમાં વારંવાર ભાવના એની થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ પરિણતિમાં વારંવાર ભાવના એ થાય છે વીતરાગી, એને અહીંયાં સામાયિક અને સમાધિ કહેવામાં આવે છે. આવી સામાયિકની વ્યાખ્યા, શાંતિભાઈ! આ બધા સામાયિક લઈને બેસે બોટાદમાં વ્યાખ્યાન સાંભળતા. એક મોચી છે મોચી તો એ બેસ. મોચી શ્રાવક છે. એ મોચી હતા મોચી. પોષો કરે, સામાયિક કરે, પણ બિચારા એ. એને સામાયિક બેઠા હોય તો સાંભળે પણ ખરા અને વળી ઓલું કરે વણે. આ દશીયું હોયને દશીયું. રજોણા નહિ ઓલા? વણે, સામાયિક થાય અને સાંભળે ત્રણ કામ થાય એક સાથે, લ્યો! અહીં તો કહે છે કે હું મારો આત્મા ધ્રુવ મારી નિર્વિકલ્પ ભાવનાથી મારા આત્મામાં સ્થિર થઈને ભાવું છું. આ એનું નામ ધર્મ અને સામાયિક કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**કારતક વદ-૭, મંગળવાર, તા. ૨૫-૧૧-૧૯૭૫**
**કળશ-૨૦૮ થી ૨૧૦, પ્રવચન નં. ૧૦૫**

નિયમસાર, પરમ-સમાધિ અધિકાર, ૨૦૮ કળશ છે. પરમ-સમાધિ. આત્મામાં અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ થાય તે પરમ-સમાધિ. અતીન્દ્રિય આનંદસ્વરૂપ જ આત્મા છે એ કહેશે હમણા.

**'ભવના કરનારા એવા વિકલ્પ-કથનોથી બસ થાઓ, બસ થાઓ.'** છેને?

(शिखरिणी)

विकल्पोपन्यासैरलमलममीभिर्भवकरैः
अखंडानन्दात्मा निखिलनयराशेरविषयः।

अयं द्वैताद्वैतौ न भवति ततः कश्चिदचिरात्
तमेकं वन्देऽहं भवभयविनाशाय सततम्।।२०८।।

'**શ્લોકાર્થ :- ભવના કરનારા એવા વિકલ્પ...**' શુભ અને અશુભભાવ. ચાહે તો હિંસા, જૂઠું, ચોરીનો ભાવ હોય કે ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ હોય, બેય પુણ્ય અને પાપ ભવના કરનારા છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** સમ્યગ્દૃષ્ટિને કે મિથ્યાદૃષ્ટિને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મિથ્યાદૃષ્ટિને છે જ ક્યાં ભાન? અજ્ઞાનીને પણ એ છે. જ્ઞાનીને આવા હોય છે પણ એ જાણે છે, એમ. અહીં તો '**ભવના કરનારા એવા વિકલ્પ-કથનો...**' શુભ અને અશુભભાવ. દયાનો, દાનનો, ભક્તિનો, પૂજાનો, વ્રતનો, તપનો એ શુભભાવ.

**શ્રોતા :-** શાસ્ત્ર સાંભળવાનો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સાંભળવાનો ભાવ શુભભાવ એ બધો સંસારનું કારણ છે. આહા..હા..! આવી વાત છે. એવા '**કથનોથી બસ થાઓ, બસ થાઓ.**' કહે છે. '**જે અખંડાનંદસ્વરૂપ છે...**' આ આવ્યું હવે ઈ. ભગવાન અખંડાનંદસ્વરૂપ છે ધ્રુવ. પર્યાય વિનાનું હોં આ. અખંડાનંદ તો એક ઓલું નીકળે છે માસિક અન્યમતમાં અમદાવાદમાં. અમદાવાદમાં નીકળે છે. વેદાંતનું. એ જુદું, આ જુદું. આ તો આત્મા દ્રવ્યસ્વભાવે અખંડાનંદ છે. એ તો બધા થઈને અખંડાનંદ વ્યાપક કહે છે એ વસ્તુ નથી, એ જૂઠી છે. સમજાણું કાંઈ? અખંડાનંદ સાંભળ્યું હતું ઈ. આ જ્યોતિ મગાવતી ત્યાં નાનાલાલભાઈની. આ તો અખંડ આનંદ એક આત્મા પૂર્ણ દ્રવ્યસ્વભાવ, ધ્રુવસ્વભાવ, સામાન્યસ્વભાવ, એકરૂપસ્વભાવ એને અહીંયાં અખંડાનંદસ્વરૂપ કહેવામાં આવે છે. આ માલ કાઢ્યો એકલો. આહા..હા..!

'**અખંડાનંદસ્વરૂપ છે તે (આ આત્મા)...**' આહા..હા..! '**સમસ્ત નયરાશિનો અવિષય છે;...**' નયનો જે વિકલ્પ છે એનો એ અવિષય છે. આહા..હા..! '**સમસ્ત નયરાશિનો વિષય છે; માટે, આ કોઈ (અવર્ણનીય) આત્મા...**' અવર્ણનીય નામ કથનમાં ન આવે એવો ભગવાન આત્મા. આહા..હા..! '**દ્વૈત કે અદ્વૈતરૂપ નથી...**' દ્રવ્ય અને પર્યાયરૂપ દ્વૈતરૂપ પણ નથી એ વસ્તુ ત્રિકાળ. અને આ એનાથી પર છે. છેને? અને અદ્વૈત એટલે હું એક છે દ્રવ્યરૂપ એ અદ્વૈત, પણ એ અદ્વૈતનો વિકલ્પ છે એ એમાં નથી. આહા..હા..! આવી વસ્તુ. તે આત્મા કેવો? અખંડાનંદસ્વરૂપ છે તે આત્મા સમસ્ત નયરાશિનો વિષય નથી. આહા..હા..! તે '**(અર્થાત્ દ્વૈત અને અદ્વૈતના વિકલ્પોથી પર છે). તેને એકને હું...**' હવે આ વસ્તુ આવી. જે અખંડાનંદસ્વરૂપ કહ્યું હતું પૂર્ણ એ એક છે. એકરૂપ છે.

**શ્રોતા :-** ધ્રુવ છે માટે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધ્રુવ છે. એમાં પર્યાય નહિ. પર્યાય તો એનો વિષય કરનાર છે. સમજાણું કાંઈ? પર્યાય અને દ્રવ્ય બે એ તો અનેક થયું. અનેક એ સમ્યગ્દર્શનનો વિષય

નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એક છે. એકને હું ત્રિકાળ દ્રવ્યસ્વભાવ શુદ્ધ જે અભેદ, પર્યાયનો પણ જેમાં ભેદ નહિ, અભેદ એ તો ભિન્ન છે એ. આહા..હા..! એવા **'એકને હું અલ્પ કાળમાં ભવભયનો નાશ કરવા માટે...'** આહા..હા..! ભવના ભયનો નાશ કરવા માટે **'સતત...'** એકને હું **'વંદું છું.'** એકનો હું આદર કરું છું, એમ કહે છે. એને વંદું છું એટલે એનો આશ્રય કરું છું એમ. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું ભારે, ભાઈ! આહા..! આ તો મૂળ મુદ્દાની રકમ.

શું કરવા વંદું છું એમાં? આવો અખંડાનંદ એકરૂપ સ્વભાવનું આશ્રય લવ છું એટલે સત્કાર કરું છું એટલે કે વંદું છું. શા માટે? ભવભયનો નાશ કરવા માટે. આહા..હા..! લ્યો આ. ભવના ભયનો નાશ કરવા માટે અખંડાનંદ ધ્રુવસ્વરૂપ જે એકરૂપ છે તેનો હું સત્કાર અને આદર કરું છું, એને વંદું છું, એ ભવભયના નાશને માટે. કહો, છોટાભાઈ! આવી વાત છે. આવું સ્વરૂપ જ છે. વસ્તુ જે ધ્રુવ છે એકરૂપ અખંડાનંદ પ્રભુ એનો સત્કાર કરું છું એ પર્યાય થઈ ઉત્પાદ અને સંસારના ભયનો નાશ થયો એનો વ્યય થઈ ગયો. અને **'उत्पादव्ययध्रुवयुक्तं सत्'** આ રીતે થયું. સમજાણું કાંઈ? નવી પર્યાય ઉપજે, જૂની જાય અને ધ્રુવ-એ ત્રણ થઈને સત્ છે. પણ એ સત્‌માં ક્યુ સત્ આદરણીય છે? ઉત્પાદ પર્યાયને ક્યુ સત્ આદરણીય છે? આહા..હા..! અખંડાનંદ એકરૂપ ભગવાન આત્મા. આહા..હા..! આનંદ અખંડ આનંદ છે એમાં ધ્રુવ તરીકે હોં. એ પર્યાય એનો આદર કરે છે. નિર્મળ પર્યાય એને વિષય બનાવે છે. નિર્મળ પર્યાય એમાં જુકે છે એટલે કે એ વંદન કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ધર્મ હવે આ ઝીણું પડે માણસને. વસ્તુ તો આવી છે. જિનેન્દ્રદેવ પરમેશ્વર અરિહંત ત્રિલોકનાથ કેવળજ્ઞાનીનો તો આ માર્ગ છે. બીજી રીતે લોકોએ કલ્પ્યો હોય એ વીતરાગનો માર્ગ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

**'હું અલ્પ કાળમાં...'** ભાષા જુઓ, છેને? **'अचिरात्'** છેને? **'कश्चिदचिरात्'** અલ્પકાળમાં મોક્ષ થવા માટે અથવા અલ્પકાળમાં ભવનો નાશ કરવા માટે. થોડા કાળમાં ભવનો નાશ થશે ત્યાં ક્રમબદ્ધ ક્યાં રહ્યું? એ જ ક્રમ છે. જેણે અખંડાનંદ પ્રભુનો આદર કર્યો એને અલ્પકાળમાં જ મુક્તિ થવાનો ક્રમ છે. સમજાણું કાંઈ? એ તો આમાંથી કાઢે કે જુઓ, આમાં પુરુષાર્થથી ક્રમબદ્ધ તોડી નાખે છે, અક્રમ થાય છે. એમ નથી, ભાઈ! તને ખબર નથી. ક્રમબદ્ધ તો પર્યાયમાં છે. એ પર્યાય વર્તમાન ત્રિકાળ અખંડાનંદનો જ્યાં આદર કરે છે એટલે કે એમાં વળે છે એટલે એને અલ્પકાળમાં જ ક્રમબદ્ધની પર્યાયમાં કેવળજ્ઞાન થવાનો કાળ અલ્પકાળ છે હવે એને. આહા..હા..! **'સતત વંદું છું.'** એમ કહે છે. સતત એટલે? મારી દૃષ્ટિ ત્રિકાળ દ્રવ્ય ઉપર પડી છે. એ જ એનું વંદન છે. નિરંતર સમયે-સમયે દ્રવ્યનો આશ્રય મારે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ૨૦૮ થયો. ૨૦૮ કળશ હોં. ૨૦૯.

(शिखरिणी)

सुखं दुखं योनौ सुकृतदुरितव्रातजनितं
शुभाभावो भूयोऽशुभपरिणतिर्वा न च न च।
यदेकस्याप्युच्चैर्भवपरिचयो बाढमिह नो
य एवं संन्यस्तो भवगुणगणैः स्तौमि तमहम्।।२०९।।

'**શ્લોકાર્થ :- યોનિમાં સુખ અને દુઃખ...**' સંસાર અવતારમાં ચોર્યાસીના અવતારમાં ઉપજવું અને તે સુખ-દુખ થવું એ '**સુકૃત અને દુષ્કૃતના સમૂહથી થાય છે.**' આહા..હા..! શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, ભગવાન-સ્મરણ એ ભાવથી સંસારની યોનિમાં સ્વર્ગાદિમાં અવતરે છે અને પાપના ભાવથી નરક, તિર્યંચમાં અવતરે છે. એ '**યોનિમાં સુખ અને દુઃખ સુકૃત અને દુષ્કૃતના સમૂહથી થાય છે.**' સુખ એટલે લૌકિક હોં આ. લોકો માને છેને આ પૈસા થયા, આ ઈન્દ્રાણી થઈ, લાખો-કરોડો થયા ને ઢીંકણા થયા એ બધું. એ સુખી માણસ છે એમ કહે છેને દુનિયા? સુખ ક્યાં હતું ધૂળમાં? અબજપતિ બિચારા દુઃખી ભિખારા છે. ભગવાનજીભાઈ!

**શ્રોતા :-** કરોડપતિ (દુઃખી) નથીને? અબજપતિ (દુઃખી) છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-**એ તો અત્યારે કરોડપતિ તો ઘણા થઈ ગયા છે. પહેલા તો લખપતિ કોકને કહેતા. અત્યારે તો કરોડોપતિ કેટલાય છે. મહાજનમાં તો કેટલાય બહાર ગયા એ તો કરોડપતિ ઘણા થઈ ગયા. અમથા પણ અત્યારે આ દેશમાં ઘણા કરોડપતિ છે મુંબઈ, અમેરિકા. પહેલા તો લખપતિ કોક હતું.

**શ્રોતા :-** પાંચ હજાર રૂપિયા હોય તો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અરે! દસ હજાર અમારે કહેતાને બાપના બાપ પાસે દસ હજાર. મોટા શેઠિયા કહેવાતા. રાજા જેવા, રાજા જેવા, બાપુ! ગીગા કુરા એટલે કોણ એમ કહે. એ અમે સાંભળેલું. ૮૧નું ચોમાસું હતુંને ગઢડા. એક મુસલમાન બાઈ હતી જૂની-પુરાની. તો અમારા બાપના બાપને ઓળખે. મકાન ગામમાં છે. મને કહે, ભાઈ! ગીગા કુરાના પગરખામાં પગ ન પેસે, બાપુ! એ તો કોણ હતા! એમ કહેતી હતી ઓલી. એને ખબર નહિ કે આ મહારાજ સાંભળે છે. અમારા બાપના બાપ હતા. રાજકુમાર જેવા ધોળા, રૂપાળા અને ધંધો-બંધો કાંઈ કરી શકે નહિ. ધોળકે ઓલા ધોલેરા માણસ મોકલે. પેટી રૂની પેટી. બે મહિનામાં બે હજાર પેદા કરે, બસ. ત્રણસોનો ખર્ચ પણ ઉંચું ઘર ઘરનું, ઉંચું ઘર, પૂરતું ઘર, આબરૂવાળું ઘર, મહેમાનવાળું ઘર. બાર મહિનાનો ત્રણસોનો ખર્ચ. પણ તે દિ' તો પૈસા દસ હજારમાં તો મોટા શેઠિયા કહેવાતા. એ બાઈ એમ કહેતી હતી. હું સાંભળતો ઉપર. કારણ કે એ પછી મકાન વેચાણા. મુસલમાનને દીધા. અત્યારે તો ભાવસારને દીધા છે. સ્થાનકવાસી ભાવસાર છે. પાંચ-સાત લાખ રૂપિયા છે એની પાસે. ત્યાં પગલા કરાવ્યા હતા બિચારાએ પગલા

કરાવ્યા હતા. એમ કે આ મહારાજના બાપના મકાન છેને આ એટલે મહારાજ પગલા કરે. ગયા હતા. પૈસા મૂક્યા હતા એકાવન. નહિ? ગયા હતા ચુનિલાલ. અરે! એ વસ્તુની કિંમત તો એના ગણતરી પ્રમાણે અને એના કાળ પ્રમાણે હોય. એમાં આત્માને શું? એ કાંઈ સુખ-દુઃખની પ્રાપ્તિ, સંયોગ એ તો પૂર્વના શુભ-અશુભભાવનું ફળ છે. એ તો સંસાર છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ હમણા કહેતા હતા કેટલાક કે ભાઈ! મહારાજના પુણ્ય તો જુઓ કે આત્મધર્મનો કરનાર કેવો નીકળ્યો પાછો! એમ કોક કહેતું હતું હોં. રામજીભાઈ બહુ બોલ્યા... એ તો વસ્તુ હોય છે એવો સંયોગ એને આવે જ છે. એ કાંઈ લાવ્યો લવાતો નથી. પણ એ તો સંસારના કામના ફળ તરીકે વાત છે આ તો. સમજાણું કાંઈ? ચાર ગતિના જન્મો યોનિ છેને? **'સુખ અને દુઃખ...'** શુભાશુભ કૃત્યોથી થાય છે. શુભ-અશુભભાવથી ચાર ગતિ મળે છે. આ જાત્રાનો ભવ અને સમ્મેદશિખરનો અને ગિરનારનો એ ભાવ પુણ્ય છે, એના ફળમાં ગતિ મળે, ધર્મ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'વળી બીજી રીતે (-નિશ્ચયનયે), આત્માને શુભનો પણ અભાવ છે...'** ભગવાન આત્મામાં તો શુભનો પણ અભાવ છે. વિકલ્પ છે એ તો શુભ. એમાં આત્મામાં ક્યાં છે એ? આહા..હા..! **'તેમ જ અશુભ પરિણતિ નથી—નથી,...'** ત્યાં જોર વધારે આપ્યું પાછું. શુભનો વિકલ્પ જે છે એ ભગવાન આત્મામાં છે જ નહિ, એ તો વિભાવ છે. આહા..હા..! જિનેન્દ્રનો માર્ગ બહુ સૂક્ષ્મ, ભાઈ! લોકોને અજૈનને નામે જૈનપણું આપ્યું છે. આહા..હા..! અજૈન. આમ તો જૈનને નામે અજૈનપણું આપ્યું છે, પણ અજૈનપણાને એણે જૈનપણું માન્યું છે. આહા..હા..! આ દયા પાળવી ને વ્રત પાળવા અને અપવાસ કરવા (એ અજૈનપણું છે)!

**શ્રોતા :-** ઘણો ફાયદો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય ફાયદો નથી, સંસાર છે.

**શ્રોતા :-** સંસારમાં મોટપ આવેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સંસારમાં મોટપ એટલે? આહા..હા..!

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** .. છે. અહીં તો કહે છે ભગવાન અખંડાનંદ પ્રભુ એકરૂપ સ્વરૂપ એમાં તો શુભભાવ પણ નથી. એટલે રાખ્યું અને અશુભ પરિણતિ તો નથી—નથી. આહા..હા..! હિંસાનો ભાવ, જૂઠાનો ભાવ, ચોરીનો ભાવ, વિષયનો ભાવ, ભોગનો ભાવ, આબરૂનો ભાવ એ અશુભ છે, પાપ છે. એ આત્મામાં નથી-નથી. વસ્તુમાં એ છે જ નહિ. આહા..હા..!

**શ્રોતા :-** મિથ્યામાં છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પણ નથી. વસ્તુમાં ક્યાં છે? મિથ્યાત્વ પણ નથી અને અવ્રત

પણ નથી અને પ્રમાદ પણ નથી. આહા..હા..! બંધના કારણ પાંચ છેને. એ ભાવ આત્મામાં ક્યાં છે? વસ્તુમાં ક્યાં છે?

**શ્રોતા :-** .. તો ઘરમાં છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાયમાં છે. આહા..હા..! એ પર્યાય દ્રવ્યમાં નથી. આહા..હા..!

**શ્રોતા :-** પર્યાય અદ્ધર રહે છે? અલગ રહે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, અદ્ધર રહે છે, અલગ રહે છે. અલગ નામ એ સ્વરૂપ જે ધ્રુવ છે એમાં એક સમયની પર્યાય ભળતી નથી. એ તો ન કીધું ક્ષાયિકભાવ પણ એમાં નથી. એ તો ઉપર-ઉપર રહે છે. નિત્યભાવમાં અનિત્ય પેસતું નથી. આહા..હા..! પર્યાય છે એ નાશવાના છે. ભગવાન આત્મા અવિનાશી છે. અવિનાશીમાં નાશવાનનો પ્રવેશ નથી. બહારમાં તો નાશવાન છે ધૂળને આ બધું તો આ તો માટી જડ છે. રાગ નાશવાન છે, મોક્ષનો માર્ગ છે એક સમયની પર્યાય એ નાશવાન છે. એ આવ્યું નથી? કે ધ્યાન નાશવાન છે. ધ્યાન અને આત્મા એક થઈ જાય તો ધ્યાનના નાશ વખતે પણ આત્માનો નાશ થઈ જાય. (સમયસાર) ૩૨૦ (ગાથા). આમાં પણ એમ છે. ૧૯૨માં. આ પ્રવચનસારમાં પણ આવ્યું ટીકામાં. ધ્યાનની પર્યાય... ધ્યાન એટલે કે મોક્ષનો માર્ગ. એક સ્વભાવી આત્માની એકાગ્રતા એ પણ નાશવાન છે. માટે પંચમપારિણામિકભાવ અને આ બે જુદી ચીજ છે. જો એ નાશવાન પદાર્થ આત્માના પારિણામિકભાવમાં ભળે, એક હોય તો આનો નાશ થતા એ પારિણામિકભાવનો નાશ થઈ જાય. ૧૯૨માં પ્રવચનસારમાં આવ્યું છે ટીકામાં. જયસેનાચાર્યની ટીકામાં. ૮૧. ૮૧ અને ૯૨માં પણ આવ્યું છે નીચે. શુદ્ધનય છેલ્લું આવ્યું છેને. છેલ્લે. શુદ્ધનયનું સ્વરૂપ જે છે ચૈતન્યમૂર્તિ એનો અનુભવ કરતા એ વસ્તુ પર્યાય ભિન્ન રહી જાય છે. પર્યાયનો અનુભવ છે, પણ દ્રવ્યના ધ્રુવથી તે ભિન્ન છે. કારણ કે પલટતી છે. એક સેકન્ડના અસંખ્ય ભાગમાં નિર્મળ પર્યાય પણ અસંખ્ય થઈ જાય છે. પલટતી... પલટતી... પલટતી... પલટતી... તો એકદમ દોડતી પર્યાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને આ વસ્તુ તો ધ્રુવ છે. ચૈતન્યદળ પડ્યું છે એમ પડી છે વસ્તુ.

અહીં કહે છે કે એને '**અશુભ પરિણતિ પણ નથી—નથી,...**' આહા..હા..! '**કારણ કે આ લોકમાં એક આત્માને...**' આહા..હા..! ભાષા જુઓ, ભગવાન આત્મા ધ્રુવસ્વરૂપ જે છે એકરૂપસ્વરૂપ છે, દ્રવ્યસ્વરૂપ છે એવા એક આત્માને '(**અર્થાત્ આત્મા સદા એકરૂપ હોવાથી તેને**) **ચોક્કસ ભવનો પરિચય બિલકુલ નથી.**' આહા..હા..! ભવનો પરિચય દ્રવ્યને નથી. આહા..હા..! અરે! ગજબ વાત છેને. જીવ પરિભ્રમણ કરે કે જડ? જીવની પર્યાય પરિભ્રમણ કરે. સમજાણું કાંઈ? એ તો આવ્યું નહિ ૮૫માં પરમાત્મપ્રકાશમાં? '**जिउ ण वि मरइ बंधु ण मोक्खु करेइ**' બંધ અને મોક્ષની પર્યાય જીવ કરતો નથી. આહા..હા..! 'એમ જિનેશ્વર કહે છે' એમ છેને એમાં? પરમાત્મપ્રકાશમાં એ છે. જિનેશ્વર ત્રિલોકનાથ પરમેશ્વર

ઈન્દ્રો અને ગણધરની સમક્ષમાં ભગવાન એમ કહેતા હતા દિવ્યધ્વનિ દ્વારા કે જીવ વસ્તુ જેને કહીએ જીવ ધ્રુવ એ મોક્ષ અને મોક્ષના માર્ગને, બંધ અને બંધના માર્ગને કરતો નથી. છોટાભાઈ! આ બધી વસ્તુ એવી ઝીણી છે. આહા..હા..! અરેરે! કરવાનું તો આ છે. બાકી બધા થોથા કરીને મરી જવાના. સમજાણું કાંઈ?

અરે! '**આ લોકમાં એક આત્માને...**' એક આત્મા એટલે? ધ્રુવ જે એકરૂપ સદૃશ વસ્તુ છે તે. આહા..હા..! '**ચોક્કસ ભવનો પરિચય બિલકુલ નથી.**' ભાષા કેટલી છે! '**ચોક્કસ ભવનો પરિચય બિલકુલ નથી.**' આહા..હા..! વસ્તુ જે દ્રવ્યસ્વભાવ છે એમાં ભવનો ભાવ ચોક્કસ નથી. એને દ્રવ્યને ભવના ભાવનો પરિચય જ નથી. આહા..હા..! એય..!

**શ્રોતા :-** ધ્યાનાવલી ન કીધી પછી ભવના ભાવની ક્યાં વાત!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધ્યાનાવલી નથી કીધી. એ નિયમસારમાં આવ્યું છે. ધ્રુવ ચૈતન્ય શુદ્ધનયનો જે વિષય એમાં ધ્યાનાવલી પણ ભગવાન કહેતા નથી. આહા..હા..! આત્મધ્યાન જે સમાધિ વીતરાગદશા એ પણ શુદ્ધ દ્રવ્યસ્વભાવમાં નથી. હે ભગવાન! તારી ઈન્દ્રજાળ, નય તો ઈન્દ્રજાળ છે. ત્યાં જ કહ્યું છે. ત્યાં કહ્યું છે. આહા..હા..! ધર્મધ્યાન અને શુક્લધ્યાન જે આનંદની પર્યાય છે એ પણ ત્રિકાળ ધ્રુવમાં એ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો બહુ ચોખ્ખી વાત છે. ભાઈ! આ કાંઈ ખાનગી રાખીને વાત નથી કરી. આ તો પહેલેથી ચાલી આવે છે. રોકડીયો ધંધો આ છે. આહા..હા..!

**શ્રોતા :-** એક કાળે નથી તે સર્વ કાળે નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ત્રણે કાળે નથી દ્રવ્યમાં. .. કે દિ'? ઠીક કહે છે એ. મોક્ષકાળે જે સિદ્ધની પર્યાય પણ દ્રવ્યમાં નથી. અહીં શું કીધું?

'**કારણ કે આ લોકમાં એક આત્માને...**' એકરૂપ જે સદૃશ ધ્રુવ ચૈતન્ય ભગવાન તેને જ આત્મા કહીએ. નિશ્ચયથી આત્મા જ એને કહીએ. એ તો બધે આવી ગયું છે ૩૮ ગાથામાં, ૯૧ ગાથામાં. એ ખરેખર આત્મા એ જ છે. ત્રિકાળ જ્ઞાયકભાવરૂપી ધ્રુવસ્વભાવ પંચમપરમભાવ જેમાં ક્ષાયિકભાવ પણ નથી, ઉપશમભાવ નથી. આહા..હા..! તો એવા એક આત્મામાં, એક આત્માને ચોક્કસ ભવનો પરિચય છેને? ૨૦૯. '**उच्चै**' એ છેને? '**उच्चैर्भवपरिचयो बाढमिह नो**'

**શ્રોતા :-** '**बाढमिह**' એટલે ચોક્કસ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ચોક્કસ ઠીક. ચોક્કસ. આહા..હા..! નિશ્ચયથી કહીએ છીએ, ચોક્કસથી કહીએ છીએ, કહે છે. ભગવાન આત્મા ધ્રુવ ચૈતન્ય પ્રભુ એકરૂપ જે સ્વભાવ એને ભવનો પરિચય બિલકુલ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ચોક્કસ ભવનો પરિચય બિલકુલ નથી. આવી શું વાત? ત્યારે ભવ કોણ કરે? જડ કરતું હશે? છઠ્ઠી ગાથામાં કહ્યું છેને કે આત્મા

જ્ઞાયક છે તે શુભાશુભભાવે થયો જ નથી. શુભાશુભભાવે થાય તો તો જડ થઈ જાય, શુભાશુભભાવ અચેતનભાવ છે આ તો જ્ઞાયકભાવ ચૈતન્યમૂર્તિ ત્રિકાળ છે. જાણકસ્વભાવ એવો એકરૂપ ત્રિકાળભાવ એ શુભ અને અશુભભાવરૂપે થયો જ નથી. જો શુભ-અશુભભાવે થાય તો જ્ઞાયકભાવ એક રસરૂપ છે અને શુભાશુભભાવ તો અચેતન છે. આહા..હા..! તેથી જ્ઞાયકભાવ એકરૂપ છે એ શુભાશુભભાવરૂપે થયો નથી એટલે જડ થયો નથી. માટે તે તેને પ્રમત્ત અને અપ્રમત્ત પર્યાય નથી. આવ્યું છેને છઠ્ઠી ગાથામાં. પ્રમત્ત-અપ્રમત્ત કેમ નથી? '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो।**' આહા..હા..! એમાં પ્રમત્ત પર્યાય પહેલેથી છઠ્ઠા સુધીની અને સાતમાથી ચૌદમા સુધીની અપ્રમત્ત પર્યાય—બેય પર્યાય એમાં નથી. આહા..હા..! છઠ્ઠી ગાથા પાટણીજી! '**ण वि होदि अप्पमत्तो**' સમયસાર. કેમ નથી? કે જ્ઞાનસ્વભાવનું સત્ત્વ જે છે, જ્ઞાનરૂપ જે સત્ત્વ વસ્તુ છે.. એ શુભાશુભભાવ તો અચેતન છે, એમાં જ્ઞાનની શક્તિ નથી. આ જ્ઞાનશક્તિનું સત્ત્વ છે અને શુભાશુભભાવ તો જ્ઞાનની પર્યાય શક્તિનો અભાવ છે એમાં. અને એ જ્ઞાનશક્તિરૂપ જો શુભાશુભભાવરૂપ થાય તો એ તો અચેતન છે, શુભાશુભભાવ પોતાને જાણતા નથી, જ્ઞાયકભાવને જાણતા નથી અને જ્ઞાયકભાવ તો સ્વપર બેયને જાણવાનો સ્વભાવ એનો ત્રિકાળ પડ્યો છે એ તો. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**ચોક્કસ ભવનો પરિચય બિલકુલ નથી.**' આહા..હા..! '**આ રીતે જે ભવગુણોના સમૂહથી સંન્યસ્ત** છે...' આહા..હા..! કોણ? આત્મા. '**આ રીતે જે ભવગુણોના સમૂહથી...**' ગુણ એટલે વિકારી પર્યાય. ગુણ લીધા. ભવની વિકારી પર્યાયના સમૂહથી તો સંન્યસ્ત છે. એને ત્યાગ છે. એ સંન્યાસી છે આત્મા. છેને એમાં સંન્યસ્ત? આહા..હા..! એના ઉપર દૃષ્ટિ કરવી એ સમ્યગ્દર્શન થાય એને. ધર્મની પહેલી સીડી જિનેન્દ્ર માર્ગમાં, વીતરાગ માર્ગમાં. હવે બીજે માર્ગ છે ક્યાં વીતરાગ સિવાય? આહા..હા..! સમજાણું કાંઈ? આ '**ભવગુણોના સમૂહથી સંન્યસ્ત** છે...' આહા..હા..! ઓલામાં પરિચય નથી કીધું, પછી અહીં કીધું કે એનો તો ત્યાગ જ છે એને. આહા..હા..! સંન્યસ્ત છે. પુણ્ય-પાપનો ભાવ, ભવનો ભાવ. જે ભાવે ભવ મળે એ ભાવનો ભગવાન આત્મામાં ત્યાગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે! આ વાત ક્યાં, બાપા! એના ઘરની. એ શું ઘર છે નિજઘર? આહા..હા..!

૨૦૯. ઉપર છે. '**य एवं संन्यस्तो भवगुणगणैः स्तौमि तमहम्।**' આહા..હા..! એ ભગવાન આત્મા એકરૂપ દ્રવ્યસ્વભાવ, ધ્રુવસ્વરૂપ, સામાન્યસ્વરૂપ એમાં ભવના ગુણોની પર્યાયનો તો ત્યાગ છે એને. એવા આત્માનો હું આદર કરું છું, કહે છે. આહા..હા..! '**તેને (નિત્યશુદ્ધાત્માને)**...' એક કહ્યો, અખંડાનંદ કહ્યો, નિત્યશુદ્ધ કહો એને '**હું**...' પર્યાય એમ જાણે છે કે હું આનો આદર કરું છું. દ્રવ્યને ક્યાં જાણવું છે? આહા..હા..! સમજાણું કાંઈ? પર્યાય જાણે છે કે હું આનો આદર કરું છું. આહા..હા..! '**તેને (-નિત્યશુદ્ધ આત્માને)**

હું...’ હું એટલે કાંઈ વિકલ્પ છે ઈ? પણ મારો આત્મા મારી પર્યાયથી, પર્યાય જે નિર્મળ છે એના ઉપર ઢળી ગયું છે. માટે હું એને સદા વંદન કરું છું. સ્તુતિ એની છે મારે. પર્યાયમાં સ્તવન દ્રવ્યનું છે. સમજાણું કાંઈ? ભગવાનનું સ્તવન અને એ તો બધો વિકલ્પ રાગ છે. આહા..હા..! ભગવાનના સમવસરણમાં એની પૂજા, મણિરત્નના દીવા, હીરાના થાળ અને કલ્પવૃક્ષના ફૂલ. જય નારાયણ પરમાત્મા ... કહે છે કે એ વિકલ્પ છે, એ સંસારનું કારણ છે. આહા..હા..!

**શ્રોતા :-** બહુ જુદી જાતનું પુણ્ય બંધાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પુણ્ય બંધાય એમાં આત્માને શું થયું? બંધાયને પણ? અબંધસ્વભાવને બંધાયને? સમજાણું કાંઈ? પુણ્યાનુબંધી પુણ્ય થાય એમ કહે. સમજાણું કાંઈ?

‘**રાગ-દ્વેષ વગેરે ભવના ગુણોથી—વિભાવોથી—રહિત છે)...**’ સંસારના ભાવ જે શુભાશુભભાવ ઉદયભાવ એ સ્વભાવભાવમાં એ તો છે નહિ, ત્યાગ જ છે એનો. આહા..હા..! સમજાણું કાંઈ? ‘**તેને (-નિત્યશુદ્ધ આત્માને) હું સ્તવું છું.**’ એટલે મારી નિર્મળ પર્યાય તે તરફ જુકી છે, એ સ્તવું છું. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ધર્મ ભારે ઝીણો થઈ ગયો છે. હવે આ બધા બિચારા કરતા હોય ઈચ્છામી પડિક્કમણું ઈરિયા વરિયા.. તસ્સઉત્તરી કરણેણં... પણ શું મિચ્છા અને શું દુક્કડમ? કોની અપેક્ષાએ મિચ્છા? ત્રિકાળ દ્રવ્યની અપેક્ષાએ રાગ તે મિચ્છા-જૂઠો છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ૨૦૯ થયો. ૨૦૯ કળશ.

(मालिनी)

इदमिदघसेनावैजयन्तीं हरेत्तां
स्फुटितसहजतेजःपुंजदूरीकृताहंः-।
प्रबलतरतमस्तोमं सदा शुद्धशुद्धं
जयति जगति नित्यं चिच्चमत्कारमात्रम्।।२१०।।

‘**શ્લોકાર્થ :- સદા શુદ્ધ-શુદ્ધ એવું આ...**’ દ્રવ્યે શુદ્ધ, ગુણે શુદ્ધ. આહા..હા..! કારણપર્યાયથી પણ એ શુદ્ધ. એ તો દ્રવ્ય છે એ ગુણ અને પર્યાયથી શુદ્ધ. પછી દ્રવ્ય શુદ્ધ ક્યાંથી? ત્રિકાળ દ્રવ્ય જે છે એ શુદ્ધ-શુદ્ધ. એટલે ગુણથી શુદ્ધ અને પર્યાયથી પણ શુદ્ધ.

**શ્રોતા :-** પર્યાય આવી ગઈ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અંદર એ ગુણ શુદ્ધમાં એ પર્યાય આવી ગઈ. કારણપર્યાય હોં ત્રિકાળ. સમજાણું કાંઈ? દ્રવ્ય શુદ્ધ અને ગુણ શુદ્ધ કહો ત્યાં કારણશુદ્ધપર્યાય એમાં આવી ગઈ ભેગી. આહા..હા..! .. ... વાર છે. કે ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ એ ચાર પદાર્થ દ્રવ્યે શુદ્ધ, ગુણે શુદ્ધ અને પર્યાય એકધારી શુદ્ધ. શું કહ્યું? ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ એ દ્રવ્યે શુદ્ધ છે, ગુણે શુદ્ધ છે, પર્યાયની એક ધારાએ અખંડ શુદ્ધ છે.

એમાં ઓછી ને વિપરીત અને વિચલિત એવું કાંઈ છે નહિ. ત્યારે એ દ્રવ્યની પૂર્ણતા થાય છે. એમ આત્મામાં પણ જે પર્યાય સંસારની છે, પછી મોક્ષમાર્ગની છે, પછી મોક્ષની એ એકધારી ન રહી. નિયમસારની છેને. અહીં નથી. અહીં ક્યાં છે? વ્યાખ્યાનમાં.. ૧૯ ગાથા ઉપર વ્યાખ્યાન થયું છે. બે હજાર .. એટલે કારણદ્રવ્ય ધ્રુવ, ગુણ ધ્રુવ અને પર્યાય ધ્રુવ ત્રણે થઈને આત્મા તેને કહેવામાં આવે છે. નિશ્ચયનયનો આત્મા તેને કહેવામાં આવે છે. પર્યાયને વ્યવહારનયનો આત્મા કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? બે હજાર. બે હજારે શરૂ થયુંને ભાઈ આ આત્મધર્મ. બે હજારમાં શરૂ થયું છે. બે હજારમાં..બે હજારમાં શરૂ થયું છે. ૯૯માં ત્યાં રાજકોટ હતા. આહા..હા..!

**'શુદ્ધ-શુદ્ધ'** ભગવાન આત્મા તો સદા શુદ્ધ ત્રિકાળ શુદ્ધ. પર્યાયમાં અશુદ્ધતા ઘટે અને શુદ્ધતા પૂરી થાય એવો દ્રવ્ય-ગુણમાં એવો સ્વભાવ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ સમ્યગ્દર્શનનો વિષય છે એ તો ત્રિકાળ શુદ્ધ-શુદ્ધ જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? શુદ્ધ-શુદ્ધ સદા. પાઠ છેને એ? **'शुद्धशुद्धं'** ત્રીજું પદ. ત્રીજા પદનો છેલ્લો શબ્દ છે. .. આવ્યોને? આહા..હા..! આ ક્યાંથી કાઢ્યું? **'इदम'** પહેલું આ. પહેલું **'इदम'** આ. 'આ' આત્મા. 'આ' કહેતા પ્રત્યક્ષ શુદ્ધ-શુદ્ધ છે એમ. આહા..હા..! ત્યારે પૂરું દ્રવ્ય થયું. નિશ્ચનય નહોતી? આહા..હા..! એ તો એ ફક્ત નિયમસાર જ .. નિયમસાર મોક્ષમાર્ગનો અધિકાર છેને પર્યાયનો? પર્યાયનો અધિકાર છે. એટલે એમાં કારણપર્યાય કાઢી. અને બીજી રીતે કહીએ તો જે મોક્ષનો માર્ગ જે કાર્યરૂપ થયો કે કેવળજ્ઞાનરૂપી કાર્ય થયું એનું કારણ એક દ્રવ્ય-ગુણ છે અને (કારણ)પર્યાય છે. પૂર્વની પર્યાય મોક્ષને કારણ છે એમ નહિ. આહા..હા..! એ ત્રિકાળી દ્રવ્ય, ગુણ અને (કારણ)પર્યાય એકરૂપ વસ્તુ તે કાર્યનું કારણ છે. કાર્ય પર્યાય છે, તેનું એ કારણ છે. આહા..હા..! કારણ કહીને તો બીજા કારણ ઉડાવી નાખ્યા બધા. મોક્ષનો માર્ગ એ મોક્ષનું કારણ છે એ ઉડાડ્યું .. પાછું. કારણ કે વ્યય છે એને ઉત્પાદનું કારણ કહેવું. આહા..હા..! એના કરતા ઉત્પાદ છે એને સ્વરૂપ છે એને કારણ કહેવું. વ્યય તો અભાવ છેને. ઉત્પાદ ભાવ છે. ભાવ, અભાવ, ભાવઅભાવ, ભાવભાવ... હવે એ ભાવ છે ઉત્પાદનો, વ્યય છે.. ત્રિકાળ વસ્તુ છે તે એનું કારણ છે. આહા..હા..! અને આઘે જતા ... વ્યય વ્યયને કારણે, ધ્રુવ ધ્રુવને કારણે. આહા..હા..! અનેકાંત માર્ગ તો જુઓ, આવો વીતરાગમાર્ગ છે. સમજાણું કાંઈ?

અહીં કહે છે **'સદા...'** એક વાત. **'શુદ્ધ-શુદ્ધ...'** બેય. અને **'આ...'** નામ પ્રત્યક્ષ. સ્વરૂપપ્રત્યક્ષ છેને અંદર? આહા..હા..! કેવું તત્ત્વ છે એ ત્રિકાળ ભગવાન? એક ક્ષણમાં ત્રણકાળ, ત્રણલોક જાણે એવી અનંતી ક્ષણનો પિંડ છે એ. એ કહ્યું છેને અંદર જુઓ. ઉપયોગના અધિકારમાં આવી ગયું છે કે ઉપયોગ અંદરનો ઉપયોગ, જ્ઞાન છે ત્રિકાળને જાણે છે. એ આવી ગયું છે. પોતાનો જે ત્રિકાળ ભાવ છે તેને ઉપયોગ અંદરનો જાણે છે એવી શક્તિ છે, એમ કહે છે. શું કહ્યું? વર્તમાન પર્યાય નહિ, અંદરનો જે ગુણ છે એ આખા દ્રવ્યને

ત્રિકાળ જાણે. આહા..હા..! ઉપયોગના અધિકારે આવ્યું છે પહેલા. દસ, બાર, અગિયાર, બાર ગાથા. સમજાણું?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ સ્વભાવ જ છે એનો ઈ. જાણે છે એનો અર્થ કે એ .. છે. એ છેને આમાં. કેટલામાં છે? અહીં છે. આ તો જ્ઞાનદર્શન ધ્રુવને જાણે છે.

**શ્રોતા :-** ૧૨મી ગાથા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બસ એ જ. એ જ. ૨૮મું. આ જુઓ, '**નિજ કારણસમયસારનાં સ્વરૂપોને યુગપદ્ જાણવાને સમર્થ હોવાથી...**' સમજાણું કાંઈ? છે? '**આમ શુદ્ધ જ્ઞાનનું સ્વરૂપ કહ્યું.**' જેવું વર્તમાન કાર્ય જ્ઞાન છે. છેને માથે જુઓને ત્રીજી લીટી. છે ત્રીજી લીટી? '**કારણજ્ઞાન પણ તેવું જ છે. શાથી? નિજપરમાત્મામાં રહેલાં સહજદર્શન, સહજચારિત્ર, સહજસુખ અને સહજપરમચિત્શક્તિરૂપ નિજકારણસમયસારના સ્વરૂપોને યુગપદ્ જાણવાને સમર્થ હોવાથી...**' છેને બધું. આ તો આવી ગયું છે ઘણીવાર.

**શ્રોતા :-** પાક્કુ થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પાક્કુ થાય. એમાં શું એ! તો સ્વાધ્યાય છેને. આહા..હા..! વસ્તુ પોતે ત્રિકાળ જ્ઞાન, દર્શન આદિથી ભરેલી છે એને વસ્તુનું જે અંદર જ્ઞાન છે એ ત્રિકાળ બધાને જાણવાની શક્તિવાળું છે. એને પર્યાયમાં ત્રિકાળ .. જાણવાની શક્તિનો અંશ પ્રગટ થાય છે. ઓહો..હો..! દિગંબર સંતોએ તો આત્માનું નિધાન ખોલીને મૂક્યું છે.

**શ્રોતા :-** બીજા કરતા અહીં વધારે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વધારે છે, બહુ સ્પષ્ટ, ઘણું સ્પષ્ટ. શીતલપ્રસાદે લખ્યું છેને 'સમયસાર કરતા પણ નિયમસારમાં કેટલાક ન્યાયો ઘણા ઉંચા છે.' અને એમાં પોતાની ભાવના માટે રચ્યું છે એમ લખ્યું છેને? કુંદકુંદાચાર્ય જેવા ઓહો..હો..! ગણધરને બીજે નંબરે આવે. પહેલે નંબરે ભગવાન, બીજે નંબરે ગૌતમ. 'મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાચાર્યો' આદિ ભલે લ્યો, પણ ત્રીજે નંબરે એ આવ્યા. ઈ એમ કહે છે. આહા..હા..! અમારો સ્વભાવ ત્રિકાળને જાણવાના શક્તિવાળું સ્વરૂપ તે ત્રિકાળ જાણવાનો સ્વભાવ છે અમારો. એને આશ્રયે થતી દશા એ તો એક અંશ. કેવળજ્ઞાન એક અંશ છે. ત્રણકાળ, ત્રણલોક જાણવાનો એક અંશ છે, પણ એ અંશનું કારણ કોણ? સ્વરૂપપ્રત્યક્ષ ત્રિકાળ જે છે તે એને કારણ અને આ કાર્ય છે. આહા..હા..!

'**સદા શુદ્ધ-શુદ્ધ એવું આ (પ્રત્યક્ષ)...**' સ્વરૂપપ્રત્યક્ષ '**ચૈતન્યચમત્કારમાત્ર તત્ત્વ...**' આહા..હા..! '**જગતમાં નિત્ય જયવંત છે...**' આહા..હા..! પર્યાયે એને જાણ્યુંન? પર્યાયે આ વસ્તુ નિત્ય જયવંત છે એમ જાણ્યું એટલે કહે નિત્ય જયવંત છે આ તો. આહા..હા..! ચૈતન્યના નૂરના તેજના પૂર ભર્યા છે એમાં. અરે! સમજાણું કાંઈ? '**જગતમાં નિત્ય જયવંત**

છે...' આહા..હા..! એવું જે સ્વરૂપ જે '**કે જેણે પ્રગટ થયેલા સહજ તેજઃપુંજ વડે...**' તેને આશ્રયે જે નવી પર્યાય પ્રગટ થાય તેવા '**તેજઃપુંજ વડે સ્વધર્મત્યાગરૂપ (મોહરૂપ)...**' સ્વધર્મના ત્યાગરૂપ જે મોહ. આહા..હા..! એણે '**અતિપ્રબળ તિમિરસમૂહને દૂર કર્યો છે...**' ત્રિકાળ ભગવાન જે શુદ્ધ છે. એને આશ્રયે થતી નિર્મળ વીતરાગી પર્યાય. આહા..હા..! તેણે '**સ્વધર્મત્યાગરૂપ (મોહરૂપ)...**' એ નિર્મળ પર્યાયે '**અતિપ્રબળ તિમિરસમૂહને દૂર કર્યો છે...**' આહા..હા..! સમજાણું કાંઈ? સ્વધર્મત્યાગ મોહ. મોહ એ સ્વધર્મનો ત્યાગ છે. મોહનો અર્થ એ. સ્વધર્મત્યાગ એ મોહ. સ્વધર્મનું થવું એ તો અમોહ. એવી ભાષા છે.

એટલે શું કહેવું છે કે શુદ્ધ-શુદ્ધ જે ત્રિકાળ વસ્તુ જે પ્રત્યક્ષ છે ચૈતન્ય ચમત્કારમાત્ર. એવું જેને જ્ઞાનમાં ભાસ્યું અને શ્રદ્ધામાં ભાસ્યું, સ્થિરતામાં એ ભાસ્યું એ ભાવે સ્વધર્મનો ત્યાગ એવો જે મોહભાવ એનો એણે નાશ કર્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? છેને? '**અતિપ્રબળ તિમિર...**' અજ્ઞાન અંધકાર. આહા..હા..! રાગાદિભાવ એ અતિ અજ્ઞાન અંધકાર છે. રાગમાં જાણવાની શક્તિ નથી. ચાહે તો જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ અજ્ઞાન છે, તેમાં જ્ઞાન નથી. અજ્ઞાન એટલે મિથ્યાત્વ એમ નહિ. આહા..હા..! જગતમાં નિત્ય જયવંત છે. જેની પર્યાયે જેનો આશ્રય લીધો અને જણાણું કે આ તત્ત્વ તો જયવંત છે. ચૈતન્ય ચમત્કારમાત્ર તે જગતમાં હયાતી ધરાવે છે. એવી હયાતીનો ભાવ જે ભાસન થયું એ એમ કહે છે કે આ હયાતી ધરાવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! વાતે વાતે ઝીણું. ઓલો એક કહેતો હતો કે અમે માંડ ધર્મ કરતા હતા. જાત્રા જઈએ ધર્મ થાય, સામાયિક કરીએ તો ધર્મ થાય. હવે તમે વચ્ચે માર્યું એવું કે એ બધો ધર્મ નહિ. ... આહા..હા..!

**શ્રોતા :-** વ્યવહારથી તો ધર્મ થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વ્યવહારથી ધર્મનો અર્થ શું? નિશ્ચયધર્મ જેને હોય એને રાગ હોય તો એને વ્યવહારધર્મનો આરોપ કહેવામાં આવે છે. અજ્ઞાનીને વ્યવહાર ક્યાંથી આવ્યો?

**શ્રોતા :-** વાડાવાળા તો બધા એ જ માનેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** માને તો માને. એ તો બધા ગમે તે માને. આહા..હા..! એ અહીં મોહનભાઈનો દીકરો એક હતો. મોહન કાળીદાસ નહિ? નાનાલાલભાઈ નહિ? એનો દીકરો એક હતો. વસંતભાઈ. .. તો કહે આ બધું રાજ ચાલે છે બધા જ્યાં શું કહેવાય એ ઓલા? જવાહરલાલ. જવાહરલાલને એ બધા મને માણસો પૂછી જાય છે એ પછી રાજ કરે છે. આમ મેટ્રીક ભણેલો. અહીં રહેતો. આ મોહનભાઈ નહિ? મગજ અસ્થિર છે. આમ ગાંડો ન લાગે વાત કરે તો, પણ 'આ મારી વાત જવાહરલાલના માણસો ખાનગી લઈ જાય છે અને પછી આ રાજ ચલવે છે' કહે. મને વાત કરે હોં. કોઈ ન હોય ત્યારે આવે. ફરુને આહાર કરીને. ગાંડો થઈ ગયો. પાગલ એવા કહેવાય. નહિતર પૈસાવાળા માણસ.

૨૦ લાખની ઉપજ છે. છતાં કોઈ બાયડી એને આપે કોણ? એમ ને એમ મરી ગયો.

અહીં કહે છે '**જેણે પ્રગટ થયેલા સહજ તેજઃપુંજ વડે...**' આહા..હા..! ત્યાગરૂપ, મોહરૂપ '**અતિપ્રબળ તિમિરસમૂહને દૂર કર્યો છે અને જે પેલી અઘસેનાની ધજા...**' એ વિકારીભાવની ધજા આમ ફરકતી હતી એને '**હરી લે છે.**' ઓલી પાપની ધજા ફરકતી હતી કે અમે જ છીએ. આહા..હા..! એણે ભગવાન આત્માનું શરણ લઈને નિર્મળ પરિણતિએ તે ધજાને લૂંટી લીધી. સમજાણું કાંઈ? આચાર્ય છે, મુનિ છેને. '**પેલી અઘ...**' નીચે '**દોષ; પાપ.**' પણ એ બધું હોં પુણ્ય અને પાપ બેય પાપ છે. આહા..હા..! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## કારતક વદ-૮, બુધવાર, તા. ૨૬-૧૧-૧૯૭૫
## ગાથા-૧૨૭, કળશ-૨૧૧, પ્રવચન નં. ૧૦૬

આ નિયમસાર, સમાધિ-અધિકાર છે. આત્માને શાંતિ કેમ મળે અને આત્માને ધર્મ કેમ થાય? ધર્મ હોય કે શાંતિ હોય-બેય એક ચીજ છે.

**શ્રોતા** :- ધર્મ કહો કે પુણ્ય કહો એક જ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પુણ્ય નહિ. પુણ્ય બીજી ચીજ છે, વિકાર છે.

**શ્રોતા** :- શાંતિ તો પૈસાથી પણ થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ધૂળેય નથી થાતી. અહીંયાં તો આત્મા આનંદસ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન છે એમાં એકાગ્ર થઈને જે શાંતિ અને અનાકુળ આનંદ પ્રગટે એનું નામ ધર્મ અને સમાધિ અને સામાયિક કહેવામાં આવે છે. આમ છે, ભાઈ! સંપ્રદાયની અત્યારે લાઈનથી આખી વાત બીજી છે. બીજી વાત છે. એ ૨૧૧.

(પૃથ્વી)

जयत्यनघमात्मतत्त्वमिदमस्तसंसारकं
महामुनिगणाधिनाथहृदयारविन्दस्थितम्।
विमुक्तभवकारणं स्फुटितशुद्धमेकान्ततः
सदा निजमहिम्नि लीनमपि सद्दृशां गोचरम्।।२११।।

બહુ સરસ કળશ છે. આ આત્મા શરીર, વાણી, મનથી તો ભિન્ન છે, પણ અંદર પુણ્ય-પાપના વિકલ્પ છે એનાથી પણ ભિન્ન અને એક સમયની પર્યાયથી પણ ભિન્ન. એવું '**(નિર્દોષ) આત્મતત્ત્વ...**' છે? '**અનઘ (નિર્દોષ)...**' જેમાં પુણ્ય અને પાપના ભાવ પણ નથી. એવી

દ્રવ્ય ચીજ જે વસ્તુ છે એ નિર્દોષ છે. એવું '**(નિર્દોષ) આત્મતત્ત્વ જયવંત છે...**' આહા..હા..! સમ્યગ્દર્શનમાં એ નિર્દોષ ધ્રુવ આત્મા દૃષ્ટિમાં આવે છે. સમ્યગ્દર્શન, સમ્યગ્દૃષ્ટિને એ ચીજ ગમ્ય છે. એ આત્મતત્ત્વ કહે છે જયવંત છે. કેમકે જેણે સંયોગી ચીજથી લક્ષ ઉઠાવીને રાગ વિકલ્પ જે છે પુણ્ય-પાપનું એનાથી લક્ષ ખસેડીને, પર્યાયમાંથી લક્ષ ખસેડીને ત્રિકાળ જ્ઞાયકભાવમાં દૃષ્ટિ કરી એને અહીંયાં આત્મતત્ત્વ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત, ભાઈ! એ આત્મતત્ત્વ નિર્દોષ જયવંત વર્તે છે. આહા..હા..! સમ્યગ્દર્શનમાં એ અનુભવ પૂર્ણાનંદનો થયો તો કહે છે કે એ જયવંત વર્તે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત, ભાઈ!

**શ્રોતા** :- ઝીણી વાત અર્થાત્ શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઝીણી એટલે સૂક્ષ્મ અને સૂક્ષ્મ એટલે અપૂર્વ એમ. આહા..હા..! કદી સમ્યગ્દર્શનમાં દૃષ્ટિ દ્રવ્યમાં કરી જ નથી. ક્રિયાકાંડ કર્યા—દયા, દાન, વ્રત, ભક્તિ, તપ આદિ એ તો એક શુભભાવ છે પુણ્ય, ધર્મ નહિ. સમજાણું કાંઈ? એવી વાત, ભાઈ!

**શ્રોતા** :- પડિમા લઈએ તો સમ્યગ્દર્શન થાયને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પડિમા ક્યાં પડિમા હતી? સમ્યગ્દર્શન વિના પડિમા ક્યાંથી? હજી સમ્યગ્દર્શન કોને કહે એની તો ખબર નથી. એ અહીંયાં કહે છે. છેલ્લે કહેશે. સમ્યગ્દૃષ્ટિને ગમ્ય છે. આહા..હા..! નિત્યાનંદ પ્રભુ ધ્રુવસ્વરૂપ ભગવાન આત્મા એ સમ્યગ્દૃષ્ટિને ગમ્ય છે. આહા..હા..! કેમકે સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ ધ્રુવ ઉપર જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! સમ્યગ્દર્શન છે પર્યાય, સમ્યગ્દર્શન છે પર્યાય, પણ એનું ધ્યેય છે દ્રવ્ય. આહા..હા..! એ કહે છે.

'**(નિર્દોષ) આત્મતત્ત્વ...**' અહીંથી ઉપાડ્યું છે. '**જયવંત વર્તે છે...**' એટલે ગમ્ય થયું છે એમ. આહા..હા..! જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય તત્ત્વનો અનુભવ થયો છે. વર્તમાન જ્ઞાનની દશામાં ત્રિકાળી વસ્તુ દૃષ્ટિમાં આવી છે. તો કહે છે કે એ જયવંત વર્ત છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે ઝીણી વાત, ભાઈ! જેને આત્મજ્ઞાન કહીએ. સમજાણું કાંઈ? એ જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય જે ત્રિકાળી આત્મા સચ્ચિદાનંદ પ્રભુ નિર્દોષ આનંદકંદ આત્મા છે, સચ્ચિદાનંદ પ્રભુ છે. આહા..હા..! એ દૃષ્ટિમાં આવ્યું છે, જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય આવ્યું છે તો કહે છે કે જયવંત વર્તે છે, એમ કહે છે. એ તો ચીજ અનાદિ-અનંત જયવંત વર્તે છે. નિત્યાનંદ પ્રભુ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**કે જેણે સંસારને અસ્ત કર્યો છે,...**' આહા..હા..! ભગવાન પૂર્ણાનંદનો નાથ નિત્યાનંદ પ્રભુ જેમાં સંસાર છે જ નહિ. સંસાર શબ્દે ઉદયભાવ, વિકારભાવ, દયા, દાન, વ્રત, કામ, ક્રોધનો ભાવ એ જેમાં છે જ નહિ. એ વસ્તુ એમાં છે જ નહિ. આહા..હા..! તો એણે સંસારને અસ્ત કર્યો છે એમ કહ્યું. સંસારને અસ્ત. સંસાર એમાં છે જ નહિ. ભગવાનજીભાઈ! આવી વાતું ભારે, ભાઈ! આહા..હા..! ત્રણલોકનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ ધ્રુવ હોં. એ જયવંત

વર્તે છે. અંદર જયવંત વસ્તુ છે. આહા..હા..!

**શ્રોતા :-** જયવંત વર્તે છે એ તો પર્યાય છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જયવંત વર્તે એ માને એ પર્યાય છે. વસ્તુ જયવંત વર્તે છે.

**શ્રોતા :-** એ બેય ત્રિકાળ જયવંત!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જ અહીં છે વસ્તુ. જયવંત વર્તે છે એ તત્ત્વ જ જયવંત વર્તે છે. પણ જાણે છે કોણ? પર્યાય. પર્યાય જે છે એ જાણે છે કે આ વસ્તુ ત્રિકાળ જયવંત છે. સમજાણું કાંઈ? આહા..હા..! કરવાલાયક હોય તો આ ચીજ છે. નિત્ય ધ્રુવ સામાન્યસ્વભાવ, ધ્રુવસ્વભાવ, સચ્ચિદાનંદ પ્રભુ. સત્ ચિદ્ જ્ઞાન. જ્ઞાન અને આનંદનું સત્‌સ્વરૂપ ત્રિકાળ છે આ ભગવાન આત્મા. એ પર્યાય અવસ્થામાં દૃષ્ટિ ત્યાં દેવાથી. અવસ્થા એ દૃષ્ટિ ત્યાં દેવાથી, અવસ્થામાં ખ્યાલ આવ્યો આ જયવંત વર્તે છે. આહા..હા..!

**શ્રોતા :-** એ તો તીર્થયાત્રા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તીર્થયાત્ર બધા તીર્થ એ આત્મા છે. એ યાત્રા આત્મા છે. બહારના તીર્થ અને યાત્રા તો શુભભાવ પુણ્ય છે, ધર્મ નહિ. ચાહે તો સમ્મેદશિખરની જાત્રા કરે કે શેત્રુંજયની કરે કે ગિરનારની કરે. શુભભાવ પુણ્ય છે, ધર્મ નહિ. તીર્થ અને જાત્રા તો આ આત્મા પૂર્ણાનંદનો નાથ એમાં દૃષ્ટિ કરવી અને સ્થિર થવું એ તીર્થ અને એ જાત્રા છે. સમજાણું કાંઈ? આહા..હા..! પરમાત્મપ્રકાશમાં એ લીધું છે. તીર્થ એ છે. ગુરુ એ છે, દેવ એ છે, ધર્મ એ છે. ધર્મનું કારણ એ દ્રવ્ય ત્રિકાળ સ્વભાવ છે. આહા..હા..! પુણ્ય આ તો દયા, દાન, વ્રત, ભક્તિ, જાત્રા એ તો બધું પુણ્ય છે, શુભભાવ છે. એ તો કહ્યુંને એમાં છે જ નહિ. વસ્તુમાં તો એ ભાવ છે જ નહિ. આહા..હા..! આવો માર્ગ! જિનેન્દ્ર વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ અરિહંત પરમાત્માને ત્રણકાળ, ત્રણલોકનું જ્ઞાન થયું. તો અરિહંતને ઇચ્છા વિના ધ્વનિ-વાણી નીકળી. ૐ ધ્વનિ એમ નીકળી. ગણધરો, સંતના નાયકો એણે બાર અંગની રચના કરી. બાર અંગની રચનામાં આ આવ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? તારો પ્રભુ પૂર્ણ આનંદનો નાથ અંદર છે. અરે! તને ખબર નથી. સમજાણું કાંઈ? તારી ચીજમાં તો અતીન્દ્રિય અનાકુળ અણિન્દ્રિય આનંદ પડ્યો છે. આહા..હા..! આ ઇન્દ્રિયમાં સુખ માને છે એ તો વિકલ્પમાં સુખ ઝેરમાં સુખ માન્યું. ભોગમાં, આબરૂમાં, કીર્તિમાં, પૈસામાં, કરોડપતિ, અબજપતિ 'હું છું. હું સુખી છું.' એ તો ઝેર છે.

**શ્રોતા :-** ગરીબમાં સુખ માનવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આત્મા ગરીબ નહિ, આત્મા તો તવંગર છે. અનંત આનંદ અને અનંત જ્ઞાનની લક્ષ્મીથી ભરેલો છે પ્રભુ આત્મા. ખબર નહિ, ભાન ન મળે કાંઈ.

**શ્રોતા :-** સમ્યગ્દૃષ્ટિને ગોચર હોય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સમ્યગ્દૃષ્ટિને ગોચર છે એ વાત કરે છે. માટે સમ્યગ્દર્શન અંદર

ગોચર કરો એમ કહે છે. એ કરો એની માટે તો પ્રશ્ન છે અહીંયાં. ત્રિકાળ આનંદકંદ પ્રભુ છે, અનાકુળ આનંદની ગાંઠ, ગાંઠડી સાગર છે, ત્યાં દૃષ્ટિ લગાવો. આહા..હા..! પહેલી સમજણમાં તો નક્કી કરે, જ્ઞાનમાં તો નિર્ણય કરે કે હું પૂર્ણાનંદનો નાથ છું, એ તરફનું વલણ એ સમ્યગ્દર્શન છે. આહા..હા..! સમ્યક્ નામ સત્ય, પૂર્ણસ્વરૂપની પ્રતીત થઈ. જેમ પૂર્ણસ્વરૂપ કહ્યુંને? જયવંત વર્તે એ પૂર્ણસ્વરૂપ છે. એ પ્રતીતમાં આવ્યું. તો પ્રતીતમાં એની સન્મુખ જાય તો પ્રતીતમાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! છોટાભાઈ! આવી વાતું ભારે, ભાઈ! ત્યાં તો ચીત્તલમાં આ વાતેય નથી ત્યાં તમારા .. કુટુંબમાં. બધા એમ ને એમ મરી ગયા બિચારા. અમે સ્થાનકવાસી છીએને. આહા..હા..! એ સ્થાનકવાસી અને શ્વેતાંબરમાં આ વાત છે જ નહિ. છે જ નહિ, આ તો સનાતન જૈનધર્મ દિગંબર ધર્મ સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથે જોયો એ આ માર્ગ–ધર્મ છે. સમજાણું કાંઈ?

કહે છે, ઓહો..હો..! ટૂંકા શબ્દોમાં ઘણું ભર્યું. ઓહો..હો..! આ ભગવાન નિર્દોષ છે. સચ્ચિદાનંદ પ્રભુ વસ્તુસ્વભાવ. વસ્તુસ્વભાવ દ્રવ્યનો, આત્માનો તદ્દન નિર્દોષ અને તદ્દન નિર્મળાનંદ પ્રભુ છે. એની દશામાં જે રાગાદિ છે એ વિકાર છે, એ તો પરતરફના લક્ષે થયો છે. વસ્તુમાં એ રાગ નથી. આહા..હા..! વસ્તુમાં વ્રતનો વિકલ્પ, તપનો વિકલ્પ, હું અપવાસ કરું એવો વિકલ્પ એ વસ્તુમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ બધા અપવાસ–અપવાસ કરે છેને લાંઘણું. મહિનાના અપવાસ અને ફલાણા–ઢીંકણા. અપવાસ છે હોં ઉપવાસ નહિ એ. હમણા આવશે એ ૧૨૭માં. ઉપવાસ નહિ અપવાસ આ તો બધી લાંઘણ છે. આહા..હા..! પાપ બાંધે પાપ મિથ્યાત્વનું.

**શ્રોતા :–** ..બિચારા ભૂખ્યા રહે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ભૂખ્યા રહે, લાંઘણ કરે અને ધર્મ થાય એમ માને એ મિથ્યાદૃષ્ટિ પાપને બાંધે છે. આહા..હા..! આ એવી વાત છે, ભાઈ! એણે કોઈ દિ' સાંભળી ન હોય એવી આ તો લાગે. માર્ગ આવો છે. આહા..હા..! એ જ કહે છે.

**'જેણે સંસારને અસ્ત કર્યો છે,...'** આહા..હા..! સચ્ચિદાનંદ પ્રભુ આનંદનો ઢગલો, આનંદનું ઢોકળું અતીન્દ્રિય આનંદનો ગંજ પ્રભુ આત્મા છે, જેમાં સંસાર છે જ નહિ. કેમકે સંસારનો અભાવ થાય છે તો સંસાર તો પર્યાયમાં હતો, વસ્તુમાં નહોતો. વસ્તુની દૃષ્ટિ કરશે તો સંસારનો અંત થઈ જશે. સંસાર એને છે નહિ. સમ્યગ્દર્શનમાં આત્માનું ભાન, પ્રતીત અંદર ધ્રુવનું થતાં તો સંસાર મારામાં છે જ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :–** ધર્મનું સ્વરૂપ બતાવોને!

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ શું કહે છે? એ સ્પષ્ટિકરણ કરાવે છે શેઠ. ભગવાન! ધર્મ એવી ચીજ છે. ધર્મ એટલે વીતરાગી પર્યાય, ધર્મ અર્થાત્ વીતરાગી દશા. તો વીતરાગદશા એ ધર્મ. દયા, દાન, વ્રત ને તપ એ ધર્મ નથી, એ તો વિકલ્પ અને રાગ છે. આહા..હા..!

તો એ ધર્મની પર્યાય કોને માને છે? કે ત્રિકાળ સચ્ચિદાનંદ પ્રભુ છું. આહા..હા..! એનો સ્વીકાર કરે છે તો એ નિર્દોષને જયવંત છે એમ કહે છે. એ તત્ત્વ તો જયવંત મારી દૃષ્ટિમાં નહોતું આવ્યું પહેલા. એ તો હતું જ એવું. દૃષ્ટિમાં આવ્યું. ધ્રુવની દૃષ્ટિ થતાં દૃષ્ટિમાં આવ્યું તો ઓહો..! આ ભગવાન પૂર્ણાનંદનો નાથ તો જયવંત વર્તે છે. આહા..હા..! આવી વાત છે, ભાઈ! સંસારથી જુદી જાત છે.

**શ્રોતા** :- એક જ શાસ્ત્રમાં કે બધા શાસ્ત્રમાં?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ શું છે? બધા શાસ્ત્રમાં એક જ વાત છે. એમ કે બીજું વળી શાસ્ત્ર.

**શ્રોતા** :- ચરણાનુયોગના શાસ્ત્રમાં પુણ્ય કરવાનું કહે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કરવાનું નહિ, એ તો હોય છે એમ જણાવે છે. હોય છે એમ જણાવે છે. વસ્તુમાં પુણ્ય-બુણ્ય છે નહિ. ભાવનામાં જે સમ્યગ્દૃષ્ટિ છે, પોતાના સ્વરૂપનું ભાન થયું છે એને સ્વરૂપમાં સ્થિર કરવું એનું નામ જ ધર્મ. પણ એ સ્થિર ન થઈ શકે ત્યારે ભાવના શુભની થાય છે એમ લીધું છે. આજે આવ્યું હતુંને, ભાઈ! ભાવપાહુડ. ઘણું આવ્યું હતું શુભનું. ૨૫ ક્રિયા અને ફલાણું ને ઢીંકણું. એ શુભભાવ હોય છેને એ બતાવ્યું છે. ધર્મ નથી. એને શુદ્ધ અને શુભ બે વાત હોય ઈ બતાવવું છે. આવ્યા હતા સવારમાં ? ભાવપાહુડ. હતા?

શુદ્ધ આનંદકંદ પ્રભુ એની દૃષ્ટિ અને લીનતા એ તો શુદ્ધતા છે, પણ અંદર ઉપયોગમાં સ્થિર ન થાય ત્યારે એવો શુભભાવ આવે છે. ઘણું લીધું હતું સવારમાં ભાવપાહુડમાં. ૨૫ ભાવના ભાવવી, ફલાણું આમ કરવું, છ દ્રવ્યને આમ કવું. આવ્યું હતું કે નહિ? એ વખતે ચિહ્ન કર્યા છે બધા એમાં. આવેને શુભભાવ હોય છે, પણ એ ધર્મ નથી. સમજાણું કાંઈ? શુદ્ધ અને શુભ બે હોય છે. ધર્મીને અશુભ હોય નહિ એ બતાવવા વાત છે. આહા..હા..! ઘણું આવ્યું હતું આજે અષ્ટપાહુડમાં ચિહ્ન કર્યા છે. ચિહ્ન કર્યા હતા બધે કે જુઓ આમાં શુભભાવનું આવે છે. આવે છે એ જણાવે તો ખરા કે નહિ? અશુભથી બચવા, સમ્યગ્દર્શન અને પૂર્ણાનંદનું ભાન અને પ્રતીત હોવા છતાં પણ સ્વરૂપમાં સ્થિર ન થાય ત્યારે અશુભથી બચવા શુભભાવ આવે છે, પણ એ શુભભાવ પુણ્યબંધનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવ્યું કે નહિ? સવારમાં આવ્યું હતુંને?

**શ્રોતા** :- પ્રચંડ કર્મકાંડ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પ્રચંડ કર્મકાંડ એ નિમિત્તથી કથન આવ્યું હતું. એ માટે બરાબર ખુલાસો કર્યો હતો. પ્રચંડ કર્મકાંડ કાઢી નાખ્યા છે એણે. ક્ષુલ્લક ધર્મદાસજીએ કાઢી નાખ્યું છે. પણ હોય એમાં શું? વ્યવહાર હોય છે એનો કોણ નિષેધ કરે? સમજાણું કાંઈ? જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી શુભભાવ આવે, પણ એ શુભભાવ ધર્મ નથી. આહા..હા..!

અને એનાથી નિશ્ચય થાય એમ પણ નથી. એ તો વ્યવહારનું કથન છે. આહા..હા..! એવું છે, ભાઈ! એક બાજુ કહે ક્લેશ કરીને મરી જાવ, ટૂટી જાવ, ચુરણ શરીર થઈ જાય. પણ સમ્યગ્દર્શન વિના એ બધી ક્રિયા સંસારનું કારણ છે. એક બાજુ એમ કહે કે એનાથી પાછું નિશ્ચય થાય. સમજાણું કાંઈ? આહા..હા..!

અરે! જન્મ-મરણના આરા જુઓને આહા..હા..! આ તો એક એક સાંભળીએ તો કેટલા વૈરાગ્યની વાત જુઓને. ઓલી બાઈનું આજે કહેતા હતા નહિ બિચારા. ૨૭ વર્ષની ઉંમર. લ્યો, આ ગાંધી આવ્યાને ઓલા ગાંધી? હીરાભાઈના આવ્યા હતાને રાયચંદભાઈનો દીકરો. મોટા ભાઈ હતા શિવલાલભાઈ એના દીકરા આવ્યા હતા નહિ કાંતિ. એના બહેનની દીકરી. ત્યાં સવાઈલાલ છે લીંબડી. એની દીકરી. અહીં આપી છે આપણે વાંકાનેર. શાંતિલાલ છગનભાઈ. છગનભાઈ. છગનભાઈ નહિ? વીસાશ્રીમાળી. હવે એને પહેલેથી દમ હશે. દમનો રોગ. એને બે જીવ હોતા એટલે દેશમાં આવતી હતી એને પિયર. એમાં નડિયાદની આવે રેલ એટલામાં એકદમ દમ ઉપડ્યો દમ. દમ ઉપડ્યો તે ઉતારી લેવી પડી નીચે. હોસ્પિટલમાં લઈ ગયા. દમ. ૨૭ વર્ષની ઉંમર જુવાન અવસ્થા. દમ હશે નાની ઉંમરમાં હશે. શું થયું એકદમ. હોસ્પિટલમાં લઈ ગયા બસ એમ ને એમ ઢળી ગઈ. દેહ છૂટી ગયો. અડધા કલાકમાં દેહ છૂટી ગયો. ૨૭ વર્ષની જુવાન અવસ્થા. એ પછી મડદાને લાવ્યા અહીં બિચારા લીંબડી. સવાઈલાલ રાયચંદ ગાંધીના દીકરા હતા સવાઈલાલ. બીજા નંબરના. એની એ દીકરી. એની આ દીકરી. એ સવાઈલાલ તો હવે આ બાજુ પ્રેમ રાખે ત્યાં. આપણે સર્વોદય થયુંને, ભાઈ! સર્વોદય મંદિર. તે દિ' .. નહિ આમ તો સ્થાનકવાસી. પણ હવે પ્રેમ થઈ ગયો છે. ભાઈ! માર્ગ તો આ છે ભાઈ! આ સ્થાનકવાસી, દેરાવાસી, ઢંકણાવાસી અહીં નથી. માર્ગ તો વીતરાગનો આ છે. આ છે, સમજો, માનો. એ માટે તો વાત કરીએ છીએ અહીંયાં. આહા..હા..!

'**જે મહામુનિગણના અધિનાથના** (-ગણધરોના) **હૃદયારવિંદમાં સ્થિત છે,...** ' જુઓ, ભાષા કેવી લે છે! આહા..હા..! ગણધર જે ગણધર તીર્થંકરના જે ધર્મ વજીર, દિવાન એના જ્ઞાનમાં અરવિંદ-જ્ઞાનરૂપી કમળમાં. આહા..હા..! સ્થિત છે આત્મા. જ્ઞાનરૂપી કમળ જે એમાં આત્મા સ્થિત છે. આત્માનું ભાન થઈ ગયું છે અંદરમાં. એનો આત્મા ત્યાં છે. આહા..હા..! શું આવ્યું શેઠ! શું? '**મહામુનિગણના અધિનાથ...**' હજારો સંતો ભાવલિંગી, નગ્નમુનિઓ અને આત્માના આનંદમાં ઝૂલનારા. એનો નાથ છે? '**મહામુનિગણના અધિનાથના** (-ગણધરોના) **હૃદયારવિંદમાં...**' આહા..હા..! જ્ઞાનરૂપી કમળમાં ભગવાન પૂર્ણાનંદનું ચિત્ત છે. આહા..હા..! એ ૧૨૭મી લેવી છેને, ભાઈ! ૧૨૭મી લેવી છેને એનો ઉપોદ્ઘાત છે. એની શૈલી એવી છે. કારણ કે ત્યાં કહેશેને સમકિતમાં આત્મા છે, જ્ઞાનમાં આત્મા છે, ચારિત્રમાં આત્મા સમીપ છે. આહા..હા..! એની શૈલી બધી અમૃતચંદ્રાચાર્યની શૈલી લેવી છે.

**શ્રોતા :-** ૧૨૭ની આ ભૂમિકા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, આ ૨૭મી ભૂમિકા છે. કે '**મહામુનિગણના અધિનાથના (-ગણધરોના) હૃદયારવિંદમાં સ્થિત છે,...**' જ્ઞાનરૂપી પર્યાયમાં એ ભગવાન આવ્યા છે. આહા..હા..! અનુભવમાં એ આત્મા આવ્યો છે. આહા..હા..! '**જેણે ભવનું કારણ તજી દીધું છે,...**' આહા..હા..! પ્રભુ! સચ્ચિદાનંદ પ્રભુ નિર્મળાનંદનો નાથ આત્મા એણે ભવનું કારણ તો તજી દીધું છે. ભવનું કારણ એમાં છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? જેમાં સ્વર્ગ મળે એવા ભવનું કારણ જે ભાવ છે એ એણે છોડી દીધું છે, એમાં છે નહિ. આહા..હા..! આ ભવ મળે સ્વર્ગના, દેવના અને આ કરોડોપતિ, અબજોપતિ આ શેઠિયા હોયને ભિખારા. એ બધા ભિખારા છે. પોતાની લક્ષ્મી પોતામાં છે એની ખબર નથી અને આ ધૂળની લક્ષ્મી બહારની કરોડ, અબજ અમારા છે (એમ માનનાર) મૂઢ છે, મૂર્ખ છે, ભિખારો છે. સમજાણું કાંઈ? અહીં તો એ વાત છે, ભાઈ! સચ્ચિદાનંદ પ્રભુ અંદર અનંત આનંદ, અનંત શાંતિની લક્ષ્મી પડી છે અંદરમાં એનું તો ભાન નથી, અને આ ધૂળ બહારના પૈસા કરોડ, બે કરોડ ને ધૂળ કરોડને. ભગવાનજીભાઈ! લ્યો એ કરોડપતિ છે. માગે છે માગણ થઈને. ત્યાં જાય, પછી જઈશ ત્યાં. લાવો પૈસા કેટલા થયા અને કેમ થયા? ધ્યાન રાખો, ભાઈ! અહીં તો કહે છે કે આત્મા... આહા..હા..! એવી વાત છે, ભગવાન! ભગ-ભગ એટલે લક્ષ્મી, વાન એટલે લક્ષ્મીવાન. આત્મા ભગવાન છે. ભગ નામ અનંત આનંદ અને અનંત શાંતિનો સાગર લક્ષ્મીવાન છે. ખબર નથી, ભાન ન મળે. સમજાણું કાંઈ?

તો કહે છે કે '**જેણે ભવનું કારણ તજી દીધું છે,...**' આહા..હા..! પહેલું કહ્યું હતું કે સંસારને અસ્ત કર્યો છે અને કારણને છોડી દીધું છે. આહા..હા..! '**એકાંતે શુદ્ધ પ્રગટ થયું છે...**' આહા..હા..! જુઓ, એકાંતે શુદ્ધસ્વરૂપ છે એનું. એ પ્રગટ થયું એમ નહિ. '**(અર્થાત્ જે સર્વથા-શુદ્ધપણે સ્પષ્ટ જણાય છે)...**' એમ. શુદ્ધ સ્પષ્ટ છે એમ જાણવામાં આવ્યું. છે? એ એકાંતે શુદ્ધ પ્રગટ થયું એનો અર્થ? જે વસ્તુ છે એ સર્વથા શુદ્ધરૂપે સ્પષ્ટ જ્ઞાત થયું છે. વસ્તુ શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન આનંદકંદ છે એનું જ્ઞાન થયું એ તો સ્પષ્ટ ચોખ્ખી ચીજ પડી છે. આહા..હા..! ભારે વાત, ભાઈ! એ આત્માની એને ખબર ન મળે. આત્માના ગાણા સાંભળ્યા નથી એણે. ઓલી બહારની વાતું ધૂળની, ફલાણાની, આ પુણ્ય કર્યા, આ કર્યા ને ધૂળ કરી. આહા..હા..! લાખ, બે લાખ ખર્ચે ત્યાં ધુરંધર. ધર્મના ધુરંધર. ધૂળેય નથી ધર્મ સાંભળને હવે તારા. લાખ શું કરોડ દે તોપણ એ શું? એ તો જડની ચીજ છે પૈસા તો. એ ક્યાં તારા હતા અને તું ક્યાં એનો સ્વામી હતો. એનો સ્વામી છે એ? સ્વામી હોય તો મરીને કેમ એક ચાલ્યો જાય છે? આત્મા વસ્તુ તો પડી રહે છે. વસ્તુ તો અહીં પડી રહી છે. આહા..હા..! ચૈતન્યસ્વામી પોતાની લક્ષ્મીનો એ સ્વામી છે. આહા..હા..!

કહે છે '**એકાંતે શુદ્ધ પ્રગટ થયું છે...**' એટલે? એકાંતે શુદ્ધ છે એમ સ્પષ્ટ જણાય છે એમ. પ્રગટ થયું એટલે સ્પષ્ટ જણાયું. સમજાણું કાંઈ? '**અને જે સદા નિજ મહિમામાં**

લીન...' '(ટંકોત્કીર્ણ ચૈતન્યસામાન્યરૂપ)...' ધ્રુવ સામાન્યરૂપ એ નિજમહિમામાં લીન જ છે અંદર. ધ્રુવ ધ્રુવમાં જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? વાત સાંભળી નથી બિચારા શું આ એમ ને એમ જિંદગીયું ચાલી જાય મૂઢપણે. અપવાસ કર્યા, તપસ્યાઓ કરી, ધૂળેય નથી તારા અપવાસ. હવે એ તો લાંઘણ છે. અહીં કહેશે ઉપવાસ તો અંદર આત્માના આનંદના સમીપમાં જાય એને ઉપવાસ કહેવામાં આવે છે. આત્માને દૂર રાખે અને આત્માનું ભાન ન મળે પછી અપવાસ કર્યા અને લાંઘણ કરી. મરી જાને લાંઘણ કરીને, એમાં કાંઈ આત્માને ધર્મ નથી લે. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઠીક સારું કર્યું. એ ..ના બારોટ છે. અમારે બારોટ હતા ..મોતીલાલ કાંઈક બારોટ હતા. અહીં એક હતા. અમારે એક હતા બારોટ કુટુંબના મોતીલાલ કરીને. આ તો પોણો સો વર્ષ પહેલાંની વાત છે હોં. અરે! બિચારા રોટલા લે અને રૂપિયો માગે બે રૂપિયા તે દિ' તો. રૂપિયો-રૂપિયો આપે અને કાં રોટલા લે. બસ એટલું બારોટ છે. આહા..હા..! આ તો આનંદનો નાથ ભગવાન એનો આ બારોટ આત્મા છે. પૂર્ણાનંદનો નાથ ભગવાન એની આ કથા છે. સમજાણું કાંઈ?

કહે છે 'સદા (ટંકોત્કીર્ણ ચૈતન્યસામાન્યરૂપ)...' સામાન્યરૂપ, ધ્રુવરૂપ, પર્યાયરૂપ નહિ. એ '**નિજમહિમામાં લીન...**' જ છે. આહા..હા..! એમ '**હોવા છતાં સમ્યગ્દૃષ્ટિઓને ગોચર છે.**' આહા..હા..! પહેલા ના પાડી હતી કે ચાર ભાવ ગમ્ય નથી. ગમ્ય નથીનો અર્થ? એના આશ્રયે ગમ્ય નથી એમ. સમજાણું કાંઈ? ચાહે તો ક્ષયોપશમભાવ હોય કે ચાહે તો ક્ષાયિક પર્યાય હોય, એને આશ્રયે આત્મા ગમ્ય નથી. આહા..હા..! પણ સમ્યગ્દૃષ્ટિને ગમ્ય છે. પોતાના ત્રિકાળનો આશ્રય લેવાથી સમ્યગ્દૃષ્ટિને ગમ્ય છે કે આ આત્મા છે એમ. ધ્રુવ આત્મા એવું સમ્યગ્દૃષ્ટિને ગમ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ કરવું એ કહે છે. આહા..હા..! '**નિજમહિમામાં લીન હોવા છતાં સમ્યગ્દૃષ્ટિઓને ગોચર છે.**' સમ્યગ્દર્શનની પર્યાયનો વિષય એ ધ્રુવ છે. આહા..હા..! એનો વિષય એ ધ્રુવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ૧૨૬ ગાથા થઈ. ૧૨૭.

जस्स संणिहिदो अप्पा संजमे णियमे तवे।
तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे।।१२७।।

**સંયમ, નિયમ ને તપ વિષે આત્મા સમીપ છે જેહને,**
**સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૨૭.**

'**ટીકા :- અહીં (આ ગાથામાં) પણ આત્મા જ ઉપાદેય છે એમ કહ્યું છે.**' ત્રિકાળી શુદ્ધ ધ્રુવ આત્મા એ જ ઉપાદેય છે. આહા..હા..! સમજાણું કાંઈ? નિત્યાનંદ પ્રભુ અનાદિ-અનંત રહેનાર અવિનાશ ભગવાન આત્મા. આત્મા છે એ કદી ઉત્પન્ન થયો નથી.

છે એ કદી નાશ થતો નથી. આહા..હા..! એવો ભગવાન આત્મા ધ્રુવ, નિત્ય, સામાન્ય, એકરૂપ એ જ ઉપાદેય છે. એ આત્મા જ ઉપાદેય છે. લ્યો, આ તો 'જ' કહ્યું. એકાંત નથીને, ભાઈ! એ કદાચિત્ આત્મા જ ઉપાદેય છે અને કદાચિત્ પર્યાય જ ઉપાદેય હોય. એકાંત થઈ ગયું. એ સમ્યક્ એકાંત જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! આ તો જન્મ-મરણનો દુઃખી પ્રાણી છે બિચારો. ચોર્યાસીના અવતારમાં દુઃખી થઈને હેરાન થઈ ગયો છે. હેરાન થઈ ગયો છે. 'અપને કો આપ ભૂલ કે હૈરાન હો ગયા.' પોતાનું શું સ્વરૂપ છે એના ભાન વિના હેરાન-હેરાન છે. ચાહે તો દયા, દાન કરે અને વ્રત, ભક્તિ કરે બધી હેરાન દુઃખની દશા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

લલીતપુરમાં તો હમણા આ કનુભાઈ ગયા હતા ત્યાં આપણા કનુભાઈ નહિ? દાહોદવાળા. એ લલીતપુર ગયા હતા આ દસલક્ષણી પર્વમાં. પાઠ છે હોં અંદર. '**अत्राप्यात्मैवोपादेय इत्युक्तः।**' છે? સંસ્કૃત ટીકા છે. પહેલી લીટી. પહેલી લીટીને શું કહે છે? પંક્તિ? પહેલી પંક્તિ. પહેલી લીટી સંસ્કૃતમાં છે. પદ્મપ્રભમલધારિદેવ કહે છે કે મારા મુખમાંથી તો પરમ આગમ ઝરે છે. આહા..હા..! એ કહે છે કે '**(આ ગાથામાં) પણ...**' બીજે તો કહ્યું એમ કહે છે. સમજાણું કાંઈ? '**अत्र अपि**' છેને ભાઈ! એવું તો કહેતા આવ્યા જ છે કે ત્રિકાળી શુદ્ધ ધ્રુવ એ જ ઉપાદેય છે એમ તો કહેતા આવ્યા છે. '**(આ ગાથામાં) પણ...**' એમ લીધુંને? આહા..હા..!

**શ્રોતા :-** આગળ પણ એમ કહેવાઈ ગયું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આગળ પણ કહેવાઈ ગયું છે. આહા..હા..! ભગવાન આત્મા અખંડાનંદ પ્રભુ નિત્યાનંદ, સહજાનંદ, સામાન્યસ્વભાવ, ધ્રુવસ્વભાવ, એકરૂપસ્વભાવ જેમાં પર્યાયનો પણ અભાવ. પર્યાય એટલે અવસ્થા, હાલત, દશા એનો એમાં અભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**(આ ગાથામાં) પણ...**' આહા..હા..! પહેલેથી તો કહેતા જ આવ્યા છે, એમ કહે છે. આહા..હા..! ગાથાદીઠ અને કળશદીઠ. ભગવાન નિત્યાનંદ પ્રભુ પર્યાયમાં જાણવાલાયક એ ચીજ છે. પર્યાય આદરવાલાયક હોય તો એ ચીજ આદરવાલાયક છે. પર્યાય નામ વર્તમાનદશા, જ્ઞાનની દશા, હાલત. એ હાલતમાં ઉપાદેય હોય તો આ એક જ ચીજ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવું તો અમે કહેતા આવ્યા છીએ, એમ કહે છે. આમાં પણ એ વિશેષ કહે છે, એમ કહે છે. આહા..હા..! '**(આ ગાથામાં) પણ...**' પાઠ છેને એ? '**अत्राप्यात्मैवोपादेय इत्युक्तः।**' '**આત્મા જ ઉપાદેય છે...**' આહા..હા..! એ ઉપાદેય જાણે છે કોણ? અવસ્થા. આ જ ઉપાદેય છે.

**શ્રોતા :-** ગુરુ જાણે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગુરુ જાણે છે તો ગુરુ પાસે રહ્યા. એની પર્યાયમાં જણાય છે.

પર્યાય એટલે અવસ્થા ચાલતી. એ દશા જાણે છે કે આ એક જ ઉપાદેય છે. ભગવાનજીભાઈ! આવી વાતું બાપા બહુ આકરી. અત્યારે તો સંપ્રદાયમાં તો આખી વાતું ઉંધી.

**શ્રોતા :-** એક જ કરવા જેવું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ એક જ આદરણીય છે. બીજી ચીજ આદરણીય છે જ નહિ. આહા..હા..! પર્યાય પણ આદરણીય નથી એમ કહે છે. આહા..હા..! બીજે ઠેકાણે કહ્યુંને સંવર ઉપાદેય છે. શું કીધું સમજાણું કાંઈ? કે અમે તો પહેલાથી કહેતા આવ્યા છીએ શાસ્ત્રમાંથી. પહેલી ગાથાથી અને કળશથી બધાથી. આહા..હા..! પર્યાયને ત્રિકાળી દ્રવ્ય જ ઉપાદેય છે. પર્યાય સમજો છો? વર્તમાન જે જ્ઞાનની અવસ્થા છેને અવસ્થા પર્યાય અંશ, એને ત્રિકાળી વસ્તુ જ ઉપાદેય છે. ઉપાદેય નામ આદરવાલાયક છે, ત્રિકાળી વસ્તુનો સત્કાર કરવાલાયક છે. આહા..હા..! આ વાતું બધી આવી. સમજાણું કાંઈ? આહા..હા..!

'**(આ ગાથામાં) પણ આત્મા જ...**' જોયું! તો પહેલા 'આત્મા જ ઉપાદેય' તો કહેતા આવ્યા છે, પણ આમાં વિશેષ 'આત્મા જ ઉપાદેય છે' એ વાત વિશેષ સ્પષ્ટ કરે છે. આહા..હા..! '**બાહ્યપ્રપંચથી પરાઙ્મુખ અને સમસ્ત ઇન્દ્રિયવ્યાપારને જીતેલા એવા જે ભાવી જિનને...**' તીર્થંકરને લીધા છે જુઓ, આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ભવિષ્યમાં તીર્થંકર થવાના છે એ જીવને. આહા..હા..! '**પાપક્રિયાની નિવૃત્તિરૂપ બાહ્યસંયમમાં,...**' પાપ, હિંસા, જૂઠું, ત્યાગ કરે પણ એની સમીપમાં આત્મા છે, એની દૃષ્ટિમાં આત્મા છે. સમજાણું કાંઈ? તીર્થંકરને કેમ લીધા છે? સમજાણું કાંઈ? કે સમ્યગ્દર્શન તીર્થંકરને અપ્રતિહત હોય છે. સમજાણું કાંઈ? એથી કહે છે કે ભાવિ તીર્થંકર જિનને. આહા..હા..! વાત પણ કરે છેને. ટીકા તો આ કહેવાય. આહા..હા..!

કહે છે કે '**બાહ્યપ્રપંચ...**' હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, ઇન્દ્રિય વ્યાપાર તો જીત્યા છે જેણે. '**એવા જે ભાવી જિનને...**' જીત્યાને? જિન એમ લઈને. '**પાપક્રિયાની નિવૃત્તિરૂપ બાહ્યસંયમમાં, કાય-વચન-મનોગુપ્તિરૂપ સમસ્ત ઇન્દ્રિયવ્યાપારરહિત અભ્યંતરસંયમમાં...**' આહા..હા..! ભાવી જિન એનું સમ્યગ્દર્શન છે એ અપ્રતિહત છે. એનું સમ્યગ્દર્શન કદી પડે નહિ. તીર્થંકરના જીવનું જે દર્શન થયું એનું સમ્યગ્દર્શન પડે નહિ કદી. તો ભાવી જિન લીધા. આહા..હા..! ટીકા તે પણ.

**શ્રોતા :-** સાથે ક્ષાયિક લઈને ગયા છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભલે ક્ષયોપશમ હોય, પણ ક્ષયોપશમ પડે નહિ, ક્ષાયિક થઈ જાય. આ શ્રીકૃષ્ણ આદિ ક્ષયોપશમ છે, અહીં ક્ષાયિક થશે. સમજાણું કાંઈ? શ્રેણિક રાજા ક્ષાયિક છે. પહેલી નરકમાં બહુ લાંબુ આયુષ્ય. સમજાણું કાંઈ? અહીં તો કહે છે કે ભાવી જિન, ભવિષ્યમાં તીર્થંકર આદિ કે કેવળજ્ઞાન થવાનું છે એમ લ્યો તો '**પાપક્રિયાની નિવૃત્તિરૂપ...**' હિંસા, જૂઠું છે નિવૃત્તિ. પણ એની સમીપમાં ભગવાન આત્મા છે. દૃષ્ટિમાં સમીપમાં આત્મા

છે. એની પાપક્રિયાની નિવૃત્તિમાં વ્યવહાર કહેવામાં આવે છે. આહા..હા..! પાપની નિવૃત્તિમાં પણ આત્મા સમીપે છે. તો પાપની નિવૃત્તિ થઈ, નહિતર થાય નહિ એમ કહે છે. આહા..હા..! જેની દૃષ્ટિમાં ભગવાન આત્મા સમીપ ચિદાનંદ પ્રભુ સચ્ચિદાનંદ આત્મા દૃષ્ટિમાં સમીપ નથી એને પાપની નિવૃત્તિ છે જ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! વાહ રે વાહ! પદ્મપ્રભમલધારીદેવે જુઓને ટીકા. કાળજા ખોલી નાખ્યા છે. આહા..હા..!

**શ્રોતા :-** દ્રવ્યલિંગીએ પાંચ પાપોનો ત્યાગ કર્યો છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એને તો છે જ નહિ. એ માટે તો વાત ચાલી. દ્રવ્યલિંગીને પાપથી નિવૃત્તિ છે જ નહિ. કેમકે આત્મા સમીપ નથી. આહા..હા..! વાહ! .. ગાથા તો આવે છે શ્વેતાંબરમાં. આ ગાથા આવે છે. એના ઉપર વ્યાખ્યાન કરતા. પણ એ ત્યાં આવે પાછું બીજે ઠેકાણા વિનાનું બધું. ...માં આવે છે. ગાથા આવે છે. અમે તો ત્યાં તો બધા વાંચેલા ઘણીવારને. ૩૨ સૂત્ર. ૩૦ સૂત્ર તો ૧૭વાર વાંચ્યા ભગવતીએ. એક ભગવતી સૂત્ર ૧૬ હજાર શ્લોક અને સવા લાખની ટીકા. સવા લાખની ૧૭વાર વાંચ્યું હતું. ૧૭વાર કીધું હતુંને? આપણે આ ૧૭વાર થઈ ગયું સમયસાર. પરમ દિ' મુહૂર્ત કરવાનું છે ૧૮મી વારનું. બહેન! આ સમયસાર પરમ દિ' ૧૮મી વાર શરૂ કરે છે. ભગવાનનો દીક્ષા દિવસ છે પરમ દિ' માગશર વદ દશમ. મહાવીર પરમાત્મા શાસન જેનું છે એનો દીક્ષા દિવસ છે. અને આપણે કાલે સવારે પૂરું થાય પ્રવચન. થોડી ગાથા પડી રહે એનું કાંઈ નહિ. રામજીભાઈએ કહ્યું મારો વિચાર એમ હતો કે આ હવે સમયસાર લેવું. પોણા બે વર્ષ થઈ ગયા. અને શરૂ કર્યાને તો ત્રણ વર્ષ થયા. ઓલું સવા વર્ષ ચાલ્યું હોયને સવા.. એટલે ત્રણ વર્ષે શરૂ થાય છે આ શરૂઆત. ૧૮મી વાર. ૧૭વાર વંચાઈ ગયું છે. આહા..હા..!

સમયસાર તો અદ્વૈતચક્ષુ છે. આહા..હા..! જગતની આંખ છે. આહા..હા..! શું થાય આ જગતને બહારમાં એટલી મહિમા ગરી ગઈને એ દયા, દાન ને વ્રત ને પરિણામમાં મહિમા ઘૂસી ગઈ મિથ્યાત્વ છે. ભગવાન આનંદનો નાથ પ્રભુ રાગરહિત ચીજ છે. એની તો શ્રદ્ધામાં આવ્યું નથી. જ્ઞાનમાં સમીપ લીધું નથી એની બધી ક્રિયા નિરર્થક છે. આને કહે છે કે સફળ છે એમ કહે છે. બાહ્યસંયમ ઇન્દ્રિય આદિ દમન કર્યું અને અભ્યંતર '**કાય-વચન-મનોગુપ્તિરૂપ, સમસ્ત ઇન્દ્રિયવ્યાપાર રહિત...**' આહા..હા..! '**અભ્યંતરસંયમમાં, માત્ર પરિમિત (મર્યાદિત) કાળના આચરણસ્વરૂપ નિયમમાં,...**' આ પહેલી સંયમની વ્યાખ્યા કરી. છેને? '**जस्स संजमे**' એમ છેને? '**जस्स संणिहिदो अप्पा संजमे**' એની એક વ્યાખ્યા થઈ. હવે નિયમની. એવા સંયમી.. નીચે છે '**પરમગુરુના પ્રસાદથી પ્રાપ્ત કરાયેલો...**' આહા..હા..! પરમગુરુએ એમ કહ્યું હતું કે ધ્રુવ તે ઉપાદેય છે એવો અનુભવ કર. આહા..હા..! સમજાણું કાંઈ? અનંત સંતોએ, અનંત ગુરુઓએ, અનંત કેવળીઓએ. આહા..હા..! એ કહ્યું. છેને નીચે ચોથી લીટી છે. '**પરમગુરુના પ્રસાદથી પ્રાપ્ત કરાયેલોય નિરંજન નિજકારણપરમાત્મા...**'

આહા..હા..! **'સદા સમીપ છે...'** આહા..હા..! જેને બાહ્યસંયમ ઇન્દ્રિયના વિષયથી ખસી ગયો. અંતરમાં મન, વચન, કાયાના વિકલ્પથી ખસી ગયો અભ્યંતર. એ સંયમમાં આત્મા ત્રિકાળી કારણપરમાત્મા સમીપ છે, એને બાહ્ય અને અભ્યંતરથી નિવૃત્તિ એને થાય છે. આહા..હા..! જેને આત્માના દર્શન અને આત્માનું ભાન જ નથી એ બધા સંયમ અને ઇન્દ્રિય આદિ કરે એ બધું પુણ્ય છે, એ ધર્મ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! મર્યાદિત કાળમાં આચરણ.. અભ્યંતર સંયમ એક બોલ થયો પહેલો.

**'માત્ર પરિમિત (મર્યાદિત) કાળના આચરણસ્વરૂપ નિયમમાં,...'** નિયમ લીધો કોઈ. ભાઈ એવો આહાર મળે તો લેવો, બાઈ હોય, મોતીચુર લાડવો ખાતી હોય, મોતીચુરની (ભાતવાળો) સાડલો પહેર્યો હોય કપડા. એ પણ નિયમમાં ભગવાન આત્મા સમીપ હોવો જોઈએ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! સંતોએ પણ કામ કર્યું છેને. સંયમમાં, ચારિત્રમાં રહ્યા. એવી ટીકા કરી છે. આહા..હા..! **'આચરણરૂપ નિયમમાં,...'** ઓલામાં સંયમ કીધો, આ નિયમમાં. કોણ છે? **'પરમગુરુના પ્રસાદથી પ્રાપ્ત કરાયેલો...'** લ્યો! એકકોર ગુરુથી મળે નહિ વળી અહીં પ્રાપ્ત કર્યું. એ નિમિત્ત કે આવો ઉપદેશ કોની પાસે સાંભળ્યો છે? એમ. કે પરમ ગુરુ જે આત્મજ્ઞાની ધર્માત્મા છે એણે એમ કહ્યું હતું. આહા..હા..! સમજાણું કાંઈ? નિજકારણપરમાત્મા. નિરંજન નિજ કારણપરમાત્મા ત્રિકાળ સદા સમીપ છે. આહા..હા..! બાહ્ય-અભ્યંતરસંયમમાં પણ આત્મા સમીપ છે, એનો આશ્રય છે. અને નિયમ કોઈ વખતે એવો નિયમ લે છેને? પર્યાય અભિગ્રહ. અભિગ્રહ હોય છેને નિયમ. એ અભિગ્રહના નિયમમાં પણ આત્મા સમીપ હોય તો એનો અભિગ્રહ યથાર્થ છે. આહા..હા..! જેની દૃષ્ટિ દ્રવ્યસ્વભાવમાં પડી હોય ભગવાન આત્મામાં એનો નિયમ એ વ્યવહારે નિયમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો વર મૂકીને જાન. એ જાન ન કહેવાય, એ માણસના ટોળા કહેવાય. જેમાં વર નથી ત્યાં. વર સમજ્યા? દુલ્હો. તમારી શું ભાષા છે? બારાત કહો. દુલ્હા વિનાની બારાત લ્યો તમારી ભાષા હિન્દી. એ વર વિનાની જાન કહેવાય જ નહિ એ તો માણસના ટોળા કહેવાય. વર હોય તો જાન કહેવાય નહિતર કહેવાય નહિ. આહા..હા..! ઓહો..હો..!

**'નિયમમાં, નિજસ્વરૂપમાં અવિચળસ્થિતિરૂપ,...'** ભગવાન આનંદનો નાથ પ્રભુ અતીન્દ્રિય એ નિજસ્વરૂપમાં અવિચળ-ચળે નહિ એવી સ્થિતિરૂપ **'ચિન્મય-પરમબ્રહ્મમાં નિયત (નિશ્ચળ રહેલા)...'** આહા..હા..! આ આચાર્યની વ્યાખ્યા કરે છે. નિજસ્વરૂપ જે આનંદકંદ પ્રભુ નિત્ય ધ્રુવ. **'અવિચળસ્થિતિરૂપ...'** એમાં એવી સ્થિતિ હોય કે ચળે નહિ. **'ચિન્મય-પરમબ્રહ્મમાં...'** જ્ઞાનમય ભગવાન ધ્રુવ પરમબ્રહ્મમાં **'(નિશ્ચળ રહેલા) એવા નિશ્ચયઅંતર્ગતઆચારમાં...'** નિશ્ચયઅંતર્ગત આચારમાં **'(અર્થાત્ નિશ્ચય-અભ્યંતર નિયમમાં),...'** આત્મા સમીપ છે. સમજાણું કાંઈ? એને આત્મા પૂર્ણાનંદનો નાથ દૃષ્ટિમાં

વર્તે છે. પહેલી તો વાત સમજવામાં કઠણ પડે. ઓલું તો કહે વ્રત કરો, અપવાસ કરો, જાત્રા કરો. સમજાય પણ ઝટ. શું સમજવું હતું ધૂળ? એ તો બધી ક્રિયાકાંડની વાતું રાગની. એમાં આત્મા ક્યાં આવ્યો? આહા..હા..!

'**વ્યવહારથી પ્રપંચિત (જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-વીર્યાચારરૂપ) પંચાચારમાં...** ' લ્યો! વ્યવહારપંચાચાર લીધો. વ્યવહારચારિત્રમાં એમાં પણ ભગવાન સમીપ હોવો જોઈએ. આહા..હા..! સમજાય છે કાંઈ? નિશ્ચય-આચાર અને વ્યવહાર-આચાર બેયમાં પણ આત્મા અંતર સમીપ હોય તો એને નિશ્ચય-વ્યવહાર કહેવામાં આવે છે. આહા..હા..! '**દર્શાવવામાં આવેલા...**' પ્રપંચિત છેને? વ્યવહારથી '**દર્શાવવામાં આવેલા; વિસ્તાર પામેલા.**' બહુ વિસ્તાર આવે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્યાચાર વ્યવહાર હોં. એમાં પણ ભગવાન આત્મા અંદર દૃષ્ટિમાં સમીપ હોય ધ્રુવ તો એને વ્યવહાર-આચાર કહેવામાં આવે છે. આહા..હા..! વાહ! '**णियमे**' આવ્યુંને?

હવે '**तवे**' નિયમમાંથી આચાર નાખ્યું. વિશેષ કર્યું હોં. નહિતર પાઠ તો એટલો '**णियमे संजमे**' એમાંથી વધારે કાઢ્યું. '**तवे**' હવે આવ્યું. '**પંચમગતિના હેતુભૂત,...**' પાંચમી ગતિ સિદ્ધ ભગવાન મોક્ષ પર્યાય એ ગતિ પાંચમી સિદ્ધ ભગવાનની ગતિના હેતુભૂત '**કાંઈ પણ પરિગ્રહપ્રપંચથી સર્વથા રહિત...**' આહા..હા..! એક વસ્ત્રનો ધાગો પણ જેને ન હોય. મુનિને તો. તો મુનિ એને કહીએ. સમજાણું કાંઈ? પણ એકલા વસ્ત્રથી નહિ અંદર આનંદકંદની સમીપ આત્મા હોવો જોઈએ. આહા..હા..! સમજાણું કાંઈ? '**કાંઈ પણ પરિગ્રહપ્રપંચથી સર્વથા રહિત, સકળ દુરુચારની નિવૃત્તિના કારણભૂત...**' આહા..હા..! સકળ દુરાચાર વિકલ્પ આદિના નિવૃત્તિના કારણભૂત '**એવા પરમતપશ્ચરણમાં...**' પરમતપસ્યા '**(આ બધામાં) પરમ...**' આ બધામાં લ્યો! '**પરમગુરુના પ્રસાદથી પ્રાપ્ત કરાયેલો...**' ગુરુએ એને એમ કહ્યું હતું કે ધ્રુવસ્વરૂપ છે એની સમીપ જા, દૃષ્ટિ કર. આહા..હા..! ... અથવા ભૂતાર્થ આવે છેને ૧૧મી ગાથા. ૧૩મી. આહા..હા..! આ ભૂતાર્થનો આશ્રય કર. ત્રિકાળ વસ્તુ ભગવાન આત્મા '**भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो**' સત્યાર્થ ભગવાન ત્રિકાળનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે. ત્રિકાળ ભૂતાર્થ સત્યાર્થ ભગવાન ત્રિકાળ નિત્ય. એનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન-ધર્મની પહેલી સીઢી ત્યારે ઉત્પન્ન થાય છે. આહા..હા..!

'**નિરંજન નિજકારણ પરમાત્મા સદા સમીપ છે...**' પાઠમાં '**अप्पा**' છે, અનું અહીં કારણપરમાત્મા કાઢ્યું. '**अप्पा**' '**जस्स संणिहिदो अप्पा**' '**अप्पा**' શબ્દ છેને? આત્મા. એ આત્મામાંથી કારણપરમાત્મા કાઢ્યું. એ આત્મા એને. ત્રિકાળી કારણપરમાત્માને આત્મા કહીએ, એમ કહે છે. આહા..હા..! આવો માર્ગ એટલે બિચારાને સાંભળવા પણ મળે નહિ. એમ ને એમ જિંદગી ચાલી જાય. અરેરે! આ ચીજ શું છે અંદર? સમજાણું કાંઈ? પૂર્ણાનંદ સ્વરૂપ પ્રભુ નિત્યાનંદ. આહા..હા..! '**(અર્થાત્ જે મુનિને સંયમમાં, નિયમમાં...**' ચારિત્રમાં.

અહીં ચારિત્ર કહ્યું વધારે '**અને તપમાં નિજકારણપરમાત્મા સદા નિકટ છે),...**' નિત્યાનંદ પ્રભુ આત્મા અનાદિ-અનંત જે આત્મા છે. છે એની ઉત્પત્તિ શું અને છે એનો નાશ શું? એવો જે અનાદિ-અનંત આત્મા છે એને અહીંયાં કારણપરમાત્મા કહે છે. જેની દૃષ્ટિમાં સમીપ ભગવાન આત્મા છે આ એની સંયમ-ચારિત્ર મધ્યમાં આત્મા સમીપ છે. જો આત્મા સમીપ નથી તો એ સંયમ અને તપને બધા વ્યર્થ છે. એકડા વિનાના શું કહે છે? એકડા વિનાના મીંડા. આવું ક્યાં સમજવું? જુવાન અવસ્થા હોય, પાંચ-પચ્ચીસ લાખની મૂડી હોય, બાયડી કાંઈક ઠીક મળી હોય, છોકરાવ રળાવ જાગ્યા હોય. થઈ રહ્યું. હું પહોળો અને શેરી સાંકડી થઈ જાય એને. હું પહોળો થયો. જગ્યા ટૂકી થઈ, ભાઈ! લ્યો બનાવો બંગલા. મૂર્ખ છે બધા. આહા..હા..! આ વાત છે, ભાઈ!

**શ્રોતા :-** પૈસા મૂર્ખાઈથી આવે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મૂર્ખાઈથી નથી આવતા. પૂર્વના પુણ્યથી આવે છે. વર્તમાન પ્રયત્નથી નથી આવતા.

**શ્રોતા :-** તો પુણ્ય કરવું એ મૂર્ખાઈ જ છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ મૂર્ખાઈ. પુણ્ય કર્યા એ સ્વરૂપમાંથી ભ્રષ્ટ થયો તો પુણ્ય થયું. દાનની ક્રિયામાં આવે છે. દાનની ક્રિયા આવે છેને પદ્મનંદી પંચવિંશતિ, કે હે આ જીવ! તને જે આ લક્ષ્મી મળી છે એ પૂર્વની શાંતિ દાજી હતી. દાજી સમજ્યા? દાજી હતી. શાંતિ દાજી હતી એમાં પુણ્ય થયા. એ પુણ્ય બંધાણું અને એનાથી તને આ ધૂળ મળી પાંચ-પચ્ચીસ લાખ. ધૂળ-ધૂળ. દાનનો અધિકાર છે. પદ્મનંદિ આચાર્ય થયાને એનું શાસ્ત્ર. જંગલમાં બનાવ્યું શાસ્ત્ર. આ બધા જંગલમાં જ બનાવ્યા છે. પણ એને 'વનશાસ્ત્ર' શ્રીમદ્ કહે છે. ત્યાં કહે છે કે અરે! ભાઈ! તને પાંચ-પચ્ચીસ લાખ મળ્યા છે એ પૂર્વના પુણ્યથી મળ્યા છે. શુભભાવથી પુણ્ય બંધાણું અને પુણ્યબંધના ફળમાં આ આવ્યું છે. તો પૂર્વે પુણ્ય હતા એ શાંતિ દાજી હતી. જેમ અનાજ નથી ખાતા અનાજ? આ વાસણમાં અનાજ ખાય અને પછી ઉકડીયા રહે છેને ઉકડીયા. કુરીચંદ. કુરચંદ-કુરચંદ. એ ઉકડીયા. અમારે કાઠિયાવાડમાં એને દાઝ કહે. ઉકડીયા. ઉકડીયામાં નાખે કાગડાને. તો કાગડો એકલો ન ખાય. પાંચ-પચ્ચીસ કાગડાને બોલાવીને ખાય. એમ કહે છે કે હે આત્મા! પૂર્વે પુણ્ય કર્યા હતા એ તારી શાંતિ દાજી હતી એ ખુરચંદ છે. આ એના ફળમાં તને ધૂળ મળી છે. એકલો જો ખાઈશ તો કાગડામાંથી જઈશ. એકલો જો ખાઈશ એટલે દાનમાં, દયામાં, રાગ મંદ કરીને પુણ્ય નહિ કર...

**શ્રોતા :-** એકલો ક્યાં ખાય છે? બાયડી, છોકરાવ બધાને બોલાવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ બાયડી-છોકરાને તો સ્વાર્થ માટે ખવડાવે છે. આહા..હા..! અહીં તો એમ લીધું છે. પરમાત્મા.. મુનિઓ પણ પરમાત્મા જ છે. જેની પર્યાય વર્તમાનમાં

દ્રવ્ય ઉપર પર્યાય ગઈ નથી, સામાન્યનો આદર નથી કર્યો, એના બધા વ્રત, તપ ફોગટ બધો સંસાર છે. અને જેના આત્મામાં પર્યાય ગઈ છે, એને વ્રતાદિ હોય વ્યવહાર તો સમીપમાં આત્મા છે તો વ્યવહાર પણ એનું ફળ છે. વ્યવહાર વ્યવહારને કહેવું એ સફળ છે, એમ.

**શ્રોતા** :- વ્યવહારનો અભાવ થઈને શુદ્ધતા થાય એ વ્યવહારનું સફળપણું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પણ એ વ્યવહારે વ્યવહાર છે એટલું. આહા..હા..!

**શ્રોતા** :- વ્યવહારાભાસ નથી એમ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વ્યવહારાભાસ નથી, આહા..હા..! એનાથી લાભ થાય એનો અહીં પ્રશ્ન નથી. એ તો વ્યવહારની ક્રિયા છે. જે ધર્માત્મા સંયમી મુનિને અંદર સંયમમાં, નિયમમાં, ચારિત્રમાં કારણપરમાત્મા છે. 'તે **પરદ્રવ્યપરાઙ્મુખ પરમવીતરાગ-સમ્યગ્દૃષ્ટિ...**' એવી વ્યાખ્યા લાંબી છે. થોડી વ્યાખ્યા લાંબી છે. કાલે...

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## કારતક વદ-૯, ગુરુવાર, તા. ૨૭-૧૧-૧૯૭૫
## ગાથા-૧૨૭-૧૨૮, કળશ-૨૧૨-૨૧૩, પ્રવચન નં. ૧૦૭

આ નિયમસાર. પરમ-સમાધિ (અધિકાર). સામાયિક પરમ-સમાધિ. સામાયિક પરમ આનંદની વેદનદશા એને સામાયિક કહે છે. એ અહીં કહે છે. સંયમમાં, નિયમમાં. એક વધારે નાખ્યું આચારમાં અને તપમાં એમ. બોલ ત્રણ છે પાઠમાં. આચાર વધારે નાખ્યું. પણ વાત ઈ લીધી છે કે નિશ્ચય-આચાર અને વ્યવહાર-આચાર એને કહીએ કે જેને સમીપ આત્મા વર્તતો હોય, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**પરમગુરુના પ્રસાદથી પ્રાપ્ત કરાયેલો નિરંજન નિજકારણપરમાત્મા સદા સમીપ છે...**' આહા..હા..! જેને ધ્યેયમાં ભગવાન જ પૂર્ણાનંદ વર્તે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ સામાયિકની વાત ચાલે છે, ગુલાબચંદભાઈ! ક્યાં ત્યાં હતી સામાયિક તમારે ચોટીલા?

**શ્રોતા** :- આ તો મુનિની સામાયિક છેને. શ્રાવકની જુદી સામાયિક હોય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તો શ્રાવકની અંશે છે અને ઓલાને વિશેષ છે એટલો ફેર છે. આહા..હા..!

અહીંયાં કહે છે કે મુનિને અને ગૃહસ્થને પણ જેટલે અંશે સ્થિરતા આનંદની છે. એવા '**નિયમમાં અને તપમાં નિજકારણપરમાત્મા સદા નિકટ છે),...**' આહા..હા..! એમ કહીને કહે છે કે એ નિર્મળ પર્યાયમાં દ્રવ્યનું જ ધ્યેય છે. દ્રવ્ય જ એક નિર્મળ પર્યાયમાં

સમીપ વર્તે છે. રાગ સમીપ વર્તતો નથી. આહા..હા..! બીજી ભાષાએ કહીએ તો નિર્મળ પર્યાયમાં નિર્મળ પર્યાય પણ સમીપ વર્તતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જરી ઝીણું છે આ, છોટાભાઈ! ત્યાં તમારે ચીત્તલમાં તો બધા ગડબડ ગોટા છે બધા. તમે વળી એટલા ભાગ્યશાળી નીકળી ગયા બહાર. વાડામાંથી નીકળવું, આહા..હા..! બહુ મુશ્કેલ છે. આહા..હા..! આ તો વસ્તુસ્વરૂપ એનાદિ-અનંત નિજધન, ધર્મધન આવે છેને. સમયસારની શરૂઆતમાં નહિ? ધર્મધન.. આવે છે. ધર્મધન આવે છે. ધર્મધન.. આહા..હા..!

ભગવાન આત્મા ધ્રુવ કારણપરમાત્મા તે જેને સંયમની પર્યાય નિર્મળ કે વ્યવહારુ રાગ વિકલ્પ, સંયમનો વ્યવહાર, એમ નિયમનો નિશ્ચય અને નિયમનો વિકલ્પનો વ્યવહાર, એમ તપનો નિશ્ચય અને તપનો વિકલ્પનો વ્યવહાર. એ બધામાં ભગવાન આત્મા સમીપે હોય તો તેને નિશ્ચય અને વ્યવહાર કહેવામાં આવે. આહા..હા..! આવી વાત છે. સમજાણું કાંઈ? વર વિનાની જાન જોડી દે એ જાન ન કહેવાય. એ માણસના ટોળા કહેવાય. આહા..હા..! એમ જેને સંયમ આદિ દશામાં ભગવાન ત્રિલોકનાથ ધ્યેયપણે ન વર્તતો હોય તો એ સંયમ અને નિયમ એ વૃથા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ સંયમ-નિયમ જ નથી. આહા..હા..! જેનો ભગવાન પૂર્ણાનંદનું દળ, ચૈતન્યદળ ધ્રુવ, અભેદ, એકરૂપ સ્વભાવ જેની અંતર દૃષ્ટિ આદિ જ્ઞાનની પર્યાયમાં તે સમીપ છે. આહા..હા..! જે પર્યાય દ્રવ્યથી ભિન્ન પરના સમીપમાં જાતી હતી એ પર્યાય દ્રવ્યના સમીપમાં ગઈ. આહા..હા..! ત્યારે તેને સામાયિક અને સમાધિ અને વાસ્તવિક નિર્મળદશા ધર્મ કહેવામાં આવે છે. આવી વાત ભારે આકરી. આહા..હા..!

'તે **પરદ્રવ્યપરાઙ્મુખ...**' પરદ્રવ્યથી પરાઙ્મુખ, સ્વદ્રવ્યથી સન્મુખ. કેવી પર્યાયથી પણ સન્મુખ? '**પરમવીતરાગ-સમ્યગ્દૃષ્ટિ...**' જુઓ, અહીંયાં સાતમા ગુણસ્થાનમાં પણ સમ્યક્ વીતરાગ સમ્યગ્દૃષ્ટિ લીધા. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! '**પરદ્રવ્યપરાઙ્મુખ...**' સ્વદ્રવ્યસન્મુખ. શું થયું સ્વદ્રવ્યસન્મુખમાં? કે '**પરમવીતરાગ-સમ્યગ્દૃષ્ટિ...**' આહા..હા..! અને '**વીતરાગ-ચારિત્રવંત...**' જુઓ, સાતમા ગુણસ્થાનમાં પણ વીતરાગચારિત્ર કહ્યું. છઠ્ઠે હોય છે તો હજી વિકલ્પ હોય છે. એથી એને સરાગસંયમ અને સરાગચારિત્ર કહેવામાં આવે. સાચું ગુણસ્થાન હોં છઠ્ઠું. જેને આત્મજ્ઞાન છે, અનુભવ છે, આનંદનું વેદન છે અને ત્રણ કષાયનો જેને અભાવ છે, પણ જેને હજી વિકલ્પ છે શુભરાગનો, મહાવ્રતાદિનો ત્યાં સુધી તેને સરાગી ચારિત્રવંત કહેવામાં આવે છે. આહા..હા..!

અહીંયાં તો આત્મા વીતરાગમૂર્તિ પ્રભુ છે. એમાં જેણે વીતરાગી પર્યાયથી જેણે અવલંબન લીધું દ્રવ્યનું. આહા..હા..! અને વીતરાગી ચારિત્ર એટલે અકષાયપરિણતિ એને એ પરદ્રવ્યપરાઙ્મુખ છે, સ્વદ્રવ્યસન્મુખ છે. આહા..હા..! બહુ વાતું ઝીણી ભાઈ આવી. જૈન વીતરાગમાર્ગ જિનેશ્વર ત્રિલોકનાથ ઇન્દ્રો અને ગણધરોની વચ્ચે આ દિવ્યધ્વનિ હતી. એ દિવ્યધ્વનિ અહીંયાં કુંદકુંદાચાર્યે રચી છે. આહા..હા..! સમજાણું કાંઈ? જ્યાં માલ પડ્યો છે

ધ્રુવમાં એ ધ્રુવમાં જેની દૃષ્ટિ ગઈ અને ધ્રુવને આશ્રયે જેને સંયમ અને તપ આદિ દશા નિર્મળ પ્રગટ થઈ અને એને આશ્રયે પ્રગટ થવામાં પણ જરી હજી વ્યવહાર બાકી હોય રાગાદિ. પણ એને નિશ્ચય અને એને વ્યવહાર, સ્વભાવના સમીપમાં ગયો એને નિશ્ચય અને વ્યવહાર કહેવામાં આવે છે. જે સ્વભાવની દૃષ્ટિ થઈ નથી, દ્રવ્યદૃષ્ટિ ખીલી નથી એના વ્યવહાર ને તપ ને સંયમ એને વ્યવહાર પણ કહેવામાં આવતો નથી. આહા..હા..! આવી વાત છે.

**શ્રોતા** :- ચારિત્ર વીના દ્રવ્યદૃષ્ટિ કેવી રીતે હોય?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ચારિત્ર સ્વરૂપાચરણ તો હોય જ છે. સ્વરૂપાચરણ હોય છે. સમજાય છે કાંઈ? એ તમે આવ્યા પહેલા થઈ ગઈ છે આ વાત. સ્થાનકવાસીના છે. આ સ્થાનકવાસીમાં આવ્યું છે. એમાં એ આવ્યું છે. અહીંયાં વાંચ્યું છેને. જુગરાજજી છેને જુગરાજજી નહિ? જુગરાજજી નહિ કરોડપતિ? એ સ્થાનકવાસી છે. પણ અહીં તો આપણા અહીંનો પ્રેમ છે. બેંગ્લોરમાં ચાર લાખ એણે નાખ્યા. તો એણે પુસ્તક અહીંના એણે આપ્યા. નાના-નાના જવાહરલાલ .. એમાં આચાર્ય એના શિષ્ય છે અત્યારે. ઘણું માન છે સંપ્રદાયમાં. નાનાલાલ મહારાજ અહીંથી જાગ્યા અને આમ .. બહુ વખાણ કરે છે. એમણે એમ કહ્યું હતું. અત એવ વહી લક્ષકા નિર્ધારિણ કરો કે જીવનકા વાસ્તવિક લક્ષ્ય ધ્રુવતત્ત્વ. અહીંનું વાંચ્યું છેને. સ્થાનકવાસીમાં તો કે દિ' હતું આ? અમારા હીરાજી મહારાજ બિચારા ઘણા શાસ્ત્રો વાંચે, ઘણા શાંત માણસ હોં, કષાય મંદ ઘણો, ગંભીર પાટ ઉપર બેઠા હોય, એવી ગંભીરતા... ગંભીરતા... અન્ય દેરાવાસીના સાધુ કે શ્રાવક આવ્યા હોય તો એને દેખીને કહે ઓહો..! સ્થાનકવાસીમાં આવા સાધુ! એવી એની ભાઈ ગંભીરતા. ૭૧માં આવ્યા હતા ત્યાં ભાઈ આપણે આટકોટ ૭૩ ગુજરી ગયા. એને આ ધ્રુવતત્ત્વ છે એ સાંભળ્યું નહોતું. આખા હિન્દુસ્તાનમાં સ્થાનકવાસી સાધુના 'હીરા એટલા હીર બાકી સુતરના ફાળકા' એમ કહેતા. આ તો હીરો ઓહો..હો..! એણે આ ધ્રુવતત્ત્વ ધ્યેય છે એ સાંભળ્યું નહોતું. આહા..હા..!

**શ્રોતા** :- આપને માટે...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એને હતું નહિ બિચારાને. શું કરે? બિચારા બહુ ભદ્રીક હતા. આખો દિ' શાસ્ત્ર સ્વાધ્યાય કર્યા જ કરે હોં. કોઈ વિકથાને કાંઈ નહિ. આહાર-પાણી નિર્દોષ. એને માટે કાંઈ પાણીનો બિંદુ બનાવ્યો હોય તો ન લે. વેચાતી ચીજ લાવ્યા હોય તો ન લે. એવું બહુ હોં. એની જે સ્થિતિ છે એ પ્રમાણે વર્તતા બિચારા. પણ આ ધ્રુવ તે ધ્યેય છે. જટુભાઈ! તમારા બાપે તો સાંભળ્યું થોડુંક અહીં વળી. નહિતર ક્યાં હતું? આહા..હા..! જીવનનું વાસ્તવિક લક્ષ કહો કે ધ્યેય કહો ધ્રુવતત્ત્વ 'ઔર ધ્રુવપદ હી હો સકતા હૈ.' ધ્રુવપદ મોક્ષ. ધ્રુવતત્ત્વને આશ્રયે ધ્રુવપદની પ્રાપ્તિ થાય છે. પછી મોટા અક્ષરે લખ્યું પૂરું કરીને. 'ઇસ ધ્રુવતત્ત્વ ધ્રુવપદ કો લક્ષ્ય બનાકર' સાધ્ય છેને? મોક્ષ સાધ્ય છે અને આ ધ્યેય છે. 'અતીત કાલમેં અનંત સાધક આત્માઓને અપના કલ્યાણ કિયા હૈ. વર્તમાનમેં ભી અનંત સાધક ધ્રુવતત્ત્વકી

સાધના કરે.' એ ભૂલ છે. અનંત ક્યાં છે? જોયા વિના. વર્તમાન અનંત ક્યાં છે. વર્તમાન અસંખ્ય છે. તિર્યંચ ગણે ત્યારે. સાધકમાં તિર્યંચ ગણે ત્યારે અસંખ્ય તિર્યંચ છે. છોટાભાઈ!

**શ્રોતા :-** ગઈકાલના ભેગા કરીને અનંત કહી દીધા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ તો વર્તમાન ત્રણે નહિ. 'અતીતકાલ મેં અનંત સાધક આત્માઓને અપના કલ્યાણ કિયા હૈ. વર્તમાનમેં ભી અનંત સાધક ઈસ ધ્રુવ તત્ત્વકી સાધના કર રહે હૈં.' ઠીક પણ હવે એટલું આવ્યું તો ખરું. 'ઔર ભવિષ્યકાલ મેં ભી અનંત આત્માયેં ધ્રુવ તત્ત્વ ઔર ધ્રુવપદકી સાધના કરકે પરમધ્રુવપદ કો પ્રાપ્ત કરેગા.' પછી મોટા અક્ષરે લખ્યું છે મોટા અક્ષરે. 'ધ્રુવતત્ત્વ હી જીવનકા લક્ષ્ય હૈ.' લક્ષ્ય નામ ધ્યેય. આહા..! ઠીક એટલું તો કહ્યું. વળી પાછો ગોટો વાળ્યો. પછી આ બહારનો સંયમ ને તપ ને ત્યાગ એ બધા મોક્ષપદની પ્રાપ્તિમાં એ સાધન છે. આહા..હા..! એ શું કરે પણ એવું આવ્યું નથી ત્યાં.

અહીં કહે છે '**પરદ્રવ્યપરાઙ્મુખ...**' સ્વદ્રવ્યસન્મુખ. કઈ પર્યાયે સન્મુખ? '**પરમવીતરાગ-સમ્યગ્દૃષ્ટિ વીતરાગ-ચારિત્રવંતને સામાયિકવ્રત સ્થાયી છે...**' એના સાચી સામાયિક એને હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**એમ કેવળીઓના શાસનમાં કહ્યું છે.**' એમ ભગવાનના કેવળજ્ઞાની પરમાત્મા સર્વજ્ઞ જિનેન્દ્રદેવ એના શાસનમાં આમ સામાયિક કહી છે. આહા..હા..! આતો કાંઈ ભાન ન મળે. દ્રવ્ય કોણ? ગુણ કોણ? પર્યાય કોણ? અને સામાયિક કરીને બેસે પચરંગી, આંઠ પહોરની અને છોકરાને પચરંગી આદિ કરે તો આપે કાંઈક પાછું સાકરનો પડો કે કાંઈક શું કહેવાય? આ સ્ટીલનું કાંઈક આપે હવે અત્યારે. સ્ટીલની આવે છેને વાટકીયુંને એ? સ્ટીલ-સ્ટીલ આ લોઢાની. આપે તો ખુશી થઈ જાય. દસ-દસ રૂપિયા અને પાંચ-પાંચ રૂપિયા લ્યો. લ્યો એ સામાયિકનું ફળ આવ્યું. બિચારાને કાંઈ ખબર ન મળે. આહા..હા..!

સામાયિક તો એને કહીએ એમ કહે છે કે દ્રવ્યસ્વભાવ જે નિત્યાનંદ પ્રભુ છે એના ઉપર દૃષ્ટિ જતાં, દૃષ્ટિ પ્રસરતા સમ્યગ્દર્શન થાય અને એના ઉપર સ્થિરતા પ્રસરતા ચારિત્ર થાય, ત્રિકાળ ધ્રુવમાં. આહા..હા..! એ જીવને જે દશા છે એ એને સામાયિકવ્રત સાચું. સ્થાયી એટલે સાચું. અહીં છે તો પર્યાય. સામાયિક છે તો પર્યાય પણ સ્થાયી છે એટલે સાચી છે. અજ્ઞાનીને તે સામાયિક ખોટી છે. અજ્ઞાનીની છે. આહા..હા..! પાઠ છેને? પાઠમાં ઈ છે. '**सामाइगं ठाइ**' '**सामाइगं ठाइ**' એમ. '**ठाइ**' '**ठाइ**' એટલે શાશ્વત છે એમ પણ કહે. એટલે કે ખરી સામાયિક એ છે. આહા..હા..! '**એમ કેવળીઓના શાસનમાં...**' કેવળીની આજ્ઞામાં, કેવળીના હુકમમાં, કેવળીના માર્ગમાં. કહો, જાદવજીભાઈ! આને સામાયિક કહે છે. થોથા કેટલીવાર કર્યા નહિ સામાયિક, નહિ? નહિ? આહા..હા..!

'**(હવે, આ ૧૨૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :)**'

(मंदाक्रांता)

आत्मा नित्यं तपसि नियमे संयमे सच्चरित्रे
तिष्ठत्युच्चैः परमयमिनः शुद्धदृष्टेर्मनश्चेत्।
तस्मिन् बाढं भवभयहरे भावितीर्थाधिनाथे
साक्षादेषा सहजसमता प्रास्तरागाभिरामे।।२१२।।

આહા..હા..! તીર્થંકરને મૂક્યા. ભાવિ તીર્થંકર આવા હોય એમ કહે. આહા..હા..! ભવિષ્યમાં તીર્થંકર થવાના છે એની સામાયિક આવી હોય. આહા..હા..! સમજાણું કાંઈ?

'**શ્લોકાર્થ :- જો શુદ્ધદષ્ટિવંત (-સમ્યગ્દષ્ટિ) જીવ...**' પાઠમાં જ છેને. '**शुद्धदृष्टे**' '**शुद्धदृष्टे**' બીજું પદ. બીજાનું બીજું છે. '**શુદ્ધદષ્ટિવંત (-સમ્યગ્દષ્ટિ)...**' આહા..હા..! જેને ધ્રુવમાં દષ્ટિ પ્રસરી ગઈ છે. આહા..હા..! ધ્રુવનું આલંબન જેને પર્યાયમાં આવ્યું છે. એવા શુદ્ધસમ્યગ્દષ્ટિ '**જીવ એમ સમજે છે...**' એવા સમ્યગ્દષ્ટિ જીવ '**એમ સમજે છે કે પરમમુનિને...**' ભલે મુનિપણું એને ન હોય ભલે. પણ પરમમુનિને આવું હોય છે એમ કહે છે. '**પરમમુનિને તપમાં,...**' નિર્વિકલ્પ આનંદની દશારૂપી તપમાં, નિર્વિકલ્પ શાંતિરૂપી '**નિયમમાં,...**' અને વીતરાગી સંયમની પર્યાયમાં '**અને સત્ચારિત્રમાં સદા આત્મા ઊર્ધ્વ રહે છે...**' આહા..હા..! સમ્યગ્દષ્ટિ જીવ એમ સમજે છે કે આહા..હા..! જેના તપમાં, જેના નિયમમાં. આ બધી પર્યાયો છે આ. સંયમમાં અને સત્ચારિત્રમાં. એ પર્યાયમાં સદા આત્મા ઊર્ધ્વ રહે છે, આત્મા મુખ્ય રહે છે. આહા..હા..!

'**(અર્થાત્ દરેક કાર્યમાં નિરંતર શુદ્ધાત્મદ્રવ્ય જ મુખ્ય રહે છે)...**' લ્યો! કહો, સમજાણું કાંઈ? ચાહે તો સમ્યગ્દર્શન હોય, ચાહે તો જ્ઞાન હોય, ચાહે તો ચારિત્ર હોય, ચાહે તો ઉત્તમ ક્ષમા જેને કહીએ એ હોય. એ દરેકમાં ઊર્ધ્વ તો મુખ્ય તો ભગવાન આત્મા છે. સમજાણું કાંઈ? આહા..હા..! એમ સમ્યગ્દષ્ટિ સમજે છે. સમજાણું કાંઈ? ભાષા ઝીણી અને ભાવ ઝીણા. અજાણ્યા માણસે તો કોઈ દિ' સાંભળ્યું પણ ન હોય. આ શું કહે છે, લ્યો આવો આત્મા અને આ. અમે તો એવું સાંભળ્યું હતું કે ઈચ્છામી પડિક્કમણું, .. થઈ ગઈ સામાયિક 'તસ્સ ઉતરી કરણેણં તાવકાયં ઠાણેણં માણેણં' એય..! જાદવજીભાઈ! આ વર્ષીતપ કરે એ તપ. એક ટંક ખાવું. એક ટંક શું એક દિ' ખાવું અને એક દિ' નહિ. એવું સાંભળ્યું હતું ભાઈ અમે તપ. આ વળી બીજી જાતનું તપ આ તો. 'तपंति इति तपः'. જેમ સોનું ગેરુથી જેમ ઓપે અને શોભે એમ ભગવાન આત્મા વીતરાગી પર્યાયથી ઓપે અને શોભે એને તપ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! '**શુદ્ધાત્મદ્રવ્ય જ મુખ્ય રહે છે)...**' આહા..હા..! ઊર્ધ્વ છેને ઊર્ધ્વ? એ પંચાસ્તિકાયમાં આવ્યુંને ઊર્ધ્વ. ઉપાદાન.

**શ્રોતા :-** શ્રીમદ્‌માં પણ આવે છેને આત્મા સદા..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, છે. આહા..હા..! ઊર્ધ્વતા આવે છે. ઈ સમયસાર અને આમાં. સમયસાર નાટકમાં ઊર્ધ્વ. વ્યાખ્યા કરી છે. દરેકમાં આત્મા મુખ્ય વર્તે છે. ઊર્ધ્વતા એ શબ્દ છે અહીંનો. સમયસાર નાટકનો. 'સમતા રમતા ઊર્ધ્વતા' સમયસાર નાટકનું છે. એનો અર્થ કર્યો છે. 'અકારાદિ ઉચ્ચાર તો અનાદિ નિધન છે, કોઈએ નવા કર્યા નથી. એનો આકાર લખવો તે તો પોતાની ઈચ્છાનુસાર અનેક પ્રકારરૂપ છે.' પછી એનો અર્થ કે નિમિત્તપણે એને લખવાનો ભાવ હોય એમ. એ પ્રમાણે અક્ષરો એને કારણે ત્યાં લખાય છે એમ કહ્યું. 'પરંતુ બોલવામાં આવે છે તે અક્ષર તો સર્વત્ર સર્વદા એ જ પ્રમાણે કહ્યું છે '**सिद्धो वर्ण समामनाय**' વર્ણ ઉચ્ચારનો સંપ્રદાય સ્વયંસિદ્ધ છે.' આહા..હા..! 'વળી, અક્ષરોથી નિપજેલા સત્ય અર્થના પ્રકાશક પદોના સમૂહનું નામ શુદ્ધ છે.' એ શુદ્ધ પણ એને કારણે રચાયેલું છે કહે છે. આહા..હા..! એય..! સવારે આવ્યું હતુંને.

**શ્રોતા :-** શબ્દોથી રચાયેલું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શબ્દોથી રચાયેલું. આહા..હા..! ભગવાન ક્યાં એમાં જાય છે? શબ્દની રચનામાં આત્મા અડે છે પણ ક્યાં? આહા..હા..! ભાઈએ તો નાખ્યું નથી? હુકમચંદજીએ. ભગવાનનું નાખ્યું ત્યાં નાખ્યું છે. ભગવાનને વાણી હો કે ન હો એની સાથે સંબંધ જ નથી ભગવાનને. જડ છે. એ તો વીતરાગતા પ્રગટ કરીને રાગનો નાશ કર્યો એ કર્યું છે. એણે વાણી કરી છે અને જગતને સમજાવ્યું છે અને યજ્ઞનું બહુ જોર હતું માટે એણે એનો ઉપદેશ કર્યો છે. એ ભગવાનની વાણી તો વાણીથી નીકળી છે, ભગવાને ક્યાં કરી છે? આહા..હા..! ભગવાને તો વીતરાગતા પ્રગટ કરી અને વીતરાગતાની વૃદ્ધિ કરી, રાગને ઘટાડ્યો અને રાગનો અભાવ કર્યો. નવનીતભાઈ! બહુ સારું લખ્યું છે હુકમચંદજીએ. ક્ષયોપશમ બહુ સારો ઘણો. થોડા વખતથી હજી લ્યો ૩૯ વર્ષની ઉંમર છે. ૩૯ વર્ષ. પણ ક્ષયોપશમ બહુ ઘણો. અને જે વાત કહેવા માગે છે એની સાદી ભાષામાં. છતાં એનું ઘમંડ નહિ એને પાછું. આ માર્ગ છે. આહા..હા..! છે? એ શ્રુત અનાદિનિધન છે. આહા..હા..! એ શ્રુતની રચના અનાદિથી છે. એ કોઈએ કરી નથી કહે. અનાદિની વાણી નીકળ્યા કરે છે વાણીને કારણે. આહા..હા..! ભગવાન તો જ્ઞાનસ્વરૂપ આત્મા એ વાણીને બનાવે શી રીતે? વાણીને અડે શી રીતે? વાણીની રચના શી રીતે કરે? આહા..હા..! એ વાણી વાણીથી નીકળી છે. એનો આત્મા કર્તા ત્રણકાળમાં નથી. આહા..!

અહીં કહે છે કે '**શુદ્ધદષ્ટિવંત (-સમ્યગ્દષ્ટિ) જીવ એમ સમજે છે કે પરમમુનિને તપમાં, નિયમમાં, સંયમમાં અને સત્ચારિત્રમાં સદા આત્મા ઊર્ધ્વ રહે છે (અર્થાત્ દરેક કાર્યમાં નિરંતર શુદ્ધાત્મદ્રવ્ય જ મુખ્ય રહે છે) તો (એમ સિદ્ધ થયું કે) રાગના નાશને લીધે....**' આહા..હા..! '**અભિરામ એવા તે ભવભયહર ભાવિ તીર્થાધિનાથને...**' આહા..હા..! '**અભિરામ = મનોહર; સુંદર. (ભવભયના હરનારા**

**એવા આ ભાવિતીર્થંકરે રાગનો નાશ કર્યો હોવાથી તે મનોહર છે.)'** આહા..હા..! **'અભિરામ એવા તે ભવભયહર ભાવિતીર્થાધિનાથને આ સાક્ષાત્ સહજ-સમતા ચોક્કસ છે.'** આહા..હા..! આ સાક્ષાત્ સહજ-સમતા ચોક્કસ છે. સામાયિક છે એમ કહે છે. આહા..હા..! ભાવિતીર્થ લીધું હતુંને એમાં પણ? બજા પદમાં ભાવિજિનને પાપ કર્યાથી નિવૃત્તિ. ભગવાન તીર્થંકર લીધા છે આમાં તો એણે. આહા..હા..! એ સાક્ષાત્ સહજ વીતરાગ પર્યાયરૂપ સમતા ચોક્કસ ભગવાનને છે. ભાવિતીર્થંકર થવાના છે એને વર્તમાનમાં આવી જ પર્યાય હોઈ શકે છે. આહા..હા..! ગાથા-૧૨૮.

**जस्स रागो दु दोसो दु विगडिं ण जणेइ दु।**
**तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे।।१२८।।**
**નહિ રાગ અથવા દ્વેષરૂપ વિકાર જન્મે જેહને,**
**સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૨૮.**

સાચા સમકિતવંતને, શ્રાવકને પણ સામાયિકમાં જ્યારે બેઠો હોય છે, ત્યારે એને પણ શુદ્ધોપયોગ આવી જાય છે અંદર. આહા..હા..! ધ્યાતા, ધ્યાન અને ધ્યેયનો વિકલ્પ છૂટીને. આહા..હા..! પાંચમે ગુણસ્થાને હોં. સામાયિક એને અંદર આનંદસ્વરૂપનું ભાન છે, દૃષ્ટિ ધ્રુવ ઉપર છે, જ્ઞાનનો આશ્રય પણ ધ્રુવ છે. આહા..હા..! અને સ્થિરતાનો અંશ પણ દ્રવ્યને આશ્રયે થયો છે. એવો શ્રાવક સાચો એને સામાયિક કાળમાં કોઈ વખતે ઉપયોગ શુદ્ધ થઈ જાય છે. ધ્યાતા, ધ્યાન અને ધ્યેય ભૂલી જાય છે. એકલો ધ્યેય અનુભવમાં રહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** જૂઠ્ઠા શ્રાવક પણ હોય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જૂઠા હોય છેને. આ બધા વાડાવાળા જૂઠા છે. એ વાત સાચી. આ જૂઠા છે. બધા શ્રાવક કહે છેને, અમે શ્રાવક છીએ.. શ્રાવક છીએ. ભાઈ! એ શ્રાવક નથી, સાવજ છો રાગને પોતાનો માને એ બધા સાવજ છે, શ્રાવક નથી. એવી વાત છે, ભાઈ! આહા..હા..! જેને પોતાનું વીતરાગી સ્વરૂપ પોતે માને આત્માનું આહા..હા..! એને વીતરાગી દૃષ્ટિ થાય, વીતરાગી શાંતિ થાય, વીતરાગી જ્ઞાન થાય. આહા..હા..! સમજાણું કાંઈ? એને સાચા શ્રાવક કહેવામાં આવે છે. કહો, આહા..હા..! બાકી બધા વાડાના એકડા વિનાના મીંડા જેમ હોય એમ છે બધાય. વીતરાગમાર્ગ આવો છે, ભાઈ! જિનેશ્વર તીર્થંકરદેવ, કેવળી પરમાત્મા. એ કહે છેને? **'इदि केवलिसासणे'** જુઓ, આહા..હા..! **'ભાખ્યું શ્રી કેવળીશાસને'** છે? આહા..હા..!

**'ટીકા :- અહીં, રાગદ્વેષના અભાવથી...'** જુઓ, વિકલ્પ જ નથી જ્યાં, કહે છે. આહા..હા..! **'અપરિસ્પંદતારૂપ હોય છે...'** આહા..હા..! **'અકંપતા; અક્ષુબ્ધતા; સમતા.'** આહા..હા..! ધ્રુવમાં જેણે દૃષ્ટિ આપીને જામી ગયો છે એમાં. આહા..હા..! જેણે વર્તમાન

દૃષ્ટિને ધ્રુવમાં પ્રસરી છે અને પછી સ્થિરતામાં જામી ગયો છે. આહા..હા..! '**એમ કહ્યું છે.**' ભગવાનના શાસનમાં. '**પાપરૂપી અટવીને બાળવામાં અગ્નિ સમાન એવા જે પરમવીતરાગ સંયમીને...**' આહા..હા..! લ્યો આ પાંચમાં આરાના મુનિ છે એ પણ વીતરાગી સંયમી કીધા. આહા..હા..! પાપ શબ્દે પુણ્ય અને પાપ બેય. એ '**પાપરૂપી અટવી...**' એટલે મોટું વન. એને '**બાળવામાં અગ્નિ સમાન...**' વ્યય કરવામાં '**એવા જે પરમવીતરાગસંયમીને...**' આહા..હા..! પરમવીતરાગસંયમી ભાષા જુઓ, '**રાગ કે દ્વેષ વિકૃતિ ઉત્પન્ન કરતો નથી,...**' નીચે '**વિકૃતિ = વિકાર; સ્વાભાવિક પરિણતિથી વિરુદ્ધ પરિણતિ.**' વિકૃતિ છેને? સ્વભાવિક પરિણતિ જે વીતરાગી આનંદની દશા એનાથી વિરુદ્ધ પરિણતિ. '**(પરમવીતરાગસંયમીને સમતાસ્વભાવી શુદ્ધાત્મદ્રવ્યનો દૃઢ આશ્રય હોવાથી...**' પરમવીતરાગસંયમીને સમતાસ્વભાવી ભગવાન ત્રિકાળ હોં. '**શુદ્ધાત્મદ્રવ્યનો દૃઢ આશ્રય હોવાથી...**' ઓલા સમતા અહીં કહેવી છેને તો અહીં સમતાસ્વભાવ ત્રિકાળ છે એમ કહે છે. આહા..હા..! સમતાસ્વભાવી, વીતરાગસ્વભાવી શુદ્ધાત્મદ્રવ્યનો દૃઢ આશ્રય હોવાથી. આહા..હા..! '**વિકૃતિભૂત (વિભાવભૂત) વિષમતા થતી નથી,...**' આહા..હા..! સમતા સ્વભાવી ભગવાન આત્મા શુદ્ધ આત્મદ્રવ્ય, વીતરાગી સ્વભાવી શુદ્ધ આત્મદ્રવ્ય. આહા..હા..! એનો દૃઢ આશ્રય હોવાથી, એનો ઉગ્ર આશ્રય લેવાથી. '**વિકૃતિભૂત વિષમતા થતી નથી,...**' આહા..હા..! કેમકે સ્વરૂપ જ સમતા વીતરાગી મૂર્તિ છે આત્મા. કહ્યુંને ઈ?

'**પરમવીતરાગ સંયમીને...**' આહા..હા..! '**રાગ કે દ્વેષ વિકૃતિ ઉત્પન્ન કરતો નથી,...**' એને અંતર સ્વભાવમાં લીનતા, વીતરાગતા હોવાથી એને પુણ્ય અને પાપના, દયા, દાનના વિકલ્પ પણ વિકૃત એને ઉત્પન્ન થતા નથી. આહા..હા..! બહુ માર્ગ, ભાઈ! આહા..હા..! '**તે મહા આનંદના અભિલાષી જીવને...**' ભાષા જુઓ, આહા..હા..! મહા અતીન્દ્રિય આનંદનો અભિલાષી છે મુનિ. મોક્ષ એનો અભિલાષી છે. સાધ્ય મોક્ષ છે. ધ્યેય દ્રવ્ય છે. આહા..હા..! પણ પ્રગટ કરવાની અપેક્ષાએ સાધ્ય તો મોક્ષ છે. આહા..હા..! એવા '**મહા આનંદ અભિલાષી જીવને કે જેને પાંચ ઇન્દ્રિયોના ફેલાવરહિત દેહમાત્ર પરિગ્રહ છે...**' મુનિની વાત લીધી છેને ઉત્કૃષ્ટ. મુનિને તો એક શરીરમાત્ર હોય, એને વસ્ત્ર અને પાત્ર મુનિને હોય નહિ અને વસ્ત્ર-પાત્ર રાખે એ મુનિ નહિ. જૈનદર્શનમાં એને મુનિ નથી કહેતા. સમજાણું કાંઈ?

'**જીવને કે જેને પાંચ ઇન્દ્રિયોના ફેલાવ...**' નથી. આમ પાંચ ઇન્દ્રિયનું આ બાજું જવું એવો વિકલ્પનો ફેલાવ નથી. '**દેહમાત્ર પરિગ્રહ છે...**' આહા..હા..! ઈ પરમાનંદ જ્ઞાનમાત્ર દેહ જેનો છે આત્મા એના અવલંબે જે વીતરાગતા પ્રગટી છે આહા..હા..! એને વિકાર ઉત્પન્ન થતો નથી. '**કે જેને પાંચ ઇન્દ્રિયોના ફેલાવરહિત...**' છે. અતીન્દ્રિય આનંદમાં જેનો ફેલાવ-વિસ્તાર પ્રગટ થઈ ગયો છે. આહા..હા..! પાંચ ઇન્દ્રિયના અંતરના વિસ્તારમાંથી

ખસી ગયો છે. અતીન્દ્રિય ભગવાન આનંદમાં જેનો વિસ્તાર પર્યાયમાં થઈ ગયો છે. આહા..હા..! આવું સ્વરૂપ એવું લાગે.. નિયમસારમાં તો આ જ ઘૂંટ્યું છે. આહા..હા..! પોતાની ભાવના કુંદકુંદાચાર્ય કહે. આહા..હા..!

**'દેહમાત્ર પરિગ્રહ છે તેને સામાયિક નામનું વ્રત શાશ્વત છે...'** લ્યો ઠીક! શાશ્વત છે. છે તો પર્યાય, પણ સ્થિર છે, સ્થિર. વીતરાગતા છે. આહા..હા..! સમય-સમયની વીતરાગતાની પરિણતિ છે. આહા..હા..! જેને એક સેકન્ડમાં અસંખ્ય વીતરાગ પર્યાયો બદલે. પણ એ વીતરાગભાવ છે.

**શ્રોતા :-** હજારોવાર બને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હજારોવાર છઠ્ઠું-સાતમું. આ તો એક સેકન્ડમાં વીતરાગપર્યાય અસંખ્યવાર, અસંખ્ય પર્યાય થાય એને. આહા..હા..! સમજાણું કાંઈ? એક સેકન્ડનો અસંખ્ય સમય છે તો અંદર દૃષ્ટિને આશ્રયથી જે પર્યાય વીતરાગતા પ્રગટી ઈ એક સેકન્ડમાં પણ એ પર્યાય અસંખ્ય પરિણમે છે અસંખ્ય. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** સ્થિરતા ખરી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સ્થિરતા થઈ જ છે ત્યાં અંદરમાં. છતાં એ પર્યાય બદલે છે દ્રવ્યને લક્ષે. ધ્રુવ અકંપને લક્ષે પર્યાયનું કંપન નામ પરિણમે છે. આહા..હા..! પર્યાયને કંપ કહ્યો છે. બદલે છેને? પણ અહીં તો વીતરાગી પર્યાય બદલે છે એને અહીં શાશ્વત દશા કીધી છે. આહા..હા..! એને સાચી સામાયિક કીધી છે. બાકી બધા ખોટી સામાયિકમાં સામાયિક માને છે એ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે, એને જૈન પરમેશ્વરનું શું કહેવું છે એ માન્યતાની ખબર નથી એને. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ ભાઈ! એવો લાગે. આ સોનગઢવાળાએ નવું કાઢ્યું એમ કહે. ભાઈ! નવું નથી. અનાદિ ભગવાનનું આ સ્વરૂપ છે. એણે સાંભળ્યું નથી.

**શ્રોતા :-** નવું છપાવ્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ વાત ખરા, પણ નવું નથી, બાપા! આહા..હા..! નિત્યાનંદનો નાથ પૂર્ણાનંદથી ભરેલો ભગવાન. આહા..હા..! એને જેણે ધ્યેય બનાવ્યું એની પર્યાયમાં જે ઉગ્ર આશ્રય થયો દ્રવ્યનો એને વીતરાગતા પ્રગટે. આહા..હા..!

**શ્રોતા :-** ...સામાયિક...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ સામાયિક હતી ક્યાં? ઈ આ સામાયિક તો આ સામાયિક છે. આહા..હા..! ધ્રુવના ધ્યેયમાં જામી જાવું એનું નામ સામાયિક છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! નિત્યાનંદ પ્રભુ ધ્રુવ, એને ધ્યેય બનાવીને, ધ્યાનનો વિષય બનાવીને. ધ્યાન છે એ પર્યાય છે. એ છે અધ્યાત્મ તરંગિણીમાં. ધ્યાનની પર્યાયનો વિષય ધ્રુવને બનાવીને સ્થિર થાય આ એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે. સમજાણું કાંઈ? આહા..હા..!

આમાં અવ્રત છે, લ્યો! '**કેવળીઓના શાસનમાં...**' ભગવાન કેવળીના આજ્ઞામાં તો આ સામાયિક કીધી છે. '**કેવળીઓના શાસનમાં...**' એટલે શાસ્ત્રમાં. શાસન આવશે આપણે નહિ? શાસન નથી? પહેલી ગાથા? કાલે સમયસારની શરૂઆતમાં આવે છેને. શાસન. આવે છે એ શાસન-શાસ્ત્ર. આહા..હા..! કેવળીનું શાસન એટલે શુદ્ધોપયોગ. એના શાસનમાં આમ કહ્યું છે, કહે છે. આહા..હા..! કેવળીનું શાસન એટલે? જૈનશાસન એટલે? જેણે આત્મા અબદ્ધસ્પૃષ્ટ જેણે માન્યો, જાણ્યો. અબદ્ધસ્પૃષ્ટ જેણે આત્માને ધ્રુવ છે એ બંધાયેલો નથી, છતાં વિશેષમાં આવતો નથી, સામાન્યપણે છે એને જે અંદર અનુભવે છે એવી અનુભવની પર્યાયને જૈનશાસન કહે છે. આહા..હા..! માણસને એમ થાય કે પણ હવે ઈ ખરું, પણ એનું કાંઈ સાધન ખરું? બીજું કોઈ સાધન છે? પણ એ પોતે જ સાધન છે. રાગથી ભિન્ન કરીને સ્વરૂપમાં એકાગ્ર થવું એ સાધન છે. આહા..હા..! આ સાધન છે.

**શ્રોતા :-** સાધન બે હોય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બે હોય તે કથનમાં. નિરૂપણ બે પ્રકારનું, વસ્તુ એક પ્રકારની. મોક્ષમાર્ગનું પ્રરૂપણ બે પ્રકારે. મોક્ષમાર્ગ બે પ્રકારે નહિ. મોક્ષમાર્ગ એક જ છે.

**શ્રોતા :-** પ્રરૂપણ હોય છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પ્રરૂપણ-કથન. આહા..હા..! શુદ્ધ ચૈતન્યના ધ્યેયે જે સમ્યગ્દર્શન પ્રગટ્યું એ નિશ્ચય અને એ વખતે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિનો રાગ એ વ્યવહાર. એ વ્યવહાર કાંઈ સમકિતની પર્યાય છે? ચારિત્રગુણની ઉંધી પર્યાય છે એને આરોપ દઈને કથન કર્યું. આહા..હા..! ઝીણી વાતું બહુ, ભાઈ! આહા..હા..!

'**કેવળીઓના શાસનમાં પ્રસિદ્ધ છે.**' વળી એમ લીધું. આવી સામાયિક કેવળીના શાસનમાં પ્રસિદ્ધ છે. જિનેન્દ્રદેવમાં આવો માર્ગ હોય છે. આહા..હા..! જિનેન્દ્રસ્વરૂપ એવો આત્મા, જિનેન્દ્રસ્વરૂપ જ આત્મા છે. એને આશ્રયે જે વીતરાગપર્યાય થાય એ જિનેન્દ્ર શાસનમાં એને સામાયિક કીધી છે. આહા..હા..! ઓલું તો સાંભળ્યું પણ ન હોય ધ્રુવ વળી. આત્મા જિનેન્દ્રસ્વરૂપ છે. ભગવાન આત્મા એમ કહે ત્યાં રાડ નાખે. કહે હેં! આહા..હા..! ભગવાનસ્વરૂપ જ આત્મા છે અત્યારે. દ્રવ્ય સ્વભાવે એ ભગવાનસ્વરૂપ છે. આહા..હા..! એ ભગવાનનો જેણે આશ્રય લીધો એને વીતરાગી પર્યાય થાય, ઉગ્ર આશ્રય લીધો એને વીતરાગી પર્યાય થાય, જઘન્ય આશ્રય લીધો એને સમકિત થાય, વિશેષ આશ્રય લીધો એને પાંચમું થાય, વિશેષ આશ્રય લીધો એને સાતમું થાય. આહા..હા..! પહેલું સાતમું થાય છેને, પછી છઠ્ઠે આવે છે. આહા..હા..!

એ વીતરાગમાર્ગ ભાઈ અલૌકિક. અને એના ફળ પણ કેવા? એ વીતરાગી પર્યાયનું ફળ અનંત આનંદની દશા પ્રગટે તે. આહા..હા..! અતીન્દ્રિય અનંત આનંદનું વેદન આહા..હા..! એવો જે મોક્ષ એનું આ સાધન. દ્રવ્યને આશ્રયે જે સંયમ ચારિત્ર આદિ થાય એ મોક્ષની

પર્યાયનું એ સાધન છે. સમજાણું કાંઈ? એ વ્યવહારે સાધન કહ્યું. નિશ્ચયસાધન તો સ્વભાવ આત્મામાં છે. સાધન નામનો ગુણ જ પડ્યો છે અંદર. આહા..હા..! એને આશ્રયે મોક્ષ થાય છે. આહા..હા..! દ્રવ્ય જે વસ્તુ છે પૂર્ણસ્વરૂપ એનો જઘન્ય આશ્રય એ સમકિત છે, મધ્યમ આશ્રય તે ચારિત્ર છે, ઉત્કૃષ્ટ આશ્રય તે શુક્લધ્યાન અને કેવળજ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે, લ્યો! અત્યારે ગામડાના માણસ નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો આઈરિયાણં કરતાં. અમે જૈન શ્રાવક છીએ. હવે એને બિચારાને ખબર ક્યાં છે? આહા..હા..! ભાઈ! વીતરાગનો માર્ગ આહા..હા..! જેને ઈ મળ્યો એને તો નિહાલ થઈ ગયો. એને તો કેવળજ્ઞાન થવાનો અને મોક્ષ થવાનો. સમજાણું કાંઈ? આહા..હા..! જેને ધ્રુવનો આશ્રય થયો અને સમ્યગ્દર્શન થયું એને તો કેવળજ્ઞાન થવાનું, થવાનું ને થવાનું. બીજ ઉગે એ પૂનમ થયા વિના રહે નહિ. આહા..હા..! એમ સમ્યગ્દર્શનરૂપી બીજડું ઉગ્યું. ભગવાનનો આશ્રય લીધો પૂર્ણાનંદનો ધ્રુવનો. આહા..હા..!

નિશ્ચય વસ્તુ તો નિશ્ચયસમ્યગ્દર્શન સ્વરૂપ જ આત્મા છે. સમ્યગ્દષ્ટિ સ્વરૂપ જ ત્રિકાળ આત્મા છે. સમ્યગ્દર્શનસ્વરૂપ જ ત્રિકાળ આત્મા છે. સમ્યગ્દષ્ટિ સ્વરૂપ જ ધ્રુવસ્વરૂપ છે. એનો જેણે આશ્રય લીધો એને સમ્યગ્દર્શન પર્યાયમાં પ્રગટ થાય છે. આહા..હા..! ઓલા કહે છે ભાઈ! આ અધ્યાત્મીઓ તો એકની એક વાત કેટલીવાર એની એ કરે. જુદી જુદી અમે કરણાનુયોગની અને ચરણાનુયોગની. મખનલાલજી એમ કહે. ત્યાં ઓલો કહે ફીરોજાબાદવાળા. ... આહા..હા..! અરે! ભગવાન! તું એક મહાજ્ઞેય છો. બસ એકને જાણ્યો એણે બધું જાણ્યું. જ્ઞાનમાં પ્રમેય થવાલાયક તું છો. પ્રમેય ગુણ છેને આત્મામાં? પ્રમેય ગુણ છે. જ્ઞાનની પર્યાયમાં પ્રમેય થવાને લાયક જ ભગવાન છે. આહા..હા..! જ્ઞેય થવાને લાયક કહો કે પ્રમેય થવાને લાયક કહો, બેય એક જ છે. આહા..હા..! એવો ભગવાન આત્મા મુનિની મુખ્યતાથી કહ્યું છેને અહીંયાં? મુનિને તો એક ઈન્દ્રિયના ફેલાવરહિત દેહમાત્ર પરિગ્રહ. આહા..હા..! એ તો આયુષ્ય હોય ત્યાં સુધી છૂટે નહિ. આહા..હા..!

**'તેને સામાયિક નામનું વ્રત...'** આ વિકલ્પનું નવમું વ્રત વિકલ્પનું એ અહીં નથી. સમજાણું કાંઈ? **'સામાયિક નામનું વ્રત શાશ્વત છે...'** આહા..હા..! હવે શબ્દાર્થ કરે તો આ તો શાશ્વત છે એમ કીધું, લ્યો! આ સામાયિકને શાશ્વત કીધી. **'એમ કેવળીઓના શાસનમાં પ્રસિદ્ધ છે.'** આહા..હા..! એ ધ્રુવસ્વરૂપ છે શાશ્વત એમાં પર્યાય સ્થિર થઈ એને પણ સ્થાયી નામ શાશ્વત કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'(હવે, આ ૧૨૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :)'**

(मंदाक्रांता)

रागद्वेषौ विकृतिमिह तौ नैव कर्तुं समर्थो
ज्ञानज्योतिःप्रहतदुरितानीकघोरान्धकारे।
आरातीये सहजपरमानन्दपीयूषपूरे
तस्मिन्नित्ये समरसमये को विधिः को निषेधः।।२१३।।

આહા..હા..! '**શ્લોકાર્થ :- જેણે જ્ઞાનજ્યોતિ વડે પાપસમૂહરૂપી ઘોર અંધકારનો નાશ કર્યો છે...**' જેમ દીવો થાય અને અંધકાર રહે નહિ, આહા..હા..! એમ જ્ઞાનજ્યોતિ પ્રભુ આત્મા એનો જેણે આશ્રય કર્યો એને અજ્ઞાન રહે નહિ. આહા..હા..! એ પોતે એવું સ્વરૂપ છે જ્ઞાનજ્યોતિ ચૈતન્યમૂર્તિ કે જેમાં અંધકાર છે નહિ અને પર્યાયમાં જે અંધકાર છે એ આનો જ્ઞાનજ્યોતિનો આશ્રય લે એનો પર્યાયમાં અજ્ઞાન અંધકારનો નાશ થાય. આહા..હા..! '**એવું સહજપરમાનંદરૂપી અમૃતનું પૂર...**' આહા..હા..! સ્વભાવિક પરમાનંદરૂપી અમૃતનું પૂર આત્મા છે. આહા..હા..! ધ્રુવ-ધ્રુવ હોં આ. સહજ સ્વભાવિક '**પરમાનંદરૂપી અમૃતનું પૂર (અર્થાત્ જ્ઞાનાનંદસ્વભાવી આત્મતત્ત્વ) જ્યાં નિકટ છે,...**' આહા..હા..! જેની શ્રદ્ધામાં, જ્ઞાનમાં, ચારિત્રમાં, સંયમમાં ભગવાન સમીપ વર્તે છે. આહા..હા..! જેનું ધ્યેય એ છે, ધ્યેયમાંથી કોઈ સમયે પણ ખસતો નથી. આહા..હા..!

'**ત્યાં પેલા રાગદ્વેષો વિકૃતિ કરવાને સમર્થ નથી જ.**' આહા..હા..! સ્વરૂપ જે પૂર્ણાનંદસ્વરૂપ છે એમાં વીંટાઈ ગયો છે. વ્રત એટલે વીંટાઈ ગયો અંદર. આહા..હા..! શુદ્ધ ચૈતન્યઘન એમાં વીંટાઈ ગયો, સ્થિર થયો એને વ્રત કહેવામાં આવે છે. આહા..હા..! અરે! આવી વ્યાખ્યા. અરે! એવા આત્મતત્ત્વને '**જ્યાં નિકટ છે, ત્યાં પેલા રાગદ્વેષો વિકૃતિ કરવાને સમર્થ નથી જ.**' આહા..હા..! '**તે નિત્ય (શાશ્વત) સમરસમય આત્મતત્ત્વમાં...**' આહા..હા..! જે શાશ્વત સમરસમય એમાં એ સમતાની વ્યાખ્યા કરવી છેને? એ સમતામય જ ત્રિકાળ છે આત્મા, એમ કહે છે. આહા..! '**નિત્ય (શાશ્વત) સમરસમય...**' સમરસમય. સમતાના રસવાળો પણ નહિ, સમતારસ જ સ્વરૂપ. આહા..હા..! સમતારસસ્વરૂપ આત્મા, સમતાવાળો આત્મા કહેતા અહીં ભેદ પડી જાય છે. એય..! '**સમરસમય આત્મતત્ત્વમાં વિધિ શો અને નિષેધ શો?**' આહા..હા..! અરે! ઈ ચીજમાં આ કરવાનું છે અને આ છોડવા જેવું છે એવું એમાં ક્યાં છે? આહા..હા..! એ તો કૃત્ય-કૃત્ય છે. વસ્તુ છે એ તો કૃત્ય-કૃત્ય જ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**(સમરસસ્વભાવી આત્મતત્ત્વમાં આ કરવા જેવું છે અને આ છોડવા જેવું છે એવા વિધિનિષેધના વિકલ્પરૂપ સ્વભાવ નહિ હોવાથી...** ' આહા..હા..! '**તે આત્મતત્ત્વને દૃઢપણે આલંબનાર...**' તે આત્મતત્ત્વને દૃઢપણે આલંબનાર ત્રિકાળીને દૃઢપણે આલંબનાર-આશ્રય કરનાર '**મુનિને...**' ત્યાં આવ્યું હતું નહિ પહેલા? અવલંબન. આમાં આવ્યું

હતું. ત્યાં આશ્રય કર્યો છે, ટીકામાં આશ્રય કર્યો છે. '**આત્મતત્ત્વને દૃઢપણે આલંબનાર...**' ખૂંટે પર્યાયને બાંધી દીધી એમ કહે છે. લ્યો! સુજાનમલજી! તમારી ભાષા ખૂંટ હતોને પરમ દિ', નહિ? ધ્રુવ ખૂંટો એને પર્યાયને બાંધી. આહા..હા..! ખૂંટો તો હલે નહિ. ઓલા કહે છેને. નિહાલભાઈની તો દૃષ્ટિ બહુ નિર્મળ. અલ્પકાળમાં મોક્ષગામી જીવ. 'પર્યાય મેરા ધ્યાન કરે તો કરો મૈં કિસકા કરું?' જુઓ તો ખરા! હું તો દ્રવ્ય છું અખંડ.

૩૨૦માં આવ્યુંને કે નિરાવરણ ત્રિકાળનો ધ્યાતા એનું ધ્યાન કરે છે, એટલે પર્યાય એનું ધ્યાન કરે છે. આહા..હા..! એમ જ છેને વસ્તુસ્થિતિ. છેને ઈ? એમાં છે નહિ? પાનું જ આવ્યું. કહે છે ... એક દેશ શુદ્ધનયાશ્રિત ભાવના નિર્મળ પર્યાય પ્રગટી ઈ. 'આંશિક શુદ્ધિ પરિણતિ નિર્વિકાર સ્વસંવેદન લક્ષણ ક્ષયોપશમિક જ્ઞાન હોવાથી...' ક્ષયોપશમજ્ઞાન છેને ઈ? આનંદની દશા પ્રગટી, વીતરાગી પર્યાય એ ક્ષયોપશમભાવ છે. 'એકદેશ વૃત્તિરૂપ છે, એક અંશે પ્રગટરૂપ છે, તોપણ ધ્યાતાપુરુષ એમ ભાવે છે કે જે સકળ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય અવિનશ્વર શુદ્ધ પારિણામિક પરમભાવલક્ષણ નિજપરમાત્મદ્રવ્ય તે જ હું છું.' આહા..હા..! એમ જ્ઞાતા જાણે છે. આહા..હા..! ત્રિકાળી દ્રવ્ય જે અનાદિ-અનંત ધ્રુવ તે હું છું. આહા..હા..! એમ પર્યાય જાણે છે. આહા..હા..! 'પરંતુ એમ ભાવતો નથી કે ખંડ-ખંડ જ્ઞાનરૂપ હું છું.' એ ક્ષયોપશમ દશા પ્રગટી છે એ ખંડજ્ઞાન છે. એને ભાવતો નથી, કહે છે. સમજાણું કાંઈ? પ્રગટેલી દશા ખંડરૂપ છે. એકદેશ શુદ્ધ છેને અંશે? પૂર્ણ ક્યાં છે? એને એ ધ્યાતો નથી. આહા..હા..!

ત્રિકાળી ભગવાન પૂર્ણાનંદ, ભાઈ! આહા..હા..! એને ધ્યાવે છે. આહા..હા..! એટલે પર્યાય એનું ધ્યાન કરે છે. પર્યાય એનું ધ્યાન કરે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એવો હું છું એમ. જોયું! આહા..હા..! 'સહજપરમાનંદરૂપી અમૃતનું પૂર...' એ આવ્યું? '**વિધિ શો અને નિષેધ શો? (સમરસસ્વભાવી આત્મતત્ત્વમાં...**' સમરસસ્વભાવી. જ્યારે સમરસ પર્યાયમાં પ્રગટ થાય છે સામાયિક. તો એ સમરસસ્વભાવી ભગવાન આત્મા છે. આહા..હા..! '**આ કરવા જેવું અને આ છોડવા જેવું એવા વિધિનિષેધના વિકલ્પરૂપ સ્વભાવ નહિ હોવાથી...**' આહા..હા..!

**શ્રોતા** :- ત્રિકાળમાં ક્યાં?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ત્રિકાળમાં ક્યાં છે? એ તો પર્યાયમાં જરી રાગ ઘટે અને વીતરાગતા વધે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**તે આત્મતત્ત્વને દૃઢપણે આલંબનાર મુનિને સ્વભાવપરિણમન થવાને લીધે...**' સ્વભાવપરિણમન સમરસીસ્વભાવ એવો જે આત્મા એનું એને સમરસીનું પરિણમન થવાને કારણે '**સમરસરૂપ પરિણામ થાય છે,...**' એને સમરસરૂપ પરિણામ થાય છે, એને વીતરાગી પરિણામ થાય છે. કેમકે વીતરાગી સ્વભાવ એવો ભગવાન આત્મા એને અવલંબનારને વીતરાગી

પરિણામ સમરસ થાય છે. આહા..હા..! એને રાગ અને દ્વેષની વિષમતા હોતી નથી. આહા..હા..! એને અહીં સામાયિ કહે છે, લ્યો! એને જૈનશાસનમાં વીતરાગી કેવળીના માર્ગમાં એને સામાયિક કીધી. અને એ સામાયિક સાચી છે, આવું હોય તો, નહિતર બધી ખોટી છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**કારતક વદ-૧૦, શુક્રવાર, તા. ૨૮-૧૧-૧૯૭૫**
**ગાથા-૧૨૯-૧૩૦, કળશ-૨૧૪, પ્રવચન નં. ૧૦૮**

નિયમસાર, ૧૨૯ ગાથા.

जो दु अट्टं च रुद्दं च झाणं वज्जेदि णिच्चसो।
तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे।।१२९।।

**જે નિત્ય વર્જે આર્ત તેમ જ રૌદ્ર બન્ને ધ્યાનને,**
**સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૨૯.**

'ટીકા :- **આ, આર્ત અને રૌદ્રધ્યાનના પરિત્યાગ દ્વારા સનાતન (શાશ્વત) સામાયિકવ્રતના સ્વરૂપનું કથન છે.'** સનાતન એટલે શાશ્વત. શાશ્વત એટલે સાચી. છે તો સામાયિક પર્યાય. એને શાશ્વત કેમ કહી? સનાતન સત્ય જે અનાદિનું સત્ય છે. જેને આશ્રયે થયેલી દશા એ સ્થાયી છે, સ્થિર છે. વીતરાગ પર્યાયરૂપ જે દશા જે ત્રિકાળી કારણ પરમાત્માને આશ્રયે થઈ તે પોતે કારણપરમાત્મા શાશ્વત છે, સ્થિર છે, તેને આશ્રયે થઈ તો એને પણ અહીંયાં શાશ્વત એટલે સનાતન સત્ય કહેવામાં આવે છે. એ સનાતન સત્ય છે, એમ કહે છે. આહા..હા..!

'**નિત્ય-નિરંજન નિજકારણસમયસારના સ્વરૂપમાં...**' ભાષા અહીંથી પાધરું આ ઉપાડ્યું. '**નિત્ય-નિરંજન...**' ત્રિકાળ નિરંજન એવો જે નિજકારણસમયસાર. આ ત્રિકાળીની વાત છે. કોઈ વખતે મોક્ષમાર્ગને પણ કારણસમયસાર કહેવામાં આવે છે. અને કેવળજ્ઞાનને કાર્યસમયસાર, પણ અહીં કારણ સમયસાર એવી જે સામાયિક આદિ મોક્ષનો માર્ગ કારણ સમયસારને આશ્રયે પ્રગટ થાય છે. ભાષા તો. સમજાણું કાંઈ? જે કારણમાં શક્તિરૂપ, સ્વભાવરૂપ ત્રિકાળ છે એવા '**નિજકારણસમયસારના સ્વરૂપમાં નિયત (-નિયમથી રહેલા)...**' ધ્રુવ નિજકારણ ભગવાન એમાં જે નિયત-નિશ્ચયથી રહેલ '**શુદ્ધ-નિશ્ચય-પરમ-વીતરાગ-સુખામૃતના પાનમાં પરાયણ...**' આહા..હા..! આને સામાયિક કહીએ. આહા..હા..! '**શુદ્ધ-નિશ્ચય-પરમ...**' શુદ્ધ-નિશ્ચય. આ પર્યાયની વાત છે હોં. '**પરમ-વીતરાગ...**' પરમ-વીતરાગ.

આહા..હા..! સુખામૃત-આનંદરૂપી અમૃતના પાનમાં પરાયણ છે. નિર્વિકલ્પ આનંદને પીવે છે કહે છે. આહા..હા..! દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ તો રાગ છે, ઝેર છે. આહા..હા..! ગજબ વાત છે, બાપુ! અને આ પરિણામ તો સુખામૃતના સ્વાદના પરિણામ છે. આહા..હા..! આ સામાયિક-બામાયિક સાંભળી હતી કે નહિ, ગુલાબચંદભાઈ? આવું નહોતું સાંભળ્યું. આહા..હા..!

કહે છે ભગવાન આત્મા કારણસમયસાર તો અમૃતના સાગરનું પૂર છે. આહા..હા..! ધ્રુવ જે કારણસમયસાર જેને ખરેખર આત્મા કહીએ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! તેમાં જે નિશ્ચયથી અંદર રહેલો છે. નિયમથી રહેલ છે, ચોક્કસપણે અંદર. '**શુદ્ધ-નિશ્ચય-પરમ-વીતરાગ-સુખામૃતના પાનમાં...**' જુઓ, આ એક છદ્મસ્થની સામાયિકની વ્યાખ્યા છે આ. આહા..હા..! મુનિને આવી સામાયિક હોય છે. સાચા મુનિ હોય એ. '**શુદ્ધ-નિશ્ચય-પરમ-વીતરાગ-સુખામૃતના પાનમાં...**' આહા..હા..! ભગવાન અમૃતનો પર્વત-ડુંગર છે મોટો સુખામૃતનો. એમાં નિશ્ચય એમાં એકાગ્ર થતાં એને આનંદના અમૃતનું પાન થાય છે. અતીન્દ્રિય આનંદના સુખમાં જે પરાયણ છે એને સામાયિક હોય છે, એમ કહે છે. આહા..હા..! ભગવાનજીભાઈ! આ બધું આવું સાંભળ્યું હતું કોઈ દિ' ત્યાં? સામાયિક કરો, આ સામાયિક કરો, આ કરો લ્યો! શશીભાઈ! આહા..હા..! માર્ગ આવો છે, બાપા! સનાતન સત્ય મોટો અમૃતનો સુખામૃતનો સાગર છે એ પ્રભુ. જે આ વિશેષણ દીધા બધા એ '**શુદ્ધ-નિશ્ચય-પરમ-વીતરાગ-સુખામૃત...**'નો ગંજ છે આત્મા. આ તો પર્યાયની વાત છે. આ તો પર્યાયની વાત છે, પણ વસ્તુ એવી છે. '**શુદ્ધ-નિશ્ચય-પરમ-વીતરાગ-સુખામૃત...**'નું પુંજ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમાં દૃષ્ટિ પડતાં વસ્તુની પ્રાપ્તિ થાય છે અને એમાં સ્થિર થતાં વીતરાગદશા પ્રગટ થાય છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! ટીકાકારે પણ સામાયિકના પરિણામ સમતા. સામાયિક શબ્દ છેને? સમતાનો આય-લાભ. વીતરાગ પરિણામનો લાભ થાય એને સામાયિક કહીએ. આ નમો અરિહંતાણં કરીને બે ઘડી બેસે. નમો અરિહંતાણં થઈને છ ઘડીની સામાયિક થઈ ગઈ. ધૂળેય સામાયિક નથી. કદાચ રાગની મંદતા કરી હોય તો શુભભાવ હોય અને એને ધર્મ માને તો મિથ્યાત્વ છે ત્યાં તો. આહા..હા..!

**શ્રોતા** :- ... તો ઠીક?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઠીક ક્યાંથી આવ્યું? કદાચ શુભભાવ હોય, અને બીજે ચડી ગયો વિકથાના વિચારમાં તો વળી પાપ પણ હોય. આહા..હા..! ઘડિયાળું હોયને ઘડિયાળું રેતી. એની સામું જોયા કરે. રેતી થઈ કે નહિ? થઈ કે નહિ? પૂરું થાય એટલે થઈ ગઈ સામાયિક લ્યો. અરે! ભગવાન! બાપુ! આહા..હા..! ત્રણલોકનો નાથ ગુપ્તસ્વભાવથી ભરેલો. આહા..હા..! એને પ્રગટ કરવાની આ વાત છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વરે જે પ્રગટ દશા કરી એ બધી શક્તિમાં અંદર સ્વભાવથી ભરેલો પદાર્થ હતો જ. આહા..હા..!

'**શુદ્ધ-નિશ્ચય-પરમ-વીતરાગ-સુખામૃત...**' એ તો ત્રિકાળી કારણસમયસાર. હવે એ જ પોતે '**શુદ્ધ-નિશ્ચય-પરમ-વીતરાગ-સુખામૃતના પાનમાં...**' વર્તમાન. એ આ છે બધું પાનના વિશેષણ હોં, ત્રિકાળના નહિ. આહા..હા..! પાન-પીવું. નિર્વિકલ્પ પીવું. 'નિર્વિકલ્પ રસ પીજીએ...' આવે છે. આહા..! આ વાત લોકોમાં ચાલતી નથી એટલે બિચારાને એવું લાગે આ. સત્યને તો લૂંટી લીધી છે વાત બહારની. ઓલા સમાયિક કરે, પોષા કરો, પડિક્કમણા કરો એ ધર્મ અને દાન કરો એ પુણ્ય. આ લોકો વળી કહે, સામાયિક-પોષા કરો એ ધર્મ. દેરાવાસી. ભગવાનની પૂજા આદિ કરો એ પુણ્ય. બેય ખોટી વાત છે. આહા..હા..! વીતરાગ સર્વજ્ઞદેવ પરમાત્મા અરિહંતદેવ એને સામાયિક કહે છે. નિશ્ચયશુદ્ધપરમ વીતરાગ અમૃતનો સાગર ભગવાન છે. આહા..હા..! સુખામૃતના સ્વભાવથી તો ભરચક ભરેલો ભગવાન છે. આહા..! અરે! કેમ બેસે? હરણની નાભિમાં કસ્તુરી. હરણની નાભિમાં કસ્તુરી, પણ એ કસ્તુરીની કિંમત એને નથી. એ કસ્તુરીની ગંધ આવે તો બહાર ગોતવા જાય, જાણે બહારથી આવતી હશે. આહા..હા..! એમ ભગવાન આત્મા જ્ઞાન અને આનંદનો પુંજ પ્રભુ એનો આશ્રય લેતા એટલે કે એમાં લીન થતાં એ પરમનિશ્ચય શુદ્ધનિશ્ચય પરમવીતરાગસુખામૃત એવી દશા પ્રગટે છે એના પીવામાં પરાયણ છે. આહા..હા..! જેમ તૃષા લાગી હોય અને મોસંબીના પાણી મળે. મોસંબીના. આહા..હા..! મોસંબી શું? ઘટક... ઘટક... ઘટક... થતું હોય, એમ અહીં આનંદનું ઘટક-ઘટક કરે છે, કહે છે. આહા..હા..!

**શ્રોતા :-** મોસંબી જેવું લાગે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મોસંબીનો તો દાખલો આપ્યો. પાણી છે એ તો. પાણી તો આત્માને ત્યાં અડતું પણ નથી. એને રાગ થાય કે આહા..હા..! ખરેખર તો એ રાગને પીવે છે. મોસંબી તો જડ છે, પરમાણુ, માટી, ધૂળ છે. ભગવાન તો અરૂપી આત્મા છે. એ અરૂપી એને કેમ અડે? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..! વીતરાગ જિનેશ્વરદેવનો ધર્મ બહુ સૂક્ષ્મ છે, ભાઈ! આહા..! કેમકે પોતે વીતરાગસ્વરૂપે ભગવાન છે આત્મા દરેકનો હોં. આહા..હા..! એને જે બુદ્ધિ પકડે આહા..હા..! એની શું કહેવી કિંમત, કહે છે. આહા..હા..! સમ્યગ્દર્શનની પર્યાય એને પકડે. એની શું કિંમત? આહા..હા..! સમ્યગ્દર્શન રત્ન મુક્તિના માર્ગનો મુખ્ય માર્ગ એ છે. આહા..હા..! કીર્તિભાઈ! શું આ બધું કર્યું છે? પૂજા, ભક્તિ, બક્તિ કરી હશે કે નહિ? શ્વેતાંબરો ઈ કરે અને સ્થાનકવાસ આ સામાયિક કરે, પોષા કરે, પડિક્કમણા કરે. આહા..હા..!

અહીં તો આનંદનો નાથ પરમાત્મા પોતે આહા..! એ શું કહેવું, કહે છે. પરમવીતરાગ સુખામૃત. અતીન્દ્રિય આનંદનો અમૃતનો સ્વાદ જેમાં ભર્યો છે. આહા..હા..! સુખ-અમૃત સુખરૂપી અમૃત, આનંદરૂપી અમૃત. વીતરાગી આનંદરૂપી અમૃત એમ પાછું. પરમવીતરાગી આનંદરૂપી અમૃત. આહા..હા..! ભાષા તો જુઓ! એના '**પાનમાં પરાયણ...**' વીતરાગી આનંદના

સ્વાદમાં, અનુભવમાં તત્પર. આહા..હા..! એવો જે જીવ '**તિર્યંચયોનિ, પ્રેતવાસ...**' તિર્યંચમાં જન્મવું કે ભૂતડા આદિમાં એવું જે આર્તધ્યાન '**અને નારકાદિગતિની યોગ્યતાના હેતુભૂત આર્ત...**' '**તિર્યંચયોનિ, પ્રેતવાસ અને નારકાદિગતિની યોગ્યતાને હેતુભૂત આર્ત...**' ધ્યાન છે. આર્તધ્યાનથી તો તિર્યંચયોનિમાં જાય. આહા..હા..! પ્રેતવાસમાં અવતરે કોઈ ભૂતડા-કુતડામાં શુભભાવ સાથે હોય તો. નારકાદિગતિ-નરક અને તિર્યંચની ગતિ, ઈયળ ને કીડી ને કાગડા થાય. આહા..હા..! આ રબારીઓ, ભરવાડો બકરા રાખે છેને? બકરીયું. પછી એના બચ્ચા થાય નાના ડાબરા શું કહે એને? લવારા. નાના-નાના. કેટલા ૨૫-૫૦ ભેગા એં..એં.. કરતા હોયને. આહા..હા..! કીધું, ક્યાંથી આવતા હશે આ? ભરવાડ નીકળે જ્યારે એના બચ્ચા લઈને. મોટા હોય એ ચારવા લઈ જાય. ઓલા બધા નાના. એં... એં... એં... એં... એં... કરતા હોય નાના-નાના બચ્ચા. અરે! ભગવાન આત્મા છે અંદર. એ ક્યાંથી આવ્યો? ક્યાં અવતર્યો? આહા..હા..! મોટો શેઠિયો હોય અબજોપતિ. આર્તધ્યાનમાં ગયો હોય તો આર્તધ્યાનમાં મરી બકરીના લવારા થાય બચ્ચા નાના. આહા..! આ દશા! અરેરે! હું ક્યાં છું અને ક્યાં જઈશ? એની એને ખબર નથી. સમજાણું કાંઈ?

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ હલકા થાય એ આર્તધ્યાન છે. .. આર્તધ્યાન છે. અને રૌદ્ર ધ્યાન. આહા..! મહા નરકમાં જવાને રૌદ્ર. હિંસાની પરંપરા, જૂઠાની પરંપરા, ચોરીની પરંપરા. હિંસાનુબંધી એમ આવે છેને? રૌદ્રધ્યાનમાં હિંસાનુબંધી. હિંસા... હિંસા... હિંસા... હિંસા... ત્રસ્તની હિંસા બિચારા વિકલ્પની ઘટના જ કર્યા કરે. આમ મિલ કરવું છેને આમ આ કરવું છે ને આમ આ કરવું છે. આહા..હા..! આ મિલ-મિલ નથી થાતું? કરોડોપતિઓ કેટલા મિલ કરે છે જુઓને. .. વળી જાય પશુના અંદરના. આહા..હા..! બહારમાં અબજોપતિ, કરોડપતિ કહેવાતો હોય. આહા..હા..! અને આવા ધ્યાનમાં મરીને તિર્યંચયોનિમાં અવતરે છે. પડદો પડે એટલે ત્યાં બીજે પડદે બકરી. અરરર! અરે! ત્રણલોકના નાથ! તને આ શું થયું કહે છે આર્તધ્યાન? એમ કહે છે. ભૂલી જાય. આહા..હા..!

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ એવા આર્તધ્યાન હોય તો તિર્યંચમાં જાય.

**શ્રોતા** :- કરોડપતિ હોય અને આગળ વધીને...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અબજોપતિ હોય તોપણ જાય. વધીને મરીને બચ્ચા થાય અને પછી ત્યાંથી મરીને નિગોદમાં જાય.

અહીં તો પરમાત્મા તો એમ કુંદકુંદાચાર્ય તો એમ કહે છેને. આહા..હા..! એક વસ્ત્રનો ધાગો રાખીને મુનિ માને કે અમે મુનિ છીએ તો ભગવાન તો એમ કહે છે કુંદકુંદાચાર્ય. ગૌતમસ્વામી. એ ગૌતમસ્વામી એમ કહે છે એ કુંદકુંદાચાર્ય એમ કહે છે. એ મરીને નિગોદ

જાશે. આહા..હા..! ભલે કદાચ એકાદ ભવમાં ન જાય, પણ અંતે તો એનો વાસ નિગોદમાં જ છે. જેણે આખા તત્ત્વનો વિરોધ કર્યો છે. એવી વાતું બાપુ આકરી ભારે! આહા..હા..! આવાને નિગોદમાં કહે છે તો... મિથ્યાત્વભાવ છેને ત્યાં? મિથ્યાત્વભાવ એ જ નરક અને નિગોદનું કારણ છે. આહા..હા..! શાસ્ત્રકાર તો કહે છે કે એ મિથ્યાત્વભાવ એ મરીને પશુ થાય. આવે છેને ચૌદ બોલ? સમયસાર ચૌદ બોલ આવે છેલ્લા? નિત્ય-અનિત્ય, એક-અનેક ચૌદ બોલ આવે છે. એકાંત માનનારા પશુ છે, ઢોર છે. અરર! આવી ભાષા! બાપુ! એ તો એની કરૂણાથી. આહા..હા..! ભાઈ! તને શું થશે આમાં? તારી ખબર નથી ભાઈ તને. આહા..હા..! એ કુદરતના નિયમથી જે વિરોધ કરીને બેસવું, સ્વભાવથી વિરોધ એ પરિણામ શું આવે બાપુ? આહા..! એ અહીં ધર્માત્મા આર્ત અને રૌદ્રધ્યાન છોડે છે એમ કહે છે. આહા..હા..!

**‘બે ધ્યાનોને નિત્ય તજે છે,...’** જોયું! આહા..હા..! સુખામૃતના સ્વાદમાં રહ્યો એ આર્તધ્યાન અને રૌદ્રધ્યાનને ઉત્પન્ન થવા દેતો નથી, ઉત્પન્ન થતા નથી. આહા..હા..! એને નિત્ય તજે છે એમ કહેવામાં આવે છે. થાય ત્યારે ત્યજેને. પણ થાતા જ નથી એમ કહે છે. એને ત્યજે છે એમ કહેવામાં આવે છે. દૃષ્ટિ અને જ્ઞાનની પર્યાયને ખોરાક આપનાર તો ધ્રુવ ચીજ છે. ત્યાં જેની દૃષ્ટિ અને જ્ઞાનની પર્યાય વળી છે એ તો આનંદનો અનુભવ કરતાં એને આર્ત અને રૌદ્રધ્યાન હોતું નથી. આહા..હા..!

**શ્રોતા :-** પંચમગુણસ્થાને લાગુ પડે

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પંચમગુણસ્થાન, ચોથે લાગુ પડે અંશે સમ્યગ્દર્શન-જ્ઞાન ચીજ એ સામાયિક છે એટલે. પાંચમામાં એટલે લાગુ પડે. આર્તધ્યાન નથી કરતો. અમથો એને આર્તધ્યાન આવે, રૌદ્રધ્યાન પણ આવે પણ એમાં આયુષ્ય ન બંધાય એને. ચોથે કે પાંચમે, ચોથે અને પાંચમે રૌદ્રધ્યાન પણ હોય, પણ ભાન છેને ‘રાગ વિનાની ચીજ હું નિર્મળાનંદ શુદ્ધ ચૈતન્ય છું.’ ત્યાં એનું જોર છે દૃષ્ટિનું. દૃષ્ટિએ ભગવાન આખાને સ્વીકાર્યો છે. આખે આખો સ્વીકાર્યો છે. આહા..હા..! એથી સમકિતીને રૌદ્રધ્યાન આવે, લડાઈમાં ઉભો હોય, આયુષ્ય નહિ બંધાય. જ્યારે શુભભાવ આવશે ત્યારે આયુષ્ય બાંધશે. એટલી એની તાકાત છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનની ભૂમિકામાં અશુભભાવ હોય ખરો, પણ તે વખતે આયુષ્ય નહિ બાંધે એ. આહા..હા..! જ્યારે શુભભાવ આવશે ત્યારે આયુષ્ય બાંધશે ભવિષ્યમાં. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ કરે? સ્વતંત્ર પર્યાય છે તેમ થાય છે. જીવ કરે છે એ પરિણામને. આહા..હા..! અને જેવા પરિણામ છે તે પ્રકારનું ફળ એવી ગતિમાં જાય. લોહચુંબક પત્થર લોઢાની સોયને ખેંચે. કોણ કરે છે ત્યાં એને?

**શ્રોતા :-** આપ બતાઓ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ કરે છે? એનો સ્વભાવ એવો છે. એમ એવા આર્ત અને રૌદ્રધ્યાનના ભાવ થયા હોય એના પ્રમાણે જે ભોગવવાનું સ્થાન હોય ત્યાં જઈને અવતરે. આહા..હા..! એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દાખલો તો સિદ્ધાંત... એ નેતા એક આર્યસમાજ એ. નામ શું ભૂલી ગયા નહિ? આર્યસમાજ નહોતા? પાંચ વર્ષ દીક્ષા લીધી હતી. મળ્યા હતા. આવ્યા હતા અમારી પાસે. ત્રિલોકચંદજી. ત્રિલોકચંદજી હતાને એક. સ્થાનકવાસીમાં દીક્ષા લીધી. બુદ્ધિનો ક્ષયોપશમ ઘણો, પાંચ વર્ષ દીક્ષા લઈ, પણ અંતે એને વાત ન બેઠી અંદરથી. કે વળી આ કર્મનો ઉદય આવે અને .. એ વખતે બળદનું શિંગડું વાગે. શિંગડાને કેમ ખબર પડી કે આ અત્યારે ઉદય... આ તમારો પ્રશ્ન. આવ્યા હતા ભાઈ આપણે. એકફેરી દ્રવ્યસંગ્રહ નહિ વાંચતા હતાને. રામજીભાઈ હતા એ આવ્યા હતા. આવ્યા હતા. ૯૨-૯૩ની સાલમાં. ૯૨-૯૩ ત્યાં હીરાભાઈના મકાનમાં આમ આવ્યા હતા. હીરાભાઈના મકાનમાં આવ્યા હતા. એ સ્થાનકવાસી સાધુ થયેલો પાંચ વર્ષ. મગજવાળો બહુ એટલે પાંચ વર્ષમાં શાસ્ત્ર ભણી ચૂક્યો બધોય, પણ એને શ્રદ્ધા ન બેઠી આખી. કે આ શું? કોઈ ઈશ્વર જોઈએ.. એમ કે એક માણસ બહાર નીકળ્યો. હવે એને બળદે શિંગડું માર્યું. તો શિંગડાને કેમ ખબર પડી કે આને કર્મનો અશાતાનો ઉદય છે માટે મારું? એની જાણવાની ક્યાં.. એ તો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એવો બની જાય છે. એમાંથી એને શ્રદ્ધા ઉડી પછી એટલે અહીં આવતો. વ્યાખ્યાનમાં આવતો. પણ આ વાત બાપુ એવી છે. એમ કે બળદનું શિંગડું .. અશાતાનો ઉદય આવ્યો અને બે મેળ ક્યાંથી ખાઈ ગયો કહે? પણ એમ જ મેળ ખાય છે. આહા..હા..!

જુઓને, આ હમણા જામનગર નહિ? હજારો પંખીઓ અને મોર મરી ગયા. ઝાડ આખા ડાળ. રાતે બેઠા એમાં ડાળ હલે. ડાળ-ડાળ સમજ્યાને? ઝાડની. પોતાની ઓફિસમાંથી ઘરે જાવું હોય આમ સામે બે-ત્રણ ઘડી. નીકળી શકાય નહિ. એટલું પવનનું જોર. એટલો .. કહેતા નહિ? .. માઈલ કીધું કાંઈક. સો. શું કીધું? કિલોમીટર કાંઈક કહે છે. એક કલાકમાં એટલી ઝડપ કે ઘરમાંથી બહાર જવું હોય તો એટલો પવન કે પાડે નીચે. આહા..હા..! હવે એ જનાવર બિચારા મોર, પોપટ, કાગડા, કોયલ, કાબરું માથે બેઠી હોય. આહા..હા..! એ સર્પો, નોળ, કોળ બિચારા બેઠા હોય ત્યાં. ફડાક ઉડવા જાય ત્યાં પાંખ તૂટીને મરી જાય નીચે. કોણે કર્યું એ? ભાઈ! એના ઉદયનો યોગ એવો હોય તો એવું નિમિત્ત એને આવી જાય. આ .. બનતા નથી આખો દિ' ત્યાં. ત્યાં ઈશ્વરની શું જરૂર છે? એને એ શ્રદ્ધા થઈ ગઈ કે ભાઈ ઈશ્વર કોક હોવો જોઈએ! આવું બધું કામ કરે. કોણ કરે છે ..ભાઈ! આહા..હા..! એવો જ એનો ઉદય અંદર હોય ત્યારે આવા નિમિત્તો મળે એને. આયુષ્ય પૂરું થવાની લાયકાત હોય. આહા..હા..! જાનવર તો આમ ઢગલા. કોથળા-કોથળા ભરીને

મોટા આખા નાખી આવ્યા બહાર. શું કહેવાય ઓલું? ખટારો-ખટારો. ખટારા ભરીને. જામનગર હમણા. ૨૫-૩૦ કરોડનું નુકસાન થયું ચાર કલાકમાં. પવન એવો અને વરસાદ એવો તો ચાર કલાકમાં ૨૫-૩૦ કરોડનું નુકસાન. એ તો કુદરતને જે આ .. વરસાદ એને રોકે કોણ અને એને ટાળે કોણ? આહા..હા..! જેવી જેની દશા કર્મની હોય છે યોગ્યતા એવા એને નિમિત્ત ત્યાં આવીને ઉભા રહે છે. આપ બતાઓ.

**શ્રોતા :-** ધ્રુવ સ્વભાવમાં આ બધી પ્રતીકુળતાની કેટલી અસર?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બિલકુલ નહિ. ધ્રુવને આર્તધ્યાન-રૌદ્રધ્યાન અડતા પણ નથી. ધ્રુવને ધર્મધ્યાન અને શુક્લધ્યાન અડતું નથી. આહા..હા..! વસ્તુ એવી છે, ભાઈ! ધ્રુવ ચીજ છે એને પર્યાય અડતી નથી, આલિંગન કરતી નથી. આવે છેને. આહા..હા..! સમયસારમાં આવે છે ૪૯. વ્યક્ત અને અવ્યક્તનું મિશ્રિત જ્ઞાન હોવા છતાં વ્યક્તને આત્મા અવ્યક્ત તે સ્પર્શતો નથી. આહા..હા..! દ્રવ્ય અને પર્યાયનું સાથે જ્ઞાન હોવા છતાં, દ્રવ્ય તે પર્યાયને સ્પર્શતો, અડતો, છુતો, આલિંગન કરતો નથી. આહા..હા..! અહીં તો આર્તધ્યાન, રૌદ્રધ્યાન છોડે છે ત્યારે એનું નિશ્ચયપણું, આનંદમાં અંદર નિશ્ચયમાં વર્તે છે એટલું કહેવું છે. એ પર્યાય છે તે દ્રવ્યમાં ભળી ગઈ છે એ તો પ્રશ્ન છે જ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! પર્યાય તો પર્યાયરૂપે રહી છે, પણ એ પર્યાયે આમ વલણ કર્યું છે એટલે આર્તધ્યાન અને રૌદ્રધ્યાન થાતું નથી. આહા..હા..! આમ વાત છે. શું થાય? અરે! એને માંડ વખત મળ્યો છે આવો. કેટલાક તો ત્યાંથી નીકળીને આવ્યા હશે. નિગોદ બટાટા. બટાટા લઈએ. આહા..હા..! ક્યાંથી ક્યાં નીકળીને આવે. એમાં અહીં જરી ઘુંચાઈ જાય પાછા બહારમાં માન અને આબરૂમાં. આહા..! મુસાફર. આહા..હા..! ભાઈએ નથી કહ્યું?

નિહાલભાઈએ છેલ્લું. છેલ્લા બોલમાં. આ છેલ્લી મુસાફરી છે. આખિરની મુસાફરી. છેલ્લા બોલો છે. ૬૦૦ પછીના. આહા..હા..! આ ભવની મુસાફરી હવે છેલ્લી છે. એકાદ-બે થાય એ ગણાય નહિ. આહા..હા..! શ્રીમદ્દે એમ કહ્યુંને 'તેથી દેહ એક ધારીને. અશેષ કર્મનો ભોગ છે. ભોગવવો અવશેષ રે. જે રાગ-દ્વેષ થાય છે જેનો અનુભવ થાય છે એ કલુષિતતા કલંક છે. આહા..હા..! અમૃતચંદ્રાચાર્યે નાખ્યું કલંક છે. કલુષિતાયાં. આહા..હા..! કલ્માશિતાં ત્રીજો શ્લોક. અનાદિની કલુષિતતા છે. હજી છે ગઈ નથી, એમ કહે છે. અનુભવ થયો, મુનિપણું થયું. હજી પર્યાય ગઈ નથી. હજી પર્યાય છે. નહિતર તો કેવળજ્ઞાન થઈ જાય. આહા..હા..! મુનિ એમ કહે છે. સમજાણું? કલંક છે એ કલ્માષિતાયાં. આહા..હા..! હજી પરને લક્ષે એટલી અશુદ્ધતા છે. પ્રભુ! હું ટીકા કરવાના કાળમાં મારું ઘુંટણ અંદરમાં રહેશે. તો એ અશુદ્ધતા ટળી જાઓ અને શુદ્ધતા પ્રગટ થાઓ. આહા..હા..! મુનિ કહે છે જુઓને. આહા..હા..! આચાર્ય. જે આ ટીકા. આત્મખ્યાતિ ટીકા. આહા..હા..! ભરતક્ષેત્રમાં એવી કોઈ... દિગંબરમાં એવી ટીકા નથી તો બીજે તો હોય જ શેની? જે સમયસારની ટીકા, ... આહા..હા..! હથેળીમાં

ભગવાન બતાવ્યો છે. આહા..હા..! ભાઈ! તારા પરિણામને બહારથી વાળ પાછા. આહા..હા..! એ પરિણામને અંદરમાં વાળ. આહા..હા..! જ્યાં ભગવાન બિરાજે છે પૂર્ણ કારણપરમાત્મા ધ્રુવ ત્યાં પરિણામને વાળ. આહા..હા..! અને એ પરિણામ તો અમૃતના સ્વાદના સ્વાદિયા પરિણામ છે ઈ. આહા..હા..! મારો આવો ધર્મ કેવો? ભાઈ! વીતરાગમાર્ગ એવો છે ભાઈ! આહા..હા..!

કહે છે એ '**બે ધ્યાનોને નિત્ય તજે છે,...**' 'નિત્ય તજે' એ ઉપર વજન અહીં તો આવ્યું. નિત્યમાં નિયત છે માટે નિત્ય રાગને તજે છે. આહા..હા..! નિત્ય એવો ભગવાન પૂર્ણાનંદનો નાથ એમાં લીન છે માટે નિત્ય આર્તધ્યાન-રૌદ્રધ્યાન છોડે છે. આહા..હા..! '**તેને ખરેખર કેવળદર્શનસિદ્ધ (-કેવળદર્શનથી નક્કી થયેલું) શાશ્વત સામાયિકવ્રત છે.** ' આહા..હા..! એ સાચું સામાયિક છે. ખોટા તો આ બધા કરે છે ઘણા અનંતકાળથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? શાશ્વતનો અર્થ એટલો હોં પાછો શાશ્વત શબ્દ પડ્યો માટે નિત્ય સામાયિક છે એમ નથી. શાશ્વત એટલે સ્થાયી. ભાષાની ઓલી કરવા જાય તો શાશ્વત સામાયિક. શાશ્વત તો નિત્ય વસ્તુ હોય. સામાયિક પર્યાય તે શાશ્વત હોય? એ પર્યાયની વાત છે. શાશ્વતનો અર્થ સાચી છે. સત્ય છે એ. સત્ય સામાયિક છે. ભગવાન આનંદનો નાથ આનંદના પીવામાં રોકાય છે એ સાચી સામાયિક છે. ઝેરના પ્યાલા એણે છોડી દીધા છે. આહા..હા..!

'**(હવે, આ ૧૨૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :)**'

(आर्या)

इति जिनशासनसिद्धं सामायिकव्रतमणुव्रतं भवति।
यस्त्यजति मुनिर्नित्यं ध्यानद्वयमार्तरौद्राख्यम्।।२१४।।

'**શ્લોકાર્થ :- એ રીતે, જે મુનિ, આર્ત અને રૌદ્ર નામનાં બે ધ્યોનેને નિત્ય તજે છે...**' મુનિઓ એ નિત્ય દિગંબર હોય છે. વસ્ત્ર, પાત્ર છોડી અને દિગંબર હોય છે અને જંગલમાં વસતા હોય મુનિ. તેને જૈનદર્શનમાં મુનિ કહેવામાં આવે છે.

**શ્રોતા :-** પંચમકાળના મુનિ આવા હોય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પંચમકાળના મુનિ આવા હોય. આહા..હા..!

'**મુનિ આર્ત અને રૌદ્ર નામનાં બે ધ્યોનેને નિત્ય તજે છે...**' એટલે કે નિત્ય ભગવાન આત્મામાં જે લીન છે કાયમ. આહા..હા..! '**તેને જૈનશાસનસિદ્ધ (-જિનશાસનથી નક્કી થયેલું)...**' વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરના માર્ગમાં નક્કી થયેલું. '**અણુવ્રતરૂપ સામાયિકવ્રત છે.**' ભાષા દેખો, મુનિને અણુવ્રત કીધો એ.

**શ્રોતા :-** નિશ્ચયસામાયિક.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિશ્ચયસામાયિકને અણુવ્રત છે, પૂર્ણ વ્રત તો સ્થિર થઈ જાય

ત્યારે થાય. છઠ્ઠા-સાતમા ગુણસ્થાનમાંથી છેક એને અણુવ્રત કહેવામાં આવે છે. ઓલા અણુવ્રત શ્રાવકના મહાવ્રત એ અહીં નહિ. વસ્તુ છે તેને અનુસરીને હજી સ્થિરતા ઓછી થઈ છે. માટે તેને અણુવ્રત કહેવામાં આવે છે. આ વિકલ્પનો અણુવ્રત નહિ, શ્રાવકનો અણુવ્રત એ નહિ. આહા..હા..! આ તો વસ્તુ જે છે ત્રિકાળ એને અનુસરીને સાધકદશામાં હજી મધ્યમમાં વર્તે છે. ઉત્કૃષ્ટ વ્રત એને કહેવાય કે આખા સ્વરૂપમાં પૂર્ણ વીંટાઈ જાય. લ્યો, આ વળી નવું. મુનિને અણુવ્રત કહેવામાં આવે. નિશ્ચય અણુવ્રત છે. આહા..હા..! મહાવ્રત છે એ પૂર્ણસ્વરૂપમાં સ્થિરતા ઈ મહાવ્રત. આ પંચમહાવ્રતને એ તો વિકલ્પ છે આસ્રવ. એ મહાવ્રત નહિ. અહીં જે મહાવ્રત કહેવામાં આવે એ તો પૂર્ણ આનંદમાં પૂર્ણ અનુસરીને સ્થિર થઈ જાય. અને અહીં તો હજી અણુવ્રત છે. ભગવાન આત્મામાં થોડું અનુસરીને થયેલી દશા છે. આહા..હા..! છે તો વીતરાગ પર્યાય. સમજાણું કાંઈ? આહા..હા..! અને વીતરાગ પર્યાય થોડી છે, એથી એને અણુવ્રત કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી ભાષાના ભાવ બધા. જુદી-જુદી જાતના. આહા..હા..!

**શ્રોતા** :- બારમા (ગુણસ્થાનમાં) મહાવ્રત હોય?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બારમે આગળ જતા મહાવ્રત હોય સ્થિર થાય. પૂર્ણ વીતરાગતા તે મહાવ્રત. આખા આત્મામાં વીંટાઈ ગયો. હજી આ બાકી છેને થોડું? છઠ્ઠે-સાતમે પણ હજી થોડું બાકી છે એ સ્થિર થવું. એથી એને અણુવ્રત કહેવામાં આવ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એમ કરીને સાધકને આગળ જવું છે, પૂર્ણ થવું છે એમ બતાવે છે. એટલામાં રહેવું નથી અટકીને એમ કહે. આહા..હા..! મુનિ ત્રણ કષાયનો નાશ છે, સમ્યગ્દર્શનસહિત જેની ચારિત્રદશા પ્રગટી છે, બાહ્યમાં જે નગ્ન અને પંચમહાવ્રતના ધરનાર વિકલ્પમાં છે, એને પણ આ જે સ્વરૂપની સ્થિરતા છે એ થોડી છે, કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એને પણ અણુવ્રત કીધું. માથે કહ્યુંને? આહા..હા..! અંતર આનંદના વેદનમાં, અતીન્દ્રિય આનંદના વેદનમાં તત્પર છે એને સામાયિક હોય છે. અતીન્દ્રિય આનંદના વેદનમાં તત્પર છે, છતાં તેને અણુવ્રત કહીએ. આહા..હા..! સાધક છેને? પૂર્ણદશા ક્યાં પ્રગટી છે? આહા..હા..! જુઓને, આ દિગંબર સંતોની કથની. ઝંખના-ભાવના તો પૂર્ણ થવાની છે. અમારે હજી ઘણું કરવાનું છે. આટલું થયું માટે અમને સંતોષ કે બસ છે, એમ નહિ. હજી અમારે પૂર્ણ પૂર્ણ વીતરાગતા પ્રગટ કરવી છે. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ તે માર્ગ છે. આહા..હા..! ચોથા ગુણસ્થાન, પાંચમા ગુણસ્થાનમાં આવે છેને શાસ્ત્રમાં. શ્રાવક કાર્તિકેયાનુપ્રેક્ષામાં. કે સમ્યગ્દૃષ્ટિ પોતાને વસ્તુ તરીકે, પ્રભુ તરીકે માને છે. પર્યાયમાં પામર તરીકે જાણે છે. આહા..હા..! સાચું સમકિત જે ક્ષાયિકસમકિત હોય આહા..હા..! સ્વરૂપનો

અંશે સ્થિરતા સ્વરૂપાચરણ છે, દર્શન છે, સમ્યગ્જ્ઞાન છે અને સ્વરૂપાચરણ છે, પણ એ પર્યાય અને ક્યાં કેવળજ્ઞાનની પર્યાય! આહા..હા..! એ અપેક્ષાએ પર્યાયની પામરતામાં સ્વીકાર છે. તું પામર છો, પ્રભુ! આહા..હા..! વસ્તુએ પ્રભુ છે. દૃષ્ટિમાં પૂરો છું, પૂરો છું, આખો છું અને અખંડ છું. આહા..હા..! પણ પર્યાયમાં હજી પૂર્ણ વીતરાગતા આવી નથી એથી એની અપેક્ષાએ એ પર્યાયને પામર જાણે છે. અહીંયાં સાધકની મુનિની પર્યાયને પણ અણુવ્રત કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને બીજા ફુલાઈ જાય સાધારણમાં. બાપા! આહા..હા..! એવી દશા છે. આહા..હા..!

**'અણુવ્રતરૂપ સામાયિકવ્રત છે.'** એને અણુવ્રત એટલે થોડુંક સાધકપણું પ્રગટ્યું છે. એથી એને અણુવ્રત કહેવામાં આવે છે. વિકલ્પના છે એ તો પાંચ મહાવ્રત છે. છઠ્ઠે ગુણસ્થાને પંચમહાવ્રતના પરિણામ છે. સ્થિરતા પણ ત્રણ કષાયના અભાવની થઈ છે, પણ એ ત્યાંથી છૂટીને સ્વરૂપમાં સ્થિર થાય છે તોપણ કહે છે કે એને અણુવ્રત કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યક્ વિનાના મિથ્યાદૃષ્ટિને તો વ્રત પણ કેવા અને સામાયિક પણ કેવી? આહા..હા..! દયા, દાનના પરિણામ હોય એને ધર્મ. હમણા આવ્યો હતો એક. કચ્છીની એક મોટી બસ આવી હતી. ગયા હશે અહીં.. કોઈ હતો એને અગ્રેસર. પૈસા ખર્ચીને લઈ ગયો હતો અહીં. બેઠા હતા. માણસ નરમ હતા બધા. બુદ્ધિવાળા બધા બેઠા પંદર-વીસ મિનિટ. મેં કીધું આ શું તમારું .. છે સમજાય છે? કે આ શુભભાવ છે, આ ધર્મ નહિ. ત્યારે એનો શેઠિયો હતોને મુખ્ય દેવા પૈસાનો એટલે ઓલા બીજાએ કીધું ત્યારે અમને પુણ્ય જ બંધાય? કીધું, હા. પૈસા ખર્ચ્યા હોય પાંચ-દસ હજાર. પચાસ માણસને મુંબઈથી લાવીને. એમાં ધર્મ ક્યાં હતો કીધું. એ તો શુભભાવ છે ભગવાનના દર્શને જાવું. આહા..હા..! અને એમાં ધર્મ માને તો મિથ્યાત્વ છે. આકરું કામ. બધો હોંશમાં લાવ્યો હોય બસ ભરીને મુંબઈથી પૈસા ખર્ચીને એક જણો હતો. માણસ નરમ હતો. મહારાજ! આ બધા ઉપર કાંઈક (વાસ્કેપ) કરવાનું નથી? .. કીધું અહીં તો તત્ત્વના ઉપદેશની વાત છે. આત્માને ઓળખો એ અમારું વાસ્કેપ છે અહીં તો. આહા..હા..! સાંભળતા હતા બિચારા. અમને કાંઈક કહો. કીધું ભાઈ! આ જયંતિબંયતિ ગણાય છેને એ શરીરની ગણાય છે. આત્માની જયંતિ નથી. આત્મા જન્મતો નથી. એ તો છે એ છે. શરીરના ઉંમરની જયંતિ કહેવાય અને એ છૂટે એને મરણ કહેવાય. આત્મા મરતો નથી અને આત્મા જન્મતો પણ નથી, એ તો અનાદિ-અનંત છે. આહા..હા..! શરીરનો એ દિવસે જન્મ થયો, ઉત્પન્ન સંયોગ થયો એ તો વળી ગર્ભમાં સંયોગ થયો. બીજા દેહ છોડીને ગર્ભમાં સંયોગ તો દેહનો ત્યાં થયો, પણ આ લોકો તો જન્મે ત્યારે ગણેને. પણ એ તો શરીરના જન્મની જયંતિ કહેવાય. આહા..હા..! મૂળ વાત કહેવી. આવી વાત તો સાધારણ વાત છે. માની બેસે કે શરીરની જન્મજયંતિ એટલે મારી જન્મજયંતિ. તારી એટલે તું કોણ? તું તો આત્મા છો. તું જન્મે છે? તું તો ત્રિકાળ છો. જન્મે કોણ

અને મરે કોણ? આહા..હા..! એવો જે ભગવાન પૂર્ણાનંદનો નાથ ભિન્ન ચોસલું પડ્યું છે અંદર. એના ધ્યાનમાં જે રહે છે એને અણુવ્રતરૂપ સામાયિકવ્રત છે. આહા..હા..! આવી વ્યાખ્યા. ઓલા બિચારા ગામના મહારાજ ઘર પાસે બધા બાયુ હતી ઉમરાળે જન્મ.. બાયુ બેસે. છોકરાઓ નાના રમતા હોય. દસ વર્ષના, અગિયાર વર્ષના. ડોશીયું બેઠી હોય ઓલું કરીને. શું કહેવાય આ? રેતી. રેતી-રેતી ઓલી હોયને ઘડિયાળું. ઘડી. .. બેસે. વિધ્વા બાયુ હોય બેસે સામાયિક કરવા. છોકરાઓ જાય તો ભાઈ અહીં બહુ તોફાન કરશો નહિ એમ કહે બિચારા. આ સામાયિક. ક્યાં બાપા તમે?

**શ્રોતા :-** છોકરા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો બિચારા એમ કે આ માળા ગણતા હોયને છોકરા, છોકરા તો રમેને શેરીમાં. .. રાડું પાડશો નહિ. નહિતર અમારી સામાયિક ડોળાઈ જશે એમ. ડોળાઈ ગઈ સમજ્યા? બગડી ગઈ. ક્યાં હતી બાપા સામાયિક? કોઈ શુભભાવ હોય એટલો રાગની મંદતાનો સહેજ અને એમાં પાછા માને છે કે અમે સામાયિક કરી, ધર્મ કર્યો. મિથ્યાત્વને પોષે છે. મિથ્યાત્વને. બીજા કરતા મિથ્યાત્વને સેવ્યું એણે. આ બધા દીક્ષાઓ લે છેને એ મિથ્યાત્વની દીક્ષા છે બધાની. એવી આકરી વાત, ભાઈ! બાળબ્રહ્મચારી છોકરા. દીક્ષા લીધી. દીક્ષા ક્યાં હતી? સમ્યગ્દર્શનનું ભાન નથી ત્યાં. એની ગોરાણીને સમ્યગ્દર્શનની ખબર નથી. એ તો મિથ્યાદૃષ્ટિ છે બધા. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે. જૈનનો દિગંબર સાધુ થાય તોપણ શું દ્રવ્યલિંગ ધારણ કરે તોય. અંતર સમ્યગ્દર્શન આત્માના આશ્રયથી પ્રગટ થાય એની તો ખબર નથી. આહા..હા..! ક્યાંથી મુનિપણું આવે? અહીં કહે છે કે આવાને હજી અમે અણુવ્રત સામાયિક કહીએ છીએ. આહા..હા..! વાણી તો જુઓ. ૧૩૦.

जो दु पुण्णं च पावं च भावं वज्जेदि णिच्चसो।
तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे।।१३०।।

**જે નિત્ય વર્જે પુણ્ય તેમ જ પાપ બન્ને ભાવને,**
**સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૩૦.**

કેવળી ભગવાન અરિહંત તીર્થંકરોએ જૈનશાસનમાં આને સામાયિક કીધી છે. આહા..હા..!

'**ટીકા :- આ, શુભાશુભપરિણામથી ઊપજતાં...**' દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રતના ભાવ છે એ શુભ. એનાથી '**ઊપજતા સુકૃતદુષ્કૃતરૂપ કર્મના...**' અશુભપરિણામથી ઉપજતાં દુષ્કૃતકર્મ એના '**સંન્યાસની વિધિનું (-શુભાશુભકર્મના ત્યાગની રીતનું) કથન છે.**' ભગવાનનું સ્મરણ કરે નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... એ બધો શુભભાવ છે, એ કર્મબંધનનું કારણ છે. આહા..હા..! ભાવપાહુડમાં તો આવ્યું હતું. મુનિઓએ આમ પંચમહાવ્રતની ભાવના કરવી, પાંચ અતિચાર પાળવાનું કરવું, પચ્ચીસ ક્રિયાનો ભાવ કરવો, નવ તત્ત્વનો વિચાર કરવો. ઘણું આવ્યું હતું એ. એ શુભભાવ હોય છે એ વાત સિદ્ધ કરી છે. શુભભાવ

હોય છે, પણ છે એ બંધનું કારણ. આહા..હા..! ભાવપાહુડમાં બહુ આવ્યું હતું. ઘણા નવ તત્ત્વનો વિચાર, ફલાણું, પચ્ચીસ ક્રિયાનો, પંચમહાવ્રતનો, એના અતિચાર ટાળવા. ઘણા બોલ આવ્યા હતા. આવે. વસ્તુની સ્થિતિની દૃષ્ટિ હોવા છતાં સ્વરૂપમાં ઉપયોગ જામે નહિ ત્યારે એને અશુભથી ટાળવા માટે શુભ આવે છે. અશુભવંચનાર્થ શુભ હોય છે, પણ એ પોતે સામાયિક અને ધર્મ નહિ. આહા..હા..! નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... માળા ગણે લ્યોને. બે ઘડી ગણી સામાયિકમાં. એ સામાયિક નથી, એ તો શુભભાવ છે, પુણ્ય છે. માળા ગણે ૪૮ મિનિટ સુધી આખી સામાયિકમાં.

અમારે એક હતા ઝવેરી. એના છોકરા નહોતા આવ્યા? અહીં આવ્યા છોકરા છે. આપણે આમાં ભણે છે. ... ઝવેરી. એનો દીકરો હતો મૂળશંકર. એના દીકરાના દીકરા આપણે ભણે છે અહીં. એ બિચારો ભગત કહેવાતો. ત્યાં માળા આમ મૂકે સીધી એકસો આઠ. એક મણકા ઉપર ધ્યાન રાખીને નમો અરિહંતાણં... નમો સિદ્ધાણં... બીજા મણકા. એમ એક સો આઠ મણકા બોલતો હાથમાં લીધા વિના. પણ એથી શું થયું? એ તો શુભભાવ છે, ધર્મ નહિ. આહા..હા..! માળા છેને આમ માળા? આમ મૂકે. હાથમાં નહિ. એનાથી આમ. એકસો આઠ માળા સુધી એકસો આઠ મણકા ગણે. એથી શું થયું? એ તો શુભભાવ છે, બંધનું કારણ છે. આહા..હા..! આવી વાત. વીતરાગમાર્ગમાં આવી વાત છે. બીજે ક્યાંય છે નહિ. આહા..હા..! આ તો વીતરાગમાર્ગ છેને. આહા..હા..! રાગમાર્ગ નથી આ કાંઈ. આહા..હા..!

એ '**શુભાશુભપરિણામથી ઊપજતાં સુકૃતદુષ્કૃતરૂપ કર્મના...**' એના ત્યાગની વિધિ. સંન્યાસ એટલે ત્યાગ. આ કથન છે. હવે પાછી ખુબી એ છે કે શુભભાવ કેમ થાય? એ વ્યાખ્યા કરે છે. એ '**બાહ્ય-અભ્યંતર પરિત્યાગરૂપ લક્ષણથી લક્ષિત પરમજિનયોગીશ્વરોનું...**' બાહ્ય પણ વસ્ત્ર-પાત્રનો ત્યાગ છે, અભ્યંતર રાગનો ત્યાગ છે. એવા જે સાચા સંત, મુનિ, ભાવલિંગી. આહા..હા..! એવા '**પરમજિનયોગીશ્વરોનું ચરણકમળ-પ્રક્ષાલન,...**' એના પગને ધોવે. એ શુભભાવ છે. સમજાણું કાંઈ? '**બાહ્ય-અભ્યંતર પરિત્યાગરૂપ લક્ષણથી લક્ષિત...**' એવા લક્ષણથી જાણવામાં આવે. એવા '**પરમજિનયોગિશ્વરોનું ચરણકમળ-પ્રક્ષાલન...**' આહા..હા..! અને '**ચરણકમળસંવાહન...**' પગ દાબવા વગેરે, પગચંપી. એવા સાચા સંતને પણ પગચંપી કરવાનો ભાવ એ શુભ છે. આહા..હા..! ટીકાકાર ખુલાસો કેવો કરે છે! જોયું?

'**વગેરે વૈયાવૃત્ય કરવાથી ઉપજતી શુભપરિણતિવિશેષથી...**' વૈયાવૃત્યનું ફળ તીર્થંકરગોત્ર છે, એક ઠેકાણે આવ્યું છેને? ૨૯મા અધ્યયનમાં આવે છે. એ પ્રશ્ન ઉઠ્યો કેટલો ૮૧ની સાલમાં. ૮૧-૮૧. .. છે એક .. સાધુ થયો. .. છે ત્યાં બોટાદથી બે ગાઉ. ..પ્રશ્ન આવ્યો કે વૈયાવૃત્યનું ફળ તીર્થંકરગોત્ર એ ધર્મ નહિ? મેં કીધું વૈયાવૃત્ય છે એ શુભભાવ છે. એનાથી બંધાણું કર્મ એ ધર્મ નહિ. પણ એ લોકોમાં એટલો ખુલાસો નથીને શ્વેતાંબરમાં. સ્થાનકવાસીમાં ક્યાંય છે નહિ. દ્રવ્ય-ગુણ-પર્યાયનું એમાં જ્ઞાન જ નથી. ગ્રંથ પણ નથી એનામાં.

આ શ્વેતાંબરમાં વળી આ ૩૦૦ વર્ષ પહેલા યશોવિજય કરીને ગ્રંથ બનાવ્યા છે એક-બે. એમાંથી ભાઈએ બનાવ્યું દ્રવ્ય આગમ...

અહીં તો કહે છે પરમજિનયોગીશ્વર ભાવલિંગી સંત છે. એને આહાર-પાણી લેવાનો ભાવ એ શુભભાવ છે. એને આહાર-પાણી લેતા સંસાર પરિત થાય છે એમ નથી. જુઓને આને ... કરે તો શુભભાવ છે, કહે છે. '**સંવાહન વગેરે વયૈવૃત્ય કરવાથી...**' એ બધું એમાં આવી ગયું. એને આહાર-પાણી દેવો, એને વંદન કરવું, એનો વિનય કરવો, એની પગચંપી કરવી વગેરે. આહા..હા..! '**ઉપજતી શુભપરિણતિ...**' એનાથી તો શુભ પુણ્યના ભાવ ઉપજે છે, ધર્મ નહિ. આહા..હા..! પરાશ્રયનો ભાવ માટે શુભ છે. સ્વ ત્રિકાળને આશ્રયે પરિણામ થાય તે શુદ્ધ હોય. આહા..હા..! એમ કહેતા અમારે દસવૈકાલિકનું આઠમું અધ્યયન છે એની સોળમી ગાથા .... આ ગાથા છે. ... નિર્દોષપણે આહાર દેનારા દાતા પણ દુર્લભ છે અને નિર્દોષ આહારે જીવનારા પણ દુર્લભ છે. ... ... બેય જણા મોક્ષ જાશે. દસવૈકાલિકનું પાંચમું અધ્યયન છે. એના બે ભાગ છે એમાં એક સો ગાથાનું છે. એની સોમી ગાથા આ છે. અમારે હીરાજી મહારાજ કહેતા વારંવાર એ. સદોષ આહાર લે નહિને એટલે. ભાઈ કોઈપણ સાધુ માટે સદોષ બનાવશે તો એ ખપે નહિ અને ગર્ભમાં જાવું પડશે, એમ કહેતા. નિર્દોષ આહાર દેનારા, નિર્દોષ લેનારા પરિત સંસાર કરશે. અહીં કહે, નિર્દોષ દેનારા અને નિર્દોષ લેનારાને શુભભાવ થાય.

**શ્રોતા** :- મતભેદ હોય?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- મતભેદ તો આખો દૃષ્ટિનો છે. સાધારણ મતભેદ હોય એ જુદી વાત છે, પણ આ તો મૂળ દૃષ્ટિનો વિષય આખો. એમાં આખો મતભેદ છે. આહા..હા..! એ વિશેષ કહેશે લ્યો...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## કારતક વદ-૧૧, શનિવાર, તા. ૨૯-૧૧-૧૯૭૫
## ગાથા-૧૩૦, કળશ-૨૧૫-૨૧૬, પ્રવચન નં. ૧૦૯

આ નિયમસાર, ૧૩૦ ગાથા. શુભ અને અશુભભાવ એનું ફળ શુભ અને અશુભકર્મ. એ છોડવા જેવું છે એમ કહે છે. એક બોલ આવી ગયો છે. ફરીને લઈને. '**બાહ્ય-અભ્યંતર પરિત્યાગરૂપ લક્ષણથી લક્ષિત...**' બાહ્યત્યાગ છે અને અંતરમાં રાગનો ત્યાગ છે. એવા '**પરમજિનયોગીશ્વરોનું...**' સાચા ભાવલિંગી સંતનું '**ચરણકમળ-પ્રક્ષાલન,...**' એના

ચરણકમળનું પ્રક્ષાલન કરવું '**ચરણકમળસંવાહન...**' એને પગચંપી વગેરે '**વૈયાવૃત્ય કરવાથી ઉપજતી શુભપરણતિ...**' શુભભાવ છે એ તો. આહા..હા..! એ '**(વિશિષ્ટ શુભપરિણતિથી) ઉપાર્જિત પુણ્યકર્મ...**' લ્યો! એવી શુભપરિણતિથી તો પુણ્યકર્મ બંધાય કહે છે. કહો, સાધુની સેવા વયાવૃત્ય, ભક્તિ, વંદન, આહાર-પાણી દેવું એ સાચા સાધુની વાત છે હોં. આહા..હા..! એની વૈયાવૃત્ય કરવાથી પુણ્ય પરિણામ થાય, એનાથી પુણ્યબંધન થાય. આહા..હા..! આવી વાત છે.

'**તથા હિંસા, અસત્ય, ચૌર્ય, અબ્રહ્મ ને પરિગ્રહના પરિણામથી ઊપજતા અશુભકર્મને, તે બન્ને કર્મ...**' છોડવા જેવા છે. કેમકે બન્ને શુભ-અશુભભાવ પુણ્ય-પાપના બંધનના કારણ છે અને '**સંસારરૂપી સ્ત્રીના વિલાસ-વિભ્રમનું જન્મભૂમિસ્થાન હોવાથી,...**' સંસારને ઉત્પન્ન કરવાનું એ જન્મભૂમિસ્થાન છે શુભ-અશુભભાવ. સંસારરૂપી વિકારપરિણતિ એના હાવ-ભાવ એને વિલાસભ્રમ. '**વિલાસયુક્ત હાવભાવ;...**' દુઃખના ઉત્પત્તિસ્થાન એ બે છે. આહા..હા..! એ પાછી અહીં અનુકંપા બીજા દેહની એવી વાત ન લીધી. આવું જે પુણ્ય છે. સમજાય છે કાંઈ? સમ્યગ્દૃષ્ટિ સંત છે એ ઉપરાંત યોગીશ્વર છે. સ્વરૂપમાં ઘણું જ જોડાણ કર્યું છે અને આનંદના સમુદ્રમાં ડૂબી ગયા છે એ. એવી આનંદની દશાવાન યોગીશ્વર કીધાને? આહા..હા..! વીતરાગ પરિણતિમાં જોડાયેલા યોગીશ્વર. આહા..હા..! એની પગચંપી, વૈયાવૃત્ય કરવી એ પણ એક પુણ્ય, શુભભાવ છે, ધર્મ નહિ.

**શ્રોતા** :- નંબરનો શુભભાવ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ આવા પ્રકારનો શુભ. એ પણ છોડવા જેવું એમ કહેવું છે પાછું. આવું પણ પુણ્ય. આહા..હા..! હવે આ બધા અત્યારે તકરાર લે છે ઓલા કે ભાઈ! શુભભાવ, વ્યવહાર છોડવા જેવો છે, સર્વથા છોડવા જેવો, સર્વથા છોડવા જેવો છે. આહા..હા..! શુભ-અશુભભાવ એ અસદ્ભૂતવ્યવહાર છે. અને શુદ્ધભાવ એ સદ્ભૂતવ્યવહાર છે. ત્રિકાળ વસ્તુનો આશ્રય કરવો એ નિશ્ચય છે, પણ આશ્રયની પરિણતિ છે એ સદ્ભૂતવ્યવહાર છે. પણ એ પરિણતિને દ્રવ્ય તરફ ઢાળી છે એથી એ પુણ્ય-પાપના ભાવ ઉત્પન્ન થતા નથી, એને છોડે છે એમ કહેવામાં આવ્યું છે. આહા..હા..! આવી વાત! સમજાણું કાંઈ? આવા પુણ્ય-પાપ એમ. આવા પુણ્ય-ભાવ કે મુનિની સેવા, વૈયાવૃત્ય, ભક્તિ એ પણ પુણ્યભાવ છે, શુભભાવ છે, એનાથી પુણ્ય બંધાય અને એનાથી સંસારના સંયોગો મળે અને વિકારના હાવભાવ ચેષ્ટામાં એ દુઃખમાં વેદાય જાય. આહા..હા..! આવી વસ્તુ છે.

**શ્રોતા** :- શુભભાવથી સંસાર ઓછો ન થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સંસાર પોતે શુભભાવ છે એ સંસાર છે. સમજાય છે કાંઈ? એ શ્વેતાંબરમાં આવે. જ્ઞાતાસૂત્રનો અધિકાર છે. હાથીના ભવે દયા પાળી. મેઘકુમાર હતાને એવી કથા. શ્રેણિકરાજાના મેઘકુમાર રાજકુમાર હતા. એણે પૂર્વે હાથીના ભવમાં દયા પાળી હતી

સંસાર ઘટાડ્યો અને મેઘકુમારપણે અવતર્યા છે. આવે છેને? જ્ઞાતાનું પહેલું અધ્યયન. બિલકુલ જૂઠી કલ્પનાના શાસ્ત્ર છે. વીતરાગના શાસ્ત્ર નહિ. પરિતસંસાર કર્યો પાઠ છે. ત્યાં ઓલી દયા પાળીને હાથી હતો. એ આખું વન સળગ્યું. એમાં એ હાથી છે તે એક યોજનમાં સાફ કરી અને રહેતો હતો. .. વાનસડીયું એટલે એકદમ બધા સસલા અને પંખી બધા જાનવરો આવ્યા અંદરથી. પછી એક સસલું આવ્યું. એમાં પગ પોતે ઉપાડ્યો ખંજવાળ કરવા જરી. ત્યાં એના ખાડામાં સસલું ગરી ગયો. એટલે પગ તોળી રાખ્યો આમ. જ્ઞાતાસૂત્રમાં છે આ. એમાં ... પરિતસંસાર કર્યો, પાઠ છે. સાંભળ્યું છે કે નહિ? ગુલાબચંદભાઈ! સ્થાનકવાસીમાં તો બહુ વંચાય આ. એક ઈ અને એક વિપાકસૂત્રમાં દસ અધ્યાય છે. ૩૨માં એક વિપાકસૂત્ર છે. એમાં દસ અધ્યાય છે સુવિપાકના. અમાં મિથ્યાદષ્ટિ ગૃહસ્થ બેઠો હોય છે. એમાં મુનિ આવે છે અને મુનિને આહાર-પાણી આપીને પરિતસંસાર કરે છે. તદ્દન વિપરીત છે. સમજાણું કાંઈ? જુઓ, આ તે શું કીધું? એ તે પાછો ઓલો મિથ્યાદષ્ટિ દેનારો. સાધુ તો એને કલ્પ્યું એ સાચું. ત્યાં ક્યાં .. કલ્પિત કર્યું છેને. ત્યાં ક્યાં સાધુ એ વખતે હતું કાંઈ?

અહીં તો કહે છે કે સાચા સાધુ-સંત જેને દર્શન-જ્ઞાન-ચારિત્રના મોક્ષમાર્ગની પરિણતિ પ્રગટ થઈ છે, એવા સાધુની વૈયાવૃત્ય કરતા પણ શુભભાવ થાય છે કે જે શુભભાવ સંસારરૂપી પરિણતિના હાવ-ભાવ-ચેષ્ટાના જન્મભૂમિસ્થાન છે. સંસારની ઉત્પત્તિનું એ સ્થાન છે. આહા..હા..! આ વર્તમાન પંડિતોને આ નથી કેટલાકને ગોઠતુંને આ. એથી એટલો બધો શુભભાવ હેય? આહા..હા..! કર્મનો કર્તા અને કર્મનો ભોક્તા એ આવે છેને, ભાઈ! કળશમાં. એમ કે કહ્યું છેને? ત્યારે એમ લખ્યું કળશકારે તો કે જૂઠીનયે કહ્યું. ભાઈ! ત્યાં જૂઠી... જૂઠી... જૂઠી... અસતદ્દ્ભૂત કહો કે જૂઠું કહો. જૂઠીનયે કહ્યું છે એમ લખ્યું છે. ત્રણ-ચાર ઠેકાણે જૂઠી... જૂઠી... કળશકારે. વાત સાચી છે. પરનો કર્તા...

**શ્રોતા :-** .. જલ્દી પકડાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આમાં આહાર-પાણી દે, પરિતસંસાર કરે. એવું વચન તો વીતરાગી શાસ્ત્રમાં હોય નહિ. પણ વીતરાગ શાસ્ત્રમાં એવું વ્યવહારથી કથન આવે કે આત્મા કર્મનો કર્તા છે અને કર્મનો ભોક્તા એ અસદ્દ્ભૂતવ્યવહારનયે કથન આવે. બાકી પોતાના...

**શ્રોતા :-** સાધુને આહાર આપે અને મોક્ષમાર્ગ સાધુને આપ્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ આપ્યો એમ કહે એ બધા વ્યવહારના કથન છે. છેને. સાધુને આપ્યો એ મોક્ષમાર્ગ આપ્યો. અહીં કહે છે કે એની વૈયાવૃત્ય .. છે એ પુણ્યભાવ થયો. એ તો નિમિત્તના, પરંપરાના કથન કરીને એમ કહ્યું છે. આહા..હા..! પદ્મનંદિપંચવિંશતી એ આ છે અધિકાર. અહીં કહે છે કે એને આપતા સંસાર-સ્ત્રીની પરિણતિ ઉભી થાય કે જે દુઃખની દશા છે. આહા..હા..!

**'તે બન્ને કર્મ સંસારરૂપી સ્ત્રીના વિલાસ-વિભ્રમનું જન્મભૂમિસ્થાન હોવાથી,...'**

આહા..હા..! '**વિલાસયુક્ત હાવભાવ; ક્રીડા.**' એના ભ્રમ-વિભ્રમ. એના ઉત્પત્તિનું સ્થાન હોવાથી '**સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો શિખામણિ...**' આહા..હા..! જેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડી છે અને આ બાજુ પુણ્ય-પાપના વિકલ્પથી હઠી ગયો છે. આહા..હા..! એવો જે '**સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો શિખામણિ (-જે પરમ સહજ વૈરાગ્યવંત મુનિ) તજે છે,...**' એ શુભભાવને છોડે છે. આહા..! કર્મને છોડે છે એમ કીધું. પણ એનો એનો અર્થ ઈ શુભભાવને છોડે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ પુણ્ય-પાપમાં એમ લીધું છેને. પુણ્ય-પાપના અધિકારમાં કર્મ છોડે છે કર્મ. એટલે ઓલા રતનજી કહે છે, એમાં કર્મ છોડવામાં આવ્યું છે, પુણ્ય-પાપ છોડવાનું ક્યાં આવ્યું? પણ ટીકામાં બધા ચારેય બોલ લીધા છે. શુભભાવ, સમજાય છે? એનાથી બંધાતું કર્મ, એનાથી મળતો સંયોગ બધું છોડવા જેવું છે. આહા..હા..! શું કીધું?

**શ્રોતા :-** શુભ અને અશુભથી નિર્જરા ન થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ન થાય. શુદ્ધથી નિર્જરા થાય.

**શ્રોતા :-** એ તો શુદ્ધની સાથે શુભ હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જુદું. એ તો આરોપ કરીને બેયને નિર્જરા કીધી છે. એ તો છેને. જયધવલમાં. છેને બધી ખબર છે. બધી ચર્ચા થઈ ગઈને. આ તો બધું ઘણા વર્ષોથી ચાલે છે. આ કાંઈ નવું નથી. એ રતનચંદજીને કહ્યું છે જુઓ, નિર્જરાના બે પ્રકાર લીધા શુદ્ધોપયોગ અને શુભોપયોગ. એ તો આરોપથી કથન કર્યું વ્યવહારનું. પ્રમાણનું જ્ઞાન કરાવવા શુદ્ધોપયોગની સાથે શુભ છે એમાં કહ્યું. જેમ મોક્ષમાર્ગ બે પ્રકારે કહ્યો એમ આ બે પ્રકારે નિર્જરા કહી. પણ બીજો મોક્ષમાર્ગ એ બંધનું જ કારણ છે, એ મોક્ષમાર્ગ નથી. એમ આ શુભભાવ છે એ બંધનું જ કારણ છે, નિર્જરાનું કારણ નથી. આહા..હા..! અરેરે!

'**તેને નિત્ય કેવળીમતસિદ્ધ...**' આવા સંતો. જેને જેની દૃષ્ટિમાં ભગવાન પૂર્ણાનંદનો નાથ તરવરે છે અને આ બાજુ પુણ્ય અને પાપના ભાવથી હઠી ગયો છે, એવી જ્ઞાન અને વૈરાગ્ય શક્તિ બે જેને વર્તે છે, એવો સંત પુણ્ય અને પાપના ભાવને છોડી દે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**તેને નિત્ય કેવળીમતસિદ્ધ (કેવળીઓના મતમાં નક્કી થયેલું) સામાયિકવ્રત છે.**' લ્યો! '**નિત્ય કેવળીમતસિદ્ધ...**' ત્રિકાળ કેવળીઓના અભિપ્રાયથી આ સિદ્ધ છે, કહે છે. આહા..હા..! શુભભાવ ચાહે તો દયાનો હોય, દાનનો હોય, ભક્તિનો હોય, પૂજાનો હોય કે મુનિઓની સેવાનો વૈયાવચ્ચનો હોય, પણ એ શુભભાવ સંસારનું કારણ છે. આહા..હા..! એકાંત સંસારનું કારણ. કથંચિત્ સંસાર અને કથંચિત્ (મોક્ષનું કારણ) એમ નહિ. આહા..હા..! એય..! એને સામાયિકવ્રત છે, લ્યો.

'**(હવે, આ ૧૩૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ ત્રણ શ્લોક કહે છે :)**' ૨૧૫.

(मंदाक्रांता)

त्यक्त्वा सर्वं सुकृतदुरितं संसृतेर्मूलभूतं
नित्यानंदं व्रजति सहजं शुद्धचैतन्यरूपम्।
तस्मिन् सद्दृग् विहरति सदा शुद्धजीवास्तिकाये
पश्चादुच्चैः त्रिभुवनजनैरर्चित सन् जिनः स्यात्।।२१५।।

'શ્લોકાર્થ :- **સમ્યગ્દૃષ્ટિ જીવ સંસારના મૂળભૂત સર્વ પુણ્યપાપને તજીને,...'** આહા..હા..! અહીં તો તજીને કહ્યું હતું એટલું. હવે એનો ખુલાસો કરે છે કે તજીને વિચરે છે ક્યાં? સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ જેને દ્રવ્યદૃષ્ટિ શુદ્ધ ચૈતન્યઘન એની અંતરદૃષ્ટિ થઈ છે ધ્રુવની. એ '**સમ્યગ્દૃષ્ટિ જીવ...**' સાચી દૃષ્ટિ જીવ પૂર્ણ આત્મા પરમસત્યસ્વરૂપ એ સત્ય છે. એની દૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ, સત્યદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**સંસારના મૂળભૂત સર્વ પુણ્યપાપને...**' જુઓ, ભાષા. એ શુભ અને અશુભભાવ સંસારનું મૂળિયું રખડવાનું છે. આહા..હા..! કથંચિત્ નિર્જરા અને કથંચિત્ સંસારનું મૂળ એમ બે છે? આહા..હા..!

**શ્રોતા :-** એ તો મિશ્રભાવ હોય એમાં થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મિશ્ર તો રાગ છે, રાગમાં બંધનું કારણ છે. એ પણ અહીં તો તજીને એ પર્યાય આમ ઢળે છે ઈ વાત કરે છે હવે. '**સંસારના મૂળભૂત સર્વ પુણ્યપાપને તજીને,...**' પ્રાપ્ત કોને કરે છે ત્યારે? આને છોડે, ત્યારે પ્રાપ્ત કોને કરે છે? '**નિત્યાનંદમય,...**' નિત્ય આનંદમય. આનંદવાળો એ નહિ. '**નિત્યાનંદમય, સહજ, શુદ્ધચૈતન્યરૂપ જીવાસ્તિકાય...**' ભાષા દેખો, જીવ ન લીધો. જીવાસ્તિકાય અસંખ્ય પ્રદેશ લેવા છેને પાછા. કે અન્યમતમાં એ હોતો નથી. આહા..હા..! '**નિત્યાનંદમય, સહજ, શુદ્ધચૈતન્યરૂપ જીવાસ્તિકાયને પ્રાપ્ત કરે છે;...**' શુભાશભભાવને છોડે છે, ત્યારે પ્રાપ્ત કોને કરે છે પર્યાયમાં? આહા..હા..! '**શુદ્ધચૈતન્યરૂપ જીવાસ્તિકાયને પ્રાપ્ત કરે છે;...**' ભાષા જ એવી અધ્યાત્મની. નિત્યાનંદ ભગવાન આત્મા અનાકુળ આનંદમય પ્રભુ આત્મા તો છે અંદર. આહા..હા..! અતીન્દ્રિય આનંદમય એવો ભગવાન સ્વભાવિક શુદ્ધચૈતન્યરૂપ બે લીધા આનંદ અને જ્ઞાન. જ્યાં હોય ત્યાં બે વધારે લ્યો. શુદ્ધચૈતન્યરપ એવો જીવાસ્તિકાય. નિત્ય આનંદમય સ્વભાવિક શુદ્ધચૈતન્યરૂપ ધ્રુવ. એવો જીવાસ્તિકાય એને પર્યાયમાં પ્રાપ્ત કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જે પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રા એ બધો પુણ્યભાવ છે, ધર્મ નહિ. આહા..હા..! એને ધર્મી છોડી દે છે દૃષ્ટિમાંથી. આહા..હા..! અને આત્મા આનંદમય પ્રભુ નિત્યાનંદનો નાથ ભગવાન આત્મા શુદ્ધ જીવાસ્તિકાયને એ પ્રાપ્ત કરે છે. આને છોડે છે અને આને પ્રાપ્ત કરે છે પર્યાયમાં. આહા..હા..! એને સામાયિક અને એને ધર્મ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? છે? આહા..હા..! પાછી ભાષા કેવી કરી જુઓને, જીવાસ્તિકાય લીધી જોયું? '**શુદ્ધ જીવાસ્તિકાય...**' આહા..હા..!

**શ્રોતા :-** જીવાસ્તિકાય વાપરવાનું પ્રયોજન?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કીધુંને, અસંખ્ય પ્રદેશ ક્ષેત્ર સિદ્ધ કરવું છે. જીવ અસ્તિ એકલો નહિ. અસ્તિકાય છે. પરમાણુ આદિ અસ્તિ છે. તો એ ઘણા પરમાણુ ભેગા થાય ત્યારે કાય થાય છે. આ તો એકલો જ પોતે અસ્તિકાય છે. છે અને અસંખ્ય પ્રદેશી છે. આહા..હા..! સર્વજ્ઞ પરમાત્માએ કહેલો જીવ એ બતાવવા શુદ્ધ જીવાસ્તિકાય કહ્યો છે. સમજાણું કાંઈ? ભાવમાં નિત્યાનંદમય સ્વભાવિક શુદ્ધચૈતન્યરૂપ ભાવ અને જીવાસ્તિકાય એમાં અસંખ્ય પ્રદેશી અસ્તિકાયને પ્રાપ્ત કરે છે, એમ કહે છે. આહા..હા..! શ્રીમદ્‌માં આવે છેને 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ, બીજું કહીએ કેટલું કર વિચાર તો પામ.' એમાં એ આવે છે. શુદ્ધ-નિર્મળાનંદ, બુદ્ધ-જ્ઞાનનો પિંડ. 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન' અસંખ્ય પ્રદેશી. એ અસંખ્ય પ્રદેશી છે. સ્વયં જ્યોતિ છે. સ્વયં છે. અને સુખનું-આનંદનું ધામ છે. 'કર વિચાર તો પામ.' એના તરફ ઢળીને, જ્ઞાન કર તો, દર્શન કર તો પામ. કોઈ ક્રિયાકાંડથી પમાય એમ કાંઈ કહ્યું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**તે શુદ્ધ જીવાસ્તિકાયમાં તે સદા વિહરે છે...**' આહા..હા..! ભગવાન શુદ્ધ જીવાસ્તિકાય નિત્યાનંદ પ્રભુ એમાં ધર્મી સમ્યગ્દૃષ્ટિ જીવ પુણ્ય-પાપને છોડીને આમાં વીચરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ પંડિતોને વાંધા, વ્યવહારથી થાય, નિમિત્તથી થાય એ વાંધા બધા છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** એ શાસ્ત્રમાં આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો સાધકપણું પોતે પ્રગટ કર્યું છે નિશ્ચયથી એને ત્યાં રાગની મંદતાની કેટલી હદ છે એનું જ્ઞાન કરાવવા વાત કરી છે. એવી વાત છે, ભાઈ! શું થાય? પૂર્વનો રાગ હતો એનો અભાવ કરીને નિશ્ચય પામ્યો એ અપેક્ષાએ પૂર્વના નૈયગમની અપેક્ષાએ કથન છે એ. આહા..હા..! તકરાર કરે ભાઈ! વાદવિવાદે પાર નહિ પડે. તત્ત્વની વસ્તુ જ એવી છે ત્યાં. '**તે શુદ્ધ જીવાસ્તિકાયમાં...**' પ્રાપ્ત કરે છે કીધુંને? '**તે શુદ્ધ જીવાસ્તિકાયમાં તે સદા વિહરે છે...**' ધ્રુવમાં વિહરે છે. આહા..હા..! આનંદનો નાથ ભગવાન તેમાં વિચરે છે, પરિણતિ કરે છે. આહા..હા..! આહા..હા..! આ પરિણતિ છોડે છે અને આ પરિણતિ સ્વભાવ સન્મુખ કરે છે. આવી વાત છે. આહા..હા..! એને સામાયિક હોય છે, એમ કહે છે. જાદવજીભાઈ! આ સામાયિક એને હોય એમ કહે છે.

**શ્રોતા :-** આ તો મુનિની સામાયિક. શ્રાવક છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શ્રાવક એ સમકિતની સામાયિક વિના એ શ્રાવક ક્યાંથી આવ્યો? 'ધ્રુવ અખંડાનંદ પ્રભુ હું છું' એવી અંતર દૃષ્ટિ અનુભવમાં આવ્યા વિના ચોથું ગુણસ્થાન નથી તો શ્રાવક ક્યાંથી આવ્યો? આહા..હા..! ઝીણી વાત, ભાઈ! આહા..હા..! આ તો ધીરાના કામ છે, ભાઈ! આહા..હા..! પહેલી વ્યાખ્યા કરી. કેવો જીવાસ્તિકાય છે? કે

**'નિત્યાનંદમય, સહજ શુદ્ધચૈતન્યરૂપ જીવાસ્તિકાયને પ્રાપ્ત કરે છે;...'** એટલે કે **'તે શુદ્ધ જીવાસ્તિકાયમાં તે સદા વિહરે છે...'** એમ. આનંદનું ધામ ભગવાન ધ્રુવ અને ચૈતન્યરૂપ જીવાસ્તિકાય વસ્તુ એમાં વિચરે છે. નિર્મળ પર્યાયથી એમાં રહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અશુદ્ધતાને ટાળે છે અને શુદ્ધ પરિણતિથી ધ્રુવ-ધ્રુવમાં વિચરે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અને પછી ત્રિભુવનજનોથી** (ત્રણલોકના જીવોથી) **અત્યંત પૂજાતો એવો જિન થાય છે.'** આહા..હા..! તીર્થંકરની વાત લીધી. સમજાણું કાંઈ? **'ત્રિભુવનજનોથી** (ત્રણ લોકના જીવોથી) **અત્યંત પૂજાતો એવો જિન થાય છે.'** કેવળજ્ઞાન થાય છે, પણ પ્રકૃતિ પુણ્યાદિ બંધાઈ ગઈ હોય છે જોડે તો તીર્થંકર થાય છે. આહા..હા..! **'અત્યંત પૂજાતો એવો જિન થાય છે.'** પેલું આવ્યું હતુંને ઓલામાં. પેલી ગાથામાં આવ્યું હતું, પાપ ક્રિયાથી નિવૃત્ત એવો જિન. ૧૨૭ એ. **'બાહ્યપ્રપંચથી પરાઙ્‌મુખ અને સમસ્ત ઇન્દ્રિયવ્યાપારને જીતેલા એવા જે ભાવી જિનને...'** ઈ. **'પાપક્રિયાની નિવૃત્તિરૂપ બાહ્યસંયમમાં,...'** એને પાપનો અભાવ થાય અને પુણ્યનો ભાવ રહે એના સમીપમાં નિશ્ચય સ્વભાવનો અનુભવ હોય એને આ નિશ્ચય અને વ્યવહાર કહેવામાં આવે છે. આહા..હા..! બહુ ફેરફાર! આ ગજરથ થાય છે સતનામાં આવે છે. મોટું આવ્યું. બધા ભેગા થવાના છે. જગમોહનલાલ ...ભાઈ જવાના છે હુકમચંદજી. ઓલા કેવા? જગમોહનલાલ... આવ્યા હતાને. એ જવાના છે માણેકચંદને. માણેકચંદને? એ જવાના છે બધા. એ લોકોના પંડિત છે અને અહીંના ભેગા થવાના છે બધા. મોટો ગજરથ છે. સતના-સતના છેને? સતના ગામ નથી? ત્યાં છે. આહા..હા..! એ બધી બહારની ક્રિયા તો આત્મા કરતો નથી. હાથીને હલાવવા અને પૈસા દેવા, ભગવાનની પ્રતિમા મૂકવી અંદર. શું કહેવાય? ચામર ઢાળવા. એ ક્રિયા તો આત્મા કરી શકતો નથી, એ તો થવાને કાળે એને કારણે થાય છે. આહા..હા..!

**શ્રોતા :-** કરવી કે ન કરવી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કરી શકતો નથી પછી કરવી એ પ્રશ્ન ક્યાં? એ વખતે શુભભાવ હોય એ કરી શકે છે. અજ્ઞાનભાવે કર્તા થાય, જ્ઞાનભાવે જાણગ રહે. આહા..! આવી વસ્તુ. કહો, શેઠ!

**શ્રોતા :-** ધર્મનાં કેટલા અંશ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધર્મ અંશેપણ નહિ. એ શુભભાવને વ્યવહારધર્મ ત્યારે કહેવાય કે એનાથી ભિન્ન ચૈતન્યનો અનુભવ અને દૃષ્ટિ અને સ્થિરતા હોય તો એ શુભભાવને વ્યવહારધર્મનો આરોપ અપાય.

**શ્રોતા :-** લોકો વિકાર કરે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વિકાર કરે છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ અધર્મ અને વિકાર

છે. આહા..હા..!

**શ્રોતા :-** ... બંધાય એ પણ વિકાર?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ વિકાર છે સંસાર કીધોને. છઠ્ઠા ગુણસ્થાનવાળાને પંચમહાવ્રતના પરિણામ જગપંથ છે, એમ કહ્યું છે. સંસારનો પંથ છે ઈ. આહા..હા..! સમયસારમાં આવે છે. કીધું છેને એ? 'તા કારણ જગપંથ ઈત.' શુભભાવ એ જગનો પંથ છે સંસારનો. મુનિને હોં છઠ્ઠે ગુણસ્થાને. આહા..હા..! 'ઉત સિવ મારગ જોર.' ભગવાન આનંદના સ્વરૂપમાં રમે તે શિવમાર્ગ છે. 'પરમાદિ જગકૌં ધુકૈ' એ શુભભાવવાળો પ્રમાદિ પરતરફ જુકે છે. 'અપરમાદિ સિવ ઓર' અપ્રમાદિ શિવસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદનમાં જુકે છે. આહા..હા..! છઠ્ઠા ગુણસ્થાનની વાત છે. 'જે પરમાદી આલસી, જિન્હકૈં વિકલપ ભૂરિ.' ઘણા. 'હોઈ સિથલ અનુભૌવિષૈ, તિન્હકૌં સિવપથ દૂરિ.' આહા..હા..! આ ભાષા કેવી કરે જોયું! 'ઘટમૈં હૈ પ્રમાદ જબ તાંઈ, પરાધીન પ્રાની તબ તાંઈ. જબ પ્રમાદકી પ્રભુતા નાસૈ, તબ પ્રધાન અનુભૌ પરગાસૈ.' છઠ્ઠા-સાતમાની વ્યાખ્યા કરતા. આહા..હા..! 'જે પરમાદી આલસી, તે અભિમાની જીવ. જે અવિકલપી અનુભવિ, તે સમરસી સદીવ.' આહા..હા..!

કહે છે, '**સમ્યગ્દષ્ટિ જીવ...**' આહા..હા..! '**સંસારના મૂળભૂત સર્વ પુણ્યપાપને...**' અરે! ભાઈ! અહીં તો મોક્ષના માર્ગની વાત છે, ભાઈ! છતાં એમ કહ્યું જોડે પુણ્ય હોય છે તો જગતના પૂજ્ય થવાને એવી લાયકાત પ્રકૃતિ હોય તીર્થંકર આદિ થાય છે, પણ એ તો શુભભાવ એટલો હતો એને લઈને એ થાય છે. શુદ્ધભાવ મોક્ષના માર્ગથી એ કાંઈ તીર્થંકર પ્રકૃતિ બંધાતી નથી. આહા..હા..! '**શુદ્ધ જીવાસ્તિકાયમાં તે સદા વિહરે છે...**' ઓલામાં આવ્યું નહિ ૪૧૨? '**तत्थेव विहर**' શૈલી બધી એવી જ કરી. છેને ૪૧૨ સમયસારમાં? '**तत्थेव विहर णिच्चं**' તેનું જ ધ્યાન કર. આહા..! ભગવાન શુદ્ધ ચૈતન્યઘન પ્રભુ દ્રવ્યસ્વભાવ, ધ્રુવસ્વભાવ. એમાં સદા ધ્રુવમાં વીચરે છે. આહા..હા..! છે એ પર્યાય ધ્રુવમાં, પણ એ ધ્રુવમાં રમણતા છે એની. આહા..હા..!

'**અને પછી ત્રિભુવનજનોથી** (ત્રણલોકના જીવોથી) **અત્યંત પૂજાતો એવો જિન થાય છે.**' આહા..હા..! એવી પૂજ્યતા પ્રગટ થાય છે એમ કહેવું છે. લોકો પૂજે એ જુદી વસ્તુ છે, પણ ત્રણલોકના જીવો જેને પૂજે એવી પૂજ્યતા શુદ્ધ જીવાસ્તિકાય આનંદઘનમાં રમનારને પૂજ્યતા આવી પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? ગામડાવાળા માણસ હોય અને બિચારા જોવા આવે અને સાંભળે આ. તો કહે શું કહે છે આ? જાત્રાએ નીકળે હજારો ખર્ચીને પાંચ-દસ હજાર. કાલે આવ્યા હતા નહિ એક જણાએ કીધું. બિચારા કચ્છી હતા બધા બેઠા હતા. એક જણાએ એના લાવવાનો બધાનો ખર્ચ આપ્યો છે ત્યાંથી મુંબઈથી લાવીને. મેં કીધું ભાઈ આ જાત્રા-બાત્રાનો ભાવ એ શુભ છે, પુણ્ય છે. બિચારા નરમ માણસ હતા. એ માણસ બીજો હતો બેઠો મારી પાસે. એ ત્યાં કોઈ છાત્રાલયનો ઓલો હતો. તમારે

પુણ્ય થાશે કહે. મહારાજ એમ કહે છે. ઓલો અગ્રેસર હતોને. ભાઈ! વાત તો આવી છે બાપા હોં! ચૈતન્યનો નાથ અંદર વિચરે એ જાત્રા શુદ્ધની છે. આવી વસ્તુ છે. આનું કાંઈ સાધન હશે કે નહિ આવા નિશ્ચયને પામવા માટે? એ રાગથી ભિન્ન પાડવું એ સાધન.

**શ્રોતા :-** ભેદજ્ઞાન એનું સાધન.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બસ, એ સાધન છે. કેમકે ભગવાન આત્મા અને રાગની વચમાં સાંધ છે. એક થયા નથી. આહા..હા..! આવે છેને સંધિ એ નિઃસંધિ નથી. કળશટીકામાં આવે છે. ભગવાન ચૈતન્યઘન અને કર્મ એની વચ્ચે સાંધ છે. સાંધ સમજ્યા? તડ છે, દરાર છે. આહા..હા..! ભગવાન ચિદ્‌ઘન આત્મા અને કર્મ બે એક નથી થયા કોઈ દિ'. આહા..હા..! નિઃસંધિ નથી એમ પાઠ છે. કળશમાં એમ છે. નિઃસંધિ થયા નથી. સંધિ છે. આહા..હા..! આ પર્વત મોટા ડુંગરા હોય છેને ડુંગરા આવા. ડુંગરા શું હોય આ ખાણ પત્થરની. રાજકોટમાં જોયેલું બહુ દિશાએ બહુ જઈએને છેટે ..ઓલકોર ત્યાં મોટા પથરમાં સુરંગનાખે. રગ હોય રગ ઝીણી. લાલ-ધોળી રગ ઝીણી હોય છે. નીચલા પત્થર અને એ પત્થરને આંતરો હોય છે. એમાં દારુ નાખે. રૂની ઓલી નાખે વાટ. રૂની વાટ-વાટ જાડી. પછી સળગાવીને ભાગે એકદમ. બે પથરા લાખો ઉપરના પથરા અને નીચેના પથરા જુદા પડી જાય. વચ્ચે એક સાંધ હોય છે. આ દૃષ્ટાંત છે. એમ ભગવાન આત્મા આનંદનો નાથ અને કર્મનો રાગાદિ બે વચ્ચે સાંધ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ રાગથી જ્યાં આમ ભિન્ન કરે છે ત્યાં સંધિમાં પ્રજ્ઞાછીણી પડે છે. આહા..હા..! પ્રજ્ઞાની પર્યાય રાગથી ભિન્ન પડે છે તે આ બાજુ ઢળી જાય છે. આહા..હા..!

**શ્રોતા :-** સાધન તો કહ્યું નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ પ્રજ્ઞાછીણી કીધીને. પછી સુરંગ ઓલામાં નાખે. રૂની વાટ નાખે. સળગાવે અને ભાગે એકદમ હોં. નહિતર ત્યાંથી એટલા પથરા ઉડે. આમ કુદરતે પત્થરની સ્થિતિ જ એવી જગતમાં હોય છે. બહારના પથરા એટલા પાકે, એટલા હોય છે, પણ છતાં વચ્ચે દોરી હોય છે એ સાંધ. સમજાણું કાંઈ? આ તો બધું જોયેલું છેને. ત્યાં જઈને જોયું હોય ત્યાં પાછું, એમ નહિ કાંઈ. ઓય મારે! વાત સાચી. કુદરતના પથરા ૨૫-૨૫ હાથના આમ હોય એની વચ્ચે બબ્બે-ત્રણ-ત્રણ હાથે એક સાંધ હોય છે. રામજીભાઈ! જોયું છે કે નહિ ગામડામાં? એમ ભગવાન આત્મા આનંદનો ઘન પ્રભુ નિત્યાનંદ ધ્રુવ અને રાગ અને કર્મ વચ્ચે સાંધ છે. એ રાગથી ભિન્ન પાડવાની જ્ઞાનની પર્યાયમાં છેદતા જતાં બે જુદાં પડી જાય છે. આહા..હા..! એ આવ્યું છે. સર્વવિશુદ્ધમાં આવી ગયુંને. સર્વવિશુદ્ધમાં આવી ગયું છે. બે જુદાં પડી જાય છે એમ અમે જાણીએ છીએ. આહા..હા..!

રાગથી ભિન્ન જ્ઞાનની પર્યાયને પાડતા, જ્ઞાનની પર્યાય ધ્રુવ ઉપર જતાં. આહા..હા..! બે જુદાં પડી જાય છે. આનું નામ ભેદજ્ઞાન અને એનું નામ સમ્યગ્દર્શન અને એમાં વિશેષ

સ્થિરતા કરવી એનું નામ સામાયિક. આહા..હા..! આવી સામાયિક સાંભળી નહિ હોય પદમશીભાઈ! સાંભળી હતી ત્યાં કચ્છમાં કે મુંબઈ? ક્યાં છે ત્યાં બધે? એ વળી તમારે છોકરો વળી જાગ્યો છે તો ઠીક. રુચિવાળો છે. મણિકાંત. આ તો ભાઈ બાળક હોય કે ગમે તે. પહેલી દૃષ્ટિને સુધારો તો ખરા. બીજું હોય ભલે સંસાર રાગાદિ. સમજાણું કાંઈ? આહા..હા..! ત્રિલોકનો નાથ પરમાત્મા ભગવાન પોતે જ છે. સવારમાં નહોતું આવ્યું કે જો આ નામ કહેવા. સાક્ષાત્ સર્વજ્ઞ ભગવાન આટલા નામે ઓળખાવવા. એટલા નામે દ્રવ્યને ઓળખાવો. આહા..હા..! કેમકે એક સમયની પર્યાય જ્યારે આવી આટલા અનુભવ ઓળખાણ તો એવી અનંતી પર્યાયનો પિંડ આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે! પોતાની એને કિંમત નથી. શું ચીજ છું અંદર! આહા..હા..!

આ દળના લાડુ નથી થતા? દળના લાડુ થાય છે આપણે અહીં. તમારે ત્યાં કાંઈક કહેતા હશે હિન્દુસ્તાનમાં. ઘઉંના દળના લાડુ થાય. એમ આનંદના દળના લાડુ છે આત્મા તો. ઘઉંના લાડવા કરે લાડવા દળના. ઘી કાંઈક ખૂબ નાખે લથપથતું નાખ્યું. એમ આત્મા. આહા..હા..! અતીન્દ્રિય આનંદના રસનો લાડવો છે એ તો ભગવાન. આહા..હા..! અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય વીતરાગતા, અતીન્દ્રિય સ્વચ્છતા. અનંતી અતીન્દ્રિય પ્રભુતા. આહા..હા..! એટલી શક્તિમાં ભાઈ નાખ્યું છે એણે ઓલા ૨૦માં પ્રભુતાને. એ બધું અહીંનું લીધું છે. હતું કે દિ' ત્યાં? ૪૫ સૂત્ર ૩૨માં હતું ક્યાં? પણ એણે વાંચેલા ખરા દિગંબરના શાસ્ત્રો. તેથી એને આગમસારમાં કહ્યુંને ૭૩ ગાથામાં, ભાઈ! આપણી સમયસારની ૭૩ ગાથાનું નથી આપ્યું? સમયસાર નામ નથી આપ્યું પણ ગાથા નાખી છે. 'શુદ્ધ સદા અરૂપી' શ્વેતાંબરના એ દેવચંદ. એણે વાંચેલું ખરું. વાંચેલું ખરું. પણ એ ક્યાં હતું, બાપુ! આહા..હા..! શું થાય? સંપ્રદાયના આગ્રહમાં પકડાઈ જાય છેને એને આ... આ સંપ્રદાય નથી દિગંબર. એ તો વસ્તુનું સ્વરૂપ છે. દેવીલાલજી! આહા..હા..! શું કરીએ, ભાઈ! અરેરે! આ વસ્તુ જ એવી છે જ્યાં. ચૈતન્ય અસંખ્ય પ્રદેશી અને અનંતગુણનું ધામ એવી એક ધ્રુવ ચીજ ધ્રુવ ધામ. આહા..હા..! એ ધ્રુવ તરફ ઢળતા પુણ્ય-પાપથી છૂટી જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ ૨૧૫ કળશ થયો. ૨૧૬.

(शिखरिणी)

स्वतःसिद्धं ज्ञानं दुरघसुकृतारण्यदहनं
महामोहध्वान्तप्रबलतरतेजोमयमिदम्।
विनिर्मुक्तेर्मुलं निरुपधिमहानंदसुखदं
यजाम्येतन्नित्यं भवपरिभवध्वंसनिपुणम्।।२१६।।

આહા..હા..! '**શ્લોકાર્થ :- આ સ્વતઃ સિદ્ધ જ્ઞાન...**' એટલે આત્મા. ત્રિકાળી જ્ઞાન એટલે અહીંયાં આત્મા લીધો. આત્મા ત્રિકાળી તે જ્ઞાનસ્વરૂપ જ છે એમ લીધું. એકલી જ્ઞાનની

મૂર્તિ ધ્રુવ ચૈતન્યઘન. આહા..હા..! જેનો ચૈતન્યરસ છે, ચૈતન્યસ્વરૂપ છે, ચૈતન્યભાવ છે, ચૈતન્યશક્તિ છે, સત્‌નું સત્ત્વ ચૈતન્ય એકલું છે. આહા..હા..! જાણવું-દેખવું એવા રસથી પૂર્ણ ભરેલો ભગવાન છે. આ આત્મા હોં ભગવાન એટલે. આહા..હા..! એ '**સ્વતઃસિદ્ધ જ્ઞાન...**' આ જ્ઞાનસ્વરૂપ. ઓલું પુણ્ય-પાપ કહેવું છેને ક્રિયા છોડવા માટે સામે જ્ઞાન લીધું. એ શૈલી છે ત્યાં પુણ્ય-પાપ અધિકારમાં એ શૈલી છે. આહા..હા..! ત્યાં એમ કીધું છેને જ્યારે પુણ્ય અને પાપ છોડશે તો એને આલંબન શું ધર્મીને? કે આલંબન ભગવાન ત્રણલોકનો નાથ આલંબન છે. કહ્યું છેને ત્યાં. આહા..હા..! અરે! એને હજી આ શરીર ને પૈસા ને બાયડી, છોકરા આડે હજી શું ચીજ છે એનું માહાત્મ્ય જ આવતું નથી એને. અને બહુ બહુ જાય તો અંદરના દયા, દાન અને વ્રત, ભક્તિના પરિણામ એના માહાત્મ્ય આગળ અંદર વસ્તુનું માહાત્મ્ય આવતું નથી. ઘેરાઈ ગયો ત્યાં. આહા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**આ સ્વતઃ સિદ્ધ જ્ઞાન...**' એટલે આત્મા ત્રિકાળી. '**પાપપુણ્યરૂપી વનને બાળનારો...**' આહા..હા..! પાપ અને પુણ્યને સળગાવનારો. છેને અટવી શબ્દ પડ્યો છેને એટલે વન લીધું અટવી. અટવી હતુંને ત્યાં? અરણ્ય. અરણ્ય છેને અરણ્ય. આહા..હા..! શુભ-અશુભભાવ અરણ્ય છે મોટું વન. એને ભગવાન આત્માનું જ્ઞાન એટલે આત્માનો સ્વભાવ, એ જ્ઞાન એટલે આત્મા એ એને બાળનારો અગ્નિ છે. આહા..હા..! એ ચૈતન્ય ભગવાન આત્માનો જેણે આશ્રય લીધો એને એ ચૈતન્ય ભગવાન પોતે પુણ્ય-પાપને બાળનારો અગ્નિ છે. જ્યારે પર્યાયમાં ભાન થયું ત્યારે. સમજાણું કાંઈ? અગ્નિ છે, પણ ભાન થયું ત્યારેને? એ તરફ ઢળ્યો છે અને જ્ઞાન અને સમકિતમાં એ વસ્તુની પ્રાપ્તિ થઈ છે. આહા..હા..!

'**આ સ્વતઃ સિદ્ધ જ્ઞાન પાપપુણ્યરૂપી વનને બાળનારો અગ્નિ છે,...**' આહા..હા..! સંસારને જલાવી દેનારો-બાળી નાખનારો અગ્નિ છે. સંસારને ઉત્પન્ન કરે એવો એનો કોઈ ગુણ અને સ્વભાવ જ નથી. આહા..હા..! પર્યાયદૃષ્ટિમાં પર્યાયથી જે પુણ્ય અને પાપ ઉત્પન્ન થતાં એ કોઈ દ્રવ્ય-ગુણમાં એવો સ્વભાવ નથી. આહા..હા..! એથી પર્યાય ઉપમા જે મિથ્યાત્વ અને રાગ-દ્વેષ ઉત્પન્ન થતું તે વસ્તુનો સ્વભાવ છે એવી જ્યાં અનુભવ દૃષ્ટિ થઈ, સંસારને બાળીને રાખ કરી નાખે છે. આહા..હા..! '**મહામોહાંધકારનાશક અતિપ્રબળ તેજમય છે,...**' એ ચૈતન્યના તેજથી ભરેલો ભગવાન છે. આહા..હા..! મહામોહાંધકાર-મહામોહ પરતરફની સાવધાનીવાળો મિથ્યાત્વભાવ. આહા..હા..! એનો નાશ કરનાર '**અતિપ્રબળ તેજમય છે,...**' અંધકારને પ્રકાશ નાશ કરેને? આહા..હા..! ઓલામાં એમ લે સ્વતઃસિદ્ધ જ આત્માનું સ્વરૂપ, પુણ્ય-પાપના વનને બાળનારો અગ્નિ છે અને આ અંધકાર જે રાગ, દ્વેષ અને મોહ છે એનો નાશ કરનાર અતિપ્રબળ તેજમય જ્યોતિ છે. આહા..હા..!

એ '**વિમુક્તિનું મૂળ છે...**' મુક્તિ એટલે મોક્ષદશા. એનું મૂળ એ ભગવાન આત્મા છે. આહા..હા..! પુણ્ય-પાપ એ સંસારનું મૂળ છે. ભગવાન મુક્તિનું મૂળ છે. નિત્યાનંદ પ્રભુ.

આહા..હા..! અરે! એણે સાંભળ્યો પણ નહિ પોતાની જાતને. હું કેવડો, ક્યાં છું અને કઈ રીતે ગુપ્ત છું? એણે પ્રગટ પર્યાયમાં કર્યો નહિ કોઈ દિ'. આહા..હા..! સમજાણું કાંઈ? એ **'વિમુક્તિનું મૂળ છે...'** પ્રભુ તો. આહા..હા..! એ સંસારનું મૂળ એ દ્રવ્યસ્વભાવ નહિ. આહા..હા..! એનો દ્રવ્ય અને ગુણ કોઈ સંસારનું મૂળિયું નથી. આહા..હા..! પર્યાયમાં પરતરફની સાવધાની થતાં સંસારનું મૂળ ઉભું થાય છે, એ અદ્ધરથી ઉભું થાય છે, આહા..હા..! અને મુક્તિનું મૂળ તો પોતે ત્રિકાળ છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? વિશેષે મુક્તિ એમ પૂર્ણ. આહા..હા..! વિશેષે મુક્તિ મોક્ષદશા એનું મૂળ છે.

**'અને નિરુપધિ...'** **'છેતરપિંડી વિનાના; સાચા; વાસ્તવિક.'** **'મહા આનંદસુખનું દાયક છે.'** આહા..હા..! ઉપધિ વિનાનું મહા આનંદસુખનું દાયક છે. ભગવાન આત્મા એટલે જ્ઞાન કહો કે આત્મા કહો. જ્ઞાન લીધું છેને ઈ? **'આ સ્વતઃસિદ્ધ જ્ઞાન પાપપુણ્યરૂપી વનને બાળનારો અગ્નિ છે,...'** અને સ્વતઃસિદ્ધ **'મહામોંહાધકારનાશક અતિપ્રબળ તેજમય છે,...'** એમ. અને એ સ્વતઃસિદ્ધ જ્ઞાનસ્વરૂપ ભગવાન **'વિમુક્તિનું મૂળ છે અને નિરુપધિ મહા આનંદસુખનું દાયક છે.'** આહા..હા..! એને શરણે જતા આનંદ આપે એવું એ દ્રવ્ય છે, કહે છે. આહા..હા..! ત્યાં છેતરપિંડી નહિ ચાલે એમ કહે છે. સમજાણું કાંઈ? ચૈતન્ય ભગવાન અંદર નિત્યાનંદ પ્રભુ નિરુપધિ, વાસ્તવિક મહા આનંદસુખનું દાયક છે એમ. વાસ્તવિક મહાસુખનું દેનાર છે. આહા..હા..! પર્યાયમાં અનંત આનંદ સુખનું દાતાર એ દ્રવ્ય છે, એ જ્ઞાન છે. જ્ઞાનસ્વરૂપી ભગવાન અનંત આનંદનો દાતાર છે. આહા..હા..! હવે યોગસારમાં એમ કહે કે પર્યાયનો દાતાર આત્મા નહિ. ત્યાં પર્યાયને સ્વતઃસિદ્ધ કરવી છે અને અહીં ક્યાંથી મહા આનંદ ઉપજે એને સિદ્ધ કરવું છે. અપેક્ષા જાણવી જોઈએને. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પર્યાયનો દાતા નથી. આહા..હા..! અહીં કહે છે કે **'મહા આનંદસુખનું દાયક છે.'** વિરોધ છે? ત્યાં પર્યાય સ્વતંત્ર સિદ્ધ કરવી છે તેથી એમ કહે છે. અને અહીં પર્યાય ક્યાંથી પ્રગટ થાય છે એમ. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન પૂર્ણ આનંદનું ધામ એ જ્ઞાન, એ વસ્તુ મહા આનંદની દાતાર છે. વસ્તુ મહા આનંદની દાતાર છે. આહા..હા..! એને ઘરે જાય અને આનંદ ન મળે એમ નહિ, કહે છે. 'દાતા છૂપે નહિ ઘેર માગણ આયા' કહે છેને? આવે છેને? 'ચંચળ નારી કો નેણ છૂપે નહિ, ભાગ્ય ન છૂપે ભભૂત લગાયા.' બાવો થાય તો કાંઈ એનું પુણ્ય વયું જાય? પુણ્યશાળી દેખે કે આ તો રાજા છે, શેઠિયો છે. સમજાણું કાંઈ? 'ચંચળ નારીકો નેણ છૂપે નહીં, ભાગ્ય છૂપે નહીં ભભૂત લગાયા, ચંદ્ર છૂપે નહીં વાદળ છાયા, દાતા છૂપે નહિ ઘેર માગણ આયા.' માગવા આવે અને દાતા છૂપે? શું ભાઈ જોવે છે તારે? મારે એક ટિકિટ જોવે છે. મારે જાવું છે બનારસ આમ. ઘરે છોકરા ભૂખ્યા છે. જરી પાંચ મણ અનાજ અપાવો. કહેને એ આવે છેને. રામજીભાઈની

પાસે બહુ જાતા પહેલા. જ્યારે રળતા ત્યારે આપતા. પછી બંધ કર્યું પછી ધંધો બંધ. એવું સાંભળ્યું હતું આપણે. આહા..હા..! દાતાર હોય એ ઘરે માગણ આવે એ છૂપે? ભાઈ! શું જોવે છે? આહા..હા..!

એક માણસ હતો લેનારો. તો શેઠિયા પાસે ગયો ત્યાં એ બીડી સળગાવતાને દિવાસળી. એ દિવાસળી પાછી બાકસમાં નાખી. ત્યારે ઓલો કહે, માળો આવો છે એ શી રીતે આપશે? દિવાસળી સળગાવીને ઓલી બહાર આમ ન નાખે. પાછી એમાં નાખી ઓલવીને. અડધી રહેને અડધી દિવાસળી. બાકસમાં. ઓલો લેવા આવ્યો એને એમ કે હવે આવો જે આટલી સળી રાખે છે. શું ભાઈ જોવે છે, ભાઈ? ભાઈ! એક એકવીસ હજાર રૂપિયાની માગણી છે મારી. મારે કામ છે આવું મોટું. ઘરે કન્યા પરણે છે. આબરૂ મોટી છે. મોટા ઘરનો વર આવે છે. હવે અમારી પાસે સાધન એટલું નથી. ૨૧ હજાર આપ્યા. નોકરને કહે ૨૧ હજાર આલે હુંડી ફાડી દે. ઓય મારા! અડધી દિવાસળી અહીં નાખે અને. આ બનેલું છે હોં. આહા..હા..! અહીં તો ઘણું સાંભળ્યું હોયને ઘણા વખતથી. એમ આત્મા દાતા છે એની અંદર આદર કરે તે દાતા છૂપે નહિ. એ આનંદનો દાતાર આનંદ આપ્યા વિના રહે નહિ એમ કહે છે. આહા..હા..! એનો જે આશ્રય લે, આહા..હા..! એનો જે સત્કાર કરે, એવું પૂર્ણાનંદની જેને પ્રતીત કરે એને આનંદ દીધા વિના રહે નહિ, કહે છે. સમજાણું કાંઈ? અતીન્દ્રિય આનંદ હોં તમારા વિષયના, ધૂળના, ઝેરના. એ તો ઝેરના માની લીધા છે જગતે અમે સુખી છીએ, વિષયમાં, ભોગમાં અને પૈસામાં. ધૂળેય નથી. ઝેરના સુખ છે ઝેરના એ તો. શું કીધું?

**શ્રોતા :–** મોટરમાં બેસવું એ કાંઈ ઝેર જેવું છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** મોટરમાં બેસે એ દુઃખીના દાળીયા છે બધા. મોટર ચડી બેસી હોય એના ઉપર. એને નભાવવી બધું. એના પ્રમાણમાં મોટપ હોય, એના પ્રમાણમાં છોકરાને પરણાવવા, સાધારણ ઘરની કન્યા ન લેવાય, સાધારણને ઘરે કન્યા ન દેવાય એ બધું માથે મોટર ચડી બેઠી હોય માથે. ધીરૂભાઈ! આહા..હા..! હોય છેને એવું? રાજા હતા. .. એવો હતો કે કન્યા આપે સાધારણ હોયને બકરાનો પાળનાર ભેંસને. એને બોલાવીને કન્યા આપે. પછી પાંચ-સાત દસ .. જમીન આપતે આવક ખાતર. સાધારણ માણસને આપે એટલે પછી એની કન્યા નભે અને ઓલો ઓશિયાળો રહે. વાણિયામાં એવા ન ચાલે ત્યાં. ગૃહસ્થ માણસ હોય તો એને એના પ્રમાણમાં પૈસા ખર્ચવા પડે. એમાં મારવાડમાં તો બહુ કન્યા ખર્ચે તો લાખ-લાખના ખર્ચ. કન્યાને અને ઓલા સામાવાળાને. હેરાન થઈને મરી જાય બિચારા.

અહીં કહે છે કે આહા..હા..! મહા આનંદ સુખનો દાતાર છે, ભગવાન! તું એની પાસે જા એટલે આનંદ થયા વિના રહેશે જ નહિ. સમજાણું કાંઈ? પુણ્ય અને પાપને છોડી મહા આનંદનો નાથ પ્રભુ એની સમીપ જા. દાતા છે એ આનંદનો, આહા..હા..! તને આનંદનો

અનુભવ થશે, તને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવશે. આહા..હા..! એ સ્વાદની આગળ ઈન્દ્રના ઈન્દ્રાસનો સડેલા તરણા, ગધેડાના સડેલા ચામડા હોય એવા લાગશે તને. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો ધનના ઢોકળા છે. આ તો ધાન ખાય તો ઠીક. બે દિ' ન ખાય તો એં.. એં.. થઈ જાય. ઓલાને ધાન પણ ન હોય. હજારો વર્ષે. પણ એવા ઈન્દ્રના ભોગ પણ સડી ગયેલા ગધેડાના, મરી ગયેલા ગધેડા હોય એવી દુર્ગંધ લાગે ભવની સમકિતીને. આહા..હા..! સમજાણું કાંઈ? માથે તેથી લીધું છેને? સમ્યગ્દૃષ્ટિ.. ૨૧૫માં.

**'ભવભવનો ધ્વંસ કરવામાં નિપુણ...'** આહા..હા..! **'એવા જ્ઞાનને હું નિત્ય પૂજું છું.'** આહા..હા..! ભવભવનો ધ્વંસ નાશ કરવામાં નિપુણ એવો ભગવાન આત્મા. એટલે આ જ્ઞાન સવરૂપચિદાનંદ. પુણ્ય-પાપના વિકલ્પ વિનાની ચીજ એવો **'ભવભવનો ધ્વંસ કરવામાં નિપુણ એવા જ્ઞાનને...'** આહા..હા..! **'હું નિત્ય પુજું છું.'** હું નિત્ય તેનો આદર કરું છું, એમ કહે છે. એમાં હું રમું છું. આહા..હા..! એના ઘરમાં હું જાવ છું. જુઓ, આ દિગંબર સંતોની કથની તો જુઓ. આહા..હા..! ભેદજ્ઞાન કરાવીને ફાડી નાખે અંદરથી! રાગ અને ભગવાન બે જુદાં. આહા..હા..! **'એવા જ્ઞાનને હું નિત્ય...'** મારી દૃષ્ટિ નિત્ય દ્રવ્યને આશ્રયે પડી છે. આહા..હા..! તેથી, આનંદથી હું એને પૂજું છું. એને અહીંયાં સામાયિક કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**કારતક વદ-૧૨, રવિવાર, તા. ૩૦-૧૧-૧૯૭૫**
**ગાથા-૧૩૧-૧૩૨, કળશ-૨૧૭-૨૧૮, પ્રવચન નં. ૧૧૦**

(शिखरिणी)

अयं जीवो जीवत्यघकुलवशात् संसृतिवधू-
धवत्वं संप्राप्य स्मरजनितसौख्याकुलमतिः।
क्वचित् भव्यत्वेन व्रजति तरसा निर्वृतिसुखं
तदेकं संत्यक्त्वा पुनरपि स सिद्धो न चलति।।२१७।।

... તેને ભૂલીને અશુદ્ધ એવા વિકારી પરિણામ એને વશ કર્યો સંસારની સ્ત્રીરૂપી પરિણતિ, સંસારરૂપી સ્ત્રી એટલે કે પરિણતિ, એને વશ પડ્યો એનો પતિ થાય છે, ધણી થાય છે. આહા..હા..! વિકારી પરિણામનો અજ્ઞાની અનાદિથી ધણી થાય છે. સમજાણું કાંઈ? અને સમ્યગ્દૃષ્ટિ ચૈતન્યસ્વરૂપ આનંદનો નાથ પ્રભુ એનો એ ધણી થાય છે. એનો એ સ્વામી થાય

છે. એ મારું સ્વરૂપ છે. આહા..હા..! અજ્ઞાનીને ખબર નથી કે આ ચીજ તે મારામાં શું છે? એથી '**શુભાશુભકર્મોના વશે...**' હોં. કર્મ એને વશ કરે છે એમ નહિ. શુભાશુભકર્મને તાબે થાય છે. કર્મ એને વશ કરે છે એમ નહિ. એ તો પરવસ્તુ છે. પોતે પોતાનું વશપણું છોડી અને પરને વશે-તાબે થાય છે. ઈશ્વરનયમાં આવી ગયું હતું. ઈશ્વરનય આવે છેને ૪૭ નયમાં. જેમ ધાવ માતાને મુસાફર છોકરો એને ધવરાવે પરાધિન થઈને, એમ આત્મા પરને આધિન થવાની યોગ્યતા એનામાં છે, પર્યાયમાં એવો ધર્મ છે. સમજાણું કાંઈ? સ્વભાવ એનો નથી, પણ એની પર્યાયમાં યોગ્યતા પોતાને કારણે કર્મના નિમિત્તમાં વશ થવું એવી એની પર્યાયની યોગ્યતા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કર્મ એને વશ કરે છે એમ નથી. આહા..હા..! એને વશ થયેલો. આહા..હા..! '**શુભાશુભ કર્મોના વશે સંસારરૂપી સ્ત્રી...**' વિકારી દશા. '**એનો પતિ બનીને) કામજનિત સુખ માટે આકુળ મતિવાળો...**' આમ શુભમાં સુખ છે, અશુભમાં સુખ છે, પરમાં સુખ છે એવી મતિવાળો '**કામજનિત...**' વિષય-વાસનામાં, ભોગમાં, કલ્પનામાં સુખ છે એમ માને છે. આહા..હા..! સમજાણું કાંઈ? થઈ ગયું? '**કામજનિત સુખ...**' ઈચ્છામાં જાણે સુખ છે. સંયોગી ચીજમાં ઈચ્છા કરું તો મને સુખ મળે. આ પૈસામાં, સ્ત્રીમાં, આબરૂમાં, કીર્તિમાં. આ મકાન મોટા પાંચ દસ-દસ લાખના કર્યા હોયને. એ કામ જનિત ઈચ્છામાં સુખ માને છે અજ્ઞાની. આહા..હા..! એ રખડે છે.

'**આકુળ મતિવાળો થઈને જીવે છે.**' અનાદિથી. આહા..હા..! દુઃખી થઈને દુઃખની દશામાં જીવે છે. આહા..હા..! ભગવાન આનંદનો નાથ પ્રભુ છે એની જેને ખબર નથી. એ વિકારને વશ થયેલો, વિકારમાં દુઃખી થયોથકો રખડે છે. સમજાણું કાંઈ? '**ક્યારેક ભવ્યત્વ વડે શીઘ્ર...**' પણ એની મુક્તિ પામવાને લાયક થયો જીવ. છેને? '**ભવ્યત્વ વડે...**' યોગ્યતા વડે '**શુદ્ય મુક્તિસુખને પામે છે,...**' એનું ભવ્યત્વપણું પાક્યું. પંચાધ્યાયમાં એમ લીધું છે. એટલે કે અંદરમાં યોગ્યતા એની પાકી. આહા..હા..! 'ભગવાન આનંદસ્વરૂપ છે, અનાકુળ આનંદ અને શાંતિનો સત્ત્વ, રસકંદસ્વરૂપ છે' એવી દૃષ્ટિ થઈ ત્યારે એનું ભવ્યત્વ પાક્યું. એ '**મુક્તિસુખને પામે છે,...**' આહા..હા..! ઓલો સંસાર પરિણતિના દુઃખને વેદે અને પામે છે. કર્મના નિમિત્તમાં વશ થયેલો દુઃખની દશાને પામીને કામજનિત સુખને સુખ માને છે. આહા..હા..! ત્યારે પાત્ર થયેલો મુક્તિને માટે. આહા..હા..!

'**ભવ્યત્વ વડે...**' અંતરની મોક્ષમાર્ગની પર્યાયને લાયક થયેલો. આહા..હા..! '**શીઘ્ર મુક્તિસુખને પામે છે,...**' બે અવળીસવળી વાત કરી. આહા..હા..! પર્યાયબુદ્ધિવાળો બીજી ભાષા આ. જેની વર્તમાન પર્યાય ઉપર બુદ્ધિ છે તેને આકુળતા જ અંદર વર્તે છે. આહા..હા..! એ આકુળતાને વેદતો એ જીવે છે. ધર્મી જીવ ભવ્યત્વ નામ યોગ્યતાને કારણે અંતર આનંદ મૂર્તિ પ્રભુ તેનો આશ્રય લેતો આનંદની દશાને પામતો એ મુક્તિસુખને પામે છે, સમજાણું

કાંઈ? આવું બહુ ટૂંકું પણ બહુ અને લાંબુ પણ બહુ એવું. સંસાર કેમ છે અને મોક્ષ કેમ થાય એની ટૂંકી બે અસ્તિ-નાસ્તિની વાત કરી આહા..હા..!

**શ્રોતા :-** આત્મામાં આશ્રયનો અર્થ શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ આશ્રયનો અર્થ એ થયોને બીજું શું? આહા..હા..! ઓલાને આમ વશ પડે છે, ઈ આત્માને આ વશ થાય છે, આનંદને વશ થાય છે. આહા..હા..! પરિણતિ આત્માને આશ્રયે પલટે છે એટલે આત્માને આશ્રયે થાય છે અને ઓલી કર્મને આશ્રયે થાય છે વિકાર. આહા..હા..! પણ એ વિકાર થવાની લાયકાત તો પોતાની છે એમ કહે છે. કર્મ વિકાર કરાવે છે એમ નથી. સમજાણું કાંઈ? એમ મોક્ષ થવાને લાયક પણ પોતાનો પુરુષાર્થ છે પોતે. કોઈ કર્મ ખસ્યું માટે મોક્ષમાર્ગને લાયક થાય છે એમ નથી. આહા..હા..!

**શ્રોતા :-** ક્યારેક લખ્યું ક્યારેક.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ક્યારેક એટલે ભવ્યતા પાકે ત્યારે. એની યોગ્યતા થાય ત્યારે, એમ કહે છે. ક્યારેક એટલે યોગ્યતા થાય ત્યારે. અનાદિથી રખડે છે ત્યારે ક્યારેક એટલે મોક્ષને પાત્ર થાય ત્યારે. આહા..હા..! સમજાણું કાંઈ? પોતાના સ્વભાવનો સત્કાર કરે ત્યારે. ઓલો વિકારનો સત્કાર કરે છે ત્યારે રખડે છે. આહા..હા..! પુણ્ય અને પાપ અને એમાં સુખ છે એવો જે મિથ્યાત્વભાવ એને પોતે કરે છે, પ્રગટ કરે છે, ત્યારે ભગવાન પ્રગટ છે તે ઢંકાઈ જાય છે. આહા..હા..! પણ આત્મા 'ક્યારેક' એટલે પોતાનો પુરુષાર્થ મોક્ષ તરફનો કરે ત્યારે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'ક્યારેક ભવ્યત્વ વડે...'** મોક્ષમાર્ગની પર્યાય પ્રગટ કરવાને લાયકાત વડે. **'શીઘ્ર...'** અલ્પકાળમાં મુક્તિ પામે છે. શીઘ્ર એટલે અલ્પકાળમાં એને કેવળજ્ઞાન થઈને સુખ પામશે. આહા..હા..! જેણે આત્મા આનંદસ્વરૂપ છે એના બીજડા જેને ઉગ્યા એ આત્મા મોક્ષનું બીજ છે. સમજાણું કાંઈ? અને કર્મ ઝેરનું બીજ છે, એમાંથી ઝેર પાકે. આત્મામાંથી મોક્ષ પાકે બે વાત છે. જે આત્મા સ્વભાવ ચૈતન્યનો આદર છોડી, અનાદર કરી અને પુણ્ય અને પાપની પર્યાયનો આદર કરે છે, અરે! એક સમયની પર્યાયનો પણ આદર કરે છે મૂઢ એ દુઃખના ભાવમાં વેદાય છે દુઃખને. દુઃખને વેદે છે. કહો, સમજાણું કાંઈ? અને આત્મા આનંદસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદનો નાથ આનંદનું દળ છે, એને જે વશ થાય છે. આમ વશ થાય છે તો આમ વશ થાય છે. આહા..હા..! દૃષ્ટિમાં એનો સ્વીકાર કરે છે એ સ્થિરતા કરીને અલ્પકાળમાં મુક્તિના સુખને પામશે, એમ કહે છે. આહા..હા..! બહુ ટૂંકું અને ઘણું ઉંડું. આહા..હા..!

**'ત્યારે પછી ફરીને તેને એકને છોડીને...'** આત્માનો આનંદ જેણે પ્રગટ કર્યો એને એકને છોડીને હવે સંસારમાં એ નહિ આવે. **'તે સિદ્ધ ચલિત થતો નથી...'** આહા..હા..! એ બધે ઠેકાણે નાખે છે. કેટલાક કહે છેને મોક્ષ જાય અને પછી ભક્તોને ભીડ પડે એટલે

એને અવતાર લે છે ત્યાંથી. એમ છે નહિ. આહા..હા..! આનંદનો નાથ જેને પકડાણો, આનંદની દશા જેને પ્રગટ થઈ એ હવે ફરીને દુઃખમાં કેમ આવે? આહા..હા..! સમ્યગ્દર્શન ત્રિકાળ વસ્તુની પ્રતીત થઈ, અનુભવ થયો સ્વને આશ્રયે એ ફરીને મિથ્યાત્વ થવા દે નહિ. સ્વરૂપમાં સ્થિર થયો ચારિત્રથી એ ફરીને અચારિત્ર થવા ન દે. એ મુદત જન્મ-મરણ સુધી રહે એ ચારિત્ર એ જુદી વસ્તુ છે. પછી ચારિત્ર તો મૃત્યુ સુધી રહે છેને. પછી સ્વર્ગમાં જાય તો અચારિત્ર થઈ જાય એ જુદી વસ્તુ. સમજાણું કાંઈ? પણ એ ચારિત્રને મટાડીને અચારિત્રપણે થાય છે એમ નથી. એમ સિદ્ધ થયો તે સિદ્ધને છોડીને હવે સંસારી થાય ફરીને એમ છે નહિ. આહા..હા..!

'(**અર્થાત્ એક મુક્તિસુખ જ એવું અનન્ય, અનુપમ અને પરિપૂર્ણ છે કે જેને પામીને તેમાં આત્મા સદાકાળ તૃપ્ત તૃપ્ત રહે છે,...**' આહા..હા..! સિદ્ધ ભગવાન મુક્તિના સુખમાં તૃપ્ત તૃપ્ત રહે છે. આનંદના અનુભવમાં તૃપ્ત રહે છે. આહા..હા..! કેવળી કોનું ધ્યાન કરે? નથી આવ્યું? પ્રવચનસારમાં આવ્યું છે. કે કેવળી આનંદને અનુભવે એ જ ધ્યાન એનું કહેવાય. આહા..હા..! પ્રવચનસારમાં આવે છે. પ્રશ્ન આવે છે છેલ્લી ગાથાઓમાં. ભગવાન! આ કેવળી પરમાત્માનું એને ધ્યાન કહેવામાં આવે છેને? શુક્લધ્યાનને. આવે છેને? ..કે એ કેનું ધ્યાન કરે? ધ્યાન એટલે એ તો આત્માના આનંદનો અનુભવ કરે એ ધ્યાન કરે એમ કહેવાય છે. આહા..હા..! સર્વજ્ઞ પરમાત્મા એક સમયમાં અનાકુળ આનંદની પરિપૂર્ણતાને વેદે છે, એને એ ધ્યાન કર્યું એમ કહેવામાં આવે છે. આહા..હા..! એને હવે આનંદમાંથી છૂટીને ફરીને સંસાર થાય કે સિદ્ધપદથી ચલિત થઈ જાય એ છે નહિ. આહા..હા..! હજી સમ્યગ્દર્શન થઈને ચલિત પણ થઈ જાય, મિથ્યાત્વી થઈ જાય. શુદ્ધનય પરિચત આવે છેને? શુદ્ધનય. શુદ્ધનય. આસ્રવમાં આવે છેને? આસ્રવમાં. આનંદનો નાથ ભગવાન જેણે શુદ્ધનય સ્વરૂપ છે તેને પકડ્યો છે, એ જીવ પાછો શુદ્ધનયથી ભ્રષ્ટ થઈ જાય છે. વળી રાગને તાબે થઈને શુદ્ધનયથી ભ્રષ્ટ થઈ નવા કર્મને બાંધે છે. સમયસાર છે, આસ્રવ અધિકાર. સમજાણું કાંઈ? આહા..હા..! પણ આ તો થયું કહે છે. આહા..હા..! સિદ્ધદશા આત્માના આનંદની જે સ્વભાવ અને શક્તિ હતી એની જેણે વ્યક્તિ અને પ્રગટદશા કરી એ એકને છોડીને હવે ચલિત થતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**તેમાંથી કદીયે ચ્યુત થઈને અન્ય સુખ મેળવવા માટે આકુળ થતો નથી.)**' ૧૩૦ થઈ. ૧૩૧-૧૩૨.

जो दु हस्सं रई सोगं अरतिं वज्जेदि णिच्चसो।
तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे।।१३१।।
जो दुगंछा भयं वेदं सव्वं वज्जेदि णिच्चसो।
तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे।।१३२।।

**જે નિત્ય વર્જે હાસ્યને, રતિ અરતિ તેમ જ શોકને,**
**સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૩૧.**
**જે નિત્ય વર્જે ભય જુગુપ્સા, વર્જતો સૌ વેદને,**
**સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૩૨.**

આહા..હા..! સામાયિક કહો કે સમાધિ કહો. સમાધિ અધિકાર ચાલે છેને? પરમ-સમાધિ કહો કે સામાયિક કહો. આહા..હા..! પરમસમાધિ એટલે ભગવાન પૂર્ણાનંદનો નાથ એને અંતરમાં એકાગ્ર થઈને અતીન્દ્રિય આનંદનું પરમ ઉગ્રપણે વેદન થાય એને સમાધિ, પરમ-સમાધિ કહે છે, એને સામાયિક સાચી કહે છે. કહો, જયંતિભાઈ! આ સામાયિક. આ બધા સામાયિક બહુ કરે તમારે થોથા. પાંચ સામાયિક ને દસ સામાયિકને. કાંતિભાઈ!

**શ્રોતા :-** સાચી સામાયિક નહિને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ખોટી સામાયિક છે. તમારે અપાસરે તો બહુ થાય ત્યાં. પોષા આઠમના, પાકીના બહુ થાય.

**શ્રોતા :-** કરતા અમે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કરતા? પણ આખા કાઠિયાવાડમાં જામનગરમાં જ તે આઠમ અને પાકીના પોષાનો રિવાજ છે. આઠમ એને પાક્કી હોય છે. ચૌદશ નહિ એ લોકોને સ્થાનકવાસીને. પૂનમ, આઠમ અને અમાસ એ લોકો પોષા કરે. ૨૫, ૨૦, ૨૫, ૩૦ પણ ભેગા થઈને કાયમ હોં. એ રિવાજ ત્યાં જામનગર. હવે કોણ જાણે શું થયું. અમે ૮૨માં ગયા ત્યારે કાયમ રિવાજ હતો એવો. ૮૨ની સાલની વાત છે. આ બહારની ક્રિયા હોં. ધર્મનું ભાન કે દિ' ધર્મનું હતું? આહા..હા..!

**શ્રોતા :-** વારે-કવારે ધર્મ થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એક અંશે ધર્મ નહિ, અધર્મ છે. શેઠ દલાલ છેને શરાફ. આહા..હા..! જ્યાં ત્રણલોકનો નાથ આનંદનું ધામ દૃષ્ટિમાં આવ્યો નથી, એનો સ્વીકાર કર્યો નથી, ત્યાં ધર્મ કેવો? આહા..હા..! એ પુણ્ય અને પાપના વિકલ્પનો સ્વીકાર છે ત્યાં તો અધર્મ અને મિથ્યાત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ આકરી વાત, ભાઈ! વીતરાગ સર્વજ્ઞદેવ, જિનેન્દ્રદેવ આને સામાયિક કહે છે.

જેને એ કહે છે જુઓ, '**આ, નવ નોકષાયના વિજય વડે પ્રાપ્ત થતા સામાયિકચારિત્રના સ્વરૂપનું કથન છે.**' ક્યાંક વ્રત શબ્દ વાપર્યો છે, ક્યાંક ચારિત્ર. ઓલું વ્રત એટલે વિકલ્પનું વ્રત નહિ. અતીન્દ્રિય આનંદસ્વરૂપમાં વીંટાઈ જવું, એકાગ્ર થઈ જવું, સમાધિમાં લીન થઈ જવું એને સામાયિક કહે છે. એને સામાયિક ચારિત્ર કહો, કે સામાયિક વ્રત કહો. વ્રત એટલે આ સ્થિર નહિ હોં. સામાયિક વ્રત જે નવ વ્રતમાં વિકલ્પ છે વ્રતનો એ અહીં નહિ. સમજાણું કાંઈ? બાર વ્રતમાં આવે છેને સામાયિક નવમું? એ તો વ્યવહારના

વિકલ્પનો નિશ્ચય વસ્તુ હોય એને એવા વિકલ્પો વ્યવહાર આવે. વ્યવહાર સામાયિક કહેવામાં આવે છે, પણ નિશ્ચય અંદર છે. સ્વરૂપની સમાધિની શાંતિનું વેદન અંતરમાં છે એને સાચી સામાયિક કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન પૂર્ણસ્વરૂપને ધ્યેય બનાવી, મોક્ષને સાધ્ય બનાવી જેણે સાધકદશા સ્વભાવની પ્રગટ કરી છે એ સાધકમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા છે, એને અહીંયાં સામાયિક કહે છે. કહો, ભગવાનજીભાઈ! કેટલી આ બધી સામાયિક કર છે અત્યાર સુધી? હર્ષદભાઈ! આ તમારા વેવાઈ બધું એ જ કરતા ત્યાં ઢસરડા. પથરણા ફાડેને આ કરે. ભાન ન મળે કાંઈ. શું કીધું?

**શ્રોતા :-** ત્રણ સામાયિક કરે તો પચ્ચીસ થઈ જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એમ થઈ જાય. પાપ છે. સામાયિક હતી નહિ ત્યાં. આહા..હા..! સામાયિક નામ સમતાનો આય નામ લાભ. વીતરાગપણાનો પર્યાયમાં લાભ થાય તેને સામાયિક કહીએ. હવે વીતરાગપણાનો પર્યાયમાં લાભ કોને થાય? કે વીતરાગસ્વરૂપે ભગવાન બિરાજે છે આ આત્મા હોં. એનો આશ્રય લઈને જે વીતરાગ પરિણામ પ્રગટ કરે એને સામાયિક હોય. કહો. ભગવાનજીભાઈ! સામાયિક-બામાયિક કરી હશે કે નહિ આ વ્યવહારની?

**શ્રોતા :-** સામાયિક અને પડિકમણ ભેગી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભેગું ઠીક. એમ કે ઓલું પડિક્કમણું કરે ત્યારે સામાયિક ભેગી કરે. એ સાચી વાત. અમે એમ કરતા હોં ત્યાં પાલેજમાં. સામાયિક કરીએ પછી પડિક્કમણું ભેગું કરીએ. એ પર્યુષણમાં હોં, પછી કાંઈ નહિ. બાર મહિને બીજા નહિ. આઠ દિ' કરતા આઠ દિ'. આહા..હા..! શું કહેવાય પડિક્કમણું? ભાઈ! એ વસ્તુ. આહા..હા..!

'**મોહનીયકર્મજનિત સ્ત્રીવેદ,...**'નો ભાવ '**પુરુષવેદ,...**'નો ભાવ, '**નપુંસકવેદ,...**'નો ભાવ. '**હાસ્ય,...**'નો ભાવ, '**રતિ,...**' રાજીપાનો ભાવ '**અરતિ,...**' દિલગીરીનો ભાવ, '**શોક,...**' આકુળતાનો ભાવ. '**ભય...**' સાહસનો ભાવ '**અને જુગુપ્સા...**' દુગંછાનો ભાવ. આહા..હા..! એવા '**નામના નવ નોકષાયથી થતા કલંકપંકસ્વરૂપ...**' કલંકપંકસ્વરૂપ '**(મળ-કાદવસ્વરૂપ)...**' આહા..હા..! વિષયની વાસના એ મળ-કાદવસ્વરૂપ. આહા..હા..! પૈસા આદિ થયા, દીકરો જન્મ્યો ૫૦-૬૦ વર્ષે, રતિ કરે એ મળ-કાદવસ્વરૂપ છે. આહા..હા..! ખુશી-ખુશી થાય છે. લાખ, બે લાખ રૂપિયા રળે એક દિવસમાં. ઓહો..હો..! ખુશી-ખુશી થાય. એ મળકલંકસ્વરૂપ છે. મળનો કાદવ, મળ એટલે કાદવસ્વરૂપ એમ. કાદવ છે એ તો દુઃખનો કાદવ છે. આહા..હા..!

'**સમસ્ત વિકાર-સમૂહને...**' એવા બધા વિકારના પિંડ સમૂહને '**પરમસમાધિના બળથી...**' પરમસમાધિના બળથી. આહા..હા..! '**જે નિશ્ચયરત્નત્રયાત્મક પરમતપોધન...**' નિશ્ચયરત્નસ્વરૂપ એવો પરમસાધુ. આહા..હા..! સ્વદ્રવ્યને આશ્રયે થયેલું સમ્યગ્દર્શન, સ્વદ્રવ્યને

આશ્રયે થયેલું જ્ઞાન, સ્વદ્રવ્યને આશ્રયે થયેલું ચારિત્ર—એવું નિશ્ચયરત્નત્રસ્વરૂપ પરમમુનિ તપોધન. જેને તપરૂપી ધન છે આ. આહા..હા..! 'તજે છે,...' **'પરમસમાધિના બળથી...' 'સમસ્ત વિકાર-સમૂહને...' 'જે નિશ્ચયરત્નત્રયાત્મક પરમતપોધન તજે છે,...'** આહા..હા..! સમજાણું કાંઈ? એને સામાયિક કહેવામાં આવે છે. આહા..હા..! છે?

**'તેને ખરેખર કેવળીભટ્ટારકના શાસનથી સિદ્ધ થયેલું...'** તેને ખરેખર કેવળી ભગવાન પૂજનિક ભટ્ટારક. જુઓ, આને ભટ્ટારક કીધા છે. આ ભટ્ટારક કહેવાય છેને અત્યારે? દિગંબરમાં નથી કહેવાતા? એ બધા સમજવા જેવા છે. આ તો કેવળી ભટ્ટારકસૂર્ય. એ કેવળીરૂપી સૂર્યના શાસનથી સિદ્ધ થયેલું. કેવળીના માર્ગથી એના શાસ્ત્રથી, એના જ્ઞાનથી સિદ્ધ થયેલું **'પરમ સામાયિક નામનું વ્રત...'** પરમસામાયિક. વિકલ્પની સામાયિક એ વ્યવહાર એ પુણ્યબંધનું કારણ છે. અંતર આત્માના આનંદના સમાધિ, શાંતિ પ્રગટ થવી એવું **'સામાયિક નામનું વ્રત શાશ્વતરૂપ છે...'** એને. **'સામાયિક નામનું વ્રત શાશ્વતરૂપ છે...'** શાશ્વત એટલે સ્થિર છે એમ. છે તો પર્યાય આ. પર્યાયને શાશ્વત કીધી એટલે? શાશ્વતને આશ્રયે થયેલી પર્યાયને શાશ્વત કીધી એટલે સ્થિર છે એમ. એટલે સાચી સામાયિક છે. આહા..હા..!

સત્યાર્થ એવો જે ભગવાન પૂર્ણસ્વરૂપ, ભૂતાર્થ એવો ભગવાન પૂર્ણસ્વરૂપ એને આશ્રયે જે થાય દશા તેને સત્યાર્થ સામાયિક કહે છે. સત્યાર્થને આશ્રયે થાય, સત્યાર્થ સામાયિક એને સાચી સામાયિક કહે છે. પરને આશ્રયે અંદર નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં. ગણ્યું ત્યાં નોકાર વળી ગણે અને કાં વળી આણુપૂર્વી ગણે આણુપૂર્વી. આણુપૂર્વી હોયને નમો અરિહંતાણં, નમો આઈરિયાણં આડાઅવળા શબ્દો. એ તો બધા વિકલ્પ છે. એ સામાયિક નહિ.

**શ્રોતા :-** મોટી સામાયિક.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મોટી સામાયિક. આ મોટી સામાયિક. કીધીને **'વ્રત શાશ્વતરૂપ છે...'** મહાન સામાયિક છે એ તો. આહા..હા..! સમતાના રસમાં ઝૂલે અને સમતાના રસથી ભરેલો ભગવાન એના આશ્રયે સમતારસમાં ઝૂલે. આહા..હા..! એને જૈનશાસનમાં કેવળીસૂર્ય ભટ્ટારકના શાસનથી સિદ્ધ થયેલું પરમસામાયિક હોય છે. **'એમ આ બે સૂત્રોથી કહ્યું છે.'** લ્યો! બે ગાથા થઈને? ૩૧ અને ૩૨. એમ બે સૂત્રોથી ભગવાન કુંદકુંદાચાર્યે... જુઓ, એને સામાયિક કહ્યું અને એને પરમસમાધિ કીધી. લોગસ્સમાં આવે છે. સમાહિવર મુત્તંમુદિંતું. પણ અર્થની કોને ખબર હોય ત્યાં? આવે છેકે નહિ, ભગવાનજીભાઈ! અવં મય અભિથુઆ.. વિહિયુરયમળા. બધાના અર્થ ઉંધા. .. એવું કાંઈક કોક અર્થ કરતું હતું. વિહુયરયમળા. વિષા રોઈ મળ્યા. ખબર ન મળે અર્થની એટલે. એવંમય અભિથુઆનો અર્થ ઈ. ઈ નહિ આ તો એવમંય અભિથુઆનો અર્થ કરે છે કાંઈક. એવું સાંભળ્યું છે કાંઈક મેં. એવંમય અભિથુઆ એવં માતા અભિથુઆ એમ કાંઈક છે. એમાંથી એવો અર્થ કરે. કાંઈ અર્થની ખબર ન મળે.

હું તો મારા ભગવાન આનંદના અભ્યુત્થાન પુરુષાર્થથી જાગી ગયો છું. આહા..હા..! અને ભગવાને પણ એ રીતે કહ્યું છે અને વિહુયરયમળા. કીધુંને ત્યાં? લીંબડીમાં એમ થઈ તકરાર. દશા-વિશાની તકરાર હતી. પછી દશાની બાઈ હશે દશાશ્રીમાળીની અને આ આવ્યું વિહુયરયમળા આવ્યું. લોગસ્સમાં ઈ આવે છે હોં આપણે. સામાયિકમાં આપણે પણ આવે છે આ દિગંબરમાં, પણ એ પ્રથા નથી. સામાયિકમાં એ પાઠ આવે છે. છે આપણી આગળ પુસ્તક સામાયિકનું અહીં. દિગંબર સામાયિક. પણ એ પ્રથા ગઈ. આ શ્વેતાંબરમાં ગડિયા રહી ગયા. એ બોલતા-બોલતા એનાથી વિહુયરયમળા વિશા રોઈ મળ્યા કહે. કે ભાઈ આપણી તકરાર આ લોગસ્સમાં ક્યાંથી આવી? લોગસ્સ તો સ્તુતિ છે. ભાઈ! અર્થ તો જુઓ. આ ડોશી શું બોલ્યા દશાશ્રીમાળીની બાઈ? જોવે તો વિહુયરયમળા. હે પરમાત્મા! આપે આનંદની સમાધિ પ્રગટ કરીને વિહુય નામ વિ-વિશેષ હુય નામ ટાળ્યા છે. વિધુય. ધુય ટાળ્યા છે કર્મ જેણે. વિહુયરયમળા. રજ એટલે કર્મ, મળા એટલે પુણ્ય-પાપભાવ. એ બેને આપે ટાળ્યા છે એમ એનો અર્થ છે. ભગવાનજીભાઈ! લોગસ્સ કર્યું હતું કે નહિ? કર્યું હશે. આવે છે. સામાયિકમાં આવે છે પહેલું. .. છેને એ વખતે ઉભા થઈ જાય. પડિક્કમણું કરતાં-કરતાં. આ લોગસ્સ આવેને આ નમોત્થુણં... એટલે ઉભા થઈ જાય. પણ ઉભા થવાની ક્યાં વાત છે ત્યાં? એ તો ભગવાનનું સ્તવન છે ત્યાં તો વીતરાગ પરમાત્માનું કે આપે આત્માનો સ્વભાવ પ્રગટ કર્યો છે, કર્મ આપે ટાળ્યા છે, એવી જે સમાધિ વરમુત્મુંદિતું એવી સમાધિનું ફળ અમને આપો, પ્રભુ! એ તો માગે છે. નિમિત્તથી કથન છે. ત્યાં ક્યાં ભગવાન દે એવું છે ત્યાં? ભગવાન પાસે પડી છે એની સમાધિ? એની સમાધિ ત્યાં પડી છે? આહા..હા..! એ આવે સમાહિવરમુતમુદિંતુ ... .. આવે છે કે નહિ? ... ચંદ્રથી પણ નિર્મળ છે ભગવાન, સૂર્યથી પણ અધિક તપ. .. પ્રકાશના કરનાર છો. સાગરવરગંભીરા સિદ્ધાસિદ્ધિ નમોદિસંતુ. હે સિદ્ધભગવાન સિદ્ધપદને મને દેખાડો. એટલે 'હું કેવળજ્ઞાન પામું' એમ કહે છે. ખબર હતી ..ની? આ અમારે ભગવાનજીભાઈને એ બધા કરતા બહુ કેટલાય પથરણા પાડ્યા છે લ્યો. જયંતિભાઈ! કર્યા હશે કે નહિ તમે પણ? સામાયિક અને બામાયિક.

**શ્રોતા :-** સૌની સાથે કર્યા હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સૌની સાથે. અમે પણ કરતા ત્યાં પાલેજમાં. ૬૩ની સાલથી. ૧૭ વર્ષની ઉંમરથી હોં! ૧૯ વર્ષની ઉંમરથી જાવજીવ ચોવિહાર. ૧૯ વર્ષની ઉંમરથી. ૬૫થી. રાતે આહાર-પાણી નહિ. દુકાન ઉપરથી. અને આ .. અપવાસ ચાર કરીએ ચાર. આઠ દિ'માં ચાર. ચોવિહારા હોં પાણી-બાણી નહિ. એક દિ' વળી બહુ તૃષા લાગી હતી તો ખાનગી પાણી પી આવ્યો હતો એક ફેરી. એક ફેરી. બહુ તૃષા લાગી હતી તો. કારણ કે આખો દિ' ચોવિહારનો હોય. વેપાર-ધંધામાં બેઠા હોઈએ. ગ્રાહક આવે એને માલ દેવો-લેવો એટલે એમાં કાંઈ. સાંજે પછી બંધ કરી દઈએ. કાંઈ ખબર ન મળે. શું સમકિત છે અને શું આત્મા

છે. આહા..હા..!

'(હવે, આ ૧૩૧-૧૩૨મી ગાથાઓની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :)'

(शिखरिणी)

त्याजाम्येतत्सर्वं ननु नवकषायात्मकमहं
मुदा संसारस्त्रीजनितसुखदुःखावलिकरम्।
महामोहान्धानां सततसुलभं दुर्लभतरं
समाधौ निष्ठानामनवरतमानन्दमनसाम्।।२१८।।

'**શ્લોકાર્થ :- સંસારસ્ત્રીજનિત સુખદુઃખાવલિનું કરનારું...**' વિકારની પરિણતિ એ સુખ-દુઃખની આવલિ કરનારું નોકષાય. આહા..હા..! ક્રોધ, માન, માયા, લોભ એ કષાયમાં જાય છે. આ નવ નોકષાયનું છેને પાઠમાં? હાસ્ય, રતિ આદિ. શોક, અરતિ વગેરે. છેને? પછી દુગંછા, ભય અને વેદ. .. આહા..હા..! ભગવાનના આનંદમાં લીન થઈને આવી વાસનાઓને જે છોડે છે અને આનંદની સમાધિ જેને અંતરમાંથી ઉત્પન્ન થાય છે એને સામાયિક કહેવામાં આવે છે. કહો, આવી સામાયિક પણ સાંભળી ન હોય એણે. આહા..હા..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર જિનેન્દ્રદેવના માર્ગમાં આને સામાયિક સાચી કહેવામાં આવે છે. જેને આત્માનું સમ્યગ્દર્શન પ્રગટ્યું છે, આહા..હા..! આત્મા પૂર્ણ પરમસ્વભાવભાવનો ભંડાર ભગવાન એનું જેને સ્વસન્મુખ થઈને જ્ઞાનમાં જ્ઞેય જણાઈને પ્રતીત થઈ છે, એ જીવ જ્યારે સ્વરૂપમાં ઠરે છે ત્યારે એને સામાયિક કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, સામાયિક-બામાયિક કરી હશે કે નહિ? કેશુભાઈ! ગામડામાં નહિ કરી હોય? આ વ્યવહારની. બધે એ જ હતુંને. દામનગરમાં હોય કે ગામડામાં. આહા..હા..!

અરેરે! ગંધ પણ ન મળે કે સામાયિક કહેવાય કોને. આહા..હા..! જેમાં સમતારસના ઝરણા ઝરે. આહા..હા..! સમતાના રસનો પિંડ ભગવાન આત્મદ્રવ્ય. સમતારસનો પિંડ પ્રભુ આત્મા તો છે. એની અંતરની એકાગ્રતાથી સમતારસના વીતરાગ પરિણામ ઝરે. આહા..હા..! એને અતીન્દ્રિય આનંદનો ઉગ્રપણે સ્વાદ આવે એને સામાયિક કહેવામાં આવે છે. આહા..હા..! કહો, કાંતિભાઈ! આહા..હા..! અમે ગયાને પહેલા ૮૨માં જ્યારે જામનગર. વ્યાખ્યાનમાં એવું આવ્યું હતું કે ભાઈ! મન, વચન અને કાયાના પરિણામ સરળતા હોય તે પુણ્યબંધનું કારણ છે, ધર્મ નહિ. એ જામનગરનું છેને ઓલું? જ્ઞાના શું કહેવાય? જ્ઞાનસાગર. જ્ઞાનસાગર પુસ્તક છપાણું નહિ? વારિયા તરફથી કોકથી. પુનાતર તરફથી પુનાતર. પુનાતર તરફથી છપાણું, જ્ઞાનસાગર એ પહેલું. પહેલું ૬૮માં એ મળેલુંને એમાંથી... કીધું જુઓ, નામકર્મ ચાર પ્રકારે બંધાય. વીરજીભાઈ હતા, તારાચંદભાઈ હતા. ૮૨ની વાત છે. પહેલી વહેલી તમારે અપાસરે નોકારને.

શ્રોતા :- ... આવી ગયા હતા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવતાને. પછી તો છેલ્લે પણ આવ્યા હતા. પછી લાઠી આવ્યા હતા ૭૧માં. આ તો ૮૨ની વાત છે. ભાઈ! મનની સરળતા, વચનની સરળતા, કાયાની સરળતા, કષાયની મંદતા અને ... ઝઘડો નહિ કોઈ સાથે એવી કષાયની મંદતા. એ ધર્મ નથી, એ પુણ્યબંધનું કારણ છે. એમ ૮૨માં પહેલા વહેલા ગયા હતા જામનગર. કહ્યું તો બધાએ સાંભળ્યું. પછી તારાચંદભાઈ આવ્યા સાંજે એકલા કોઈ નહોતું. મહારાજ! આ બધો ધર્મ.. કે ધર્મ એ ધર્મ નથી. માણસ આમ નરમ. માણસ પણ ઓલું ઘુંટેલુંને ઓલું બધું. મનનો ભાવ સારો રાખવો, વચનમાં સારો. પણ એ સારો રાખવો એ તો પુણ્ય છે, એ ધર્મ નહિ. કીધું જુઓ તમારા જ્ઞાનસાગરમાં. જ્ઞાનસાગર પુસ્તક છે પુનાતર તરફથી છપાયેલું નહિ જામનગરમાં. એ તો ૬૮માં વાંચેલું પહેલું. ૬૮-૬૮. દીક્ષા લીધા પહેલા. કે ચાર પ્રકારે નામ કર્મ બંધાય આ. મનના શુભભાવ, વચનના શુભભાવ, કાયાના શુભભાવ હોં ભાવ, એ ધર્મ નહિ, પુણ્યબંધનું કારણ, નામકર્મબંધનું કારણ છે. તો જરી ભડક્યા હતા થોડું. કીધું માર્ગ આ છે. મનની સરળતા એન વચનની સરળતા એ ધર્મ નથી. ... એવો પાઠ છે. કાયાની સરળતા. અંદર સરળતા. કાયા તો નિમિત્ત છે. ... સરળ. ઈ તો પુણ્યબંધનું કારણ છે. ઈ ધર્મ ક્યાં હતો? આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! ધર્મ તો એને કહીએ કે એ શુભભાવ સરળતાનો અને અશુભભાવ—બેથી ભિન્ન પડીને ચૈતન્યને અવલંબે જે શાંતિ પ્રગટે, જેમાં શુભાશુભભાવનો અભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ બહુ વીંખી નાખ્યો લોકોએ. ઓહો..! માર્ગ તો માર્ગ છે, ભાઈ! આહા..હા..! પણ એની દૃષ્ટિમાં ન આવે એટલે એણે વીંખી નાખ્યો એમ કહેવાય. બાકી તો એ છે એ છે. આહા..હા..!

કહે છે, '**સંસારસ્ત્રીજનિત...**' એટલે વિકારીરૂપી પરિણતિથી ઉત્પન્ન થયેલું. '**સુખદુઃખની...**' શ્રેણી. સુખ એટલે આ કલ્પનાનું હોં. આ આનંદનું સુખ નહિ. '**સુખદુઃખાવલિ...**' છેને? '**સુખદુઃખની આવલિ; સુખદુઃખની પંક્તિ—હારમાળા.**' નીચે છે. '**(નવ નોકષાયાત્મક વિકાર સંસારરૂપી સ્ત્રીથી ઉત્પન્ન સુખદુઃખની હારમાળાનો કરનાર છે.)**' માળામાં મણકો એક-એક પથરો હોયને જેમ, એમ આ સુખદુઃખની કલ્પના વેદનની હારમાળા છે. આહા..હા..! શુભભાવ અને અશુભભાવ બેય દુઃખની હારમાળા છે. આહા..હા..! માળા હોયને માળા આખી. એમ દુઃખના મણકા છે બધા ઈ. પુણ્ય અને પાપના ભાવ, દાય, દાન, વ્રત, ભક્તિ, પૂજા, તપ એવો શુભભાવ એ દુઃખની પંક્તિનું સ્વરૂપ છે, દુઃખની હાર છે, દુઃખની હારમાળા છે. આહા..હા..!

'**આ બધું (-નવ નોકષાયસ્વરૂપ સર્વ વિકાર) હું ખરેખર પ્રમોદથી તજું છું...**' ભાષા દેખો, આ મુનિરાજ કહે છે એવા જે વિષય-વાસના ભાવ આદિ રતિ, અરતિ આદિ. એને હું ખરેખર આનંદથી તજું છું. આહા..હા..! મારો આત્મા આનંદસ્વરૂપે જાગ્યો છે.

આહા..હા..! અતીન્દ્રિય આનંદના વેદનથી તે રાગને છોડું છું, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આનું નામ સામાયિક ચારિત્ર અને એનું નામ સામાયિક. આહા..હા..! '(– **નવ નોકષાયસ્વરૂપ સર્વ વિકાર) હું ખરેખર...'** સત્ય રીતે આનંદથી તજું છું. મારો આત્મા આનંદસ્વરૂપમાં આવતા અતીન્દ્રિય આનંદની દશામાં આવતા એને આ વાસના છૂટી જાય છે, એ વાસના એને ઉત્પન્ન થતી નથી. આહા..હા..! આવો માર્ગ, લ્યો! કેમકે પ્રભુ આત્મા તો અતીન્દ્રિય આનંદનો ભંડાર છે. એ અતીન્દ્રિય આનંદના આશ્રયે જે પ્રમોદ આવ્યો. પ્રમોદ આવ્યો, હર્ષ-આનંદ આવ્યો. એવા આનંદથી હું વિષય-વાસના અને રતિ, અરતિના ભાવને છોડું છું. એટલે ઉત્પન્ન થવા દેતો નથી. આહા..હા..! લ્યો, આનું નામ સામાયિક. આ તો કાંઈ ભાન ન મળે. આઠ વર્ષની છોડીયું સામાયિક કરીને બેસી જાય પચરંગી. એક સાથે પાંચ. પછી ઓલા શેઠિયા હોય ભાઈ અમે નથી કરી શકતા તો લાવો. ઘો એને સૌને ચાર-ચાર આના, આઠ આના. હવે કાંઈક રૂપિયો, બે રૂપિયા આપતા હશે. પહેલા તો ચાર આના, આઠ આના આપતા હતા, બસ. ભગવાનજીભાઈ! પછી ઓલા ખુશી થઈ ૨૫-૫૦ છોડીયું બેસે. પંચરંગી સામાયિક એને કહે. પંચરંગી. ધૂળેય નથી સામાયિક. મિથ્યાત્વનું પોષણ છે. આહા..હા..!

જેમાં આત્મા આવ્યો નથી, જેણે જાગીને જોયું નથી. હું તે ભગવાન આત્મા. આહા..હા..! જેની પર્યાયમાં આત્મા સમીપ આવ્યો નથી, દ્રવ્ય સમીપ આવ્યું નથી એમ. આહા..હા..! જેની વર્તમાન પર્યાયમાં, અવસ્થામાં ભગવાન સમીપ આવ્યો નથી, જેની પર્યાયમાં રાગ સમીપપણે વર્તે છે આહા..હા..! સમજાણું કાંઈ? એને સામાયિક કેવી? જેની પર્યાયમાં રાગ, વિકલ્પ સમીપપણે વર્તે છે એને તો અસમાધિ અને દુઃખ છે. દુઃખની શ્રેણીમાં, દુઃખની હારમાળામાં વર્તે છે એ. આહા..હા..! પણ મુનિરાજ પોતે પોતાની દશા વર્ણવતા આહા..હા..! ઉપદેશમાં એ કહે છે કે મેં મારા આત્માને પ્રમોદથી મેં જગાડ્યો આનંદ અને એ આનંદથી આ વાસનાનો વ્યય થાય છે. આનંદની ઉત્પત્તિ થાય છે ત્યારે વાસનાનો વ્યય-નાશ થાય છે, આનંદનો આશ્રય ધ્રુવ રહે છે. ઉત્પાદ, વ્યય અને ધ્રુવ ત્રણ. આહા..હા..! ત્રણ સત્ છે. આ રીતે ત્રણ સત્ છે. સમજાણું કાંઈ? ઉત્પાદ પણ સત્ છે અને વ્યય પણ સત્ છે અને ધ્રુવ પણ સત્ છે. પણ સત્‌માં ઉત્પાદ પર્યાયે સત્ હોવા છતાં ત્રિકાળ સત્‌નો જ્યારે આશ્રય લીધો ત્યારે તેને નિર્મળ પ્રમોદદશા પ્રગટ થાય છે, આહા..હા..! ત્યારે તેને અપ્રમોદ નામ વિકારદશાનો નાશ થાય છે. આ અપવાસ કર્યા અને નિર્જરા થઈ કર્મની એ વાતમાં માલ કાંઈ નથી, કહે છે. સમજાણું કાંઈ? આહા..!

'**હું ખરેખર...**' સાચો થઈને. મારો પ્રભુ સત્યાર્થ ભૂતાર્થ જે છે એને અવલંબીને હું આનંદથી વિકારને છોડું છું, એને અહીંયાં સામાયિકને ચારિત્ર અને ધર્મ કહેવામાં આવે છે. '**કે જે નવ નોકષાયાત્મક...**' નવ નોકષાયસ્વરૂપ '**વિકાર મહામોહાન્ધ જીવોને નિરંતર**

**સુલભ છે...'** આહા..હા..! વિકારનું વેદન એ તો અજ્ઞાનીને સુલભ છે, સહેલું છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'નવ નોકષાયાત્મક વિકાર મહામોહાન્ધ જીવોને...'** મિથ્યાદૃષ્ટિ જીવોને એમ કહે છે. આહા..હા..! જેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર ગઈ નથી. એવા મહામોહ મિથ્યાત્વમાં આંધળા જીવો આહા..હા..! **'નિરંતર...'** એ વાસના નોકષાયની એને સુલભ છે, સુલભ પ્રાપ્ત છે. આહા..હા..! સુલભ કીધી સુલભ એને. લ્યો! આહા..હા..!

**'અને નિરંતર આનંદિત મનવાળા સમાધિનિષ્ઠ જીવોને...'** આહા..હા..! વિકારની પરિણતિ ઉપર જેની દૃષ્ટિ છે એને એ વિકારપણું સુલભ છે. સહેજે એ વિકારપણે પરિણમે છે, કહે છે. આહા..હા..! પણ જેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર, આનંદ ઉપર છે. આહા..હા..! જોયું! **'નિરંતર આનંદિત મનવાળા...'** આનંદસ્વરૂપ ભગવાનમાં જેની પરિણતિ આનંદની પ્રગટી છે. આહા..હા..! **'આનંદિત મનવાળા...'** એટલે કે ભાવવાળા. મન શબ્દે ચૈતન્યનું આનંદ ભાવવાળા એમ. **'સમાધિનિષ્ઠ (સમાધિમાં લીન)...'** આહા..હા..! પૂર્ણ સમાધિસ્વરૂપ ભગવાન આત્મા તેને ધ્યેયમાં લઈને જે પર્યાયમાં આનંદ આવ્યો એવા આનંદમાં નિષ્ઠ લીન જીવને વાસના **'અતિ દુર્લભ છે.'** એને વિકારની વાસના દુર્લભ છે. આહા..હા..! સ્વભાવ ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા એનો જે આશ્રય લઈને લીન થયો છે એને વાસના દુર્લભ છે. વાસના એને નહિ પ્રાપ્ત થાય, એમ કહે છે. આહા..હા..! અને અનંત આનંદના નાથને જેણે આદર્યો નથી, સત્કાર્યો નથી, જેનો આશ્રય લીધો નથી એવા વિકાર પરિણતિ જીવને, વિકાર સુલભ છે પામવો. આહા..હા..! લ્યો! આ પૈસા મળવા સુલભ છે કે એ વાત ન કરી અહીં.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ક્યાં પૈસા જડ છે એની સાથે શું સંબંધ છે? આહા..હા..! વાણી વાણીને કારણે થાય, શરીર શરીરને કારણે હાલે-ચાલે, આત્માને શું સંબંધ છે? આહા..હા..! અહીંયાં તો અંતરમાં અનાકુળ આનંદસ્વરૂપ છે ભગવાન આત્મા, તેનો આદર છોડીને વર્તમાન પુણ્ય અને પાપના પરિણામનો આદરમાં રહ્યો એ જીવને વિકાર સુલભ છે. આહા..હા..! પણ જે આત્મા આનંદિત મનવાળા છે. જોયું! નિરંતર. ચૈતન્ય સ્વભાવની દૃષ્ટિ જેને નિરંતર વર્તે છે. આહા..હા..! આવી વાતું ભારે! મારી લક્ષ્મી આનંદની મારી પાસે છે. એ લક્ષ્મી મારી એ છે. જ્ઞાન અને લક્ષ્મી અનંત જ્ઞાન, સ્વભાવનું જ્ઞાન અનંત. અંદર સ્વભાવવાનનો સ્વભાવ આનંદ અનંત. એવો જ્ઞાન અને આનંદ અનંત. એવી જેને દૃષ્ટિ અને સ્થિરતા પ્રગટ કરી છે એને વિકાર દુર્લભ છે એને વિકાર નહિ થાય એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

**'સમાધિનિષ્ઠ...' 'નિરંતર આનંદિત મનવાળા...'** નિરંતર જેને આનંદનું વેદન છે. આહા..હા..! અતીન્દ્રિય આનંદમાં અંદર પેઠો છે અંદર જે. આહા..હા..! તેથી પર્યાયમાં અતીન્દ્રિય

આનંદનો અનુભવ છે. એવા '**સમાધિનિષ્ઠ (સમાધિમાં લીન) જીવોને અતિ દુર્લભ છે.**' એને વિકાર નહિ થાય એમ કહે છે. અજ્ઞાનીને સુલભ છે, ધર્મીને દુર્લભ છે વિકાર. એમ કરીને સામાયિકની મહિમા કરી છે. સમતા... સમતા... સમતા... સમતા... વીતરાગભાવની સમતા. એવા સમતાવંતને વિકારની દુર્લભતા છે અને જેને સમતા નથી તેને વિકારની સુલભતા છે. એમ બે વાત કરી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## કારતક વદ-૧૩, સોમવાર, તા. ૦૧-૧૨-૧૯૭૫
## ગાથા-૧૩૩, કળશ-૨૧૯, પ્રવચન નં. ૧૧૧

આ નિયમસાર, પરમ-સમાધિ અધિકાર. એની છેલ્લી ગાથા. સમાધિ એટલે સામાયિક. સામાયિક સાચી કોને કહીએ? એનો અધિકાર છે.

जो दु धम्मं च सुक्कं च झाणं झाएदि णिच्चसो।
तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे।।१३३।।

**જે નિત્ય ધ્યાવે ધર્મ તેમ જ શુક્લ ઉત્તમ ધ્યાનને,**
**સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૩૩.**

'**ટીકા :- આ પરમ-સમાધિ અધિકારના ઉપસંહાર...**' પૂર્ણતાનું આ '**કથન છે.**' હવે કોને સામાયિક હોય છે સાચી? કે '**જે સકળ-વિમળ કેવળજ્ઞાનદર્શનનો લોલુપ...**' છે. આહા..હા..! એકલું કેવળજ્ઞાન અને કેવળદર્શન, એનો જે ભાવનાવાળો લોલુપી છે. આહા..હા..! પૂર્ણ કેવળજ્ઞાન અને પૂર્ણ કેવળદર્શન એવો જે આત્માનો સ્વભાવ પૂર્ણ પર્યાય પ્રાપ્ત હોં. એવા અનંતજ્ઞાન અને અનંતદર્શન જે સર્વજ્ઞસ્વભાવ એનો જે લોલુપી એની ભાવનાવાળો જીવ છે. આહા..હા..! સાધ્ય જે કેવળજ્ઞાન અને કેવળદર્શન એનો જે લોલુપી છે. આત્મા આનંદસ્વરૂપ છે એમાં જેની એકાગ્રતાની ભાવના છે એમ કહે છે. આહા..હા..! વાત ઝીણી બહુ, ભાઈ!

'**પરમજિનયોગીશ્વર...**' મુખ્ય મુનિની વાત લીધી છેને? ગૃહસ્થાશ્રમમાં પણ જેને આત્મદર્શન શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ પ્રભુ એનું જેને અંતર સમ્યગ્દર્શન થયું છે. એને સ્વરૂપમાં લીનતાનો ભાગ આવે એને દેશસામાયિક ગૃહસ્થાશ્રમની સામાયિક કહેવામાં આવે છે. આ સામાયિક જે આ કરે છે એ તો બધા થોથા છે, એકડા વિનાના મીંડા છે. સામાયિક પણ નથી અને ધર્મ પણ ત્યાં નથી. આહા..હા..! આત્મા પૂર્ણ આનંદસ્વરૂપ ધ્રુવ ચૈતન્ય એનો

જેને સ્વભાવનો પ્રાપ્ત પર્યાયમાં પ્રાપ્ત થઈ છે દશા. આહા..હા..! એની જે સ્વભાવના એકાગ્રતા એને અંશે જે સમાધિ અને શાંતિ અને એકાગ્રતા એને દેશસામાયિક ગૃહસ્થાશ્રમમાં રહેલાની સામાયિક કહે છે. અને મુનિની સામાયિક તો અંદર '**પરમજિનયોગીશ્વર સ્વાત્માશ્રિત...**' સ્વ આત્મા જે પૂર્ણ આનંદસ્વરૂપને આશ્રયે. આહા..હા..! છે? '**પરમજિન...**' જેણે રાગને ભિન્ન કરીને ભગવાન આત્માને જેણે જોયો છે, જાણ્યો છે, અનુભવ્યો છે. આહા..હા..! સમજાણું? એવા '**પરમજિનયોગી...**' મુનિ. મુનિની વાત લીધી છે. '**સ્વાત્માશ્રિત...**' એ વિકલ્પ નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... કરે એ નહિ. એ તો રાગ છે, એ સામાયિક નથી.

ચૈતન્ય દ્રવ્ય જે જ્ઞાયકભાવ પૂર્ણ ધ્રુવ શુદ્ધ એને આશ્રયે જે દશા થાય એને અહીંયાં ધર્મધ્યાન અને શુક્લધ્યાન કહે છે. સમજાણું કાંઈ? આ તો જિનેશ્વર સર્વજ્ઞ પરમાત્મા દેવાધિદેવ આને સામાયિક કહે છે. '**પરમજિનયોગીશ્વર સ્વાત્માશ્રિત...**' સ્વ આત્મા અને આશ્રિત બે શબ્દ છે. સ્વ આત્મા ત્રિકાળી આનંદસ્વરૂપ ધ્રુવ એને આશ્રિત. આહા..હા..! '**નિશ્ચય-ધર્મધ્યાન વડે...**' સાચું ધર્મધ્યાન તેને કહીએ કહે છે. આહા..હા..! જે સમતાની વીતરાગ.. સામાયિક એટલે સમતાનો લાભ, સમતા એટલે વીતરાગતાનો લાભ. વીતરાગતાનો લાભ કોને હોય? કે જે વીતરાગસ્વરૂપ આત્મા એને આશ્રયે જાય એને વીતરાગતાનો લાભ થાય. સમજાણું કાંઈ? આહા..હા..! આવો માર્ગ એટલે સમજે નહિ બિચારા સંપ્રદાય અને વાડામાં. 'વાડા બાંધી બેઠા રે પોતાનો પંથ કરવાને.' ભગવાનજીભાઈ! આ તો માર્ગ વીતરાગનો છે, બાપા! જિનેશ્વરદેવ એમ કહે છે કે જેને સ્વાત્માશ્રિત. સ્વ આત્મા એટલે ત્રિકાળી આનંદકંદ પ્રભુ અનાકુળ શાંતિ અને અનાકુળ આનંદનો રસ આત્મા ધ્રુવ, એને આશ્રિત એ પર્યાય, એ વીતરગી પર્યાય એ નિશ્ચયધર્મધ્યાન. આહા..હા..! સમજાણું કાંઈ?

'**સ્વાત્માશ્રિત...**' એ તો ૧૧માં કહ્યુંને કે ભૂતાર્થ. એ અહીં સ્વાત્મા કીધો. આહા..હા..! એક સમયમાં ચૈતન્યમૂર્તિ ધ્રુવ નિત્યાનંદ પ્રભુ. એનું સ્વરૂપ જ નિત્ય આનંદ છે. આત્માનું સ્વરૂપ જ નિત્ય આનંદ-સદા આનંદનો ઘન છે એ તો. આહા..હા..! એવા આત્માને આશ્રયે '**भूदत्थमस्सिदो खलु**' ભૂતાર્થ જે ચિદાનંદ ધ્રુવસ્વરૂપ એને આશ્રયે જે શાંતિ, સમતા, સમ્યગ્દર્શન થાય એને અહીંયાં સામાયિક અને એને સમાધિ કીધી છે. ઓલા બાવા કરાવે એ સમાધિ નહિ હોં આ. પણ એની ખબર પણ ક્યાં છે એને. લોગસ્સમાં આવે છે સમાહિવરમુત્તમુદંતિ કોને ખબર? શબ્દનો અર્થ પણ ખબર ન મળે. સમાહિવરમુત્તં આવે છેકે નહિ? એ સમાધિ એટલે આ. આત્મા ત્રિકાળી આનંદસ્વરૂપ એને ધ્યેય બનાવીને જે ધ્યાનની પર્યાય થાય આહા..હા..! એ વીતરાગીદશા અને વીતરાગી આનંદ જેમાં આવે એ દશાને સામાયિક અને સમાધિ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ '**નિશ્ચય-ધર્મધ્યાન વડે અને સમસ્ત વિકલ્પજાળરહિત નિશ્ચય-શુક્લધ્યાન વડે...**'

આહા..હા..! '**સ્વાત્મનિષ્ઠ (નિજ આત્મામાં લીને એવી)...**' નિજ આત્મા નિત્યાનંદ પ્રભુ એમાં લીન. આહા..હા..! એવી '**નિર્વિકલ્પ પરમસમાધિરૂપ...**' આહા..હા..! એવી રાગ વિનાની વીતરાગી પરમશાંતિરૂપ '**સંપત્તિના કારણભૂત...**' આહા..હા..! એ '**પરમ સમાધિરૂપ સંપત્તિ...**' પોતાના આનંદની લક્ષ્મી. આ ધૂળ નહિ હોં આ પૈસા-બૈસા બધા. એ ધૂળ માટી, એ ધૂળના ધણી થાય એ જડ છે.

**શ્રોતા :-** ભલે આપ અમને જડ કહો, પણ પૈસા તો અમારી પાસે છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પૈસા એની પાસે કે દિ' હતા? પૈસા તો જડમાં છે. આત્મામાં આવી ગયા પૈસા? એ તો જડ છે, એ તો અજીવ છે. ભગવાન આત્મા તો અરૂપી ચિદ્‌ઘન છે. તત્ત્વદૃષ્ટિ એટલે સત્યદૃષ્ટિ, અતત્ત્વદૃષ્ટિ એટલે અજ્ઞાનદૃષ્ટિ, મૂઢદૃષ્ટિ. આહા..હા..! પૈસા તો ધૂળ છે, જડ છે, માટી છે. આહા..હા..! એ મારા છે એ માન્યતા જ મૂઢની, મિથ્યાદૃષ્ટિની, અજ્ઞાનીની છે. આહા..હા..! જડ મારા? એ તો જડ છે. આ શરીર જડ છે, માટી છે આ તો. આ નજીક રહેલી માટી, ઓલી દૂર રહેલી માટી. આ કોઈ ખીલી-બીલી વાગે તો નથી કહેતા આપણે? ખીલી વાગેને કાંઈક? કે ભાઈ મારી માટી પાકણી છે તો પાણીને અડવા દેશો નહિ. કહે છે કે નહિ? એનો શું અર્થ છે? કર્યો છે કોઈ દિ' અર્થ? એને એમ ને એમ હાંકે રાખ્યું છે. મારી માટી પાકણી છે આ. આ માટી છે, આ શું છે? આ તો ધૂળ છે. આ ક્યાં આત્મા છે? આત્મા તો અંદર ભિન્ન છે. જ્ઞાન અને આનંદનો સાગર એવો ભગવાન આત્મા દેહના રજકણથી તદ્દન ભિન્ન છે. આહા..હા..! તમારે કહેવાય છે કે નહિ એવું કાંઈ? માટી પાકણી નથી કહેતા? શું કહે છે? લોઢું વાગ્યું હોયને. એમાં કાટવાળું હોય જરી લોઢું તો જરી શંકા પડી જાય મારું આમાંથી ધનુરવા સમજ્યા? ધનુરવા થશે? શરીર ધ્રુજે. લોઢું હોયને લોઢું કાટવાળું હોયને કાટ. કાટ સમજો છો? મરી જાય માણસ વાગ્યું હોય તો.

અહીં થયું હતું એ હમણા વયા ગયા નહિ? દેવજીભાઈને ઈ. એના દીકરા આવ્યા હતાને એમાં એક વલ્લભભાઈ એને થયું હતું અહીં. પણ બચી ગયો. આ વિનંતી કરવા આવ્યા હતાને આ કાનાતળાવવાળા કણબી. એને એકને થયું. એ કાનાતળાવમાં લાખો રૂપિયાની પેદાશવાળા કણબી છે. વર્ષે. એક વર્ષે લાખ, દોઢ લાખની પેદાશવાળા કણબી છે. કાનાતળાવમાં છે. એ ભાઈ દેવજીભાઈ આવ્યા હતા એની પાસે લગભગ ૬૦-૭૦ હજારની પેદાશ બાર મહિને છે. કણબીએ બનાવ્યું છે ત્યાં એક દિગંબર મંદિર ૬૦ હજારનું. થોડા પૈસા અહીંથી આવ્યા અને બીજેથી. અહીં શું કહેવું છે? કે ઓલા લોઢું વાગે તો ધનુર થઈ જાય અને અમથું લોઢું વાગે અને એમાં જો પાણી અડે તો પાકી જાય. એટલે એમ કહે છે કે મારી માટી પાકણી છે. એમ કહે છેને? પાકણી છે. આ માટી પાકણી છે. આ માટી છે, આ ક્યાં? આ તો માટી-ધૂળ છે.

**શ્રોતા :-** પણ મારી માટી કહે છેને. જડની માટી એમ ક્યાં કહે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભાન કે દિ' હતું એને બોલવામાં પણ. એમ સૌ બોલે એમ બોલી નાખે. એ આ માટી છે. શરીર જડ છે, અજીવ છે, આ મૂર્ત છે, આ પુદ્ગલ છે, આ આત્મા નથી આ કાંઈ. આત્મા તો અંદર જુદી ચીજ છે. આહા..હા..! એ આત્મા કહે છે '**નિર્વિકલ્પ પરમસમાધિરૂપ સંપત્તિ...**' ભાષા દેખો, આહા..હા..! આનંદનો નાથ પરમાત્મા પોતે આત્મા, ભગવાન અનંત આનંદની લક્ષ્મીનો ભંડાર આત્મા છે. સર્વજ્ઞ તીર્થંકરદેવ જિનેશ્વરદેવ પરમેશ્વરે એમ ફરમાવ્યું છે કે અમને જે અતીન્દ્રિય આનંદ પ્રગટ્યો કેવળજ્ઞાનમાં એ આનંદ આવ્યો ક્યાંથી? આહા..હા..! એ આત્મામાં અતીન્દ્રિય આનંદનો કંદ પડ્યો છે, પ્રભુ! આહા..હા..! કંદમૂળ છેને કંદમૂળ જેમ? શક્કરકંદનો દાખલો નહોતો આપ્યો? આ શક્કરકંદ નથી શક્કરકંદ? એની ઉપરની છાલ જરી કાઢી નાખો તો શક્કરકંદ સાકરનો મીઠાશનો પિંડ છે એ બધો. શક્કરકંદ, સાકર અને સાકરનો પિંડ છે એ મીઠાશનો. એક છાલ જરી ઉપલી હોયને એને .. ગણી લ્યો તો. એમ આત્મામાં પુણ્ય અને પાપના, દયા, દાનના વિકલ્પ જે છાલ છે. આહા..હા..! એની પાછળ એકલો અતીન્દ્રિય આનંદનો કંદ આત્મા છે. કોઈ દિ' સાંભળવા પણ ન મળે. સમજાણું કાંઈ? એવા ભગવાન અતીન્દ્રિય આનંદનું દળ છે. એનો જેણે આશ્રય લીધો. '**अप्पसरूवं**' વળી યાદ આવી ગયું. '**अप्पसरूवं**' આલંબન નહિ.. આત્માના સ્વરૂપનું આલંબન લીધું જેણે. ૧૧૯ આવ્યું હતુંને, ભાઈ! આમાં જ છેને? આહા..હા..! '**अप्पसरूवं**' આત્માનું રૂપ જે નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્યઘન ધ્રુવ. એ આત્માનું રૂપ છે. આહા..હા..! એનો જેણે અંતરમાં આશ્રય લીધો એ પર્યાય છે એ પર્યાય પ્રગટી છે. નિર્વિકલ્પસમાધિરૂપ. આહા..હા..!

એવી '**સંપત્તિના કારણભૂત એવાં તે ધર્મ-શુક્લધ્યાનો** વડે, **અખંડ-અદ્વૈત-સહજ-ચિદ્વિલાસલક્ષણ...**' આહા..હા..! ભગવાન આત્મા અખંડ છે. એમાં ખંડ નથી. પર્યાયનો ભેદ પણ જેમાં નથી. આહા..હા..! અદ્વૈત છે. આહા..હા..! એ દ્રવ્ય અને પર્યાય દ્વૈત એ નથી. એ તો અદ્વૈત-ખંડ નહિ અને દ્વૈત, બે નહિ. આહા..હા..! અરે! આત્મા, ભાઈ! કોણ છે એની લોકોને ખબર નથી. આત્માની ચીજ સર્વજ્ઞ પરમેશ્વર દેવાધિદેવ જિનેન્દ્ર જેને આત્મા કહીએ એ આત્મા કોણ છે એણે સાંભળ્યું પણ નથી. એમ ને એમ વાડામાં પડ્યા. સામાયિક કરો ને પોષા કરો ને પડિક્કમણા કરો, ચોવિહાર કરો ધર્મ થઈ જાય. ધૂળેય ધર્મ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ધૂળ એટલે સારા પુણ્ય પણ એમાં ન બંધાય. સારું પુણ્ય ન બંધાય. હલકું પુણ્ય બંધાય. અને સમકિતીને ઉંચું પુણ્ય બંધાય તીર્થંકરગોત્ર, બળદેવ, ગણધર થાય. આહા..હા..!

**શ્રોતા :-** .. તો એ જ સારું લાગતું હશે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સારું શું લાગે? સારો તો આત્મા લાગે, પણ વચ્ચે આવી જાય એટલું. શુભભાવ પૂર્ણ નાશ ન થયો હોય તો એને પુણ્યભાવ અંદર હોય છે. આહા..હા..!

આ ટીકા કરનારને શબ્દો ઓછા પડે છે. આ તમને કેમ કહેવું? આત્મા છે વસ્તુ એની પર્યાય અવસ્થામાં ભલે રાગ-દ્વેષ હોય, પણ વસ્તુમાં રાગ-દ્વેષ કાંઈ નહિ. એ તો નિર્મળાનંદ પ્રભુ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવી સંપત્તિનું કારણ.. પાછું એમ કહે વળી ઓલું શુભરાગ હોય એને કારણ કહ્યું આવું. એમ નથી. આવી નિર્વિકલ્પ સમાધિનું કારણ તો નિશ્ચય ધર્મધ્યાન-શુક્લધ્યાન છે. સમજાણું કાંઈ? આવો માર્ગ, ભાઈ! જિનેશ્વર વીતરાગ પરમાત્મા કોને સમ્યગ્દર્શન કહે છે? કોને સામાયિક કહે છે? એની ખબર ન મળે.

**શ્રોતા :-** આવી વાત અમારે .. પહેલા હતી નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ? આહા..હા..! ભાઈ! તું રાગના પડદે અંદર ભગવાન છો. એ પડદો ફાડ તો ભગવાન બહાર આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ ઓજલમાં બાયુ નથી હોતી? એમ આ રાગની ઓજલમાં ભગવાન પાછળ પડ્યો છે. આહા..હા..! એની એને ખબર નથી. એ રાગના વિકલ્પની વૃત્તિની પાછળ ભગવાન પૂર્ણાનંદ છે એનો જેણે આશ્રય લીધો એને નિજસંપત્તિનું કારણ જે નિશ્ચયધર્મ અને શુક્લધ્યાન એનાથી આત્માની શાંતિ અને સમાધિ પ્રગટ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કેવો છે આત્મા? અખંડ છે. ગુણગુણીનો ભેદ પણ નથી જેમાં. આહા..હા..! '**અદ્વૈત...**' છે, બે નથી એમાં. ગુણ અને ગુણી એવું બેપણું નથી. એમ દ્રવ્ય અને પર્યાય એવું બેપણું વસ્તુમાં નથી. આહા..હા..! '**અખંડ-અદ્વૈત-સહજ-ચિદ્વિલાસલક્ષણ...**' ત્રિકાળની વાત છે હોં એ. સ્વભાવીક ચિદ્ નામ જ્ઞાનવિલાસ લક્ષણ જેનું સ્વરૂપ છે. જ્ઞાનવિલાસ લક્ષણ છે. આહા..હા..! બે ધ્યાન વચ્ચે આ નાખવું છે. જ્ઞાન અને આનંદ. પાછો આનંદ આવશે હવે. '**અખંડ-અદ્વૈત-સહજ-ચિદ્વિલાસલક્ષણ...**' સ્વરૂપ '**સ્વાભાવિક ચૈતન્યવિલાસ જેનું લક્ષણ છે એવા), અક્ષય આનંદસાગર...**' આહા..હા..! જોયું! જ્ઞાન અને આનંદ જ્યાં હોય ત્યાં નાખ્યા છે બે. આહા..હા..!

ભગવાન આત્મા '**અખંડ-અદ્વૈત-સહજ-ચિદ્વિલાસલક્ષણ, અક્ષય આનંદસાગરમાં મગ્ન થતા...**' નાશ ન થાય એવો આનંદનો સાગર એમાં મગ્ન જ છે આત્મા. આહા..હા..! સમજાણું કાંઈ? '**સકળ બાહ્યક્રિયાથી પરાઙ્મુખ...**' આવા આનંદસાગરમાં મગ્ન થતા લીનતા થતી લીનતા. અને '**સકળ બાહ્યક્રિયા...**' દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ બધી બાહ્ય ક્રિયા રાગ છે. આહા..હા..! '**બાહ્યક્રિયાથી પરાઙ્મુખ,...**' (સ્વની) સ્વસન્મુખ અને પરથી પરાઙ્મુખ. આહા..હા..! એવો જે ભગવાન આત્મા '**શાશ્વતપણે અંતઃક્રિયાના અધિકરણભૂત,...**' લ્યો! શાશ્વતપણે ધર્મની અને શુક્લધ્યાનની ક્રિયા એવી વીતરાગી ક્રિયાના આધારભૂત. આહા..હા..! ત્રિકાળી વસ્તુ વીતરાગી પર્યાયનો આધાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? ધર્મની વીતરાગી પર્યાય એ અંતઃક્રિયા છે. એનો આધાર ભગવાન આત્મા છે. આહા..હા..! એક-એક શબ્દે કેટલું ભર્યું છે! આ વીતરાગવાણી કહેવાય. જેમાં વીતરાગતાનો જ ઉપદેશ

અને વીતરાગતાની જ પુષ્ટિ થાય એ વીતરાગમાર્ગ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'આનંદસાગરમાં મગ્ન થતા, સકળ બાહ્યક્રિયાથી પરાઙ્મુખ, શાશ્વતપણે અંતઃક્રિયાના...'** શાશ્વતનો અર્થ ઈ કર્યો સદા. '(સદા) **અંતઃક્રિયાના અધિકરણભૂત...**' આહા..હા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે વીતરાગી ક્રિયા એનો આધાર ભગવાન છે પોતે આત્મા. આહા..હા..! ભગવાન તો બહાર રહી ગયા. અરિહંત અને સિદ્ધ એ તો બહાર રહ્યા, એના જ્ઞાનમાં રહ્યા, અહીં ક્યાં આવી ગયા છે? આહા..હા..! સમજાણું કાંઈ? '**સદાશિવસ્વરૂપ...**' ઓહો..હો..! સદાશિવસ્વરૂપ ભગવાન આત્મા. ત્રિકાળ નિરૂપદ્રવ્ય એવું સહજસ્વરૂપ આનંદમૂર્તિ એ સદાશિવસ્વરૂપ જ છે ભગવાન આત્મા. આહા..હા..! એવા '**આત્માને...**' આવા આત્માને. આહા..હા..! '**નિરંતર ધ્યાવે છે,...**' આવા આત્માને નિરંતર ધ્યાવે છે. આહા..હા..!

'**તેને ખરેખર જિનેશ્વરના શાસનથી નિષ્પન્ન થયેલું,...**' આહા..હા..! વીતરાગભાવથી ઉત્પન્ન થયેલું. '**નિત્યશુદ્ધ,...**' પર્યાયની વાત છે આ. '**ત્રિગુપ્તિ વડે ગુપ્ત...**' મન, વચન એન કાયાથી ખસી ગયો છે અને અંતર આનંદમાં આવ્યો છે. આહા..હા..! '**એવી પરમ સમાધિ જેનું લક્ષણ છે...**' પરમ-આનંદ અને પરમશાંતિ... શાંતિ... શાંતિ... અકષાયભાવ '**પરમસમાધિ જેનું લક્ષણ છે એવું, શાશ્વત સામાયિકવ્રત છે.**' એને સાચું સામાયિક વ્રત હોય છે. આહા..હા..! બહુ ગાથા ઉંચી! છેલ્લી છેને સમાધિની છેલ્લી. આહા..હા..! શબ્દો ઓછા પડે કહે જુઓ, પહેલું તો એમ લીધું કે કેવળ '**સકળ-વિમળ કેવળજ્ઞાનદર્શનનો લોલુપ...**' આહા..હા..! પૂર્ણ કેવળજ્ઞાન અને પૂર્ણ દર્શનની ભાવનાવાળો. આહા..હા..! લોલુપી છે ઈ. આ દુનિયા વિષયના લોલુપી અને કષાયના લોલુપી છેને? ધર્મી કેવળજ્ઞાન અને કેવળદર્શનનો લોલુપી. લોલુપ છે. આહા..હા..! એટલે ભાવનાવાળો. કેવળજ્ઞાન અને કેવળદર્શન જે સાધ્ય છે એની ભાવનાવાળો. આહા..હા..! એને '**સ્વાત્માશ્રિત નિશ્ચય-ધર્મધ્યાન...**' અને શુક્લધ્યાન વડે પોતામાં લીન એવી '**નિર્વિકલ્પ પરમસમાધિરૂપ સંપત્તિના કારણભૂત એવા તે ધર્મ-શુક્લધ્યાનો વડે,...**' આહા..હા..! આવા આત્માને ધ્યાવે છે એમ કહે છે. એ વડે કોનું ધ્યાન કરે છે? આહા..હા..!

'**અખંડ-અદ્વૈત-સહજ-ચિદ્‌વિલાસલક્ષણ, અક્ષય આનંદસાગરમાં મગ્ન થતા, સકળ બાહ્યક્રિયાથી પરાઙ્મુખ,...**' છે એ તો. આહા..હા..! અંતઃક્રિયામાં આધારભૂત ભગવાન એની સન્મુખ છે, બાહ્યક્રિયાથી વિમુખ છે અને અંતઃક્રિયાનો આધાર ભગવાન એની સન્મુખ છે. આહા..હા..! આવી ભાષા અને આ શું! કોઈ દિ' સાંભળ્યું ન હોય આ સામાયિક ને પોષા ને પડિક્કમણા ધૂળેય નથી. સામાયિક કેવા અને પોષા કેવા તારે? હજી વસ્તુની તો ખબર નથી કે વસ્તુ કેવી છે. કેમાં ઠરવું છે? કેમાં જાવું છે? કઈ ચીજ મોટી ચીજ ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ છે એની ખબર વિના, કહો, ...ભાઈ! સામાયિક તો કરી હશે કે નહિ પહેલી ત્યાં? કરી હશે ઘણી. આહા..હા..! બીજી ભાષાએ કહીએ તો એ સમતાનો

પિંડ પ્રભુ છે. આત્માનું દ્રવ્ય જ વીતરાગના રસકંદથી ભરેલું છે. વીતરાગીકંદ છે, પ્રભુ! આહા..હા..! ધ્રુવ વીતરાગીકંદ આત્મા છે, સદા શિવરૂપ છે. આહા..હા..! સદાય નિર્મળ વીતરાગી પર્યાયના આધારભૂત છે. આહા..હા..!

અહીં તો દ્રવ્યના આશ્રયની વાત લેવી છેને? એટલે. નહિતર તો જે ક્રિયા છે નિર્મળ એમાં ષટ્કારકનો પરિણમનનો આધાર એનામાં એનામાં છે. શાંતિ વીતરાગ પર્યાય સમતાની એ પર્યાયનું કર્તા, કર્મ, આધાર બધો પર્યાયમાં છે, પણ આ કોને આશ્રયે થાય એ બતાવવા માટે કીધું કે એનો આધાર આત્મા છે. આહા..હા..! ૭૩ ગાથામાં કહ્યુંને એ? એક સમયની પર્યાયના. નિર્મળ પર્યાય હોં, વીતરાગી પર્યાય. એ પર્યાય જે છે એનો કર્તા પર્યાય, એ પર્યાય એનું કાર્ય, પર્યાયનું કાર્ય પર્યાય, પર્યાયનું કારણ પર્યાય, પર્યાય કરીને રહી પર્યાયમાં, પર્યાયનો આધાર પર્યાય, પર્યાયથી પર્યાય થઈ. કહો, ગુલાબચંદભાઈ! આવું ક્યાં સાંભળ્યું હતું કોઈ દિ' ચોટીલા-રાજકોટ? અમે સ્થાનકવાસી છીએ અને અગ્રેસર બધા થઈને મોઢા આગળ ફરે. ક્યાં વસ્તુ? બધી વસ્તુ ગુમ થઈ ગઈ. આહા..હા..! કેવો શ્લોક મૂક્યો છે! આહા..હા..! ભાઈ! તું જે સમતા પ્રગટ કરવા માગે છો. સામાયિક એટલે વીતરાગી પર્યાય, ધર્મધ્યાન, શુક્લધ્યાનને કારણે સંપત્તિ જે પૂરતી છે એવી અનંતી સંપત્તિનો તું સ્વામી-ધણી છો અંદર. આહા..હા..! એમાં તો એ સંપત્તિનો એક અંશ બહાર આવ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

વસ્તુમાં નિર્વિકલ્પ સમાધિ એને આધારે થતાં એ નિર્વિકલ્પ સમાધિ વીતરાગ પર્યાય છે એ સામાયિક, એ પ્રગટરૂપ પર્યાય છે. પણ એ પર્યાયનો અંશ વીતરાગી આવ્યો ક્યાંથી? એ વીતરાગી પિંડ પ્રભુ છે, એ આત્મા વીતરાગનો કંદ જ છે, એમાંથી એક અંશ આવ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી ચીજ છે, ભાઈ! શું થાય? વીતરાગમાર્ગનો માર્ગ આવો છે. એ પરમેશ્વર જિનેન્દ્રદેવ સભામાં ભગવાન બિરાજે છે મહાવિદેહમાં. સીમંધર પ્રભુ ભગવાન બિરાજે છે મહાવિદેહમાં. એના મુખથી નીકળેલી આ વાણી છે. કુંદકુંદાચાર્ય અહીંથી ગયા હતા આઠ દિ' ત્યાં. અરેરે! ભરતક્ષેત્રમાં વિરહ પડ્યા ભગવાનના. ત્યાંથી ગયા હતા વંદેવાસી. શું કહેવાય ઈ? પોન્નુરહીલ. વંદેવાસ છેને? (મદ્રાસ)થી ૮૦ માઈલ આ બાજુ વંદેવાસ ગામ છે દસ હજારની વસ્તી લગભગ. એથી પાંચ માઈલ દૂર પોન્નુરહીલ ટેકરી છે. ત્યાં બેવાર જઈ આવ્યા છીએ. ત્યાંથી ગયા છીએ ભગવાન પાસે. બે હજાર વર્ષ થયા. ભગવાનના શ્રીમુખે આ વાણી હતી એ બધી અંતર તો પરિણમન હતું, પણ વિશેષ એને નિર્મળતા પોતાને અવલંબે થઈ એ ભગવાનનું સમીપપણું ત્યાં હતું. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આવો જે ભગવાન સદાશિવસ્વરૂપ. ઓલા શિવ એટલે ઓલા શંકર એ નહિ હોં. આ તો સદા નિરૂપદ્રવ્ય, નિષ્કલંકસ્વરૂપ જ ભગવાન આત્માનું છે. સદાશિવ. છે? એમાં પણ સદાશિવ કહે છે. આ તો સદાશિવ છે એવું પર્યાયમાં ભાન થયું ત્યારે એ સદાશિવ

છે એમ નિર્ણય થયો. સમજાણું કાંઈ? આ આત્મા પોતે વસ્તુ, વસ્તુ પોતે આત્મા સદાશિવસ્વરૂપ, નિષ્કલંક ઉપદ્રવ વિનાની ચીજ એકલો અતીન્દ્રિય આનંદનો રસકંદ એવું જ્યારે પ્રતીતમાં, અનુભવમાં આવ્યું ત્યારે આ સદાશિવ છે એમ એનો નિર્ણય થયો. સમજાણું કાંઈ? આહા..હા..! પછી માણસ એમ કહે આ તો બધું નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય... પણ એ નિશ્ચય એ જ સાધન છે, સાંભળને. તારા વ્યવહાર સાધન તો કરીને મરી ગયો અનંતવાર. વ્યવહાર.. નથી આવ્યું? નિયમસારમાં આવ્યું છેને. કથનમાત્ર એવો જે વ્યવહારરત્નત્રય તો અનંતવાર કર્યો છે તે. હવે ઓલા કહે વ્યવહારથી નિશ્ચય થાય. લ્યો, આ પંડિતો એ કહે છે ઘણા.

**શ્રોતા :-** પંડિતને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પંડિત કોને કહેવા? આહા..હા..! સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષામાં તો એમ કહ્યું છે કે જે ભગવાન આત્માને અનુભવે સ્થિરતાથી જે કરે એ તો પંડિત કહેવાય. ઈ પંડિત કહેવાય. આહા..હા..! જાણનારે ઘણું જાણ્યું એ કાંઈ પંડિત નથી. એ તો ભલે જાણે, પણ એકને જેણે જાણ્યો ભગવાનને. આહા..હા..! પણ એને ભગવાન કહેતા જ રાડ નાખે. પણ અમે પામર, ભિખારીને તમે ભગવાન કહો? અરે! પામર નથી સાંભળને હવે! આહા..હા..! એ તો પર્યાયમાં માનેલી તારી વાત છે. વસ્તુ તો ભગવાનસ્વરૂપ જ છે. આહા..હા..!

આવા '**આત્માને નિરંતર ધ્યાવે છે,...**' આહા..હા..! જેને ધ્રુવમાં ધ્યાન લાગી ગયું છે, કહે છે. આહા..હા..! એને '**જિનેશ્વરના શાસનથી...**' વીતરાગદેવના માર્ગમાં ત્રિલોકનાથ જિનેશ્વરદેવના માર્ગમાં, એમાં ઉત્પન્ન થયેલું '**નિત્યશુદ્ધ, ત્રિગુપ્તિ વડે ગુપ્ત એવી પરમ સમાધિ જેનું લક્ષણ છે એવું, શાશ્વત સામાયિકવ્રત છે.**' એને સાચી સામાયિક હોય છે જિનેશ્વરના માર્ગમાં, બીજે તો ક્યાંય હોતું નથી. આહા..હા..! છેલ્લી ગાથા પણ. શાશ્વતનો અર્થ સ્થિર છે એમ. સ્થાયી શબ્દ છેને પાઠમાં. સામાયિક સ્થાયી એમ. કાંઈ પર્યાય શાશ્વત છે? પણ કાયમ રહેનારી છે. સમતા... સમતા... સમતા... એટલે એને સાચી સામાયિક કીધી. અને વિકલ્પ દયા, દાન અને વ્રતનો વિકલ્પ નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... કરીને કરે એ તો રાગ છે. ત્યાં સામાયિક કેવી? એ બાહ્યક્રિયાથી તો પરાઙ્મુખ છે કીધુંને. આહા..હા..!

'**(હવે, આ પરમ-સમાધિ અધિકારની છેલ્લી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે :)**'

(मंदाक्रांता)

शुक्लध्याने परिणतमतिः शुद्धरत्नत्रयात्मा
धर्मध्यानेप्यनघपरमानन्दतत्त्वाश्रिते ऽस्मिन्।
प्राप्नोत्युच्चैरपगतमहद्दुःखजालं विशालं
भेदाभावात् किमपि भविनां वाङ्मनोमार्गदूरम्।।२१९।।

આહા..હા..! '**શ્લોકાર્થ :- આ અનઘ (નિર્દોષ) પરમાનંદમયતત્ત્વને આશ્રિત...**'

જુઓ, ભગવાન ધ્રુવસ્વરૂપ એ નિર્દોષ પરમાનંદમય. જોયું! પરમાનંદવાળો પણ નહિ. પરમાનંદમય વસ્તુ ત્રિકાળ. એવા '**તત્ત્વને આશ્રિત...**' એવું તત્ત્વ, આત્મતત્ત્વ એને આશ્રિત. આહા..હા..! '**ધર્મધ્યાનમાં અને શુક્લધ્યાનમાં જેની બુદ્ધિ પરિણમી છે...**' એવા આત્મામાં ધર્મધ્યાન અને શુક્લધ્યાન. આહા..હા..! '**પરમાનંદમયતત્ત્વને આશ્રિય...**' જુઓ, ત્યાં પણ આશ્રિત નાખ્યું નહિ? આશ્રિત. અંદર આશ્રિત. '**તત્ત્વાશ્રિતેઽસ્મિન્**' બીજું પદ છે. .. પરમાનંદમયતત્ત્વ ભગવાન આત્મા. અરે! બે કેમ હોય? આ પરમાનંદમય છે.

અમારે ભગવાનજીભાઈ હતાને વકીલ, રામજીભાઈના. કે આવો આત્મા ધોયેલ મૂળા જેવો ગયો ક્યાં કહે. તમે આટલા વખતથી કહો. એ વકીલ હતા રાજકોટમાં. કાંઈ બુદ્ધિ ન મળે. પુણ્યને લઈને રળી ખાતા હોય ઓલા વકીલાતમાં. પછી દુનિયામં ડાહ્યા કહેવાય. ધોયેલ મૂળા જેવો છે, પણ તને ખ્યાલમાં-દૃષ્ટિમાં આવે ત્યારેને? એની સામું જોવે તો એ જણાયને? એની સામું જોવે નહિ અને રાગ સામું જોવેને જણાય જાય આત્મા? આહા..હા..! સમજાણું કાંઈ? અંતર્મુખ તત્ત્વની સામુ જોવે એને તત્ત્વની ખાત્રી થાય, પણ અંતર્મુખ જોવે નહિ અને રાગ સામું પુણ્ય દયા, દાનના વિકલ્પની સામું, અરે! એક સમયની પર્યાય સામું જોવે. ત્યાં ક્યાં આત્મા હતો? સમજાણું કાંઈ? આવો માર્ગ છે, ભાઈ!

'**(નિર્દોષ) પરમાનંદમય...**' અતીન્દ્રિય પરમાનંદ પ્રભુ એનો એ ઢગલો છે. અતીન્દ્રિય આનંદમયનું આત્માનું ધોકડું છે. અરે! કેમ બેસે? આ રૂના ધોકડા થતા નથી રૂ-રૂ. રૂ કહે છેને. ગાંઠડી. મોટી-મોટી ગાંઠડી ૨૫-૨૫ મણની. થોડો નમુનો કાઢીને બતાવે કે જુઓ આવું રૂ છે. શું ભાવ દેવો છે? એમ અહીંયાં આનંદનું ધોકડું ભગવાન છે. અતીન્દ્રિય આનંદ. એમાં એકાગ્ર થાય તો એમાંથી નમુનો બહાર આવે. આહા..હા..! એનો આશ્રય લે તો આનંદનો નમૂનો પર્યાયમાં, વેદનમાં આવે. આહા..હા..! એવા '**તત્ત્વના આશ્રિત ધર્મધ્યાનમાં અને શુક્લધ્યાનમાં જેની બુદ્ધિ પરિણમી છે...**' ભાષા દેખો, આહા..હા..! ભગવાન પૂર્ણ અનાકુળ આનંદ એને આશ્રયે જેને ધર્મધ્યાન અને શુક્લધ્યાનની દશા, બુદ્ધિ પરિણમી છે. આહા..હા..!

'**એવો શુદ્ધરત્નત્રયાત્મક જીવ...**' લ્યો! '**એવો શુદ્ધરત્નત્રયસ્વરૂપ જીવ એવા કોઈ વિશાળ તત્ત્વને અત્યંત પામે છે...**' સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ એવો જીવ. આહા..હા..! '**એવા કોઈ વિશાળ તત્ત્વને અત્યંત પામે છે...**' આહા..હા..! '**કે જેમાંથી (-જે તત્ત્વમાંથી) મહાદુઃખસમૂહ નષ્ટ થયો છે...**' વસ્તુમાં તો નથી, પણ એનો આશ્રય કરે એને પણ દુઃખ રહેતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**વિશાળ તત્ત્વને અત્યંત પામે છે...**' પર્યાયમાં હોં! આહા..હા..! પામે છેને? ધ્રુવ ચિદ્‌ઘન આત્મા એનો આશ્રય લેતા પર્યાયમાં 'આ શુદ્ધતત્ત્વ છે' એમ પર્યાયમાં પ્રાપ્ત થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**વિશાળ તત્ત્વને અત્યંત પામે છે...**' એમ. નિર્મળ આનંદની દશા સમાધિ વીતરાગતા અત્યંત પામે

છે, બરાબર પામે છે કહે છે. આહા..હા..!

'**કે જેમાંથી** (જે **તત્ત્વમાંથી**) **મહાદુઃખસમૂહ નષ્ટ થયો** છે...' દુઃખ તત્ત્વમાં તો નથી, પણ પર્યાયમાં જે પ્રાપ્ત થયો ભગવાન એથી એની પર્યાયમાં દુઃખ સમૂહનો નાશ થાય છે. આહા..હા..! આનંદનો ભાવ પ્રગટ થાય ત્યાં દુઃખના સમૂહનો નાશ થાય. આવી વ્યાખ્યા આ શું કહે છે? ઓલું તો અકેન્દ્રિયા, બે ઈન્દ્રિયા, તેઈન્દ્રિયા, ચૌઈન્દ્રિયા, પંચેન્દ્રિયા ... તસ્સ મિચ્છામી દુક્કડમ. તસ્સઉતરી કરણેણં તાવકાયં માણેણં ઠાણેણં. ત્યાં ક્યાં આત્મા હતો? એ તો બધી ક્રિયાના, ભાષાના વાક્ય છે અને વિકલ્પ થાય એ રાગ છે. આહા..હા..! તાવકાયં ઠાણેણં આવે છેને? અપ્પાણં વોસરા.. તાવકાયં ઠાણેણં, માણેણં અપ્પાણં. અપ્પાણં વોસરે. પણ ક્યો આત્મા અને શું વોસરે અને શું કહે છે આ? ઈ અહીં કહે છે.

આવો આત્મા છે એની પર્યાયમાં જેને નિર્મળદશા પ્રગટ થાય એની દુઃખદશાનો આત્મામાં નાશ થાય છે. તો વોસરે કીધું. અપ્પાણં વોસરે એટલે? આત્મા આનંદમૂર્તિ પ્રભુ છે એની એકાગ્રતાથી જે અતીન્દ્રિય આનંદ પ્રગટે સમાધિ એને દુઃખરૂપી દશા વોસરે છે, નાશ થઈ જાય છે. સમજાણું કાંઈ? એને કાયોત્સર્ગ અને એને ખરું ધ્યાન કહે છે. આહા..હા..! એ કાયોત્સર્ગનું આવી ગયું છે આપણે. પહેલામાં યોગમાં આવી ગયું છે.

'**મહાદુઃખસમૂહ નષ્ટ થયો છે અને જે** (તત્ત્વ) **ભેદોના અભાવને લીધે...**' આહા..હા..! વસ્તુ છે એમાં તો ભેદનો જ એમાં અભાવ છે. આહા..હા..! દ્રવ્ય જે છે પદાર્થ ભગવાન આત્મા એમાં ભેદનો અભાવ છે. આહા..હા..! '**જીવોને વચન અને મનના માર્ગથી દૂર** છે.' એ આત્માને મનના વિકલ્પથી, વચનથી એના માર્ગથી તે દૂર છે. મનનો વિકલ્પ અને વચનનો વિકલ્પ એ માર્ગ એનાથી દૂર છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**भेदाभावात्**' તત્ત્વ અભેદસ્વરૂપ છે. પર્યાયસહિત અભેદ એમ નહિ. પર્યાય વિનાનું તત્ત્વ અભેદ છે એમ પર્યાય જાણે છે. પર્યાય શું અને આ શું? બધી ભાષા જુઓ, કોઈ દિ' જૈનદર્શનની મૂળ રીત જ સંપ્રદાયમાં છે નહિ. બહારના ઢસરડા કરીને જિંદગી પૂરી કરે બિચારા. એય..! સુજાનમલજી!

**શ્રોતા :-** આપના તો પ્રવચનની સાથે જ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આહા..હા..! 'જે (**તત્ત્વ**)...' આહા..હા..! ભવિ અને અભવિના શબ્દ છેને? ભવિનો ત્યાં જીવ કર્યો છે. ઓલામાં ભવિ શબ્દ પડ્યો છે. પહેલા છપાઈ ગયું છે એમાં. ઈ ખબર છે. ભવિને છેને એ પહેલામાં એ શબ્દ છે. પણ ભવિનો અર્થ અહીં જીવોને એ સાચો અર્થ છે. શું કીધું? '**भेदाभावात् किमपि भविनां वाङ्मनोमार्गदूरम्।।**' છેલ્લી પંક્તિ છેને? '**भविनां**' એટલે ભવ્યોને એમ ન લેતા ત્યાં '**भविनां**' જીવને એમ લેવું. પહેલા ભવિનો શબ્દ એવો છપાઈ ગયો છે. પહેલા નિયમસારમાં '**भविनां**' એમ રહી ગયું છે. '**ભેદોના અભાવને લીધે જીવોને...**' ઈ શબ્દ અહીં સુધાર્યો છે પહેલા કરતાં. આ

અર્થ આ બરાબર છે. આહા..હા..! **'ભેદોના અભાવને લીધે જીવોને વચન અને મનના માર્ગ દૂર છે.'** આહા..હા..! એ સમાધિ અધિકાર પૂરો થયો.

**'આ રીતે, સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે...'** મુનિની વાત કરે છે. ટીકા કરનારા. પદ્મપ્રભમલધારિદેવ. જે ઓલા છે મુનિ દિગંબર મુનિ ઓલીકોર છે. એમની આ ટીકા કરેલી છે. **'સૂર્ય સમાન છે....'** સુકવિજનરૂપી કમળોને.. જેમ કમળ સૂર્ય ઉગે અને ખીલે એમ આ પદ્મપ્રભમલધારિદેવ **'સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે અને પાંચ ઇન્દ્રિયોના ફેલાવરહિત દેહમાત્ર જેમને પરિગ્રહ...'** મુનિને તો એક શરીરમાત્ર હોય, બીજું હોઈ શકે નહિ. વસ્ત્ર ને પાત્ર ને નાખ્યા છે એ બધા કલ્પિત નાખીને નવો ધર્મ ઉભો કર્યો છે. સમજાણું કાંઈ? વસ્ત્ર-પાત્ર રાખે અને સાધુ માને એ તો કલ્પિતમાર્ગ છે, વીતરાગનો નથી એ. આવો માર્ગ છે, ભાઈ! મુનિને તો **'ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેમને પરિગ્રહ...'** છે. એક શરીર જ છે બસ. વસ્ત્રનો ટૂકડો નહિ, પાત્ર ન હોય નગ્નમુનિ હોય. જૈનદર્શનના મુનિઓ નગ્ન હોય છે.

**શ્રોતા** :- બાવા પણ નગ્ન હોય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ બાવા ખોટા. આ તો જૈનના બાવા નગ્ન જેને આત્માના ધ્યાનની દશાની ધૂન લાગી ગઈ છે અંદર, આત્માના આનંદની ધૂન લાગી છે અંદર. એને નગ્નદશા હોય છે, એને જૈનમાં મુનિ કહેવામાં આવે છે. બાકી આ વસ્ત્ર અને પાત્ર રાખીને મુનિ માને એ મુનિ છે જ નહિ. એ જૈનદર્શનના મુનિ જ નથી. આહા..હા..! આવી વાતું. ગુલાબચંદભાઈ! આવી વાત છે.

**શ્રોતા** :- જૈનપ્રકાશ અને જૈનદર્શનમાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બિલકુલ નહિ. બેય સ્થિવરકલ્પી અને જિનકલ્પી બેય નગ્ન હોય છે. અનાદિ વીતરાગમાર્ગમાં એક શરીર જ હતું. શ્રીમદ્‌માં આવે છેને છેલ્લું દેહમાત્ર. સર્વ ભાવથી ઉદાસીન થઈ, માત્ર દેહ તે સંયમ હેતુ હો. શ્રીમદ્‌માં છેલ્લું આવે છે છેલ્લું. પહેલું જરી પત્રોમાં જરી (ચોખવટ નથી). છેલ્લું એમ આવે છે દેહમાત્ર. 'સર્વભાવથી ઉદાસીન વૃત્તિ કરી માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો. અન્ય કારણે અન્ય કશું કલ્પે નહિ. દેહે પણ કિંચિત્ મૂર્છા નવ જોય જો. અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?' આહા..હા..!

**શ્રોતા** :- અપૂર્વ અવસર...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- મુનિપણાની ભાવના. મુનિપણાની દશાની જ ભાવના કરે છે. મુનિપણું અમને આવું ક્યારે થાય? એવી ભાવના કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..! કહો, સુજાનમલજી! આવું ત્યાં લખ્યું છે. બેય માર્ગ સાચા છે અને બેય માર્ગ... એમ ન ચાલે, ભાઈ! અહીં તો માર્ગ છે તો વીતરાગ પરમેશ્વર જિનેન્દ્રનો કહેલો માર્ગ છે. એમાં બધા ફાંટા પડી ગયા. છસ્સો વર્ષ સુધી ભગવાનનો માર્ગ ચાલ્યો સરખો. ભગવાન મોક્ષ પધાર્યા

પછી આ શ્વેતાંબર પંથ છસ્સો વર્ષે પછી નીકળ્યો. બાર વર્ષનો દુકાળ પડ્યા.

**શ્રોતા :-** એ કહે છે કે દિગંબર સત્ય નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ભલે ગમે તે કહેને! છસ્સો વર્ષે શ્વેતાંબર પંથ જુદો પડી ગયો અને એમાંથી આ સ્થાનકવાસી પંદરસો વર્ષ પછી. પાંચસો વર્ષ થઈ ગયાને? એમાંથી શ્વેતાંબરમાંથી નીકળ્યા બહાર આ સ્થાનકવાસી. એ મૂર્તિને ઉથાપીને નીકળ્યા. એટલે પહેલા જૈનમાંથી ભ્રષ્ટ થઈને શ્વેતાંબર નીકળ્યા, એમાંથી ભ્રષ્ટ થઈને સ્થાનકવાસી નીકળ્યા, એમાંથી ભ્રષ્ટ થઈને આ તુલસી નીકળ્યા તેરાપંથી. આવું છે પણ ભાઈ! આકરું બહુ, બાપુ! સત્ય જ ત્રિકાળ છે. આજ માને, કાલે માને, ગમે ત્યારે માને. સમજાણું કાંઈ? આહા..હા..!

'**દેહમાત્ર જેમને પરિગ્રહ હતો એવા શ્રીપદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં (અર્થાત્ શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત...**' ભગવાન કુંદકુંદાચાર્યથી થયું. '**નિયમસાર પરમગામની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવવિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) પરમ-સમાધિ અધિકાર નામનો નવમો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.**' લ્યો! નવમો અધિકાર છે વીતરાગભાવનો. ભક્તિનો આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## કારતક વદ-૧૫, મંગળવાર, તા. ૦૨-૧૨-૧૯૭૫
## ગાથા-૧૩૪, કળશ-૨૨૦, પ્રવચન નં. ૧૧૨

નિયમસાર, દસમો પરમ-ભક્તિ અધિકાર.

सम्मत्तणाणचरणे जो भत्तिं कुणइ सावगो समणो।
तस्स दु णिव्वुदिभत्ती होदि त्ति जिणेहि पण्णत्तं।।१३४।।

**શ્રાવક શ્રમણ સમ્યક્ત્વ-જ્ઞાન-ચરિત્રની ભક્તિ કરે,**
**નિવર્ણિની છે ભક્તિ તેને એમ જિનદેવો કહે. ૧૩૪.**

શબ્દાર્થ લઈએ પહેલા. અન્વયાર્થ '**અન્વયાર્થ :- જે શ્રાવક અથવા શ્રમણ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રની ભક્તિ કરે છે,...**' જુઓ, શ્રાવક અને સાધુ (બેય)ને ત્રણ લીધા. બેયને ત્રણ લીધા. સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર. ભલે ઓછું હોય કે જાજુ હોય પણ લીધા ત્રણેય. આ ઓલા કહે છેને એને ચારિત્ર ન હોય અને શુદ્ધ ઉપયોગ ન હોય શ્રાવકને. અહીં તો શ્રાવક હો કે સાધુ સાચા. એને આગળ કહેશે. નિજપરમાત્મતત્ત્વ જે વસ્તુ

ત્રિકાળી એની સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન અને આચરણ ત્રણે એને હોય છે. સમજાણું કાંઈ? છેને ત્રણ પાઠમાં? પછી ટીકા કરશે કે ભાઈ એ કોના? કે નિજપરમાત્મતત્ત્વની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર ત્રિકાળી વસ્તુની. એ તો ખુલાસો કરશે.

એવી '**સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની ભક્તિ કરે છે, તેને નિર્વૃત્તિભક્તિ (નિર્વાણની ભક્તિ) છે એમ જિનોએ કહ્યું છે.**' જિનેન્દ્રદેવોએ એમ કહ્યું છે. આ જૈનગેજેટમાં બહુ આવ્યું છે. કર્મકાંડનો વિરોધ. કર્મકાંડ છે એ મોક્ષનું કારણ છે. બે વાત. એક તો તદ્દન બીજી લખી છે. એ તો ઓલાની સામે. ઓલો કટારિયો છેને? એને એમ કે ભવનપતિ, વ્યંતર, જ્યોતિષના દેવનું પણ આરાધન કરવું. ચક્રવર્તી પણ આરાધે છે ચક્ર વખતે. એવા બધા દાખલા આપીને. મારા ગજબ કરે છેને! એ બહુ લાંબુ લખાણ છે જૈનગેજેટમાં. કોઈ પંડિત. ના, ના, કોઈ પંડિત, બીજો પંડિત છે, બીજો પંડિત છે. ... આહા..હા..! ઓલું આવે ખરુંને ચક્રવર્તી ભરતનું. પણ એ તો કુદરતે એને હોય છે એવું. ત્યાં આરાધવું શું? પુણ્યવંત પ્રાણી છે એટલે દેવને આવે. ઈ બધું નાખ્યું માળાએ. આવા શાસ્ત્રના આધાર લઈને.. ત્રણેને આરાધવા. જેમ ભગવાનનું આરાધન એવું આરાધન નહિ, પણ લૌકિક માટે, અનુકૂળતા માટે એને આરાધવા. અરે!

અહીં કહે છે ભગવાનને આરાધવો. પોતે ભગવાન ત્રિલોકનાથ ચૈતન્યદ્રવ્યસ્વભાવ, જ્ઞાયકભાવ એને આરાધવો એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું ભજન કરવું. આહા..હા..! સમજાણું કાંઈ? એને નિર્વાણ, એ મોક્ષનું કારણ એ છે. જોયું! શ્રાવકને પણ એ કારણ છે અને મુનિને પણ એ કારણ છે. શ્રાવકને વળી શુભભાવ છે. આવે છેને પ્રવચનસારમાં? શુભભાવ. એ તો નિર્વિકલ્પ અશુભથી બચ્યો છે અને શુભથી છોડીને આગળ જશે એ અપેક્ષાની વાત છે. આહા..હા..! શું થાય પણ? માણસને અંતરની વસ્તુ બેસવી કઠણ ભારે.

'**નિર્વૃત્તિભક્તિ (નિર્વાણની ભક્તિ છે એમ જિનોએ કહ્યું છે.**' જિનેન્દ્રદેવ વીતરાગ પરમેશ્વર એ આત્મા આનંદનો નાથ પ્રભુ ધ્રુવ ચૈતન્ય પરમાત્મસ્વરૂપ. આ આત્મા પરમાત્મા. 'અપ્પા સો પરમ અપ્પા.' આ આત્મા છેને આત્મા એ જ પરમાત્મા છે. એ પરમાત્મા 'અપ્પા સો પરમ અપ્પા' એની ભક્તિ એટલે એની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર એ એની ભક્તિ.

**શ્રોતા :-** એની સન્મુખ થવું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ સન્મુખ થવું એ જ એની ભક્તિ એનો અર્થ છે. આહા..હા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણ છે પર્યાય. સમજાણું કાંઈ? એ પર્યાય છેને ત્રણ? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ રત્નત્રય પર્યાય છે અને એ દ્રવ્યને આશ્રયે ત્રણ પર્યાય પ્રગટ થાય છે. એટલે દ્રવ્યનું આરાધન કરતાં ત્રણનું આરાધન કરવું એમ કહેવામાં આવ્યું છે. ટીકામાં કરશે.

'**ટીકા :- આ, રત્નત્રયના સ્વરૂપનું કથન છે.**' રત્નત્રય સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન,

સમ્યક્ચારિત્ર એનું કથન છે. શ્રાવકને, મુનિને ત્રણે હોય છે. ધન્નાલાલજી! ચારિત્ર હોય છે એમ કહે છે. સ્વરૂપાચરણ છેને? પાંચમે ગુણસ્થાને બીજો કષાયનો અભાવ છે એટલું ચારિત્ર છે. આહા..હા..! '**ચતુર્ગતિ સંસારમાં પરિભ્રમણના કારણભૂત તીવ્ર મિથ્યાત્વકર્મની પ્રકૃતિથી પ્રતિપક્ષ (વિરુદ્ધ)...**' ચાર ગતિના સંસારમાં પરિભ્રમણનું કારણ, કારણભૂત '**તીવ્ર મિથ્યાત્વકર્મની પ્રકૃતિ...**' ધર્મ નહિ. સમજાય છે કાંઈ? આહા..હા..! નિજપરમાત્મતત્ત્વ. અહીં કારણ કાઢી નાખ્યું. નિજપરમાત્મતત્ત્વ બસ. ત્રિકાળી પરમતત્ત્વ, પરમસ્વભાવભાવ વસ્તુ ધ્રુવ. એની સમ્યક્ શ્રદ્ધા, એની સાચી શ્રદ્ધા, ત્રિકાળીની સાચી શ્રદ્ધા. આહા..હા..! સમજાણું કાંઈ?

'**નિજપરમાત્મતત્ત્વનાં...**' એ દ્રવ્ય છે ધ્રુવ થયું. એની '**સમ્યક્ શ્રદ્ધાન...**' એ પર્યાય થઈ. પૂર્ણાનંદના નાથની પ્રતીતિ અંદર સ્વસન્મુખ થઈને 'પરમાત્મતત્ત્વ હું છું' એમ પર્યાયમાં દ્રવ્યની શ્રદ્ધા થાય એને સમ્યક્ શ્રદ્ધા-સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એટલે કે સમ્યગ્દર્શનનો વિષય ત્રિકાળ આત્મા આનંદઘન છે. સમજાણું કાંઈ? પર્યાય અને ત્રિકાળી સમ્યગ્દર્શનનો વિષય નથી. પર્યાય અને દ્રવ્ય બે એ તો વ્યવહાર થઈ ગયો અને વ્યવહાર થયો એટલે રાગનો વિષય થયો. એને સમ્યગ્દર્શનનો વિષય ઠરાવવો તદ્દન વિપરીત દૃષ્ટિ અને મહાઅંધકાર છે. આહા..હા..! મોટી વિપરીત દૃષ્ટિ છે. સમજાણું કાંઈ? '**નિજપરમાત્મતત્ત્વ...**' પરમ આત્મસ્વભાવ એમ. તત્ત્વ એટલે ભાવ લેવોને. પરમ આત્મસ્વભાવભાવ ત્રિકાળ એની '**સમ્યક્ શ્રદ્ધાન...**' આહા..હા..! એક ઠેકાણે એમ કહે અને બીજે ઠેકાણે કહે તો એ તો વિરોધ થઈ ગયો, વીતરાગના વચનમાં વિરોધ આવ્યો. બીજે ઠેકાણે એમ કહે દ્રવ્ય અને પર્યાય એ સમ્યગ્દર્શનનો વિષય. અહીં કહે પરમાત્મતત્ત્વ એ સમ્યગ્દર્શનનો વિષય. એ તો પૂર્વાપર વિરોધ. એ વીતરાગના વચન ન હોય ઈ. કેવળીના એ વચન ન હોય. સમજાણું કાંઈ? અહીં તો ચોખ્ખી વાત છે, ભાઈ! અહીં ખાનગી રાખવાની કાંઈ વાત નથી. આહા..હા..!

ભગવાન આત્મા જે શરીર, કર્મથી તો રહિત, પુણ્ય-પાપના વિકલ્પથી રહિત અને નિર્મળ પર્યાયથી રહિત એવો નિજપરમાત્મતત્ત્વ. હવે એની શ્રદ્ધા એ પર્યાય આવી. આહા..! સમજાણું કાંઈ? આહા..હા..! પૂર્ણ આનંદનો સાગર ભગવાન, સાક્ષાત્ શક્તિરૂપ પરમાત્મા જ છે. આહા..હા..! વ્યક્તરૂપ પરમાત્મા કેવળજ્ઞાની. શક્તિરૂપ દરેક આત્મા પરમાત્મા જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ અપેક્ષાએ તો સત્ત્વેષુ મૈત્રી. બધા આત્મા પ્રત્યે પ્રેમ છે. આત્મા પ્રત્યે હોં. પણ પર્યાયમાં ભૂલ હોય છે એ અજ્ઞાન છે, સંસાર છે, બંધન છે, મિથ્યાત્વ છે. તે મિથ્યાત્વથી વિરુદ્ધ અહીં વાત ચાલે છે. લીધી છે કર્મપ્રકૃતિ. પણ એ કર્મપ્રકૃતિનો અર્થ પ્રકૃતિ એટલે વિકારભાવ.

'**મિથ્યાત્વકર્મ...**' લીધું છેને? પણ એ કર્મ ત્યારે એને કહેવાય કે મિથ્યાત્વભાવ અહીં

કરે ત્યારે કર્મની પ્રકૃતિને નિમિત્ત કહેવામાં આવે. એ તો ઈશ્વરશક્તિમાં આવી ગયું છે. પોતે જ નિમિત્તને આધિન થાય છે ત્યારે તેને વિકારીભાવ થાય છે. વિકાર એને કર્મ કરાવે છે એમ નથી. આહા..હા..! અરે! વાંધા તે જગતની સાથે. કેટલું આજે જૈનગેજેટમાં આવ્યું છે લ્યો! ઓલો કટારિયાએ ના પાડી કે ન હોય. કટારિયા થઈ ગયાને એક? કટારિયા છેને? કહો, કટારિયાજી! ગયા? કોક કટારિયા નથી? પૂનમચંદ. હા એ. બીજા કટારિયા એક છેને? એ કટારિયા છે એક. બહુ સારું લખે છે. પંડિત છે કોક. કટારિયા છે. એણે લખ્યું છે. એવો લેખ લખ્યો છે કે દેવ-દેવીનું આરાધન હોય નહિ. એનો વિરોધ લખ્યો છે આમાં જૈનગેજેટમાં. બહુ લખ્યું છે. બહુ લખ્યું છે. અને કાંઈક જૈન સંદેશમાં લખ્યું એનો પણ વિરોધ કર્યો છે.

અહીં તો કહે છે, બાપુ! આ એક વસ્તુ છે, પ્રભુ! આ આત્મા પૂર્ણાનંદનો નાથ પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... વસ્તુ છે. આહા..હા..! અનંતગુણનો સાગર ભગવાન એકરૂપે દ્રવ્ય છે. એવું જે પરમાત્મતત્ત્વ, નિજપરમાત્મતત્ત્વ. આહા..હા..! એની સન્મુખ થઈને, સત્‌ની તરફ દૃષ્ટિ કરીને જે સમ્યક્ શ્રદ્ધા થાય એને સમ્યગ્દર્શન કહે છે. આહા..હા..! સમજાણું? એ પર્યાય છે. સમ્યગ્દર્શન એ પર્યાય છે. પરમાત્મતત્ત્વ એ દ્રવ્ય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'નિજપરમાત્મતત્ત્વના સમ્યક્ શ્રદ્ધાન...'** સમ્યક્ **'અવબોધ...'** એમ લેવું. સાચું અવ નામ નિશ્ચય જ્ઞાન. સ્વ.. ખરેખર એક એવું આવ્યું હતું. ઓલું સર્વજ્ઞ શબ્દ આવે છેને તો જ્ઞ છે એજ વસ્તુ છે. વસ્તુ 'જ્ઞ'સ્વભાવ છે. પછી સર્વ તો પૂર્ણને જાણે એવી અપેક્ષાએ નાખ્યું છે. બાકી 'જ્ઞ'સ્વભાવ, ભગવાન આત્મા 'જ્ઞ'સ્વભાવ. જાણકસ્વભાવ, પછી એને સર્વજ્ઞ શક્તિ કહો. પણ એ 'જ્ઞ'સ્વભાવ. સર્વજ્ઞ-સર્વને જાણવું એવો સર્વજ્ઞ-'જ્ઞ'સ્વભાવ જીવનો છે. આહા..હા..! તત્ત્વ કીધું છેને? નિજપરમતત્ત્વ એ તત્ત્વ જ એનું ઈ છે. 'જ્ઞ'સ્વભાવભાવ એ પરમાત્મતત્ત્વ છે. આહા..હા..!

**શ્રોતા :-** મિથ્યાત્વકર્મપ્રકૃતિને કારણે ઢંકાઈ ગયો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એનાથી બિલકુલ ઢંકાયો નહિ, નિમિત્તને આધિન થઈને ઢંકાઈ રહ્યો છે. 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ...' આવતું નથી? નાખે બધા નાખે છે. ઠીક.

**શ્રોતા :-** ..નામ આવે તો .. ધ્યાનમાં રહેને. આધાર શાસ્ત્રનો

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શાસ્ત્રનો આધાર, પણ કઈ નયનું કથન છે? નયનું કથન નાખવું જોઈએને. પહેલો અક્ષરાર્થ કે મિથ્યાત્વપ્રકૃતિ, પછી એનો આગમાર્થ કે આગમ આને શું કહેવું છે આગમને. પછી નયાર્થ. કઈ નયનું આ કથન છે? અને અન્યમતિની યુક્તિ જુદી પણ એ ભાવાર્થ. ભાવાર્થ એટલે આ. વિકારની પરિણતિ જીવ જ્યારે મિથ્યાત્વની કરે ત્યારે કર્મની પ્રકૃતિને નિમિત્ત કહેવામાં આવે છે. આ એનો ભાવાર્થ છે. અક્ષરાર્થ ભાવાર્થથી સફળ છે.

અક્ષરાર્થને પકડે વિપરીત છે. આહા..હા..!

અહીં કહે છે કે '**મિથ્યાત્વકર્મની પ્રકૃતિથી પ્રતિપક્ષ...**' અહીં તો સીધી ભાષા એ છે. પણ એ કર્મનું પ્રકૃતિને નિમિત્ત ત્યારે કહેવાય કે પોતે મિથ્યાત્વપ્રકૃતિ વિપરીત શ્રદ્ધા કરે છે દ્રવ્યથી વિરુદ્ધની ત્યારે એને પ્રકૃતિનું નિમિત્ત છે અને પ્રકૃતિથી થયું એમ કહેવામાં આવે છે. આહા..હા..! આવી વાત છે. એનો વાંધો હતોને બધો?

**શ્રોતા :-** પોતે કરે છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કરે છે. તે કોણ નિમિત્ત? છે સામી ચીજ એટલું. અહીં લક્ષ નથી એટલે અહીં લક્ષ છે એમ કહે છે. આમ (સ્વમાં) લક્ષ નથી એટલે અહીં લક્ષ છે. એ પ્રકૃતિનું નિમિત્ત છે એનું લક્ષ, પણ ઈ કીધું છે એનો પાછો સાર શું? તાત્પર્ય શું એ વાક્યનું? તાત્પર્ય તો વીતરાગતા હોય છે. તો વીતરાગતાનો અર્થ શું? કે પર ઉપર જે લક્ષ છે એને છોડ અને સ્વતત્ત્વ ઉપર દૃષ્ટિ કર, એ એનું તાત્પર્ય છે. દરેક સૂત્રનું તાત્પર્ય તો વીતરાગતા છે. તો વીતરાગતા ક્યારે આવે? આહા..હા..! 'પરસન્મુખ થતા એને મિથ્યાત્વભાવ થાય છે' એમ કહ્યું એ વાત બરાબર છે, પણ હવે એનું તાત્પર્ય શું પાછું? ફળ શું કરવા જેવું એમ કીધું? કે એનું લક્ષ છોડીને ત્રિકાળી જ્ઞાયકતત્ત્વ ભગવાન આત્મા એની દૃષ્ટિ કર. તો વીતરાગતા પ્રગટ થાય. એ સમ્યગ્દર્શનની વીતરાગી પર્યાય છે. એ શાસ્ત્રનું તાત્પર્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવું બહુ માળું ઝીણું ભારે. આકરી વાત, બાપા! બહુ ભાઈ! શું થાય? એને અનાદિકાળથી રખડ્યો છેને. બીજે રસ્તે ચડી ગયો રવેડે. જે મૂળ રસ્તો હતો એ મૂકીને બીજે ચડી ગયો. આહા..હા..!

અહીં તો એટલું લેવું છે કે શ્રાવકને પણ ચોથે અને પાંચમે ગુણસ્થાને. પાંચમેથી અહીં વધારે લ્યો. પાંચમાની વાત છેને હવે? એને નિજપરમાત્મતત્ત્વનું સમ્યક્ શ્રદ્ધાન હોય છે. કોક એમ કહે છેને કે પાંચમે ને છઠ્ઠેને એ બધા સરાગસમકિત છે, ભાઈ! વીતરાગસમકિત નહિ. તો અહીં એ કહે છે કે વીતરાગસમકિત છે. ન્યાય જાણવો પડશે કે નહિ? બીજાઓ કહે છે કે ભાઈ! જ્યાં સુધી રાગ છે તો રાગસમકિત છે. વીતરાગ સમકિત તો અગિયારમે, બારમે કે આઠમે શ્રેણીમાં આગળ જાય ત્યારે થાય. એ તો કઈ અપેક્ષાએ વાત? આહા..હા..! અને દ્રવ્યસંગ્રહમાં કહ્યું છે કે નિશ્ચય અને વ્યવહારરત્નત્રયના આરાધક છે એને શ્રાવક આહાર વહોરાવે છે. ભાઈ! આવે છે. દ્રવ્યસંગ્રહ. ત્યારે એનો શું અર્થ છે? હજી આહાર લેનારો છે એ નિશ્ચય-વ્યવહારરત્નત્રય એની પાસે છે. શું કીધું સમજાણું આમાં કાંઈ? દ્રવ્યસંગ્રહમાં એવો પાઠ છે કે પાત્રને વહોરાવતા એ પાત્ર કોણ છે જીવ? કે નિશ્ચયમોક્ષમાર્ગ અને વ્યવહારમોક્ષમાર્ગનો આરાધક છે. એટલે નિશ્ચયસ્વભાવને આશ્રયે થયેલું અને વિકૃત પણ છે એટલો એને પાત્ર ગણીને ધર્માત્મા વહોરાવે છે. તો એ તો છઠ્ઠે ગુણસ્થાને આ કહ્યું લ્યો, ભાઈ! છઠ્ઠે નિશ્ચય સમકિત, નિશ્ચયજ્ઞાન, નિશ્ચયચારિત્ર અને વ્યવહાર વિકલ્પ હોય છે હજી

પૂર્ણ નથી. પણ ત્યાંથી એને નિશ્ચય ગણ્યું. નવલચંદભાઈ! સમજાણું? આવું આહાર લે છે એ નિશ્ચયરત્નત્રયવાળો છે એને શ્રાવક વહોરાવે છે, એમ પાઠ છે, લ્યો! આહા..હા..! અરેરે! શું માણસને પોતાની પ્રકૃતિમાં બંધાઈ જાય છેને પછી એને આ ફરવું ગોઠતું નથી. આહા..હા..!

અહીંયાં તો '**નિજપરમાત્મતત્ત્વનાં...**' સ્વભાવ, એકલો જ્ઞ સ્વભાવ, એકલો જ્ઞ સ્વભાવ. એની '**સમ્યક્ શ્રદ્ધાન...**' આહા..હા..! ચૈતન્યસૂર્ય ભગવાન આત્મા એવું જે પરમાત્મતત્ત્વ નિજસ્વરૂપ એની સન્મુખ થઈને સમ્યક્ સત્ય શ્રદ્ધા. એવું જેવું સત્ય છે પૂર્ણ એવી જ એની પ્રતીતિ એને સમ્યક્ શ્રદ્ધાન કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ '**નિજપરમાત્મતત્ત્વનાં સમ્યક્ અવબોધ...**' એમ લેવું. સમ્યક્ અવ નામ નિશ્ચય, જ્ઞાન. આહા..હા..! જ્ઞાનનું જ્ઞાન. જ્ઞ સ્વભાવ એવો ભગવાન પરમતત્ત્વ એનું જ્ઞાન. આહા..હા..! શાસ્ત્ર-બાસ્ત્રના જ્ઞાન બધા એ જ્ઞાન નહિ, અહીં તો કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**નિજપરમાત્મતત્ત્વનાં સમ્યક્ અવબોધ...**' અવ નામ નિશ્ચયજ્ઞાન, સમ્યક્ ચૈતન્યને આશ્રયે જ્ઞ સ્વભાવી ભગવાન. સર્વજ્ઞ સ્વભાવી પ્રભુ ત્રિકાળ એનું સમ્યગ્દર્શનસહિત, સમ્યક્ નિશ્ચયજ્ઞાન સ્વનું જ્ઞાન, સ્વનું જ્ઞાન, નિજપ્રભુનું જ્ઞાન, એને જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! લાખ શાસ્ત્ર ભણ્યો હોય અને કરોડ ભણ્યો હોય પણ એ જ્ઞાન નથી. આહા..હા..! એય..! ત્યારે ઓલાએ ઈ નાખ્યું બધું કર્મકાંડનું બધું આનાથી થાય. બહુ નાખ્યું માળાએ. પણ ઓલાએ તો ત્યાં ઢીલું કરી નાખ્યું છે. જવાબ આપેને એ જૈનગેજેટ. એ એમાં થોડું ઢીલું કરી નાખ્યું. એમ ન હોય. એમ તો વ્યવહાર છોડીને નિશ્ચય કરવો જ પડશે, નાખ્યું છે. આહા..હા..! દેવીઓના આરાધનનું નહિ. અરે! દેવ ત્રણલોકનો નાથ દેવ પોતે છે. સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્માને માનવો એ પણ એક શુભરાગ છે, પુણ્ય છે. અરિહંત સર્વજ્ઞ પરમાત્મા એની પૂજા, ભક્તિનો ભાવ એ શુભરાગ છે, ધર્મ નહિ. અરેરે! સમજાય છે કાંઈ? ત્રણલોકનો નાથ પોતે ચૈતન્યમૂર્તિ ભગવાન છે. એની શ્રદ્ધા અને એનું જ્ઞાન કરવું એનું નામ જ્ઞાન છે. આહા..હા..! શું થાય પણ માણસને બેસે છે ઈ આત્મા જ એવો થઈ જાય છેને. જેવી માન્યતા એવો આત્મા જ રગડાઈ જાય છે આખો. હવે એને કેમ ફેરવવો ગોઠે? બહુ લખ્યું માળાએ. કર્મકાંડનું અહીંનું વિરુદ્ધ છે. દેવનું ઓલા શું નામ પૂનમચંદ? કટારિયાનું નામ નથી તમે જાણતા ઓલા બીજા ગામના છે. ક્યાંના નહિ આપણે? આપણે રસ્તામાં કેકડી-કેકડી. કેકડીના કટારિયા છે. એનો બાપ હતા બહુ હુશિયાર. અને એનો દીકરો છે એ લખે છે. દીપચંદ? દીપચંદ નહિ. કાંઈક નામ છે. મિલાપચંદ. મિલાપચંદ. મિલાપચંદ કટારિયા છે. આપણને ઓલા રસ્તામાં આવ્યા હતા. આપણે ક્યાંક જાતા હતા. જતા હતા તો આવ્યા હતા કટારિયા. સડક ઉપર આવ્યા હતા. અરેરે! આ ક્યાં, ભાઈ! આહા..હા..!

અહીં તો કહે છે કે દેવ-દેવલા તો ક્યાંય રહી ગયા ભૂતડા-બુતડા, પણ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ સમવસરણમાં બિરાજમાન એની પણ પૂજા અને ભક્તિ, આરતી કરે તો એ શુભભાવ

પુણ્ય છે, ધર્મ નહિ. આ ત્રણલોકનો નાથ આ ભગવાન આત્મા છે. આહા..હા..! એનું જ્ઞાન તેને જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! ઝીણી વાત છે, બાપુ! શું થાય? અરે! એને ટાણા આવ્યા એમાં એ ભૂલી જાય. થઈ રહ્યું પછી. આહા..હા..! એવું પરમાત્મતત્ત્વની **'આચરણસ્વરૂપ...'** ભાષા જોઈ! ઓલું ચારિત્ર શબ્દ ઓલામાં વાપર્યો હતો. 'ચરણેશુ' છેને, પાઠમાં ચરણેશુ એટલે ત્યાં ચારિત્ર વાપર્યો હતો. અહીં ચરણ નામ આચરણ છે. આત્મા આનંદનો નાથ ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ, એમાં સ્થિર થવું આચરણ કરવું અંતરમાં એને ચારિત્ર કહેવામાં આવે છે. પંચમહાવ્રતના પરિણામ પણ એ ચારિત્ર નહિ. એ તો વિકલ્પ અને આસ્રવ છે. આહા..હા..! માર્ગ આવો, ભાઈ!

માથે ન કહ્યું? '**जिणेहि पण्णत्तं**' જિનેશ્વર ત્રિલોકનાથ વીતરાગ પરમેશ્વરે એમ કહ્યું છે. આહા..હા..! ભગવાન મહાવિદેહમાં બિરાજે છે સીમંધર સ્વામી ભગવાન. એને જિનેન્દ્રદેવે આમ કહ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? કુંદકુંદાચાર્ય સંવત્ ૪૯. ભગવાન પાસે ગયા હતા. દિગંબર મુનિ ભગવાન બિરાજે છે અત્યારે મહાવિદેહ ક્ષેત્રમાં. પાંચસો ધનુષનો દેહ છે, કરોડપૂર્વનું આયુષ્ય છે. ભગવાન અત્યારે હજી બિરાજે છે અરિહંતપદે. ત્યાં ગયા હતા. ત્યાં આઠ દિન રહ્યા હતા. ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યા છે. આહા..હા..! એ કહે છે કે '**जिणेहि पण्णत्तं**' એમ કહ્યું જોયું! અમારા આચાર્યે, ગુરુએ કહ્યું એમ ન કીધું. '**जिणेहि पण्णत्तं**' જિનેન્દ્રે આમ કહ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પૂર્ણ આનંદનો નાથ પ્રભુ, પૂર્ણ જ્ઞાનસ્વભાવનો રસકંદ એમાં આચરણ, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનસહિત. સમ્યગ્દર્શન જ્યાં નથી ત્યાં તો આચરણ એને હોઈ શકે નહિ સાચું. એ પાંચ મહાવ્રત પાળીને મરી જાય, સુકાઈ જાય તોપણ એ ચારિત્ર નથી. સમજાણું કાંઈ? આહા..હા..! આકરી વાત બાપા આતો! પ્રભુ! તારી દયાની વાત છે ભાઈ આ તો! આહા..હા..! તે તારી દયા તે પાળી નથી. આહા..હા..! જીવતી જ્યોત છે એને કબુલવી એને દયા પાળી કહેવાય. જીવતી જ્યોત ભગવાન પરમાનંદનો નાથ એને સ્વીકારવો ત્યારે એને જીવની દયા પાળી કહેવાય પોતાની હોં. પરની કોણ પાળે છે. આહા..હા..! એવી જીવતી જ્યોત પરમાત્માને રાગથી લાભ થાય, પરથી લાભ થાય એ એનો અસ્વીકાર છે. સમજાણું કાંઈ? શું થાય? માર્ગ જ આવો છે ત્યાં બીજું શું થાય એમાં? આહા..હા..!

**'નિજપરમાત્મતત્ત્વનાં સમ્યક્ શ્રદ્ધાન...'** સમ્યક્ જ્ઞાન. અવબોધ એટલે જ્ઞાન અને સમ્યક્ **'આચરણસ્વરૂપ...'** એમ લેવું. સત્ય આચરણ. સત્ય પ્રભુનું આચરણ અંદર. સત્યરૂપી સાહેબો ભગવાન આત્મા એનું દર્શન-જ્ઞાનસહિત એનું આચરણ અંદર રમણતા એને ચારિત્ર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? **'શુદ્ધરત્નત્રય-પરિણામોનું...'** ભાષા દેખો, ચોખ્ખું કહ્યું છે. ઓલું કોઈ વ્યવહારરત્નત્રય માનતા હોય. **'શુદ્ધરત્નત્રય-પરિણામોનું...'** છે? એ શુદ્ધરત્નત્રય છે, નિશ્ચયરત્નત્રય છે. આહા..હા..! નિશ્ચય નામ સત્ય રત્નત્રય છે. એવા **'શુદ્ધરત્નત્રય-**

**પરિણામોનું જે ભજન...'** એ પરિણામરૂપે પરિણમવું એનું નામ ભજન. આહા..હા..! એનું નામ ભક્તિ કહેવામાં આવે છે. જયસેનાચાર્યમાં આવે છે કળશ સંસ્કૃત ટીકામાં. નિશ્ચયભક્તિ અને વ્યવહારભક્તિ.

**શ્રોતા :-** સમ્યગ્દષ્ટિને નિશ્ચયભક્તિ હોય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા એ ભક્તિ છે. આહા..હા..!

'**પરિણામોનું જે ભજન તે ભક્તિ છે;...'** આહા..હા..! ત્રિકાળી શુદ્ધ ચૈતન્ય ભગવાન એને શુદ્ધરત્નત્રયરૂપી પરિણામ એનું ભજન તે ભક્તિ છે. એનો અર્થ કર્યો છે હવે. જોયું! ભગવાન નિત્યાનંદ પ્રભુ એની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ આરાધના એવો એનો અર્થ છે. ભક્તિનો અર્થ આરાધવું એ એનો અર્થ છે. આહા..હા..! એટલે કે એની સેવા કરવી એ આરાધના. આહા..હા..! ૧૬મી ગાથામાં એ આવે છેને. દર્શન-જ્ઞાન-ચારિત્ર. '**दंसणणाणचरित्ताणि**' થઈ ને એક આત્મા છે. ૧૬મી ગાથા છે. ત્રણે થઈને એક આત્મા છે. '**આરાધના એવો તેનો અર્થ છે. એકાદશપદી શ્રાવકોમાં જઘન્ય...'** હવે કહે છે. અગિયાર પડિમા હોય છેને? એકાદશપદ છેને? શ્રાવકને અગિયાર પડિમા હોય છે એને અગિયાર પદ કહેવામાં આવે છે. '**જેમનાં અગિયાર પદો...'** જુઓ, પદી શબ્દ છેને? '**(ગુણાનુસાર ભૂમિકાઓ) છે...'** પંચમ ગુણસ્થાનને અનુસાર આ ભૂમિકા હોય છે. જેને સમ્યગ્દર્શ અનુભવ હોય એને આ ભૂમિકા હોય છે. સમ્યગ્દર્શન નથી અને પડિમા લઈને બેસે એ બધો મિથ્યાત્વભાવ છે. આહા..હા..! માને કે અમે પડિમાવાળા છીએ એ તો મિથ્યાત્વ થયો એ તો. આહા..હા..!

'**એકાદશ...'** અગિયાર છેને શ્રાવકના ભાવ? '**જઘન્ય છ છે,...'** પડિમા. '**મધ્યમ ત્રણ છે અને ઉત્તમ બે છે.'** દસ અને અગિયાર. '**આ બધા શુદ્ધરત્નત્રયની ભક્તિ કરે છે.'** આહા..હા..! એ પંચમ ગુણસ્થાનવાળા સાચા શ્રાવક '**આ બધા શુદ્ધરત્નત્રયની ભક્તિ કરે છે.'** આહા..હા..! લ્યો, અહીં તો શ્રાવકને શુદ્ધરત્નત્રયની ભક્તિ કીધી. કહો, સાધુ હોય એને ત્રણ રત્ન હોય, આને ન હોય. અરે! ભગવાન સાંભળ, ભાઈ! એ તો સાધુ સંબંધીનું જે ચારિત્ર છે અને સાધુ સંબંધીનો શુદ્ધ ઉપયોગ છે તે ત્યાં ન હોય. એ આવે છે ટીકામાં. શ્રાવકને એ શુદ્ધ ઉપયોગ ન હોય. મુનિનો જે શુદ્ધ ઉપયોગ એ ન હોય, એમ લેવું. આહા..હા..! નહિતર આ બધું ખોટું પડે પાછું. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પાંચમે ગુણસ્થાને પણ હોય છે, તે શુદ્ધરત્નત્રય છે એમ કીધું છે. શુદ્ધરત્ન એટલે વીતરાગી પરિણતિ છે એમ કીધું છે. વ્યવહારસમકિતની વાત અહીં છે જ નહિ. એવું આવું હોય ત્યાં વિકલ્પ ઉઠે છે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો એને વ્યવહારસમકિત (કહે છે) છે તો રાગ. વ્યવહારસમકિત કોઈ શ્રદ્ધા ગુણની પર્યાય નથી. વ્યવહારસમકિત તો એ રાગની પર્યાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને રાગની પર્યાયનો વિષય દ્રવ્ય અને પર્યાય બે ભેદ છે. ભેદ વિષય છે એનો. સમજાણું કાંઈ? આહા..હા..! એ કહ્યું છેને. પહેલા આવી ગયું છે ઈ. અંતઃતત્ત્વ

અને બહિર્તત્ત્વ તે વ્યવહારસમકિતનો વિષય વ્યવહારસમકિત છે. અંતઃતત્ત્વ પરમાત્મ-નિજપરમાત્મતત્ત્વ અને બહિર્તત્ત્વ નામ નિર્મળ પર્યાય હોય ઈ એ બેય થઈને માનવાયોગ્ય વ્યવહારસમકિત છે, એટલે રાગ છે, એ રાગનો વિષય છે. પહેલા પાંચમી ગાથામાં. પાંચમીમાં આવી ગયું.

દ્રવ્ય અને પર્યાય બેને માનવા એ રાગનો વિષય છે. સમ્યગ્દર્શનનો વિષય એકલો અભેદ ત્રિકાળી ભગવાન આત્મા છે. આહા..હા..! ધન્નાલાલજી! એ બધા શુદ્ધરત્નત્રયની ભક્તિ કરે છે. આહા..હા..! પાંચમાની પહેલી પડિમાથી માંડીને અગિયારમી પડિમાવાળા આહા..હા..! એ બધા શુદ્ધરત્નત્રયની ભક્તિ કરે છે. વ્યવહાર હોય વચમાં પૂર્ણ ન હોય તો, પણ એ તો જાણવાલાયક છે. વ્યવહાર જાણવાલાયક છે, વ્યવહાર આદરવાલાયક નથી. આહા..હા..! ભારે વાતું, ભાઈ! વિકલ્પ આવે તો છેને. વીતરાગ ન હોય ત્યાં શુભભાવ હોય છે એને. અશુભથી બચવા એવો ભાવ આવે, પણ એ જાણેલો પ્રયોજનવાન છે. આદરેલો પ્રયોજનવાન છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ ભારે, ભાઈ! ઝીણો માણસને. એટલે પછી બીજે રસ્તે ચડાવી દીધા. આહા..હા..!

અનંતગુણ રત્નની ખાણ છે. આહા..હા..! આ શુદ્ધરત્નત્રય તો પર્યાયને કીધા. એના ફળ તરીકે કેવળજ્ઞાનાદિ પ્રગટે એને તો શું કહેવું, કહે છે. આહા..હા..! અને એવા અનંત રત્નત્રય જેમાં દ્રવ્યમાં પડ્યા છે એને રત્ન-હીરો શું કહેવો એને! શું કીધું? કે નિજપરમાત્માની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર એ શુદ્ધરત્નત્રય છે. રત્નત્રય. રતન ત્રણ, પર્યાયને રતન ત્રણ કીધા. એના ફળ તરીકે કેવળજ્ઞાનને શું કહેવું? એનું ફળ અનંત મહારત્નત્રય, મહાકેવળજ્ઞાન ચતુષ્ટય લ્યો. જ્ઞાન, આનંદ અને સુખ વીર્ય. અનંત ચતુષ્ટય મહારત્ન એને પ્રગટ્યા. આહા..હા..! અને એવા-એવા અનંતા મહારત્ન જેમાં પડ્યા છે આત્મામાં નિજપરમાત્મતત્ત્વ. આહા..હા..! એ તો મહાચૈતન્યચમત્કાર ચિંતામણિરત્ન છે. એ ચિંતામણિ રત્ન છે. કહો, ધન્નાલાલજી!

**શ્રોતા** :- ચિંતામણિની શું પરિભાષા?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ અંદર એકાગ્ર થાય તેટલું ફળ તરત આનંદનું આવે ઈ. ઓલું રતન હોય છેને દેવઅધિષ્ઠિત રત્ન. જે ઈચ્છે તે મળે અંદર. માગે એ. એ પૂર્વના પુણ્યનો યોગ હોય એને. આહા..હા..! એક છોકરો હતોને અહીં. છે આપણામાં. ઓલો છેને ભાઈ જયસેનાચાર્યની ટીકામાં ઓલું પુણ્ય થાય. લોઢાનું સોનું થાય. એ પુસ્તક (વાંચીને પૂછયું કે) મહારાજ! લોઢાનું સોનું કેમ થાય? શાસ્ત્રમાં લખ્યું છેને. હાથણીનું મૂત્ર, સિંદુરને એવું આવે છે શાસ્ત્રમાં આવે છે. એ પાછું લખ્યું છે એવું કે ઈ પુણ્ય હોય એને થાય. બીજો મરી જાય તો ન થાય. એ છોકરો એક છે આમાં. એ પૂછતો. કહ્યું, ભાઈ! રહેવા દે એમાં કાંઈ માલ નથી ધૂળમાં. આત્મા ચિંતામણિ રત્ન છે. જેટલી એકાગ્રતા કર એટલી તરત ફળે.

**શ્રોતા** :- એમાં કાંઈ દાણા ન આવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ દાણા આવે આનંદના. અતીન્દ્રિય આનંદનું ધન પાકે ત્યાં. અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનનું ધન પાકે ત્યાં એવું ખેતર છે આત્મા. આહા..હા..!

અહીં ભગવાન આચાર્ય મહારાજ અને મુનિરાજ એમ કહે છે કે એ શ્રાવક જે છે. અહીં નીચે લખ્યું છેને. '**એવા. (શ્રાવકોના નીચે પ્રમાણે અગિયાર પદો છે : (૧) દર્શન,...**' દર્શનપડિમા આવે છેને? એ સમ્યગ્દર્શનસહિતની દર્શન પડિમા. વ્રત હોય છે પણ નિરતિચાર નહિ માટે દર્શનપડિમા કીધી. છે પાંચમું ગુણસ્થાન દર્શનપડિમાવાળું. '**(૨) વ્રત,...**' પડિમા. બીજી વ્રતપડિમા. વ્રત હોય છે પણ નિરતિચાર નહિ માટે ઓલું પહેલા.. બીજામાં નિરતિચાર છે. '**(૩) સામાયિક,...**' સમતા-સમતા સમ્યગ્દર્શનસહિત જેને સમતા અંદર વીતરાગતા અમૃત. આહા! અમૃતમય આવ્યું હતુંને ક્યાંક.

આ ઓલું જિનવચન આવે છેને દવા. જિનવચન તે દવા છે. આમાં છેને? અષ્ટપાહુડમાં. અષ્ટપાહુડમાં છે. અષ્ટપાહુડમાં જિનવચન દવા અમૃતમય. આજે આવ્યું હતું. છેલ્લો શબ્દ હતો. એ દર્શનપાહુડમાં છે? આત્મા છે એ. ત્યાં લીટી કરી પછી. નહોતું કહ્યું એક ફેરી, કીધું આત્મા ઇચ્છતા નથી. જે આત્મા ઇચ્છતા નથી એટલે આત્માની જેની શ્રદ્ધા-જ્ઞાન ત્રિકાળી નથી એનું બધું ખોટું-ફોગટ છે. કેટલામી ગાથા છે? '**जिणवयणमोसहमिणं विसयसुहविरेयणं अमिदभूदं।**' ૧૭મી છે. '**जिनवचनमौषधमिदं**' '**આ જિનવચન છે તે ઔષધિ છે,...**' વચન હોં વીતરાગના વચનો. એથી શ્રીમદ્દે કહ્યુંને 'વચનામૃત વીતરાગના...' વચનામૃત 'વચનામૃત વીતરાગના...' એ અહીં યાદ આવ્યું હતું એ વખતે. કે '**जिणवयणमोस**' ત્રિલોકનાથ જિનેન્દ્રના વચનો તે ઔષધ છે એમ કીધું છે. '**विषयसुखविरेचनम**' વિષયના સુખનો રેચ કરાવનારું છે, પરમાં સુખની બુદ્ધિ ટાળનારું છે. રેચ લે છેને રેચ?

'**જિનવચન છે તે ઔષધિ છે, તે કેવી ઔષધિ છે? કે ઇન્દ્રિયવિષયોમાં જે સુખ માન્યું છે તેનું વિરેચન અર્થાત્** દૂર કરવાવાળાં છે.' ઇન્દ્રિયોમાં પાંચમાં વિષયમાં સુખ માન્યું છે એનું વિરેચન-રેચ કરાવનાર વીતરાગની વાણી. પરમાં સુખ છે નહિ ત્રણકાળમાં, ત્રણલોકમાં. આહા..! પછી મારે તો ઓલું અમૃત કહેવું છે. '**તથા કેવા છે? અમૃતભૂત અર્થાત્ અમૃત સમાન છે...**' વચન અમૃતસમાન. એનો ભાવ છેને. એ તો ભાવની વાત છેને. આહા..હા..! 'જિનવચસી રમંતે' એમાં ઈ આવે છેને? જિનવચનમાં રમે છે. એ જિનવચનમાં રમે નામ જિનવચનમાં આત્મા ઉપાદેય કહ્યો છે તેને રમે એમ અર્થ કર્યો છે. કળશટીકામાં, ભાઈ! ઓલા કહે, જોયું! જિનવચનમાં રમે છે. વચનમાં રમે છે. જિનવચનમાં કહેલો આત્મા શુદ્ધચૈતન્યઘન જ્યાં નિજપરમાત્મા એને ઉપાદેય તરીકે માને છે એ જિનવચનમાં રમે છે. એમાં લખ્યું છે કળશટીકામાં. એવો શબ્દ છે. કળશટીકા નહિ. ... એ નીકળ્યું જુઓ. એ નાખ્યું જુઓ. 'દિવ્યધ્વનિ દ્વારા કહી છે ઉપાદેયરૂપ જીવવસ્તુ.' જોયું! 'જિનવચસી રમંતે' 'આસન્નભવ્ય જીવો...' એ એટલે આસન્નભવ્ય જીવો 'દિવ્યધ્વનિ દ્વારા કહી છે ઉપાદેયરૂપ

જીવવસ્તુ. તેમાં સાવધાનપણે રુચિ, શ્રદ્ધા, પ્રતીતિ કરે છે, શુદ્ધજીવવસ્તુનો પ્રત્યક્ષપણે અનુભવ કરે છે, એનું નામ રુચિ, શ્રદ્ધાન, પ્રતીતિ છે.' આહા..હા..! આ જિનવચનસિરમન્તેનો અર્થ કર્યો. કે વીતરાગની વાણીમાં અનંત તીર્થંકરો.. કે ઉપાદેયરૂપ શુદ્ધજીવવસ્તુ છે. આહા..હા..! પર્યાયને. ત્રિકાળી ધ્રુવ ઉપાદેયરૂપ તે જીવવસ્તુ છે એ જિનવચનમાં કહ્યું છે. આહા..હા..! શું કહ્યું સમજાણું કાંઈ? બાબુભાઈ!

વીતરાગના વચનોમાં તીર્થંકરદેવના વચનમાં રમું. એટલે કે શું? કે વીતરાગની વાણીમાં શુદ્ધચૈતન્યમૂર્તિ તે એમાં રમવું એમ કહેવામાં આવે છે. જ્યાં અહીં કહ્યું ઈ. નિજપરમાત્મતત્ત્વમાં શ્રદ્ધા, જ્ઞાન, આચરણ. આહા..હા..! ચારેકોરથી જુઓ તો એક જ વાત ઉભી થાય છે. શું કીધું આમાંથી? અમિતભૂત કીધુંને? શ્રીમદ્‌નું 'વચનામૃત વીતરાગના પરમ શાંત રસમૂળ ઔષધ જે ભવરોગના...' આ ઔષધ કીધુંને? ઔષધ કીધે છે. 'ભવ રોગના કાયરને પ્રતિકૂળ.' આહા..હા..! સમજાણું કાંઈ? એ આવી ગયું હોં ૧૭મી ગાથા છે. એ આપણે આવ્યું હતું સવારમાં. આત્મા ઈચ્છતો નથી ઈ આવ્યું હતું. ચિહ્ન કર્યું છે ત્યાં. એક ઠેકાણે આવ્યું હતું. એ ગાથામાં એક ઠેકાણે આવ્યું હતું અને બીજી ગાથામાં એમ આવ્યું, આત્માને ત્રિવિધે જે શ્રદ્ધે છે. મન, વચન, કાયાના વિકલ્પ છોડીને આત્મા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી જેને શ્રદ્ધે છે. આહા..હા..! એ છે નહિ એના પછી તરત એ ગાથા બીજી ઈ. ઓલી બેવાર હતુંને. તમે કહ્યું હતુંને એટલે મેં જોયું એમાં. પણ અહીં આ છે કીધું. બીજે ક્યાંક છે બીજે. આહા..હા..!

'**સામાયિક,...**' એ ત્રીજી પડિમા. પણ જેને આત્મા દર્શન અને સમ્યગ્દર્શન સ્વસન્મુખમાં આત્મા ઉપાદેય માન્યો હોય એને આ વ્રત અને સામાયિકપ્રતિમા હોય છે. જેને નિજ પરમાત્મતત્ત્વની શ્રદ્ધા, જ્ઞાન પ્રગટ્યા છે એને આ '**પ્રૌષધોપવાસ,...**' હોય છે. '**સચિત્તત્યાગ,...**' નીચે લખ્યું છે બધું એક ઠેકાણે. '**આ બધા પદો સમ્યક્‌પૂર્વક, હઠ વિનાની સહજ દશાનાં છે એ ધ્યાનમાં રાખવાયોગ્ય છે.)**' શું? '**સચિત્તત્યાગ,** (૬) **રાત્રિભોજનત્યાગ,...**' એ છઠ્ઠી પડિમા છે. સમ્યગ્દર્શનસહિતની આ વાત છે હોં. આમ રાત્રિભોજનનો ત્યાગ કરે એ તો અનંતવાર કર્યો. '(૭) **બ્રહ્મચર્ય,...**' સમ્યગ્દર્શન અનુભવ થઈને પ્રતીતિ થવી એવા સમ્યગ્દર્શનને બ્રહ્મચર્યવ્રત પડિમા હોય છે સાતમી-સાતમી. '(૮) **આરંભત્યાગ,...**' આરંભનો ત્યાગ. આરંભ કરે નહિ. '(૯) **પરિગ્રહત્યાગ,...**' નવમાં પરિગ્ર રાખે નહિ કે રખાવે નહિ. '(૧૦) **અનુમતિત્યાગ અને** (૧૧) **ઉદ્દિષ્ટાહારાત્યાગ.**' લ્યો! અગિયારમામાં એને માટે કરેલો આહાર લે નહિ. એ સમ્યગ્દર્શનસહિતની અગિયારમી પડિમા. એ શ્રાવકને શુદ્ધરત્નત્રયની ભક્તિ કરનારને હોય છે. આહા..હા..!

'**તેમાં છઠ્ઠા પદ સુધી (છઠ્ઠી પ્રતિમા સુધી) જઘન્ય શ્રાવક છે, નવમા પદ સુધી મધ્યમ શ્રાવક છે અને દસમા અથવા અગિયાર પદે હોય તે ઉત્તમ શ્રાવક છે. આ બધા પદો...**' અગિયાર પડિમાના. '**સમ્યક્‌ત્વપૂર્વક...**' અને વિકલ્પ આવે એ

'**હઠ વિનાની સહજ દશાનાં છે એ ધ્યાનમાં રાખવાયોગ્ય છે.)**' આહા..હા..! એક-એક ગાથામાં કેટલું ભર્યું છે જુઓને.

તેમ જ '**આ બધા શુદ્ધરત્નત્રયની ભક્તિ કરે છે.**' શ્રાવક. એની વાત લીધી. હવે બીજી મુનિની લે છે. '**તેમ જ ભવભયભીરુ,...**' આહા..હા..! ભવના ભયથી. '**પરમનૈષ્કર્મ્યવૃત્તિવાળા (પરમનિષ્કર્મ પરિણતિવાળા)...**' પુણ્યની દયા, દાનની ક્રિયા વિનાના નિષ્કર્મ એટલે રાગની ક્રિયા વિનાની નિષ્કર્મ પરિણતિવાળા. આહા..હા..! જેની વીતરાગી પરિણતિ ઉભી થઈ છે. સમ્યગ્દર્શન-જ્ઞાનસહિત જેને વીતરાગી પરિણતિ ઉભી થઈ છે. આહા..હા..! એ '**પરમતપોધનો પણ...**' પરમતપોધન. આહા..હા..! જેને આનંદના ઢગલા ધન પાક્યા છે. આહા..હા..! જેની પર્યાયમાં આનંદનું ધન ભોગવટા માટે પાક્યું છે. આહા..હા..! એ મુનિ! એ દિગંબર મુનિ! આહા..હા..! જંગલમાં વસે, વસ્ત્રનો ધાગો ન હોય જેને, પાત્રનો કટકો ન હોય જેને, પાત્ર-બાત્ર હોય નહિ મુનિને. સમજાણું કાંઈ?

આ '**પરમનૈષ્કર્મ્યવૃત્તિવાળા...**' ભાષા દેખો, શ્રાવકને નિષ્કર્મવૃત્તિ તો થઈ છે, પણ આ તો પરમનૈષ્કર્મ્યવૃત્તિવાળા એમ ભાષા લીધી છે. આહા..હા..! છઠ્ઠા ગુણસ્થાનને યોગ્ય. '**(પરમનિષ્કર્મ પરિણતિવાળા) પરમતપોધનો પણ...**' ઓલા શ્રાવક કીધા હતાને? એથી પરમતપોધન પણ '**(શુદ્ધ) રત્નત્રયની ભક્તિ કરે છે.**' આહા..હા..! ભલે શ્રાવકને ચારિત્રની રમણતા ઓછી હોય, પણ છતાં શુદ્ધરત્નત્રય તેને પણ કહ્યા છે. આ મુનિને ચારિત્ર ઉગ્રતા હોય તોપણ તેને શુદ્ધરત્નત્રય કહ્યા છે. આહા..હા..! '**તે પરમ શ્રાવકો...**' ભાષા દેખો, પરમભક્તિ શબ્દ છેને? એમ બધામાં પરમ વાપર્યો છે. આહા..હા..! એટલે વાડાવાળા શ્રાવક નહિ એમ. પરમશ્રાવકો, સાચા શ્રાવક. આહા..હા..! '**પરમશ્રાવકો અને પરમતપોધનોને જિનવરોએ કહેલી...**' આહા..હા..! '**जिणेहि पण्णत्तं**' '**જિનવરોએ કહેલી...**' અનંત તીર્થંકરો જિનવરોએ કહેલી. આહા..હા..! '**નિર્વાણભક્તિ—અપુનર્ભવરૂપી સ્ત્રીની સેવા વર્તે છે.**' આહા..હા..! ફરીને ભવ નથી કરવો એવી જે સ્ત્રી એટલે મોક્ષરૂપી દશા એની સેવાએ વર્તે છે. આહા..હા..! એક ગાથામાં તો કેટલું કહ્યું? સેવા તો એની જ કરેને.

**दंसणणाणचरित्ताणि सेविदव्वाणि साहुणा णिच्चं।**
**ताणि पुण जाण तिण्णि वि अप्पाणं चेव णिच्छयदो।।१६।।**

લ્યો આવ્યું. ૧૬મી ગાથા.

ભાઈએ ખુલાસો કર્યો છે જયચંદપંડિતે. કે લોકો પર્યાયથી સમજે છે એટલે પર્યાયથી વાત કરી છે, એમ છે અંદર. નહિતર સેવવો છે તો દ્રવ્યને, આત્માને. પણ લોકો પર્યાય... છે એમાં છે. શું કહેવાય એ? ૧૬મી. ૧૬મી. ૧૬મી ગાથા છેને. જુઓ, '**વ્યવહારી લોકો પર્યાયમાં-ભેદમાં સમજે છે, તેથી અહીં જ્ઞાન, દર્શન, ચારિત્રની ભેદથી સમજાવ્યું છે.**' એ લોકો તો. '**આત્માના શુદ્ધસ્વભાવની સાક્ષાત્ પ્રાપ્તિ અથવા સર્વથા મોક્ષ**

તે સાધ્ય છે. આત્મા મેચક છે કે અમેચક છે એવા વિચારો જ માત્ર કર્યા કરવાથી તે સાધ્ય સિદ્ધ થતું નથી;...' છે તો એ અદ્વૈત અને અમેચક જ છે. 'પરંતુ દર્શન અર્થાત્ શુદ્ધસ્વભાવનું અવલોકન,...' એમ લીધું છે. 'જ્ઞાન અર્થાત્ શુદ્ધસ્વભાવનું પ્રત્યક્ષ જાણપણું અને ચારિત્ર અર્થાત્ શુદ્ધસ્વભાવમાં સ્થિરતા—તેમનાથી જ સાધ્યની સિદ્ધિ થાય છે. આ જ મોક્ષમાર્ગ છે, તે સિવાય બીજો કોઈ મોક્ષમાર્ગ નથી.' પાઠ છેને ઈ જુઓને,

दंसणणाणचरित्ताणि सेविदव्वाणि साहुणा णिच्चं।
ताणि पुण जाण तिण्णि वि अप्पाणं चेव णिच्छयदो।।१६।।

ત્રણનું અભેદપણું તે આત્મા છે. આહા..હા..! પર્યાયથી અભેદ હોં આ. વિષય એ દ્રવ્યનું એ દૃષ્ટિનું અહીં કામ નથી અત્યારે. આત્મા ત્રણેય એકતાપણે પરિણમે છે માટે એને આત્મા કીધો.

**શ્રોતા** :- પર્યાયને ભૂલી જાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ભૂલી જાય છે, એ તો જ્ઞાન કરાવ્યું છે. '**सेविदव्वाणि**' એટલે પર્યાયને દ્રવ્ય થઈને... સેવવું ત્રણ અને સેવવું એપણ પર્યાયબુદ્ધિ થઈ જાય. પર્યાયનયથી વાત કરી છે, જોયું! છેને? '**વ્યવહારી લોકો પર્યાયમાં-ભેદમાં સમજે છે. તેથી અહીં જ્ઞાન, દર્શન, ચારિત્રના ભેદથી સમજાવ્યું છે.**' આહા..હા..! ટીકાકારે પણ બહુ... આહા..હા..! અહીં તો આપણે '**અપુનર્ભવરૂપી સ્ત્રીની સેવા વર્તે છે.**' એમ કીધુંને? એ ભક્તિ કરે છે એમ કહો, સેવા કરે છે એમ કહો કે આરાધના કરે છે એમ કહો. આહા..હા..!

'(હવે, આ ૧૩૪મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે :)'

(मंदाक्रांता)

सम्यक्त्वेऽस्मिन् भवभयहरे शुद्धबोधे चरित्रे
भक्तिं कुर्यादनिशमतुलां यो भवच्छेददक्षाम्।
कामक्रोधाद्यखिलदुरघव्रातनिर्मुक्तचेताः
भक्तो भक्तो भवति सततं श्रावकः संयमी वा।।२२०।।

આહા..હા..! અમૃત રેડ્યા છે એકલા.

'**શ્લોકાર્થ** :- **જે જીવ ભવભયના હરનારા આ સમ્યક્ત્વની,...**' દેખો, '**ભવભયના હરનારા આ સમ્યક્ત્વની, શુદ્ધજ્ઞાનની અને ચારિત્રની ભવછેદક અતુલભક્તિ નિરંતર કરે છે,...**' આહા..હા..! ભગવાન પરમાત્મતત્ત્વ નિર્વિકલ્પ શાંત એની જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી જે ભક્તિ કરે છે, એ ભવછેદક અતુલભક્તિ નિરંતર છે. આહા..હા..! દ્રવ્યની સન્મુખની દૃષ્ટિ, જ્ઞાન અને ચારિત્ર એ નિરંતર છે. '**તે કામક્રોધાદિ સમસ્ત દુષ્ટ પાપસમૂહથી મુક્ત**

**ચિત્તવાળો જીવ...'** દેખો, '**કામક્રોધાદિ સમસ્ત દુષ્ટ પાપસમૂહથી મુક્ત ચિત્તવાળો જીવ—શ્રાવક હો કે સંયમી હો...'** આહા..હા..! '**નિરંતર ભક્ત છે, ભક્ત છે.'** આહા..હા..! શ્રાવક પણ નિરંતર ભક્ત છે, ભક્ત છે. આહા..હા..! ભગવાન પૂર્ણાનંદના નાથને અવલંબીને જે શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રમાં રમે છે એ ભક્ત છે, ભક્તે, છે કહે છે. ભગવાનનો ભક્ત એ અહીં વાત નથી. આ (પોતાના) ભગવાનનો ભક્ત છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## માગશર સુદ-૧, બુધવાર, તા. ૦૩-૧૨-૧૯૭૫
## ગાથા-૧૩૫, કળશ-૨૨૧-૨૨૬, પ્રવચન નં. ૧૧૩

નિયમસાર, પરમ-ભક્તિ અધિકાર. '**આ, વ્યવહારપ્રધાન સિદ્ધભક્તિના સ્વરૂપનું કથન છે.'**

मोक्खंगयपुरिसाणं गुणभेदं जाणिऊण तेसिं पि।
जो कुणदि परमभत्तिं ववहारणयेण परिकहियं।।१३५।।
**વળી મોક્ષગત પુરુષો તણો ગુણભેદ જાણી તેમની**
**જે પરમ ભક્તિ કરે, કહી શિવભક્તિ ત્યાં વ્યવહારથી. ૧૩૫.**

લ્યો, એને પરમભક્તિ કીધી વ્યવહારનયે.

'**ટીકા :- આ, વ્યવહારપ્રધાન સિદ્ધભક્તિના સ્વરૂપનું કથન છે.'** '**જે પુરાણ પુરુષો સમસ્તકર્મક્ષયના ઉપાયના હેતુભૂત...'** સમસ્તકર્મક્ષયના ઉપાયના હેતુભૂત '**કારણપરમાત્માને...'** ત્રિકાળી કારણધ્રુવસ્વભાવ ભગવાન એ '**કારણપરમાત્માને...'** આ સિદ્ધ કેમ થયા એ પહેલી વ્યાખ્યા કરે છે. પછી એની ભક્તિની કરશે. આહા..હા..! સિદ્ધ કેમ થયા અનંત? કે '**જે પુરાણપુરુષો...'** જૂના અનાદિ સનાતન આત્માઓ '**જે સમસ્તકર્મક્ષયના ઉપાયના હેતુભૂત...'** ઉપાયના હેતુભૂત. આહા..હા..! '**કારણપરમાત્માને...'** કર્મક્ષયનો ઉપાય તો અભેદરત્નત્રય છે. એનો હેતુભૂત કારણપરમાત્મા છે એમ કહે છે. શું કીધું? '**પુરાણપુરુષો સમસ્તકર્મક્ષયના ઉપાય...'** ઉપાય એ તો અભેદરત્નત્રય, નિશ્ચયરત્નત્રય એ એનો ઉપાય એના '**હેતુભૂત કારણપરમાત્માને...'** આહા..હા..! સમજાણું કાંઈ? નિશ્ચય મોક્ષમાર્ગને અભેદ કહેશે, અભેદરત્નત્રય. રત્નત્રય અભેદ હોં. એકલું અભેદ એ અહીં નહિ. એ વસ્તુ અહીં કારણપરમાત્મા નાખ્યું. શું કીધું? કે જે પુરુષો પૂર્વે થઈ ગયા સિદ્ધો એ કર્મક્ષયના ઉપાયાના, કર્મક્ષયના ઉપાયના, કર્મક્ષય છે મોક્ષ, એનો ઉપાય છે મોક્ષનો માર્ગ,

એના હેતુભૂત કારણપરમાત્મા. સમજાણું કાંઈ? નિશ્ચયસમ્યગ્દર્શન, નિશ્ચયસમ્યગ્જ્ઞાન, નિશ્ચય સમ્યક્ચારિત્ર એનો હેતુ કારણપરમાત્મા. કારણ. કારણપરમાત્મા એનું કારણ છે. રત્નત્રયનું કારણપરમાત્મા તે કારણ છે. સમજાણું કાંઈ? આ તો ભાઈ વાત એવી છે. અનાદિ-અનંત સંસાર એનો .. મોક્ષ ઉપાય એ અલૌકિક છે. આહા..હા..!

'**પુરાણપુરુષો સમસ્તકર્મક્ષયના ઉપાય...**' એ તો અભેદરત્નત્રય. એનો હેતુ કારણપરમાત્મા. સમ્યગ્દર્શનનો હેતુ કારણપરમાત્મા, સમ્યગ્જ્ઞાનનો હેતુ કારણપરમાત્મા. સમજાણું કાંઈ? ત્રિકાળ સનાતન સત્ય પ્રભુ અભેદસ્વરૂપ, એમાં પર્યાયનો પણ ભેદ છે નહિ, આહા..હા..! એવો કારણપરમાત્મા એ મોક્ષના ક્ષયનો ઉપાય જે મોક્ષમાર્ગ એનો હેતુ આત્મા કારણપરમાત્મા છે. આહા..હા..! આવું સમજવું.

**શ્રોતા :-** તો સમજાય એને કહેવું...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વ્રત કરવા, તપ કરવા બસ. એ તો રાગ છે.

**શ્રોતા :-** .. કરવાનું કારણ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોઈ કારણ-ફારણ નથી એ તો અહીં કીધું. '**સમસ્તકર્મક્ષયના ઉપાય...**' એવું આ ભેદરત્નત્રય કહેશે. એનો હેતુ કારણપરમાત્મા છે. કર્મક્ષયનો ઉપાય ભેદરત્નત્રય છે નહિ. આહા..હા..! એવા '**કારણપરમાત્માને અભેદ-અનુપચાર-રત્નત્રયપરિણતિથી સમ્યક્પણે આરાધીને...**' અભેદ એ પર્યાયની વાત છે આ. અભેદ-અનુપચાર-રત્નત્રય. નિશ્ચય રત્નત્રય. આહા..હા..! એવા ભગવાન આત્માને નિશ્ચયસમ્યગ્દર્શન, નિશ્ચયજ્ઞાન અને નિશ્ચય ચારિત્ર સ્વને આશ્રયે એવા રત્નત્રયપરિણતિથી અભેદ અને અનુપચાર. ૨૦૦માં આવ્યું હતુંને અભેદ અને અનુપચાર,... ઉપચારનય. ભેદને ઉપચાર, અભેદનો ઉપચાર...

કહે છે, ભગવાન આત્માને કારણપરમાત્માને ત્રિકાળ ધ્રુવ ભગવાનને અભેદરત્નત્રયના ઉપાયનું કારણ એ ભગવાન એ અભેદરત્નત્રયનો ઉપાય કોણ? કે '**અભેદ-અનુપચાર-રત્નત્રયતપરિણતિ...**' શુદ્ધજ્ઞાનઘન અખંડ અભેદ એની પ્રતીતિ, સ્વસન્મુખમાં એનું જ્ઞાન થઈને પર્યાયમાં જ્ઞેયરૂપે જ્ઞાન થઈને પ્રતીતિ. આહા..હા..! એનું નામ સમ્યગ્દર્શન. એનું જ્ઞાન થઈને એનું જ્ઞાન, એને જ્ઞેય કરીને એનું જ્ઞાન. કારણપરમાત્માને જ્ઞાનમાં જ્ઞેય કરીને એનું જ્ઞાન. આહા..હા..! '**અભેદ-અનુપચાર-રત્નત્રયપરિણતિ...**' આ પર્યાયની વાત છે હોં. '**સમ્યક્પણે આરાધીને...**' આહા..હા..! સાચી રીતે અભેદરત્નત્રયને કારણપરમાત્માને અવલંબીને થયેલી દશા એને આરાધીને. '**સિદ્ધ થયા...**' કહો, સમજાણું કાંઈ? આહા..હા..! એ કીધું 'ભેદવિજ્ઞાનસિદ્ધા સિદ્ધા એ કિલકેચનં' એ આમ કીધું. રાગથી ભિન્ન પડી દ્રવ્યમાં દૃષ્ટિ ગઈ અને પર્યાય સ્વભાવમાં એકત્વ થઈ. એકત્વ-વિભક્ત. રાગથી ભિન્ન થયું ત્યારે દ્રવ્ય ઉપર દૃષ્ટિ ગઈ ત્યારે પર્યાયમાં નિર્મળતા થઈ એ પર્યાય દ્રવ્ય સાથે અભેદ થઈ એને મોક્ષનો માર્ગ કહ્યો. આહા..હા..!

**શ્રોતા :-** અભેદ ક્યાંથી થઈ જાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અભેદ એટલે? એના તરફથી વળી એમ. જે આમ રાગ તરફ વળેલી હતી એ દ્રવ્ય તરફ વળી એનું નામ અભેદ. શું થાય, ભાઈ! આ તો ભાષા, શાસ્ત્રના અક્ષરો એનો ભાવાર્થ જો એ સમજે તો થાય એવું છે. અક્ષરને પકડી રાખે (તો ન ચાલે)! આહા..હા..!

**શ્રોતા :-** અહીં તો જ્ઞાનીના હૃદયોમાં છે!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જ છે. વસ્તુ એમ જ છે. આહા..હા..! નિર્વિકલ્પ પરિણતિ એનો આધાર ભગવાન ત્રિકાળ પરમાત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઘણા વખતે આ બધી ચર્ચાઓ ચાલતી હતી. ચાલતું હતુંને આત્મધર્મમાં.. બહુ ચર્ચા ચાલતી હતી. ભાવનગર. ..ભાઈ! શશીભાઈને એ બધા કરતા હતા કે આ શું આવે છે બધું વિરુદ્ધ? સમ્યગ્દર્શન, એની દ્રવ્ય અને પર્યાયનો વિષય બહુ ચર્ચા કરતા. બાહ્ય ન કરે. એવું છે, ભાઈ! આ ભાઈ કહેતા હતા. વજુભાઈના દીકરા નથી આવ્યા? ...ગયા વજુભાઈ? જવાના છે. એને બોલાવ્યા મેં કીધું ... છોકરાઓ. એ છોકરો કહેતો હતો બાર વર્ષ પહેલા કે આત્મધર્મ બધું રામજીભાઈ વખતે ચાલતું એ બધું ફરી ગયું છે. બાર વર્ષ પહેલા કહેતા હતા. છોકરા નાના હોય,.. તત્ત્વની વાતમાં કાંઈ મેળ ન હોય. એમ કહેતા હતા. છોકરો તેડવા આવ્યો હતો, એમ કે એકલા તમે .. એકલા છે અને મરી જાવું છે એકલાને. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શરૂઆત કરી છે. આહા..હા..! શશીભાઈ આવ્યા હતા. છોકરો તેડવા આવ્યો હતો. .. શું છે? આહા..હા..! ... બહારથી નીકળ્યા ઓલામાંથી. જેલમાંથીને?

**શ્રોતા :-** સરકારના કબ્જામાંથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કબ્જામાંથી. હવે બધા.. એકલા જેલમાં નહોતું ત્યાં? .. આહા..હા..!

કેટલું બે લીટીમાં નાખ્યું છે! આહા..હા..! જે પુરુષો અનંતા સિદ્ધ થયા એ બધા '**સમસ્તકર્મક્ષયના ઉપાયના...**' એવો જે અભેદરત્નત્રય એનો જે હેતુ કારણપરમાત્મા. આહા..હા..! સમજાણું કાંઈ? એકરૂપ ધ્રુવ ભગવાન આત્મા. કારણપરમાત્મા એ જ આત્મા. નિશ્ચયથી એ જ આત્મા. આહા..હા..! ત્રણે ત્રણ આવ્યું છે. ૩૮માં આવ્યું છે. આગળ ૯૧માં આવ્યું છે. ૯૧ નહિ? ૯૧ કે નહિ? પાને ક્યાંક આવ્યું છે ખરું. બધું યાદ રહે કાંઈ! અહીં ચિહ્ન નથી કર્યું આમાં. ૯૧. ૯૧ ખ્યાલ છેને. ૧૭૩ પાને. ઈ. '**નિરંજન નિજ પરમપારિણામિકભાવસ્વરૂપ કારણપરમાત્મા તે આત્મા છે;...**' છેને, ભાઈ! એ બતાવ્યું હતું. '**નિરંજન નિજપરમપારિણામિકભાવસ્વરૂપ...**' ધ્રુવ હોં. '**કારણપરમાત્મા તે આત્મા છે;...**' એ આત્મા. ૩૮માં તો આવ્યું હતું. ખરેખર તે આત્મા છે. આહા..હા..! પર્યાય વિનાનો હોં. મોક્ષમાર્ગની પર્યાય વિનાનો. આહા..હા..! એવો જે '**કારણપરમાત્મા તે આત્મા છે;...**' છેને? અને ૩૮મી ગાથા. ક્યાં આવ્યું છે? '**અનાદિ-અનંત...**' પાનું ૭૮. '**અનાદિ-**

**અનંત...**' એ ઉપરથી છઠ્ઠી લીટી. અમૂર્ત.. ના એનાથી વિશેષણ .. ગયા હતા. કે '**અનાદિ-અનંત અમૂર્ત અતીન્દ્રિયસ્વભાવવાળો શુદ્ધ-સહજ-પરમ-પારિણામિકભાવ જેનો સ્વભાવ છે એવો કારણપરમાત્મા તે ખરેખર 'આત્મા' છે.**' સમજાણું કાંઈ?

એવા '**કારણપરમાત્માને અભેદ-અનુપચાર-રત્નત્રયપરિણતિથી...**' અભેદ નિશ્ચય છે પણ પાછા આત્મા સાથે એક કર્યું અને અનુપચાર. '**અભેદ-અનુપચાર-રત્નત્રયપરિણતિથી સમ્યક્પણે આરાધીને સિદ્ધ થયા...**' આહા..હા..! '**તેમના કેવળજ્ઞાનાદિ શુદ્ધ ગુણોના ભેદને...**' ગુણ શબ્દે પર્યાય છે. ભાષા ભલે.. '**કેવળજ્ઞાનાદિ શુદ્ધ ગુણોના ભેદને જાણીને...**' વ્યવહાર છેને એ તો? '**નિર્વાણની પરંપરાહેતુભૂત એવી પરમભક્તિ...**' મોક્ષની પરંપરા હેતુ વ્યવહાર ભક્તિ. જેને નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન છે, સ્વ ભગવાન આત્માને અવલંબે, ધ્રુવને અવલંબે જેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયું છે એને જે પરની ભક્તિનો વિકલ્પ છે એને પરંપરા મોક્ષનો હેતુ પરંપરા કહેવામાં આવે છે. કારણ કે દૃષ્ટિમાં એનો આદર નથી. પણ અશુભથી ટળ્યો છે અને શુભ છે, એને ટાળીને આગળ જશે એ માટે પરંપરા વ્યવહારને .. કહેવામાં આવ્યું છે. શબ્દ પકડે તો ભાઈ પાર આવે એવું નથી. આહા..હા..! વસ્તુ એવી છે કોઈ ગંભીર ચીજ છે અનાદિથી. આહા..હા..!

એ ભેદ ગુણોના પ્રકારને. ભેદ એટલે પ્રકાર. '**જાણીને નિર્વાણની પરંપરાહેતુભૂત...**' એ વિકલ્પ જે ભક્તિ સિદ્ધની એ સમ્યગ્દૃષ્ટિ-જ્ઞાનીને વ્યવહારનો વિકલ્પ છે એ '**પરંપરાહેતુભૂત...**' નિર્વાણનું કારણ કહેવામાં આવ્યું છે. પરંપરા છેને. સીધું નથી. વ્યવહારથી કહ્યું છે. '**એવી પરમભક્તિ જે આસન્નભવ્યજીવ કરે છે,...**' જોયું? સમ્યગ્દર્શન-જ્ઞાનસહિત સિદ્ધની ભક્તિ આ પ્રમાણે જે વિકલ્પથી કરે છે એ આસન્નભવ્ય જીવ છે. અલ્પકાળમાં સંસારનો અંત લાવીને મોક્ષ જનારા છે. આહા..હા..!

**શ્રોતા :-** કરવું જોઈએ ત્યારે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કરવું જોઈએ નહિ, હોય છે. વ્યવહાર આવે છે. એમાં આવે છે. કરવું જોઈએ એ વ્યવહારનયથી આવે છે. આ તો નિશ્ચયથી કરવું જોઈએ એ તો સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર. ત્રીજી ગાથામાં આવ્યું છે ત્રીજી '**णियमेण य जं कज्जं**' નિશ્ચયથી, નિયમથી કરવાલાયક હોય તો ભગવાન આત્માને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે કર્તવ્ય છે. ત્રીજી ગાથામાં. સમજાણું કાંઈ? '**આસન્નભવ્ય જીવ કરે છે, તે મુમુક્ષુને વ્યવહારનયે નિર્વાણભક્તિ છે.**' જોયું! વ્યવહારનયથી એને નિર્વાણભક્તિ કહેવામાં આવી છે.

'**(હવે, આ ૧૩૫ મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ છ શ્લોક કહે છે :)**' લ્યો! છ શ્લોક.

(अनुटुभ्)

उद्धूतकर्मसंदोहान् सिद्धान् सिद्धिवधूधवान्।
संप्राप्ताष्टगुणैश्वर्यान् नित्यं वन्दे शिवालयान्।।२२१।।

'**શ્લોકાર્થ :- જેમણે કર્મસમૂહને ખંખેરી નાખ્યો છે,...**' સિદ્ધ ભગવાનની વ્યાખ્યા ચાલે છે આ. જેમણે કર્મના સમૂહને ખંખેરી નાખ્યા છે. આહા..હા..! '**જેઓ સિદ્ધિવધૂના પતિ છે,...**' આહા..હા..! મુક્તિરૂપી પરિણતિ એવી જે સ્ત્રી એના એ પતિ છે સિદ્ધ. '**જેમણે અષ્ટ ગુણરૂપ ઐશ્વર્યને સંપ્રાપ્ત કર્યું છે...**' લ્યો! આ આઠ ગુણ પ્રાપ્ત કર્યા છે એમ કીધું અહીં. ઓલા તકરાર કરે છેને. આ આઠ ગુણ અનંતાગુણની પર્યાય પ્રાપ્ત કરવી. આહા..હા..! શું થાય પણ, ભાઈ! શબ્દાર્થને પકડે અને ભાવાર્થ ન લે તો ઉંધું પડે એવું છે. પ્રભુ! એ તો અનાદિથી છે. એ કાંઈ નવું નથી. આહા..હા..!

'**જેમણે અષ્ટગુણરૂપ ઐશ્વર્યને સંપ્રાપ્ત કર્યું છે...**' સમ્યગ્દર્શન સુખ વગેરે '**અને જેઓ કલ્યાણનાં ધામ છે,...**' આહા..હા..! એ સ્વયં કહ્યું હતું. શિવસ્વરૂપ જ આત્મા છે. આવ્યું હતુંને? શિવસ્વરૂપ આત્મા, કલ્યાણધામ જ આત્મા. એમાં આ તો પર્યાયની વાત છે. આત્મા કલ્યાણનું ધામ જ છે, શિવસ્વરૂપ જ છે. એને આશ્રયે થયેલી પર્યાય નિર્મળ એને કલ્યાણધામ કહ્યું છે. આહા..હા..! આ પર્યાયની વાત છે હોં કલ્યાણનું ધામ. સમજાણું કાંઈ? આહા..હા..! સિદ્ધ એ પર્યાય છે, એ કલ્યાણનું ધામ છે. કેમકે ભગવાન પોતે જ આત્મા કલ્યાણનું ધામ શિવસ્વરૂપ છે. એમાંથી એક સમયની પર્યાય સિદ્ધની કલ્યાણધામ ભગવાનને આશ્રયથી પ્રગટી એને અહીંયાં કલ્યાણધામ કહેવામાં આવે છે. આહા..હા..! સ્વયંજ્યોતિ સુખધામ.

'**તે સિદ્ધોને હું નિત્ય વંદું છું.**' લ્યો ઠીક! '**वंदित्तु सव्व सिद्धे**' આવ્યું હતુંને સવારમાં? અહીં કહે છે, આવા સિદ્ધને હું નમન કરું છું. આહા..હા..! વિકલ્પ છેને. વ્યવહાર છેને પરનો. આવે છે, આવે છે, હોય છે. વ્યવહારનય એ વિકલ્પ છે. વિકલ્પ છે એ વ્યવહારનયનો વિષય છે. સમજાણું કાંઈ? એટલે વિકલ્પ હોય છે. એથી એને પરંપરા મુક્તિનું કારણ પણ સમકિતીને, સમકિતીને હોં. અજ્ઞાની છે એ વ્યવહારભક્તિ કરે અને પરંપરા કારણ એમ નથી. આહા..હા..! એવા સિદ્ધોને હું નિત્ય વંદું છું. એ ૨૨૧ થયો કળશ. ૨૨૨.

(आर्या)

व्यवहारनयस्येत्थं निर्वृतिभक्तिर्जिनोत्तमैः प्रोक्ता।
निश्चयनिर्वृतिभक्ती रत्नत्रयभक्तिरित्युक्ता।।२२२।।

'**શ્લોકાર્થ :- આ પ્રમાણે (સિદ્ધભગવંતોની ભક્તિને) વ્યવહારનયથી નિર્વાણભક્તિ જિનવરોએ કહી છે;...**' જુઓ, વ્યવહારનયપરિકહીયુ... છેને? વ્યવહારનયે પરિ.. એનું નામ કહેવાય. ભગવાને પરિકહીયુ... ત્યાંથી કાઢ્યું છેને? વ્યવહારનયણં પરિકહીયુ... ભગવાને કહ્યું છે. જિનવરદેવે સમ્યગ્દષ્ટિને સિદ્ધ ભગવાનની ભક્તિ વ્યવહારનયે ભક્તિ કહેવામાં આવી

છે. આહા..હા..! '**નિર્વાણભક્તિ જિનવરોએ કહી છે; નિશ્ચય-નિર્વાણભક્તિ રત્નત્રયભક્તિને કહી છે.**' બેય લીધું સાથે. નિશ્ચય-નિર્વાણભક્તિ પહેલું કીધું હતું એ. અભેદ અનુપચારરત્નત્રય પરિણતિને સમ્યક્ આરાધે એને કહીએ. આહા..હા..! સાચી મુક્તિની ભક્તિ એ રત્નત્રયભક્તિને કહી છે. શુદ્ધ કારણપરમાત્મા ધ્રુવને ધ્યાનમાં લઈને જે એકાગ્ર થાય એને સાચી રત્નત્રયભક્તિ કહી છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**નિશ્ચય-નિર્વાણભક્તિ રત્નત્રય...**' સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને કહી છે. ૨૨૩.

(आर्या)

निःशेषदोषदूरं केवलबोधादिशुद्धगुणनिलयं।
शुद्धोपयोगफलमिति सिद्धत्वं प्राहुराचार्याः।।२२३।।

આહા..હા..! '**શ્લોકાર્થ :- આચાર્યોએ સિદ્ધત્વને નિઃશેષ (સમસ્ત) દોષથી દૂર,...**' બધા દોષથી દૂર. તદ્દન પૂર્ણ નિર્દોષ દશા જેને પ્રગટ થઈ છે. આહા..હા..! '**કેવળજ્ઞાનાદિ શુદ્ધગુણોનું ધામ...**' છે એ. કોણ? સિદ્ધ હોં. '**કેવળજ્ઞાનાદિ શુદ્ધ...**' પર્યાયનું. ગુણ એટલે પર્યાય. એનું એ ધામ છે. એ કેવળ નામ ત્રિકાળી જ્ઞાનાદિ ગુણનું ધામ એ દ્રવ્ય છે અને આ તો પર્યાયનું કેવળજ્ઞાનાદિ પર્યાયનું ધામ એ સિદ્ધ છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**કેવળજ્ઞાનાદિ શુદ્ધગુણોનું ધામ...**' લ્યો શબ્દ ગુણ વાપર્યો એનો પર્યાય અર્થ કર્યો. એ તો ગુણથી શબ્દ વાપર્યો. અવગુણ ટળ્યો છે એટલે ગુણ છે એમ કહેવામાં આવ્યું છે. બાકી ગુણ તો ત્રિકાળ છે. એ નવા ક્યા પ્રગટે છે? પ્રગટે છે તો પર્યાય. આહા..હા..! એ કાંઈ હતોને વાંધો ઈન્દોરમાં નહિ? ઈન્દોરમાં એક પ્રકાશ છે. પર્યાય નથી, ગુણ છે એમ કાંઈક કહેતો હતો.

**શ્રોતા :-** ચંદુભાઈ ગયા હતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, ચંદુભાઈ ગયા ત્યારે ચર્ચા થઈ હતી. ગુણ તો ત્રિકાળી છે. ગુણ પ્રગટે? પર્યાય પ્રગટે. અનંતગુણોની પર્યાયરૂપ ધામ છે એમ કહેવાય લ્યો એ તો. આઠ ગુણ છે એ તો આઠ કર્મના અભાવથી કહ્યું છે. વ્યવહારથી કહ્યું છે. એ વ્યવહારથી કહ્યું છે આઠ પર્યાય. અનંતગુણની પર્યાય નિર્મળ થઈ ગઈ. આહા..હા..! તદ્દન શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... નિર્દોષ કહ્યુંને? નિર્દોષ-'**દોષથી દૂર, કેવળજ્ઞાનાદિ શુદ્ધગુણોનું ધામ અને શુદ્ધોપયોગનું ફળ કહ્યું છે.**' આ નાખ્યું છે. એ શુદ્ધોપયોગનું ફળ સિદ્ધપદ છે. વ્યવહાર રત્નત્રયને પરંપરા કહ્યું હતું એ ના પાડી, અહીં કાઢી નાખ્યું. શુદ્ધોપયોગનું ફળ. ઓલું તો પરંપરા કીધું. સાક્ષાત્ શુદ્ધોપયોગ ભગવાન આત્માનો, જેવું શુદ્ધ સ્વરૂપ છે તેવો જ એનો ઉપયોગ આચરણ અંદર થયું. શુભ-અશુભભાવ જે દયા, દાન વિકલ્પ છે એ તો અશુદ્ધોપયોગ છે. એનાથી સિદ્ધપદ થાય નહિ. આહા..હા..! અરેરે! વીતરાગી પર્યાયથી, વીતરાગપણાની પૂર્ણ દશા પ્રગટ થાય. એ લીધું છે ટીકામાં. એમ કે જ્યાં સુધી બારમે ગુણસ્થાન છે ત્યાં

સુધી હજી તો અશુદ્ધનય છે. એમાં શુદ્ધતા ક્યાંથી આવી?

**શ્રોતા :-** ગોમ્મટસારમાં એમ કહ્યું છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કહ્યું છેને. બારમા સુધી અશુદ્ધનય છે હજી. તેરમે પૂર્ણ થાશે. એનો અર્થ કે એ અશુદ્ધનય છે એ પૂર્ણતા નથી એ અપેક્ષાએ. એમાં જેટલો શુદ્ધોપયોગ પ્રગટે છે તે શુદ્ધ નયનું પરિણામ આવ્યું. ત્યાં શુદ્ધનયનો વિષય આવ્યો. જે શુદ્ધનયથી દ્રવ્યને જોયું ત્યારે પરિણામ શુદ્ધ આવ્યું એને પણ શુદ્ધનયનો વિષય જાણવા માટે કહ્યો. સમજાણું કાંઈ? અને અહીં પાછો પ્રશ્ન એમ લીધો છે કે બારમા સુધી તો અશુદ્ધનય છે અને આ શુદ્ધ તમે ક્યાંથી લાવ્યા? એ અશુદ્ધના પ્રસંગમાં પણ પૂર્ણ અશુદ્ધ નથી એ અપેક્ષાએ એને શુદ્ધ કીધું, પણ અંદર શુદ્ધ થયો છે. જેટલે અંશે શુદ્ધ થયો છે સ્વભાવને આશ્રયે એ મુક્તિનું કારણ છે. સમજાણું કાંઈ? મોટી ચર્ચા લીધી દ્રવ્યસંગ્રહમાં.

એ '**શુદ્ધોપયોગનું ફળ કહ્યું છે.**' એ પ્રવચનસારમાં આવ્યુ છે છેલ્લી ગાથામાં. શુદ્ધને સમ્યક્ કહ્યું, શુદ્ધને જ્ઞાન કહ્યું. છેલ્લે. એ તો ચારે .. ધારાવાહી છે. આહા..હા..! શુદ્ધોપયોગને સિદ્ધપદનું કારણ કહ્યું છે. શુદ્ધને શુદ્ધોપયોગ કહ્યો છે. શુદ્ધને સમકિત કહ્યું છે, શુદ્ધને સમ્યગ્જ્ઞાન કહ્યું છે, શુદ્ધને સમ્યક્ ચારિત્ર કહ્યું છે. છેલ્લી પાંચ છેને, ગાથા, પ્રવચનસાર. પાંચ રત્નો છે. પાંચ રત્ન. એ ૨૨૩ થઈ. એક બાજુ એમ કહે કે મોક્ષનો માર્ગ છે એ વ્યવહારે મોક્ષનું કારણ છે. પર્યાય છે. કારણ કે વ્યય થાય છે અને નિશ્ચયથી તો કારણપરમાત્મા જે ધ્રુવ છે તે જ મોક્ષનું કારણ છે. અરે! આહા..હા..! સમજાણું કાંઈ? કારણપરમાત્મા ધ્રુવ જે છે એ જ મોક્ષનું કારણ છે. કારણ કે ભાવ એમાંથી આવે છે. અને મોક્ષનો માર્ગ તો વ્યય થાય છે, અભાવ થાય છે. અભાવમાંથી ભાવ ક્યાંથી આવે? આહા..! અભાવભાવ એને વિસદશ્ય કીધું છે. ઉત્પાદ-વ્યયને વિસદશ્ય કીધું છે. ધવલમાં. ધવલમાં. સદશ્ય તો ત્રિકાળી રહે છે. દ્રવ્ય અને ગુણ એ સદશ્ય છે, એકરૂપ રહેનારા અને પર્યાય છે તે વિસદશ્ય છે. કારણ કે અભાવભાવ... અભાવભાવ... અભાવભાવ... આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં શુદ્ધોપયોગનું ફળ કહ્યું છે. જે અપેક્ષાથી કહ્યું છે તેમ જાણવું જોઈએને. એકબાજુ કહે કે શુદ્ધોપયોગ છે એ મોક્ષનો માર્ગ છે એ શુદ્ધોપયોગ છે. એનો વ્યય થાય ત્યારે મોક્ષ થાય છે. ચૌદમાં છેલ્લે સમયે મોક્ષમાર્ગ પૂર્ણ થાય છે, ત્યારે તરત મોક્ષ થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ સિદ્ધપદ પરમાત્મા સિદ્ધ ભગવાન નમો સિદ્ધાણં. એ સિદ્ધપદ પામ્યા એ શુદ્ધોપયોગના ફળ તરીકે પામ્યા. એનું કારણ ગણ્યું શુદ્ધોપયોગ અને એનું કાર્ય ગણ્યું આ મોક્ષ. સમજાણું કાંઈ? અને ખરેખર નિશ્ચયથી તો મોક્ષની પર્યાયનું કારણ ત્રિકાળી કારણપરમાત્મા છે. આહા..હા..! જે જે જ્યાં જ્યાં જે રીતે તેમ તેને સમજવું જોઈએને. 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તેહ, તે તે...' શું કીધું? આત્માર્થી.. 'ત્યાં ત્યાં તે તે આચરે આત્માર્થીજન તેહ.' આહા..હા..! ૨૨૩ થયો. ૨૨૪.

(शार्दूलविक्रीडित)

ये लोकाग्रनिवासिनो भवभवक्लेशार्णवान्तं गता
ये निर्वाणवधूटिकास्तनभराश्लेषोत्थसौख्याकराः।
ये शुद्धात्मविभावनोद्भवमहाकैवल्यसंपद्गुणाः
तान् सिद्धानभिनौम्यहं प्रतिदिनं पापाटवीपावकान्।।२२४।।

આહા..હા..! '**શ્લોકાર્થ :- જેઓ લોકાગ્રે વસે છે,...**' વસે છે તો પોતામાં પણ વ્યવહારનયનો... ભાઈએ નાખ્યું છેને, વનવાસમાં ગયા હતા ભગવાન એ તો ઉપચાર છે. ભગવાન તો આત્મામાં હતા. દીક્ષા લીધીને તો વનવાસમાં ભગવાન મહાવીર ગયા. વનવાસમાં ક્યાં હતા? એ તો પોતામાં હતા. વનવાસમાં હતા એને જ્ઞાતા તરીકે જાણવાનું છે. આહા..હા..! ભગવાને બહુ પ્રતિકૂળતા .. માટે ઉપદેશ એવો આપ્યો. ઉપદેશ વાણીમાં ક્યાં? વાણી તો પર છે એ. વાણી એની ક્યાં છે? વાણી તો જડની છે. જડને ઉપદેશ પોતે જડથી આપ્યો? એ તો વીતરાગભાવમાં હતા. વાણીને કાળે વાણી હો તો હો, વાણી ન હોય તો ન હો, એ તો જાણનાર છે, આહા..હા..! વાણીના કરનાર નથી. આહા..હા..! ભગવાને આવો ઉપદેશ આપ્યો સર્વકાળ દેખીને યજ્ઞમાં બહુ હિંસા થતી હતી. યજ્ઞને રોકવા માટે આ કર્યું. ભગવાને તો કાંઈ કર્યું નથી. ભગવાને તો વીતરાગતા વધારી છે. એને વાણીનો કાળ હોય તો વાણીને કારણે નીકળે છે. એ વાણીનું કારણ કાંઈ પોતે આત્મા નથી. પોતાના ભાવનો વાહક વાણી છે, પણ એ ભાવ એમાં પેસતા નથી વાણીમાં ક્યાય. આહા..હા..! બહુ આ તો આકરી વાત છે.

'**જેઓ લોકાગ્રે વસે છે,...**' એ વ્યવહાર છે. એ તો આત્મામાં વસે એવા છે સિદ્ધ થયા તો. '**જેઓ ભવભવના ક્લેશરૂપી સમુદ્રના પારને પામ્યા છે,...**' આહા..હા..! ભવભવના ક્લેશ, જુઓ, સ્વર્ગનો ભવભવનો પણ ક્લેશ. સ્વર્ગના ભવ પણ ક્લેશ. આ કરોડોપતિ અને અબજોપતિ શેઠિયાના ભવ પણ ક્લેશ.

**શ્રોતા :-** ભલે ક્લેશ હોય પણ મજા તો કરેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય મજા નથી, માને છે. મજા તો આત્મામાં છે. એને ન માનતા પૈસામાં અને ધૂળમાં માને એ તો મૂઢ છે.

**શ્રોતા :-** એનું સુખ ભોગવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભોગ ભોગવે. આહા..હા..!

'**ભવભવ...**' એટલે બધો ચારેય ગતિનો હોં. ચારેય ગતિ સ્વર્ગ હોય કે નર્ક હોય '**ભવભવના ક્લેશરૂપી સમુદ્રના...**' સમુદ્ર ભવભવનો ક્લેશ એના '**પારને પામ્યા છે, જેઓ નિર્વાણવધૂના પુષ્ટ સ્તનના આલિંગનથી ઉત્પન્ન સૌખ્યની ખાણ છે...** ' આહા..હા..! નિર્વાણરૂપી મુક્તિ એ સ્ત્રી પરિણતિ એનું પુષ્ટ. પૂર્ણ ગુણ થઈ ગયા છે એના.

પુષ્ટ એવો પર્યાય એના આલિંગનથી આહા..હા..! ઉત્પન્ન. એના '**આલિંગનથી ઉત્પન્ન સૌખ્યની ખાણ છે...**' અરે! કહો, સમજાણું કાંઈ? એકકોર કહે કે દ્રવ્ય પર્યાયને આલિંગન કરતું નથી. એ બેપણું ભિન્ન સિદ્ધ કરવા. અહીં તો એનું ફળ સિદ્ધ કરવું છે. દ્રવ્ય દ્રવ્યપણે રહે છે. દ્રવ્ય પર્યાયને આલિંગન કરતું નથી. આલિંગન કરે તો દ્રવ્ય અને પર્યાય બે એક થઈ જાય છે, બે રહેતા નથી. આહા..હા..! એમ પર્યાય છે તે દ્રવ્યને આલિંગન કરતી નથી. એક સમયની પર્યાય સામાન્યને આલિંગન શી રીતે કરે? વિશેષ વિશેષરૂપે છે. સામાન્ય સામાન્યરૂપે છે. આહા..હા..! અલિંગગ્રહણ. હાથ કપાઈ ગયો છે ભાઈનો. અમૃતલાલભાઈ. વાંકાનેર. અમૃતલાલભાઈ હતાને. .. બહુ રૂડો જીવ જિજ્ઞાસુ. .. શું કહેવાય એ? દર્દનું. ... બહુ ... અલિંગગ્રહણ લખતા. અલિંગગ્રહણનું પુસ્તક છાપ્યું છે. માસિક દરરોજ નીકળતુંને?

અહીં કઈ અપેક્ષા કીધી છે? દ્રવ્ય પર્યાયનો અનુભવ કરે છે એમ. એથી દ્રવ્ય '**આલિંગનથી ઉત્પન્ન સૌખ્યની ખાણ છે...**' આહા..હા..! પર્યાયની સુખની ખાણ છે હોં આ. આહા..હા..!

**શ્રોતા :–** બેમાંથી સાચું શું માનવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બેય સરખું સમજવું જોઈએ. દ્રવ્ય પર્યાયને આલિંગન સુખ ભોગવે છે એ વ્યવહારનું કથન છે અને દ્રવ્ય પર્યાયને આલિંગન નથી કરતું એ નિશ્ચયનું કથન છે. આહા..હા..! શું થાય? એ તો ન્યાયના ગ્રંથમાં આવ્યું છે. આપ્તમીમાંસા. ધર્મી ધર્મીરૂપે છે ધર્મરૂપે નહિ. ધર્મ ધર્મરૂપે છે ધર્મીરૂપે નહિ. ન્યાયના ગ્રંથ છે. લ્યો એમાં પણ એ કીધું આત્મમીમાંસા. બે છેને દ્રવ્ય અને પર્યાય. વાચક બે છે તો એના વાચ્ય બે છે. સમજાણું કાંઈ? અહીં તો અપેક્ષાથી કહેવું છે કે સિદ્ધો પોતાની શુદ્ધપરણતિના પુષ્ટ થયા છે ગુણો બધા.

'**એના આલિંગનથી ઉત્પન્ન સૌખ્યની ખાણ છે...**' આનંદની ખાણ છે એ તો. આહા..હા..! અતીન્દ્રિય આનંદને સિદ્ધ ભગવાન ભોગવે છે. ભોગવટો લેવો છેને અહીં? '**અને જેઓ શુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન કૈવલ્યસંપદાના (–મોક્ષસંપદાના) મહા ગુણોવાળા છે,...**' શું કીધું હવે જોયું? સિદ્ધ કેવા છે? કે શુદ્ધાત્મા જે ત્રિકાળ, એની ભાવના એટલે એકાગ્રતાથી ઉત્પન્ન '**કેવળસંપદાના (–મોક્ષસંપદાના) મહાગુણોવાળા છે,...**' આ ગુણ એટલે પર્યાય. સમજાણું કાંઈ? જુઓ, કેટલું એક-એક ગાથામાં. શુદ્ધાત્મા જે ત્રિકાળ, જે આત્મા ત્રિકાળ તેને આત્મા કહીએ, એની ભાવના એટલે પર્યાયમાં એકાગ્રતા. એ દ્રવ્યમાં પર્યાયની એકાગ્રતા. એનાથી '**ઉત્પન્ન કૈવલ્યસંપદાના (–મોક્ષસંપદાના) મહાગુણોવાળા છે, તે પાપાટવીપાવક (–પાપરૂપી વનને બાળવામાં અગ્નિ સમાન)...**' એટલે ત્યાં છે જ ક્યાં પાપ એમ. '**સિદ્ધોને હું પ્રતિદિન નમું છું.**' ભાષા એમ કહેવાય, પાપરૂપી અગ્નિને બાળવા એટલે કે ત્યાં પાપ છે જ નહિ એમ. એકલી આનંદદશા. એક સમયમાં કેવળજ્ઞાનદશા, કેવળ દર્શનદશા, અનંતવીર્યદશા. આહા..હા..! એને લઈને પાપરૂપી અટવીને

બાળનાર એમ કહેવામાં આવે છે. '**સિદ્ધોને હું પ્રતિદિન નમું છું.**' એવા સિદ્ધ ભગવાનને પ્રતિદિન. આહા..હા..! છેને? '**પ્રતિદિનં**' શબ્દ છે. નમું છું. (૨૨૪ થયો.) ૨૨૫.

(शार्दूलविक्रीडित)

त्रैलोक्याग्रनिकेतनान् गुणगुरून् ज्ञेयाब्धिपारंगतान्
मुक्तिश्रीवनितामुखाम्बुजरवीन् स्वाधीनसौख्यार्णवान्।
सिद्धान् सिद्धगुणाष्टकान् भवहरान् नष्टाष्टकर्मोत्करान्
नित्यान् तान् शरणं व्रजामि सततं पापाटवीपावकान्।।२२५।।

આહા..હા..! '**શ્લોકાર્થ :- જેઓ ત્રણલોકના અગ્રે વસે છે,...**' એ તો ક્ષેત્ર. વ્યવહારનયનું કથન છેને. સિદ્ધની ભક્તિ એવ જ વ્યવહાર છે. '**ત્રણલોકના અગ્રે વસે છે, જેઓ ગુણમાં મોટા છે,...**' ગુણમાં એટલે પર્યાયમાં. પર્યાય પૂર્ણ પર્યાય... '**જેઓ જ્ઞેયરૂપી મહાસાગરના પારને પામ્યા છે,...**' આહા..હા..! જગતમાં જેટલા જ્ઞાનમાં જણાવાલાયક જ્ઞેય જણાય એ જ્ઞેયરૂપી મહાસાગર અનંતા દ્રવ્યો, અનંતા ગુણો, અનંતી પર્યાય. એવો મહાસાગર જ્ઞેય છે. આહા..હા..! લોકાલોક જે જ્ઞેય છે એના મહાસાગરને પ્રાપ્ત કરીને, પારને પામ્યા છે. એટલે બધા જ્ઞેયનું જ્ઞાન થઈ ગયું છે, કોઈ બાકી રહ્યું નહિ. આહા..હા..! એક જ્ઞાનની પર્યાય એ તો એક સમયની પર્યાયની એટલી તાકાત છે છ દ્રવ્યને જાણવની. સમજાણું કાંઈ? એક સમયની પર્યાયની તાકાત છે છ દ્રવ્યને જાણવાની. એક સમયની પર્યાયની તાકાત છે કે આખા દ્રવ્યને જાણું. શું કીધું? એક સમયની પર્યાયમાં આખું દ્રવ્ય જણાય એવી તાકાત છે અને એક સમયની પર્યાયમાં છ દ્રવ્ય જણાય એવી એની તાકાત છે. સ્વપર બેય એક સમયમાં જણાય એવી એની તાકાત છે. પર્યાયની વાત છે હોં આ. ગંભીર છે ભાઈ આ!

જ્ઞેયોરૂપી જ્ઞેય અને જણાવાલાયકરૂપી '**મહાસાગરના...**' મહાસાગર. અનંતા તો દ્રવ્યો, એના અનંતા એક-એકના ગુણો એની એક-એક સમયની અનંતગુણની અનંતી પર્યાયો એવી ત્રિકાળ પર્યાયો. આહા..હા..! એને '**પારને પામ્યા છે,...**' ભવિષ્યની પર્યાય પણ જાણે છે.

**શ્રોતા :-** ભવિષ્યની છેલ્લી પર્યાય કઈ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છેલ્લી કઈ એ તો આવ્યુ ... છેલ્લી-પેલી કેવી? આહા..હા..! એ અનાદિ-અનંત જેટલી પર્યાયો છે તેને એક ક્ષણમાં ભગવાન જાણે છે. આહા..હા..! સ્વભાવ પર્યાયનો સ્વભાવ છે એમાં પ્રશ્ન શું? એ સ્વભાવની જાત જ એવી છે. એ આદિ નથી, અંત નથી એવી બધી પર્યાયોને જાણે છે. જ્ઞાનમાં જણાઈ ગયું તો ત્યાં અંત આવી ગયો કે નહિ એમાં? અનંતને અનંત તરીકે જાણ્યું છે. અનંતને અંત તરીકે જાણે એટલે એ જ્ઞાન ખોટું. આહા..હા..! ઝીણી વાત, બાપુ! જૈનદર્શન એવી ચીજ છે. એક-એક ગુણની એક-

એક પર્યાયની કેટલી તાકાત છે.

'**જ્ઞેયરૂપી મહાસાગરના પારને પામ્યા છે,...**' બધા જ્ઞેયો જ્ઞાનમાં જણાઈ ગયા છે. કોઈ બાકી રહ્યું નથી. ક્યારનો છે એમ આદિ નથી, તો આદિ જોઈ શક્યા નથી એટલું કાચુ નહિ? પણ આદિ હતી કે દિ'? અનાદિ... અનાદિ... અનાદિ... અનાદિ... અનાદિ... જેમ .. છે તેમ જાણ્યું. આહા..હા..! સાધારણ માણસને અંદર સમાધાન થવું...!

**શ્રોતા :-** કોઈ સંપ્રદાયમાં આ વાત નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સંપ્રદાયમાં ક્યાં છે? આ તો સ્વભાવ..વાત. એનો સ્વભાવ જ એવો છે. કેવળજ્ઞાનની પર્યાયનો હોં. આહા..હા..! ત્રણકાળના જ્ઞેયોને.. ઓલા અનુભવપ્રકાશમાં નાખ્યું છે જ્ઞેય કેટલાને બધા. અનુભવપ્રકાશ છેને? ત્યાં આ જ્ઞેયનો અધિકાર લીધો આખો.

'**એવા જ્ઞેયરૂપી મહાસાગરના...**' ઓહો..હો..! મોટો દરિયો. અનંતગુણો તે ત્રણકાળની પર્યાયથી અનંતગુણા ત્રણકાળના સમૂહથી, સમયથી. ત્રણકાળના સમયથી તો આકાશના પ્રદેશ અનંતગુણા, એનાથી અનંતગુણા એક-એક જીવના અનંતગુણ. એવા-એવા અનંતા દ્રવ્યો અને અનંતા ગુણો. આહા..હા..! અને એક-એક ગુણની ત્રિકાળ પર્યાયો એના જ્ઞેયને પાર પામ્યા છે. '**પારને પામ્યા છે,...**' સમજાણું કાંઈ? '**જેઓ મુક્તિલક્ષ્મીરૂપી સ્ત્રીના મુખકમળના સૂર્ય છે,...**' સિદ્ધ તો એની પર્યાયને ખીલે છે. મુક્તિરૂપી લક્ષ્મી એની સ્ત્રી એના '**મુખકમળના સૂર્ય છે,...**' પર્યાય ખીલે છે ક્ષણે ક્ષણે. અનંતી-અનંતી વસ્તુને જાણનારી એક સમયની પર્યાય સમયે સમયે-ખીલે છે. આહા..હા..!

'**જેઓ સ્વાધીન સુખના સાગર છે,...**' સ્વાધીન સુખના સાગર છે. પર્યાયમાં પોતાના આનંદના અનુભવમાં એ પોતે સાગર છે. આહા..હા..! એ પર્યાયમાં હોં. સાગર ભંડાર છે. આહા..હા..! '**જેમણે અષ્ટ ગુણોને સિદ્ધ (પ્રાપ્ત) કર્યા છે,...**' સિદ્ધ ભગવાને આઠ ગુણોને એટલે પર્યાયને પ્રાપ્ત કરી છે વ્યવહારથી. નિશ્ચયથી તો અનંતગુણની પર્યાય પ્રાપ્ત કરી. '**જેઓ ભવનો નાશ કરનારા છે...**' ભવનો તો વ્યય થઈ ગયો. '**અને જેમણે આઠ કર્મોના સમૂહને નષ્ટ કરેલ છે,...**' આઠ કર્મના પિંડને નાશ કર્યો છે. '**તે પાપાટવીપાવક (-પાપરૂપી અટવીને બાળવામાં અગ્નિ સમાન)...**' પાવક એટલે અગ્નિ સમાન '**નિત્ય (અવિનાશી)...**' લ્યો. '**સિદ્ધભગવંતોનું...**' છે તો પર્યાય એ બધી અને '**નિત્ય (અવિનાશી)...**' એટલે પર્યાય કાયમ રહેનારી છેને. એવા '**સિદ્ધભગવંતોનું હું નિરંતર શરણ ગ્રહું છું.**' આહા..હા..! સિદ્ધા શરણં. આવે છેને? અરિહંતા શરણં, સિદ્ધા શરણં, સાહુ શરણં. નિશ્ચયથી સ્વનું શરણ છે, વ્યવહારે ભગવાન સિદ્ધનું શરણ છે એમ કહેવામાં આવે છે. નિશ્ચયથી તો ભગવાન આત્માનું શરણ છે. પર્યાયને શરણ દ્રવ્યનું છે. એ પર્યાય નવી પ્રગટે છે એનો આધાર તો દ્રવ્ય છે. તેથી શરણ તો એ છે. આહા..હા..! '**નિત્ય (અવિનાશી) સિદ્ધભગવંતોનું હું નિરંતર શરણ ગ્રહું છું.**' ૨૨૫ થયો. ૨૨૬.

(वसंततिलका)

ये मर्त्यदैवनिकुरम्बपरोक्षभक्ति-
योग्याः सदा शिवमयाः प्रवराः प्रसिद्धाः।
सिद्धाः सुसिद्धिरमणीरमणीयवक्त्र-
पंकेरुहोरुमकरंदमधुव्रताः स्युः।।२२६।।

કેવા છે સિદ્ધ ભગવાન? '**જેઓ મનુષ્યોના તથા દેવોના સમૂહની પરોક્ષભક્તિને યોગ્ય છે,...**' અરિહંત ભગવાન તો જ્યારે સમવસરણમાં બિરાજતા હોય ત્યાં પ્રત્યક્ષ ભક્તિ થાય. આહા..હા..! સિદ્ધ ભગવંતો પરોક્ષ થઈ ગયા. '**જેઓ મનુષ્યોના તથા દેવોના સમૂહની પરોક્ષભક્તિને યોગ્ય છે,...**' સિદ્ધ નહિ અહીંયાં. .. એમાં આવી ગયા. બેય આવી ગયા. નહિતર ત્રણને ભક્તિ છે. નારકીને નથી. '**મનુષ્યોના તથા દેવોના સમૂહની પરોક્ષભક્તિને યોગ્ય છે, જેઓ સદા શિવમય છે,...**' લ્યો આવ્યું. સદાશિવમય છે. પર્યાયે હોં. વસ્તુ સદાશિવમય છે, તો પર્યાયમાં સદાશિવમય પર્યાય પ્રગટ થાય છે. આહા..હા..! એક સેકન્ડમાં અસંખ્ય સિદ્ધની પર્યાય થાય. આહા..હા..! પર્યાયનું કાળ એક સમયનો છે. એક સેકન્ડમાં અસંખ્ય ... ૬૦ પળે વિપળ અને ૬૦ વિપળે સેકન્ડ, ૬૦ સેકન્ડની મિનિટ. એ પળમાં પણ અસંખ્ય સમય છે. મિનિટનો ૬૦મો ભાગ સેકન્ડ, સેકન્ડનો ૬૦મો .. નો ૬૦મો ભાગ વિપળ, વિપળનો ૬૦મો ભાગ પળ. એમાં પણ અસંખ્ય સમય છે. આહા..હા..!

એક સમયમાં અસંખ્ય પર્યાય સિદ્ધની પરિણમી જાય એક સેકન્ડમાં. એક સમયની પર્યાય એવી એક સમયમાં અસંખ્ય થઈ જાય. આહા..હા..! ધ્રુવ દ્રવ્ય તો એવું ને એવું રહે. એવા સિદ્ધ ભગવાન '**સદાશિવમય છે, જેઓ શ્રેષ્ઠ છે અને જેઓ પ્રસિદ્ધ છે,...**' સિદ્ધ પ્રસિદ્ધ આવે છેને? પ્રસિદ્ધં. એ સ્તુતિમાં. '**જેઓ પ્રસિદ્ધ છે,...**' આહા..હા..! નિર્મળ મોક્ષ પ્રાપ્ત કર્યા એવા સિદ્ધો તો પ્રસિદ્ધ છે. આહા..હા..! '**તે સિદ્ધભગવંતો સુસિદ્ધિરૂપી રમણીના રમણીય મુખકમળના મહામકરંદના ભ્રમર છે...**' આહા..હા..! સિદ્ધભગવંતો સુસિદ્ધિરૂપી સ્ત્રી પરિણતિ એની રમણીય. '**રમણીના રમણીય મુખકમળ...**' એમ. એ સ્ત્રીનું રમણીય મુખકમળ પર્યાય એના '**મહામકરંદ...**' એનો રસ પીનારા છે. '**મકરંદના ભ્રમર છે...**' આહા..હા..! અતીન્દ્રિય આનંદની પર્યાયને પીવે-ચૂસે છે સિદ્ધ ભગવાન. ..મધ હોયને થોડું? ભમરા હોયને એ ફૂલમાં બેસે તો એનો રસ ચૂસી લે. કાણુ ન પડે ત્યાં. એમ પર્યાયમાં અનંત-અનંત આનંદ... આનંદ... આનંદ... રસ છે એને એ ભોગવે છે. આહા..હા..! '**(અર્થાત્ અનુપમ મુક્તિસુખને નિરંતર અનુભવે છે).**' લ્યો. આહા..હા..! અનુપમ મુક્તિના આનંદને નિરંતર અનુભવે છે. ૨૨૬ થઈ લ્યો. આગળ લેવાશે...

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## માગશર સુદ-૨, ગુરુવાર, તા. ૦૪-૧૨-૧૯૭૫
## ગાથા-૧૩૬, પ્રવચન નં. ૧૧૪

(શ્રી નિયમસાર, પરમ-ભક્તિ) અધિકાર ચાલે છે. ૧૩૬ ગાથા.

मोक्खपहे अप्पाणं ठविऊण य कुणदि णिव्वुदी भत्ती।
तेण दु जीवो पावइ असहायगुणं णियप्पाणं।।१३६।।

**શિવપંથ સ્થાપી આત્મને નિવર્ણિની ભકિત કરે,**
**તે કારણે અસહાયગુણ નિજ આત્મને આત્મા વરે. ૧૩૬.**

સૂક્ષ્મ વિષય છે, ભાઈ!

'**ટીકા :- આ, નિજપરમાત્માની ભક્તિના સ્વરૂપનું કથન છે.**' પરમાત્માની ભક્તિ કરવી તીર્થંકર આદિની એ તો શુભભાવ છે, પુણ્યભાવ છે, ધર્મ નથી. નિજપરમાત્મા જે શુદ્ધ ચૈતન્યઘન એની ભક્તિ, પરમાત્માની ભક્તિ છેને? અને એ નિશ્ચયભક્તિ છે. છે તો પરમાત્મા ત્રિકાળી શુદ્ધ ચૈતન્યઘન એની ભક્તિ છે એ તો પર્યાય છે. પણ તેને નિશ્ચયભક્તિ કહી. છે તો પર્યાય વ્યવહારનો વિષય, છતાં ત્રિકાળને અવલંબે જે થઈ એ અપેક્ષાએ એને નિશ્ચયભક્તિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? સૂક્ષ્મ વિષય છે. આહા..હા..! કેમકે આત્મા જે એક સમયમાં ધ્રુવ નિત્ય છે. નિત્યાનંદ પ્રભુ. અભિધેય આવ્યું હતુંને સવારમાં. અભિધેય-અભિધાન આવે છેને? અભિધેય-અભિધાન. આમાં વાચક શબ્દ લીધો. .. શબ્દ આવે છે.

અહીં તો એટલું કહેવું છે કે આત્મા જે એક સમયમાં ત્રિકાળી નિત્ય ધ્રુવ એની ભક્તિ એ તો પર્યાય છે, નિર્વિકલ્પ પર્યાય છે. પણ એ નિર્વિકલ્પ પર્યાય પરમાત્માને આશ્રયે ઉત્પન્ન થઈ છે એ કારણે નિશ્ચયભક્તિ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એનું નામ ધર્મ કહે છે. ઝીણી વાત, ભાઈ! જિનેન્દ્રદેવ પરમેશ્વર ત્રિલોકનાથ. કેમકે એક ન્યાય તો એવો આવ્યો કે જે શ્રુતપ્રમાણ છેને ભાઈ! શ્રુતપ્રમાણ? શ્રુતજ્ઞાન પ્રમાણથી જણાય છેને? શુદ્ધનયને કહ્યું હતુંને પ્રવચનસાર. તો એ શ્રુતપ્રમાણ છે એ પણ પર્યાય છે. આહા..હા..! હવે, ઈ પર્યાય છે તો ખરેખર તો દ્રવ્યની અપેક્ષાએ વ્યવહાર છે. એના બે ભેદ—નિશ્ચય અને વ્યવહાર. એવી વાત છે જરી. ઝીણી થોડી છે એટલે.

**શ્રોતા :-** ઝીણી સમજવાનો વખત..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ વખત. આ ક્યારે સમજશે ભાઈ? આહા..હા..! ભગવાન આત્મા એક સમયમાં નિત્યાનંદ ધ્રુવ જે ધ્યેય. આવ્યું હતુંને સવારમાં અભિધેય. આખા સમયસારનો સાર અને આખા શાસ્ત્રનો સાર અભિધેય દ્રવ્યસ્વભાવ શુદ્ધ છે. સમજાણું કાંઈ?

તો એ અભિધેય છે એને નિશ્ચયનય એ અભિધેયને આત્મા માને છે. હવે નિશ્ચયનય એટલે જ્ઞાનનું પ્રમાણ જે છે શ્રુતપ્રમાણ, ભાવશ્રુતપ્રમાણ. એ શ્રુતપ્રમાણથી જુઓ તો નિશ્ચય શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા દેખાય છે. આવ્યું હતુંને એ? પ્રવચનસારમાં ભાઈ આવ્યું હતુંને? ત્યારે તો બીજો વિષય ચાલ્યો હતો. જ્યાં પ્રમાણ શ્રુતજ્ઞાન પ્રમાણ પોતે પર્યાય છે. પોતે સમજાણું? સ્વયં. આ હિન્દી આવ્યા છેને. ઝીણી વાત છે, ભાઈ! જિનેન્દ્ર-માર્ગ પરમેશ્વર ત્રિલોકનાથ અરિહંતદેવનો માર્ગ કોઈ અલૌકિક છે.

અહીં તો એમ કહેવું છે કે '**આ, નિજપરમાત્માની ભક્તિ...**' છે. પરમભક્તિ છેને અહીંયાં? તો પરમભક્તિ એટલે નિશ્ચયભક્તિ. ત્રિકાળી આનંદકંદ પ્રભુ ધ્રુવ એની એકાગ્રતા એમાં કરવી એ નિશ્ચયભક્તિ. છે તો પર્યાય, છતાં નિશ્ચયભક્તિ કેમ કહી? કે ત્રિકાળી જ્ઞાયકને પકડી છે તો એ નિશ્ચય વસ્તુ એને કારણે પર્યાય થઈ તો પર્યાયને નિશ્ચયભક્તિ કહેવામાં આવે છે. આહા..હા..! અને ભગવાન તીર્થંકરની ભક્તિ એ પરવસ્તુ ઉપર લક્ષ જાય છે તો એને પરાશ્રય થયો તો એને વ્યવહાર કહેવામાં આવે છે. સ્વાશ્રય થયો તેને નિશ્ચય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાત છે. શ્રુતજ્ઞાન પ્રમાણ પોતે પર્યાય છે. એ પ્રમાણ પોતે સ્વયં પોતે વ્યવહાર છે અને એ વ્યવહાર છે એ નિશ્ચયને વિષય કરે છે. પ્રમાણ છે એ નિશ્ચયને વિષય કરે છે. ત્યારે પૂર્ણ અનંત ધર્મસંપન્ન ભગવાન આત્મા એને 'શુદ્ધ ચૈતન્યમૂર્તિ હું છું, શુદ્ધ ચૈતન્યમૂર્તિ આત્મા છું' એવા શ્રુતજ્ઞાન પ્રમાણથી એ નિશ્ચય જાણવામાં આવે છે. વિચાર તો ઘણા આવ્યા છે બહુ... પ્રમાણ પોતે જ પર્યાય છે. સમજાણું કાંઈ?

શ્રુતજ્ઞાન પ્રમાણ તો ભાવશ્રુતજ્ઞાન હોં. એ પણ પર્યાય છે. પર્યાયને પ્રમાણ કહી, તો એ પર્યાયને પ્રમાણ કહો તો તો વ્યવહાર થઈ ગયો. વળી નિશ્ચય અને વ્યવહાર બેના જ્ઞાન માટે વ્યવહાર એ વળી એક વાત. ભાઈ! શ્રુતજ્ઞાન 'ત્રિકાળ શુદ્ધ ચૈતન્યમૂર્તિ હું છું' એવો અનુભવ કરે છે. તો હવે નિશ્ચય જે છે એને જાણે અને વ્યવહારને જાણે, વ્યવહારભક્તિ આદિને, તો એને પ્રમાણ કહ્યું, એને પ્રમાણ કહ્યું. સમજાણું કાંઈ? તો એ પ્રમાણ છે એ વ્યવહાર થયો. પોતાની પર્યાય પરને રાગને .. જાણે એ અપેક્ષાએ વ્યવહાર થયો, પણ અહીં તો બીજી રીતે વ્યવહાર થયો. કે જે ભાવશ્રુતજ્ઞાન છે એ ત્રિકાળ નિશ્ચયને જાણે છે એ અપેક્ષાએ એને નિશ્ચયને જાણે એ અપેક્ષાએ નિશ્ચયનય કહ્યો, બાકી છે તો પર્યાય વ્યવહાર. આહા..હા..!

**શ્રોતા :-** વ્યવહાર હોવા છતાં નિશ્ચય કીધા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અહીંનો છેને નિશ્ચયનો આશ્રય છેને. અહીં તો એ જ વિચાર અંદર ચાલતા-ચાલતા ઘણું ચાલે, ભાઈ! સમજાણું કાંઈ? આહા..હા..! આવો માર્ગ વીતરાગનો ક્યાંય હાથ આવે એવો નહિ સાધારણ માણસને. એ ગંભીર ચીજ છે, ભાઈ! આહા..હા..!

જેને ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણાનંદ પ્રભુ એને જેણે દૃષ્ટિમાં લીધો એ દૃષ્ટિ પર્યાય છે. દૃષ્ટિ પર્યાય છે, એ વ્યવહાર છે. એ વ્યવહારે નિશ્ચયને લક્ષમાં લીધી. નિશ્ચય કેમ? ત્રિકાળી વસ્તુ છે એ અપેક્ષાએ નિશ્ચય. અભેદ છે તો નિશ્ચય. પર્યાય ભેદ છે એ વ્યવહાર. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીંયાં તો કહે છે નિજપરમાત્મા એક સમયમાં નિત્યાનંદ પ્રભુ ઉત્પાદ-વ્યયની પર્યાયથી રહિત ધ્રુવ એ નિજપરમાત્મા. આહા..હા..! જેની શ્રુતજ્ઞાનની પર્યાય પ્રમાણ છે એ પર્યાયથી પણ રહિત. આહા..હા..! નિશ્ચયનયથી જો આત્માનો આશ્રય લીધો અને સમ્યગ્દર્શન નિશ્ચય. ત્રિકાળ સત્યાર્થ, ભૂતાર્થને જ નિશ્ચય-શુદ્ધનય કહ્યો. ૧૧મી ગાથા. તો એ 'ત્રિકાળ શુદ્ધ છે પરમાત્મા એ સ્વરૂપ છું' એને જ નિશ્ચય શુદ્ધનય કહ્યો. તો એનો આશ્રય જેણે લીધો એ પર્યાયને નિશ્ચયનય કહી. આહા..હા..! ઝીણી વાત, ભાઈ! વીતરાગમાર્ગ સૂક્ષ્મ ઘણો ભાઈ! આહા..હા..! નવલચંદભાઈ! નહિતર છે તો પર્યાય વ્યવહાર. ત્રિકાળની અપેક્ષાએ તો વ્યવહાર છે. પંડિતજી! આહા..હા..! સમજો ...ભાઈ! આ તો આહાર વખતે આહાર કરતા-કરતા ઘોલન ચાલતું હતું. પ્રમાણ પોતે વ્યવહાર છે એનો ભેદ નિશ્ચય-વ્યવહાર એ તો વ્યવહાર થઈ ગયો. શું કહ્યું સમજાણું કાંઈ? સૂક્ષ્મ છે ભાઈ! હિન્દી આવ્યું પણ હવે આવ્યું એ આવેને અંદરથી. આહા..હા..! અહીં તો '**આ, નિજપરમાત્માની...**' એટલો શબ્દ. આ તો દિગંબર સંતોની વાણી, એ તો કેવળીની વાણી છે. આહા..હા..!

**શ્રોતા :-** તમે દિગંબર સંતોને માનો છો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દિગંબર સંત હોય એનેને. દિગંબર કોને? ભેષ લીધો, નગ્ન થઈ ગયા તો દિગંબર થઈ ગયા? પંચમહાવ્રત કદાચિત્ પાળે, એ પણ ક્યાં છે અત્યારે તો? અઠ્યાવીશ મૂળગુણમાં એને માટે ચોકા કરીને દે છે એ તો અઠ્યાવીશ મૂળગુણ વ્યવહાર પણ ક્યાં છે. દિગંબર મુનિ જેને આહા..હા..! દશા દિગંબર. અહીં કહેશે. '**આનંદામૃત પીવામાં અભિમુખ...**' આહા..હા..! ભગવાન આત્મા એકલો અતીન્દ્રિય આનંદનું સરોવર-સાગર એને નિશ્ચયનયથી લક્ષમાં લીધો, પ્રમાણથી લક્ષમાં લીધો ધ્યેય બનાવીને આહા..હા..! તો જે પર્યાય પ્રગટી એને અહીંયાં નિશ્ચયભક્તિ, ધર્મદશા, મોક્ષના માર્ગની પર્યાય એને કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? પંડિતજી! પ્રમાણને વ્યવહાર કહ્યો બે અપેક્ષાથી—એક તો પ્રમાણ નિશ્ચય અને વ્યવહાર બેને જાણે છે એટલે બે થઈ ગયા માટે વ્યવહાર થઈ ગયો પ્રમાણ પોતે સદ્ભૂત અને એક તો જ્ઞાન છે, એ પ્રમાણ છે. પ્રમાણ છે એ પર્યાય છે. માટે દ્રવ્યની અપેક્ષાએ એ પર્યાય વ્યવહાર થઈ ગઈ. આહા..હા..! તેથી કહ્યું કે નિશ્ચય જે ત્રિકાળી ભગવાન આત્મા છે એ નિશ્ચય છે, એ ભૂતાર્થ છે, એ સત્યાર્થ છે, એ શુદ્ધનય છે. આહા..હા..! એનો આશ્રય લઈને જે દશા પ્રગટી તો એને નિશ્ચયસમ્યગ્દર્શન કહે છે, નિશ્ચયસમ્યગ્જ્ઞાન કહે છે, નિશ્ચયચારિત્ર કહે છે, નિશ્ચયભક્તિ કહે છે. આહા..હા..! આવો માર્ગ છે, ભાઈ!

સમજાણું કાંઈ?

તો દ્રવ્ય અને પર્યાય બેય વિષય કરે એ તો વ્યવહારનય પ્રમાણ જે વ્યવહાર છે એનો ભાગ વ્યવહાર એ વ્યવહારનય થઈ ગયો. ભાઈ! સમજાણું કાંઈ? આહા..હા..! ત્રિકાળી ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ. અહીં કહેશે. અસહાયગુણ લીધોને? અસહાયગુણ. જેના ગુણને, જેના સ્વભાવને કોઈની સહાય નથી. એવો ભગવાન ત્રિલોકનાથ આત્મા ધ્રુવ. '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**' તેમાં ઉત્પાદ-વ્યયની પર્યાય વિનાનો અસહાયગુણવાળો નિજપરમાત્મા. આહા..હા..! એની જે ભક્તિ કરે છે. આહા..હા..!

'**નિરંજન નિજપરમાત્માનું...** ' આ ત્યાં સુધી નિશ્ચય થયું. '**નિરંજન નિજ પરમાત્મા...**' ધન્નાલાલજી! નિરંજન નિજપરમાત્મા ત્રિકાળ નિરાવરણ, ત્રિકાળ ધ્રુવ, ત્રિકાળ સદશ્ય એકરૂપ. એવા '**નિજપરમાત્માનું...**' તો એ પરમાત્મા વિષય થયો નિશ્ચયનો. એ નિશ્ચયનો વિષય થયો તો પર્યાય જે પ્રગટી એને નિશ્ચયભક્તિ કહેવામાં આવે છે. આહા..હા..! એનું નામ ધર્મ છે. વીતરાગ જિનેન્દ્ર માર્ગ એવો ભાઈ! એવી ચીજ ક્યાંય છે નહિ. આ જિનેન્દ્ર વીતરાગ સિવાય .. આ શૈલી, અલૌકિક શૈલી આહા..હા..! સમજાણું કાંઈ? જ્યાં '**નિરંજન નિજપરમાત્માનું...**' નિરંજન કહ્યુંને? ત્રિકાળ મેલ, મલિન અને અંજન વિનાની ચીજ ભગવાન આત્મા દ્રવ્ય છે. દ્રવ્ય તો ત્રિકાળી નિરાવરણ છે. આહા..હા..! પર્યાયમાં કર્મના નિમિત્તનો સંબંધ છે. પર્યાય વિકારી એને કર્મના નિમિત્તનો સંબંધ એ વ્યવહાર થઈ ગયો. ભગવાન આત્મા જે ત્રિકાળી વસ્તુ છે એ તો નિરાવરણ નિરંજન શુદ્ધ ચૈતન્યઘન છે. આહા..હા..! સમજાણું કાંઈ? એની જેણે દૃષ્ટિ કરી અથવા એની ભક્તિ નામ દ્રવ્યમાં એકાગ્ર થયો એ છે તો પર્યાય, પણ પર્યાયે દ્રવ્યનો આશ્રય લીધો છે નિશ્ચયનો, ચિદાનંદનો. આહા..હા..! એ માટે ભક્તિને નિશ્ચયભક્તિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! જુઓ તો માર્ગ આવો છે ક્યાંય વીતરાગ સિવાય?

'**નિરંજન નિજપરમાત્મા...**' આહા..હા..! એની જેને અસ્તિપણું જેની દૃષ્ટિમાં આવ્યું તો એ નિશ્ચય વસ્તુ છે એની દૃષ્ટિ નામ એકાગ્રતા થઈ તો નિશ્ચયવસ્તુમાં એકાગ્રતા થઈ એ કારણે એને નિશ્ચયભક્તિ, નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, નિશ્ચયમોક્ષમાર્ગ એને કહેવામાં આવે છે. આવો માર્ગ છે, ભાઈ! સમજાય છે કાંઈ? એ સમજાય છે કાંઈ? ગુજરાતી ભાષા છે. આહા..હા..! સચ્ચિદાનંદ પ્રભુ આત્મા સત્-શાશ્વત, ચિદ્ એ આનંદ અને શાશ્વત. જેમ દ્રવ્ય શાશ્વત છે, એમ ગુણ શાશ્વત. અસહાય ગુણ લીધોને? આહા..હા..! એવો એકરૂપ જે ત્રિકાળ ધ્રુવ એને ધ્યેય બનાવીને જેણે પર્યાય.. ધ્યેય બનાવી ત્યારે પર્યાય પ્રગટી.

**શ્રોતા :-** ધ્યેય બનાવે છે પર્યાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાય (ધ્યેય) બનાવે છે અને પર્યાય પ્રગટ થઈ. આહા..હા..! સમજાણું કાંઈ? કહે છેને ઘણીવાર કોઈ કે પર્યાય જે છે એ પર ઉપર લક્ષવાળી છે તો

પર્યાયને પોતામાં વાળવી. હવે કઈ પર્યાયને વાળવી? જે પર્યાય છે એ તો રાગ ઉપર છે. એ પર્યાય અંદરમાં વળે છે? હવે નવી પર્યાય આવે છે અને પર્યાય ત્યાં વળે છે બેનો એક કાળ છે. અરે! આવી વાતું બહુ સૂક્ષ્મ, ભાઈ! સમજાણું કાંઈ? અહીં તો ઓલો વ્યવહારનો જરી પ્રશ્ન ઉઠ્યો વળી કે જ્યારે શ્રુતજ્ઞાન પ્રમાણ છે પર્યાય પ્રમાણ. શ્રુતજ્ઞાન પ્રમાણ છેને એ પર્યાય છે. એને દ્રવ્યની અપેક્ષાએ તો એને ભેદ. ભેદ લક્ષમાં આવ્યો તો વ્યવહાર થયો, અભેદ લક્ષમાં આવ્યો તો નિશ્ચય. સમજાણું કાંઈ? તો એ અભેદ લક્ષમાં આવ્યો એ કારણે ભાવશ્રુતજ્ઞાનને નિશ્ચય કહેવામાં આવ્યું. આહા..હા..! દ્રવ્યશ્રુત બહારના અવલંબે જેટલો વિકલ્પ ઉઠે અને દ્રવ્યશ્રુતના લક્ષે એ આત્મ જ્ઞાન નહિ. આહા..હા..!

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ! આહા..હા..! અરે! એની ક્યાં ખબર પોતાને? પામર થઈને ફરે. એક બીડી વિના ચાલે નહિ, ભોગ વિના ચાલે નહિ, આબરૂ વિના ઠીક ન પડે, આવામાં હેરાન ભિખારી થઈ ગયો માળો. આહા..હા..! એને વસ્તુની પ્રતીતિ વિના ચાલે નહિ એવો એ આત્મા છે. ચાલે નહિ શું સમજ્યા? શું કહે છે? ચાલે નહિ. આહા..હા..! પૂર્ણાનંદ પ્રભુ ધ્રુવ સચ્ચિદાનંદ ભગવાન આત્મા પોતાનો સ્વભાવ જ એવો છે. એનો જેણે આશ્રય લીધો. પ્રમાણથી લીધું તો શ્રુતજ્ઞાનની પર્યાય પણ ત્યાં પૂર્ણ શુદ્ધનય ચૈતન્ય શુદ્ધ છે એવો અનુભવ થાય છે. તો એ અનુભવ થયો એ પર્યાય થઈ. તો પર્યાય થઈ એ નિશ્ચયની અપેક્ષાએ તો વ્યવહાર થયો. આહા..હા..! સમજાણું કાંઈ? થોડું ઝીણું છે પણ હવે ઘોલન ચાલતા અંદર આવી ગયું હતું આ. આહા..હા..! અહીં તો કામ કાંઈ બીજું છે નહિ. એનું એ ચાલતું હોય અંદર. આહા..હા..! કહે છે, ભલે થોડું પણ સત્ય હોવું જોઈએ. મોટું લાંબું-લાંબુ અને મોટું પૂંછડા વળગાડે એમાં સત્ય હાથ આવે નહિ એ ચીજ શું? સમજાણું કાંઈ?

'**નિરંજન નિજપરમાત્મા...**' હવે ધ્યેય. નિશ્ચયનયનો વિષય. નય છે તો વ્યવહાર. નિશ્ચય અને વ્યવહાર બેય નય વ્યવહાર છે. જ્યારે પ્રમાણ પોતે શ્રુતજ્ઞાન છે સ્વયંસિદ્ધ.. એ જ્યારે દ્રવ્યની અપેક્ષાએ વ્યવહાર થયો તો એનું ધ્યેય તો અવયવ છે. નય તો બે ભાગ છે. એ છે તો વ્યવહાર ત્રિકાળની અપેક્ષાએ. સમજાણું કાંઈ? આહા..હા..! એમ હોવા છતાં પણ ત્રિકાળ ભગવાનને ધ્યેય બનાવીને જેણે નિર્મળ પર્યાય પ્રગટ કરી, સમ્યગ્દર્શન-જ્ઞાન નિશ્ચય, દ્રવ્યને આશ્રયે પ્રગટ થયું એ કારણે સમ્યગ્દર્શન-જ્ઞાન નિશ્ચય કહેવામાં આવે છે. નહિતર છે તો સમ્યગ્દર્શન પર્યાય દ્રવ્યની અપેક્ષાએ વ્યવહાર. સમજાણું કાંઈ? આ તો ભાઈ ૮મી વાર ચાલે છે એટલે કાંઈક અંદર... આહા..હા..! જુઓ તો શું કહે છે? કુંદકુંદાચાર્ય ભગવાન પાસે ગયા હતા. સીમંધર ભગવાન બિરાજે છે મહાવિદેહમાં. ત્યાં ગયા હતા. આઠ દિવસ રહ્યા હતા. દિગંબર મુનિ. ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યા. આહા..! અને તે પણ આ નિયમસારમાં તો એમ કહ્યું કે મારી ભાવના માટે મેં બનાવ્યું. આહા..હા..! નિયમસાર આવ્યુંને છેલ્લે?

છેલ્લી ગાથા છેને? આહા..હા..! કેટલામી છે? '**णियभावणाणिमित्तं मए कदं णियमसारणामसुदं।**' આહા..હા..! તે પણ '**णच्चा जिणोवदेसं**' વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરના ઉપદેશને મેં જાણીને, વીતરાગ ત્રિલોકનાથને શું કહેવું છે એ મેં જાણ્યું છે. આહા..હા..! '**पुव्वावरदोसणिम्मुक्कं**' આગળ-પાછલ વિરોધ ન આવે એ રીતે અવિરુદ્ધ કર્યું છે. આહા..હા..! એક બાજુ પરમાત્મા ધ્રુવને અભિધેય કહે, બીજી બાજુ પર્યાયને ધ્યેય કહે. એ તો વિરોધ થઈ ગયો. ભગવાનના એ વાક્ય હોઈ શકે નહિ. જ્ઞાનીના એ વાક્ય નહિ. સમજાણું કાંઈ? એક બાજુ આખા સમયસારનો સાર અભિધેય તરીકે દ્રવ્ય નિજપરમાત્મા છે અને એનું ધ્યાન કરવું અને વળી પર્યાયનો કાળ આવે ત્યારે પર્યાયનું ધ્યાન કરવું. ધ્યાને એણે ધ્યેય બનાવ્યું કહેવાય.

**શ્રોતા :-** પર્યાયનો કાળ ક્યાં...?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ કે આ દ્રવ્યનું વ્યાખ્યાન આવે ત્યારે દ્રવ્યનું ધ્યાન કરવું, પર્યાયની વ્યાખ્યા આવે તો પર્યાયનું. તદ્દન વિરોધ એકલું. તદ્દન. આહા..હા..! એ તો પરમસત્યથી તદ્દન વિરોધ. વિપરીત તે વિપરીતતાનો પાર નહિ એટલું વિપરીત. સમજાણું કાંઈ?

અહીં કહે છે, આ મેં મારા આત્માની ભાવના માટે, સ્વરૂપમાં એકાગ્રતા માટે મારી આ રચના છે. આહા..હા..! અર્થકારે જરી અશુભવંચનાર્થે કર્યું છે. બાકી તો અમૃતચંદ્રાચાર્યે કહ્યુંને હું ટીકા કરું છું એનાથી મારી શુદ્ધિ હજો. એનો અર્થ એ કે મારું વલણ જે ધ્રુવ ઉપર જોરમાં કાયમ વર્તે છે એનાથી એ શુદ્ધિ થઈ જશે. આહા..હા..! એમ અહીં પણ નિજભાવના અશુભવંચનાર્થે ટીકાકારે ભલે કહ્યું, પણ મારું આ કહેવા વખતનું મારું ધ્યાન અને ધ્યેયમાં તો આત્મા છે. આહા..હા..! એ ધ્યેયને લઈને એ મારી ભાવના એના તરફ ઢળી છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો માર્ગ બાપા! જન્મ-મરણરહિતની વાતું છે અહીં. અહીં કાંઈ શેઠાઈ મળે, પૈસા મળે, ધૂળ મળે. ચાર ગતિ રખડવાના રસ્તા છે એ બધા. સમજાણું કાંઈ?

'**णियभावणाणिमित्तं मए कदं**' ભાષા ક્યાંય એવી નથી. મેં આ કર્યું એવી ભાષા છે બીજે? આ શાસ્ત્રની રચનામાં મારું નિમિત્ત છે. એટલે મેં કર્યું એમ કહેવામાં આવે છે. આહા..હા..! એક બાજુ કહે કે અમૃતચંદ્રાચાર્ય એમ કહે કે શાસ્ત્રને મેં બનાવ્યા નથી. શાસ્ત્રથી સામાને જ્ઞાન જ્ઞેય થતું નથી. આહા..હા..! અહીં એનું જોર છે નિયમસારમાં મોક્ષમાર્ગની પર્યાય છેને. સ્વરૂપ ભગવાન ત્રિલોકના નાથમાં એની એટલી .. છે. આહા..હા..! ધ્યેયમાં એટલું જોર વર્તે છે. વર્તે છે એમ કીધુંને. કે મારી ભાવના માટે માટે નિયમસાર બનાવ્યું છે. આહા..હા..! એવો ટીકાકારે એનો અર્થ કર્યો છે. પદ્મપ્રભમલધારિદેવ હવે અહીં સામા આવ્યા. .. અમૃતચંદ્રચાર્યદેવ અહીં. આ પદ્મપ્રભમલધારિદેવ મુનિ. દિગંબર મુનિ વનમાં રહે છે. એ કુંદકુંદાચાર્યની શાસ્ત્રની ટીકા વખતે એ બનાવ્યું. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, '**નિરંજન નિજપરમાત્મા...**' ત્રિકાળ અંજન-આવરણ વિનાનો આત્મા દ્રવ્યસ્વભાવ. એનું '**આનંદામૃત પીવામાં...**' આહા..હા..! એની સન્મુખ થઈને, સન્મુખ

થઈને એમાં આનંદ પડ્યો છે તો સન્મુખ થઈને. '**આનંદામૃત પીવામાં...**' અતીન્દ્રિય આનંદનું અમૃત એને પીવામાં '**અભિમુખ...**' દ્રવ્યસ્વભાવ સન્મુખ. આનંદના પીવામાં અભિમુખ છે. આહા..હા..! આ શાસ્ત્રો તે કુંદકુંદાચાર્યના શાસ્ત્રો એટલે સાક્ષાત્ કેવળીની વાણી. 'જિનેન્દ્રએ કહ્યું' એમ આવે છેને આમાં? આહા..હા..! '**આનંદામૃત પીવામાં...**' એ આનંદામૃતનું પીવું એ તો પર્યાય થઈ. દ્રવ્ય ત્રિકાળી ભગવાન એના સન્મુખનો અતીન્દ્રિય આનંદની દશાની રમણતા, રાગ અને પુણ્ય-પાપના ભાવ એ તો ઝેરની દશા છે. આહા..હા..! ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ એને આનંદનો અમૃતનો પીવામાં પર્યાય હોં એ. '**આનંદામૃત પીવામાં અભિમુખ...**' આહા..હા..! '**જીવ...**' આ પર્યાય છે. આ એને નિશ્ચયભક્તિ કહી છે. એને નિશ્ચયભક્તિ કહી છે, છે તો પર્યાય. સમજાણું કાંઈ? આહા..હા..! ચેતનજી!

**શ્રોતા :-** વ્યવહારને નિશ્ચય કીધો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કઈ અપેક્ષાથી કહે? કહ્યુંને કે સ્વદ્રવ્ય જે નિશ્ચય વસ્તુ છેને સત્ય એકરૂપ કાયમ રહેનારી. એને આશ્રયે થઈ માટે (નિશ્ચય કીધી.) આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન કુંદકુંદાચાર્યના શાસ્ત્રો, ટીકાઓ બધી ગંભીર બહુ. બહુ ગંભીર... બહુ ગંભીર... ભાઈ! ઉપર ટપકેથી સમજે તો એમાં સમજાય નહિ. આહા..હા..!

કહે છે, એ '**જીવ...**' એટલી વાત. ક્યો જીવ? કેવો જીવ? કે નિજપરમાત્મા ધ્રુવ ચૈતન્યના આનંદનું અમૃત પીવામાં જે અભિમુખ છે એ જીવ. '**ભેદકલ્પનાનિરપેક્ષ...**' હવે જે વ્યવહાર વિકલ્પ છે દયા, દાન, વ્રત, ભક્તિ, શાસ્ત્રનું જ્ઞાન કે પંચમહાવ્રતના પરિણામ એની અપેક્ષા વિના. ભેદકલ્પના આ પર્યાયની અપેક્ષાએ વાત છે હોં. ભેદકલ્પના એ દ્રવ્યની અહીં વાત નથી. અહીં તો '**ભેદકલ્પનાનિરપેક્ષ...**' વ્યવહારરત્નત્રયનો જે વિકલ્પ છે એની જેને અપેક્ષા નથી. પરના લક્ષની અપેક્ષા નહિ કે પરના લક્ષે આ થયું માટે હવે સ્વલક્ષ થશે, એમ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આ વાત, ભાઈ! એ શ્રુતજ્ઞાની, કેવળીઓ અને શ્રુતકેવળીઓ આદિ કથન કરતા હશે જ્યારે આહા..હા..! દરિયા ડોલતા હશે. આહા..હા..! એ વસ્તુ. અનંતગુણનો નાથ જેની પરિણતિને કોઈ ઉપમા ન દઈ શકાય એ સિદ્ધની દશાની ઉપમા છે, ના પાડી. '**अणुवम**' અનુપમ. સિદ્ધદશા મોક્ષ અનુપમ. જેની પર્યાયની અનુપમતા એના દ્રવ્યનું શું કહેવું? આહા..હા..! એવા દ્રવ્ય અને ગુણ બેય ભેગા ત્રિકાળ છેને. એવો જે ભગવાન આત્મા ભેદકલ્પના નિરપેક્ષ. હવે વર્તમાન પરિણતિ જે મોક્ષ થાય છે ધર્મ મોક્ષ, મોક્ષમાર્ગ અથવા નિશ્ચયભક્તિ. એ ભેદકલ્પનાથી રહિત નિરપેક્ષ-જેની અપેક્ષા નથી કોઈની.

'**નિરુપચાર-રત્નત્રયાત્મક...**' આહા..હા..! ઉપચાર વિનાના રત્નત્રયસ્વરૂપ ભગવાન આત્માની દશા ત્રિલોકનાથ આનંદકંદ પ્રભુ એની પ્રતીતિ, જ્ઞાન અને રમણતા એ રત્નત્રયસ્વરૂપ. એ રત્નત્રયસ્વરૂપ. આહા..હા..! સમજાણું કાંઈ? જેને નિરુપચાર રત્નત્રયાત્મક. આહા..હા..! કેમકે ભગવાન આત્મા જે નિજપરમાત્મા છે એ નિરપેક્ષ નિરુપચાર સ્વભાવી છે. શું કહ્યું?

ભગવાન આત્મા જે નિત્ય પ્રભુ છે એ નિરપેક્ષ કોઈ પર્યાયની અપેક્ષા નહિ, કોઈ બનાવવાની અપેક્ષા નહિ નિરપેક્ષ. અને નિરુપચાર, ઉપચાર વિનાની ચીજ છે ત્રિકાળી. એમાંથી પ્રગટેલી દશા, એના અવલંબે પ્રગટેલી દશા. સમજાણું કાંઈ? જરી હિન્દી છેને હિન્દી. એટલે થોડું રોકાવું પડે છે કોઈ ભાષામાં. એની મેળાએ ચાલ્યું જતું હોય, આહા..હા..!

'**નિરપેક્ષ નિરુપચાર-રત્નત્રયાત્મક...**' ભગવાન આત્મા ધ્રુવ છે એને પર્યાયની અપેક્ષા નથી. પર્યાય છે તો ધ્રુવ છે એવી અપેક્ષા નથી. આ છે એ તો પર્યાયની વાત હોં, પણ હું તો દ્રવ્યને લગાડું છું હવે. આહા..હા..! એમાંથી પર્યાય આવી છેને? નિરપેક્ષ અનુપચાર પરિણતિ આવી છે. સમજાણું કાંઈ? આહા..હા..! અરે! થોડું પણ પરમ સત્ય હોવું જોઈએ. જેનો અંદરમાં સંસારનો નાશ થઈને. સમજાણું કાંઈ? વસ્તુ નિજકારણપરમાત્મા વસ્તુ ધ્રુવ જેને કોઈ પર્યાય છે તો એ છે એવી અપેક્ષા નથી. અને નિરુપચાર એને વ્યવહાર જ છે નહિ. નિશ્ચયસ્વરૂપ જે ત્રિકાળ એને આશ્રયે જે પ્રગટેલી દશા, એને અવલંબે પ્રગટેલી દશા એ '**નિરપેક્ષ નિરુપચાર-રત્નત્રયાત્મક...**' આહા..હા..! જુઓ, દિગંબર સંતોએ જંગલમાં રહીને કામ કર્યું છે. આહા..હા..! આવો માર્ગ ક્યાંય બીજે નથી. શ્વેતાંબરમાં આ વાત નથી. સમજાણું કાંઈ? આવી શૈલી! એક એક પદ તો જુઓ એનું. સનાતન સત્ય વસ્તુ એની નિજભક્તિ શું છે એ કહે છે. આહા..હા..!

વસ્તુ આખી ધ્રુવ છે એની મહિમા જગતને આવતી નથી. એમાં કાંઈક પર્યાય ભળે તો મહિમા આવે અને કાંઈક આ ભળે તો મહિમા આવે એ બધો તદ્દન ભ્રમ છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**નિરપેક્ષ નિરુપચાર...**' નિરુ એટલે ઉપચાર વિના, વ્યવહાર વિના રત્નત્રયસ્વરૂપ '**નિરુપરાગ...**' આહા..હા..! '**ઉપરાગરહિત; નિર્વિકાર; નિર્મળ; શુદ્ધ.**' મોક્ષમાર્ગ. આહા..હા..! એવો જે મોક્ષમાર્ગ જે ત્રિકાળી ભગવાનના અવલંબને ધ્યેયથી જે ઉત્પન્ન થયો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એવો '**મોક્ષમાર્ગમાં પોતાના આત્માને...**' આહા..હા..! એવી પરિણતિમાં આત્માને સ્થાપે છે. સમજાણું કાંઈ? આહા..હા..! એથી .. આવ્યું હતુંને ભાઈ, એ બીજી ગાથા. આહા..હા..! એ તો એ થયું. ત્રિલોકનાથ ભગવાન શુદ્ધ ચૈતન્યઘન ધ્રુવ. એને ધ્યેય બનાવીને જે દશા થઈ એમાં એ આત્મા રહ્યો, એમાં આત્મા છે. પર્યાયે હોં. આહા..હા..!

'**મોક્ષમાર્ગમાં પોતાના આત્માને...**' ધ્રુવસ્વરૂપ ભગવાનને શુદ્ધ પરિણતિમાં '**સમ્યક્ પ્રકારે સ્થાપીને નિર્વૃતિના—મુક્તિરૂપી સ્ત્રીનાં—ચરણકમળની પરમભક્તિ કરે છે,...** ' આહા..હા..! માર્ગ ભાઈ જિનેન્દ્રનો બહુ સૂક્ષ્મ છે, ભાઈ! બહારથી વ્યવહારથી આમ થઈ જાય અને દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, ભક્તિ અને પૂજાથી ધર્મ થઈ જાય એમ છે નહિ.

**શ્રોતા :-** આમાં તો ભક્તિથી થઈ જાય એમ આવ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ નિશ્ચયભક્તિ એ ધર્મ, પણ ભક્તિ કઈ? નિજપરમાત્માની

ભક્તિ. નિજપરમાત્મા ત્રિકાળી આનંદનો નાથ એના સન્મુખ થયો તેને નિશ્ચય ભક્તિ કહેવામાં આવે છે. આહા..હા..! અરે! એણે શું કર્યું, ભાઈ! અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ, અનંત સંતોએ પોકાર કર્યા છે. કહો, ડોક્ટર! ત્યાં છેટે બેઠા. માંડ કોક દિ' આવે છે એ. આહા..હા..! આવો ભગવાન, જેણે નિજ પ્રભુ ભગવાન પૂર્ણાનંદના નાથને ધ્યેય બનાવીને જેણે પ્રગટ પર્યાય કરી, પ્રગટ પર્યાય થઈ. આહા..હા..! એ '**મોક્ષમાર્ગમાં પોતાના આત્માને સમ્યક્ પ્રકારે...**' ધારણાથી નહિ એમ કહે છે. આહા..હા..! '**સ્થાપીને નિર્વૃતિના...**' નિર્વૃતિ નામ મુક્તિરૂપી મોક્ષદશા, સિદ્ધદશા, મુક્તદશા. એવી જે સ્ત્રી એટલે પરિણતિ એવા '**ચરણકમળની પરમભક્તિ કરે છે,...**' આહા..હા..! મોક્ષની ચરણકમળની ભક્તિ કરે છે એટલે મોક્ષમાર્ગ.

**શ્રોતા :-** એને વળી પગ અને પાછા કમળ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શૈલી એવી છેને. આહા..હા..! જેમ સૂર્ય આવે અને સૂર્યવિકાસી કમળ. આમ ખીલી જાય. લાખ પાંખડીનું ગુલાબ. હજાર પાંખડીનું સાંભળ્યું હતું ક્યાંક. નહિ? .. શું? ચિખલી-ચિખલી. ચિખલી ગયા હતાને. હજાર પાંખડીનું કમળ થાય છે તળાવમાં. પણ તે દિ' અમે ગયા ત્યારે તળાવ સુકાઈ ગયું હતું. હજાર પાંખડીનું કમળ. આ .. પાંચ પાંખડી હોય છે. જેને ધ્રુવ ભગવાનમાં લક્ષ કર્યા, તેની કળા પર્યાયમાં કમળની જેમ ખીલી ગઈ. સમજાણું કાંઈ?

એવા '**ચરણકમળની પરમભક્તિ...**' જોયું! એ તો વ્યવહારને પણ પરમભક્તિ શબ્દ વાપર્યો છે, સિદ્ધને. વ્યવહારની અપેક્ષાએ. આવા ભગવાન મુક્તિરૂપી દશા, મોક્ષ પરમ આનંદદશા. મોક્ષ એટલે, મોક્ષ એટલે શું? પરમ-આનંદની દશા પ્રગટ ખીલી ગઈ એવી એ મોક્ષદશા એરૂપી સ્ત્રી પરિણતિ એના ચરણકમળ. આહા..હા..! '**પરમભક્તિ કરે છે,...**' આહા..હા..! '**તે કારણથી તે ભવ્યજીવ...**' એ ભવ્યજીવ '**ભક્તિગુણ વડે...**' એ ભક્તિના પર્યાય દ્વારા. ગુણ શબ્દે પર્યાય છે. ભક્તિરૂપી પર્યાય વડે '**નિજ આત્માને...**' આહા..હા..! ભગવાન પોતાનું નિજસ્વરૂપ જે ધ્રુવ એવા '**નિજ આત્માને કે જે નિરાવરણ...**' ત્રિકાળ નિરાવરણ ભગવાન તો આત્મા છે. વસ્તુ તો ત્રિકાળ નિરાવરણ છે દ્રવ્ય. '**જે નિરાવરણ સહજ જ્ઞાનગુણવાળો હોવાથી...**' સ્વભાવિક ગુણવાળો એ હોવાથી. એ ગુણ કોઈ નવો બન્યો છે અને કોઈએ બનાવ્યો છે એમ છે નહિ. આહા..હા..! એ દ્રવ્યનો જે ગુણ છે એ અસહાયગુણ છે. ત્યારે તેની ભક્તિરૂપી મોક્ષમાર્ગની પર્યાય એ પણ નિરૂપચાર વ્યવહારની સહાય વિનાની છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા ત્રિકાળ નિરાવરણ સહજ જ્ઞાનગુણવાળો. સ્વભાવવાળો છેને? જ્ઞાયકભાવ એમ કહેવું છેને? '**સહજ જ્ઞાનગુણવાળો હોવાથી...**' સ્વભાવગુણ સ્વભાવવાળો હોવાથી '**અસહાયગુણાત્મક છે...**' જેના સ્વભાવને કોઈની સહાય નથી. છે વસ્તુ છે એને સહાય શું? સ્વભાવિક ગુણવાળો હોવાથી. અસહાયગુણસ્વરૂપ. પાઠમાં છેને? પાઠમાં છેને. '**असहायगुणं**

**णियप्पाणं**' સહાય વિનાનો સ્વભાવિક ગુણવાળો પોતાનો આત્મા. આહા..હા..! '**तेण दु जीवो पावइ असहायगुणं णियप्पाणं**' આ કારણે '**मोक्खपहे अप्पाणं ठविऊण य कुणदि णिव्वुदी भत्ती। तेण दु जीवो पावइ**' તે જીવ પામે, અસહાય ગુણવાળો આત્મા તેને એ પામે. અસહાયગુણાત્મક એને પામે છે. આહા..હા..! જ્યારે આચાર્ય રચતા હશે આ જ્યારે. આહા..હા..! કેટલું ત્યાં ઘોલન છે! આહા..હા..! ભગવાન આત્મા પોતે વસ્તુ કોણ છે? આહા..હા..! જેને પર્યાય સ્પર્શતી નથી. એ દ્રવ્ય છે એ પર્યાયને સ્પર્શતી નથી અને પર્યાય દ્રવ્યને સ્પર્શતું નથી. એવો અસહાયગુણસંપન્ન ભગવાન છે. આહા..હા..! જેની પર્યાયની અપેક્ષા અસહાયગુણ રહેવામાં નથી. સમજાણું કાંઈ? આવી વાત છે. આહા..હા..! આ તો કેવળીના કપાટ ખોલ્યા છે ભગવાને. કુંદકુંદાચાર્યે કેવળજ્ઞાનીના પટારા ખોલ્યા છે.

**શ્રોતા** :- કેવળીને વળી પટારા હોય?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નિધાન પટારા છેને. નિધાન છેને. આત્મા નિધાન છે. અસહાયગુણાત્મક નિધાન છે. આહા..હા..! એમ છે. જુઓને, ભાઈએ લખાણ કેવું કર્યું છે! હુકમચંદજીએ. બહુ કઠણ. વાંચ્યું છે? હમણા આવ્યું હતું. સન્મતિ સંદેશમાં આવ્યું હતું. આની ઉપરથી... ઓહો..હો..! ક્ષયોપશમ એનો. એક-એક લીટીએ.. એક-એક લીટીએ. લેખ છે. કાલે રાતે વાંચ્યો હતો. કોક લઈ ગયું પાછું મૂકી ગયું. રાતે .. પાછું અહીં કોક મૂકી ગયું. કોક લઈ ગયું હતું. આહા..હા..! એનો લેખ છે. વીતરાગતાની વ્યક્તતા, વીતરાગતાની પ્રગટતા, વીતરાગ વ્યક્તિત્વ, વીતરાગપણું જેનું મહાવીરનું વ્યક્તિત્વ છે, પણ એ શું? આહા..હા..! માળાએ પણ પંક્તિઓ મૂકી છે, ગજબ મૂકી છે. ક્ષયોપશમ ઘણો .. ઓલા પંડિતો પાણી ભરે એની પાસે એવું છે. બીજાને એમ લાગે કે અહીંયાં .. છેને. અહીં મુનિરાજની પંક્તિઓમાં પાર ભર્યો, વીતરાગતા ભરી છે એકલી. સમજાણું કાંઈ? કેમકે ભગવાનસ્વરૂપ જ વીતરાગસ્વરૂપ જ પ્રભુ છે. આત્મા વીતરાગસ્વરૂપ જ છે. નિજસ્વરૂપ વીતરાગ જિનસ્વરૂપ છે. એનું અવલંબન લઈને, ધ્યેય બનાવીને જે પરિણતિ પ્રગટ થઈ એમાં આત્મા મોક્ષપંથમાં સ્થાપ્યો. મોક્ષપંથમાં આત્માને સ્થાપ્યો. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા** :- અરિહંતનો આત્મા અને સિદ્ધનો આત્મા પણ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બેય, બેય. એક. એ તો થોડો ફેર છે અઘાતિનો જરી. સમજાણું કાંઈ? આવો મોક્ષ તો કેવળજ્ઞાની થાય ત્યારે થાય. દ્રવ્યમોક્ષ છે. ચાર કર્મ બાકી એટલું વિશેષ. આ દ્રવ્ય મોક્ષ. આહા..હા..! આવા જે કાંઈ ભવ્યજીવ ભક્તિ એવી આત્માના આનંદમાં એકાકાર થઈને મુક્તિરૂપી પરિણતિના ચરણકમળની ભક્તિ કરે છે. આહા..હા..! કરતા-કરતા ત્યાં પૂર્ણ સિદ્ધપદની પર્યાયને પ્રાપ્ત કરે છે, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તે ભવ્યજીવ ભક્તિગુણ વડે...**' એ પર્યાય છે. નિજ આત્માને '**ભક્તિગુણ વડે નિજ આત્માને...**' છે? નિર્મળ વીતરાગી પર્યાય દ્વારા. આહા..હા..! '**નિજ આત્માને-**

-**કે જે નિરાવરણ સહજ જ્ઞાનગુણવાળો હોવાથી અસહાયગુણાત્મક છે તેને—પ્રાપ્ત કરે છે.**' નિર્મળ પર્યાય વડે ભગવાન આત્માને પ્રાપ્ત કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમજાય એટલું સમજવું, ભાઈ! આ તો વીતરાગની ગંભીરતાનો પાર નથી બાપુ! એ તો શ્રુતકેવળીઓ એને વિસ્તારથી કહી શકે, સમજી શકે. આહા..હા..! સમજાય છે કાંઈ? કુંદકુંદાચાર્ય. આહા..હા..! સાક્ષાત્ ભગવાનની જાત્રા કરી સદેહે ભગવાન પાસે ગયા. સીમંધર ભગવાન બિરાજે છેને મહાવિદેહમાં. ઓહો..હો..! એમાં આ બનાવ્યું. ધોધ જેણે સાંભળ્યા. દિવ્યધ્વિના ધોધ. સાંભળ્યા એથી એને થયું નથી, એને અંદરમાંથી થયું. આહા..હા..! એવી દશા! અહીં આવીને આ શાસ્ત્રો બનાવ્યા. ભગવાન પાસે ગયા હતા. ત્યાંથી આવીને આ શાસ્ત્ર. પોન્નુરહીલ મદ્રાસથી ૮૦ માઈલ છે વંદેવાસ. ત્યાંથી પાંચ માઈલ છે પોન્નુરહીલ. ત્યાં કુંદકુંદાચાર્ય દિગંબર સંત રહેતા હતા બે હજાર વર્ષ પહેલા. ભગવાન પાસે ગયા હતા ત્યાંથી. સમજાણું કાંઈ? એમણે આ શાસ્ત્રો બનાવ્યા. આહા..હા..! શું કહે છે?

**શ્રોતા :-** ત્યાં વિદેહ ક્ષેત્રમાં મળે છે એટલે ગયાને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ગયા ઈ જાતનો વિકલ્પ હોય. એ તો પોતામાં જ હતા. પોતામાં હતા. વ્યવહારથી વાત કરે ત્યારે એમ કહે. એવી વાતું છે. ભાઈએ લખ્યું છેને, હુકમચંદજીએ લખ્યું છે, ભગવાન વનવાસમાં ગયા હતા. કહે ના, ના, વનવાસમાં નહિ, એ તો આત્મામાં રહ્યા હતા. મહાવીર ભગવાન વનવાસ, વનવાસ તો બહારથી છે. અંતર પૂર્ણાનંદમાં રહ્યા હતા વીતરાગભાવમાં રહ્યા હતા. આત્મનિષ્ઠ હતા.

અહીં કહે છે, એવી ગાથા છે આહા..હા..! '**કે જે નિરાવરણ સહજ જ્ઞાનગુણવાળો હોવાથી...**' કોણ? આત્મા નિત્ય ધ્રુવ '**અસહાયગુણાત્મક છે...**' જેના ગુણની હયાતીમાં, હોવામાં કોઈની સહાય છે નહિ. અસહાયગુણાત્મક. અનંત-અનંત ગુણનો પિંડ ભગવાન અસહાય ગુણ, જેના ગુણમાં કોઈની અપેક્ષા નથી. એવા અસહાયગુણસ્વરૂપ એની ભક્તિ કરે છે એ ભક્તિથી અસહાયગુણ આત્માને પ્રાપ્ત કરે છે. સમજાણું કાંઈ? '**પ્રાપ્ત કરે છે.**' એ સવારમાં આવ્યું હતું. અભિધેય એ શુદ્ધ આત્મા. છઠ્ઠી ગાથામાં કહ્યું છેને, ભાઈ! છઠ્ઠીમાં એ કહ્યું છે. એ શુદ્ધાત્મા કેવો છે? '**હવે પ્રશ્ન ઉપજે છે કે એવો શુદ્ધ આત્મા કોણ છે કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ?**' મથાળું છે. એ આ શુદ્ધ અભિધેય. છે? '**कोऽसौ शुद्ध आत्मेति चित्—**' '**એવો શુદ્ધ આત્મા કોણ છે કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ?**' શુદ્ધસ્વરૂપ ત્રિકાળ. ત્યાં કીધું છે. અભિધેય શુદ્ધસ્વરૂપ શુદ્ધાત્મા છે. અને પ્રયોજન શુદ્ધ આત્માની પર્યાયની પ્રાપ્તિ છે. સમજાણું કાંઈ? ૧૧મી ગાથામાં કહ્યુંને ૧૧મી. કે ભાઈ! ત્રિકાળી મુખ્ય એને નિશ્ચય કેમ કહ્યું? છે તો દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે નિશ્ચય છે. પોતાની ચીજ છે, પોતામાં છે, પોતાની છે. પણ કહે છે કે દ્રવ્યને મુખ્ય કરીને એમ કહ્યું કે પોતાનું પ્રયોજન સિદ્ધ થાય છે. આવે છેને. આહા..હા..! પોતાનું પ્રયોજન સિદ્ધ થાય છે. પ્રયોજન શું? મોક્ષનો

માર્ગ. એ એને મુખ્ય નિશ્ચય કરીને મોક્ષનો માર્ગ પ્રગટે છે. પર્યાયને આશ્રયે મોક્ષમાર્ગ પ્રગટતો નથી. માટે પર્યાય ભલે નિર્મળ પર્યાય હોય, પણ એ પર્યાયને આશ્રયે મોક્ષમાર્ગ નથી ઉત્પન્ન થતો. આહા..હા..! એ પ્રયોજન સિદ્ધ કરવા મુખ્યને નિશ્ચય કહ્યું, મુખ્યને નિશ્ચય કહ્યો અને ગૌણને વ્યવહાર કહીને અસત્યાર્થ. છે તો સત્ય, પણ પ્રયોજન સિદ્ધ કરવા, પોતાનો મોક્ષનો માર્ગ જે સિદ્ધ કરવો છે એ મુખ્ય નિશ્ચય કરીને લક્ષ કરે તો ત્યાંથી મોક્ષમાર્ગની પર્યાય ઉત્પન્ન થાય. આહા..હા..! એ માટે મુખ્યને નિશ્ચય કહ્યું અને ધ્યેય અને પર્યાયને ગૌણ કરીને, વ્યવહાર કહીને અસત્યાર્થ કહી. સમજાણું કાંઈ? ચારેકોરથી જુઓ તો તત્ત્વ એક. આહા..હા..! શુદ્ધાત્મા કોણ છે? કે જેનું સ્વરૂપ જાણવું.. ત્યારે શુદ્ધ આત્મા કોણ? કે જ્ઞાયકભાવ ત્રિકાળ તે પર્યાય વિનાનું. સમજાણું કાંઈ? પ્રમત્ત-અપ્રમત્ત બધી પર્યાયથી રહિત. કેવળજ્ઞાનની પર્યાયથી પણ રહિત. એવો જે જ્ઞાયકભાવ ત્રિકાળ ધ્રુવ છે એને શુદ્ધસ્વરૂપ આત્માનું કહેવામાં આવે છે. એ જ્ઞાયકભાવ એને કહ્યો. ૧૧મીમાં એને ભૂતાર્થ કહ્યો, સત્યાર્થ કહ્યો. સમજાણું કાંઈ?

અહીં તો ભાષા .. એ શુદ્ધનું સ્વરૂપ જાણવું જોઈએ. એ સ્વરૂપ એટલે ત્રિકાળી. આવ્યું હતુંને સવારમાં? અભિધેય શુદ્ધ આત્મા છે. શુદ્ધ આત્મા છે. એ શુદ્ધ આત્મા કોણ? કે જે ૧૧મી ગાથામાં, છઠ્ઠામાં કહ્યું એ. સમજાણું કાંઈ? એ ૧૧મીમાં કહ્યુ એ .. કહ્યું. ભૂતાર્થ ત્રિકાળ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... એનું સ્વરૂપ જાણવું જોઈએ એ માટે કહ્યું કે ભાઈ! એ પ્રમત્ત-અપ્રમત્ત વિનાની ચીજ છે. આહા..! અને પરનું લક્ષ છોડીને દ્રવ્યનું ધ્યેય કરીને પર્યાયમાં જે આનંદનો અનુભવ થયો એને ત્રિકાળ શુદ્ધ છે એમ ખ્યાલમાં આવ્યું. સમજાણું કાંઈ? આહા..હા..! અહીં એ કહ્યું કે એવા આત્માને પ્રાપ્ત કરે છે. નીચે છે. અસહાય-ગુણવાળા '**જેનાથી કોઈ ચડિયાતું નથી એવા;...**' ગુણવાળા. આત્મા સ્વતઃસિદ્ધ, સહજ સ્વતંત્ર ગુણવાળો હોવાથી અસહાયગુણવાળો છે. આહા..હા..! પર્યાય છે તો ગુણ છે એમ પણ નથી, એમ કહે છે. આહા..હા..! એવો ભગવાન આત્મા અસહાય ગુણવાળો છે એને નિશ્ચયભક્તિ કરનારો એને પ્રાપ્ત કરે છે. પ્રયોજન એ પ્રાપ્ત કરે છે. આહા..હા..! અભિધેય તો શુદ્ધ આત્મા, પણ ભક્તિ કરીને એ શુદ્ધાત્માને પ્રાપ્ત કરે છે પર્યાયમાં. સમજાણું કાંઈ? એનું પ્રયોજન એ સિદ્ધ થયું. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ-૩, શુક્રવાર, તા. ૦૫-૧૨-૧૯૭૫**
**ગાથા-૧૩૭-૧૩૮, કળશ-૨૨૭-૨૨૮, પ્રવચન નં. ૧૧૫**

(स्रग्धरा)

आत्मा ह्यात्मानमात्मन्यविचलितमहाशुद्धरत्नत्रये ऽस्मिन्
नित्ये निर्मुक्तिहेतौ निरुपमसहजज्ञानदृक्शीलरूपे।
संस्थाप्यानंदभास्वन्निरतिशयगृहं चिच्चमत्कारभक्त्या
प्राप्नोत्युच्चैरयं यं विगलितविपदं सिद्धिसीमन्तिनीशः।।२२७।।

ઝીણી વાત છે, ભાઈ! '**શ્લોકાર્થ :- આ અવિચલિત-મહાશુદ્ધ-રત્નત્રયવાળા, મુક્તિના હેતુભૂત...**' શું કહે છે? આત્મા એ અખંડ આનંદસ્વરૂપ. ૨૨૭. નિત્યાનંદ પ્રભુ ધ્રુવ એની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ એના સન્મુખની એ અવિચલિત-ચળે નહિ એવી નિજ શુદ્ધરત્નત્રય પરિણતિ. '**મહાશુદ્ધ-રત્નત્રયવાળા,...**' આહા..હા..! ભગવાન પૂર્ણાનંદ, નિત્યાનંદ સ્વરૂપ એની સન્મુખની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર એ અવિચલિત-ચળે નહિ એવી રત્નત્રય પરિણતિ અવિકારી. '**મહાશુદ્ધ-રત્નત્રયવાળા, મુક્તિના હેતુભૂત નિરુપમ-સહજ-જ્ઞાનદર્શનચારિત્રરૂપ,...**' જેને ઉપમા નથી એવું આત્માનું જ્ઞાન, ધ્રુવનું જ્ઞાન, ધ્રુવનું દર્શન અને ધ્રુવમાં લીનતા. આહા..હા..! આવો માર્ગ ઝીણો, ભાઈ!

'**નિત્ય આત્મામાં આત્માને ખરેખર...**' છે? '**નિત્ય આત્મામાં...**' આત્મા છે નિત્ય ધ્રુવ એની વાત છે આ. '**નિત્ય આત્મામાં આત્માને...**' આ નિશ્ચયરત્નત્રયપરિણતિ સહિત '**ખરેખર સમ્યક્ પ્રકારે સ્થાપીને,...**' આહા..હા..! નિત્ય ભગવાન આત્માને રત્નત્રય પરિણતિમાં સ્થાપીને. એ તો રત્નત્રયપરિણતિ આમ કહો કે આમ કહો બધી એક જ વાત છે. સમજાણું કાંઈ? અવાજ તો થાય છે હોં. અવાજ આવે છે. સમજાણું? ચળે નહિ એવી મહાશુદ્ધ રત્નત્રયવાળી પરિણતિ. આહા..હા..! સ્વરૂપ નિત્ય ભગવાન આત્મા, એની પરિણતિ નિર્મળ. વીતરાગી સમ્યગ્દર્શન, વીતરાગી જ્ઞાન અને વીતરાગી ચારિત્ર એ નિત્ય આત્મામાં આવી પરિણતિમાં નિત્ય આત્માને સ્થાપે છે અથવા નિત્ય આત્મામાં આવી પરિણતિ વડે જોડે છે. ભારે વાતું, બાપુ! માર્ગ તો આ.

**શ્રોતા :-** બે આત્મા શબ્દ આવ્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, છેને. '**આત્મામાં આત્માને...**' આત્મા ત્રિકાળી છે આત્મામાં, આત્માને એટલે નિર્મળ પરિણતિને. '**નિત્ય આત્મામાં આત્માને...**' ત્રિકાળ નિત્ય આત્મામાં નિર્મળ પરિણતિ એવા આત્માને '**ખરેખર સમ્યક્ પ્રકારે સ્થાપીને,...**' આહા..હા..! બહુ

વાત, ભાઈ! જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે એ અનિત્ય છે, પર્યાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે એ નિત્ય આત્માની પર્યાય છે. આહા..હા..! કહો, આવી ભાષા અને આવું આ. વાણિયાને કાને પડે આ.

**શ્રોતા** :- બીજા કોણ સાંભળે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બીજા કોણ? આહા..હા..! નિત્ય પ્રભુ ભગવાન પરમાનંદનો નાથ ભગવાન શુદ્ધ ચૈતન્યઘન એવા આત્મામાં આત્માને આવી નિર્વિકલ્પ પરિણતિ દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિણતિને '**ખરેખર સમ્યક્ પ્રકારે સ્થાપીને...**' આત્મામાં આને સ્થાપીને.

**શ્રોતા** :- બે આત્મામાં પર્યાય કઈ અને દ્રવ્ય ક્યું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આત્મામાં એ ત્રિકાળમાં, આત્માને એ પરિણતિને.

**શ્રોતા** :- સવારે આવ્યું હતું પર્યાયમાં દ્રવ્ય...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ પણ એમ જ છે. મૂળ તો દ્રવ્ય ધ્રુવ છે એની દૃષ્ટિ જ્ઞાન અને ચારિત્ર એમાં આત્મા સ્થાપ્યો એમ, જે રાગમાં સ્થાપ્યો હતો અનાદિથી. એનો અર્થ કે દર્શન-જ્ઞાન-ચારિત્ર જે દ્રવ્યને આશ્રયે થયું એમાં આત્મા જણાણો. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ, બાપુ! વીતરાગમાર્ગ...

'**ખરેખર સમ્યક્ પ્રકારે સ્થાપીને...**' આહા..હા..! ભાષા કેટલી કરે છે! '**આ આત્મા ચૈતન્યચમત્કારની ભક્તિ વડે...**' આહા..હા..! ભગવાન આત્મા ચૈતન્યચમત્કાર નિર્મળ અવિકારી પર્યાય એ વડે '**ચૈતન્યચમત્કારની...**' આત્મા ચૈતન્યચમત્કારની '**ભક્તિ વડે...**' આ ભક્તિ અંદર. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિર્વિકારી નિર્વિકલ્પ શાંતિ એ ભક્તિ. એ '**વડે નિરતિશય ઘરને...**' '**જેનાથી કોઈ ચડિયાતું નથી એવા; અનુત્તમ; શ્રેષ્ઠ; અજોડ.**' '**કે જેમાંથી વિપદાઓ દૂર થઈ છે અને જે આનંદથી ભવ્ય (શોભીતું) છે...**' આહા..હા..! '**તેને—અત્યંત પ્રાપ્ત કરે છે અર્થાત્ સિદ્ધિરૂપી સ્ત્રીનો સ્વામી થાય છે.**' આહા..હા..!

નિત્યાનંદ ભગવાન નિત્ય ધ્રુવ એની શ્રદ્ધા, જ્ઞાનની શાંતિ સ્થિરતામાં આત્માને સ્થાપે છે એમ કીધું. આત્મામાં એ થાય છે એ આત્માને આમાં સ્થાપે છે એમ. આત્માનું વલણ અહીંયાં દૃષ્ટિ, જ્ઞાન અને ચારિત્રમાં, દૃષ્ટિ, જ્ઞાન અને ચારિત્રનું વલણ દ્રવ્ય ઉપર ગયું તે દ્રવ્ય આ બાજુ વલણ થયું એમ કીધું. જે રાગ ઉપર હતું એ નિર્વિકલ્પ સમાધિમાં આવ્યું. એ છે પર્યાય, આત્મા છે નિત્ય. સમજાણું? એ નિત્ય છે એ અનિત્ય પરિણતિમાં સ્થિર થાય છે. સમજાણું કાંઈ? કેમકે અનિત્ય પરિણતિ વડે નિત્ય જણાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે નિર્વિકલ્પ પરિણતિ છે એ દ્વારા આત્મા જણાય, શ્રદ્ધાય અને ઠરે છે એમાં. તેથી એવા '**નિરતિશય ઘરને...**' એવા આત્મા ચૈતન્યચમત્કારની, આત્મા ચૈતન્યચમત્કારની ભક્તિ વડે. ભગવાન આત્મા એની ચૈનત્યચમત્કાર એવી જે એની ભક્તિ વડે. આહા..હા..!

**'નિરતિશય ઘરને—કે જેમાંથી વિપદાઓ દૂર થઈ છે અને જે આનંદથી ભવ્ય (શોભીતું) છે તેને—અત્યંત પ્રાપ્ત કરે છે અર્થાત્...'** સિદ્ધિને પામે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ભક્તિથી ધર્મ થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ભક્તિ કઈ ભક્તિ? નિર્મળાનંદ પ્રભુ નિત્ય છે એની ભક્તિ એટલે રત્નત્રય પરિણામ. નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ એ ભક્તિ. આહા..હા..! સમજાણું કાંઈ? મોક્ષમાર્ગથી મોક્ષ થાય એમ કહો કે નિશ્ચયભક્તિથી મોક્ષ થાય એ બધી એકની એક વાત છે. ભાષા ફેરવીને વાત કરે છે. સમજાણું કાંઈ? એ ૨૨૭ થયો. ૧૩૭.

रायादीपरिहारे अप्पाणं जो दु जुंजदे साहू।
सो जोगभत्तिजुत्तो इदरस्स य किह हवे जोगो।।१३७।।

**રાગાદિના પરિહારમાં જે સાધુ જોડે આત્મને,**
**છે યોગભક્તિ તેહને; કઈ રીત સંભવ અન્યને? ૧૩૭.**

ભાષા જુઓ.

**'ટીકા :- આ, નિશ્ચયયોગભક્તિના સ્વરૂપનું કથન છે.'** શુદ્ધપરિણતિને આત્મામાં જોડવી અથવા આત્માની શુદ્ધપરિણતિમાં આત્માને જોડવો. એમ વાત છે. ત્રિકાળ નિત્ય ભગવાનને શુદ્ધ પરિણતિમાં જોડવો. સમજાણું કાંઈ? એનું નામ નિશ્ચયભક્તિ અને યોગભક્તિ કહેવામાં આવે છે. પરમસત્ય બહુ ઝીણું ભાઈ! **'નિરવશેષપણે અંતર્મુખાકાર (-સર્વથા અંતર્મુખ જેનું સ્વરૂપ છે એવી) પરમસમાધિ વડે...'** આ તો પરમ સમાધિની વ્યાખ્યા કરી. **'નિરવશેષ...'** પૂર્ણાનંદ તરફ જેની દશા ઢળી છે. એવી **'પરમસમાધિ વડે...'** અંતર્મુખ જે ચીજ છે એમાં અંતર્મુખ પરિણતિ વડે જ્યાં ઢળ્યો છે અંદર. આહા..હા..! ભાઈ! આ તો મોક્ષમાર્ગની વ્યાખ્યા છે. સમજાણું કાંઈ? નિયમસાર છે એ મોક્ષમાર્ગની વ્યાખ્યા છેને? નિયમસાર એટલે મોક્ષનો માર્ગ. એની પર્યાયની વાત છે આ. એ પર્યાયમાં આત્માને જોડે છે કહો કે પર્યાય દ્રવ્યમાં જોડે છે, એકની એક વાત. આહા..હા..! સમજાણું કાંઈ?

**'નિરવશેષપણે અંતર્મુખકારા (-સર્વથા અંતર્મુખ જેનું સ્વરૂપ છે એવી) પરમ સમાધિ...'** અંતર્મુખ દ્રવ્યસન્મુખની જેની અંતર્મુખની પરિણતિ છે. આહા..હા..! જ્યાં અંતર આત્મા. અંતર આત્મા ક્યા? કે કર્મથી ભિન્ન પડી તેથી અંતરાત્મા. અંતરાત્મા. કર્મથી ભિન્ન પડી છે એ ચીજ એવો અંતર આત્મા. આહા..હા..! એને અંતર્મુખ સમાધિ વડે. આહા..હા..! નિર્વિકલ્પ સમ્યગ્દર્શન, નિર્વિકલ્પ સમ્યગ્જ્ઞાન અને નિર્વિકલ્પ ચારિત્ર એ છે પર્યાય, પણ એ પર્યાયમાં **'પરમસમાધિ વડે...'** એ પર્યાય પરમસમાધિ છે. એ **'વડે સમસ્ત મોહરાગદ્વેષાદિ પરભાવોનો પરિહાર હોતાં,...'** એ વડે ઉત્પાદ થઈને આનો વ્યય હોતાં, એમ કહે છે. આહા..હા..! **'પરમસમાધિ વડે સમસ્ત મોહરાગદ્વેષાદિ પરભાવોનો પરિહાર હોતાં, જે સાધુ...'** આહા..હા..! **'આસન્નભવ્ય જીવ...'** જેને સંસાર નિકટ છે હવે અંત આવવામાં.

મોક્ષની પર્યાય પ્રાપ્ત થવાની તૈયારી છે એની. એવો '**આસન્નભવ્યજીવ—નિજ અખંડ અદ્વૈત પરમાનંદસ્વરૂપ સાથે...**' એ પર્યાય છે આ. શું કીધું? નિજ-પોતાની શુદ્ધ આનંદની પરિણતિ, સમ્યગ્દર્શન-જ્ઞાનની પરિણતિ એવો નિજ અખંડ એટલે ખંડ વિનાની, વ્યવહાર વિનાની નિશ્ચય વીતરાગી પરિણતિ નિશ્ચય. અખંડ અને દ્વૈત. એકરૂપ અભેદ દૃષ્ટિ. ત્રિકાળી ભગવાન ઉપર જેની અભેદ દૃષ્ટિ થઈ છે. આહા..હા..! આ બધા રત્નત્રય પરિણતિના વિશેષણ છે. આ બધા મોક્ષમાર્ગની દશાના વિશેષણ છે. સમજાણું કાંઈ? સંપ્રદાયમાં તો કાંઈ નહોતું. ગુલાબચંદભાઈ! ઈચ્છામી પડિક્કમણું કરવું જાવ. મિચ્છામી થાશું. હેં મોહનભાઈ! શું હતું? હરગોવિંદભાઈ એમ હતા. અહીં આવતા હતા ૫૧. નવલ! પડિક્કમણા કરે અને થઈ રહ્યું જાવ. ભાઈ! માર્ગ એવી ચીજ છે. મોટો ત્રણલોકનો નાથ પરમાત્મા પોતે શુદ્ધ ચૈતન્યઘન. આહા..હા..!

એને '**નિજકારણપરમાત્માને...**' એ નિજકારણપરમાત્માને. નિર્મળ અદ્વૈત અખંડ નિજ. અખંડ અદ્વૈત પરમાનંદસ્વરૂપ એવી નિર્વિકલ્પદશામાં '**નિજકારણપરમાત્માને જોડે છે,...**' સમજાણું કાંઈ? ધ્રુવને પર્યાયમાં જોડે છે એમ કહે છે. કારણપરમાત્મા છેને. આહા..હા..! કારણપરમાત્મા છે નિત્યાનંદ ધ્રુવ. એને દૃષ્ટિમાં લઈને જે પરિણતિ ઉભી થઈ એ આત્મા ત્યાં જોડાઈ ગયો એમાં એમ કહેવામાં આવે છે. આહા..! ભારે ભાઈ! '**નિજ અખંડ અદ્વૈત પરમાનંદસ્વરૂપ...**' એવી પરિણતિ નિર્મળ વીતરાગી. એને '**નિજકારણપરમાત્માને જોડે છે,...**' એ નિજપરિણતિ છે એ દ્રવ્યમાં જોડી. ત્યારે એ દ્રવ્ય પોતે આમાં જોડાણો એમ કહેવામાં આવે છે. આહા..હા..! નવલચંદભાઈ! કહો, છોટાભાઈ! આવું છે બાપુ આ. એ બીજી ગાથામાં પણ એ જ આવ્યુંને? '**जीवो चरित्तदंसणणाणठिदो**' બધી આચાર્યની શૈલી એક પરંપરા એક ધારાવાહી ચાલી આવે છે. આહા..હા..! ત્યાં પણ કહ્યુંને એકત્વ.. દર્શન-જ્ઞાનસ્વભાવી એવો ભગવાન આત્મા એકત્વગત એકત્વપણાને પામ્યો. અંતરદૃષ્ટિમાં, જ્ઞાનમાં એકત્વપણાને પામ્યો તે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિર થયો. આહા..હા..! સમજાણું કાંઈ? '**નિજ અખંડ અદ્વૈત પરમાનંદસ્વરૂપ...**' પરિણતિ વીતરાગી. એ દ્રવ્યને આશ્રયે પ્રગટી, દ્રવ્યના ધ્યેયે પ્રગટી, દ્રવ્યના આલંબને પ્રગટી પરિણતિ. આહા..હા..!

**શ્રોતા :-** કોઈવાર ધ્રુવનું આલંબન કહો ને કોઈવાર દ્રવ્યનું આલંબન કહો છો!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો એકનું એક થયું એ તો. થાય શું? અવલંબન એટલે? પર્યાયના અવલંબનની અહીં વાત નથી. અવલંબન તો દ્રવ્યનું જ છે, પણ દ્રવ્ય જે રાગમાં હતો એ દ્રવ્ય પોતે નિર્મળ પરિણતિમાં સ્થાપે છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! નિર્મળ પરિણતિ ધ્રુવને અવલંબે પ્રગટી છે. '**अप्पसरूवालंबणभावेण**' આવ્યું હતુંને? પણ એ પરિણતિમાં દ્રવ્ય આમ સ્થાપ્યું, આમ જે રાગમાં અને અજ્ઞાનમાં હતું એને આમ સ્થાપ્યું. એટલે એ છે તો દ્રવ્યદૃષ્ટિ ત્યાં, પણ એ દૃષ્ટિ ત્યાં થઈ એટલે દૃષ્ટિમાં દ્રવ્ય સ્થાપ્યું એમ

કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમ જ્ઞાનસ્વરૂપનું જે ત્રિકાળી ભગવાન જ્ઞાયકભાવ એનું જ્ઞાન થયું, એ જ્ઞાન થયું એને આશ્રયે. પણ એ જ્ઞાનમાં આત્માને સ્થાપ્યો, આમ અહીં વળ્યો છે એમ કહેવામાં પર્યાયથી. પર્યાય તો પર્યાય છે. સમજાણું કાંઈ? દ્રવ્ય એમાં આવ્યું નથી. દ્રવ્ય તો દ્રવ્યમાં જ છે. આહા..હા..!

**શ્રોતા :–** પર્યાય દ્રવ્યમાં બાજુ વળી એમ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આમ વળી છે. વળી એટલે આમ દ્રવ્ય છે એ આમ પર્યાયમાં–પરિણતિમાં જોડાઈ ગયું એટલું. છે તો એ પરિણતિ પર્યાય. સમજાણું કાંઈ? એનો આશ્રય અને આધાર તો ત્રિકાળી દ્રવ્ય છે. આહા..હા..!

'**નિજ અખંડ અદ્વૈત પરમાનંદસ્વરૂપ સાથે નિજકારણપરમાત્માને જોડે છે,...**' જોગ કહેવો છેને? યોગ કહેવો છેને અહીંયાં? '**તે પરમતપોધન જ...**' પરમ જેને આનંદની લક્ષ્મીરૂપી ધન જેને પ્રગટ્યું છે અંદરમાં. એ '**શુદ્ધનિશ્ચય-ઉપયોગભક્તિવાળો છે;...**' એ શુદ્ધનિશ્ચય-ઉપયોગ. નિશ્ચય ઉપયોગ. ત્રિકાળી ઉપયોગનો નિશ્ચય ઉપયોગ ભક્તિવાળો એ છે. સમજાણું કાંઈ? મુનિની મુખ્યતાથી લીધું છેને? મુખ્યતા એ છેને? ત્યાં પણ એમ લીધું છે બીજી ગાથાએ. '**चरित्तदंसणणाणठिदो**' એમ આવ્યું હતુંને સવારમાં? ચારિત્ર કીધું. મુનિની પોતે છેને અને એ ગાથાની શૈલીમાં એવી રીતે રચના થાય છે. '**चरित्तदंसणणाणठिदो**' એ અજ્ઞાન અને રાગ-દ્વેષમાં તો એ આત્મા જ નિર્મળ પરિણામમાં થયો, નિર્મળ પરિણામરૂપે પરિણમ્યો.

**શ્રોતા :–** એને સ્થાપ્યો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, એને સ્થાપ્યો. આહા..હા..! આવો માર્ગ. હવે ઓલા તો કહે સહેલું હતું ઈચ્છા પડિક્કમણા ઈરિયા વિરિયા.. તસ્સઉતરી કરણેણ, તાવકાંય.. થઈ ગઈ સામાયિક લ્યો. .. એ ધર્મ. ધર્મ એ મુક્તિનું કારણ લ્યો થઈ રહ્યું. સહેલુંસટ હતું.

**શ્રોતા :–** આમાં એમ કહે છે, સામાયિક એ ધર્મ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ કહે છેને બાર પ્રકારના તપ છે. અનશન, ઉણોદરી, વ્રત.. તપ છે. તપ છે તે નિર્જરા છે. નિર્જરા છે તે મોક્ષનું કારણ છે. એ તપ નહિ, ભાઈ! અંતરમાં આનંદસ્વરૂપમાં રમણતાની ઝમવટ જામે જ્યાં. ચારિત્રની દશાએ સ્વરૂપને અવલંબે થઈ છે એમાં ઉગ્ર પુરુષાર્થથી આત્મામાં રમે છે. '**तपंति इति तपः**' સોનું જેમ ગેરુથી ઓપે અને શોભે છે, એમ અતીન્દ્રિય આનંદની ઉગ્ર દશા થઈ છે એને તપ કહેવામાં આવે છે. આ તો બધી લાંઘણું છે આ વર્ષીતપ કરે છે બધા. ભગવાનજીભાઈ! ભુલેલા છે. અપવાસ કરે અને આ વર્ષીતપ કર્યા, ઢીકણા કરે. ધૂળેય નથી. હવે ભાન પણ કાંઈ ન મળે. આહા..હા..!

**શ્રોતા :–** તો એનું ફળ શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ફળ સંસારમાં રખડવાનું એને. આહા..હા..!

અહીં તો જેમાં ભવ અને ભવનો ભાવ નથી. એવી જે ચીજ અંતર આનંદનો નાથ ભગવાન નિત્યાનંદ પ્રભુ. આહા..હા..! એને આશ્રયે, અવલંબે જે દર્શન-જ્ઞાન-ચારિત્ર થયું એમાં એ આત્મા પરિણમ્યો એરૂપે એટલે એમાં આત્મા સ્થાપ્યો એમ કહેવામાં આવે છે. આહા..હા..! આત્મા એમ પરિણમ્યો. જે રાગ-દ્વેષ અને અજ્ઞાનરૂપે પરિણમતો એ વીતરાગી દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ થયો-પરિણમ્યો એમાં આત્મા સ્થાપ્યો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વ્યાખ્યા અને આ બધા... આફ્રિકામાં જાય તો પૈસા કેટલા મળે છે લ્યો કરોડપતિ, બે કરોડ ને પાંચ કરોડ. ફાટી જાય પ્યાલા અંદરથી જાણે ઓહો..હો..! અમે જાણે શું થઈ ગયું? પ્યાલો ફાટી જાય અજ્ઞાનમાં. અજ્ઞાનનો પ્યાલો ફાટે. આહા..હા..! ધૂળ છે હવે ત્યાં પૈસા તારા બે કરોડ કે પાંચ કરોડ લક્ષ્મી ધૂળ, માટી છે. એ ક્યાં તારી હતી. એ તે ક્યાં પેદા કરી હતી? આહા..હા..! આ ધર્મ છે. તપોધન. આનંદનો નાથ ભગવાન પૂર્ણાનંદમાં એકાગ્ર થઈને જે પરિણતિ ઉત્પન્ન કરી એને તપોધન-તપરૂપી લક્ષ્મી છે, એ લક્ષ્મીવાળો છે એને આત્માને મોક્ષમાર્ગી કહેવામાં આવે છે. આહા..હા..! આવી વાત.

એ '**તપોધન જ...**' પછી '**તે પરમતપોધન જ શુદ્ધનિશ્ચય-ઉપયોગભક્તિવાળો છે;...**' ત્રિકાળી ભગવાનમાં જોડાઈ ગયેલો છે અથવા નિજ ઉપયોગમાં આત્માને જોડી દીધો છે. આહા..હા..! એ '**બીજાને—બાહ્યપ્રપંચમાં સુખી હોય તેને—યોગભક્તિ કઈ રીતે હોય?**' આહા..હા..! કહે છે કે શુભભાવમાં જોડાઈ જાય એને યોગભક્તિ ક્યાંથી હોય? દયા, દાન અને વ્રતના ભાવમાં આવે એવા બાહ્યપ્રપંચમાં સુખી માને કે અમે કાંઈક ધર્મ કરીએ એવાને ક્યાંથી યોગભક્તિ આવી? એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

બીજા શ્લોકનો આધાર આપે છે. '**એવી રીતે (અન્યત્ર શ્લોક દ્વારા) કહ્યું છે કે :-**' ક્યાંકનો આધાર છે.

(अनुष्टुभ्)

आत्मप्रयत्नसापेक्षा विशिष्टा या मनोगतिः।
तस्य ब्रह्मणि संयोगो योग इत्यभिधीयते।।

'**શ્લોકાર્થ :- આત્મપ્રયત્નસાપેક્ષ...**' આત્મામાં પ્રયત્નસાપેક્ષ ત્રિકાળી આનંદના નાથના પ્રયત્નસાપેક્ષ. એનો પુરુષાર્થ કરનારો. આહા..હા..! આત્માના પુરુષાર્થની સાપેક્ષતા, આત્મા તરફ વળેલો પુરુષાર્થ એવી '**આત્મપ્રયત્નસાપેક્ષ વિશિષ્ટ જે મનોગતિ...**' નિર્મળ વીતરાગી પરિણતિ, મનોગતિ એટલે. સમજાણું કાંઈ? જેમાં આત્માનો પ્રયત્ન આવ્યો છે. ત્રિકાળી આનંદનો પ્રયત્ન સાપેક્ષ યોગભક્તિ ઉત્પન્ન થઈ છે. જેને રાગની અપેક્ષા નથી, નિમિત્તની અપેક્ષા નથી, સમજાણું કાંઈ? એવી મનો નામ ચૈતન્ય પરિણતિની ગતિ '**તેનો બ્રહ્મમાં સંયોગ થવો...**' જુઓ, આનંદના નાથમાં નિર્મળ પરિણતિનો સંબંધ થવો. આહા..હા..! સમજાણું કાંઈ? એ કહ્યું છેને એને લગતો શ્લોક છે. ક્યાંકથી છે. બીજા ગ્રંથનો છે. ખબર નથી. બીજાનો આધાર

છે. પણ એને મળતો છેને ઓલો?

'**નિજ અખંડ અદ્વૈત પરમાનંદસ્વરૂપ સાથે નિજકારણપરમાત્માને જોડે છે,...**' એથી અહીં એ લીધું. '**આત્મપ્રયત્નસાપેક્ષ...**' રાગ પ્રયત્ન પુણ્ય-પાપ પ્રયત્ન નહિ. આત્માના આનંદસ્વરૂપનો પ્રયત્નસાપેક્ષ એવી જે ખાસ ચૈતન્યની પરિણતિની ગતિ. અરેરે! '**તેનો બ્રહ્મમાં સંયોગ થવો...**' આનંદમૂર્તિ ભગવાનનો એમાં સંબંધ થવો. નિર્મળ પરિણતિમાં ભગવાનનો સંબંધ થવો.. સમજાણું કાંઈ? નિર્મળ પરિણતિનો સ્વભાવને સંબંધ થવો, સ્વભાવને નિર્મળ પરિણતિનો સંબંધ થવો. આહા..હા..! સમજાણું કાંઈ? એ '**શુદ્ધનિશ્ચય-ઉપયોગભક્તિવાળો છે; બીજાને...**' '**આત્મપ્રયત્નસાપેક્ષ...**' ખાસ ચૈતન્યની પરિણતિ. આહા..હા..! તેનો '**(આત્મપ્રયત્નની અપેક્ષાવાળી ખાસ પ્રકારની ચિત્તપરિણતિનું આત્મામાં જોડાવું)...**' આહા..હા..! ત્રિકાળી ભગવાન નિત્યાનંદમાં શુદ્ધ પરિણતિનું જોડાવું '**તેને યોગ કહેવામાં આવે છે.**' આ યોગીઓનો યોગ આને કહેવામાં આવે છે. અન્યમતિમાં બધા યોગી કહેવાય અને યોગ કહેવાય એ નહિ. આહા..હા..! ભગવાને કહેલો ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ ધ્રુવ અનંત-અનંત સિદ્ધની પર્યાયની સામગ્રીથી ભરેલો. આહા..હા..! એને '**ચિત્તપરિણતિનું આત્મામાં જોડાવું...**' એની ચિત્ત જ્ઞાનની પરિણતિનું આત્મામાં જોડાવું '**તેને યોગ કહેવામાં આવે છે.**' નિત્યાનંદમાં ચિત્તની જ્ઞાનની પરિણતિને જોડી દેવી એનું નામ યોગ અને એનું નામ સમાધિ અને એનું નામ પરમભક્તિ કહેવામાં આવે છે. આહા..હા..! ભિન્ન-ભિન્ન રીતે દ્રવ્યનો આશ્રય લેવો અને દ્રવ્યને આશ્રયે પરિણતિ થાય એમાં દ્રવ્ય જોડાણું એમ કહેવા માગે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**વળી,** (આ **૧૩૭મી** ગાથાની ટીકા કરતાં ટીકાકાર **મુનિરાજ** શ્લોક કહે છે :-)'

(अनुष्टुभ्)

आत्मानमात्मनात्मायं युनक्त्येव निरन्तरम्।
स योगभक्तियुक्तः स्यान्निश्चयेन मुनीश्वरः।।२२८।।

'**શ્લોકાર્થ :- જે આ આત્મા આત્માને આત્મા સાથે...**' ત્રિલોકનાથ ભગવાન અખંડ આનંદ પ્રભુ એવો આત્મા આત્માને પોતાની પરિણતિને આત્મા સાથે '**નિરંતર જોડે છે,...**' નિર્વિકારી પરિણતિને આત્મા સાથે જોડે છે. અનંત-અનંત આનંદનું ધામ ભગવાન આત્મા અતીન્દ્રિય. આ ઇન્દ્રિયના વિષયમાં સુખ માને છે એ તો મૂઢ લોકો ઘાયલ થઈ ગયેલા છે. સમજાણું કાંઈ? આ પાંચ ઇન્દ્રિયના વિષયોમાં, પૈસામાં, ધૂળમાં, રાજમાં સુખ માને છે એ તો ઘાયલ થઈ ગયા છે આત્મામાં. ઘાત કરનારા છે. આહા..હા..!

**શ્રોતા :-** તો શું કરવું? રૂપિયાને નાખી દેવા કે રાખવા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ક્યાં રાખે અને કોણ રાખે? ક્યાં હતા એના તે રાખે. રૂપિયા

ક્યાં એના હતા? રૂપિયા તો જડના છે. એ આત્માના ક્યાંથી થઈ ગયા? એ તો અજીવ છે. અજીવ જીવના થઈ જાય? માને છે મૂઢ કે આ પૈસા મારા છે. આહા..હા..! સમજાણું કાંઈ? બાયડી મારી, પૈસા મારા, મકાન બધા ૨૦-૨૦ લાખ, ૫૦ લાખના કર્યા હોય. છેને ત્યાં ૪૦ લાખનું માકન અને ૧૦-૧૦ લાખનું. ગોવા-ગોવા. ગોવામાં છેને બે અબજ અને ચાલીસ કરોડ. શાંતિલાલ ખુશાલ. બે અબજ ૨૪૦ કરોડ ધૂળ.

**શ્રોતા :-** એના છે એ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એના નથી. ધૂળ એની છે. ધૂળ તો ધૂળની છે. આ પણ માટી છે. માટી જડ છે. માટી માટીની છે. આત્માની છે આ? આ તો માટી છે.

**શ્રોતા :-** શરીરને તમે માટી કેમ કહો છો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તમે નથી કહેતા? ખીલી વાગે લોઢાની ખીલી તો મારી માટી પાકણી છે. મારી માટી પાકણી છે, પાણી ન અડાડતા, કહે છે કે નહિ? ભાન ક્યાં છે બોલે છે એનું? મારી માટી પાકણી છે. એટલે પાણી અડાડશો નહિ. રૂઝ નહિ આવે, પાકી જશે એમ નથી કહેતા? માટી છે આ તો. અજીવ, જડ, ધૂળ છે. ભગવાન તો એનાથી ભિન્ન છે. આહા..હા..! કહો, ભગવાનજીભાઈ! આહા..હા..! એ ભગવાન આત્માની આ ધૂળ થઈ જાય? બાવા સાથે બાથ ભીડી છે એણે. બાવો તો ત્યાં જે છે એમ છે. એમ લક્ષ્મી અને શરીર સાથે આ મારા. ધૂળેય નથી તારા હવે સાંભળને. સમજાણું?

**શ્રોતા :-** છાતી સરસા ચાપે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, ચાપે લીધું હતુંને. ક્રિયાનય ત્યાં ચાપે છે કીધું હતું. દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એને જેમ છાતી સાથે જેમ બાળકને દાબેને આમ? એમ એ ભાવને પોતાના દાબે મૂઢ છે, કહે છે. શુભભાવને એમ કહે છે. પ્રવચનસાર. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિના ભાવ એ રાગ છે. એને અજ્ઞાની છાતીસરસો ચાપે આમ 'આ મારા છે.. આ મારા છે...' શરીર અને લક્ષ્મી તો ક્યાંય રહી ગઈ. સમજાણું? એ તો ધૂળ ક્યાંય છે. ક્યાં તારી? તું ક્યાંનો? એ ક્યાં છે? એ તો બધું સ્વતંત્ર અજીવતત્ત્વ છે. અહીંયાં તો ત્યાં સુધી કહ્યું પ્રવચનસારમાં કે જે શુભભાવ ક્રિયાકાંડનો થાય-આ દયાનો, દાનનો, જાત્રાનો, ભક્તિનો, પૂજાનો, વ્રતનો—અજ્ઞાની એને છાતીસરસો ચાંપે 'આ મારી ચીજ છે, આ મારા છે.'

**શ્રોતા :-** વ્યવહારધર્મ છેને એટલે!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય નથી એનો. સમજાણું કાંઈ? ભાઈ! અહીં તો એવી વાત છે. અહીં કાંઈ દુનિયાની પૈસાવાળાની કે રાજની અહીં કાંઈ કિંમત-બિંમત નથી. અહીં તો પુણ્યના પરિણામની પણ કિંમત નથી પછી પ્રશ્ન શું? આહા..હા..!

**'જે આ આત્મા...'** જે આ આત્મા. **'આત્માને...'** એટલે પોતાને **'આત્મા સાથે**

**નિરંતર જોડે છે,...'** આહા..હા..! વીતરાગી પરિણતિ સાથે આત્માને જોડે છે. આહા..હા..! '**તે મુનીશ્વર નિશ્ચયથી યોગભક્તિવાળો છે.**' આ પરિણતિ છે એમાં જોડે છે એટલે કાંઈ પરિણતિ ધ્યેય ન થાય. ધ્યેય તો ધ્રુવ છે. સમજાય છે કાંઈ? ત્રિકાળ ધ્રુવ એક જ વસ્તુ છે. પણ ધ્રુવને અવલંબે જે પ્રગટી એટલે ધ્રુવ એમાં જણાણો માટે આત્મા એમાં સ્થાપ્યો એમ કહેવામાં આવે છે. આહા..હા..! પરિણતિ તે ધ્યેય નથી. સમજાણું? '**નિરંતર જોડે છે,...**' આહા..હા..! વસ્તુસ્વભાવ ચૈતન્યચમત્કાર જ્ઞાનદર્શનસ્વભાવસ્વરૂપ ધ્રુવ, એને નિર્મળ પરિણતિને એની સાથે જોડે છે. નિર્મળ પરિણતિને ધ્રુવ સાથે જોડે છે અને નિર્મળ પરિણતિમાં આત્માને જોડે છે. બધું એકનું એક છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ નિર્મળ પરિણતિ છે એ નિશ્ચયથી વ્યવહારનયનો વિષય છે અને દ્રવ્ય છે એ નિશ્ચયનયનો વિષય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ કહ્યું હતું નહિ પરમ દિ'? પ્રમાણ-પ્રમાણ. ખરેખર ભગવાન જે નિત્યાનંદ પ્રભુ છે એની શ્રુતજ્ઞાનની સમ્યક્ પર્યાય પણ પ્રમાણ છે એ વ્યવહાર છે. ગીરધરભાઈ! ઝીણું-ઝીણું છે આ. ત્રિકાળ જ્ઞાયકભાવ જે નિત્યાનંદ પ્રભુ એની શ્રુતજ્ઞાનની, સમ્યક્ શ્રુતજ્ઞાનની પર્યાય જેને પ્રમાણ કહીએ એ પણ પર્યાય છે તે દ્રવ્યના નિશ્ચયની અપેક્ષાએ પર્યાયને વ્યવહાર કહેવામાં આવે છે. આહા..હા..! અને એ પ્રમાણમાં બે ભાગ. નય, અવયવ. પ્રમાણ અવયવી છે. પ્રમાણ અવયવી છે છતાં એ પર્યાય છે. આહા..હા..! અને તે નિશ્ચય પ્રમાણ એનો વિષય ધ્રુવ ભગવાન છે. સમજાણું? આખો. આહા..હા..!

હવે અહીંયાં જ્યારે પ્રમાણના બે ભાગ પાડે નિશ્ચય અને અવયવ, એ નિશ્ચયનય છે એ સ્વનો આશ્રય લે છે અને સ્વને અવલંબે છે માટે તેની પરિણતિને પણ નિશ્ચય કહેવામાં આવે છે. સ્વને આશ્રયે થઈ છેને? સ્વ તે નિશ્ચય છે. એને સ્વ-આશ્રય નિશ્ચય, પર-આશ્રય વ્યવહાર. એ આવ્યું છે બંધ અધિકારમાં. આહા..હા..! ભગવાન ત્રિલોકનાથને આશ્રયે પરિણતિ થઈ એને સ્વની છે, પરની નથી એમ કહીને તેને નિશ્ચય કીધી, પણ છતાં એ નિશ્ચય પરિણતિ તે ધ્યેય નથી. એ તો પ્રગટેલી ધ્યેયને લક્ષે પ્રગટેલી પર્યાય છે. આહા..હા..! અને નિશ્ચયનય છે એ પણ વ્યવહાર છે. કારણ કે જ્ઞાનપ્રમાણ પોતે છે એ વ્યવહાર છે પર્યાય માટે તો નય તો વ્યવહાર છે. પણ એને નિશ્ચય કેમ કહી? કે ત્રિકાળનો આશ્રય છે અને પરિણતિ પ્રગટે છે એ અપેક્ષાએ એને નિશ્ચય કીધી. સમજાણું કાંઈ? પણ નિશ્ચય પરિણતિને કીધી તેથી નિશ્ચયપરિણતિ ધ્યેય છે એમ નથી. આહા..હા..! ભારે માર્ગ, ભાઈ!

આવો જે ભગવાન નિશ્ચયસ્વરૂપ ત્રિકાળ, એને આશ્રય કરીને-અવલંબીને નિર્વિકલ્પદશા વીતરાગી પરિણતિ ચૈતન્યચમત્કારની અખંડ અદ્વૈત પરિણતિ એમાં આત્માને સ્થાપે છે. એટલે કે આત્મામાં તે વળેલી દશા છે તેથી આત્મા એમાં સ્થાપે છે એમ કહેવામાં આવે છે. આત્મા તો છે ત્યાં છે. અથવા તે પરિણતિ જે જ્ઞાન, દર્શન અને ચારિત્રની છે જ્ઞાનની, તે પરિણતિમાં

દ્રવ્ય આખું જણાય જાય છે. પર્યાય દ્રવ્યને અડ્યા વિના પર્યાય દ્રવ્યને જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! આ તો વીતરાગમાર્ગ! જિનેશ્વર ત્રિલોકનાથ પરમેશ્વર અરિહંત. આહા..હા..! એનું શું કહીએ? લોકોને કાંઈ કિંમત જ નથી. નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો.. કર્યું લ્યો થઈ ગયું, લ્યો! ભગવાનના ભક્ત થઈ ગયા. ભક્ત ક્યાંથી ભગત થયા? અહીં તો ભગત બીજાને કહે છે. શું કહે છે?

**શ્રોતા :-** આ ભક્તિ અધિકાર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભક્તિ અધિકાર છે. ભગવાન પૂર્ણાનંદનો નાથ જેની એકાગ્ર થઈને ભક્તિ કરે અંદરમાં, સ્વભાવની ભક્તિ કરે તેને ભક્ત કહેવામાં આવે છે. એ આવ્યું હતું ઓલાપણે નહિ? તે ભક્ત છે... ભક્ત છે... પહેલામાં આવ્યું હતું. નિરંતર. ૩૪માં આવ્યું હતું. શ્રાવક હોય કે સંયમી હોય નિરંતર ભક્ત છે, ભક્ત છે. ૧૩૪માં. ૨૨૦ કળશ. ૨૨૦ કળશ. ૧૩૪ પહેલી ગાથા. એનો ૨૨૦ કળશ.' '**જે જીવ ભવભયના હરનારા આ સમ્યક્ત્વની, શુદ્ધ જ્ઞાનની અને ચારિત્રની ભવછેદક અતુલ ભક્તિ નિરંતર કરે છે, તે કામક્રોધાદિ સમસ્ત દુષ્ટ પાપસમૂહથી મુક્ત ચિત્તવાળો જીવ—શ્રાવક હો કે સંયમી હો—નિરંતર ભક્ત છે, ભક્ત છે.**' આહા..હા..! ભગવાન પૂર્ણાનંદની ભક્તિ કરનારો એમાં જે એકાગ્ર થાય એ એનું ભજન. નિત્યાનંદમાં એકાગ્ર થવું તે આત્માનું ભજન. એ ભક્ત છે, ભક્ત છે. એને ભક્ત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાનનું ભજન નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... એ ભક્ત નહિ. જેનો મણકો પર્યાયનો દ્રવ્યને આશ્રયે ફરે છે અને દ્રવ્યમાં જેની પર્યાય એકાગ્ર થાય તેને ભક્ત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**તે મુનીશ્વર...**' ૨૨૮. '**જે આ આત્મા આત્માને આત્મા સાથે નિરંતર જોડે છે,...**' આહા..હા..! '**તે મુનીશ્વર નિશ્ચયથી યોગભક્તિવાળો છે.**' શાસ્ત્ર સંબંધીનું જ્ઞાન, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો રાગ, ભક્તિનો, એ બધી ભક્તિ નહિ. સિદ્ધના ગુણોનું સ્મરણ કરીને સિદ્ધની ભક્તિ એ પણ સાચી ભક્તિ નથી, એ વિકલ્પ અને રાગની ભક્તિ, એને વ્યવહારે ભક્તિ કહેવામાં આવે છે, પણ જેને નિશ્ચયભક્તિ હોય એને. એકલા સિદ્ધની ભક્તિવાળાને વ્યવહાર પણ કહેવામાં આવતો નથી. આહા..હા..! આવી વાત છે, ભારે ભાઈ! આવો માર્ગ! એક જણો બિચારો કહેતો હતો હોં. વીરમગામથી આવ્યો હતો. ... માર્ગ એવો સરળ હતો મહારાજ અમે કરતા ભક્તિ, પૂજા બધું. તમે એવો કઠણ બનાવી દીધો. હવે કોણે બનાવ્યો? ભગવાન એમ કહે છે. એવો માર્ગ છે. તે માન્યો હોય બીજી રીતે એટલે? લીંબોળીને નિલમણિ માની હોય તે. આહા..હા..! નિલમણિરત્ન તો કિંમત દેવી પડે છે એને. એ લીંબોળીએ નિલમણિ ન મળે. એમ રાગની ક્રિયાએ આત્મા ન મળે. આહા..હા..! જાત્રા કરે ને ભક્તિ કરે ને પૂજા કરે. આ લાખો, કરોડો ખર્ચ કરે, ગજરથ કાઢે મોટા. હાથીને

ગજરથ નીકળે છેને હમણા સતનામમાં છે. ગજરથ કાઢવાના છે. જવાના છે. અહીં કાગળ આવ્યો છે. એમાં શું થયું? ગજરથ કાઢે એ તો ક્રિયા પરની છે.

**શ્રોતા** :- ગજરથ કાઢે એને સંઘવીની ઉપમા આપે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સંઘવીની ઉપમા આપે. ક્યાં સંઘવો હતો? સંઘ જ નહોતોને. લાખ, બે લાખ ખર્ચે જુઓ સંઘવી. સંઘ જ નથી ત્યાં સંઘવી ક્યાંથી આવ્યો? આહા..! અહીં તો સ્વરૂપ ભગવાન પૂર્ણાનંદના નાથને જેણે સ્વીકાર્યો છે, ભક્તિ કરી છે, લીન થયો છે, એને આશ્રયે જેને દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કર્યા છે એને સંઘમાં શ્રાવક, શ્રાવિકા અને સાધુ કહેવામાં આવે છે. આવું જ્યાં નથી એને સંઘ જ કહેતા નથી. એ હાડકાના માળા કહેવામાં આવે છે. એવું આવે છે હોં શ્વેતાંબરમાં આવે છે. દસ .. છેને ઓલા ૩૨ સૂત્ર સિવાયના. દસ શું કહેવાય એ? પયના. પયના કહેવાય કે? દસ પયનામાં આવે છે. એ વાંચ્યા છેને એ દસ.. તે દિ' વાંચ્યા છે ૭૬માં. એમ કે તત્ત્વને, દૃષ્ટિ જ્ઞાન-દર્શન-ચારિત્ર વિનાના જે સંઘ એ તો બધા હાડકાના માળા છે. સંઘવી કોને કહેવો? આહા..હા..! જેને અનંતગુણનો સમુદાય એવો ભગવાન આત્માને જેને અંતર પ્રતીત, સ્વસન્મુખ થઈને કરી, જ્ઞાન અને રમણતા કરી છે એને સંઘમાં ગણવામાં આવે છે. સમજાણું કાંઈ? આવી ખબર ન મળે. પદ્મનંદીપંચવિંશતિમાં આવે છેને એક આટલી પણ પ્રતિમા સ્થાપે તો એ...

**શ્રોતા** :- નાનકડી સ્થાપે તોપણ એનું માથું.. સરસ્વતિ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- છેને. પણ એ કોને માટેની વાત છે? પદ્મનંદીપંચવિંશતિમાં આવે છે. આટલી પણ પ્રતિમા સ્થાપે મંદિરમાં તો એના પુણ્યને સરસ્વતી પણ કહી શકે નહિ. એ ઉંચી. એ તો એના શુભભાવની કેટલી મર્યાદા. તે કોને? જેને નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયું છે એને. હવે જેને નિશ્ચયની ભાન નથી એને ક્યાંથી આવ્યો વ્યવહાર? આહા..હા..! બહુ ઝીણી વાતું. કહ્યું હતુંને એક .. ખર્ચ્યોને પોર બેંગ્લોર. બાર લાખ. મંદિર બનાવ્યુંને ગ્યા હતાને ત્યાં. ૧૬ દિ' ૧૬ દિ' રહ્યા હતા બેંગ્લોર. ઘણું માન બિચારા. માણસ તો પ્રેમી હતો. પણ સમજી શકે નહિ આ હિન્દી. બેંગ્લોરમાં કનડી ભાષા. હિન્દી. અહીં તો વ્યાખ્યાન હિન્દીમાં ચાલે ભાઈ કન્નડ-કન્નડ અહીં આવડતી નથી. બિચારા બેસે સાંભળે. પછી એક પંડિત હતા બે. એ આમ વ્યાખ્યાન.. દસ મિનિટ પછી. મહારાજે આમ કહ્યું છે. એ .. કાલે આવ્યા હતા કાલે. બાર લાખ. આઠ લાખ એકે અને ચાર લાખ એકે. જુઓ, ભાઈ! કીધું, આમાં શુભભાવ છે હોં. બાર લાખનું મંદિર કર્યું માટે ધર્મ થઈ જાય એમ છે નહિ. ઈ તો ક્રિયા એને કારણે બની છે મંદિર. એ કાંઈ તમે બનાવ્યું છે એમ છે નહિ. પરમાણુની પર્યાય એ રીતે ત્યાં આહા..હા..! બનતું હતું. જન્મકાળ. ભાવ શુભ હોય એ પુણ્ય છે, ધર્મ નહિ. તારા દસ લાખ શું વીસ લાખ, પચાસ લાખ, કરોડ આપી દે તોપણ ધર્મ નહિ.

**શ્રોતા** :- ઉંચી જાતનું પુણ્ય છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તો સમ્યગ્દર્શન હોય તો ઉંચી જાતનું પુણ્ય છે. જેને સ્વનો સ્વીકાર છે ચૈતન્યમૂર્તિનો પૂર્ણાનંદનો. એને આવો શુભભાવ હોય એ તીર્થંકરગોત્ર બાંધે એવો .. સમજાણું કાંઈ? જેને ભગવાન આત્માની તો ખબર નથી કે કોણ છે અને નિત્ય અને શું ધ્રુવ છે. આહા..હા..!

**શ્રોતા** :- ભગવાનની તો ખબર છે!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ક્યા ભગવાન? આ ભગવાન કે ઓલા ભગવાન?

**શ્રોતા** :- અર્હંતસિદ્ધ ભગવાન.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અર્હંત-સિદ્ધ ભગવાન નિશ્ચયથી તો આત્મા છે. આહા..હા..! એ આ તત્ત્વાનુશાસનમાં કહ્યું છે કે તમે અરિહંતની ભક્તિ કરો છો આત્માની, તો પોતે અરિહંત અત્યારે ક્યાં છે? કે છે સાંભળને. રાગ વડે ભગવાન પૂર્ણાનંદની દૃષ્ટિ ને જ્ઞાન ને રમણતા કરી એ અરિહંતની ભક્તિ કરી, પોતાની. લીધું છે એમાં. આત્માને અરિહંત કરીને સ્થાપે. અરિહંત તો પર્યાયમાં નથી, પણ એ દ્રવ્ય તરીકે અરિહંત છે. દ્રવ્ય તરીકે સિદ્ધ છે. એનો જેણે સ્વીકાર કર્યો છે દૃષ્ટિમાં એ અરિહંતની જ ભક્તિ કરે છે. આહા..હા..! પોતાનો અરિહંત હોં. '**તે મુનીશ્વર નિશ્ચયથી યોગભક્તિવાળો છે.**' લ્યો! ૨૨૮ થયો કળશ-કળશ. ૧૩૮.

**सव्ववियप्पाभावे अप्पाणं जो दु जुंजदे साहू।**
**सो जोगभत्तिजुत्तो इदरस्स य किह हवे जोगो।।१३८।।**

**સઘળા વિકલ્પ અભાવમાં જે સાધુ જોડે આત્મને,**
**છે યોગભક્તિ તેહને; કઈ રીત સંભવ અન્યને? ૧૩૮.**

'**ટીકા** :- **અહીં પણ પૂર્વ સૂત્રની માફક નિશ્ચય-યોગભક્તિનું સ્વરૂપ કહ્યું છે.**' ઈન્દ્રિય જોડે છે. '**અતિ-અપૂર્વ નિરુપરાગ રત્નત્રયાત્મક,...**' આહા..હા..! નિરુપરાગ નામ '**નિર્વિકાર; શુદ્ધ. (પરમસમાધિ અતિ-અપૂર્વ શુદ્ધરત્નત્રયસ્વરૂપ છે.)**' સમાધિ, પરમસમાધિ એટલે કે ધર્મ એ શુદ્ધરત્નત્રયસ્વરૂપ છે. શુદ્ધ નામ નિશ્ચયસમ્યગ્દર્શન, નિશ્ચયજ્ઞાન, નિશ્ચયચારિત્રસ્વરૂપ છે એ. એ નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ દ્રવ્યને આશ્રયે થાય છે. સમજાણું કાંઈ? એવો જે ભગવાન આત્મા '**અતિ-અપૂર્વ નિરુપરાગ રત્નત્રયાત્મક નિજચિદ્‌વિલાસલક્ષણ નિર્વિકલ્પ પરમસમાધિ વડે...** ' આહા..હા..! '**પરમસમાધિનું લક્ષણ નિજચૈતન્યનો વિલાસ છે.**' એ પર્યાયની વાત છે હજી આ. આહા..હા..!

'**નિજચિદ્‌વિલાસલક્ષણ નિર્વિકલ્પ પરમસમાધિ વડે...**' જેને આત્મવ્યવહાર કીધો છેને? એ ચૈતન્યવિલાસ તેને વ્યવહાર કહ્યો છે. ચૈતન્યનો વિલાસ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તેને વ્યવહાર કહ્યો છે, એને આત્મવ્યવહાર કહ્યો છે. દયા, દાન, વ્રતના વિકલ્પને આત્મવ્યવહાર નહિ. આહા..હા..! મનુષ્યવ્યવહાર છે. જેમાં સંસાર ફળે એ બધો મનુષ્યવ્યવહાર છે. જેમાં મોક્ષ મળે તે આત્મવ્યવહાર છે. પણ આ બધું ખરું પણ એનું કોઈ સાધન ખરું કે નહિ

વ્યવહાર? એમ કહે. એ સાધન જ આ છે. આ સાધનની તો વાત ચાલે છે. નિર્વિકલ્પ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ સાધન છે.

**શ્રોતા :-** .. સમાધિનું સાધન કોણ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ સમાધિ સમાધિનું સાધન પોતે. સમાધિનું સાધન કારણદ્રવ્ય. કેમકે દ્રવ્યમાં સાધન નામ કારણ નામનો ગુણ પડ્યો છે. સમજાણું કાંઈ? આહા..હા..! કરણ-કરણ. દ્રવ્યમાં એક કરણ નામનો ગુણ છે. કરણ કહો કે સાધન કહો. ભગવાન આત્મામાં અનાદિ-અનંત એક કરણ નામનો, સાધન નામનો ગુણ છે. આહા..હા..! એનો આશ્રય લેતા પર્યાયમાં સાધન જે પ્રગટે છે, એ સાધન ગુણને અવલંબે સાધન પ્રગટે છે. ભારે વાતું! ભાઈ! સમજાણું કાંઈ? આ સાધન ગુણ છે. કર્તાકર્મ નથી આવતું? કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, ઉપાદાન એ છ ગુણ છે બધા. એમાં કરણ એક ગુણ છે અંદરમાં ત્રિકાળી. આહા..હા..! એ ગુણનો ધરનાર તે ગુણી છે. ગુણીનો જેણે આશ્રય લીધો એને સાધન જે પ્રગટ્યું એ ગુણીને કારણે પ્રગટ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? નિશ્ચય-નિશ્ચય લાગે પણ વસ્તુ જ આ છે. બીજું શું થાય? નિશ્ચય એટલે સત્ય. પરમસત્યનો આશ્રય લઈને પ્રગટે તે સત્ય. તે નિશ્ચયપરિણતિ તે નિશ્ચયમોક્ષમાર્ગ. આહા..હા..! અહીં તો ભક્તિની વાત ચાલે છેને? એની જે ત્રિકાળી વસ્તુ છે એની એકાગ્રતાનો ભાવ તે ભક્તિ. નિર્મળ નિર્વિકારી દશા. એ દશાનો અંશ છે એ તો. દશાવાન જે ભગવાન એનો તો આ એક અંશ છે. જે નિર્મળ નિર્વિકારી શ્રદ્ધા-જ્ઞાન-શાંતિ પ્રગટે એ ભક્તિ, એ મોક્ષમાર્ગ. પણ એ તો અંશ ત્રિકાળી વસ્તુમાંથી તેની અપેક્ષાએ એક અંશ છે. સમજાણું કાંઈ? કેમકે ત્રિકાળી વસ્તુ છે એ તો ત્રિકાળ આનંદ અને શાંતિના સાગરથી ભરેલો છે. યોગ ભક્તિ જે પ્રગટી એ તો પર્યાય છે, પણ એવી પર્યાનો આખો અનંત-અનંત પર્યાયનો પિંડ જે ગુણ અને અનંતગુણનો પિંડ તે દ્રવ્ય છે. આહા..હા..! યોગભક્તિસ્વરૂપ જ આત્મા છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** વ્યવહારને કાઢી નાખ્યો અને પાછો ત્રિકાળીનો અંશ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અંશ છેને. ત્રિકાળીનો અંશ છે એ વ્યવહાર છે. નિશ્ચયને આશ્રયે પ્રગટ્યો એ વ્યવહાર છે, પણ નિશ્ચયને આશ્રયે પ્રગટ્યો એટલે નિશ્ચય કહેવામાં આવે છે. પર્યાય છે એ તો વ્યવહાર છે. દ્રવ્ય તે નિશ્ચય અને પર્યાય તે વ્યવહાર. આહા..હા..! એ તો નયનું સ્વરૂપ જ છે એ. આહા..હા..! વિશેષ આવશે હવે.

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ-૪, શનિવાર, તા. ૦૬-૧૨-૧૯૭૫**
**ગાથા-૧૩૮-૧૩૯, કળશ-૨૨૯, પ્રવચન નં. ૧૧૬**

૧૩૮ ગાથા. 'ટીકા :- **અહીં પણ પૂર્વ સૂત્રની માફક નિશ્ચય-યોગભક્તિનું સ્વરૂપ કહ્યું છે.**' '**અતિ-અપૂર્વ નિરુપરાગ રત્નત્રયાત્મક,...**' માર્ગ બહુ સૂક્ષ્મ ભાઈ છે. જેને ધર્મ કરવો છે એણે ત્રિકાળી આનંદસ્વરૂપ સમયસાર એમાં એને દૃષ્ટિને, જ્ઞાનને દોરવું પડશે, કહે છે. વસ્તુ જે છે એ કહેશે. અહીંયાં તો '**અતિ-અપૂર્વ નિરુપરાગ રત્નત્રય...**' અનંતકાળનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે નિશ્ચય છે એ કદી પ્રગટ્યા નથી અનંતકાળમાં. તેથી, અપૂર્વ '**અતિ-અપૂર્વ નિરુપરાગ...**' આહા..હા..! '**રત્નત્રયાત્મક,...**' નિશ્ચયસમ્યગ્દર્શન શુદ્ધ અખંડ આત્માની દૃષ્ટિ, રુચિ, એવા અખંડ આત્માનું જ્ઞાન અને અખંડ આત્મામાં સ્થિરતા. એવું જે રત્નત્રયસ્વરૂપ ધર્મ '**નિજચિદ્‌વિલાસલક્ષણ નિર્વિકલ્પ પરમસમાધિ...**' આહા..હા..! નિજચિદ્‌વિલાસ. ચૈતન્યનો વિલાસ, આનંદનો, શાંતિનો, વીતરાગ પરિણતિનો એ જ્ઞાનનો જે વિલાસ છે એ લક્ષણ '**નિર્વિકલ્પ પરમસમાધિ...**' સમજાણું કાંઈ? લોગસ્સમાં આવે છે. સમાહિવર મુત્તંદિંતુ. પણ કોને ખબર સમાધિ કોને કહેવી. આ બાવા સમાધિ કરાવે એ નહિ આ. આહા..હા..! આ તો અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ પોતે આત્મા અતીન્દ્રિય આનંદનો સાગર જેને અહીં નિજકારણસમયસાર કહેશે. નિજકારણસમયસાર. આહા..હા..! નિજ નામ પોતે ત્રિકાળી કારણસમયસાર જે ધ્રુવસ્વરૂપ જે સમકિતીને ધ્યાન કરવાલાયક. આહા..હા..! ધ્યાતાનું ધ્યેય આવ્યું હતુંને ૩૨૦માં, ભાઈ! ધ્યાતા, સમ્યગ્દૃષ્ટિ ધ્યાતા છે ધ્યાન કરનાર. એ શુદ્ધરત્નત્રયાત્મક પરિણતિથી, એ ધ્યાન છે, નિજકારણસમયસાર ત્રિકાળ છે તેને એ ધ્યાવે છે, ધ્યાન કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**નિજચિદ્‌વિલાસલક્ષણ...**' ભગવાન આત્માના જ્ઞાનના આનંદનો વિલાસ છે એમાં આનંદનો વિલાસ. પર્યાયમાં, દશામાં આનંદનો, જ્ઞાનનો ચિદ્‌નો વિલાસ એવું જેનું લક્ષણ એવી નિર્વિકલ્પ પરમસમાધિ આહા..હા..! કહો કે રત્નત્રયાત્મક વસ્તુ કહો એક જ છે. આહા..હા..! આધિ-વ્યાધિ-ઉપાધિથી રહિત. આધિ નામ સંકલ્પ-વિકલ્પ, વ્યાધિ નામ શરીરનો રાગ, ઉપાધિ નામ .. બધાથી રહિત અંદર સ્વરૂપ અખંડાનંદ પ્રભુ એની અંતરમાં એકાગ્રતા એ ચિદ્‌વિલાસરૂપી પરમ સમાધિ જેનું સ્વરૂપ છે. આહા..હા..! આવું સ્વરૂપ ભારે, ભાઈ!

**શ્રોતા :-** ભાષા એવી છે કે વિદ્વાન સમજી શકે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ વસ્તુ તો એવી છે, બીજું શું થાય? વાત સાચી. વિદ્વાનોને. આહા..હા..! આનંદમૂર્તિ પ્રભુ છેને. આહા..હા..! જેમાં નિત્યાનંદ પ્રભુ ધ્રુવસ્વરૂપ જે ધ્યાન

કરવાને લાયક. ધ્યાન છે તે પર્યાય છે અને એનું ધ્યાન કરવાલાયક જે ચીજ જે છે એ ત્રિકાળ દ્રવ્યસ્વભાવ છે. કહો આ તો હવે... એમાં એ પર્યાયમાં એમ કહે છે કે નિર્વિકારી રત્નત્રયસ્વરૂપ '**નિજચિદ્‌વિલાસલક્ષણ...**' પોતાના જ્ઞાનના વિલાસની મોજ અંદર આનંદ પ્રગટ થાય. આહા..હા..! એવું જેનું લક્ષણ છે એવી '**નિર્વિકલ્પ પરમસમાધિ...**' રાગ વિનાની અભેદ શાંતિ. પર્યાયની હોં. આહા..હા..! એ '**વડે સમસ્ત...**' એ ઉત્પત્તિ કીધી. એ '**વડે સમસ્ત મોહરાગદ્વેષાદિ વિવિધ વિકલ્પોનો અભાવ હોતાં,...**' શુદ્ધ ચૈતન્યઘન ભગવાન દ્રવ્યસ્વભાવ. ભાઈ! એણે ધ્યાન તો રાખવું પડેને. આહા..! અનંતકાળમાં કર્યું નથી એણે. આહા..હા..! નવમી ગ્રૈવેયક ગયો જૈન સાધુ દિગંબર થઈને. અગિયાર અંગ ભણ્યો, દસ પૂર્વ, નવ પૂર્વની લબ્ધિ પ્રગટી, વિભંગ અજ્ઞાન પ્રગટ્યું. વિભંગ જેમાંથી સાત દ્વીપ .. આદિ. ભગવાન ધ્રુવ ચૈતન્યને ધ્યાનમાં ન લીધો એણે. સમજાણું કાંઈ? અત્યારે તો સંપ્રદાયમાં તો બહારની સ્થૂળ વાતું એકલી ધર્મ વિનાની. આ દયા પાળો, ભક્તિ કરો, વ્રત પાળો, તપ કરો, અપવાસ કરો. એ તો બધી... આ તો પહેલું જ ભણતર છે સમ્યગ્દર્શન પામવાનું. વાત સાચી. એમ નથી, બાપુ! આહા..હા..! આ તો પ્રથમ મુદ્દાની રકમ. ચૈતન્ય ભગવાન નિત્યાનંદ પ્રભુ સર્વજ્ઞ જિનેશ્વર પરમેશ્વરે જેને નિત્યસ્વરૂપ છે એવું જોયું. સમજાણું કાંઈ? 'પ્રભુ તુમ જાણગ રીતિ સહુ જગ દેખતા, નિજ સત્તાએ શુદ્ધ સહુને દેખતા.' હે પરમેશ્વર! હે વીતરાગ! આપ જ્ઞાનમાં અમારા આત્માને, બધાને આપે એવો જોયો કે નિજ સત્તાએ શુદ્ધ આનંદઘન છે એવો આત્મા તમે જોયો. આહા..હા..! સમજાણું કાંઈ? આત્મા નિજસત્તાએ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય આનંદઘન એમ ભગવાને જોયો છે. એવો જે આ આત્મા એને અહીં નિજકારણસમયસારસ્વરૂપ કહે છે. નિજકારણસ્વરૂપ પ્રભુ કે જેમાંથી કાર્ય ધર્મની દશા પ્રગટ થાય. આહા..હા..! સમજાણું કાંઈ? ધીમે-ધીમે આ તો વાત ચાલે છે, ભાઈ! આ વાત તો એવી ચીજ છે. આહા..હા..! આ તો મુદ્દાના રકમની ચીજ છે.

સમ્યગ્દર્શન નિજસ્વરૂપ પૂર્ણ અખંડ આનંદની દૃષ્ટિ, એની રુચિ એ પર્યાય. ત્રિકાળ આત્માનંદ પ્રભુ તે દ્રવ્યસ્વભાવ વસ્તુ છે. એવો જે પરમાનંદસ્વભાવ આત્માનો એનું જ્ઞાન. શાસ્ત્રાદિનું જ્ઞાન એ જ્ઞાન નહિ. આહા..હા..! સ્વસ્વભાવ જ્ઞાનનો સાગર એનું જે જ્ઞાન અને એમાં જે સ્થિરતા નામ રમણતા એ ચારિત્ર. આહા..હા..! એવા ત્રણ રત્નસ્વરૂપ. ત્રણ રત્ન કીધા એ. આહા..હા..! '**નિજચિદ્‌વિલાસલક્ષણ નિર્વિકલ્પ પરમસમાધિ વડે...** ' એવી ઉત્પત્તિ નિર્વિકારી દશા વડે જેને વિકારના ભાવ મોહરાગદ્વેષ જેણે ટાળ્યા છે અને આવી નિર્વિકલ્પ સમાધિ જેણે ઉત્પન્ન કરી છે.

'**પરમ સમરસીભાવ સાથે...**' કેટલી ભાષા! પરમવીતરાગભાવ સાથે '**નિરવશેષપણે અંતર્મુખ નિજકારણસમયસારસ્વરૂપને...**' કેવો છે ભગવાન કારણસ્વરૂપ આત્મા ત્રિકાળી? કે નિવરશેષ અંતર્મુખ કારણસમયસારસ્વરૂપ પૂરેપૂરો અંતર્મુખ છે. સમજાય છે કાંઈ? પર્યાય

છે એ બહિર્મુખી છે અથવા બાહ્ય છે પ્રગટ. વસ્તુ છે એ પૂરેપૂરી અંતર્મુખ છે. સમજાણું કાંઈ? આ નવરાશ ક્યાં માણસને! સંસારમાં .. પાપ કરવા આખો દિ' અને ક્યાંક સાંભળવા જાય પછી દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો. દેહ ધર્મ. મરી ગયો કરી કરીને સાંભળને. ધર્મ ક્યાં હતો ત્યાં? ધર્મની દશા બહુ અલૌકિક છે. ધર્મી એવો નિજકારણસમયસાર ત્રિકાળી ભગવાન નિત્યાનંદ પ્રભુ તેને નિજકારણસમયસાર કહે છે. નિત્ય ધ્રુવ પરમપારિણામિકભાવ, ત્રિકાળ સ્વભાવભાવ, જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, અભેદભાવ. આહા..હા..! એની સાથે એવો અંતર્મુખ નિજકારણપરમાત્મા તદ્દન અંતર્મુખ છે. જે પર્યાયને અંતર વાળવી પડે છે કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પર્યાય કોને કહેવી એ સાંભળ્યું ન હોય. આહા..હા..! સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર જિનેશ્વરદેવ એમ કહે છે કે જે આત્મા તો અંતર્મુખ સમસ્તપણે અંતર્મુખ છે. એ અંતર્મુખની દૃષ્ટિએ અંતર્મુખનો પત્તો ખાય છે. સમજાય છે કાંઈ? આહા..હા..! આ તો હજી પહેલી સમ્યગ્દર્શનની વાત છે. સમજાણું?

એ ભગવાન આત્મા અંતર્મુખ આખું ચૈતન્યદળ અંતર્મુખ છે. બીજી રીતે કહીએ તો એ કર્મથી આંતરે જુદી પડેલી ચીજ છે. અને એક સમયની પર્યાય તે બહિર્મુખ, બહિર્મુખનો અર્થ વ્યક્ત છે એને અંતર્મુખ જે વસ્તુ છે તેમાં વાળવી એને ધર્મ અને એને સમ્યગ્દર્શન અને જ્ઞાન કહે છે. સમજાણું કાંઈ? આવી વાત, ભાઈ! વાડામાં તો કહે કે સામાયિક કરો, પોષા કરો, પડિક્કમણા કરો, અપવાસ કરો, લ્યો એ ધર્મ. ધૂળેય ધર્મ નથી. આ વળી કહે, મંદિર બનાવો અને મંદિરની ભક્તિ કરો લ્યો! આજ તો ઓલા જૈનસંદેશ આવ્યું છે એમાં આ ગજરથને કાઢે છેને એની ટીકા કરી છે. સતનામમાં ગજરથ કાઢે છે. લાખો રૂપિયા ખર્ચે હવે શું એમાં? નામ લખ્યું છે. બધા જવાના છે. આ તો હુકમચંદજીએ, જગમોહનલાલજી, કૈલાસચંદજીએ ખોટું એ લખ્યું છે એમાં નામ. ઘણા પંડિત ભેગા થયા. મોટો ગજરથ. અહીં પણ લખ્યું છે. .. આવ્યું છે કાલે. અરે! ભાઈ! ગજરથ આ જ મહા.. એમાં આ કાળે આવા પૈસા ખર્ચે લાખો રૂપિયા. આગમનું નામ આવ્યું છે એમાં. આગમને મંદિરોમાં બહુ પૈસા ખર્ચીને તીર્થરક્ષા હતીને એ ઉપરથી લખ્યું છે. આ તીર્થરક્ષા ફેરાફાર છેને .. વચ્ચે. ભાઈ! તીર્થ તો આ આત્મા છે. આહા..હા..!

**શ્રોતા** :- પણ એ તો નિશ્ચય થયોને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પણ વ્યવહાર હોય છે એને કારણે હોય એમાં શુભભાવ હોય, એમાં ફેર શું છે? બહારના શેત્રુંજયની જાત્રા અને ભક્તિ કે ગમે તે હોય એ તો શુભભાવ છે, એ કોઈ ધર્મ નથી. શુભભાવ હોય છે વીતરાગતા પૂર્ણ ન હોય (ત્યાં સુધી).

**શ્રોતા** :- ચોથા કાળમાં ધર્મ ન હોય, પાંચમા કાળે (હોય)!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ત્રણે કાળે ધર્મ ન હોય. ચોથે કાળે એમ કે ધર્મ ન હોય, પાંચમે આરે હલકો કાળ છે માટે ધર્મ હોયને શુભભાવમાં? આહા..હા..! 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો

પંથ.' એ પંથ પરમાર્થે ચોથો આરો અને પાંચમો આરો એને આરો ક્યાં હતો ત્યાં? એ તો છે ઈ છે. આહા..હા..!

'**સમરસીભાવ સાથે...**' વીતરાગભાવ સાથે. આહા..હા..! '**નિરવશેષપણે અંતર્મુખ નિજકારણસમયસારસ્વરૂપને...**' વીતરાગભાવને અંતર્મુખમાં જોડે છે, એમ કહે છે. સમજાણું કાંઈ? અથવા '**નિજકારણસમયસારસ્વરૂપને જે અતિ-આસન્નભવ્ય જીવ...**' કારણસમયસારસ્વરૂપને વીતરાગભાવમાં જોડે છે એમ. સમજાણું કાંઈ? વીતરાગભાવ નિર્વિકલ્પભાવને અંતર્મુખ જોડે છે કે અંતર્મુખ ચીજને વીતરાગભાવમાં જોડે છે. એ તો ઉપદેશ. સમજાણું કાંઈ? પહેલી તો વાત સાંભળતા, સમજતા કઠણ પડે. હવે એને બાપુ! કઠણ પડે તો પણ માર્ગ તો આ છે. ચોર્યાસી લાખના અવતાર કરી કરીને મરી ગયો છે ઈ. આહા..હા..! ક્યાંય સુખ નથી. શેઠાઈમાં સુખ નથી, બધા અબજોપતિ, કરોડોપતિ દુઃખી બિચારા છે, ભિખારા છે. સમજાણું કાંઈ? પરથી માગે છે કે મને ઘો... મને ઘો... મને ઘો... મોટા ભિખારી છે. અંતરથી માગતો નથી મારું સ્વરૂપ અનંત આનંદનો નાથ છે એને હું માગુ અંદરથી. સમજાણું કાંઈ? આહા..હા..! શરીર કાંઈક ઠીક મળે, ઈન્દ્રિયો ઠીક થાય, બસ જાણે, પણ એ તો બધું પર છે. એમાં ઠીક થયું એમાં તને શું ઠીક થયું? સમજાણું કાંઈ?

**શ્રોતા :-** આપનું વ્યાખ્યાન સાંભળવા તો મળે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સાંભળવા થાય એટલે? સાંભળવામાં પણ સાંભળવામાં તો આ એને સમજવાનું આવે કે તું અંતર્મુખ ચીજ છો ત્યાં જા. અંતર આત્માને શોધ. આત્માને ખોજ, ભગવાને એ કર્યું અને એ કહ્યું છે. બહારની આ બધી કડાકૂટો એ તો એને કારણે હોય અને એ વખતે કોઈ શુભભાવ ભલે હોય, પણ એવો કોઈ ચીજ નથી. અંતર ભગવાનને શોધ. અંદર ખોજ જ્યાં આત્મા છે ત્યાં જા. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાને એ કર્યું હતું અને એ કહ્યું છે ભગવાને.

'**નિજકારણસમયસારસ્વરૂપ...**' જે ત્રિકાળી ધ્રુવ એને વીતરાગભાવ સાથે જોડી દે. આહા..હા..! અથવા તેનો આશ્રય લઈને વીતરાગભાવને પ્રગટ કર. આહા..હા..! '**જે અતિઆસન્નભવ્ય જીવ...**' જેને અલ્પકાળમાં સંસારના અંત હવે આવ્યા છે. આહા..હા..! એવો '**સદા જોડે છે જ,...**' ભાષા કેવી કરી જોયું! એ '**જીવ સદા જોડે છે જ,...**' આહા..! વીતરાગી રાગ વિનાની દશાને આત્માને જોડે છે. આહા..હા..! આત્માને રાગની વીતરાગી દશામાં જોડે છે અથવા વીતરાગી દશા આત્માને આશ્રયે પ્રગટ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ માર્ગ! એક સેકન્ડનું સમ્યગ્દર્શન ત્રિકાળ વસ્તુની દૃષ્ટિ અનંત ભવનો અંત લાવે છે. આહા..હા..! જે મૂળ વાત છે એનું વજન રહ્યું નહિ. એણે લખ્યું છે બિચારાએ હોં ખૂબ. બધા દોરાઈ ગયા માળા વ્રત ને તપ ને અપવાસ ને ફલાણા, ભક્તિ અને મંદિર

અને એમાં જ દોરાઈ ગયા બધા. ઈ વળી કોક માણેકચંદ કટારિયા છે. કોણ હશે ઈ? આનું નામ શું હતું અહીં નહોતા આવ્યા? ઈન્દોર-ઈન્દોર. ઈન્દોરના આવ્યા હતા. .. માણેકચંદ કટારિયા છે કોકે લખ્યું છે. જેવું આવ્યું હતુંને હુકમચંદજીનું મહાવીરનું, એવી શૈલીનું થોડું લખ્યું છે. એને એમ કે આણે .. હશે, વાંચ્યું હશે. મહાવીરનું વ્યક્તિત્વ વીતરાગના.. મહાવીર વીતરાગપણે હતા. એ મહાવીર ઉપદેશ કરનારા હતા, બીજાની સામે વિરોધ કરનારા હતા, ભક્તોનું રક્ષણ કરનારા હતા, એ વસ્તુ નહોતી મહાવીરની. આહા..હા..!

આ ભગવાન આત્માને જેણે શોધ્યો હતો. શોધીને વીતરાગતાની વૃદ્ધિ કરી અને કેવળજ્ઞાન પામ્યા એ કર્યું છે એણે. આહા..હા..! એ કર્યું એવું કહ્યું. આહા..હા..! ભાઈ! તું નિજકારણ સમયસાર ભગવાનથી ભરેલો છો. ભગવાનની શક્તિઓનો પિંડ તું ભગવાન છો. આહા..હા..! એને વીતરાગભાવ સાથે જોડ. અથવા એનો આશ્રય લઈને વીતરાગભાવ પ્રગટ કર. અને પ્રગટ કરે જ છે અહીં તો એ વાત લીધી. અતિ-આસન્નભવ્યજીવ. આહા..હા..! '**સદા જોડે છે જ,...**' આહા..હા..! પર્યાયને પર્યાય સાથે જોડે છે એમ નહિ. પર્યાયને દ્રવ્ય સાથે જોડે છે. અથવા દ્રવ્ય નિર્મળ પર્યાયને જોડે છે, એમાં સ્થાપે છે આત્માને. આહા..હા..! સમજાણું કાંઈ? જેનો ધ્યાનનો વિષય તો દ્રવ્ય ત્રિકાળી ધ્રુવ તે છે. સમ્યગ્દષ્ટિનો વિષય તે ત્રિકાળી આત્મા આનંદકંદ એ છે. એને કહે છે કે એ સમ્યગ્દર્શન આદિ વીતરાગી પર્યાય સાથે એને જોડ. આહા..હા..! સમજાણું કાંઈ?

'અંતર્મુખ થા' એમ કહે છે. વસ્તુ અંતર્મુખ પડી છે સમસ્ત પ્રકારે એમ કહ્યુંને? નિરવશેષપણે-પૂરેપૂરું. એમ છેને નીચે? છે? '**પૂરેપૂરું (કારણસમયસારસ્વરૂપ પૂરેપૂરું અંતર્મુખ છે.)**' પર્યાય છે એ વ્યક્ત છે, આ વસ્તુ તે અંતર્મુખ અવ્યક્ત છે. શું કીધું? પર્યાય છેને આ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ એ વ્યક્ત છે, પ્રગટ છે. ભગવાન આત્મા અવ્યક્ત છે, અંતર્મુખ છે. સમજાણું કાંઈ? એ અવ્યક્તમાં આવ્યું છેને નહિ? છ દ્રવ્યસ્વરૂપ લોક જ્ઞેય છે, વ્યક્ત છે. છ દ્રવ્યસ્વરૂપ લોક તે જ્ઞેય છે, વ્યક્ત છે, તેનાથી જીવસ્વરૂપ તે અવ્યક્ત છે, ભિન્ન છે તે અવ્યક્ત છે. આહા..હા..! પર્યાય છે એ પ્રગટ વ્યક્ત છે અને ભગવાન છે તે અંદર પર્યાયથી ભિન્ન અવ્યક્ત છે. સમજાય છે કાંઈ આમાં? ૪૯ ગાથામાં આવે છે. અરે! અહીં કહે છે જુઓ હવે. ત્યાં કહે છે કે વ્યક્ત અને અવ્યક્તનું મિશ્રિત જ્ઞાન હોવા છતાં તે અવ્યક્ત તે વ્યક્તને સ્પર્શતો નથી. .. ભિન્ન દ્રવ્યને જોડે છે. જોડે છે તો એમાં એકમેક થઈ જતો નથી. ચેતનજી! આવી વાતું ભારે. છેને ત્યાં? પાંચમો બોલ છે છ બોલમાં. ૪૯માં. વ્યક્ત નામ પર્યાય, અવ્યક્ત નામ દ્રવ્ય બેનું એક સાથે જ્ઞાન હોવા છતાં ભગવાન આત્મા વ્યક્તને સ્પર્શતો નથી, પર્યાયને અડતો નથી. આહા..હા..! દ્રવ્ય તે દ્રવ્યપણે રહેલું છે, પર્યાયમાં ભળતું નથી અને પર્યાયને અડતું નથી. આહા..હા..! એ અહીં કહે છે કે નિર્મળ પર્યાયને અંતર્મુખ કર એટલું. સમજાણું કાંઈ? પણ એ નિર્મળ પર્યાય દ્રવ્યને

સ્પર્શે છે એમ નથી અને દ્રવ્ય નિર્મળ પર્યાયને સ્પર્શે (છે એમ નથી). જોડે છે એમ કીધું અહીં તો. આહા..હા..!

ચારેકોરથી અવિરોધભાવ ગોતવો જોઈએને. કાંઈ વિરોધ આવે એ તત્ત્વ વીતરાગનું કહેવાય? સમજાણું કાંઈ? છેલ્લે આવે છેને? પૂર્વાપરવિરોધરહિત નથી આવતું? આમાં આવે છે જુઓ, ...પણ મુક્ત થાય. એવી વાણી વીતરાગની ન હોય. શાસ્ત્રમાં તો એમ આવે બેય મોક્ષનો માર્ગ છે. પણ એક ઉપચારનો વ્યવહાર કર્યો અને એક યથાર્થ છે. વ્યવહારમોક્ષમાર્ગ એટલે છે એ બંધનું કારણ, એને ઉપચારથી કહ્યું છે. સમજાણું કાંઈ? છે કે નહિ અંદર જુઓને. સામે પુસ્તક પડ્યા છે. આહા..હા..! ચોપડા મેળવશે નહિ? દિવાળીના ચોપડા નથી મેળવતા વાણિયા? ... વીસ દિ' પહેલા મેળવે તમારી પાસે ... ઓલો કહે મારે પાંચ હજાર નીકળે, ઓલો કહે મારે દસ હજાર નીકળે તમારી પાસેથી. લાવો મેળવીએ.

**શ્રોતા :–** મિલાન કરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, મિલાન કરો તમારી દૃષ્ટિનું સર્વજ્ઞની દૃષ્ટિ સાથે. આહા..હા..!

'**તેને ખરેખર નિશ્ચયયોગ...**' નામ સ્વરૂપનું જોડાણ એવી એને ભક્તિ સાચી કહેવામાં આવે છે, એ મોક્ષનું કારણ છે, એ મોક્ષનું કારણ છે. એ આવ્યું હતું આપણે, મોક્ષનું કારણ એનો હેતુ કારણપરમાત્મા. પહેલા આવી ગયું છે. શું કીધું? મોક્ષનો ઉપાય, એનો હેતુ કારણપરમાત્મા. ત્યાં આવ્યું છે જુઓને. શેમાં આવ્યું છે? ૨૭૦. ૧૩૫ ગાથા. '**જે પુરાણપુરુષો સમસ્તકર્મક્ષયના ઉપાયના...**' સમસ્ત કર્મક્ષયનો ઉપાય એ અભેદરત્નત્રય. એનું કારણ એ અભેદરત્નત્રય. એનો હેતુ કારણપરમાત્મા. શું કીધું એ? એક લીટીમાં કેટલું નાખ્યું જુઓને. '**પુરાણ પુરુષો...**' જૂના ધર્મીઓ અનંતકાળમાં અનંત થયા તે '**સમસ્તકર્મક્ષયના...**' કારણ એવો જે મોક્ષમાર્ગ અભેદરત્નત્રય, નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એનો હેતુ કારણપરમાત્મા. છે? નિશ્ચય મોક્ષમાર્ગનો હેતુ કારણપરમાત્મા. એને અહીં કારણસમયસાર સાથે મોક્ષમાર્ગને જોડે છે. ... સમજાણું કાંઈ? એ '**(હવે, આ ૧૩૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :)**'

(अनुष्टुभ्)

भेदाभावे सतीयं स्याद्योगभक्तिरनुत्तमा।
तयात्मलब्धिरूपा सा मुक्तिर्भवति योगिनाम्।।२२९।।

એ ભેદઅભાવની પર્યાયની વાત છે હોં.

'**શ્લોકાર્થ :– ભેદનો અભાવ હોતાં...**' વિકલ્પનો જે ભેદ છે વ્યવહારરત્નત્રય એનો '**અભાવ હોતાં આ અનુત્તમ યોગભક્તિ હોય છે;...**' '**અનુત્તમ = જેનાથી બીજું કોઈ ઉત્તમ નથી એવી; સર્વશ્રેષ્ઠ.**' વ્યવહારનો '**અભાવ હોતાં આ અનુત્તમ યોગભક્તિ હોય છે;...**' આહા..હા..! '**તેના વડે યોગીઓને આત્મલબ્ધિરૂપ એવી તે (-પ્રસિદ્ધ)**

**મુક્તિ થાય છે.'** આત્માની લબ્ધિ પ્રાપ્ત થઈ છે મુક્તિ એટલે. મુક્તિ એટલે આત્માની લબ્ધિ પ્રાપ્ત થઈ. આહા..હા..! લ્યો, આ લબ્ધિ. **'ભેદનો અભાવ હોતાં...'** રાગાદિનો અભાવ હોતાં **'અનુત્તમ યોગભક્તિ હોય છે; તેના વડે યોગીઓને આત્મલબ્ધિરૂપ એવી તે (-પ્રસિદ્ધ) મુક્તિ થાય છે.'** આહા..હા..! **'(-પ્રસિદ્ધ) મુક્તિ થાય છે.'** મુક્તિ કહે છે પ્રસિદ્ધ છે. મોક્ષસિદ્ધ પ્રસિદ્ધ છે. એવી આત્મસ્વરૂપની લબ્ધિ એટલે પ્રાપ્તિરૂપી મુક્તિ અંતરમાં અનુત્તમ યોગભક્તિથી થાય છે. આહા..હા..! યોગ એટલે જોડાવું. ત્રિકાળ આનંદના નાથની સાથે જોડાણ કરવું. સમજાણું કાંઈ? એને અહીંયાં મુક્તિનું કારણ કહે છે. નિશ્ચયયોગ. સ્વરૂપની ત્રિકાળની સાથે જોડાણ કરવું, દર્શન-જ્ઞાન-ચારિત્રથી એને જોડાણ કરવું. તે દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય મુક્તિનું કારણ છે. સમજાણું કાંઈ? ૧૩૮ થઈ. ૧૩૯.

**विवरीयाभिणिवेसं परिचत्ता जोण्हकहियतच्चेसु।**
**जो जुंजुदि अप्पाणं णियभावो सो हवे जोगो।।१३९।।**
**વિપરીત આગ્રહ છોડીને, જૈનાભિહિત તત્ત્વો વિષે**
**જે જીવ જોડે આત્મને, નિજ ભાવ તેનો યોગ છે. ૧૩૯.**

ભગવાને કહેલા તત્ત્વો.

**'ટીકા :- અહીં, સમસ્ત ગુણોના ધરનારા ગણધરદેવ વગેરે જિનમુનિનાથોએ કહેલાં તત્ત્વોમાં...'** ગણધરદેવ વગેરે જિનમુનિનાથોએ કહેલા તત્ત્વો. અજ્ઞાનીએ કહેલા તત્ત્વો નહિ. સર્વજ્ઞ પરમેશ્વરે જે તત્ત્વો કહ્યા તે ગણધરે કહ્યા, તે જ ગણધરોએ શાસ્ત્રમાં રચ્યા. એવા ગણધરનાથોએ અથવા **'જિનમુનિનાથોએ કહેલાં તત્ત્વોમાં વિપરીત અભિનિવેશ રહિત...'** લ્યો! વિપરીત આગ્રહરહિત. **'આત્મભાવ...'** આત્માનો જે ભાવ, નિર્મળ વીતરાગી પર્યાય. આહા..હા..! **'તે જ નિશ્ચય-પરમયોગ છે...'** આત્મા એ વસ્તુ એનો જે નિર્મળ નિશ્ચયભાવ તે જ નિશ્ચય-પરમયોગ છે. શું કીધું ઈ? દયા, દાન, વ્રત, ભક્તિ આદિ ભાવ એ આત્મભાવ નહિ. આત્મભાવ.. આત્મભાવ-આત્મા જે નિજાનંદસ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન એનો ભાવ એટલે પર્યાય. વીતરાગી પર્યાય. આહા..હા..! **'તે જ નિશ્ચય-પરમયોગ છે...'** આત્મભાવ એટલે આ ત્રિકાળી આત્માનો ભાવ એ નહિ. ત્રિકાળી તો આત્મા. એનો ભાવ એ વીતરાગી પર્યાય. સમજાણું કાંઈ? 'આતમ ભાવના ભાવતા' આવે છેને શ્રીમદ્‌માં? 'આતમ ભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન...' એવું આવે છે. એ આત્મભાવ, આત્મા નિત્યાનંદ શુદ્ધ આનંદઘન એનો ભાવ એટલે નિર્મળ પર્યાય, એને આશ્રયે, એને ધ્યેયે, એના ધ્યાને જે પ્રગટી પર્યાય ધ્યાન તે આત્મભાવ. સમજાણું કાંઈ?

**'આત્મભાવ તે જ નિશ્ચય-પરમયોગ છે એમ કહ્યું છે.'** આહા..હા..! આત્મા જ્ઞાયકસ્વભાવ જે ધ્રુવ પ્રભુ તેનો જે સ્વભાવને આશ્રયે એવી વીતરાગી પરિણતિ પર્યાય એ આત્મભાવ. નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ આત્મભાવ. તે નિશ્ચય-પરમયોગ છે. એ

સાચું આત્મામાં જોડાણ તે છે. આહા..હા..! નિયમસાર છે. મોક્ષમાર્ગની વાત છેને આ નિયમસાર? પર્યાયની વ્યાખ્યા છેને? મોક્ષમાર્ગ તે પર્યાય છે. મોક્ષમાર્ગ છે તે અવસ્થા છે. કોઈ દ્રવ્ય-ગુણ નથી. દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ છે. સમજાણું કાંઈ? એમ કે આગમ બનાવે, મંદિર બનાવ્યું. એવું નાખ્યું. જરી અહીંની ટીકા લાગે છે. ભાઈ! અહીં તો થઈ ગયું. કોને બનાવ્યું છે?

**શ્રોતા :-** એ પણ એમ કહે કે અમે કર્યું એ પણ થઈ ગયું. અમે ક્યાં કર્યું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તો ભલે કહો, કોણ ના પાડે છે? થઈ ગયું તો થઈ ગયું. કાંઈ પોતાથી થાતું નથી. થવા કાળે થઈ ગયું. એ તો કરનારને આવો ભાવ ક્યાં હતો પહેલો? ૮૫માં ત્યાં ઉજવ્યું ત્યાં ભાવ આવો હતો પચ્ચીસ લાખનું કરવું, છવ્વીસ લાખનું કરવું. પાંચ લાખનું કરવું એમ હતું. નહિ? એમ હતુંને? ત્રણ લાખનું. ત્રણ-ત્રણ લાખનું. ત્રણ લાખનું પણ એ લોકોએ ઓલું ૮૫માં જયંતિ થઈને ત્યાં મુંબઈ. ત્યારે આપણે કાંઈક કરવું. શું કરવું? કાંઈક કરવું એમ મુંબઈથી. તો ઘણેથી લખાણ આવ્યા હશે. એમાં પછી કોઈ કહે ભાઈ! આગમમંદિર બનાવો આગમ. તો ત્રણ લાખનું બનાવવાનું થયું. ત્રણ લાખનું એમ નક્કી કર્યું હતું એ લોકોએ. હવે એમાં ત્રણ લાખના પાંચ લાખનો તો ખરડો થઈ ગયો અને પાંચ લાખના પછી દસ લાખનું કરવું એમ થયું, પછી દસ લાખનું પચ્ચીસ લાખનું કરવું હતું અમારા આ રમણીકભાઈને. ખીમચંદભાઈના ભાઈ અને આ ભાઈ, ચંદ્રકાંતભાઈ. બેય આવ્યા અમારી પાસે. પચ્ચીસ લાખનું કરવું. મેં કીધું બોલશો નહિ. એમ કહ્યું બેય જણા અંદર આવ્યા. પચ્ચીસ લાખનું કરવું એમ બોલશો નહિ. દસ લાખનું બસ છે.

**શ્રોતા :-** રસીલા હોય એ શું કરવા ઓછું બનાવે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કીધું, ભાઈ! દસ લાખનું .. વધી ગયું. પચ્ચીસથી વધી ગયું. હવે એ બહારનું થાય એ કોણ કરે, બાપુ! આહા..હા..!

**શ્રોતા :-** તમારો પ્રભાવ પડ્યો!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોનો પ્રભાવ પડે બહારમાં? આહા..! આત્માનો પ્રભાવ એની પર્યાયમાં પડે. આહા..હા..! આત્મભાવ તો એને કહીએ. રાગને આત્મભાવ ન કહીએ તો વળી પરભાવ રાગમાં પડે એ પરમાં ક્યાંથી આવતો હશે? આહા..હા..! એવો માર્ગ છે, ભાઈ! બની ગયું એવું એ લોકો એમ જ્યાં દેખાય ઓહો..હો..! પાછા રામજીભાઈ હુશિયાર. ભલે આ વજુભાઈએ કર્યું બધું આ. આમ .. ઓલા વિદ્યાધરવાળા નથી આપણે જગ્યા. જગ્યાવાળા શું કહેવાય? આ જગ્યા .. જગ્યો ફલાણું. એવી થઈ ગઈ જગ્યા. .. આ તો જગ્યાવાળો.. ભાઈ! બાપુ! શું થાય? અહીં બહારની ચીજ થવાકાળે થાય છે. એવો પરમાગમ બનાવે, બહારમાં પડે એવો આશય કોઈનો નહોતો. આહા..હા..!

**શ્રોતા :-** ...પર્યાય-પર્યાયનું ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાય-પર્યાયનું દાન આત્મા છે. પર્યાયે પર્યાયે નથી આવતું? આવે છેને. પદે-પદે આત્મા છે. આહા..હા..! બહારનું પુણ્ય એવું હોય તો થાય. એની સાથે ક્યાં? એ કાંઈ ધર્મની શોભા છે ઈ?

**શ્રોતા :-** વ્યવહારે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વ્યવહારનો અર્થ શું? આહા..હા..! ધર્મની શોભા તો અંતર આત્માને ખોજીને પરિણતિમાં નિર્મળતા પ્રગટ કરવી એ એની શોભા છે. એય..! આવ્યુંને આપણે નહિ? શોભાને શું કીધું કાંઈક આવ્યું? આ એકત્વ નિશ્ચયગત. એમાં આવ્યું હતું. ભલે દરેક દ્રવ્યનું એકત્વ નિશ્ચય કહે છે. દરેક દ્રવ્ય પોતામાં, પણ આ આત્મામાં એકત્વનિશ્ચયત્વ આ. એકપણામાં નિશ્ચયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિણતિ ત્યાંથી આત્મા શોભે છે. આ શું છે? આહા..હા..! પોતે શોભે છે એવી ચીજ જ પોતે છે. અંતર ચીજ છે એ શોભે છે એ એવી ચીજ છે, પણ એ ચીજની પ્રતીત અને જ્ઞાનમાં આવ્યા વિના એની શોભાને કબુલે કોણ? શું કીધું સમજાણું કાંઈ? મહાચિદાનંદ ધ્રુવ અખંડાનંદ મહાશોભિત વસ્તુ. રત્નનો કરંડિયો આખો. આહા..હા..! અનંત-અનંત શક્તિઓનો કરંડિયો ભગવાન, પણ 'આ છે' એવી પ્રતીતમાં એ વસ્તુ આવ્યા વિના કે એના જ્ઞાનમાં એ આવ્યા વિના 'છે' એમ જાણે કોણ? સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ભગવાન જાણે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભગવાન તો એનું જાણે કે આને જાણે? ભગવાન આને ક્યાં જાણે છે? એ તો એની પર્યાયને જાણે છે. એમાં તો જયસેનાચાર્યે તો એ કહ્યું છે કે એકેન્દ્રિય આદિ બધામાં સુંદર એક દ્રવ્ય છે એ સુંદર એમ કહેવું છે. આમને પણ ઓલી સુંદરતા ભેળવી છે અંદર. પરિણતિ કીધીને એકત્વ? ત્યારે... કારણ કે એકલો સુંદર-સુંદર એટલે શું? સુંદર છે ઈ સુંદર છે .. કઈ રીતે? બધા એકેન્દ્રિ આદિને છે, પણ જેને ખ્યાલમાં આવ્યો છે એવી શોભા શુદ્ધની પર્યાયમાં એની શોભા છે. આહા..હા..! છે તો અહીં એમ કહ્યું, પણ ખરેખર આમ છે. સમજાણું કાંઈ? દ્રવ્ય તરીકે અનાદિ અનંત છે એ સુંદર છે, પણ દ્રવ્ય તરીકે અનાદિ-અનંત છે એ કોણે જાણ્યું? કોના જ્ઞાનમાં આવ્યું ત્યારે આ સુંદર છે એમ થયું? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! જ્ઞાનની પર્યાયમાં આખી વસ્તુ જ્ઞાનમાં આવી ગઈ. આવી ગઈ એટલે એનું જ્ઞાન થઈ ગયું. વસ્તુ પર્યાયમાં નથી આવતી, પણ પર્યાયમાં આખી ચીજ છે એવું એનું જ્ઞાન થઈ ગયું. એમ શ્રદ્ધાની પર્યાયમાં આખી ચીજ આવી છે એ પ્રતીત થઈ ગઈ. આખી પૂર્ણ એવી પ્રતીત થઈ. પ્રતીતમાં એ રીત આવી છે. પ્રતીત પર્યાયમાં એ ચીજ આવી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પ્રતીત છે એ તો પર્યાય છે. હવે પર્યાયમાં રહીને આ વસ્તુ છે એવી પ્રતીત આવી છે. આખી ચીજ પર્યાયમાં પ્રતીત તો આવી છે. સમજાણું કાંઈ? એવી ચીજ છે એ સુંદરતાને પામે છે. પરના

સંબંધવાળી સુંદરતા નહિ. રાગના સંબંધવાળી, બંધકથા અસત્યાર્થ છે કહે છે એ બધી. એ ભાવ અસત્યાર્થ છે. આહા..હા..! સમજાણું કાંઈ? દ્રવ્ય અનાદિ એ સુંદર છે એકેન્દ્રિય આદિમાં. એ બધે સુંદર છે, પણ જેને ખ્યાલમાં આવ્યો એ સુંદર છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** જેણે જાણ્યું એ સમજ્યો પણ પહેલેથી એ સુંદર જ હતો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ તો સુંદર જ છે. પણ જેને જ્ઞાનમાં જણાણું કે આ સુંદર છે ઓહો..હો..! ચિદ્‌ઘન નિધાન આનંદનો નાથ પ્રભુ જેની એક સમયની પર્યાયમાં અનંત-અનંત આનંદ આવે. આહા..હા..! જેના આનંદના સ્વાદ આગળ ઇન્દ્રની ઇન્દ્રાણીઓના ભોગ પણ સડેલા તરણા ઝેર જેવા લાગે. આહા..હા..! સમજાણું કાંઈ? ઇન્દ્રાણીઓ જેના આયુષ્ય મોટા અને એક ઇન્દ્રના ભવમાં કેટલી ઇન્દ્રાણીઓ એનો ભોગ વિષયનો પણ ઝેર કાળા નાગ જેવું લાગે જેને. મીઠાશ જેને ઉડી ગઈ છે બહારથી. આહા..હા..! સમજાણું કાંઈ? સુંદર ભગવાન આત્મા એનું જેને જ્ઞાન અને શ્રદ્ધા થઈ એની આનંદદશા પ્રગટી એ આનંદસ્વરૂપ છે એ દશા પ્રગટી. એ આનંદના સ્વાદના અનુભવ આગળ. આહા..હા..! સડેલા મીંદડા અને કૂતરા સડી ગયેલા હોય અને ગંધ મારે એવા ઇન્દ્રાણીના ભોગ ગંધ મારે કાળા નાગના ઝેર જેવા લાગે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એ તો સમકિતી રાગમાં જોડાય છે, પણ એ તો રાગ આવ્યો એમાં અસ્થિરતામાં જોડાય છે, આસક્તિમાં. એમાં પ્રેમ નથી. ઈ આ ઠીક થાય છે એમ નથી. ઉડી ગઈ છે દૃષ્ટિ એ બધી. આહા..હા..! પણ એ રાગ ખસતો નથી અને એ ખટક્યા કરે છે એટલે જરી જોડાઈ જાય છે. આહા..હા..! આવી વાત છે. પણ એ દુઃખદાયક લાગે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એવી વાતું છે, ભાઈ! ભગવાને કહેલા તત્ત્વોમાંથી આગ્રહ છોડી દઈ આત્મભાવ જે છે તે જ નિશ્ચયપરમયોગ છે. આહા..હા..! અજ્ઞાનીઓએ કહેલા તત્ત્વો એનો આગ્રહ છોડી દે. ભગવાને કહેલા તત્ત્વોનો જે ભાવ એવો જે આત્મભાવ તે જ નિશ્ચયભક્તિ અને તે જ મોક્ષનો માર્ગ સાચો છે. સમજાણું કાંઈ?

‘**અન્ય સમયના તીર્થનાથે...**’ લ્યો! એને તીર્થનાથ તો કહ્યા. ‘**(-જૈનદર્શન સિવાય અન્ય દર્શનના તીર્થપ્રવર્તક કહેલા)...**’ આહા..હા..! એવી વાત છે. ‘**વિપરીત પદાર્થમાં અભિનિવેશ...**’ એ તો સાધારણ આવે છેને મોક્ષમાર્ગપ્રકાશકમાં એમ બધે આવે છે. વિપરીત અભિનિવેશ એમ બધે આવે છે. ઉલટા પદાર્થનો આગ્રહ ‘**તે જ વિપરીત અભિનિવેશ છે,...**’ આહા..હા..! ‘**તેનો પરિત્યાગ કરીને...**’ પરિત્યાગ-સમસ્ત પ્રકારે છોડીને એમ. ‘**જૈનોએ...**’ કોઈ કહે આ તો પક્ષની વાતું. એનું વસ્તુનું સ્વરૂપ જ આવું છે. સમજાય છે કાંઈ? ‘**જૈનોએ...**’ પરમેશ્વરોએ અથવા ગધણરોએ ‘**કહેલાં તત્ત્વો નિશ્ચયવ્યવહારનયથી જાણવાયોગ્ય છે.**’ પર્યાય એ પર્યાયને જાણવાલાયક, દ્રવ્ય એ દ્રવ્યને જાણવાલાયક. રાગ છે એ પણ રાગને જાણવાલાયક. ‘**નિશ્ચયવ્યવહારનયથી જાણવાયોગ્ય છે. સકલજિન**

**એવા ભગવાન તીર્થાધિનાથનાં'** સકલજિનની વ્યાખ્યા કરી. સકલ-દેહસહિત **'દેહસહિત હોવા છતાં તીર્થંકરદેવે રાગદ્વેષ અને અજ્ઞાનને સંપૂર્ણ રીતે જીત્યા છે તેથી તેઓ સકલજિન છે.'** સકલજિન-કળસહિત. કળ એટલે સહિત. શરીરરહિત હોવા છતાં અજ્ઞાન અને રાગ-દ્વેષને જેણે જીત્યા છે અને વીતરાગતા અને જ્ઞાન જેને પ્રગટ થયા છે એવા **'તીર્થાધિનાથનાં ચરણકમળના ઉપજીવકો...'** આહા..હા..! સકલજિન એવા ભગવાન **'તીર્થાધિનાથનાં ચરણકમળના ઉપજીવકો...'** એના ચરણકમળની **'સેવા કરનાર; સેવક; આશ્રિત; દાસ.'** આહા..હા..! આ જૈનો. **'તે જૈનો છે;...'** એ ગણધર આદિ. આહા..હા..!

સકલજિન એવા ભગવાન તીર્થાધિનાથ. આહા..હા..! તીર્થના અધિનાથ. એના ચરણકમળ. ચરણકમળ એટલે એમણે કહેલી વાતને જાણનારા. એના પગ કાંઈ દાબવા નથી, પણ એમની આજ્ઞાને માનનારા, એમના ભાવ કહેલા તેને માનનારા એવા ઉપજીવકો નામ સેવક-આશ્રિત-દાસ. આહા..હા..! ગણધરો પણ તીર્થાધિનાથ ભગવાનના ચરણકમળના દાસ છે. સમજાણું કાંઈ? જેણે અંતર્મુહૂર્તમાં ચૌદ પૂર્વની રચના કરી છે. બાર અંગ જેને પ્રાપ્ત થયા છે અંતર્મુહૂર્તમાં. એ ગણધરો પણ પરમતીર્થાધિનાથના સેવક છે. આહા..હા..! કહો એ દાસ છે, કહે છે. ગણધરો તીર્થંકરદેવના દાસ છે. આહા..હા..! કારણ કે ભગવાનને તો અનંતજ્ઞાન પ્રગટ્યું છે. ગણધરોને હજી અનંતજ્ઞાન નથી. અનંતમા ભાગે હજી પર્યાયોની બધી દશા છે. એથી એ તીર્થાધિનાથના દાસ છે. આહા..હા..!

**'પરમાર્થે ગણધરદેવ...'** એ જૈનની વ્યાખ્યા કરી. આને જૈનો કહીએ. એટલે કે **'પરમાર્થે ગણધરદેવ વગેરે એવો તેનો અર્થ છે.'** ગણધરદેવ વગેરે હોં. સમકિતી-બમકિતી બધા જૈનો કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ, જ્ઞાની, સાધુ એ બધા તીર્થાધિનાથ ભગવાન દેહસહિત હોવા છતાં જેણે કેવળજ્ઞાન અને વીતરાગતા પ્રગટ કરી છે એણે અજ્ઞાન અને રાગ-દ્વેષને નાશ કર્યા છે એવા ભગવાનના સેવકો છે. આહા..હા..! સમકિતીથી માંડીને ગણધર એ બધા ભગવાનના સેવકો છે, દાસ છે. **'એવો તેનો અર્થ છે. તેમણે કહેલાં જે સમસ્ત જીવાદિ તત્ત્વો તેમાં જે પરમજિનયોગીશ્વર નિજ આત્માને જોડે છે,...'** વાસ્તવિક તત્ત્વમાં જે આત્માને પર્યાયમાં જોડે છે. આહા..હા..! સમજાણું કાંઈ? તેનો અર્થ નિજભાવ, નિજભાવ જ વીતરાગ પર્યાય જ પરમયોગ છે. ઓલામાં આત્મભાવ કીધો. **'નિજભાવ જ...'** વીતરાગી પર્યાય એ એનો પરમયોગ અને મોક્ષનો માર્ગ છે. એને અહીંયાં નિયમસાર મોક્ષનો માર્ગ તેને કહેવામાં આવે છે.

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## માગશર સુદ-૫, રવિવાર, તા. ૦૭-૧૨-૧૯૭૫
## ગાથા-૧૪૦, કળશ-૨૩૦-૨૩૧, પ્રવચન નં. ૧૧૭

૨૩૦ કળશ છે ૧૩૯ ગાથાનો. નિશ્ચય-પરમભક્તિ. પરમભક્તિ છે આ. ભગવાન તીર્થંકરાદિની ભક્તિ એ શુભભાવ છે અને ભગવાન આત્મા પૂર્ણાનંદ ધ્રુવસ્વરૂપ એની ભક્તિ તે શુદ્ધભાવ છે. પૂર્ણ આનંદસ્વરૂપ ધ્રુવ એમાં વર્તમાન નિર્મળ પર્યાયનું જોડાણ એકાગ્રતા તે પરમભક્તિ તે નિશ્ચય મોક્ષનો માર્ગ અનાદિ-અનંતમાં આ માર્ગ છે. એ કહેશે હમણા. ચોવીસ તીર્થંકરોએ પણ આમ કહ્યું છે એમ. ચોવીસ તો આ કળશમાં નામ લીધા. બાકી તો અનંત તીર્થંકરો. કળશ.

(વસંતતિલકા)

तत्त्वेषु जैनमुनिनाथमुखारविंद-
व्यक्तेषु भव्यजनताभवघातकेषु।
त्यक्त्वा दुराग्रहममुं जिनयोगिनाथः
साक्षाद्युनक्ति निजभावमयं स योगः।।२३०।।

'**શ્લોકાર્થ :- આ દુરાગ્રહને** (-ઉપરોક્ત વિપરીત **અભિનિવેશને**) **છોડીને,...**' અન્યમતિઓએ કહેલા માર્ગનો આગ્રહ છોડી દઈ. '**જૈનમુનિનાથોના** (-ગણધરદેવાદિક **જૈનમુનિનાથોના**) **મુખારવિંદથી પ્રગટ થયેલાં, ભવ્યજનોના ભવોનો નાશ કરનારાં તત્ત્વોમાં...**' ભવ્યજનોના ભવોનો નાશ કરનારા તત્ત્વો '**જે જિનયોગીનાથ** (**જૈન મુનિવર**) **નિજભાવને સાક્ષાત્ જોડે છે,...**' નિર્મળ પરિણતિને ધ્રુવ સાથે જોડે છે એ તત્ત્વમાં જોડે છે એમ કહ્યું. સમજાણું કાંઈ? '**ભવ્યજનોના ભવોનો નાશ કરનારાં તત્ત્વોમાં જે જિનયોગીનાથ** (**જૈન મુનિવર**) **નિજભાવને સાક્ષાત્ જોડે છે,...**' આહા..! જે પર્યાયે નિજભાવને તોડી અને રાગ સાથે જોડ્યું છે અનાદિથી. સમજાય છે કાંઈ? એ પર્યાયને દ્રવ્ય સાથે જોડવી. સમજાણું કાંઈ? આ વીતરાગમાર્ગ એવો છે.

'**નિજભાવને...**' નિજ વીતરાગી દશાને. છે? જે આત્માનું જ્ઞાયકતત્ત્વ જે ધ્રુવસ્વભાવ. આહા..હા..! એને જોડે તેનો નિજભાવ યોગ છે. આહા..! પૂર્ણાનંદનો નાથ પ્રભુ તત્ત્વોમાં તત્ત્વ જે અવિનાશી તત્ત્વ એ તત્ત્વ, એમાં જેણે દૃષ્ટિ જોડી છે. એવી જે નિજભક્તિ આ પ્રમાણે કરે છે તે નિજભાવ તે યોગ છે. નિજવસ્તુ ચિદાનંદ ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ એમાં નિર્મળ પરિણતિથી તેમાં એકાગ્ર થાય છે તે ભાવને યોગ કહે છે, તેને ધ્યાન કહે છે, તેને નિશ્ચયભક્તિ કહે છે. આહા..હા..! કઠણ પડે માણસને કે બીજે રસ્તે એનું સાધન

હશે કે નહિ પણ? એ સાધન જ આ છે. આહા..હા..! સમજાણું કાંઈ? નિજભાવ, રાગભાવ એ નિજભાવ નહિ. ત્રિકાળી પૂર્ણાનંદસ્વરૂપમાં વીતરાગી પર્યાયથી જોડવું, જોડવું દ્રવ્યની સાથે એ નિજભાવ તે યોગ છે. સમજાણું કાંઈ? આટલું કહીને હવે 'હું કહું છું એ અનંત ચોવીસી તીર્થંકરોએ આ કર્યું હતું' એમ કહે છે. આ ચોવીસીના નામ લીધા છે. અનંત તીર્થંકરોએ આવી યોગ ભક્તિ કરી છે. આ ચોવીસીમાં જન્મ છેને પોતાનો કુંદકુંદાચાર્યનો એટલે આ ચોવીસીના તીર્થંકરોના નામ લીધા. ઓહો..હો..! અસંખ્ય ક્રોડાક્રોડી વર્ષ પહેલા ઋષભદેવ ભગવાન થઈ ગયા. અસંખ્ય ક્રોડાક્રોડી વર્ષ પહેલા. ઓહો..હો..! ત્યારથી માંડીને અત્યાર સુધી આ ભગવાનોએ કોઈને ઉપદેશ આપ્યો, કોઈને સુધાર્યા, એવું એણે કર્યું નથી, એમ કહે છે. ભાઈ! આહા..હા..! ઉપદેશ તો જડની પર્યાય છે. એ અનંત તીર્થંકરોએ કે વર્તમાન ચોવીસ તીર્થંકરોએ શું કર્યું? એ અહીં કહે છે. આહા..હા..!

**उसहादिजिणवरिंदा एवं काऊण जोगवरभत्तिं।**
**णिव्वुदिसुहमावण्णा तम्हा धरु जोगवरभत्तिं।।१४०।।**

ભગવાને આમ કર્યું અને તમે તે કરો, એમ.

**વૃષભાદિ જિનવર એ રીતે કરી શ્રેષ્ઠ ભક્તિ યોગની,**
**શિવસૌખ્ય પામ્યા; તેથી કર તું ભક્તિ ઉત્તમ યોગની. ૧૪૦.**

**શ્રોતા :-** શિવરૂપ સુખ પામ્યો..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શિવસુખ. નિરુપદ્રવ્ય સુખ. અતીન્દ્રિય આનંદના સુખને પામ્યા. આહા..હા..! ઈન્દ્રિયના સુખો તો ઝેરના પ્યાલા છે બધા. સમજાણું કાંઈ? વિષયના, ભોગના સુખ જે છે એ તો રાગના ઝેરના પ્યાલા છે. આહા..હા..! આ ભગવાન આત્માનું જે સુખ છે એ સ્વરૂપમાં અતીન્દ્રિય આનંદથી ભરેલો ભગવાન એમાં એકાગ્રતા, એમાં પર્યાયને જોડવી, ધ્રુવ સાથે પર્યાયને જોડવી. આહા..હા..! તેના ફળ તરીકે અતીન્દ્રિય આનંદને પામ્યા. કહો, ભગવાનજીભાઈ! આવું આકરું લાગે માણસને.

**શ્રોતા :-** પણ પહેલા રાજ કરીને પછી કર્યુંને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય કર્યું નથી. એણે રાજ પણ કર્યું નથી. એણે તો વીતરાગતા કરી હતી અને અધૂરું હતું તો થોડો રાગ પરિણમ્યો હતો.

**શ્રોતા :-** એવું લોકોને બધી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કાંઈ કર્યું નથી એણે. એ વખતે જરી રાગ પરિણમ્યો. પરનું કાંઈ કર્યું છે ઈ કાંઈ છે નહિ. અસિ, મસિ અને કૃસિ એ બધી વાતું કરે છેને? એણે તો પોતાની વીતરાગદૃષ્ટિ ચૈતન્યના સ્વરૂપના જોડાણમાં વીતરાગદૃષ્ટિ કરી હતી એમાં કાંઈક રાગ બાકી હતો, પૂર્ણ આશ્રય નહોતો લીધો એટલે રાગથી એ જાતની ક્રિયાઓ થઈ તેમાં એનો રાગ નિમિત્ત હતું. એણે નથી કર્યો ઉપદેશ, નથી કર્યો જગતને સુધારો. આહા..હા..! સમજાણું

કાંઈ? આહા..હા..!

અન્વયાર્થ લઈએ. '**વૃષભાદિ જિનવરેન્દ્રો એ રીતે યોગની ઉત્તમ ભક્તિ કરીને...**' આહા..હા..! તીર્થંકરો જે ત્રણ જ્ઞાનના ક્ષાયિક સમકિત આદિ લઈને અવતરે છે કેટલાક. એ તીર્થંકરોએ શું કર્યું? યોગની ઉત્તમભક્તિ કરી. આહા..હા..! યોગની ઉત્તમભક્તિ એટલે? સ્વરૂપની એકાગ્રતારૂપી યોગની ભક્તિ કરી. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ ટૂંકું. આહા..હા..! '**योगवरभक्तिम्**' યોગની ઉત્તમ ભક્તિ. '**वर**' શબ્દ છેને. '**કરીને નિર્વૃતિસુખને પામ્યા; તેથી યોગની ઉત્તમભક્તિને તું ધારણ કર.**' માર્ગ આ છે અનાદિનો. આહા..હા..! બહારના આ બધું દયા, દાન ને વ્રત ને ભક્તિ ને તપ ને અપવાસને એ તો બધા વિકલ્પ છે એ કાંઈ ધર્મ નથી, તેમ એ મોક્ષનું કારણ પણ નથી.

**શ્રોતા :-** પરંપરા કારણ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય નથી પરંપરા એ. એ તો સમ્યગ્દષ્ટિ જેની દૃષ્ટિ જોડાણ આત્મામાં થઈ ગયું છે એને અશુભ ટળ્યો છે અને શુભ ટાળશે એથી એને શુભને પરંપરા કારણ કહ્યું છે. સાક્ષાત્ કારણ તો વીતરાગતા છે. ઓલાનો અભાવ કરશે એટલે એને પરંપરા કારણ કહ્યું છે. અજ્ઞાનીની ભક્તિ છે એ તો કોઈ પરંપરા અનર્થનું કારણ છે. આવું ભારે ભાઈ!

'**ટીકા :- આ, ભક્તિ અધિકારના ઉપસંહારનું કથન છે.**' છેલ્લી ગાથા છે. '**આ ભારતવર્ષમાં...**' વર્ષ શું વર્ષ? દેશ. ઓલું અમોઘવર્ષ આવ્યું છે. એ ચોપડી ક્યાં ગઈ પાછી આજ હાથમાં આવી. ચોપડી ક્યાં ગઈ? મૂકી છે ક્યાં? હાથ ન આવી. આજે કોઈએ આપી નહિ. અમોઘ વર્ષ. નહોતી આપી? આ આદિપુરાણમાં છેને ત્યાં જિનસેન આચાર્ય એમના શિષ્ય છે. એ રાજા હતા રાજા. પછી એણે દીક્ષા લીધી મુનિ થયા. એમનું અહીં થોડું ૨૪ પાનામાં રત્નમાળા પ્રશ્નોત્તર હતું. કોક મૂકી ગયું ક્યાંકથી. આવ્યું હશે ત્યાંથી કપાટમાં. કોક મૂકી ગયું છે. એ કાલે હતું. છે થોડા પાના. આમ ૨૪ એટલે આમ આખા પાના ૧૨. એમાં અમોઘવર્ષ હતું એટલે મેં પૂછ્યું એનો અમોઘવર્ષ. જિનસેનાચાર્યના વખતમાં એ રાજા હતા. તો એ રાજાએ દીક્ષા લીધી નગ્નમુનિ દિગંબર. એમણે આ બનાવ્યું છે એમ લખ્યું છે અંદર.

અહીંયાં '**ભારતવર્ષમાં...**' ભારતદેશ. આવી વાત છેને? '**ભારતવર્ષમાં પૂર્વે શ્રી નાભિપુત્રથી માંડીને...**' એટલે ઋષભદેવ ભગવાનથી માંડીને. '**વૃષભાદિ**' છેને પાઠ? તેનો ખુલાસો કર્યો '**નાભિપૂત્રથી માંડીને શ્રી વર્ધમાન સુધીના ચોવીસ તીર્થંકરપરમદેવો...**' આહા..હા..! '**સર્વજ્ઞવીતરાગ, ત્રિલોકવર્તી કીર્તિવાળા...**' આહા..હા..! ત્રણલોકમાં જેની કીર્તિ છે. જેને સો ઈન્દ્રો પૂજે છે ભગવાન, તીર્થંકરદેવ કેવળી. '**મહાદેવાધિદેવ...**' આહા..હા..! કેટલા વિશેષણો! '**મહાદેવાધિદેવ પરમેશ્વરો...**' એ બધા ચોવીસેય પરમેશ્વરો તીર્થંકરો. બધા.

આહા..હા..! બહુ જ ટૂંકું અને ઘણું જ મીઠું અને સરળ. '**યથોક્ત પ્રકારે નિજ આત્મા સાથે...**' ભાષા છેને. બધા તીર્થંકરોએ નિજ આત્મા જે ચિદાનંદ પ્રભુ ધ્રુવ એની સાથે પર્યાયને જોડી છે. આહા..હા..! કહો, આ તો સમજાય એવું છે. પણ અંદર પહેલું સમજે તો ખરો કે આ રીતે જ મોક્ષમાર્ગ છે, બીજો કોઈ છે નહિ. એમ પહેલું દૃષ્ટિ અને જ્ઞાનમાં પહેલું નક્કી તો કરે. આહા..હા..! પછી એમાં અંદર વળે વિકલ્પ વિના વળે એનું નામ નિજભક્તિ અને યોગભક્તિ કહેવામાં આવે છે. કહો, અજિતભાઈ! કહો, સમજાય છે કે નહિ આ? આફ્રિકામાં બાફ્રિકામાં કાંઈ ન મળે નાઈરોબીમાં કાંઈ. ધૂળેય નથી ત્યાં. ધૂળ તો છે પૈસા-બૈસા. આહા..હા..!

વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞદેવોએ એણે ભક્તિ કરી. કોની? નિજ આત્મા. આહા..હા..! નિત્યાનંદ પ્રભુ સચ્ચિદાનંદસ્વરૂપ આત્મા જે ધ્રુવ એની સાથે '**સંબંધ રાખનારી...**' આહા..હા..! નિજ આત્મા સાથે પર્યાયનો સંબંધ રાખનારી. આહા..હા..! '**શુદ્ધનિશ્ચયયોગની ઉત્તમભક્તિ કરીને,...**' આહા..હા..! '**સંબંધ રાખનારી શુદ્ધનિશ્ચયયોગ...**' સ્વભાવની સાથે જેણે જોડાણ કર્યું છે. આહા..હા..! અંતર્મુખ આત્મામાં જેણે અંતર્મુખ વૃત્તિને વાળી છે. આવો માર્ગ છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ પર્યાય છે. નિશ્ચયયોગભક્તિ એ પર્યાય છે અને આત્મા તે ત્રિકાળ ધ્રુવ નિત્ય છે. નિત્ય ધ્રુવમાં જેણે પરિણતિને વાળી છે. આહા..હા..! સમજાણું કાંઈ? યથોક્ત પ્રકારે. માથે કહ્યુંને બધું ઘણું એમ કહે છે. '**નિજ આત્મા સાથે...**' ભગવાન આત્મા જ્ઞાયકભાવ, શુદ્ધાત્મભાવ, નિત્યાનંદભાવ, સામાન્યભાવ, અભેદભાવ. અભેદ એટલે? પર્યાયસહિત અભેદ નહિ. પોતે જ અભેદ પ્રભુ છે. પર્યાયસહિત અભેદ થઈ જાય તો વ્યવહાર થઈ ગયો. સમજાણું કાંઈ? અને એ વ્યવહાર તે સમ્યગ્દર્શનનો વિષય નહિ, એ અશુદ્ધનયનો વિષય. પર્યાયસહિત દ્રવ્યનો વિષય તે અશુદ્ધનયનો વિષય. બીજી ભાષાએ કહીએ તો વ્યવહારનયનો વિષય, ત્રીજેથી કહીએ તો રાગનો એ વિષય.

**શ્રોતા :-** ચોથું કહીએ તો સંસારનું કારણ અને પાંચમું કહે તો દુઃખનું કારણ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સમજાણું કાંઈ? આહા..હા..! એ તો આવી ગયું હતું નહિ? વ્યવહાર સમકિતથી નાખ્યું નહિ નિયમસાર. નિશ્ચયવસ્તુ અંતઃકરણ પરમાત્મા નિત્ય અને પર્યાય—એ બેની શ્રદ્ધા કરવી તે વ્યવહારસમકિત છે. વ્યવહારસમકિત છે એટલે રાગ છે. રાગ છે એટલે બંધનનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ વાત આકરી! જગતને અંદર પહેલું હજી તો વસ્તુ કેમ છે એ બેસતી નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

અનંત તીર્થંકરોએ. અહીં તો આ ચોવીસીના નામ આપ્યા. અનંત તીર્થંકરોએ '**નિજ આત્મા સાથે...**' પર આત્મા સાથે નહિ, પર્યાય સાથે નહિ. પર આત્મા સાથે નહિ, રાગ સાથે નહિ, પર્યાય સાથે નહિ. '**નિજ આત્મા સાથે...**' આહા..હા..! આ ભગવાન આત્મા એક સમયમાં નિત્ય ધ્રુવ એની સાથે પર્યાયને વાળી. સમ્યગ્દર્શનની પર્યાય, જ્ઞાનની, ચારિત્રની

પર્યાય એના તરફ વળી. આહા..હા..! સમજાણું કાંઈ? આવું અનંતતીર્થંકરોએ આમ કર્યું છે અને એ કરવાનું કહે છે. આહા..હા..!

**શ્રોતા :-** પોતે જે કર્યું એ કહ્યું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કર્યું એમ કહ્યું. ઓલા કહે છે કે એણે કર્યું એ નહિ, એણે કહ્યું એ માન્યું, કર્યું એમ નહિ, એમ કહે છે ઓલા શ્વેતાંબરમાં કેટલાક. આ માર્ગ, બાપા! ઈ પાઠ છે જુઓને, '**काऊण जोगवरभत्तिं। णिव्वुदिसुहमावण्णा तम्हा धरु जोगवरभत्तिं**' એમણે કર્યું એ કહ્યું જગતને કે જો આત્માના સ્વરૂપમાં જોડાણ કર. આહા..! ત્યાં સંબંધ કર. આહા..હા..! 'સમકિત સાથે સગાઈ કીધી...' એવું આવે છે. સમ્યગ્દર્શનની પર્યાય દ્રવ્યમાં જોડાણી સગપણ કર્યું. આગળ થઈને કેવળજ્ઞાન પામશે એટલે લગન પૂરા થઈ જાય. આહા..હા..! એવી વાતું બાપુ આકરી. જગતથી અવલદોમનો માર્ગ છે, ભાઈ! આહા..હા..! જેને જન્મ-મરણ ટાળવા હોય એને માટે આ વાત છે. જગતમાં રાજી નહિ કાંઈ સ્વર્ગ મળે, શેઠાઈ મળે, દેવ થાય, ઢોર થાય. દેવ પછી ઢોર થાય. આહા..હા..! જુગલિયાના માણસ થાય અને જુગલિયાના ઢોર થાય. બાપુ! એ કાંઈ વસ્તુ નથી. આહા..હા..! એ તો પહેલા આવી ગયુંને. ભવના નાશ કરનારા. કળશમાં આવ્યું હતું. ભવનું નાશ કરનારું એ તત્ત્વ જ એવું છે. જીવ આદિ તત્ત્વ જ એવું છે કે એ ભવનો એનો આશ્રય કરે તો ભવનો નાશ થઈ જાય. આહા..હા..! એ ભવનો વ્યય થાય અને અભવ એવી સિદ્ધપદની ઉત્પાદદશા થાય. ધ્રુવ તો ધ્રુવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ભારતવર્ષમાં પૂર્વે શ્રી નાભિપુત્રથી માંડીને...**' ટીકાકારે ખુલાસો કર્યો. ઋષભઆદિ જિનવર છેને? ભગવાન કોણ? કે નાભિપુત્રથી. '**શ્રી વર્ધમાન સુધીના ચોવીશ તીર્થંકરપરમદેવો—સર્વજ્ઞવીતરાગ, ત્રિલોકવર્તી કીર્તિવાળા...**' પવિત્રતાએ પૂર્ણ અને પુણ્ય પણ પુરા. '**મહાદેવાધિદેવ પરમેશ્વરો—બધા,...**' બધા કીધાને? '**યથોક્ત પ્રકારે...**' ઉપર કહી આવ્યા છીએ તે પ્રકારે '**નિજ આત્મા સાથે...**' ભગવાન પૂર્ણાનંદ ધ્રુવસ્વરૂપ એની '**સાથે સંબંધ રાખનારી શુદ્ધનિશ્ચયયોગની ઉત્તમભક્તિ કરીને,...**' આહા..હા..! સમજાણું કાંઈ? એ આઠ-આઠ વર્ષના બાળકો આવું કરીને મોક્ષને પામ્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ઘરડાઓ કોઈ પામ્યા હશે કે નહિ પામ્યા હોય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ તો આઠ વર્ષના પામ્યા છે, તો ઘરડાની તો શું વાત કરવી? એમ કહેવું છે. એય..! આઠ વર્ષના બાળકો પણ આવો આનંદનો નાથ અંદર ભગવાન આહા..હા..! એને પકડીને સ્થિર થઈ ગયા એમાં.

**શ્રોતા :-** ઘરડા તો માણસ હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઘરડા તો હોય જ તે. એમાં ક્યાં પ્રશ્ન છે? પણ આ તો નાની-નાની ઉંમરના. આહા..હા..! ચક્રવર્તીના પુત્ર હોં.

**શ્રોતા :-** .. અમને એમ થાય કે અમારે શું થાશે તો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ તો કોઈને એમ થાય કે આ મારું નાની ઉંમરમાં ન થાય, મોટી ઉંમર હોય તો થાય. એમ નથી એમ કહે. આહા..હા..! આઠ વર્ષની ઉંમર હોં. એ આઠ વર્ષ તે કેવા? જન્મથી માંડીને આઠ વર્ષ નહિ, ગર્ભથી માંડીને આઠ વર્ષ. સવા સાત વર્ષ બહાર. આહા..હા..! સવા નવ મહિના માતાના પેટમાં, સવા સાત વર્ષ બહાર. ભગવાન ત્રિલોકનાથ એમ કહે છે કે એવા આઠ વર્ષની ઉંમરવાળા. આહા..હા..! જેને અંતર જ્ઞાન જ્યોતિ પ્રગટ થઈ છે. આહા..હા..! ચૈતન્યજાત ચૈતન્ય-ચમત્કાર જેના અંતરમાં દ્રવ્યના આશ્રયે જેને પર્યાયમાં ચૈતન્ય જાત પ્રગટી છે. આહા..હા..! એ ન આવ્યું આમાં વ્યવહારમાં? પ્રવચનસાર, ચરણાનુયોગમાં. બાળક હોય કે પરણેલો હોય ભલે, માતા-પિતાને કહે, હે માતા! આ શરીરને ઉત્પન્ન કરનારી મા! મને ઉત્પન્ન કરનાર નહિ, હું તો આત્મા છું. આહા..હા..! માતા! જનેતા! મને રજા આપ. અમે અમારો આનંદનો નાથ માતા એ અમારી માતા ઈ. વસ્તુસ્વરૂપ. આહા..હા..! વસ્તુસ્વરૂપ એ અમારી મા છે. એની પાસે અમે જવા માગીએ છીએ. આહા..હા..! રજા દે, બા! આહા..હા..! અને અમે કોલકરારથી કહીએ, માતા! આહા..હા..! ફરીને જનેતા નહિ કરીએ હવે. ફરીને અવતાર ન ધારીએ, બા! તારે રોવું હોય એટલું રોઈ લે. પણ અમે ફરીને માતા નહિ કરીએ, બા! અમે તો અવતાર પૂર્ણ કરીએ છીએ. આહા..હા..! એ વ્યાખ્યાનમાં કરતા પહેલા એક ગાથા છે. ચૌદમી ગાથા અધ્યયન છેને ઉત્તરાધ્યયન. બોટાદમાં કહેતા તો લોકો આમ સભા... આ તો ૫૦ વર્ષ પહેલાની વાત છે. 'અજેવ ધંમં પરિવર્જયામો...' ગાથા તે દિ' બધા ૬ હજાર શ્લોકો હતાને. '...ન પુનર્ભવામો...'

હે માતા! આજ જ અમે ચારિત્રને અંગીકાર કરશું. અમારો નાથ અમને જાગ્યો છે અમને ખબર છે. હવે એને અમે એકાગ્ર થવા એમાં ચારિત્ર લેવા માગીએ છીએ, માતા! 'અજેવ ધંમં' આજ જ ધર્મને અંગીકાર કરીશું. કાલના વાયદા નહિ કહે. આહા..હા..! '...ન પુનર્ભવામો...' માતા! અમે અંતરની વીતરાગતા પ્રગટ કરવા આજે જ તૈયાર છીએ. માતા! કોલ કરાર કરીએ છીએ. મા! ફરીને અમે નહિ જન્મીએ. આહા..હા..! ... અંગીકાર કરીને. '...ન પુનર્ભવામો...' આ તો બોટાદમાં મોટી સભા અને બહુ પ્રતિષ્ઠા હતીને અમારી એમાં પણ બહુ પ્રતિષ્ઠા. સભા ભરાય. મકોડા ભરાય એટલા માણસો ભરાય. પંદરસો પંદરસો માણસો અને અપાસરામાં માય નહિ. પાછળ શેરી. બારીમાં વાંચીએ તો શેરી ભરાય આખી. તે દિ' હોં આ તો ૭૪ ને ૭૫ ને ૭૬ની સાલની વાત છે. ... આહા..હા..! સાંભળ-સાંભળ.

**શ્રોતા :-** તે દિ' તો કેવળજ્ઞાન સરખું હતું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લોકો એમ બહુ પ્રતિષ્ઠા ઘણીને એટલે આહા..હા..! મહારાજની ફરતું કેવળજ્ઞાન ફરે છે, એમ બોલે. શેઠિયાઓ બધા ૫૦-૫૦ હજારની પેદાશવાળા. બધા બેઠા હોય. ... માતા! અણપામેલી કઈ ચીજ બાકી રહી છે? એમ કહે છે. ... નહિ પ્રાપ્ત.

સ્વર્ગાદિ અનંતવાર મળ્યા, મા! ... જગતની કોઈ ચીજ અણપામેલી રહી નથી. .. માતા! શ્રદ્ધા કર અને અમને રજા આપ. .. અમારા પ્રત્યેનો, માતા! વિકલ્પ છોડ. આહા..હા..! એ સ્ત્રીને કહે છે. સ્ત્રી જુવાન હોય ૨૦ વર્ષની, ૨૫ વર્ષની. આહા..હા..! સાંઢડા જેવું શરીર હોય એને. વૈરાગ્ય થઈ ગયો અંદરથી. હે સ્ત્રી! આ શરીરને રમાડનારી તું છો. મને નહિ હોં, આત્માને નહિ. આહા..હા..! હે સ્ત્રી! રજા આપ. અમારી અનુભૂતિનો ભગવાન આત્મા અનુભૂતિસ્વરૂપ એની પાસે જવા માગીએ છીએ. ભગવાનજીભાઈ! તે દિ' તો બધું મોઢે હતુંને. એમાંથી એક કલાકમાં તો કેટલા દાખલા આવે શાસ્ત્રમાં. શાસ્ત્રના પાઠના જ હોં. એટલે લોકો ખુશ થતા. ... શ્રદ્ધા કર, માતા! અને અમે ... અમારા પ્રત્યેનો રાગ છોડી દે. સ્ત્રીને કહે કે અમારા પ્રત્યેનો રાગ છોડ, સ્ત્રી! અમે અમારી અનુભૂતિ ભગવાન આત્મા અનુભૂતિસ્વરૂપ છે. એની પાસે અમે જવા માગીએ છીએ, જ્યાં અમારો આનંદ બિરાજે છે. આહા..હા..! અમારા આનંદના ભોગવટા માટે અમે નીકળીએ છીએ હવે. ધન્નાલાલજી! આહા..હા..! જેણે અંતર આનંદનો રસ ચાખ્યો છે. આહા..હા..! એ આનંદની વૃદ્ધિ કરવા માટે ચારિત્ર અંગીકાર કર. સ્વરૂપમાં સ્થિરતા. આહા..હા..! આ ભગવાને કર્યું હતું. ભગવાને કોઈને તાર્યા પણ નથી અને ભગવાને કોઈએ ઉપદેશ પણ દીધો નથી. લે! આવું ક્યાંથી?

શું કર્યું, ભાઈ! આવ્યું કે નહિ આમાં? શું કર્યું એણે? ત્રિલોકનો નાથ આત્મા એની સાથે એકાગ્રતાની ભક્તિ કરી. આહા..હા..! હમણા લખાણ આવ્યું હતું ભાઈનું. નહિ? હુકમચંદજીનું. વાંચ્યું તમે? બહુ સરસ હુકમચંદજી. એ તો પંક્તિએ-પંક્તિએ એની વિદ્વતા. સાદી ભાષામાં અને મૂળ તત્ત્વ કહેવાની એની લાયકાત. 'ભગવાને કાંઈ કર્યું નથી. બાપુ! પરમાં હોં.' આહા..હા..! તમે એમ કહો કે એણે સર્પને વશ કર્યો, હાથીને તાબે કર્યો. ઘણા દાખલા આપ્યા છેને. મુનિને ઉપદેશ, મુનિને સન્મતિ ઉત્પન્ન થઈને, ભગવાનને દેખીને. બાળક હતાને ભગવાન! મુનિઓ આવ્યા મુનિ હતા. પગે તો ન લાગે. આમ જોયા ત્યાં એને શંકા-સમાધાન થઈ ગયું બાળક ભગવાનને દેખ્યા ત્યાં. તીર્થંકરનો આત્મા છેને. આહા..હા..!

**શ્રોતા :-** પણ એમની...થી અજ્ઞાનનો નાશ થયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ એમણે ઈ કર્યું નથી. એણે તો અંતરમાં ભગવાન ત્રિલોકનાથની એકાગ્રતા કરી છે. આહા..હા..! એકાગ્ર થતાં રાગ ઘટી ગયો છે અને વીતરાગતા વધી ગઈ છે અને કેવળજ્ઞાન પામ્યા છે. કહો, નવનીતભાઈ! ભગવાને આમ કીધું છે.

**શ્રોતા :-** એ ઘટના થઈ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ ઘટના. આહા..હા..!

**શ્રોતા :-** ઘટી ગયો, રાગ ઘટી ગયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રાગની ઘટના રાગ ઘટી ગયો અને વીતરાગસ્વભાવનો જ્યાં અનુભવ થયો એટલે વીતરાગની વૃદ્ધિ થઈ ગઈ એ પર્યાયમાં. આ એણે કર્યું છે બાપુ! એણે. આહા..!

એ અહીં કહે છે. આહા..હા..! એને મહાવીર અને તીર્થંકરને ઓળખવા હોય તો આ રીતે ઓળખો, બીજી રીતે નહિ. 'નાભિપુત્ર'થી કીધું છે કે એ તો એક ઓળખાવ્યું છે કે એ વખતે કોના પુત્ર હતા ઈ તો. સમજાણું કાંઈ? એ પુત્ર પણ નહોતા કોઈના. એ સર્વજ્ઞ વીતરાગ તીર્થંકર પરમદેવ પરમાત્મા સીમંધર ભગવાન બિરાજે છે. આહા..હા..! મહાવિદેહમાં પરમાત્મા બિરાજે સાક્ષાત્. એ શું કરે છે? આ કર્યું છે એણે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે!

'**યથોક્ત...**' નામ યથાખ્યાત પ્રમાણે. પહેલેથી ભક્તિ ચાલી આવે છેને? પહેલી લીટી કઈ ગાથા છે આ? '**सम्मत्तणाणचरणे जो भत्तिं**' ઈ લ્યો! ત્યાંથી ચાલ્યું આવે છેને ભાઈ! પહેલી ગાથા. ૧૩૪ પહેલી લીટી પહેલી ગાથા.

**सम्मत्तणाणचरणे जो भत्तिं कुणइ सावगो समणो।**
**तस्स दु णिव्वुदिभत्ती होदि त्ति जिणेहि पण्णत्तं।।१३४।।**

જિનેશ્વરદેવ, ત્રિલોકનાથ, અરિહંત પરમાત્મા તેણે આમ કહ્યું છે કે શ્રાવક હો કે સાધુ હો, અંતર આનંદસ્વરૂપ ભગવાનની અંતર એકાગ્રતાની ભક્તિ કરી છે. આહા..હા..! એ ભગવાન આત્માનો ભક્ત છે, ભક્ત છે. આત્માનો ભક્ત હોં. આહા..હા..! ત્યાંથી જ ઉપાડ્યું છે. '**सम्मत्तणाणचरणे जो भत्तिं कुणइ**' એટલે આ ભાવથી દ્રવ્યમાં એકાગ્ર જે થાય છે એ શ્રાવક હો કે શ્રમણ હો, એને ભક્ત કહેવામાં આવે છે. ભગવાનની ભક્તિ અને માળા ફેરવે એ ભક્ત નહિ. ગળામાં રાખેને મોતીની માળા. તિલક. લૂગડા ઉપર રાખે માળા. એટલે લોકો જોવે કે આ ભગત છે. ઓલા .. ગયા હતાને ગુજરી ગયાને બિચારા ઈ. તો એ ભગત કહેવાય એટલે માળા રાખે હાથમાં. આમ બતાવવા. .. ગણે બીજું તો કાંઈ છે નહિ. બાયડી, છોકરા બધું હોય...

**શ્રોતા :-** માળા પહેરવાથી ભક્તિ થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય નથી. માળા ફરે એને કારણે, આંગળી આમ-આમ થાય એને કારણે, વિકલ્પ ઉઠે અને રાગ થાય. આહા..હા..! હો, ભલે પણ એ છે શુભભાવ. એ સાચી ભક્તિ નથી. આહા..હા..! સચ્ચિદાનંદ પ્રભુ આત્મા એની એકાગ્રતા એ સાચી ભક્તિ છે. સમજાણું કાંઈ? અહીં તો યથોક્ત શબ્દ આવ્યોને આપણામાં. યથોક્ત એટલે પહેલેથી કહેતા આવ્યા છીએ એમ કહે છે.

'**યથોક્ત પ્રકારે નિજ આત્મા સાથે...**' નિજ આત્મા સાથે. આત્મા અને પર્યાય નિર્મળ સાથે નહિ. '**નિજ આત્મા સાથે...**' પર્યાયને જોડે છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન એનો વિષય ધ્રુવ ચૈતન્ય ભગવાન એકલો છે. એટલે નિજ આત્મા લીધો છે. સમજાણું કાંઈ? પર્યાયસહિતનો આત્મા તે સમ્યગ્દર્શનનો વિષય છે એ તો કોણ જાણે ક્યાંથી કાઢ્યો?

**શ્રોતા :-** શાસ્ત્રનું કહે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** શાસ્ત્રનું કાઢ્યું. ઉંધી દૃષ્ટિએ કાઢ્યું આખું. તદ્દન વિપરીતદૃષ્ટિ. આહા..હા..! આ તે વસ્તુ છે. આહા..હા..! યથોક્ત નામ યથા–તેવા પ્રકારે, પહેલું કહ્યું છે એ પ્રકારે '**નિજ આત્મા સાથે સંબંધ રાખનારી શુદ્ધનિશ્ચયયોગની ઉત્તમભક્તિ...**' આહા..હા..! નિર્વિકલ્પ સમાધિ એ ભક્તિ છે. નિર્વિકલ્પ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ આત્માની ભક્તિ છે. કહો, સમજાય છે કાંઈ? આવી રીતે કરને. આહા..હા..! '**પરમનિર્વાણવધૂના અતિપુષ્ટ સ્તનના ગાઢ આલિંગનથી...**' આહા..હા..! એ તો આચાર્ય વાત લે છે એ તો વીતરાગી મુનિ છે. એટલે એને કાંઈ (શબ્દો) કરતા કાંઈ રાગ થાય છે એમ છે નહિ. આહા..હા..! '**પરમનિર્વાણવધૂ...**' પરમનિર્વાણ મોક્ષની પર્યાયરૂપી સ્ત્રી. એનો પર્યાય સાથે અતિ સ્તનનું ગાઢ આલિંગન. નિર્મળ પર્યાય સાથે ગાઢ આલિંગન કર્યું એણે. આહા..હા..! આવી ભક્તિથી એને આ મળ્યું એમ કહે છે. આહા..હા..!

એ પ્રશ્ન ભાઈ! એક ફેરી ચાલ્યો હતો. આ પોરબંદર ચોમાસું હતુંને? કઈ સાલ? ૮૭. ૮૭-૮૭. ૮૭ને? ૮૭ ચાલ્યું હતું. ૮૬માં અમરેલી અને ૮૭માં. ત્યાં એક .. હતાને .. કેવા? આંબાજી હતા. પછી ... પુસ્તક બનાવે, કથા, વિકથાઓ બધી કરે. એક લખે એટલે પછી એમ કે શાસ્ત્રમાં તો એવું આવે છે તો એને વિકથા.. વિકથા શબ્દો નથી. શબ્દોમાં રાગ થાય તેને વિકથા કહે છે. સમજાણું કાંઈ? વાણી એ તો જડ છે. એને વિકથા ન કહેવાય કીધું. વિકથા તો જુગલિયાના સ્ત્રીનું વર્ણન કરે શાસ્ત્રકાર. જે સાધારણ કવિ ન કરી શકે એવું વર્ણન કરે. છેક ભોગ સુધીની વાત. એથી શું? એ તો જગતની ચીજ છે એને જ્ઞાનમાં જાણે છે એને વર્ણવે છે અને લખે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં કહે છે કે જેણે પૂર્ણાનંદના નાથને જેણે પરિણતિની પરિણતિથી જોડી દીધો છે. જેના ધ્યેયમાં ભગવાન પૂર્ણાનંદ વર્તે છે. સમજાણું? એ ધ્યેયનું જેણે ધ્યાન કર્યું છે. એ ધ્યાન છે જિનવરભક્તિ, યોગની ભક્તિ છે. સમજાણું કાંઈ? એ '**પરમનિર્વાણવધૂના અતિપુષ્ટ સ્તનના ગાઢ આલિંગન...**' નિર્મળ પરિણતિ સાથે એકાકાર થઈ ગયો છે કહે છે. સિદ્ધપદ છે. પૂર્ણ આનંદ અને પૂર્ણજ્ઞાન, પૂર્ણશાંતિ, પૂર્ણસ્વચ્છતા, પૂર્ણપ્રભુતા. પર્યાયમાં પૂર્ણ પુષ્ટ થઈ ગયું છે. એની સાથે આલિંગનમાં એકાકાર થઈ ગયો છે. આહા..હા..!

**શ્રોતા :–** એકાકાર થઈ ગયો એટલે ધ્યાન અને ધ્યેય બંને એક થઈ ગયા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એકાકારનો અર્થ કે એમાં એકરૂપે પરિણમી ગયો છે એમ. એ પર્યાયમાં દ્રવ્ય એકાકાર થઈ ગયું એમ નથી. આલિંગન કરે છે કીધુંને. પૂર્ણ પર્યાયને નિજ આત્મા આલિંગન કરે છે લ્યો! હવે ત્યાં ઓલાપણે ના પાડી. દ્રવ્ય પર્યાયને અડતું નથી. કઈ અપેક્ષાએ વાત? પર્યાયની પર્યાયપણે સિદ્ધિ કરવા. દ્રવ્ય દ્રવ્યપણે રહે છે, દ્રવ્ય પોતે પર્યાયમાં આવી જાય છે અને પર્યાયને સ્પર્શે છે એમ નથી. અહીં તો વીતરાગી પર્યાય થતાં આત્મા વીતરાગી પર્યાયની પૂર્ણ પુષ્ટિનો અનુભવ કરે છે, એટલું અહીં સિદ્ધ કરવું છે. સમજાણું

કાંઈ? ત્યાં એમ કહે ૧૭૨ ગાથા અલિંગગ્રહણ. દ્રવ્ય છે તે ગુણને સ્પર્શતું નથી, આલિંગન કરતું નથી. એટલે? એ અભેદ છે તે ભેદમાં આવતું નથી અને ભેદને સ્પર્શતો નથી. આહા..હા..! પછી, એ દ્રવ્ય છે તે પર્યાયને છુતી નથી. આ દ્રવ્ય પર્યાયને અડતી જ નથી. એ તો બે વસ્તુ સિદ્ધ કરે છે. એ તો સવારમાં આવ્યું નહિ આપણે? અનંત ધર્મને ચુંબે છે. દરેક આત્મા કે દરેક રજકણ પોતામાં રહીને અનંતા ગુણોને, અનંતા ગુણોને એક પ્રદેશી પરમાણુ હોય તો અનંતાગુણને એ ચુંબે, અડે, સ્પર્શે છે.

**શ્રોતા :-** પ્રવચનસારમાં મળે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કઈ અપેક્ષાએ? એ માટે તો કહ્યું. એ એમાં અભેદપણે પર્યાય અને દ્રવ્ય બે અભેદ પરમાં કાંઈ જતા નથી અને આમા રહે એટલી અપેક્ષા લે છે. આહા..હા..! ૨૦માં એમ કહ્યું છે કે ભગવાન આત્મા પ્રત્યભીજ્ઞાનનું કારણ એવો જે આત્મદ્રવ્ય સ્વભાવ, એવો જે આત્મા તે દ્રવ્યસ્વભાવને આલિંગન કર્યા વિના શુદ્ધ પર્યાયનું વેદન કરે છે. દ્રવ્યનું આલિંગન કર્યા વિના. આહા..હા..! સમજાણું કાંઈ? પર્યાયનું વેદન છેને? પર્યાયનું શુદ્ધ ચૈતન્ય આનંદનું વેદન છે. એ ધ્રુવનું વેદન ક્યાં છે? એમ કહે છે. આહા..હા..! એના એ બધા અર્થો ઊંધા નાખ્યા હતા (બ્ર. હરિભાઈએ) ઓલામાં આત્મધર્મમાં. લોકોને બિચારાને ભ્રમણામાં નાખ્યા. આહા..હા..! આ (વખતનું નવું) આત્મધર્મ આવ્યું તો બહુ લોકોએ વખાણ કર્યા છે. અહીંનું નાખ્યું છેને. એ (જીતું) ક્યાં ઘરનું ક્યાં નાખે છે? લોકો બહુ વખાણ ચાલ્યું હતું. કેવળજ્ઞાન થઈ ગયું. કાલે નહોતું આવ્યું? સાંભળ્યું છે? કે બધા આ વાંચીને બહુ ખુશી થયા છે. .. આ ફેરીનું આ કારતક મહિનાનું આવ્યું આત્મધર્મ. આહા..હા..! આવી વાત વસ્તુ છે. આહા..હા..!

અનંત તીર્થંકરોએ આત્માની સાથે સંબંધ રાખનારી નિર્મળ પર્યાય. આહા..હા..! તેનાથી '**પરમનિર્વાણવધૂના અતિપુષ્ટ સ્તનના ગાઢ આલિંગનથી સર્વ આત્મપ્રદેશે અત્યંત-આનંદરૂપી પરમસુધારસના પૂરથી પરિતૃપ્ત થયા;...**' આહા..હા..! દ્રવ્યસ્વભાવ જે ધ્રુવ, તેની એકાગ્રતાની જે પરિણતિ પર્યાય, એનાથી તે પૂર્ણ આનંદની પર્યાયને પ્રાપ્ત થયા. કહો, સમજાણું કાંઈ? એ વ્યવહારથી થયા એ નહિ, નિમિત્તથી થયા એ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! અનાદિ માર્ગ જ આ છે ત્યાં એમાં વસ્તુમાં તો... તીર્થંકરના નામ આપ્યા. પણ અનંત તીર્થંકરોએ આમ કર્યું છે. અનંત કેવળજ્ઞાની પામ્યા એ પણ આ રીતે કેવળજ્ઞાન પામ્યા છે. આહા..હા..! સમ્યગ્દર્શન પામ્યા એ પણ ધ્રુવમાં એકાગ્રતાથી પામ્યા છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**સર્વ આત્મપ્રદેશે...**' અસંખ્ય પ્રદેશ, પોતાનો દેશ અસંખ્ય. '**અત્યંત-આનંદરૂપી...**' આહા..હા..! '**પરમસુધારસના પૂર...**' આહા..હા..! પર્યાયની વાત છે હોં આ. '**પરમસુધારસના પૂર...**' પર્યાય. આહા..હા..! ભગવાન તો ચૈતન્યપૂર છે, દ્રવ્ય એ પણ આનંદપૂર છે. પૂર

વહે છે અંદર. આનંદનો ચૈતન્યના સ્વભાવનું ધ્રુવમાં. પણ એનો આશ્રય કરીને પર્યાયમાં પૂર વહ્યું, કહે છે. આહા..હા..! આવી દેશના! આવો ઉપદેશ કેવો? જાત્રા કરવી, ભક્તિ કરવી. એ આ જાત્રાની વાત અહીં. બાપા! બહારની જાત્રા તો શુભરાગ છે. આ તો ભગવાનની જાત્રા કરવી. નિજ આત્મામાં અંતર જાવું એ જાત્રા છે. આહા..હા..! એ તીર્થ છે પોતે ભગવાન. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો બધી ધૂળ અને માટી છે. સમજાણું કાંઈ? એમાં વાણી, બાણી માટી છે, વિકલ્પ તે વિકાર છે. આહા..હા..!

અહીં તો કહે છે કે જે તીર્થંકરો ચોવીસ થયા એમ અનંત લઈ લેવા. બધાએ નિજ આત્મા ધ્રુવની સાથે પર્યાયનું જોડાણ કર્યું છે. એમાં વાળી. એના ફળ તરીકે મોક્ષને પામ્યા. મોક્ષ એટલે શું? કે આત્મપ્રદેશે અનંત અત્યંત આનંદરૂપી પરમસુધારસ. આનંદરૂપી અમૃતનો રસ પર્યાયમાં. એના પૂરથી, પૂર વહ્યું અંદર પર્યાયમાં તૃપ્ત-તૃપ્ત થઈ ગયા. આહા..હા..! ટીકાકારને શબ્દો ઓછા પડે છે. આહા..હા..! વાણીમાં એને નાખવો, ભગવાન વાણીથી બહાર છે. આહા..હા..! બાર અંગનું કથન પણ સ્થૂળ છે એમ કહ્યું છે. બાર અંગનું. જેમાં ચૌદ પૂર્વ તો એક ભાગ છે પાંચ માહ્યલો. ઓહો..હો..! હાથી ઉભો રાખે મોટો. એકલી .. હોય. તેટલી .. અને વનસ્પતિના ટૂંકા જાડની કલમું હોય. એક પછી એક પછી એક વનની કલમ. એ બધાની કલમ બનાવે અને હાથી જેટલી ... બોળીને કરે તો પૂર્વનું લખી ન શકાય. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એવું તો નવ પૂર્વનું જ્ઞાન તો અભવિને પણ થયું છે. અનંતકાળમાં એ દૃષ્ટિના ભ્રમમાં એને માની લીધું કે અમને.. ભ્રમમાં એને અગિયાર અંગ, નવપૂર્વનું જ્ઞાન થયું, પણ બધું મિથ્યાત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ ભાવથી તો પરસુધારસનું પૂર. ઓહો..હો..! પરમ આનંદનું પૂર, ચૈતન્યનું નૂરનું પૂર ભગવાન, એની એકાગ્રતાથી પર્યાયમાં સુધારસનું પૂર આવ્યું. ધન્નાલાલજી! આહા..હા..! જુઓ, આ સિદ્ધપણાની વ્યાખ્યા!

'**પૂરથી પરિતૃપ્ત થયા;...**' તૃપ્ત નથી. બધી રીતે પૂર્ણ તૃપ્ત... તૃપ્ત... તૃપ્ત થઈ ગયા. આહા..હા..! પરમાનંદના સુધારસના પૂરથી પરિતૃપ્ત થઈ ગયા સિદ્ધ. પણ આ જિનવર આ ભક્તિ કરીને. .. બાપુ! માર્ગ તો આ છે. એને જ્ઞાનમાં એ વાત પહેલી નક્કી તો કરવી પડશે. વિકલ્પસહિત પણ પહેલી નક્કી તો આ કરવી પડશે. આહા..હા..! એનો ખરો નિર્ણય તો અનુભવ કરે ત્યારે આવે. સમજાણું કાંઈ? પણ પહેલું આ રીતે તેને નક્કી કરવું પડશે. પહેલું એવું આવ્યા વિના રહે નહિ. આહા..હા..! '**પરિતૃપ્ત થયા; માટે સ્ફુટિતભવ્યત્વગુણવાળા...**' જેનો ભવ્યગુણ પાકી ગયો, પ્રગટ થઈ ગયો, કહે છે. આહા..હા..! સ્ફુટિત પ્રગટ થયેલ પ્રગટ. ભવ્યનો પાક થઈ ગયો છે ઈ કહે છે. ભવ્યત્વ યોગ્યતા પાકી ગઈ અંદર.

એ '**સ્ફુટિતભવ્યત્વગુણવાળા હે મહાજનો!**' અમારે વીરજીભાઈ કહેતા. આ લોકો

મહાજન છેને જીવરાજજી ને વીરજીભાઈને એ બધા મહાજન છે. એય..! મહાજન છેને? એ બધા મહાજન. ભગવાનજી મહાજન છે. અમારા વીરજીભાઈ કહેતા. મહાજન કહેતાને? વીરજીભાઈ કહેતા. હે મહાજન! મહાજન. તમારે મહાજન કહેવાય છેને? એટલે વીરજીભાઈ કહેતા જીવરાજજીને. .. બે ભાઈઓ ... હે મહાજન! આહા..હા..! '**ભવ્યત્વગુણવાળા હે મહાજનો!**' લ્યો! આ ..ભાઈ મહાજન છેને? બધા મહાજન છે. આહા..હા..! ... '**હે મહાજનો!**' આહા..હા..! '**તમે નિજ આત્માને પરમવીતરાગ સુખની દેનારી...** ' આહા..હા..! તમે ભગવાન આત્માને '**નિજ આત્માને પરમવીતરાગ સુખની દેનારી...**' સિદ્ધપદ, મોક્ષપદ. '**એવી તે યોગભક્તિ કરો.**' આહા..હા..! સમજાણું કાંઈ? પરમેશ્વરને સાક્ષાત્ કરો, કહે છે. પરમેશ્વર ભગવાન છે એની સાથે સાક્ષાત્ થાઓ. આહા..હા..! એક-એક શબ્દો, એક-એક ગાથા અલૌકિક છે.

સવારે ઓલી ધૂનમાં પાંચ મિનિટ વધી ગઈ, નહિ? એ ન બોલ્યા હોત તો હું સાડા નવ સુધી વયો જાત વ્યાખ્યાનમાં. આમ મેં જોયું તો મને ખ્યાલ આવ્યો કે વાર છે. પણ સવા આઠ પછી બે-ત્રણ મિનિટ પછી. '**તમે નિજ આત્માને...**' જોયું! તમે તમારા આત્માને અંદર. આહા..હા..! '**પરમવીતરાગ સુખની દેનારી એવી તે યોગભક્તિ કરો.**' આહા..હા..! વર્તમાન એ પરમશાંતિની દેનારી અને એના ફળમાં પરમવીતરાગ સુખની દેનારી. આ જગતના સુખ ચક્રવર્તીના, ઈન્દ્રોના, બળદેવના બધા ધૂળના સુખ છે ઝેરના. આહા..હા..! એ રાગના પીણા પીવે છે ઝેરના. આ તો અમૃતના પીણા જેને પ્રગટ કરવા હોય એને આવી ભક્તિ કરો, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**(હવે, આ પરમ-ભક્તિ અધિકારની છેલ્લી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ સાત શ્લોક કહે છે :)**' ગાથા એક સાત શ્લોક. એને ... આહા..હા..! શું કહીએ? ક્યા કહીએ? કેટલું કહીએ? એમ થઈ જાય છે એને. એક-એક ગાથાના સાત. ભાઈ! તને ખબર નથી. તારો નાથ અંદર અમૃતના સાગરથી ભરેલો છે. ભાઈ! તને ખબર નથી. ઓળખાણ નથી તને. આહા..હા..! એ તો અતીન્દ્રિય અમૃતના સુખથી ભરેલો ભગવાન પડ્યો છે અંદર ભાઈ! તું એ છો. એને આત્મા કહીએ. આહા..હા..! રાગને, શરીરને, વાણીને, મન એ આત્મા નહિ. આહા..હા..! અહીં તો એક સમયનો પર્યાય તે આત્મા નહિ. આહા..હા..! ત્રિકાળી આત્મામાં પર્યાયને જોડ. જુઓ, એ આત્માની.. વ્યવહાર છે એ નિશ્ચયને... કારણ કે વ્યવહારનો વિષય નિશ્ચય છે. સમજાણું કાંઈ? સાતમી ગાથામાં આવ્યું નહિ? દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપે પરિણમે તે આત્મા, પણ એ પણ વ્યવહાર છે. આહા..હા..! એ વ્યવહારને કહેનારે પણ અનુસરવાલાયક નથી અને સાંભળનારે પણ અનુસરવાલાયક નથી એમ કહ્યું છે ત્યાં. પણ વ્યવહાર સિવાય, ભેદ પાડ્યા સિવાય કોઈ કથન .. એટલે વ્યવહારનય સ્થાપવાયોગ્ય છે. વ્યવહાર છે ખરો, પણ અનુસરણ કરવાલાયક નથી. આહા..હા..! સાતમાં

કિધુને એ. બહુ સાધિક હોય તો લ્યો કળશમાં આવે છેને. બહુ બુદ્ધિવાળો હોય તોપણ આટલું તો કહેવું જોઈએ એણે કે જ્ઞાન તે આત્મા. ભેદ પાડ્યા વિના સમજાવી શકાય નહિ. ભેદ છે એ અભેદને બતાવે છે. ભેદથી અભેદ જણાય છે એમ નહિ. ભેદ એને જણાવે છે. લક્ષ ભેદનું છોડીને ત્યાં જાય. સમજાણું કાંઈ? સાત શ્લોક કહે છે લ્યો. ૨૩૧ છે.

(शार्दूलविक्रीडित)

नाभेयादिजिनेश्वरान् गुणगुरून् त्रैलोक्यपुण्योत्करान्
श्रीदेवेन्द्रकिरीटकोटिविलसन्माणिक्यमालार्चितान्।
पौलोमीप्रभृतिप्रसिद्धदिविजाधीशांगनासंहतेः
शक्रेणोद्भवभोगहासविमलान् श्रीकीर्तिनाथान् स्तुवे।।२३१।।

'पौलो' એટલે? શચી હવે એ સ્તુતિ ભગવાનની કરે છે પોતે. આ ભગવાને આમ કર્યું એ ભગવાનની સ્તુતિ કરે છે. વિશેષ કહેવાશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**માગશર સુદ-૬, સોમવાર, તા. ૦૮-૧૨-૧૯૭૫**
**ગાથા-૧૪૧, કળશ-૨૩૧ થી ૨૩૭, પ્રવચન નં. ૧૧૮**

નિયમસાર, પરમ-ભક્તિ અધિકાર. છેલ્લી ગાથા-૧૪૦. કળશ.

(शार्दूलविक्रीडित)

नाभेयादिजिनेश्वरान् गुणगुरून् त्रैलोक्यपुण्योत्करान्
श्रीदेवेन्द्रकिरीटकोटिविलसन्माणिक्यमालार्चितान्।
पौलोमीप्रभृतिप्रसिद्धदिविजाधीशांगनासंहतेः
शक्रेणोद्भवभोगहासविमलान् श्रीकीर्तिनाथान् स्तुवे।।२३१।।

ચોવીસ તીર્થંકના નામ છેને એટલે તીર્થંકરની ભક્તિ કરે છે.

'**શ્લોકાર્થ :- ગુણમાં જેઓ મોટા છે,...**' જિનેશ્વર ઋષભ આદિ ભગવાન ગુણમાં એટલે પર્યાય પૂર્ણ જેને થઈ ગઈ છે. એ ગુણમાં મોટા છે. '**જેઓ ત્રિલોકનાં પુણ્યના રાશિ છે...**' પુણ્યમાં પણ ત્રણલોકના જાણે પુણ્ય એકઠા થયા હોય એવા પુણ્ય છે. તીર્થંકર છેને? ગુણમાં પણ મોટા અને પુણ્યમાં પણ મોટા. '**ત્રિલોકનાં પુણ્યના રાશિ છે...**' ત્રણલોકના પુણ્ય જાણે એકઠા થયા હોય. '**દેવેન્દ્રોના મુગટની કિનારી પર પ્રકાશતી માણેકપંક્તિથી જેઓ પૂજિત છે (અર્થાત્ જેમનાં ચરણાવિંદમાં દેવેન્દ્રોના મુગટ ઝૂકે છે),...**' દેવ,

ઈન્દ્રોના મુગટ હોય છે માણેકરત્નથી, ત્યાં ઝૂકી જાય છે.

'(**જેમની આગળ) શચી આદિ પ્રસિદ્ધ ઈન્દ્રાણીઓના સાથમાં શક્રેન્દ્ર વડે કરવામાં આવતા...**' ઈન્દ્રાણી સાથે ઈન્દ્ર પોતે ભગવાન પાસે નાચે છે. શક્રેન્દ્ર એકાવતારી છે. એ પણ ભગવાન પાસે નાચે છે. શુભભાવ છેને. ભક્તિનો ભાવ આવેને. લ્યો, નાચે છે એમ કહ્યું.

**શ્રોતા :-** નાચવું જ જોઈએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** .. ભક્તિ થાય. શુભભાવ હોય એને નાચવાની ક્રિયા કહે છે. આહા..હા..!

'**ગાન...**' કરે. શક્રેન્દ્ર, ઈન્દ્રાણીની સાથે ગાન કરે. ભગવાનના ગુણગાન કરે. '**આનંદથી જેઓ શોભે છે,...**' ખુશીથી જેઓ.. ખુશીમાં રાજી.. છે. ઈન્દ્ર-ઈન્દ્રાણી ભક્તિ કરતા ખુશીમાં છે. આહા..હા..! શુભભાવ છેને એ? છે તો એ ખેદ, પણ બહારથી રાજીપો છેને. '**અને શ્રી તથા કીર્તિના જેઓ સ્વામી છે...**' '**શોભા; સૌંદર્ય; ભવ્યતા.**' બધું એની પાસે, ભગવાન પાસે. એનું શરીર પરમ-ઔદારિક, વાણી દિવ્યધ્વનિ અને સભા ઈન્દ્રોની બેઠી હોય છે એવી '**શ્રી તથા કીર્તિના જેઓ સ્વામી છે...**' ત્રણલોકમાં જે કીર્તિ એના સ્વામી છે. '**તે શ્રી નાભિપુત્રાદિ જિનેશ્વરોને હું સ્તવું છું.**' લ્યો! મુનિરાજ કહે છે પદ્મપ્રભમલધારિદેવ. એ ભગવાનની ભક્તિ કરી. હવે ભગવાને કઈ ભક્તિ કરી?

(आर्या)

वृषभादिवीरपश्चिमजिनपतयोप्येवमुक्तमार्गेण।
कृत्वा तु योगभक्तिं निर्वाणवधूटिकासुखं यान्ति।।२३२।।

'**શ્લોકાર્થ :- શ્રી વૃષભથી માંડીને શ્રી વીર સુધીના જિનપતિઓ પણ યથોક્ત માર્ગે (પૂર્વોક્ત પ્રકારે) યોગભક્તિ કરીને...**' ભગવાન આનંદસ્વરૂપની ભક્તિ કરીને.. એ યોગભક્તિ કરી કહેવાય. આનંદસ્વરૂપ પરમાત્મા પોતે છે, એમાં એકાગ્રતા એ યોગભક્તિ. પૂર્ણ આનંદસ્વરૂપ ધ્રુવસ્વરૂપ એમાં જેની એકાગ્રતા છે. એવી જેણે યોગભક્તિ કરી. '**નિર્વાણવધૂના સુખને પામ્યા છે.**' મૂળ ગાથામાં આવી ગયું છે આ. આ કળશ કર્યા છે. પાઠમાં એ છે જુઓ,

उसहादिजिणवरिंदा एवं काऊण जोगवरभत्तिं।
णिव्वुदिसुहमावण्णा तम्हा धरु जोगवरभत्तिं।।१४०।।

આહા..હા..! '**શ્રી વૃષભથી માંડીને શ્રી વીર સુધીના જિનપતિઓ...**' તીર્થંકરો એ '**પણ યથોક્ત માર્ગે યોગભક્તિ કરીને...**' આહા..હા..!

**શ્રોતા :-** એ તો ભક્તિથી ધર્મ થાયને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભક્તિ આ એ ભક્તિ પોતે ધર્મ છે. કઈ ભક્તિ? આનંદસ્વરૂપમાં

લીનતા એ ભક્તિ. અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન નિત્યાનંદ પ્રભુ એમાં એકાગ્રતા એ ભક્તિ. એ '**જિનપતિઓ પણ યથોક્ત માર્ગે યોગભક્તિ કરીને...**' આહા..હા..! '**નિર્વાણવધૂના સુખને પામ્યા છે.**' મોક્ષમાર્ગ એ જિનવર યોગભક્તિ છે અને એનું ફળ છે એ નિર્વાણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અનંત તીર્થંકરો અને અનંત કેવળીઓ. એણે આનંદનો નાથ ભગવાન ધ્રુવ ચૈતન્ય એમાં નિર્મળ પરિણતિ એકાગ્ર થઈને જોડી. આહા..હા..! એ ભક્તિથી મુક્તિ પામ્યા. આ ભગવાનની ભક્તિ અને પૂજા એ બધો તો શુભભાવ છે. સમજાણું કાંઈ? અને આ તો આત્માની ભક્તિ, એનું ભજન. શુદ્ધ આનંદકંદ પ્રભુને ધ્યેય બનાવી અને જે ધ્યેય બન્યું ત્યાં પરિણતિ જે થઈ આહા..હા..! એ યોગભક્તિ કહી. યોગભક્તિ. એનાથી નિર્વાણ પામ્યા. ૨૩૩.

(आर्या)

अपुनर्भवसुखसिद्धयै कुर्वेहं शुद्धयोगवरभक्तिम्।
संसारघोरभीत्या सर्वे कुर्वन्तु जन्तवो नित्यम्।।२३३।।

આહા..હા..! '**શ્લોકાર્થ :- અપુનર્ભવસુખની (મુક્તિસુખની) સિદ્ધિ અર્થે...**' પરમાનંદની પૂર્ણ પ્રાપ્તિ એ મુક્તિ. એ મુક્તિ જે પૂર્ણાનંદની પ્રાપ્તિના સુખને માટે. આહા..હા..! '**સિદ્ધિ અર્થે હું શુદ્ધયોગની ઉત્તમ ભક્તિ કરું છું;...**' શુદ્ધયોગ. ત્રિકાળી શુદ્ધ ઉપયોગ જે ત્રિકાળી શુદ્ધસ્વભાવ, એમાં જે યોગનું જોડાણ એવી ઉત્તમભક્તિ હું કરું છું. આહા..હા..! નિત્ય શુદ્ધાત્મા તેની સન્મુખની નિર્મળ પરિણતિ વીતરાગીદશા એને અહીંયાં યોગની ઉત્તમભક્તિ કીધી છે. આહા..હા..! ભાષા પણ જુદી, ભાવ પણ જુદાં બધું. નિયમસાર તો કળશે-કળશે, ગાથાએ-ગાથાએ માખણ એકલું ભર્યું છે. નિત્યાનંદનો નાથ પોતે આત્મા એને ધ્યેય બનાવીને. ધ્યેય બનાવ્યું ત્યાં પરિણતિ જે થઈ. આહા..હા..! તે ભક્તિથી મુક્તિ થાય છે. કહો, સમજાણું કાંઈ? પછી આ બહારની ભક્તિ હોય છે એને લોકો સાધન કહે. સાધન એ નથી.

**શ્રોતા :-** બંધનું સાધન મુક્તિનું ઘર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સાધન અંદર શુદ્ધ ભક્તિ તે સાધન છે. સમજાણું કાંઈ? પરમશ્વેર પૂર્ણાનંદનો નાથ આત્મા. એમાં અંતરની એકાગ્રતા એ ભક્તિ, મુક્તિનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**સંસારની ઘોર ભીતિથી...**' આહા..હા..! ચાર ગતિમાં રખડવું, ભવ કરવા એનો ભય પામીને. આહા..હા..! સ્વર્ગનો ભવ પામવો એ દુઃખની દશા છે. '**સંસારની ઘોર ભીતિથી...**' ચાર ગતિના ભવનો ભય થવો. એવી '**ભીતિથી સર્વ જીવો નિત્ય તે ઉત્તમભક્તિ કરો.**' આહા..હા..! આત્મા શુદ્ધ ચૈતન્યઘન ધ્રુવ સામાન્ય અભેદ એકરૂપ એની ભક્તિ કરો તો મુક્તિ થશે એમ કહે છે. '**સર્વ જીવો...**' લ્યો! સાગમટે કીધું. '**નિત્ય...**' કાયમ આનંદના નાથને અંદર એકાગ્ર કરો. આહા..હા..! '**તે ઉત્તમ ભક્તિ કરો.**' લ્યો! કરવાનું આવ્યું આ. કરવાનું

કીધું આ. કે એણે શું કરવું? કરવું બહારની ક્યાં વાત છે? અંતર આનંદના સ્વભાવમાં એકાગ્ર થવું એ કરવું. એ કરવું નથી?

**શ્રોતા** :- એ તો છેલ્લું કરવું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પહેલું જ કરવાનું એ છે. કહો, ધન્નાલાલજી! શરૂઆતથી જ એ કરવાનું છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે... નિયમસાર છેને આ? નિયમસાર. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિશ્ચય એ નિયમસાર એ મોક્ષમાર્ગ. એ મોક્ષમાર્ગ અહીંયાં સર્વ જીવો નિત્ય ઉત્તમ ભક્તિ કરો એ મોક્ષમાર્ગ. આહા..હા..! એવું ભાઈ! આ શરીર આ તો જડ, માટી, ધૂળ છે. એમાં તો આત્મા નહિ. આ તો જડ, અજીવ, મડદું છે.

**શ્રોતા** :- મૃતક્લેવર!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- મરેલું, કરેલું.. આ શું છે? આહા..હા..! અજીવ છે. મૃતકકલેવર. અજ્ઞાની મૃતક્કલેવરમાં મૂર્છાણો. આવે છેને એ તો કર્તાકર્મમાં. આહા..હા..! પરમાણુએ પરમાણુ ચૈતન્યની જાતથી અજાત છે, કજાત છે જડ, એનાથી ભગવાન અંદર ભિન્ન છે. કર્મથી ભિન્ન છે, રાગથી પણ ભિન્ન કરે છે ત્યારે તેને નિર્મળ પરિણતિ પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? રાગથી ભિન્ન પડતાં પર્યાય દ્રવ્યની સન્મુખ જાય છે. તે પરિણતિને અહીંયાં યોગવરભક્તિ અને મોક્ષનો માર્ગ કહ્યો છે. એટલે લોકોને આ તો નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય... પણ નિશ્ચય નહિ સત્ય જ આ છે, ભાઈ! વ્યવહાર હોય છે વચમાં, પણ એ તો વિઘ્ન કરનાર છે. આહા..હા..! પુણ્યબંધનું કારણ છે. અબંધસ્વભાવી ભગવાનને શુભભાવ એ તો બંધનું કારણ છે. આહા..હા..! હોય, પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં એવો ભાવ હોય છે, પણ એ મુક્તિનું કારણ નથી. આહા..હા..!

'**નિત્ય તે ઉત્તમભક્તિ કરો.**' જુઓ, કાયમ તે દ્રવ્યના સ્વભાવનો આશ્રય લઈને. આહા..હા..! નિત્યની અંદર રમણતા કરો. સમજાણું કાંઈ? આવી ભાષા, લ્યો! આકરી પડેને એટલે લોકો બધા વ્યવહાર... વ્યવહાર... વ્યવહાર... ચાલ્યા. '**સર્વ જીવો નિત્ય તે ઉત્તમ ભક્તિ કરો.**' ભગવાનની ભક્તિને પણ પરમભક્તિ વ્યવહારે કહી છે. આવી ગયું છેને એ? સિદ્ધની ભક્તિ પણ પરમભક્તિ વ્યવહારે અને આ પરમાર્થે આ. તેની સર્વ જીવો ભક્તિ કરો, એમ કહે છે. તે પણ કાયમ એની કરો એમ કહે છે. દ્રવ્યસ્વભાવ તરફ સન્મુખ કાયમ રહો. આહા..હા..! કહો, કાંતિભાઈ! નિત્ય છે. આહા..હા..! જેવો ભગવાન નિત્ય આનંદસ્વરૂપ, છે એમ નિત્ય તેના સન્મુખની અંદર ભક્તિ કરો. આહા..હા..! માર્ગ તો આ છે. પછી બીજી રીતે કહે અને વ્યવહારથી થાય એ બધી વાતું છે. વાસ્તવિકતા એ નથી. સમજાણું કાંઈ? એ ૨૩૩ થયો. ૨૩૪.

(शार्दूलविक्रीड़ित)

रागद्वेषपरंपरापरिणतं चेतो विहायाधुना
शुद्धध्यानसमाहितेन मनसानंदात्मतत्त्वस्थितः।
धर्मं निर्मलशर्मकारिणमहं लब्ध्वा गुरोः सन्निधौ
ज्ञानापास्तसमस्तमोहमहिमा लीये परब्रह्मणि।।२३४।।

'**શ્લોકાર્થ :- ગુરુના સાન્નિધ્યમાં...**' એમ કહે છે કે ગુરુ એવા હોય કે જે દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરાવીને સ્થિરતા કરાવે એવા ગુરુ હોય. સમજાણું? એ માટે ગુરુ નાખ્યા છે. આહા..હા..! '**ગુરુના સાન્નિધ્યમાં નિર્મળસુખકારી ધર્મને પ્રાપ્ત કરીને,...**' લ્યો! ગુરુએ એને એમ કહ્યું કે ત્રિકાળી ભગવાન આનંદના નાથની સમીપમાં જા અંદર. સમજાણું કાંઈ? એથી ગુરુ નાખ્યા. ગુરુએ આવો જ ઉપદેશ દીધો છે. ઓલામાં આવ્યું નહિ? પાંચમામાં આવશેને? અરિહંતથી માંડીને મારા ગુરુએ શુદ્ધાત્માનો ઉપદેશ.. બસ, બીજો કાંઈ ઉપદેશ નહોતો આપ્યો? પણ જે શુદ્ધ આત્મા છે તેમાં એકાગ્ર થવું એવો ઉપદેશ ગુરુએ આપ્યો છે. આહા..હા..! કુંદકુંદાચાર્ય એમ કહે છે કે મારા અરિહંત ભગવાન જે વિજ્ઞાનઘનમાં લીન છે. વિજ્ઞાનઘનમાં. આહા..હા..! એથી મારા ગુરુપર્યંત બધા વિજ્ઞાનઘનમાં લીન છે. આહા..હા..! ક્યાં છદ્મસ્થ અને ક્યાં કેવળી? એ બધાઓએ અમને અમારા ગુરુપર્યંતે અમને શુદ્ધાત્માનો ઉપદેશ આપ્યો. આહા..હા..! પ્રભુ! તું શુદ્ધ આનંદનો નાથ પૂર્ણાનંદસ્વરૂપ, ભાઈ! એમાં એકાગ્ર થા. આહા..હા..!

વસ્તુ શુદ્ધ ચૈતન્યઘન છે. જેને જ્ઞાયકભાવ કહેશે છઠ્ઠી ગાથામાં. શુદ્ધ કહેશે જેને શુદ્ધ. એ ત્રિકાળી આત્મા. જ્ઞાયક તે ત્રિકાળી પર્યાય વિનાનો તે શુદ્ધ છે. આહા..હા..! છઠ્ઠી ગાથામાં. પર્યાય જ નથી એને એકેય. અહીં છઠ્ઠીના લેખ ત્યાંથી લખ્યા. આ છઠ્ઠીના લેખ નથી લખતા? જન્મ્યા પછી કાંઈક કરે છેને? કાગળમાં લીટા તાણે. આ છઠ્ઠીના લેખ છે. કહે છે કે '**ગુરુના સાન્નિધ્યમાં નિર્મળસુખકારી ધર્મને પ્રાપ્ત કરીને,...**' કેમકે એણે એ જ કહ્યું હતું. આહા..હા..! અનંતગુરુ અને અનંત કેવળીઓએ, અનંત તીર્થંકરોએ આ કહ્યું હતું. એના સાન્નિધ્યમાં. નિમિત્તથી કથન છે. એણે કહ્યું કે '**નિર્મળસુખકારી ધર્મને પ્રાપ્ત કરીને,...**' આહા..હા..! ધર્મ કેવો છે? કે નિર્મળ આનંદકારી ધર્મ છે. આહા..! પર્યાયમાં નિર્મળ સુખકારી આનંદને, ધર્મને પ્રાપ્ત કરીને '**જ્ઞાન વડે જેણે સમસ્ત મોહનો મહિમા નષ્ટ કર્યો છે...**' આહા..હા..! જ્ઞાન સમ્યક્ ચૈતન્યના વેદન વડે '**જેણે સમસ્ત મોહનો મહિમા...**' મોહ મહિમા '**નષ્ટ કર્યો છે એવો હું,...**' આહા..હા..! પૂર્ણાનંદના નાથનો મહિમા અપાર. એણે મેં મોહના મહિમાને નષ્ટ કર્યો છે મારી મહિમા કરીને. આહા..હા..! સમજાણું કાંઈ? અધ્યાત્મની વાત તો, ભાઈ! પુનરાવર્તનમાં પણ એ આવે. વસ્તુ એવી છે.

'**જેણે સમસ્ત મોહ...**' પરતરફની એકાગ્રતા એની મહિમા નષ્ટ કરી. વ્યવહારમાં રાગની

પણ મહિમા જેણે નષ્ટ કરી છે. આહા..હા..! **'એવો હું,...'** એમ કહે છે. જોયું! આહા..હા..! **'ધર્મને પ્રાપ્ત કરીને...'** વત્થુ સહાવો ધમ્મો. વસ્તુ ભગવાન આત્મા એનો ધર્મ ત્રિકાળી જ્ઞાયક આદિ એને પર્યાયમાં પ્રાપ્ત કરીને. આહા..હા..! સમજાણું કાંઈ? **'જ્ઞાન વડે જેણે સમસ્ત મોહનો મહિમા નષ્ટ કર્યો છે...'** શ્રીમદ્‌માં આવે છેને દર્શનમોહ, જ્ઞાન વડે મોહનો નાશ. દર્શનનો. 'હણે બોધ વીતરાગતા.' જ્ઞાનથી સમ્યક્ આનંદ-જ્ઞાનથી અજ્ઞાનને હણે છે અને સ્થિરતાથી ચારિત્ર રાગની અધિકતાને હણે છે. આવે છે? આત્મસિદ્ધિમાં. 'ધર્મમોહની બે દર્શન ચારિત્ર નામ, હણે બોધ વીતરાગતા અચુક ઉપાય આમ.' સમજાણું કાંઈ? અંતર ભગવાન પૂર્ણાનંદનું જ્ઞાન કરી અને જ્ઞાને અજ્ઞાનને હણ્યું. પૂર્ણ સ્થિરતા કરીને અસ્થિરતાનો જેણે નાશ કર્યો. **'એવો હું,...'** આહા..હા..! નિજસ્વરૂપની મહિમા પરિણતિએ કરી અને મેં નિર્મળ સુખકારી ધર્મનો પ્રાપ્ત કર્યો. આહા..હા..!

એથી **'સમસ્ત મોહનો મહિમા નષ્ટ કર્યો છે...'** આહા..હા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવની પણ મહિમા મેં નાશ કરી છે, એમ કહે છે. આવી વાત છે. આહા..હા..! મહાપ્રભુ આનંદનો નાથ. આહા..હા..! આ કુંભ સ્થાપતા નથી? શું આ કાંઈક કરે છે? વાસ્તુ કરે ત્યારે નહિ? કુંભ-કુંભ.

**શ્રોતા :-** મગ નાખે અંદર.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મગ નાખતા હશે આપણે કુંભ. નાળિયેર છે ત્યાં એક કુંભ. ત્યાં અમારે ઓલા.. બહેનને કીધું હતું. નાળિયેર ઉપર કુંભ ચીતર્યો છે. નહિ આપણે પડ્યો છેને? કેદુનો પડ્યો છે. કુંભ-કુંભ સમજો છો? ઘડો. ઘડો મૂકેને આ પહેલું વાસ્તુ કરે તો. એમ આ કુંભ મૂક્યો પહેલો. પૂર્ણાનંદનો નાથ એવો અનુભવ છે એ કુંભ મૂક્યો પહેલો. આહા..હા..! .. મૂકી દીધો. બહેને માથે.. નાળિયેર છેને નાળિયેર? .. છે. શું કહેવાય ઈ? કુંભ ચીતર્યો છે. આહા..હા..! કુંભ નામ પાણી ભરેલો ઘડો. આ આનંદથી ભરેલો ઘડો આ તો. આહા..હા..! ઘટમાં વસેલો ભગવાન તે અઘટ થવા માટે ઘટનો ભગવાન આનંદનો ઘટ છે. આહા..હા..! એ કાંઈક નાખ્યું છે નહિ ભાઈએ હુકમચંદજીએ. હુકમચંદજી.

**શ્રોતા :-** ઘટઘટ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઘટઘટમાં રચનારો એટલે બધાને જાણનારો અઘટરૂપ થવા માટે. ભાઈએ નાખ્યું નહિ?

**'હવે રાગદ્વેષની પરંપરારૂપે પરિણત ચિત્તને છોડીને,...'** આહા..હા..! શુભ અને અશુભ, શુભ અને અશુભભાવ. એક પછી એક પરંપરા થાય એવી દશાને પરિણત ચિત્તને છોડીને. આહા..હા..! **'શુદ્ધધ્યાન વડે સમાહિત...'** શુદ્ધસ્વરૂપની એકાગ્રતા વડે **'(-એકાગ્ર, શાંત) કરેલા મનથી...'** આહા..હા..! **'આનંદાત્મક તત્ત્વમાં સ્થિત રહેતો થકો,...'** આહા..હા..! કેવો છે ભગવાન આત્મા? આનંદસ્વરૂપ તત્ત્વ છે એ. આનંદસ્વરૂપ તત્ત્વ ભગવાન

આત્મા એમાં સ્થિત રહેતો થકો, એ પર્યાય થઈ. આનંદસ્વરૂપ તત્ત્વમાં સ્થિત રહેતો થકો. તત્ત્વ આત્મ ભગવાન આનંદસ્વરૂપ છે ત્રિકાળ. એમાં સ્થિત રહેતો થકો, એમાં એકાગ્ર થતો થકો.

'**પરમબ્રહ્મમાં લીન થાઉં છું.**' હું પરમબ્રહ્મમાં લીન થાઉ છું. આહા..હા..! પરમાત્મા પોતે ભગવાન પોતે જ પરમાત્મા છે. વસ્તુ તરીકે, દ્રવ્ય તરીકે પરમાત્મા પોતે આત્મા છે. આહા..હા..! અપ્પા સો પરમઅપ્પા. એમાં બહુ આવે છે આનું. તારણસ્વામીનું બહુ આવે છે. અપ્પા સો પરમઅપ્પા. એ પોતે પરમાત્મા વસ્તુસહિત એમાં લીન થાવ છું. આહા..હા..! શુભ આદિની પરિણતિરૂપ ચિત્તને છોડી હું આનંદામૃત એવું જે તત્ત્વ તેમાં સ્થિત રહેતો થકો પરમાત્મામાં લીન થાઉં છું. એ પરમસ્વરૂપ છે એમાં લીન થાઉં છું. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? કળશો પણ ઉંચી ચીજ છે. આહા..હા..! જે આનંદસ્વરૂપ તત્ત્વ છે એમાં આનંદની પરિણતિ પ્રગટ કરીને હું સ્થિર થાઉં છું ત્યાં એમ કહે છે. આહા..હા..! એ પરમાત્મામાં હું સ્થિર થાઉં છું. આ પરમાત્મા હોં. પરમસ્વરૂપ તે પરમાત્મા એમાં હું લીન થાઉં છું. આહા..હા..! જુઓ, આ છદ્મસ્થ સાધુ! પંચમ આરાના સાધુ. હજાર વર્ષ પહેલા પણ આમ કહે છે. અમે આનંદસ્વરૂપ છીએ, એમાં અમે લીન થઈએ છીએ. આહા..હા..! સમજાણું કાંઈ? આવું સાધારણ માણસ. વ્યવસાય રાગાદિમાં પડ્યા એને આ વાત એવી કઠણ લાગે. વસ્તુ આ છે. એ વસ્તુમાં એકાગ્ર થયા વિના કોઈ રીતે બીજો મોક્ષનો ઉપાય નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**શુદ્ધધ્યાન વડે સમાહિત (-એકાગ્ર, શાંત) કરેલા મનથી...**' આહા..હા..! આનંદસ્વરૂપ તત્ત્વમાં સ્થિત રહેતો થકો '**(પરમાત્મામાં) લીન થાઉં છું.**' આહા..હા..! લ્યો આનું નામ ભક્તિ, આનું નામ મોક્ષનો માર્ગ. આહા..હા..! એ નિશ્ચયભક્તિ કહો કે મોક્ષમાર્ગ કહો. વ્યવહાર વચ્ચે હોય, પણ એ કાંઈ મુક્તિનું કારણ નથી, એ બંધનું કારણ છે. આહા..હા..! એ ૨૩૪ થયો. ૨૩૫.

(अनुष्टुभ्)

निर्वृतेन्द्रियलौल्यानां तत्त्वलोलुपचेतसाम्।<br>
सुन्दरानन्दनिष्यन्दं जायते तत्त्वमुत्तमम्।।२३५।।

'**શ્લોકાર્થ :- ઇન્દ્રિયલોલુપતા જેમને નિવૃત્ત થઈ છે...**' આહા..હા..! પાંચેય ઇન્દ્રિયના વલણનો ભાવ જેનો નાશ થયો છે. આહા..હા..! '**અને તત્ત્વલોલુપ...**' છે. તત્ત્વ આનંદનો નાથ ભગવાન તેનો લોલુપી જીવ છે, એટલે અતિ ઉત્સુક છે. આહા..હા..! ઇન્દ્રિયોના વિષય તરફના વલણને જેણે છોડ્યું છે અને અતીન્દ્રિય એવો ભગવાન આત્મામાં અતિ ઉત્સુકપણે લોલુપી જીવ છે. આહા..હા..! એવું '**જેમનું ચિત્ત છે,...**' તત્ત્વલોલુપ એવું જેમનું ચિત્ત છે. જ્ઞાનની પર્યાય તત્ત્વની લોલુપમાં એકાગ્ર થાય છે કહે છે. આહા..હા..! '**તેમને...**' તેવા

જીવને. આ તો ભાઈ તત્ત્વની એકલી માખણ ચીજ છે. સમજાણું કાંઈ?

'**સુંદર-આનંદઝરતું...**' આહા..હા..! જેને સુંદર આનંદમય તત્ત્વને જેણે ધ્યાનમાં અંદર લીધું એણે. આહા..હા..! એને '**સુંદર-આનંદઝરતું ઉત્તમતત્ત્વ પ્રગટે છે.**' અતીન્દ્રિય આનંદ એમાંથી પ્રગટે છે. સુંદર અતીન્દ્રિય આનંદ. આહા..હા..! અતીન્દ્રિય આનંદસ્વરૂપ તો ભગવાન પૂર્ણાનંદ પોતે છે. એમાં જે લીન થાય તેને પર્યાયમાં અતીન્દ્રિય આનંદ ઝરે છે. ડુંગરમાંથી જેમ પાણી ઝરે. આહા..હા..! અતીન્દ્રિય આનંદનો ડુંગર ભગવાન છે. આહા..હા..! એની એકાગ્રતા થતા અતીન્દ્રિય આનંદ ઝરે છે, પરિણતિમાં, પર્યાયમાં અતીન્દ્રિય આનંદ આવે છે. આહા..હા..! એને ઉત્તમ તત્ત્વ આનંદનું પ્રગટે છે પર્યાયમાં, એમ કહે છે. છે તો છે, પણ અંદર એકાગ્ર થતાં પર્યાયમાં આનંદ આવે છે. આહા..હા..! એનું નામ ધર્મ અને એનું નામ મોક્ષનો માર્ગ. ભારે વાત, ભાઈ! ત્રીજી ગાથામાં જ કહ્યું છેને? '**णियमेण य जं कज्जं**' આહા..હા..! નિયમથી જે કર્તવ્ય છે એ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર. એનો આશ્રય દ્રવ્યનો છે એને. ત્રીજી ગાથામાં છેને. '**णियमेण य जं कज्जं**' ત્રીજી. એ આવ્યું. '**णियमेण य जं कज्जं तं णियमं णाणदंसणचरित्तं।**' આહા..હા..! નિશ્ચયથી જે કરવાલાયક છે તે દર્શન, જ્ઞાન અને ચારિત્ર. ત્રીજી છેને ત્રીજી? નિશ્ચયનિયમસ્વરૂપ પોતે ત્રિકાળ છે. એમાંથી પર્યાયમાં નિશ્ચયથી કરવાલાયક હોય તો '**णाणदंसणचरित्तं**' આહા..હા..! આ તો પરમાર્થની વાત છેને? મોક્ષનો માર્ગ આ છે.

તેમને '**જેમનું ચિત્ત...**' આત્માના સ્વભાવનો લોલુપી થયો છે. ઉત્સુક થયો છે ચૈતન્યસ્વરૂપમાં અંદર. આહા..હા..! એને અતીન્દ્રિય આનંદ ઝરતું તત્ત્વ પ્રાપ્ત થાય છે. એવું '**ઉત્તમતત્ત્વ પ્રગટે છે.**' આહા..હા..! એકલા એને અભ્યાસ ન હોય એને તો એવું લાગે કે શું કહે છે આ? આ શું માર્ગ? ભગવાનનો આવો માર્ગ હશે? અથવા એની દયા પાળવી, લોલુપી થવું નહિ, છ પરબી બ્રહ્મચર્ય પાળવું એવું કાંઈક કહે છે. .. કાંઈક કહે છે. કહેવાય છે. એ બધી ક્રિયા છે રાગની. આહા..હા..! અહીં તો કહે છે કે જેને ઇન્દ્રિયની લોલુપતા, (ઇન્દ્રિય) સન્મુખની લોલુપતા ગઈ છે, સ્વસન્મુખની લોલુપતા થઈ છે. આહા..હા..! જેમનું ચિત્ત એવું થયું છે ઉત્સુકત. '**તેમને સુંદર-આનંદઝરતું...**' આહા..હા..! '**ઉત્તમતત્ત્વ પ્રગટે છે.**' ૨૩૫ થયો.

૨૩૬.

(अनुटुभ्)

अत्यपूर्वनिजात्मोत्थभावनाजातशर्मणे।<br>
यतन्ते यतयो ये ते जीवन्मुक्ता हि नापरे।।२३६।।

'**શ્લોકાર્થ :- અતિ અપૂર્વ નિજાત્મ...**' અતિ અપૂર્વ નિજાત્મા. પોતાનો ભગવાન પૂર્ણ એ અતિ અપૂર્વ વસ્તુ છે. સમજાણું કાંઈ? '**અતિ અપૂર્વ નિજાત્મજનિત ભાવનાથી...**'

આહા..હા..! એવા નિજ આત્માથી ઉત્પન્ન થયેલી ભાવના એટલે એકાગ્રતા. '**અતિ અપૂર્વ નિજાત્મ...**' આહા..હા..! પૂર્વે કોઈ દિ' જોયો નથી, જાણ્યો નથી એવો અતિ અપૂર્વ નિજાત્મતત્ત્વ. એનાથી ઉત્પન્ન થયેલી ભાવના એટલે એકાગ્રતા. '**ભાવનાથી ઉત્પન્ન થતા સુખ...**' આહા..હા..! '**અતિ અપૂર્વ નિજાત્મજનિત ભાવનાથી ઉત્પન્ન થતા...**' આનંદ. એને માટે યતિઓ યત્ન કરે છે. આ યતિ, આહા..હા..! એને માટે યતિઓ, મુનિઓ યત્ન કરે છે. આહા..હા..! '**તેઓ ખરેખર જીવન્મુક્ત થાય છે,...**' શરીર અને આયુષ્ય હોવા છતાં એ કેવળજ્ઞાન પામીને જીવન્મુક્ત થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**બીજાઓ નહિ.**' એમ. આ અસ્તિ-નાસ્તિ કર્યું.

પોતે નિજાત્મસ્વરૂપ એ પૂર્ણસ્વરૂપ શું છે ધ્રુવ એની મહિમા જ્યાં સુધી ન આવે ત્યાં સુધી પરની મહિમા છૂટે નહિ. આહા..હા..! એવું નિજાત્મથી ઉત્પન્ન થયેલો. આહા..હા..! એકાગ્રતારૂપ ભાવના એનાથી ઉત્પન્ન થતું સુખ-આનંદ. '**જે યતિઓ યત્ન કરે છે, તેઓ ખરેખર જીવન્મુક્ત થાય છે,...**' આહા..હા..! તેઓ જીવન્મુક્ત આયુષ્ય હોવા છતાં અંતરથી કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે તે જીવન્મુક્ત છે. આહા..હા..! '**બીજાઓ નહિ.**' આત્માની ભાવનાથી ઉત્પન્ન થયેલા સુખ એમાં યત્ન કરે છે તે મુનિઓ જીવન્મુક્ત થાય છે. રાગાદિમાં યત્ન કરે છે એ બીજાઓ નહિ. એ મુક્તિને પામતા નથી. આહા..હા..! એ કળશ છે એવા એક-એક જુઓને. આહા..હા..! ૨૩૬ થયો. ૨૩૭. છેલ્લો.

(वसंततिलका)

अद्वन्द्वनिष्ठमनघं परमात्मतत्त्वं
संभावयामि तदहं पुनरेकमेकम्।
किं तैश्च मे फलमिहान्यपदार्थसार्थैः
मुक्तिस्पृहस्य भवशर्मणि निःस्पृहस्य।।२३७।।

આહા..હા..! '**શ્લોકાર્થ :- જે પરમાત્મતત્ત્વ...**' પોતે ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ એ '(રાગદ્વેષાદિ) **દ્વંદ્વમાં રહેલું નથી...**' એ રાગ-દ્વેષમાં છે નહિ. આહા..હા..! '**અને અનઘ (નિર્દોષ, મળરહિત) છે,...**' અનઘ. અઘ નામ દોષ એનાથી રહિત નિર્દોષ પુણ્ય-પાપના ભાવથી મળરહિત છે ભગવાન. '**તે કેવળ એકની હું ફરીફરીને સંભાવના (સમ્યક્ ભાવના) કરું છું.**' આહા..હા..! '**તે કેવળ...**' એકલો ધ્રુવ ચૈતન્ય પ્રભુ એકસ્વરૂપે. એવા '**એકની હું ફરીફરીને સંભાવના (સમ્યક્ ભાવના) કરું છું.**' શુદ્ધ કહો, એક કહો, અભેદ કહો. વસ્તુ હોં. એની એકની હું ભાવના કરું છું. આહા..હા..! ફરી-ફરીને સમ્યક્પ્રકારે એની ભાવના કરું છું.

'**મુક્તિની સ્પૃહાવાળા...**' આહા..હા..! પૂર્ણાનંદની પ્રાપ્તિની ભાવનાવાળો '**અને ભવના સુખ પ્રત્યે નિઃસ્પૃહ એવા મને...**' આહા..હા..! '**આ લોકમાં પેલા અન્યપદાર્થસમૂહોથી**

**શું ફળ છે?'** નિજાત્મા એકરૂપની ભાવના સિવાય બીજા પદાર્થથી મને શું ફળ છે? આહા..હા..! ભવના સુખ પ્રત્યે નિઃસ્પૃહ. ચાહે તો ઇન્દ્રના સુખ હોય તોપણ જેને સ્પૃહા નથી અને ત્રણલોકનો નાથ ભગવાન જેના આનંદની સ્પૃહા છે. આહા..હા..! એવો હું. આહા..હા..! **'ભવના સુખ પ્રત્યે નિઃસ્પૃહ એવા મને...'** આહા..હા..! **'આ લોકમાં પેલા અન્યપદાર્થસમૂહોથી...'** પેલા એટલે મારો એક ભાવ સિવાય બીજા અનેરા પદાર્થથી મારે શું લાભ છે? અહીં તો ત્રણલોકના નાથ તીર્થંકરથી પણ મારે શું લાભ છે, એમ કહે છે. આહા..હા..! ભલે અન્યપદાર્થસમૂહનો ઢગલો હોય, કહે છે. આહા..હા..! એનું શું ફળ છે? પરપદાર્થનો આશ્રય લેવા જતા તો રાગ થાય છે. આહા..હા..! મારો પ્રભુ ભગવાન આત્મા આશ્રય કરવાલાયક તો એ ચીજ છે. એનો આશ્રય કરીને **'ભવના સુખ પ્રત્યે નિઃસ્પૃહ એવા...'** આહા..હા..! અને મુક્તિના સુખની સ્પૃહા-ભાવનાવાળો એવા મારે બીજા અન્યપદાર્થથી શું ફળ છે? આહા..હા..! એક-એક કળશે આખું તત્ત્વ કહે છે.

**'આ રીતે, સુકવિજનરૂપી કમળો માટે જેઓ સૂર્ય સમાન છે અને પાંચ ઇન્દ્રિયોના ફેલાવરહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો...'** પદ્મપ્રભમલધારિદેવ. દેહ મુનિને એકલો દેહમાત્ર હોય છે બીજું હોતું નથી. આ વસ્ત્ર-પાત્રનું જે નીકળ્યું એ તો પછી નીકળ્યું. સમજાણું કાંઈ? વસ્ત્ર-પાત્રથી મુનિપણું એ તો પછી નીકળ્યું. અનાદિનો માર્ગ તો આ છે. સમજાણું કાંઈ? **'દેહમાત્ર જેમને પરિગ્રહ હતો...'** 'દેહ સંયમ હેતુ હોય જો' આવે છેને? અપૂર્વ અવસરમાં. દેહમાત્ર સંયમ હેતુ. 'સર્વ ભાવથી ઉદાસીન વૃત્તિ કરી દેહમાત્ર સંયમ હેતુ.' દેહમાત્ર. ત્યાં એમ નાખ્યું છે.

અહીં તો કહે છે કે મુનિને દેહ છૂટતો નથી આયુષ્ય હોય ત્યાં સુધી, છતાં તેના પ્રત્યેનો રાગ છોડ્યો છે. એથી એક દેહમાત્ર છે .. બસ. તેના પ્રત્યે પણ આસક્તિ નહિ. એવો હું **'દેહમાત્ર જેમને પરિગ્રહ હતો એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં (અર્થાત્ શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવવિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) પરમ-ભક્તિ અધિકાર નામનો દશમો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.'** નામનો. **'પરમ-ભક્તિ અધિકાર નામનો દશમો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.'** દસમો અધિકાર છે.

૧૧. **'નિશ્ચય-પરમાવશ્યક અધિકાર.'** એ પરમાવશ્યક ક્રિયા એનો અધિકાર. અવશ્ય કરવાલાયક કઈ ક્રિયા? કે સ્વરૂપમાં એકાગ્રતા થવી તે અવશ્ય કરવાલાયક ક્રિયા છે, એને આવશ્યક કહે છે. નથી છ આવશ્યક? સામાયિક, ચોવિસંથો, ..પડિક્કમણું... એનાથી જુદી જાતનું આવશ્યક. **'હવે, વ્યવહાર છ આવશ્યકોથી પ્રતિપક્ષ...'** સામાયિક, ભગવાનની ભક્તિ, વંદન ગુરુનું, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન વગેરે એ તો બધો વિકલ્પ છે વિકલ્પ છે. 'છ

**આવશ્યકોથી પ્રતિપક્ષ શુદ્ધનિશ્ચયનો (શુદ્ધનિશ્ચય-આવશ્યકનો) અધિકાર કહેવામાં આવે છે.'** વ્યવહાર જે સામાયિક અને પ્રતિક્રમણનો જે વિકલ્પ છે વ્યવહાર એનાથી આ વિરુદ્ધ નિશ્ચય છે. પણ વ્યવહારથી વિરુદ્ધ પ્રતિપક્ષ નિશ્ચય છે. વ્યવહાર અને નિશ્ચય બે સાધન છે એમ નહિ. સમજાણું કાંઈ? વ્યવહાર છ આવશ્યક. અરે! શ્રાવકના છ આવશ્યક કીધા છેને. ભક્તિ, ગુરુ પૂજા એ બધા વિકલ્પો છે, કહે છે. એનાથી નિશ્ચયઆવશ્યક ભિન્ન છે. આહા..હા..! '**વ્યવહાર છ આવશ્યકોથી...**' પુણ્યના પરિણામરૂપી વ્યવહાર છ આવશ્યક. તેનાથી '**પ્રતિપક્ષ શુદ્ધનિશ્ચય (શુદ્ધનિશ્ચય-આવશ્યકનો) અધિકાર કહેવામાં આવે છે.**'

**जो ण हवदि अण्णवसो तस्स दु कम्मं भणंति आवासं।**
**कम्मविणासणजोगो णिव्वुदिमग्गो त्ति पिज्जुत्तो।।१४१।।**
**નથી અન્યવશ જે જીવ, આવશ્યક કરમ છે તેહને;**
**આ કર્મનાશનયોગને નિર્વાણમાર્ગ કહેલ છે. ૧૪૧.**

ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરે એને મોક્ષનો માર્ગ કહ્યો છે. નિર્વાણમાર્ગ. લ્યો. આ નામ જ નિયમસાર છે. આહા..હા..!

એનો '**અન્વયાર્થ :-**' આમાં અન્વયાર્થ છે. ઓલામાં ગાથાર્થ સમયસારમાં નહિ? ગાથાર્થ છે. '**જે અન્યવશ નથી (અર્થાત્ જે જીવ અન્યને વશ નથી)...**' તે શુભભાવને વશ નથી. આહા..હા..! દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રત, તપનો વિકલ્પ છેને એને વશ નથી. આહા..હા..! '**તેને આવશ્યક કર્મ કહે છે...**' એને જરૂરનું કાર્ય તેને કહેવામાં આવે છે. '**(એમ પરમ યોગીશ્વરો કહે છે).**' કેવળીઓ અને સંતો આમ કહે છે, કહે છે. આહા..હા..! નિમિત્તને વશ થઈને જે શુદ્ધભાવ થાય એને જે વશ નથી, પણ ત્રિકાળી આનંદનો ભગવાન નાથ એને જે વશ છે એ આવશ્યક ક્રિયા એને કહેવામાં આવે છે. છ આવશ્યક નથી કહેતા? સામાયિક, ચોવિસંથો, ...પડિક્કમણ, કાયોત્સર્ગ અને પચ્ચખાણ છ બોલ આવે છે કે નહિ? પડિક્કમણમાં આવે છે છ બોલ. છ આવશ્યક તો વિકલ્પ છે, કહે છે. એને વશ થતો નથી આ. શુદ્ધ ચૈતન્યસ્વરૂપને વશ થાય છે. એટલે શુદ્ધોપયોગ પ્રગટ કરે એમ કહે છે. શુભને વશ ન થતાં ભગવાન આત્માને વશ થાય તે શુદ્ધોપયોગ છે. એ શુદ્ધોપયોગ તે આવશ્યક ક્રિયા છે. સમજાણું કાંઈ? પંદરમી ગાથામાં એ કહ્યુંને? એક આત્માને અબદ્ધસ્પૃષ્ટ દેખે, દેખનારી પર્યાય દેખે આત્માને અબદ્ધસ્પૃષ્ટ. સામાન્ય અવિશેષ-વિશેષ નહિ એમ જે દેખે તે દેખનાર જીવની ઉપયોગદશા તેને જૈનશાસન કહે છે. સમજાણું કાંઈ?

જે ઉપયોગ આત્માને અબદ્ધસ્પૃષ્ટ સામાન્ય દેખે છે તે ઉપયોગને શુદ્ધોપયોગને જૈનશાસન કહે છે. એ જૈનશાસન. રાગનો વચમાં ભાવ આવે એ જૈનશાસન નહિ, વીતરાગ શાસન નહિ. આહા..હા..! જયંતિભાઈ! આવે છેને પંદરમી ગાથા '**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं**' અબદ્ધસ્પૃષ્ટ-બંધાયેલો નથી રાગથી અને સ્પર્શાયેલો નથી પરથી. અનન્ય છે, નિયત છે, સામાન્ય

છે અને રાગ-દ્વેષની કલુષિતતાથી રહિત છે એવા આત્માને જે '**पस्सदि**' દેખે છે. દેખે છે એ પર્યાય છે. આહા..હા..! જે પર્યાય આને દેખે છે. આહા..હા..! એ પર્યાયને જૈનશાસન કહેવામાં આવે છે. જેઠાભાઈ! ઈ અહીં કહ્યું છે. વ્યવહાર આવશ્યકથી રહિત વશ નથી તેને જરૂર આવશ્યક કહે છે એમ પરમયોગીશ્વરો, કેવળીઓ અને સંતો આને આવશ્યક કહે છે. એ આવશ્યક છે પર્યાય, પણ ત્રિકાળી ભગવાનને આશ્રયે પ્રગટેલી પર્યાય એને અહીંયાં આવશ્યક-જરૂરની ક્રિયા કહેવામાં આવે છે. આહા..હા..! એને હિસાબે આ છ આવશ્યક છે બહાર. ભાઈમાં (નિહાલભાઈમાં) આવ્યું નથી? અનાયતન છે, આયતન નથી. આયતન કહેવામાં આવ્યા છેને? દેવ-ગુરુ-શાસ્ત્ર આયતન ધર્મના સ્થાન. ઈ કહે છે કે એ આયતન નહિ, એ તો અનાયતન છે. આહા..હા..!

ઓલામાં આવ્યું છે બોધપાહુડ નહિ આયતન. ચૌદ બોલ. બોધપાહુડમાં ચૌદ બોલ આવે છેને. જિનપ્રતિમા એ વસ્તુ, આયતન એ આત્માનું મૂળ સ્થાન પોતે તે આયતન. સમજાણું કાંઈ? મોક્ષમાર્ગની પર્યાયનું આયતન-સ્થાન ભગવાન છે. આહા..હા..! રાગમાં આવવું એ વ્યભિચાર છે, એમ કહે છે. આહા..હા..! આવો માર્ગ ઝીણો બહુ. મિથ્યાત્વનો નાશ પહેલો ઈ એનો ઉપાય છે. મિથ્યાત્વનો નાશ કેમ થાય? જીવતત્ત્વ જેનું છે તેવી અંતર દૃષ્ટિ કરે તો મિથ્યાત્વનો નાશ થાય. કરે નહિ પણ થઈ જાય. આહા..હા..! કરવાનું તો આ છે પહેલું. પછી બધી .. નિષેધતા ચારિત્રને. પણ પહેલું આ. આહા..હા..! આત્માને અંતર્મુખ થઈને, શોધીને નિર્મળ પર્યાય પ્રગટ કરવી. આહા..હા..! તેને અહીંયાં પરમ-આવશ્યક કહે છે યોગીશ્વરો. અને '**કર્મનો વિનાશ કરનારો યોગ (-એવું જે આ આવશ્યક કર્મ) તે નિર્વાણનો માર્ગ છે...**' તે માક્ષનો માર્ગ છે, એમ કહ્યું છે.

'**ટીકા :- અહીં (આ ગાથામાં), નિરંતર સ્વવશને...**' આહા..હા..! શુદ્ધ ચૈતન્યઘન એવો જે આત્મા એને વશ. સ્વવશ, પોતે આત્મા એને વશ. આહા..હા..! ઓલું .. નહોતું કહ્યું? 'પરથી ખસ, સ્વમાં વશ' આવ્યું હતુંને? 'એ ટૂંકુંટચ.' તે સમયસાર. પરથી ખસ, અંતર વસ એ ટૂંકુંટચ સમયસાર છે. આહા..હા..! વસવું આવ્યુંને આમાં? '**નિરંતર સ્વવશને...**' જેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડી છે અનાદિ-અનંત આત્મા ઉપર. એને '**સ્વવશને નિરંતર નિશ્ચય-આવશ્યક કર્મ છે...**' નિરંતર-જરૂરનું કાર્ય એને કહે છે. સમજાણું કાંઈ? અમુક નથી કહેતા કે અમારે આ જરૂરી કામ છે એટલે અમારે રોકાવું પડે છે, એમ કહે છેને? ભગવાનજીભાઈ! જરૂરી કામ છે. મારા વિના નહિ ચાલે એમ કરીને જાય છે. એમ આ જરૂરી કામ આ છે.

'**(આ ગાથામાં), નિરંતર...**' આહા..હા..! સ્વ એવો ભગવાન આત્મા એને વશ. આહા..હા..! '**નિશ્ચય-આવશ્યક કર્મ છે...**' આ અધિકાર છે. એનો આ અધિકાર છે. આહા..હા..! '**વિધિ અનુસાર...**' લ્યો, આવ્યું આ. વિધિ તમારે આવે છેને? આ '**વિધિ**

**અનુસાર પરમજિનમાર્ગના આચરણમાં કુશળ...'** આહા..હા..! પરમજિનમાર્ગ જે વીતરાગી પર્યાય એના '**આચરણમાં કુશળ એવો જે જીવ...**' આહા..હા..! '**સદાય અંતર્મુખપણાને લીધે...**' પર્યાયને અંતર્મુખ વાળી છે. આહા..હા..! '**સદાય અંતર્મુખપમણાને લીધે અન્યવશ નથી...**' એ રાગને વશ છે નહિ. આહા..હા..! '**પરંતુ સાક્ષાત્ સ્વવશ છે એવો અર્થ છે...**' લ્યો! સાક્ષાત્ સ્વવશ છે. આહા..હા..! આ તીર્થંકરોએ કર્યું છે. સર્વજ્ઞે એ કર્યું છે અને એવું કહ્યું છે. આવ્યુંને અંદર? કહ્યું છે નહિ? .. હતું. પ્રરૂપીત. હવે, એ નિશ્ચયયોગ કેવો છે એ વિશેષ કહેવાશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## માગશર સુદ-૭, મંગળવાર, તા. ૦૯-૧૨-૧૯૭૫
## ગાથા-૧૪૧-૧૪૨, કળશ-૨૩૮-૨૩૯, પ્રવચન નં. ૧૧૯

પરમાવશ્યક અધિકાર. નિશ્ચય-પરમાવશ્યક. ૧૪૧ ગાથા. ફરીને ગાથા. '**નિરંતર સ્વવશને નિશ્ચય-આવશ્યક-કર્મ છે...**' એટલે કે આત્મા શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ છે એને વશ થયેલી નિર્મળદશા વીતરાગી પરિણતિ એ આવશ્યક જરૂરનું આત્માનું એ કાર્ય છે. સમજાણું કાંઈ? એનો ખુલાસો કરે છે. '**વિધિ અનુસાર...**' જે માર્ગ છે વીતરાગનો તેની વિધિ અનુસાર '**પરમજિનમાર્ગના આચરણમાં કુશળ...**' પરમવીતરાગસ્વરૂપ ભગવાન આત્મા એવા વીતરાગસ્વરૂપના માર્ગના આચરણમાં કુશળ. વીતરાગી પર્યાયમાં આચરણ કરવામાં કુશળ. '**એવો જે જીવ...**' આહા..હા..! '**સદાય અંતર્મુખપણાને લીધે...**' પર્યાયમાં અંતર્મુખપણું હોવાથી. પર્યાય શું? અંતર્મુખ આ બધું? વસ્તુ એવી છે.

'**સદાય અંતર્મુખપણાને લીધે...**' પર્યાયને અંતર્મુખ વાળેલી હોવાને લીધે '**અન્યવશ નથી...**' એ રાગને અને પરને વશ થતો નથી. આહા..હા..! આત્મા જ્ઞાયક ચૈતન્યજ્યોત એમાં જે વશ થયો છે એ પરવશ થતો નથી. રાગ અને પુણ્ય-પાપ, દયા, દાનના વિકલ્પો આદિ રાગને વશ થતો નથી. એ '**સાક્ષાત્ સ્વવશ છે એવો અર્થ છે,...**' નિર્વિકલ્પ સમાધિ, નિર્વિકલ્પ શાંતિ, નિર્વિકલ્પ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે આત્માને વશ થતા ઉત્પન્ન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાયકસ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન એને વશ થયેલી દશા સમ્યગ્દર્શન-જ્ઞાન નિર્મળ વીતરાગી દશા એ અંતર્મુખ આત્માને વશ થયેલી ઉત્પન્ન થાય છે, એ સાક્ષાત્ સ્વવશ છે. આહા..હા..! દેહ, વાણી, મન નહિ. પુણ્ય-પાપના વિકલ્પ ઉઠે છે, દયા, દાન, વ્રત, ભક્તિ, તપના વિકલ્પ વૃત્તિ એ તો બધા રાગ છે. એને વશ નથી. પણ

ત્રિકાળી આનંદનો નાથ ભગવાન શુદ્ધ ચૈતન્યઘન એને વશ છે. એ એને વશ છે એટલે સાક્ષાત્ સ્વવશ છે. સાક્ષાત્ સ્વવશ છે. આહા..હા..! આવી ધર્મની રીત. આહા..હા..! આવશ્યક કહે છેને માણસ? સામાયિક, ચોવિસંથો, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ, છ આવશ્યક. એ કહે છે કે બધા વિકલ્પની વાતું છે. એ તો રાગની વાત છે. એ આવશ્યક..

**શ્રોતા** :- પહેલા એ કરતા શીખે પછી આ શીખેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ધૂળેય કરતા શીખે નહિ. રાગ કરતા શીખે તો અરાગ થાય? રાગની દિશા પરતરફ છે એને શીખતા સ્વતરફ વળવું થાય? ઝીણી વાત, ભાઈ! સીધો સ્વ આત્માને વશ થાય છે. એ દયા, દાન, વ્રત, ભક્તિ, તપનો વિકલ્પ છે એ આત્માનું સ્વરૂપ જ નથી. આહા..હા..! એમાંથી લક્ષ છોડી દઈને સ્વચૈતન્યઘનમાં વશ જાય છે દૃષ્ટિ ત્યારે એ આત્માને વશ થયો. સમજાણું કાંઈ? આવી વાત છે, ભાઈ!

'**જે જીવ સદાય અંતર્મુખપણાને લીધે અન્યવશ નથી...**' આહા..! '**તે સાક્ષાત્ સ્વવશ છે એવો અર્થ છે, તે વ્યવહારિક ક્રિયાપ્રપંચથી પરાઙ્મુખ જીવને...**' એ જે રાગ ઉઠે છે દયાનો, દાનનો, વ્રતનો, સામાયિકનો, પોષાનો, ફલાણાનો એ બધો રાગ છે એ ક્રિયાકાંડનો રાગ છે. આહા..હા..! '**વ્યવહારિક ક્રિયાપ્રપંચથી પરાઙ્મુખ...**' આવો માર્ગ છે, ભાઈ! આહા..હા..! '**પરાઙ્મુખ જીવને સ્વાત્માશ્રિત-નિશ્ચયધર્મધ્યાનપ્રધાન...**' શુભભાવ આદિની ક્રિયા જે છે એ પ્રપંચ બધો રાગનો છે. એનાથી પરાઙ્મુખ અને સ્વભાવથી સન્મુખ. આહા..હા..! '**સ્વાત્માશ્રિત-નિશ્ચયધર્મધ્યાનપ્રધાન...**' તેને ભગવાન આત્માને સ્વને આશ્રિત જે નિર્મળ નિશ્ચયધર્મધ્યાનપ્રધાન એને '**પરમ-આવશ્યક કર્મ છે...**' એ આત્માનું પરમ-આવશ્યક-જરૂરી કાર્ય એ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**વ્યવહારિક ક્રિયાપ્રપંચથી પરાઙ્મુખ સ્વાત્માશ્રિત-...**' શુદ્ધ આનંદસ્વરૂપ ભગવાન એને આશ્રિત '**નિશ્ચયધર્મધ્યાનપ્રધાન...**' નિશ્ચય સાચું ધ્યાન મુખ્ય એવું પરમ-આવશ્યક કાર્ય એને હોય છે. આહા..હા..! આ સાંજ-સવાર પડિક્કમણા કરે છેને એ બધો વિકલ્પ રાગ છે. સમજાણું કાંઈ? એ ક્રિયાપ્રપંચ છે બધો. આહા..હા..! એના વિકલ્પથી પરાઙ્મુખ થઈને સ્વ આત્માને આશ્રયે સન્મુખ થઈ અને સ્વ આત્માને આશ્રયે જે ધ્યાનદશા પ્રગટ થાય તે પરમ-આવશ્યક કાર્ય છે. જીવનું જરૂરી કાર્ય આ મોક્ષને માટે છે.

**શ્રોતા** :- શુદ્ધ ઉપયોગ તે જ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એક જ વાત છે. જુદી-જુદી રીતે... આહા..હા..! શુભ-અશુભભાવ એ બંધના કારણ છે. એના ઉપરનું લક્ષ છોડી દઈ અને ત્રિકાળી નિશ્ચય ભગવાન આત્મા, એનો જેણે સ્વનો આશ્રય કર્યો છે એ સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાન. સ્વ આત્માને આધારે-આશ્રિતે નિશ્ચયધર્મધ્યાન મુખ્ય પ્રધાન છે એવું પરમ જરૂરી ધર્મધ્યાનનું કાર્ય છે એ આવશ્યક કાર્ય છે. આહા..હા..! આવું છે ધન્નાલાલજી! આવી વસ્તુ છે.

**'એમ નિરંતર પરમતપશ્ચરણમાં લીન...'** જોયું? આહા..હા..! એ સ્વ-આત્માશ્રિત જે નિશ્ચયધર્મધ્યાન એવું જે જરૂરી વીતરાગી કાર્ય તે નિરંતર તપશ્ચરણમાં લીન છે. એ તપસ્યા. આ અપવાસ કરે એક ને બે ને દસ ને આઠ ને એ બધી લાંઘણ છે. આહા..હા..! એને મૂર્ખ લોકો ધર્મ માને. નિર્જરા થાય. અપવાસ પર્યુષણમાં બહુ આવે લખાણ. આણે મહિનાના કર્યા, આઠ કર્યા ને દસ કર્યાને.

**શ્રોતા :–** આત્માના લક્ષે કર્યા એમ આવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો હવે તો અહીંનું આત્માનું નામ આવ્યું એટલે હવે. એવું આવે છે. ભાઈ કહે છે. 'આત્માને લક્ષે કરે છે' હવે એવું આવે છે. આત્મા હતો ક્યાં પહેલો? આત્માને લક્ષે એ તો રાગની મંદતા કરી. આત્માને લક્ષે હોય? આહા..હા..! એની મોટી કંકતોરીયું લખાય મહિનાના અપવાસ કર્યા હોય તો. એમાં એને માટે વરઘોડા નીકળે. એ બધી ક્રિયા જડની છે.

**શ્રોતા :–** પ્રભાવના તો હોયને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ પ્રભાવના તો આત્મામાં થાતી હશે કે બહાર?

**શ્રોતા :–** બંને હોય. વ્યવહારે આવે..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ વ્યવહારે બહારની એ નહિ. વ્યવહારે તો નિશ્ચય સ્વભાવના આશ્રયથી નિર્મળદશા થઈ એ નિશ્ચય-આવશ્યક. અને વિકલ્પ ઉઠે વ્યવહાર, પણ આ નિશ્ચયવંતને વિકલ્પ ઉઠે તે વ્યવહાર. અજ્ઞાનીને એકલા વિકલ્પ એ વ્યવહાર એ વ્યવહાર છે જ નહિ. આહા..હા..! પૂર્ણાનંદસ્વરૂપ ધ્રુવ એને આશ્રયે થયેલી વીતરાગી પરિણતિ તે નિશ્ચયપ્રભાવના અને એમાં રહ્યો છતાં સ્થિર ન થઈ શકે એમાં જ્યારે ત્યારે વિકલ્પ ઉઠે 'આ શાસ્ત્ર આમ હોય, આમ માને, આમ જાણે' એવો વિકલ્પ વ્યવહારપ્રધાન એ વ્યવહારપ્રભાવના. એ બંધનું કારણ છે. સમજાણું કાંઈ?

**'એમ નિરંતર પરમતપશ્ચરણમાં લીન...'** ભાષા દેખો, મુનિ હોય છે સાચા એ દિગંબર હોય છે, નગ્ન હોય છે, જંગલમાં રહેતા હોય છે. જૈનના સાધુ એને કહીએ કે જે નગ્ન હોય અને જંગલમાં રહે અને એ આત્માના આશ્રયમાં જે નિર્મળદશા પ્રગટ કરે એ પરમતપશ્ચરણમાં એ લીન છે. આહા..હા..! બહુ ફેરફાર. એવા **'પરમજિનયોગીશ્વરો...'** એવા **'પરમતપશ્ચરણમાં લીન પરમજિનયોગીશ્વરો કહે છે.'** આને આવશ્યક પરમજિનયોગીશ્વરો કહે છે. આહા..હા..! પરમતપશ્ચરણમાં લીન જે છે એ આવી સ્થિરતા એ પરમતપશ્ચરણમાં લીન છે. એ પરમ જિનયોગીશ્વરો એમ કહે છે. પરમસંતો, ગણધરો આદિ મુનિઓ, અંતર આનંદસ્વરૂપમાં રમણતા કરનારા એ તપસ્યામાં લીન છે. અંતર તપસ્યા આનંદની. આહા..હા..! એ સંતો આમ કહે છે. એમ મુનિઓ આમ કહે છે કે જેને આત્માને આશ્રયે નિર્મળદશા પ્રગટ થાય તે આવશ્યક કાર્ય છે એમ સંતો કહે છે. જૈનના સાચા સંતો એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અને ખોટા સંત નામ ધરાવનારા, બહારના અપવાસ અને આ કરે એને તપસ્યા છે એમ અજ્ઞાનીઓ કહે છે. સમજાણું કાંઈ? આવી વાત છે, ભાઈ!

'**વળી, સકળ કર્મના વિનાશનો હેતુ એવો...**' આહા..હા..! પુણ્ય અને પાપ આદિ અને કર્મ બધાના '**વિનાશનો હેતુ એવો જે ત્રિગુપ્તિગુપ્ત-પરમસમાધિલક્ષણ પરમયોગ...**' આહા..હા..! '**નિજ આત્મા જેનો આશ્રય છે એવું નિશ્ચયધર્મધ્યાન પરમઆવશ્યક કર્મમાં પ્રધાન છે.**' '**પરમયોગનું લક્ષણ ત્રણ ગુપ્તિ વડે ગુપ્ત (-અંતર્મુખ) એવી પરમ સમાધિ છે.**' આહા..હા..! એ '(**પરમઆવશ્યક કર્મ તે જ પરમ યોગ છે અને પરમયોગ તે નિર્વાણનો માર્ગ છે.**)' આહા..હા..! સમજાણું કાંઈ? '**ત્રિગુપ્તિગુપ્ત-પરમસમાધિલક્ષણ પરમ યોગ...**' શુદ્ધોપયોગ અંદર '**તે જ સાક્ષાત્ મોક્ષનું કારણ હોવાને લીધે...**' સાક્ષાત્ મોક્ષનું કારણ હોવાને લીધે તે મોક્ષનો માર્ગ છે. '**આમ નિરુક્તિ અર્થાત્ વ્યુત્પત્તિ છે.**' '**पिज्जुत्तो**' છેને છેલ્લો શબ્દ? '**णिव्वुदिमग्गो त्ति पिज्जुत्तो**' આહા..હા..! એ એકની એક વાત બીજી-બીજી ઢબે વાત કરે છે. સમજાણું કાંઈ? પરમભક્તિ કહો તો એ, પરમસમાધિ કહો તો એ. આવશ્યક કહો તો એ, પ્રતિક્રમણ કહો તો એ, સંવર કહો તો એ, આલોચના કહો તો એ. આહા..હા..!

એ ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ એમાં એને આશ્રિત શુભ-અશુભભાવના આશ્રિત વિના ત્રિકાળી ભગવાનને આશ્રયે જે દશા ઉત્પન્ન થાય તે પરમયોગ છે, એ ત્રિગુપ્તિથી ગુપ્ત છે. પરમસમાધિ છે, આવશ્યક છે અને તે નિર્વાણનો માર્ગ છે. આહા..હા..! લ્યો! આવું છે ઝીણું, બાપુ! આહા..હા..! '**આમ નિરુક્તિ અર્થાત્ વ્યુત્પત્તિ છે.**' અર્થ કર્યો.

'(**એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી પ્રવચનસારની તત્ત્વદીપિકા નામની ટીકામાં પાંચમા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—**'

(मंदाक्रांता)

आत्मा धर्मः स्वयमिति भवन् प्राप्य शुद्धोपयोगं
नित्यानन्दप्रसरसरसे ज्ञानतत्त्वे निलीय।
प्राप्स्यत्युच्चैरविचलतया निःप्रकम्पप्रकाशां
स्फूर्जज्ज्योतिःसहजविलसद्रत्नदीपस्य लक्ष्मीम्।।

'**શ્લોકાર્થ :- એ રીતે શુદ્ધોપયોગને પ્રાપ્ત કરીને...**' આહા..હા..! દયા, દાન, વ્રત, તપનો ભાવ એ શુદ્ધોપયોગ નહિ એ તો શુભભાવ છે, એ પુણ્ય છે, એ ધર્મ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો '**એ રીતે શુદ્ધોપયોગને પ્રાપ્ત કરીને...**' ચૈતન્ય ભગવાનને આશ્રયેથી શુદ્ધ આત્મ વેપાર ઉપયોગને પ્રાપ્ત કરીને. '**આત્મા સ્વયં ધર્મ થતો...**' આત્મા પોતે ધર્મરૂપે પરિણમે છે એમ કહે છે. આહા..હા..! ધર્મ એવો શુદ્ધ સ્વભાવ ત્રિકાળ એ હવે પર્યાયમાં ધર્મપણે પરિણમે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**એ રીતે શુદ્ધોપયોગને પ્રાપ્ત કરીને**

**આત્મા...'** શુદ્ધોપયોગને પ્રાપ્ત કરીને આત્મા '**સ્વયં ધર્મ થતો અર્થાત્ પોતે ધર્મપણે પરિણમતો થકો...**' આહા..હા..! એ નિર્વિકલ્પ ઉપયોગપણે પોતે આત્મા પરિણતો થકો. આ બધું એવું લૂખ્ખું લાગે. નવા અજાણ્યા માણસને તો એમ થાય કે આ શું કહે છે?

**શ્રોતા :-** આ જૈનધર્મ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ જૈનધર્મ આ છે. આહા..હા..! જૈનધર્મ વીતરાગ ત્રિલોકનાથ આને કહે છે. આહા..હા..! કેમકે 'જિન સોહી હૈ આત્મા' આત્મા જિનસ્વરૂપે વીતરાગમૂર્તિ આત્મા છે. આહા..હા..! એને આશ્રયે જે ધર્મરૂપે પરિણમે છે. આહા..હા..! '**પોતે ધર્મપણે પરિણમતો...**' વીતરાગ પરિણામપણે આત્મા થતો. '**નિત્ય આનંદના ફેલાવથી સરસ...**' આત્મા-આત્મા. આત્મા કેવો છે? આહા..હા..! '**નિત્ય આનંદના ફેલાવથી સરસ...**' ભરેલો ભગવાન આનંદથી છે. આહા..હા..! ધ્રુવ આત્મા અનંત આનંદથી ભરેલો છે, એમ કહે છે. આહા..હા..! નિત્ય અતીન્દ્રિય આનંદ જે છે ધ્રુવ અતીન્દ્રિય આનંદના ફેલાવથી ભરેલો છે. આહા..હા..! '**(અર્થાત્ જે શાશ્વત આનંદના ફેલાવથી રસયુક્ત છે)...**' એ સરસ છે. આત્મા એ આનંદના રસથી સહિત છે. આહા..હા..! આમ સરસ તો આપણે શબ્દ વપરાય છે. સરસ નથી કહેતા સરસ? સરસ. રસસહિત. સરસ-રસસહિત. આત્મા નિત્ય આનંદના રસથી સહિત છે. આહા..હા..!

'**શાશ્વત આનંદના ફેલાવથી રસયુક્ત છે) એવા જ્ઞાનતત્ત્વમાં...**' એવું આત્મતત્ત્વ કહો કે જ્ઞાનતત્ત્વ કહો. આનંદ અને જ્ઞાન બધે ભેગા લે છે. ભગવાન જ્ઞાનસ્વરૂપ છે ચિદ્ઘન. એ આનંદના રસસહિત છે ભગવાન. આહા..હા..! '**શાશ્વત આનંદના ફેલાવથી રસયુક્ત છે...**' આત્માના અતીન્દ્રિય આનંદ ભરચક પૂરો ભર્યો છે એમ કહે છે. આહા..હા..! એવું જે જ્ઞાનતત્ત્વ એટલે આત્મતત્ત્વ. એમાં '**લીન થઈને,...**' એ પર્યાય. એમાં '**લીન થઈને,...**' '**(સ્વભાવથી જ પ્રકાશતા) રત્નદીપકની નિષ્કંપ-પ્રકાશવાળી શોભાને પામે છે...** ' રત્નનો દીવો હોય રત્નનો એ હલ્યા વિના પ્રકાશ કરે છે આમ. આહા..! એમ '**રત્નદીપકની નિષ્કંપ-પ્રકાશવાળી શોભાને પામે છે...**' આત્મા હોં. આહા..હા..! '**રત્નદીપકની નિષ્કંપ-પ્રકાશવાળી શોભાને પામે છે (અર્થાત્ રત્નદીપકની માફક સ્વભાવથી જ નિષ્કંપપણે અત્યંત પ્રકાશ્યા—જાણ્યા કરે છે.**' આહા..હા..! એ નિર્વિકલ્પપણે પણ એ જાણ્યા જ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો જૈનધર્મ હશે આવો? મનસુખભાઈ! આવો જૈનધર્મ હશે? એને તો આખો દિ' ભાઈ એવું સાંભળીએ અપવાસ કરવા, છ કાયની દયા પાળવી, સામાયિક કરવા, પોષા કરવા, પડિક્કમણા કરવા, છપરબી બ્રહ્મચર્ય પાળવું, કંદમૂળ ન ખાવું એવું તો અમે સાંભળીએ છીએ જૈનધર્મમાં.

**શ્રોતા :-** એ લોકો એમ કહે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લોકો કહે છે. જયંતિભાઈ! ભાઈ! તને ખબર નથી. વીતરાગ

એમ નથી કહેતા. ગ્રહવું ને છોડવું એ તો બધો વિકલ્પ છે, એ તો રાગ છે. પરનો ગ્રહણ-ત્યાગ આત્મામાં છે જ નહિ. પરવસ્તુ આત્માએ ગ્રહી નથી તો આત્મા પરવસ્તુને છોડે? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! જિનેન્દ્રદેવ વીતરાગ પરમેશ્વર કેવળજ્ઞાની ભગવાન એમ ફરમાવે છે. આહા..હા..! કે જે '**રત્નદીપકની નિષ્કંપ-પ્રકાશવાળી શોભાને પામે છે...**' એટલે પ્રકાશ જાણ્યા કરે છે. આહા..હા..! નિર્વિકલ્પદશામાં પણ જાણ્યા કરે છે બસ એ. સમજાણું કાંઈ? આહા..હા..! '**(અર્થાત્ રત્નદીપકની માફક સ્વભાવથી જ નિષ્કંપપણે...**' કંપ નામ શુભરાગનો કંપ નથી, સ્થિર છે શુદ્ધોપયોગ એ '**અત્યંત પ્રકાશ્યા--જાણ્યા કરે છે).**' આહા..હા..! એને આવશ્યક કર્મ, એને સામાયિકનું કાર્ય કહીએ. એને સામાયિક કહીએ. કે નિજાનંદ પ્રભુ પૂર્ણાનંદથી ભરેલું તત્ત્વ અને તેવું જ્ઞાનતત્ત્વ એમાં જે અત્યંત અવિચળપણે સ્થિર થાય છે, સહજપણે વિલસે છે, એવી વીતરાગી પર્યાયને સામાયિક કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? છ આવશ્યક છેને? એને ભગવાનની સ્તુતિ કહેવામાં આવે છે. લોગસ્સ ઉવજગરે... આવે છેને? કે આવો ભગવાન પૂર્ણાનંદ અને જ્ઞાનતત્ત્વવાળું તત્ત્વ એમાં અવિચળપણે સ્થિરતા કરે એને તીર્થંકરની સ્તુતિ એને કહેવામાં આવે છે અને એને વંદન કહેવામાં આવે છે. સામાયિક ચોવિસંથે પડિક્કમણું પ્રતિક્રમણ પણ એ આનંદના નાથમાં લીન થાય છે એને પ્રતિક્રમણ કહેવામાં આવે છે. આહા..હા..! પચ્ચખાણ, સામાયિક, ચોવિસંથું વંદના, પડિક્કમણું, કાયોત્સર્ગ. કાયોત્સર્ગ એટલે પચ્ચખાણ. એ આ પચ્ચખાણ આને કહે છે. આહા..હા..! આ બહારના હાથ જોડ્યા અમારે .. થઈ ગયા પચ્ચખાણ એ પચ્ચખાણ નથી, કહે છે. આહા..હા..! શું કીધું?

**શ્રોતા** :- ગુરુની સાક્ષીએ તો એ જ પ્રકાર હોય છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ જ હોય છે આ આત્માની સાક્ષીએ.

**શ્રોતા** :- એમ રાખો એ નિશ્ચય અને વ્યવહારથી બેય થી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વ્યવહાર ઈ વ્યવહાર તો નિશ્ચય હોય તો ઓલો વિકલ્પે વ્યવહાર કહેવાય. આ નિશ્ચય નથી તો વ્યવહાર કેવો? આહા..હા..! એવું સ્વરૂપ છે, ભાઈ! ઝીણું જરી હોં. આહા..હા..! એને અહીંયાં સામાયિક કહો, તીર્થંકરની સ્તુતિ કહો, વંદન કહો, પ્રતિક્રમણ કહો, પ્રત્યાખ્યાન કહો કે કાયોત્સર્ગ કહો. કહો, આવે છેને તાવકાયં માણેણં જાણેણં અપ્પાણં વોસરે. તસ્સઉતરીમાં આવે છેને? કર્યું છે કે નહિ પહેલું? ઈ કાયોત્સર્ગ નહિ, કહે છે. કાયા નામ રાગ જે પુણ્ય અને પાપના ભાવ એ કાયા એને જેણે છોડી દીધી છે અંદરથી. આહા..હા..! એ કારણ કાયા છે. શુભભાવ ઉઠે એ પણ કારણકાયા, આત્મા નહિ. એને જેણે છોડી દીધો છે અને ત્રિકાળી ભગવાનનો આશ્રય લઈને લીન છે અંદર. આહા..હા..! એને કાયોત્સર્ગ, એને પચ્ચખાણ કહેવામાં આવે છે. આહા..હા..! બધી વ્યાખ્યા જુદી ભાઈ આ તો. જયંતિભાઈ! સાંજ-સવાર આ કરે છેને સામાયિક ને પોષા ને પચ્ચખાણ લઈને બેસે. બે ઘડી સામાયિક

કરી આવ્યા, બે ઘડી પડિક્કમણું કર્યું. ધૂળેય નથી સામાયિક. સામાયિક કહેવી કોને એની ખબર નથી. આહા..હા..!

સમતાનો વીતરાગપણાનો પિંડ આત્મા, જ્ઞાન અને આનંદથી ભરેલો. એની વીતરાગભાવ. એમાં લીન થઈને પ્રવર્તે છે. આહા..હા..! નિર્વિકલ્પ ધ્યાનમાં પણ લીન થઈને અંતર. આહા..હા..! '**અત્યંત અવિચળપણાને લીધે,...**' જ્યારે સ્થિર થાય છે અંદરમાં. આહા..હા..! ત્યારે '**દેદીપ્યમાન જ્યોતિવાળા અને સહજપણે વિલસતા (-સ્વભાવથી જ પ્રકાશતા) રત્નદીપકની નિષ્કંપ-પ્રકાશવાળી શોભાને પામે છે (અર્થાત્ રત્નદીપકની માફક સ્વભાવથી જ નિષ્કંપપણે અત્યંત પ્રકાશ્યા-જાણ્યા કરે છે).**' આહા..હા..! એકલી જાણવાની જ ક્રિયા ત્યાં રહી જાય છે બસ. સમજાણું કાંઈ? આહા..હા..!

'**વળી (આ ૧૪૧મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે) :—**'

(मंदाक्रांता)

आत्मन्युच्चैर्भवति नियतं सच्चिदानन्दमूर्तौ
धर्मः साक्षात् स्ववशजनितावश्यकर्मात्मकोऽयम्।
सोऽयं कर्मक्षयकरपटुर्निर्वृतेरेकमार्गः
तेनैवाहं किमपि तरसा यामि शं निर्विकल्पम्।।२३८।।

'**શ્લોકાર્થ :- સ્વવશતાથી ઉત્પન્ન આવશ્યક-કર્મસ્વરૂપ...**' સ્વ નામ ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ ધ્રુવ. એને વશથી ઉત્પન્ન થતું આવશ્યક-કર્મસ્વરૂપ. આહા..હા..! '**આ સાક્ષાત્ ધર્મ નિયમથી...**' આહા..હા..! '**સચ્ચિદાનંદમૂર્તિ આત્મામાં...**' આહા..હા..! '**(સત્-ચિદ્-આનંદસ્વરૂપ આત્મામાં)...**' સચ્ચિદાનંદમૂર્તિ. હવે સ્વવશમાં ઓલો સ્વ શું? એની વ્યાખ્યા કરી. સચ્ચિદાનંદમૂર્તિ આત્મા. આ ભાષા સાંભળે તો સચ્ચિદાનંદ આપણે હોય? એ તો વૈષ્ણવને હોય. ભાઈ! સચ્ચિદાનંદ આત્મા સચ્ચિદાનંદસ્વરૂપ છે. આહા..હા..! સત્, ચિદ્ અને આનંદ. લ્યો ત્રણ બોલ છે. એ આત્મા સત્ છે, જ્ઞાન છે અને આનંદ છે, એનું નામ સચ્ચિદાનંદ છે. સચ્ચિદાનંદસ્વરૂપ એમ કાંઈક બોલે છે ઓલા. સ્વામિનારાયણ હોયને લોટ આવે ત્યારે બોલે છે. એમ બોલે. અમારે ત્યાં બોટાદની જોડે લેવા આવે અને એમ બોલતા. સચ્ચિદાનંદસ્વરૂપ એવું. એ સચ્ચિદાનંદસ્વરૂપ કોને કહેવો? આ સચ્ચિદાનંદ પોતે સચ્ચિદાનંદ છે. સત્, ચિદ્ નામ જ્ઞાન, આનંદ નામ અનાકુળ સુખ એવો સચ્ચિદાનંદ પ્રભુ આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**સચ્ચિદાનંદમૂર્તિ...**' જોયું! શાશ્વત જ્ઞાન અને આનંદની મૂર્તિ એનું સ્વરૂપ એવો આત્મા. આહા..હા..! '**(સત્-ચિદ્-આનંદસ્વરૂપ આત્મામાં)...**' એમ. એનો અર્થ એ કર્યો જુઓ. '**(સત્-ચિદ્-આનંદસ્વરૂપ આત્મામાં)...**' ઓલો મૂર્તિનો અર્થ સ્વરૂપ કર્યો. આહા..હા..!

'(સત્-ચિદ્-આનંદસ્વરૂપ આત્મામાં) **અતિશયપણે હોય છે.**' એ સાક્ષાત્ ધર્મ. સાક્ષાત્ ધર્મ આ રીતે હોય છે. છેને? '**સ્વવશતાથી ઉત્પન્ન આવશ્યક-કર્મ...**' એટલે કાર્ય વીતરાગી ઉપયોગ એ '**સાક્ષાત્ ધર્મ નિયમથી (ચોક્કસ) સચ્ચિદાનંદમૂર્તિ આત્મામાં અતિશયપણે હોય છે.**' આહા..હા..! શુદ્ધોપયોગની રમણતા તે સ્વવશ ધર્મ છે. આહા..હા..! સમજાણું કાંઈ? પછી માણસો કહેને સોનગઢવાળા નિશ્ચય-નિશ્ચય કરે છે એમ કહે. વ્યવહાર તો કહેતા જ નથી. અરે! વિકલ્પ ઉઠે કહેવું એ પણ વ્યવહાર છે. આહા..હા..! વ્યવહાર તો આમ કરે કાંઈક આમ પથરણું પાથરીને બેસે નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... એ તો બધો રાગ છે. અંદર પથરણું પાથરીને બેસે આનંદમાં. પલાઠીવાળીને બેસ અંદર. આહા..હા..! એવો '**અતિશયપણે હોય છે.**' ખાસ હોય છે એમ કહે છે. '**સચ્ચિદાનંદમૂર્તિ આત્મામાં...**' સ્વવશથી ઉત્પન્ન થતું નિર્મળ કાર્ય. કર્મ એટલે કાર્ય વીતરાગી. એ સાક્ષાત્ ધર્મ ચોક્કસ સચ્ચિદાનંદ આત્મામાં હોય છે. તે પણ અતિશયપણે, વિશેષપણે દશા. ઓહો..હો..! રત્નદીપ જેમ શોભે છે રત્નનો દીવો, એમ ચૈતન્યરત્નની નિર્મળતાથી આત્મા શોભી રહ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે, બાપુ! આહા..હા..!

'**તે આ (આત્મસ્થિત ધર્મ),...**' '**તે આ (આત્મસ્થિત ધર્મ),...**' આત્મા વસ્તુ એમાં સ્થિત જે નિર્મળદશા તે ધર્મ. '**કર્મક્ષય કરવામાં કુશળ...**' કર્મને નાશ (કરવામાં) કુશળ '**એવો નિર્વાણનો એક માર્ગ છે.**' ઓલો માર્ગ કુશળ હોં. કર્મક્ષય કરવામાં કુશળ '**એવો નિર્વાણનો એક માર્ગ છે.**' આહા..હા..!

**શ્રોતા :-** બે ધર્મ છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-**એક જ માર્ગ છે કીધુંને. બે તો ઉપચારનું કથન છે. આહા..હા..!

'**કર્મક્ષય કરવામાં કુશળ એવો નિર્વાણનો એક માર્ગ છે. તેનાથી જ હું શીઘ્ર કોઈ (-અદ્ભુત) નિર્વિકલ્પ સુખને પ્રાપ્ત કરું છું.**' આહા..હા..! ભગવાન આનંદસ્વરૂપમાં, જ્ઞાનસ્વરૂપમાં સ્થિર થતાં '**કર્મક્ષય કરવામાં કુશળ એવો નિર્વાણનો એક માર્ગ છે. તેનાથી જ હું શીઘ્ર કોઈ (-અદ્ભુત) નિર્વિકલ્પ સુખને પ્રાપ્ત કરું છું.**' અતીન્દ્રિય આનંદને પ્રાપ્ત કરું છું. અનુભવમાં અતીન્દ્રિય આનંદને પ્રાપ્ત કરું છું, તે આવશ્યક કાર્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? કળશોને તો ભિન્ન-ભિન્ન રીતે, '**શીઘ્ર કોઈ નિર્વિકલ્પ સુખને પ્રાપ્ત કરું છું.**' આહા..હા..! એ આવશ્યકની પહેલી ગાથા થઈ. બીજી ગાથા.

**ण वसो अवसो अवसस्स कम्म वावस्सयं ति बोद्धव्वं।**
**जुत्ति त्ति उवाअं ति य णिरवयवो होदि णिज्जुत्ती।।१४२।।**

**વશ જે નહીં તે 'અવશ', 'આવશ્યક' અવશનું કર્મ છે;**
**તે યુક્તિ અગર ઉપાય છે, અશરીર તેથી થાય છે. ૧૪૨.**

એનો '**અન્વયાર્થ :- જે (અન્યને) વશ નથી તે 'અવશ' છે...**' એ દયા, દાનના

વિકલ્પને વશ નથી તે અવશ છે. એ દયા, દાન, ભક્તિના વિકલ્પને વશ થઈ જાય એ પરાધિન છે. આહા..હા..! આવી વ્યાખ્યા પણ ભારે ભાઈ! વીતરાગમાર્ગમાં આવું હશે? વીતરાગમાર્ગ તો ક્રિયાકાંડમાં છે બધો. આ ક્રિયા કરો, સવારે સામાયિક કરો, સાંજે સામાયિક કરો, બે વખત પડિક્કમણા કરો લ્યો. બે વખત પડિક્કમણા કરો, પર્યુષણમાં ચોવિહારા પોષા કરો. અરે! ભાઈ! તને જૈનધર્મની ખબર નથી, બાપુ! આહા..હા..! એ બધી રાગની ક્રિયાઓ જડના ..પણે કરે એ બધો મિથ્યાત્વભાવ છે. આહા..હા..! '**જે (અન્યને) વશ નથી તે 'અવશ' છે અને અવશનું કર્મ તે 'આવશ્યક' છે...**' પરને વશ ન થાય અને ભગવાન આત્માના આનંદને વશ થાય તે આવશ્યક કર્મ છે. સમજાણું કાંઈ? '**इति बौद्धव्यम्**' '**એમ જાણવું;...**' કુંદકુંદાચાર્ય ગાથાદીઠ વાત સ્પષ્ટ કરતા જાય છે. '**તે (અશરીર થવાની) યુક્તિ છે,...**' જોયું! આહા..હા..! '**તે (અશરીરી થવાનો) ઉપાય છે,...**' પરને વશ ન થતાં સચ્ચિદાનંદ પ્રભુ એને વશ થઈને જે કાર્ય થાય એ અશરીરી થવાનો ઉપાય છે. એ મોક્ષનો ઉપાય છે. મોક્ષ એટલે અશરીર દશા. આહા..હા..!

'**निरवयवः भवति**' '**તેનાથી જીવ નિરવયવ (અર્થાત્ અશરીરી) થાય છે.**' નિરવયવ. અશરીરનો ઉપાય છે તેનાથી જીવ અશરીરી થાય છે. શરીર વિનાની મુક્તિદશા એને થાય છે. '**इति बौद्धव्यम्**' '**એમ નિરુક્તિ છે.**' લ્યો! છેને? '**निरवयवः भवति**' એવો એનો અર્થ છે એમ કહે છે.

'**ટીકા :- અહીં, અવશ...**' '**પરને વશ ન હોય એવા;...**' નીચે છેને? '**સ્વવશ; સ્વાધીન; સ્વતંત્ર.**' એવા '**અવશ પરમજિનયોગીશ્વરને...**' જેણે પોતાના યોગને સ્વભાવ તરફ જોડ્યો છે એવા પરમયોગીશ્વર સંતો, મુનિ. મુખ્યપણે મુનિની વ્યાખ્યા છેને? પોતે મુનિ હતાને એટલે મુનિપણે લીધું. સમજાણું કાંઈ? આહા..હા..! '**પરમજિનયોગીશ્વરને પરમ આવશ્યક કર્મ જરૂર છે...**' આહા..હા..! પૂર્ણાનંદસ્વરૂપ ભગવાન એને જે વશ થાય છે એને જરૂર આવશ્યક કર્મ છે, તેને પરમ આવશ્યક કાર્ય જરૂર છે એમ. કર્મ એટલે કાર્ય. પણ આવું બધાનું કોઈ સાધન હશે કે નહિ? કે પાધરું આવું થાતું હશે? એ આ જ ઉપાય છે. આહા..હા..! જરૂર જે અવશ નામ પરને વશ ન હોય એવા સ્વવશ સ્વાધીન સ્વતંત્ર. આહા..હા..!

'**પરમજિનયોગીશ્વરને પરમ-આવશ્યક કર્મ જરૂર છે એમ કહ્યું છે.**' '**જે યોગી...**' યોગી એટલે આ અન્યમતિના બાવા ઈ અહીં વાત નથી. નિજસ્વરૂપમાં જોડાણ કરે તે યોગી. આહા..હા..! સમજાણું કાંઈ? પૂર્ણાનંદસ્વરૂપમાં જોડે દૃષ્ટિને, જ્ઞાનને એકાગ્રતાને તે યોગી. એ જૈનના યોગી એને કહેવાય છે. આહા..હા..! એવા યોગીશ્વરને. પરમ-જિન-યોગ અને ઈશ્વર એટલા શબ્દ વાપર્યા છે. '**જે યોગી નિજ આત્માના પરિગ્રહ સિવાય...**' એક આત્માની પક્કડ સિવાય બીજી કોઈ પક્કડ ત્યાં છે નહિ. તે આત્માનો પક્કડ પરિગ્રહ છે. આત્મા પરિગ્રહ એમ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**નિજ આત્માના પરિગ્રહ સિવાય...**' પર આત્મા

પણ નહિ. આહા..હા..! **'અન્ય પદાર્થને વશ થતો નથી અને તેથી જ જેને 'અવશ' કહેવામાં આવે છે,...'** આહા..હા..! રાગને વશ થતો નથી, પરપદાર્થ દેવ-ગુરુ-શાસ્ત્ર એને પણ વશ થતો નથી. આહા..હા..! એવી વાત છે આ. નિજ આત્મા સિવાય કોઈ ચીજને વશ-તાબે થતો નથી. આહા..હા..!

**'અન્ય પદાર્થને વશ થતો નથી અને તેથી જ જેને 'અવશ' કહેવામાં આવે છે,...'** અવશ એટલે પરને વશ નહિ, સ્વવશ. અવશનો અર્થ જ સ્વવશ છે. **'તે અવશ પરમજિનયોગીશ્વરને નિશ્ચય-ધર્મધ્યાનસ્વરૂપ પરમ-આવશ્યક-કર્મ જરૂર છે...'** આહા..હા..! **'પરમજિનયોગીશ્વરને નિશ્ચય-ધર્મધ્યાનસ્વરૂપ પરમ-આવશ્યક-કર્મ જરૂર છે એમ જાણવું.'** આહા..હા..! સમજાણું કાંઈ? **'(તે પરમ-આવશ્યક-કર્મ) નિરવયવપણાનો ઉપાય છે,...'** નિરવયવપણાનો ઉપાય છે. અવયવ એટલે શરીર, નિરવયવ એટલે શરીરરહિત. આહા..હા..! **'નિરવયવપણાનો ઉપાય...'** યુક્તિ છે એ. અવયવ એટલે કાર્ય. તેનો અભાવ તે અવયવનો અભાવ. લ્યો! શરીરનો અભાવ તે કાયાનો અભાવ તે અવયવનો અભાવ. **'નિરવયપણાનો ઉપાય છે,...'** તે અવયવનો અભાવ.

**'પરદ્રવ્યોને અવશ જીવ નિરવયવ થાય છે...'** રાગને વશ નહિ એવો અવશસ્વાધીન એવો જીવ નરવયવ થાય છે. આહા..હા..! ભાષા પણ જુદી જાત છે. તેનો મોક્ષ થાય છે. **'અવયવ એટલે કાય; તેનો (કાયનો) અભાવ...'** છે. **'(અર્થાત્ જે જીવ પરદ્રવ્યોને વશ થતો નથી તે અકાય થાય છે).'** આહા..હા..! **'આ પ્રમાણે નિરુક્તિ—વ્યુત્પત્તિ--છે.'** નિરવયવ થયુંને? શરીરરહિત થઈ ગયું. આહા..હા..! જેને આનંદના નાથમાં જેની રમણતા છે તે જીવ શરીરરહિત થાય છે. એને અવયવ એવું શરીર એને મળતું નથી. આહા..હા..! **'(અર્થાત્ જે જીવ પરદ્રવ્યોને વશ થતો નથી તે અકાય થાય છે).'** લ્યો! **'આ પ્રમાણે નિરુક્તિ—વ્યુત્પત્તિ—છે.'** નિશ્ચયની અધ્યાત્મની વાત વારંવાર એક જાતની લાગે, પણ ભિન્ન-ભિન્ન રીતે તેને વીતરાગપણાને વર્ણવે છે. આહા..હા..! વીતરાગધર્મ તે વીતરાગભાવે હોય. જૈનધર્મ એ વીતરાગભાવે હોય છે, રાગની ક્રિયાભાવે ધર્મ હોતો નથી. આહા..હા..!

**'(હવે આ ૧૪૨ ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :)'**

(मंदाक्रांता)

योगी कश्चित्स्वहितनिरतः शुद्धजीवास्तिकायाद्
अन्येषां यो न वश इति या संस्थितिः सा निरुक्तिः।
तस्मादस्य प्रहतदुरितध्वान्तपुंजस्य नित्यं
स्फूर्जज्ज्योतिःस्फुटितसहजावस्थयाऽमूर्तता स्यात्।।२३९।।

**'શ્લોકાર્થ :- કોઈ યોગી...'** કોઈ ધર્મી. યોગી એટલે ધર્મી. આત્માના સ્વરૂપમાં જોડાણ

કરે તે યોગી. સમ્યગ્દષ્ટિ પણ એટલો યોગી છે ઈ. આહા..હા..! નિજ આત્માના પરિગ્રહ સિવાય. એ આવ્યું. ઓલું '**સ્વહિતમાં લીન રહેતો થકો...**' આહા..હા..! સ્વહિતમાં આત્માનું આનંદ પ્રગટ કરવું તે સ્વહિત છે. આહા..હા..! વીતરાગતા પર્યાયમાં પ્રગટ કરવી તે સ્વહિતમાં લીન રહેતો થકો. એમાં લીન રહે છે. '**શુદ્ધજીવાસ્તિકાય સિવાયના અન્ય પદાર્થોને વશ થતો નથી.**' શુદ્ધ-જીવ-અસ્તિકાય શબ્દ વાપર્યો છે. શુદ્ધ-જીવ-અસ્તિ છે અને અસંખ્ય પ્રદેશી કાય છે એને. કાયારહિત થવાનો શુદ્ધજીવાસ્તિકાયનું શરણ છે. કાય છેને આ પણ?

**શ્રોતા :-** ઓલી કાયા કાઢી નાખીને આ કાયા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ કાયા. આહા..હા..! કાયા શરીરરિત થવાનો ઉપાય શુદ્ધજીવાસ્તિકાયનું શરણ છે. આહા..હા..! એ કાયા છે આત્મા. અંદર અસંખ્ય પ્રદેશી અનંતગુણનું ધામ એ શુદ્ધજીવાસ્તિકાય. સમજાણું કાંઈ? '**સ્વહિતમાં લીન રહેતો થકો શુદ્ધજીવાસ્તિકાય સિવાયના અન્ય પદાર્થોને વશ થતો નથી. આમ જે સુસ્થિત રહેવું તે નિરુક્તિ છે.**' આહા..હા..! .. નિરુક્તિ પડ્યો શબ્દ. ૧૪૨ છેલ્લો શબ્દ છેને? પૂર્ણ આનંદધામ ભગવાન આત્મામાં યોગી સ્વહિતમાં લીન છે, સ્વહિતમાં. ઓલા કહે છેને કે ભગવાને સ્વહિત માટે સંસાર છોડ્યો અને દીક્ષા લીધી. પરોપકાર માટે. ભગવાને દીક્ષા લીધી પર હિત માટે. ખોટી વાત છે.

**શ્રોતા :-** શાસ્ત્રમાં આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવે છે એ ક્યાં? એ તો નિમિત્તના કથન છે. એના સ્વહિતને માટે ચારિત્રને અંગીકાર કર્યું છે. આહા..હા..! પરનું હિત કોઈ કરી શકતું નથી અને પરના હિતને માટે ઉપદેશ પણ આત્મા આપી શકતો નથી. ઉપદેશ તો વાણી, જડ છે. આ તો વાણી, જડ છે, એ આત્મા ક્યાં છે? આહા..હા..! સમજાણું કાંઈ? બહુ યજ્ઞ હતા. યજ્ઞમાં માણસને હોમતા, પશુને હોમતા ભગવાનને વખતે. માટે ભગવાને દીક્ષા લીધી અને ઝંડો ઉપાડ્યો યજ્ઞની વિરુદ્ધનો. ભગવાન કહે છે કે અમે તો એવું કાંઈ કર્યું નથી. અમે તો સ્વહિતમાં લીન થયા એ કર્યું છે. કહ્યું નહોતું ભગવાને આ બધું કર્યું છે ઉભું? બ્રાહ્મણો બહુ યજ્ઞ કરતા, પશુ હોમતા.

**શ્રોતા :-** ભગવાને સ્ત્રીઓને હક અપાવ્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, સ્ત્રીઓને શું કીધું? હક અપાવ્યો. સમાન હક. પુરુષ અને સ્ત્રીને સમાન હક અપાવ્યો. બધી ખોટી વાતું છે. એમ કહીને સ્ત્રીને પણ મોક્ષ સિદ્ધ કીધો એમ. બધી ખોટી ગપ્પ મારનારી વાતું છે. આહા..હા..! એમણે તો પોતાના હિતને માટે રમણતા અંદરમાં કરી છે. આહા..હા..!

**શ્રોતા :-** એ તો નિશ્ચય. વ્યવહારે શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વ્યવહારે શું? વ્યવહારે કાંઈ નહિ. વિકલ્પ આવે એ વ્યવહાર.

ઉપદેશ લીધો અને ઉપદેશ દઈ શક્યા નહિ એવું કાંઈ છે જ નહિ. ઉપદેશ તો વાણી જડ છે. આ તો વાણી જડ છે. જડને આત્મા કરે અને જડને બનાવે એવું કાંઈ છે જ નહિ. આહા..હા..! ઘણો ફેરફાર ભાઈ હોં. પંડિતો એવા ભાષણ આપે, સાધુ પણ એવા ભાષણ આપે નામ ધરાવનારા સાધુ. ભગવાને આમ કર્યું હતું. મા હણો... મા હણો... જીવને એવો ભગવાને ઉપદેશ કર્યો હતો. કહે છે કે એ ઉપદેશ તો જડની ક્રિયા છે, મેં કરી નથી. આહા..હા..! અમે તો ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાનતત્ત્વ અને આનંદતત્ત્વમાં રમતા, રમણતા કરવા માટે અમે તો દીક્ષા લીધી છે. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ ફેરફાર, વાતુંમાં બહુ ફેરફાર. બિચારા સાંભળનારને મળ્યું હોય ઈ અને રાજી-રાજી થાય કે આહા..હા..! સ્તુતિ પહેલા બોલે છે. સ્તુતિમાં મા હણો.. મા હણો જીવને, એ જિનવરનો ઉપદેશ. એ તો વાણી છે. એણે તો આત્માની વીતરાગતા પ્રગટ કરી અને રાગથી હણાણા નહિ એ વીતરાગતા એણે પ્રગટ કરી છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**શુદ્ધજીવાસ્તિકાય સિવાયના...**' શુદ્ધ, જીવ, અસ્તિ છે કાય અસંખ્ય પ્રદેશ. એ સિવાયના '**અન્ય પદાર્થોને વશ થતો નથી.**' આહા..હા..! રાગને વશ થતો નથી. અને શુદ્ધજીવાસ્તિકાય અનંતગુણનું અસ્તિત્વ અને અસંખ્ય પ્રદેશી કાય એટલે સમૂહ. અસંખ્ય પ્રદેશી સ્વદેશ એમાં અનંતગુણ રહેલા છે. આહા..હા..! અસ્તિ છેને? શુદ્ધજીવ અસ્તિ-સત્તા, કાય-અસંખ્ય પ્રદેશ સમૂહ. એ આ જીવાસ્તિકાય અસંખ્ય પ્રદેશી સર્વજ્ઞ સિવાય ક્યાંય નથી. સર્વજ્ઞ જિનેશ્વર, પરમેશ્વરે જોયો આત્મા એ આવો શુદ્ધજીવાસ્તિકાય જોયો છે. બીજામાં આ વસ્તુ છે નહિ. જીવ શુદ્ધ છે અને આત્મા શુદ્ધ છે એમ કરીને વાતું કરે, પણ એ અસંખ્ય પ્રદેશી છે. એ સર્વજ્ઞ પરમેશ્વર સિવાય કોઈએ આ જોયું અને જાણ્યું નથી. તેથી આ શબ્દ મૂક્યો છે. શુદ્ધજીવ સિવાયના એમ ન લેતા '**શુદ્ધજીવાસ્તિકાય સિવાયના અન્ય પદાર્થોને વશ થતો નથી.**' આહા..હા..!

'**આમ જે સુસ્થિત રહેવું...**' અંદરમાં સુસ્થિત રહેવું. વીતરાગભાવમાં સુસ્થિત રહેવું તે નિરુક્તિ છે. '**(અર્થાત્ અવશપણાનો વ્યુત્પત્તિ-અર્થ)** છે.' પરવશ ન થાય અને સ્વાધીન રહે એવો એનો અર્થ છે. આહા..હા..! '**એમ કરવાથી (-પોતામાં લીન રહી પરને વશ નહિ થવાથી)**' પોતામાં સ્વાધીનપણે રહી અને પરને વશ નહિ થવાથી. આહા..હા..! '**દુરિતરૂપી તિમિરપુંજનો જેણે નાશ કર્યો છે...**' દુરિતનો નીચે અર્થ '**દુષ્કૃત; દુષ્કર્મ. (પાપ તેમ જ પુણ્ય બન્ને ખરેખર દુરિત છે.)**' આહા..હા..! દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રતના ભાવ એ પુણ્ય છે, દુરિત છે. એવી વાત છે, ભાઈ! ઝીણી. છેને? પુણ્ય અને પાપ બન્ને દુરિત છે. શુભ અને અશુભભાવ બેય દુરિત છે, આત્માની રીત અને પદ્ધતિ નહિ એ. આહા..હા..! એ તો અત્યારે મનાવે છે સંપ્રદાય બધાને. આ કરો... આ કરો... આ કરો... એ ધર્મ છે. '**(પાપ તેમ જ પુણ્ય બન્ને ખરેકર દુરિત છે.)**' આહા..હા..!

**'દુરિતરૂપી તિમિરપુંજ...'** આહા..હા..! એ શુભ-અશુભભાવ તે-રૂપી અજ્ઞાનનો પુંજ છે, એ તો તિમિર-અંધકાર છે. આહા..હા..! એ પરની દયાનો ભાવ એ રાગ એ અંધકાર છે. કારણ કે રાગમાં જ્ઞાન નથી, આત્મા નથી. એ તો વિકલ્પ રાગ છે. આહા..હા..! આ દયા તે ધર્મ કીધો. 'દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ' આવે છેને કાંઈક? ઈ દયા નહિ, બાપા! આ તો આત્માની દયા, રાગને ન કરવો અને વીતરાગતાને પ્રગટ કરવો એ દયા આત્માની છે. આહા..હા..! પરની દયા કરવા જાય ત્યાં રાગ થશે, છતાં એની દયા નહિ કરી શકે. એનું આયુષ્ય હોય તો જીવશે, નહિતર મરી જશે.

અહીં કહે છે એ શુભ અને અશુભભાવ બેય **'દુરિતરૂપી તિમિરપુંજ...'** છે. અધંકાર છે બેય. આહા..હા..! પરની દયાનો વિકલ્પ ઉઠે છેને રાગ, કહે છે કે એ અજ્ઞાન છે એ. કારણ કે રાગમાં જ્ઞાન આત્મા નથી. આહા..હા..! બહુ આકરું કામ. તિમિરપુંજ. **'દુરિતરૂપી તિમિરપુંજનો જેણે નાશ કર્યો છે એવા તે યોગીને સદા પ્રકાશમાન જ્યોતિ વડે સહજ અવસ્થા પ્રગટવાથી અમૂર્તપણું થાય છે.'** આહા..હા..! અશરીરી થાય છે કે અમૂર્ત થાય છે, બે એક જ છે. એવા ધર્માત્માને સદા પ્રકાશમાન જ્યોતિ. ચૈતન્યના પ્રકાશના પુંજ વડે **'સહજ અવસ્થા પ્રગટવાથી અમૂર્તપણું થાય છે.'** એને મુક્તિ થાય છે. એને શરીર રહેતું નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## માગશર સુદ-૮, બુધવાર, તા. ૧૦-૧૨-૧૯૭૫
## ગાથા-૧૪૩, કળશ-૨૪૦ થી ૨૪૩, પ્રવચન નં. ૧૨૦

वट्टदि जो सो समणो अण्णवसो होदि असुहभावेण।
तम्हा तस्स दु कम्मं आवस्सयलक्खणं ण हवे।।१४३।।
**વર્તે અશુભ પરિણામમાં, તે શ્રમણ છે વશ અન્યને;**
**તે કારણે આવશ્યકાત્મક કર્મ છે નહિ તેહને. ૧૪૩.**

**'ટીકા :- અહીં, ભેદોપચાર-રત્નત્રયપરિણતિવાળા જીવને અવશપણું નથી એમ કહ્યું છે.'** વ્યવહારરત્નત્રય છે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન અને પંચમહાવ્રતાદિના પરિણામ એ ભેદોપચાર-રત્નત્રય છે, વાસ્તવિક મોક્ષનો માર્ગ એ નથી. સમજાણું કાંઈ? એ આવશ્યક કર્મ નથી, એમ કહે છે. ભેદરત્નત્રય દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન... અને પંચમહાવ્રતાદિના પરિણામ એ તો અશુભભાવમાં લેશે અહીં તો. એવું અંગીકાર કરીને **'જીવને**

**અવશપણું નથી...**' એને સ્વવશપણું નથી અવશ એટલે એ સ્વાધિન નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! '**એમ કહ્યું છે.**'

'**જે શ્રમણાભાસ...**' નગ્નમુનિ દેખાય છે એની વાત છે હોં. વસ્ત્રવાળાની અહીં વાત નથી. બાહ્યમાં નગ્ન છે, દિગંબરવેશ ધારણ કર્યો, વ્યવહારરત્નત્રયના કાંઈ વિકલ્પો વર્તે છે એ બધા દ્રવ્યલિંગી શ્રમણાભાસ છે, એ સાચા સાધુ નથી. આહા..હા..! દ્રવ્યલિંગી છે એ. '**અપ્રશસ્ત રાગાદિરૂપ અશુભભાવસહિત વર્તે છે,...**' અહીં તો એ લેવું છે પાછું. એવામાં આવ્યો પછી અશુભભાવમાં વર્તે છે. આ મારા મંદિર અને આ મારા તીર્થને. આહા..હા..! છેને ખેતરને? આ અમારા મકાન છે અમારા ધર્માદાના, એને માટે તમે ખરડા કરો. પૈસા ભેગા કરો, મકાન ધન લક્ષ્મી ભેગી કરો, ભાઈ! તીર્થ .. માટે. ધાન્ય આદિ અનાજ. ગરીબોને અનાજ આપો એવી જેની દશા—એ બધું અમારું છે, અમે બધું આ કરીએ છીએ. એવા માનનારા દ્રવ્યલિંગી વ્યવહારાભાસવાળા છે. આહા..હા..!

'**અપ્રશસ્ત રાગાદિરૂપ અશુભભાવસહિત વર્તે છે, તે નિજસ્વરૂપથી અન્ય (-ભિન્ન) એવાં પરદ્રવ્યને વશ છે;...**' આહા..હા..! ભગવાન આત્મા આનંદમૂર્તિ પ્રભુ એને વશ થઈને નિર્મળ પરિણતિ પ્રગટ કરવી જોઈએ, નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. એનાથી તો '**(-ભિન્ન) એવાં પરદ્રવ્યને વશ છે;...**' સમજાણું કાંઈ? સ્વસ્વરૂપ ભગવાન ચિદાનંદ આત્મા એને વશ ન થતાં એટલે કે સ્વાધિનપણે દશા નહિ કરતા '**અન્ય એવા પરદ્રવ્યને વશ છે;...**' ઈ. આહા..હા..! શુભ-અશુભભાવ છે એ પરવસ્તુ છે, એને વશ પડ્યો છે, કહે છે. આહા..હા..! માર્ગ એવો છે, ભાઈ! સવારમાં ઘણું આવ્યું હતું નહિ લિંગપાહુડમાં. કાંતિભાઈ! લિંગપાહુડમાં આવ્યું હતું. આ તિર્યંચયોનિ કહેવાય, નર્કયોનિ કહેવાય. અમારે ધન્નાલાલજીને વાત કરતા હતા અંદર. એ વખતે નહોતું ચાલતું? .. વાત કહે છેને. આહા..હા..! જેને ભગવાન આત્મા આનંદનો નાથ પ્રભુ એવું સ્વદ્રવ્ય એને વશ નથી, એનો આશ્રય લીધો નથી. આહા..હા..! એકલા બાહ્યભાવમાં વશ થઈ ગયો, પુણ્ય-પાપના ભાવમાં, એ પરદ્રવ્યને તાબે થઈ ગયો છે, કહે. આહા..હા..!

'**તેથી, તે જઘન્ય રત્નત્રયપરિણતિવાળા...** ' જઘન્ય એટલે હલકી રત્નત્રયની અવસ્થાવાળો '**જીવને સ્વાત્માશ્રિત નિશ્ચય-ધર્મધ્યાનસ્વરૂપ...**' એવા જીવને સ્વાત્માશ્રિત ચિદાનંદ ધ્રુવસ્વરૂપ એને આશ્રિત '**નિશ્ચય-ધર્મધ્યાનસ્વરૂપ...**' નિશ્ચય-ધર્મધ્યાનની પર્યાયસ્વરૂપ. સમજાણું કાંઈ? '**પરમ-આવશ્યક-કર્મ નથી.**' એને જરૂરી કર્તવ્ય છે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ એને નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કેટલી વાત મૂકી જુઓ! '**જઘન્ય રત્નત્રયવાળા જીવને...**' આહા..હા..! '**સ્વાત્માશ્રિત નિશ્ચય-ધર્મધ્યાન...**' પૂર્ણાનંદસ્વરૂપ પ્રભુ એને આશ્રિત અવલંબીને જે નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એવું જે નિશ્ચય-ધર્મધ્યાન. એવું પરમ આવશ્યક કાર્ય, પરમ જરૂરી કાર્ય એને નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'(તે **શ્રમણાભાસ) ભોજન અર્થે દ્રવ્યલિંગ ગ્રહીને...**' આહા..હા..! આત્માના આનંદના ભોજન અર્થે નહિ. આહા..હા..! વેશ ધારે તો સારા રોટલા મળે. આહા..હા..! એક જણો કહેતો હતો રાજકોટમાં. આઠ પડિમાવાળો હતો. ક્ષુલ્લક થાવું પડશે કહે. એ વિના લોકો આદર નથી આપતા લોકો આઠ પડિમાવાળાને, એમ કહેતા હતા. એક ક્ષુલ્લક થાય તો .. ત્યાં આહાર હતો તે દિ' આ ચુનિલાલ રાજકોટવાળા નહિ દેસાઈ? એને ત્યાં આહાર હતો અને ઈ ત્યાં સાથે હતો. એ કહેતો હતો. આઠ પડિમાધારીને ત્યાં કોઈ આદર નથી દેતો. .. પધારો.. પધારો.. અમારે ત્યાં આહાર કરવા. એટલે ક્ષુલ્લકપણું લેવું પડશે કહે.

**શ્રોતા :-** આદર નહિ થાય ત્યાં સુધી (આહાર નહીં મળે).

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આઠ પડિમાવાળાને કોણ? એને ખાસ બોલાવે તો અને ત્યાગીઓની પાટ હોય તેમાં ભેગા બેસે તો આદર કરે. આહા..હા..!

'**ભોજનને અર્થે દ્રવ્યલિંગ ગ્રહીને...**' કહે છે. આહા..હા..! આનંદના અનુભવ માટે દ્રવ્યલિંગ નથી ગ્રહણ કર્યું. અંતર આનંદનો અનુભવ એનો ભોગવટો કરવો આત્માનો. આહા..હા..! નિજભોજન તો ઈ છે. આહા..હા..! એવા ભોજનને છોડી, આવા આહાર-પાણી અનુકૂળ મળે એવા અર્થે દ્રવ્યલિંગ ગ્રહીને '**સ્વાત્મકાર્યથી વિમુખ રહેતો થકો...**' સ્વ-આત્મકાર્ય નામ દર્શન-જ્ઞાન-ચારિત્ર જે કર્તવ્ય છે એ વિકારરહિત એવા કાર્યથી તો વિમુખ છે. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ નિશ્ચય એવું લોકોને આકરું લાગે. કે આમાં કરવું શું અમારે? ભાઈ! આ કરવાનું એ છે. આહા..હા..! આનંદનો નાથ બિરાજે છે પૂર્ણાનંદસ્વરૂપ, એનો આશ્રય કરવાનું કર્તવ્ય છે અહીં તો. આહા..હા..! ..ભાઈ છે? કીકાભાઈ. કાંઈક કીધું હતું આવ્યા છે. ત્યાં આવ્યા છે. ભાવનગર આવ્યા છે. કોઈએ કહ્યું હતું કે કીકાભાઈ આવ્યા છે.

અહીં શું કહે છે? આહા..હા..! જેને આત્મા ત્રિકાળ આનંદનો નાથ પ્રભુ છે. એનો આશ્રય લઈને જે કાર્ય પ્રગટ થવું જોઈએ એ નિશ્ચયસમ્યગ્દર્શન-ચારિત્ર. ત્રિકાળ દ્રવ્યને આશ્રયે. એ કાર્ય તો છે નહિ એને અજ્ઞાનીને. આહા..હા..! દ્રવ્યલિંગ ધારણ કર્યું નગ્નપણું. ભોજનને અર્થે દ્રવ્યલિંગ ધારણ છે એને. સમજાણું કાંઈ? આહા..હા..! વસ્ત્રવાળા તો દ્રવ્યલિંગ પણ નથી. વસ્ત્રસહિત જે સાધુ મનાવે છે એ તો દ્રવ્યલિંગ પણ નથી એનું, પણ જે નગ્નમુનિ થયા અને એક અંતર આત્માનો આનંદસ્વભાવ, એની દૃષ્ટિ, જ્ઞાન અને ચારિત્રનું કર્તવ્ય જે સ્વને આશ્રયે થવું જોઈએ એ કરતો નથી. આહા..હા..! તો એ દ્રવ્યલિંગી અજ્ઞાની. આહા..હા..! એવી વાત છે ઝીણી.

'**સ્વાત્મકાર્યથી વિમુખ રહેતો...**' છે? '**સ્વાત્મકાર્ય...**' શુદ્ધ અખંડ આનંદનો નાથ પ્રભુ આત્મા એને આશ્રયે જે નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થવું જોઈએ એનાથી એ વિમુખ છે. આહા..હા..! એ બહારની ક્રિયાકાંડમાં મશગુલ છે. આહા..હા..! '**પરમતપશ્ચરણાદિ પ્રત્યે**

**પણ ઉદાસીન...**' જોયું! બહારની ક્રિયા શુભાદિમાં, અશુભમાં વર્તે છે. પણ અંદર જે આત્માનું કાર્ય જોઈએ એનાથી તો ઉદાસીન છે. પરમમુનિપણું અતીન્દ્રિય આનંદસ્વરૂપ એને આશ્રયે થતી વીતરાગી પર્યાય એનાથી ઉદાસ છે અને રાગની ક્રિયામાં તત્પર છે. સમજાણું કાંઈ? એ દ્રવ્યલિંગી શ્રમણાભાસ સાધુ નહિ પણ સાધુ જેવો લિબાસ એ એમાં ઉદાસીન રહિને અંતર આનંદસ્વરૂપમાં આવવું જોઈએ, વીતરાગી પર્યાય પ્રગટ કરવી જોઈએ આનંદને આશ્રયે એ કાર્ય તો કરતો નથી અને બહારની ક્રિયાકાંડમાં મશગુલ થઈ ગયો છે. જિનમંદિર '**જિનેન્દ્રમંદિર...**' અમે આ કરાવીએ છીએ. આ જિનેન્દ્રમંદિર અમારું છે.

**શ્રોતા :-** એ પણ ન કરાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ કરાવે? જડ એ તો પરની ક્રિયા છે. ઈ આ માને કે અમે જિનેન્દ્રમંદિર કરાવ્યા, પ્રતિષ્ઠા કરાવી, આમ કરાવ્યું એ અજ્ઞાની આત્માના કાર્યને જાણતો નથી. સમજાણું કાંઈ? છે એમાં છે જુઓ. પોતાનું આત્મકલ્યાણનું કાર્ય જોઈએ જે સ્વદ્રવ્યને આશ્રયે થાય. સ્વદ્રવ્ય એટલે આનંદનો નાથ ભગવાન આત્મા એને આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય એ કાર્ય તો કરતો નથી. આહા..હા..! અને બાહ્યવેશ ધારણ કરી ભોજનને અર્થે દ્રવ્યલિંગ ધારણ કર્યું છે કહે છે તેં તો. આહા..હા..! છેને?

'**પરમતપશ્ચરણાદિ પ્રત્યે પણ ઉદાસ...**' નિશ્ચયસમ્યગ્દર્શન, નિશ્ચયજ્ઞાન અને નિશ્ચયચારિત્રથી ઉદાસ. આહા..હા..! '(બેદરકાર) **રહીને જિનેન્દ્રમંદિર...**' 'આ અમે જિનેન્દ્ર મંદિર આટલા કરાવ્યા, આટલી વેદી પ્રતિષ્ઠાઓ કરાવી.' '**અથવા તેનું ક્ષેત્ર,...**' સમ્મેદશિખરની જાત્રાઓમાં અમે ભાગ લઈને સમ્મેદશિખરની જાત્રા કરી, એ ક્ષેત્ર અમારું છે.' એમ અજ્ઞાનીઓ માનીને ત્યાં રોકાઈ ગયા છે. સમજાણું કાંઈ? મુનિ કહે છે. પદ્મપ્રભમલધારિદેવ છેને સામે? વચમાં કુંદકુંદાચાર્ય છે. આ પદ્મપ્રભમલધારિદેવ એની આ ટીકા છે. ૯૦૦ વર્ષ પહેલા નગ્ન દિગંબર સંત. ઓલી કોર અમૃતચંદ્રાચાર્ય છે. એ પદ્મપ્રભમલધારિદેવની ટીકા છે. કહે છે જિનેન્દ્રમંદિર અમારું, આ અમે મંદિર કરાવ્યું હતું. અરે! કોણ કરાવે, બાપુ! પરચીજને કરે કોણ? આહા..હા..! સમજાણું કાંઈ?

આ અમારા '**ક્ષેત્ર,...**' છે. અમે ત્યાં જઈએ અને સંઘને બરાબર રાખીએ. એવા ક્ષેત્રની મમતા કરે છે. '**મકાન,...**' બનાવ્યા હોયને મકાનો? મંદિર પાસે માણસો આવે મહેમાનને ઉતરવાના. આ મકાન અમે કરાવ્યા છે, આ મકાન અમારા છે. એ બધા દ્રવ્યલિંગીઓ મિથ્યાદૃષ્ટિ છે, કહે છે. આહા..હા..! આકરી વાત, ભાઈ! વીતરાગમાર્ગ એવો ઝીણો છે. સમજાણું કાંઈ? મકાન અમારા '**ધન,...**' અમારા. અમે આટલી લક્ષ્મી ભેગી કરી છે તીર્થને જાળવવા માટે, ખરડા આટલા કરાવીએ છીએ પૈસાના. અરે! કોણ કરે, બાપા? શું કરે છે તું આ? કહો, ધન્નાલાલજી! '**ધાન્યાદિક...**' અનાજ ભેગું કરે. ગરીબોને દેવા માટે અનાજ ભેગું કરે. એ કાંઈ તારા કર્તવ્ય છે, બાપા? '**ધાન્યાદિક બધું અમારું છે...**' આ. આ અમારા ખરડા

કર્યા એનું અનાજ છે. અમે પૈસા ભેગા કર્યા એનું આ તીર્થમાં આપીએ છીએ. આવી જે મમતા કરનારા '**એમ બુદ્ધિ કરે છે.**' તે દ્રવ્યલિંગી છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ મુનિ પોતે કહે છે. મુનિરાજ છે દ્રવ્યલિંગી અને ભાવલિંગી. પોતે ભાવલિંગી છે અંદર. આત્માના કાર્યમાં રમણતાવાળા છે. આહા..હા..!

'(**હવે, આ ૧૪૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ પાંચ શ્લોક કહે છે :**)' લ્યો! આહા..હા..! પહેલો ૨૪૦ કળશ છેને. કળશ છેને આ બાજુ?

(मालिनी)

अभिनवमिदमुच्चैर्मोहनीयं मुनिनां
त्रिभुवनभुवनान्तर्ध्वांतपुंजायमानम्।
तृणगृहमपि मुक्त्वा तीव्रवैराग्यभावाद्
वसतिमनुपमां तामस्मदीयां स्मरन्ति।।२४०।।

'**શ્લોકાર્થ :- ત્રિલોકરૂપી મકાનમાં રહેલા (મહા) તિમિરપુંજ જેવું મુનિઓનું આ (કોઈ) નવું તીવ્ર મોહનીય છે...**' કહે છે. આહા..હા..! ઘાસના ઘર છોડી અને આ તીવ્ર મમતાના મકાન અમારા અને અમે કર્યા. આવો તીવ્ર અજ્ઞાનભાવ છે, કહે છે. સમજાણું કાંઈ? '**ત્રિલોકરૂપી મકાનમાં રહેલા (મહા) તિમિરપુંજ...**' અજ્ઞાનનો અંધકાર. આહા..હા..! '**જેવું મુનિઓનું આ (કોઈ) નવું તીવ્ર મોહનીય છે...**' આહા..હા..! '**કે (પહેલાં) તેઓ તીવ્ર વૈરાગ્યભાવથી ઘાસના ઘરને પણ છોડીને...**' ઘાસનું ઘર એ સાધારણ ઘર હોય એ બિચારા મુનિ એમ કહે છે. '**(પછી) 'અમારું તે અનુપમ ઘર!''** અમે ઘર છોડ્યા, બાયડી છોડી, છોકરા છોડ્યા, દુકાન છોડી, ધંધા છોડ્યા. એ બધો મિથ્યાત્વભાવ છે કહે છે. છોડે કોણ! એ તો પરવસ્તુ છે. આવું એ અભિમાન કરે છે '**એમ સ્મરણ કરે છે!**' પૂર્વે અમારે આવી બાયડી હતી, આવા મકાન હતા, આવી દુકાન હતી, એને અમે છોડ્યા. અરે! આ વળી તીવ્રમોહ ક્યાંથી આવ્યો તને કહે. સમજાણું કાંઈ? પરવસ્તુ ગ્રહી શકે નહિ આત્મા, પરવસ્તુ છોડી શકે નહિ આત્મા. આત્મામાં પરદ્રવ્યના ગ્રહણ-ત્યાગનો અભાવ છે. આહા..હા..! આત્માનો ગુણ એવો છે કે પરના ત્યાગ-ગ્રહણરહિત છે. આ શરીર, વાણી, મન જડ પૈસા મકાન એ તો પર જડ છે. એનો ત્યાગ પણ નથી આત્મામાં અને એનું ગ્રહણ પણ નથી. પરદ્રવ્યનું ત્યાગ-ગ્રહણ આત્મામાં છે ક્યાં? સમજાણું કાંઈ? છતાં અજ્ઞાની. આહા..હા..!

'**તીવ્ર વૈરાગ્યભાવથી ઘાસના ઘરને પણ છોડીને (પછી) 'અમારું તે અનુપમ ઘર!' એમ સ્મરણ કરે છે!**' અમારે આમ બૈરા હતા, અમારે છોકરા આવા હતા, દુકાન આવી હતી એને અમે છોડી, આ કુળના ઘરને યાદ કરે છે એ મૂઢ જીવ છે, કહે છે. સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ! આવી વાત છે ભાઈ આ તો. આહા..હા..! દિગંબર મુનિઓ છે

આ તો. નાગા બાદાશાહથી આઘા. કાંઈ દરકાર નથી દુનિયાની એને. આ છે એમ કહે છે. એને બાદશાહની પડી નથી એને. આહા..હા..! આત્મા આનંદસ્વરૂપ ભગવાન આત્મા એના આનંદમાં લીન થઈ ગયેલા છે અતીન્દ્રિય આનંદ. એ મુનિ મુનિઓના અપલક્ષણ કેવા હોય એનું વર્ણન કરે છે. આહા..હા..!

**'એમ સ્મરણ કરે છે!'** યાદ કરેને એને આમ હતું. પૂર્વે અમારે તાજી-તાજી રોટલી મળતી, અનાજ મળતા, દસ વાગ્યાના ટાઈમ થાય અને આહાર કરવા જઈએ તો તાજી શું કહેવાય તમારી? તાવડી ભૂલી જઈએ છીએ. તાવડીમાંથી રોટલી તાજી ખાતા. આવું સ્મરણ કરે છે, બાપા! તું મૂઢ છો? આ તે કોણ છો તું? એ વસ્તુ તારી છે નહિ અને એ વસ્તુ તે છોડી નથી, એ વસ્તુ તે ગ્રહી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

હવે સાચા સાધુની થોડી વાત કરે છે. ૨૪૧ થયોને?

(शार्दूलविक्रीडित)

कोपि क्वापि मुनिर्बभूव सुकृति काले कलावप्यलं
मिथ्यात्वादिकलंकपंकरहितः सद्धर्मरक्षामणिः।
सोऽयं संप्रति भूतले दिवि पुनर्देवैश्च संपूज्यते
मुक्तानेकपरिग्रहव्यतिकरः पापाटवीपावकः।।२४१।।

હવે આ **'કળિકાળમાં પણ...'** પંચમ આરો કળિકાળ એમાં **'પણ ક્યાંક કોઈ ભાગ્યશાળી જીવ...'** **'ક્યાંક કોઈ ભાગ્યશાળી જીવ...'** આહા..હા..! **'મિથ્યાત્વાદિરૂપ મળકાદવથી રહિત...'** આહા..હા..! 'એ વસ્તુ મારી હતી અને મેં છોડી' એવો જે મિથ્યાત્વભાવ, એનાથી રહિત છે આ. રાગની ક્રિયા દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ મારા એ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવું આકરું ભારે, ભાઈ! દિગંબર ધર્મ ઝીણો અને આકરો. દિગંબર ધર્મ એટલે જીવનું સ્વરૂપ છે આ. આ કાંઈ વાડો નથી. આહા..હા..! **'જીવ મિથ્યાત્વાદિરૂપ મળકાદવથી રહિત...'** આહા..હા..! 'શરીર મારું, પુણ્ય મારા, દયા-દાનના પરિણામ મારા' એ બધો મિથ્યાત્વભાવ છે. આહા..હા..! એ મિથ્યાત્વાદિ ભાવને છોડી દીધા છે. હું તો આત્મા આનંદ-જ્ઞાનસ્વરૂપ છું. મારામાં તો પુણ્ય દયા, દાન, વ્રતના પરિણામ એ મારા નહિ, એ તો રાગ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'મિથ્યાત્વાદિ...'** મિથ્યાત્વનો ભાવ અને અવ્રતનો ભાવ, કષાયનો ભાવ આદિ **'મળકાદવથી રહિત...'** થઈ ગયા છે. 'હું તો અખંડ આનંદનો નાથ ચિદાનંદ મૂર્તિ છું.' એમ સમ્યગ્દર્શનમાં મુનિઓએ પહેલો આત્માને આવો અનુભવ કર્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'મિથ્યાત્વાદિરૂપ મળકાદવથી રહિત...'** આહા..હા..! એ શુભ-અશુભભાવ વિકાર છે, દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા, તપનો ભાવ એ શુભ વિકાર છે. એ વિકાર એ કાદવમળ છે. આહા..હા..! એવા કાદવમળથી રહિત થયા છે મુનિ. સાચા મુનિ આવા હોય છે. આહા..હા..!

છે? '**મિથ્યાત્વાદિરૂપ મળકાદવથી રહિત અને સદ્ધર્મરક્ષામણિ એવો સમર્થ મુનિ થાય છે.**' નીચે અર્થ છે. '**સદ્ધર્મરક્ષામણિ = સદ્ધર્મની રક્ષા કરનારો મણિ.** (રક્ષામણિ= **આપત્તિઓથી અથવા પિચાશ વગેરેથી પોતાની જાતને બચાવવા માટે પહેરવામાં આવતો મણિ.**' આ મુનિ સદ્ધર્મરક્ષામણિ છે. પ્રભુ આત્મા આનંદસ્વરૂપ છે, વીતરાગપરિણામે પરિણમ્યો છે એ મારો ધર્મ છે. એનો એ રક્ષામણિ છે. આ લોકમાં ભૂતડા. ભૂતડા. એનાથી કરે છેને .. પારો બાંધે. અહીં દોરો બાંધે, માદળિયું બાંધે. ભૂતડા વળગે નહિ એ માટે લોકો બાંધે છે. આ તો સદ્ધર્મનો રક્ષામણિ છે કહે છે. આત્મા શુદ્ધ આનંદનો નાથ નિર્વિકારી વીતરાગમૂર્તિ એની જેને દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા થઈ છે. આહા..હા..! પુણ્ય-પાપના વિકલ્પથી પાર પડીને. આહા..હા..! જેણે સત્ધર્મ આત્માનો સત્ધર્મ શુદ્ધ આનંદકંદની પરિણતિ એનો એ રક્ષામણિ છે. સત્ધર્મની નિર્વિકારી પરિણતિનો રક્ષાનો કરનાર મણિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! આ કાળે આવી ચીજ મળવી એ તો, સાંભળવી કઠણ પડે, મુનિ તો ક્યાં છે આવા? આહા..હા..! સમજાણું કાંઈ?

સત્ ધર્મ. ભગવાન આત્મા સત્યાર્થ, ભૂતાર્થ, ત્રિકાળ છે. એને આશ્રયે પ્રગટેલી વીતરાગી દશા એ સદ્ધર્મના રક્ષાનો મણિ છે. શુભાશુભભાવનો રક્ષા કરનાર એ નહિ, આહા..હા..! શરીરની રક્ષા કરનારો એ નહિ. પરચીજની શું રક્ષા કરે? આ તો જડ, માટી છે. એમ શુભ-અશુભભાવ, દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ શુભ એનો રક્ષા કરનારો મુનિ નહિ. આહા..હા..! સત્ વસ્તુ ભગવાન એને આશ્રયે પ્રગટેલી વીતરાગી પરિણતિ, નિર્વિકલ્પ સમાધિ, નિર્વિકલ્પ શાંતિ, નિર્વિકલ્પ કર્તવ્ય. એનો એ રક્ષામણિ છે. એને રાખનારો મણિરત્ન એ છે, કહે છે. આહા..હા..!

'**એવો સમર્થ મુનિ થાય છે.**' આહા..હા..! એવો સમર્થ મુનિ થાય છે અંતરમાં. આહા..હા..! મુનિપણું એટલે શું, બાપુ! પરમેષ્ઠી એ તો થયો! પંચપરમેષ્ઠી. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ એ પંચપરમેષ્ઠી છે. એમાં ભળ્યો એ તો કહે. આનંદનો નાથ, સચ્ચિદાનંદ પ્રભુ શાંતનો સાગર વીતરાગી મૂર્તિ આત્મા એનો આશ્રય લઈને જેણે નિર્વિકારી વીતરાગી દશા પ્રગટ કરી છે એ વીતરાગી દશાનો રક્ષાનો મણિ છે. એની રક્ષાનો એ કરનાર છે. જીવની રક્ષાનો કરનાર, મકાનનો એ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! આણે જીવની દયા પાળી, છ કાયની રક્ષા કરી. કોણ કરે? પરની રક્ષા કરે કોણ? એ તો જડ પર છે. અહીં તો ભગવાન આત્મા શરીર, વાણીથી ભિન્ન અને કર્મથી ભિન્ન અને દયા, દાન, વ્રત, કામ, ક્રોધના શુભાશુભભાવથી ભિન્ન. આહા..હા..! એવું જે નવ તત્ત્વમાં આત્મતત્ત્વ આવું, એને આશ્રયે જેણે નિર્મળ વીતરાગદશા પ્રગટ કરી છે તે વીતરાગદશાનો એ રક્ષાનો મણિરત્ન છે. આહા..હા..! જેણે નિશ્ચયરત્નત્રય પ્રગટ કર્યા એનો એ રક્ષાનો મણિ છે. સમજાણું કાંઈ? આવી વાતું. કાંઈ કરવાનું કહે તો કહે આ કરું... આ કરું... પણ શું કરે ધૂળ? પરનું

કરી શકતો નથી અને રાગ થાય એ ધર્મ નથી. આહા..હા..! આકરું કામ ભારે!

**'જેણે અનેક પરિગ્રહોના વિસ્તારને છોડ્યો છે...'** એટલે કે વિકલ્પમાત્ર રાગ છે એ મારા નથી એ છોડી દીધું છે. શુભભાવ થાય ને દયા, દાન, ભક્તિ, પૂજાનો એ પણ રાગ છે. આહા..હા..! એવા **'પરિગ્રહોના વિસ્તારને...'** જેણે છોડી દીધો છે. આહા..હા..! **'અને જે પાપરૂપી અટવીને બાળનારો અગ્નિ છે...'** આહા..હા..! પુણ્ય અને પાપના બેય ભાવ પાપ છે. આવ્યું હતુંને આ બાજુ નહિ? આ બાજુ આવ્યું હતું. દુરિત. દુષ્કૃત, દુષ્કર્મ નીચે. ૨૮૬માં આ બાજુ. **'(પાપ તેમ જ પુણ્ય બન્ને ખરેખર દુરિત છે.)'** શુભ-અશુભભાવ બેય દુરિત અને પાપ છે. આવી વાત પણ, ભાઈ! સમજાણું કાંઈ? એવા **'અનેક પરિગ્રહોના વિસ્તારને છોડ્યો છે...'** શુભરાગની પણ જેને પક્કડ નથી. આહા..હા..! **'પાપરૂપી અટવીને બાળનારો અગ્નિ છે...'** પુણ્ય-પાપના વિકલ્પોને નાશ કરનારો અગ્નિ સમાન એ મુનિ છે. આહા..હા..! પહેલા ન કહ્યું કે રક્ષામણિ ધર્મનો અને આ અધર્મનો બાળનારો ઈ એમ. સમજાણું કાંઈ? પહેલામાં એમ કહ્યું કે મિથ્યાત્વ આદિનો ત્યાગ, રાગાદિનો ત્યાગ થઈ અને નિર્મળ આનંદને લક્ષે જે નિર્મળ આનંદદશા પ્રગટી તેનો રક્ષામણિ છે અને પુણ્ય-પાપરૂપી અટવીને બાળનારો અગ્નિ છે. સમજાણું કાંઈ? આવું નિરાલંબી વસ્તુ છે. શરીરની ક્રિયા જડની અંદર પુણ્ય-પાપના ભાવ એ બધા પાપરૂપી કાદવ છે, કહે છે. પાપરૂપી વન-વન. અટવી છેને? પાપરૂપી અટવી છે એ તો બધી. આહા..હા..! એને બાળનારો આનંદના નાથને આશ્રયે પરિણમ્યો એ રાગ-દ્વેષને બાળનારો એ અગ્નિ છે. આહા..હા..!

ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા ચૈતન્યરત્ન આત્મા. એનો આશ્રય કરીને વીતરાગ પર્યાય પ્રગટ થાય તેનો રક્ષામણિ, તેની રક્ષા કરનારો આત્મા ધર્મી અને પુણ્ય અને પાપને બાળવાને માટે અગ્નિ. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે આકરી વાતું! એક-એક વાતું. કહે છે કે આ દયા, દાન, વ્રત, ભક્તિ, તપનો ભાવ, જાત્રાનો ભાવ બધો શુભભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહેશે ઈ. હમણા ગાથામાં કહેશે. ૧૪૪માં. એને તો બાળનારો અગ્નિ છે ધર્માત્મા. આહા..હા..! શાંતરસથી ભરેલો આત્મા વીતરાગ અકષાયસ્વરૂપથી ભરેલો આત્મા એને આશ્રયથી વીતરાગ શાંતરસ અકષાય પરિણતિ જેણે ઉભી કરી છે, તેનો એ રક્ષાનો કરનાર છે. આ આવશ્યક કર્મ. આ આવશ્યક આ. ભગવાન પોતાની રક્ષા કરે કહે. આહા..હા..! પોતે શુદ્ધ ચૈતન્યઘન સહજાનંદની મૂર્તિ પ્રભુ આત્મા તો. સચ્ચિદાનંદ પ્રભુ આત્મા. સત્ ચિદાનંદ. સત્ નામ શાશ્વત, ચિદ્ નામ જ્ઞાન અને આનંદ. જ્ઞાન અને આનંદની મૂર્તિ શાશ્વત આત્મા છે. એનો આશ્રય લઈને જેણે વીતરાગી ધર્મદશા પ્રગટ કરી છે એનો એ રક્ષાનો રત્ન છે, એની રક્ષાનો મણિ છે. આહા..હા..! આવી વાતું! અને પુણ્ય અને પાપના ભાવ એ પુણ્ય અને પાપની અટવી. શુભ-અશુભભાવ અસંખ્ય પ્રકારના. અટવી લીધી છેને? શુભભાવ અસંખ્ય પ્રકારના. શુભ અસંખ્ય પ્રકારના. એવી પાપરૂપી વન-અટવી. આહા..હા..! એને આનંદના

સાગરમાં રમતો આત્મા, એને બાળીને રાખ કરી નાખે છે. પુણ્ય-પાપને બાળનારો છે અને શુદ્ધ પરિણતિને રાખનારો છે. આહા..હા..! ભારે આકરું, બાપુ! આ તો જિનેન્દ્રનો માર્ગ છે. એ બીજે ક્યાંય છે નહિ. એ વાત વીતરાગ સિવાય આવી ક્યાંય વાત નથી. ત્રણલોકના નાથ જિનેન્દ્રદેવ પરમેશ્વરે ફરમાવેલી આ વાત છે. કુંદકુંદાચાર્ય ભગવાન પાસે ગયા હતા. કુંદકુંદાચાર્ય. સીમંધર ભગવાન બિરાજે છેને મહાવિદેહમાં. બે હજાર વર્ષ પહેલાં ગયા હતા, ત્યાં આઠ દિ' રહ્યા હતા. આઠ દિ' સાંભળ્યું. મુનિ હતા, સમકિતી હતા, આનંદમાં રમતા હતા. ત્યાં જઈ, આઠ દિ' રહી આવીને પછી શાસ્ત્ર રચ્યા. ભગવાન આમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**તે આ મુનિ...**' આવા મુનિ. આહા..હા..! જેને જ્ઞાનાનંદની પરિણતિ શુદ્ધ આનંદકંદના નાથની પ્રગટ થઈ છે અંદરથી. આહા..હા..! એવો જે પોતાની ધર્મ પરિણતિનો રક્ષા કરનાર અને પુણ્ય-પાપરૂપી વનને બાળનારો અગ્નિ. આહા..હા..! એવો જે મુનિ '**આ કાળે ભૂતળમાં...**' આહા..હા..! '**આ કાળે ભૂતળમાં...**' પણ પૂજાય છે. આહા..હા..! આનંદની મૂર્તિ પ્રભુ આત્મા એને અતીન્દ્રિય આનંદના સ્વાદમાં આવી ગયો છે એ એને મુનિ કહીએ. અરે! સમકિતીને અતીન્દ્રિય આનંદનો સ્વાદ હોય છે. આ તો અતીન્દ્રિય આનંદનું પ્રચુર વેદન હોય છે મુનિને. આહા..હા..! સમજાણું કાંઈ? આવો નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય... ભાઈ! નિશ્ચય એટલે ખરો અને નિશ્ચય એટલે સત્ય તે આવો છે માર્ગ, ભાઈ! વ્યવહારના જેટલા વિકલ્પ ઉઠે એ બધોય સંસાર છે. આહા..હા..!

અરે! આવા '**મુનિ આ કાળે...**' કહે છે. પોતે મુનિ છેને. ભાવલિંગી સંત છે, નગ્ન દિગંબર વનમાં રહે છે. પદ્મપ્રભમલધારિદેવ વનમાં નવસો વર્ષ પહેલાં જંગલમાં રહેતા ટીકા કરી છે. આહા..હા..! આવા મુનિ સાચા જૈનદર્શનમાં હોય તે '**ભૂતળમાં...**' ભૂતળ એટલે આ વર્તમાન એમ. '**તેમ જ દેવલોકમાં...**' જવાના. પંચમ આરાના સાધુ ક્યાંય બીજે જાય નહિ. '**દેવલોકમાં દેવોથી પણ સારી રીતે પૂજાય છે.**' આહા..હા..! સમજાણું કાંઈ? અંતરમાં તો દશા નિર્વિકલ્પ સમાધિ આનંદ પ્રગટ થયો છે અને પાપરૂપી અટવીને બાળનારો એ અગ્નિ છે. પણ દુનિયામાં ભૂતળમાં પણ એ ..ને સારી રીતે પૂજાય છે. આહા..હા..! અને દેવલોકમાં જશે. પંચમ આરાના સાધુ ધર્માત્મા ભાવલિંગી અનંત આનંદને વેદનારા, એ પણ કેવળ તો છે નહિ અત્યારે, એ તો સ્વર્ગમાં જવાના. કુંદકુંદાચાર્ય એ સ્વર્ગમાં ગયા છે. પછી મુનિ.. થશે. અત્યારે સ્વર્ગમાં છે. પણ કહે છે કે એ મુનિઓ ભાવલિંગી સાચા સાધુ આ ભવમાં પણ પૂજાશે અને સ્વર્ગમાં પણ પૂજાશે. સમજાણું કાંઈ? આહા..હા..! ૨૪૧ થયો. ૨૪૨. ૨૪૨ કળશ છેને?

(शिखरिणी)

तपस्या लोकेस्मिन्निखिलसुधियां प्राणदयिता
नमस्या सा योग्या शतमखशतस्यापि सततम्।
परिप्राप्यैतां यः स्मरतिमिरसंसारजनितं
सुखं रेमे कश्चिद्बत कलिहतोऽसौ जडमतिः।।२४२।।

આહા..હા..! એ તો સંત છે, વીતરાગી મુનિ છે. એને કાંઈ કોઈને સત્ કહેતા એને કાંઈ ડર નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**શ્લોકાર્થ :- આ લોકમાં તપશ્ચર્યા સમસ્ત સુબુદ્ધિઓને પ્રાણપ્યારી છે;...**' આ લોકમાં તપસ્યા એટલે અતીન્દ્રિય આનંદની રમણતા એ તપસ્યા. આહા..હા..! આવશ્યક કર્મ કહો કે કર્મ તપસ્યા કહો. આ અપવાસ કરેને એ તો બધી લાંઘણ છે. અતીન્દ્રિય આનંદના નાથને અંદર, જેમ સોનાને ગેરુ લગાડતા ઓપે છે સોનું, એમ અતીન્દ્રિય નાથ આત્મા જેની દૃષ્ટિમાં, અનુભવમાં આવ્યો છે, એને વીતરાગતાની પરિણતિ આત્માને શોભાદાયી છે. એને તપસ્યા કહેવામાં આવે છે. તપસ્યા એટલે મુનિપણું. દીક્ષા ભગવાન લે છેને તપકલ્યાણક? દીક્ષા ભગવાન લે તેને તપકલ્યાણક કહેવાય છેને? તો મુનિપણું એને તપકલ્યાણક કહેવાય. આહા..હા..! ઈન્દ્રો આવે છેને ગર્ભ વખતે, જન્મ વખતે, દીક્ષા વખતે, કેવળ વખતે અને મોક્ષ વખતે ઈન્દ્રો ઉપરથી આવે છે.

અહીં કહે છે કે આહા..હા..! આવા મુનિ તપશ્ચર્યા એટલે આનંદનો નાથ જેને જગાડીને આનંદની સ્વાદદશા પ્રગટ કરી છ, જેણે સ્વસંવેદન આનંદ પ્રગટ કર્યો છે. આહા..હા..! એવી પરમતપસ્યા '**સમસ્ત બુદ્ધિઓને...**' સમ્યગ્જ્ઞાનીઓને પ્રાણપ્યારી છે, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? સુબુદ્ધ એટલે જ્ઞાની. એને પ્રાણપ્યારી. પ્રાણપેઠે પ્યારી છે આવી દશા અંદરની. આહા..હા..! રાગના વિકલ્પથી રહિત અને નિર્વિકલ્પ વીતરાગ પરિણતિ તેને અહીંયાં તપસ્યા કહેવામાં આવી છે. આહા..હા..! એને અહીંયાં આવશ્યક કર્મ કહેવામાં આવ્યું છે. જરૂરી કર્તવ્યને આવશ્યક કર્મ કહેવામાં આવે છે. આહા..હા..! કહો, સુમનભાઈ! સુમનનો અર્થ આવડે છે તમને? ફૂલ થાય છે ફૂલ.

**શ્રોતા :-** સારું મન. એવો અર્થ ન થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અહીં નહિ. સારું નહિ, અહીં ફૂલ. સુમન આવે છે શાસ્ત્રમાં. ફૂલના અર્થમાં. એ બહારની વાત છે. આહા..હા..! ભગવાન આત્મા અનંત શાંતિ અને આનંદના રસથી ભરેલો પ્રભુ એને નિર્મળ પરિણતિ દ્વારા તેને પૂજે. સમજાણું કાંઈ? આહા..હા..! એવી નિર્મળ પરિણતિ જ્ઞાનીઓને પ્રાણપ્યારી છે, કહે છે. શુભાશુભભાવ ઝેર જેવા દેખાય છે એને. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! જગતને જેમ પ્રાણ વ્હાલા છે આ શરીર અને ધૂળ. જ્ઞાનીઓને અંતર વીતરાગીદશા એ પ્રાણપ્યારી છે. આહા..હા..! આ તો માટી,

ધૂળ છે, પુદ્‌ગલ છે, આ ક્યાં આત્મા છે? માટી છેને આ? આ કાંઈક વાગે પછી નથી કહેતા? ખીલો-બીલો વાગે તો 'મારી માટી પાકણી છે' એમ નથી કહેતા? ખીલોબીલો વાગે પાણી અડાડશો નહિ. કેમ શું છે? મારી માટી પાકણી છે. કહે છે મારો માટી અને વળી કહે છે કે મારી ચીજ છે.

**શ્રોતા :-** પણ મારી માટી એમ કહે છેને. પુદ્‌ગલની માટી એમ નથી કહેતો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ નથી કહેતો. આ ખીલી વાગે ત્યારે. ખીલી વાગે ત્યારે પાણી અડાડશોમા. લીલે પાણીએ પોટીસ બાંધશો નહિ. એ તો લોહી અટકાયા પછી બાંધે. આહા..હા..! મારી માટી પાકણી છે. માટી એટલે આ ધૂળ. આહા..હા..! એને તો પોતાની માનતો નથી, પણ પુણ્ય અને પાપના ભાવ, દયા, દાન અને વ્રતના ભાવ પણ મારા છે એમ જ્ઞાની માનતો નથી. આહા..હા..!

ત્યારે '**તપશ્ચર્યા સમસ્ત સુબુદ્ધિઓને પ્રાણપ્યારી છે;...**' મુનિપણું, ભાવલિંગીદશા. આહા..હા..! સમજાણું કાંઈ? '**આ લોકમાં તપશ્ચર્યા...**' એટલે મુનિદશા. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની દશા, નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની દશા એને મુનિપણું કહીએ, એને તપસ્યા કહીએ, એને આવશ્યક કાર્ય કહીએ. આહા..હા..! તે '**સુબુદ્ધિઓને પ્રાણપ્યારી છે;...**' આહા..હા..! સમ્યગ્દૃષ્ટિને એ ચારિત્રની રમણતા અંદર આનંદની પ્રાણપ્યારી છે. આહા..હા..! એને સ્ત્રી, કુટુંબ, પરિવાર પ્યારા નથી લાગતા. પુણ્ય દયા, દાન અને વ્રતના ભાવ પણ ધર્મીને પ્યારા નથી લાગતા. આહા..હા..! ભગવાન પૂર્ણ આનંદ સચ્ચિદાનંદ પ્રભુ પોતે સચ્ચિદાનંદસ્વરૂપ છે. સત્ શાશ્વત ચિદ્ જ્ઞાન અને આનંદનો સાગર છે. આનંદ અને જ્ઞાનથી ભરેલો સાગર છલોછલથી ભરેલો આત્મા છે. આહા..હા..! એમાં અંદરમાં જઈને એકાગ્ર થઈને આનંદની દશા જે વેદે છે એને અહીંયાં તપસ્યા અને મુનિપણું કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? તે '**પ્રાયપ્યારી છે;...**' આહા..હા..! એક વાત.

'**તે યોગ્ય તપશ્ચર્યા સો ઈન્દ્રોને પણ સતત વંદનીય છે.**' આવી યોગ્ય તપશ્ચર્યા. આહા..હા..! નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એવી રમણતા યોગ્ય તપશ્ચર્યા. જોયું યોગ્ય તપશ્ચર્યા. એ યોગ્ય તપસ્યા. વાસ્તવિક તપસ્યા એમ કીધું. છેને? વાસ્તવિક તપશ્ચર્યા. આહા..હા..! તપંતિ ઈતિ તપઃ આનંદમૂર્તિ આનંદની દશાથી તપે, શોભે એને અહીંયાં તપસ્યા કહેવામાં આવે છે. વ્યાખ્યામાં ફેર, ભાવમાં ફેર. સમજાણું કાંઈ? '**યોગ્ય તપશ્ચર્યા...**' યોગ્ય કેમ લીધું? કે આત્માના ભાન અને અનુભવ વિના જે કાંઈ અપવાસ આદિ કરવામાં આવે તે અયોગ તપ છે. સમજાણું કાંઈ? આવી વાત બહુ, ભાઈ! વીતરાગ જૈનદર્શન એવી ચીજ છે. વીતરાગ સ્વભાવે એ ધર્મ મનાવે છે. રાગ આવે એને એ ધર્મ માનતા નથી. આહા..હા..! કહે છે કે પોતાને તો પ્રાણપ્યારી છે, પણ તે યોગ્ય તપશ્ચર્યા ઈન્દ્રોને પણ સતત વંદનીય છે. ઈન્દ્રો પણ ધન્ય અવતાર ઓહો..હો..! જેણે આનંદની છોળું ઉઠાવી અંદરથી. અતીન્દ્રિય

આનંદથી ભરેલો ભગવાન છે એમાં એકાગ્ર થઈને અતીન્દ્રિય આનંદમાં ભરતી લાવ્યો છે. પર્યાયમાં ભરતી લાવ્યો છે. આહા..હા..! દ્રવ્ય તો અતીન્દ્રિય આનંદના સાગરથી ભરેલો છે, પણ એના ઉપર એકાગ્ર થઈને પર્યાયમાં અતીન્દ્રિય આનંદની છોળું ઉડાવી છે જેણે એને યોગ્ય તપસ્યા કહે છે. સમજાણું કાંઈ? આહા..! આવી વાતું. એને ઓળખવું તો પડશેને કે મુનિપણું કેવું હોય? સમજાણું કાંઈ? આહા..હા..!

આવી '**તપશ્ચર્યા સો ઈન્દ્રોને...**' સમજાય છે? શ્વેતાંબરમાં ૬૪ ઈન્દ્રો કહેવામાં આવે છે. ૧૦૦ ઈન્દ્રો કહેવામાં આવે છે આપણે દિગંબરમાં. સો ઈન્દ્ર આવે છે. શ્વેતાંબરમાં ૬૪ આવે છે. એ બધી ઝીણી વાત. કાલ્પનિક બધો માર્ગ છે એ. શ્વેતાંબર એ કાલ્પનિક માર્ગ છે. એના શાસ્ત્રો પણ કલ્પનાવાળા છે. આ તો વીતરાગમાર્ગ છે. સમજાણું કાંઈ? આકરી વાત, ભાઈ! એ આગમ છેને એ કલ્પનાથી બનાવેલા છે, ભગવાનના નહિ એ. તમારા ૩૨ અને ૪૫. સ્થાનવાસી ૩૨ માને છે, શ્વેતાંબર ૪૫ માને છે. ઝીણી વાત, બાપા! એ તો મિથ્યાદૃષ્ટિના કરેલા છે. એ શાસ્ત્ર ભગવાનના કહેલા નથી. એય..! આ શાસ્ત્ર ભગવાનના કહેલા છે જુઓ. આચાર્ય નાખે છેને..માં? સમયસાર, પ્રવચનસાર, નિયમસાર એ ભગવાન ત્રિલોકનાથથી કહેલા સંતોએ એ રચ્યા છે. સમજાણું કાંઈ? આહા..હા..!

આવી તપસ્યા કહે છે કે સો ઈન્દ્રો. સો ઈન્દ્રોમાં વાઘ, સિંહ આવે, નાગ આવે. જંગલમાંથી નાગ મોટા ફેણું મારતા ભગવાનની સભામાં આવે. અત્યારે ભગવાન બિરાજે છેને. નાગ અને વાઘ કૂતરાની જેમ ચાલ્યા આવે સાંભળવા. એવા ઈન્દ્રોને પણ આ તપસ્યા વ્હાલી છે, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આમ બેસે. સિંહ આમ સેંકડો સિંહ આવે ભગવાનના સમવસરણમાં. સેંકડો સિંહ, સેંકડો વાઘ, સેંકડો નાગ, હજારો દેવો. ..રાજા સભામાં બેસે છે. ત્યાં ભગવાનની વાણી ૐ ધ્વનિ નીકળે છે. એમાં આવી ભાષા ન હોય ભગવાનને. ૐ એવી ધ્વનિ નીકળે છે. એ બધા શાંત સાંભળે છે. વાઘ પાસે મીંદડી બેઠી હોય. શું કહેવાય એની સામે? હરણ-હરણ. હરણ. વાઘ બેઠો હોય, જોડે હરણ બેઠો હોય! સર્પ બેઠો હોય, જોડે ઉંદર બેઠા હોય. ભગવાનની વાણી સાંભળતા હોય છે. સમજાણું કાંઈ? જેને સમવસરણમાં બેસીને વેર ઉપજે નહિ આહા..હા..! એવી ધર્મસભામાં ઈન્દ્રો અને નાગેન્દ્રો બધા બિરાજતા હોય. આહા..હા..! ભગવાનની વાણીમાં આ આવ્યું કે જેને આત્માના આનંદના આશ્રયે જેને સચ્ચિદાનંદ દશા પ્રગટ થઈ છે. પુણ્ય-પાપ નહિ, રાગાદિ ક્રિયા નહિ. એવા ઈન્દ્રોને પણ એ પૂજનિક છે, કહે છે. સતત છેને? નિરંતર વંદનીય છે. આહા..હા..! ધન્ય અવતાર. આહા..હા..!

'**તેને પામીને જે કોઈ જીવ...**' આવી દશા પામીને જે કોઈ જીવ '**કામાન્ધકારયુક્ત સંસારથી જનિત સુખમાં રમે છે,...**' આહા..હા..! કામ એટલે રાગની ઈચ્છાના અંધકારમાં સંસારી જનિત તે રાગના સુખમાં રમે છે '**તે જડમતિ...**' આહા..હા..! અતીન્દ્રિય આનંદનો

નાથ ભગવાન જેને જાગ્યો છે અને અતીન્દ્રિય આનંદ આવ્યો છે એ જીવ ફરીને વળી રાગમાં સુખ માને મૂઢ છે, જડમતિ છે. આહા..હા..! કહ્યુંને? ઓલાને તો સુબુદ્ધિ કીધા, આને જડમતિ કીધા. આહા..હા..! સામે સામે છે. આહા..હા..! જેને કામ નામ ઈચ્છા, રાગ એમાં જેને સુખબુદ્ધિ થાય છે એ જડમતિ છે, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તે જડમતિ અરેરે! કળિથી હણાયેલો છે (-કળિકાળથી ઈજા પામેલો છે).**' ઈ. આહા..હા..! અજ્ઞાન અને રાગમાં સુખ માનનારા ઘાયલ થઈ ગયેલા છે અંદરમાં, કહે છે. ઘાયલ થઈ ગયા છે. આહા..હા..! ભલે વેશ બહારનો હોય. આહા..હા..! સમજાણું કાંઈ? છરીને પડે છેને તલવારને ઘાયલ થાય છેને? એમ અહીં કહે છે કે આત્માના આનંદને છોડી દઈને જેણે પુણ્ય-પાપના ભાવમાં સુખમાં, પુણ્યમાં માન્યું એ કળિકાળના હણાયેલા સાધુ છે. સમજાણું કાંઈ? આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ પણ પરમાં સુખ માનતો નથી. ભલે ઈન્દ્રાણી હોય, ચક્રવર્તીને તો છન્નું હજાર સ્ત્રી હોય છે છન્નું હજાર અને એક સ્ત્રીને એક હજાર દેવ સેવા કરે એવું સ્ત્રીરત્ન હોય છે. સમકિતી હોય છે ભરત આદિ. એમાં સુખબુદ્ધિ નથી એની. આહા..હા..! રાગ આવે છે એને કાળો નાગ દેખે છે, ઝેર દેખે છે. સમકિતી પણ હોં ગૃહસ્થાશ્રમમાં. આહા..હા..! સમજાણું કાંઈ? અરે! ભગવાન આનંદનો નાથ એને છોડીને રાગમાં સુખ માને, જડમતી મૂર્ખ છે મોટો કહે. આહા..હા..! મિથ્યાદષ્ટિ છે એમ કહે છે. પૈસા, સ્ત્રી, કુટુંબ, કરોડો પૈસા એમાંથી મજા પડે છે એવો જે ભાવ અશુભ એ તો દુઃખદાયક છે, પણ શુભભાવમાં પણ સુખ માને છે તે જડમતિ છે. આહા..હા..! સુખ તો ભગવાન આત્મામાં છે. સમજાણું કાંઈ?

હરણની નાભીમાં કસ્તુરી, હરણને કસ્તુરીની કિંમત નથી. હરણની નાભીમાં કસ્તુરી, પણ ઈ કસ્તુરી ગોતે છે બહાર. ગંધ આવે છે એટલે જાણે બહારથી આવતી હશે, પણ અંદર છે અહીં. એમ આત્મા આનંદનો નાથ અંદર બિરાજે છે. એની અંદરમાં ન જતા બહારમાં સુખ માળા અજ્ઞાની જડબુદ્ધિ માને છે. સમજાણું કાંઈ? અરે! કળિથી હણાયેલા છે. આહા..હા..! એ '**(-કળિકાળથી ઈજા પામેલો છે).**' કહે છે. ઘાયલ થઈ ગયા છે કહે. એ પુણ્યના, દયા, દાનના, રાગમાં સુખ માનનારા ઘાયલ થઈ ગયેલા છે, કહે છે. વિકારના પરિણામમાં સુખ માનનારા ઘાયલ થઈ ગયા છે. ત્રિલોકનાથના આનંદનો એ ઘાત કરે છે. આહા..હા..! ભારે આકરું કામ ભાઈ! સમજાણું કાંઈ? ઈજા પામેલો છે. ૨૪૨ થઈ. ૨૪૩.

(आर्या)

अन्यवशः संसारी मुनिवेषधरोपि दुःखभाङ्नित्यम्।
स्ववशो जीवन्मुक्तः किंचिन्न्यूनो जिनेश्वरादेषः।।२४३।।

દુઃખ ભોગવનારા. આહા..હા..! ૨૪૩.

'**શ્લોકાર્થ :- જે જીવ અન્યવશ છે...**' જે જીવ પુણ્યના પરિણામને વશ થઈ ગયો

છે. '**તે ભલે મુનિવેશધારી હોય...**' ભલે નગ્નમુનિ વેશધારી હોય. આહા..હા..! '**તોપણ સંસારી છે,...**' આહા..હા..! '**જે જીવ અન્યવશ છે...**' ભગવાન આનંદને વશ નથી, પણ રાગને વશ થઈ ગયો છે એવો જે મુનિ આહા..હા..! ભલે મુનિ વેશધારી હોય કહે છે, તોપણ એ સંસારી છે. આહા..હા..! શુભરાગ છે એ મારી ચીજ છે. આહા..હા..! એને વશ થઈ ગયો હોય એ ભલે મુનિવેશધારી હોય કહે છે, એ સંસારી છે. રાગ છેને શુભ દયા, દાન, વ્રત, ભક્તિનો શુભરાગ એ રાગને વશ થઈ ગયો છે એ સંસારી છે. આવી વાત આકરી, બાપા! સમજાણું કાંઈ? ભગવાન આનંદના નાથને વશે પડ્યો નથી અને રાગને વશ જે થઈ ગયો છે સુખમાં. આહા..હા..! આવી વાતું સાંભળવી આકરી પડે. આ તો વીતરાગી સંતો જગત પાસે જાહેર કરે છે. કેવળીનો માર્ગ મુનિઓ, દિગંબર સંતો આડતિયા થઈને માલ આપે છે કે માલ ભગવાને ... સમજાણું કાંઈ? આહા..હા..!

'**સંસારી છે, નિત્ય દુઃખનો ભોગવનાર છે;...**' ભલે મુનિ નગ્ન હોય, પણ અંદરના શુભરાગને પોતાનો માને છે. આહા..હા..! અને એને વશ પડ્યો છે એ દુઃખનો ભોગવનારો છે. કારણ કે રાગ તે દુઃખરૂપ છ, ચાહે તો શુભરાગ હોય. અરે! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ દુઃખરૂપ છે. આવી વાતું આકરી છે, બાપા! આ તો જિનેન્દ્રદેવનો માર્ગ, ભાઈ! પરમેશ્વર કેવળજ્ઞાની ત્રણલોકના નાથ. આહા..હા..! કહે છે એ રાગને વશ પડ્યો છે, સ્વભાવને વશ છોડ્યો છે એ મુનિવેશધારી હોય એ સંસારી છે. કેમ બેસે? કારણ કે રાગ પોતે સંસાર છે. રાગ-રાગ. દયા, દાન, ભક્તિ, વ્રતનો, તપનો વિકલ્પ ઉઠે છેને? એ રાગ છે. અરે! આકરી વાત, બાપુ! એને જે વશ પડ્યો છે એ સંસારી છે. મોક્ષમાર્ગમાં નથી તેમ એ મુનિ નથી.

એ '**નિત્ય દુઃખનો ભોગવનાર છે;...**' ભગવાન આત્મા આનંદસ્વરૂપ છે એને વશ નથી એટલે રાગને વશ પડ્યો એ નિત્ય દુઃખ ભોગવનાર છે. રાગ તે આકુળતા છે. આહા..હા..! '**જે જીવ સ્વવશ છે તે જીવન્મુક્ત છે,...**' આનંદના નાથને આશ્રય લઈને જે આનંદની દશા પ્રગટ કરી છે તે જીવન્મુક્ત છે. દેહ અને આયુષ્ય હોવા છતાં એ મુક્ત છે અંદરથી. એ '**જિનેશ્વરથી કિંચિત્ ન્યૂન છે...**' એ વીતરાગ પરમાત્માથી થોડો ઓછો છે, કહે છે. આહા..હા..! એય..! એને મુનિ મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે.

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## માગશર સુદ-૯, ગુરુવાર, તા. ૧૧-૧૨-૧૯૭૫
## ગાથા-૧૪૪, કળશ-૨૪૪, પ્રવચન નં. ૧૨૧

નિયમસાર.

(आर्या)

अत एव भाति नित्यं स्ववशो जिननाथमार्गमुनिवर्गे।
अन्यवशो भात्येवं भृत्यप्रकरेषु राजवल्लभवत्।।२४४।।

'**શ્લોકાર્થ :- આમ હોવાથી જ જિનનાથના માર્ગને વિષે...**' જિનેન્દ્રદેવ પરમેશ્વર અરિહંત તીર્થંકરના માર્ગને વિષે તો '**મુનિવર્ગમાં સ્વવશ મુનિ સદા શોભે છે;...**' શું કહે છે? મુનિવર્ગમાં એ હોય કે જે આત્મા આનંદસ્વરૂપ શુદ્ધ સચ્ચિદાનંદસ્વરૂપ છે એને વશ હોય એ મુનિમાર્ગમાં શોભે. આહા..હા..! સમજાણું કાંઈ? '**મુનિવર્ગમાં સ્વવશ મુનિ સદા શોભે છે;...**' બહુ ટૂંકું. સ્વ આત્મા આનંદસ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન આત્મા તેને વશ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રવંત. બાહ્યમાં કપડા તો ન હોય, નગ્નપણું હોય, બાહ્યમાં એ હોવા છતાં અંતર આત્માને વશ હોય તોપણ એ મુનિપણું. એકલા પંચમહાવ્રતના પરિણામ હોય, નગ્નપણું હોય એ કાંઈ મુનિપણું નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? સ્વવશ. સ્વ નામ આત્મા ભગવાન તીર્થંકર દેવે જોયો જે આત્મા આ એવો શુદ્ધ આત્મા આનંદકંદ પ્રભુ છે. આહા..હા..! એને વશ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રવાળો જીવ એ મુનિવર્ગમાં શોભે છે. સમજાણું કાંઈ?

'**અને અન્યવશ મુનિ...**' જે કોઈ સાધુ નામ ધરાવે નગ્નપણું હોય, પણ જે રાગને વશ દયા, દાન, વ્રતાદિ એ તો પછી આવશે, પણ અહીંયાં અશુભભાવને વશ છે અથવા આત્માવશ નથી, જે પુણ્ય અને પાપના ભાવને વશ છે, એ મુનિ નથી.

**શ્રોતા :-** ઉપદેશ તો ઘણે ઠેકાણે એમ જ આપવામાં આવે છે કે તમે પુણ્ય કરો... પુણ્ય કરો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ઉપદેશ ક્યાં આવ્યો છે? એ તો પુણ્યની શુદ્ધસ્વભાવના આશ્રયમાં પડ્યો છે એને અશુભ ટાળવા માટે એવો શુભભાવ હોય. સમજાણું કાંઈ? અન્યવશ મુનિ આત્મા આનંદસ્વરૂપ, જ્ઞાયકસ્વરૂપ એને વશ ન રહેતા શુભ-અશુભભાવ અને રાગમાં વશ થઈ ગયો છે એમ '**મુનિ નોકરના સમૂહમાં...**' નોકરોના ટોળાના સમૂહમાં '**રાજવલ્લભ...**' ખુશામતીયો માણસ હોયને કોક રાજાના વખાણ જ કરે, શેઠિયાના વખાણ જ કરે એ વહાલો કહેવાય. આહા..હા..! ખુશામતીયા.

**શ્રોતા :-** એનો પગાર ખાય તો શેઠિયાને...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પગાર ખાય પણ એવા. '**(ખુશામતથી) રાજાનો માનીતો થયેલો.**' ખુશામતથી થયેલો હોય એવા નોકરની જેમ '**રાજવલ્લભ નોકર સમાન શોભે છે (અર્થાત્ જેમ આવડત વિનાનો, ખુશામતિયો નોકર શોભતો નથી, તેમ અન્યવશ મુનિ શોભતો નથી).**' આહા..હા..! દેહની ક્રિયાને વશ થાય. અંદર દયા, દાન, પુણ્ય-પાપના ભાવને વશ થાય એ રાજવલ્લભ જેવો ખુશામતિયો છે, એ શોભતો નથી, કહે છે. સમજાણું કાંઈ? આમ વાત છે. આજ તો એક ટીકા આવી છે ઓલા જૈનપ્રકાશમાં. અમરચંદજી છેને આગ્રાવાળા. એમ કે બ્રાહ્મણ, વૈશ્ય અને ક્ષત્રિય ત્રણને મોક્ષ છે. ક્ષુદ્રને મોક્ષ માનનારો ધર્મ નથી, એ પંથ છે. ટીકા કરી છે. અરે! ભગવાન! બાપુ! શું થાય? આહા..હા..! ક્ષુદ્ર છે, ચંડાળ હોય એને ચંડાળને તો મુનિપણું ન આવી શકે. એય..!

**શ્રોતા :-** શાસ્ત્રોમાં આવે છેને શ્વેતાંબરશાસ્ત્રોમાં.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શ્વેતાંબરશાસ્ત્ર પણ નામ આપે અહીંનું પાછું. દિગંબર શાસ્ત્રનું. અહીં નથી આવ્યું. એમાં એવું આવે છેને. બધા શુદ્ધનય. પણ એ તો દ્રવ્યે શુદ્ધ છે. દરેક આત્મા વસ્તુ છે એ તો શુદ્ધ જ છે. ચાહે તો અભિવીનો હોય કે ચંડાળનો હોય કે ક્ષત્રિયનો હોય. એ તો આત્મા ત્રિકાળ છે શુદ્ધ એ અપેક્ષાએ વાત છે, પણ પર્યાયમાં શુદ્ધતા. સમજાણું કાંઈ? એ શુદ્ધતા ચંડાળને પર્યાયમાં શુદ્ધતા ન આવે અને મોક્ષ ન થાય. વસ્તુની સ્થિતિ એવી છે. એકકોર ભગવાનને વસ્ત્ર હોય અને વસ્ત્ર આપે એ કરૂણા કહેવાય. એકકોર આવું લખે. ઠેકાણા વિનાની વાતું. આહા..હા..! એ તો વસ્તુની સ્થિતિ છે. શીલપાહુડમાં ન આવ્યું ભાઈ! કે સ્ત્રી અને ગધેડાને ક્યાંય મોક્ષ જોયો છે કોઈ દિ'? મોક્ષ તો ચોથો પુરુષાર્થ છે. એ પુરુષને પુરુષાર્થ હોય છે. ૨૯ ગાથા આવી હતી. આજે આવી હતીને? કાલે. કાલે સજ્ઝાયમાં આવી હતી નહિ સવારમાં? પણ ધ્યાનેય રાખ્યું કોણે એમાં? અષ્ટપાહુડમાં છે. આ અષ્ટપાહુડ છેને? એ ગાથા શીલપાહુડની.

सुणहाण गद्दहाण य गोवसुमहिलाण दीसदे मोक्खो।
जे सोघंति जउत्थं पिच्छिज्जंता जणेहि सव्वेहिं।।२९।।

'**આચાર્ય કહે છે કે સર્વ જનો! શ્વાન,...**' '**કોઈનો મોક્ષ થતો જુઓ છો?**' કૂતરો. '**ગધેડાં,...**'ને મોક્ષ થયો છે કોઈ દિ'? અને '**ગાય...**'ને મોક્ષ થયો છે કોઈ દિ'? અને '**સ્ત્રીઓ—એમાંથી કોઈનો મોક્ષ થતો જુઓ છો?**' કાલે આવ્યું હતું.

**શ્રોતા :-** ભગવાનની માતાને હાથીના હોદ્દે મોક્ષ થયો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બધાને મોક્ષ થયો છે. ખોટી, તદ્દન ખોટી વાત છે. ભાઈ! આ તો માર્ગ વીતરાગનો બાપુ! આ પક્ષ નથી, પંથ નથી, સમજાય છે કાંઈ? વીતરાગ પરમેશ્વર જિનેન્દ્રદેવ જે અરિહંત જેને ત્રણકાળનું જ્ઞાન એની વાણીમાં આવ્યું છે આ. સમજાણું કાંઈ? આહા..હા..! છે? '**ચાર પુરુષાર્થમાંથી ચોથો પુરુષાર્થ છે. તેને જે સાધે છે-ગોતે છે**

**તેનો જ મોક્ષ થતો જોવામાં આવે છે.'** આહા..હા..! આત્મા કોઈ સ્ત્રીનો હોય, ચંડાળનો હોય શુદ્ધ જ છે દ્રવ્ય તો. વસ્તુ તો શુદ્ધ જ છે ત્રિકાળ આનંદકંદ પ્રભુ, પણ પર્યાયમાં કેવળજ્ઞાનની શુદ્ધતા એને પ્રગટ ન થાય. આહા..હા..! સમજાણું કાંઈ? એ પંથ નથી, કે ભાઈ! દિગંબરપંથમાં એમ કહ્યું માટે પંથ છે એમ નથી. વસ્તુનું સ્વરૂપ એમ છે. ભગવાનજીભાઈ! મોટી તકરાર અને વાંધા. અરેરે! જગતને શું થાય? લોકો ક્યાં ક્યાં અટકીને વાડા બાંધીને બેઠા. આહા..હા..! નેમિચંદ સિદ્ધાંતચક્રવર્તીનો દાખલો આપે. ગોમ્મટસારમાં પાછું લખ્યું છે કે સ્ત્રીને મોક્ષ ન હોય, એને સંહનન જ ન હોય. ઈ દાખલો ન આપે પાછો. શુદ્ધનય આ તો દ્રવ્યસંગ્રહમાં છે, નહિ? દ્રવ્યસંગ્રહમાં છે. દ્રવ્યસંગ્રહ એનું કરેલુંને નેમિચંદનું. નેમિચંદનું છે. એમાં છે એ. બીજા. આત્મા અંદર પૂર્ણ પુરુષાર્થ અને પૂર્ણ આનંદથી ભરેલો એ પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાનની પર્યાય એ તો જેનો અંતર પુરુષાર્થ પુરુષનો પુરુષાર્થ, મોક્ષ માટે પુરુષાર્થ અંદર હોય એને એ મોક્ષ થાય છે. સ્ત્રીને મોક્ષ ન હોય, સ્ત્રીને સાધુપણું ન હોય. માર્ગ આ છે. વાડા બાંધીને બેઠા અને કહે કે અમે સ્ત્રી સાધ્વી છે. બિલકુલ વીતરાગમાર્ગથી વિરુદ્ધ છે. જિનેન્દ્રદેવ, ત્રિલોકનાથ પરમાત્મા એનાથી એ માર્ગ વિરોધ છે. આહા..હા..! આવું ભારે, ભાઈ! આવા તકરાર વાંધા. ભગવાનજીભાઈ! અરેરે!

**શ્રોતા :-** ભગવાને તો સ્ત્રીઓના હક અપાવ્યા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કાંઈ આપ્યું નથી ભગવાને. ભગવાને તો પોતાની વીતરાગતા કરી છે અને રાગને ઘટાડ્યો એ કર્યું છે એણે તો. ઉપદેશ, વાણી તો જડ છે આ તો. ઉપદેશ પણ એણે ક્યાં કર્યો છે? વાણી નીકળી છે એને. આહા..હા..! આવી વાત ઝીણી બહુ, ભાઈ! આહા..હા..!

અહીં તો કહે છે મુનિના ટોળામાં એ મુનિ શોભે કે જેને ભગવાન આનંદનો નાથ પ્રભુ એને વશ થયેલો છે. જેને વીતરાગી પરિણતિ પ્રગટીને આત્માને વશ છે એ મુનિના વર્ગમાં શોભે છે. આહા..હા..! સુમનભાઈ! આવી વાત છે. અને અન્યવશ મુનિ રાગને તાબે થઈ ગયેલી દયા, દાન, વ્રતાદિના પરિણામ એ મને ધર્મ છે અને એને તાબે થઈ ગયો છે એ જીવ **'નોકરના સમૂહોમાં રાજવલ્લભ નોકર સમાન શોભે છે...'** આહા..હા..! **'ખુશામતીયો નોકર શોભતો નથી તેમ અન્યવશ મુનિ શોભતો નથી).'** ભારે વાત કરી છેને આહા..હા..! સમજાણું કાંઈ? એ ૧૪૩ થઈ. હવે ૧૪૪.

**जो चरदि संजदो खलु सुहभावे सो हवेइ अण्णवसो।**
**तम्हा तस्स दु कम्मं आवासयलक्खणं ण हवे।।१४४।।**
**સંયત રહી શુભમાં ચરે, તે શ્રમણ છે વશ અન્યને;**
**તે કારણે આવશ્યકાત્મક કર્મ છે નહિ તેહને. ૧૪૪.**

પહેલો અન્વયાર્થ લઈએ. **'અન્વયાર્થ :- જે (જીવ) સંયત રહેતો થકો ખરેખર**

**શુભભાવમાં ચરે—પ્રવર્તે છે,...**' એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો ભાવ એ શુભ છે. આહા..હા..! એ શુભમાં જે ચરે છે '**તે અન્યવશ છે;...**' એ ધર્મી નથી. આહા..હા..! આવી વાત! બહુ માણસને! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એવો જે ભાવ શુભ છે એ રાગ પુણ્ય છે, એને જે વશ થયેલો છે એ અજ્ઞાની મૂઢ છે, એ ધર્મી નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આવો માર્ગ છે. '**તેથી તેને આવશ્યકસ્વરૂપ કર્મ નથી.**' શું કહ્યું એ? પછી વ્યાખ્યાનમાં આવશે ટીકામાં. કે જે આ આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે પ્રભુ, એની જેને અંદર ખબર નથી એને વશ જે રહ્યો નથી અને એકલા દયા, દાન, મહાવ્રતના પરિણામ જે શુભ એને વશ જે પડ્યો છે. મહાવ્રતના પરિણામ એ પણ શુભ છે, એ ધર્મ નહિ. આહા..હા..! આ દેવદર્શન, મંદિર, પૂજા, ભક્તિ બધો ભાવ શુભ પુણ્ય છે, ધર્મ નહિ.

**શ્રોતા :-** એ કરવાનું કે ન કરવાનું એનો ખુલાસો કરો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કરવા, ન કરવાનો ભાવ આવે અશુભથી ટાળવા, પણ કરવાલાયક છે એમ નહિ. આવી વાતું બહુ, બાપુ! આહા..હા..! છે? '**તેને આવશ્યકસ્વરૂપ કર્મ નથી.**' એમ કહે છે, જોયું! જેને શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રા એવો શુભભાવ જેને વર્તે છે અને એ શુભભાવમાં વર્તી રહ્યો છે એને આવશ્યક કર્મ આત્માને આશ્રયે થવું જોઈએ તે કાર્ય એને નથી. સમજાણું કાંઈ? આવો માર્ગ, બાપા! આ દિગંબર માર્ગ કોઈ પક્ષ નથી, વાડો નથી, વસ્તુનું સ્વરૂપ છે એવું. આહા..હા..! આવશ્યકરૂપ કર્મ. કર્મ એટલે કાર્ય. જે આત્મા જ્ઞાયકસ્વરૂપ શુદ્ધ ચિદ્દ્ઘન છે એને આશ્રયે જે નિર્મળ વીતરાગ કાર્ય થવું જોઈએ તે કાર્ય અજ્ઞાનીને નથી. એ મહાવ્રતના પરિણામ શુભાદિમાં એ વળગ્યો-ચોંટ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**ટીકા :- અહીં પણ (આ ગાથામાં પણ), અન્યવશ એવા અશુદ્ધ-અંતરાત્માજીવનું લક્ષણ કહ્યું છે.**' અશુદ્ધ અંતરાત્મા એટલે મિથ્યાદૃષ્ટિ. અશુદ્ધ મિથ્યાદૃષ્ટિ એ અંતરાત્મા. '**જે (શ્રમણ) ખરેખર જિનેન્દ્રના વદનારવિંદમાંથી નીકળેલા...**' ભગવાન જિનેન્દ્રદેવ એના મુખકમળથી નીકળેલી વાણી, પરમેશ્વર વીતરાગ જિનેશ્વરદેવ એના વદન-અરવિંદ-વદનરૂપી કમળ. '**નીકળેલા પરમ-આચારશાસ્ત્રના ક્રમથી (રીતથી) સદા સંયત રહેતો થકો...**' એ શુભભાવમાં રહે છે એમ કહે છે. '**શુભોપયોગમાં ચરે...**' શાસ્ત્રમાં વ્યવહારની ક્રિયાનું જે વર્ણન છે એમાં જે વીચરે છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**જિનેન્દ્રના વદનારવિંદ...**' વદન એટલે મુખના કમળમાંથી નીકળેલી વાણી. '**પરમ-આચારશાસ્ત્રના ક્રમથી (રીતથી) સદા સંયત રહેતો થકો શુભોપયોગમાં ચરે...**' એમ.

'**વ્યાવહારિક ધર્મધ્યાનમાં પરિણત રહે છે...**' આહા..હા..! એ શુભભાવ જે દયા, દાન, વ્રત, તપનો ભાવ, દાન, પૂજાનો ભાવ, આ મંદિર બનાવવાનો, લાખો રૂપિયા કરોડો ખર્ચવાનો ભાવ એ બધો શુભભાવ છે, ધર્મ નહિ. આવી વાત છે, ભાઈ! આ તો વીતરાગનો

માર્ગ છે. એ રાગમાં ધર્મ હોય નહિ. આહા..હા..! ગળે ઉતરવું આ કઠણ. સમજાણું કાંઈ? વ્યાવહારિક ધર્મધ્યાન કહેવાય, ઠીક! વ્યવહારધર્મધ્યાન એટલે શુભભાવ. આહા..હા..! પાંચ મહાવ્રત પાળે, પાંચ સમિતિ-ગુપ્તિ રાખે, નિર્દોષ આહાર-પાણી લે, એને માટે બનાવેલો ન લે, એવો બધો ભાવ એ બધો શુભભાવ છે, પુણ્ય છે, ધર્મ નહિ. સમજાણું કાંઈ?

**'તેથી જ ચરણકરણપ્રધાન છે;...' 'શુભ આચરણના પરિણામ જેને મુખ્ય છે એવો...'** આહા..હા..! આત્મા આનંદનો નાથ પરમાત્મા જ્ઞાયકભાવ તેના તરફ તો એનું વલણ નથી. આહા..હા..! વજુભાઈના દીકરા આવ્યા છે કે નહિ? આવ્યા છે. આ ઝીણી વાત છે આ. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** આપ ઝીણી વાત જ કરો છો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઝીણી એટલે કે સૂક્ષ્મ બહુ ધ્યાન રાખીને સમજવા જેવી વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? કુંદકુંદાચાર્ય પોતે ભગવાન પાસે ગયા હતા. સીમંધર ભગવાન બિરાજે છે મહાવિદેહમાં. આ સામાયિક વખતે નથી આજ્ઞા લેતા? એ ભગવાન બિરાજે છે મહાવિદેહમાં. આજ્ઞા માગે. પાંચસો ધનુષનો દેહ છે. બે હજાર હાથ ઉંચા છે. અત્યારે બિરાજે છે મહાવિહેદમાં સમવસરણમાં. કરોડ પૂર્વનું આયુષ્ય છે. એક પૂર્વમાં ૭૦ લાખ ૫૬ હજાર કરોડ વર્ષ જાય. એક કરોડ પૂર્વ ભગવાનનું આયુષ્ય છે મનુષ્યપણે મહાવિદેહમાં. એની પાસે ગયા હતા કુંદકુંદાચાર્ય. બે હજારની સાલ આઠ દિ' રહ્યા. ત્યાંથી આવીને આ બનાવ્યું છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ભગવાન પાસે ગયા કે નહિ એવું કાંઈ લખ્યું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ આવી ગયું અંદર લખ્યું છે. ભગવાન આમ કહે છે, જિનેન્દ્ર આમ કહે છે. ત્યાં એમ નથી કીધું કે અમારા ગુરુ આમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'વ્યવહારિક ધર્મધ્યાનમાં પરિણત રહે છે...'** આહા..હા..! **'તેથી જ ચરણકરણપ્રધાન છે;...'** જેને શુભ આચરણના પરિણામ એ મુખ્ય છે. નીચે છે. શું કહે છે? **'સ્વાધ્યાયકાળને અવલોકતો...'** સવાર, સાંજ સ્વાધ્યાયકાળમાં ધ્યાન રાખે. સ્વાધ્યાય ક્રિયા કરે. શાસ્ત્ર વાંચે, શાસ્ત્ર ભણે, શાસ્ત્ર ઉપદેશ કરે એ બધી ક્રિયા શુભભાવની છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ ધર્મ નહિ, જિનેન્દ્રનો એ માર્ગ નહિ. આહા..હા..! ભારે કઠણ! સ્વાધ્યાય કરે બરાબર શાસ્ત્ર સવારે વાંચે. સ્વાધ્યાયનો કાળ જોવે. ટાઈમ થઈ ગયો છે સ્વાધ્યાયનો ભાઈ! અમે તો સ્વાધ્યાય કરશું. શાસ્ત્રનું અધ્યયન કરે એ બધો શુભભાવ છે. એમાં વશ થઈને આત્માનું ધ્યાન કરતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'પ્રતિદિન ભોજન કરીને ચતુર્વિધ આહારનું પ્રત્યાખ્યાન કરે છે,...'** હંમેશા એકવાર ભોજન કરે. એકવાર ભોજન કરી ચાર આહારનો ત્યાગ કરે કે ૨૪ કલાક, ૪૮ કલાક આહાર ન લેવો, એ પણ શુભભાવ છે, પુણ્ય છે. તે ધર્મ નહિ. કહો, સમજાણું આમાં? 'ત્રણ

**સંધ્યાઓ વખતે (-સવારે, બપોરે ને સાંજે) ભગવાન અર્હત્ પરમેશ્વરની લાખો સ્તુતિ મુખકમળથી બોલે છે,...'** લોગસ્સ ઉવજોયગરે.. આવે છેને? તીર્થંકરના સ્તવન કરે, એ શુભભાવ છે, પુણ્ય છે, ધર્મ નહિ. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** અહીં સાંભળ્યું ન હોય એને બહુ આકરું લાગે એમ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શું થાય? માર્ગ તો આ અનાદિનો આ છે. લોકો વાડા બાંધીને બેઠા અને ધર્મ મનાવ્યા જગતને. આ સામાયિક કર્યા, પોષા કર્યા, પડિક્કમણા કર્યા ને ધર્મ. બિલકુલ ધર્મ નથી. કહો, સમજાણું કાંઈ? એ મંદિર બનાવ્યા, વેદી પ્રતિષ્ઠા કરી અને લાખ, બે લાખ ખર્ચ્યા, માટે ધર્મ છે. બિલકુલ નહિ. શુભભાવ છે, પુણ્યબંધનું કારણ છે. પુણ્યબંધનું કારણ એ ધર્મ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'ભગવાન અર્હત્ પરમેશ્વરની...'** હોં પાછી સ્તુતિ. કોઈ ઈશ્વર કર્તા છે ને શંકર ને બ્રહ્મા ને વિષ્ણુ એ અહીં નહિ. આ તો અર્હંત ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર એની સ્તુતિ, લાખો સ્તુતિ મુખકમળથી બોલે, ધ્વનિ ઉઠે. આહા..હા..! એ બધો શુભભાવ છે. એ કાંઈ ધર્મ નથી. અરેરે! લાખો સ્તુતિ કીધી જોયું! **'ત્રણે કાળે નિયમપરાયણ રહે છે...'** સવાર-સાંજના જે કાંઈ શાસ્ત્રે કહ્યું વ્યવહાર. એવા વ્યવહારમાં તત્પર રહે. **'એ રીતે અહર્નિશ (દિવસ-રાત થઈને) અગિયાર ક્રિયામાં તત્પર રહે છે;...'** એ તો પરલક્ષી ક્રિયા બધી રાગની છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'પાક્ષિક,...'** પખવાડિયે પડિક્કમણું કરે પંદર દિ'એ. **'માસિક,...'** પડિક્કમણું કરે મહિનાનું. **'ચાતુર્માસિક...'** પડિક્કમણું કરે **'અને સાવંત્સરિક પ્રતિક્રમણ...'** કરે બાર મહિનાનું. એવા **'પ્રતિક્રમણ સાંભળવાથી ઊપજેલા સંતોષથી...'** આમ સાંભળતા આહા..હા..! એને આમ જાણે ઓહો..હો..! પણ એ બધો શુભભાવ છે. કહો, સમજાણું કાંઈ?

**'જેનું ધર્મશરીર રોમાંચથી છવાઈ જાય છે;...'** ભાષા તો જુઓ, ધર્મ એટલે પુણ્ય. ધર્મ એટલે પુણ્ય. વ્યવહારપુણ્યને અહીંયાં ધર્મ કીધો છો.. રોમાંચ. આહા..હા..! સ્તુતિ કરે, આમ કરે જાણે તલ્લીન થઈ જાય. ભોગીભાઈ સ્તુતિ કરતા જોઈ છે? નહિ? મંદિરમાં કરતા. ધૂન-ધૂન ચડી જાય અંદર. એ તો બધો શુભભાવ છે, પુણ્ય છે, ધર્મ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? પાછું શું કહે છે? પાક્ષિક પ્રતિક્રમણ, માસિક પ્રતિક્રમણ, ચાતુર્માસિક પ્રતિક્રમણ, સાવંત્સરિક સાંભળવાથી આમ રોમ-રોમ ઓલા થઈ જાય. આહા..હા..! આપણે તો શું કર્યું જાણે! પથરણું પાથરીને બેસે અને જ્યાં સાંભળે કલાક. સંવત્સરીના બે પડિક્કમણા કરે. એ એક દિવસનું બાર મહિનાનું. ઓહો..હો..! જાણે. ગુલાબચંદભાઈ! આવું છે આ. કહે છે કે એ શુભભાવ છે, પુણ્ય છે, બંધન છે, ધર્મ નહિ.

**શ્રોતા :-** ..વ્યંજન.. કરે છે એને કેમ થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એને પણ પુણ્ય છે. અજ્ઞાની સામાયિકમાં બેસે એને પુણ્ય થાય.

રાગ મંદ રાખતો હોય તો, ધર્મબર્મ મળે નહિ. ધર્મ તો આત્મા અંદર જ્ઞાયકસ્વરૂપ છે એને ઓળખીને અંદર ઠરે એને ધર્મ થાય. એવી વાત છે, ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? અરે! ઝઘડા ઉભા કર્યા .. મોટા આહા..હા..!

શું કીધું છે? માસિક, પખવાડિયાનું પ્રતિક્રમણ કરે, મહિનાનું પ્રતિક્રમણ, સંવત્સરીનું કરે. આહા..હા..! ચાતુર્માસનું કરે. સાંભળવાથી જાણે ઓહો..હો..! ચાર લોગસ્સનો કાયોત્સર્ગ કરો, આઠ લોગસ્સનો કરો, ચાલીસ લોગસ્સનો કરો. એ બધો શુભભાવ છે. લાલજીભાઈ! એવું કર્યું હતું કે નહિ ત્યાં? ઘણું કર્યું હતું? આહા..હા..! એ સાંભળવાથી ઉપજેલો સંતોષ. સંતોષ એટલે રાગની મંદતા હોં. આપણે જાણે કે આહા..હા..! આજ તો શું પડિક્કમણું કરી આવ્યા? પથરણું ખંખેરીને ઉભા થઈ જાય, લ્યો! ધૂળેય નથી ધર્મ સાંભળને. એ તો બધી રાગની ક્રિયા છે. કહો, કાંતિભાઈ!

**શ્રોતા :-** ધર્મને ખંખેરીને ઉભો થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આહા..હા..! આવો માર્ગ .. ભાઈ! પ્રભુ એટલે ભગવાન, શુદ્ધનયસ્વરૂપે ભગવાન પૂર્ણાનંદ ભૂતાર્થ, સત્યાર્થ વસ્તુ છે. આહા..હા..! એનો જેણે આશ્રય લીધો નથી અને આવી શુભભાવની ક્રિયાના આશ્રયમાં પડ્યો છે એ મુનિ પરવશ છે, પરાધિન છે, સ્વાધિનની એને ખબર નથી. આહા..હા..! '**રોમાંચથી છવાઈ જાય છે;...**' પાછું એમ. જેનું ધર્મશરીર એટલે આ શરીર. આમ સાંભળતા અમે જાણે ઓહો..હો..! શું આજ તો જાણે આવશ્યક કર્યું, પડિક્કમણું કર્યું. પછી સામાયિક કરે એમાં ભેગું પડિક્કમણું કરે એ કાળમાં. જાણે કે ઓહો..હો..! બાર મહિનાનું પાપ ધોવાઈ ગયું આજે લ્યો.

**શ્રોતા :-** હવે નવેસરથી પાપ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કહે છે કેટલાક બિચારા કાંઈક. કેટલાક તો બાર મહિને પણ ન જતા હોય. આહા..હા..! આ તો કરે તોપણ કહે છે કે એ તો શુભભાવ છે, ભાઈ! મુનિ થઈને, નગ્નમુનિ થઈને, દિગંબર મુનિ થઈને, પણ આવી ક્રિયામાં જે તત્પર છે એ બધા પરાધિન છે, વિકારને આધિન થઈ ગયેલા છે, નિર્વિકારી ચૈતન્યમૂર્તિ ભગવાન એને આધિન નથી. આવો માર્ગ ભારે ભાઈ કઠણ જગતને!

'**સંતોષથી જેનું ધર્મશરીર...**' પુણ્ય કરવાના ભાવ છે ત્યાં રોમાંચ થઈ જાય અંદર કે આહા..હા..! '**અનશન,...**' કરે અનશન. અનશન. એક ટંકનો આહાર ત્યાગ, દિવસના આહારનો ત્યાગ, છઠનો આહારનો ત્યાગ, અઠમના આહારનો ત્યાગ. એ પણ શુભભાવ છે. '**અવમૌદર્ય,...**' ૩૨ કવળમાંથી પાંચ જ કવળ ખાય, આઠ જ કવળ ખાય, બે-ચાર કવળ છોડે, પણ એ શુભભાવ છે. દૂધ ન ખાય, ખાંડ ન ખાય, સાકર ન ખાય, પકવાન ન ખાય, ઉણોદરી કરે એ શું? એ તો શુભરાગ છે. ત્યાં આત્માનો આશ્રય આવ્યો નથી એને. સમજાણું કાંઈ? '**રસપરિત્યાગ,...**' છેને? રસ-રસ. દૂધ-દહીંનો ત્યાગ છે, ફલાણાનો ત્યાગ

છે, પણ શું હજી તને આત્મા શું છે એના તો રસની ખબર નથી. આત્માનો આનંદરસ છે એની તો ખબર નથી. આ પરરસનો ત્યાગ કર્યો એટલે જાણે અમારે ધર્મ થઈ ગયો. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા** :- કાંઈક તો થાય જ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કાંઈક થાય છે. પુણ્ય થાય છે. રાગ મંદ કરે તો પુણ્ય થાય. અધર્મ.

**શ્રોતા** :- અધર્મ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :–મંદકષાય એ પુણ્ય છે અને પુણ્ય એ અધર્મ છે. વીતરાગધર્મ એ નહિ. આહા..હા..! જેમાં વીતરાગમૂર્તિ આત્મા પ્રભુ પોતે છે આ એને વશ થઈને વીતરાગ પરિણતિ પ્રગટ ન કરે એને ધર્મ કદી ત્રણકાળમાં થાતો નથી. મરી જાય મહાવ્રત પાળી–પાળીને, અપવાસ કરીને, મહિના–મહિનાના.

**શ્રોતા** :- આવી વાત કહેવાવાળું કોઈ મળ્યું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સાદડીમાં ત્યાં હતું ત્યાં? મુંબઈમાં સાદડી સાંભળી છેને. મરી જાય પછી સાદડી કરે મુંબઈમાં બધા ભેગા થઈને. એમ આત્મા શું છે એને મારી નાખીને એની સાદડી બાંધે બધા. આહા..હા..! જેમાં આત્મા સચ્ચિદાનંદ પ્રભુ ‘સિદ્ધ સમાન સદા પદ મેરો.’ ચૈતન્યમૂર્તિ ચૈતન્યચમત્કારથી ભરેલો ભગવાન આત્મા અંદર બિરાજે છે. આહા..હા..! એની ખબર નથી, એનો આશ્રય નથી, એની મહિમાની ખબર નથી, એ તત્ત્વથી મોટું પ્રભુ આત્મા અંદર છે એ કેવડો, કેવો છે એની ખબર ન મળે અને આવી ક્રિયામાં તત્પર થાય એ બધા પરવશ છે. આહા..હા..! છે કે નહિ એમાં? કે સોનગઢનું છે આ? આ તો શાસ્ત્ર હજાર વર્ષ, બે હજાર વર્ષ પહેલાનું છે. આહા..હા..! આ ટીકા હજાર વર્ષ પહેલાની છે પદ્મપ્રભમલધારિદેવની. આ પદ્મપ્રભમલધારિદેવ મુનિ ૯૦૦ વર્ષ પહેલા થયા છે. આ એમની ટીકા છે. મુનિરાજ જુઓ લખે છે. એ આ લખ્યું જુઓ, આ તો નિયમસારની ટીકા છેને આ? એ લખે છે. ‘**વૃત્તિપરિસંખ્યાન,...**’ બે ઘરે આહાર લેવો, બીજે ક્યાંય જવું નહિ આ શેરીમાં જવું, બીજી શેરીએ જવું નહિ. એવો અભિગ્રહ ધારણ કરે એ પણ શુભભાવ છે, પુણ્ય છે.

**શ્રોતા** :- એ લખે છે તો કરતા તો હશેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કર્તા–ફર્તા છે નહિ. જડની ક્રિયા જડથી થાય છે. વિકલ્પ આવે એના પણ જાણનાર છે. આવું કામ, બાપુ! જિનેન્દ્ર માર્ગ એવો ક્યાંય છે નહિ. પણ એ જિનેન્દ્રમાં જન્મ્યાને ખબર ન મળે કે જિનેન્દ્રનો માર્ગ શું છે. આહા..હા..! આવો માર્ગ છે.

‘**વિવિક્ત શય્યાસન,...**’ સ્ત્રી, નપુંસક, પશુ જ્યાં ન રહેતા હોય એવા સ્થાનમાં રહે

એ પણ એક શુભભાવ છે. '**કાયક્લેશ...**' કરે. ચાર ઘડી પાંચ બે દિવસ આમ પગ ઉંચા રાખીને એમ ને એમ બેસે. ભેંસને જેમ દોહવેને ગાય આમ દોહવે એમ બેસે. કાયોત્સર્ગ. એ શુભભાવ છે.

**શ્રોતા :-** અંગુઠા ઉપર ઉભો રહે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-**.. કરે છેને કરે છે કેટલાક. ભેંસને જ્યારે દૂધ દોહવેને ત્યારે પગ આમ રાખે. એવી રીતે બેસે. એ જાણે કે મેં કાયોત્સર્ગ કર્યો, તપસ્યા કરી, ધૂળેય નથી કહે છે. એ તો શુભવિકલ્પ છે રાગ.

'**છ બાહ્યતપમાં જે સતત...**' છે? એ '**બાહ્યતપમાં જે સતત ઉત્સાહપરાયણ રહે છે;...**' બરાબર ધ્યાન રાખે છે ક્રિયામાં. આહા..હા..! એ પરવશ છે. એને આત્માના વશની ખબર નથી. આહા..હા..! '**સ્વાધ્યાય,...**' કરે. સવાર, બપોર, સાંજ, રાતે શાસ્ત્રનો સ્વાધ્યાય. અમારે હીરાજી મહારાજ હતા એ બહુ સ્વાધ્યાય કરે. સવાર, બપોરે પણ આહાર કરીને બેસે. હાથમાં રાખે ઠીકરું-ઠીકરું. સ્વાધ્યાય કર્યા કરે. આત્મા શું છે એની ખબર ન મળે. શશીભાઈ! જોયા હતા કે નહિ તમે? હીરાજી મહારાજને નહિ જોયા હોય. ૭૪માં ગુજરી ગયા. એ તો ઘણા વર્ષ થયા. ૭૪ એટલે કેટલા થયા? ૨૬ અને ૩૨. ૫૮ વર્ષ થયા. ૭૪માં ચૈત્ર વદ આઠમ. ખેરાળી જતા હતાને. ખેરાળીને? રસ્તામાં ગુજરી ગયા. આમ કષાય મંદ બહુ. શાંત માણસ હતા. પણ આ તત્ત્વની ખબર જ નહોતી. એ તત્ત્વ હતું જ નહિ. આમ તો હિન્દુસ્તાનના હીરા કહેવાતા. 'હીરા એટલા હીર બાકી સુતરના ફાળકા' એમ કહેવાતું. હીરો તે હીરો પાક્યો એમ કહેતા. પણ એ ક્રિયા રાગની. આત્મા અંદર કોણ છે અને એનું સ્વરૂપ કાંઈ ખબર જ ન મળેને. સમજાણું કાંઈ? આહા..હા..!

ધન્નાલાલજીને પૂછયું કીધું ચંડાળને મોક્ષ હોય કે નહિ? કહો, એ પણ મુંઝાઈ ગયા જરી. અમારા ભાઈને પહેલા પૂછયું હતું બહાર નહિ? કીધું આ દિગંબર છે તો એને ખબર તો હશેને. મુંઝાઈ ગયા. આહા..હા..! આવી આચરણની ક્રિયા કરે, '**ધ્યાન,...**' કરેને. ધ્યાન શેનું? અંદરમાં એ વિકલ્પ શુભ. મંદરાગનું ધ્યાન કરે, ઘોલન કર્યા કરે, પણ એ બધો મંદરાગ, શુભરાગ છે. આહા..હા..! કહો, '**શુભ આચરણથી ચ્યુત થતાં...**' શુભભાવથી જરી અશુભ થઈ જાય તો '**ફરી તેમાં સ્થાપનસ્વરૂપ પ્રાયશ્ચિત્ત,...**' લે. ભાઈ! મારા ભાવમાં પાપભાવ આવી ગયો. ભાવ આવી ગયો. પ્રાયશ્ચિત્ત લે એ શુભભાવ છે, ધર્મ નહિ. આહા..હા..! આવી વાત છે. પણ છે કે નહિ એમાં? અત્યારની લખેલી છે કે પહેલાની?

**શ્રોતા :-** પહેલાની. નવસો વર્ષ પહેલાની.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નવસો વર્ષ અને ગાથા તો બે હજાર વર્ષની. કુંદકુંદાચાર્યની ગાથા છે. આહા..હા..!

ફરી પ્રાયશ્ચિત્ત લે છે. અરે! '**વિનય,...**' કરે. દેવ-ગુરુ-શાસ્ત્ર, વાંચતા વખતે શાસ્ત્રને પગે

લાગે, ગુરુને પગે લાગે, ભગવાનને પગે લાગે એવો વિનય કરે એ શુભભાવ છે. સમજાણું કાંઈ? આહા..હા..! દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય કરે એ પુણ્યભાવ છે, ધર્મ નહિ. અરેરે! આકરું ભારે! એને ક્યાં પડી છે કેટલાકને તો. આ રળવું, ખાવું, પીવું, ભોગવવું, બાયડી, છોકરા અને થઈ રહ્યું. નભાવ કરીને મરી જવું પછી. ક્યાં જાવું... આ તો કદાચિત્ છોડીને શુભભાવ કર્યો કહે છે આવો, તોપણ એ ધર્મ નથી. આહા..હા..! જુઓ, વિનય. શું કહેવાય છે નથી? .. ધમ્મો વિનય. ક્ષમા એ ધર્મનો દરવાજો છે, વિનય એ મોક્ષનું દ્વાર છે. આવે છે એવું. વિનય, પરદ્રવ્યનો વિનય ચાહે તો ત્રણલોકના નાથ ઈન્દ્ર હોય, તીર્થંકર હોય, જિનેન્દ્ર હોય. એનો વિનય પણ શુભભાવ છે, પુણ્ય છે.

**શ્રોતા :-** તત્ત્વાર્થસૂત્રમાં તો કહ્યું છે કે વિનય ધર્મનું મૂળ છે!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ કહ્યું કઈ અપેક્ષાએ? ઓલો સ્વરૂપનો વિનય પોતાનો કરે છે એ વિનયનો ધર્મ છે. આહા..હા..! એવી વાતું ભાઈ! બહુ આકરું કામ. આ તો જિનેન્દ્ર વીતરાગ પરમેશ્વર અરિહંતદેવ આમ ફરમાવે છે. કહે છે કે અમારો વિનય કરવો એ પણ તારે શુભભાવ છે. એમ ભગવાનની પ્રતિમાનો વિનય કરવો એ બધો શુભભાવ છે. કહો, સમજાણું કાંઈ?

'**વૈયાવૃત્ત્ય...**' ધર્મીની, સાધુની સેવા કરવી, વૈયાવચ્ચ કરવી એ શુભભાવ છે, ધર્મ નહિ. એ પરતરફના લક્ષવાળી દશા છે. આહા..હા..! '**વ્યુત્સર્ગ...**' કાયોત્સર્ગ કરે કાયોત્સર્ગ. 'તાવકાયં ઠાણેણં માણેણં જાણેણં, અપ્પાણં વોસરે' તસ્સઉતરીમાં આવે છેને? એય..! પણ એ તો શુભભાવ છે, પરલક્ષી ક્રિયા છે રાગની. આહા..હા..! એવા '**અભ્યંતરતપના અનુષ્ઠાનમાં (આચરણમાં) કુશળબુદ્ધિવાળો છે;...**' આહા..હા..! એવો જે સાધુ હોય તોપણ તેને ધર્મ નથી. આહા..હા..! આવું આકરું ભારે કઠણ પડે. '**પરંતુ તે નિરપેક્ષ તપોધન...**' જેને રાગની અપેક્ષા નથી, '**સાક્ષાત્ મોક્ષના કારણભૂત સ્વાત્માશ્રિત આવશ્યક-કર્મને...**' આહા..હા..! સાક્ષાત્ મોક્ષનું કારણ એવું સ્વ આત્મા ચિદાનંદ પ્રભુ એને આશ્રિત આવશ્યક કર્મ એટલે એને આશ્રિત થયેલી ક્રિયા વીતરાગી. '**નિશ્ચયથી પરમાત્મતત્ત્વમાં વિશ્રાંતિરૂપ...**' આહા..હા..! ભાષા તો જુઓ, ભગવાન પરમાત્મતત્ત્વ, અતીન્દ્રિય આનંદનું દળ ભગવાન આ છે આત્મા. અતીન્દ્રિય જ્ઞાનનું દળ પડ્યું દળ છે. દળ સમજો છો? દળના લાડુ થાય છે સાંભળ્યું છેને? દળના લાડુ થાય છે.

**શ્રોતા :-** એ પહેલા થતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પહેલા થતાને. હવે કોઈ નહિ કરતા હોય. હવે તો બધા ખાવામાં પણ ઓલું થઈ ગયું છે એ. પહેલા ખાવાના શોખીન હતા. એમ આત્મા આનંદનું દળ છે. આહા..હા..! અણિન્દ્રિય અનાકુળ... આહા..હા..! પરમાત્મતત્ત્વ '**સ્વાત્માશ્રિત...**' જે કર્મ-કાર્ય એટલે કે '**નિશ્ચયથી પરમાતત્ત્વમાં વિશ્રાંતિરૂપ...**' આહા..હા..! આવા વિકલ્પો જે

છે એનાથી હઠી અને પરમાત્મતત્ત્વ ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ આત્મા છે એમાં વિશ્રાંતિ-વિશ્રાંતિ, એમાં ઠરવું એવું '**નિશ્ચયધર્મધ્યાન...**' એને સાચું ધર્મધ્યાન કહે છે. સમજાણું કાંઈ? એ ધર્મધ્યાનના કાયોત્સર્ગમાં પણ આવે છે એ. .. આવા કર્યું. વ્યવહારક્રિયા કરી, આ કર્યું... આ કર્યું... પહેલા આત્માનું સ્વરૂપ શું છે એને જાણ્યું નહિ. આહા..હા..!

'**નિશ્ચયધર્મધ્યાનને...**' નિશ્ચયધર્મધ્યાન એટલે? '**પરમાતત્ત્વમાં વિશ્રાંતિરૂપ...**' ભગવાન આનંદનો નાથ પ્રભુ એમાં ઠરવું. આહા..હા..! થાક ઉતારવો. રખડવાનો ચાર ગતિનો થાક છેને પુણ્ય-પાપનો એ ઉતારતા અંદર ઠરે. આ બહુ ચાલતા થાક લાગે ત્યારે વિશ્રાંતિ લે છેને આમ? બહુ થાક લાગે, બેસે થોડી વાર. એમ ચોર્યાસીના અવતારનો થાક ઉતારવા માટે ભગવાન આનંદમાં જે વિશ્રાંતિ લે. આહા..હા..! વિશ્રાંતિઘર નામ નથી આપતા? આ વિશ્રાંતિઘર નામ નથી આપતા? મોટા બંગલા કરેને? વિશ્રામ ઘર. ધૂળેય વિશ્રામ નથી ત્યાં. વિશ્રાંતિઘર તો ભગવાન આત્મા છે અંદર. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું આ બધી એવી લાગે કે આ તે શું હશે? આવો તે જૈનધર્મ આવો હશે? કોઈ દિ' સાંભળ્યો ન હોય અને બહારના શુભભાવની ક્રિયાના રંગમાં રંગાઈ ગયો હોય. હવે એને આ શું કહે છે? આ તે આવી ક્રિયા થાતી હશે અત્યારે? કે પછી થાતી હશે? અરે! ભાઈ! અત્યારે તું આત્મા છો, ભાઈ! જ્ઞાયકસ્વભાવથી ભરેલો અનાકુળ આનંદસ્વભાવરૂપ એવો જે આત્મા દ્રવ્ય જે છે એમાં વિશ્રાંતિ, તેની દૃષ્ટિ, તેનું જ્ઞાન અને તેમાં ઠરવું એ વિશ્રાંતિરૂપ નિશ્ચયધર્મ ધ્યાન અજ્ઞાનીને શુભમાં રસવાળાને એ હોતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તથા શુક્લધ્યાનને—જાણતો નથી;...**' અહીં તો કહે છે. એ ક્રિયાકાંડના રાગમાં ઘુંચાઈ ગયેલો, ઘેરાઈ ગયો છે. ભગવાન આત્મામાં વિશ્રાંતિ લેવી એનું નામ નિશ્ચયધર્મધ્યાન જાણતો નથી. આહા..હા..! ખબર પણ નથી, સાંભળ્યું પણ નથી. આહા..હા..! ૬-૭ કલાક ઉંઘે, ૮-૧૦ કલાક દુકાનના ધંધાની મજુરી કરે, નવરો થઈને કલાક સાંભળવા આવે ત્યાં ઓલો કહે કે આ કરો... આ કરો... આ કરો... સામાયિક કરો એ ધર્મ. એટલે બિચારા એ ત્યાં ને ત્યાં ઘુંચાઈને મરી જાય. થઈ રહ્યું.

**શ્રોતા :-** એને લૂંટી લે છે, શ્રીમદ્ કહે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધર્મ લૂંટી લે. કીધું છેને શ્રીમદ્ે કે આટલા કલાક ઉંઘમાં જાય, આટલા કલાક ભોગમાં જાય, બાયડી-છોકરાને સાચવવામાં જાય, થોડું રળવામાં જાય, થોડું કલાક, બે કલાક બચે ત્યાં સાંભળવા જાય તો કુગુરુ લૂંટી લે એને. કુગુરુ લૂંટી લે એને એમ કહે તમે આ ક્રિયા કરો, આ કરો, આમાં ધર્મ. લૂંટાઈ ગયો, મરી ગયો એમાં. સમજાણું કાંઈ? કહો, ચીમનભાઈ!

**શ્રોતા :-** માંડ માંડ નવરો થયો હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નવરો થયો હોય અને લૂંટે ઓલો. કલાક આવે બિચારો માંડ.

તમે છ કાયની દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો. ઓલાને ઠીક લાગે. ચાલો બધું કરીએ.

**શ્રોતા :-** સાધુને આહાર આપવો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સાધુને આહાર આપતા તમારે સંસાર ઘટી જાય. બધી વિપરીત વાતું છે. સાધુ સાચા હોય એને આહાર આપવાનો ભાવ પણ શુભ પુણ્ય છે. સમજાણું કાંઈ? આવી વાત ભારે આકરી, ભાઈ!

**શ્રોતા :-** શાસ્ત્રમાં તો એમ આવે છે કે આહાર આપ્યો એને ગુરુને મોક્ષમાર્ગ આપ્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવે ઈ તો કઈ અપેક્ષાએ? નિમિત્તથી કથન છે. ઈ તો એમ. છેને પદ્મનંદિપંચવિંશતિમાં છે, મૂર્તિ સ્થાપે તો આમ આમ થાય એવું ઘણું શાસ્ત્રમાં આવે.

**શ્રોતા :-** સરસ્વતિના ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, સરસ્વતિના.. એ તો એક પુણ્યની વાતું છે, શુભભાવ. પણ એની નજર જો તત્ત્વ ઉપર હોય અને સમ્યગ્દર્શન-જ્ઞાન હોય તો ઓલા આવું પુણ્ય બાંધે. અજ્ઞાનીને તો એવું પુણ્ય પણ ન હોય. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો આમ સંઘ સ્થાપે. મોટો સંઘવી કહેવાય એવું આવે છે ત્યાં તો. પદ્મનંદીપંચવિંશતિમાં આવે છે.

**શ્રોતા :-** સંઘપતિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સંઘપતિ થાય. એમાં સંઘપતિ થઈને શું દાળિયા થયા. આત્મા હજી શું છે એનું ભાન ન મળે. આત્મા એટલે તો કાંઈ ચીજ જ ન મળે. એ તો આ કરવું એ આત્મા બસ. અંદર આખો આનંદનો નાથ પ્રભુ છે આત્મા. વસ્તુ તત્ત્વ જે આત્મા છે એ તો અનાકુળ અનંત આનંદનો સ્વભાવથી ભરેલો સાગર છે. આહા..હા..! એના તરફના આચરણને ક્રિયાની તો ખબર નથી. બહારની ક્રિયાકાંડમાં રોકાઈને આખી જિંદગી ગાળી કહે છે. આહા..હા..! એવા જીવને આવું જે '**પરમાત્મતત્ત્વમાં વિશ્રાંતિરૂપ નિશ્ચયધર્મધ્યાનને તથા શુક્લધ્યાનને—જાણતો નથી;...**' આહા..હા..! આત્મા શાંતરસથી ભરેલો પદાર્થ છે. અકષાય સ્વભાવથી ભરેલો પ્રભુ આત્મા છે. એનો આશ્રય લેતા વીતરાગી દશા થાય એ ધર્મ, એને તો એ જાણતો પણ નથી, ખબર પણ નથી, સાંભળ્યું પણ નથી. આહા..હા..! કહો, અજીતભાઈ! આફ્રિકામાં છે ત્યાં? પૈસા છે ત્યાં તો.

**શ્રોતા :-** એ ધૂળધમાહા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળધમાહા. આહા..હા..! ઘણા કરોડોપતિ થઈ ગયા મહાજન લોકો. ૨૫-૫૦-૫૦ વર્ષના ગયા છે. આફ્રિકા. કરોડ ને બે કરોડ ને પાંચ કરોડને બધા પૈસાવાળા થઈ ગયા. ધૂળના છે ધણી. એ બધી ધૂળ છે. આહા..હા..! બરાબર હશે, ચીમનભાઈ? મંગળિક સાંભળીને જાય ત્યાં પૈસા પેદા થાય. ધૂળમાંય નથી તારા પૈસા. ધૂળ મળી એ તો પૈસા, માટી, ધૂળ છે.

**શ્રોતા :-** ચોપડામાં ૐ કરાવે તો પૈસા મળે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, ચોપડામાં કરે. ગણેશાય નમઃ ફલાણું નમઃ અમારે કીધુંને પાલેજમાં? શું કહેવાય? હૈદરશા નમઃ એમ લખે. કુંવરજીભાઈ લખે. બે દુકાન હતીને તો અહીં તો અમે તો ન લખીએ. આ દુકાને નહિ. બે દુકાન હતી પાલેજ. એક દુકાનમાં લખે. હૈદરશા હાજરા હજુર. એ અમારા છે ઉમરાળાવાળા એ બધા માને હૈદરશાને. એલા તમારો બાપ હતો એની પાસે પૈસા નહોતા. તો આ હૈદરાશ નમઃ માટે પૈસા રળવાના થાય છે આ? પછી તો ખુશાલભાઈએ કઢાવી નાખ્યું.

**શ્રોતા :-** હૈદરશાને લુગડું ચડાવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ચડાવેને ત્યાં .. ચડાવે બાર મહિને. છેને પાલિતાણે નથી? આ બાજુ હૈદરશાનું અને આ બાજુ ઓળા ભૈરવનાથનું. ગરતા. પાલિતાણામાં ગરતા. આમ ભૈરવનાથ છે અને આ બાજુ હૈદરશા. બધું જોયું છેને અમે ત્યાં હૈદરશામાં ઉતર્યા હતા. એકફેરી અમારા આનંદજીના મોટા ભાઈ હરગોવિંદ હતોને. હરગોવિંદના લગન હતા ત્યાં. ૬૯ની વાત છે. હરગોવિંદ નાગર આણંદજી નાગર, આ રતિલાલ નાગર ગુજરી ગયાને રતિભાઈ હમણા? .. ગામ. રતિભાઈ ગુજરી ગયા અને એનો છોકરો ગુજરી ગયો બિચારો. .. એ પણ ગુજરી ગયો. ત્રણ મહિનાને આંતરે બેય ગુજરી ગયા બાપ-દીકરો. એ બધા ત્યાં માનનારા. પણ લગન હતાને હરગોવિંદના. તે દિ' હું અહીં દેશમાં હતો દુકાન છોડીને. તો સાથે લગનમાં ગયા હતા. કીધું હૈદરશાના. કીધું જો ભાઈ! રાત પડશે તો હું આહાર નહિ કરું. તમારું સામૈયું મોડું થાય અને પછી હું રાતે આહાર નહિ કરું. પછી ત્યાં આહાર કરી લીધો હતો. કાંઈક લાડવા હતાને એવું હતું. ત્યાં સૂર્યાસ્ત પછી હું આહાર નહિ કરું કીધું. આ તો ૬૯ની વાત છે. પછી ત્યાં આહાર કર્યો હતો. પછી સામૈયું આવ્યું મોડું. એને ક્યાં વગાડતા-વગાડતા. રાત પડી સાડા આઠ-નવ. સાડા આઠ-નવે અમે પાણી-બાણી ન પીએ. રાત્રે આહાર અને પાણી નહિ. પછી કાનાભાઈ હતા સાથે અમારા ફાવાભાઈના બાપ હતાને ફાવાભાઈને... ભગતને આહાર કરાવી લ્યો પહેલા કહે. અહીં ઈ નહિ આહાર કરે પાછા રાતે. આ તો ૬૯ની વાત છે. ૭૦માં દીક્ષા એના પહેલાની વાત છે. અરેરે! ક્યાં ત્યાં હૈદરશા હતો? ક્યાંય મરીને ગયો હશે બિચારો. આવી માન્યતા એમાં આત્મા ક્યાં છે એની ક્યાં ખબર છે? આહા..હા..!

**'તેથી પરદ્રવ્યમાં પરિણત હોવાથી...'** ભાષા જુઓ, એ આવી જે ક્રિયા છે એ તો રાગ છે. રાગ છે એ ખરેખર તો પરદ્રવ્ય છે, એ આત્મા વસ્તુ નહિ. આહા..હા..! છે? **'પરદ્રવ્યમાં પરિણત હોવાથી...'** રાગ છે એ તો ક્રિયા રાગની, પુણ્યની. **'તેને અન્યવશ કહેવામાં આવ્યો છે.'** એ પરાધીન આત્મા છે. સ્વવશ થયો નથી. એને આત્માની ખબર નથી. આહા..હા..! અન્યવશ છે એ. પરને વશ થયો છે, અવશ નથી. ઓલું અવશ નથી અવશ? અન્યવશ છે અવશ નથી. અવશ છે એ સ્વાધિન છે અને અન્યવશ છે એ પરાધીન છે, સમજાણું કાંઈ? અવશ નામ આત્મા જ્ઞાનાનંદ ચિદાનંદ પ્રભુ એને આશ્રયે વશ થવું એ

અવશ કહેવાય છે. અવશ નામ પરને વશ નથી. આહા..હા..! અને જે કાંઈ આવી ક્રિયા છે આ બધી કીધી એ એ રાગની ક્રિયામાં વશ છે એ બધો પરદ્રવ્યમાં છે. આહા..હા..! એનાથી સ્વર્ગાદિ પામે કહે છે. કેવું? એ વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**માગશર સુદ-૯, શુક્રવાર, તા. ૧૨-૧૨-૧૯૭૫**
**ગાથા-૧૪૪-૧૪૫, કળશ-૨૪૫, પ્રવચન નં. ૧૨૨**

અંદર ટીકામાં આવ્યું છે. '**જેનું ચિત્ત તપશ્ચરણમાં લીન છે...**' એટલે? મહાવ્રતના પરિણામ અથવા .. પરિણામ આદિ જે શુભભાવ એમાં જેનું ચિત્ત લીન છે એ પરાધીન છે. આ તો ઘણા લોકો આવ્યા છે. પંચમહાવ્રતના પરિણામ વગેરે સાધુની ક્રિયા, અઠ્યાવીશ મૂળગુણ જે છે એમાં જેનું ચિત્ત લીન છે શુભરાગમાં '**એવો આ અન્યવશ શ્રમણ...**' રાગને વશ પડેલો સાધુ અવશ નહિ પણ અન્યવશ. '**દેવલોકાદિ ક્લેશની પરંપરા પામવાથી...**' એ શુભભાવથી દેવલોક, સ્વર્ગાદિ મળે. દેવલોકાદિ અથવા શેઠિયાઓ થાય કરોડપતિ, અબજોપતિ. એ બિચારા દુ:ખી છે રાગથી રોકાઈ ગયેલા છે. સમજાણું કાંઈ? '**દેવલોકાદિ...**' છેને? દેવલોકમાં જાય ત્યાંથી શુભભાવ કરી, ક્રિયા કરી હોય દયા, દાન, વ્રત, ભક્તિ, તપ આદિ એનાથી સ્વર્ગે જાય ત્યાંથી .. તો નીચે રાજા થાય, પણ એ '**શુભોપયોગના ફળસ્વરૂપ પ્રશસ્ત રાગરૂપી અંગારાઓથી શેકાતો થકો,...**' એ શુભરાગ છે એ અંગારા જેવો છે, કહે છે. આહા..હા..! જગતને આકરું પડે એવું છે. દયા, દાન, વ્રત, ભક્તિ, અપવાસ એ બધો ભાવ શુભરાગ છે. શુભરાગરૂપી અગ્નિમાં શેકાય છે. આહા..હા..! આવી વાત. એને '**દેવલોકાદિના ક્લેશની પરંપરા પામવાથી શુભપોયગના ફળસ્વરૂપ...**' એ શુભભાવ એનું ફળ તો સ્વર્ગ અને આ લક્ષ્મી આદિવાળા ધર્મ વિનાના થાય એ '**પ્રશસ્ત રાગરૂપી અંગારાઓથી શેકાતો થકો,...**' આહા..હા..! દુ:ખી થાય એમ કહે છે.

**શ્રોતા :-** પૈસા મળે ને દુ:ખી થાય કે પૈસા મળે સુખી થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પૈસા હોય તો દુ:ખી થાય એમ કહે છે અહીં તો. પૈસા હોય એના ઉપર લક્ષ થાય તો રાગ થાય અને દુ:ખી છે એ તો બિચારો. આહા..હા..!

એમાંથી કદાચિત્ કોઈ પ્રાણી '**આસન્નભવ્યતારૂપી ગુણનો ઉદય થતાં...**' આહા..હા..! જેને સંસારનો કિનારો નજીક છે એવા કોઈ જીવ '**પરમગુરુના પ્રસાદથી પ્રાપ્ત...**' પરમગુરુ

જેને .. એના પ્રસાદથી પ્રાપ્ત છે. સવારે આવ્યું હતું. મારા ગુરુના પ્રસાદથી અમને શુદ્ધાત્માનો ઉપદેશ મળ્યો. એક શબ્દ આવે છે. આહા..હા..! ગુરુએ એને કહ્યું, ભાઈ! તારો સ્વભાવ અતીન્દ્રિય આનંદ અને શ્રુતજ્ઞાનઘન આત્મા છે, એની દૃષ્ટિ કર, તેનો આશ્રય લે. સમજાણું કાંઈ? આહા..હા..! આવી ક્રિયાકાંડમાં તને કાંઈ કલ્યાણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પરમગુરુના પ્રસાદથી પ્રાપ્ત પરમતત્ત્વના શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનસ્વરૂપ...**' પરમતત્ત્વ જે ચૈતન્યઘન, કારણપરમાત્મા ધ્રુવ આત્માનો સ્વભાવ એને અહીંયાં પરમતત્ત્વ કહે છે. આહા..! એની શ્રદ્ધા જે પરમતત્ત્વની શ્રદ્ધા, પરમતત્ત્વનું જ્ઞાન અને પરમતત્ત્વનું આચરણ અંતર. '**શુદ્ધ-નિશ્ચય-રત્નત્રયપરિણતિ વડે...**' એવો પ્રાણી એને આત્માના શુદ્ધ આનંદઘન ભગવાન આત્મસ્વરૂપ એની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતાનું આચરણ પામી '**શુદ્ધ-નિશ્ચય-રત્નત્રયપરિણતિ વડે...**' એ શુદ્ધનિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિણતિ પર્યાય વડે '**નિર્વાણને પામે છે...**' શુભ ક્રિયાકાંડ કરનારા સ્વર્ગ અને શેઠાઈને પામતા દુઃખી છે, એમ કહે છે. ભગવાનજીભાઈ! આ બધા તમને સુખી કહે માણસ આ બધા પૈસાવાળાને. આ કરોડપતિ છે, આ બે કરોડ છે અને આ ધૂળ કરોડ. શુભક્રિયાકાંડનું ફળ સ્વર્ગાદિ કષાયની અગ્નિથી શેકાતા એ ફળ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અને આ '**પરમગુરુના પ્રસાદથી...**' મળેલો ઉપદેશ. આહા..હા..! ભગવાન! તું નિત્યાનંદ પ્રભુ છો. શુદ્ધ ચૈતન્યઘન છો. અનંત-અનંત અનાકુળ આનંદથી ભરેલો પદાર્થ છે તે તું છો. ત્યાં એની શ્રદ્ધા કર, એની દ્રવ્યની શ્રદ્ધા કર કે દ્રવ્યનું જ્ઞાન કર. દ્રવ્ય એટલે આ પૈસો? દ્રવ્ય એટલે વસ્તુ આત્મા પદાર્થ. ત્રિકાળ વસ્તુ જે ધ્રુવ આત્મા અવિનાશી એને અહીંયાં દ્રવ્ય કહેવામાં આવે છે. પર્યાય વિનાનો એને અહીંયાં દ્રવ્ય કહેવું છેને? એવા '**પરમતત્ત્વના શ્રદ્ધાન...**' આહા..હા..! પૂર્ણ આનંદસ્વરૂપની અંતર્મુખની શ્રદ્ધા દ્વારા એને શ્રદ્ધે, અંતરના જ્ઞાન દ્વારા એને જાણે અને એમાં સ્વરૂપમાં ચારિત્ર એટલે અનુષ્ઠાન આચરણ કરે. આત્માના આનંદમાં રમવું એ આચરણ છે. આહા..હા..! દયા, દાન અને વ્રતાદિના ભાવ એ તો અનાચરણ છે. આવી વાતું ભારે આકરી પડે માણસને.

વસ્તુ છે ત્યાં. આહા..હા..! વસ્તુના બે અંશ—એક ઉત્પાદ-વ્યયનો પર્યાય અને એક ધ્રુવ. એમાંથી ધ્રુવનો આશ્રય લે. આશ્રય લેનાર પર્યાય. લે આશ્રય એનો ત્રિકાળનો. એને આશ્રયે જે દર્શન થાય શ્રદ્ધા, જ્ઞાનનું અનુષ્ઠાન એનાથી નિર્વાણને પામે, એનાથી મોક્ષને પામે. ક્રિયાકાંડના વ્યવહારથી મોક્ષને પામે નહિ, એમ કહે છે. આહા..હા..! ધમાધમ કરે જુઓને આ. જાત્રા, પૂજા, વ્રત, દાન ને મંદિરો બનાવવા. જાણે અમે કાંઈક ધર્મ કર્યો જાણે.

**શ્રોતા :-** આપણે પણ બનાવીએ છીએને ગામોગામ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ બનાવે છે? એમાં શુભભાવ હોય તો નિમિત્ત છે. એ તો તેને કારણે થાય છે. એ શુભભાવ બંધનું કારણ છે.

**શ્રોતા :-** અજ્ઞાનીને બંધનું કારણ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જ્ઞાનીને બંધનું કારણ છે. આહા..હા..! જેટલો શુભભાવ થાય. અશુભથી બચવા માટે હોય, પણ એ બંધનું કારણ છે, મોક્ષનું કારણ નહિ. આહા..હા..! સાધારણ પ્રાણીને તો બિચારાને ક્યાં જાવું આમાં? શું કરવું? એમ સાધારણ નથી, ભાઈ! તું મહાપ્રભુ છો! તને તારી કિંમત નથી. અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ એવી તારી શક્તિમાં પડી છે. તારું એ બધું સામર્થ્ય છે. એની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર કરે તો નિર્વાણને પામે. એ વિના મોક્ષને પામે નહિ. આહા..હા..! આ કહેને માણસ સેવા કરીએ, જીવદયા પાળીએ, દયાની મંડળી કરે એમાં બધી સેવાઓ કરીએ તો આ થાય. દેશની સેવા કરીએ. રાગ થાય, પુણ્ય થાય અને ચાર ગતિમાં રખડે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય ધર્મ નથી. પણ અહીં તો મહાવ્રત પાળે એ પણ ધર્મ નથી તો વળી બહારની ક્રિયાને આશ્રયે લક્ષ થાય એ તો રાગ છે આખો. આહા..હા..!

'**(અર્થાત્ ક્યારેક શુદ્ધ-નિશ્ચય-રત્નત્રયપરિણતિને પ્રાપ્ત કરે તો જ અને ત્યારે જ નિર્વાણને પામે છે).**' શુભની ક્રિયા કરતાં-કરતાં એને નિશ્ચય થાય એમ નથી, એમ કહે છે. આહા..હા..!

'**(હવે, આ ૧૪૪મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :)**' એ ૨૪૫.

(हरिणी)

त्यजतु सुरलोकादिक्लेशे रतिं मुनिपुंगवो
भजतु परमानन्दं निर्वाणकारणकारणम्।
सकलविमलज्ञानावासं निरावरणात्मकं
सहजपरमात्मानं दूरं नयानयसंहतेः।।२४५।।

આહા..હા..! '**શ્લોકાર્થ :- મુનિવર દેવલોકાદિના ક્લેશ પ્રત્યે રતિ તજો...**' એટલે જે ભાવથી દેવલોક મળે એવા ભાવનો પ્રેમ છોડ એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? દેશસેવા અને આ ને આ. કોણ સેવા કરે કોની? એ તો રાગ છે. રાગથી તો ચાર ગતિમાં રખડે છે. આવી વાત છે ઝીણી. '**મુનિવર...**' લ્યો, આવા શબ્દો! '**દેવલોકાદિ...**' દેવલોક કે આ ધનાઢ્ય કરોડપતિ, અબજોપતિ શેઠિયા થાય છે શુભભાવથી. એ શુભભાવનો પ્રેમ છોડ, કહે છે. આવે, પ્રેમ છોડ. આહા..હા..! આનંદનો નાથ ભગવાન આત્મા એનો પ્રેમ કર. આહા..હા..! આવી વાત છે.

'**અને નિર્વાણના કારણનું કારણ...**' આહા..હા..! મોક્ષનું કારણ છે એ નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. મોક્ષનું કારણ જે પરમાનંદની પ્રાપ્તિ એવી સિદ્ધપદ-મોક્ષપદ એનું કારણ

છે સ્વદ્રવ્ય આશ્રય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું કારણ કારણપરમાત્મા પોતે દ્રવ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**નિર્વાણના કારણ...**' નીચે છે. '**પરમશુદ્ધોપયોગ છે...**' શુદ્ધોપયોગ, શુદ્ધઆત્મા છે એનું આચરણ શુદ્ધ છે અંદર. પરિણતિમાં શુદ્ધોપયોગ આચરણ એ મોક્ષનું કારણ છે. '**અને પરમશુદ્ધોપયોગનું કારણ સહજપરમાત્મા છે.**' પોતે ત્રિકાળી કારણપરમાત્મા એ શુદ્ધોપયોગનું કારણ છે. સમજાણું કાંઈ? ઘણું સ્પષ્ટ કર્યું છે.

**શ્રોતા :-** .. પરમશુદ્ધોપયોગ અને પરમશુદ્ધોપયોગનું કારણ

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સહજપરમાત્મા. ત્રિકાળી આત્મા. પહેલો ઉપયોગ, શુદ્ધોપયોગ જે છે એ પર્યાય છે. વીતરાગી પર્યાય કહો, નિશ્ચયરત્નત્રયપરિણતિ કહો એ મોક્ષનું કારણ છે અને રત્નત્રયપરિણતિ કહો, શુદ્ધોપયોગ કહો એનું કારણ આત્મા છે. સમજાણું કાંઈ? આવી વાતું ભારે, ભાઈ! વર્તમાન આ પંડિતોને ભારે આકરું પડે છે આ અને ત્યાગીઓને તો બહારની ક્રિયાકાંડમાં જોડાઈ ગયા. હવે વાત આવી થોડી. માર્ગ બીજો નીકળ્યો. કરવું કઠણ. આહા..હા..!

પૂર્ણ પરમાનંદની અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ એનું નામ મુક્તિ, એનું નામ મોક્ષ. એનું કારણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિશ્ચય, એનું કારણ ત્રિકાળી આત્મા. એમ કહીને વ્યવહાર કારણથી એ નિશ્ચય (કાર્ય) થાય એમ નથી. સમજાણું કાંઈ? વ્યવહાર સાધન કહ્યું છેને શાસ્ત્રમાં? પંચાસ્તિકાયમાં પણ સાધન જ કહ્યું છે. નિશ્ચય સાધ્ય. એ તો સાધન શુદ્ધોપયોગનું સાધન જેણે કર્યું છે એને રાગની મંદતાની લાયકાત કેટલી હોય એ જણાવવા ઉપચારથી સાધન કહ્યું છે. આહા..હા..! એ સાધનથી સાધ્ય થાય તો નિશ્ચય થાય એ તો વ્યવહારથી કથન કર્યું છે. પ્રવચનસારમાં આવી ગયું છેને પ્રચંડ કર્મકાંડથી જ્ઞાનકાંડ થાય. એ બધા વ્યવહારના કથન. ત્યાં વળે એ. એ તો પહેલેથી કહ્યું કે એવા પ્રચંડ કર્મકાંડ તો અનંતવાર કર્યા, ચામડા ઉતરડીને ખાર છાંટે છતાં ક્રોધ ન કરે એવી ક્ષમા પણ અનંતવાર કરી, પણ આત્મા ત્રિકાળી આનંદનો નાથ છે એનો આશ્રય લીધો નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? જાણે ભગવાનના દર્શન કરીએ સવાર-સાંજ, પ્રતિમા બનાવીએ, પૂજા કરીએ અને એનથી કલ્યાણ થઈ જાય. ત્રણકાળમાં નથી, કહે છે.

**શ્રોતા :-** પરંપરાએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરંપરા એ નથી. આહા..હા..!

**શ્રોતા :-** બીજામાં આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવે છે કોને? એ તો સમ્યગ્દૃષ્ટિ છે એને રાગનો ત્યાગ છે, રાગની ઈષ્ટતા ગઈ છે, સ્વરૂપની ઈષ્ટતા શ્રદ્ધા-જ્ઞાનમાં થઈ છે એને અશુભ ટળીને જે શુભ થયો એ શુભ ટાળીને પછી કરશે કેવળ એને માટે છે. અજ્ઞાનીને 'મુનિવ્રત ધાર અનંતબૈર

ગ્રૈવેયક ઉપજાયો' કહ્યું. અહીં એ કહ્યું. એવા વ્રતાદિ લેવાથી શુભભાવ છે. તેનાથી નિશ્ચય પામશે એમ નથી.

**'મુનિવર દેવલોકાદિના...'** રાજા, શેઠિયાઓ અબજોપતિ એને ઈ **'ક્લેશ પ્રત્યે રતિ તજો...'** એનો જે ભાવનું કારણ તે શુભરાગ એનો પ્રેમ છોડ. સ્વર્ગ અને શેઠાઈના કારણ શુભભાવ. દયા, દાન, વ્રતાદિ એના શુભભાવનું ફળ એ બહાર. એનો પ્રેમ છોડ. આહા..હા..! **'નિર્વાણના કારણનું કારણ...'** મોક્ષનું કારણ જે નિશ્ચય શુદ્ધોપયોગ એનું કારણ, કારણપરમાત્મા નિત્યાનંદ. આહા..હા..! સમજાણું કાંઈ? **'કે જે સહજપરમાત્મા...'** કેવો છે આત્મા? સ્વભાવિક વસ્તુ પરમસ્વભાવિક જ્ઞાનવંત **'પરમાનંદમય છે,...'** આત્માનો ત્રિકાળ સ્વભાવ પરમાનંદમય છે, સચ્ચિદાનંદમય છે. આહા..હા..! **'સહજપરમાત્મા...'** બીજો પરમાત્મા નહિ હોં. આ સહજપરમાત્મા. આહા..હા..! ક્યાંક કારણપરમાત્મા કહે, ક્યાંક સહજપરમાત્મા કહે. એ પરમાત્મા પોતાનું સ્વરૂપ સ્વભાવિક પરમાનંદમય. પરમાનંદવાળો એ નહિ. પરમાનંદમય. આહા..હા..! વસ્તુ આત્મા એનો પરમાનંદ સ્વભાવ છે. એ પુણ્ય અને પાપ થવો એ એનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ? આહા..!

**'સહજપરમાત્મા પરમાનંદમય છે,...'** આહા..હા..! નિત્યાનંદ ભગવાન આત્મા એક સમયની પર્યાયથી ભિન્ન એ સ્વભાવિક આનંદમય છે અને **'સર્વથા નિર્મળ જ્ઞાનનું રહેઠાણ છે,...'** આહા..હા..! વસ્તુ છે એ નિર્મળ જ્ઞાનનું આવાસ-રહેઠાણ છે. પૂર્ણ જ્ઞાનનું રહેવાનું સ્થાન એ ભગવાન આત્મા છે. આહા..હા..! આવો ભગવાન આત્મા એક જણો કહે ભગવાન-ભગવાન શું કરો છો? અત્યારે ભગવાન? પણ ત્રિકાળ ભગવાન છે સાંભળને.

**શ્રોતા :-** તો થાય કે દિ' ભગવાન છે તો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** થાય કે દિ'? ભગવાન છે એનો આશ્રય લે તો ભગવાન થાય. આહા..હા..! કહે છે કે એ સહજપરમાત્મા પોતે ધ્રુવસ્વરૂપ પરમાનંદમય છે. **'સર્વથા નિર્મળ જ્ઞાનનું રહેઠાણ છે,...'** આહા..હા..! સર્વથા. કથંચિત્ નિર્મળ જ્ઞાનનું રહેઠાણ અને કથંચિત્ રાગનું રહેઠાણ. સ્યાદ્વાદ છેને. અહીં તો સર્વથા શબ્દ વાપર્યો છે. આહા..હા..! જ્ઞાનના સ્વભાવથી નિર્મળભાવથી ભરેલો સર્વથા છે. રાગની રુચિવાળાને આ વાત બેસે નહિ. બહારના શુભભાવના પ્રેમીને આ વાત ન બેસે અંદર. આહા..હા..!

**શ્રોતા :-** પંચમકાળમાં આવી વાત આપ કહો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આહા..હા..! વસ્તુ આ છે, ભાઈ! તું પરમાત્મા થવા માગે છો. મોક્ષ થવા એ મોક્ષ થવાની પર્યાય આવશે ક્યાંથી? આહા..હા..! કેવળજ્ઞાન જે થયું દશામાં, કેવળદર્શન થયું, અનંત આનંદ અને અનંત વીર્ય થયું એનું સ્થાન તો આત્મા છે, એમાંથી પ્રગટે છે. આહા..હા..! ભરોસેથી આ વાત એને આવતી નથી. આહા..હા..! પર્યાયમાં ભરોસો આવો આવવો જોઈએ. ભરોસો તો પર્યાયમાં આવે છેને? શ્રદ્ધા કહો, સમકિત કહો, ભરોસો.

આહા..હા..! પૂર્ણાનંદને જ્ઞાનનું રહેઠાણ એકલો જ્ઞાતા, ત્રણકાળ, ત્રણલોકને જાણવાની શક્તિવાળું, સામર્થ્યવાળું તત્ત્વ. પર્યાયની વાત નથી આ. સ્વભાવ છે એનો. સમજાણું કાંઈ?

**'સહજપરમાત્મા પરમાનંદમય છે,...'** ત્રિકાળ આનંદસ્વરૂપ અને **'સર્વથા નિર્મળ જ્ઞાનનું રહેઠાણ છે,...'** સર્વથા શબ્દ આવ્યોને સર્વથા? કહે છેને 'સર્વથા' અનેકાંતમાં ન હોય. સર્વથા છે અને અપૂર્ણ જ્ઞાન અને આનંદપણે નથી. વસ્તુ જે છે આત્મા, આત્મતત્ત્વ-તત્ત્વ એ પર્યાય એક સમયની અવસ્થામાં તત્ત્વ આવતું નથી. પર્યાયમાં આખા તત્ત્વનું જ્ઞાન અને શ્રદ્ધા આવે, શ્રદ્ધા થાય, પણ એ પૂર્ણતત્ત્વ છે એ પર્યાયમાં ન આવે. એવો પૂર્ણસ્વભાવ આત્માનો છે. બધા ભગવાન સ્વરૂપે છે અંદર. આહા..હા..!

વળી કેવું છે? ત્રીજી વાત. **'નિરાવરણસ્વરૂપ છે...'** એ તો પ્રભુ. વસ્તુ છે એ તો નિરાવરણ છે. આવરણ અને કર્મનું આવરણ-ફાવરણ વસ્તુને નથી. વસ્તુને આવરણ હોય તો અવસ્તુ થઈ જાય. સમજાણું કાંઈ? આહા..હા..! એવો જે વસ્તુનો સ્વભાવ ભગવત્ સ્વરૂપ તે તો પરમ આનંદમય આત્મા સર્વથા નિર્મળ જ્ઞાનનું ધામ આવાસ. શ્રીમદ્દે કહ્યું 'સ્વયં જ્યોતિ સુખધામ' એ આ કહ્યું એ. આહા..હા..! અને **'નિરાવરણસ્વરૂપ છે...'** એ તો. ઓહો..હો..! ત્રિકાળ નિરાવરણ ચૈતન્યઘન. જ્ઞાન અને આનંદરસસ્વરૂપ જે ધ્રુવ એને આવરણ શું? આહા..હા..! જ્ઞાન અને આનંદનું પૂર્ણરૂપ એવું દ્રવ્ય એટલે આત્મા, એને આવરણ શું? આહા..હા..!

**'અને નય-અનયના સમૂહથી દૂર છે.'** આહા..હા..! નયનો વિકલ્પ લેવો અહીંયાં. સમજાણું કાંઈ? ૧૧મી ગાથામાં કહે છે કે **'भूदत्थो देसिदो दु सुद्धणओ'** એ ત્રિકાળી જે આ કારણપરમાત્મા કહેવાય છે એ શુદ્ધનય છે એમ કહેશે ત્યાં. પણ એ તો નિર્વિકલ્પ શુદ્ધનયની વાત. અહીં છે એ નય એ વિકલ્પવાળી, રાગવાળી. અને અનય એટલે કુનય. એ બેયના સમૂહથી સહજાત્મસ્વરૂપ, પરમાનંદસ્વરૂપ, સર્વથા નિર્મળ જ્ઞાનનું ધામ એ નય કુનયથી દૂર છે. સમજાણું કાંઈ? એ ૨૪૫ થઈ.

હવે એક-એક ચીજમાં આ દ્રવ્ય ને ગુણ ને પર્યાય—ત્રણ વિચાર કરવા એ પરાધીન છે, કહે છે. આહા..હા..! ૧૪૫. લ્યો, ઓલો ૨૪૫ કળશ થયો. આ ૧૪૫ ગાથા આવી.

**'ટીકા :- અહીં પણ અન્યવશનું સ્વરૂપ કહ્યું છે.'**

**दव्वगुणपज्जयाणं चित्तं जो कुणइ सो वि अण्णवसो।**
**मोहंधयारववगयसमणा कहयंति एरिसयं।।१४५।।**

**જે ચિત્ત જોડે દ્રવ્ય-ગુણ-પર્યાયની ચિંતા વિષે,**
**તેનેય મોહવિહીન શ્રમણો અન્યવશ ભાખે અરે! ૧૪૫.**

આહા..હા..! પરદ્રવ્યની તો વાત પણ શું કરવી કહે છે એનો વિકલ્પ અને વિચાર. પણ સ્વવસ્તુ જે છે .. **'તેમના મૂર્ત-અમૂર્ત ચેતન-અચેતન ગુણોમાં મન જોડે છે...'** આહા..હા..!

આત્માના ગુણ ચૈતન્ય આદિ, અજીવના ગુણ અચૈતન્ય આદિ એમાં મનને જોડે છે. '**અને વળી ક્યારેક તેમના અર્થપર્યાયો અને વ્યંજનપર્યાયોમાં બુદ્ધિ જોડે છે,...**' આહા..હા..! અગુરુ-લઘુ આદિ સ્વભાવ છેને એમાં વિચાર જોડે છે. કોઈ વ્યંજનપર્યાય દ્રવ્યની એમાં બુદ્ધિ જોડે છે. '**પરંતુ...**' આહા..હા..! '**ત્રિકાળ-નિરાવરણ, નિત્યાનંદ જેનું લક્ષણ છે...**' આહા..હા..! ભગવાન ધ્રુવસ્વરૂપ છે એ તો ત્રિકાળ નિરાવરણ, નિત્યાનંદ. આહા..! જેનું લક્ષણ. '**એવા નિજકારણસમયસારના સ્વરૂપમાં લીન...**' આહા..હા..! '**નિજકારણસમયસાર, નિજકારણસમયસાર સ્વરૂપમાં લીન સહજજ્ઞાનાદિ શુદ્ધગુણપર્યાયોના આધારભૂત...** ' આહા..હા..! નિજકારણસમયસાર એટલે વસ્તુ પોતે. એમાં લીન જ્ઞાનગુણો આદિ અને પર્યાયો એમાં લીન છે. એનો આધાર જે નિજ આત્મતત્ત્વ. ગુણ અને પર્યાયનો આધાર નિજતત્ત્વ. આહા..હા..! આ સમજવું. બિચારા અહીં કહે છે જાણપણામાં વિચાર કરે તો વિકલ્પ રાગ આવે. આહા..હા..!

**શ્રોતા :-** શ્રીમદ્જી તો કહે છે કે કર વિચાર તો પામ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કર વિચાર એટલે? જ્ઞાનને અંદર જોડ તો પામે એમ વિચાર એ. 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' એમાં દૃષ્ટિને જોડ તો પામ. એ અહીં કહે છે. '**નિજકારણસમયસારના સ્વરૂપમાં લીન...**' છે. શું છે? '**સહજજ્ઞાનાદિ શુદ્ધગુણપર્યાયોના આધાર...**' આત્મા છે. ગુણપર્યાયનો આધાર આત્મા છે. એવું જે નિજ આત્મતત્ત્વ. આહા..હા..! સમજાણું કાંઈ? '**ક્યારેય જોડતો નથી,...**' કારણપરમાત્મામાં ક્યારેય જ્ઞાનને જોડતો નથી. ત્રિકાળી ભગવાન સ્વરૂપ આત્મામાં વર્તમાન પર્યાયને જોડતો નથી. આહા..હા..! આવું કામ છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અનાદિથી એવું કર્યું છે એટલે સ્વરૂપ છે. આહા..હા..! ત્રિકાળી કારપરમાત્મા પોતે સ્વરૂપ ધ્રુવ જે બધા ગુણો અને પર્યાયનો આધાર એ વસ્તુ છે. આહા..હા..! એવા નિજપરમાત્મતત્ત્વમાં એટલે '**નિજ આત્મતત્ત્વમાં ચિત્તને ક્યારેય જોડતો નથી,...**' આહા..હા..! ત્રિકાળી દ્રવ્યસ્વભાવમાં લક્ષ કરતો જ નથી કહે છે. સમજાણું કાંઈ? આવો ધર્મ ભારે, ભાઈ! આહા..હા..! આમ ભગવાન પાસે ભક્તિ કરે અને તન્મય થઈ જાય. એ તો બધો શુભરાગ છે કહે છે, ધર્મ નહિ. એ તો નહિ, પણ અહીં દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણના ભેદનો વિચાર કરે તોપણ એ ધર્મ નહિ. આહા..હા..! અભેદ એવી ચીજ જે બધા ગુણ-પર્યાયનો આધાર એવો આત્મા એમાં ચિત્તને જોડતો નથી. ચિત્ત શબ્દે જ્ઞાનની પર્યાય એમાં જોડતો, અને વાળતો નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

'**તે તપોધનને પણ...**' કીધો તપોધન. જે ભગવાનના કહેલા દ્રવ્ય-ગુણ-પર્યાયને કહેવામાં સમર્થ. આહા..હા..! સમજાણું કાંઈ? એવી રીતે જે આત્મા ભગવાને કહેલા છ દ્રવ્યો, એના

ગુણો અને એની પર્યાયો—વ્યંજનપર્યાય અને અર્થપર્યાય વગેરે-એનો એ વિચાર કરે છે, ભેદમાં એ ચિત્તને જોડે છે. આહા..હા..! પણ એ ગુણ અને પર્યાયનો આધાર એકરૂપ ભગવાન ત્રિકાળ એમાં જ્ઞાનની પર્યાયને જોડતો નથી. સમજાણું કાંઈ? ભાઈ! આ શું? આવો માર્ગ! પરમાર્થવચનિકામાં કહ્યું છેને, આગમની વ્યવહારક્રિયા એ સુગમ છે, અધ્યાત્મનો વ્યવહાર પણ એને ખ્યાલમાં આવતો નથી. આહા..હા..! એ ત્રિકાળને આશ્રયે જે પર્યાય પ્રગટ થાય, એ પર્યાયનો ધણી આધાર આત્મા છે. એ પર્યાયમાં એને વાત ખ્યાલમાં આવતી નથી. આ પર્યાય આની અંદર વળેલી છે તે કિંમતી છે, તે મોક્ષનો માર્ગ છે. આહા..હા..! મોક્ષનો માર્ગ છે એનું કારણ ધ્રુવ છે, એમ દૃષ્ટિ જતી નથી એને. આહા..હા..! સમજાણું કાંઈ? આ બધા માણસ બિચારા સાધારણ બાપુ-બાપુ મગજ થોડા હોય હવે આ ક્યાં સમજે? પછી કેટલાક કહે છે કે આપણે જે કાંઈ કરીએ છીએ એમાંથી જાશું. અહીં પામશું નહિ અને અહીં જાશું. એના કરતા જે કરીએ એ કરો, એમ કહે છે. અરે! ભગવાન! એ તો અનંતવાર કર્યું, બાપુ! જન્મ-મરણ કરીને મરી ગયો. આહા..હા..! ચોર્યાસીના અવતાર આત્મા ત્રિકાળી ભગવાન હોવા છતાં પર્યાયની ભૂલે, પર્યાય પરમાં વળી અને પર્યાયને અહીં વાળવી જોઈએ એટલી ભૂલે ચોર્યાસીમાં રખડ્યો છે ઈ. આહા..હા..! સમજાણું કાંઈ? એક રાજા હોય અબજોપતિ એ મરીને નરકમાં બીજે ક્ષણે જાય. આહા..હા..! એ બધી પર્યાયબુદ્ધિના ફળ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

ભેદબુદ્ધિ, રાગબુદ્ધિ. છ ખંડનો ધણી બ્રહ્મદત્ત ચક્રવર્તી લ્યો! ઓહો..હો..! છન્નું હજાર સ્ત્રી. ૭૨ હજાર નગર, ૪૨ હજાર પાટણ. છન્નું કરોડ ગામ, છન્નું કરોડ ગામ. એ સાહેબો ક્ષણમાં હીરાના ઢોલીયે પોઢેલ હીરાના હોં હીરો. એક-એક હીરો કરોડનો. એવા હીરાને ઢોલીયે પોઢ્યો. સોળ હજાર તો દેવ સેવા કરે. આહા..હા..! અહીં જ્યાં આંખ બંધ થઈ ત્યાં સાતમી નરકે. આહા..હા..! સાતમી નરકે, રવ-રવ નરકે, અપયઠાણે નરકે. આહા..હા..! આ ભવભ્રમણ, ભાઈ! તને ભવભ્રમણની ખબર નથી. આહા..હા..! એ શરીર રહે નહિ, એ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ રહે નહિ. આખી ચીજ ફરી ગઈ. આહા..હા..! ક્યાં ચક્રવર્તી. પાંચ તો મહેલ હોય છે મોટા. દેવ સેવા કરે છે, ચૌદ હજાર ચૌદ રત્નના એને બે હજાર અંગરક્ષક હોય છે. સાતમી નરકે છે અત્યારે બ્રહ્મદત્ત. આહા..હા..! હજી તો સંખ્યાત થોડા વર્ષ ગયા છે. હજી તો અસંખ્ય... અસંખ્ય... અસંખ્ય... અસંખ્ય... અબજ. અસંખ્ય અબજના એટલા ગણા. એટલો કાળ નરકમાં રહેશે. એવા ભવ જીવે અનંતવાર કર્યા છે. સમજાણું કાંઈ? આહા..હા..! એક ત્રિકાળી ભગવાન ધ્રુવનો આશ્રય લીધા વિના. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..હો..! કહે છે કે આવા દ્રવ્ય, ગુણ અને પર્યાયના—ત્રણના ભેદમાં પણ રોકાય વિકલ્પમાં. આહા..હા..! તેવા તપોધન ભલે તપોધન છે. ત્યાગ કર્યો છે સ્ત્રીઓનો, કુટુંબનો, ધંધો, વેપાર, શુભભાવમાં વર્તે છે. આહા..હા..! એ આવો શુભભાવ પાછો. દ્રવ્ય, ગુણ અને પર્યાયના ભેદના વિચારનો

શુભભાવ. આહા..હા..!

'તે કારણે જ (અર્થાત્ પર વિકલ્પોને વશ થતો હોવાને કારણે જ) **અન્યવશ કહેવામાં આવ્યો છે.**' પરાધીન છે એ. રાગ અને ભેદ ને વશ થઈ ગયેલો એ પરાધીન છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ પરાધીન મિથ્યાત્વની ભ્રાંતિથી પરાધીન થઈ ગયો. '**અન્યવશ કહેવામાં આવ્યો છે.**' આહા..હા..! પણ. હવે અવળું લે છે. '**જેમણે દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય કર્મરૂપી તિમિરસમૂહનો નાશ કર્યો છે...**' જેણે આત્મા અખંડ અભેદસ્વરૂપની દૃષ્ટિ કરીને જેણે મિથ્યાત્વનો નાશ કર્યો છે અને અભેદ વસ્તુમાં સ્થિર થઈને જેણે અસ્થિરતાના, અચારિત્રનો જેણે નાશ કર્યો છે. આહા..હા..!

'**અને પરમાત્મતત્ત્વની ભાવનાથી ઉત્પન્ન...**' આહા..હા..! પરમાત્મતત્ત્વ ધ્રુવસ્વરૂપ ભગવાન, એની ભાવના. ભાવના એટલે એકાગ્રતા. આહા..હા..! પરમાતત્મતત્ત્વ. પરમાત્મા એટલે કોણ? બીજા ભગવાન નહિ, આ. આહા..હા..! એવા '**પરમાત્મતત્ત્વની ભાવનાથી ઉત્પન્ન વીતરાગસુખામૃતના પાનમાં જે ઉન્મુખ (તત્પર) છે...**' આહા..હા..! આનંદનો નાથ ભગવાનમાં જેની પર્યાય લીન થઈ ગઈ છે. તે '**વીતરાગસુખામૃતના પાનમાં જે ઉન્મુખ (તત્પર) છે...**' અતીન્દ્રિય આનંદને પીવામાં એ તત્પર છે. આહા..હા..! મોટપની તને મોટપ સૂઝતી નથી. આહા..હા..! એવો વીતરાગ, આ તો ચામડા છે. કર્મ પણ અંદર જડ છે. પુણ્ય-પાપના ભાવ એ તો વિકલ્પ વિકાર છે. એનાથી ભિન્ન તારો નાથ આખો પડ્યો છે અંદર. આહા..હા..! સમજાય છે કાંઈ?

'**વીતરાગસુખામૃતના પાનમાં જે ઉન્મુખ (તત્પર) છે...**' આહા..હા..! શુદ્ધસ્વરૂપ છે એમાં જેની લીનતા છે અને લીનતાને લઈને વીતરાગ સુખામૃતને તે વેદે છે. કેટલાક કહે છેને કે ચારિત્ર તો ના કોળીયા મીણના દાંતે ચાવવા. એમ નથી, તને ખબર નથી, ભાઈ! ચારિત્ર તો અમૃતના સાગરનું વેદન છે, એને ચારિત્ર કહીએ. રાગની ક્રિયાનું કરવું એ તો ઝેરના પ્યાલા પીવે છે. આહા..હા..! એમ કહે છે જુઓને. શુભભાવ કીધો, દ્રવ્ય-ગુણ-પર્યાયનું ભેદવાળું કહ્યું એ શુભભાવનું ઝેર પીવે છે. આહા..હા..! ત્યારે જે પરમાત્મતત્ત્વ પૂર્ણાનંદનું સ્વરૂપ... આહા..હા..! એની ભાવનાથી એટલે કે એની સન્મુખની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતાથી. આહા..હા..! સંસારનો આઘો મૂકીને પૂરો કરીને મોક્ષ કરવો છે એથી કઈ દશા? કેવો હોય ભાઈ! આહા..હા..!

પરમાત્મતત્ત્વ એવો જે પોતાનો સ્વભાવ ત્રિકાળ એની ભાવના એ પર્યાય. એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર—ત્રણ એને અહીં ભાવના કીધી છે. આહા..હા..! એનાથી ઉત્પન્ન વીતરાગસુખામૃત. ઈ ભાવનાથી ઉત્પન્ન વીતરાગસુખામૃત એમ. આહા..હા..! શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... અનાકુળ આનંદના રસમાં પીવામાં શ્રમણો તત્પર છે, કહે છે. આહા..હા..! ભાઈએ નથી કહ્યું? નિહાલભાઈએ ઓલું શેરડીનું—ગન્નાનું. આહા..હા..! ગન્ના છેને? શેરડી. એનો રસ હોય

છે ગટ... ગટ... ગટ... ગટ... પીવે છે, એમ આત્મામાં અતીન્દ્રિય આનંદ છે. આહા..હા..! એમાં એકાગ્ર થયો થકો અતીન્દ્રિય આનંદને ગટ... ગટ... ગટ... ગટ... પીવે છે. આહા..હા..! એનું નામ મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ? આવો માર્ગ ભારે ભાઈ આ તો. આવા મોટા મંદિર બનાવવા, રથયાત્રાઓ કાઢવી, લાખો માણસ ભેગા થાય, હાથી. આમાં હાથી હતો નહિ, હાથી? આમાં હાથી હતા નહિ? ... કેટલા? પાંચ? આપણને કાંઈ યાદ નથી. હાથી આમ વરઘોડા કાઢે, માણસની ધમાધમ. ૨૬-૨૬ હજાર માણસો. ગામમાં દરબાર આમ પણ જરી દેખાવા જાય તો ઓહો..હો..! આવું તો કોઈ દિ' સાંભળ્યું નથી. પણ એ શું છે? એ તો એક...

**શ્રોતા :-** પ્રભાવના ઘણી થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પ્રભાવના તો અહીં થતી હશે કે બહાર થાય? આહા..હા..! એ ત્યાં મૂક્યું હતુંને ત્યારે બેટા હતા નાનુભા.. ઓહો..હો..! આટલું માણસ .. ચાલે છે. .. નથી. આવું તો સમજ્યા નહિ કોઈ દિ' કર્યું નથી. પણ એ તો બહારની વસ્તુ, ભાઈ! એની સાથે આત્માના ધર્મને શો સંબંધ છે? આહા..હા..! એય..!

**શ્રોતા :-** તો પછી વરઘોડો કાઢવાનો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કાઢે કોણ? એ તો નીકળે એને કારણે. આહા..હા..! વાતું બીજી બહુ, ભાઈ! આહા..! વઢવાણમાં તો .. છેને ઓલું અઢી લાખનું. બધા ચંદુભાઈને એ બધા આવશેને. એનું ગામ છે. વરઘોડા કાઢશે અને ઓલા કાઢશે બધા. ઈન્દ્રોના શું કહેવાય? ઈન્દ્રો બનેને ને ઈન્દ્રો? જુલુસ-જુલુસ નીકળશે. અહીં તમારે ઈન્દ્રિ નહોતા બન્યા? એક લાખ પંદર હજારના ઈન્દ્ર બન્યા હતા ગોદિકા. એક લાખ પંદર હજારનો એક ઈન્દ્ર. ૮૦ હજારનો બીજો ઈન્દ્ર અમારો ફાવાભાઈનો દીકરો મનહર. એવા-એવા ૧૬ ઈન્દ્ર. કેટલો ધર્મ થયો! ક્યાં હતું, બાપુ! એ તો બધો શુભભાવ છે અંદર. ક્રિયા તો પરથી થાય છે. એવી વાત છે, બાપુ!

**શ્રોતા :-** લોકો નથી કહેતા કે કરવું બધું જ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ કરે? થાય છે એને લોકો 'કરે' એમ કહે. આ એવી વાત છે અહીં તો. જેને ત્રિલોકનાથ ભગવાન આત્મા આહા..હા..! એવા ભાવની જેને ભાવના થઈ છે. નિરાવરણ સહજાનંદની મૂર્તિ પ્રભુ આત્મા છે. એને જેને ભાવો એવો જે ત્રિકાળી પંચમભાવ એની જેને ભાવના થઈ છે એ ક્ષયોપશમ ઉપશમભાવ. આહા..હા..! સમજાણું કાંઈ? એનાથી ઉત્પન્ન થતો વીતરાગસુખામૃત. રાગરહિત વીતરાગરૂપી અમૃતનું સુખનો પામનાર. આહા..હા..! '**એવા શ્રમણો ખરેખર મહાશ્રમણો છે,...**' એને સાધુ-સંત કહેવામાં આવે છે, કહે છે. આહા..હા..! '**એવા શ્રમણો ખરેખર મહાશ્રમણો છે, પરમશ્રુતકેવળીઓ છે;...**' એ પરમશ્રુતકેવળીઓ છે અથવા '**એવા શ્રમણો ખરેખર મહાશ્રમણો છે, પરમશ્રુતકેવળીઓ છે; તેઓ ખરેખર અન્યવશનું આવું સ્વરૂપ કહે છે.**' આહા..હા..!

મહાશ્રમણો છે એટલે કેવળી આદિ. મહાશ્રુતકેવળીઓ છે એ બધા પરમાત્મતત્ત્વ આત્મા એની ભાવનાથી આનંદ ઉત્પન્ન થાય. એવું મોક્ષના માર્ગનું સ્વરૂપ એમ શ્રમણો કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'તેઓ ખરેખર અન્યવશનું આવું...'** અન્યવશ એટલે? પરને વશ જે થાય છે એને આ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ એ અન્યવશ છે. આહા..હા..! એને આવા શ્રુતકેવળીઓ એને અન્યવશ કહે છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! પાઠ છેને એમાં? **'मोहंधयारववगयसमणा कहयंति एरिसयं'** જે કોઈ આ દ્રવ્ય છે ત્રિકાળી, ગુણ અને પર્યાય. એના ત્રણ ભેદના વિકલ્પમાં જે રહેલો છે, એણે મોહના અંધકારનો જેણે નાશ કર્યો છે અને એવા મહાસંતો છે એને ઈ પરવશ કહે છે. એને એ પરવશ છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? શ્લોક છે. પછી કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**માગશર સુદ-૧૦, શનિવાર, તા. ૧૩-૧૨-૧૯૭૫**
**ગાથા-૧૪૫-૧૪૬, કળશ-૨૪૬, પ્રવચન નં. ૧૨૩**

આ નિયમસાર. ૧૪૫ છેને? એનો શ્લોક છે. **'એવી રીતે (અન્યત્ર શ્લોક દ્વારા) કહ્યું છે :—'**

(अनुष्टुभ्)

''आत्मकार्यं परित्यज्य दृष्टादृष्टविरुद्धया।
यतीनां ब्रह्मनिष्ठानां किं तया परिचिन्तया।।''

**'શ્લોકાર્થ :- આત્મકાર્યને છોડીને...'** આત્માનું કાર્ય એટલે શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર આત્મા. આત્મા આનંદસ્વરૂપ એનું કાર્ય દર્શન, જ્ઞાન અને ચારિત્ર. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ એનું કાર્ય છે. એને **'છોડીને દૃષ્ટ તથા અદૃષ્ટથી વિરુદ્ધ એવી તે ચિંતાથી (-પ્રત્યક્ષ તથા પરોક્ષથી...'** ચિંતા. વિકલ્પો એમ કહે છે. આહા..હા..! **'બ્રહ્મનિષ્ઠ યતિઓને...'** આ સાધુની વાત છેને ઉત્કૃષ્ટ? બ્રહ્મ નામ આત્મા આનંદમાં જે એકાકાર છે એવા **'બ્રહ્મનિષ્ઠ યતિઓને શું પ્રયોજન છે?'** બીજા વિકલ્પથી શું પ્રયોજન છે? આહા..હા..! અહીં તો દ્રવ્ય, ગુણ અને પર્યાય—ત્રણ એના ભેદના વિકલ્પોમાં રહેવું એ પણ પરવશપણું છે એમ કહે છે. આહા..હા..! મૂળ વાત છે.

ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ એના સન્મુખ થઈને એકાગ્ર અંદરની ભાવના થવી એ મોક્ષમાર્ગ

છે. એવા યતિઓને બીજા વિકલ્પનું શું કામ છે? પ્રત્યક્ષ કે પરોક્ષના ઘણા પ્રકાર એવી વૃત્તિઓના વિકલ્પનું શું કામ છે? કહે છે. આહા..હા..! જુઓ, આ મુનિપણું! આવું મુનિપણું છે. આહા..હા..! '**બ્રહ્મનિષ્ઠ...**' બ્રહ્મ નામ આત્મા આનંદસ્વરૂપમાં રમણતા કરવી એ સિવાય એને શું કાર્ય હોય, કહે છે. આહા..હા..!

**શ્રોતા :-** બ્રહ્મનિષ્ઠ તો બ્રાહ્મણ હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ બ્રાહ્મણ છે આત્મા. બ્રહ્મસ્વરૂપ આત્મા. બ્રહ્મચિહ્ન સો બ્રાહ્મણા. બ્રહ્મ નામ આનંદસ્વરૂપ ભગવાન એને જે અનુભવે તે બ્રાહ્મણ. એ આવે છે. શબ્દ આવે છે. બ્રહ્મચિહ્ન સો બ્રાહ્મણા આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**બ્રહ્મનિષ્ઠ...**' આનંદ જ્ઞાયકભાવ શુદ્ધ ધ્રુવ એમાં એકાકાર થવું એ સિવાય યતિઓને શું બીજું કામ હોય? આહા..હા..! ચિંતા. દ્રવ્ય, ગુણ અને પર્યાય—ત્રણના ભેદની ચિંતા ઉઠે એ પણ બંધનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ૧૪૩ ગાથામાં એમ કહ્યું કે અશુભના વશ પડે એ પરાધિન છે. આત્માના સ્વભાવને છોડીને અશુભભાવ એમાં રમે, રહે એ પરાધિન મિથ્યાદૃષ્ટિ જીવ છે. એને છોડીને શુભમાં પણ રહે આહા..હા..! અને ત્રિકાળી જ્ઞાયકભાવની નજર એના સન્મુખ ન થાય અને એકલા શુભભાવમાં જ રહે એ પણ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. અહીંયાં હવે દ્રવ્ય, ગુણ અને પર્યાયનું જ્ઞાન કરે. છ દ્રવ્યને એમ લીધું છેને? એકલો આત્મા ભિન્ન છે એની વાત નથી. છ દ્રવ્ય એના ગુણોની પર્યાય એના વિકલ્પમાં, ભેદમાં રહે. ગુણના જાણપણામાં રહે એ પણ અજ્ઞાની છે એમ કહે. આહા..હા..! બ્રહ્મનિષ્ઠને શું કામ છે બીજું? આહા..હા..!

આવે છેને. સમાધિશતકમાં નથી આવતું આત્મકાર્ય. આત્મકાર્ય છોડીને એને બીજું શું કામ છે? એને કામ શું છે? આહા..હા..! ગૃહસ્થાશ્રમમાં જે વિકલ્પ હોય એ બધા બંધના કારણ છે. શુભ પણ વિકલ્પ હોય ઈ પણ બંધનું કારણ છે. અબંધ તો આત્મા અબંધસ્વરૂપે છે તેને અબંધપરિણામે અંદરમાં રમવું એનું નામ મોક્ષનો માર્ગ છે. ભારે આકરી વાત કહે છે. આવું છે.

'**વળી, (આ ૧૪૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :—**'

(अनुष्टुभ्)

यावच्चिन्तास्ति जन्तूनां तावद्भवति संसृतिः।

यथेंधनसनाथस्य स्वाहानाथस्य वर्धनम्।।२४६।।

આહા..હા..! '**શ્લોકાર્થ :- જેમ ઈન્ધનયુક્ત અગ્નિ વૃદ્ધિ પામે છે...**' લાકડા સહિતની અગ્નિ વૃદ્ધિ પામે છે. જ્યાં સુધી લાકડા છે ઈંધણ, ત્યાં સુધી અગ્નિની વૃદ્ધિ થાય છે. આહા..હા..! '**તેમ જ્યાં સુધી જીવોને ચિંતા (વિકલ્પો) છે, ત્યાં સુધી સંસાર છે.**'

આહા..હા..! મુનિને પણ છઠ્ઠા ગુણસ્થાનમાં મહાવ્રતનો વિકલ્પ આવે એ પણ સંસાર છે. આવો માર્ગ છે, ભાઈ! એકલો જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવ એમાં જાણનાર-દેખનારને જાણી-દેખીને રમે એ એનું આચરણ મોક્ષનું કારણ છે. આહા..હા..! લ્યો, ત્યાં સુધી સંસાર છે. છઠ્ઠા ગુણસ્થાનની વાત લીધી છેને. જગતપંથ છે એ. આહા..હા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની યોગ્યતા હોવા છતાં ત્યાં સુધી એને પંચમહાવ્રતાદિનો વિકલ્પ ઉઠે છે એ જગપંથમાં ઢુકે છે. આહા..હા..! એ સંસારના પંથમાં જાય છે. આમ મોક્ષના પંથમાં એ આવતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ૧૪૬.

**परिचत्ता परभावं अप्पाणं झादि णिम्मलसहावं।**
**अप्पवसो सो होदि हु तस्स दु कम्मं भणंति आवासं।।१४६।।**
**પરભાવ છોડી, આત્મને ધ્યાવે વિશુદ્ધસ્વભાવને,**
**છે આત્મવશ તે સાધુ, આવશ્યક કરમ છે તેહને. ૧૪૬.**

જુઓ, અહીંયાં પરભાવની વ્યાખ્યા શું કરી? પરભાવને છોડીને. એ પરભાવના ચાર ભાવ લીધા. આમ આગળ વધ્યા છેને હવે? અશુભને છોડવાનું કહ્યું, પછી શુભને છોડવાનું કહ્યું, પછી દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદને છોડવાનું કહ્યું. હવે આ પરભાવનો અર્થ એણે કર્યો છે આ ટીકાકારે એ બરાબર કર્યો છે. પંડિતજી! આહા..હા..! વસ્તુ ચડતી જાય છે. જુઓને ટીકા. નહિતર શબ્દ તો પરભાવ પડ્યો છે. પણ અહીંયાં. અશુભભાવને છોડાવી, શુભને છોડાવી અને દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદને પણ છોડાવ્યું. અભેદ ઉપર દૃષ્ટિ કરી ત્યાં ઠર. આહા..હા..!

**શ્રોતા :-** આ બધાને પરભાવ કહ્યો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, પરભાવ કહ્યો છે. એથી આગળ વધીને પરભાવ કહ્યો ટીકાકારે કહ્યા ચાર ભાવ. આહા..હા..! આચાર્યનું આ હૃદય છે એમ. આહા..!

'**પરભાવને પરિત્યાગીને...**' આહા..હા..! '**નિર્મળ સ્વભાવવાળા આત્માને...**' લ્યો એ નિર્મળ સ્વભાવ જ્ઞાન, દર્શન, આનંદનો નિર્મળ સ્વભાવ ભગવાન ધ્રુવ હોં. નિર્મળ સ્વભાવ આત્માને. આહા..હા..! ક્યાં એને જાવું? બહારની પાંચ ઇન્દ્રિયના વિષયોની અધિકતા લક્ષમાંથી છોડી દઈ. આહા..હા..! નિમિત્તના સંબંધીના પણ લક્ષને છોડી દઈ. આહા..હા..! રાગના લક્ષને પણ છોડી દઈ, ચાર ભાવ જે ઉદય આદિ છે ચાર એને પણ છોડી દઈ. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ ભારે, ભાઈ! નિર્મળ સ્વભાવવાળો ત્રિકાળી આત્મા. 'ધ્યાવે છે,...' એનું જ્યાં અંદર ધ્યાન કરે છે. નિર્મળ સ્વભાવવાળો આત્મા. આહા..હા..! જે આ ચાર પર્યાયો છે એને સાથે ન લે ભેદરૂપ તો કહે છે કે એ નિર્મળ નહિ. સમજાણું કાંઈ? અશુદ્ધનયમાં આવી ગયું હતુંને? અશુદ્ધનય નહિ આ ૪૬. માટીના વાસણો બને ભિન્ન-ભિન્ન તો એ માટીની ભિન્ન-ભિન્ન અવસ્થા એ અશુદ્ધ છે. આહા..હા..! માટીનું એકપણું રહેવું તે શુદ્ધ છે. આહા..હા..! એમ ભગવાન આત્મા એમ કહેવા માગે છે અહીંયાં હો ઈ.

ચાર ભાવ ઉપર લક્ષ જાય ત્યાં અશુદ્ધતા થાય છે. આહા..હા..! ચાર ભાવનો આશ્રય કરવા જાય, પર્યાયબુદ્ધિનો આશ્રય પર્યાયનો જાય ત્યાં અશુદ્ધતા ઉત્પન્ન થાય છે. આહા..હા..! એથી એ વસ્તુને પર્યાયની અનેકાતવાળો લક્ષમાં લેવો એ અશુદ્ધનયનો વિષય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! અહીં તો આત્માના હીતની વાત છે, ભાઈ! ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ. આહા..હા..! એને પર્યાયવાળાની સાથે ગણવો એને, કહે છે એ અશુદ્ધનય છે.

**શ્રોતા :-** પોતાના પુણ્ય અને પોતાની પર્યાય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ એને ભેગો ગણવો ભેદ થઈ ગયો. ભેદ થયો એ વ્યવહાર થયો અને વ્યવહાર થયો તો અશુદ્ધ થયો. એ ઘણું કહેવાણું છે આપણે. મેચક-અમેચક. આત્માના દર્શન, જ્ઞાન અને ચારિત્રના ત્રણ ભેદે પરિણમવું એ વ્યવહાર છે, એ મલિનતા છે, મચક છે, વ્યવહાર છે. આહા..હા..! એક છે એને જોવો. આહા..હા..! એ નિશ્ચય છે, યથાર્થ છે, એ શુદ્ધનય છે, પરમાર્થ છે. આહા..હા..!

અહીંયાં કહે છે. આહા..હા..! **'આત્માને ધ્યાવે છે,...'** જે ભગવાન આત્માને અનેક પર્યાયોના લક્ષને છોડી એકલો નિર્મળ સ્વભાવ એવો ભગવાન આત્મા, એનું જે ધ્યાન કરે છે. આહા..હા..! એને લક્ષમાં લે છે, એને વિષય બનાવે છે પર્યાયનો. ચંદુભાઈ! આવી વાત છે. યોગનિષ્ઠ અને યોગાશ્રમ આજે એક જણો આવ્યો હતો. યોગાસન છે ફલાણું. અરે! ભાઈ! યોગાશ્રમ કોને કહેવો, ભાઈ? ઈ આ છેને આપણે કાગળ આવે છેને શું કહેવાય? કાગળ-કાગળ કાંતિભાઈ. અમદાવાદથી. કપડું અંદર છે. સ્થાનકવાસી હશે એમ લાગે છે. ઈ એક ત્રિલોકચંદજી હતા સ્થાનકવાસી. એણે યોગ-આશ્રમ બનાવ્યું છે એટલામાં. અમને મળ્યા હતા રાણપર. ઘણા વર્ષ ૭૪ની સાલમાં. યોગાસન યોગ કરો. શું યોગ? શેના યોગ?

**શ્રોતા :-** શરીરની ક્રિયા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શરીરની ક્રિયા, વાણીની ક્રિયા, જડની એની સાથે શું સંબંધ છે? આહા..હા..! અરે! અહીં તો વિકલ્પની ક્રિયા. આહા..હા..! અરે! એના પર્યાયમાં અનેકતા ભાવ પ્રગટે એના ઉપર પણ આશ્રય કરવાની .. કાંઈ આવતી નથી. ત્રિકાળ જ્ઞાયકભાવમાં જોડાણ. આહા..હા..! એને અહીંયાં આત્મવશ કહે છે. **'તે ખરેખર આત્મવશ છે...'** આહા..હા..! શુદ્ધતાના ધ્યેયને નિર્મળાનંદ એવો ભગવાનને ધ્યેયમાં રાખી અને જે પરિણતિ થાય તે આત્મવશ છે. આહા..હા..! એમ જિનેશ્વરે કહ્યું છે. છે? **'તેને આવશ્યક કર્મ...'** આવશ્યક નામ જરૂરનું કાર્ય, અવશ્ય કાર્ય, સ્વાધીન કાર્ય, સ્વતંત્ર કાર્ય. ત્રિકાળી જ્ઞાયકભાવનું ધ્યાન કરે છે ધ્રુવનું એને આવશ્યક કર્મ થાય છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આ તો સાંજ-સવાર ઓલા સામાયિક, .. વંદના, પડિક્કમણા. છ આવશ્યક આવે છેને? ગોખી જાય, બોલે જાય અને થઈ ગયા છ આવશ્યક. અરેરે! એ વસ્તુ જ ન મળે એના ઘરમાં.

અહીંયાં તો એકરૂપનું ધ્યાન એ આવશ્યક કાર્ય છે. ધન્નાલાલજી! આહા..હા..! જેમાં પર્યાયની

અનેકતા પણ લક્ષમાં અને આશ્રય લેવાલાયક નથી. આહા..હા..! નિર્મળ પર્યાયની અનેકતા પણ લક્ષમાં લેવા જેવી નથી. આહા..હા..! આશ્રય કરવાલાયક નથી, જાણવાલાયક છે. વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છેને, કીધું છેને. નિર્મળ પર્યાયો ક્ષણે-ક્ષણે વધે, એક-એક કરતાં અનેક પર્યાયો નિર્મળ હોં, એને જાણવું એ વ્યવહાર છે. આહા..હા..! એકને જાણવું અંદર ત્રિકાળ જ્ઞાયકને તેનું નામ આવશ્યક કર્મ છે. આકરું પડે માણસને. આહા..હા..! મોટો પરમાત્મા બિરાજે છે. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત-અનંત એટલે જેનું સત્ત્વ જ જ્યાં સ્વભાવરૂપ છે એ સ્વભાવને મર્યાદા શી? જેનું સત્ એનું સત્ત્વ બેહદ અનંત જ્ઞાન, અનંત દર્શન એવો જેનો સ્વભાવ છે. એવા સ્વભાવને ધ્યાનમાં લઈને એકાગ્ર થાય તેને આવશ્ય કર્મ સાચું થાય છે. સમજાણું કાંઈ?

'**ટીકા :- અહીં ખરેખર સાક્ષાત્ સ્વવશ પરમજિનયોગીશ્વરનું સ્વરૂપ કહ્યું છે.**' સાક્ષાત્ સ્વવશ પરમજિનયોગીશ્વર મુનિ. '**જે (શ્રમણ) નિરુપરાગ નિરંજન સ્વભાવવાળો હોવાને લીધે...**' આહા..હા..! ભગવાન જ્ઞાયકભાવ જે સવારમાં કહ્યું હતુંને? જ્ઞાયકભાવ જે પ્રમત્ત-અપ્રમત્ત થયો નથી. આહા..હા..! ચૈતન્યનો સાગર પરમાત્મા પોતે. આહા..હા..! એ પ્રમત્ત-અપ્રમત્ત થયો નથી. આહા..હા..! કેમકે એ શુભાશુભપણે થયો નથી, એથી પ્રમત્ત-અપ્રમત્તપણે થયો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં કહે છે '**નિરુપરાગ...**' નિર્મળ એટલે રાગ વિનાની ચીજ આત્મા. '**નિર્મળ નિરંજન સ્વભાવવાળો હોવાને લીધે...**' પાઠમાં એમ હતુંને? નિર્મળ સ્વભાવ. એને અહીંયાં નિરુપરાગ કહ્યો. નિરુપરાગ નિર્મળ, જેમાં રાગનો કણ નથી, મલિનતાનો અંશ નથી એવો નિર્મળાનંદ ભગવાન. નિરંજન-જેને અંજન નથી, મેલ નથી, અંજન નથી, રાગ નથી, કર્મ નથી. આહા..હા..! એવા '**સ્વભાવવાળો હોવાને લીધે...**' આત્મા એવો સ્વભાવવાળો હોવાને લીધે.

'**ઔદયિકાદિ પરભાવોના સમુદાયને પરિત્યાગીને,...** ' આહા..હા..! ઉદય નામ રાગદિભાવ એને પણ છોડી દઈને, ઉપશમભાવ સમકિત આદિ થાય એને પણ લક્ષમાંથી છોડી દઈને. આહા..હા..! ક્ષાયિકસમકિત થાય એનો પણ લક્ષ અને આશ્રય છોડી દઈને. ક્ષયોપશમજ્ઞાન થાય આનંદ આદિનું. આહા..હા..! એવા ચાર પ્રકારના પર્યાયરૂપી ભાવ ઈ સમુદાય છે. આ એક થયો વળી ચાર સમુદાય થયો. આહા..હા..! સવારમાં આવ્યું હતું નહિ? 'એક જ્ઞાયકભાવ.' આવ્યું હતું. છઠ્ઠી ગાથામાં નહિ. છેલ્લી નીચે લીટી 'એક જ્ઞાયકભાવ.' આ ચાર સમુદાયભાવ. સમજાણું કાંઈ? આહા..હા..! ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક ચાર પર્યાયના સમુદાયભાવ ચાર. એકકોર દ્રવ્ય એક ભાવ, આ પર્યાય ચાર ભાવ. આહા..હા..! એ ટીકાકાર ઘણે ઠેકાણે લે છે અને આચાર્યનું હૃદય એ છે. સમજાણું કાંઈ? કારણ કે શુદ્ધભાવ અધિકારમાં આવી ગયુંને કે આત્મામાં ક્ષાયિકભાવ નથી, ઉપશમ નથી, તો ક્ષયોપશમ નથી. ઉદય તો ઠીક શુભ એ તો. જેમાં ક્ષાયિકભાવ નથી.

**શ્રોતા :-** ત્રિકાળ સ્વરૂપમાં હોય કોઈ દિ'?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દ્રવ્યમાં કેવો ક્ષાયિકભાવ?

**શ્રોતા :-** દ્રવ્યમાં તો એક જ પરમપારિણામિકભાવ!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એક જ રૂપ સ્વભાવભાવ. આનંદનું ચોસલું ભગવાન આત્મા છે. આહા..હા..! એકલો આનંદકંદ એકરૂપ છે. એમાં ચાર ભાવ છે સમુદાય એનો એમાં ત્યાગ છે, અભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક આદિ પરભાવો. આહા..હા..! જેને ૫૦મી ગાથામાં પરભાવ કહ્યા. નિર્મળ પર્યાયને પરભાવ અને પરદ્રવ્ય કહ્યા. ઈ શૈલી ચાલી આવે છે. આહા..હા..! એક ત્રિકાળી જ્ઞાયક એકરૂપ ભાવ એ સ્વદ્રવ્ય. એના ક્ષાયિકભાવની સમકિતની પર્યાય એ પણ કહે છે કે એ '**परदव्वं परसहावमिदि हेयं**' '**परदव्वं परसहावमिदि हेयं**' ૫૦માં આવી ગયું છે. સમજાણું કાંઈ? આહા..હા..! એક આનંદકંદ ધ્રુવસ્વરૂપ ચૈતન્ય એની દૃષ્ટિ કરતાં, તેને ધ્યેય બનાવતા, તેને ધ્યાનમાં વિષય લેતા એનું કાર્ય સિદ્ધ થાય છે. આહા..હા..! આવું બહુ આકરું, ભાઈ! તે લોકો બિચારા રાડ પાડે છેને પછી. વ્યવહારથી થાય... વ્યવહારથી થાય... એમ કહે છેને? અહીં તો કહે છે કે એ પર્યાય નિર્મળ થઈને ધર્મની એને આશ્રયે પણ ધર્મ ન થાય. શુભભાવને આશ્રયે તો ન થાય. આહા..હા..! એવો માર્ગ, ભાઈ! જેને જન્મ-મરણના અંત લાવવાની વાતું છે અહીં તો. હજી એને લહેર કરવી છે આ સંસારમાં રખડવાની. આહા..હા..! દુઃખી થઈને રખડી રહ્યો છે ઈ.

**શ્રોતા :-** સંસારમાં પણ લહેર હોય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, લહેર છેને આ દુઃખની. આહા..હા..!

અહીંયાં કહે છે કે આહા..હા..! નિર્મળ '**નિરંજન સ્વભાવવાળો હોવાને લીધે...**' કોણ? ભગવાન આત્મા '**ઔદયિકાદિ પરભાવોના સમુદાયને પરિત્યાગીને,...**' આહા..હા..! '**નિજકારણપરમાત્માને...**' નિજકારણપરમાત્મા ત્રિકાળી. આહા..હા..! '**કે જે (કારણપરમાત્મા) કાયા, ઈન્દ્રિય અને વાણીને અગોચર છે,...**' શરીરથી જણાય એવો નથી, ઈન્દ્રિયથી જણાય એવો નથી, વાણીથી જણાય એવો નથી. આહા..હા..! '**સદા નિરાવરણ હોવાથી નિર્મળ સ્વભાવવાળો છે...**' આહા..હા..! દ્રવ્યસ્વભાવ, જ્ઞાયકભાવ, ધ્રુવભાવ એકરૂપ સ્વભાવ એ નિર્મળ સ્વભાવવાળો આત્મા છે. સમજાણું કાંઈ? '**સદા નિરાવરણ હોવાથી નિર્મળ સ્વભાવવાળો છે અને સમસ્ત દુરઘરૂપી વીર શત્રુઓની સેનાના ધ્વજને લૂંટનારો છે...**' આહા..હા..! રાજા લડાઈએ જાય અને એની જે ધજા હોયને એ પડે થઈ રહ્યું, ઈ હારી ગયો. એમ અહીંયાં કહે છે કે દુરઘ પુણ્ય અને પાપ બેય. આહા..હા..! એવા '**દુરઘરૂપી વીર શત્રુઓ...**' આહા..હા..! અનાદિકાળના શુભાશુભભાવરૂપી વીર શત્રુઓ એની સેનાના ધ્વજને, એની ધ્વજા તોડી નાખે છે, કહે છે. આહા..હા..! '**તેને—ધ્યાવે છે,...**' ધ્વજને

લૂંટનારો છે તેને ધ્યાવે છે. એટલે ધ્રુવ. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ધર્મ કઈ જાતનો? એકેન્દ્રિય દયા પાળવી, ભક્તિ કરવી એમ હોય લ્યો! સામાયિક કરવા, પડિક્કમણા કરવા અને આ બધું કરવું. દયા, દાન, કરવું. દાન કરવા લ્યોને લાખો-કરોડો રૂપિયાના. ભાઈ! એ કોઈ માર્ગ નથી. આહા..હા..! જિનેન્દ્રનો એ માર્ગ નથી. આહા..હા..! જિનેન્દ્રનો તો પર્યાયના સમુદાયનું લક્ષ છોડી દઈ. આહા..હા..! નિર્મળાનંદ આત્માના ધ્યેયને આત્માને લઈને જે એને ધ્યાવે છે '**તેને જ આત્મવશ કહેવામાં આવ્યો છે.**' આહા..હા..! સમજાણું કાંઈ? પણ આનું કાંઈ સાધન હશે કે નહિ બહારનું? લોકોને આ પ્રશ્ન છે. અગાસમાં ગયા ત્યારે એ પ્રશ્ન ઉઠ્યો હતો. બધું નિશ્ચય-નિશ્ચય પણ કોઈ એનું સાધન ખરું કે નહિ બહાર? 'નિશ્ચય રાખી લક્ષમાં સાધન કરવા સોઈ' નથી આવતું? આહા..હા..! સાધન જ આ છે. ચાર ભાવનું લક્ષ છોડીને ત્રિકાળી જ્ઞાયકભાવમાં એકાગ્ર થવું, આત્મવસ્તુ તે જ સાધન છે. સમજાણું કાંઈ? ત્યાં તો એમ કહ્યું 'નિશ્ચય રાખી લક્ષમાં સાધન...' સાધન એટલે આ બધા વિકલ્પ, વ્યવહાર.

'**સમસ્ત દુરઘરૂપી વીર શત્રુ...**' અનાદિથી વીરતા એણે રોકી છે આત્માની. અને એને રોકી છે માટે વીર છે કહે છે એ. આહા..હા..! એની સેનાના ધ્વજને લૂંટનારો છે આત્મા. આહા..હા..! જેને એ દ્રવ્યનો આશ્રય થયો એ લૂંટી નાખે છે શુભાશુભભાવને. શુભાશુભની ધ્વજા. એનો રાગ રહેતો નથી ત્યાં. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ હવે. સાધારણ માણસને... બાયુ આખો દિ' રાંધતી હોય અને ચોખા જોવે અને ઘઉં જોતી હોયને, ઓલું કરે ને તે કરે. એમાં વળી કોક દિ' આવું સાંભળવા આવે. હવે એને કરવું શું પણ? બે વખત રાંધવું, છોકરાને મોટા કરવા. રોતા હોય, ઘોડિયામાં રાડુ પાડતા હોય વળી ત્યાં જાવું. અને એને આવું કામ. આહા..હા..! સમ્યગ્દષ્ટિ સ્ત્રી હોય છે કે નહિ? પાંચમે ગુણસ્થાને હોય છે. આહા..હા..! પોતાના ધ્યાનના ધ્યેયને કોઈ દિ' ચૂકતી નથી એ અંદરથી. સમજાણું કાંઈ? આ વિકલ્પ આવે, જાણે છે કે આ અન્યભાવ મારું સ્વરૂપ નથી, મને લાભદાયક નથી, નુકસાનકારક છે. આહા..હા..!

કહે છે કે '**(-તે શ્રમણને જ)**' એકાંત કરી નાખ્યું અહીં તો જ કરીને. વ્યવહારનો કરનારો પણ હોય આત્મવશ એમ ન કહ્યું. '**તેને**' છેને શબ્દ જુઓ. પાઠ છેને. '**તેને જ...**' જે કાંઈ ચાર પર્યાયોના સમુદાયનો આશ્રય-લક્ષ છોડી દઈ પરિત્યજીને ત્રિકાળી નિર્મળ સ્વભાવવાળો જે ભગવાન આત્મા એને જે ધ્યાવે છે. '**તેને જ આત્મવશ કહેવામાં આવ્યો છે.**' તો એકાંત ન થઈ ગયું? '**તેને જ...**' એ તો વીતરાગમાર્ગમાં જ 'જ' હોયને. આ તો 'જ' આહા..હા..! સમ્યગ્દષ્ટિની દૃષ્ટિ ધ્રુવ ઉપર હોય છે. ચાહે તો એ લડાઈમાં ઉભો હોય, પણ એની દૃષ્ટિનું ધ્યેય તો દ્રવ્ય છે. દૃષ્ટિની પર્યાય પણ જેનું ધ્યેય નથી. કહ્યુંને અહીંયાં, પર્યાયનો ત્યાગ છોડીને. એ આવી ગયું એમાં. આહા..હા..! સમ્યગ્દર્શન ક્ષાયિક હોય

છતાં એનું ધ્યેય નથી સમકિતીને. આહા..હા..! આ તે કાંઈ વાત છે! સમજાણું કાંઈ? એ પર્યાય અને દ્રવ્ય બે લક્ષમાં લેવા જતા તો વિકલ્પ ઉઠે છે. આહા..હા..! સમજાણું? એ પર્યાય અને દ્રવ્ય એ તો રાગનો વિષય છે. આહા..હા..! એકલું દ્રવ્ય છે એ સમ્યગ્દર્શનનો વિષય છે. આવી વાત ભારે!

'**(-તે શ્રમણને જ) આત્મવશ કહેવામાં...**' એટલે તીર્થંકરોએ, જિનોએ એને આત્મવશ કીધો છે. ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ ચાર પર્યાયના સમુદાયને સર્વથા. સર્વથા પરિત્યજ છેને? સર્વથા છોડી દઈને. પરિત્યજને એ સર્વથા છોડીને આવ્યું ભાઈ જુઓ, અને આને જ ધ્યાવે છે એ સર્વથા આવ્યું. આહા..હા..! શું કહ્યું ઈ? વસ્તુ છે અને પર્યાય છે. એ પર્યાયના ચાર પ્રકાર પડે ક્ષાયિક આદિ એનું લક્ષ છોડી દઈને એ પરિત્યજ્ય છે એમ શબ્દ છે. છેને? '**परभावं परित्यज्य**' મૂળમાં છે. આહા..હા..! .. છેને? '**औदयिकादि પરભાવોના સમુદાયને પરિત્યાગીને,...**' ટીકામાં પણ બીજી લીટી. ઈ તો કહેવું છે શું? કે વસ્તુ જે ધ્રુવદ્રવ્ય છે એ ત્રિકાળ એકરૂપ છે અને એમાં જે પર્યાયો થાય છે એને પણ સર્વથા છોડી દઈને, એમ કહે છે. કાંતિભાઈ! બહુ માર્ગ, બાપા! આહા..હા..! જિનેન્દ્રનો માર્ગ લોકોએ અજૈનમાં જૈનપણું મનાવ્યું છે બહારમાં. સમજાણું કાંઈ?

અહીં તો ઓલા પરિત્યાગીને અને તેને જ એ ઉપર વજન ગયું. ચાર પર્યાયોને છોડી દઈને. સર્વથા છોડી દઈને એમ પરિત્યજ્ય નામ. પરિ... આહા..હા..! અહીંયાં એનું લક્ષ છોડી દઈને આત્મા ધ્રુવ નિર્મળ છે તેને ધ્યાવે, તેને જ આત્મવશ કહ્યો. ત્યાં એકાંત કીધું. સમજાણું? શું કહ્યું એ? ગાથામાં બે બોલ કહ્યા સર્વથાના. પરિત્યજ નામ ચાર પર્યાયોના સમુદાયને સર્વથા છોડી દઈને, લક્ષમાંથી સર્વથા છોડી દઈને. આહા..હા..! અને નિર્મળ સ્વભાવવાળો જે ભગવાન એકરૂપ ત્રિકાળ તેને જ ધ્યાવે છે, તેને આત્મવશ કહેવામાં આવે છે. કહો, નટુભાઈ! આ તમારે ત્યાં કાયદા-ફાયદામાં .. સંકેલવામાં કાંઈ સમજાય નહિ. આહા..હા..!

**શ્રોતા :-** એમ તો કાયદા ચોખ્ખા હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ કાયદા હોય રખડવાના બધા. આ કાયદા. આહા..હા..! ક્યાં લઈ ગયા? ૪૩, ૪૪, ૪૫ અને ૪૬માં આ લઈ ગયા. સમજાણું કાંઈ? ૧૪૩માં અશુભભાવને છોડાવ્યો. એ અશુભભાવને વશ થાય એ પરાધીન, પછી શુભભાવને વશ થાય એ પરાધીન, પછી દ્રવ્ય-ગુણ-પર્યાયના જ્ઞાનમાં ત્રણનો ભેદ રાખીને જ્ઞાન કરે એ પરાધીન. હવે અહીંયાં ચાર ભાવને છોડાવીને. આહા..હા..! ટીકા કરનારે પણ કેવી ટીકા કરી જુઓને. અહીં નહિતર પરભાવ શબ્દ પડ્યો છે. તો પરભાવ તો વિકાર પણ થાય. તો એ તો આવી ગઈ છે વાત.

**શ્રોતા :-** સમુદાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, આહા..હા..! ટીકા કરનાર પણ મળ્યા છેને જુઓને. પદ્મપ્રભમલધારિદેવ. આ ગાથા પછી આ ગાથા આવી, પરભાવ કીધો. ત્યાં શું લેવું? કે આ લેવું. સમજાણું કાંઈ? બધો માર્ગ ફેરપાર કરી નાખ્યો લોકોએ. જાણે આ ભક્તિ ને જાત્રા ને પૂજાને, વ્રતને, તપને કરીએ એટલે ધર્મ થાય. ધૂળેય ન થાય એ તો રાગ છે. આહા..હા..!

**શ્રોતા :-** એમ કરતાં-કરતાં થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કરતાં-કરતાં, ઝેર ખાતા-ખાતા લસણ ખાતા-ખાતા કસ્તુરીનો ડકાર આવે? આવે નહિ. એ મરી જાય ઈ તો. એવો દાખલો કઈ એવો હોય તો દવા લાગુ પડી જાય. એ સાંભળ્યું છે. એવો દમવાળો હતો બહુ રોગી દમવાળો.

**શ્રોતા :-** મારી નાખવા માટે ડોક્ટરે દવા આપી એ જ બચ્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ખબર છેને. બહુ દમવાળો રોગી હતો અને દવા લેવા જાય. ડોક્ટર થાકી ગયો કે આ મફતનો. તો એવી દવા આપી જાણે મરી જશે. પણ એ દવા નાખી ત્યાં ઓલું અંદર ઉલટી થઈને નીકળી ગયું. મૂંઝવણ થઈ મૂંઝવણ. છે ખબર છેને. એ ડોક્ટર પાસે આવ્યો. ડોક્ટર! તે દવા બહુ આકરી આપી, મૂંઝાઈ ગયો હતો હું. પણ એ તને મારી નાખવાની આપી હતી. હેં! પણ હોય છેને કાંઈક. એને દવા લાગુ પડી ગઈ અને ઉલટી થઈને નીકળી ગયી. એ તો પુણ્યના ઉદયની વાત ત્યાં છે. અહીં તો આત્મા પવિત્રતાની વાત છે. સમજાણું કાંઈ? એ નિર્મળ કીધોને તેથી? એ પવિત્રતા, અપવિત્રતાને કારણે પ્રગટ થાય કોઈ દિ' કોઈને એમ ત્રણકાળમાં બનતું નથી.

બીજી રીતે કહીએ તો વસ્તુના સ્વભાવને નિર્મળ સ્વભાવવાળો કહ્યો. આહા..હા..! અને ચાર પર્યાયને ત્યજ એમ કહ્યું. સર્વથા પ્રકારે. એનો અર્થ એ મલિનતા એ નિર્મળતાની સામે એ મલિન છે એમ કહ્યું આહા..હા..! ઓલા મચક. કેવી મેળવી છે આહા..હા..! સમજાણું કાંઈ? ત્રિકાળ જ્ઞાયકભાવ, શુદ્ધભાવ મહાપ્રભુ એ નિર્મળ સ્વભાવવાળો છે. એને ચાર ભાવને ત્યાગીને. એનો અર્થ એ ચાર ભાવ પર્યાય તે મલિન છે એ અપેક્ષાએ. ચારની અપેક્ષાએ. એકની અપેક્ષાએ ચારના ભેદ પડ્યા. આહા..હા..! સમજાણું કાંઈ? બીજાની સાથે ચાલવું મુશ્કેલ પડે હોં. બધા પંડિતોને તો. નહિ, એમ ન હોય, આમ હોય. છે ઈ છે, બાપા! આહા..હા..!

**શ્રોતા :-** ક્ષાયિકભાવ પર?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ક્ષાયિકભાવ પર અને નિર્મળ અને એ અપેક્ષાએ મલિન. અનેકતાની અપેક્ષાએ તેને મલિન કહેવામાં આવ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! પહેલા તો ન કહ્યું? ભગવાને કહેલા દ્રવ્ય, ગુણ અને પર્યાય. છ દ્રવ્યનો વિચાર કરે, ગુણનો કરે આદિ, એ બધો પરાધીન છે. આહા..હા..! એ જાણપણાના પક્ષમાં એકલો પરાધીન છે એમ

કહે છે. અશુભભાવ હોય એના પક્ષમાં પરાધીન, શુભના પક્ષમાં પરાધીન, આ જાણપણાના પક્ષમાં પરાધીન. આહા..હા..! પરલક્ષી જ્ઞાનમાં એ પરાધીન છે. આહા..હા..! સમજાણું કાંઈ? થોડું પણ સત્ય હોવું જોઈએને. આહા..હા..! ઓહો..!

'ધ્યાવે છે,...' કોણ? **'નિરાવરણ હોવાથી નિર્મળ સ્વભાવવાળો જે છે...'** તેને જ ધ્યાવે છે એમ. વળી વ્યાખ્યાની શૈલી ઝપટ ચાલતી હોય આમ. આમ કરો, આમ કરો, વ્રત કરો, અપવાસ કરો, તપસ્યા કરો, ભગવાનની જાત્રા કરો તો સમજાય પણ ખરું. હવે આ તો. પણ માર્ગ તો આ છે. એ સિવાય માર્ગ બીજે જશે તો એ રખડી મરશે. આહા..હા..! સમજાણું કાંઈ? એક એવો ભગવાન જ્ઞાયકભાવ. સવારે આવ્યું હતુંને એક? આવ્યું હતું સવારે નહિ? એક જ્ઞાયકભાવ. એમ આવ્યું હતું. આહા..હા..! અહીં નિર્મળ એક સ્વભાવભાવ, ત્રિકાળી ભગવાનનો આશ્રય કરીને ધ્યાને લે આહા..હા..! ત્યારે તેને આત્મવશ કાર્ય થાય, ત્યારે તેને મોક્ષના માર્ગનું કાર્ય થાય. આહા..હા..! સમજાણું કાંઈ? આકરું લાગે હોં. નિશ્ચયાભાસ. આહા..હા..! એ ત્યાં કહ્યું હતુંને ઓલાપણે કહ્યું હતું. રાતે મારવાડી એક આવ્યો હતો. ઈ બધી વાત ઠીક નિશ્ચયની, પણ સાધન શું? આ સાધન કાંઈ ભક્તિ કરવી, વાંચવું, સાંભળવું, શાસ્ત્ર વાંચવા, ગુરુભક્તિ, ગુરુનો વિનય આદિ કોઈ સાધન છે કે નહિ? અહીં કહે છે કે એ સાધન છે નહિ સાંભળ. આહા..હા..! એ બધા વિકલ્પો. એ તો નહિ, પણ ચાર પર્યાયોનું સાધન કરવા જાય તો એ નહિ. આહા..હા..! પર્યાયદૃષ્ટિ ઉડાવવા. સમજાણું કાંઈ?

પહેલું **'નિરુપરાગ નિરંજન સ્વભાવવાળો હોવાને લીધે ઔદયિકાદિ પરભાવોના સમુદાયને પરિત્યાગીને, નિજકારણપરમાત્માને—કે જે** (કારણપરમાત્મા) **કાયા, ઇન્દ્રિય અને વાણીને અગોચર છે, સદા નિરાવરણ હોવાથી નિર્મળ સ્વભાવવાળો છે...'** આહા..હા..! તેને 'ધ્યાવે છે,...' એમ. પછી તો એનું સ્વરૂપ લીધું કે **'સમસ્ત દુરઘરૂપી વીર શત્રુઓની સેનાના ધ્વજને લૂંટનારો છે...'** એવો જે ભગવાન ત્રિકાળી જ્ઞાયકભાવ. **'તેને—ધ્યાવે છે,...'** આહા..હા..! તેને જ સાધુને **'આત્મવશ કહેવામાં આવ્યો છે,...'** એ આત્મવશ છે. બાકી ભગવાને કહેલા વ્યવહારની ક્રિયાકાંડના વિકલ્પમાં રોકાય એ આત્મવશ નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

તે **'આત્મવશ કહેવામાં આવ્યો છે,...'** જિનેન્દ્રદેવના માર્ગમાં આને આત્મવશ કહ્યો છે. **'તે અભેદ-અનુપચારરત્નત્રયાત્મક શ્રમણને...'** એ શું કહ્યું? વસ્તુ જે ત્રિકાળ જ્ઞાયકભાવ છે તેને ધ્યાવે છે એને અભેદરત્નત્રય પ્રગટ થાય છે, એ અભેદરત્નત્રયાત્મક શ્રમણને. શુદ્ધ ચૈતન્યરત્ન ભગવાન જ્ઞાયકભાવની શ્રદ્ધા, તેનું જ્ઞાન અને તેની રમણતા, તેના ધ્યેયે પ્રગટેલી દશા એવા **'અભેદ-અનુપચારરત્નત્રયાત્મક શ્રમણને સમસ્ત બાહ્યક્રિયાકાંડ-આડંબરના વિવિધ વિકલ્પોના મહા કોલાહલથી...'** આહા..હા..! વિકલ્પ આ ભગવાનની સેવા, ભગવાનનો વિનય અને ભગવાનની જાત્રા એ બધા વિકલ્પનો કોલાહલ છે, કહે છે. આહા..હા..!

આકરી વાતું, ભાઈ! આહા..હા..! '**સમસ્ત બાહ્યક્રિયાકાંડ-આડંબર...**' બાહ્ય ક્રિયાકાંડનો આડંબર. કહો, નટુભાઈ! તમારા ગામમાં તો બહુ થાય એવું ઉપધાન થયુંને બહુ. એ મંડપ નાખે અને માણસો આવેને ઓહો..હો..! જાણે શું ધર્મ કરીએ છીએ! આ વર્ષીતપમાં આવે ત્યાં વર્ષીતપ કરેને? એક દિ' ખાવું, એક દિ', નહિ. લ્યો! કેટલા લાખો રૂપિયા ખર્ચે, કેટલા પહેરામણા આપે, ફલાણું, ઢીંકણું. એ બધી ક્રિયાકાંડના આડંબર છે, કહે છે. એમાં ક્યાંય ધર્મ અને આત્મા નથી. આહા..હા..!

**શ્રોતા** :- ક્રિયાકાંડથી જ્ઞાનકાંડ થાય છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તો નિમિત્તનું કથન છે. પ્રવચનસારમાં આવ્યું હતુંને.

**શ્રોતા** :- સત્ય છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- છે તે શું હોય છે રાગની મંદતા. એનો અભાવ કરે ત્યારે સમ્યક્-નિશ્ચય થાય છે. એને અહીંયાં હતું એનું જ્ઞાન કરાવ્યું નૈગમનયથી. સમજાણું કાંઈ? એવો માર્ગ છે, ભાઈ! આડુ અવળું ખેંચશે તો ખેંચાણમાં વયો જશે એ. આ સત્યમાં નહિ રહી શકે એ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**સમસ્ત બાહ્યક્રિયાકાંડ...**' એ બાહ્ય બધું. મહાવ્રત ને દયા પાળવી ને દાન કરવું ને ભક્તિ કરવી ને પૂજા કરવી ને શાસ્ત્ર શ્રવણ કરવું, શાસ્ત્ર વાંચવા અને શાસ્ત્ર કહેવાને. આહા..હા..! એ બધી બાહ્યક્રિયાકાંડનો આડંબર વિવિધ વિકલ્પ. આહા..હા..! ભિન્ન-ભિન્ન જાતના વિકલ્પ. આને આમ કહેવું છે અને આને સંભળાવું છેને, આને વંચાવું છે અને આને આમ વાંચવું છે. અરેરે! આહા..હા..! સમજાણું કાંઈ? એવા '**વિવિધ વિકલ્પોના મહા કોલાહલથી...**' એ વિકલ્પ જે ક્રિયાકાંડનો, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો વિકલ્પ છે એ તો મહા કોલાહલ છે, કહે છે. આહા..હા..! એ '**કોલાહલથી પ્રતિપક્ષ...**' આહા..હા..! બાહ્યક્રિયાકાંડના કોલાહલથી-વિકલ્પથી પ્રતિપક્ષ. '**મહા-આનંદાનંદ...**' આહા..હા..! એ જ્યારે વિકલ્પ છે એમાં કોલાહલ એટલે દુઃખ છે. સમજાણું કાંઈ? એ દયાનો, ભક્તિનો, પૂજાનો, વ્રતનો, અપવાસનો જે વિકલ્પ છે એ બધું દુઃખ છે, કોલાહલ છે. ત્યારે એનાથી પ્રતિપક્ષ ભગવાન આત્માના નિર્મળ સ્વભાવનું ધ્યાન એ '**મહા-આનંદાનંદપ્રદ...**' છે. આહા..હા..! નિર્મળાનંદ ભગવાનનું ધ્યાન એને ધ્યેય બનાવીને જે ધ્યાન થયું એ '**અહા-આનંદાનંદપ્રદ...**' મહા-આનંદાનંદપ્રદ-દેનારા એ ધર્મધ્યાનની દશા તો પરમ આનંદને દેનારી છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અભેદ-અનુપચાર-રત્નત્રયની પરિણતિ એવું જે ધર્મધ્યાન જે મહા-આનંદાનંદપ્રદ. મહા આનંદ અને આનંદનું દેનારું. આહા..હા..! માણસ કહેને ભાઈ! આ ચારિત્રમાં તો કષ્ટ ઘણું, ઉઘાડે પડે ચાલવું, ઉના પાણી પીવા, લોચ કરવા. અરે! હાલ હાલ! એ ક્રિયા ચારિત્રની ક્યાં છે? એ તો પરની છે. ચારિત્ર તો આત્માના આનંદમાં રમણતા એ આનંદના આનંદનું દેનારું છે. આહા..હા..! સમજાણું કાંઈ? છે? સામે છે કે નહિ? સમ્યગ્દર્શન એ આનંદની દેનારી

પર્યાય છે, સમ્યગ્જ્ઞાન એ આનંદની દેનારી પર્યાય છે. સમ્યક્ચારિત્ર એ આનંદની મહા આનંદાનંદની દેનારી પર્યાય છે. આહા..હા..! મુનિ ચારિત્ર લીધું હતુંને? સમજાણું કાંઈ? ભગવાન નિર્મળાનંદ પ્રભુ એને ધ્યાનમાં લઈને જે સમ્યગ્દર્શન થાય એ પણ આનંદની દેનારી પર્યાય છે, અતીન્દ્રિય આનંદની દેનારી પર્યાય છે. આહા..હા..! જે આત્માને લક્ષે જે જ્ઞાન થાય સ્વસંવેદન એ આનંદનું દેનારું જ્ઞાન છે અને આત્માને આશ્રયે જે સ્થિરતા થઈને ચારિત્ર થાય એ મહા આનંદાનંદની દેનારી દશા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**મહા-આનંદાનંદપ્રદ...**' આ તો ભાઈ વાર્તા કાંઈ નથી, આ કથા નથી. આ તો તીર્થંકરદેવનો મોક્ષનો માર્ગનો કસ છે. એટલે સાધારણ પ્રાણી વ્યવહારના ક્રિયાકાંડના રસિયાને તો આ લુખ્ખું લાગે. જે વસ્તુ છે તેને લુખ્ખી લાગે અને વસ્તુ નથી તેને એ બરાબર સારી લાગે. આહા..હા..! જુઓ, નીચે '**પરમ આવશ્યક કર્મ...**' પરમ આવશ્યક કરવાલાયક કાર્ય. એ ત્રીજી ગાથામાં આવી ગયું છે. '**णियमेण य जं कज्जं**' નિશ્ચયથી જે કરવાલાયક એ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર. એ આત્માના ધ્યેય ત્રણ પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ '**પરમ આવશ્યક કર્મ...**' કર્મ એટલે કાર્ય. '**નિશ્ચયધર્મધ્યાન અને નિશ્ચયશુક્લધ્યાનસ્વરૂપ છે—કે જે ધ્યાનો...**' આ ધ્યાન છે. ઓલા યોગ ને યોગને આસન ને ફલાણા ને ઢીંકણા મારા એ તો જડની ક્રિયા યોગાસન આમ કરવું ને આમ કરવું. '**કે જે ધ્યાનો મહા આનંદ-આનંદના દેનારા છે.**' આહા..હા..!

એ સવારમાં આવ્યું હતું કે સ્વસંવેદનસ્વરૂપ સ્વવેદનસ્વરૂપ સ્વસંવેદન એ આનંદના મહોરવાળી છાપવાળી છે એ. ધર્મધ્યાનની દશા આનંદની મહોરછાપ છે એને. આહા..હા..! ધર્મધ્યાનમાં છાપ પડી છે મુદ્રા. ધર્મધ્યાન એને કહીએ કે જેમાં આનંદની મહોરછાપ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અનુભવ એને કહીએ કે જેમાં અતીન્દ્રિય આનંદની મહોરછાપ છે. નટુભાઈ! આવી વાતું છે. આહા..હા..!

'**આનંદ-આનંદ વિકલ્પોના મહાકોલાહલથી વિરુદ્ધ છે.**' પ્રતિપક્ષ કહ્યુંને? વિકલ્પો આ દયા, વ્રત ને ભક્તિ ને પૂજા, આ વાંચન, શ્રવણ, દેવું ને લેવું. આહા..હા..! એવા જે વિકલ્પનો કોલાહલ એનાથી વિરુદ્ધ '**મહા-આનંદાનંદપ્રદ નિશ્ચયધર્મધ્યાન...**' છે. આહા..હા..! નિશ્ચય-સાચું ધર્મધ્યાન એને કહીએ કે જે દ્રવ્યસ્વભાવ ત્રિકાળ નિર્મળાનંદ પ્રભુ એને ધ્યેય બનાવીને જે ધ્યાન થયું, તે ધ્યાન મહા આનંદ અને આનંદનું દેનારું છે. આહા..હા..! એ ધ્યાન આનંદનું દેનારું એમ કીધું હોં. સમજાણું? દ્રવ્ય દેનારું તેમ ન કીધું.

ઓલામાં કહ્યુંને કે પર્યાયની દાતા દ્રવ્ય નથી. યોગસાર. તો અહીં રાખી છે પર્યાય. એ પર્યાય આનંદની આનંદ દેનારી છે કહે. આહા..હા..! જેણે જ્ઞાયકભાવ ત્રિકાળી પરમાત્મા પોતે સાક્ષાત્ પરમાત્મસ્વરૂપ જ છે આત્મા. એવા પરમાત્માને જેણે ધ્યાનમાં લઈને ધ્યેય બનાવ્યું આહા..હા..! એની જે પર્યાય છે તે આનંદાઆનંદદાયક છે એમ કીધું. આહા..હા..!

બહાર તો ઓલું .. કરાવ્યું છે કે આ તો પર્યાય દાતા છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એવું જે '**નિશ્ચયધર્મધ્યાન તથા નિશ્ચયશુક્લધ્યાનસ્વરૂપ પરમાવશ્યક-કર્મ છે.**' એ જ આત્માનું જરૂરી કાર્ય છે. એ બીજા કોઈ જરૂરી કાર્ય છે નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## માગશર સુદ-૧૧, રવિવાર, તા. ૧૪-૧૨-૧૯૭૫
## કળશ-૨૪૭ થી ૨૫૧, પ્રવચન નં. ૧૨૪

(पृथ्वी)

जयत्ययमुदारधीः स्ववशयोगिवृन्दारकः
प्रनष्टभवकारणः प्रहतपूर्वकर्मावलिः।
स्फुटोत्कटविवेकतः स्फुटितशुद्धबोधात्मिकां
सदाशिवमयां मुदा व्रजति सर्वथा निर्वृतिम्।।२४७।।

શું કહે છે જુઓ, જરી ઝીણું છે. ગાથા છેને ૧૪૬? '**परिचत्ता परभावं**' એનો કળશ છે. '**શ્લોકાર્થ :- ઉદાર જેની બુદ્ધિ છે,...**' મુનિની યોગ્યતાથી વાત કરે છે. જે આત્મા એક સમયમાં ચાર પર્યાયથી રહિત છે એવી બુદ્ધિ જેની ઉદાર છે. આહા..હા..! ઝીણી વાત છે. આત્મા એક સમયમાં, એક સમયની પર્યાયમાં ભલે વિકાર આદિ કે અવિકારી હોય, પણ એ વસ્તુ છે એમાં વિકાર અને અવિકારી પર્યાયનો અભાવ છે. આહા..હા..! એવી જેની બુદ્ધિ ઉદાર છે. આહા..હા..! જેણે મતિજ્ઞાનમાં અને શ્રુતજ્ઞાનમાં પૂર્ણ આનંદનો સ્વીકાર જેણે કર્યો છે. આહા..હા..! એનું નામ પ્રથમ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? '**ઉદાર જેની બુદ્ધિ છે,...**' એમ. મૂળ તો એ '**परिचत्ता परभावं**' આહા..હા..! ગાથા છેને મૂળ તો. '**परिचत्ता परभावं अप्पाणं झादि णिम्मलसहावं।**' જે આત્મા પોતાના આત્મામાં ત્રિકાળ વસ્તુમાં જ્ઞાયકની પર્યાય જે વર્તમાન છે અવસ્થા, એનો એમાં અભાવ છે.

એવી '**ઉદાર જેની બુદ્ધિ છે,...**' પર્યાયમાં અલ્પતા હોવા છતાં પણ વસ્તુ પૂર્ણ આનંદ છે એવો જેને સ્વીકાર છે એનું નામ સમ્યગ્દષ્ટિ (છે), કહે છે. આહા..હા..! ધર્મની પહેલી સીઢી. સમજાણું કાંઈ? આહા..હા..! પર્યાયમાં અલ્પજ્ઞતા હોવા છતાં પણ, વિકાર હોવા છતાં પણ જેની બુદ્ધિ ઉદાર, એ ત્રિકાળમાં છે નહિ એવો જેનો સ્વીકાર છે એની બુદ્ધિ ઉદાર કહેવામાં આવે છે. આહા..હા..! આ દુનિયામાં પૈસા ખર્ચે આદિ એને ઉદાર કહે છે.

**શ્રોતા :-** અમે તો એને જ ઉદાર સમજતા હતા. પૈસા ખર્ચે તો ઉદાર.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય નથી. પૈસા ક્યાં છે ધૂળ. આ તો અંદર અંતર લક્ષ્મી ચિદાનંદ ભગવાન એક સમયમાં પૂર્ણ સ્વભાવ છે એ લક્ષ્મીનો જેણે સ્વીકાર કર્યો એની બુદ્ધિ ઉદાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? જોયું! '**परिचत्ता परभावं अप्पाणं झादि णिम्मलसहावं।**' આત્માને પ્રાપ્ત કરે છે. આહા..હા..! પૂર્ણાનંદસ્વરૂપ અખંડ આનંદ અને શાંતિનો સાગર ભગવાન આત્મા છે એવો જેની બુદ્ધિમાં એવા આત્માનો સ્વીકાર છે. એ દ્રવ્યદષ્ટિ કહી છેને? દ્રવ્ય નથી લીધું પણ દ્રવ્યદષ્ટિ લીધું છે. પર્યાયદષ્ટિ અને દ્રવ્યદષ્ટિ એમ ભાષા લીધી છે, ભાઈ! જેની બુદ્ધિ દ્રવ્યદષ્ટિ છે એમ કહે છે. પર્યાયબુદ્ધિનો જેને નાશ થયો છે. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ, જિનેન્દ્રનો માર્ગ ઘણો સૂક્ષ્મ છે. એ કહે છે.

'**ઉદાર જેની બુદ્ધિ છે, ભવનું કારણ જેણે નષ્ટ કર્યું છે,...**' આહા..હા..! મિથ્યાત્વ અને રાગ-દ્વેષાદિ ભાવ જેણે નષ્ટ કર્યા છે, નાશ કર્યા છે. '**પૂર્વ કર્માવલિ જેણે હણી નાખી છે...**' આહા..! પૂર્વ જે કર્મ છે એની શ્રેણી, કર્મની ધારા જેણી હણી નાખી છે, નાશ કરી નાખી છે. અખંડાનંદ સ્વભાવમાં લીન થઈને પહેલા તો અખંડ આનંદ સ્વરૂપનો સ્વીકાર કરીને પછી લીન થઈને કે આઠ કર્મનો રાગાદિનો નાશ કરે છે અને પૂર્વ કર્મની ધારા એનો નાશ કરે છે અને '**સ્પષ્ટ ઉત્કટ વિવેક દ્વારા પ્રગટ-શુદ્ધબોધસ્વરૂપ...**' અને પ્રત્યક્ષ ઉત્કૃષ્ટ વિવેક દ્વારા. રાગથી ભિન્ન એવા અનુભવ વડે. આહા..હા..! વિવેક નામ ભેદજ્ઞાન. રાગથી ભિન્ન પોતાનો સ્વભાવ પૂર્ણાનંદ છે એવા '**સ્પષ્ટ ઉત્કટ વિવેક દ્વારા પ્રગટ-શુદ્ધબોધસ્વરૂપ સદાશિવમય...**' પ્રાપ્ત કર્યો છે, એમ કહે છે. આહા..હા..! એ વડે, ભેદજ્ઞાન વડે રાગથી મારી ચીજ ભિન્ન છે એવા અંતરમાં વિવેક વડે, ભેદજ્ઞાન વડે, વિવેકના ઉત્કટ વડે '**પ્રગટ-શુદ્ધબોધસ્વરૂપ...**' મોક્ષ-મોક્ષ. '**શુદ્ધબોધસ્વરૂપ સદાશિવમય સંપૂર્ણ મુક્તિને જે પ્રમોદથી પામે છે,...**' પ્રમોદથી પામે છે. ઓલો પ્રમાદથી સંસાર પામે છે. આ આનંદથી મુક્તિને પામે છે. આહા..હા..!

ઝીણું.. આનંદસ્વરૂપ શુદ્ધચૈતન્યઘન એનો સ્વીકાર કરીને રાગ-દ્વેષનો નાશ કરીને '**શુદ્ધબોધસ્વરૂપ...**' એનો આશ્રય કરીને જેણે કર્મની ધારાનો નાશ કર્યો છે. એ મોક્ષને પામે છે. એ ક્રિયાકાંડ કરતાં-કરતાં મોક્ષને પામે એમ નથી, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા ને એ ભાવથી મુક્તિ થાય એવું ત્રણકાળમાં નથી. એ તો રાગ છે. આહા..હા..! એ રાગથી પૃથક્ પોતાના સ્વરૂપનો સ્વીકાર કરીને લીન થાય છે એ કર્મનો નાશ કરીને, કર્મની ધારાને હણી નાખીને શુદ્ધબોધસ્વરૂપ, એકલું જ્ઞાનબોધસ્વરૂપ એવી '**સદાશિવમય સંપૂર્ણ મુક્તિ...**' સદા નિરુપદ્રવ્ય એવી કલ્યાણસ્વરૂપ મુક્તિને '**પ્રમોદથી પામે છે,...**' આહા..હા..! કષ્ટ સહન કરતાં-કરતાં મુક્તિ પામે એમ નથી, કહે છે. અતીન્દ્રિય આનંદનું વેદન કરતાં-કરતાં મોક્ષને પામે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે ભાઈ મોક્ષ .. ચારિત્ર કેવું? દુરઘચારિત્ર મહા કષ્ટ સહન કરવા. એમ છે નહિ એમ કહે છે. અતીન્દ્રિય આનંદનું વેદન કરતાં-કરતાં મુક્તિને પામે છે. સમજાણું કાંઈ? વાત ઝીણી છે. ચાલતા સંપ્રદાયમાં તો ક્રિયાકાંડથી ધર્મ મનાવે છે. વ્રત કરો, તપ કરો, અપવાસ કરો આ તો ના પાડે છે. એ ચીજ બંધનું કારણ છે. આહા..હા..! કહો, અંતર સ્વરૂપ જે ચૈતન્યઘન, પૂર્ણાનંદ એ રાગથી ખસીને પૂર્ણાનંદના સ્વીકારમાં લીન થવું, પ્રમોદ-આનંદથી મુક્તિને પામે છે. અતીન્દ્રિય આનંદનું વેદન કરતાં-કરતાં મુક્તિને પામે છે, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ૨૪૭. ૨૪૮.

(अनुष्टुभ्)

प्रध्वस्तपंचबाणस्य पंचाचारांचिताकृतेः।
अवंचकगुरोर्वाक्यं कारणं मुक्तिसंपदः।।२४८।।

'**શ્લોકાર્થ :- કામદેવનો જેમણે નાશ કર્યો છે...**' શું કહે છે? પાંચ ઈન્દ્રિય તરફનો જે વિકારભાવ છે એનો જેમણે નાશ કર્યો છે. અણિન્દ્રિય ભગવાન આત્માના અવલંબે પાંચ ઈન્દ્રિયના વિષયનો જેણે નાશ કર્યો છે. '**અને (જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-વીર્યાત્મક) પંચાચારથી સુશોભિત...**' પાંચ ઈન્દ્રિયો તરફના વિકલ્પોનો નાશ કર્યો છે અને '**પંચાચારથી સુશોભિત જેમની આકૃતિ છે...**' જેનું સ્વરૂપ છે. જ્ઞાનાનંદ. જ્ઞાન, દર્શન, આનંદ, ચારિત્ર વીર્ય છેને? તપ અને વીર્ય. એ પંચાચાર શુદ્ધસ્વરૂપની રમણતા એ પંચાચાર. જ્ઞાનાનંદસ્વભાવનું જ્ઞાન, એનું દર્શન, એનું ચારિત્ર, એનું તપ એમાં ઉગ્રતા વીર્ય અને વીર્યાચાર એ અંતર નિર્વિકલ્પ પંચાચાર વડે '**સુશોભિત જેમની આકૃતિ છે...**' નામ જેનું સ્વરૂપ છે. આહા..હા..! આ મોક્ષના કારણરૂપ ભાવ આ છે એમ કહે છે. ..ભાઈ! આ બધું હમણા ચાલ્યું તમારે ખુબ. વેદી પ્રતિષ્ઠામાં ધમાધમ થઈ હશે. જાણે ધર્મ થઈ ગયો એમ માન્યું. આહા..હા..! એ તો એક શુભભાવ હોય એટલી વાત છે. બીજું એમાં કાંઈ.. આહા..હા..!

**શ્રોતા :-** એમ હતું તો આપણે આ બધું શું કરવા કરે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ કરે છે? થવાકાળે થાય છે એમાં શુભભાવ હોય તો પુણ્યબંધનું કારણ છે બસ, એટલી વાત. અંતર આત્માના આનંદમાં રમણતા અને જ્ઞાન, શ્રદ્ધાનું આચરણ કરવું એ મુક્તિનું કારણ છે. આહા..હા..! ચૈતન્ય આનંદનો સ્વભાવ છે એ અતીન્દ્રિય આનંદ પ્રગટ કરીને, અતીન્દ્રિય આનંદનું વેદન કરતાં-કરતાં આત્મા મુક્તિને પામે છે. આહા..હા..! એ લાખ મંદિર કરે અને લાખ વેદી પ્રતિષ્ઠા કરે એ કાંઈ આત્મા કરી શકતો નથી. એ તો પરની ક્રિયા છે. એમાં રાગ થાય મંદ કાંઈક તો શુભ થાય. કાંતિભાઈ! હમણા ધમાલ તમારે ખૂબ ચાલી હતી ત્યાં. ..ના કંકોત્રીમાં હતું. કાંતિભાઈ મફતલાલ. નહિ? આવી છેને આજે કંકોત્રી આવી છે. આહા..હા..!

**શ્રોતા :-** આવી ભાષા તો ક્યાંય નથી. ભાવનગરમાં શું પણ દુનિયામાં નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ, આ માર્ગ આવો, ભાઈ! વીતરાગનો માર્ગ આ છે. જિનેન્દ્રદેવ ત્રિલોકનાથના પોકાર આ છે. કે જેને આત્મા જ્ઞાયકસ્વરૂપની દૃષ્ટિ થઈ, જેને દ્રવ્યદૃષ્ટિ કહે. દ્રવ્યની દૃષ્ટિ કહી. ચિદાનંદ અખંડ આનંદની જેની દૃષ્ટિ થઈ અને પાછળ એમાં લીન થાય છે, આનંદ અને જ્ઞાનસ્વભાવમાં લીનતાનું આચરણ કરે છે એ મોક્ષનો માર્ગ છે અને એ મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ? આવી વાત છે, ભાઈ! આ બધા મંદિર આવા ૨૬-૨૬ લાખના કર્યા અને એમાં મોટા ૨૬ હજાર માણસો થયા માટે કાંઈક ધર્મ થયો એમાં (એમ નથી). એ તો એ વખતે શુભભાવ હોય તો ક્રિયા બનવાની હોય એ બની જાય છે. એ આત્મા કરી શકે છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો પાંચ ઈન્દ્રિય તરફના વલણનો નાશ કરી અને ભગવાન આત્મા તરફના પંચાચારમાં જે લીન છે. આહા..હા..! એનું '**પંચાચારથી સુશોભિત જેમની આકૃતિ છે...**' આહા..! આખું સ્વરૂપ. આનંદનો નાથ ભગવાન એનું જ્ઞાન, એનું દર્શન, એનું ચારિત્ર, એનું વીર્ય અને તપ અંદર લીનતા. એવી જેની આકૃતિ નામ શોભા છે એને આત્માની શોભા કહેવામાં આવે છે. બહારના અલંકાર બધા કરવા એ, મોટા રથ વરઘોડા કાઢે, હાથી જોડે. આહા..હા..! જયપુરમાં તો કર્યું નહિ વરઘોડા નીકળ્યા તો. કેટલા? ૧૮ હાથી, ૧૮ હાથી. ૨૧-૨૧. પહેલા ૧૮ હતા. પહેલા એકફેરી કર્યું ત્યારે. ૨૧ હાથી વરઘોડો તે આમ આખું જયપુર શું હશે આ તે જાણે?

**શ્રોતા :-** કેટલી બધી પ્રભાવના થઈ!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હવે એને.. આહા..હા..! જોવા નીકળે કે આ તે કોણ મહારાજ આવ્યા છે? કોઈ રાજા આવ્યા છે કે આ તે ૨૧-૨૧ હાથીના... ભગવાનનો મોટો રથ. બાપુ! એ તો બધી ક્રિયાઓ જડની થવાને કાળે થાય. એમાં બહુ તો નિમિત્તરૂપે શુભભાવ હોય, બસ એટલી વાત છે. એનાથી કોઈ ધર્મ થાય અને સંવર-નિર્જરા થાય અને મોક્ષનો માર્ગ થાય એ નથી.

**શ્રોતા :-** જેટલી અમે ધર્મની ક્રિયા કહીએ છીએ એને તમે જડની કહો છો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધર્મની ક્રિયા કઈ? રાગ કર્યો એ ધર્મની ક્રિયા? વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા ને દાન ને દયા એ બધી રાગની ક્રિયા છે. ઓહો..! એ તો સ્પષ્ટ કરવા માટે પૂછે છે હોં. આહા..હા..! માર્ગ એવો છે, ભાઈ! એને હજી શ્રદ્ધાની ખબર નથી. કોની શ્રદ્ધા કેમ કરવી? એથી અહીં કહ્યું ઉદાર બુદ્ધિ. ઓહો..હો..! પર્યાયબુદ્ધિ છોડીને જેણે દ્રવ્યબુદ્ધિ કરી છે. આહા..હા..! ત્રિકાળ આનંદનો નાથ જ્ઞાયકભાવની જેને રુચિ થઈ દૃષ્ટિ, પછી એમાં લીનતારૂપ ચારિત્ર, એવા પંચાચારથી જેની સ્વરૂપ દશા આકૃતિ શોભે છે એ આત્માની શોભા છે. સમજાણું કાંઈ? આહા..હા..! શુભભાવ આવે એ પણ આત્માની શોભા નહિ એમ કહે છે. શુભભાવ હોય, આવે જ્યાં સુધી વીતરાગ ન હોય તો એવા અનુભવ દૃષ્ટિપૂર્વક પણ

શુભભાવ આવે છે, પણ છે એ વિકારનું કારણ, બંધનું કારણ છે. આહા..હા..! ..ભાઈ! આવું આ બધું છે. આ બધા શેઠાઈ-બેઠાઈમાં. આહા..હા..! જેટલો આત્મસ્વભાવની સમીપ ગયો એટલી આચાર્યની દશા પ્રગટી એ શોભા છે. પરતરફના લક્ષે જેટલો ભાવ થાય છે એ બધી અશોભા છે. આહા..હા..! આવું!

**'એવા અવંચક ગુરુનું વાક્ય...'** ભાષા જુઓ, આહા..હા..! કેવા અવંચક ગુરુ? કે જેને પાંચ ઇન્દ્રિયના વિષય તરફના વલણનો નાશ કર્યો છે અને પંચાચારથી સુશોભિત જેની સ્વરૂપદશા છે એવા ગુરુનું વાક્ય જે છે. આહા..હા..! **'એવા અવંચક (માયાચારરહિત) ગુરુનું વાક્ય મુક્તિસંપદાનું કારણ છે.'** એ વાક્યનો અર્થ ભાવ. એવું જે ગુરુ કહે છે કે આત્મા આનંદસ્વરૂપમાં લીન થા એ ગુરુનું વાક્ય છે. પણ આ ગુરુનું આવું વાક્ય હોય છે. અજ્ઞાનીનું વાક્ય પરથી ધર્મ થાય એ ગુરુ નહિ. સમજાણું કાંઈ? અહીં તો એમ લીધું છે કે એવું સુશોભિત સ્વરૂપ જેનું છે. આનંદ અને જ્ઞાયકભાવની જેની દૃષ્ટિ નિર્મળ થઈ અને જેમાં આચાર, જ્ઞાન-દર્શન-ચારિત્ર નિર્વિકલ્પ પરિણતિ થઈ એવું જેનું સ્વરૂપ છે એવા ગુરુનું જે વાક્ય છે એ માયાચારરહિત ગુરુનું વાક્ય છે એનું. અંદરમાં ઠેકાણા ન મળે અને બાકી આમ કરે, આમ ધર્મ થાય, આમ છે અને આમ થાય, એ બધા માયાચારી, દંભી છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ એવો, ભાઈ!

શું કહ્યું સમજાણું? કે જે ગુરુએ પંચાચાર તરફના જે વિષય તરફની વૃત્તિઓ એનો નાશ કરીને પંચાચાર જ્ઞાનાનંદસ્વભાવમાં પંચાચાર, વીતરાગી પરિણતિ જેની થઈ એ શોભે છે એની. એની શોભાની સ્વરૂપદશા છે. એવા ગુરુનું વાક્ય વીતરાગતા બતાવે છે એ. વીતરાગતા આત્માના સ્વભાવના આશ્રયે વીતરાગતા થાય એ ધર્મ છે, એમ ગુરુ કહે છે. જે કોઈ એમ કહે કે પુણ્યથી અને વ્યવહારની ક્રિયાથી ધર્મ થાય એ ગુરુ પણ નહિ અને એ ગુરુનું વાક્ય સાચું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો એકલી ધર્મની વાત કરે એમ નહિ. જેને ધર્મ પરિણત થઈ ગયો છે, જેને આત્મા જ્ઞાનસ્વભાવ એની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા પ્રગટ થઈ ગઈ છે, એની આકૃતિ જેનું સ્વરૂપ છે. એવા ગુરુનું વાક્ય. આહા..હા..! છે?

**'અવાંચક...'** આહા..હા..! **'ગુરુનું વાક્ય મુક્તિસંપદાનું કારણ છે.'** અર્થાત્ એ ગુરુ કહે છે જે ભાવ એ મુક્તિનું કારણ છે. વાક્ય તો વાણી વાણી છે. સમજાણું કાંઈ? આહા..હા..! ધર્માત્મા, ગુરુ તો એવું કથન-પ્રરૂપણા કરે છે એમ કહે છે. એના ઉપદેશમાં એમ આવે છે કે આત્મા જ્ઞાયકસ્વભાવમાં દૃષ્ટિ કરીને લીનતા કરે છે એની મુક્તિ થાય છે. સમજાણું કાંઈ? જે ગુરુ નામ ધરાવીને દયા, દાન, વ્રત, તપના વિકલ્પથી મોક્ષ થાય, ધર્મ થાય એ મિથ્યાદૃષ્ટિ ગુરુ છે. આવી વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? લાગે સારું બધાને બધું. બે-પાંચ લાખ ખર્ચે, આમ થાય, તેમ થાય, મંદિર બનાવે દસ-દસ લાખનું. આ તો ૨૬ લાખનું થયું છે. ૨૬ લાખનું શું કરોડનું હોય નહિ. આહા..હા..! એની સાથે શું સંબંધ છે? આહા..હા..!

પરદ્રવ્યને આશ્રયે કલ્યાણ થાય ત્રણકાળમાં નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? ચાહે તો તીર્થંકર હોય, સર્વજ્ઞ પરમેશ્વર હોય સમવસરણમાં બિરાજમાન, એની ભક્તિ અને પૂજા કરે એ પણ એક શુભભાવ છે, એનાથી ધર્મ નથી થતો. એવું કથન સાચા સંત એમ કહે છે, એમ કહે છે. આહા..હા..!

'**એવા અવાંચક ગુરુનું વાક્ય મુક્તિસંપદા...**' મોક્ષરૂપી લક્ષ્મી એને પ્રાપ્ત થાય છે. આહા..હા..! જુઓ, આ પદ્મપ્રભમલધારિદેવ મુનિ છેને સામે? પદ્મપ્રભમલદારિદેવ એનો આ શ્લોક છે, એના આ વાક્ય છે બધા. મુનિ દિગંબર સંત નવસો વર્ષ પહેલા આનંદકંદમાં ઝૂલતા હતા અને એ કહે છે કે મારા મુખમાંથી પરમ આગમ ઝરે છે. એ આ. સમજાણું કાંઈ? આહા..હા..! દિગંબર ભાવલિંગી સંત અંતરનો અનુભવ. બહારમાં નગ્નપણું હોય. વસ્ત્રરહિત હોય, પંચમહાવ્રતનો વિકલ્પ હોય, એ મુનિપણું નથી. મુનિપણું તો આનંદના નાથમાં અંદર લીનતા, આનંદની દશા પ્રગટ થવી એ મુનિપણું છે. આહા..હા..! એવા મુનિ માયાચારરહિત છે. કહે કાંઈક અને માને કાંઈક એમ નથી. આહા..હા..! કહે કે આનંદસ્વરૂપ આનંદનો આશ્રય કરે એને ધર્મ થાય છે અને અંદરમાં આનંદનો આશ્રય નથી. એ તો માયાચારી છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

એ '**ગુરુનું વાક્ય મુક્તિસંપદાનું કારણ છે.**' લ્યો! આહા..હા..! ફેરવી-ફેરવીને કેટલી વાત ત્યાં લઈ જાય છે. આત્માના નિજઘરમાં છે. અમે નિજઘરમાં ગયા છીએ તો એ અમારી શોભા છે. તારે નિજઘરમાં જા તો તારું કલ્યાણ થાય, નહિતર પરઘરમાં ભમે તો કાંઈ કલ્યાણ થશે નહિ. કલ્યાણ નહિ થાય એમ. આહા..હા..! ૨૪૯.

(अनुष्टुभ्)

इत्थं बुद्धवा जिनेन्द्रस्य मार्गं निर्वाणकारणम्।
निर्वाणसंपदं याति यस्तं वंदे पुनः पुनः।।२४९।।

'**શ્લોકાર્થ :- નિર્વાણનું કારણ એવો જે જિનેન્દ્રનો માર્ગ...**' આહા..હા..! વીતરાગ પરમેશ્વરનો માર્ગ, વીતરાગ ભાવે મુક્તિ થાય એ માર્ગ એનો છે. '**નિર્વાણનું કારણ...**' મોક્ષનું કારણ '**એવો જે જિનેન્દ્રનો માર્ગ તેને આ રીતે જાણીને...**' હું પૂર્ણ આનંદસ્વરૂપની શ્રદ્ધા-જ્ઞાન કરું તો મને મોક્ષ થશે એમ પહેલા જાણીને. આહા..હા..! 'મારા આત્માનો સ્વભાવ પૂર્ણાનંદ અને પૂર્ણ સંપદાથી ભરેલો છે. એની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા કરું તો મને મોક્ષ થશે' એમ પહેલા જાણીને. '**જે નિર્વાણસંપદાને પામે છે,...**' એ જાણીને અંદર ઠરે છે. આહા..હા..! નિર્વિકલ્પ આનંદમાં રમે છે એ નિર્વાણસંપદાને પામે છે. આહા..હા..! પહેલા જાણતા ... નિર્વાણનું કારણ જિનેન્દ્રનો માર્ગ એને જાણે. એને જાણેનો અર્થ એને પ્રગટ કરે. આહા..હા..!

એ '**નિર્વાણસંપદાને પામે છે,...**' એને મુક્તિ થાય છે. '**તેને હું ફરીફરીને વંદું છું.**'

મુનિરાજ કહે છે દિગંબર સંત ભાવલિંગી, એવા મુનિને હું વારંવાર વંદન કરું છું, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એકલું નગ્નલિંગ ધારણ કરે અને પંચમહાવ્રતનો વિકલ્પ પણ કરે, તોપણ ધર્મ નથી. ધર્મ તો આત્મા આનંદનો નાથ પ્રભુ જ્ઞાયકસ્વભાવ એની દૃષ્ટિ કરીને, એનું જ્ઞાન કરીને, એની રમણતા કરીને, જે આનંદની દશા પવિત્રતા પ્રગટ કરે છે એ નિર્વાણનું કારણ અને જિનેન્દ્રનો માર્ગ છે. જિનેન્દ્રનો માર્ગ વીતરાગભાવથી છે એમ કહે છે. રાગભાવથી જિનેન્દ્રનો માર્ગ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો એ ચીજ એવી છે. એનો જો આશ્રય લીધો તો મુક્તિ થયા વિના રહે નહિ. કેમકે આત્મા વીતરાગમૂર્તિ છે. આત્મા જિનસ્વરૂપ છે અને એની એકાગ્રતા એ જિનનો માર્ગ છે. આત્મા જિનસ્વરૂપ છે અને એમાં એકાગ્રતા એ જિનેન્દ્રનો માર્ગ છે. એ જિન આત્માનો માર્ગ કહો કે જિનેન્દ્રનો માર્ગ કહો. આહા..હા..! એવું આકરું માણસને! કે આખો દિ' સવાર-સાંજ પોષા-પડિક્કમણા શું કહેવાય? પૂજા કરે, ભક્તિ કરે. દેરાસરમાં સાત વાગે ગયો હોય તો બેસે લ્યો. પૂજા કરે, સ્તવન કરે, શાસ્ત્ર વાંચે. તોપણ કહે છે કે એનાથી ધર્મ નહિ.

ભગવાન આત્માને વાંચે અંદર, શુદ્ધ જ્ઞાનઘન આનંદકંદ એને વાંચે એટલે એનું જ્ઞાન કરે, એની દૃષ્ટિ કરે, એમાં રમણતા કરે એ જિનેન્દ્રનો માર્ગ. જિનેન્દ્રનો માર્ગ આત્માની પર્યાયથી બહાર નથી. આત્માની નિર્વિકારી પર્યાય એ જિનેન્દ્રનો માર્ગ. આહા..હા..! એવો માર્ગ કરનારો અને '**નિર્વાણસંપદાને પામે છે, તેને હું ફરીફરીને વંદું છું.** ' આહા..! ગુરુને પદ્મપ્રભમલધારિદેવને એવો ઉત્સાહ થયો. આહા..હા..! છે પંચમ આરાના મુનિ નવસો વર્ષ પહેલા, પણ એવા પંચાચારમાં જેની રમણતા છે અને કહે છે કે અમારા મુખથી પરમાગમ ઝરે છે. આહા..હા..! સત્યની વાત જ અમારા મુખથી નીકળે છે, એમ કહે છે. સમજાણું કાંઈ? ભાવ એવો છેને તો વાણી પણ એવી નીકળે છે એમ કહે છે. ભાવ વીતરાગની પરિણતિ છે. તો વાણીમાં એ વીતરાગી પરિણતિ નિમિત્ત છે. તો વાણી પણ એવી આવે છે. વીતરાગભાવથી મુક્તિ થાય છે. વીતરાગભાવ દ્રવ્યને આશ્રયે થાય છે. પરને આશ્રયે રાગ થાય છે. પરને આશ્રયે રાગ થાય એ બંધનું કારણ છે. એ વાણી વીતરાગની છે. સમજાણું કાંઈ? એ ૨૪૯ થયો. ૨૫૦.

(द्रुतविलंबित)

स्ववशयोगिनिकायविशेषक
प्रहतचारुवधूकनकस्पृह।
त्वमसि नश्शरणं भवकानने
स्मरकिरातशरक्षतचेतसाम्।।२५०।।

આહા..હા..! કેટલી નિર્માનતાથી વાત રે છે.

'**શ્લોકાર્થ :- જેણે સુંદર સ્ત્રી...**' સ્ત્રીના શરીરની સુંદરતા આ જડની, માટી, ધૂળની

સ્પૃહા જેણે છોડી છે. શરીરની સુંદરતાના અવયવો બધા એની પણ જેને સ્પૃહા, જેને એમાં મીઠાશ દેખાતી નથી એવી સુંદર સ્ત્રીમાં પણ આત્માથી અધિકપણું કોઈ ચીજ છે એમ દેખાતું નથી. આહા..હા..! **'અને સુવર્ણ...'** બે લીધા. સુવર્ણ-કંચન. 'કંચન અને કામિની ચોકી આડી શ્યામની' અન્યમતમાં આવે છે એવું. 'કંચન અને કામિની ચોકી આડી શ્યામની, રામની રમત અને તે જ લૂંટે.' આહા..હા..! આવે છે કે નહિ? તમારે આવે છેને. વૈષ્ણવમાં આવે છે. આહા..હા..! અહીં એ આચાર્ય, મુનિરાજ કહે છે કે જેને કામિની અને કંચનની સ્પૃહા છૂટી ગઈ છે. આહા..હા..! છે?

**'સુવર્ણની સ્પૃહાને નષ્ટ કરી છે...'** આહા..હા..! **'એવા હે યોગીસમૂહમાં શ્રેષ્ઠ સ્વવશ યોગી!'** આહા..હા..! મુનિઓના વૃંદમાં હે સ્વવશ યોગી! મુનિ આવા હોય, કહે છે. અંતર જેણે કામ અને કંચનની સ્પૃહા છોડી છે. અંદરમાં આનંદસ્વરૂપમાં જેણે યોગ જોડ્યો છે. અહીંથી તોડ્યો અને અહીં જોડ્યો. આહા..હા..! જેણે અહીંનો યોગ તોડ્યો છે, અહીં જોડી દીધો છે. અતીન્દ્રિય બ્રહ્મસ્વરૂપ ભગવાન આત્મા એમાં આ વર્તમાનપર્યાયને જોડી દીધી છે. આહા..હા..! એવા **'યોગીસમૂહમાં શ્રેષ્ઠ સ્વવશ યોગી!'** સ્વને વશ છે. કામને અને રાગને વશ નથી. આહા..હા..! એ વરના ગાણા છે અહીં તો. વરનો અર્થ પ્રધાન થાય છે. આ મોક્ષપ્રધાન વસ્તુસ્વભાવ એકલો અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનનો સમુદ્ર પ્રભુ એમાં જે વશ છે.

**'એવા હે યોગીસમૂહમાં શ્રેષ્ઠ સ્વવશ યોગી!'** હવે પોતાની નિર્માનતા જરી બતાવે છે. આહા..હા..! **'તું અમારું—કામદેવરૂપી ભીલના તીરથી ઘવાયેલા ચિત્તવાળાનું...'** આહા..હા..! વિકલ્પ કોઈ જાય છે તો આત્મા ઘાયલ થઈ જાય છે, એમ કહે છે. સમજાણું કાંઈ? **'કામદેવરૂપી ભીલના તીરથી...'** આ ભીલ નથી મારતા હરણને? એમ **'કાવદેવરૂપી ભીલના તીરથી ઘવાયેલા ચિત્તવાળાનું—ભવરૂપી અરણ્યમાં શરણ છે.'** આહા..હા..! ભવરૂપી અરણ્યમાં કામદેવરૂપી ભીલ જ્યાં તીર મારે છે. આહા..હા..! એવું ચિત્ત ઘાયલ છે એને શરણ ભગવાન આત્માનું છે, એમ કહે છે. આહા..હા..! આમ તો મુનિ કહે છે, હે યોગી સ્વવશ મુનિ! અમારી ચિત્તવૃત્તિ જરી કાંઈક રાગમાં જાય છે. ઘાયલ થાય છે આત્મા. આહા..હા..! જેમ તલવાર મારે અને ઘાયલ થાય શરીર એમ વિકલ્પ ઉઠે છે શુભરાગાદિ, શાંતિનો ઘાત થાય છે, ઘાયલ થાય છે. આહા..હા..! આવો માર્ગ! એમાં તું શરણ છે. આ સ્વવશ યોગી પોતે હોં એમ કહે છે. તમે જ કીધું છે આમ તો. આહા..હા..!

ચિત્તની વૃત્તિ પણ જતી હોય બાહર એને આત્માનો સ્વવશનો યોગ છે તે શરણ છે. સમજાણું કાંઈ? આહા..હા..! ચિત્તની વૃત્તિ પાંચ ઈન્દ્રિયના વલણ તરફ. વલણ કહે છે? જુકાવ. પાંચ ઈન્દ્રિયના વલણ તરફ વૃત્તિ જાય છે એ કામબાણ આવ્યું. આત્માની શાંતિ ઘાયલ થાય છે. આહા..હા..! જેમ છરી શું કહેવાય? મોટો છરો-છરો શું કહેવાય મોટો?

આ છરો જેમ વાગે અંદર અને ઘાયલ થાય છે, એમ આચાર્ય કહે છે મુનિરાજ, આહા..હા..! અમારી વૃત્તિ પાંચ ઇન્દ્રિય તરફ જાય ત્યાં ઘાયલ થાય છે આત્મા. અસ્ત્રો-અસ્ત્રો. જમૈયો-જમૈયો. જમૈયો કહે છેને? જમૈયાને શું કહે? હિન્દીમાં કાંઈક કહેતા હશે. જમૈયો નથી આપણે? ખડગ-તલવાર નહિ. હા, કટારી થાય. એમ અહીંયાં કહે છે કે અમે આત્મા આનંદસ્વરૂપ છીએ. આહા..હા..! એ ચિત્તની વૃત્તિ બહાર જાય એને શરણ ભગવાન સ્વવશ યોગીપણું મારા સ્વવશપણું એ એનું શરણ છે. આહા..હા..!

અહીં તો મુનિને કહ્યું કે હે મુનિ! અમારા જેવાની ચિત્તની વૃત્તિ જરી બહાર જાય છે. આહા..હા..! અંતર આનંદમાંથી બહાર નીકળવું એ જ ઘાત છે. આહા..હા..! એમાં આવે છે એક નિહાલભાઈમાં. એ ૨૯૬ પછી આવે છે. ૨૯૭માં આવે છે. ૨૯૬ છેને? એના પછી કાંઈક આવે છે. ૨૯૬ પછી આવે છે. '**દેવ, ગુરુ, શાસ્ત્ર તરફનું લક્ષ અને વલણમાં પણ ભઠ્ઠી જેવું દુઃખ લાગવું જોઈએ. (જ્ઞાનીને) બહારમાં ઉત્સાહ દેખાય છે, પણ અંદરમાં ભઠ્ઠી જેવું દુઃખ લાગે છે.**' ૨૯૭ .. સવારે. ૨૯૬ પછી છે. સમજાય છે કાંઈ? આહા..હા..! ભગવાનજીભાઈ! ભગવાન આત્માથી બહાર નીકળવું જરી વિકલ્પમાં, શુભવિકલ્પ હોય કે અશુભ હોય. ભઠ્ઠી જેવું દુઃખ છે. રાગ છે એ આકુળતા છે.

**શ્રોતા :-** જ્ઞાનીને લાગે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અજ્ઞાનીને ભાન ક્યાં છે? અહીંયાં તો કહે છે કે આનંદસ્વરૂપ છે ભગવાન એમાથી બહાર જરી ચિત્તવૃત્તિ જાય છે તો એને દુઃખ લાગે છે. કેમકે રાગ છે એ આકુળતા છે, દુઃખ છે અને ભગવાનનો સ્વભાવ તો અનાકુળ આનંદ છે. તો અનાકુળ આનંદને વશ જેટલો થાય છે એટલો અનાકુળ આનંદ પ્રગટ થાય છે. જેટલી બહાર વૃત્તિ જાય છે એટલું દુઃખ થાય છે. આહા..હા..! એમ કે બહારથી તો દેખાય ભક્તિ કરે, પૂજા કરે, એમાં ઉલ્લાસ દેખાય, પણ અંદરમાં એ રાગનું દુઃખ છે, એમ કહે છે. આ ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ?

આનંદસ્વરૂપ ભગવાનમાંથી બહાર નીકળવું એ વિકલ્પ એ દુઃખ છે. ભઠ્ઠી જેવું દુઃખ કહ્યું. એ તો અગ્નિનું દુઃખ છે. આહા..હા..! 'આગ દાહ દહે સદા...' આવે છેને? છ ઢાળામાં. 'રાગ આગ દાહ દહે સદા તાતૈ સમામૃત સેઈએ.' છ ઢાળામાં આવે છે. 'રાગ આગ દાહ દહે સદા...' આહા..હા..! શુભરાગ હોય કે અશુભરાગ હોય. 'રાગ આગ દાહ દહે સદા...' સળગે છે. આહા..હા..! 'તાતૈ સમામૃત સેઈએ' વીતરાગ પરમસ્વભાવનો અમૃતનો સાગર પ્રભુ છે. એની એકાગ્રતા કરવી, સેવના કરવી એ સમામૃત, સમતારૂપી અમૃત છે. એમાં લીન થવું અને સમતારૂપી અમૃતનું પાન કરવું એ જ સામાયિક છે, એ જ મોક્ષનો માર્ગ અને ધર્મ છે. આહા..હા..!

હે સ્વવશ યોગી! આહા..હા..! તું ભગવાન આત્માને વશ થઈ ગયો છો, પ્રભુ! આહા..હા..!

માન અને સન્માન ને વિષય-વાસના એ બધું દૂર કરી દીધું છે, એવા હે સ્વવશ યોગી! એટલે કે પૂર્ણ જ્ઞાનાનંદ સ્વભાવમાં વશ થઈને જેણે યોગને જોડી દીધો છે આત્માની સાથે આહા..હા..! એ સ્વવશ છે, સ્વાધીન છે, સ્વતંત્ર છે. એવી વીતરાગી પર્યાય એ સ્વવશ યોગી. આહા..હા..! અમારા કામદેવના તીરથી.. આહા..હા..! પરતરફની વૃત્તિ ઉઠે છે એ તીર સમાન ઘા લાગે છે, કહે છે. આહા..હા..! ઘાયલ થાય છે. એનું શરણ હે મુનિ! .. એમ કહે છે. એનું શરણ આત્માનું છે એમ કહે છે. આહા..હા..! અહીં તો વિષયની વાસના, માનની મીઠાશ લાગે છે. આહા..હા..! અભિનંદન આપે કોઈ અભિનંદન, વખાણ કરે, પ્રશંસા કરે તો મજા પડે છે. અહીં કહે છે કે કોઈ પ્રશંસા કરે અને આત્મા રાજી થઈ જાય કોઈ તો દાહ લાગે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**ભવરૂપી અરણ્યમાં...**' આહા..હા..! ચોર્યાસીના અવતારરૂપી વન-અરણ્ય. એમાં એક તું શરણ છે. યોગીને કહે છે. પોતે શરણ એમ અહીં રાખવું. આહા..હા..! ૨૫૦ થયો. ૨૫૧.

(द्रुतविलंबित)

अनशनादितपश्चरणैः फलं<br>
तनुविशोशणमेव न चापरम्।<br>
तव पदांबुरुहद्वयचिंतया<br>
स्ववश जन्म सदा सफलं मम।।२५१।।

આહા..હા..! '**શ્લોકાર્થ :- અનશનાદિ તપશ્ચરણોનું ફળ શરીરનું શોષણ જ છે,...**' એ અપવાસ કરવા, ઉણોદરી કરવી, રસપરિત્યાગ કરવો, આહા..હા..! કાયોત્સર્ગ કરવા, એનું ફળ તો શરીરનું શોષણ છે. શરીર સુકાઈ જાય છે, એમાં કાંઈ આત્માને લાભ નથી. આહા..હા..! મુનિરાજ પોતે કહે છે. આહા..હા..! '**અનશનાદિ...**' લીધુંને? અનશન, ઉણોદરી, રસપરિત્યાગ, કાયક્લેશ, ...., પ્રાયશ્ચિત્ત બધું લેવું. આહા..હા..! એ તપશ્ચરણના શુભરાગનું ફળ તો શરીરનું શોષણ છે. શરીર સુકાય છે '**બીજું નહિ.**' એમાં આત્માને કાંઈ લાભ થતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પર્યુષણમાં એક દસ અપવાસ કર્યા, આમ કર્યા, કોઈએ ત્રણ કર્યા, કોઈએ ચાર કર્યા, કોઈએ આમ કર્યું, પણ જ્યાં અંદર આત્મા આનંદના નાથની તો દૃષ્ટિ થઈ નથી, આશ્રય લીધો નથી, એ બધી ક્રિયા તો નિષ્ફળ શરીરના શોષણની છે. આહા..હા..! ભારે આકરી વાત! આ તો દિગંબર મુનિ છે. કાંઈ દરકાર જગતની નથી કે આ દુનિયાને પાર પડશે કે નહિ? દુનિયા સમાજ એને સંઘરશે કે નહિ? માર્ગ આ છે. માનો, ન માનો એ તમારે આધારે. માર્ગની શૈલી આ છે. આત્મ સમ્યગ્દર્શન વિના, આત્માના આશ્રય વિના જેટલી પરાશ્રય ક્રિયા કરવામાં આવે એમાં આત્માને કાંઈ લાભ નથી.

**શ્રોતા :-** એનાથી બંધ તો ન થાયને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બંધ થાય. કીધુંને શરીર શોષણ બંધ થાય. ભગવાનભાઈ! લ્યો!

છે અંદર છે. આહા..હા..! અનશન કરવું, અપવાસ, ઉણોદરી, મહિના-મહિનાના અપવાસ, શરીર સુકાઈ જાય, બબ્બે મહિનાના અપવાસ, પાણીને .. પાણીથી કરે. .. કરે છે પાણી. એ શરીરનું શોષણ છે, ધર્મ જરીએ નથી એમાં. આહા..હા..! રસપરિત્યાગ, કાયક્લેશ, એક આસને બરાબર બેસી રહેવું.

**શ્રોતા :-** નિર્જરા લઈ લે નિર્જરા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિર્જરા બધી કાળની. એક કાળ ચાલ્યો જાય એટલો. આહા..હા..! એવી વાત છે, ભાઈ! જેણે ચૈતન્યમૂર્તિ ભગવાનનો આશ્રય લીધો નથી અને એ વિના સ્વના આશ્રય વિના જેટલી ક્રિયાકાંડ કરવામાં આવે એ બધું શરીરનું શોષણ અને બંધનું કારણ છે. ..ભાઈ! આ ..માં આવું નહિ સાંભળ્યું હોય. એ શેઠિયા છે ત્યાં. બે શેઠ... કાંતિભાઈ .. .. કાંતિભાઈ અહીં કરી ગયા દસલક્ષણ. કાંતિભાઈ દસ લક્ષણ અહીં કરી ગયા હતા. આહા..હા..! કહે છે, બીજી ભાષાએ કહીએ તો બહુ લાંબુ-લાંબુ જાય. એ આવી ગયું છે આપણે પહેલા. દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય કરે એ પણ એક શુભરાગ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એક ફેરી ગયા હતાને ઓલા ગયામાં. ગયા નહિ? ગયા-ગયા ગામ છેને બૌદ્ધનું. અમે જોવા ગયા હતા. બૌદ્ધની પ્રતિમા ત્યાં. એક કોઈ હતો માણસ. અમેરિકન કે કોક હશે. હાથમાં આમ .. ઉઠબેસ પગે લાગે આખો દિ' ઓલી બૌદ્ધની મૂર્તિને. પગે જ લાગે... પગે જ લાગે... આપણામાં કેટલીક બાયુ હોય એ પગે લાગે ૧૦૮વાર. શરીરની ક્રિયાની કસરત છે, એમાં ધર્મ નથી.

એમ કહે છે જુઓ, છે એમાં? '**અનશનાદિ...**' એકલું અનશન નહિ. વગેરે '**તપશ્ચરણોનું ફળ શરીરનું શોષણ જ છે, બીજું...**' ધર્મનો લાભ બિલકુલ નહિ. બીજો નહિ. છે? ..ભાઈ! '**અનશનાદિ તપશ્ચરણોનું ફળ શરીરનું શોષણ જ છે, બીજું નહિ.**' જરીએ ધર્મનો લાભ નથી. આહા..હા..! શાસ્ત્રમાં કહ્યું તપસ્યા નિર્જરા. જુઓ, એવો પાઠ છે. તપસ્યા નિર્જરા એ પ્રશ્ન ઉઠ્યો હતો પહેલા નવની સાલમાં. એ આવ્યા હતાને તુલારામ આવ્યા હતા. તુલારામ, વચ્છરાજજી, ગજરાજજી ત્રણે ભેગા થયા હતા. નવની સાલ આ માનસ્તંભ થયો એ પહેલા બે વાર. પહેલા ચૈત્રમાં. કે તુલારામને કોઈએ પૂછયું હતું. કોઈએ પૂછયું તુલારામને. તુલારામ! કે પહેલા તપસ્યા નિર્જરા કહી છેને. તો એક બાળક અહીંનો હતો, એણે જુવાન માણસ હતો એનું સાંભળેલું. કીધું ભાઈ! એ તપસ્યા તમે નિર્જરા કહી એ ભગવાનની અમે નથી કહેતા. તુલારામને કહે, શેઠ! તમે પૂછો મહારાજને. એ તપસ્યા નિર્જરા તો આત્માના આનંદમાં રમણતા કરવી. તપંતિ ઈતિ તપઃ. જેમ સોનું ગેરુથી ઓપિત અને શોભિત થાય છે, એમ આત્માની શોભા પહેલા કહ્યુંને? ન કહ્યું? '**પંચાચારથી સુશોભિત જેમની આકૃતિ છે.**'

આનંદસ્વરૂપમાં જ્ઞાન-દર્શન-ચારિત્રમાં રમણતા એ જ એની શોભા અને એ જ એની

શુદ્ધતાનું ઓપ છે. સોનામાં જેમ ગેરુ લગાડતા ઓપે. આહા..હા..! એનું નામ તપ છે. એને આત્માની દૃષ્ટિ નથી, આત્માનું જ્ઞાન નથી, આત્માનું શરણ નથી, આત્માનો આશ્રય નથી. એ વિના જેટલી ક્રિયાકાંડ કરે એ બધું શરીરનું શોષણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? મુનિને કાંઈ પડી નથી. આમ કહીશ તો દુનિયા માનશે કે નહિ? પડી નથી. નાગા છે એ તો બાદશાહ. નાગા બાદશાહથી આઘા. માર્ગ આ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

**'હે સ્વવશ!'** આહા..હા..! '(હે **આત્મવશ મુનિ!**) **તારા ચરણકમળયુગલના ચિંતનથી મારો જન્મ સદા સફળ છે.**' આહા..હા..! હું તો મારા આનંદસ્વભાવના શરણે ગયો છું. મારો જન્મ સફળ છે, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાષા એવી છે કે '**તારા ચરણકમળ...**'માં પણ બીજા મુનિના ચરણકમળ તો પગ છે, પણ એના આનંદ અને જ્ઞાન શાંતિ જે છે એ આત્માનું ચરણકમળ છે. આહા..હા..! એવા '**ચરણકમળયુગલના ચિંતનથી...**' ચિંતન નામ એમાં એકાગ્રતાથી. આહા..હા..! '**મારો જન્મ સદા સફળ છે.**' હું તો અતીન્દ્રિય આનંદમાં લીન થાવ છું. આહા..હા..! એવી આનંદની દશાથી મારી આત્માની સેવના એ તારી સેવના છે. તારી એટલે અહીંયાંની મૂળ તો. આહા..હા..! એવા જ્ઞાન અને આનંદની શરણે જતા એની એકાગ્રતા થતા મને વીતરાગીદશા ઉત્પન્ન થાય છે. એ '**મારો જન્મ સદા સફળ છે.**' આહા..હા..! જન્મ.

પહેલા એમ કહ્યું હતું કે ચિત્તની વૃત્તિ જાય છે એમાં તું શરણ. એમ કરીને આત્મા શરણ એમ કહ્યું. એમાં પણ એ કહ્યું હતું. અહીં પણ એ કહ્યું. ધર્માત્માના ચરણકમળનો અર્થ એનું દર્શન અને ચારિત્ર એ એનું ચરણકમળ છે. એવા આત્માનું ચરણકમળ એ સમ્યગ્દર્શન અને ચારિત્ર. જ્ઞાન તો સાથે છે જ. એની એકાગ્રતા પરાધીનતાનો અભાવ, સ્વાધીનતામાં વશ, જન્મ મારો સફળ છે. એના કારણે મારો જન્મ સફળ છે. કોઈ તપસ્યા અને વ્રત કર્યા એ કારણે સફળ છે એમ છે નહિ. ૨૫૧ થયો. વિશેષ કહેશે...

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)



દૃષ્ટિનાં નિધાન
ગુરુ કહાન - દૃષ્ટિ મહાન
કહાન દેશના
પાહુડ-દોહા
ૐ
મહાવીર પુરાણ
બોધિ-સમાધિ-નિધાન
ભાગવત શાસ્ત્ર